Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नमः
श्री सद्‌गुरुदेवाय नमः

# ઈષ્ટોપદેશ પ્રવચન

## ભાગ-૧

અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી
સ્વામીના ગાથા–૧ થી ૨૬ ઉપર
૨૮ સળંગ પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ–૩૬૦૦૦૧.
ફોન : (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫૩૭ | ૨૦૬૭ | ૨૦૧૧ |

**પ્રકાશન**

શ્રી વીર નિર્વાણ કલ્યાણક દિન. તા. ૨૬-૧૦-૨૦૧૧

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦ પડતર કિંમત – રૂ. ૧૫૦/- મૂલ્ય - રૂ. ૪૦/-

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

પ, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,

રાજકોટ–૩૬૦૦૦૧.

ટેલી. નં. ૨૨૩૧૦૭૩

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક |
|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & our Request

**Ishtopdesh Pravachan Part 1** has been kindly donated by Shree Digambar Jain Swadhyay Mandir Trust, 5 Panchnath Plot, Shree Kanjiswami Marg, Rajkot who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of **Ishtopdesh Pravachan Part 1** is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Date | Version | Comments |
|---|---|---|
| 17th March 2012 | 001 | 1st Internet Version |

# પ્રસ્તાવના

## શ્રી પૂજ્યપાદ આચાર્ય અને ઇષ્ટોપદેશ એક પરિચય

**જીવન પરિચય :–**

શ્રી દેવનન્દી અપરનામ પૂજ્યપાદ આચાર્ય મૂળસંઘ અંતર્ગત નંદીસંઘના પ્રધાનાચાર્ય હતા. તેઓ સૂક્ષ્મ સિદ્ધાંતજ્ઞ, પ્રખર દાર્શનિક તેમજ ગૂઢ વ્યાકરણજ્ઞ – વૈયાકરણ હતા.

આદિપુરાણના રચયિતા આચાર્ય જિનસેન તો કહે છે કે 'જે કવિઓમાં તીર્થંકર જેવા છે અથવા જેમણે કવિઓ માટે પથપ્રદર્શન કરવા માટે લક્ષણગ્રન્થની રચના કરી છે તેમ જ જેના વચનરૂપી તીર્થ વિદ્વાનોનાં શબ્દસંબંધી દોષોને દૂર કરનારા છે એવા દેવનન્દી આચાર્ય પૂજ્યપાદનું વર્ણન કોણ કરી શકે ?'

તેઓશ્રી કર્ણાટક પ્રાંતના 'કોલે' નામક ગ્રામના નિવાસી હતા. બ્રાહ્મણ કુળ માટે ભૂષણ સમાન હતા. એક દંતકથા મુજબ સર્પ વડે પોતાનો કોળિયો બનાવાયેલ દેડકાની કફોડી સ્થિતિને જોઈને પીઘળી ઉઠેલા દેવનન્દીએ નાનપણમાં જ વિરક્તચિત્ત બની જિનદીક્ષા અંગીકાર કરી લીધી.

દક્ષિણ ભારતની અતિપ્રાચીન કન્નડ ભાષામાં કવિરાજ ચન્દ્રય્યા દ્વારા રચાયેલ ગ્રન્થ 'પૂજ્યપાદ ચરિતે' અને દેવેન્દ્રચન્દ્રની 'રાજાવલિકથે' રચનામાં આચાર્યશ્રીના જીવનપરિચય અંગે વિગતે પરિચય ઉપલબ્ધ થાય છે.

તેમના પિતાશ્રી 'માધવભટ્ટ' હતા, જ્યારે માતાનું નામ 'શ્રીદેવી' હતું. તેઓશ્રીનું દીક્ષાનામ દેવનન્દી હતું, પછીથી પૂજ્યપાદ તેમજ જિનેન્દ્રબુદ્ધિ વગેરે નામોથી વિખ્યાત બન્યા.

શિલાલેખ અને ઉપલબ્ધ સાહિત્યને આધારે વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે કે સુપ્રસિદ્ધ પૂજ્યપાદ આચાર્ય વિક્રમની પાંચમી-છઠ્ઠી શતાબ્દિમાં થયેલા છે.

તેઓશ્રીના નીચે મુજબના ગ્રન્થરત્નો પ્રસિદ્ધ છે;

૧. સર્વાર્થસિદ્ધિ (તત્ત્વાર્થવૃત્તિ) – તત્ત્વાર્થસૂત્રની ટીકા.

૨. જૈનેન્દ્ર-વ્યાકરણ

૩. શબ્દાવતાર

૪. સમાધિતન્ત્ર

૫. ઇષ્ટોપદેશ

૬. દશભક્તિ

૭. ચિકિત્સાશાસ્ત્ર

તેઓના દિગન્તવ્યાપી યશ અને વિદ્વત્તાથી પ્રભાવિત કર્નાટક પ્રાન્તના ઈ.સ. ૮, ૯, ૧૦મી સદિના પ્રાયઃ સર્વે વિદ્વાન કવિઓએ પોતપોતાની કૃતિઓમાં પૂજ્યપાદદેવને આદર અને ગૌરવ સાથે સ્મરણ કર્યા છે.

## ગ્રન્થ - પરિચય (ઇષ્ટોપદેશ)

શ્રી પૂજ્યપાદ આચાર્યનું તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યભાવથી છલકતું અધ્યાત્મકાવ્ય એટલે 'ઇષ્ટોપદેશ'. સંસાર-શરીર-ભોગોમાં વિમૂઢ જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષને લીધે અનંતાનંત દુઃખો ચતુર્ગતિરૂપ સંસારમાં વેઠતો આવ્યો છે. આત્મસ્વરૂપને ઓળખીને સંસારના ઘોર દુઃખોથી મુક્ત થવા માટે પ્રેરણાદાયી એવી આ કૃતિ સહજ, સરળ અને ભાવવાહી રચના છે. કેવળ ૫૧ પદ્ય કાવ્યોમાં શ્રી પૂજ્યપાદઆચાર્યે બિન્દુમાં જાણે કે સિન્ધુને સમાડી દીધા છે.

ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્માની અનુભૂતિ કેવી રીતે થાય તેનો માર્ગ ચીંધનાર આ લઘુકાય રચનામાં અંતે ગ્રંથકર્તા ગ્રંથની ઉપયોગિતા વર્ણવતા કહે છે કે :

'પૂર્વોક્ત પ્રકારે ઇષ્ટોપદેશનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરી, સારી રીતે ચિંતવન કરીને જે ભવ્ય ધીમાન્ પુરુષ આત્મજ્ઞાનના બળથી માન-અપમાનમાં સમતાભાવ ધારણ કરીને તથા બાહ્ય પદાર્થોમાં વિપરીત અભિનિવેશનો ત્યાગ કરીને નગર અથવા વનમાં વિધિપૂર્વક વસે છે તે નિરુપમ મુક્તિ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.'

પ્રસ્તુત રચના ઇષ્ટોપદેશ કૃતિમાં વર્ણવેલી વિષયવસ્તુના કેટલાક માર્મિક વિષય બિન્દુઓની નોંધ લઈએ :

(૧) વસ્તુની સહજ નિજ શક્તિ તે ઉપાદાન છે, સંયોગરૂપ કારણ તે નિમિત્ત કહેવાય છે. કાર્ય ઉપાદાનથી જ થાય છે, તે વખતે તેને માટે અનુકૂળ નિમિત્ત પણ મળી જ રહે છે. **(શ્લોક-૨)**

(૨) મોક્ષ માટે પ્રવૃત્તિ કરનારને સ્વર્ગનું સુખ સહેજે પ્રાપ્ત થાય છે. **(શ્લોક-૪)**

(૩) સંસારી જીવોના સુખ-દુઃખ કેવળ વાસનામાત્ર જ હોય છે. **(શ્લોક-૬)**

(૪) મોહથી આચ્છાદિત જ્ઞાન પોતાના સ્વભાવને પ્રાપ્ત થતું નથી. **(શ્લોક-૭)**

(૫) દાવાનળથી બળતા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ મૂઢ જીવ અન્યની માફક પોતે પણ કોઈ દિવસ વિપત્તિમાં આવી પડશે તે વિચારતો નથી. **(શ્લોક-૧૪)**

(૬) જે મમતાવાળો છે તે સંસારમાં બંધાય છે અને જે મમતારહિત છે તે સંસારથી છૂટે છે. **(શ્લોક-૨૬)**

(૭) જ્ઞાની વિચારે છે કે સર્વ પુદ્‌ગલોને મેં મોહવશાત્ અનેકવાર ભોગવી ભોગવીને છોડ્યા; હવે એ ઉચ્છિષ્ટ પદાર્થોમાં મને કાંઈ પણ સ્પૃહા નથી. **(શ્લોક-૩૦)**

(૮) જે અજ્ઞાની છે તે કોઈથી જ્ઞાની થઈ શકતો નથી અને જે જ્ઞાની છે તે કોઈથી અજ્ઞાની થઈ શકતો નથી; ગુરુ આદિ તો ધર્માસ્તિકાયની પેઠે નિમિત્તમાત્ર જ છે. **(શ્લોક-૩૫)**

(૯) જેમ જેમ આત્માનુભવ થતો જાય છે તેમ તેમ સુલભ વિષયો પણ રુચતા નથી અને જેમ જેમ વિષયો પ્રત્યે અરુચિ થાય છે તેમ તેમ આત્માનુભવની પરિણતિ વૃદ્ધિ પામતી જાય છે. **(શ્લોક ૩૭/૩૮)**

(૧૦) જે અજ્ઞાની પુદ્‌ગલને અભિનન્દે છે તેનો કેડો (પીછો) ચાર ગતિમાં પુદ્‌ગલ છોડતું નથી. **(શ્લોક-૪૬)**

(૧૧) અવિદ્યાને દૂર કરવાવાળી મહાન ઉત્કૃષ્ટ જ્ઞાનજ્યોતિ છે, મુમુક્ષુએ તેના સંબંધમાં પૃચ્છા કરવી, તેની જ વાંછા કરવી અને તેનો જ અનુભવ કરવો જોઈએ. **(શ્લોક-૪૯)**

(૧૨) 'જીવ જુદો છે અને પુદ્‌ગલ જુદું છે' એ જ તત્ત્વોપદેશનો સાર છે, બીજું જે કંઈ પણ કહેવામાં આવ્યું છે તે બધો તેનો જ વિસ્તાર છે. **(શ્લોક-૫૦)**

**ઉપસંહાર :–**

આમ, નાનકડા એવા આ 'ઇષ્ટોપદેશ' ગ્રંથમાં ગ્રંથકર્તાને આત્મભાવના અને તત્ત્વદષ્ટિની પાયાની કેળવણી સચોટ રીતે પ્રસ્તુત કરવામાં સંપૂર્ણ રીતે સફળતા મળી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળમાં એક અદ્વિતીય અધ્યાત્મ યુગાવતાર દિવ્ય પુરુષ થયા. સ્વયંના અજોડ પુરુષાર્થ દ્વારા સત્યની ખોજ કરી અને આત્મસાક્ષાત્કાર કરી અનંત ભવનો છેદ કર્યો. તદ્‌ઉપરાંત સ્વયંની દિવ્ય દેશના દ્વારા તેઓશ્રીએ અધ્યાત્મની પાવન ગંગા સંપૂર્ણ ભારતમાં તથા વિદેશમાં વહાવી. અનેક ભવ્ય જીવોએ આ પાવનગંગામાં સ્નાન કરી પોતાને ધન્ય બનાવ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી ઉપદેશને જીવનમાં અંગીકાર કરી મોક્ષમાર્ગે પ્રયાણ કરવા અર્થે ઉદ્યમવંત બન્યા. ગામેગામ જિનમંદિર તથા જિનબિંબોની સ્થાપના કરી પૂજ્ય ગુરુદેવશ્રીએ લુપ્ત પ્રાયઃ થયેલ સનાતન દિગંબર જૈનધર્મનો ઉદ્યોત કરી જિનદર્શનનો વિજયધ્વજ લહેરાવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનમાં તેમની મુખ્ય પ્રવૃત્તિ જ્ઞાન તથા ધ્યાનની રહી છે. તેમાં તેઓશ્રીએ અનેક દિગંબર જૈનગ્રંથોનું ગહન અધ્યયન કરી તેના પાવન મંગલકારી આશયને મુમુક્ષુસમાજ પર્યંત પહોંચતું કર્યું. દિગંબર આચાર્યોના તીવ્ર વચનોનું હાર્દ ખોલીને તેમાં રહેલ

મર્મને પ્રકાશિત કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં જે અધ્યાત્મનો પાવન પ્રવાહ આવતો તેમાં નાના બાળકથી માંડી વિદ્વાન હોય તો તેને પણ તેને યોગ્ય મળી રહેતું, એવો તેઓશ્રીનો સાતિશય વાણીનો યોગ હતો. પૂજ્ય બહેનશ્રીબેનના શબ્દોમાં કહીએ તો 'પૂજ્ય ગુરુદેવને શ્રુતની લબ્ધિ હતી. શ્રુતના દરિયા ઉછળ્યા છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીનું વિરાટ અસ્તિત્વ તથા બેજોડ ગુણોને કલમમાં ઉતારવા એ બાલચેષ્ટા સમાન છે, છતાં તેઓશ્રીનો અસીમ ઉપકાર હૃદયગત થતાં તે ચેષ્ટા પણ સહેજે થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંના પ્રવચનોમાં અનેક શાસ્ત્રો ઉપર પ્રવચનો કર્યા છે, જેમાં આ લઘુકાય ગ્રંથ શ્રી 'ઇષ્ટોપદેશ' નો પણ સમાવેશ થાય છે. અધ્યાત્મથી ઓતપ્રોત, પુરુષાર્થ પ્રધાન પ્રવચનો મુમુક્ષુજીવને આત્મહિત પ્રત્યે દોરી જાય છે અને આ જ ભવમાં આત્મકલ્યાણ કરી લેવાની તથા આત્માનુભવ કરી લેવાની સતત પ્રેરણા પ્રત્યેક પ્રવચનોમાં મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના સમસ્ત પ્રવચનોને લિપિબદ્ધ કરી અક્ષરશઃ પ્રકાશિત કરવાના ફળસ્વરૂપે પ્રસ્તુત ગ્રંથ 'ઇષ્ટોપદેશ પ્રવચન' ભાગ–૧ પ્રકાશિત કરતાં અમોને હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં ૧ થી ૨૬ શ્લોક સુધીના ૨૮ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવચન સંપાદન કાર્યમાં જ્યાં જ્યાં વાક્યરચના અધુરી લાગી છે ત્યાં કૌંસ ભરવામાં આવેલ છે. જ્યાં શબ્દ બરાબર સંભળાતા નથી ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ભાવવાહી પ્રવાહ યથાવત્ જળવાઈ રહે તેની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને સાંભળીને સંકલન કરવામાં આવ્યું છે. ત્યારબાદ રાજકોટ નિવાસી શ્રી ચેતનભાઈ મહેતા દ્વારા ફરી એકવાર બધા જ પ્રવચોને સાંભળીને ચીવટપૂર્વક તપાસી જવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય તો જિનવાણીમાતા, દેવ-શાસ્ત્ર-ગુરુની હૃદયપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પાઠકવર્ગને કોઈ સ્થળે ભૂલનો ખ્યાલ આવે તો અવશ્ય જણાવવા વિનંતી છે. પ્રસ્તુત ગ્રંથના ટાઈપ સેટિંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગર તથા સુંદર મુદ્રણ કાર્ય માટે શાર્પ ઓફસેટ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન અર્થે રૂ. ૭૧૦૦૦/- ની દાનરાશિ સ્વ. નીલમબેન રમણીકભાઈ ઘડિયાળી, મોરબીના સ્મરણ અર્થે શ્રી રમણીકભાઈ ઘડિયાળી, મોરબી તરફથી રાજકોટ ટ્રસ્ટને પ્રાપ્ત થયેલ છે, તે બદલ સંસ્થા તેમનો ખુબ ખુબ આભાર માને છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મકલ્યાણને સાધે એવી પવિત્ર ભાવનાસહ વિરામ પામીએ છીએ.

ઇષ્ટોપદેશ પ્રવચન ભાગ–૧ ને Atmadharma.com ઉપર મુકવામાં આવેલ છે.

લિ.

ટ્રસ્ટીગણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | ૧૫-૩-૬૬ | ૧, ૨ | ૦૦૧ |
| ૦૨ | ૧૬-૩-૬૬ | ૨,૩,૪ | ૦૧૯ |
| ૦૩ | ૧૭-૩-૬૬ | ૪,૫,૬ | ૦૩૬ |
| ૦૪ | ૧૮-૩-૬૬ | ૬ | ૦૫૪ |
| ૦૫ | ૧૯-૩-૬૬ | ૬,૭ | ૦૭૧ |
| ૦૬ | ૨૦-૩-૬૬ | ૭,૮ | ૦૮૭ |
| ૦૭ | ૨૧-૩-૬૬ | ૮,૯ | ૧૦૩ |
| ૦૮ | ૨૩-૩-૬૬ | ૯,૧૦ | ૧૨૧ |
| ૦૯ | ૨૪-૩-૬૬ | ૧૧ | ૧૩૮ |
| ૧૦ | ૨૫-૩-૬૬ | ૧૧ | ૧૫૪ |
| ૧૧ | ૨૬-૩-૬૬ | ૧૨,૧૩ | ૧૬૯ |
| ૧૨ | ૨૭-૩-૬૬ | ૧૩,૧૪,૧૫ | ૧૮૭ |
| ૧૩ | ૨૮-૩-૬૬ | ૧૫,૧૬,૧૭ | ૨૦૪ |
| ૧૪ | ૨૯-૩-૬૬ | ૧૭ | ૨૨૪ |
| ૧૫ | ૩૦-૩-૬૬ | ૧૭,૧૮ | ૨૪૦ |
| ૧૬ | ૧-૪-૬૬ | ૧૮,૧૯ | ૨૫૫ |
| ૧૭ | ૨-૪-૬૬ | ૧૯,૨૦ | ૨૭૩ |
| ૧૮ | ૩-૪-૬૬ | ૨૦,૨૧ | ૨૯૦ |
| ૧૯ | ૪-૪-૬૬ | ૨૧ | ૩૦૭ |
| ૨૦ | ૬-૪-૬૬ | ૨૧,૨ | ૩૨૦ |
| ૨૧ | ૭-૪-૬૬ | ૨૨ | ૩૩૫ |
| ૨૨ | ૮-૪-૬૬ | ૨૨ | ૩૪૮ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૩ | ૯-૪-૬૬ | ૨૨,૨૩ | ૩૬૨ |
| ૨૪ | ૧૦-૪-૬૬ | ૨૩ | ૩૭૭ |
| ૨૫ | ૧૧-૪-૬૬ | ૨૩,૨૪ | ૩૯૨ |
| ૨૬ | ૧૨-૪-૬૬ | ૨૪ | ૪૦૭ |
| ૨૮ | ૧૪-૪-૬૬ | ૨૪,૨૫ | ૪૨૧ |

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

नमः सिद्धेभ्यः

श्रीमत्पूज्यपादस्वामि-विरचित

# इष्टोपदेश

श्रीपण्डित-आशाधरकृत संस्कृतटीका

और

भाषानुवाद सहित

## 'ઈષ્ટોપદેશ પ્રવચન'

(ભાગ-૧)

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી ઇષ્ટોપદેશ ગ્રંથ ઉપર સળંગ પ્રવચનો)

उत्थानिका

टीकाकारका मंगलाचरण।

परमात्मानमानम्य, मुमुक्षुः स्वात्मसंविदे।
इष्टोपदेशमाचष्टे, स्वशक्त्याशाधरः स्फुटम्।।

जो जिस गुणको चाहनेवाला हुआ करता है वह उस उस गुण सम्पन्न पुरुष विशेषको नमस्कार किया करता है। यह एक सामान्य सिद्धान्त है। परमात्माके गुणोंको चाहनेवाले ग्रन्थकार पूज्यपादस्वामी हैं, अतः सर्वप्रथम वे परमात्माको नमस्कार करते हैं।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૯, મંગળવાર**
**તા. ૧૫-૦૩-૧૯૬૬**
**ગાથા–૧, ૨ પ્રવચન નં. ૧**

આ એક 'ઇષ્ટોપદેશ' (શાસ્ત્ર) શ્રી 'પૂજ્યપાદ સ્વામી'નું રચેલું છે. જેના ઉપર ટીકા 'આશાધર પંડિતે' કરી છે. 'પૂજ્યપાદ સ્વામી' 'કુંદકુંદાચાર્ય' મહારાજ થયા પછી 'સમંતભદ્રાચાર્ય' દિગંબર મુનિ થયા એના પછી આ 'પૂજ્યપાદ સ્વામી' થયા. બહુ પ્રસિદ્ધિ છે. અંદર આઠ-દસ બોલ, ઘણા બોલ એમાં લખ્યા છે. એમાં લખ્યું છે–વિદેહ ગમન. આમાં આવે છે, આ છે ને અંદર. **'विदेहजिनदर्शनपूदगात्रः'** ૧૦૮ શ્લોક છે. 'શ્રવણબેલગોલા'નો શિલાલેખ છે ને? 'પૂજ્યપાદ સ્વામી', જેમ 'કુંદકુંદાચાર્ય' મહારાજ મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા, એ વાત તો પ્રસિદ્ધ છે, આઠ દિવસ રહ્યા હતા ને અહીંયાં આવીને 'સમયસાર' આદિ શાસ્ત્રો બનાવ્યા. આ પણ શિલાલેખમાં લેખ છે.

જુઓ! 'શ્રવણબેલગોલા'નો લેખ છે. **'श्रीपूज्यपादमुनिरप्रतिमौंषधर्द्धिर्जीयाद्विदेहजिनदर्शन-पूतगात्र'** જેનું શરીર પવિત્ર થયું છે, આત્મશરીર. વિદેહમાં ભગવાન પરમાત્મા બિરાજે છે ત્યાં એ 'પૂજ્યપાદ સ્વામી' દર્શન કરવા ગયા હતા. એમાં અંદર (લખ્યું) છે. તેથી આ પુસ્તક હાથમાં રખાય છે. સમજાણું? એ ભગવાન 'કુંદકુંદાચાર્ય' પછી 'સમંતભદ્રાચાર્ય' થયા ને પછી 'પૂજ્યપાદ સ્વામી' થયા, જેણે 'સર્વાર્થ સિદ્ધિ'ની ટીકા કરી છે. 'આગમ ..' 'સર્વાર્થસિદ્ધિ'ની ટીકા (એ) 'ઉમા સ્વામી'ના 'તત્ત્વાર્થ સૂત્ર'ની (ટીકા છે). બહુ સમર્થ આચાર્ય પંડિત બાળ બ્રહ્મચારી હતા અને મહા સમર્થ આત્મજ્ઞાન ધ્યાનમાં દિગંબર મુનિ (હતા). દિગંબર મુનિઓ તો સંત મહા ધર્મ ધુરંધરો થયા છે. એમાં આ એક 'પૂજ્યપાદ સ્વામી' એમના બનાવેલા ઘણા ગ્રંથો છે. 'સમાધિશતક' છે, આ 'ઇષ્ટોપદેશ' છે બીજા પણ છે. આ 'ઇષ્ટ ઉપદેશ' આનું નામ છે. (અર્થાત્) આત્માને હિતકારી ઉપદેશ. ઇષ્ટ નામ પ્રિયકારી ઉપદેશ. મોક્ષ હિત છે ને આત્માનું? એ મોક્ષ કેમ થાય તેનો આમાં ઇષ્ટ ઉપદેશ છે.

**'ॐ नमः सिद्धेभ्यः श्रीमत्पूज्यपादस्वामिविरचित इष्टोपदेश' `श्रीपण्डित-आशाधरकृत संस्कृतटीका और भाषानुवाद सहित.'**

ટીકાકારનું મંગળાચરણ. પહેલું ટીકાકાર 'આશાધર'નું મંગળાચરણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**परमात्मानमानम्य, मुमुक्षुः स्वात्मसंविदे।**
**इष्टोपदेशमाचष्टे, स्वशक्त्याशाधरः स्फुटम्।।**

શું આ કહે છે? **'જો જિસ ગુણકો ચાહનેવાલા હુઆ કરતા હૈ વહ ઉસ ઉસ ગુણ સમ્પન્ન પુરુષ વિશેષકો નમસ્કાર કિયા કરતા હૈ.'** જે જીવને જે ગુણ જોઈએ છે તે ગુણ સંપન્ન પુરુષને એ નમસ્કાર કરે એવો સામાન્ય સિદ્ધાંત અને નિયમ છે. કહો, બરાબર છે? જેને જે ગુણ જોઈએ એ ગુણ જેનામાં પ્રગટ થયા છે એને જ નમસ્કાર કરે. કારણ કે, એ ગુણની પ્રાપ્તિ પોતાને જોવે છે. એવો સામાન્ય સિદ્ધાંત એટલે નિયમ છે.

દરેકમાં નિયમ છે ને! લક્ષ્મીવાળો જુઓને! લક્ષ્મી જેની પાસે હોય એને બહુ આદર આપે છે કે નહિ? શેઠસાહેબ... શેઠસાહેબ કહે. બધા શેઠસાહેબ સમજવા જેવા હોય, પણ પૈસાનો અર્થી હોય.

મુમુક્ષુ :– કહેવા તો જોઈએ ને!

ઉત્તર :– કહેવા જોઈએ એ તો મમતાવાળા કહે. આ 'સમયસાર'માં (૧૭-૧૮ ગાથામાં આવે છે). લક્ષ્મીનો અર્થી જે છે એ રાજાની સેવા કરે. એમ આત્માર્થી છે ઇ આત્માની સેવા અથવા સત્સમાગમ, જ્ઞાનીની સેવા કરે છે. કહો, સમજાણું કાંઈ? એ 'સમયસાર'માં (ચોથી ગાથામાં) આવ્યું, 'શ્રુત પરિચિત'માં આવ્યું છે. જે જ્ઞાની છે, પોતે એની સેવા અનંતકાળમાં કોઇ દિ' કરી નથી. એટલે સેવા એટલે જે કહે છે એ વાત સમજ્યો નથી એટલે એની વાસ્તવિક સેવા જ કરી નથી.

એટલે અહીં કહે છે, જે જે ગુણને ચાહે છે **'ચાહનેવાલા હુઆ કરતા હૈ...'** હિન્દી હૈ ને? **'વહ ઉસ ઉસ ગુણ સંપન્ન...'** તે તે ગુણથી સહિત પુરુષ, પુરુષ વિશેષ એમ. એ ગુણવાળો જે પુરુષ છે એને **'નમસ્કાર કિયા કરતા હૈ.'** એને નમસ્કાર કરે છે. આ એક સામાન્ય નિયમ થયો. **'પરમાત્માકે ગુણોંકો ચાહનેવાલે...'** 'પૂજ્યપાદસ્વામી' મહા દિગંબર સંત હતા, ભાવલિંગી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલવાવાળા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં રહેવાવાળા. એ પરમાત્માના ગુણને ચાહવાવાળા ગ્રંથકાર 'પૂજ્યપાદસ્વામી' મંગલાચરણમાં પ્રથમ માંગલિકમાં પરમાત્માને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? પરમાત્માને યાદ કરે છે. ઓહોહો..! પ્રભુ! મને મારી શાંતિ ને પૂર્ણ આનંદ જોઈએ છે. પૂર્ણ આનંદ અને શાંતિ પ્રાપ્ત એવા પરમાત્માને ગ્રંથકાર 'પૂજ્યપાદસ્વામી' સંત મુનિ મહંત છે એ નમસ્કાર કરે છે.

**'મૂલગ્રન્થકર્તાકા મંગલાચરણ'** માંગલિક આચરણ. મમ નામ પવિત્રતા. મંગ–પવિત્રતાને લ નામ લાતી–પ્રાપ્તિ. અથવા મંગ નામ, મમ નામ પાપ અને ગળ નામ ગાળે. એવું જે મંગલાચરણ એ પ્રથમ અહીંયાં 'પૂજ્યપાદસ્વામી' કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## मूलग्रन्थकर्ताका मंगलाचरण।

श्लोक - यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने।।१।।

अर्थ :- जिसको सम्पूर्ण कर्मोंके अभाव होनेपर स्वयं ही स्वभावकी प्राप्ति होगई है, उस सम्यक्ज्ञानरूप परमात्माको नमस्कार हो।

विशदार्थ :- जिसे आत्मा की परतन्त्रता (पराधीनता) के कारणभूत द्रव्य एवं भावरूप समस्त कर्मोंके, सम्पूर्ण रत्नत्रयात्मक स्वरूपके द्वारा, सर्वथा नष्ट हो जानेसे निर्मल निश्चल चैतन्यरूप स्वभाव (कथंचित् तादात्म्य परिणति) की प्राप्ति होगई है, उस सम्पूर्ण ज्ञानस्वरूप आत्माको जो कि मुख्य एवं अप्रतिहत अतिशयवाला होनेसे समस्त सांसारिक प्राणियोंसे उत्कृष्ट है, नमस्कार हो।।१।।

---

श्लोक - यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने।।१।।

**‘અર્થ :– જિસકો સંપૂર્ણ કર્મોં કે અભાવ હોને પર...’** ભગવાન પરમાત્મા સંપૂર્ણ કર્મોનો જેને અભાવ થયો છે. **‘સ્વયં હી સ્વભાવ કી પ્રાપ્તિ હો ગઈ હૈ,...’** વજન અહીં છે. પરમાત્માએ પોતાના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ કરી છે. સમજાય છે કાંઈ? સ્વયં પોતાના પુરુષાર્થ દ્વારા (પ્રાપ્તિ કરી છે). આત્મા અનંત આનંદ આદિ ગુણ સંપન્ન (છે) એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર રત્નત્રયાત્મક પુરુષાર્થ (દ્વારા પ્રાપ્ત કર્યું). પરમાત્મા થયા એ પણ આત્માના રત્નત્રયાત્મક પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કર્યું છે, મોક્ષની પ્રાપ્તિ કરી છે.

જુઓ! આચાર્ય પહેલો ‘સ્વયં’ શબ્દ નાખે છે. પુરુષાર્થ વિના આત્માની મુક્તિની પ્રાપ્તિ થતી નથી. પરમાત્માએ પોતાના આત્મામાં સ્વ સન્મુખતા કરી, પરથી વિમુખતા છોડી અને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ અનંત કેવળજ્ઞાન આદિ(ને) પ્રાપ્ત થયા. એટલે કર્મનો અભાવ. શબ્દાર્થ ભલે પહેલો એમ લીધો કે, આમ સ્વયં પુરુષાર્થની પ્રાપ્તિથી પ્રાપ્ત કર્યું (ત્યાં) કર્મનો અભાવ થઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? પુરુષાર્થથી થાય છે એમ કહે છે. કો'ક એને આપી દે એવું નથી.

મુમુક્ષુ :– એ વખતે કાળ એવો હતો.

ઉત્તર :– કાળ એટલે એનો પુરુષાર્થનો કાળ. કાળ ક્યાં જોવો હતો? કાળ સામું જોવું હતું? જેને મોક્ષ પ્રિય છે, જેને અનંત આનંદ પ્રિય છે એ આનંદની પ્રિયતા કાળ સામું જોઈને કરતો હશે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સામું જોઈ પુરુષાર્થ કરે છે (તો) કાળ એનો પાકી ગયો છે. સમજાણું કાંઈ? કાળ સામું જોવે એને પ્રિયતા કાળની છે. પણ સામું કોની જોવું? કાળ એટલે શું? ને પર્યાય એટલે શું? એની સામું જોવાનું છે?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા..! કાલે બપોરે તો ઘણું કહેવાણું હતું. 'નિયમસાર.' આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન, અનંત અતીન્દ્રિય બળ, એનાથી ભરેલો પ્રભુ છે. એના સ્વભાવ પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ પરમાત્માએ કરી છે. કહો, સમજાણું કાંઈ ? કર્મ ટળ્યા માટે આ પ્રાપ્તિ થઈ એમ નહિ. પુરુષાર્થથી કરી છે. પુરુષાર્થ રુચ્યો, અંદર આત્મા ગોઠ્યો. ઓહો..! જેને અનાદિકાળથી વિકાર પ્રિય લાગતો હતો, અનાદિકાળથી પ્રિય વિકાર લાગતો હતો, એ પ્રિય આત્મા લાગ્યો (એનો) પુરુષાર્થ કર્યો ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. કહો, 'વસંતલાલજી'! કાળ પાકે ત્યારે થાતું હશે? ઇ કાળ એમાં આવી જાય છે. આજે હમણાં બીજામાં કહેશે. સમજાણું?

**'સ્વયં હી સ્વભાવકી પ્રાપ્તિ હો ગઈ હૈ,...'** છે ને? શબ્દ સંસ્કૃતમાં **'स्वयं संपूर्णरत्नत्रयात्मनात्मना'** લ્યો! સમજાય છે? **'स्वभावस्य निर्मलनिश्चलचिद्रूपस्य आप्तिर्लब्धिः'** આપ્તિ લાભ–લબ્ધિ. ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ આનંદ સ્વરૂપ અતીન્દ્રિય રસનો કંદ પ્રભુ, એની પ્રીતિ પ્રિયતામાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં જોડાણો તો ઇ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા. કહો, સમજાણું કાંઈ? એ સિવાય કેવળજ્ઞાનને કોઈ પરમાત્મા પામ્યા નથી. આ અનંત પરમાત્માની વાત કરી. અનંતા પરમાત્મા થયા, અત્યારે છે અને ભવિષ્યમાં આ રીતે જ રસ્તો છે, બીજો કોઈ રસ્તો નથી. ઓહોહો..!

આ 'ઇષ્ટોપદેશ' છે. હિતકારી ઉપદેશ છે, હિતકારી. ભગવાન! ભાઈ! તારું હિત તો પરમાનંદ છે ને! અને પરમાનંદની પ્રાપ્તિ પ્રભુ પરમાત્માએ કરી એ ક્યાંથી કરી? ક્યાં હતી તે કરી? શેમાં જોઈને કરી? શું કરીને કરી? સમજાણું કાંઈ?

પરમાત્મા પોતે જ શુદ્ધ આનંદ સ્વરૂપ છે. એની અંતરની પ્રિયતાની રુચિમાં જોડાઈ દર્શન, જ્ઞાન, ચારિત્રનું આરાધન કરી અને પરમાત્મપણાને પામ્યા છે. કહો, સમજાણું આમાં ? ભાષા શું છે? **'स्वभावस्य निर्मलनिश्चलचिद्रूपस्य आप्तिर्लब्धिः'** સમજાણું? **'संपूर्णरत्नत्रयात्मनात्मना'** સંપૂર્ણ રત્નત્રય આત્માથી પ્રાપ્તિ થઈ.

**'ઉસ સમ્યગ્જ્ઞાનરૂપ પરમાત્માકો...'** જેને કેવળજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, પૂર્ણ પ્રત્યક્ષ પ્રાપ્ત થયું છે, જેને આત્માના આરાધનથી ભગવાનઆત્મા દેવ પરમદેવનું આરાધન કરી અંતરમાં જેને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે એવા પરમાત્માને મારો નમસ્કાર છે.

કહે છે કે, હું એને નમું છું, મારું નમન, મારું વલણ, મારું ઘોલન, મારો વિનય આવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વજ્ઞ પરમેશ્વર ઉપર જાય છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે આત્મ-આરાધના કરીને કેવળ પ્રાપ્ત કર્યું એને હું નમસ્કાર કરું છું. આહાહા..! લક્ષમાં કેવળજ્ઞાન લીધું અને કેવળજ્ઞાનીએ આ રીતે પ્રાપ્તિ કરી એવી પ્રતીત થઈ છે અને સ્વરૂપની રમણતા આચાર્ય કરે છે. મારા કરતાં પૂર્ણ દશા જેને પ્રાપ્ત થઈ અને મારે એ જોવે છે, મારે આટલી દશામાં જ રહેવું એમ નથી.

પૂર્ણ દશા... પૂર્ણ દશા... પૂર્ણ દશા... કેવળજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાન એ પૂર્ણ સમ્યગ્જ્ઞાન. એની પ્રાપ્તિ ભગવાનને થઈ એને મારો નમસ્કાર છે. આ માંગલિક કર્યું. એ 'પૂજ્યપાદસ્વામી' સંત, મહંત, દિગંબર મહા મુનિ એણે મંગલાચરણનો આ માણેક સ્થંભ રોપ્યો.

આ તમારે લગ્નમાં કરે છે કે નહિ કાંઈ? શું કરે પેલું લાકડું નાખે છે નહિ? માણેક ક્યાં હતો? લાકડું હતુ ન્યાં તો. એનું નામ માણેક આપેલ. માણેક નામ ગમે એને આપે, પથરાને આપે તો કોણ ના પાડે છે. લાકડું છે. ચાર બાજુ આમ પાંખડા (હોય છે). ચાર ગતિમાં રખડવાના ચાર પાંખડા હોય છે ને એમાં? નાખ્યો એમાં. મિંઢોળ બાંધ્યો છે. મિંઢોળ બાંધે છે ને? શું કહેવાય પેલું લાલ? નાડાછડી, નાડાછડી બાંધે ને નાંખે. આ મિંઢોળ, લ્યો! હવે આ લગ્ન કરવા, ચાર ગતિમાં રખડવાના.

એમ અહીંયાં ચાર ગતિને ટાળવાના માણેક સ્થંભ નાંખ્યા. સમજાણું કાંઈ? અમારે તો પરમાત્મ પદ જોઈએ, ભાઈ! આહાહા..! જેણે ભવનો નાશ કર્યો, જેણે પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી એને અમે નમીએ છીએ. કારણ કે, અમારે પરમાત્મપદ સિવાય કાંઈ જોઈતું નથી. આહાહા..! દેખો! સ્વર્ગ પણ જોઈતું નથી, પુણ્ય પણ જોઈતું નથી, દેહ પણ જોઈતો નથી, ભવ પણ જોઈતો નથી, આ અપૂર્ણ દશા પણ જોઈતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેને પૂર્ણ પરમાત્માની ઝંખના છે એવા જીવો પૂર્ણ પરમાત્માને જ નમસ્કાર કરે છે. એ પાછા કેવી રીતે? કે જે આત્મા હતા એણે રત્નત્રયનું આરાધન પર્યાયમાં કર્યું ત્યારે એ સર્વજ્ઞપદને પામ્યા. એમ કરીને વાસ્તવિક તત્ત્વની સ્થિતિ પણ બતાવી. સમજાણું કાંઈ? અનાદિના સિદ્ધ હતા એમ નહિ. એણે આત્માનું પદ વસ્તુ અનાદિની હતી. અનંત અનંત ગુણથી સહિત (હતી). એનું આરાધન અંતર કર્યું. જુઓ! આરાધન કર્યું પર્યાયથી. એટલે દ્રવ્ય કીધું એમાં શક્તિ અનંત છે, પર્યાયથી આરાધન કર્યું, પૂર્ણ પર્યાયને પ્રાપ્ત કરી એટલે મોક્ષ કર્યો. જીવ તત્ત્વ થઈ ગયું, એના ગુણ તત્ત્વ થઈ ગયા, સંવર-નિર્જરા આદિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષ તત્ત્વ થયું, પૂર્ણ તત્ત્વ, મોક્ષ તત્ત્વ. એટલા તત્ત્વ એમાં સમાડી દીધા. અજીવ અને આસ્રવ ને બંધનો જેમાં અભાવ કર્યો. કીધું ને? **'कृत्स्नकर्मणः अभावे'** અજીવનો અભાવ કર્યો. અજીવ હતો ને આસ્રવ બંધ હતો એનો અભાવ કર્યો. દ્રવ્યકર્મ, ભાવકર્મ હમણાં લેશે, બન્ને લેશે. સમજાણું કાંઈ? ઓહો..! જુઓ! હવે (કહે છે).

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'વિશદાર્થ :– જિસે આત્માકી પરતંત્રતા કે કારણભૂત...'** (અર્થાત્) નિમિત્તભૂત, હોં! સમજાણું ? ટીકામાં નિમિત્ત (શબ્દ) છે. છે ને? નિમિત્ત છેલ્લો શબ્દ પડ્યો છે. **'आत्मपारतन्त्र्यनिमित्तस्य'** છે ને છેલ્લો (શબ્દ)? નિમિત્ત છે. પરતંત્ર. આત્મા પોતાના સ્વભાવનું ભાન ન કરે એ પરતંત્ર પોતે થાય છે. ત્યારે એ પરતંત્રતામાં કર્મ નિમિત્ત છે. કર્મ એને પરતંત્ર કરાવતું નથી. **'જિસે આત્માકી પરતંત્રતા (પરાધીનતા)...'** ભગવાનઆત્મા પોતાના આનંદ શુદ્ધ સ્વભાવને ભૂલી અને રાગ ને દ્વેષ વિકારને આધીન થાય એ પોતે જ પરાધીન પોતાથી સ્વયં કર્તા થઈને થાય છે. ત્યારે તેમાં નિમિત્ત કારણ દ્રવ્યકર્મ છે અને પેલો ભાવકર્મ પણ કારણ છે. પરતંત્ર થાય એમાં પેલા રાગ-દ્વેષ નિમિત્ત છે ને એમાં ઇ? રાગ-દ્વેષ કરે એમાં એ આધીન થઈ જાય છે. રાગ-દ્વેષથી એમાં આધીન થાય છે તેથી કર્મમાં આધીન પોતે થાય છે, વ્યવહારે એમ કહેવામાં આવે છે.

**'દ્રવ્ય એવં ભાવરૂપ સમસ્ત કર્મોંકે...'** જુઓ! ભાવકર્મ પહેલેથી ઉપાડ્યું, જોયું? જ્ઞાનની હિણતાની દશા, દર્શનની હિણતા, વીર્યની હિણતા અને આનંદ ને શ્રદ્ધા ને ચારિત્ર ગુણની વિપરીતતા. સમજાણું કાંઈ? એવી જે દશા એ પરાધીન પોતે કરેલી છે. એને ભાવકર્મ કહેવામાં આવે છે. ભાવઘાતિ કર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનાનંદ, એની હિણી દશા કરી. એ પણ એક ભાવઘાતિ કર્મ થયું. ભાવ, ભાવકર્મ. દર્શનનો ઉપયોગ હિણો કર્યો અને વીર્ય હિણું કર્યું, વિપરીત કર્યું, હિણું કર્યું અને રાગ ને દ્વેષ ને મિથ્યાભ્રાન્તિ એ વિપરીત (ભાવ). એ આનંદથી ઊલટું દુઃખ, એ દર્શનથી ઊલટી મિથ્યા શ્રદ્ધા અને ચારિત્ર– શાંતિથી ઊલટા રાગ-દ્વેષ પરિણામ. એવા પરિણામને આધીન થયેલો જીવ પરતંત્રપણાને પામ્યો છે. આખા આત્માને ખરેખર તો વિકાર પણ પરતંત્રતાનું નિમિત્ત છે. સમજાણું કાંઈ?

અશુદ્ધ ઉપાદાન છે ને? અશુદ્ધ ઉપાદાન કહો, વ્યવહાર કહો કે નિમિત્ત કહો. આખો શુદ્ધ ઉપાદાન ભગવાન એને વિકાર તો એક ક્ષણિક, નિમિત્ત, વર્તમાન, વ્યવહાર પૂરતો જ છે. એટલી પરાધીનમાં એને વિકાર અને જડ કર્મને પરાધીનમાં નિમિત્ત કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવરૂપ સમસ્ત કર્મોંકે, સમ્પૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપકે દ્વારા,...'** દેખો! જુઓ! ખુલાસો કર્યો. સ્વયં છે ને? **'સમ્પૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપકે દ્વારા,...'** ભગવાનઆત્માને અંતરમાં પૂર્ણ સમ્યગ્દર્શન ક્ષાયિક, સંપૂર્ણ જ્ઞાન અને ચારિત્ર એના **'સ્વરૂપકે દ્વારા...'** આ દ્વારા. જુઓ! આ દ્વારા. **'સર્વથા નષ્ટ હો જાનેસે...'** દ્રવ્યકર્મ ને ભાવકર્મ આ **'સમ્પૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપકે દ્વારા, સર્વથા નષ્ટ હો જાનેસે...'** કહો, સમજાણું કાંઈ? ટીકાકારે એમ લીધું, જુઓ! દ્રવ્યકર્મ, ભાવકર્મ. બેયનો નાશ થયો ત્યારે ઉત્પન્ન શું થયું?

**'નિર્મલ નિશ્ચલ ચૈતન્યરૂપ સ્વભાવ કી પ્રાપ્તિ હો ગઈ હૈ,...'** ભગવાન પરમાત્માને ઓ..હો..! 'પ્રવચનસાર'માં નથી લેતા? કે જેનું નામ પણ લેવું મહા લાભદાયક છે. નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવતું? પહેલા શરૂઆતમાં (ગાથા–૧ થી ૫ માં આવે છે). આહાહા..! ભગવાન..! સમજાણું? 'પ્રવચનસાર' છે. વીર–વીર ભગવાનની વ્યાખ્યા છે. વીર–વીર. જુઓ! **'પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર, પરમ પૂજ્ય જેમનું નામગ્રહણ પણ સારું છે....'** આહાહા..! પરમાત્મા આવા પરમાત્મા! એમ. એક સમયમાં પૂર્ણ આરાધન કરીને દ્રવ્યકર્મ, ભાવકર્મનો નાશ કર્યો એવા પરમાત્મા (છે). કહે છે કે, એના ગુણ સ્મરણની તો વાત શું કરવી પણ નામગ્રહણ પણ સારું છે. એવા વર્ધમાન ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. પ્રણમું છું એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– નામકરણની બહુ મહિમા છે.

ઉત્તર :– પણ નામમાં આવે છે કોણ? સ્મરણમાં આવે છે કોણ? આ પરમાત્મા, આ પરમાત્મા એમ. આ પરમાત્મા એમ આવે છે ને! ભાવ આવ્યા વિના નામ ક્યાંથી એને બેઠું અંદરથી? આ પરમાત્મા. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બહુ થોડામાં ભર્યું છે ને? આમાં પણ ગાગરમાં સાગર કીધી, જુઓ! મોઢા આગળ લખ્યું છે. આ 'ઇષ્ટોપદેશ' ગાગરમાં સાગર છે એમ અંદર લખાણમાં લખ્યું છે. સમજાણું? અને (એક જણાએ) તો લખ્યું છે કે આને ઉપનિષદ.. વેદાંતમાં આવે છે ને? ઉપનિષદ આવે છે ને વેદાંતમાં? અધ્યાત્મ નામ ઉપનિષદ, એવું આ 'ઇષ્ટોપદેશ' ઉપદેશ્યું છે. ત્યાં છે, શબ્દ છે ખરા.

આમાં છે, જુઓ! આમાં જ છે, જુઓ! ઇષ્ટોપદેશ છે ને પાછળ? એમાં લખ્યું છે. જુઓ! **'ઇસ ગ્રન્થ કો જૈન ઉપદેશ ભી કહના ચાહિએ.'** એ છેલ્લું, છેલ્લે છે ને? તદ્દન છેલ્લું પાનું. 'ઇષ્ટોપદેશ' શબ્દનો છે ને? 'ઇષ્ટોપદેશ' નથી શબ્દ પડ્યો? ગ્રંથ ઇ. એની અંદરમાં પાંચમી લીટી **'ઇસ ગ્રંથ કો જૈન ઉપદેશ ભી કહના ચાહિએ.'** એમ છે. **'સંસાર સે દુ:ખીત પ્રાણીઓં કે લિયે તો ઇસકા ઉપદેશ પરમ ઔષધ હૈ.'** ઇ આવ્યું હતું મોઢાઆગળમાં. **'ઇસ ગ્રંથ કે જિન બાતોં કા વર્ણનકા પ્રચાર પ્રસાર હોને સે જગતિતલકા બડા કલ્યાણ હોગા.'** જુઓ! સમજાણું? અને ક્યાંક ગાગરમાં સાગર ભરી હોય એવું આવે છે. ક્યાંક છે. પ્રસ્તાવનામાં છે. કેટલામાં? પ્રસ્તાવનામાં આમાં પણ જિન ઉપદેશ છે (એમ કહ્યું છે). પહેલામાં શરૂઆતમાં છે, **'ઇસકો યદિ જિન ઉપદેશ ભી કહા જાતા હૈ.'** ક્યાં આવ્યું? ઇ અહીં આવ્યું, જુઓ! સાતમું પાનું. **'આચાર્યશ્રીને ગાગરમેં સાગર ભરનેકી ઉક્તિકો ચરિતાર્થ કિયા હૈ. યહ છોટાસા ગ્રંથ હૈ જિસકો કિ પાઠક ગણ અપને હાથમેં લિએ હુએ હૈં.'** આ હાથમાં છે કે નહિ ? **'આપ લોગ દેખેંગે કિ ઇસમેં આચાર્યશ્રીને ગાગરમેં સાગર ભરનેકી ઉક્તિકો ચરિતાર્થ કિયા હૈ.'** યુક્તિ છે ને ઇ તો? **'થોડેમેં બહુત કુછ લિખા ગયા હૈ. ઇસકી મહત્તા, ઉપયોગિતાદિકો દેખ પંડિતપ્રવર આશાધરજીને ઇસપર સંસ્કૃતટીકા લિખી જો કિ ઉસમેં સન્નદ્ધ હૈ. વર્તમાનમેં તો ઇસકે મરાઠી, ગુજરાતી, અંગ્રેજી આદિ ભાષાઓમેં અનુવાદ હો ચુકે હૈં.'** લ્યો! સમજાણું કાંઈ? આ એ જ છે ને? ઇ તો બે ઠેકાણે આવી ગયું કહો, સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, જે પરમાત્માએ પોતાના આત્માના અનંત ગુણ સંપન્ન પરમેશ્વરને સમ્યક્ચારિત્ર-દર્શન-જ્ઞાનની આરાધના દ્વારા જેણે આઠ કર્મનો નાશ કર્યો. દ્રવ્યકર્મ ને ભાવકર્મ જે પરતંત્રતાનું નિમિત્ત હતું એને નાશ કર્યો અને નિર્મળ નિશ્ચલ ચૈતન્યરૂપ નિર્મળ નિશ્ચલ ઉત્પાદ કર્યો.

**'નિર્મલ નિશ્ચલ ચૈતન્યરૂપ કેવળજ્ઞાન સ્વભાવ કી પ્રાપ્તિ હો ગઈ હૈ,...'** એ કૌસમાં નાંખ્યું છે પણ ટીકામાં તો ચોખ્ખો શબ્દ છે. **'(કથંચિત્ તાદાત્મ્ય પરિણતિ) કી પ્રાપ્તિ હો ગઈ હૈ.'** કથંચિત્ એટલે કે કાંઈ ત્રિકાળ નથી, આ એક સમયની પર્યાય છે ને! એક સમયની પર્યાય પૂરતો તાદાત્મ્ય પરિણતિ પ્રગટ થઈ ગઈ છે. સમયે સમયે બદલાય છે ને? ગુણ અને આત્માને તાદાત્મ્યપણું નિત્ય છે. શું કીધું?

આત્મા ને જ્ઞાન, દર્શન ને આનંદ આદિ ગુણ અને આત્માને તાદાત્મ્યપણું નિત્ય છે અને એની પર્યાયને નિત્ય તાદાત્મ્યપણું નથી. એક સમયની પર્યાય એટલે કથંચિત્ તાદાત્મ્ય (છે), ત્રિકાળ તાદાત્મ્ય નહિ, સમય પૂરતું તાદાત્મ્ય છે. સમજાણું કાંઈ? તાદાત્મ્ય શું? અને આ પરિણતિ શું? એમ કહે છે કે, ભગવાન પરમાત્માને એક સમયની પર્યાય એવી પ્રાપ્ત થઈ કે એક સમય પૂરતી.. કોઈ અપેક્ષાએ તાદાત્મ્ય એટલે એક સમય પૂરતી અપેક્ષાએ તાદાત્મ્ય છે એમ. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી, એમ. સમજાણું કાંઈ? ઇ ના ઇ કેવળજ્ઞાન ને અનંત આનંદ જે પ્રગટ થયા ઇ બીજે સમયે રહેતા નથી. આહાહા..!

એવા ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કે સર્વજ્ઞદેવ પરમાત્માને આવી દશા પ્રગટ થઈ. જુઓ! કથંચિત્ નાખીને પણ 'આશાધરજી' એ ટીકા ઘણી સરસ કરી છે. વસ્તુ જે છે એની સાથે જ્ઞાન, દર્શનના જે ભંડાર ગુણ છે ઇ તો ત્રિકાળ તાદાત્મ્ય છે, ત્રિકાળ તાદાત્મ્ય છે. અને એનું આરાધન કરીને પર્યાય પ્રગટ કરી એ ત્રિકાળ તાદાત્મ્ય નથી, એક સમય પૂરતી તાદાત્મ્ય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? 'વસંતલાલજી' શું કહ્યું? બરાબર (એમ) નહિ. શું કહ્યું?

મુમુક્ષુ :– એક સમયની અવસ્થા પ્રાપ્ત થઈ..

ઉત્તર :– એક સમયની અવસ્થા પ્રાપ્ત થઈ એ એક સમય રહે છે. બે સમય નથી રહેતી, બદલી જાય છે. એને કથંચિત્ તાદાત્મ્ય કહેવામાં આવે છે. એ માટે એને કથંચિત્ (કહ્યું છે). તાદાત્મ્ય ખરું પણ કથંચિત્–કોઈ અપેક્ષાએ તાદાત્મ્ય એટલે એક સમયની અપેક્ષાએ તાદાત્મ્ય છે. આમ બધું ત્રિકાળ તાદાત્મ્ય જે ગુણ ને દ્રવ્ય છે એમ છે નહિ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ભઈ! અમારે પંડિતજીને પૂછ્યું હતું. હજી સવારે જવાબ માંડ માંડ થોડો થોડો આપ્યો. મેં તો ન્યાં વાત કરી હતી કે, આ પર્યાયનું તાદાત્મ્ય કહેવા માંગે છે. એક સમયની છે ને? ભાઈ! ઇ કહેવા માંગે છે. ત્રિકાળી નથી, મતલબ એમ. તાદાત્મ્ય ખરું, પણ ત્રિકાળી તાદાત્મ્ય નથી, એક સમયનું તાદાત્મ્ય છે.

એવા પરમાત્માને ઓળખીને હે ભગવાન! આપને જે કેવળજ્ઞાન, દર્શન આદિ થયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ એક સમય તમારી સાથે તદ્રૂપ રહે છે. બીજે સમયે બીજી દશા થઈ જાય છે. એવા પરમાત્માને એટલે જુઓ! આ અન્યમતિ આ પરમેશ્વરો ઠરાવે, એને પર્યાય વિનાના ઠરાવે, એ પર્યાય પૂર્ણ પાછી પલટે નહિ એમ ઠરાવે એ પરમાત્મા જ નથી એમ કહે છે. આહાહા..!

જેનો આત્મા અનંત ગુણ સંપન્ન છે, એના ગુણો અનંત છે એનું આરાધન કરીને શક્તિમાંથી વ્યક્તતા પર્યાયરૂપે પ્રગટ કરી એ પર્યાય પણ એક સમય રહે છે, પાછી બીજે સમયે બીજી થાય છે. એવું પરમાત્માનું પણ સ્વરૂપ ને રૂપ છે. એવા પરમાત્માને ઓળખીને નમસ્કાર કર્યા છે. જય ભગવાન પરમાત્મા, એમ (ઓળખ્યા વગર) નહિ. સમજાણું કાંઈ?

**'ઉસ સમ્પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માકો...'** કેવળજ્ઞાન લેવું છે, હોં! **'संज्ञान'** લેવું છે ને? **'संज्ञान'** શબ્દ પડ્યો છે ને? **'संज्ञानरूपाय'**. સમ્પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા. પૂર્ણ જ્ઞાન.. જ્ઞાન કેવળજ્ઞાન. ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં પૂર્ણ જણાય એવા **'संज्ञान'**. **'આત્માકો જો કિ મુખ્ય એવં અપ્રતિહત અતિશયવાલા હોનેસે...'** મુખ્યનો અર્થ ઉત્કૃષ્ટ છે. 'મુખ્ય' શબ્દ અંદર ક્યાંય નથી પડ્યો. ઉત્કૃષ્ટ છે ને? 'ઉત્કૃષ્ટ' શબ્દ છે. ઉત્કૃષ્ટ છે ને? **'संसारीजीवेभ्य उत्कृष्ट आत्मा'** એવો શબ્દ પડ્યો છે.

જે આત્મા.. કેવા છે? સંસારીથી જુદા ઉત્કૃષ્ટ આત્મા છે. પર્યાયના પરિણમનની અપેક્ષાએ. ઉત્કૃષ્ટ એટલે મુખ્ય. અને **'અપ્રતિહત અતિશયવાલા...'** કહો, સમજાણું કાંઈ? જે દશા પ્રગટી ઇ પાછી પડી એવી નથી. પેલા કહે ને ભગવાન થાય ને વળી પાછા જન્મ ધારણ કરે, ભક્તોને માટે અવતાર ધારણ કરે, રાક્ષસોના નાશ કરવા (આવે), એ બધી ગપની વાતું ખોટી છે તેથી એ શબ્દ વાપર્યો છે.

**'અપ્રતિહત અતિશયવાલા...'** જેને કેવળજ્ઞાન આદિ આવ્યું એવું કે અપ્રતિહત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ થયા છે. **'હોનેસે સમસ્ત સાંસારિક પ્રાણિયોંસે ઉત્કૃષ્ટ હૈ,...'** એ મુખ્ય કરીને ઉત્કૃષ્ટ કર્યું. આચાર્ય મહારાજ કહે છે કે, એવા ભગવાનને હું ઓળખીને, સમજીને, પરમાત્માની દશા પ્રાપ્ત કેમ થઈ જાણીને થયેલા પણ પર્યાયમાં એક સમય રહે છે એવા જીવને ઓળખીને હું નમસ્કાર કરું છું. મારો નમસ્કાર આંધળો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? **'નમસ્કાર હો.'** એનો દોહો કર્યો છે ભાઈએ, આ 'શીતલપ્રસાદ'નો છે, હોં!

---

**दोहा - स्वयं कर्म सब नाश करि, प्रगटायो निजभाव।**
**परमातम सर्वज्ञको, वंदो करि शुभ भाव।।१।।**

**`स्वयं स्वभावाप्तिः' इस पदको सुन शिष्य बोला - कि `आत्मा को स्वयं ही सम्यक्त्व आदिक अष्ट गुणोंकी अभिव्यक्तिरूप स्वरूपकी उपलब्धि (प्राप्ति) कैसे (किस उपायसे) हो जाती है? क्योंकि स्व-स्वरूपकी स्वयं प्राप्तिको सिद्ध करनेवाला कोई दृष्टान्त नहीं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


पाया जाता है, और विना दृष्टान्तके उपरिलिखित कथनको कैसे ठीक माना जा सकता है? आचार्य इस विषयमें समाधान करते हुए लिखते हैं कि-'

---

**दोहा - स्वयं कर्म सब नाश करि, प्रगटायो निजभाव।**
**परमातम सर्वज्ञको, वंदो करि शुभ भाव।।१।।**

'શીતલપ્રસાદ' નું છે ને ઇ? 'શીતલપ્રસાદ'. મારે તો બધું ભેગું હતું. સાત ભેગા કર્યા. .. સાહિત્ય છે એમાં બધું નાખ્યું છે. ઠીક છે, એમાં શું છે, ભેગું કરીને લોકોને...

**'સ્વયં કર્મ સબ નાશ કરિ,..'** અહીં વજન અહીં છે જુઓ! ભગવાન પરમાત્માએ પોતાના સ્વયં પુરુષાર્થ દ્વારા કર્મનો નાશ કરી જડકર્મ ને ભાવકર્મ બેયનો સ્વયં પુરુષાર્થથી નાશ કરી. સમજાય છે કાંઈ? **'પ્રગટાયો નિજભાવ...'** દ્રવ્યકર્મ, ભાવકર્મ પર્યાયનો નાશ કર્યો. **'પ્રગટાયો નિજભાવ'** નિજભાવ નામ સર્વજ્ઞ પરમાત્મા. પોતાની પૂર્ણ દશા જેને પ્રગટ થઈ ગઈ. **'પરમાતમ સર્વજ્ઞકો,...'** એવા સર્વજ્ઞ પરમેશ્વરને **'વંદો કરિ શુભભાવ.'** શુભભાવથી એને હું વંદન કરું છું. જુઓ! અહીં શુભભાવ મુક્યો છે, હોં ! પરને વંદનનો શુભભાવ છે. પરને વંદન કંઈ શુદ્ધભાવ નથી. પરમાત્મા છે એને વંદન કરે એ શુભભાવ છે. પણ કહે છે કે, એવો ભાવ ધર્માત્માને પૂર્ણ પરમાત્માની પ્રીતિ છે (તેથી) પ્રાપ્ત થયેલાને વંદનનો, નમસ્કારનો ભાવ આવ્યા વિના રહે નહિ. એ પહેલા શ્લોકનો અર્થ થયો.

હવે **'સ્વયં સ્વભાવાપ્તિઃ' 'ઇસ પદકો સુન શિષ્ય બોલા...'** શિષ્યને પ્રશ્ન થયો. **'સ્વયં સ્વભાવાપ્તિઃ' 'આત્માકો સ્વયં હી સમ્યક્ત્વ આદિક અષ્ટ ગુણોંકી અભિવ્યક્તિરૂપ સ્વરૂપકી ઉપલબ્ધિ (પ્રાપ્તિ) કૈસે (કિસ ઉપાયસે) હો જાતી હૈ?' 'સ્વયં સ્વભાવાપ્તિઃ'** શબ્દ પડ્યો છે ને? પહેલા શ્લોકમાં. **'સ્વયં સ્વભાવાપ્તિઃ'.** સ્વયં હોય કાંઈ? બીજું સાધન-બાધન કાંઈ જોઈએ કે નહિ? એમ. **'સ્વયં' 'આત્માકો સ્વયં હી સમ્યક્ત્વ આદિક અષ્ટ ગુણોંકી...'** સમકિત, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ આઠ ગુણ છે ને? અવ્યાબાધ, અમૂર્તપણું, અગુરુલઘુપણું આદિ. અવ્યાબાધ. એવા આઠ ગુણોની અભિવ્યક્તિ નામ પ્રગટરૂપ. એ અભિ નામ પ્રગટરૂપ. જે શક્તિમાં હતા તેને ભગવાન પરમાત્માએ પુરુષાર્થ દ્વારા પ્રગટ કર્યા. જુઓ! કેટલી વાત લે છે!

**'ગુણોંકી અભિવ્યક્તિરૂપ સ્વરૂપકી ઉપલબ્ધિ...'** પર્યાયમાં પ્રગટરૂપ સ્વરૂપની પ્રાપ્તિ. અંતરમાં હતા એને શક્તિમાંથી ચિત્‌ચમત્કારમાં બધા ગુણો પડ્યા હતા. એને ભગવાને અભિવ્યક્તિ કરી, પ્રગટ કર્યા, પર્યાયમાં લાવ્યા. એવા ગુણોને શક્તિમાં હતા એને વર્તમાન પર્યાયમાં લાવ્યા, પર્યાયમાં પ્રગટ કર્યા, પર્યાયમાં અભિવ્યક્તિ કરી, પ્રગટ (કર્યા). સમજાય છે કાંઈ? **'ઐસા સ્વરૂપકી પ્રાપ્તિ કૈસે હો જાતી હૈ?'** મહારાજ! આ ઋદ્ધિ એને કઈ રીતે પ્રાપ્ત થઈ? મૂળ તો દાખલો માંગે છે, હોં! શિષ્ય દાખલો માંગે છે, શિષ્ય દ્રષ્ટાંત માંગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, હોં! એને માટે કાંઈ દાખલો છે? કે ભઈ વસ્તુ હતી ને આમ પ્રાપ્ત થાય. એવું કોઈ દૃષ્ટાંત છે? એમ માંગે છે મૂળ તો.

કહે છે, ક્યા ઉપાયથી પ્રાપ્ત થઈ જાય છે? **'ક્યોંકિ સ્વ-સ્વરૂપકી સ્વયં પ્રાપ્તિકો...'** સ્વ-સ્વરૂપની સ્વયં પ્રાપ્તિને **'સિદ્ધ કરનેવાલા કોઈ દૃષ્ટાન્ત નહીં પાયા જાતા હૈ,...'** એમ કહે છે કે, જેને પ્રાપ્તિ થઈ એને માટે કોઈ દાખલો હોવો જોઈએ ને? દાખલા વિના એ સિદ્ધાંત શી રીતે અમને બેસે? જે કાંઈ પ્રાપ્તિ થઈ એ આ રીતે થઈ. એનો દાખલો અહીં હોય તો એ સિદ્ધાંત સિદ્ધ થાય ને? સમજાણું કાંઈ? એવું ઘણે ઠેકાણે આવે છે. અમુકનો દાખલો નથી માટે વસ્તુ એમ નથી. આનો દાખલો બેસી શકે છે માટે આ વસ્તુ આમ છે. એવું આવે છે, આવે છે. ન્યાયના ગ્રંથમાં જ્યાં ચર્ચા ચાલે ત્યાં આવે છે ને? એનો કોઈ દૃષ્ટાંત એવો નથી કે તું સર્વજ્ઞને નિષેધ કરી શકે. સમજ્યા ને? વગેરે. જ્યાં જે વાતને સિદ્ધ કરે છે ત્યાં એવું આવે છે, હોં!. દૃષ્ટાંત અનઉપલબ્ધ છે અને જે વાતચીત કરવામાં આવે છે એનો દૃષ્ટાંત અનુઉપલબ્ધ છે માટે તારો સિદ્ધાંત સાચો નથી.

અહીં શિષ્ય પૂછે છે કે આપ જે સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ પૂર્ણાનંદની પ્રાપ્તિ સ્વયં પુરુષાર્થથી કરી એવું કહો છો તો એનો કોઈ દાખલો છે કે નહિ ? દાખલા વિના એ વાત શી રીતે બેસે અમને? જેનો સિદ્ધાંત હોય એનો કોઈ વ્યવહાર, દાખલો હોય કે નહિ? એમ કહે છે.

**'કોઈ દૃષ્ટાન્ત નહીં પાયા જાતા હૈ, ઔર બિના દૃષ્ટાન્તકે ઉપરિલિખત કથનકો કૈસે ઠીક માના જા સકતા હૈ?'** શિષ્ય કહે છે, કોઈ એનો દાખલો નથી તો એ કથનને **'કૈસે ઠીક માના જા સકતા હૈ?'** સમજાણું કાંઈ? **'આચાર્ય ઇસ વિષયમેં સમાધાન કરતે હુએ લિખતે હૈં કિ :'** લ્યો! એમાં સમાધાન કરવામાં આવે છે.

---

**योग्योपादानयोगेन, दषदः स्वर्णता मता।**
**द्रव्यादिस्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता।।२।।**

**अर्थ :- योग्य उपादान कारणके संयोगसे जैसे पाषाणविशेष स्वर्ण बन जाता है, वैसे ही सुद्रव्य सुक्षेत्र आदि रूप सामग्रीके मिलनेपर जीव भी चैतन्यस्वरूप आत्मा हो जाता है।**

**विशदार्थ :- योग्य (कार्योत्पादनसमर्थ) उपादान कारणके मिलनेसे पाषाणविशेष-जिसमें सुवर्णरूप परिणमने (होने) की योग्यता पाई जाती है वह जैसे स्वर्ण बन जाता है, वैसे ही अच्छे (प्रकृत कार्यके लिए उपयोगी) द्रव्य, क्षेत्र, काल, भावोंकी सम्पूर्णता होनेपर जीव (संसारी आत्मा) निश्चल चैतन्यस्वरूप हो जाता है। दूसरे शब्दोंमें, संसारी**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्राणी जीवात्मासे परमात्मा बन जाता है।

दोहा - स्वर्ण पाषाण सुहेतु से, स्वयं कनक हो जाय।
सुद्रव्यादि चारों मिलें, आप शुद्धता थाय।।२।।

शंका :- इस कथनको सुन शिष्य बोला कि भगवन्! यदि अच्छे द्रव्य, क्षेत्र, काल, भावरूप सामग्रीके मिलनेसे ही आत्मा स्व स्वरूपको प्राप्त कर लेता है, तब फिर व्रत समिति आदिका पालन करना निष्फल (निरर्थक) हो जायगा। व्रतोंका परिपालन कर व्यर्थमें ही शरीरको कष्ट देनेसे क्या लाभ?

समाधान :- आचार्य उत्तर देते हुए बोले - हे वत्स! जो तुमने यह शंका की है कि व्रतादिकोंका परिपालन निरर्थक होजायगा, सो बात नहीं है, कारण कि वे व्रतादिक नवीन शुभ कर्मोंके बंधके कारण होनेसे, तथा पूर्वोपार्जित अशुभ कर्मोंके एकदेश क्षयके कारण होनेसे सफल एवं सार्थक हैं। इतना ही नहीं किन्तु व्रतसम्बन्धी अनुरागलक्षणरूप शुभोपयोग होनेसे पुण्यकी उत्पत्ति होती है। और वह पुण्य स्वर्गादिक पदोंकी प्राप्तिके लिए निमित्त कारण होता है। इसलिये भी व्रतादिकोंका आचरण सार्थक है। इसी बातको प्रगट करने के लिए आचार्य आगेका श्लोक कहते हैं- ।।२।।

---

योग्योपादानयोगेन, दषदः स्वर्णता मता।
द्रव्यादिस्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता।।२।।

એનો શ્લોક પાછળ આવે છે. જુઓ! **‘સ્વર્ણ પાષાણ સુહેતુ સે, સ્વયં કનક હો જાય.’** છે ને બગડો? આ તો જરીક દાખલો સહેલો થવા માટે છેલ્લું વાંચીએ છીએ. **‘સ્વર્ણ પાષાણ સુહેતુ સે, સ્વયં કનક હો જાય.’** સુવર્ણ પાષાણ, હોં! આંધળો પાષાણ નહિ. જેમાંથી સ્વર્ણ ન નીકળે ઇ નહિ. જેમાંથી સોનું જુદું પડે એવો સ્વર્ણપાષાણ લીધો છે, ભાઈ! જેમાંથી જુદું ન પડે એવા દાખલા નહિ. યોગ્ય ઉપાદાન લેવું છે ને? **‘સ્વર્ણ પાષાણ સુહેતુ સે,’** સ્વર્ણ પાષાણ, જેમાં સોનું ભર્યું છે, માટી પણ છે. પણ **‘સુહેતુ સે,...’** અગ્નિ આદિના સુનિમિત્તથી **‘સ્વયં કનક હો જાય.’** પાછું પોતે જ ઉપાદાનથી સોનું થાય છે, ભાઈ! એમ કહે છે. આહાહા..!

એ સોનું જે આમ તાકાત છે એ પોતે જ સોળ વલું થતું... થતું... થતું... થતું... પોતાની મેળાએ સોળ વલું થઈ જાય છે. અગ્નિ નિમિત્ત છે. અગ્નિ કાંઈ કરતું નથી, નિમિત્ત છે એ તો. સુહેતુ–નિમિત્ત કીધા એને. પણ ભાવ થયો એ તો પાછો ભાવ પોતાનો છે અંદર. સોનું.. એ તો આપણે આવે છે ને? ‘પંચાસ્તિકાય’માં આવે છે, ‘પંચાસ્તિકાય’માં આવે છે. પોતે જ સોનું (થાય છે). અગ્નિ નિમિત્ત ભલે કહો તો પણ સોનું જ પોતે જ એને લાયક થવાને માટે આમ શુદ્ધ થતું થતું થતું થતું... શું કહેવાય ? સોટ... શું કહેવાય તમારે ? સો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ટચનું. પોતે જ એની લાયકાતથી થાય છે. અભવિમાં ક્યાં લાયકાત હતી? આંધળા પાષાણમાં ક્યાં લાયકાત છે? સમજાણું?

આ 'ગીરનાર'માં પથરામાં સોનું છે. 'ગીરનાર'માં પથરા છે ને? (એમાં) સોનું છે પણ એ સો રૂપિયા ખર્ચે ત્યારે સાંઈઠ રૂપિયા નીકળે. સમજાય છે? કરેલું પહેલા, સંચાના બધા પ્રયોગ કરી લીધેલા. દેખ્યા હતા ને! અમે ગયા હતા ત્યારે કીધું, અહીં સોનું લાગે છે. અમારી સાથે એક શેઠ હતા. 'લાલચંદશેઠ'. 'લીમડી' નગરશેઠ. 'લાલચંદશેઠ'. આપણા 'લાલચંદશેઠ' 'લીમડી' 'સંઘવી... સંઘવી.' નવલખા. ત્યાં ઇ હતા ને? સાથે હતા ને? કીધું, શેઠ! આ શું દેખાય છે? કીધું, આમાં સોનું લાગે છે. સોનું છે પણ નહિ નીકળતું હોય. ત્યારે કોઈકે કહ્યું કે અહીં ગોરા લોકો ને કોઈક એવાએ સંચા ચલાવેલા. સો રૂપિયા ખર્ચે તો સાંઈઠ રૂપિયા નીકળે. ઇ કોણ કાઢે એને? લાખ ખર્ચે ત્યારે સાંઈઠ હજારનું સોનું નીકળે. આ તો પણ એમાં તો નીકળે પણ ખરું એટલું તો, પણ એકલો આંધળો પાષાણ હોય એમાંથી કાંઈ જરીયે નીકળે નહિ.

અહીં તો કહે છે કે, સ્વર્ણપાષાણ. જેમાંથી સોનું આમ તત્કાળ નીકળે. અંદર એવી એની સોનાની પોતાની તાકાત. **'સ્વયં કનક હો જાય.'** સોનું પોતે પરિણમતા.. પરિણમતા.. પરિણમતા.. પરિણમતા.. સો ટચનું પોતે થઈ જાય છે. એમ **'સુદ્રવ્યાદિ ચારોં મિલેં,...'** ભગવાનઆત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતાની યોગ્યતાનો ભાવ આદિ મળે એટલે દ્રવ્યની યોગ્યતા, ક્ષેત્રની યોગ્યતા, કાળની અને ભાવની (યોગ્યતા). **'ચારોં મિલેં, આપ શુદ્ધતા થાય.'** કહો, સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ પોતાના પુરુષાર્થથી શુદ્ધ ઉપાદાનથી પોતાની શુદ્ધતાને પામે છે. એ સોનાને દાખલે. શિષ્યે પૂછ્યું હતું કે, દાખલો છે એવો કે જેની સાથે આમ લાગુ પડે? કે હા. સ્વર્ણપાષાણનો દાખલો છે. કહો, સમજાણું? જુઓ! અર્થ ત્રીજે પાને છે ને?

**'અર્થ :– યોગ્ય ઉપાદાન'** દેખો! 'યોગ્ય ઉપાદાન' શબ્દ વાપર્યો છે. એ સમયે સમયે પર્યાય પ્રગટવાની યોગ્ય ઉપાદાન શક્તિ એની પોતાની છે. ઉપાદાન તો ત્રિકાળ જુદું છે, ભાઈ! આ તો વર્તમાન યોગ્ય ઉપાદાન, એમ. એની વર્તમાન સોનાની સોનાપણે પ્રગટવાની સમયે સમયે એની યોગ્ય ઉપાદાન તાકાત છે. એનાથી સોનું આમ પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'યોગ્ય ઉપાદાન કારણકે સંયોગસે...'** એ કારણ લીધું ને એણે? આહાહા..!

**'જૈસે પાષાણવિશેષ સ્વર્ણ બન જાતા હૈ,...'** પાષાણવિશેષ એટલે સોનાનો પાષાણ. એકલો પથરો કંઈ નહિ, એમ. વિશેષ પાષાણ એટલે સ્વર્ણપાષાણ. એ સ્વર્ણપાષાણ એ સ્વર્ણમાં જ પોતાની યોગ્યતાથી સોળ આના પરિણમતા... પરિણમતા... પરિણમતા... પરિણમતા... બે, ત્રણ, ચાર (કરતા કરતા) સોળ આના થઈ જાય છે. ત્યારે બાહ્ય ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. અગ્નિ આદિને નિમિત્ત કહે. અગ્નિથી થાતું હોય તો પથરાને કરી દ્યે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહે છે. સોનું અગ્નિથી જો સોળ વલું થતું હોય તો આંધળા પાષાણ–પથરાને અથવા પથરાને (અગ્નિ દે અને) સોનું થઈ જાય. ધૂળમાંથી થાય. કહો, 'વસંતલાલજી'!

એમ આત્મામાં જેની યોગ્ય ઉપાદાન શક્તિ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર યોગ્ય સમય સમયની પ્રગટ થવાની પોતાની શુદ્ધતાની લાયકાત છે. એ પોતાની શુદ્ધતાથી પૂર્ણ શુદ્ધતાને પામે છે. સોનાને દાખલે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! આ 'ઇષ્ટોપદેશ'. શું (છે)? આ 'ઇષ્ટોપદેશ' (અર્થાત્) આ હિતકારી ઉપદેશ. સોનું એની યોગ્ય ઉપાદાનથી, નિમિત્ત ભલે હો, પણ પોતાની યોગ્યતાના ભાવની ઉપાદાનથી, દ્રવ્ય એવું ને ભાવની યોગ્યતાના ભાવથી એ શુદ્ધ સ્વર્ણપણાને પામે છે.

**'વૈસે હી...'** એ દષ્ટાંત થયો. **'સુદ્રવ્ય, સુક્ષેત્ર આદિ રૂપ સામગ્રીકે મિલનેપર...'** એટલે પોતાનો ભાવ અને બહારમાં દ્રવ્ય ... આદિ સંઘયણ, ક્ષેત્ર આદિ ....,કાળ આદિ ઉત્સર્પિણી આદિ જે હોય તે, ભાવ પોતાનો. સમજાણું કાંઈ? **'સુદ્રવ્ય, સુક્ષેત્ર આદિ રૂપ સામગ્રીકે મિલનેપર...'** બીજા નિમિત્ત છે, પણ ભાવ પોતાનો છે. **'જીવ ભી ચૈતન્યસ્વરૂપ આત્મા હો જાતા હૈ.'** ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા અલ્પજ્ઞરૂપે, રાગ આદિ રૂપે જે છે એ ચૈતનસ્વરૂપ આત્મા પોતાના અંતર શુદ્ધ ઉપાદાનથી, બાહ્યમાં ભલે નિમિત્ત હો, સમજાય છે?

મુમુક્ષુ :– પ્રાપ્ત થયે એમ લખ્યું છે.

ઉત્તર :– હા, ભલે પ્રાપ્ત થયે, મળવાથી એમ કીધું.

મુમુક્ષુ :– ન મળે તો ન થાય.

ઉત્તર :– નહિ, એમ નહિ. પ્રાપ્ત થયે મળે જ. પર ક્યાં લીધું છે એમાં? એય! પર ક્યાં છે એમાં? **'સામગ્રીકે મિલનેપર...'** પ્રાપ્ત થયે એટલે મળવાથી. 'શીતલપ્રસાદે' બે અર્થ કર્યા છે. એક બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને એક પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એવા બે અર્થ કર્યા છે 'શીતલપ્રસાદે'. પોતાના દ્રવ્યની પણ એવી યોગ્યતા થઈ છે, પોતાના પ્રદેશની યોગ્યતા થઈ છે. નિમિત્તના ચાર (બોલ) અને અહીંના ચાર છે, એમ લીધું. એ તો અહીં એવા ઉપાદાન હોય ત્યારે એવા ચાર નિમિત્ત હોય જ.

પોતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવાની લાયકાત હોય ત્યાં એવા બાહ્ય નિમિત્ત ,એને યોગ્ય નિમિત્ત હોય. એમ કેવળજ્ઞાન, કેવળદર્શનને પામવાની યોગ્યતા હોય તો સંઘયણ, મનુષ્યદેહ આદિ નિમિત્ત હોય જ. પ્રાપ્ત થયે શું, હોય જ. ભાષા વ્યવહારે શું સમજાવે? સમજાણું કાંઈ? આમ તો કહે ને **'યોગ્ય ઉપાદાન કારણકે સંયોગસે...'** ત્યાં પણ સંયોગ લીધો. યોગ્ય ઉપાદાન... એય! યોગ્ય ઉપાદાન સંયોગ, એ સંયોગ છે ને? એનો પર્યાય કારણ છે ને? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે પણ પર્યાયનો એ સંયોગ છે ને? સંબંધ થયો ને એટલો નવો? સમજાણું? સંયોગ આવે છે કે નહિ? એય! ક્યાં આવે છે?

મુમુક્ષુ :– ગુણ અને દ્રવ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :- એ તો ઠીક, આ તો પર્યાયનો સંયોગ. 'સંયોગ-વિયોગ' શબ્દ ક્યાંક આવે છે ને? 'પ્રવચનસાર'માં. પર્યાયની પ્રાપ્તિ તો સંયોગ, પેલાને વિયોગ. સંયોગ-વિયોગ એક ઠેકાણે આવે છે. પૂર્વની પર્યાયનો વિયોગ, પર્યાયની પ્રાપ્તિ સંયોગ એવું આવે છે. ક્યાં આવતું હશે શી ખબર પડે? આમાં-'જ્ઞેય અધિકાર' માં નીચલી લીટીમાં છે. સમજાણું? અત્યારે યાદ આવે (નહિ), ક્યાં ક્યે ઠેકાણે હોય? મોટો દરિયો તપાસવા જાય? 'પ્રવચનસાર'માં ક્યાંક છે.

આત્મામાં નિર્મળ પર્યાયની પ્રાપ્તિ તેને સંયોગ કહે છે અને મલિન પર્યાયના વિયોગને વિયોગ કહે છે. નાશને વિયોગ કહે છે. એવું આવે છે. સમજાણું કાંઈ? જો જો હવે ક્યાંક રાત્રિના એ રાખો તો ખરા. હેઠે છે, હેઠે ક્યાંક છે. સંયોગસંબંધ કે (એવું કાંઈક છે). સમજાણું કાંઈ આમાં? ભગવાનઆત્મા દ્રવ્યે અનંત ગુણનો પિંડ છે તેનું એકાકાર થાય ત્યારે નવી પર્યાયનો એને સંયોગ થાય છે. સંયોગ થયો ને? (નિર્મળ પર્યાય) નહોતી ને થઈ ને? એમ. નહોતી ને થઈ એટલે સંબંધ, એમ. નહોતી ને થઈ ને? ગુણ અને દ્રવ્ય ત્રિકાળ છે. એની એકાગ્રતા કરતાં નહોતી ને થઈ માટે એને સંયોગ કહેવામાં આવે છે. એમ જે પૂર્વની હતી તેનો વ્યય થયો તેને વિયોગ કહેવામાં આવે છે. ક્યાંક છે, છે ખરું મગજમાં. એક ફેરી કહ્યું હતું. કહો, સમજાણું આમાં? આહાહા..!

પોતે ભગવાનઆત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ એની અંદર એકાગ્ર કરતાં જે નવી દશા થાય એને યોગ્ય ઉપાદાનનો સંયોગ-ઉપાદાન કારણનો સંયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાણું? એમ ભગવાનઆત્મા, જેમ સોનાને પણ એ સમય સમયની નવી પર્યાય જે પ્રાપ્ત થાય, સોનામાં સોનાની એ પણ પર્યાયનો એને સંયોગ કહેવાય છે. ઉપાદાન કારણનો સંયોગ. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મામાં... આ તો વાતું બધી એવી. આ 'ઇષ્ટોપદેશ' છે, આ હિતકારી ઉપદેશ છે. 'પૂજ્યપાદસ્વામી'ના મુખમાંથી નીકળેલી વાણી છે. મહામુનિ સંત દિગંબર મુનિ હતા. મહા એકાવતારી એકાદ ભવ કરીને મુક્તિ... મુક્તિ... મુક્તિ... મુક્તિ... એમને હથેળીમાં કેવળજ્ઞાન પડતું. પંચમકાળમાં ભવ થઈ ગયો, શું કરે? કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જેમ સોનું સમયે સમયે પોતાના ઉપાદાન ત્રિકાળી શક્તિ તો છે પણ પર્યાયની યોગ્યતા... પર્યાયની યોગ્યતાની વાત છે ને? પ્રગટ થવાની લાયકાત કહેવાય ને? પેલું (દ્રવ્ય) તો બધામાં પડ્યું છે. એ અભવિમાં પણ બધું પડ્યું છે. શું કામનું? 'નિયમસાર'માં આવે છે, નહિ? મેરુ પર્વતની હેઠે સોનું પડ્યું છે શું કામનું? વ્યવહારને યોગ્ય નથી. 'નિયમસાર'માં આવે છે મેરુ પર્વતની હેઠે સોનું પડ્યું છે. કેટલું? અબજો મણ, કેટલા મણનું ક્યાં પાર છે? શું કામનું? એમ જેની પર્યાયમાં પ્રગટ ન થાય એ ગુણ શું કામના? એમ કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા અનંત ગુણનો ધામ પ્રભુ પવિત્ર એ પર્યાયમાં પ્રગટ ન થાય તો એ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ શું કામના? એ ગુણ જ ક્યાં છે? કહે છે. એ ગુણ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ ? લ્યો! પાષાણવિશેષ **'સ્વર્ણ બન જાતા હૈ,...'** અહીં તો 'સંયોગ' શબ્દ આવ્યો ને. એટલે. સમજાણું? ન્યાં પણ કહ્યું, ઉપાદાન કારણ પ્રાપ્ત થયે. નીચે (અર્થ) કરશે. **'વૈસે હી સુદ્રવ્ય સુક્ષેત્ર આદિ રૂપ સામગ્રીકે મિલનેપર...'** સામગ્રી મળવાથી. એ જાતની પર્યાયની ભાવની સામગ્રી મળે છે ને અંદર? દ્રવ્ય આદિ નિમિત્ત છે. એની ભાવની સામગ્રી છે ને? શુદ્ધ ઉપાદાન પર્યાય. ઓહોહો..! કારણ છે, પર્યાય છે. સમજાણું?

**'જીવ ભી ચૈતન્યસ્વરૂપ...'** જુઓ! નીચે રાગરૂપ, પરિણમનરૂપ, વિકારરૂપ, અલ્પજ્ઞરૂપ હતો એ ચૈતન્યસ્વરૂપ આત્મા નહોતો થયો. અલ્પજ્ઞ પર્યાય, અલ્પજ્ઞ દર્શન, અલ્પ વીર્ય અને રાગ-દ્વેષ પરિણમન એ ચૈતન્યસ્વરૂપ આત્મા નહિ. ચૈતન્યસ્વરૂપ ભગવાન અંતરના ઉપાદાનના કારણ યોગે ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ ગયો. એકલું ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદ એવા કહો કે પૂર્ણ આત્મા એને ચૈતન્યસ્વરૂપ આત્મા કહેવામાં આવે છે. એ પોતાના ઉપાદાન કારણથી થઈ ગયો છે. નિમિત્ત છે, નિમિત્તની ના કોણે પાડી? સમજાણું કાંઈ? આહાહા..! પેલા કહે, નિમિત્તથી થાય.

મુમુક્ષુ :– નિમિત્તની અસર તો થાય ને!

ઉત્તર :– અસર-ફસર કેવી? અસર ક્યાં થાય? અડતું નથી ને.

અહીં તો કહે છે પોતાના સુદ્રવ્ય સુક્ષેત્ર આદિ રૂપ. આમાં ભાવ આવી ગયો કે નહિ અંદર? ભાવની સામગ્રી પ્રાપ્ત થયે. નિજ પુરુષાર્થની જાગૃતીના ભાવની સામગ્રી મળવાથી જીવ પણ ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. નહિતર કાંઈ જડ સ્વરૂપ હતો? પણ પર્યાયમાં સાધારણ હતો એને શું આત્મા કહીએ? આમ ચૈતન્ય ઝળકી ઉઠે આખો. કેવળજ્ઞાન, અનંત અતીન્દ્રિય આનંદ, પૂર્ણ વીર્ય અને અનંત દર્શન એ ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યસ્વરૂપ આત્મા. અલ્પજ્ઞ, અલ્પ દર્શન, અલ્પ વીર્ય એ ચૈતન્યસ્વરૂપ આત્મા છે? નહિ. હિણો આત્મા, વ્યવહારી આત્મા સાધારણ (છે). નિશ્ચય સ્વભાવ ભગવાન પોતાના શુદ્ધ ઉપાદાનની અંદરની જાગૃતીથી પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ વ્યક્ત અભિવ્યક્તિ પ્રગટ થઈ ગઈ. સમજાય છે? એવા પરમાત્માને સોનાનો દાખલો લાગુ પડે છે. સોનાનો દાખલો લાગુ પડે છે, નથી લાગુ પડતો એમ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– બરાબર દાખલો આપે છે.

ઉત્તર :– હા, દાખલો પણ બંધ બેસે ત્યારે એને સિદ્ધાંત સિદ્ધ થાય ને! (નહીં તો) શી રીતે સિદ્ધ થાય?

**'વિશદાર્થ :– યોગ્ય (કાર્યોત્પાદનસમર્થ)...'** જોયું? કાર્યોત્પાદનસમર્થ. એકલું કાર્ય થાય ને અંદર ઉપાદાન ધ્રુવ, ધ્રુવ ઉપાદાન ભાઈ! એમ અહીં વાત નથી. એય! અહીં તો કાર્યોત્પાદનસમર્થ વર્તમાન પર્યાય છે. જુઓ! ભાષા એમ કહે છે. આહાહા..! આત્મામાં વર્તમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશામાં મોક્ષના કાર્ય ઉત્પન્ન અને વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એવી કાર્ય ઉપાદાનની શક્તિ પ્રગટ થવાની લાયકાત છે એને કાર્યોત્પાદનસમર્થ કહે છે.

**'(કાર્યોત્પાદનસમર્થ) ઉપાદાન કારણકે મિલનેસે...'** પોતાનું ઉપાદાન કારણ મળવાથી **'પાષાણવિશેષ,...'** પેલો સાનાનો દાખલો (આપ્યો હતો ઇ). સોનું સોળ વલું થવાની લાયકાતથી કાર્યોત્પાદનસમર્થથી પર્યાય થાય છે એમાં, સોનામાં. હોં!. **'પાષાણવિશેષ, જિસમેં પરિણમને (હોને)કી યોગ્યતા પાઈ જાતી હૈ...'** સોનુંપણું થવાની પરિણમવાની યોગ્યતા વર્તમાન પર્યાયમાં હોય છે, એમ. **'વહ જૈસે સ્વર્ણ બન જાતા હૈ,...'** જેમ એ સોનું બની જાય છે.

**'વૈસે હી અચ્છે (પ્રકૃત કાર્ય કે લિયે ઉપયોગી)...'** સારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એમાં ભાવ પોતાનો સમજાય છે ને? ક્ષેત્ર પણ અસંખ્ય પ્રદેશી પોતાનું, દ્રવ્ય પોતે, કાળ પોતાની સમયની પર્યાય. સમજાણું કાંઈ? અને નિમિત્તમાં લ્યો તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પણ એવા નિમિત્તમાં હોય છે.

**'(પ્રકૃત કાર્ય કે લિયે ઉપયોગી)...'** પોતાના મોક્ષમાર્ગના કાર્યને લીધે અથવા મોક્ષના કાર્યને માટે **'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોકી...'** દ્રવ્ય આદિ વજનારાચ સંહનન પણ હોય, દ્રવ્ય પોતાની યોગ્યતાવાળું હોય, બહાર ક્ષેત્ર જેવું હોય, અંદર અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં પણ એવી લાયકાત છે. બહાર કાળ એવો અવસર્પિણી આદિ હોય, મહાવિદેહમાં મોક્ષ જવાનું કહે છે ને? અંદરની કાળની સમયની લાયકાત એવી હોય. બહારના ભાવોનું નિમિત્ત પણ અનુકૂળ હોય, અંદરમાં ભાવનું અનુકૂળ હોય.

**'સંપૂર્ણતા હોને પર જીવ (સંસારી આત્મા) નિશ્ચલ ચૈતન્યસ્વરૂપ હો જાતા હૈ.'** નિશ્ચળ નામ ફરે નહિ એવી ચૈતન્ય દશા–સર્વજ્ઞ પરમાત્મા થઈ જાય છે. સમજાણું કાંઈ? **'દૂસરે શબ્દોમેં, સંસારી પ્રાણી જીવાત્માસે પરમાત્મા બન જાતા હૈ.'** પેલો શબ્દ પડ્યો છે ખરો ને? **'ચૈતન્યસ્વરૂપ આત્મા હો જાતા હૈ.'** ચૈતન્યસ્વરૂપ આત્મા એમ કહ્યું ને? એટલે. સમજાણું? **'आत्मनो जीवस्य भावो निर्मलनिश्चलचैतन्यं। ... द्रव्यादिस्वादिसंपत्तौ द्रव्यमन्वयिभावः आदि येषां क्षेत्रकालभावानां...'** એમ લીધું, જોયું? **'द्रव्यमन्वयिभावः'** એમ છે ને અંદર? **'स्वाद् यश्च सुशब्दः स्वशब्दो वा आदियेषां ते स्वादयो द्रव्यदयश्च स्वादयश्च। इच्छातो विशेषणविशेष्यभाव इति समाप्तः। सुद्रव्यं, सुक्षेत्रं, सुकालः सुभाव इत्यर्थः। ... प्रशंसार्थः'** પ્રશંસાને પ્રાપ્ત એવા પ્રકૃત કાર્યરૂપી પર્યાય અને નિમિત્તો, એની પ્રાપ્તિ થવાથી ભગવાનઆત્મા **'જીવાત્માથી પરમાત્મા બની જાય છે.'** સંસારી પ્રાણી છે એ પર્યાયનો નાશ કરી પરમાત્મા થાય, એ પોતાના પુરુષાર્થથી થાય છે. બીજી ગાથા.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૧૦, બુધવાર**
**તા. ૧૬-૦૩-૧૯૬૬**
**ગાથા–૨ થી ૪, પ્રવચન નં. ૨**

'ઇષ્ટોપદેશ', 'પૂજ્યપાદસ્વામી' કૃત છે એનો બીજી શ્લોક ચાલ્યો. બીજા શ્લોકમાં છેલ્લો શબ્દ જુઓ !

**दोहा - स्वर्ण पाषाण सुहेतु से, स्वयं कनक हो जाय।**
**सुद्रव्यादि चारों मिलें, आप शुद्धता थाय।।२।।**

એ શબ્દ અહીં છે. 'કુંદકુંદાચાર્ય' ના 'અષ્ટપાહુડ' માં 'મોક્ષપાહુડ' ની ૨૪ મી ગાથામાં છે.

**अइसोहणजोएणं सुद्धं हेमं हवेइ जह तह य।**
**कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि।।२४।।**

૨૪ (ગાથા) 'મોક્ષપાહુડ'. જેમ સુવર્ણ પાષાણ–સોનાનું પાષાણ, સુવર્ણ પાષાણ, હોં! પત્થર. **'જૈસે સુવર્ણ પાષાણ સોધને કી સામગ્રી કે સંબંધ સે...'** એને સાફ કરવાની સામગ્રીના યોગથી સોનું શુદ્ધ સુવર્ણ થઈ જાય છે. તેમ **'કાલ આદિ લબ્ધિ...'** આ એક શબ્દ અહીં વધારે પડ્યો છે. એ શુદ્ધ દ્રવ્ય આદિમાં કાળ આવી જાય છે. **'કાલ આદિ લબ્ધિ જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ઔર ભાવરૂપ સામગ્રી કી પ્રાપ્તિ સે યહ આત્મા કર્મ કે સંયોગ સે અશુદ્ધ હૈ વહી પરમાત્મા હો જાતા હૈ.'** જુઓ! એમાં પણ સામગ્રી આવી હતી. આવી હતી ને? **'યોગ્ય ઉપાદાન કારણ કે, સંયોગ સે...'** જુઓ! **'યોગ્ય ઉપાદાન કારણ કે, સંયોગ સે...'** એમાં તો ઘણા અર્થ નીકળ્યા. નહિ? કાલે કહ્યું હતું ને ? પછી 'પંચાસ્તિકાય'માંથી નીકળ્યું.

યોગ્ય ઉપાદાન કારણનો સંયોગ. સંયોગના ત્રણ પ્રકાર છે. આત્મામાં પરદ્રવ્યનો સંયોગ એને પણ એક સંયોગ કહે છે. એક આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવ, એને પણ સંયોગીભાવ કહેવામાં આવે છે. સમજાણું? અને એક, જેમ એ સોનું પોતાની શુદ્ધતાને પામે છે, એ શુદ્ધતાની પર્યાયને પ્રાપ્ત થાય એ પણ એ સામગ્રીથી એ યોગ નિર્મળ પર્યાયનો સોનાને સંબંધ થાય છે ઇ, સંયોગ થાય છે. સોનાને નિર્મળ પર્યાય પ્રગટ થાય એ પણ એક સોનાને સંબંધ, સંયોગ, સામગ્રી થાય છે. એ પણ સંયોગ કહેવાય છે. સમજાણું કાંઈ?

એમ આત્માને શુદ્ધ સ્વરૂપ અંતર્મુખ આનંદકંદની દૃષ્ટિ કરતાં જે નિર્મળ પર્યાયનું પ્રગટ થવું થાય એને પણ સંયોગ કહેવાય છે. સમજાણું કાંઈ? એ વસ્તુમાં ચૈતન્ય દ્રવ્યની જે શુદ્ધતા છે એની પર્યાયની, નિર્મળની પર્યાય પ્રાપ્ત થઈ એને પણ સંપર્ક થયો, સંબંધ થયો, સંયોગ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંયોગના ત્રણ અર્થ થયા. (૧) આત્માને કર્મ જડનો સંબંધ, એ સંયોગ એ પરદ્રવ્યના સંબંધની અપેક્ષાએ વાત છે. (૨) આત્મામાં અનંત આનંદ આદિ ગુણસ્વરૂપ (છે), એની પર્યાયમાં વિકૃત–વિકારી ભાવ, શુભ-અશુભભાવ (થાય છે) એ સંયોગીભાવ (છે), એ બંધનું કારણ (છે). સંયોગી ચીજ એ એક નિમિત્ત છે એ કાંઈ બંધનું કારણ કે કાંઈ છે નહિ. અને (૩) આ સંયોગી નિર્મળ પર્યાય (થાય). આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદની દૃષ્ટિ કરતાં નિર્મળ અવસ્થા થાય એ એટલો સંબંધ થયો. એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? એ સંયોગી ચીજ કાંઈ કારણ નથી. સંયોગી ભાવ બંધનું કારણ (છે). અને આ સંયોગ–પર્યાય મોક્ષનું કારણ (છે). એમ પોતે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ઇ સામગ્રી જ પોતે મોક્ષનું કારણ છે.

'મોક્ષપાહુડ' છે ને? કીધું ને? **'अइसोहणजोएणं सुद्धं हेमं हवेइ'.** અહીં શબ્દ ઇ પડયો છે, જુઓ! **'सुद्धं'**. સુવર્ણ–સોનું પોતે શુદ્ધપણાને પામે છે. અગ્નિનું તો નિમિત્ત (છે). સમજાણું કાંઈ? શુદ્ધપણાને પામે છે, સોનું શુદ્ધતાને થાય છે. એમ **'कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि'** એમ આત્મા પોતાના અંતર કાળલબ્ધિ, ભાવલબ્ધિ, શુદ્ધ પર્યાયની સામગ્રી, શુદ્ધ સ્વભાવની–ભાવની (સામગ્રી), દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નિમિત્ત સામગ્રી, એને કારણે આત્મા પોતે પોતાના શુદ્ધ સ્વભાવને આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ કરતો મુક્તિને પામે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– પથરો...

ઉત્તર :– હા, ઇ પથરો હતો, સોનું. સોનાવાળો પથરો હતો, હોં! એકલો પથરો નહિ. ઇ સોનું પોતે શુદ્ધ થતું. જુઓને! **'सुद्धं हेमं हवेइ'** એમ શબ્દ છે ને આમાં? વધારે વજન એમાં છે. આમાં ઇ આવી ગયું–ઉપાદાન સામગ્રી. **'યોગ્ય ઉપાદાન કારણ...'** ઇ પાષાણ. ઇ પોતાની પણ યોગ્ય ઉપાદાનની પર્યાયનો કાળ છે ને? અહીં ક્ષણિક પર્યાયની વાત લેવી છે. ધ્રુવની વાત લેવી નથી.

એ સોનું વર્તમાનમાં ક્ષણિક નિર્મળ પર્યાયે પરિણમતું એને અગ્નિ આદિનું નિમિત્ત છે. એ સોનું પોતે સો ટચનું થઈ જાય છે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા અંતર શુદ્ધ સ્વરૂપ (છે) એ પોતાની નિર્મળ પર્યાયની સામગ્રીમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે અનુકૂળ બાહ્ય નિમિત્ત–વ્યવહાર હો, પણ પોતાના શુદ્ધ સ્વભાવની (સામગ્રીપણે પોતે પરિણમે છે). કારણ એક કારણ હોય ત્યાં બીજા કારણ હોય જ છે, ન હોય એમ છે નહિ. એ પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગતાની પર્યાય પ્રગટ થઈ એટલે બીજા નિમિત્ત આદિના સાધન જે હોય તે હોય જ, ન હોય એમ નહિ. એથી પોતાની સામગ્રીથી મુક્તિને પામ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલે આમાં 'ઇષ્ટોપદેશ' બીજી ગાથામાં એ કહ્યું. સમજાય છે? આ 'મોક્ષપાહુડ'માં ૨૪ ગાથા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે **'શંકા :– ઇસ કથનકો સુન...'** હવે ત્રીજી ગાથા. સમજાણું? એ અહીં ૨૫ મી છે. **'ઇસ કથનકો સુન શિષ્ય બોલા કિ ભગવન્! યદિ અચ્છે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ સામગ્રીકે મિલનેસે હી...'** આત્માની શુદ્ધ ભાવના–પર્યાય અને બીજા નિમિત્તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે **'સ્વ સ્વરૂપકો પ્રાપ્ત કર લેતા હૈ,...'** આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. **'તબ ફિર વ્રત સમિતિ આદિકા પાલન કરના નિષ્ફલ (નિરર્થક) હોજાયગા.'** એની મેળે એ પ્રાપ્ત થઈ જશે. પછી આ વ્રત ને નિયમ ને આ સમિતિને આ શું કરવું? વ્રત, સમિતિ આદિનું પાલન નિરર્થક થશે. **'વ્રતોંકા પરિપાલન કર વ્યર્થમેં હી શરીરકો કષ્ટ દેનેસે ક્યા લાભ?'** પ્રશ્ન કરે છે ને? એના ભાવથી–શુદ્ધ ભાવથી, પર્યાયથી અને એને સારા નિમિત્ત મળશે એટલે મુક્તિ થઈ જશે. આ વચ્ચે વળી વ્રતનું નિમિત્ત મેળવવું, અશુભ ટાળવું અને શુભના વ્રત ને સમિતિ ને આવા ભાવ કરવા એ કષ્ટ મફતનું શું (કરવા) સહન કરવું? એની મેળાએ થવું હશે ત્યારે થશે.

**'સમાધાન :– આચાર્ય ઉત્તર દેતે હુએ બોલે- હે વત્સ! જો તુમને યહ શંકા કી હૈ કિ વ્રતાદિકોંકા પરિપાલન નિરર્થક હોજાયગા, સો બાત નહીં હૈ,...'** એ તો કહેવામાં એમ છે કે આત્માનું ભાન સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયું પણ સ્વરૂપની શુદ્ધતાની ઉગ્રતા નથી અને ઉગ્રતા પ્રગટ કરવાનો પ્રયત્ન જોઈએ તે નથી, તે પહેલાં એણે અવ્રતના ભાવ ત્યાગીને વ્રતનો ભાવ હોય અને તે શુભભાવ હોય તેના ફળમાં એને સ્વર્ગ આદિ મળે અને શુદ્ધતાના ભાન સહિત જો એકલા વ્રતમાં રહે તો કદાચિત આયુષ્ય બંધાય જાય તો પહેલા નરકમાં પણ ચાલ્યો જાય. પહેલા આયુષ્ય બંધાણું હોય તો, પછી તો ન જાય, પણ અહીં તો જરી શુભભાવનું જોર આપવું છે. વ્રતના શુભભાવનું કહેવું છે. પાપના ભાવ કરતાં શુભભાવ (ઠીક છે). બસ! એ વાત, વજન એટલું દેવું છે. નહિતર કંઈ સમ્યગ્દષ્ટિ આત્મ ભાનવાળો નરકમાં જાય એ બને નહિ. એને હોય જ નહિ. એને પહેલું આયુષ્ય બંધાય ગયું હોય અને પછી સમકિત થાય એ નરકમાં જાય એની અહીં ગણતરી નથી, એની અહીં વાત છે જ નહીં, એનું કામ પણ નથી.

અહીંયાં તો આત્માનું સમ્યક્ ચૈતન્ય શુદ્ધ ભાન છે હવે એને આગળ શુદ્ધતાની પૂર્ણતા ચારિત્ર આદિની પ્રાપ્ત (થવાને), પુરુષાર્થને વાર છે. એના ભાવની યોગ્યતાને પણ વાર છે અને આ બધા અનુકૂળ નિમિત્તો, સંઘયણ આદિને વાર છે. તે પહેલા અવ્રત કરતાં;... અવ્રત કરનાર તો પાપ બાંધીને નરકમાં જાય એમ. પાપ બાંધે. વ્રતના ભાવ હોય તો એ સ્વર્ગમાં જાય. એનો અર્થ એવો પણ છે કે વ્રતના ભાવ થાય ત્યારે ન્યાં અંદર શુદ્ધિની વૃદ્ધિ પણ થોડી હોય છે. સમજાય છે કાંઈ? અવ્રતના કાળમાં સમ્યગ્દષ્ટિને જેટલી શુદ્ધિ છે એના કરતાં જ્યારે વ્રતના પરિણામ હોય ત્યારે એને અંદરમાં શુદ્ધિની વૃદ્ધિ હોય. એની અહીં મુખ્યતા ન ગણતાં, એ વ્રતનું પરિણામ સ્વર્ગ છે એની અહીં વાત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, ભાઈ! **'વ્રતાદિકોંકા પરિપાલન નિરર્થક હોજાયગા, સો બાત નહીં હૈ,...'** એમ કહે છે. સમજ્યા ને? **'કારણ કિ વે વ્રતાદિક નવીન શુભ કર્મોંકે બંધકે કારણ હોનેસે,...'** એ વ્રતાદિ, સમિતિ શુભભાવ છે એ પુણ્ય બંધનનું કારણ છે. વ્રત, સમિતિના ભાવ શુભ છે, અવ્રત અસમિતિના ભાવ અશુભ અને પાપ છે એટલી વાત લેવી છે, એટલી અપેક્ષા લેવી છે. સમજાણું કાંઈ? **'વ્રતાદિક નવીન શુભ કર્મોંકે બંધકે કારણ હોનેસે, તથા પૂર્વોપાર્જિત અશુભ કર્મોંકે એકદેશ ક્ષયકે કારણ હોનેસે...'** પૂર્વે બાંધેલું જે પાપ એનો એક અંશ ક્ષય થાય છે. **'સફલ એવં સાર્થક હૈં.'** અવ્રતના પરિણામ કરતાં શુભભાવરૂપી વ્રત સમિતિનું સાર્થકપણું (છે). નવા પુણ્ય બંધાય છે, જૂના પાપનો અંશે ક્ષય થાય છે એટલું એમાં સાર્થકપણું ગણવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઇતના હી નહીં કિન્તુ વ્રતસમ્બન્ધી અનુરાગલક્ષણરૂપ શુભોપયોગ હોનેસે પુણ્યકી ઉત્પત્તિ (નયી) હોતી હૈ.'** સમજાણું? **'ઔર વહ પુણ્ય સ્વર્ગાદિક પદોંકી પ્રાપ્તિ કે લિયે નિમિત્ત કારણ હોતા હૈ.'** એ સમ્યગ્દૃષ્ટિને જે પુણ્યભાવ થાય એ સ્વર્ગમાં જવાનું નિમિત્તકારણ થાય છે. કહો, સમજાણું કાંઈ? **'ઇસલિયે ભી વ્રતાદિકોંકા આચરણ સાર્થક હૈ. ઇસી બાતકો પ્રગટ કરનેકે લિયે આચાર્ય આગેકા શ્લોક કહતે હૈં.'**

---

**वरं व्रतैः पदं दैवं, नाव्रतैर्बत नारकं।**
**छायातपस्थयोर्भेदः, प्रतिपालयतोर्महान्।।३।।**

**अर्थ :- व्रतोंके द्वारा देव-पद प्राप्त करना अच्छा है, किन्तु अव्रतोंके द्वारा नरक-पद प्राप्त करना अच्छा नहीं है। जैसे छाया और धूपमें बैठनेवालोंमें अन्तर पाया जाता है, वैसे ही व्रत और अव्रतके आचरण व पालन करनेवालोंमें फर्क पाया जाता है।**

**विशदार्थ :- अपने कार्यके वशसे नगरके भीतर गये हुए तथा वहाँसे वापिस आनेवाले अपने तीसरे साथीकी मार्गमें प्रतीक्षा करनेवाले जिनमें से एक तो छायामें बैठा हुआ है, और दूसरा धूपमें बैठा हुआ है - दो व्यक्तियोंमें जैसे बड़ा भारी अन्तर है, अर्थात् छायामें बैठनेवाला तीसरे पुरुषके आनेतक सुखसे बैठा रहता है, और धूपमें बैठनेवाला दुःखके साथ समय व्यतीत करता रहता है। उसी तरह जबतक जीवको मुक्तिके कारणभूत अच्छे द्रव्य, क्षेत्र, काल, भाव आदिक प्राप्त होते हैं, तबतक व्रतादिकोंका आचरण करनेवाला स्वर्गादिक स्थानोंमें आनन्दके साथ रहता है। दूसरा व्रतादिकोंको न पालता हुआ असंयमी पुरुष नरकादिक स्थानोंमें दुःख भोगता रहता है। अतः व्रतादिकोंका परिपालन निरर्थक नहीं, अपि तु सार्थक है।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



दोहा - मित्र राह देखत खड़े, इक छाया इक धूप।
व्रतपालनसे देवपद, अव्रत दुर्गति कूप।।३।।

शंका :- यहाँपर शिष्य पुनः प्रश्न करता हुआ कहता है- `यदि उपरिलिखित कथनको मान्य किया जायगा, तो चिद्‌रूप आत्मामें भक्ति भाव (विशुद्ध अंतरंग अनुराग) करना अयुक्त ही हो जायगा? कारण कि आत्मानुरागसे होनेवाला मोक्षरूपी सुख तो योग्य द्रव्य, क्षेत्र, काल, भावादिरूप सम्पत्तिकी प्राप्तिकी अपेक्षा रखनेके कारण बहुत दूर हो जायगा और बीचमें ही मिलनेवाला स्वर्गादि-सुख व्रतोंके साहाय्यसे मिल जायगा। तब फिर आत्मानुराग करनेसे क्या लाभ? अर्थात् सुखार्थी साधारण जन आत्मानुरागकी ओर आकर्षित न होते हुए व्रतादिकोंकी ओर ही अधिक झुक जायँगे।'

समाधान :- शंकाका निराकरण करते हुए आचार्य बोले, `व्रतादिकोंका आचरण करना निरर्थक नहीं है।' (अर्थात् सार्थक है) इतनी ही बात नहीं किन्तु आत्म-भक्तिको अयुक्त बतलाना भी ठीक नहीं है। इसी कथनकी पुष्टि करते हुए आगे श्लोक लिखते हैं :- ।।३।।

---

वरं व्रतैः पदं दैवं, नाव्रतैर्बत नारकं।
छायातपस्थयोर्भेदः, प्रतिपालयतोर्महान्।।३।।

સમજાણું? 'કુંદકુંદાચાર્યે' પણ ૨૫ માં શ્લોકમાં કહ્યું છે, ભાઈ! સંસાર વિષે **'વ્રત ઔર તપ સે સ્વર્ગ હોતા હૈ વહ શ્રેષ્ઠ હૈ પરન્તુ અવ્રત ઔર અતપ સે પ્રાણી કો નરકગતિ મેં દુઃખ હોતા હૈ વહ મત હોવે, શ્રેષ્ઠ નહીં હૈ.'** ન્યાં અંદર ઇ શબ્દ વાપર્યો છે. પાઠમાં જ વાપર્યો છે, હોં!.

वर वयतवेहि सग्गो मा दुक्खं होउ णिरइ इयरेहिं।
छायातवट्ठियाणं पडिवालंताए गुरुभेयं।।२५।।

**'વ્રત ઔર તપ સે સ્વર્ગ હોતા હૈ વહ શ્રેષ્ઠ હૈ...'** નરકની અપેક્ષાએ વાત છે, હોં! **'પરન્તુ અવ્રત ઔર અતપ સે પ્રાણી કો નરકગતિ મેં દુઃખ હોતા હૈ વહ મત હોવે, શ્રેષ્ઠ નહીં હૈ.'** કોની પેઠે? **'છાયા ઔર આતપ મેં બૈઠનેવાલે કે પ્રતિપાલક કારણોં મેં બડા ભેદ હૈ.'** એમાં એ જ દાખલો છે, હોં! એ જ દાખલો આપ્યો, આમાં જેવો દાખલો છે એમાં ઇ જ છે. એ જ ગાથા લીધેલી છે. જુઓ! આમાં આપણે ચાલતો અર્થ.

**'અર્થ :– વ્રતોંકે દ્વારા દેવપદ પ્રાપ્ત કરના અચ્છા હૈ,...'** એ આત્માના ભાનપૂર્વક જો વ્રત હોય તો તો તેને શુદ્ધિની વૃદ્ધિ પણ અંદર થઈ છે અને વ્રતના પરિણામથી એને સ્વર્ગ મળે છે. **'કિન્તુ અવ્રતોંકે દ્વારા નરક-પદ પ્રાપ્ત કરના અચ્છા નહીં હૈ..'** એ અશુભથી શુભની

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિશેષતા વ્યવહારથી બતાવવાની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના એકલા વ્રત આદિ પાળે એ તો એ પુણ્યબંધ થાય. એમાં એને કાંઈ આત્માના જનમ-મરણનો અંત આવે નહિ. સમજાય છે કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદની દૃષ્ટિ અને અનુભવ વિના જે વ્રત આદિના પરિણામ કરે એને આત્માનો લાભ કાંઈ નથી. સ્વર્ગ આદિ મળે. જાવ એમાં. એ તો આગળ કહેશે. પહેલું તો જરીક ઠીક કહેશે પછી કહેશે એ તો વાસનાનું દુઃખ છે. સ્વર્ગમાં સુખ કહ્યું એ તો અપેક્ષાથી કહ્યું હતું. બાકી ન્યાં તો સુખની ભ્રમણા છે, ન્યાં કાંઈ સુખ-બુખ છે નહિ.

કહે છે, **'જૈસે છાયા ઔર ધૂપમેં બૈઠનેવાલોંમેં અન્તર પાયા જાતા હૈ,...'** જેમ છાંયામાં એક બેઠો હોય અને એક ધૂપમાં–તડકે બેઠો હોય. **'વૈસે હી વ્રત ઔર અવ્રતકે આચરણ વ પાલન કરનેવાલોંમેં ફર્ક પાયા જાતા હૈ.'** સમજાણું કાંઈ? દાખલો આપે છે, હોં! ચોખ્ખો કહે છે.

**'વિશદાર્થ :– અપને કાર્યકે વશસે નગરકે ભીતર ગયે હુએ તથા વહાંસે વાપિસ આનેવાલે અપને તીસરે સાથીકી માર્ગમેં પ્રતીક્ષા કરનેવાલે...'** બે માણસ ગામ બહાર નીકળ્યા, બે. હવે ત્રીજો હજી ગામમાં છે. એની વાટ જોઈને બહાર બે જણાને બેસવું છે. એક જણો તડકે ઉભો રહે પેલા ત્રીજાને મળવા માટે. એક જણો જરીક છેટું વડ છે, વડ, માર્ગથી થોડું છેટું (છે), થોડું ચાલવું પડે. પેલો તડકો ઉભે રહે. ઇ કરતાં એક વડને નીચે માઈલ છેટે, અડધો માઈલ છેટે વડ છે ત્યાં ચાલીને બેસવું પડે પણ પેલો ત્રીજે આવે ત્યાં સુધી બેયને ઉભા રહેવું (પડે). એક તડકે ઉભો રહે અને એક છાંયે ઉભો રહે. મળવું છે તો પેલા ત્રીજાને–શુદ્ધોપયોગને. સમજાય છે કાંઈ?

આત્મામાં શુદ્ધોપયોગ થાય ત્યારે જ મુક્તિ થાય. ત્યારે એની ચારિત્ર દશા (થાય). એ વિના મુક્તિ થાય નહિ. પણ એ શુદ્ધોપયોગની પ્રાપ્તિનો જ્યાં સુધી એને કાળ ન આવે ત્યાં સુધી સમ્યક્દૃષ્ટિ જો શુભભાવમાં હોય તો એને સ્વર્ગની છાંયામાં બેઠો કહેવામાં આવે છે અને અશુભભાવમાં હોય તો એ દુઃખના સ્થાનમાં ઊભો રહેલો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બેય મળ્યા નથી?

ઉત્તર :– પણ મળે ક્યારે? એમાં એક ઊભો છે છાંયે અને એક તડકે (ઊભો છે), એમ કહે છે. એટલો શુભ-અશુભમાં ફેર પાડવો છે ને! પેલો જરી તડકે શેકાય છે અને પેલો જરી છાંયે બેસે છે. એટલું અહીં બતાવવું છે. ફેર બતાવવો છે ને? સમજાણું કાંઈ? મળવું છે તો પેલાને. શુદ્ધોપયોગ વિના આત્માને ચારિત્ર ને શાંતિ ને મોક્ષ ત્રણકાળમાં નથી. પણ આત્માનું દર્શન થયું સમ્યગ્દર્શનનું ભાન, શુદ્ધનું ભાન (થયું). (ત્યારપછી) એક માણસ અશુભમાં રહ્યા કરે તો એને પ્રતિકૂળ સ્થાનમાં અવતરવું પડશે. સમજાય છે? અને શુભભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહે તો એને એમાંથી પુણ્ય સ્થાનમાં સ્વર્ગ આદિમાં જાય, ત્યાં રહેશે. એટલો પાપ કરતા પુણ્યના સ્થાનમાં ફેર વ્યવહારે પાડવાની વાત બતાવે છે. સમજાણું કાંઈ?

**'અપને કાર્ય કે કારન...'** આવ્યું ને? **'એક તો છાયામેં બૈઠા હુઆ હૈ, ઔર દૂસરા ધૂપમેં બૈઠા હુઆ હૈ- દો વ્યક્તિયોંમેં જૈસે બડા ભારી અન્તર હૈ, અર્થાત્ છાયામેં બૈઠનેવાલા તીસરે પુરુષકે આનેતક સુખસે બૈઠા રહતા હૈ,...'** ત્રીજો જ્યાં સુધી ન આવે ત્યાં સુધી છાંયે બેઠો છે. **'ઔર ધૂપમેં બૈઠનેવાલા દુઃખકે સાથ સમય વ્યતીત કરતા હૈ.'** લ્યો! સમજાણું? ધૂપમાં ઊભો છે એને જરીક તડકાનું દુઃખ છે. વ્યવહારે જરીક ફેર પાડવો છો, હોં! અશુભભાવ કરતા શુભભાવમાં પુણ્ય છે એને સ્વર્ગની બહારની સગવડતા છે એટલો આંતરો જરી બતાવવો છે. બાકી ખરેખર તો ન્યાં એ દુઃખ છે એમ કહેશે. સ્વર્ગમાં પણ દુઃખ જ છે, ન્યાં કાંઈ સુખ-બુખ છે નહિ. પણ બહારની અમુક સગવડતાની અપેક્ષાએ એને નરકના દુઃખ કરતાં સુખની વ્યાખ્યા વ્યવહારે કરી છે. સમજાણું કાંઈ?

**'ઉસી તરહ જબતક જીવકો મુક્તિકે કારણભૂત...'** મુક્તિને કારણ–યોગ્ય **'અચ્છે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિક પ્રાપ્ત હોતે હૈં,...'** પોતાના શુદ્ધ ઉપયોગની પરિણતિની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય, શુદ્ધોપયોગની વિશેષ ઉગ્ર (પરિણતિ) અને એ જાતના નિમિત્તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ મળે નહિ. **'તબતક વ્રતાદિકોંકા આચરણ કરનેવાલા સ્વર્ગાદિક સ્થાનોંમેં આનન્દકે સાથ રહતા હૈ.'** દેખો! અત્યારે વ્યવહારની વાત કરી છે, હોં! પછી એને દુઃખ કહેશે. સમજાણું કાંઈ? બેની અપેક્ષાએ વાત છે. પાપ કરતા (પુણ્યમાં) જરીક ત્યાં (વ્યવહારે તફાવત બતાવે) છે.

**'દૂસરા વ્રતાદિકોંકો ન પાલતા હુઆ અસંયમી પુરુષ...'** સમ્યગ્દષ્ટિ તો હોવા છતાં અશુભભાવમાં રહેવા કરતાં શુભભાવમાં ઠીક છે, વ્રતાદિની એ વ્યાખ્યા કરવી છે. સમજાણું કાંઈ ? પણ એમાં વ્રતાદિ આવે ત્યારે આત્માનો પુરુષાર્થ (અને) ઉગ્ર શાંતિ હોય છે. પાંચમા ગુણસ્થાનમાં આત્માની શાંતિ (અને) અંતર આનંદની વૃદ્ધિ થઈ ગઈ હોય છે. સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનમાં આત્માના આનંદનું અંશે વેદન થઈ ગયું. પાંચમામાં વ્રતના વિકલ્પ જ્યારે હોય ત્યારે ખરેખર તો શાંતિનો આનંદ વધી ગયો હોય છે. પાંચમા ગુણસ્થાને બે કષાયનો અભાવ (છે). સર્વાર્થસિદ્ધના દેવ કરતાં પણ એની શાંતિ (વધારે છે). એને શ્રાવક કહે છે અને એને વ્રત વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્માની શાંતિને છાંયે તો ગયો છે પણ શાંતિની ઉગ્રતાની છાંયા જે શુદ્ધોપયોગની જોઈએ તે હજી છે નહિ.

પુરુષાર્થની કચાશ છે એને લઈને કહે છે કે, ભાઈ! અશુભભાવમાં રહેવું એના કરતાં વ્રતાદિ સમિતિનો શુભભાવ થવો તો એના પ્રમાણમાં ત્યાં શુદ્ધિની પણ વૃદ્ધિ છે અને શુભભાવમાં મરીને સ્વર્ગ આદિમાં રહેશે. સમજાણું કાંઈ? વ્યવહારની વાત છે, ભાઈ! નહિતર આગળ તો કહેશે, આમાં જ કહેશે (કે) સ્વર્ગમાં ક્લેશ છે. એ પુણ્યના ફળમાં, જેમ ઊના ઘી છાંટે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊનું ઘી! એકને અગ્નિ બાળે અને એકને ઊનું ઘી છાંટે, બેય બળવાના છે, બેય બળે છે. આ બે વચ્ચે-પાપ ને પુણ્યની વચ્ચેની ફક્ત વ્યાખ્યા બતાવે છે. દર્શનશુદ્ધિની વાત તો એનાથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? **'સ્વર્ગાદિક સ્થાનોંમેં આનન્દકે સાથ રહતા હૈ. દૂસરા વ્રતાદિકોંકો ન પાલતા હુઆ અસંયમી પુરુષ નરકાદિક સ્થાનોંમેં દુઃખ ભોગતા રહતા હૈ. અતઃ વ્રતાદિકોંકા પરિપાલન નિરર્થક નહીં, અપિ તુ સાર્થક હૈ.'**

આમાં ('મોક્ષપાહુડ' ૨૫ ગાથામાં) પણ એ કહ્યું છે, જુઓ! એ શબ્દ છે. **'જૈસે છાંયાકા કારણ તો વૃક્ષાદિક હૈ ઉનકી છાયામેં જો બૈઠે વહ સુખ પાવે ઔર આતાપકા કારણ સૂર્ય, અગ્નિ આદિ હૈ ઇનકે નિમિત્તસે આતાપ હોતા હૈ જો ઉસમેં બૈઠતા હૈ વહ દુખકો પ્રાપ્ત કરતા હૈ ઇનમેં બડા ભેદ હૈ. ઇસપ્રકાર હી જો વ્રત, તપકા આચરણ કરતા હૈ વહ સ્વર્ગકે સુખકો પ્રાપ્ત કરતા હૈ ઔર જો ઇનકા આચરણ નહીં કરતા હૈ, વિષય કષાયાદિકકા સેવન કરતા હૈ વહ નરકકે દુઃખકો પ્રાપ્ત કરતા હૈ, ઇસપ્રકાર ઇનમેં બડા ભેદ હૈ. ઇસલિયે યહાં કહનેકા યહ આશય હૈ કિ જબતક નિર્વાણ ન હો તબતક વ્રત-તપ આદિકમેં પ્રવર્તના શ્રેષ્ઠ હૈ...'** જ્યાં સુધી સિદ્ધપદની પ્રાપ્તિ, ચારિત્રની ઉગ્ર પુરુષાર્થની (પ્રાપ્તિ) ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિએ અશુભ છોડીને શુભ વ્રતમાં આવવું, એટલી વાત છે. સમજાણું કાંઈ?

**'ઇસસે સાંસારિક સુખકી પ્રાપ્તિ હૈ ઔર નિર્વાણકે સાધનેમેં ભી યે સહકારી હૈં. વિષય કષાયાદિકકી પ્રવૃત્તિકા ફલ તો કેવલ નરકાદિકકે દુઃખ હૈં ઉન દુઃખોંકે કારણોંકા સેવન કરના યહ તો બડી ભૂલ હૈ,'** લ્યો! કહો, સમજાણું કાંઈ? આ તો રાત્રે પેલા નરકનો શબ્દ છે ને? એમાં છે કે નહિ એ માટે જોયું, ભાઈ! આમાં 'નરક' શબ્દ પડ્યો છે ને? એ મૂળમાં આમાં પણ મૂળમાં છે. આમાં તો છે પણ આમાં પણ મૂળમાં છે. મેં તો (એટલા માટે જોયું કે) આમાં 'નરક' (શબ્દ) મૂળમાં છે કે નહિ? મૂળમાં શબ્દો બધા એક જાતના છે. વ્યવહાર કહે છે ને! જુઓ! દોહા.

**दोहा - मित्र राह देखत खड़े, इक छाया इक धूप।**
**व्रतपालनसे देवपद, अव्रत दुर्गति कूप।।३।।**

**'મિત્ર રાહ દેખતે ખડે,...'** બે મિત્રોમાં એક મિત્ર જે નગરમાંથી આવ્યો નથી એમાં બીજા બે મિત્ર છે એ ઊભા છે. એક છાંયામાં ને એક તડકામાં ઊભો છે. **'વ્રતપાલન સે દેવપદ,...'** એમ શુદ્ધોપયોગની રમણતા-ઉગ્રપણું જ્યાં સુધી ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શનપૂર્વક વ્રતના શુભભાવ અવ્રતની અપેક્ષાએ સ્વર્ગની છાંયા, જેવી છાંયા કીધી એવી સ્વર્ગના સુખની છાંયા કહેવામાં આવે છે. **'અવ્રત દુર્ગતિ કૂપ.'** અવ્રતભાવ-પાપભાવ તો દુર્ગતિનો કૂવો છે. પાપથી તો દુર્ગતિ થાય છે. સમજાણું કાંઈ?

**'શંકા :- યહાંપર શિષ્ય પુનઃ પ્રશ્ન કરતા હુઆ કહતા હૈ- 'યદિ ઉપરિલિખિત કથનકો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માન્ય કિયા જાયગા...'** હવે કહે છે, જુઓ! **'તો ચિદ્રૂપ આત્મામેં ભક્તિ ભાવ (વિશુદ્ધ અતરંગ અનુરાગ) કરના અયુક્ત હી હો જાયગા?'** તો આ શુદ્ધ ચિદ્રૂપ ભગવાનઆત્મામાં રુચિ અને રમણતા કરવું તો મફતમાં ચાલ્યું જશે, એ તો નિરર્થક થઈ જશે. શું કહ્યું સમજાણું આમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– છતાં વ્રત જ પાળશે અને આત્મામાં શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિ ને અનુભવ તો કરશે નહિ. એવી વાત (છે). ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યરૂપ, જેની દૃષ્ટિમાં શુદ્ધતા ભાસે અને આત્માના અનુભવની ભક્તિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. તમે આવા વ્રતનું વજન આપશો તો પછી આત્માની ભક્તિ કરશે કોણ? એય!

**'ચિદ્રૂપ આત્મામેં ભક્તિ ભાવ (વિશુદ્ધ અતરંગ અનુરાગ)...'** ચૈતન્ય ભગવાનઆત્મા પવિત્ર આનંદકંદ છે તેમાં અંતરમાં એકાકાર કઈ રીતે થશે? તમે તો વ્રતના પરિણામના ફળમાં સ્વર્ગ મળશે એમ કહો છો. ભગવાનઆત્મા અંતર શુદ્ધ ચૈતન્ય પ્રભુની અનુભવ દૃષ્ટિ અને અનુભવનો ભાવ થવો તે જ ધર્મ છે. તો એ ધર્મ કોણ કરશે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મ તો એ છે. આ તો પુણ્યબંધનું કારણ છે. વ્રતનો ભાવ પુણ્ય છે અને અવ્રતનો (ભાવ) પાપ છે.

આ ભગવાનઆત્મા...! દેખો! ટીકામાં છે કે નહિ? પાછળ છે ને? **'सत्यात्मनि चिद्रूपे भक्तिर्भावविशुद्ध आन्तरोऽनुरागो अयुक्ता...'** છે. જુઓ! **'संसारसुखे सिद्धे सत्यात्मनि चिद्रूपे भक्तिर्भावविशुद्ध आन्तरोऽनुरागो अयुक्ता...'** છે ને અંદર? આ બાજુ છે, ચોથે પાને છે. સમજાણું કાંઈ? અહીં તો વિવેક બતાવવો છે કે વ્રતના પરિણામ તો શુભરાગ છે. જો એમાં જ રોકાઈ જશે તો આ ભગવાનઆત્માની ભક્તિ (અર્થાત્) શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ નિર્વિકલ્પ આનંદની શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર કરશે કોણ? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. કરવાનું તો એ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં આગળ શુદ્ધતા વધતા એને વ્રતના પરિણામ આવે ખરા, હોય ખરા પણ આ ન હોય તો એ એકલા વ્રતના પરિણામ શું કરે? સમજાય છે કાંઈ? સહકારી નિમિત્ત પણ એને નહિ કહેવાય. પુણ્યને સહકારી કહ્યું હતું ને? આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ આનંદની નિર્વિકલ્પ દૃષ્ટિના અનુભવની ભક્તિ વિના એના એકલા વ્રત તો નિમિત્ત સહકારી પણ નહિ કહેવાય. સમજાય છે કાંઈ? આહાહા..!

ચિદ્રૂપ આત્મા! પાછી ભાષા કેવી છે? ચિદ્રૂપ આત્મા. એટલે પેલા વ્રતના વિકલ્પરૂપ આત્મા નથી. સમજાણું કાંઈ? વ્રતના પરિણામ એ તો શુભરાગ છે, એ આત્મા નહિ. અવ્રતના પરિણામ પાપ (છે), એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ચિદ્રૂપ આત્મા! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા છે. જ્ઞાન. એમાં એ પુણ્યનો વિકલ્પ એ બંધનું કારણ, પાપનો વિકલ્પ બંધનું કારણ (છે), એ આત્મા નહિ. તમે તો આત્મા-અનાત્માની વાત કરી. આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચિદ્રૂપ ભગવાનમાં એકાગ્ર થવું એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. એનું નામ જ મોક્ષનો માર્ગ છે. જ્યારે તમે અહીં વ્રતનું, સ્વર્ગનું વજન આપશો તો આ કરશે કોણ? સમજાણું કાંઈ?

**'કરના અયુક્ત હી હો જાયગા?'** મૂળ કરવાનું તો એ છે. અંતર જ્ઞાનાનંદ ભગવાનઆત્મામાં લીન દૃષ્ટિ-જ્ઞાનમાં નિર્વિકારી શુદ્ધિ, આનંદની વૃદ્ધિ કરવી એ જ કરવાનું છે. એ જ મોક્ષનો માર્ગ અને એ જ સંવર, નિર્જરા છે. કહો, સમજાણું કાંઈ? **'કારણ કિ આત્માનુરાગસે હોનેવાલા...'** જુઓ! આત્માનુરાગ (કહ્યું). અનુરાગ એટલે આત્મા ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુથી અનુરાગ એટલે એકાગ્રથી. અનુરાગ શબ્દે એમાં એકાગ્રતા (કહેવું) છે.

**'મોક્ષરૂપી સુખ તો યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવાદિરૂપ સમ્પત્તિકી પ્રાપ્તિકી અપેક્ષા રખનેકે કારણ બહુત દૂર હો જાયગા...'** સમજાય છે? **'મોક્ષરૂપી સુખ તો યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવાદિરૂપ સમ્પત્તિકી પ્રાપ્તિકી અપેક્ષા રખનેકે કારણ બહુત દૂર હો જાયગા ઔર બીચમેં હી મિલનેવાલા સ્વર્ગાદિ-સુખ વ્રતોંકે સાહાય્યસે મિલ જાયગા. તબ ફિર આત્માનુરાગ કરનેસે ક્યા લાભ?'** પેલું તો સુખ ક્યારે મળે અને આ સ્વર્ગનું સુખ તો તરત મળશે. પછી આ માથાકુટ કરવી આત્માના ધ્યાનની ને શુદ્ધ ચૈતન્યની કોણ કરશે? એનાથી શું લાભ? સમજાણું કાંઈ?

**'અર્થાત્ સુખાર્થી સાધારણજન આત્માનુરાગકી ઓર આકર્ષિત ન હોતે હુએ વ્રતાદિકોંકી ઓર હી અધિક ઝુક જાયેંગે.'** સમજાણું કાંઈ? જ્યારે આટલું બધું તમે કીધું (કે), વ્રતથી સ્વર્ગનું સુખ મળે ને ત્યાં પછી આનંદમાં રહે ને છાયામાં રહે. પછી તો આ આત્માની ભક્તિ શુદ્ધ આનંદકંદની દૃષ્ટિનો અનુભવ કરશે કોણ? જુઓ! સુખાર્થી સાધારણ જન. આ તો સાધારણ વાત કરવી છે, હોં! મિથ્યાદૃષ્ટિની. સમકિતીને સુખનો (પ્રશ્ન નથી થતો). સામાન્ય વાત છે.

**'સુખાર્થી સાધારણજન આત્માનુરાગ...'** ભગવાનઆત્મા પવિત્ર ધામ પ્રભુ સિદ્ધ સમાન પોતાનું પદ છે તેમાં આનંદમાં લીન થવું તેનું નામ મોક્ષનો માર્ગ છે. તે કોણ કરશે? આકર્ષિત કોણ થશે? ત્યાં વ્રતમાં અટકી જશે. એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? **'આત્માનુરાગ તરફ...'** અનુરાગ તો ક્યાં, (એ તો) વ્રતમાં ચાલ્યો જશે, આમ પાળવું ને આમ પાળવું ને આમ પાળવું, વ્રત પાળવા.. એ તો શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. એ કોઈ ધર્મ-બર્મ, પરમાર્થ મુક્તિનો ઉપાય નથી. મુક્તિનો ઉપાય તો આત્માના અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનનો અંતર અનુભવ કરવો, તેમાં આકર્ષિત (થવું) તેનું નામ મોક્ષ છે. આત્માનુભવની તરફ આકર્ષિત ન થતા વ્રતાદિ તરફ વધારે ઝૂકી જાય છે. કહો, 'વસંતલાલજી'! આ પહેલું જે કહ્યું હતું ઇ જ બધા મંડ્યા છે ને! આત્મા નિર્વિકલ્પ આનંદ કોણ છે (એ) પડ્યો રહ્યો. વ્રત પાળો, સમિતિ પાળો, આમ કરો, આમ કરો. એ તો રાગ છે, શુભરાગમાં આત્મા પડયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહ્યો આખો. શુદ્ધ ચિદાનંદ પ્રભુ નિર્વિકલ્પ આત્માના અંતર દષ્ટિના અનુભવ વિના સંવર-નિર્જરા શરૂ હોય નહિ. સંવર-નિર્જરા ત્રણકાળમાં હોતી નથી. એ તો પુણ્યબંધના કારણની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :– .....

ઉત્તર :– ઇ બધા સામાન્ય જન છે. કહો, સમજાણું કાંઈ?

**'સમાધાન :–'** અહીં તો સાધારણ વ્યાખ્યા કરવી છે ને. સમ્યગ્દષ્ટિને તો ભાન છે કે જ્યાં સુધી મારી શુદ્ધતા પૂર્ણ ન થાય... સમજાય છે? ત્યાં સુધી એવો શુભભાવ અશુભથી બચવા હોય છે, અશુભથી બચવા શુભભાવ હોય છે. એને અહીં ઉપદેશમાં વિશેષ નરકના પાપના (પરિણામ) કરતાં આવા (શુભ) પરિણામ હોય (તો એ) ઠીક છે એમ કહેવામાં આવે છે. પણ એકલું ત્યાં વજન કોઈ આપી દે (અને) આત્મા આખો રહી જાય તો તો થઈ રહ્યું. કરવાનું તો ઇ છે. ઇ તો રહી જશે. વ્રતના સુખાર્થી (માનશે કે) એ વ્રત પાળો ને સ્વર્ગમાં જાશું અને પછી ત્યાં રહેશું. પછી હળવે હળવે ભવિષ્યમાં ધર્મ થઈ જશે. એનું સમાધાન કરે છે. જુઓ!

**'શંકાકા નિરાકરણ કરતે હુએ આચાર્ય બોલે, વ્રતાદિકોંકા આચરણ કરના નિરર્થક નહીં હૈ. (અર્થાત્ સાર્થક હૈ) ઇતની હી બાત નહીં કિન્તુ આત્મભક્તિકો અયુક્ત બતલાના ભી ઠીક નહીં હૈ.'** બેય વાત છે. વ્રતના પરિણામ અશુભ કરતાં ઠીક છે એ પણ નિરર્થક નથી અને આત્માની અંતરમાં શુદ્ધ શ્રદ્ધા આનંદકંદ જ્ઞાતા-દ્દષ્ટાનો અનુભવ એ અયુક્ત નથી, યુક્ત છે, એ જ ખરેખર તો યુક્ત છે. કરવા જેવું તો એ છે. જુઓ! આત્મભક્તિ. દેખો! આત્મભક્તિનો અર્થ નિશ્ચય સમ્યગ્દર્શન. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનંત અનંત શાંતરસનો કંદ પ્રભુની અંતર એકાગ્રતાની ભક્તિ-આનંદ (થવા) એ નિશ્ચય સમ્યગ્દર્શન, અંતર આત્માનું જ્ઞાન નિશ્ચયજ્ઞાન (અને) આત્મામાં લીનતા વીતરાગતા (થાય એ) નિશ્ચયચારિત્ર. એનું નામ આત્મભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

ગુરુ-દેવ-શાસ્ત્રની ભક્તિ એ વ્યવહાર ભક્તિ છે, આ નિશ્ચયભક્તિ છે. ભક્તિના બે પ્રકાર. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ તો પરદ્રવ્યની ભક્તિ ઉપરનું લક્ષ (છે) એ તો શુભભાવ પુણ્યબંધનું કારણ (છે). ભગવાનઆત્માની ભક્તિ એ સંવર-નિર્જરા ને શુદ્ધતાનું કારણ (છે). સમજાણું કાંઈ?

**'આત્મ-ભક્તિકો અયુક્ત અયુક્ત બતલાના ભી ઠીક નહીં હૈ.'** બન્ને વાત (કરી). અને સમ્યગ્દષ્ટિ સહિત અશુભ ટાળીને શુભ આવે, વ્રત હોય એને પણ અયુક્ત કહેવું એ પણ ઠીક નથી. સમજાણું કાંઈ? **'ઇસી કથનકી પુષ્ટિ કરતે હુએ આગે શ્લોક લિખતે હૈં.'** લ્યો! ચોથો. એ પણ આમાં છે, હોં! ચોથી છે ને? આમાં ૨૧ છે, 'મોક્ષ પાહુડ'માં ૨૧ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


यत्र भावः शिवं दत्ते, द्यौः कियद्दूरवर्तिनी।
यो नयत्याशु गव्यूतिं, क्रोशार्धे किं स सीदति?।।४।।

अर्थ :- आत्मामें लगा हुआ जो परिणाम भव्य प्राणियोंको मोक्ष प्रदान करता है, उस मोक्ष देनेमें समर्थ आत्मपरिणामके लिये स्वर्ग कितनी दूर है? न कुछ वह तो उसके निकट ही समझो। अर्थात् स्वर्ग तो स्वात्मध्यानसे पैदा किये हुए पुण्यका एक फलमात्र है। ऐसा ही कथन अन्य ग्रन्थोंमें भी पाया जाता है। तत्त्वानुशासनमें कहा है :- `गुरुपदेशमासाद्य'

`गुरुके उपदेशको प्राप्त कर सावधान हुए प्राणियोंके द्वारा चिन्तवन किया गया यह अनन्त शक्तिवाला आत्मा चिंतवन करनेवालेको मुक्ति और मुक्ति प्रदान करता है। इस आत्माको अरहंत और सिद्धके रूपमें चिंतवन किया जाय तो यह चरमशरीरीको मुक्ति प्रदान करता है और यदि चरमशरीरी न हो तो उसे वह आत्म-ध्यानसे उपार्जित पुण्यकी सहायतासे भुक्ति (स्वर्ग चक्रवर्त्यादिके भोगों) को प्रदान करनेवाला होता है।'

श्लोक की नीचेकी पंक्तिमें उपरिलिखित भावको दृष्टान्त द्वारा समझाते हैं -

देखो जो भारको ढोनेवाला अपने भारको दो कोसतक आसानी और शीघ्रताके साथ ले जा सकता है, तो क्या वह अपने भारको आधा कोस ले जाते हुए खिन्न होगा? नहीं। भारको ले जाते हुए खिन्न न होगा। बड़ी शक्तिके रहने या पाये जानेपर अल्प शक्तिका पाया जाना तो सहज (स्वाभाविक) ही है।

दोहा - आत्मभाव यदि मोक्षप्रद, स्वर्ग है कितनी दूर।
दोय कोस जो ले चले, आध कोस सुख पूर।।४।।

इस प्रकारसे आत्म-शक्तिको जब कि स्वर्ग-सुखोंका कारण बतला दिया गया तब शिष्य पुनः कुतूहलकी निवृत्तिके लिये पूछता है कि `स्वर्गमें जानेवालोंको क्या फल मिलता है?' ।।४।।

---

यत्र भावः शिवं दत्ते, द्यौः कियद्दूरवर्तिनी।
यो नयत्याशु गव्यूतिं, क्रोशार्धे किं स सीदति?।।४।।

**'અર્થ :– આત્મામેં લગા હુઆ જો પરિણામ...'** જુઓ! ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપમાં લાગેલા પરિણામ, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે નિશ્ચય સ્વભાવમાં લાગેલા પરિણામ **'ભવ્ય પ્રાણીઓકોં મોક્ષ પ્રદાન કરતા હૈ,...'** ભવ્ય જીવને તે પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોક્ષની પ્રાપ્તિનું કારણ છે અને મોક્ષ પ્રાપ્ત કરે. સમજાણું કાંઈ? **'ઉસ મોક્ષ દેનેમેં સમર્થ આત્મપરિણામકે લિયે...'** જુઓ! ભગવાનઆત્મા પોતાના નિર્વિકલ્પ વીતરાગી પરિણામથી મોક્ષને પ્રાપ્ત કરે એવા વીતરાગી પરિણામ માટે **'સ્વર્ગ કિતની દૂર હૈ?'** એને સ્વર્ગ કેટલું દૂર છે? **'ન કુછ.'** વચમાં સ્વર્ગ તો એને મળે જ મળે. સો કળથી અનાજ થાય તો સો ગાડા ખડ થાય જ, ખડ થાય. પુણ્ય તો ખડ છે. ખડને (હિન્દીમાં) શું કહે છે? ઘાસફુસ... ઘાસફુસ. જ્યાં સો ગાડા અનાજ થાય, સો ખાંડી.. સો ખાંડી. સો ખાંડી અનાજ (થાય) ત્યાં સો ગાડા ઘાસફૂસ તો થાય જ છે. એમ જ્યાં આત્માના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ (થયા), અંતર સ્વરૂપ શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાનની રમણતામાં મોક્ષ હોય ત્યાં વચ્ચે સ્વર્ગ તો સાધારણ આવે જ તે (એમ) કહે છે. સાંભળને! એ તો સાથે પુરુષાર્થનો એવો વિકલ્પ એવો હોય જ. એમ કહે છે, હોં! આત્મ પરિણામથી કહે છે પણ પરિણામની ભૂમિકામાં એવો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ?

**'સ્વર્ગ કિતની દૂર હૈ?'** લ્યો! **'મોક્ષ દેનેમેં સમર્થ આત્મપરિણામકે લિયે સ્વર્ગ કિતની દૂર હૈ? ન કુછ. વહ તો ઉસકે નિકટ હી સમજો. અર્થાત્ સ્વર્ગ તો સ્વાત્મધ્યાનસે પૈદા કિયે હુએ પુણ્યકા એક ફલમાત્ર હૈ.'** એ આત્મધ્યાનમાં પેદા કરેલો જરીક વિકલ્પ બાકી રહ્યો ને થોડો? એ સ્વર્ગ તો એના પુણ્યનું એક ફળ છે. **'ઐસા હી કથન અન્ય ગ્રન્થોંમેં ભી પાયા જાતા હૈ. તત્ત્વાનુશાસનમેં કહા હૈ : - 'ગુરુપદેશમાસાદ્ય.'** લ્યો! સમજાણું? ઇ 'તત્ત્વાનુશાસન'ની ૧૯૬ ગાથા છે. 'તત્ત્વાનુશાસન' છે ને?

**गुरुपदेशमासाद्य ध्यायमानः समाहितैः ।**
**अनन्तशक्तिरात्माऽयं मुक्तिं भुक्तिं च यच्छति।।१९६।।**

સમ્યક્ **'ગુરુકે ઉપદેશકો પ્રાપ્ત...'** જુઓ! ભાષા આ છે. સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ એવો હોય છે કે આત્માના શુદ્ધ ધર્મનું ધ્યાન કરીને શુભરાગ થાય એવો એને પહેલો ઉપદેશ હોય છે. સમ્યગ્જ્ઞાની છે ને? 'અષ્ટ પાહુડ'માં છે, હોં! એ **'गुरुपदेशमासाद्य'** શબ્દ છે ને? શ્લોક છે. અંદર આખો શ્લોક છે, જુઓ! આખો શ્લોક છે. **'ગુરુકે ઉપદેશકો પ્રાપ્ત કર સાવધાન હુએ...'** ખૂબી તો એ છે કે ગુરુનો ઉપદેશ મુખ્ય એવો હોય છે કે **'પ્રાણીઓકે દ્વારા ચિન્તવન કિયા ગયા યહ અનન્ત શક્તિવાલા આત્મા...'** ગુરુ એમ કહે છે અને એમ બતાવે છે કે તું આત્માનું જ ધ્યાન કર, શ્રદ્ધા, અનુભવ કર. એ એનો ઉપદેશ છે. એનાથી મુક્તિ ને એનાથી સંવર-નિર્જરા થાય એમ ગુરુનો ઉપદેશ જ આવો હોય. આ 'તત્ત્વાનુશાસન' છે. ઇ 'તત્ત્વાનુશાસન'ની ગાથા છે. કોણ છે? 'નાગસેનમુનિ' છે ને? 'નાગસેનમુનિ' ૧૯૬. આમાં આકડો નથી, આમાં ૧૯૬ છે જુઓ!

**'સમ્યક્ ગુરુકે ઉપદેશકો પ્રાપ્ત હુએ એકાગ્ર ધ્યાન મુક્તકે દ્વારા ધ્યાન કિયા જાતા હુઆ અનન્ત શક્તિયુક્ત અર્હન આત્મા મુક્તિ ઔર ભુક્તિ કો પ્રદાન કરતા હૈ.'** મુક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને ભુક્તિ. રાગ બાકી રહે એને ભુક્તિ-સ્વર્ગ મળશે. સંવર ને નિર્જરા-અંદર શુદ્ધ ભગવાનઆત્માની નિર્વિકલ્પ દૃષ્ટિ ને ધ્યાન કર્યું એનાથી મુક્તિ મળશે. કહો, સમજાય છે કાંઈ? **'યહાં અરહંતરૂપ આત્મ ધ્યાનકે બલસે મુક્તિ ઔર ભુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ એસા સુચિત કિયા ગયા હૈ. જિસકો મુક્તિકી ઔર જિસકો ભુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ વહ આગે બતલાયેંગે.'** ઇ તો અરહંત અને સિદ્ધનું ધ્યાન કહે છે. આગળ વ્યાખ્યા કરી છે. ઠીક છે, કહો, સમજાણું આમાં?

જુઓ! અહીં શું (કહે) છે? **'ગુરુકે ઉપદેશકો પ્રાપ્ત કર...'** વજન અહીં છે. 'તત્ત્વાનુશાસન'(ના રચયિતા) 'નાગસેનાચાર્ય' થયા છે. **'સાવધાન હુએ...'** ગુરુએ એને એમ કહ્યું, એમ બતાવ્યું કે તારો આત્મા આનંદકંદ શુદ્ધ છે તેનું ધ્યાન કર, એમાં સાવધાન થા, પુણ્ય-પાપના પરિણામની સાવધાની છોડી દે. આ..હા..! સમજાણું કાંઈ?

દિગંબર સંતો કે દિગંબર મુનિઓ કે કેવળજ્ઞાની પરમાત્મા-ધર્માત્મા જે સંત મુનિ સાચા હોય અથવા સાચા ગુરુ હોય તો તેમનો ઉપદેશ એ જ છે કે, આત્મામાં સાવધાન થાઓ. પુણ્ય-પાપનો વિકલ્પ છે એ તો રાગ-રાગ છે. રાગરહિત તારી ચીજ શુદ્ધ ચિદાનંદ છે તેમાં દૃષ્ટિ લગાવ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એમાં સાવધાન થાવ. એ ઉપદેશ ભગવાન સંતોનો, ગુરુઓનો, મુનિઓનો આ ઉપદેશ છે. સમજાય છે કાંઈ?

**'ગુરુકે ઉપદેશકો પ્રાપ્ત કર સાવધાન હુએ પ્રાણિઓંકે દ્વારા...'** સાવધાન થયેલા પ્રાણીઓ દ્વારા. જે આત્મા ગુરુનો ઉપદેશ સાંભળી (સાવધાન થયા). અને એ ઉપદેશ એમણે કર્યો કે, ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પ અને દેહ, વાણીથી રહિત એવા શુદ્ધ પ્રભુમાં તું ધ્યાન કર. તો એ તારો મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એવા પ્રાણીઓ દ્વારા **'ચિંતવન કિયા ગયા...'** કાંઈ ગુરુ દ્વારા ચિંતવ્યો નથી, કહે છે. એ ચિંતવન તો એણે કર્યું. ઉપદેશ (ગુરુએ) આપ્યો. અંતર ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય એનું લક્ષ કર, એનું ધ્યાન કર. એની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા કર.

એવા **'પ્રાણિયોં દ્વારા ચિંતવન કિયા ગયા યહ અનંત શક્તિવાલા આત્મા...'** જુઓ! ભગવાનઆત્મા તો અનંત શક્તિવાળો છે. અનંત અનંત શક્તિ છે. એક એક ગુણની અનંત શક્તિ, એવી અનંત ગુણની શક્તિ સંપન્ન પ્રભુ આત્મા છે. જેમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, અનંત સ્વસંવેદતા એવા અનંત અનંત ગુણો જેમાં-આત્મામાં પડ્યા છે, એવા શક્તિવાળા આત્માનું ચિંતવન કરવાવાળાને, એવા આત્માની એકાગ્રતા કરવાવાળાને. 'ચિંતવન' શબ્દે એકાગ્રતા. એકલા (વિચાર, વિકલ્પ) નહિ. એમ. **'ભુક્તિ ઔર મુક્તિ પ્રદાન કરતા હૈ.'** લ્યો! ધ્યાન કરતા કરતા કંઈક થોડો રાગ બાકી રહી જાય તો તેનાથી ભુક્તિ.. ભુક્તિ (અર્થાત્) સ્વર્ગનું સુખ (મળે છે). ॐ કારમાં પણ આવે છે ને? 'ॐ कार बिन्दु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनम्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


कामदं मोक्षदं चैव...' ત્યાં પણ બેય વાત લીધી છે. 'कामदं' જરી રાગ બાકી રાગ રહી જાય એનું સ્વર્ગ સુખ મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દોષનું ફળ સ્વર્ગ મળે.

ઉત્તર :– રાગનું ફળ સ્વર્ગ થયું. દોષ છે ને? દોષ. પણ ઇ અહીંયાં ધ્યાન કરતાં કરતાં અધૂરું ધ્યાન રહ્યું. જે રાગ વિકલ્પ ઉઠ્યો કે હું પૂર્ણ કરું... પૂર્ણ કરું... પૂર્ણ કરું... એવો વિકલ્પ (ઉઠ્યો), એ વિકલ્પમાં પુણ્ય બંધાય જાય, સ્વર્ગ મળે. અંતર આત્માના આનંદમાં એકાગ્ર થાય એટલી જ નિર્જરા ને સંવર થાય. કહો, સમજાણું કાંઈ?

સંવર-નિર્જરા. 'મોક્ષપાહુડ' ૧૨૧ (ગાથા). શું કહ્યું છે? જુઓ! **'ઇસ આત્માકો અરહંત ઔર સિદ્ધકે રૂપમેં ચિંતવન કિયા જાય તો યહ ચરમશરીરીકો...'** જુઓ! ભગવાનઆત્મા અરિહંત સ્વરૂપ છે, અરિહંત સ્વરૂપ છે અને સિદ્ધ સ્વરૂપ છે એવા આત્માને **'મુક્તિ પ્રદાન કરતા હૈ.'** ચરમશરીરી હોય તો. **'ઔર યદિ ચરમશરીરી ન હો તો ઉસે વહ આત્મ-ધ્યાનસે ઉપાર્જિત પુણ્યકી સહાયતાસે ભુક્તિ (સ્વર્ગ ચક્રવર્ત્યાદિકે ભોગોં)કો પ્રદાન કરનેવાલા હોતા હૈ.'** લ્યો! સમજાણું કાંઈ? પુણ્ય બાકી રહ્યું. 'તત્ત્વાનુશાસન'માં આવે છે ને? કેટલામી ગાથા છે? અરિહંતનું નહિ? અરિહંતનું ધ્યાન. પહેલા કહી ગયા હતા ને આપણે? અરિહંતનું ધ્યાન એ શક્તિમાં અરિહંત ન હોય તો ધ્યાન એનું... કેટલામી ? ખબર નથી ? કેટલામી ગાથા ઇ? પેલામાં અર્થ કર્યો હતો. એમાં છે? પાછળ. ૧૯૭ (ગાથા). મારું 'તત્ત્વાનુશાસન' ક્યાં ગયું? અરિહંતનું ધ્યાન કરવું. એનામાં અરિહંતપણું છે, શક્તિમાં અરિહંત છે એનું ધ્યાન કરે છે. અત્યારે ભગવાન અરિહંત શક્તિરૂપે આત્મા છે. પેલા કહે કે અરિહંત નથી ને અરિહંતનું ધ્યાન કરે તો ફોગટ થાય. નહિ.

**अथवा भाविनो भूताः स्वपर्यायास्तदात्मकाः।**
**आसते द्रव्यरूपेण सर्वद्रव्येषु सर्वदा।।१९२।।**
**ततोऽयमर्हत्पर्यायो भावी द्रव्यात्मना सदा।**
**भव्येष्वास्ते सतश्चाऽस्य ध्याने को नाम विभ्रमः।।१९३।।**

**'અથવા સર્વ દ્રવ્યોમેં ભૂત ઔર ભાવિ સ્વપર્યાયો તદ્દાત્મક હુઈ દ્રવ્યરૂપ સે સદા વિદ્યમાન રહતી હૈં.'** શિષ્યે પ્રશ્ન કર્યો કે, ભગવાન! અરિહંતનું ધ્યાન કરે તે તો મિથ્યા છે. આત્મા અરિહંત તો છે નહિ. સમજાણું કાંઈ? આત્મા અરિહંતનું ધ્યાન કરે તો આત્મા તો અરિહંત તો છે નહિ. (એ તો) મિથ્યા ધ્યાન થયું. તો કહે છે, નહિ. ખોટી વાત છે. આત્મા અરિહંત છે. કેમ છે જુઓ!

**'સર્વે દ્રવ્યોમેં ઉનકી ભૂત ઓર ભાવિ સ્વપર્યાયો દ્રવ્યરૂપ સે તદ્આત્મક હુઇ સદા સ્થિર રહતી હૈ.'** આત્મા અરિહંત થવાનો છે એ પર્યાય અંદર પડી છે. ૧૯૨ છે, હોં! જુઓ! અંદર ચિહ્ન કર્યું છે. પેલું પુસ્તક નથી આ બીજું છે. સમજાણું કાંઈ? આમાં મારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચિહ્ન તો કરેલા છે. **'भाविनो भूताः स्वपर्याया'** આ દ્રવ્ય ભગવાનઆત્મા અરિહંત અને સિદ્ધનું ધ્યાન કરે તો એ અરિહંત ને સિદ્ધની પર્યાય આત્મામાં પડી છે, અત્યારે પડી છે. સમજાણું?

મુમુક્ષુ :– પ્રગટ પડી છે?

ઉત્તર :– પ્રગટ નહિ, શક્તિરૂપે. પ્રગટ એટલે શક્તિરૂપે પ્રગટ જ છે, શક્તિરૂપે પ્રગટ જ છે. એટલે કે નથી એમ નહિ, એમ. શું કીધું? નથી એમ નહિ. છે... છે... છે. એનું પ્રગટપણું (છે). અંદર આત્મા એ અરિહંતનું ધ્યાન કરે છે. સમજ્યા? જુઓ!

**'ભાવિ અરહંત પર્યાય ભવ્ય જીવોમેં સદા વિદ્યમાન હૈ.'** અરિહંતનું ધ્યાન કરતાં પુણ્ય-પાપ વિકલ્પ નહિ. વસ્તુમાં અરિહંતપદ ને સિદ્ધપદ પર્યાયમાં પડ્યું છે. એ સત્‌રૂપ છે. સત્‌રૂપ છે, જુઓ ! ભાષા આવી. છે, અંદર છે. અરહંત ભગવાનની પર્યાય આત્મામાં અંદર વર્તમાન છે. સમજાય છે? **'અરિહંત પર્યાયકે ધ્યાનમેં વિભ્રમકા ક્યા લાભ? અપને આત્માકો અરિહંત સ્વરૂપમેં જાનનેમેં વિભ્રમકી કોઈ બાત હી નહીં.'** વિભ્રમ નથી, નિભ્રમ છે– ભ્રમ રહિત છે. ભગવાન હું જ અરિહંત છું, હું જ સિદ્ધ છું. મારી પર્યાયમાં અરિહંત, સિદ્ધપણું છે. બહારથી ચીજ આવતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનંતા સિદ્ધ નીકળે છે.

ઉત્તર :– અનંતા સિદ્ધ નીકળે છે. અનંતાનંત કેવળજ્ઞાનની પર્યાય (નીકળે છે). શું રાગમાં, પુણ્યમાં (એ) પર્યાય પડી છે? નિમિત્તમાં પડી છે? પોતાની એક સમયની પર્યાયમાં પડી છે? અરિહંત પદમાં–ધ્રુવમાં પડી છે. એમ કહે છે, જુઓ! સમજ્યા?

**'યહી ભ્રાન્તિકે અભાવકી બાત અપને આત્માકે સિદ્ધરૂપ ધ્યાનેકે સંબંધમેં ભી સમજની ચાહિએ. શંકા કા સમાધાન એક દૂસરી સિદ્ધાંત દૃષ્ટિસે કિયા ગયા હૈ. વહ યહ કિ સર્વ દ્રવ્યમેં ઉનકી ભૂત ઓર ભાવિ સ્વપર્યાયેં દ્રવ્યરૂપસે તદ્‌આત્મક હુઇ સદા સ્થિર રહતી હૈ, સદા સ્થિર રહતી હૈ.'** શાશ્વત શક્તિ અંદર અરિહંત સિદ્ધની પર્યાય આત્મામાં પડી છે.

મુમુક્ષુ :– આત્મામાં બંડલ વાળીને મુકી છે?

ઉત્તર :– હા, બંડલ વાળીને મુક્યું છે. ખોલે એટલી વાર છે. બંડલ આ કાગળના બંડલ એમ પણ નહિ. અંદર પડી છે પ્રગટ.. પ્રગટ સત્‌ સ્થિર, સદા સ્થિર શાશ્વત બિંબ અંદર અરિહંત સિદ્ધપદ પર્યાય આત્મામાં પડી જ છે.

**'દ્રવ્યસે ઉસકી સ્વપર્યાય કભી જુદી નહિ હોતી. ન દ્રવ્ય ભી સ્વપર્યાયસે કભી જુદા હોતા હૈ. ઇસ સિદ્ધાંતકે અનુસાર ભવ્ય જીવોમેં ભાવિ અરહંત પર્યાય દ્રવ્યરૂપસે તદ્‌આત્મક હુઇ સદા વિદ્યમાન હૈ. અથવા ભવ્ય આત્મામેં સદા સ્થિત, સત્‌રૂપ અરહંત પર્યાયકે ધ્યાનમેં વિભ્રમકી કૌનસી બાત હૈ?'**

મુમુક્ષુ :– ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ઇ બધી અંદર શક્તિ બધી પડી છે. બધી એકની એક વાત છે. કારણપરમાત્મા અરિહંત પદ પડ્યું છે, સિદ્ધપદ પડ્યું છે. અનંત છે. આત્મામાં અનંત સિદ્ધ પદ ભરેલા છે. અનંત સિદ્ધ પદ, અનંત કેવળજ્ઞાન પદ, અનંત કેવળદર્શન પદ આત્મામાં ભરેલું છે. બાકી શું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ ક્યાં ભ્રમણામાં ક્યાં આવે? એમ કહે છે. અહીં મફતનો રાડ પાડે છે એટલે કહે છે કે, અંદર જોવાને નવરો થતો નથી. કાં તો શરીરનો રોગ ને કાં તો પાપના પરિણામ ને કાં તો પુણ્યના પરિણામ જોવામાં રોકાઈ ગયો છે. હું અંદર કોણ છું? ખબર નથી. સમજાણું કાંઈ?

**'જહાં દ્રવ્યકી જિન સ્વપર્યાયોંકા ઉલ્લેખ હૈ વે દ્રવ્યાંતરકે સંયુક્ત બિના હી સ્વભાવસે હોનેવાલી વસ્તુ પ્રદેશ પિંડકે રૂપમેં... વસ્તુ પ્રદેશ પિંડકે રૂપ મેં સ્વભાવિક દ્રવ્ય પર્યાય હૈ. ઇનકે વિપરીત જો દ્રવ્યાંતરસે સ્વયંસે ઉત્પન્ન હોનેવાલી પ્રદેશ પિંડરૂપ પર્યાય હોતી હૈ ઉન્હેં વિભાવિક દ્રવ્યપર્યાય કહતે હૈં.' વિકાર આદિ. 'યે જીવ ઔર પુદ્ગલ દોનોં દ્રવ્યમેં હોતી હૈ.'** સંયોગ પર્યાય હોતી હૈ ઉનકા દ્રવ્ય મેં **'સદા અસ્તિત્વ નહીં રહતા.'** પેલી વિકારી. એમ કહે છે. **'ઇસકે લિએ'** મૂલ મેં **'સર્વદા સત્' ઐસે પદાર્થકા પ્રયોગ કિયા ગયા હૈ.'** નવી ઉત્પન્ન થાય છે ને એટલે ઇ રીતે (કહ્યું છે). એની ટીકા છે. પણ પાઠમાં છે, જુઓને! ભગવાનઆત્માની જેટલી શુદ્ધ પર્યાય પ્રગટ (થાય છે એ) બધી અંદર પડી છે. ત્રણકાળમાં ક્યાંય બહારથી આવવાની નથી. નહિતર એને દ્રવ્ય જ કહેવામાં ન આવે. સમજાણું?

અહીં પણ એ કહ્યું. જુઓ! સમજાણું? શું કહ્યું? જુઓ! આમાં શું કહ્યું? જે પુરુષ મોટો ભાર લઈને એક દિવસમાં સો યોજન જાય તો ભુવનતળમાં આઠ કોસ સુધી શું કામ ન જાય? એ આમાં આવી ગયું ને? **'શ્લોકકી નીચેકી પંક્તિમેં ઉપરલિખિત ભાવકો દૃષ્ટાન્ત દ્વારા સમજાતે હૈં :–'** એ વાત જે હવે કહેશે એનો દાખલો આમાં 'મોક્ષ પાહુડ'માં ૨૧ (ગાથામાં) આવશે. ૨૧ માં એ દાખલો આવશે. જે સો યોજન ચાલવાની શક્તિ છે એને અડધું યોજન કાપવું શું? એમ આત્માના પુરુષાર્થથી અંદર ઉગ્રથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે અને મોક્ષની તૈયારી છે એને હવે સ્વર્ગમાં જવું હોય તો કેટલું? એ તો વચમાં આવ્યા વિના રહે નહિ. એનો પુરુષાર્થ સ્વભાવ ઉપર છે. બાકી રાગ રહે છે તો એ સ્વર્ગમાં જાય છે, એની કાંઈ વિશેષતા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૧૧, ગુરુવાર**
**તા. ૧૭-૦૩-૧૯૬૬**
**ગાથા-૪ થી ૬. પ્રવચન નં. ૩**

'પૂજ્યપાદસ્વામી' પહેલા થયા છે. એમણે 'ઇષ્ટોપદેશ' રચ્યું. ગાથા ચોથી ચાલે છે ને? ચોથીનું થોડું નીચે છે, જુઓ! **'શ્લોકકી નીચેકી પંક્તિમેં ઉપરિલિખિત ભાવકો દૃષ્ટાન્ત દ્વારા સમજાતે હૈં :–'** શું કહે છે એમાં જરી, કે આ આત્મા છે ને આત્મા. સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમેશ્વરે જે આ આત્મા છે એ ભગવાને જોયો છે એ આત્મા તો આનંદ અને શુદ્ધોપયોગ જ્ઞાનમય આત્મા છે. સમજાય છે કાંઈ? આત્મા જેને કહીએ એ તો **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।'** ('સમયસાર' ગાથા-૨૪). સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આત્માને જ્ઞાન અને આનંદમય જોયો છે. આ શરીર, વાણી, મન તો બધા જડ માટી છે. પુણ્ય-પાપના ભાવ થાય એ આસ્રવ છે, વિકાર છે, આસ્રવતત્ત્વ છે. ભગવાનઆત્મા ભગવાને જોયો એ તો શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

(અહીંયાં) કહે છે કે, એનું જે ધ્યાન કરે અંતર દૃષ્ટિ ને જ્ઞાન (કરે) એને મુક્તિ મળે. અને એને સ્વર્ગ (મળવું) તો સહેલું છે એમ કહે છે. જે સો કોષ, ભારને સો ગાઉ લઈ જવાની તાકાત છે એ ભારવાહકને અડધો જોજન કે અડધો મણ લઈ જવું એ તો સહેલું છે. શું કીધું સમજાણું? સો મણ ભાર ઉપાડીને એક દિવસમાં ચાલ્યો જાય એને એક અડધા કલાકમાં, પા કલાકમાં અધમણ ઉપાડવું એ તો સહેલું છે.

એમ જેને આત્માના શુદ્ધ સ્વરૂપ આનંદમૂર્તિ આત્મા, આત્મામાં આનંદ શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ ને ધ્યાન કરતાં શુદ્ધતા સંવર-નિર્જરા થાય અને એને મુક્તિ મળે. પણ એ મુક્તિ મળ્યા પહેલા એને સાધારણ સ્વર્ગનું સુખ તો વચમાં આવે. કેમકે આત્માનું જે ધ્યાન કરતાં ગુણ-ગુણીના ભેદના વિકલ્પો ઉઠે અથવા અરિહંત ને સિદ્ધ પરમેશ્વર આમ કહે છે, આમ આત્માને (કહે છે) એવો જે વિકલ્પ ઉઠે એવા વિકલ્પમાં એને પુણ્ય બંધાય જાય. સમજાણું કાંઈ? તો સ્વર્ગ તો એને સાથમાં મળે જ. સો કળશી અનાજ થાય એને સો ગાડા ખડ થાય જ. અનાજ પાકે ને ખડ ન થાય એમ બને? હજી ખડ થયા હોય અને અનાજ ન હોય. તમારામાં ખડ કહે છે કે શું કહે છે? છપ્પનીયામાં આપણે થયું હતું ને? છપ્પનીયામાં બાંટા થયા હતા બાંટા. અનાજ નહોતું થયું, અનાજ ન પાક્યું પણ પાંચ-છ ઈંચ વરસાદ આવ્યો હતો. (સંવત) ૧૯૫૬-૫૬. ત્યારે તો દસ વર્ષની ઉંમર હતી. ૧૯૫૬ માં પણ ખબર હતી કે આ અનાજ પાક્યું નથી. પણ પાંચ-છ ઇંચ વરસાદ આવેલો એટલે થોડું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખડ પાક્યું, ખડ. પણ જ્યાં અનાજ પાકે ત્યાં ખડ પાકે નહિ એમ બને? ન બને.

એમ જેને આત્માની શ્રદ્ધા ને ભાન વિના વ્રત આદિ પાળે તો એનાથી પુણ્ય બંધાય તો એને સ્વર્ગ આદિ મળે–એકલું ખડ મળે, ખડ. સમજાણું કાંઈ? ઇ સાંભળ્યા હતા, ભાઈ! એ વખતે, હોં! કે બાંટા થયા છે એવું તે દિ' સાંભળતા હતા. તે દિ' દસ વર્ષની ઉંમર હતી. ૧૯૫૬ ની સાલ. લોકો કહેતા. એ.. 'ભગવાનભાઈ!' ૬૬ વર્ષ પહેલાની વાત છે. ત્યારે કહેતા કે, વરસાદ બહુ થોડો છે એટલે અનાજ પાક્યું નથી પણ થોડુ ઘણું ખડ થયું છે રીતસરનું, રીતસર. બહુ નહિ પાછું. સાધારણ બાંટા કહેતા.

એમ આત્માના ધ્યાન વિના, ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ કહે છે એવો આ આત્મા એની અંતર સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના એકલા વ્રત આદિ પાળે, પૂજા તથા ભક્તિ આદિ કરે (તો) પુણ્ય બંધાય જાય. ખડ થાય, ખડ. એને મોક્ષ ન મળે, એને અનાજના કણસલા પાકે નહિ. 'વસંતલાલજી!' આ છપ્પનીયામાં ભાઈ! વરસાદ નહોતો, પછી ૧૯૫૭માં બહુ વરસાદ હતો. પછી ૧૯૫૭માં ઘણો વરસાદ હતો. ધાનનું બહુ ખ્યાલ નથી. આપણું બહું ધ્યાન નહિ ને. ભણવા વખતનું ધ્યાન હતું. બહુ વરસાદ થયો પણ ત્યારે નાની ઉંમર (અને) બહુ ધ્યાન કાંઈ નહિ, આપણે ભણવામાં ધ્યાન હોયને ત્યારે તો? અગિયાર વર્ષનો. ૧૯૫૭ની સાલ. અનાજ પણ એટલું (થાય) અને ખડ પણ એટલું (થાય).

એમ આત્મામાં સુકાળ પાકે. આહાહા..! આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદ સ્વરૂપ દુઃખ રહિત, વિકાર રહિત, શરીર-કર્મ રહિત એવો આત્મા, એની જેને અંતર સમ્યગ્દર્શનની આત્મ ભક્તિ થઈ, આત્મભક્તિની વાત છે. 'જમુભાઈ'! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહેલો આત્મા, હોં! એ સિવાય અજ્ઞાનીઓ આત્મા કહે કે આવો આત્મા, આત્મા એ નહિ. સર્વજ્ઞ પ્રભુ વીતરાગદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવા પરમેશ્વરની વાણીમાં જે આત્મા આવ્યો એવા આત્માને જાણે અને અનુભવે તેને સમ્યગ્દર્શન થાય. એ ભક્તિ થાય. 'જમુભાઈ!' આહાહા..!

કહે છે કે, અરે..! જેને આત્માની ભક્તિ એટલે દૃષ્ટિ ને સમ્યગ્દર્શન નથી એવા એકલા વ્રત આદિ, તપ આદિ ક્રિયા કરે (તો) શુભભાવથી એને સ્વર્ગ આદિ મળે પણ પાછું એમાં સુખ માને. મિથ્યાદૃષ્ટિ તો સ્વર્ગમાં સુખ માને, ધૂળમાં સુખ માને.

મુમુક્ષુ :– માનવું જ પડે ને!

ઉત્તર :– શું માને? ધૂળ. એ.. 'જેચંદભાઈ! !' કહે છે, માનવું પડે ને! એમ કહે છે. ધૂળમાં પણ સુખ નથી. સ્વર્ગમાં સુખ છે? આ હમણા આગળ વધારે કહેશે. સ્વર્ગમાં પણ નથી અને આ ધૂળમાં પાંચ-પચાસ લાખ પૈસા એમાં પૈસામાં–ધૂળમાં સુખ છે? મમતામાં મૂઢ થઈને માને છે. અહીં વાસના કહેશે.

આત્મામાં આનંદ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા શાશ્વત આનંદની મૂર્તિ આત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મામાં આનંદ છે. એની આનંદની ખબર નથી. ભગવાન તો આત્મામાં આનંદ કહે છે અને આ માને છે કે પૈસામાં ને ધૂળમાં ને બાયડીમાં ને આ સ્વર્ગમાં (સુખ છે). એય! 'દેવાનુપ્રિયા'! આ તમારા વતી દલીલ કરે છે. હાય..! હાય...! શું કરવું શું? આમ જુઓને તમારી ભાભીને કાલે પૂછ્યું હતું, કેમ છે બેન? એ શરીર એનું કામ કર્યા કરે. એવો જવાબ પણ તમારો સરખો નથી આવતો. કાલે ભાઈ! બેન પાસે ગયા હતા ને? માંદા છે ને? 'મણિભાઈ'ના વહુ. ત્યાં ગયા હતા. ત્યાં આવ્યા હતા. કેમ છે બેન? (તો કહ્યું) ઇ તો એનું કામ કર્યા કરે. આ શરીર માટી છે, જડ પુદ્ગલ છે. ઇ પુદ્ગલ અજીવ તત્ત્વ છે. તો અજીવ તત્ત્વની દશા અજીવથી થયા કરે છે. શું આત્માને આધીન છે? (નહિ.) આત્માને રાખે તો રહે એમ છે આ?

મોટા મહારાજા, રાજા ઘણા એના રખવાળા હોય. દેવને ઘણા રખવાળા હોય, લ્યોને! આયુસ્થિતિ પૂરી થાય તો ફટ દઈને દેહ છૂટી જાય. ઇ છુટી જાય. અહીં ક્યાં આત્મા હતો? આ તો માટી–ધૂળ છે. અજીવ તત્ત્વ છે. એને સંભાળ કરે રહેતા હશે? 'મોહનભાઈ!' કેમ હશે? ધ્યાન રાખજો! આ ટાંગો તૂટી ગયો. આમ ટાંગો થઈ ગયો. ત્રણ દિ' તો અસાધ્ય થઈ ગયા હતા. પુદ્ગલ છે, બાપુ! આ તો અજીવ છે, ભાઈ! તું તો આત્મા છો. આત્મા તો જ્ઞાન અને આનંદ છે. એનામાં એની ભક્તિ કર્યે, એની શ્રદ્ધા કર્યે તો સંવર થાય, નિર્જરા થાય, મુક્તિ થાય અને વચ્ચે ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ (ઉઠે કે) પરમેશ્વરે આત્મા આવો કહ્યો છે. એવું પહેલું સ્મરણ આવે એવા વિકલ્પમાં પુણ્ય બંધાય જાય. કે જે પુણ્યમાં એને સ્વર્ગ તો સહેજે મળી જાય. પણ એ સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિ–ધર્મી સુખ માનતો નથી. આહાહા..! અરે..! કાંઈ ખબર ન મળે.

આ મનુષ્ય દેહ અનંતકાળે માંડ મળ્યો. એમાં શું કરવાનું છે એ સમજે નહિ અને એમ ને એમ કષાય કરીને કષાય રાગ-દ્વેષ કરીને હોળી (સળગાવીને) ભીખારી ચાલ્યા જાય. જેમ ગલુડીયા મરે; ગલુડીયા સમજાય છે? કુત્તિકા બચ્ચા. એમ આ ગલુડીયા (પાસે) પાંચ-દસ લાખ રૂપિયા હોય, ધૂળ જેવા ગલુડીયા જેવા ભીખારી થઈને મરીને ચાલ્યા જાય. 'મલૂપચંદભાઈ! !'

અહીં કહે છે, **'દેખો જો ભારકો ઢોનેવાલા અપને ભારકો દો કોસતક આસાની ઔર શીઘ્રતાકે સાથ લે જા સકતા હૈ,...'** છે દાખલો? દાખલો આપે છે. ભારને લેનારો મજુર જે ભારને બે કોષ સુધી સહેલાઈથી, સહેજે સહેજે શીઘ્રતાથી, ઉતાવળથી આમ લઈ જાય છે. **'તો ક્યા વહ અપને ભારકો આધા કોસ લે જાતે હુએ ખિન્ન હોગા?'** એને એક અડધો કોસ લઈ જવામાં શું ખેદ થશે? લઠ જેવું શરીર હોય ને બે મણ, અધ મણ માથે ઉપાડવું હોય તો હરેરાટ ચાલ્યો જોય એ તો, દોડતો ચાલ્યો જાય. સમજાય છે?

**'ભારકો લે જાતે હુએ ખિન્ન ન હોગા.'** ભારને ઉપાડવાથી ખેદ કરશે નહિ. આ દૃષ્ટાંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(થયો). **'બડી શક્તિકે રહને યા પાયે જાનેપર...'** જ્યાં ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, શુદ્ધોપયોગની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રમાં રમતો હોય એટલી જેને પુરુષાર્થની તાકાત છે (તેને) **'અલ્પ શક્તિકા પાયા જાના તો સહજ (સ્વાભાવિક) હી હૈ.'** એમાં સ્વર્ગનો પુરુષાર્થ તો સાધારણ અંદર આવી જાય છે. ઓહોહો..! સમજાણું કાંઈ? શુદ્ધોપયોગનો પુરુષાર્થ જ્યાં તાકાત અંદર આત્મા ધરાવે છે, મૂળ તો એમ કહે છે, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ પરમેશ્વરે કહી ને જોઈ ને જાણી. એમ જેણે અંતરમાં આત્માને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એવો શુદ્ધોપયોગનો આચરણ પર્યાય પ્રગટ કર્યો એને કહે છે કે, શુભ ઉપયોગરૂપી આચરણ તો વચ્ચે સાધારણ હળવો માર્ગ તો આવ્યા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'જમુભાઈ!'

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હવે ઇ ભાઈ તો જોડી સાથે જ પડ્યો હોય. કીધું ને. એને બોલાવવા ન પડે.

કહે છે, ભારનો લેનારો બે ગાઉમાં... સમજાય છે? જે ભાર લઈ જાય તે પણ શીઘ્રતાથી આમ દોડતા લઈ જાય. એ આશાનીથી અને શીઘ્રતા બે. આશાનીથી એટલે સુખે સુખે અને શીઘ્રતા એટલે ઉતાવળથી એકદમ લઈ જાય. એને કાંઈ ભાર ન લાગે. તો શું તેને અડધો કોષ લઈ જવામાં ખેદ થશે. નહિ. એમ **'બડી શક્તિકે રહને યા પાયે જાનેપર અલ્પ શક્તિકા પાયા જાના તો સહજ (સ્વાભાવિક) હી હૈ.'** ભગવાનઆત્મા, એની આત્માની ભક્તિ. જેને અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન જાગ્યું એ આત્માની ભક્તિ થઈ. એને પરમેશ્વરની ભક્તિનો શુભરાગ આવે છે, ગુણ-ગુણી ભેદનો રાગ હોય છે. પરમેશ્વર આમ કહેતા, આ આત્માનું સ્વરૂપ ભગવાને આમ કહ્યું છે કે કેવળજ્ઞાન આમ પમાય છે એવા વિકલ્પો ધર્મી જીવને આત્માના અંતર પુરુષાર્થ કરવામાં આવો વિકલ્પ આવે છે. એ વિકલ્પમાં એને સાધારણ પુણ્ય બંધાય અને સ્વર્ગ તો સહેજે મળી જાય છે. મોક્ષ જેને મળવો સહેલો છે પછી સ્વર્ગ મળવું તો ક્યાં મોંઘુ છે? કહે છે. સમજાણું કાંઈ? **'સહજ (સ્વાભાવિક) હી હૈ.'** એનો દોહો કર્યો (છે), લ્યો!

**दोहा - आत्मभाव यदि मोक्षप्रद, स्वर्ग है कितनी दूर।**
**दोय कोस जो ले चले, आध कोस सुख पूर।।४।।**

**'આત્મભાવ યદિ મોક્ષપ્રદ...'** ભગવાનઆત્મા, એના અંતર શુદ્ધ આનંદ સ્વરૂપની દૃષ્ટિ કરતાં, જ્ઞાન કરતાં જેને મોક્ષપ્રદ જ્યાં સહેલું છે. **'આત્મભાવ યદિ મોક્ષપ્રદ'** આત્માના શુદ્ધ સ્વભાવના ઉપયોગથી, દૃષ્ટિથી, જ્ઞાનથી એને મોક્ષપ્રદ તો સહેલું–સહેલું છે. તો **'સ્વર્ગ હૈ કિતની દૂર.'** મોક્ષ જનાર આત્માર્થી, આત્મ ભક્તિવાળાને સ્વર્ગ તો વચમાં સાધારણ આવશે. કહો, 'વસંતીલાલજી!' સમકિતી જીવ મરીને સ્વર્ગમાં જ જાય. આત્માના શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાન, ભગવાન કહે છે તેવી દૃષ્ટિ કરે એ જીવ મરીને અત્યારે સ્વર્ગમાં જ જાય. અત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાન છે નહિ. સમજાય છે કાંઈ?

આત્માની જેને શ્રદ્ધા ને ભાન કર્યા છે તે (સ્વર્ગમાં જ જાય). ભાન કર્યા વિના એકલા અજ્ઞાનીઓ વ્રત ને તપ ને ક્રિયા-કાંડ, દાન, દયા આદિ કરે તો એ થોડું ખડ બાંધે, સાધારણ સ્વર્ગ જાય. એને ધર્મ થાય નહિ, એને મુક્તિ થાય નહિ, એને સંવર-નિર્જરા થાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જેને **'આત્મભાવ યદિ મોક્ષપ્રદ,'** ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય બિરાજમાન પ્રભુ આત્મા પોતે છે આ આત્મા. ચૈતન્યનો સૂર્ય! એવા ચૈતન્યની જેણે ભક્તિ કરી ને વિકારની ભક્તિ દૃષ્ટિમાંથી છોડી દીધી. શું કીધું સમજાણું? એણે શુભભાવ આવે એની ભક્તિ છોડી દીધી છે. શુભભાવ આવે ખરો (પણ) રુચિ છે નહિ. અજ્ઞાનીને શુભભાવ આવે એમાં રુચિ છે. શુભભાવ થાય એમાં રુચિ છે કે અમે પુણ્ય બાંધશું ને અમે સ્વર્ગમાં જાશું ને અમે પછી અવતાર લેશું તો પછી માણસ થાશું, શેઠીયા થાશું પછી ભગવાન પાસે જાશું. સમજાય છે કાંઈ? એને આત્માનું ભાન નથી.

ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને તો આત્માનું ભાન છે. અરે..! હું આત્મા છું ને! મારો તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે ને! મારો આનંદ ક્યાંય બહારમાં નથી. ભલે ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો, હજારો રાણીઓ હો. સંસારમાં તીર્થંકર ભગવાન 'અરનાથ', 'કુંથુનાથ', 'શાંતિનાથ' ચક્રવર્તી હતા ને? છન્નુ હજાર રાણીઓ હતી. અંતરમાં આનંદ માનતા. પરમાં નથી. આનંદ તો મારામાં છે. આ જરીક આસક્તિનો રાગ આવે છે. એ દુઃખ છે... દુઃખ છે... દુઃખ છે. સમજાણું કાંઈ ? આહાહા..!

કહે છે, **'આત્મભાવ યદિ મોક્ષપ્રદ, સ્વર્ગ હૈ કિતની દૂર.'** એને સ્વર્ગ જાવું એ કેટલું દૂર પડે? એ તો તદ્દન નજીકમાં હોય છે. **'દોય કોસ જો લે ચલે, આધ કોસ સુખ પૂર.'** સુખ પૂર.

**'ઇસ પ્રકારસે આત્મ-શક્તિકો જબ કિ સ્વર્ગ-સુખોંકા કારણ બતલા દિયા ગયા...'** આત્મ શક્તિને (કારણ) બતાવ્યું છે એનો અર્થ શું? કે આત્માની ભક્તિનો સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન થતાં અંદર હજી શુભરાગ આવ્યા વિના (રહેતો નથી). આત્મા છે. જ્યારે ધ્યાન કરવા બેસે, પહેલું ભાન તો થયું હોય, પણ જ્યારે સ્થિર થવા બેસે ત્યારે એને (વિકલ્પ આવે) કે આ આત્મા (છે), આ ચિદાનંદ છે, આ શુદ્ધ છે, પૂર્ણ છે, આ સામાન્ય છે. એવો જે વિકલ્પ ઉઠે છે એ આત્મધ્યાનીને એવા વિકલ્પમાં સ્વર્ગનું સાધન થઈ ગયું છે. એ શુભરાગ સ્વર્ગનું સાધન થાય છે. સમજાણું? **'તબ શિષ્ય પુનઃ કુતૂહલકી નિવૃત્તિકે લિયે પૂછતા હૈ કિ 'સ્વર્ગમેં જાનેવાલોંકો ક્યા ફલ મિલતા હૈ?''** સમજાણું ? **'આચાર્ય ઇસકા સ્પષ્ટ રીતિસે ઉત્તર દેતે હુએ લિખતે હૈં–'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



आचार्य इसका स्पष्ट रीतिसे उत्तर देते हुए लिखते हैं -

हृषीकजमनातङ्क दीर्घकालोपलालितम्।
नाके नाकौकसा सौख्यं, नाके नाकौकसाभिव।।५।।

अर्थ :- स्वर्गमें निवास करनेवाले जीवोंको स्वर्गमें वैसा ही सुख होता है, जैसा कि स्वर्गमें रहनेवालों (देवों) को हुआ करता है, अर्थात् स्वर्गमें रहनेवाले देवोंका ऐसा अनुपमेय (उपमा रहित) सुख हुआ करता है कि उस सरीखा अन्य सुख बतलाना कठिन ही है। वह सुख इन्द्रियोंसे पैदा होनेवाला आतंकसे रहित और दीर्घ कालतक बना रहनेवाला होता है।

विषदार्थ :- हे बालक! स्वर्गमें निवास करनेवालोंको न कि स्वर्गमें पैदा होनेवाले ऐकेन्द्रियादि जीवोंको। स्वर्गमें, न कि क्रीड़ादिकके वशसे रमणीक पर्वतादिकमें ऐसा सुख होता है, जो चाहनेके अनन्तर ही अपने विषयको अनुभव करनेवाली स्पर्शनादिक इन्द्रियोंसे सर्वांगीण हर्षके रूपमें उत्पन्न हो जाता है। तथा जो आतंक (शत्रु आदिकोंके द्वारा किये गये चित्तक्षोभ)से भी रहित होता है, अर्थात् वह सुख राज्यादिकके सुखके समान आतंकसहित नहीं होता है। वह सुख भोगभूमिमें उत्पन्न हुए सुखकी तरह थोड़े कालपर्यन्त भोगनेमें आनेवाला भी नहीं है। वह तो उल्टा, सागरोपम कालतक, आज्ञामें रहनेवाले देव देवियोंके द्वारा की गई सेवाओंसे समय समय बढ़ा चढ़ा ही पाया जाता है।

`स्वर्गमें निवास करनेवाले प्राणियोंका (देवोंको) सुख स्वर्गवासी देवोंके समान ही हुआ करता है।' इस प्रकारसे कहने या वर्णन करनेका प्रयोजन यही है कि वह सुख अनन्योपम है। अर्थात् उसकी उपमा किसी दूसरेको नहीं दी जा सकती है। लोकमें भी जब किसी चीज़की अति हो जाती है, तो उसके द्योतन करनेके लिए ऐसा ही कथन किया जाता है, जैसे `भैया! राम रावणका युद्ध तो राम रावणके युद्ध समान ही था। रामरावणयोर्युद्धं रामरावणयोरिव।'

अर्थात्, इस पंक्तिमें युद्ध सम्बन्धी भयंकरताकी पराकाष्ठाको जैसा द्योतित किया गया है। ऐसा ही सुखके विषयमें चाहिये।।५।।

दोहा - इन्द्रियजन्य निरोगमय, दीर्घकाल तक भोग्य।
स्वर्गवासि देवानिको, सुख उनही के योग्य।।५।।

शंका :- इस समाधानको सुन शिष्यको पुनःशंका हुई और वह कहने लगा- `भगवन्! न केवल मोक्षमें, किन्तु यदि स्वर्गमें भी, मनुष्यादिकोंसे बढ़कर उत्कृष्ट सुख पाया जाता है, तो फिर `मुझे मोक्षकी प्राप्ति हो जावे' इस प्रकारकी प्रार्थना करनेसे क्या लाभ?'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



हृषीकजमनातङ्क दीर्घकालोपलालितम्।
नाके नाकौकसा सौख्यं, नाके नाकौकसामिव।।५।।

**'અર્થ :– સ્વર્ગમેં નિવાસ કરનેવાલે જીવોંકો સ્વર્ગમેં વૈસા હી સુખ હોતા હૈ, જૈસા કિ સ્વર્ગમેં રહનેવાલેં (દેવોં) કો હુઆ કરતા હૈ,...'** એમ કહે છે કે, દેવને દેવ જેવું સુખ છે. એટલે કે ઇન્દ્રિયજન્યના સુખવાળાને ઇન્દ્રિયજન્ય સુખ (છે), મૂળ તો એમ કહેવું છે, ભાઈ! આત્માનું જે અતીન્દ્રિય સુખ છે એવું દેહમાં સુખ નથી. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આત્માનું સુખ છે. આત્મા મન ને વાણી ને રાગથી ભિન્ન પાડી અને જે આત્માનો અતીન્દ્રિય આનંદ આવે એવો અતીન્દ્રિય આનંદ સ્વર્ગમાં નથી, સ્વર્ગની સુખની દશામાં (નથી). સમજાણું કાંઈ? સ્વર્ગમાં જાય તો સુખ કેવું થાય? એમ પૂછે છે. કે એના જેવું થાય. ઉપમા આપવી છે. શું આપવી? અતીન્દ્રિય સુખ તો ત્યાં નથી. આ ઇન્દ્રિયજન્યવાળાને ઇન્દ્રિયજન્ય સુખ મળે. આહાહા..!

**'અર્થાત્ સ્વર્ગમેં રહનેવાલે દેવોંકા ઐસા અનુપમેય (ઉપમારહિત) સુખ હુઆ કરતા હૈ...'** જરીક મનુષ્ય કરતાં એના સુખનું વર્ણન વધારે કરે છે. **'(ઉપમારહિત) સુખ હુઆ કરતા હૈ...'** એને ઉપમા નથી. સ્વર્ગના જીવને એટલું સુખ છે. **'ઉસ સરીખા અન્ય સુખ બતલાના કઠિન હી હૈ.'** એના જેવું સુખ બીજા ઇન્દ્રિયોમાં, મનુષ્યપણામાં છે નહિ. મનુષ્યપણાની અપેક્ષાએ વાત છે, હોં! અતીન્દ્રિય સુખની અપેક્ષાએ વાત નથી. ઇન્દ્રિયસુખ જે મનુષ્યપણામાં છે એના કરતાં દેવનું સુખ (અધિક છે). ઘણા શુભભાવ થયા હોય છે ને? શુભભાવ. અશુભભાવ કરે તો પાપ બાંધે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપ (પરિણામ છે) અને આ પુણ્ય શુભભાવ થાય તો એમાં પુણ્ય બાંધે. શુદ્ધોપયોગ કરે તો એમાં નિર્જરા ને મુક્તિનું કારણ થાય. સમજાણું કાંઈ? તો કહે છે, એનું સુખ તો (એવું છે કે તેને) ઇન્દ્રિયના મનુષ્યના સુખની ઉપમા ન આપી શકાય, એમ કહે છે. આ ઇન્દ્રિયના સુખની ઉપમા, હોં! ત્યાં અતીન્દ્રિય સુખ તો છે જ નહિ. અને **'ઉસ સરીખા અન્ય સુખ બતલાના કઠિન હી હૈ.'** કારણ કે ઇન્દ્રિયનું સુખ સ્વર્ગને મળે એવું બીજે મનુષ્યપણામાં નથી.

**'વહ સુખ ઇન્દ્રિયોંસે પૈદા હોનેવાલા આતંકસે રહિત...'** એનામાં વિઘન નથી. સ્વર્ગના સુખને વિઘન નથી. અહીં તો વિઘન આવે. રાજ આદિના સુખ હોય તો બીજો રાજા આવીને નડે, શત્રુ નડે, વીર નડે. ખુલાસો કરશે, હોં! **'આતંકસે રહિત ઔર દીર્ઘ કાલતક બના રહનેવાલા હોતા હૈ.'** સ્વર્ગમાં સુખ તો સાગરોપમ સુધી રહે. સાગરોપમ! એક સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. સમજાણું? પલ્યોપમ ને સાગરોપમ સાંભળ્યું છે કે નહિ? નથી સાંભળ્યું? પૈસામાં સાંભળ્યું છે? ભગવાન પરમેશ્વર કહે છે કે, ઘણાને સ્વર્ગમાં સુખ સાગરોપમનું હોય. સાગર એટલે દરિયો. દરિયાના જેમ બિંદુનો પાર નહિ એમ આ વર્ષનો એને પાર નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલું પુણ્ય બંધાય અને સ્વર્ગમાં જાય. અને એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય) અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય.

પહેલો દેવલોક છે ને? સુધર્મ દેવલોક. આ ચંદ્ર, સૂર્ય તો જ્યોતિષ છે. ઉપર સુધર્મ દેવલોક છે. દેવલોકના નામ આવડે છે કે નહિ? 'ભગવાનભાઈ!'?. ખામણામાં આવે છે. તમારે આવે છે કે નહિ? પહેલું સુધર્મ દેવલોક, બીજું ઇશાન દેવલોક. નામ તો આવે ખામણામાં. કોણ જાણે શું હશે? સમજાણું કાંઈ? પહેલું સુધર્મ દેવલોક છે. ત્યાં બત્રીસ લાખ વિમાન છે. એનો ઇન્દ્ર–શક્રેન્દ્ર સાહેબ એનો નાથ–રાજા છે. ઇન્દ્ર છે, એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે અને એની ઇન્દ્રાણી પણ એક ભલે મોક્ષ જનારી છે, અત્યારે છે. સુધર્મ, ઇશાન ઇન્દ્ર આદિ એકાવતારી જીવો છે. સુધર્મની જે રાણી–દેવી છે એ પણ એકાવતારી છે. બેય ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. અત્યારે શક્રેન્દ્ર સુધર્મ દેવલોકમાં છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્માના ભક્ત છે અને ભગવાનના ભક્ત છે. બેય આત્માના ભગત છે અને આમ ભગવાનના ભગત છે. ભગવાનના પણ ભગત છે. એક સુધર્મ દેવલોકના એક ભવમાં મહાવિદેહના અસંખ્ય તીર્થંકરના એ જન્મ મહોત્સવ ને કેવળ મહોત્સવ કરે. મહાવિદેહના, હોં! અહીંનું નહિ. અહીં તો એક દસ ક્રોડાક્રોડી સાગરોપમમાં એક ચોવીસી થાય. એક ચોવીસીમાં એવા તો ઘણા ઇન્દ્રો થઈ જાય. પણ ત્યાં બે સાગરની સ્થિતિ છે. આત્માની ભક્તિ છે અને ભગવાનની ભક્તિ (છે). ભગવાન પાસે જાય. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન જન્મે. મહાવિદેહમાં અત્યારે 'સીમંધર' પરમાત્મા તીર્થંકરપણે સમવસરણમાં બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય, પાંચસો ધનુષ્યનો દેહ (છે). જમીન ઉપર મનુષ્યપણે બિરાજમાન છે. સમવસરણ (છે). ઇન્દ્રો ત્યાં જાય છે. એ ઇન્દ્રના એક ભવમાં અસંખ્યાતા એવા તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળ ને નિર્વાણ મહોત્સવ કરે. એવી ભક્તિનો શુભભાવ હોય અને આત્મ ભક્તિ પણ સાથે છે. ત્યાં સ્વર્ગમાં એને બેય છે. સમજાણું કાંઈ?

આ તો ભક્તિ કરીને ગયા છે. આત્માની ભક્તિ–અનુભવ દૃષ્ટિ કરીને સ્વર્ગમાં ગયા છે. એના શુભભાવનું ફળ મોટું બબ્બે સાગરનું આખું (આયુષ્ય છે). એ સુખ તો... આગળ કહેશે, હોં! વાસના. અજ્ઞાનીએ માન્યું. જ્ઞાની એને (સુખ) માને નહિ. ઇ કહેશે પાછું.

મુમુક્ષુ :– પહેલા સારું કહીને પછી ખરાબ કહે.

ઉત્તર :– એ સારું નહિ, એની વ્યાખ્યા બતાવે છે. મનુષ્યના સુખ કરતાં એની સગવડતા વધારે છે એટલું. ન્યાં પણ એની એ ધોળી ધૂળ છે, બધી એની એ છે. ન્યાં કાંઈ અમૃત નથી, અમૃત તો આત્મામાં છે. સમજાણું કાંઈ? પણ આ મનુષ્યના પ્રાણીઓ(ને) બહુ વિઘનવાળા અને અલ્પકાળના સુખ (હોય છે) એ કરતાં ત્યાં વિઘન વિનાના અને ઘણા કાળના (હોય છે). એ વ્યાખ્યા અપેક્ષાએ સારા કહે છે. બાકી અજ્ઞાની એને સુખ માને છે. સમ્યગ્દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને સુખ માનતો નથી. જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન લઈને ત્યાં ગયા એ સુખમાં એને સુખ માનતો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વિશદાર્થ :– હે બાલક!'** વિશેષ અર્થ કરે છે. છે ને? **'સ્વર્ગમેં નિવાસ કરનેવાલોંકો ન કિ સ્વર્ગમેં પૈદા હોનેવાલે એકેન્દ્રિય જીવોંકો.'** શું કહે છે? સ્વર્ગમાં તો એકેન્દ્રિય પણ છે. સ્વર્ગ છે ને સુધર્મ દેવલોક આદિ? ત્યાં પૃથ્વીના એકેન્દ્રિય જીવ છે. એનું વૈમાન છે ને? વૈમાન. ત્યાં એકેન્દ્રિય જીવ છે. ત્યાં બીજા વનો છે. સમજ્યા ને? નાટકો છે. ત્યાં એકેન્દ્રિય આદિ જીવોને (સુખ) નહિ, ત્યાં ઉપજેલા એકેન્દ્રિયને નહિ. એ સ્વર્ગમાં નિવાસ કરવાવાળાને સુખ છે. આ મનુષ્ય કરતાં એને શુભ ઉપયોગનું સાધન સુખ મળેલું છે, એટલું (કહેવું) છે.

**'સ્વર્ગમેં, ન કિ ક્રીડાદિકકે વશસે રમણીક પર્વતાદિકમેં ઐસા સુખ હોતા હૈ,...'** સ્વર્ગમાં જ્યારે હોય ત્યારે મનુષ્ય કરતાં એને સુખ વધારે દેખાય છે. એ ક્રીડાદિકના વશે રમણીક પર્વતાદિકમાં જાય ત્યાં આવું સુખ હોતું નથી. ત્યાં કુતૂહલતાને જરીક એવું હોય છે ને? સ્વર્ગમાં રહેલા જીવને સુખ વધારે છે એમ કહેવું છે. **'જો ચાહનેકે અનન્તર હી અપને વિષયકો અનુભવ કરનેવાલી સ્પર્શનાદિક ઇન્દ્રિયોંસે સર્વાંગીણ હર્ષકે રૂપમેં ઉત્પન્ન હો જાતા હૈ.'** સ્વર્ગના દેવને સુખ **'ચાહનેકે અનન્તર હી...'** ઇચ્છા થાય. વિષયનો અનુભવ કરનારી સ્પર્શનાદિક પાંચ ઇન્દ્રિયો. જુઓ! 'આદિ' છે ને? **'સર્વાંગીણ હર્ષકે રૂપમેં ઉત્પન્ન...'** આખા અંગથી એને હરખ-રાગ થાય છે. હરખ એટલે રાગ. એવું એ ઇન્દ્રિયોનું સુખ (છે). એ સમ્યગ્દષ્ટિ આત્માનું ભાન કરીને, દષ્ટિ-અનુભવ કરીને હજી શુભરાગ રહ્યો એથી સ્વર્ગમાં ગયા. એના સુખની વ્યાખ્યા બતાવે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં?

અહીં તો એક એક અંગને જરીક ઇન્દ્રિયનું સુખ લાગે, (એમ) અહીં કહે છે. ન્યાં તો પાંચે ઇન્દ્રિયનું, સર્વાંગીણ એમ કહે છે ને? પાંચે ઇન્દ્રિયનું સુખ–હરખ એને દેખાય છે. સમજાય છે?

મુમુક્ષુ :– દેખાય છે?

ઉત્તર :– દેખાય છે. બીજું શું છે ત્યાં? ધૂળ છે.

આત્મિક સુખ તો પરમાત્મા પોતે આત્મા અસંખ્ય પ્રદેશી અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા બિરાજે છે. એમાં અંતરની એકાગ્રતાથી જે આનંદ આવે એવો આનંદ ત્રણકાળમાં બીજે સ્વર્ગમાં પણ નથી ને ચક્રવર્તીમાં પણ નથી ને ધૂળમાં પણ નથી, એના આબરુ ને કીર્તિના મોટા ઢગલા પડે એમાં પણ નથી. રાગ છે, રાગ છે, હર્ષ છે.

મુમુક્ષુ :– ત્યાં તો ખાવાનું પણ નથી.

ઉત્તર :– ખાવાનું શું કામ છે ન્યાં? હજારો વર્ષે ઇચ્છા થાય તો તૃપ્તિ થાય છે. કંઠમાંથી અમૃત ઝરે છે. હજારો વર્ષે ઇચ્છા થાય ત્યાં કંઠમાંથી અમૃત ઝરે. તૃપ્ત... તૃપ્ત થઈ જાય. અમૃત એટલે ધૂળ, હોં! આપણે અમી નથી કહેતા? અમી. બહુ લુખ્ખુ મોઢું થઈ જાય. અમી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે. એને બહુ અમી આવે. બહુ પુણ્ય કરેલા છે ને! એટલે ઇચ્છા થાય ત્યાં અમૃત (ઝરે). એ આત્માનું અમૃત નહિ. આહાહા..!

સમ્યગ્દષ્ટિ ધર્મી ગૃહસ્થાશ્રમમાં હોય એને પણ આત્માના સમ્યગ્દર્શનનો અતીન્દ્રિય સ્વાદ જે આવે એવો સ્વાદ ઇન્દ્રિયના વિષયમાં ઝેર જેમાં વિષયમાં એ સ્વાદ હોતો નથી. સમજાણું કાંઈ? એ મનુષ્યના વિષયના સુખમાં છે એના કરતાં કંઈક ઠીક છે એમ બતાવીને પછી કહે છે કે, વાસનાનું સુખ સંસારનું છે. અજ્ઞાનીએ માની લીધેલી વાસના છે કે આમાં સુખ છે. (બાકી) સુખ-બુખ છે નહિ. આહાહા..!

**'તથા જો આતંક (શત્રુ આદિકોંકે દ્વારા કિયે ગયે ચિત્તક્ષોભ) સે ભી રહિત હોતા હૈ,...'** મનુષ્યમાં તો સુખ આદિ પાંચ-પચાસ લાખ હોય, રાજા હોય ત્યાં કોઈ શત્રુ આવે એય! ક્ષોભ થઈ જાય. શું થાશે? રાજનું શું થાશે? ફલાણું શું થાશે? પૈસાવાળાને લ્યોને. બે-પાંચ-દસ કરોડ આવ્યા હોય. સાચવવા કેમ? નાખવા કેમ? શું કરવું? કેમ કરવું? એને ઇ હોળી સળગતી જ હોય. કલ્પના!

મુમુક્ષુ :- એની વ્યવસ્થા કરે.

ઉત્તર :- વ્યવસ્થા કરવાનું શું છે? રાગ (છે). 'મલૂપચંદભાઈ!' શું હશે? અરે..! હોળી સળગતી હોય. આમથી આમ ને આમથી આમ ને આમથી આમ. હખ નથી, પૂછોને એના છોકરાને. પણ એને એના છોકરાની ખબર છે ને! એની પાસે બે કરોડ રૂપિયા છે. ઇ એક ફેરી બધું કહેતો હતો. ક્યાંય હખ (નથી). મારી પાસે તો બીજું શું કહે ત્યારે? ધૂળમાંય નથી તારા બે કરોડમાં, દસ કરોડમાં. માટી છે, ધૂળ છે. આહાહા..!

અહીં તો કહે છે, રાજાના સુખ પણ વિઘનવાળા છે. દેવના સુખ તે વિઘન વિનાના છે. એટલી વાત કરવી છે. છે તો ઇન્દ્રિયના સુખ, પણ મનુષ્યના રાજા આદિ(ના) સુખ (વિઘનવાળા છે). રાજા આદિ મોટા રાજા, જુઓ! સમજાણું? કેવો રાજા! જુઓને હમણાં એક મોટો નહોતો? એક કલાકમાં કેટલા લાખ? અઢી લાખ. એક કલાકમાં અઢી લાખની પેદાશ. ઉઠાડી મુક્યો, ઉઠાડી મુક્યો. જેને રાજમાં પેલું નીકળતું... શું કહેવાય? તેલ, તેલના કૂવા. એના બાપનું રાજ નાનું હતું પણ એના (રાજમાં) એવા પેટ્રોલના કૂવા નીકળ્યા (કે) એની કેટલી પેદાશ! કલાકના અઢી લાખની. એટલા ચોવીસ કલાક, એટલા મહિના ને એટલા વર્ષ... મોટા કરોડો.. કરોડો.. કરોડો.. રૂપિયાની (પેદાશ). એના કુટુંબીએ ફડાક દઈને ઉઠાડી મુક્યો. ઇ તો વિઘન અંદર (આવ્યા). બહારના સુખમાં શું છે? એ દેવના સુખને વિઘન નથી એમ કહેવું છે. દેવનું પુણ્યનું શુભભાવનું સુખ છે, એને જેટલો કાળ હોય છે તેટલો કાળ એને વિઘન વિનાનું હોય છે. એટલી વાત સિદ્ધ કરવી છે, હોં! આ મનુષ્યને તો ચિત્તનો ક્ષોભ થાય.

**'અર્થાત્ વહ સુખ રાજ્યાદિકકે સુખકે સમાન આતંકસહિત નહીં હોતા હૈ.'** લ્યો! ગાદીએ બેઠો હતો. આજના છાપામાં એવું સાંભળ્યું હતું કે એનો ભાઈ છે ઇ એને મારી નાખશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની બહુ પીડા છે, દુઃખ (છે). આણે એના ભાઈને કાઢી મૂક્યો હતો. રોગ પણ ઘણા (હતા), સાત રોગ આવ્યા હતા. ધૂળમાંય (સુખ) નથી. મારો મફતનો માનીને (રખડે છે). કહે છે કે, એવી જ્યાં પ્રતિકૂળતા છે એવી પ્રતિકૂળતા સ્વર્ગમાં નથી. આત્માના ધ્યાન કરીને જેને જરીક શુભભાવ થયા છે એના પુણ્યમાં આવું સુખ ત્યાં હોય છે.

**'વહ સુખ ભોગભૂમિમેં ઉત્પન્ન હુએ સુખકી તરહ થોડે કાલપર્યન્ત ભોગનેમેં આનેવાલા ભી નહીં હૈ.'** જુઓ! બધી ઉપમા આપી છે. આ જુગલિયા છે ને? જુગલિયા. એ મેરુ પર્વતની પાસે દેવકુરુ, ઉત્તરકુરુ આદિ જુગલિયા મનુષ્ય છે. પોતે જન્મે બેન ને ભાઈ અને પછી થાય પોતે પત્ની ને પતિ. ત્રણ ત્રણ પલ્યોપમનું આયુષ્ય, ત્રણ ગાઉના ઊંચા મેરુ પર્વતની પાસે (હોય છે). ભગવાન તીર્થંકરે કહેલું છે. એ જુગલિયાને કોઈ દિ' રળવું ન પડે. કલ્પવૃક્ષમાં (બધું મળે). એના સુખ પણ થોડા કાળના છે. ત્રણ પલ્યોપમનું, કોઈને બે પલ્યોપમનું, કોઈને એક પલ્યોપમનું. આને સાગરોપમનું (છે). એમ સિદ્ધ કરવું છે ને? વધારે સિદ્ધ કરવું છે એ અપેક્ષાએ. સમજાણું? **'ભોગભૂમિમેં ઉત્પન્ન હુએ સુખકી તરહ થોડે કાલપર્યન્ત ભોગનેમેં આનેવાલા ભી નહીં હૈ.'** આ તો સાગરોપમના સુખની વ્યાખ્યા બતાવવી છે. આમ તો શ્રાવક પલ્યોપમ, બે પલ્યોપમ જાય છે પણ અહીં તો એક ઉત્કૃષ્ટ સુખની વ્યાખ્યા કરવી છે ને!

**'વહ તો ઉલ્ટા, સાગરોપમ કાલતક,...'** એ સ્વર્ગમાં સાગરોપમ, અસંખ્ય અબજ વર્ષ સુધી ઇન્દ્રિયોના સુખો (રહે છે). આત્માનું ધ્યાન, સમ્યગ્દર્શન કરીને શુભભાવ થયા એના ફળમાં આવું સુખ એને છે. અજ્ઞાનીને પણ આત્માના ભાન વિના શુભભાવથી (પુણ્ય) થાય તો એવું સુખ તો હોય, પણ એની પાછળ એને ધબ્બો નમા... એ સ્વર્ગમાંથી મરીને એકેન્દ્રિય આદિમાં જાય, મરીને ઢોરમાં જાય. સમ્યગ્દષ્ટિ આમાં જાય (નહિ). ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જાય. કહો, સમજાણું કાંઈ ?

**'વહ સુખ ભોગભૂમિમેં ઉત્પન્ન હુએ સુખકી તરહ થોડે કાલપર્યન્ત ભોગનેમેં આનેવાલા ભી નહીં હૈ. વહ તો ઉલ્ટા, સાગરોપમ કાલતક, આજ્ઞામેં રહનેવાલે દેવ દેવિયોંકે દ્વારા કી ગઈ સેવાઓંસે સમય સમય બઢા ચઢા હી પાયા જાતા હૈ.'** કહે છે કે, આત્માના જ્ઞાન ને ધ્યાન કરીને અનુભવ કરીને જે શુભભાવથી સ્વર્ગમાં ગયા એને આજ્ઞામાં રહેવાવાળા દેવ દેવીઓ દ્વારા સેવા (મળે છે). ખમ્મા અન્નદાતા! શું જોઈએ? હજારો દેવીઓ, હજારો દેવ એની સેવામાં છે. **'સમય સમય બઢા ચઢા'** બઢા ચઢા એટલે શું? વધતા જ વધતા સુખ, એમ કહે છે. આપણે નથી કહેતા? એક પછી એક સુખનો ..... છે. સમજાણું કાંઈ?

**'સ્વર્ગમેં નિવાસ કરનેવાલે પ્રાણિયોંકા (દેવોંકો) સુખ સ્વર્ગવાસી દેવોંકે સમાન હી હુઆ કરતા હૈ.'** ઇ તો એના સુખ જેવું એને સુખ (છે). એને આત્માનું સુખ નહિ અને એને ઉપમા મનુષ્યના સુખની દઈ શકાય એવું નથી, એમ બે વાત છે. **'ઇસ પ્રકારસે કહને યા વર્ણન કરનેકા પ્રયોજન યહી હૈ કિ યહ સુખ અનન્યોપમ હૈ.'** એવા ઇન્દ્રિયના સુખ મનુષ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથે ઉપમા આપી શકાય નહિ. **'અર્થાત્ ઉસકી ઉપમા કિસી દૂસરેકો નહીં દી જા સકતી. લોકમેં ભી જબ કિસી ચીજકી અતિ હો જાતી હૈ,...'** બહુ વધી જાય **'તો ઉસકે દ્યોતન કરનેકે લિયે ઐસા હી કથન કિયા જાતા હૈ, જૈસે ભૈયા ! રામ-રાવણકા યુદ્ધ તો રામ રાવણકે યુદ્ધ સમાન હી થા.'** એમ કહે છે ને! ઇ તો એના જેવો છે, બાપા! **'रामरावणयोर्युद्धं रामरावणयोरिव।'** મહા ભયંકર બતાવવું હોય ને! ભયંકર યુદ્ધ! રામ-રાવણનું યુદ્ધ તે રામ-રાવણના યુદ્ધ જેવું. એવું યુદ્ધ બીજાનું હોય નહિ. એમ સ્વર્ગનું સુખ સ્વર્ગના સુખ જેવું, બસ એટલું (કહેવું છે).

**'અર્થાત્, ઇસ પંક્તિમેં યુદ્ધ સમ્બન્ધી ભયંકરતાકી પરાકાષ્ઠાકો જૈસા દ્યોતિત કિયા ગયા હૈ. ઐસા હી સુખકે વિષયમેં સમજના ચાહિયે.'** એટલું સુખના વિષયમાં જાણવું. એ પણ એવું સુખ છે એમ કહેવું છે.

**दोहा - इन्द्रियजन्य निरोगमय, दीर्घकाल तक भोग्य।**
**स्वर्गवासि देवानिको, सुख उनही के योग्य।।५।।**

લ્યો! એ ઇન્દ્રિયજન્યથી ઉત્પન્ન થયેલું અને નિરોગતા. ત્યાં તો નિરોગ છે ને! આની જેમ ત્યાં રોગ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ન્યાં પક્ષઘાત ન થાય.

ઉત્તર :– પક્ષઘાત ન થાય. ટાંગો ન્યાં કામ ન કરે એમ ન ચાલે. સમજાણું 'જયચંદભાઈ!' ? પણ આ તો રાડું પાડતા જાય અને પાપ બાંધે, હોં! આ તો આત્માનું ધ્યાન સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ કરી છે, આત્મજ્ઞાનમાં આનંદ માન્યો છે એને હજી શુભરાગ કંઈ બાકી રહી જાય અને પુણ્ય બાંધે એની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

**'સ્વર્ગવાસિ દેવાનિકો, દીર્ઘકાલ તક ભોગ્ય'** ઘણાં કાળ સુધી ત્યાં રહે. તે **'સુખ ઉનહી કે યોગ્ય'** લ્યો! હવે એમાંથી શિષ્યે શંકા ઉપાડી. બહુ સુખની વ્યાખ્યા કરીને! આટલું બધું સુખ! ત્યારે હવે આત્માની ભક્તિ અને આત્માનો આનંદ ને ધર્મ શું કરવા કરવો? આત્માની ભક્તિ કરીને શું કામ? આવું સુખ મળે તો બસ છે. સમજાણું કાંઈ? શિષ્યને પ્રશ્ન થયો.

**'શંકા :– ઇસ સમાધાનકો સુન શિષ્યકો પુનઃ શંકા હુઈ ઔર વહ કહને લગા- 'ભગવન્! ન કેવલ મોક્ષમેં, કિન્તુ યદિ સ્વર્ગમેં ભી, મનુષ્યાદિકોંસે બઢકર ઉત્કૃષ્ટ સુખ પાયા જાતા હૈ,...' 'કેવલ મોક્ષમેં નહિ...'** એમ કે મોક્ષમાં જ સુખ છે એમ નહિ. આપના કહેવા પ્રમાણે તો મનુષ્યાદિથી અધિક સુખ જોવામાં આવે છે. સ્વર્ગમાં તો બહુ સુખ... બહુ સુખ... બહુ સુખ... ઓહોહો..! **'તો ફિર મુજે મોક્ષકી પ્રાપ્તિ હો જાવે ઇસ પ્રકારકી પ્રાર્થના કરનેસે ક્યા લાભ?'** આત્માનો આનંદ પ્રગટ થાય અને મારી મુક્તિ થાય એનું શું કામ? શિષ્યનો પ્રશ્ન (છે). તમે સુખની બહુ વ્યાખ્યા કરી. મનુષ્યથી પણ વધેલું સુખ! મોક્ષ તો વળી એકકોર રહ્યો. આવું સુખ દેવનું! તો પછી મોક્ષનું કામ શું છે આમાં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


संसार सम्बन्धी सुखमें ही सुखका आग्रह करनेवाले शिष्यको `संसार सम्बन्धी सुख और दुःख भ्रान्त हैं।' यह बात बतलानेके लिये आचार्य आगे लिखा हुआ श्लोक कहते हैं -

वासनामात्रमेवैतत् सुखं दुःखं च देहिनाम्।
तथा ह्युद्वेजयन्त्येते, भोगा रोगा इवापदि।।६।।

अर्थ :- देहधारियोंको जो सुख और दुःख होता है, वह केवल कल्पना (वासना या संस्कार) जन्य ही है। देखो ! जिन्हें लोकमें सुख पैदा करनेवाला समझा जाता है, ऐसे कमनीय कामिनी आदिक भोग भी आपत्ति (दुर्निवार, शत्रु आदिके द्वारा की गई बेचेनी) के समयमें रोगों (ज्वरादिक व्याधियों) की तरह प्राणियोंको आकुलता पैदा करनेवाले होते हैं। यही बात सांसारिक प्राणियोंके सुख-दुःखके सम्बन्धमें है।

विशदार्थ :- ये प्रतीत (मालूम) होनेवाले जितने इंद्रियजन्य सुख व दुःख हैं, वे सब वासनामात्र ही हैं। देहादिक पदार्थ न जीवके उपकारक ही हैं और न अपकारक ही। अतः परमार्थसे वे (पदार्थ) उपेक्षणीय ही हैं। किंतु तत्त्वज्ञान न होनेके कारण-- `यह मेरे लिये इष्ट है-उपकारक होनेसे' तथा `यह मेरे लिये अनिष्ट है-अपकारक होनेसे।' ऐसे विभ्रमसे उत्पन्न हुए संस्कार जिन्हें वासना भी कहते हैं-इस जीवके हुआ करते हैं। अतः ये सुख दुःख विभ्रमसे उत्पन्न हुए संस्कारमात्र ही हैं, स्वाभाविक नहीं। ये सुख दुःख उन्हींको होते हैं जो देहको ही आत्मा माने रहते हैं। ऐसा ही कथन अन्यत्र भी पाया जाता है - `मुंचांगं'

अर्थ :- इस श्लोकमें दम्पतियुगलक वार्तालापका उल्लेख कर यह बतलाया गया है कि `वे विषय जो पहिले अच्छे मालूम होते थे, वे ही मनके दुःखी होनेपर बुरे मालूम होते हैं।' घटना इस प्रकार है - पति-पत्नी दोनों परस्परमें सुख मान, लेटे हुए थे कि पति किसी कारणसे चिंतित हो गया। पत्नी पतिसे आलिंगन करनेकी इच्छासे अंगोंको चलाने और रागयुक्त वचनालाप करने लगी। किन्तु पति जो कि चिंतित था, कहने लगा `मेरे अंगोको छोड़, तु मुझे संताप पैदा करनेवाली है। हट जा। तेरी इन क्रियाओंसे मेरी छातीमें पीड़ा होती है। दूर हो जा। मुझे तेरी चेष्टाओंसे बिलकुल ही आनन्द या हर्ष नहीं हो रहा है।' `रम्यं हर्म्यं'

रमणीक महल, चन्दन, चन्द्रमाकी किरणें (चाँदनी), वेणु, वीणा तथा यौवनवती युवतियाँ (स्त्रियाँ) आदि योग्य पदार्थ भूख-प्याससे सताये हुए व्यक्तियोंको अच्छे नहीं लगते। ठीक भी है, अरे ! सारे ठाटबाट सेरभर चाँवलोंके रहनेपर ही हो सकते हैं। अर्थात् पेटभर खानेके लिए यदि अन्न मौजूद है, तब तो सभी कुछ अच्छा ही अच्छा लगता है। अन्यथा (यदि भरपेट खानेको न हुआ तो) सुन्दर एवं मनोहर गिने जानेवाले

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


पदार्थ भी बुरे लगते हैं। इसी तरह और भी कहा है :-

`एक पक्षी (चिरबा) जो कि अपनी प्यारी चिरैयाके साथ रह रहा था, उसे धूपमें रहते हुए भी संतोष और सुख मालूम देता था। रातके समय जब वह अपनी चिरैयासे बिछुड़ गया, तब शीतल किरणवाले चन्द्रमाकी किरणोंको भी सहन (बरदास्त) न कर सका। उसे चिरैयाके वियोगमें चन्द्रमाकी ठंडी किरणें सन्ताप व दुःख देनेवाली ही प्रतीत होने लगीं। ठीक ही है, मनके दुःखी होनेपर सभी कुछ असह्य हो जाता है, कुछ भी भला या अच्छा नहीं मालूम होता।'

इन सबसे मालूम पड़ता है कि इन्द्रियोंसे पैदा होनेवाला सुख वासनामात्र ही है। आत्माका स्वाभाविक एवं अनाकुलतारूप सुख वासनामात्र नहीं है, वह तो वास्तविक है। यदि इन्द्रियजन्य सुख वासनामात्र-विभ्रमजन्य न होता तो संसारमें जो पदार्थ सुखके पैदा करनेवाले माने गये हैं वे ही दुःखके कारण कैसे हो जाते? अतः निष्कर्ष निकला कि देहधारियोंका सुख केवल काल्पनिक ही है और इसी प्रकार उनका दुःख भी काल्पनिक है।।६।।

दोहा - विषयी सुख दुःख मानते, है अज्ञान प्रसाद।
भोग रोगवत् कष्टमें, तन मन करत विषाद।।६।।

---

**'સંસાર સંબંધી સુખમેં હી સુખકા આગ્રહ કરનેવાલે શિષ્યકો 'સંસાર સંબંધી સુખ ઔર દુઃખ ભ્રાન્ત હૈં.''** અરે..! શિષ્ય સાંભળ! સંસાર સંબંધી જેટલા પુણ્યના સુખ સ્વર્ગમાં વર્ણવ્યા એ સુખનો આગ્રહ કરવાવાળા શિષ્યો, એ સંસાર સંબંધી સુખ-દુઃખ તારી ભ્રાન્તિ છે. પરમાં સુખ-દુઃખ માનવું એ ભ્રમણા (છે). ઓહોહો..! ઊડાડી દીધું બધું ઘડીકમાં. એ તો આવે છે, મનુષ્ય કરતાં બીજું (હોય છે), એવી વાત જરી વચમાં બતાવી પણ તું માન કે ન્યાં યથાર્થ સુખ છે. એવી માન્યતા તો બહિરાત્મ મિથ્યાદષ્ટિની હોય છે. શુભ ઉપયોગમાં સુખ મળે એ સુખ માને એ તો મિથ્યાદષ્ટિ માને છે, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

**'સંસાર સંબંધી સુખમેં હી સુખકા આગ્રહ કરનેવાલે...'** જુઓ! સુખમાં જ આગ્રહ. ન્યાં સ્વર્ગમાં સુખ છે ને! મનુષ્ય કરતાં ઘણું છે ને! એવા આગ્રહ કરવાવાળા શિષ્ય **''સંસાર સંબંધી સુખ ઔર દુઃખ ભ્રાન્ત હૈં.' યહ બાત બતલાનેકે લિયે આચાર્ય આગે લિખા હુઆ શ્લોક કહતે હૈં :–'**

वासनामात्रमेवैतत् सुखं दुःखं च देहिनाम्।
तथा ह्युद्वेजयन्त्येते, भोगा रोगा इवापदि।।६।।

**'અર્થ :– દેહધારીયોંકો...'** જે આ દેહ–માટીના ધરનાર જે જીવો છે (તેમને) **'જો સુખ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ઔર દુઃખ હોતા હૈ, વહ કેવલ કલ્પના (વાસના યા સંસ્કાર)જન્ય હી હૈ. દેખો !'** સમ્યગ્દૃષ્ટિ તો આત્મામાં જ આનંદ માને છે. સ્વર્ગમાં હોય તો આત્મામાં આનંદ માને, પરમાં આનંદ માનતો નથી. મનુષ્યમાં ચક્રવર્તી તરીકે સમકિતી હોય. 'ભરત' ચક્રવર્તી લ્યોને! ભગવાનના પુત્ર 'ઋષભદેવ'ના પુત્ર. 'ભરત ઘરમાં વૈરાગી' આવે છે કે નહિ? અમારું સુખ અહીં (અંતરમાં) છે. એ રાણીઓમાં નથી, રાજમાં નથી, આબરુમાં નથી, કીર્તિમાં નથી. અમારું સુખ તો અંતર આત્મામાં છે. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મી આત્મામાં આત્માનું સુખ માને છે. અજ્ઞાની બહારના સુખના વિષય આદિ ભોગના સુખને સુખ ભ્રાન્તિથી, ભ્રમણાથી માને છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'કેવલ કલ્પના જન્ય હી હૈ.'** જુઓ ભાષા! **'કેવલ કલ્પના (વાસના યા સંસ્કાર)...'** કેવળ (એટલે) નથી અને કેવળ કલ્પનાથી માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલા સ્વર્ગના સુખનું વર્ણન ખૂબ કર્યું. કેવળ કલ્પના છે. પ્રભુ! આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. એવા આનંદને છોડી અજ્ઞાની વિષયના ઇ સ્વર્ગના, એ ચક્રવર્તીના કે દેવના કે મનુષ્યના એમાં કલ્પના–વાસના, વાસ– ખોટી ગંધ ગરી ગઈ છે. એ એને સંસ્કાર અજ્ઞાનના થઈ ગયા છે. સમજાણું કાંઈ?

**'દેખો! જિન્હેં લોકમેં સુખ પૈદા કરનેવાલા સમજા જાતા હૈ,...'** જેને લોકમાં સુખ પેદા કરવાવાળું જાણવામાં આવે છે. **'ઐસે કમનીય કામિની આદિક ભોગ ભી...'** કમનીય નામ સુંદર અને રૂપાળી કામિની નામ સ્ત્રી અને લક્ષ્મી, મકાન અને આબરુ આદિ છે ને બધું? મકાન આમ પાંચ પાંચ લાખ, દસ દસ લાખના મકાન હોય, સુંદર સ્ત્રી હોય, ખાવા-પીવાના (સાધનો) હોય, રેશમી ગાદલા હોય, ખાવા-પીવાને આમ લાડું ને પતરવેલીયા ને શીખંડ-પુરી બનાવ્યા હોય. પણ કહે છે કે, એમાં જો એને અંદર કંઈક દુઃખ–ચિંતા હોય તો (કહે) મજા ન પડી. સમજાણું કાંઈ?

**'ઐસે કમનીય કામિની આધિક ભોગ ભી આપત્તિ (દુર્નિવાર, શત્રુ આદિકે દ્વારા કી ગઈ બેચેની)...'** જુઓ! એમાં કંઈ એવું થઈ ગયું અંદરમાં... આહાહા..! (તેવા સમયે) **'રોગોં (જ્વરાદિક વ્યાધિયોં) કી તરહ પ્રાણિયોંકો આકુલતા પૈદા કરનેવાલે હોતે હૈં.'** લ્યો! **'ભોગ ભી આપત્તિકે સમયમેં...'** આપત્તિ વખતે સમજાણું? **'(દુર્નિવાર, શત્રુ આદિકે દ્વારા કી ગઈ બેચેની)...'** બધું સાધન (હોય).... એ.. દુશ્મન આવ્યો. સમજાણું? 'રાણપુર'માં નહિ તમારે? રાજા કિનારો રમતો હતો, દરબાર રમતો હતો એમાં શત્રુ આવ્યો. ચોપાટ રમતો હતો. 'અરે..! રાજા આ કટક આવ્યું કિનારે' કિનારો નાનું ગામ છે, 'રાણપુર' પાસે છે. પેલી કોર છે ને કિનારો? 'આ કટક આવ્યું કિનારે, શું મજા કરે?' હેં..! ઘરે અનેક રૂપાળી સુંદર રાણીઓ. ઉભો થયો. હેં... જુઓ! આ ધૂળ ઉડે. આવ્યું આ, હોં! આ બધાને લઈ જઈને રાણીઓને લઈ જશે. ઉઠ્યો, પછી ભાગ્યો. ચિંતા.. ચિંતા.. ચિંતા.. હાય! હાય! પાછળ કહી

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો કે, ત્યાં જો મારી ધજા પડે તો સમજવું કે હું હારી ગયો. કુદરતે એવું થયું કે ન્યાં ગયો. ધજા તો ન્યાં કો'કે પાડી. આ લોકોએ જાણ્યું કે ઓહો..! પડ્યા. રાણીઓ કૂવામાં પડી. ધબ.. ધબ.. કૂવો છે ને માથે? ઘણો મોટો કૂવો છે. રાણીએ જાણ્યું કે રાજા ગયા, હારી ગયા. હવે આ તાબે કરશે. જીવતી રાણીઓ કૂવામાં (પડી). જુઓ ચિંતા! ઘડીકમાં હખ હતું ને ઘડીકમાં (દુઃખ આવી ગયું). સમજ્યા ને? 'રાજા રમતું મેલ કટક આવ્યું કિનારે' એમ કીધું. એલા રાજા મૂક રમત. આ જો કટક આવ્યું કિનારે. રાણીઓ લઈ જશે, રાજને ઉપાડી જશે. ચિંતા... ચિંતા... ચિંતા... ચિંતા...

કહે છે, એવા સમયમાં દુર્નિવાર શત્રુ આદિ (એટલે) વારી ન શકાય એવા સમયમાં, હોં! એવા કાળમાં શત્રુ આદિ. શરીરમાં રોગ આદિ (આવે), લ્યોને! **'(જ્વરાદિક વ્યાધિયોં)કી તરહ...'** એ રોગ જેમ આવે ને એને સુખ લાગે એવા. **'પ્રાણીયોંકો આકુલતા પૈદા કરનેવાલે હોતે હૈં.'** સમજાણું? એમાં અત્યારે તો આ ચિંતાઓનો પાર ન મળે. આ કાળાબજાર ને જુઓને અત્યારે તો ક્યાંય હખ ન મળે. અરે..! એને કેમ પેલો સરકાર ક્યાંક પકડશે, શું કરશે? પાંચ લાખ પેદા કર્યા એ બતાવ્યા નથી. હવે શું કરે? બતાવે તો ચોરાશી હજાર લઈ જાય. એમ કાંઈક કહે છે ને! આપણને બહુ ખબર નથી, હોં! એવું કહે છે. એક લાખમાં ચોરાશી હજાર જાજા કહે તો. દસ લાખ પેદા કરે છે. થોડું બહું આવે થોડું ઘણું. હાય! હાય! હવે શું કરવું આમાં? ચિંતા... ચિંતા... ચિંતા... બધા પૈસાવાળા પણ અંદરથી ચિંતામાં મુંઝાઈ ગયેલા મૂઢ થઈ ગયેલા હોય, હોં! ઇ મફતના બહારમાં (સુખી) લાગે.

મુમુક્ષુ :– મોટર છે.

ઉત્તર :– મોટર હોય તો શું કરે? કીધું ને અંદર જ્વાળા સળગતી હોય. બહારમાં મોટી લાખની મોટર હોય. શું કરશે, શું કરશે, કેમ પકડાશે, પકડશે. અબજોપતિને પાછળ બારણે ભાગી જવું પડે. અરે..! પકડી નાંખે તો એવો પકડે (કે) વાર પણ ન લાગે. એમાં તારા પૈસા-બૈસા પડ્યા રહે. ઇ પ્રાણીઓને આકુળતા પેદા કરવાવાળા સુખ છે, ભાઈ! રોગની પેઠે, હોં! રોગ. એ બધી ભોગ આદિ સામગ્રી (આકુળતા ઉત્પન્ન કરનારી છે).

**'યહી બાત સાંસારિક પ્રાણિયોંકે સુખ-દુઃખકે સમ્બન્ધમેં હૈ.'** લ્યો! ઇ અનુકૂળતા દેખાય ત્યાં એવા વિઘન આવે, કોઈ ચિંતા આવે, શરીરમાં ક્ષય રોગ લાગુ પડી ગયો. હાય! હાય! હવે? એક જણાને કહ્યું, ૪૮ વર્ષે નવી પરણ્યો. સમજ્યા ને? અને કેન્સર થયું. દસ લાખ રૂપિયા. આ તો ઘણા વર્ષની વાત છેં, હોં! દસ લાખ રૂપિયા, ૪૮ વર્ષે પરણ્યો અને કેન્સર (થયું). ડૉક્ટરને કહે, ભાઈસાહેબ બીજાને કહીશ નહિ, હોં! મને કહેજે હું પચવી લઈશ. બહાર કહીશ નહિ, હોં! આ બૈરાં છે, છોકરા નાના છે. બધા રાડ નાખશે. ૪૮ વર્ષની ઉંમર, ક્ષયમાં મરી ગયો. સમજાણું કાંઈ? 'ડુંગરશીભાઈ!' 'ડુંગરશી ગુલાબચંદ'! 'લીમડી... લીમડી' 'ડુંગરશી ગુલાબચંદ સંઘવી' ૪૮ વર્ષે પૈસા થઈ ગયેલા ઘણા. દસ લાખ રૂપિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે દિ' આ તો ચાલીસ વર્ષની વાત છે. નવી પરણેલા ને પૈસાવાળા માણસ, આબરુ મોટી. વીશા શ્રીમાળી. ડૉક્ટર કહે, કેન્સર થયું છે. હેં...! નભવાના નહિ. હાય! હાય! આ બંગલાનું શું કરવું, પૈસાનું શું કરવું? જેવું થાવું હશે એવું થાશે પણ બહાર વાત કરીશ નહિ. અંતે દેહ છૂટી ગયો. બિચારા આવતા, હોં! (સંવત) ૧૯૮૨ નું ચોમાસુ ત્યાં 'વઢવાણ'માં હતું ને! ત્યાં આવે. 'લીમડી'થી વ્યાખ્યાન સાંભળવા (આવે), હોં! ૧૯૮૨ ના ચોમાસામાં 'લીમડી'થી વ્યાખ્યાન સાંભળવા આવે.

કહે છે, એ બધા સુખો સંસારીને રોગ સમાન સુખ-દુઃખ લાગે. એ વખતે રોગ જેવા લાગે કહે છે. જ્યારે ચિંતા આવી હોય તો હાય! હાય!

મુમુક્ષુ :– દેવને આવી ચિંતા નથી આવતી.

ઉત્તર :– ઇ તો કીધું ને. અહીં તો એક સાધારણ વ્યાખ્યા કરી છે. ભલે દેવને નથી પણ આ તો સાધારણ વ્યાખ્યા છે ને! દેહધારીના સુખ એવા છે. એને મૃત્યુ આવે ત્યારે લ્યો! દેવને એમ ખબર પડે કે આ માળા કરમાણી. હાય! હાય! આવા તો કેટલાય દેવ અહીંથી જાય છે, તું કાંઈ નવો નથી. ક્યાં જાશું? ભાઈસા'બ અહીંથી તો કો'ક મરીને એકેન્દ્રિયમાં જાય છે કાં ઢોરમાં જાય છે. દેવને જ્યાં ટાણા આવે, આયુષ્ય પૂરું થાય, માળા કરમાયેલી દેખાય, શરીરનું તેજ ન દેખાય. આ શું થયું? કે આયુષ્ય પૂરું થવા આવ્યું. હવે? અસંખ્ય અબજો વર્ષ અહીં રહ્યો હોય. જાઈશ ક્યાં? ઢોરમાં. હેં...! અર..ર..ર..! આ તિર્યંચની, આ ગધેડીને કુંખે, હાથણીને કુંખે (જાય). પછી રોવે. એ દેવ. અરે..! આ કરતાં એકેન્દ્રિયમાં ઉપજીએ તો સારું, એમ વિચાર કરે. આ નવ મહિના ગર્ભમાં રહેવું પડશે, અર..ર..! આ અસંખ્ય અબજ વર્ષ અહીં (રહ્યા). આ કરતાં તો (એકેન્દ્રિયમાં જઈએ તો સારું). ઇ મરીને એકેન્દ્રિયમાં જાય. આહાહા..! પૃથ્વીમાં હીરામાં જાય, કોઈ સુગંધી પાણીમાં જાય, વનસ્પતિમાં કોઈ ફૂલ-ફળમાં જાય. દેવ મરીને (ત્યાં) જાય. એમાં છે શું? ધૂળ. સમજાણું કાંઈ? આહાહા..!

એ આત્મામાં આનંદ છે, બાપુ! બીજે ક્યાંય છે નહિ. એ તારા શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં સુખ છે નહિ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? બહારની જરી સગવડતા ઓછી થાય ત્યાં રાડેરાડ પાડે, હોં! જરી સગવડતા આવે ત્યાં તો ફૂલી જાય. ફાલ્યો ફૂલી-ફળી જાય... ઓહોહો..! શું છે પણ? સનેપાત છે સનેપાત.

કહે છે, સુખ તો આત્મામાં છે, ભાઈ! એ શુભભાવ કર્યા, સમકિતીને આવ્યા, એને શુભભાવના ફળ આવ્યા પણ એમાં સુખ માનતો નથી. અજ્ઞાનીને (એમ થાય), હાય! હાય! શરીર સારા હતા (ત્યારે) કર્યું નહિ. હવે આ થયું. ચિંતા... ચિંતા... ચિંતા... બળે, સળગે અને નરકમાં ચાલ્યા જાય. નરક અને નિગોદ.

**'વિશદાર્થ :– યે પ્રતીત (માલૂમ) હોનેવાલે જિતને ઇંદ્રિયજન્ય સુખ વ દુઃખ હૈં, વે સબ વાસનામાત્ર હી હૈં.'** લ્યો! એ પૈસામાં, સ્વર્ગમાં, મનુષ્યમાં, ચક્રવર્તીમાં બધે જે કંઈ ઇન્દ્રિયજન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુખ-દુઃખ છે... જુઓ! સુખ-દુઃખ બેય લીધા, હોં! આ રોગ આવ્યો, પ્રતિકૂળતા આવી એ દુઃખ છે, ઇ પણ વાસનામાત્ર છે. એ દુઃખ છે જ નહિ. તારી માન્યતામાં દુઃખ છે. રોગ આવ્યો, પ્રતિકૂળતા આવી (તો) કહે છે, એ દુઃખ નથી. તારી કલ્પનામાં (આવે છે કે) મને દુઃખ આવ્યું. એ તારી માન્યતામાં દુઃખ છે. અને અનુકૂળતા આવે ને સુખ છે. એ તારી કલ્પનામાં સુખ તેં માન્યું છે. (સુખ) છે નહિ. આહાહા..!

**'વે સબ વાસનામાત્ર હી હૈં. દેહાદિક પદાર્થ ન જીવકે ઉપકારક હી હૈં ઔર ન અપકારક હી.'** જુઓ! શરીર, સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસા એ નથી જીવને ઉપકારક (અર્થાત્) એ ઉપકાર કરવાવાળા નથી. આ દેહ ઉપકાર કરવાવાળો નથી? ઘણાં કહે છે ને? ઉપકાર કરે છે. શાસ્ત્રમાં 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે કે, ઉપકાર કરે, આમ કરે, તેમ કરે. એ તો નિમિત્ત થાય એની વાત છે. એ તો પુદ્ગલની વાત છે.

દેહાદિક પદાર્થ–આ શરીર, વાણી, આ બહારના પૈસા, મકાન, બાયડી, છોકરા, કુટુંબ, લક્ષ્મીના હીરાના ઢગલા એ પદાર્થ ઉપકારક નથી અને અપકારક પણ નથી. એ નુકશાન કરવાવાળા પણ નથી અને લાભદાયક પણ નથી. સાચી વાત હશે ? આ શરીરમાં રોગ (આવે) એ કાંઈ નુકશાનકારક નથી એમ કહે છે. અને શરીરમાં નિરોગતા તે ઉપકારકારક લાભદાયક નથી એમ કહે છે. સમજાણું 'જેચંદભાઈ!'? વાંચો તો ખરા, નીચે તો જુઓ. એ દેહાદિક.. છે બીજી લીટી? દેહ એટલે શરીર. આદિ એટલે સ્ત્રી, લક્ષ્મી, આબરુ, કીર્તિ, ટોપી, મકાન, હીરા, માણેક, ઝવેર ને મોટર એ ન જીવને ઉપકારક (છે). એ ઉપકાર કરવાવાળા છે નહિ. તેમ દેહાદિક ન અપકારક–એ નુકશાન કરવાવાળા નથી.

મુમુક્ષુ :– ઇ તો સાજા દેહની વાત છે ને! માંદા દેહને ...

ઉત્તર :– પણ બેય દેહની વાત (છે). આખો દેહ લીધો ને પછી પ્રશ્ન (ક્યાં છે). તેથી તો પહેલા બે પ્રશ્ન કર્યા. નિરોગ દેહ આત્માને ઉપકારક નથી. સરોગ દેહ આત્માને અપકારક નથી. બેયની વ્યાખ્યા છે કે શું વ્યાખ્યા છે અહીં? એમ લક્ષ્મી પાંચ-પચ્ચીસ લાખ મળી એ આત્માને ઉપકારક નથી અને નિર્ધનતા એ આત્માને નુકશાનકારક નથી. આહાહા..! આ છોકરા સારા પાક્યા, આઠ મોટા જોદ્ધા જેવા. છ છ હાથના લાંબા ને યુરોપિયન જેવા. એ આત્માને નુકશાનકારક નથી અને લાભદાયક નથી. શત્રુ જેવા છોકરા પાકે તો કહે છે કે, નુકશાનકારક એ નથી. એમ અહીં તો કહે છે. પરદ્રવ્ય આત્માને નુકશાનકારક નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ ભ્રમણા ખોશી ઘાલી છે એણે એમ કહે છે ને આ. નાખી એણે, ક્યાંથી ગરે? નાકમાં વિષ્ટાનો ગુંગો નાખ્યો. ગોળી!

ભમરો હતો ને? ભમરો. (એને થયું) લાવને કે આ મારા જેવો લાગે છે. વિષ્ટાની ગોળીવાળો હતો ને! ભમરો કહે, ચાલને મારા ફૂલમાં. ગુલાબના ફૂલ ઉપર લાવ્યો. લાવ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી કહે, એલા કેવી સુગંધ છે? પેલો ભમરો કહે, જુઓ! અહીં બહુ સુગંધ છે. એ કહે, એવીને એવી લાગે છે. આ શું? નાકમાં જુએ તો નાની મગ જેટલી વિષ્ટાની ગોળી લાવેલો અને ગુલાબ ઉપર બેઠેલો એટલે ગંધ આવે વિષ્ટાની, ગુલાબની ગંધ આવે નહિ. સમજાણું કાંઈ?

એમ ભ્રમણા નાંખીને જુએ છે માટે એને ખબર પડતી નથી. અપકારક ઉપકારકને માનનારી ભ્રમણા છે. એ ભ્રમણાની ગોળી ઘાલી છે એણે. કોઈ પરપદાર્થ અપકારક ઉપકારક છે નહિ. આત્માનો આનંદ તે ઉપકારક છે અને રાગ-દ્વેષ તે આત્માને નુકશાનકારક છે. બાકી કોઈ બહારમાં ઉપકારક ને અપકારક છે નહિ. એમ એણે શ્રદ્ધા કરીને આત્માનું જ્ઞાન કરવું. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૧૨, શુક્રવાર**
**તા. ૧૮-૦૩-૧૯૬૬**
**ગાથા–૬ પ્રવચન નં. ૪**

આ 'પૂજ્યપાદસ્વામી'નું કરેલું 'ઇષ્ટોપદેશ' છે. છઠ્ઠી ગાથાનો વિષદ અર્થ. શું કહે છે? જુઓ! **'યે પ્રતીત (માલૂમ) હોનેવાલે જિતને ઇંદ્રિયજન્ય સુખ વ દુઃખ હૈં, વે સબ વાસનામાત્ર હી હૈં.'** શું કહે છે? આ ઇન્દ્રિયોથી આ શરીરમાં ઠીક હોય તો મને સુખ, શરીરમાં અઠીક હોય તો મને દુઃખ, પૈસા અનુકૂળ હોય તો સુખ, પૈસા ન હોય તો દુઃખ એવી કલ્પના અજ્ઞાનીની વાસનામાત્ર છે. પર વસ્તુ કોઈ સુખ-દુઃખનું કારણ નથી. સમજાણું કાંઈ ?

આત્મામાં આનંદ છે એવી જેની દૃષ્ટિ નથી; આત્મામાં આનંદ છે આ ધર્મદૃષ્ટિ (છે). ધર્મીની દૃષ્ટિ આત્મામાં આનંદ છે. આત્મા જ પોતે અનાકુળ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે. એવી જેની આનંદ દૃષ્ટિ છે એને પરપદાર્થમાં સુખ-દુઃખ ભાસતા નથી. સમજાણું કાંઈ? જેની ધર્મદૃષ્ટિ થઈ છે, ધર્મદૃષ્ટિ એટલે આત્માનો આનંદ સ્વભાવ (છે), આત્મા જ આનંદ સ્વરૂપે છે, આત્મા એ પોતે કંઈ દુઃખરૂપે નથી, વસ્તુ દુઃખરૂપે હોઈ શકે નહિ.

એ આનંદ છે, અંતર આત્મામાં અનાકુળ શાંતરસ (છે), એની જ્યાં દૃષ્ટિ છે, ધર્મદૃષ્ટિ થઈ એ પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ માનતો નથી અને પરમાં પણ સુખ માનતો નથી. તેમ પર મને દુઃખકારણ છે એમ પણ માનતો નથી. સમજાય છે કાંઈ? ફક્ત અજ્ઞાની પોતાના આત્માના સ્વભાવની દૃષ્ટિ નથી, ધર્મદૃષ્ટિ જેને નથી, હું શુદ્ધ ચૈતન્ય છું અને મારો આનંદ મારામાં છે એવી શ્રદ્ધા ને જ્ઞાન જેને સત્ય નથી તે અધર્મ દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ (છે).

**'યે પ્રતીત (માલૂમ) હોનેવાલે જિતને ઇંદ્રિયજન્ય સુખ વ દુઃખ હૈં, વે સબ વાસનામાત્ર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**હી હૈં.'** એને એ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખ લાગે છે એ મિથ્યા વાસનાને લઈને (લાગે છે). સમજાણું કાંઈ? ઇન્દ્રિયોમાં શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં, સ્પર્શમાં, સ્ત્રીમાં, મકાનમાં, પૈસામાં, આબરુમાં (સુખ લાગે છે). એ તો પર વસ્તુ છે, ધૂળ પર છે. પર મને સુખ-દુઃખ કરનાર નિમિત્ત છે અથવા સુખ-દુઃખ આપે છે ઇ વાસના જ મિથ્યાદષ્ટિની, અધર્મ દષ્ટિની, આત્માના શુદ્ધ સ્વભાવની પરાધીન દષ્ટિવંતની એ દષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'જિતને ઇંદ્રિયજન્ય સુખ વ દુઃખ હૈં, વે સબ વાસનામાત્ર હી હૈં.'** સ્ત્રીના શરીરમાં કે આ શરીરમાં મને ઠીક પડે છે. એનો અર્થ એ થયો કે એ પદાર્થને હું બે એક છીએ. એથી મને એમાં મજા (આવે છે). એવી એની મિથ્યા માન્યતા પરને એક માનવાથી ઉભી થયેલી વાસના એને સુખરૂપ શરીર ને સ્ત્રી, પૈસા ને મકાન બાહ્ય પદાર્થ અનુકૂળ એમ એ અજ્ઞાની માને છે. આહા! 'ગુલાબભાઈ!' જરીક જીણો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :– બહારની અનુકૂળતા..

ઉત્તર :– બહારમાં ધૂળમાંય અનુકૂળતા નથી. અનુકૂળતા કહેવી કોને? અનુકૂળતા કહેવી કોને ?

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એમ કહ્યું કે તારું જ્ઞાન ને તારો આનંદ તારામાં છે, પરમાં નથી. કેમકે જે જુદા હોય એમાં તારું સુખ-દુઃખ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? છતાં અજ્ઞાની પોતામાં આનંદ છે એમ ભૂલી, આનંદ છે એમ ભૂલી જઈ, આ સ્ત્રીઓના શરીર, પૈસા, આ પરપદાર્થ મને ઇષ્ટ છે, એ મને સુખરૂપ છે એવી માન્યતા મિથ્યાત્વની વાસના ઊભી કરે છે. આહા..હા.! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ક્યારની વાત છે?

ઉત્તર :– અત્યારની. ક્યારની વાત કરે છે? એ... 'જેચંદભાઈ!' ક્યારની વાત કરે છે આ? આજે સવારમાં કંટાળો લઈને આવ્યા હતા. બે-ચાર દિ' થાય ને કંટાળો લઈને આવે. હવે જીવવું ગોઠતું નથી. ક્યાં જવું? પણ ડોશી કહી ગયા છે? 'મોહનભાઈ'! ડોશી મરી ગયા ત્યારે હતા કે નહિ? બેય હતા કે નહિ? આહાહા..! કોઈ નાંખ્યું નથી ને કોઈ કાઢતું નથી એમ અહીં તો કહે છે. એ પરપદાર્થને હું નાંખવા જાઉં એ માન્યતા વાસના મિથ્યા ભ્રમ અજ્ઞાનીની છે. કેમકે જે પરપદાર્થ સ્વતંત્ર છે એનું જવું-આવવું એના પોતાના જ કાર્યને–પર્યાયને લઈને થાય. એને લઈને મૂઢ એમ માને કે મારે લઈને થાય એ એની માન્યતા મિથ્યા વાસના દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ચંદુભાઈ!'! શું કરવું આ? વિષય તો એવો આવ્યો. જુઓ! **'દેહાદિક પદાર્થ ન જીવકે ઉપકારક હી હૈં ઔર...'**

મુમુક્ષુ :– દેહથી તો ધર્મ થાય.

ઉત્તર :– ધૂળમાંય ધર્મ થાતો નથી. દેહથી ધર્મ થાતા હશે? આ માટીથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા (છે). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે સર્વજ્ઞ જ્ઞાનમાં **'सव्वण्हुणाणदिट्ठो'** ઉપયોગ સ્વરૂપ તે આત્મા ભગવાને જોયો છે. જાણવું, દેખવું એટલે કે જાણવા, દેખવાના સ્વભાવવાળો ભગવાનઆત્મા છે. એમ ભગવાને જોયું અને તું એમ જો કે હું તો જાણવા-દેખવાવાળો છું. સમજાય છે? તો બીજા કોઈ પદાર્થ(થી) મને સુખ-દુઃખ થાય એવી માન્યતા મિથ્યાદૃષ્ટિને હોય, સમ્યગ્દૃષ્ટિને રહેતી નથી. આહાહા..! ભારે ભાઈ! ધર્મ ને અધર્મની દૃષ્ટિ(માં) આખો ફેર છે.

**'દેહાદિક પદાર્થ...'** 'દેહાદિક' શબ્દ પડ્યો છે, હોં! શરીર અમને ઉપકારક છે, નિરોગ છે તો મને મદદ કરે છે એમ માનનાર મૂઢ જીવ (છે).

મુમુક્ષુ :– પણ શરીર હોય તો ઉપવાસ થાય, ઉપવાસ થાય તો ધર્મ થાય.

ઉત્તર :– ધૂળમાં શરીર હોય તો ઉપવાસ થતો નથી. એ તો એમાં કદાચિત્ રાગ મંદ કરે તો એ શુભભાવ થયો, એ તો પુણ્ય (થયું). એ ઉપવાસ પણ નથી. ઉપવાસ તો આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, ઉપ એના સમીપમાં વસીને શાંતિ પ્રગટ કરે એને ભગવાન ઉપવાસ કહે છે, બાકી બધાને લાંઘણ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે કે નહિ? આ પદાર્થ છે કે નહિ? અરૂપી પણ વસ્તુ છે કે નહિ? એક ભવમાંથી બીજે, બીજેથી ત્રીજે અનાદિનો રખડ્યા કરે છે. તો વસ્તુ પદાર્થ છે કે નહિ? એમાં અનંત ગુણ છે, શક્તિ છે. એમાં આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા, વિભૂતા વગેરે અનંત ગુણ પડ્યા છે. એમ આત્માને જો ન માને, એમ સ્વીકારે નહિ તો એને પરપદાર્થ દેહાદિ મને સુખરૂપ છે એમ અજ્ઞાની માને છે. સુખ તો હું છું. એ તમારું વળી યાદ આવ્યું. હું ગીતા છું ઇ (યાદ આવ્યું). 'હું ગીતા છું' એવો શબ્દ બોલી હતી ને? છોકરી. ગીતા તો હું છું. અમારા પંડિતજીએ છોકરીને પ્રશ્ન કર્યો હતો. એના ભત્રીજાની દીકરી. પંડિતજી તો ભારે પરીક્ષા કરનારા. એટલે (પૂછ્યું) તું ત્યાં તારી બાને ઓળખીશ? કે હા, કાકાને ઓળખીશ? કે હા, તારા બાપને? હા. ગીતાને ઓળખીશ? ઇ શું પૂછો છો તમે? ગીતા તો હું આ રહી. એય!

અહીં કહે છે કે, આનંદ તો હું આ રહ્યો. આહાહા..! અરે.. ભગવાન! તું આનંદ ભાળીશ ક્યાંક પરમાં? શરીરમાં, પૈસામાં, અનુકૂળતામાં, બાયડીમાં, મકાન-હજીરામાં, પાંચ લાખના મકાન કર્યા એમાં (સુખ માનીશ)? 'ગુલાબભાઈ!' આ મોટી મોટી ચોપડીયું ગપ મારવાની બનાવે છે. ભાઈ! ગપેગપ, હોં! અંદર કાંઈ તત્ત્વનું ન મળે. સરકાર પણ એના જેવા બધા મૂઢ હોય. પાસ કરનારા કેવા હોય?

મુમુક્ષુ :– સરકાર તો ચોપડી પાસ કરે છે.

ઉત્તર :– કરે ને. પણ એમાં મૂઢે મૂઢ બધા ભેગા થઈને કરે. ગાંડાની ઇસ્પીતાલમાં ગાંડે ગાંડા બધા ભેગા થાય. 'મલૂપચંદભાઈ!' દાક્તર પણ ગાંડા. દાક્તર કહેવા કોને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ભગવાનઆત્મા દેહના પરમાણુથી જુદો, કર્મના રજકણથી જુદો અને પુણ્ય-પાપના ભાવ કૃત્રિમ વિકાર થાય એનાથી જુદો (છે). એવા આત્માને આનંદમય ને જ્ઞાનમય ને પ્રભુતામય ને પરમેશ્વરમય ને સ્વચ્છતામય હું જ છું એમ માને તે ખરો દાક્તર ને ખરો વૈદ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઇ દાક્તર એમ કહે, તને આ દવા આપું છું, તને સારું થઈ જશે, હોં! તને સારું થઈ જશે. કહે છે કે, મૂઢ છે એમ કહે છે અહીં તો. એ... 'નવરંગભાઈ!' આ મોટા દાક્તર રહ્યા, જુઓને આ. ભાઈ! ત્રણ ત્રણ હજાર પેદા કરે મહિને, આમ કરે ને આમ (કરે). નાકનું ઓપરેશન ને... નાકના મુખ્ય છે ને? શેના? નાકના મુખ્ય સર્જન. આહાહા..!

અરે..! ભગવાન! એક વાત છે કે તું કાંઈ ચીજ છો કે નહિ? તું કંઈ ચીજ છો કે નહિ? કોઈપણ ચીજ હોય એમાં એની શક્તિઓ અને એના ગુણો વસેલા હોય. વસ્તુ ને વસ્તુમાં વસ્તુ ને વસ્તુની શક્તિઓ ને ગુણ ન હોય તો એ વસ્તુ જ ન હોય. આ રજકણ માટી છે તો એ વસ્તુ છે, તો એનામાં ગુણ છે. શું (ગુણ છે)? રંગ, ગંધ, રસ, સ્પર્શ. છે ને? આ અવસ્થાઓ થાય એ બધી એની શક્તિઓનું એ રૂપ છે. તો આત્મા વસ્તુ છે કે નહિ ? તો વસ્તુ છે તેમાં કોઈ શક્તિ-ગુણ છે કે નહિ? એ આત્માની શક્તિ અને ગુણ તો આનંદ ને જ્ઞાન ને શાંતિ ને પ્રભુતા એની ગુણ ને શક્તિ છે. એ પુણ્ય-પાપ થવા એ એની શક્તિ નથી, એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ખબર ન મળે. આમ અનાદિથી આંધળો (થઈને રખડે છે).

કહે છે, **'દેહાદિક પદાર્થ ન તો જીવકે ઉપકારક હી હૈં ઔર...'** જે મૂઢ જીવ 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એમ જે માને છે એ મોટો મૂઢ વાસનાથી, મિથ્યાત્વથી માને એમ કહે છે. પૂછે, ન્યાય કરે. કાંઈ તોળશે કે નહિ? એમ ને એમ આંધળે આંધળો ચાલશે કાંઈ? આત્મા છે કે નહિ? બીજી ચીજોમાં જેમ ગુણ ભાળે છે, આ હાલવું, આ જડનું, રંગનું, રસનું, સ્પર્શનું, આ ઊનું, ટાઢું એવું ભાળે છે કે નહિ આમાં? તેમ આત્મા છે કે નહિ? તો આત્મામાં કાંઈ ગુણ છે કે નહિ? તો ક્યા ગુણ છે એની ખબર છે એને?

આત્મામાં જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે. શાંતિ એટલે ચારિત્ર. સમજાય છે? પ્રભુતા છે, વિભૂતા છે, સ્વચ્છતા છે. એવી અનંત શક્તિઓ એમાં પડેલી છે. એવા આત્માને એ રીતે પોતામાં પ્રભુતાથી અને આનંદથી ભરેલું તત્ત્વ છું એવી દૃષ્ટિ ન કરતાં જે પરપદાર્થથી મને સુખ થાય, દેહ મને ઉપકાર કરે છે એ માન્યતા મને સુખ આપે (એમાં) મને સુખ આત્મા આપે એમ ન રહ્યું. દેહ મને સુખ આપે એ મૂઢની વાસના મિથ્યા-કલ્પનાથી માને છે. ન્યાયથી–લોજીકથી કાંઈ સમજશે કે નહિ કે એમ ને એમ આંધળો ચાલ્યો જાશે? કહો, 'વસંતલાલજી'! આહાહા..!

ભાઈ! તને ખબર નથી. તારો ધર્મ – 'વત્થુ સહાવો ધમ્મો'. વસ્તુ ભગવાનઆત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં જ્ઞાન, આનંદ એનો ધર્મ-સ્વભાવ છે. એ સ્વભાવને ન માનતા હું જ્ઞાન, મારાથી મારું જ્ઞાન છે, પરથી નહિ, મારાથી મારામાં આનંદ છે પરથી નહિ, મારો વિશ્વાસ મારાથી છે, પરથી નહિ, એમ ન માનતા આ દેહ મને ઉપકારક છે એમ માને છે, પૈસા મને ઉપકારક છે, નિરોગતા મને લાભદાયક છે એ મૂઢ પરમાં સુખની કલ્પના મિથ્યા ભ્રાન્તિથી કરે છે. એ અધર્મ ભાવ ઉભો કરે છે, જે આત્માના ધર્મ સ્વભાવમાં નથી.

મુમુક્ષુ :- પહેલા દેવના સુખની વ્યાખ્યા કરીને પાછું આમ કહ્યું.

ઉત્તર :- એ ઉડાડ્યું. અહીં દેવના સુખની વાત કરી. આ મનુષ્ય કરતાં કાંઈક ન્યાં ઠીક છે, ઠીક છે એમ બતાવીને પાછું વાળ્યું મીંડું.

મુમુક્ષુ :- એના બહુ વખાણ કર્યા હતા.

ઉત્તર :- ઇ વખાણ કર્યા હતા. કહો, સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! તને તારી કિંમત નહિ અને તું કિંમત આપ પરપદાર્થને! પરપદાર્થને કિંમત આપે છે. દેહ બહુ સારો, હોં! પૈસા બહુ સારા. પણ તું ખરો સારો કે નહિ? ઇ આપણે નહિ. દેહ સારો હોય ને તો ઠીક. પુણ્યશાળી સારા. મૂઢ છો, માળા! સમજાય છે કાંઈ? વાસનામાત્ર છે, તારી કલ્પના મિથ્યા ભ્રમની છે.

ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ અરૂપી શીતળ શીલા, આત્મા શીતળ અવિકારી શીલા, ચૈતન્યની આનંદકંદ પડી છે. એને પોતામાં સુખ ને આનંદ ને શાંતિ ન માનતા મૂઢ (જીવ) દેહ, લક્ષ્મી, આબરુ, બાયડી, છોકરા, કુટુંબ એ પરપદાર્થ છે એમાં મને સુખ છે (એમ માને છે). એનો અર્થ થયો કે એ અને આત્મા બે એક માન્યા. તેથી કલ્પનાથી ઊભું કર્યું કે મને આને લઈને સુખ છે. આહાહા..! 'નવરંગભાઈ!'! સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મી... ધર્મી (બોલે). એમ ધર્મી થઈ જવાતું નથી કે ચાલો સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા (કર્યા). એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? એ... 'ભગવાનભાઈ!' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ આત્માને જ્ઞાનમય, આનંદમય કહે છે અને એમ છે. વસ્તુ છે તો કાંઈ ગુણમય છે કે ગુણ વિનાનો છે? તો શરીરવાળો છે આત્મા? શરીરવાળો હોય તો શરીર જુદા પડે નહિ. આ તો પડી જાય છે, ફટ દઈને જુદા પડીને ક્યાંક ચાલ્યો જાય છે. બાયડી બાયડી પડ્યા રહે ને બધું પડ્યું રહે અહીં. જો એ વાળો હોય તો એની સાથે આવવું જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડા વખતમાં.

ઉત્તર :- થોડા વખતમાં પણ ક્યાં ધૂળમાં છે? આમ ભિન્ન ભિન્ન પદાર્થ છે. એક સમય પણ એમાં ભેગા થયા નથી. એ અજ્ઞાનીની અહીં વાત કરે છે કે મૂઢને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાની ખબર નથી. એથી દેહ મને સુખરૂપ છે, ઉપકારક છે એવી એની માન્યતામાં ઊભી કરેલી વાસના છે. મિથ્યા ભ્રમ ઊભો કરેલો છે. પાછા ઇ શબ્દ વાસનામાત્ર કહીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મથી કર્યું એમ નથી કીધું. ઇ તત્ત્વજ્ઞાનનો અભાવ છે માટે વાસના ઊભી કરે છે. કર્મથી, કર્મથી નહિ. આહાહા..! કર્મ બચારા જડ પરપદાર્થ છે. તું ઉભુ કરે છો. આત્માની શાંતિ ને આનંદ સ્વરૂપ છે, સચ્ચિદાનંદ આત્મા પોતે છે. એમ પરમેશ્વરે કહ્યું છે અને એવું છે. એને ન માનતા દેહાદિ પદાર્થ જીવને ઉપકારક નથી છતાં ઉપકારક માને છે.

છે ને? **'દેહાદિક...'** દેહ શબ્દે શરીર, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન, સાબુ, મોસંબી, લાડવા, ચુરમું, દાગીના, કપડા... એય! શું કહેવું આ તમારે? ઘડીયાળ. પાંચસોની ઘડીયાળ સોનાના પટ્ટા નાંખેલા. જુઓ! ભાઈ! દેખો તો ખરા હું કેવો રૂપાળો છું. એટલે તું આ છો ? તું આ છો? ઇ તો જડની દશા છે. છતાં હું આવો છું એનો અર્થ કે શરીરની ક્રિયા તે મારી છે એમ માનનારો છે. સમજાણું કાંઈ? ઇ શરીરની અવસ્થા તે મારી, એનાથી હું શોભું છું. મારાથી હું શોભું (એમ નહિ), હું તો નમાલો છું. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી નામ ધરાવનારા પણ આ શરીરની ક્રિયા મારાથી થાય એમ માનનારા એ શરીર મને ઉપકારક થાય છે એમ માને છે. શરીર હોય તો કાંઈક ધર્મ ક્રિયા થાય. દયા પળે, વ્રત પળે એમ માનનારા બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાવાસનાને સેવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'દેહાદિક પદાર્થ ન તો જીવકે ઉપકારક હી હૈં ઔર ન તો અપકારક હી.'** પાછા નુકશાન કરનારા પણ નથી. શરીરમાં રોગ, નિર્ધનતા, વાંઢાપણું, વાંજિયાપણું... સમજાય છે ? વાંઢાપણું, વાંજિયાપણું, નિર્ધનપણું કે પ્રતિકૂળ ચીજો એ આત્માને અપકારક–નુકશાનકારક છે જ નહિ. પરપદાર્થની પ્રતિકૂળતા એ આત્માને નુકશાનકારક છે જ નહિ. મૂઢે માન્યું કે મને આ, મને આ (પ્રતિકૂળતા છે). એવી કલ્પનાની વાસના તેને અપકાર–નુકશાન કરે છે. એ પર વસ્તુ નુકશાનની કર્તા છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ દિશા સમ્યગ્જ્ઞાનની કેળવણીની છે. સમજાય છે? આહાહા..!

જુઓ! કેટલું સરસ આવ્યું છે! ભગવાન! તું તો આત્મા છો ને, પ્રભુ! આ ઇન્દ્રિયો જડ માટી છે. એના લક્ષથી તને કાંઈક ઠીક લાગે એ વાસના જ તારી મિથ્યાત્વ છે. અને એ ઇન્દ્રિયો અને શરીર આદિ અનુકૂળ હો અને શરીર બહાર અનુકૂળ કામ બરાબર આપે એટલે મને સારા કામ આપે છે, ઇ મૂઢ તારી માન્યતા છે. એ તો જડની અવસ્થા છે. તને શું કામ આપે? ઇ કામ તને આપે છે? જુઓ! ઇ કામ નથી આપતું ને કામ આપે છે ઇ માન્યતા જ મૂઢ જીવની છે એમ અહીં તો કહે છે. ઇ કામ શું આપે? ઇ તો એના કામ પ્રમાણે ચાલ્યા જાય છે, ઇ જડ પદાર્થ છે. જગતના અસ્તિત્વ તત્ત્વો છે, અજીવ રજકણો અસ્તિ સત્ જગતનું તત્ત્વ છે. એમાં નવી નવી અવસ્થા ઉત્પન્ન થાય, પૂરાણી અવસ્થા વ્યય થાય, અભાવ (થાય) એનું સત્ત્વ તરીકે જાત જાળવી રાખે. ઇ જગતના તત્ત્વો છે. એમાં એને લઈને આત્માને કામ આપે ને ઇ ન આપે એ વાત જ ક્યાં હતી? આહાહા..! 'નવરંગભાઈ!'

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇ ચીજો પોતે કામ વિનાની કે દિ' છે કે તું તને કામ આપે? દરેક ચીજોમાં ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે, અવસ્થા થવી એનું કામ છે. એ તને શું કામ આપે? સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! પણ એણે કોઇ દિ' સાંભળ્યું નહિ બિચારાએ. આત્મા રાંકો ભીખારી થઈ ગયો ને. રાંક રાંક જાણે ભિખારા, ભિખારા. અરે..! મારે આ વિના ચાલે નહિ, આ વિના ચાલે નહિ, આ વિના ચાલે નહિ. રાંકો! એલા પર વસ્તુ વિના (ચાલે) નહિ? પર તો સ્વતંત્ર ચીજ છે. સમજાણું કાંઈ? મારા આનંદ વિના મારે ચાલે નહિ એવો જે આત્મા, આના વિના ચાલે નહિ એ વાસના એણે મિથ્યા ભ્રમ ઉભી કરી છે. સમજાણું કાંઈ? બરાબર હશે આમાં 'છગનભાઈ!'?

**'દેહાદિક પદાર્થ ન તો જીવકે ઉપકારક હી હૈં...'** એ ઉપકાર કરનારા નથી. તારી વાસના માને છે કે આ મને ઉપકાર કરે છે. **'ન તો અપકારક હી.'** નુકશાન કરનારા નથી. એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવા યોગ્ય વસ્તુ છે. એ તને નુકશાન કરતા નથી. તને એમ થઈ જાય છે, આ પ્રતિકૂળ મને નુકશાન (કરે છે). એ તારી કલ્પના તને નુકશાન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? સાચા જ્ઞાન વિના ચોરાશીમાં રખડીને મરી ગયો. દયા, દાન ને વ્રત ને ભક્તિઓ પણ અનંત વાર કરી. ડાળિયા શું થયા? હું કોણ છું ને ક્યાં છું? કેમ છું? એના ભાન વિના એ ક્રિયાઓ રાગની કે પરની મને સુખરૂપ થાય એ માન્યતા મિથ્યાત્વની વાસના છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આમ બોલે કે જીવને અજીવ માનવો એ મિથ્યાત્વ, અજીવને જીવ માનવો તે મિથ્યાત્વ, બોલે ગડિયા. સમજે નહિ કાંઈ એમાં. અજીવની ક્રિયા મારાથી થાય અને મારી ક્રિયા એનાથી થાય તો તો બેયને એક માન્યા. જડની દશા આત્માથી થાય ને આત્માની દશા જડથી થાય (તો તો) બેને એક માન્યા. કર્તા બીજાને માને તો મૂઢ છે, કહે છે. બીજી જડની ક્રિયા મારાથી થાય એમ માનનારા મૂઢ છે એમ અહીં કહે છે. શરીર આદિ વસ્તુ છે કે નહિ? પરપદાર્થ છે કે નહિ? કે તું જ છો એમાં એકલો? તું જુદો છો અને આ પણ જુદી ચીજ છે. બન્ને જુદી જુદી ચીજ છે. અંદરથી ચૈતન્ય ચાલી જાય છે. થઈ રહ્યું. આ પડ્યું તો. ઇ રહ્યું તોપણ એનાથી અને પડ્યું રહ્યું તોપણ એનાથી. ઇ ક્યાં તારી ચીજ હતી? આહાહા..! શ્વાસ લ્યો (એમ) આ દાક્તર કાંઈક કહે. (તપાસ) કરવી હોય ને (ત્યારે કહે). જરીક ઊંચો શ્વાસ લ્યો. તમારો પેલો જોઈએ, અંદર શું કહેવાય ? તમારો રણકારો. એ પણ શક્તિ ન મળે. કારણ કે, એ આત્માની ક્રિયા જ નથી. એ તો જડની ક્રિયા છે. આત્મા તો જાણનાર અને કાં હું કરું એવું અભિમાન મિથ્યાત્વ કરે, બાકી બીજું કાંઈ કરે નહિ. આહાહા..! ભારે પણ વાત, ભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ કોણ કરતો હતો? ધૂળ. તમે કરતા હતા ન્યાં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :– દુકાન શેની હશે.

ઉત્તર :– દુકાન જડની, અજીવની. આત્મા તો અરૂપી છે. રંગ, ગંધ, રસ વિનાની ચીજ છે. એ રંગ, ગંધ, સ્પર્શમાં આત્મા ગરી ગયો?

મુમુક્ષુ :– સંયોગ છે.

ઉત્તર :– સંયોગ છે. સંયોગનો અર્થ શું છે? પૃથક્. સંયોગ શબ્દ શું કહે છે? સંયોગ–પૃથક્. સંયોગ એટલે પૃથક્. એક એ અપૃથક્. સંયોગ પૃથક્ છે. 'ગુલાબભાઈ!' આ જુદી જાતની નિશાળ છે. 'જીવીબેન'ને બોલાવ્યા છે કે એની મેળે આવ્યા છે? કહો, સમજાણું આમાં? આહાહા..!

અરે.. ભગવાન! આવો મનુષ્યદેહ તને મળ્યો અને બે દ્રવ્યની એકતાબુદ્ધિ રહે ત્યાં સુધી એને મિથ્યાત્વભાવ ટળશે નહિ. આ ઇ વાત કરે છે. આમ તો બીજી રીતે કરે છે કે એને ઉપકારકતા નથી. પણ ઉપકારકતા માને છે એનો અર્થ જ બે દ્રવ્યને એક માને છે. આહાહા..! ઇ મિથ્યાત્વ સૂક્ષ્મ શલ્ય, મિથ્યાદર્શન સૂક્ષ્મ શલ્ય એને અનાદિથી ચાર ગતિમાં રઝળાવે છે. નરક ને નિગોદ, એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને પંચેન્દ્રિય એને ભવા ભવ, ભવા ભવ, રખડ્યા રખડ, રખડ્યા રખડ (કરે છે). સમજાણું કાંઈ?

કાલે એક આવ્યું હતું. ઇ વાંચ્યું? શું કહે છે? ધર્મયુક્ત પત્ર છે એમાં કાલે આવ્યું હતું. ભાઈ ત્યારે બેઠા હતા. 'ગુલાબરાય'. એ સાંભળ્યું ને પેલું? પાધરી મરીને સીધી અહીં આવી છે. લ્યો! 'જુનાગઢ'માં હતી, લુહાણાની દીકરી અઢી વર્ષની મરીને અહીં આવી. આત્મા આ દેખાય છે કે નહિ પ્રત્યક્ષ? આત્મા એ નો એ ન્યાં હતો, ન્યાંથી અહીં આવ્યો, ન્યાંથી અહીં જાશે. રખડા રખડ (કરે છે). આવા શરીર તો અનંતા એવા કર્યા. ભાન ન મળે કે હું કોણ છું ને આ શું બને છે ને શું માનું છું? સમજાણું કાંઈ? શબ્દ છે એમાં? 'જેચંદભાઈ'! બધુંય છે પણ અંદર ...

**'દેહાદિક પદાર્થ ન તો જીવકે ઉપકારક હૈ ન તો અપકારક...'** નામ નુકસાન કરનારા છે. **'અતઃ પરમાર્થસે વે (પદાર્થ) ઉપેક્ષણીય હી હૈં.'** શું કહ્યું? ઉપેક્ષા કરવાલાયક નામ જાણવા લાયક છે. આ છે એમ જાણવા લાયક (છે). ઉપેક્ષણીય–ઉપેક્ષા કરવા લાયક છે. મારા છે ને મને ઠીક પડે છે, આ મારા નથી ને મને ઠીક પડતું નથી એમ કરવા લાયક પરપદાર્થ નથી. આત્મા સિવાયના દેહ, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, લક્ષ્મી, આબરુ બધું ઉપેક્ષણીય નામ ઉપેક્ષા કરવા (લાયક છે), અપેક્ષા કરવા લાયક નથી. અપેક્ષા એટલે કે મને ઠીક-અઠીક છે એમ કરવા લાયક નથી. પણ ઉપેક્ષા કરવા લાયક છે કે છે એને હું જાણનારો છું. સમજાણું કાંઈ? આહાહા..!

અપેક્ષા અને ઉપેક્ષા. એ મને સુખરૂપ છે એવી કલ્પના તે અપેક્ષા થઈ, મિથ્યાત્વની થઈ. એ મને દુઃખરૂપ છે એવી કલ્પના પણ મિથ્યાત્વની અપેક્ષાથી કરી. ભગવાનઆત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણનાર, જ્ઞાયક ચૈતન્યજ્યોત, ચૈતન્યસૂર્ય છે. એ જગત શરીર, વાણી, મન બધું કર્મ, પૈસા, આબરુ, કીર્તિ ઉપેક્ષણીય નામ જાણવા લાયક છે, ઉપેક્ષા કરવા લાયક છે, આદર કરવા લાયક નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આ વાસના તેં કરી છે માટે હવે છોડ એમ કહેવા માટે કહે છે. ઇ વાસના ઉભી કરી છે તેં. કેમ કરી છે એનો ન્યાય આપે છે. આહાહા..! પણ બાહ્ય પદાર્થના પ્રતિકૂળતાના ઘેરે ઘેરાયેલો એને એમ લાગે કે આ મને દુઃખ છે. મૂઢ છો. ઘેરાયેલો (કહે છે પણ એ તો) બહાર છે, એ તો બધી પડી છે, એમ ને એમ છે, અનાદિની છે. કે દિ' નથી? આ ક્યાં નવા તત્ત્વો છે જગતના? નવા ઉત્પન્ન થયેલા છે? અસ્તિ તત્ત્વ છે. છે એ કોઇ દિ' નહોતા એમ નહિ અને છે એ કોઇ દિ' નાશ થાય એમ નથી. છે એ રૂપાંતર થાય. રહીને રૂપાંતર, અવસ્થાંતર, દશાંતર થાય. એ તો જગતની ચીજો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દુઃખ દેવા આવ્યા છે.

ઉત્તર :- બિલકુલ (નહિ). મૂઢ કોણ કહે છે દુઃખ? દુઃખ કહેવું કોને? જ્યાં આનંદ છે એને ભૂલે તો આ મારા એમ માને તો એને એની દશામાં દુઃખ થાય. દુઃખ નથી આમાં, દુઃખ નથી સ્વભાવમાં. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે એને ભૂલી એની દશામાં આ મને ઉપકારક છે, આ મને અપકારક છે એવી વાસના તે દુઃખરૂપ છે. વસ્તુ દુઃખરૂપ નથી. ભગવાન એનો સ્વભાવ આત્માનો દુઃખરૂપ નથી. સ્વભાવ એનો દુઃખરૂપ હોઈ શકે નહિ. વાસ્તવિક તત્ત્વ હોય એ દુઃખરૂપ હોય? એ નવી દશા-વાસના ઉભી કરે છે એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું પણ નિશાળમાં નહિ આવતું હોય, નહિ? 'ભરતભાઈ!' આવતું હશે? નહીં. બધા ગપેગપ મારે જાણે.

મુમુક્ષુ :- કરી દેખાડે....

ઉત્તર :- કરી દેખાડે એ બધું સમજવા જેવું. શું કરી દેખાડે? કરી શકતો નથી, એ તો જાણનાર છે. એય! હું કરી બતાવું છું એ માન્યતા જ વાસના મિથ્યા ભ્રમ છે એમ અહીં તો કહે છે. ભારે ભાઈ! આ તો નિશાળ બીજી જાતની છે. કહીને તમે?

મુમુક્ષુ :- બધાને શીખામણ આપી હોય તે સાહિત્યમાં સાચી નહીં હોય?

ઉત્તર :- સાહિત્યમાં ક્યાંથી (હોય)? ગપગોળા મારનાર સાહિત્યકાર પોતે ગપગોળા મારનાર હોય. તે દિ' આવ્યો નહોતો? તે દિ' તમારો કોણ? વડોદરાવાળો. આવ્યો હતો ને? તે દિ' અહીં વ્યાખ્યાનમાં આવ્યો હતો. ઇ તો ભૂલી ગયો બિચારો. અહીં આવ્યા હતા. કીધું, તમે બધા ગપેગપ મારનારા. એ બિચારો અહીં આવ્યો હતો. તમે તો ઓળખતા હશો. નહિ? વડોદરાવાળો. અહીં બિચારા વ્યાખ્યાનમાં સાંભળવા આવ્યા હતા. ત્યાં 'ભુરાભાઈ'ને ત્યાં આવ્યા હતા ને? 'ભુરાભાઈ'ને ત્યાં આવ્યા હતા. આમ માણસ નરમ પણ બિચારાને ખબર ન મળે. આ વાત જ ખબર ન મળે. બધા હોંશિયાર નામ ધરાવનારે સાંભળ્યા નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે કોને કહેવી હોંશીયારી અને કોને કહેવી નબળાઈ?

એ હોંશીયારી તો તારી એને કહીએ કે હું જ્ઞાતા-દ્રષ્ટા અને આનંદ છું. પરમાં જ્ઞાન મારું નહિ, પરમાં આનંદ મારો નહિ, પરને લઈને વિશ્વાસ મારો નહિ. પર અનુકૂળતા, પ્રતિકૂળતા મારી ચીજમાં છે જ નહિ એમ જાણવું, માનવું એ હોંશિયારી કહેવાય છે. બાકી તો બધી મૂઢતા કહેવાય છે. આહાહા..! ભારે પણ ફેરવવું પડે માણસને, હોં! ફેરવવું બહુ પડે એટલે માણસને મુશ્કેલ પડે. ઉગમણો આમ ચાલ્યો જાતો હોય એને આમ પાછું મોઢું ફેરવવું પડે. ઇ જ કહું છું એને સાંભળવા જ મળતું નથી બિચારાને કે આ શું છે આ તે?

**'અતઃ પરમાર્થસે વે (પદાર્થ) ઉપેક્ષણીય હી હૈં. કિંતુ તત્ત્વજ્ઞાન ન હોનેકે કારણ...'** જુઓ! તત્ત્વજ્ઞાન એટલે આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન (છે અને) શરીર આદિ પર વસ્તુ તો અજીવ પર તત્ત્વ છે, બીજા આત્માઓ એ બીજા તત્ત્વ, બીજા જીવ તત્ત્વ છે. એમ જુદા તત્ત્વોનું જુદાનું જ્ઞાન નહિ હોવાને કારણે **'તત્ત્વજ્ઞાન ન હોનેકે કારણ – યહ મેરે લિયે ઇષ્ટ હૈ...'** જુઓ! એ ભાન ન મળે. તત્ત્વજ્ઞાન ચૈતન્યનું અને તત્ત્વજ્ઞાન એનું (એટલે કે) એ જડરૂપે (છે એમ) એનું પણ જ્ઞાન જોઈએ ને! શરીર, વાણી, મન આદિ અજીવ તત્ત્વ છે. અંદર લાખ પ્રતિકૂળતા થાય તો એ એમાં થાય છે, આત્મામાં છે નહિ. આત્મા એને અડતોય નથી, આત્મા તો અરૂપી છે. આ તો રૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળું આ તત્ત્વ છે.

મુમુક્ષુ :– વ્યવહારે રૂપી..

ઉત્તર :– ધૂળમાંય નથી રૂપી વ્યવહારે. હોય કેવો રૂપી? અરૂપી કોઇ દિ' રૂપી થતો હશે? એ તો કર્મના નિમિત્તની અપેક્ષાએ કહેવામાં આવે છે. અરૂપી ચૈતન્ય તેના અરૂપી ગુણ ને તેની અરૂપી પર્યાય. ઇ આવી ગયું નહિ 'નિયમસાર'માં? પહેલા આવી ગયું. સમજાણું કાંઈ? આ ગાથા ઠીક આવી ગઈ.

**'યહ મેરે લિયે ઇષ્ટ હૈ–ઉપકારક હોનેસે...'** જુઓ! આ મને ઠીક છે, મને ઉપકાર કરે છે. આવું શરીર આમ ધાર્યું કામ આપે. જુવાન અવસ્થામાં (ધાર્યું કામ આપતું હતું) હવે ધાર્યુ આપતું નથી. આપતું નથી ઇ ને? તારે માટે કાંઈ (નહિ). ઇ તો એની ક્રિયા થાય છે એને કારણે. ત્યારે જુવાનીમાં એને કારણે થતી હતી. તારે કારણે બિલકુલ હરામ એની નિરોગતા રહેતી હોય અને જુવાનતા રહેતી હોય તો. ઇ તો જડની માટીની દશા છે. આહાહા..!

મુમુક્ષુ :– આરોગ્યતા....

ઉત્તર :– ધૂળમાં આરોગ્યતા પાળે ને મરી જાય છે, દાક્તર પણ મરી નથી જાતા? એ... 'ચંદુભાઈ!' શું હશે? આ મોટા દાક્તર કહેવાય, લ્યો! આ બે બે દાક્તર બેઠા છે.

મુમુક્ષુ :– ઇ આરોગ્યતા ન પાળે ત્યારે ..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– મરી ગયા. હવે આરોગ્યતા કરી કરીને આ કેટલું કરે તોપણ અંદર શરીરમાં હખ ન હોય. એ શરીર તો બીજી ચીજ છે. ગમે એટલું ધ્યાન રાખે નહિ. કેમ હશે? ઇ પણ દાક્તર છે. આ તો તમે ભાઈ દાક્તર કહેવાય મોટા 'રાજકોટ'ના! હેય મોટા માથાના ફરેલા!

મુમુક્ષુ :– આપરેશન ન કરી શકે..

ઉત્તર :– કાંઈ ન થાય, કાંઈ કર્યું જ નથી, ઇ વાત જ ખોટી છે. એક રજકણ પણ એનો પર્યાય નામ અવસ્થા પલટે તે તેના રજકણને કારણે, બીજા રજકણથી પણ જેની પર્યાય પલટે નહિ તો આત્માથી પલટે એ મૂઢે માનેલી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ જડની છે તો એની શક્તિ વિનાનું એણે માન્યું છે. તત્ત્વ માન્યું છે. તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? તો તત્ત્વ એ ભાવ વિનાનું હોય? માલિક મૂઢ થાય છે ને એટલે માને, જાણે કે એમાં શક્તિ કાંઈ નથી. એક એક રજકણમાં એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યા જવાની તાકાત છે. એક રજકણ પોંઈટ, હોં! આનો છેલ્લો (રજકણ). આ તો ઘણા રજકણો ભેગા થયેલાનો પિંડ છે. પોંઈટ છેલ્લો પોંઈટ, જેના બે ટુકડા ન થાય. એ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય એવી તાકાત છે (એમ) ભગવાન કહે છે. રજકણ છે ને? તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? તત્ત્વનું સત્ત્વ હોઈ કે નહિ કાંઈ? તત્ત્વમાં સત્ત્વ વિનાનું સત્ હોય? સત્ છે એને સત્ત્વ નથી, સત્ત્વ નથી એટલે શક્તિ નથી, ગુણ નથી, સ્વભાવ નથી, સામર્થ્ય નથી, એમ હોય કોઇ દિ'? સમજાણું કાંઈ? એમ રજકણ પણ સત્ છે. તો એમાં એનું સત્ત્વ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ક્રિયા, રૂપાંતર થવું એનું એ સત્ત્વ છે, આત્માનું છે નહિ. સમજાણું કાંઈ?

**'યહ મેરે લિયે ઇષ્ટ હૈ-'** આ સ્ત્રી બહુ અનુકૂળ, મારે બહુ અનુકૂળ છે. બીજાને હશે પણ મારી સ્ત્રી તો.. આહાહા..! માળો પણ મૂઢ પણ ઉભો કરીને આરોપ નાંખે એમાં.

મુમુક્ષુ :– હોય તેથી કહે ને!

ઉત્તર :– કોને હોય? એ તો પરદ્રવ્ય છે, એ તો પર વસ્તુ છે. એની ભાષા આદિ જડની છે અને એનો ભાવ છે એ તો તારાથી પર એના આત્માનો ભાવ છે. એમાં તારો ક્યાંથી આવી ગયો એમાં? આહાહા..!

**'યહ મેરે લિયે ઇષ્ટ હૈ-'** એ મારા બધા અંગીઓ છે, અંગીઓ છે એમ બોલે છે કે નહિ? અમારા અંગીઓ છે, આ બધા અંગીઓ. એટલે જેમ અંગ છે ને આ મારું? અંગીના અંગ-અવયવો (હોય) એમ આ બધા મારા અંગી છે, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન (અંગીઓ છે). ધૂળમાંય નથી. તું અંગ ને એના અંગી એમ છે ઇ? તારો આત્મા જુદો, એનો જુદો. એને ઠેકાણે તારો અંગી ન્યાં ક્યાંથી આવી ગયો? સમજાણું કાંઈ?

આ તો સત્યની વાતમાં અસત્યને ફોડવું હોય એની વાત છે. અનાદિથી અસત્ય માનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મૂઢતા સેવી રહ્યો છે એને તોડવી હોય તો આ એનો એક ઉપાય છે. બાકી તો દુઃખી થઈ રહ્યો છે. સાધુ થાય તો મરી ગયો એમ કરીને. આ મેં કર્યું ને આ મેં કર્યું ને મેં પરની દયાઓ પાળી. સમજાય છે? વ્રતના ભાવ પુણ્ય એ મેં પાળ્યા ને મેં કર્યા, એ વિકારનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? એ મૂઢ ને મિથ્યાદૃષ્ટિ(ની) વાસના મિથ્યાત્વથી ઉભો કરેલો ભાવ છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'યહ મેરે લિયે ઇષ્ટ હૈ-ઉપકારક હોનેસે...'** પાછો ન્યાય આપ્યો. એ ઉપકારક છે, કેટલો ઉપકાર કરે છે!

મુમુક્ષુ :– ભગવાનની વાણી કેટલી ઉપકાર કરે!

ઉત્તર :– ઉપકાર કરે એ પોતાના પર્યાયને પોતે કરે ત્યારે વાણીને કહેવાય છે. વાણી કોનો ઉપકાર કરે? આહાહા..!

**'યહ મેરે લિયે અનિષ્ટ હૈ-અપકારક હોનેસે.'** આ બાયડી, છોકરા, કુટુંબ મારા ઘરમાં જ્યારથી આવ્યા ત્યારથી તો છ પરબી, ઘરમાંથી પૈસા ગયા, બધું ગયું ને આ થયું. હોળી મફતનો માને છે, સાંભળને હવે! એને લઈને કંઈ નહિ, એ વસ્તુ તો પર છે.

મુમુક્ષુ :– થાય છે એવું?

ઉત્તર :– થાય કાંઈ નહિ. એને નિમિત્ત કુદરતી થવાનું હોય અને એ પ્રમાણે થાય એમાં કાંઈ એને કારણે થયું છે?

**'યહ મેરે લિયે અનિષ્ટ હૈ-'** એવું લુગડામાં માને, હોં! આ લુગડું જ્યારથી પહેર્યું ત્યારથી હખ નથી, બાળી નાખો. મકાન સરખું (ન હોય તો) એનો ભ્રમ પડી જાય. મકાન બનાવ્યું હોય ને? પચાસ હજાર-લાખનું બનાવ્યું હોય. આ મકાનમાં આવ્યા ત્યારથી રોગ કેમ મટતો નથી? હેઠે કાંઈક હશે? મડદું દાટ્યું હશે કો'કે? થાય છે કે નહિ ? એમ અજ્ઞાની માને છે, મૂઢ માને છે. આહાહા..! પર વસ્તુ મને અહિતકાર છે, અપકારક છે. ઇ અનિષ્ટ માનીને એમ કહે છે એ વાત જ તદ્દન જુઠી છે. આરે..! ભાઈ! આ તો આખા સંસારનો ઓટલો બાળવો હોય એની વાત છે. બાપુ! સંસારમાં રખડવું હોય એને આ વાત બેસે એવી નથી.

**'ઐસે વિભ્રમસે ઉત્પન્ન હુએ સંસ્કાર...'** જુઓ! એવા વિભ્રમથી ઉત્પન્ન થયા સંસ્કાર. જુઓ! વિભ્રમથી ઉત્પન્ન થયેલા સંસ્કાર, હોં! કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. **'ઐસે વિભ્રમસે ઉત્પન્ન હુએ સંસ્કાર...'** ભ્રમણાથી સંસ્કાર ઉત્પન્ન કરે છે. આ મને ઇષ્ટ છે માટે ઉપકારક છે, આ અનિષ્ટ છે માટે અપકારક છે. ઇ વિભ્રમથી સંસ્કાર ઊભા કરે છે. કર્મને લઈને નહિ, એ પરપદાર્થને લઈને નહિ. મિથ્યાદૃષ્ટિ જીવ વિભ્રમથી ઉત્પન્ન કરેલા (સંસ્કાર) **'જિન્હેં વાસના ભી કહતે હૈં-ઇસ જીવકે હુઆ કરતે હૈં.'** જુઓ! એ જીવને–મૂઢને વાસના આદિ થયા કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મોટી મોટી દુકાનો ચલાવતા હોયને! 'વસંતલાલજી'! આમ પાંચ-પાંચ લાખની. 'મૂળજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેઠા માર્કિટ'! કેવી કેવી મોટી દુકાનો ચાલતી. ત્યાં એક ફેરી ગયા હતા. એ બધા જાણે આમ બેઠા હતા, કેવા હોંશિયાર હશે ત્યાં! નહિ? દુકાને બેઠા હોય ને આમ ગલ્લો પડ્યો હોય ને આમ બેઠા હોય બે-પાંચ લાખનો માલ (આવતો હોય).... રેશમના થોકડા પડ્યા હોય. ઘરાક આવે તો આમ રાજા-રાણી નીકળ્યા હોય અને પાંચ-પાંચ, દસ-દસ હજારનું લઈ જાય ને... આહાહા..! રાજી રાજી થઈ ગયા! મૂઢ છો, કહે છે. ભાઈ! એ પરપદાર્થના મેળામાં તને શું ઠીક પડ્યું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ધૂળ, એ તો પાપનો ઉદય હોય તો એમ થાય. એમાં આત્માને લઈને શું છે? પૂર્વનો પાપનો ઉદય હોય તો રળવાને ઠેકાણે જાય. એમાં શું છે? એમાં આત્માને જાય તો અપકારક શું છે? ને આવે તો લાભકારક શું છે? આહાહા..! આ બળખો પણ કાઢવો કઠણ પડે માણસને.

મુમુક્ષુ :– અમલમાં મૂકે..

ઉત્તર :– આ અમલમાં મૂકવું. શ્રદ્ધામાં લે કે એ વસ્તુ મને નુકશાન કે અપકારક કે લાભદાયક છે નહિ. મારો આત્મા આનંદદાયક તે લાભકારક છે અને હું ઊંધા રાગ-દ્વેષ કરું તે મને નુકશાનકારક છે. બાકી કોઈ ચીજ લાભ કે નુકશાનકારક પરમાં છે જ નહિ. આહાહા..! **'ઇસ જીવકે હુઆ કરતે હૈં.'** જુઓ! આ જીવને વાસનાઓ થયા કરે છે, કર્મને લઈને નહિ. પેલો કહે કે, વિભ્રમ. વિભ્રમને લઈને વાસના.

મુમુક્ષુ :– વિભ્રમ કોનાથી થાય?

ઉત્તર :– વિભ્રમ પોતાથી થાય. કોનાથી થાય શું?

મુમુક્ષુ :– ઇ તો કર્મથી થાય.

ઉત્તર :– ભ્રમ વિનાનો આત્મા ભ્રમણા ઉત્પન્ન કરે. કર્મને લઈને હોય? કર્મ તો જડ છે, માટી, ધૂળ છે. પરદ્રવ્ય તને નુકશાન કરે? વાસના ઉત્પન્ન કરે? દોષ ઉત્પન્ન કરે? નહિ. આવા ને આવા મૂઢને માને. દર્શનમોહનો ઉદય હોય તો આત્માને ભ્રમણા થાય. જડ ભ્રમણા કરાવતું હશે તને? એ પરદ્રવ્ય મને નુકશાનકારક છે એમ માન્યું.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :– એ આવે એ તો નિમિત્તના કથન છે. શું આવે? સમજાણું કાંઈ?

**'અતઃ યે સુખ-દુઃખ વિભ્રમસે ઉત્પન્ન હુએ સંસ્કારમાત્ર હી હૈં,...'** એટલી બધી વ્યાખ્યા કરી, જુઓ! **'યે સુખ-દુઃખ વિભ્રમસે ઉત્પન્ન હુએ સંસ્કારમાત્ર હી હૈં,...'** સંસ્કારમાં એણે કલ્પ્યું છે કે આ મને અનુકૂળ છે, આ મને પ્રતિકૂળ છે. એ વિભ્રમથી તેં ઉત્પન્ન કર્યું છે. એ સંસાર છે, એ સંસ્કાર એ સંસાર છે. એ દુઃખ છે, એ ભ્રમણા છે, એ જ પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સ્વભાવિક નહીં.'** હવે અહીં કહેવું છે. એ વસ્તુ સ્વભાવિક નથી. એ આત્માનો સ્વભાવ નથી. એ તો સંસ્કાર ઉભા કરેલા વિકૃત ભાવ છે, જે સ્વભાવમાં નથી. સ્વભાવ તો આનંદ ને જ્ઞાન, શાંત નિર્વિકારી, સમ્યક્ શ્રદ્ધા, શાંતિ ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ છે. આ (વિકૃતિ) ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી. પણ ઉત્પન્ન કરીને ભ્રમણાથી માને છે. **'સ્વભાવિક નહીં.'** એ સંસ્કાર સ્વભાવના નથી. પરથી થયા નથી, સ્વભાવના નથી. વિકાર વિભ્રમ પર્યાયમાં નવો અનાદિથી ઊભો કર્યે જાય છે અને રખડ્યે જાય છે. ચોરાશીના અવતાર નરક ને નિગોદ, કોઈ વાર શેઠીઓ ને કોઈ વાર રાંકો ને કોઈ વાર ભીખારી ને કોઈ વાર નરક ને કોઈ વાર ઢોર. અનંતકાળથી ચાર ગતિ રખડીને મરી ગયો. પાંચ-પચીસ વર્ષ જ્યાં માણસપણું મળે ને જ્યાં આ કાંઈ મળે ત્યાં... આહાહા..! (થઈ જાય). ધૂળેય નથી, સાંભળને હવે, એ તો પર ચીજ છે. સમજાણું કાંઈ?

**'યે સુખ દુઃખ ઉન્હીંકો હોતે હૈ જો દેહકો હી આત્મા માને રહતે હૈં.'** જુઓ ભાષા! એનો સરવાળો આવ્યો. એ સુખ-દુઃખની કલ્પના એને થાય છે કે જે પરદ્રવ્ય મારા માને છે તેને. દેહ ને પરદ્રવ્યને પોતાના માને ત્યારે આ મને ઉપકારક ને અપકારક માની શકે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરને મારા માનવામાં શું વાંધો છે?

ઉત્તર :– પર એના હતા કે દિ'? પર તો જુદા રહ્યા. પર જુદે જુદા છે. અનંત પદાર્થ છે, સૌ ભિન્ન ભિન્ન. કોઈના કોઈમાં પેઠા નથી અને કોઈ કોઈને ખરેખર તો અડતા પણ નથી. આહાહા..!

**'યે સુખ દુઃખ ઉન્હીંકો હોતે હૈ જો દેહકો હી આત્મા માને રહતે હૈં.'** જુઓ! ભાષા. સરવાળે આ લીધું કે, 'શરીર તે હું' એમ માનનારા બધા પદાર્થ અનુકૂળ તે મને ઠીક અને પ્રતિકૂળ તે અઠીક. હેતુ તો પેલો દેહ તે હું (એમ માને છે તે છે). પણ હું આત્મા આનંદ, જ્ઞાન છું એની એને આત્માના સ્વની શ્રદ્ધા ને સ્વનું ભાન નથી. 'ભૂરાભાઈ!' વાત આમ છે, હોં! લાખ વાત લોકો કરે એ બધી ખોટે-ખોટી, બધી ગપે-ગપ (છે).

મુમુક્ષુ :– એટલા બધા ખોટા?

ઉત્તર :– અનાદિના જાજા ખોટા જ હોય. કીડીઓ તો ઘણી હોય છે એટલે કંઈ બધા માણસ થઈ ગયા? નગરા કીડીઓના ઘણા હોય. નગરા સમજો છો? કીડીઓ નથી હોતી? ગામ દીઠ કીડીના નગરા બહુ હોય. એટલે માણસ થઈ ગયા બધા? એમ સંખ્યા જાજી હોય એટલે કંઈ સત્ થઈ ગયું? સમજાણું કાંઈ?

આ શબ્દ જુઓ! છેલ્લો સાર કહ્યો છે, હોં! ભગવાનઆત્મા હું જ્ઞાન અને આનંદ છું. જુઓ! આ 'ઇષ્ટોપદેશ'. 'પૂજ્યપાદસ્વામી'નું 'ઇષ્ટોપદેશ'. આ પ્રિયકારી ઉપદેશ, આ હિતકારી ઉપદેશ. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ કહે છે કે, આનું નામ 'ઇષ્ટોપદેશ' કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરદ્રવ્યની ક્રિયાથી મને લાભ-અલાભ માને એ દેહને જ પોતાનો માને છે. સમજાણું કાંઈ?

**'ઐસા હી કથન અન્યત્ર ભી પાયા જાતા હૈ -'** બીજા શ્લોકનો આધાર આપે છે. **'ઇસ શ્લોકમેં દમ્પતિયુગલકે વાર્તાલાપકા ઉલ્લેખ કર યહ બતલાયા ગયા હૈ કિ...'** પતિ-પત્ની બે હતા એનો એક દાખલો આપે છે. અંદર શ્લોક છે. **'વે વિષય જો પહિલે અચ્છે માલૂમ હોતે થે, વે હી મનકે દુઃખી હોનેપર બુરે માલૂમ હોતે હૈં...'** દૃષ્ટાંત આપે છે. જે પહેલા સારા લાગતા હતા. બાયડી, છોકરા ને આ પૈસા ને ભોગ ને સ્ત્રી ને આહા... ગલગલા, હાથ સુંવાળા ને... બોલ મીઠા.. ઇ બધું સારું લાગતું હતું. એ મનમાં જ્યારે ચિંતા કાંઈક હોય એ કાળે, એ જ ચીજો દુઃખરૂપ લાગે. બરાબર છે? એ દૃષ્ટાંત આપે છે, હોં!

**'ઘટના ઇસ પ્રકાર હૈ-પતિ-પત્ની દોનોં પરસ્પરમેં સુખ માન, લેટે હુએ થે...'** સુખી માનીને સૂતા હતા. આપણે સુખી છીએ. **'પતિ કિસી કારણસે ચિંતિત હો ગયા.'** મનમાં વિચાર એકદમ આવ્યો કે, અરે..રે..! આ સટ્ટો કર્યો છે. એમાં નક્કી પાંચ લાખ જશે. એ.. 'મલૂપચંદભાઈ'! ચાલ્યા જાશે. અરે..! હમણાં આવશે. ખબર પડશે કો'કને કે કો'ક મારો દુશ્મન જાગ્યો છે... હાય.. હાય..! કલ્પના... કલ્પના... કલ્પના... જુઓ! **'કોઈ કારણથી ચિંતિત થઈ ગયો.'** સમજાય છે? કોઈ પણ એવું કારણ મનમાં ઉત્પન્ન થયું. બાયડી-ભાયડો બે છે. ભેગા સુતા છે એમાં આને ચિંતા ઉત્પન્ન થઈ. ઓહો..! અરે..! કાં તો વીસ વર્ષનો દીકરો હોય અને ક્ષય થયો છે એવો કાગળ આવ્યો હોય. સમજાય છે? એમાં આંખમાંથી અશ્રુની ધારા... ભાઈ આવે છે એને ક્ષયની અસર છે. આહા..! એ વિચારમાં ચિંતા ચડી ગઈ, ચિંતિત (થઈ ગયો). કોઈ ખોટ ગઈ, કોઈ ચિંતિત થયો કે દીકરી રાંડી કે કોઈ પોતાના શરીરમાંથી એમ વિચાર થયો કે આ શરીરમાં કોઈ રોગ લાગે છે. છ મહિનાથી કાંઈ થાતું નથી... નક્કી આવું કેન્સર હોય.

**'ચિંતિત હો ગયા. પત્ની પતિસે આલિંગન કરનેકી ઇચ્છાસે અંગોંકો ચલાને ઔર રાગયુક્ત વચનાલાપ કરને લગી..'** પોતાના શરીરની ચેષ્ટા કરવા લાગી અને વચનથી મીઠા મીઠા વેણ બોલવા લાગી. **'કિન્તુ પતિ જો કિ ચિંતિત થા,...'** એ તો ચિંતામાં હતો, વિચારમાં ચડી ગયો હતો. આહા..! શું થશે? પાંચ લાખ આવ્યા છે, આપણે રાખ્યા છે, એક ઘરના માણસને ખબર છે ને એ માણસ અત્યારે દુશ્મન થઈ ગયો છે. હવે એ માણસ જો હમણાં જ કો'કને લાવશે... આ શું કરે છે અત્યારે? લઈ જાય તો લઈ જાય પણ પાછા કેદમાં ખોહશે. (પતિ) **'ચિંતિત થા, કહને લગા મેરે અંગોકો છોડ,...'** હે સ્ત્રી! છોડ મારું શરીર, હું ચિંતિત છું. ભાન નથી તને? અત્યારે આ ક્યાં કલ્પના કરે છે? **'તું મુજે સંતાપ પૈદા કરનેવાલી હૈ.'** જુઓ! સુખ દેવાવાળી હતી ને? કલ્પનામાં ચડ્યો છે ને (એટલે કહે છે), છોડી દે અત્યારે, અત્યારે મને તારાથી હૃદયમાં દુઃખ થાય છે. તારાથી (મને દુઃખ થાય છે) એમ કહે છે, જુઓ!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**‘તું મુજે સંતાપ પૈદા કરનેવાલી હૈ.’** વળી પહેલા કહેતો તો ને, આ માખણ જેવું શરીર ને રૂપાળું ને સુંદર ને આમ ને આમ હાથ ફેરવે ત્યાં આહા! જુઓને! મામણા મામણા વચન બોલે. નાનું છોકરું બોલેને? આમ મ..મ મ..મ એવા વચન (બોલે). આહાહા..! આ તું કહેતો હતો ને આ મને ઠીક છે. ક્યાં ગયું? આહાહા..! મને છોડ. **‘દૂર હો જા. મુજે તેરી ઇન ક્રિયાઓંસે મેરી છાતીમેં પીડા હોતી હૈ.’** જુઓ ભાષા! હોં! જ્યારે તારે લઈને સુખ (લાગતું) હતું, અત્યારે મને ઝેર જેવી લાગે છે, છોડી દે. સમયને ઓળખતી નથી. ક્યાં શું છે? મને શું થાય છે? તને ભાન નથી. **‘દૂર હો જા. મુજે તેરી ચેષ્ટાઓંસે બિલકુલ આનન્દ યા હર્ષ નહીં હો રહા હૈ.’** તારી ચેષ્ટા ને અનુકૂળતામાં અત્યારે મારું લક્ષ નથી. સમજાણું ? મારું લક્ષ બીજે ચડી ગયું છે.

મુમુક્ષુ :– ... મને હેરાન કરે છે...

ઉત્તર :– સાંભળશે એનો અર્થ થયો ને! ઇ આવ્યું. આમ ભાષા આવી. હેરાન કરતી નહિ પણ મારું લક્ષ બીજે છે (તો કહે છે કે) તું નુકશાન કરનારી છો.

કહે છે ને અહીંયાં? **‘તું મુજે સંતાપ પૈદા કરનેવાલી હૈ. તેરી ઇન ક્રિયાઓંસે મેરી છાતીમેં પીડા હોતી હૈ. મુજે તેરી ચેષ્ટાઓંસે બિલકુલ આનન્દ યા હર્ષ નહીં હો રહા હૈ.’** ભાષા એમ લીધી, જોયું? પેલી એની માન્યતા છે, હોં! એનાથી નહિ. પહેલા ઇ માનતો હતો કે, આ મને અનુકૂળ છે. વળી પેલી કલ્પનામાં માન્યતા ફરી ગઈ. સમજાણું કાંઈ?

બીજો શ્લોક છે. **‘રમણીક મહલ, ચંદન, ચંદ્રમાકી કિરણે (ચાંદની),...’** આ સાહિત્યકાર બહુ લડાવતા હોય, હોં! રંજન કરીને પુસ્તકના પૈસા લેવા હોય ને! **‘રમણીક મહલ, ચંદન, ચંદ્રમાકી કિરણે (ચાંદની),...’** ચાંદની એટલે (ચંદ્રનો) પ્રકાશ હોય ને? **‘વેણુ...’** સમજાય છે? ઊંચા વાંસડા આદિ હોય ને? ફર્સ્ટકલાસ આમ રંગેલા ને રંગ આદિ (હોય). **‘વીણા તથા યૌવનવતી યુવતિયાં (સ્ત્રિયાં) આદિ યોગ્ય પદાર્થ ભૂખ-પ્યાસસે સતાયે હુએ વ્યક્તિયોંકો અચ્છે નહીં લગતે.’** પેટમાં ભૂખ કુરકુરીયા બોલતા હોય આમ એવા. એમાં આ બધું અનુકૂળ એ વખતે સારું લાગતું નથી. ભાઈ! રોટલો લાવ ને હવે. જે કાંઈ સૂકો હોય તો સૂકો. સવારની રોટલી છે કે નહિ? તું તો રોટલીને સાડા નવ કરીશ. રાતની પડી છે કે નહિ? લાવ રોટલી. અંદર પીડા–ભૂખ લાગતી હોય ને? **‘વ્યક્તિયોંકો અચ્છે નહીં લગતે..’** એ બધી ચીજો સારી લાગતી હોય (પણ) પેટમાં ભૂખ એવી હોય, એવી હોય. પાછી હમણાં આશા ન હોય કે હમણાં ક્યારે થાશે? આહા..! અરે..! ત્રણ કલાકે થાશે? આ દૂધપાક થાશે. આજે મામાને ત્યાં જમવાનું આવ્યું. ન્યાં બે વાગે દૂધપાક થાશે. હાય! હાય! અહીં ભૂખ લાગી સાડા નવે અને આ ઘરની બાયડી રાંધશે નહિ. અત્યારે શું? આપણે જમવા તો જાવું છે. પણ જમવા બે વાગે જાવું છે પણ અહીં ભૂખ લાગી એનું શું કરવું અત્યારે? પણ (અત્યારે) ખાશો તો પાછો પેલો દૂધપાક ઓછો ખવાશે. એ... ‘છગનભાઈ!’ છોકરાને ભૂખ્યા રાખે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખબર છે? એવું હોય તો બે કલાક આઘા (રાખે), ભૂખ્યા રાખે ને ઘરે ન રાંધે. અહીં ખાય પછી ન્યાં શું ખાય? આહાહા..! આ બધું જાણેલું, જોયેલું, અનુભવેલું છે, હોં!

**'વ્યક્તિયોંકો અચ્છે નહીં લગતે.'** પેટમાં ભૂખ લાગી, તૃષા લાગી... આહાહા..! **'ઠીક ભી હૈ, અરે! સારે ઠાટબાટ સેરભર ચાવલોંકે રહનેપર હી હો સકતે હૈં.'** કહે છે કે, પેટમાં અનાજ હોય તો પછી બીજું ઠીક લાગે એવું અજ્ઞાનીને ભાસે છે. ઇ સારી ચીજ હોય તોપણ ખરાબ લાગે. સમજાણું? ઠાઠમાઠ શેરભાર ચોખા પેટમાં કાંઈ પડ્યું હોય ને પછી કહે.. હા... **'અર્થાત્ પેટભર ખાને કે લિયે યદિ અન્ન મૌજૂદ હૈ, તબ તો સભી કુછ અચ્છા હી અચ્છા લગતા હૈ.'** લ્યો! અને **'અન્યથા (યદિ ભરપેટ ખાનેકો ન હુઆ તો) સુંદર એવં મનોહર ગિને જાનેવાલે પદાર્થ ભી બુરે લગતે હૈ.'** અહીં ભૂખ લાગી છે, અહીં અંધારા આવે છે આંખમાં. સમજાય છે? કાલે સાંજે થોડું ખાધું હતું, પેટને ઠીક નહોતું ને આ એવી ભૂખ લાગી છે ને આ.. એ વખતે સારી ચીજો પણ પેટમાં પડેલું નથી (અને) ભૂખ લાગી છે તો સારી લાગતી નથી. ઇ ચીજ સારી-નરસી નથી. એને સારી લાગતી નથી. પહેલા સારી લાગતી હતી, પછી સારી લાગતી નથી. એ ચીજો સારી લાગતી હોય તો સદા સારી લાગવી જોઈએ. સમજાણું કાંઈ? સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે.

ઇ ચીજ સારી-નરસી નથી. ઇ ચીજો પહેલા (સારી) માની હતી. આહાહા..! જ્યાં પેટમાં ભૂખ કે કાંઈક બીજું થયું તો ઉં.. હું.. હું... હું... બસ! થઈ રહ્યું. એ તો તારી કલ્પના હતી. એ ચીજો અનુકૂળ-પ્રતિકૂળ છે માટે સુખ દુઃખ છે એમ છે નહિ. ઓહોહો..! ગભરાયેલો હોય ને ગભરાયેલો? આમ વસ્તુ આપે, એ તો દુશ્મન સારી ચીજ આપતો હોય તો એને એમ લાગે કે આ ઝેર આપતો લાગે છે. ગભરાય. શું મને આપો છો? દૂધ શું? દૂધમાં ઝેર નથી ને? આ ચામાં કાંઈ નાંખ્યું નથી ને?

રાજાને બહુ ડર હોય, હોં! મોટા રાજા પહેલા કૂતરાને ખવરાવે. મોટા રાજા હોય ને? એક કૂતરો રાખ્યો હોય, એ કૂતરાને પહેલા ચખાડે. જો ન મરે તો ખાય. નહિતર .... આવા આવા ત્રાસ પડેલા ને ઇ મૂઢોને સુખી કહેવાય! સમજાણું કાંઈ? જેના ખાવામાં પણ પરાધીનતાનો પાર ન મળે. કૂતરાવાળો બોલાવો, ભાઈ! અમે કરોડના તાલુકાદાર છીએ, કોઈએ રાજમાં ખટપટથી કોઈએ કાંઈ કર્યું હોય તો? એમ બોલે નહિ, ભાષા એમ ન બોલે પણ આપણે પહેલા કૂતરાને ચખાડીએ. સમજાણું કાંઈ? રાણીને આપો પાવા. રાજાને પાવા ઝેરનો પ્યાલો રાણીએ તૈયાર કર્યો હોય. રાજાને ખબર પડી ગઈ. પીઓ પહેલા તમે. હાય! હાય! જુઓ! કાંઈ નહિ થાય, પી લે! .... ખબર પડી જાય કે આમાં ઝેર છે. સમજાણું? પી લે! પછી પીધું. મરી ગઈ. શું કરે પણ? કોને કહેવા સારા ને કોને કહેવા નરસા? સારી રાણી રાણી કરતો હોય ને એને કહે કે હવે ઝેર પી લે. અનિષ્ટ લાગ્યું (તો કહે), આ તો મારી નાખવા માગે છે. સમજાય છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૧૩, શનિવાર
## તા. ૧૯-૦૩-૧૯૬૬
## ગાથા–૬ થી ૭ પ્રવચન નં. ૫

'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા થયા એના પછી આ (–'પૂજ્યપાદસ્વામી)' થયા છે. મહાસમર્થ (હતા), વિદેહ(ક્ષેત્રમાં) ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે ત્યાં એ 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ દર્શન કરવા ગયા હતા. એ બધા શ્લોક મોઢા આગળ છે, મોઢા આગળ છે ને શ્લોક ? જેમ 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન પરમાત્મા બિરાજે છે. મોટું આયુષ્ય છે એટલે બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' ગયા હતા એમ આ 'પૂજ્યપાદસ્વામી' પણ દિગંબર મુનિ મહાસમર્થ ધર્માત્મા ભગવાનના દર્શન કરીને આવ્યા અને પછી આ શાસ્ત્રો કહ્યાં છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ કાંઈ ખબર નથી, ગયા હતા એટલું. મોઢા આગળ છે, જુઓ! લખ્યું છે. ઇ બતાવ્યું હતું, સવારે બતાવ્યું હતું. **'विदेहजिनदर्शनपूतगात्रः'** (શ્રવણબેલગોલ શિલાલેખ–૧૦૮). શરૂઆત કરતાં પહેલો શબ્દ (છે). **'श्रीपूज्यपादमुनिरप्रतिमौषधर्द्धिर्जीयाद्वि-देहजिनदर्शनपूतगात्रः'** શ્રવણબેલગોલ શિલાલેખ ૧૦૮ છે. શરૂઆતમાં છે, છે ને શરૂઆત? ૧૦૮ છે વચમાં. આમ દસ છે. એક, બે, ત્રણ છે ને ? દસમો બોલ છે એમાં છે ઇ. વિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે ત્યાં 'પૂજ્યપાદસ્વામી' ગયા હતા અને પછી આ (શાસ્ત્ર) બનાવેલું.

પરમાત્મા બિરાજે છે, અત્યારે એ ના એ બિરાજે છે. આયુષ્ય તો મોટું છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. સમજાણું? એક પૂર્વમાં કેટલા વર્ષ જાય? (લાખો.) ટૂંકુ ઠીક કર્યું. મોટું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ ને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. ઓહોહો..! એમાં શું છે? અનંતકાળ ગયો એમાં આ તો સંખ્યાતો કાળ છે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ. એક કરોડ, બે કરોડ એમ નહિ, હજાર કરોડ એમ નહિ, એક લાખ નહિ, સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ કહેવાય. એવું એક કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. 'સીમંધર' ભગવાન તીર્થંકરદેવ મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ પરમેશ્વર બિરાજે છે. સમજાણું કાંઈ ? વર્તમાનની વાત ચાલે છે ને?

ચોવીસ તીર્થંકરો તો મોક્ષ પધાર્યા. ઇ તો સિદ્ધપદ થઈ ગયા. ઇ અરિહંતપદે તો અહીં બિરાજતા હતા. જ્યારે 'મહાવીર' ભગવાન આદિ (હતા) ત્યારે સમવસરણમાં અરિહંતપદે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતા. અત્યારે તો સિદ્ધપદ થઈ ગયા. નમો સિદ્ધાણં. આ 'સીમંધર' ભગવાન તો નમો અરિહંતાણંમાં છે હજી. અરિહંતપદમાં છે. ચાર કર્મ નાશ થયા છે, ચાર કર્મ બાકી છે. સમવસરણ છે, ઉપદેશ ચાલે છે, ઇન્દ્રો આવે છે. સમજાણું? ઘરની ખબર ન હોય બરાબર એમાં પારકી પંચાત આટલી બધી ક્યાં માંડવી? 'મોહનભાઈ'! આહાહા..! એ 'પૂજ્યપાદસ્વામી' ભગવાન પાસે ગયા હતા. સમજાય છે? ત્યાંથી આવીને પછી આ શાસ્ત્રો રચ્યા.

છઠ્ઠી ગાથાનું ચાલે છે, જુઓ! કહે છે કે, શરીરમાં, પેટમાં આહાર ન હોય અને રોગ આદિ હોય ત્યારે જે અનુકૂળ ચીજ લાગતી હતી એ જ એને એના પોતાના સંસ્કારને લઈને પ્રતિકૂળ લાગે છે. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. આ 'ઇષ્ટોપદેશ' છે. વાસનામાત્રથી આ પરમાં સુખ છે એ એની કલ્પના છે. સ્ત્રી, શરીર, કુટુંબ, પરિવાર, ખાવા, પીવા, મહેલ, મકાન એ બધા મને સુખરૂપ છે એમ મૂઢ જીવ પોતાની વાસના ઊભી કરીને માને છે. એ એનો પોતાનો ઊંધો પુરુષાર્થ છે. કર્મનું કારણ નથી એમ 'ઇષ્ટોપદેશ'માં કહે છે. એનું નામ 'ઇષ્ટોપદેશ'. કર્મને કારણે છે એ ઉપદેશ 'ઇષ્ટોપદેશ' નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– હમણાં આવશે.

ઉત્તર :– નહિ આવે. બીજું આવશે એમાં. એમાં નહિ આવે એવું. ઉપાદાન પહેલેથી લઈ ગયા છે, બીજી ગાથાથી. ઉપાદાનના પરિણામ ને ક્ષણિક ઉપાદન, હોં! ત્રિકાળ ઉપાદાન નહિ. સોનું પોતાના ઉપાદાન પરિણામથી સોનું થતું થતું સોળ વલું થઈ જાય છે, નિમિત્તો ભલે હો. એમ દરેક પદાર્થ પોતાના ઉપાદાનથી જ કાર્ય કરી રહ્યું છે. એ પહેલી, બીજી ગાથાથી શરૂ કર્યું છે. અથવા પહેલી ગાથામાં શરૂ કર્યું હતું. ભગવાન પરમાત્માને હું નમસ્કાર કરું છું. કેવા પરમાત્મા? પોતાના પુરુષાર્થથી સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. આવ્યું હતું કે નહિ 'ચંદુભાઈ'? પહેલી ગાથામાં. પોતાના પુરુષાર્થથી જેણે સ્વભાવને પ્રાપ્ત કર્યો છે અને તેથી કર્મનો અભાવ થયો. એ પહેલી ગાથામાં જ લીધું હતું. પુરુષાર્થથી પ્રાપ્ત કર્યું છે એનો અર્થ એ કે પુરુષાર્થથી ઊંધુ પ્રાપ્ત (કરે છે), સંસારમાં ઊંધુ પ્રાપ્ત કરે છે. ઊંધા પુરુષાર્થથી ઊંધું વિકારી પ્રાપ્ત કરે છે અને સવળા પુરુષાર્થથી આત્માની શાંતિ પ્રાપ્ત કરે છે. એ તો એમાં સિદ્ધાંત આવી ગયો. બધે ઠેકાણે કાંઈ સરખું લખાણ... જેમ આવતું હોય એમ આવે ને! સમજાણું કાંઈ?

કહે છે કે, શરીરમાં પેટ(માં) એક રોટલો, શેર ચોખા પડ્યા હોય તો આ બધું ઠીક લાગે અને ન હોય તો બધું (અઠીક લાગે છે). એ સ્ત્રી વ્હાલી હોય, બધી અનુકૂળતા હોય પણ અંદર ક્ષુધા હોય કાં મગજમાં બીજી કોઈ ચિંતા ચડી ગઈ હોય. કહો, બરાબર છે કે નહિ? ચિંતા બીજે ક્યાંક ચડી ગઈ છે એટલે આ બધું છોકરાઓ છે, બૈરા છે, પૈસા છે, શરીર (છે), 'મોહનભાઈ' કરતાં એનું શરીર સારું છે પણ અંદર કલ્પનાની જાળે (દુઃખી થાય છે). આ તો દાખલો (કહ્યો).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુમુક્ષુ :– ....

અરે..! આમ દેખાવમાં જુઓ. બે જણા બતાવો. ઇ તો આ ચાલવાની અપેક્ષાની વાત છે. કહો, સમજાણું આમાં? ધૂળ સારું હોય કે નરસું એની સાથે શું સંબંધ છે? આહાહા..! આ આત્માની નજર કરને, બાપુ! તું ઊંધી નજર કરે છે ઇ તારો પુરુષાર્થ ઊલટો છે. સવળો કરવો ઇ તારા હાથમાં છે. બીજું કાંઈ (નથી), દુનિયા જડની એને કારણે આ તો હવે થયા જ કરે છે. આની કેટલી સંભાળ રાખ્યે આ રહેશે? લાખ સંભાળ કરશે (તોપણ) ધૂળ થઈને રાખ થઈને પડી મસાણમાં ચાલી જશે. ઇ કાંઈ તારી રાખે રહે એવી નથી. એમ હશે? દાક્તર! દાક્તરો રાખે કે નહિ ત્યાં? નહિ. ધૂળમાં ચાલ્યો જાય છે ફૂ... (થઈને). નવરાવ્યા ને ધોવરાવ્યા ને ખવરાવ્યા ને સૂવરાવ્યા ને મલાવ્યા ને બધું કર્યું ત્યારે ક્ષણે પછી છેલ્લે આ..! ખલાસ! ઇ તો જડ છે. ઇ ક્યાં આત્મા હતો? એની દશા શું આત્માને આધીન રહે છે?

અજ્ઞાનીને પોતાની કલ્પનામાં જ્યારે દુઃખની કલ્પના હોય અથવા ક્ષુધા આદિનું દુઃખ હોય ત્યારે અનુકૂળ પદાર્થ પણ એને ઠીક લાગતા નથી. એ પોતાની વાસનાને કારણે. પદાર્થ કાંઈ એ વાસના ઉત્પન્ન કરાવતા નથી. એમ અહીંયાં સિદ્ધ કરવું છે.

જુઓ! **'એક પક્ષી (ચિરવા)...'** કો'ક હશે. તમારે એવું કોઈ હિન્દી નામ આવે છે? ચિરવા કોણ હશે? **'જો કિ અપની પ્યારી ચિરૈયા કે સાથ રહા થા,..'** કોઈ પક્ષી (હશે). પેલા બે પક્ષી નથી થાતા? ચકવા થાય છે. રાત્રે જુદા પડી જાય. અથવા બીજા બે મોટા જનાવર આવે છે. જંગલમાં બેય સાથે જ રહે. આવડા આવડા (હોય છે). સારસ! ઇ બે (સાથે) રહે અને પછી છૂટા પડે તો આમ દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... લાગે. બે આવડા આવડા મોટા હોય છે. જંગલમાં અમારે તો બધું જોવાનું હોય, ઘણું જોયું હોય ને!

એ પક્ષી પોતાની વ્હાલી સ્ત્રી સાથે રહેતું હતું. **'ઉસે ધૂપમેં રહતે હુએ ભી સંતોષ ઔર સુખ માલૂમ દેતા થા.'** બે જણા સાથે હોય. ધૂપમાં–તડકામાં હોય. સમજાય છે? અને તડકામાં રહેવા છતાં સંતોષ અને સુખ (અનુભવતા હતા). બે જણા બસ ગલગલીયા કરતાં હોય. બોલે, ચાલે, છૂકરે અંદર અવાજ કરે ને... **'રાતકે સમય જબ વહ અપની ચિરૈયાસે બિછુડ ગયા...'** પોતાની સ્ત્રીથી છૂટા પડ્યો. રાત્રે ભેગા ન હોય, એ તો જુદા રહે. **'તબ શીતલ કિરણવાલે ચંદ્રમાકી કિરણોંકો ભી સહન ન કર સકા.'** ઇ શીતળ ઠંડી આમ હવા આવે પણ એને ઠીક ન લાગે. કારણ કે, પેલી વાસના સ્ત્રી ઉપર છે ને! એને કારણે (દુઃખી થાય છે). પદાર્થો જે છે ઇ છે. સાથે સ્ત્રી હતી તો તડકામાં પણ સારું લાગતું હતું. પેલી ઠંડીમાં ખરાબ લાગે છે. જુઓ! એમ કહે છે. બે સાથે સાથે કીધું ને? ચન્દ્રમા શીતળ કિરણો આમ મુકે છે પણ સ્ત્રી વિના એને આહા..હા..હા...હા.. (થાય છે). ઇ વાસનાનો એને વાસ છે, એની ઊંધી વાસનામાં ઘેરાય ગયો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ઉસે ચિરૈયાકે વિયોગમેં ચંદ્રમાકી ઠંડી કિરણે સંતાપ દુઃખ દેનેવાલી હી પ્રતીત હોને લગી....'** લ્યો! એ મનમાં દુઃખ હોય એને લાખ-કરોડ અનુકૂળતા હોય (પણ અંદર) બેચેની (હોય). મને કાંઈ ઠીક પડતું નથી (એમ બોલે). સમજાણું? આહાહા..! કાંઈ ધૂળમાં પણ નથી પણ મફતની વાસના ઉભી કરી (દુઃખી થાય છે). સમજાણું? **'ઠીક હી હૈ, મનકે દુઃખી હોનેપર સભીકુછ અસહ્ય હો જાતા હૈ, કુછ ભી ભલા યા અચ્છા નહીં માલૂમ હોતા.'** મનમાં કલ્પના... કલ્પના... કલ્પના... જુઓને! આહાહા..! સમજાણું કાંઈ? અમારે હતો ને? આ 'હેમચંદ' નહિ? 'મુંબઈ'. 'ભૂપેન્દ્ર ડાઈંગ પ્રિટીંગ વર્ક્સ'. એને બિચારાને બધું સાધન હતું. પૈસા, છોકરાઓ, સ્ત્રી બધું સાધન હતું, ઘણું સાધન. એ વખતે પંદર-વીસ લાખ હશે, તે દિ'! અત્યારે તો ઘણા થઈ ગયા. આ 'હેમચંદ'. ઇ મારે ભાઈ થાય ને! મોટા ભાઈના દીકરા. ઇ એને બધું હતું પણ અંદરથી વારંવાર કહેતા, હોં! ઇ બિચારો કહેતો. એક પેલો નહિ 'ગાંધી' આવ્યો હતો? 'ગાંધી' કુટુંબમાં નથી? ત્યાં આપણે 'રાજકોટ'. એક ભાઈબંધ હતો. ગાંધી કુટુંબમાં 'ગુલાબચંદ ગાંધી' ગુજરી ગયા ને? એના કુટુંબમાં ગાંધી છે. ઇ અહીં આવે છે. એમના ભાઈબંધ હતા. મને 'હેમચંદભાઈ' એમ કહેતા કે, 'ભાઈ! આ મરવામાં કાંઈ દુઃખ થતું હશે? અને મરીને કાંઈ પાપ લાગતું હશે?' એવું પૂછ્યા કરે. આપઘાત કર્યો ને? ન્યાં પૈસા હતાં, ચાર રાજકુમાર જેવા છોકરા હતા, પંદર-વીસ લાખ રોકડા હતા, અઢી હજારની દિવસની પેદાશ હતી. શરીરમાં રોગ કાંઈ નહોતો. મનની ચિંતા ઉત્પન્ન થઈ હાય... હાય! આમ થઈ ગયું, આમ થઈ ગયું, આમ થઈ ગયું. મુક્યું પડતું. લ્યો ! મનમાં દુઃખને લઈને કાંઈ શાંતિ નથી. બહારના પદાર્થ એ ના એ હોય છતાં લાગતું નથી. અને જો મનમાં શાંતિ હોય (તો) બહારની પ્રતિકૂળતા ગમે એટલી હોય તોપણ એકલો પોતે શાંતિને વેદે. દુનિયા ગમે ત્યાં હોય, હું મારામાં છું. સમજાણું કાંઈ?

**'ઇન સબસે માલૂમ પડતા હૈ કિ ઇન્દ્રિયોંસે પૈદા હોનેવાલા સુખ વાસનામાત્ર હી હૈ.'** જુઓ! આ સિદ્ધાંત ઇ કરવો છે, હોં! કર્મથી નહિ. વાસનામાત્ર (છે). આ 'ઇષ્ટોપદેશ' છે. આત્મામાં અંદરમાં શાંતિ, આનંદ છે. એને આનંદમાં દૃષ્ટિ ન આપતા (બહારમાં સુખ માને છે). (એ આનંદમાં દૃષ્ટિ આપે) એનું નામ ધર્મ છે. આત્મા આનંદમૂર્તિ એમાં દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ છે. સમ્યગ્દર્શન ધર્મ, એ પ્રગટ ન કરતાં પરપદાર્થમાં અંદરમાં વાસનાથી માનતો હતો. પ્રતિકૂળતા આવે ત્યારે દુઃખ લાગે છે. એ જ પ્રતિકૂળતા બહારની ખસી જાય પણ અંદરમાં કલ્પના આવી (તો) અનુકૂળતા વખતે પણ દુઃખ લાગે. આહાહા..!

કેટલાક કહે, હવે આ મકાનમાં રહેવું ગોઠતું નથી. એમ કેટલાક બોલે, હોં! કોણ જાણે શું થાય છે, કાંઈ ચેન પડતું નથી. આ ના આ પલંગ, આ ના આ મકાન મને સારા લાગતા'તા. હવે કોણ જાણે શું થાય છે, કેમ છે, ખબર પડતી નથી. સમજાણું? એક જણાને વળી ત્યાં સુધી બોલતા (સાંભળેલા કે), મારું નરકનું આયુષ્ય બંધાય ગયું હશે? એ વળી એમ કહેતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમારી પાસે તો ઘણાં આવે કે નહિ? નરકનું આયુષ્ય બંધાય ગયું હશે? ક્યાંય હખ પડતું નથી. આ બધી સગવડતા છે, પૈસા છે, છોકરા છે. બધું હતું લ્યો! આ પરિણામ બગડ્યા જ કરે છે, સારા આવતા નથી. નરકનું આયુષ્ય બંધાય ગયું હશે? પણ નરકનું આયુષ્ય બંધાણું આ શું કરવા મફતની કલ્પના કરી? આહાહા..!

ભગવાનઆત્મા આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમાં દૃષ્ટિ દે, તને આનંદ આવશે. ઇ વિશ્રામ ઠામ આત્મા છે. સમજાય છે? વિશ્રામ લેનારને વિશ્રામનું ઠામ એ છે. લ્યો! આવે છે કે નહિ? 'નિર્જરા અધિકાર'માં નથી આવતું? આ સ્થાતાનું સ્થાન છે. ઇ 'નિર્જરા અધિકાર'માં આવે છે. સમજાય છે? ૨૦૩ ગાથામાં છે. એ સ્થાતાનું રહેવાયોગ્ય રહેવાનું સ્થાન આત્મા છે. સમજાણું કાંઈ? ઇ (આવે) છે. બરાબર છે. **'એ સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ શકવા યોગ્ય હોવાથી...'** એ બહાર રાગ-દ્વેષ છે એ રહેનારનું સ્થાન નથી એમ કહે છે. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એના ફળ એ અપદભૂત છે, એ રહેનારનું સ્થાન નથી. ઇ રખડાવ સ્થાન છે. **'અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે.'** ઓહો..હો..હો..! આચાર્યે તો કેટલી વાત મૂકી છે! કોણ જાણે ક્યાં યાદ આવ્યું આ? સમજાણું કાંઈ? ૨૦૩ ગાથા છે, 'નિર્જરા અધિકાર'.

શું કીધું? ભાઈ! તારે સ્થિરપણે રહેવું હોય તો એ સ્થાતાનું સ્થાન ભગવાનઆત્મા છે. અતીન્દ્રિય આનંદ વિશ્રામ ઠામ આનંદનું ધામ ત્યાં દૃષ્ટિ કર. સ્થિરતા, રહેનારને સ્થાન એ આપશે. આહાહા..! 'નિર્જરા અધિકાર' (છે). સમજાણું કાંઈ? સારી દુકાન ચાલતી હોય તો પછી અડધામાં કાઢી નાંખે ને આખી દુકાન કરે. સાધારણ ચાલતી હોય તો ઘડીકમાં 'સોનગઢ' જાય ને ઘડીકમાં ન્યાં જાય પછી દુકાન જામી ગઈ તો ત્યાં જ રહે. એમ આ સ્થાતાનું સ્થાન ભગવાનઆત્મા (છે). કરે છે ને? 'ચંદુભાઈ'! આહાહા..! શુભ ભાવનું કરે, આ કરે એમાંથી કાંઈ મળે નહિ. ભગવાનઆત્મા જ્ઞાનાનંદનું ધામ, સ્થિર થવાનું સ્થાન, રહેનારનું રહેઠાણ સ્થાન આત્મા છે. એ.. 'ગુલાબભાઈ!' આ બીજી જાતની વાતું છે. તમારા બધા 'મુંબઈ'ના લખાણથી બીજા જાત છે. બીજી જાતનો અર્થ થયો ને? ભાઈ! બીજી જાત એટલે વિપરીત, પેલા કરતા વિપરીત. આહાહા..!

ભાઈ! કહે છે, ઇ વાસનામાત્ર છે. **'સભી કુછ અસહ્ય હો જાતા હૈ, કુછ ભી ભલા યા અચ્છા નહીં માલૂમ હોતા.'** લ્યો! પેલી સ્ત્રીના વિયોગે એને આમ ચંદ્રના કિરણની ઠંડી અનુકૂળતા સહન થતી નથી. **'સહન ન કર સકા.'** સહન કરી શક્યો નહિ. એ ચંદ્રના કિરણ એની સેવા કરી શક્યું નહિ. એમ લાખ બૈરા ને અનુકૂળ હોય. 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી લ્યો ને! છન્નુ હજાર સ્ત્રી. 'બ્રહ્મદત્ત'ને છન્નુ હજાર સ્ત્રી. મોટો ચક્રવર્તી, સાતસો વર્ષનું આયુષ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મરતાં.. હાય! હાય!.. રાણી.. રાણી... રાણી.. કરતો (હતો). કેવું નામ કીધું? 'કુરુમતી'! હીરાના પલંગમાં સુતો હતો, હીરાના પલંગ, હોં! ચક્રવર્તી (હતો), સોળ જાતના દેવ તો સેવા કરતા હતા, સેવા કરતા હતા, ચક્રવર્તી રાજા. અત્યારના પુણ્યહીનને એટલા બધા પુણ્ય હશે કે નહિ બેસવું મુશ્કેલ પડે. સાધારણ પુણ્ય છે ને લોકોના! સમજાણું કાંઈ? ચક્રવર્તી છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે એમ ચક્રવર્તી પણ ત્યાં બિરાજે છે. મહાવિદેહક્ષેત્ર, ચક્રવર્તી રાજા. સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્ય' જ્યારે અહીંથી દર્શન કરવા ગયા હતા ને? સંવત ૪૯. બે હજાર વર્ષ થયા. આમનું 'કુંદકુંદાચાર્ય'નું નાનું આવડું શરીર (અને) ન્યાં તો પાંચસો ધનુષ્યનું (શરીર). ચક્રવર્તીએ પુછ્યું, 'પ્રભુ! આ કોણ છે?' તીડ જેવું આવડું શરીર! આમ ચાર હાથનું, ન્યાં પાંચસો ધનુષ્ય (અર્થાત્) બે હજાર હાથ ઊંચા. ઇ ચક્રવર્તી રાજા. આપણે અહીં કર્યું છે, સમવસરણમાં બધું મૂક્યું છે. અહીં બહારમાં માનસ્તંભમાં મૂક્યું છે. ત્યાં ચક્રવર્તી રાજા છે. મુનિને દેખીને (પૂછ્યું) કે, આ કોણ? આવડા નાના મુનિ! આ કોણ નગ્ન (મુનિ)? તીડ જેટલું (શરીર) લાગે. ભગવાનના મુખમાંથી નીકળ્યું 'ભરતક્ષેત્રના સત્‌ધર્મ વૃદ્ધિ કરા!' સત્ ધર્મની વૃદ્ધિના કરનાર એ આચાર્ય છે. સમજાણું કાંઈ? શું કીધું?

કહે છે, આત્માને જ્યાં અંતરમાં શાંતિ નથી એને બહારના પદાર્થ કાંઈ સુખ ઉપજાવતા નથી અને આત્માને જ્યાં પ્રતિકૂળતા હોય (છતાં) અંદર એકલો આનંદ છે. સમજાણું કાંઈ? આહાહા..! ઇ પોતાની કલ્પનાનું કારણ છે કે બહારનું? એમ અહીંયાં કહે છે. સાચી વાત એમ નહિ.

**'ઇન સબસે માલૂમ પડતા હૈ કિ ઇન્દ્રિયોંસે પૈદા હોનેવાલા સુખ વાસનામાત્ર હી હૈ. આત્માકા સ્વાભાવિક એવં અનાકૂલતારૂપ સુખ વાસનામાત્ર નહીં હૈ,...'** ભગવાનઆત્મા અનાકુળ આનંદ સહજ સ્વરૂપ છે આત્મા. એમાં અંતર દૃષ્ટિ દેવાથી અનાકુળ સ્વભાવિક, વાસના નહિ પણ, સ્વાભાવિક આનંદ પ્રાપ્તિ થાય એવું સ્થાન આત્મા છે. સમજાણું કાંઈ? **'અનાકૂલતારૂપ સુખ વાસનામાત્ર નહીં હૈ, વહ તો વાસ્તવિક હૈ'** સમજાણું? ગોળના રવામાંથી ગીરતા જે ગોળ નીકળે એ વાસ્તવિક એનો સ્વભાવ છે. એમ આત્મા આનંદનો રવો છે. શી ખબર પડે એને? આવો આત્મા? આત્મા અતીન્દ્રિય આનંદનો રવો, રવો ગોળનો પિંડ છે. રવો સમજાય છે? રવો સમજાય છે? આવડો નથી આવતો? 'કોલ્હાપુર'! આવડા આવડા ભેલા આવે છે, ચાર-ચાર મણના ભેલા (આવે) અને અડધા નંબરનો ને? અડધા નંબરનો 'કોલ્હાપુર'નો ઊંચો ગોળ થાય. બહુ ઊંચો! અડધા નંબરનો બહુ ઊંચો થાય છે. એમાં સાબુ, ધૂળ બિલકુલ કાંઈ નહીં. ચોખ્ખો રસ. એના ભેલા (આવે). એમ આત્મા એકલો અતીન્દ્રિય આનંદરસકંદનું ભેલું છે. આ મફતનો વિકાર પુણ્ય-પાપ-કામ-ક્રોધને ઉત્પન્ન કરીને ખારા રસમાં હેરાન થાય છે. સમજાણું કાંઈ? એમાં અંદર નજર પડે તો કહે છે કે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનાકુળતાનું સુખ છે. એ વાસનામાત્ર નથી. પેલું તો કલ્પયું હતું, કલ્પયું હતું. અહીં કલ્પનામાત્ર નથી પણ વાસ્તવિક છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

ઇન્દ્રને ઇન્દ્રાસનમાં, કરોડો ઇન્દ્રાણીઓ (હોય). લ્યો! કરોડો ઇન્દ્રાણીઓ (હોય). કલ્પના છે. આત્મામાં આનંદ છે એ કલ્પના નથી પણ વાસ્તવિક છે. પણ એને બેઠા વિના કેમ બેસે? હું આવડો મોટો એને નથી બેસતું નથી. બીજાને મોટપ દેવા મથે. ઓહોહો..! તમે તો આવા..! ઓહોહો..! ઓહોહો..! એમ કહે. તમે તો આવા ને તમે તો આવા ને તમે તો આવા. કેમ 'ગુલાબભાઈ'? બીજા તો સારા માણસ, બીજા સારા માણસ. બીજા સારા કેવા કોને એની એને ખબર ન હોય. આ સારો અંદર છે કે નહિ? અંદર વસ્તુ પદાર્થ છે કે નહિ? ચીજ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? પદાર્થ ભાવ સહિત પદાર્થ છે કે ખાલી છે? પણ કોઇ દિ' એની નજર કરી નથી. નજર કરવાની જરૂર છે એમ પણ જાણ્યું નથી. આહાહા..!

**'અનાકૂલતારૂપ સુખ વાસનામાત્ર નહીં હૈ,.'** સમજ્યા ને? કોણ? આત્માનું સુખ. **'વહ તો વાસ્તવિક હૈ. યદિ ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર-વિભ્રમજન્ય ન હોતા તો સંસારમેં જો પદાર્થ સુખકે પૈદા કરનેવાલે...'** ન્યાય આપે છે. **'સંસારમેં જો પદાર્થ સુખકે પૈદા કરનેવાલે માને ગયે હૈં...'** માન્યું છે, માન્યું છે, હોં! **'વે હી દુઃખકે કારણ કૈસે હો જાતે?'** એની એ બાયડી સુખનું કારણ માનીને ખરે કારણે (કહે કે) મરને હવે! હખ આવવા દે. એમ બોલે, હોં! શું થઈ ગયું વળી? ઇ તો તેં સુખનું કારણ કલ્પયું હતું. એ વળી તને કલ્પનામાં દુઃખનું કારણ માન્યું. એ તારી કલ્પના છે, એમ કહે છે. પરપદાર્થ કોઈ સુખ-દુઃખ આપતા નથી. જુઓ! આ 'ઇષ્ટોપદેશ'! આહાહા..! માવા ને ચુરમાના લાડવા ને શિયાળામાં સવારમાં સાલમપાક કર્યો હોય, દોઢસો રૂપિયાનો શેર ઊંચો નાખીને, મૂસળીપાક ને સાલમપાક નાખીને... એમાં છ ડિગ્રીનો તાવ (આવે)... ડૉક્ટર કહે, 'કાંઈ ખવાશે નહિ, હોં!' 'પણ આ કર્યું ઇ...' કે 'ના, હમણાં મહિનો બે મહિના કાંઈ નહિ ખવાય.' એ.. દાક્તર! દાક્તર તો ખાવાનું કહે, હોં! વૈદ્ય ના પાડે.

એવું તો ન કહે, એવું ખાવાનું ન કહે. પ્રવાહી લેવું, .... લેવા, શક્તિ ઘટે નહિ, શક્તિ ઘટે નહિ એમ રાખવું. થોડું થોડું લેવું. પણ પેલો સાલમપાક ન લેવાય, (ભલે) બસો રૂપિયાનો કર્યો હોય. ઘરમાં ચાર માણસ (હોય) ને બધાને શિયાળામાં પા શેર પા શેર નક્કી કરીને ખાવો હોય, બે મણ કર્યો હોય. હાય! હાય! હવે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, હા નક્કી કર્યું હોય. આટલું આપવું જોઈએ. કો'ક જાજુ ન લઈ જાય, કો'ક ઓછું ન લઈ જાય. બધું વ્યવસ્થિત હોય છે ને બધું હોય છે. આ બધું જોયેલું છે ને બધું થયેલું છે. સમજાણું કાંઈ? ઘરમાં હોય ત્યારે સરખું રાખવું. હવે એમાં આવ્યો હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તાવ અને એ તાવ એવો આવ્યો હોય, છ છ ડિગ્રી આકરો! ખાઈશો નહીં હોં. એમાં આઠ દિ'નો થયો હોય... શું કહેવાય તમારે? પેલું લાબું ચાલે ઇ? મુદતીયો. શું કહેવાય એને? ટાયફોઈડ! એમાં પંદર દિ' ટાયફોઈડ ચાલ્યો. હવે? પંદર દિ' શું દોઢ મહિનો કાંઈ ખાઈશો નહિ, હોં! પણ આ બે મહિનાનું કર્યું (એનું) શું કરવું? આહાહા..! છોકરો-બોકરો મરી જાય ને બે મહિનાનું કર્યું હોય તો ખાનગી ખાઈ લે. પછી કાંઈ નાંખી દેવાય છે? પણ આનું શું કરવું? આ પચે નહિ એનું. આહાહા..! એ સુખના પેદા કરવાવાળા માન્યા (હતા) તે તારી વાસનાએ દુઃખના કારણ તેં માન્યા છે, ભાઈ! પર વસ્તુ કાંઈ સુખ-દુઃખનું કારણ છે જ નહિ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું કારણ છે. ઊંધો પડ્યો (તો) વિકારની વાસનાનું કારણ થાય છે, કહે છે. ઇ આ 'ઇષ્ટોપદેશ' છે જુઓ! સમજાણું કાંઈ?

**'અતઃ નિષ્કર્ષ નિકલા કિ...'** સાર નીકળ્યો **'દેહધારિયોંકા સુખ કેવલ કાલ્પનિક હી હૈ...'** દેહના ધરનારને બહારના સંયોગમાં સુખ-દુઃખ માનવું તે કલ્પનાની માન્યતા છે. વાસ્તવિક તે સ્વરૂપ છે નહિ. **'ઔર ઇસી પ્રકાર ઉનકા દુઃખ ભી કાલ્પનિક હૈ.'** દેખો! શરીરમાં રોગ, ક્ષય (થાય). એ... હાય! એ.. મરી ગયા. જાણે આમ થઈ ગયું. મરી ગયો શું? તેં કલ્પના કરી છે. દુઃખ કાલ્પનિક છે, એમ કહે છે. શરીરમાં રોગ થયો, શરીરમાં ક્ષય લાગુ પડ્યો, આ સળગ્યા, શું કહેવાય આ ક્ષય? ફેફસા.. ફેફસા! ફોટો લીધો. (એમાં આવ્યું) જાળી પડી ગઈ છે, બાપા! હેં...! ત્રીજે નંબરે આઘે ગયું છે. પહેલે નંબરે હોય તો હજી ઉપાય કરી શકીએ. અત્યાર સુધી ધ્યાન ન રાખ્યું? કાંઈક થાતું હતું પણ એમ ને એમ વેપારના ધંધા, ફુરસદ રહી નહિ. ત્રીજે નંબરે ગયું છે. બૈરાને કહેશો નહિ, હોં! હવે થોડા દિ'માં મરવાના છો. એય! આહાહા..! એ શરીર આદિના દુઃખ એ દુઃખ નથી, કલ્પના માનીને બેઠો. ઊંધો ઊંધો.. ઇ ભાષા તો બોલે છે **'ઇસી પ્રકાર ઉનકા દુઃખ ભી કાલ્પનિક હૈ.'** જુઓ! એ એનો શ્લોક.

**दोहा - विषयी सुख दुःख मानते, है अज्ञान प्रसाद।**
**भोग रोगवत् कष्टमें, तन मन करत विषाद।।६।।**

એ વિષયના સુખો, ઇન્દ્રિયોના સુખ-દુઃખ માને (છે એ) અજ્ઞાની કલ્પનાથી માને છે. એ અજ્ઞાનનો પ્રસાદ છે. મૂઢતાની મહેરબાની છે, ઇ મૂઢતાની મહેરબાની છે. તમે બધા ટાઈપમાં એવા શબ્દો નાંખતા હશો ને? ઇ શોખીન છે ને! એના ધંધામાં હોય ને! શબ્દની મેળવણી કરે. કક્કા આવે તો કક્કા સાથે આવે, અ આવે તો અ આવે, વ આવે તો વ નો મેળ ખાય તો આમ બધું વ્યવહારો, વ્યવસ્થા એ વાતમાં ... તો ઇ સાહિત્યકાર કહેવાય, ચોપડી બનાવનારો કહેવાય.

મુમુક્ષુ :– ભાવની ધારા જળવાય-

ઉત્તર :– ભાવ તો ઠીક પણ ઇ ભાષાની ગોઠવણીમાં બધી રચના સરખી આવવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોઈએ. ક્યાંક ક્યાંક વવા આવે, ક્યાંક ક્યાંક નના આવે, ક્યાંક ક્યાંક મમા સરખા આવે. ત્યારે ઇ રચના કરનાર સાહિત્યકાર કહેવાય.

અહીં તો કહે છે કે, પરમાં અજ્ઞાનને પ્રસાદે તેં કલ્પના કરીને માન્યું છે. **'भोग रोगवत् कष्टमें,'** શરીરમાં દુઃખ આવે કે રોગ આવે ત્યારે ભોગ રોગવત્ લાગે. જ્ઞાનીને ભોગ રોગવત્ લાગે અને આને રોગવત્ લાગે (એ) બેમાં ફેર (છે). ધર્મીને આત્માના આનંદની ખબર છે કે હું અતીન્દ્રિય આનંદ છું. એને ભોગ વખતે ભોગ રોગ જેવા લાગે છે. આહાહા..!

અરે..! કોઈ ઉપસર્ગ આવ્યો. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ, આત્માના સ્વભાવનો આનંદનો અનુભવ છે, એને હોં! આમ ભાન કરે કે રોગ છોડ્યા, ભોગ છોડ્યા. કાંઈ છોડ્યું નથી, ધર્મ છોડ્યો છે. સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો અનુભવ થયો છે એ આનંદના અનુભવ આગળ ભોગ રોગ જેવા અંદરમાં લાગે. એને અંદર દુઃખ–ઉપસર્ગ લાગે છે. એમ અજ્ઞાનીને બહારના કષ્ટ આગળ, કલ્પનાના કષ્ટ આગળ અનુકૂળ ભોગ એને રોગ જેવા લાગે, દુઃખ લાગે. સમજાણું કાંઈ? **'તન મન કરત વિષાદ'** લ્યો! ખેદ કરે છે, ખેદ કરે છે.

---

**शंका :-** ऐसा सुन शिष्य पुनः कहने लगा कि `यदि ये सुख और दुःख वासनामात्र ही हैं तो वे लोगोंको उसी रूपमें क्यों नहीं मालूम पड़ते हैं? आचार्य समझाते हुए बोले-'

**मोहेन संवृतं ज्ञानं, स्वभावं लभते न हि।**
**मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः।।७।।**

**अर्थ :-** मोहसे ढका हुआ ज्ञान, वास्तविक स्वरूपको वैसे ही नहीं जान पाता है, जैसे कि मद पैदा करनेवाले कोद्रव (कोदों) के खानेसे नशैल-बे-खबर हुआ आदमी पदार्थोंको ठीक-ठीक रूपसे नहीं जान पाता है।

**विशदार्थ :-** मोहनीयकर्मके उदयसे ढका हुआ ज्ञान वस्तुओंके यथार्थ (ठीक ठीक) स्वरूपका प्रकाशन करनेमें दबी हुई सामर्थ्यवाला ज्ञान, सुख, दुःख, शरीर आदिक पदार्थोंके स्वभावको नहीं जान पाता है। परस्परमें मेल रहनेपर भी किसी विवक्षित (खास) पदार्थको अन्य पदार्थोंसे जुदा जतलानेके लिये कारणीभूत धर्मको (भावको) स्व असाधारण भाव कहते हैं! अर्थात् दो अथवा दोसे अधिक अनेक पदार्थोंके बीच मिले रहने पर भी जिस असाधारण भाव (धर्म) के द्वारा किसी खास पदार्थको अन्य पदार्थोंसे जुदा जान सके, उसी धर्मको उस पदार्थका स्वभाव कहते हैं।

ऐसा ही अन्यत्र भी कहा है - `मलविद्ध'

`मल सहित मणिका प्रकाश (तेज) जैसे एक प्रकारसे न होकर अनेक प्रकारसे

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



होता है, वैसे ही कर्मसम्बद्ध आत्माका प्रतिभास भी एक रूपसे न होकर अनेक रूपसे होता है।'

यहाँपर किसीका प्रश्न है कि-

अमूर्त आत्माका मूर्तिमान कर्मोंके द्वारा अभिभव (पैदा) कैसे हो सकता है?

उत्तरस्वरूप आचार्य कहते हैं कि :-

`नशेको पैदा करनेवाले कोद्रव-कोदों धान्यको खाकर जिसे नशा पैदा हो गया है, ऐसा पुरुष घट पट आदि पदार्थोंके स्वभावको नहीं जान सकता, उसी प्रकार कर्मबद्ध आत्मा पदार्थोंके स्वभावको नहीं जान पाता है। अर्थात् आत्मा व उसका ज्ञान गुण यद्यपि अमूर्त है फिर भी मूर्तिमान कोद्रवादि धान्योंसे मिलकर वह बिगड़ जाता है। उसी प्रकार अमूर्त्त आत्मा मूर्तिमान् कर्मोंके द्वारा अभिभूत हो जाता है और उसके गुण बी दबे जा सकते हैं। ।।७।।,'

शरीर आदिकोंके स्वरूपको न समझता हुआ आत्मा शरीरादिकोंको किसी दूसरे रूपमें ही मान बैठता है।

दोहा - मोहकर्मके उदयसे, वस्तुस्वभाव न पात।
मदकारी कोदों भखे, उल्टा जगत लखात।।७।।

---

હવે શિષ્ય પ્રશ્ન કરે છે. **'શંકા :– ऐसा सुन शिष्य पुनः कहने लगा कि, यदि ये सुख और दुःख वासनामात्र ही हैं तो वे लोगोंको उसी रूपमें क्यों नही मालूम पडते हैं?'** લોકોને કેમ ખબર પડતી નથી? તમે કહો છો કે, કલ્પનામાત્ર છે. સમજાણું કાંઈ? સુખ-દુઃખ કલ્પનામાત્ર છે. આ ઇન્દ્રિયના વિષયો માનેલી વાસનાથી જ માન્યું છે, ખોટી ગંધ ઉઠી છે. તો લોકોને કેમ એમ ખબર પડતી નથી? **'लोगोंको उसी रूपमें क्यों नही मालूम पडते हैं?'** ઇ જે રીતે સુખ-દુઃખની વાત કલ્પનાથી માનેલી છે ઇ લોકોને કેમ ખબર પડતી નથી? **'आचार्य समजाते हुए बोले–'** આ શ્લોક એણે મુક્યો છે, ભાઈ! ચર્ચામાં. જુઓ! કર્મને લઈને (થાય છે).

मोहेन संवृतं ज्ञानं, स्वभावं लभते न हि।
मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः।।७।।

ખૂબી તો શું છે? **'मोहेन संवृतं ज्ञानं, स्वभावं लभते न हि।'** આ શબ્દ પડ્યો છે. અજ્ઞાની–કર્મના પાકમાં મોહથી જોડાયેલા (એ) સ્વભાવની શુદ્ધતા, અસાધારણ પોતાનો ધર્મ એને પામતા નથી. શું કીધું?

છે અંદર, ઇ આવશે અંદર, અંદર છે, આવશે. સ્વભાવ છે ને? **'स्वभावं लभते न**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**हि'** પોતાનો અસાધારણ ધર્મ. અસાધારણ **'स्वभावं लभते न हि'** નો અર્થ– અસાધારણ નામ આનંદ આત્મામાં છે એવા સ્વભાવને નહિ પ્રાપ્ત કરતાં. **'मोहेन संवृतं ज्ञानं,'** એ મોહ નામ... એ **'मोहेन'** શબ્દમાં ટીકાકારે કેટલું (સ્પષ્ટીકરણ) કર્યું છે? **'मोहेन मोहनीयकर्मणो विपाकेन'** એમ શબ્દ છે. વિપાક નામ કર્મના ફળમાં અંદર દુઃખમાં જોડાય ગયો. સમજાણું કાંઈ? એથી એને પર વસ્તુમાં સુખ-દુઃખ છે એવું ભાસી જાય છે. પરમાં સુખ-દુઃખ ભાસી જાય છે. કલ્પનાથી ભાસે છે, એમ કહે છે. **'विपाकेन'** કર્મના પાકમાં જોડાવાથી. ભગવાનઆત્માના સ્વભાવને અપ્રાપ્ત કરતો એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાનો જે જ્ઞાન ને આનંદ અસાધારણ સ્વભાવ છે, એને મિથ્યાદષ્ટિ એના આત્માના આનંદને અને જ્ઞાનને નહિ પ્રાપ્ત કરતો મોહ કર્મના પાકમાં જોડાય જાય છે. સ્વભાવથી વિભાવમાં જોડાય જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ પહેલેથી ઉપાદાનથી વાત કરી છે કે ઉપાદાન તારા પરિણામથી જ તને મુક્તિ થાય છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના નિમિત્ત હોય છે. એમ અહીં ઉપાદાન તારું છે. અને પાછળ કહેશે, ૩૨ મી ગાથા છે ને? કે, કર્મનો ને શરીરનો ઉપકાર તું કરે છો. ત્યારે તારો ઉપકાર થાય છે. સમજ્યા ને? એમ છે કાંઈક. ૩૨ છે ને? ૩૨. ઉપકાર.. ઉપકાર. આ તો કર્મ કર્મને કાળે... આ તો ઇ છે, જુઓ! ૩૨મી છે ને? **'પર કે ઉપકાર કરનેકો છોડકર અપને ઉપકાર કરનેમેં તત્પર હો જાઓ.' 'परोपकृतिमुत्सृज्य, स्वोपकारपरो भव ।'** ૩૨, ૩૨ (ગાથા). એનો અર્થ **'परोपकृतिमुत्सृज्य,'** તું પરને ઉપકાર કરે છો, કર્મ બાંધવામાં કર્મને તું ઉપકાર કરે છો. એ બધું છે અંદર, હોં! સમજાણું કાંઈ? **'परस्य कर्मोणो देहादेर्वा अविद्यावशात्'** જુઓ! ભાઈ! છે, એમાં ટીકામાં છે એય! **'परस्य कर्मोणो देहादेर्वा अविद्यावशात् क्रियमाणमुपकारं'** તારા સ્વરૂપના ભાન વિના અવિદ્યાને કારણે તું કર્મને ઉપકાર કરે છો એટલે કે અજ્ઞાનથી કર્મને બાંધે છો, એમ. અજ્ઞાનથી કર્મ બાંધી ઉપકાર એને થાય છે. દેહને ઉપકાર થાય છે કે દેહને રાખું એવો દેહને ઉપકાર થાય. તારે અપકાર થાય છે. અને તારો ઉપકાર કર તો એનો અપકાર થાય. ઇ તારા હાથના અધિકારની વાત છે. સમજાણું કાંઈ? એને આગળ બધું લેશે.

**'પર કહિયે કર્મ અથવા શરીરાદિક, ઇનકા અવિદ્યા-અજ્ઞાન અથવા મોહકે વશસે જો ઉપકાર કિયા જાતા રહા હૈ, ઉસે વિદ્યા સમ્યગ્જ્ઞાન અથવા વીતરાગતાકે અભ્યાસસે છોડકર પ્રધાનતાસે અપને (આત્મા કે) ઉપકાર કરનેમેં તત્પર હો જાઓ.'** ૩૨માં છે. સમજાણું કાંઈ? એક ઠેકાણે શું કહ્યું? બીજે ઠેકાણે એમ કાંઈ વિરુદ્ધ કહે? શું કીધું સમજાણું આમાં? તું અજ્ઞાનભાવ કરીને કર્મ બાંધે છો ને શરીરને એમાં રાખવા મથે છો ઇ તું એનો ઉપકાર કરે અને તને થાય છે અપકાર, તને થાય છે નુકશાન. અને તું તારું ધ્યાન કર તો તને થાય ઉપકાર અને એને થાય અપકાર. શરીરનું ગમે તે થાવું હોય એ થાય. આહાહા..! કર્મ બંધાશે નહિ. એ કર્મનો અપકાર થયો. 'ચંદુભાઈ!'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- કોઈની સેવા કરતો હોય તો...

ઉત્તર :- કોણ સેવા કરતો હતો? કોણ કરે છે? કોણ કીધું? પરને સેવાનો ભાવ કરે છે ઇ પરનો ઉપકાર કરે છે એટલે કે પોતાને નુકશાન કરે છે. સેવાભાવી છે ને આ બધા? બધા ચોપડીયું લખનારા (એમ) જાણે દુનિયાનો સેવાભાવ કરીએ છીએ. પૈસા પેદા કરે એ મૂળ તો એના માટે હોય.

મુમુક્ષુ :- શોખ...

ઉત્તર :- ઇ શોખ મોહનો છે, મૂઢતાનો શોખ છે. ઇ તો અહીં કહે છે. આત્માનો ઉપકાર કરનાર પરનો ઉપકાર કરતો નથી એટલે કર્મ આદિ બાંધતો નથી અને શરીરાદિનું એ કાંઈ કરવા મથતો નથી. એને પરનું કાંઈ કરવાનો વિકલ્પ નથી. કારણ કે કરી શકતો નથી. પોતાનું કરનાર પોતાના આત્માને ઉપકાર કરે છે. 'જ્ઞાનાનંદ હું છું' એમ શ્રદ્ધા, જ્ઞાન કરતો પોતાનો ઉપકાર પોતે કરે છે. પરનો અપકાર એટલે પરનું ધ્યાન રાખતો નથી. પરનું થાવું હોય ઇ થાશે, મારે આધીન કાંઈ છે નહિ. કહો, સમજાણું આમાં? આ તો આની સાથે જરી મેળવવા માટે વર્ણવ્યું. સમજાણું?

**मोहेन संवृतं ज्ञानं, स्वभावं लभते न हि।**
**मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः ।।७।।**

એ દાખલો એમ જ સમજાવે. **'અર્થ :- મોહસે ઢકા હુઆ જ્ઞાન,...'** જુઓ! વિપાકથી, હોં! મૂળ તો છે ને? એનો અર્થ ઇ છે કે ભગવાનઆત્મા પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરીને પોતાનો વિકાસ કરવો જોઈએ એ છોડી દઈને મોહના પાકમાં જોડાવાથી પોતાના વિકાસને રૂંધે છે. બસ! આ વાત છે. આહાહા..! ... હવે સાંભળને! એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું ત્રણ કાળમાં ક્યાંય થાતું હશે? ઇ તો વાત લીધી, બીજા બોલથી ઉપાદાન પરિણામથી તો વાત લીધી છે. ઉપાદાનના પરિણામ, હોં! ધ્રુવ નહિ. વર્તમાન ઉપાદાનની જે પર્યાય પ્રગટ કરે એને બાહ્યના અનુકૂળ નિમિત્તો હોય જ. એક કારણ હોય તો બીજા કારણો હોય જ. એને બીજા કારણની વાટ જોવી પડે નહિ. સ્વતંત્ર ઉપાદાનના પરિણામ છે પોતાના. સમજાણું કાંઈ ?

અહીંયાં પણ પોતાના શુદ્ધ ઉપાદાનના પરિણામને-લાભને છોડી દઈ અશુદ્ધ ઉપાદાનમાં મોહના વશ પડ્યો આત્મા... **'ઢકા હુઆ..'** પોતાના જ્ઞાનના વિકાસને ઢાંકી દે છે અથવા પોતાના વિકાસમાં પર્યાયને પ્રગટ થવાને છોડી દે છે. એમ છે વાત તો. (આનો આધાર આપીને અજ્ઞાની કહે), જુઓ! મોહને લઈને આમ છે. 'ઇષ્ટોપદેશ'માં આમ લખ્યું છે. કાલે વીસ પાનામાં આવ્યું હતું. અરે..! ભગવાન બાપુ! ઇ કેમ તને ઠીક લાગે છે? જડ કર્મ મને નુકશાન કરે ઇ તને સારું લાગે છે. પણ હું મને નુકશાન કરું ત્યારે કર્મ નિમિત્તમાત્ર કહેવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ઇ એને સારું લાગતું નથી. ના, ઇ બીજો મને નુકશાન કરે છે. આહાહા..! એલા ઢગો છો? દુનિયામાં પણ એમ કહે. નહિ? દસ વર્ષનો છોકરો હોય ને એની મા પાસે જાય (અને કહે), 'બા! મને ઓલાએ માર્યો.' તો (પૂછે) 'કોણ?' કે 'ફલાણો.' 'એ તો આઠ વર્ષનો છે, તું તો દસ વર્ષનો છો. ઢગા તને મારી ગયો?' રાવ લઈને જાય તો એની મા એને એમ કહે. પણ તું દસ વર્ષનો ઇ આઠ વર્ષનો, તને મારી ગયો? મારવા તો મંડ્યો હતો. પેલાએ માર્યું એટલે આમ પથરો (માર્યો) પણ પાછો વાગ્યો નહિ એટલે રોતો રોતો મા પાસે આવ્યો.

એમ (અહીંયાં કહે છે), એલા ઢગા! આત્મા છો કે નહિ તું? તને કર્મ નુકશાન કરાવે? ઢગા તું બેઠો છો કે નહિ? 'નવરંગભાઈ!'! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' કર્મ તો રાંક બિચારા જડ છે. ઢગા! તું ચૈતન્યમૂર્તિ આત્મા (અને) તને એ જડ હેરાન કરે? એવો રાગ લઈને આવીશ? મૂર્ખ છો? ઇ તો હેરાન કરતાં નથી. હેરાન તું તને કરે છે અને તું (કહે છે કે) ઇ મને હેરાનપણું કરાવે છે એમ રાગ લઈને આવ્યો છો. ભગવાન કહે છે કે, હાલ.. હાલ ઢગા! સમજાણું કાંઈ? 'મૂળચંદભાઈ!' સમજાણું કે નહિ આમાં?

**'મોહસે ઢકા હુઆ...'** જુઓ! પોતાના સ્વભાવનો અસાધારણ ધર્મ જે પ્રગટ કરવો જોઈએ એ પ્રગટ કર્યો નહિ. એમ છે ને પાઠ? **'स्वभावं लभते न हि'. 'वास्तविक स्वरूपको वैसे ही नहीं जान पाता है,...'** વાસ્તવિક સ્વરૂપ, જુઓ! સ્વભાવ છે ને? ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાનમાં આત્માની શાંતિની પ્રાપ્તિને પ્રગટ કરવી જોઈએ એમ ન કરતાં કર્મને વશ ને તાબે થઈ. 'કર્મને વશ' શબ્દ છે, હોં! એમ આગળ આવશે. ૩૨ (ગાથામાં) એમ છે. 'વશ' શબ્દ પડ્યો છે. કો'ક ઠેકાણે ટુંકો શબ્દ કર્યો હોય. ટુંકો થઈ ગયો એટલે કર્મથી થઈ ગયો? પહેલી વાત ઉપાદાનથી કહી ગયા છે. **'उपादानयोगेनकारणेन'.** સમજાણું કાંઈ? આહાહા..! કોણ જાણે કેવા ઝઘડા નાંખ્યા ને અંદર કે માણસો બિચારા મુંઝાઈ જાય છે. 'સોનગઢ' કહે છે ઇ સાચું હશે? કે આ ફલાણા કહે ઇ સાચું હશે? એમ બિચારા મૂંઝવણમાં પડી જાય છે. આહા..! માંડ સ્વતંત્ર થવાનો કાળ (આવ્યો) એમાં આ પરતંત્ર (થવાની વાત સારી લાગે કે) મને કર્મ હેરાન કરે. ઇ વાત સાચી, લ્યો! આહાહા..!

બહારની ચીજો મળે, ન મળવામાં કર્મ નિમિત્ત ખરું પણ વિકાર કરવામાં તને કર્મ કોણ કરાવે છે? અવિકારી ભગવાનઆત્માનો સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાનમાં લેતો નથી માટે વિકારના ભાવને તું તારા અપરાધથી કરે છો. આહાહા..! આ વાત છે. કહો, 'વસંતલાલજી' તમારે ત્યાં બહુ ઝઘડા ચાલે છે. 'કલકત્તે' ને 'ઇંદોર' ને ચારેકોર. આહાહા..! ભાઈ! પણ બાપા તને ગોઠે છે કેમ? કર્મ મને નુકશાન (કરે). જડ, રજકણો, માટી, ધૂળ મને હેરાન કરે ઇ બોલતા તને શરમ નથી લાગતી? સમજાણું કાંઈ? માટી, ધૂળ મને હેરાન કરે. એલા! તું ચૈતન્યમૂર્તિ આત્મા, એને કર્મ, માટી, ધૂળ હેરાન કરે. ઇ તને બોલતા, કલ્પના કરતાં શરમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી આવતી? 'નવરંગભાઈ!'! ભાઈ! તું ઊંધો પડ્યો. સ્વભાવની સાવધાની કરતો નથી અને પરમાં સાવધાની થાય છે. માટે સ્વભાવને પ્રાપ્ત કરતો નથી એમ વાત છે. આહાહા..! બીજી ચીજો તો જગતમાં બધી પડી છે. પડી છે તો તારે શું કામ છે? તારું તારા ઉપાદાનથી કામ તારે લેવું છે કે કોઈ બીજો તને કરી દે એવું છે? આહાહા..!

**'વાસ્તવિક સ્વરૂપકો વૈસે હી નહીં જાન પાતા હૈ, જૈસે કિ મદ પૈદા કરનેવાલે કોદ્રવ (કોદોં) કે ખાનેસે નશૈલ-બે-ખબર હુઆ પદાર્થોંકો ઠીક-ઠીક રૂપસે નહીં જાન પાતા હૈ.'** **'પૈદા કરનેવાલે કોદ્રવ (કોદોં) કે ખાને સે નશૈલ-બે-ખબર...'** કોદરો ખાય છે ને? એ ભાન ભૂલી જાય છે. એમાં ઇ પોતાની યોગ્યતા છે. એમાં કોદરો તો નિમિત્તમાત્ર છે. એક પદાર્થ બીજાને ત્રણકાળ, ત્રણલોકમાં નુકશાન કરે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોદરો એટલે?

ઉત્તર :- અહીં કો'ક અનાજ થાય છે. મદવાળું અનાજ થાય છે. થાય છે, મીઠો મદ નીકળે. કાંઈક હશે. એનું કાંઈ નહિ.

તેને ખાયને **'કે ખાનેસે નશૈલ-બે-ખબર હુઆ...'** ભાન ભૂલી જાય. પોતાની પર્યાયમાં પોતાનું ભાન ભૂલી ગયો, પોતાનું કારણ છે, હોં! ઇ કરતો નથી. **'નશૈલ-બે-ખબર હુઆ પદાર્થોંકો ઠીક-ઠીક રૂપસે નહીં જાન પાતા હૈ.'** જેવું પદાર્થનું સ્વરૂપ છે એવું જાણી શકતા નથી. કહો, સમજાણું કાંઈ? ઘણી નશીલી ચીજ હોય છે ને? દારૂ આદિ છે. એ તો અંદર નિમિત્ત છે, એ તો નિમિત્ત છે. આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલે એટલે બેભાન થાય ત્યારે એને કોદરાને નિમિત્ત કહેવામાં આવે છે. એ તો ઉપાદાનની વાત પહેલીથી કહી ગયા છે. સમજાણું કાંઈ? ઠેક ઠેકાણે ... ભાવને જુદા-જુદા સમજાવવા હોય તો જુદી-જુદી ગાથા લે કે નહિ?

**'વિશદાર્થ :- મોહનીયકર્મકે ઉદયસે ઢકા હુઆ જ્ઞાન...'** જુઓ! પાઠમાં ઉદયથી છે, હોં! અહીં આત્મા શુદ્ધ આનંદકંદ તરફનો પાક, આત્મા શુદ્ધ આનંદ, અતીન્દ્રિય આનંદનો પાક ન પ્રગટ કરતો આત્મા કર્મના પાકમાં જોડાવાથી, એને વશ થઈ જવાથી આમ ચિદાનંદ ભગવાનઆત્માને તાબે ન થતાં, આમ કર્મના પાકને તાબે થતાં જ્ઞાન ઢંકાય જાય છે. જ્ઞાનમાં યથાર્થતા રહેતી નથી.

**'વસ્તુઓંકે યથાર્થ (ઠીક ઠીક) સ્વરૂપકા પ્રકાશન કરનેમેં દબી હુઈ સામર્થ્યવાલા જ્ઞાન,...'** લ્યો! જ્ઞાન ઢંકાય ગયું. **'સ્વરૂપકા પ્રકાશન કરનેમેં દબી હુઈ સામર્થ્યવાલા જ્ઞાન, સુખ-દુઃખ, શરીર આદિક પદાર્થોંકે સ્વભાવકો નહીં જાન પાતા હૈ.'** જુઓ! શું કહે છે? ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનને સ્વાધીન ન થતાં, પોતાનો અસાધારણ સ્વભાવ જે બીજામાં નથી, રાગ-દ્વેષમાં નથી, શરીર-કર્મમાં નથી એવા પોતાના સ્વભાવને નહીં પ્રાપ્ત કરતો. સમજાણું ? એ મોહના વશમાં તાબે થયેલો, એવું જે દબાયેલું જ્ઞાન, વિલુપ થયેલું જ્ઞાન એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુખ, દુઃખને જાણતું નથી. ઇ સુખ, દુઃખ કોને કહેવા? શરીર શું છે? એના સ્વભાવને જ્ઞાન જાણી શકતું નથી. શરીર માટી, જડ છે. એ તને સુખ, દુઃખ આપતું નથી પણ અજ્ઞાનમાં દબાય ગયેલો છે. શરીરનું સ્વરૂપ જ્ઞેય છે, હું જ્ઞાતા છું એમ જાણતો નથી. સુખ, દુઃખ સંયોગો આપે, અનુકૂળ, પ્રતિકૂળ સંયોગ એ તો બહારની ચીજ છે. પણ પોતાના જ્ઞાનને ઢાંકી દીધું એથી એ સુખ, દુઃખની વાસ્તવિકતાને અજ્ઞાની જોઈ, જાણી શકતો નથી. કહો, સમજાણું આમાં? આહાહા..!

દબાય ગયેલા સામર્થ્યવાળો છે ને? **'સ્વરૂપકા પ્રકાશન કરનેમેં દબી હુઈ સામર્થ્યવાલા જ્ઞાન,...'** ભાઈ! દબાય ગયેલા સામર્થ્યવાળો. ઇ પણ ઊંધું સામર્થ્ય છે ને? આહાહા..! સમજાણું? જુઓ! દાખલો આપ્યો છે ને? એક પથરો હતો, મોટો પુરુષ આકાર પથરો (હતો). રાતમાં ચાર વાગે, ત્રણ વાગે ન્યાં ગયો. પથરો પુરુષ આકારે હતો. કો'કને કીધું હશે, સ્ત્રીને સંકેત કર્યો હશે. ઇ (નહોતી) ત્યાં દીઠો પુરુષ. એલા..! તું અહીં કોણ? પથરા સાથે બાથમ બાથા થઈ. પથરો (એના ઉપર) પડ્યો. (તો બોલવા લાગ્યો), 'ભાઈસા'બ ઉઠી જાવ, ઉઠી જાવ. હું હાર્યો.' પણ પેલો તો પથરો છે, પણ ક્યાં ઉઠી જાવ, ઉઠી જાવ? અંજવાળું (થયું અને ખબર પડી કે) ઓ..ય આ તો પથરો છે.

એમ કર્મને ચોંટ્યો પોતે અને કર્મને કહે, 'ભાઈસા'બ ખસી જા, ખસી જા, હોં! નુકશાન કરતો ચાલ્યો જા.' વિકારીભાવ કરીને કર્મને કર્યા તેં અને કહે (છે), 'અરે..! મને કર્મે દબાવ્યો, કર્મે દબાવ્યો.' તને દબાવ્યો નથી. મફતનો શું (હેરાન થાય છે)? સમજાણું કાંઈ? પથરા સાથે બાધ્યો મફતનો. આહાહા..!

કહે છે, મોહનીય કર્મના ઉદયથી ઢંકાયેલો, વશ થઇ ગયેલો. **'સ્વરૂપકા પ્રકાશન કરનેમેં દબી હુઈ સામર્થ્યવાલા જ્ઞાન,...'** એ દેવના સ્વરૂપને ન જાણે, એ ગુરુના સ્વરૂપને ન જાણે, શાસ્ત્રના સ્વરૂપને ન જાણે, આત્માના ધર્મને ન જાણે, શુદ્ધતાને ન જાણે, પુણ્યના પરિણામને પણ ઇ ન જાણે. વાસ્તવિક જ્ઞાન દબાઈ ગયું હોય તો પુણ્યના પરિણામને ધર્મ માને. સમજાણું કાંઈ? **'પદાર્થોંકે સ્વભાવકો નહીં જાન પાતા હૈ. પરસ્પરમેં મેલ રહનેપર ભી...'** જુઓ! શું કહે છે? **'કિસી વિવક્ષિત (ખાસ) પદાર્થકો અન્ય પદાર્થોંસે જુદા જતલાનેકે લિયે કારણીભૂત ધર્મકો (ભાવકો) સ્વ અસાધારણ ભાવ કહતે હૈં.'** જેમ ભગવાનઆત્મા રાગ-દ્વેષથી જરી મેલો દેખાય છે. કર્મના નિમિત્તમાં, સંયોગમાં (દેખાય) પણ આત્માનો અસાધારણ સ્વભાવ તો આનંદ અને જ્ઞાન (છે). સમજાય છે? **'પરસ્પરમેં મેલ...'** ભેગું છે, આમ રાગ-દ્વેષ ભેગું છે, શરીર આદિ ભેગું છે અને આત્મ સ્વભાવ પણ ભેગો દેખાય છે.

**'વિવક્ષિત (ખાસ) પદાર્થકો અન્ય પદાર્થોંસે જુદા જતલાનેકે લિયે કારણીભૂત ધર્મકો (ભાવકો) સ્વ અસાધારણ ભાવ કહતે હૈં. અર્થાત્ દો અથવા દોસે અધિક અનેક પદાર્થોંકે બીચ મિલે રહનેપર ભી જિસ અસાધારણ ભાવ (ધર્મ) કે દ્વારા કિસી ખાસ પદાર્થકો અન્ય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પદાર્થોંસે જુદા જાન સકે, ઉસી ધર્મકો ઉસ પદાર્થકા સ્વભાવ કહતે હૈં.'** ઇ વ્યાખ્યા કરી છે. સ્વભાવનો અર્થ કર્યો, બીજા પદનો. બીજું પદ છે ને? **'स्वभावं लभते न हि'** સમજાણું? કો'ક છોકરાએ તોફાન કર્યું હોય ને કો'કના છોકરા ઉપર તોફાન નાખે. બે ભેગા છે ને? કોનો દોષ હતો એને જોતો નથી. એમ આ આત્મા અને રાગ-દ્વેષ જોડે, કર્મ જોડે, શરીર જોડે એમાં મારો અસાધારણ સ્વભાવ રાગથી ભિન્ન છે. આવો સ્વભાવ રાગમાં અને પરમાં નથી. એવા અસાધારણ આત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ એને સાથે પુણ્ય, પાપ, શરીર, કર્મથી મળેલા જીવમાં પોતાના અસાધારણ સ્વભાવને બે ભાનમાં જુદો પાડી શકતો નથી. સમજાણું કાંઈ?

આ 'ઇષ્ટોપદેશ' છે. તેથી આ લીધું છે. 'ઇષ્ટોપદેશ' કોને કહેવો? હિતકર પ્રિયકર ઉપદેશ કોને કહેવો? કે તું તારી ભૂલથી રખડે એવો ઉપદેશ તે હિતકર છે. કર્મને લઈને રખડે ઇ ઉપદેશ હિતકર નથી. એમાં પોતાને શુદ્ધ થવાનું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? જેમ પરપદાર્થથી તને નુકશાન થાય એ ઉપદેશ હિતકર નથી. પરપદાર્થથી તને લાભ થાય એ ઉપદેશ હિતકર નથી. તારા ઊંધા ભાવથી તને અહિતકર થાય છે, એ ઉપદેશ હિતકર છે કે જેથી ઊંધા પુરુષાર્થને છોડીને સ્વભાવનો પુરુષાર્થ કર. આહાહા..! સમજાણું કાંઈ?

**'કિસી ખાસ પદાર્થકો અન્ય પદાર્થોંસે જુદા જાન સકે,...'** ભગવાનઆત્મા..! વિકારી પરિણામ આસ્રવતત્ત્વ (છે). અજીવ તત્ત્વ–શરીર કર્મ આદિ. પોતાનું તત્ત્વ જ્ઞાન, આનંદ. ઇ બે ભેગા હોવા છતાં અસાધારણ સ્વભાવથી આત્મા જુદો પડે. એને આ બેભાન જીવ પોતાના અસાધારણ સ્વભાવને કે એનો અસાધારણ એનો રાગાદિ સ્વભાવને, કર્મ આદિનો સ્વભાવ ઇ બેને જુદા પાડી શકતો નથી.

ફરીને કહીએ, આ આત્મા એનો અસાધારણ એટલે કે બીજામાં નહિ રહેલો ભાવ, આત્મામાં જ્ઞાન અને આનંદ છે. એ બીજા રાગ-દ્વેષના ભાવમાં નથી, શરીરમાં નથી, કર્મમાં નથી, બાયડીમાં નથી, છોકરામાં-પરમાં નથી. એ પોતાનો અસાધારણ નામ પોતામાં જ હોય ને બીજામાં ન હોય એવો આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ, એને પરથી જુદું નથી પાડી શકતો અને પોતાથી પરનો પણ અસાધારણ વિકાર કે દુઃખનું કારણ કર્મ આદિ પર ચીજ છે એનો અસાધારણ જે સ્વભાવ છે એને પણ પોતાથી જુદો પાડતો નથી એનું કારણ કે, મોહથી ઢંકાયેલું જ્ઞાન વિપરીત થઈ ગયેલું છે માટે. આહાહા..! સમજાણું કાંઈ?

બે ચીજ ભેગી પડી હોય પણ પરીક્ષા કરતાં ન આવડે તો એકને બીજામાં ખતવી નાંખે. સમજાણું? એમ આત્મા પોતાનો અસાધારણ એટલે બીજામાં નહિ એવો ગુણ–શાંતિ ને આનંદ ને જ્ઞાન, રાગ-દ્વેષમાં નહિ, એવો મલિન મેલ એ આત્મામાં નથી. કર્મ ને શરીર અજીવ (છે) એ અજીવપણું આત્મામાં નથી, એ એનામાં જ છે. આહાહા..! મલિન સ્વભાવ અસાધારણ વિકારનો, જડ સ્વભાવ કર્મ, શરીરનો અસાધારણ (સ્વભાવ), ચૈતન્ય સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન ને આનંદનો અસાધારણ સ્વભાવ. મોહના વશ પડેલો અજ્ઞાની એ આવા પદાર્થના સ્વભાવને જુદા જાણી શકતો નથી. બે ને એક માને છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તો ન્યાયથી વાત ચાલે છે. 'ગુલાબભાઈ'! લોજીકથી ચાલે છે કે નહિ? કે એમ ને એમ ચટરપટર થઈને ચાલે છે કાંઈ? ન્યાયથી તો વાત ચાલે છે, ભલે ટુંકી ભાષા છે. માણસે કંઈ પકડવું જોઈએ ને! એને પકડવું છે કે નહિ? કે કોઈથી સમજે એવો છે? આગળ ના પાડશે. કોઈથી નહિ સમજાય. એ પોતે સમજે ત્યારે બીજાને નિમિત્ત કહેવામાં આવે છે. એ સમજવામાં સ્વતંત્ર છે. ઊંધાઈ કરવામાં એ સ્વતંત્ર છે. અનંત તીર્થંકરો આવે તોપણ સમજ્યો જાય એવો નથી. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ વાત આગળ કહેશે. આત્માનો ગુરુ આત્મા એમ આગળ કહેશે. બધી વાત આવશે, એમાં તમારે જેટલા બોલો છે એમાં કોઈ બાકી નહિ રાખે. આ જૈનનું 'ઉપનિષદ' છે. વાસ્તવિક તત્ત્વનો આ ગાગરમાં સાગર ભરેલો 'ઇષ્ટોપદેશ' છે. ગાગરમાં સાગર ભરી દે... સમજાણું કે નહિ? એમ ટુંકા ૫૧ શ્લોક છે. એમાં બધું તત્ત્વ (છે). વીતરાગ સર્વજ્ઞનું કહેલું સંક્ષેપમાં ઘણું તત્ત્વ ભરી દીધું છે. એમાં અહીં છેલ્લે આ કહેવા માંગે છે. જોડે જ ભાવ બીજો હોય અને જોડે જ ભાવ પોતાનો છે પણ મૂઢ થયેલો જીવ બેના ભાવને જુદા પાડી શકતો નથી. એ એનો પોતાનો વાંક છે. જુદા પાડે તો પોતાનો ગુણ છે. સમજ્યા ને? એમાં કોઈ બીજો કરી દે એવું નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૧૪, રવિવાર**
**તા. ૨૦-૦૩-૧૯૬૬**
**ગાથા–૭, ૮. પ્રવચન નં. ૬**

આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' કૃત છે. સાતમી ગાથા ચાલે છે. પહેલા આવી ગયું, જુઓ! મોહનીયકર્મના ઉદયથી આવ્યું છે ને? એનો દૃષ્ટાંત આપે છે. મોહનીયકર્મમાં શું કહ્યું? આત્મા(નો) પોતાનો સ્વભાવ શુદ્ધ અને આનંદ છે છતાં મોહકર્મના પાકને આધીન થયેલો આત્મા પોતાના ને પરના અસાધારણ ભિન્ન સ્વભાવને જાણી શકતો નથી. સમજાણું કાંઈ? નશામાં ચડેલો પ્રાણી સ્ત્રીને માં કહે અને માંને સ્ત્રી કહે. નશો ન કરે? દારૂ, દારૂ પીનારને ખબર નથી કે આ મારી માં (છે). સ્ત્રીના, બેન, દીકરીના, માંના ને બધાના લુગડા સરખા દેખે એટલે બેનને સ્ત્રી કહી દે, સ્ત્રીને બેન કહી દે અને સ્ત્રીને માં કહી દે. વાસ્તવિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સ્ત્રીનો સ્વભાવ માંનો, સ્ત્રીનો, દીકરીનો કોણ છે એને એ જુદા પાડી શકતો નથી.

એમ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનું લક્ષણ આનંદ ને જ્ઞાન હોવા છતાં મોહના તાબે થયેલી દશા એ પોતાનો આનંદ, જ્ઞાન, સ્વભાવ અસાધારણ (છે) એ રાગમાં, વિકારમાં, શરીરમાં એ સ્વભાવ નથી એમ એ જુદો પાડી શકતો નથી. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને લઈને, મોહકર્મ તો નિમિત્ત છે, એનો એમાં પાક છે, એમાં તાબે થયેલો અનાદિનો આત્મા પોતાનો જ્ઞાન ને આનંદ એ એનો સ્વભાવ છે. (એને જાણતો નથી). અસાધારણ એટલે કે એ સ્વભાવ બીજે હોઈ શકે નહિ. જાણવું, જાણવું એ એનો સ્વભાવ છે અને અતીન્દ્રિય આનંદ એનામાં સ્વભાવ છે. એવો મિથ્યાદૃષ્ટિ કર્મના નિમિત્તમાં આધીન થયેલો પોતાનો સ્વભાવ જે અસાધારણ બીજામાં નથી, એવા સ્વભાવને બીજા પદાર્થથી જુદા પાડીને પોતાને ઓળખી શકતો નથી. કહો, સમજાણું આમાં?

એમ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના મલિન ભાવ એ અસાધારણ એનો સ્વભાવ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? શુભ ને અશુભ રાગ એનું દુઃખ લક્ષણ, દુઃખ સ્વરૂપ છે. એ એનો અસાધારણ એટલે એનો દુઃખરૂપ સ્વભાવ ધર્મ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. 'ગુલાબરાયજી'! ટાઈપમાં લખ્યું હોય અત્યારે તો બધું આખું જુદી જાતનું આવે છે. આ સમ્યક્ ટાઈપ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે ને! એનો મૂળ સ્વભાવ તો જ્ઞાન છે, જાણવું એ છે. રાગ કરવો કે શરીર આદિ મારા એ માનવું એ એનો સ્વભાવ છે? સમજાણું કાંઈ ? અને શરીર અને વિકારનો એ સ્વભાવ છે કે આત્મામાં સુખરૂપ થાય ને જ્ઞાન કરે? સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગદેવે કેવળજ્ઞાનથી આ આત્માને જ્ઞાન સ્વભાવી જોયો અને પુણ્ય-પાપને દુઃખ સ્વભાવી જોયા અને શરીરને પરભાવી જોયા, પર પૃથક્ ભાવરૂપે જોયા. એને અજ્ઞાની મિથ્યાત્વને વશ થયેલો પોતાનો જ્ઞાન સ્વભાવ, આનંદ ભિન્ન છે એમ જુદો પાડી શકતો નથી. વિકારના ભાવ દુઃખરૂપ છે એને અસાધારણ એનો જે સ્વભાવ છે, મારો નથી એમ તે મિથ્યાજ્ઞાની અનાદિથી એ ભાવને જુદા પાડી શકતો નથી.

શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ તદ્દન પર છે પણ મિથ્યા ભ્રમણાને લઈને અજ્ઞાની મૂઢ જીવ મોહમાં વશ થયેલો સ્વભાવને તાબેપણું છોડી દઈને 'એ મારા છે, મને વ્યવસ્થા આપનારા છે, એ મારી સગવડતા, સેવા, સુખરૂપ મને છે' એમ મૂઢ જીવ મિથ્યાત્વભાવમાં જે જેનો સ્વભાવ એવો નથી, પોતાને સુખ આપે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ ? 'વસંતલાલજી' આહાહા..! શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, મકાન જે પર વસ્તુ છે એનો સ્વભાવ આત્માને જ્ઞાન કરાવે કે સુખ આપે એવો એનો સ્વભાવ નથી. છતાં અજ્ઞાની મિથ્યા મૂઢપણાને લઈને મોહપણે મોહમાં વશ થયેલો એ સ્વભાવો મને સુખરૂપ છે, પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ એ મને સુખરૂપ છે અને આત્મા આનંદ ને જ્ઞાનરૂપ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેનું એને ભાન નથી.

જુઓ! આ 'ઇષ્ટોપદેશ'. આ તો અનાદિનો એને નશો ચડ્યો છે. એ તો એનો દાખલો છે. ક્ષણે ક્ષણે નવું કરે છે કે નહિ? ગાંડો, પાગલ થઈ ગયો છે, કહે છે. પાગલ! તારું કોણ ને પર કોણ, વિભાવ કોણ, સ્વભાવ કોણ ને સંયોગ કોણ? એમ આચાર્ય કહે છે. સમજાણું કાંઈ ? આમાં આવ્યું હતું ને? શું ભાઈ અમારા સાહિત્યકાર કાલે બોલ્યા હતા ને? **'मोहेन संवृतं ज्ञानं, ज्ञानं संवृतं मोहेन'** સમજાણું કાંઈ?

પણ જેણે જ્ઞાન દ્વારા આત્માને જાણ્યો છે અને મોહ વશ થયેલ નથી એ આત્મામાં જ્ઞાન ને આનંદ મારો ને મારામાં છે એમ માને છે. એ પુણ્ય-પાપના ભાવ મને દુઃખરૂપ છે, સુખરૂપ નથી. શરીર, વાણી, પરપદાર્થ મને સગવડતા આપનારા એટલે સુખ આપનારા બિલકુલ નથી. તેમ પરપદાર્થ મને દુઃખ આપનારા બિલકુલ નથી. એમ જ્ઞાનથી જેણે આત્માને મોહથી જુદો કરીને જાણ્યો છે એ સમ્યગ્જ્ઞાની પોતાનો આનંદ ને જ્ઞાન આત્મામાં જાણે છે, પુણ્ય-પાપમાં એ આનંદ ને જ્ઞાન જાણતો નથી. અને પરપદાર્થ મને સગવડ ને અગવડતા આપે એવો એનો સ્વભાવ (છે) એમ એ જાણતો નથી. 'પ્રેમચંદજી' ઓહોહો..! સમજાણું કાંઈ? કહો, 'મોહનભાઈ'! 'મોહનભાઈ' સામું નજર ગઈ આમાં.

**'અસાધારણ ભાવ (ધર્મ) કે દ્વારા કિસી ખાસ પદાર્થકો અન્ય પદાર્થોંસે જુદા જાન સકે, ઉસી ધર્મકો ઉસ પદાર્થકા સ્વભાવ કહતે હૈં.'** આવ્યું ને કાલે? ભાઈ!? મહા સિદ્ધાંત એનો ગોઠવ્યો છે. 'ઇષ્ટોપદેશ' આનું નામ છે, હિતકર ઉપદેશ આનું નામ છે. આત્માને જ્ઞાન ને આનંદના લક્ષણે આત્માને ઓળખવો એ ઇષ્ટ–હિતકર છે અને એ આત્માના અસાધારણ સ્વભાવને ન ઓળખતા વિકારી ભાવ ને પર મને સુખ-દુઃખ આપનારા અથવા પુણ્ય-પાપ મને સુખરૂપ છે, પર વસ્તુ મને અનુકૂળ-પ્રતિકૂળ છે એવું માનવું એ અહિતકર છે. એ 'ઇષ્ટોપદેશ' એમ બતાવે છે. સમજાણું કાંઈ? એટલે કોઈ પરપદાર્થ મને હિતકર છે કે અહિતકર છે એ વસ્તુનું સ્વરૂપ છે નહિ. અને પુણ્ય-પાપના ભાવ મને સુખરૂપ છે એવો પુણ્ય-પાપના ભાવનો સ્વભાવ નથી. અને આત્મા દુઃખરૂપ છે કે આત્મા જ્ઞાતા સિવાય દુઃખરૂપને પરિણમે એવો એનો સ્વભાવ છે એવો આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

**'ઐસા હી અન્યત્ર ભી કહા હૈ-''** દૃષ્ટાંત આપે છે. **'મલ સહિત મણિકા પ્રકાશ (તેજ)...'** મણિ છે મણિ ઊંચું, લાખ-બે લાખના ઊંચા મણિ આવે છે ને? તેજવાળા તેજ. **'જૈસે એક પ્રકારસે ન હોકર...'** મણિનો પ્રકાશ ખરો સ્વભાવ તો એકરૂપે છે. મણિનું સ્વરૂપ તો પ્રકાશરૂપ એક છે પણ એકરૂપે ભાસતું નથી. કેમ? **'અનેક પ્રકારસે હોતા હૈ,...'** **'પ્રકાશ (તેજ) જૈસે એક પ્રકારસે ન હોકર, અનેક પ્રકારસે હોતા હૈ,...'** 'મળ સહિત' આ શબ્દ (છે). શું કીધું? છે ને પહેલો શબ્દ? મણિ જે છે, સ્ફટિકમણિ ઊંચું થાય છે ને? એ મળ સહિત હોવાથી એની એકરૂપતાની પ્રકાશતા તેમાં દેખાતી નથી. મળને કારણે એમાં અનેકરૂપતા–મળની

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિવિધતા દેખાય છે. સમજાણું કાંઈ? મળ સહિત, મળ સહિત મણિ. બે બે 'મમ' આવ્યા. તમારે સાહિત્યકાર ... મળ સહિત મણિ એમ આવ્યું ને? મળ સહિત મણિ, પાછા બે બે અક્ષર બેય. પેલો મળ અને આ મણિ. મણિ રત્ન એ મળ સહિત હોવાથી **'એક પ્રકારસે ન હોકર, અનેક પ્રકારસે હોતા હૈ,...'** એ મળના વિવિધ પ્રકારે એનો સંબંધ કરવાથી મણિ વિવિધ પ્રકારે મળ સહિત ભાસે છે.

**'વૈસે હી...'** ખરેખર મણિનો સ્વભાવ તો એકરૂપ ભાસવો ઇ છે પણ મળ સહિત હોવાથી તેના સંબંધમાં જોડાવાથી મણિની એકતાની એક પ્રકારની અવિવિધતા જે જોઈએ એ દેખાતી નથી, પણ વિવિધતા દેખાય છે. મળવાળો મણિ દેખાય છે. સમજાણું કાંઈ? જેમ સ્ફટિક, સ્ફટિક રત્ન છે એ સ્વચ્છ છે પણ જોડે કાળા, રાતા ફૂલના ડંખના નિમિત્તના સંગમાં તેનામાં કાળી, રાતી ઝાંય વિવિધ પ્રકારે સંગથી દેખાય છે. એ મણિનો, એ સ્ફટિકનો પર્યાયનો ધર્મ એવો એનો છે. સમજાણું કાંઈ? મળથી નહિ, ડંખથી નહિ. સ્ફટિકને લાલ ડંખતો અંદર પ્રભા પડશે ઇ સ્ફટિકનો સ્વભાવ છે. લાકડા હેઠે અહીં મુકો, અહીં નહિ પડે, આનો સ્વભાવ નથી. આની અંદર પ્રભા નહિ પડે.

મુમુક્ષુ :– આની શક્તિ આપે ને?

ઉત્તર :– બિલકુલ શક્તિ-બક્તિ કોણ આપતો હતો? આનાથી શક્તો ત્યાં જાતો હશે? સ્ફટિકમણિમાં લાલ ફૂલના ડંખના નિમિત્તે હજી અંદર લાલ આદિ ઝાંખી દેખાય છે એ ફૂલને લઈને નહિ, એની પોતાની યોગ્યતાને લઈને દેખાય છે.

મુમુક્ષુ :– ફૂલ ન હોય તો ન દેખાય.

ઉત્તર :– ફૂલ ન હોય તો એ વખતે પોતાની યોગ્યતા નથી, પણ ફૂલને લઈને જો હોય તો લાકડાને રાખવાથી આમાં દેખાવું જોઈએ. અગ્નિનો ને લાકડાનો દાખલો તો ઘણીવાર આપીએ છીએ ને? દિવાસળી ત્રણ તસુની આવડી હોય. બીડી પીવે છે. અહીં જેટલું ઊનું હોય (તેટલું) આ બાજુ ત્રણ તસુમાં એ ઊનું નહિ થાય. એ લાકડાનો એવો સ્વભાવ નથી. લોઢું પાંચ હાથનું લાંબુ હશે અને બે જ આંગળ જો અગ્નિમાં પડ્યું હશે, આમ છેડો પકડાણો હશે અહીં (તો) અહીં ઊનું થાશે એ અગ્નિને લઈને નહિ, લોઢાના વાહક સ્વભાવને લઈને છે. ભાઈ! બરાબર છે? 'ગુલાબભાઈ'! જો અગ્નિને લઈને હોય તો દિવાસળી અહીં સળગતા અહીં ઊનું થવું જોઈએ. અગ્નિ ત્યાં પણ છે. અગ્નિને વાહક લેવાનો લાકડાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ!' નહિતર કોઈ બીડી પી શકે નહિ. આગળ ત્રણ વળ હોય. અને લોઢાનો પાંચ હાથનો સળિયો હોય. આમ ને આમ બધી સફાઈ કેટલી હોય છે! જોયું છે ને?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આપણે જિંદગીમાં કોઇ દિ' પીધી નથી, હોં! આપણે તો પીનારને જોયેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એકવાર દસ-બાર વર્ષની નાની ઉંમરમાં કો'ક પીતો હતો એટલે કહે એક ફૂંક લ્યોને. એક જરીક ફૂક (લ્યો). નિશાળે ભણવા જતા હતા. એક જરીક લીધી ને આમ લાગી, એવી ને... પછી આખી જિંદગી નહિ. કોઇ દિ', કોઇ દિ' નહિ, હોં! પણ પીતા હોય એને જોયા હોય. આમ .... શું હશે? પાવર ચડે તો એમાં બાદશાહી લાગતી હશે. એક પારસી કહેતો તો ને? ભાઈ! 'રામજીભાઈ'ની ... પારસી કો'ક કહેતો હતો. દારૂ પીવો પછી બાદશાહી દેખાય છે. 'રાજકોટ'નો હશે. અમીરી વિચાર આવે. કો'ક હતો ત્યાં 'રાજકોટ'નો કો'ક (હતો). મૂર્ખ! આહા..હા.!

અહીં કહે છે, મળ સહિત મણિ પોતાની યોગ્યતાને કારણે એટલે મળને કારણે નહિ એમ સિદ્ધ કરવું છે. ઇ લખ્યું છે, **'મલ સહિત મણિકા પ્રકાશ...'** એટલે મળ સહિત ક્યારે થયું? એમાં જોડાણું છે માટે. મણિમાં એકતા દેખાતી નથી પણ વિવિધતા દેખાય છે. એમ **'કર્મસંબદ્ધ આત્મા કા પ્રતિભાસ ભી...'** ભગવાનઆત્મા, પેલો (મણિ) મેલ સાથે સંબંધ (કરે) એમ કર્મ સાથે આમ સંબંધ કરે છે તેથી તેનું જ્ઞાન ને આનંદનું એકરૂપ તે દેખાતું નથી. તેના સંબંધમાં વિવિધતા ભ્રમણા ને રાગ-દ્વેષ આદિની વિવિધતાથી દેખાય છે. સમજાણું કાંઈ ?

જુઓ! આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' (નું રચેલું). સમજાણું કાંઈ? એમને બહુ લબ્ધિ હતી. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ત્યાં ગયા હતા ત્યાંથી આવીને આ (શાસ્ત્ર) લખ્યું. વસ્તુનો સ્વભાવ આવો છે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે અને અમે પણ તે પ્રમાણે જાણીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

**'ઉસી તરહ કર્મસંબદ્ધ...'** જુઓ! **'કર્મસંબદ્ધ આત્માકા પ્રતિભાસ ભી...'** સંબંધ છે ને? પેલું (મણિ) મળ સહિત છે તો અહીં સંબંધ છે. એય! પંડિતજી! ભઈ અમારે શબ્દ જરીક જોડવો હોય તો... પહેલામાં મણિ મળ સહિત છે, અહીં કર્મસંબદ્ધ છે. સમજાણું કાંઈ? એનો સંબંધ કર્યો છે ને? **'कर्म्मविद्वात्मविज्ञप्तिस्तथा नैकप्रकारतः'** (સંસ્કૃત ટીકામાં) છેલ્લો શબ્દ છે ને? વિદ એટલે? લ્યો! એ વિદ એટલે પંડિતજી ના પાડે છે. એટલે પોતે એના અંદર મળમાં મણિ જોડાય ગયો અને અહીં પણ કર્મમાં જોડાઈ ગયો. આમ જે જ્ઞાનાનંદસ્વરૂપ હું છું એમ અંતર ન જોતા કર્મના સંબંધમાં જોડાણો એથી તેને એકરૂપતા દેખાતી નથી. સમજાણું કાંઈ?

**'કર્મસંબદ્ધ આત્માકા પ્રતિભાસ ભી એકરૂપસે ન હોકર અનેકરૂપસે હોતા હૈ.'** કહો, સમજાય છે કાંઈ? વાંક તારો છે એમ કહે છે. એમાં ઇ એમ કહે છે. સંબંધ તું પર પદાર્થનો કરે છો. સંબંદ્ધ અસંગ પદાર્થ પરથી ભિન્ન તું છો. છતાં પર સાથે સંબંધ કરે છો એથી તારામાં એકરૂપતા જ્ઞાતા-દૃષ્ટા, આનંદની (દશા) જોઈએ તે દેખાતી નથી. 'શશીભાઈ!' આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કર્મ ચોંટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– ચોંટતો-બોંટતો કોઈ કાંઈ નથી. એની પર્યાય એનામાં પરિણમે છે. ચોંટે એવું (કાંઈ નથી). કર્મ જડ પદાર્થ છે. એની પર્યાયે એ પરિણમી રહ્યું છે, આ પર્યાયે આ પરિણમી રહ્યું છે. બેનો આમ, આમ સંબંધ કરે છે (અને) વચ્ચે વિવિધતા ઉત્પન્ન કરે છે, એમ કહે છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ના, ના નથી.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ના, એને લઈને નથી. પોતાની યોગ્યતાને લઈને છે. એટલે તો કહ્યું ને! સ્ફટિકમાં, સ્ફટિકમાં યોગ્યતા લાલ થવાની પોતાની યોગ્યતા છે, કાંઈ ફૂલને લઈને નથી. ફૂલને લઈને હોય તો આ લાકડામાં ફૂલ મુકો તો અંદર ઝાંય આવવી જોઈએ. યોગ્યતા આની નથી. એમ લાકડામાં યોગ્યતા નથી કે અગ્નિને લઈ લે, ખેંચે. લોઢામાં શક્તિ છે (પણ) અગ્નિને લઈને નહિ. એમ કર્મને લઈને નહિ. કર્મ આત્માને હણે એવો કર્મમાં સ્વભાવ નથી અને આત્મા કર્મને લઈને હણાય, એને લઈને હણાય એવો આત્માનો સ્વભાવ નથી. પોતાને લઈને હણાય એવો એનો ભાવ–યોગ્યતા પર્યાયમાં છે.

મુમુક્ષુ :– કર્મ કાંઈ કરતું જ નથી.

ઉત્તર :– શું કરે? ધૂળ કરે. કર્મ તો પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :– ભગવાને કર્મનો નાશ શું કરવા કર્યો?

ઉત્તર :– કર્યો છે ક્યાં એમણે? એમણે તો વિકારનો નાશ (કર્યો) તે પણ સ્વભાવની એકાગ્રતા થતાં, વસ્તુના આનંદકંદમાં અંતર રહેતા વિકારની ઉત્પત્તિ ન થઈ એને વિકારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અને વિકારનો નાશ થતા કર્મના રજકણો એને કારણે નાશ થયા એ આત્માએ નાશ કર્યો એમ વ્યવહારથી, ઉપચારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ.. 'વસંતલાલજી'! શું કરવું? તમારા સંપ્રદાયમાં આ બધું બહુ ચાલે છે.

હવે પ્રશ્ન ઉઠ્યો. **'યહાં પર કિસીકા પ્રશ્ન હૈ કિ–'**

**'અમૂર્ત આત્માકા મૂર્તિમાન્ કર્મોંકે દ્વારા અભિભવ (પૈદા) કૈસે હો સકતા હૈ?'** આત્મા તો અમૂર્ત્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની અરૂપી ચૈતન્યઘન, વિજ્ઞાનઘન તત્ત્વ અરૂપી છે. જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આ જડના એમાં તો છે નહિ. એમાં **'મૂર્તિમાન્ કર્મો...'** કર્મ તો મૂર્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા કર્મો છે. એને **'કર્મોંકે દ્વારા અભિભવ (પૈદા) કૈસે હો સકતા હૈ?'** મૂર્તિમાન કર્મો દ્વારા–એવા મૂર્તિમાન જડ પદાર્થ દ્વારા કેમ ઉત્પન્ન થાય છે? સમજાણું?

**'ઉત્તરસ્વરૂપ આચાર્ય કહતે હૈં કિ :- નશેકો પૈદા કરનેવાલે કોદ્રવ-કોદોં ધાન્યકો ખાકર જિસે નશા પૈદા હો ગયા હૈ,...'** સમજાય છે? નશો પેદા કરવાવાળો કોદ્રવ ધાન્યને ખાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેને **'નશા પૈદા હો ગયા હૈ,...'** નશો ઉત્પન્ન થવાની જેની યોગ્યતા છે એને નશો પૈદા કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નશો કરવાવાળો કોદરો લખ્યું છે...

ઉત્તર :– કરવાવાળો એટલે કરે છે ત્યારે કરવાવાળો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પર કરે શું? પર, પરપદાર્થ એના પોતામાં સ્વતંત્રપણે પોતાના સ્વચતુષ્ટયથી દરેક પદાર્થ પરિણમી રહ્યા છે. સ્વચતુષ્ટય એટલે? જે વસ્તુ છે તે દ્રવ્ય–વસ્તુ. એની ત્રિકાળી શક્તિઓ, ભાવ તે એનો ગુણ. વર્તમાન અવસ્થા–હાલત તે પર્યાય અને એનું સારું અવગાહન–પહોળાઈ એ ક્ષેત્ર. એમાં દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં અસ્તિ છે. પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવથી દરેક નાસ્તિ છે. સમજાણું કાંઈ?

આ આંગળીનું આ દ્રવ્ય, આનું ક્ષેત્ર–પહોળાઈ, એની આ અવસ્થા એટલી અને ગુણ એની રંગ, ગંધ આદિ શક્તિ. એ પોતામાં છે. આ આ વડે નથી, આ વડે નથી. આના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આમાં છે. આમાં આના નથી ને આમાં આના નથી. બેય ભિન્ન ભિન્ન કામ કરે છે.

એમ દરેક આત્મા, દરેક રજકણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અસ્તિમાં રહેલા, વસેલા, બદલતા હોય છે. બીજાને લઈને કાંઈ છે નહિ. બીજા બીજાના પોતાના પરિણમન અને ટકવું કામ કરી રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એની અસર કાંઈ થાય કે નહીં?

ઉત્તર :– એ અસર પોતે મૂઢ થઈને માને એટલે ઇ કહે કે મને અસર છે એમ કહે. કહો, સમજાણું કાંઈ? ઇ એના માટે તો આ વાત લ્યે છે. ભાઈ! તારો સંબંધ તેં છોડ્યો છે અને તેં પરનો સંબંધ કર્યો છે. પરનો સંબંધ તેં કર્યો તેથી તારાથી ભૂલ થઈ છે. ત્યારે ભૂલમાં પેલી ચીજ નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? ભાષા તો ગમે એ હોય અંદર. શું છે છેલ્લું? **'कैर्मदनकोद्रवैः'** એટલું છે ને? **'यावत् स्वभावमनासादयन्'** એમ છે ને? **'विसद्दशान्यवगच्छतीति'** બસ, બરાબર છે. કીધું ને એ? **'यावत् स्वभावमनासादयन्'** પોતાના સ્વભાવને જાણતો નથી અને **'विसद्दश'** ને પોતાના માને છે. વિપરીત છે, પોતાથી વિપરીત છે એને પોતાના માને છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો મારે **'જિસે નશા પૈદા હો ગયા હૈ,...'** એ ઉપર જરી વજન હતું. જેને મદ ઉત્પન્ન થયો છે. મદ કોઈને ઉત્પન્ન ન થતો હોય એની વાત નથી. સમજાણું કાંઈ? એના સંબંધમાં નશો ઉત્પન્ન થાય છે એને તેની વિવિધતા ભાસે છે. આહાહા..! આવી વાત છે પણ ભૂલ કરે પોતે ને કોઈ રીતે પણ કર્મમાં કર્મને લઈને ભૂલ થાય એવું નાખવા અનાદિથી મથે છે. **'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા'** પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ ભૂલીને, વિકાર કરીને હેરાન થયો છે. ઇ હેરાનગતિ કો'કે કરાવી છે એમ કહેવા મથે છે. (પરંતુ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ છે નહિ. કેમકે હેરાનપણું પોતાથી સ્વતંત્રપણે કરે તો જ હેરાનપણું સ્વતંત્રપણે ટાળી શકે. ન્યાય તો બરાબર છે ને? સમજાણું કાંઈ ? પોતે જો અપરાધ કરે, સ્વતંત્રપણે અપરાધ કરે તો ઇ સ્વતંત્રપણે સ્વભાવને આશ્રયે અપરાધનો નાશ કરી શકે, પણ અપરાધ પરપદાર્થ કરાવે તો એ તો હોય ત્યાં સુધી કરાવે એટલે ટાળવાનો એને અધિકાર રહેતો નથી. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

આમાં શરીરમાં રોગ થયો એનું શું કરવું? આ કર્મને લઈને થયો કે નહિ? એમ કહે છે ઇ. શરીરમાં થયો એમાં આને શું પણ થયું? એ તો જડમાં છે. સમજાણું કાંઈ? જોડે કોઈ હરિજનનું ઘર સળગ્યું એમાં આને શું છે ઘરમાં? એમ આ કો’કનું ઘર અહીં જડમાં સળગે છે. પણ કહે કે મને થાય છે. હવે ઇ મૂઢતા એની છે કે શરીરને લઈને છે ઇ?

મુમુક્ષુ :– મારાપણું ઉત્પન્ન કેમ થાય છે?

ઉત્તર :– આ ઉત્પન્ન કર્યું માટે. કીધું ને અંદર? જેનો પોતાનો સ્વભાવ જે જ્ઞાનાનંદ છે, પ્રભુ આત્મા જ્ઞાન જાણનાર જેનું લક્ષણ છે એવા સ્વભાવને ન જાણતો રાગ ને પુણ્ય ને શરીર મારા, જે સ્વભાવ એનો નથી એમ માન્યું છે એથી તે ચાર ગતિમાં રખડી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ક્યાં હતો? ... જોવે એમ કે કાંઈક લાગે છે. મારે છે એમ ઇ માને છે? આ તો મારે થાય એમ માને છે. સળગે અહીં તો કહે મને થયું. અહીં કાંઈ ટાંગો હલે નહિ તો (બોલે) અમે પરવશ થઈ ગયા. ભાઈ! અમે તો પહેલા સ્વતંત્ર હતા. તું એટલે કોણ પણ? શરીરની રજકણની અવસ્થા એને કારણે નહોતી ત્યારે કહે અમે ત્યારે સ્વતંત્ર હતા. હવે પરતંત્ર થયા. તું પરતંત્ર થયો કે ઇ તો એની દશા થઈ છે. કરે વિપરીત માન્યતા ને ઢોળે જડને માથે. આ તે દોષ કે દિ’ ટળે? ને કે દિ’ દોષ એને સમજાય? આહાહા..!

**‘ઐસા પુરુષ ઘટ પટ આદિ પદાર્થોંકે સ્વભાવકો નહીં જાન સકતા,...’** જુઓ! જેને નશો પેદા થઈ ગયો... સમજાણું? ઇ ઘટપટ આદિ પદાર્થના સ્વભાવને ન જાણે. આ કમળો નથી થાતો? કમળાવાળો ધોળા ઘટને પીળો દેખે. ભીંત ધોળી છે એને પીળી દેખે. એ ભીંતને લઈને છે? કમળાના અહીંયાં પીળા રજકણો આંખમાં (છે) તો એને પીળું દેખાય. ઇ પોતાની ઊંધાઈને લઈને છે. એમ આને પોતાનો સ્વભાવ જાણનાર જ્ઞાનમૂર્તિ આત્મા (છું) એમ સ્વભાવને ન જાણતો, રાગ અને પરપદાર્થ મારા એવી માન્યતાથી પરપદાર્થને જોવે છે. એમાં ફેરફાર થાય તો કહે, એ..ઇ.. મને ફેરફાર થઈ ગયો. એમાં કાંઈક અનુકૂળતા આવી ગઈ તો કહે, મને અનુકૂળતા આવી ગઈ. મૂઢ પોતે મિથ્યાત્વભાવ ઉભા કરે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ જ કહે છે. આ મારાપણું માન્યું. એ નથી ને મારું માન્યું છે. એ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એની મૂઢતા અને મહા દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :– ઇ મારાપણું કાઢતો નથી.

ઉત્તર :– કોણ કાઢે પણ? કર્યું છે કોણે? કર્યું છે કોણે કે કાઢે બીજો? લોકોમાં કહેવાય છે કે ગોર પરણાવે પછી ઘર હલવી દે? લોકોમાં એમ કહેવાય છે. આપણે કહેવાય છે કે નહિ?

**'ઐસા પુરુષ...'** નશામાં આવેલો પુરુષ. 'સમયસાર'માં એક દૃષ્ટાંત આપ્યો છે કે, જે પુરુષ અરતિભાવમાં છે અને એણે કોઈ દારૂ પીધો હોય તો એને ચડે નહિ, ચડે જ નહિ. ન ચડે પણ ઇ ન ચડે એવી એની યોગ્યતા છે. પેલા જીવની પ્રીતિ નથી, પ્રેમ નથી અને કોઈ કારણે કો'કને પાયો. (એને) નશો ન ચડે. એવો 'સમયસાર' માં પાઠ છે. એમ અજ્ઞાનીને ભાન નથી. હું કોણ છું? માટે કર્મના નિમિત્તનો નશો પોતે લઈ લીધો છે. ધર્મીને એ નશો ચડતો નથી. હું જાણનાર છું, હું ચૈતન્ય છું, મારી સત્તાના હોવામાં જ્ઞાન અને આનંદ છે. મારા જ્ઞાન અને આનંદ પરની સત્તામાં નથી. એટલે પરની સત્તા મને સુખરૂપ થાય કે પર સત્તા મને દુઃખરૂપ થાય એવું મારી સત્તામાં નથી અને પરમાં એવું નથી. એમ જ્ઞાની જાણતો, જ્ઞાનમાં સંતોષ રાખીને આનંદને વેદે છે. અજ્ઞાની પરને લઈને મને સુખદાયક (છે), આ મને હેરાન (કરે છે) એમ માનીને દુઃખને વેદે છે. કહો, સમજાણું કાંઈ? પેલું લાકડું ગરી ગયું છે ને? 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' આવા લાકડા ખોસી ઘાલેલા. સાહિત્યકાર ... 'શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમ્' આવે છે ને? લોકોમાં વ્યવહાર (છે). એ તો આમાં 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં આવે છે. નિમિત્ત તરીકે છે. 'શરીરાદ્ય ખલુ..' ધૂળમાંય આદ્યમ નથી. આ તો માટી–ધૂળ છે, માટીના રજકણ છે. એને ખબરેય નથી કે અમે કોણ તત્ત્વ છીએ? આને ખબર છે કે હું જ્ઞાન છું, આ જડ છે. આને તો ખબર નથી કે હું જડ છું ને આ જોડે જ્ઞાન છે. એને તો ખબર પણ નથી.

જેના અસ્તિત્વમાં હોવામાં જ્ઞાન છે એ જ્ઞાન પોતાના હોવાને જાણે છે અને જેના હોવામાં જ્ઞાન નથી એને પણ આ જ્ઞાન જાણે છે કે આ પર છે. જેના–રજકણમાં હોવામાં જ્ઞાન નથી ઇ પોતાની અસ્તિને–હયાતીને જાણતો નથી અને જોડે જ્ઞાનવાળું તત્ત્વ અસ્તિ–હયાતી છે એને આ જાણતું નથી. પણ કોણ જાણે એવું લાકડું ખોસી ઘાલ્યું છે અંદરથી. સમજાણું કાંઈ?

**'કર્મબદ્ધ આત્મા પદાર્થોંકે સ્વભાવકો નહીં જાન પાતા હૈ. અર્થાત્ આત્મા વ ઉસકા જ્ઞાન ગુણ યદ્યપિ અમૂર્ત હૈ...'** ભગવાનઆત્મા અને એનો જ્ઞાન સ્વભાવ અમૂર્ત્ત છે. **'ફિરભી મૂર્તિમાન્ કોદ્રવાદિ ધાન્યોંસે મિલકર...'** જુઓ! મળીને. આમ જોડાય ગયો ને અંદર? **'વહ બિગડ જાતા હૈ.'** એની દશા પોતાને કારણે બગડી જાય છે. **'ઉસી પ્રકાર અમૂર્ત આત્મા મૂર્તિમાન્ કર્મોંકે દ્વારા..'** આમ પોતાના દ્વારા ન રહ્યો પછી પર દ્વારા ગરી ગયો. સમજાણું કાંઈ? **'અભિભૂત હો જાતા હૈ...'** ભગવાનઆત્મા પોતાને ભૂલી કર્મના રસ્તે, ઉદયના પાકે ચડી જાય છે, હણાય જાય છે. સમજાય છે કાંઈ? **'ઔર ઉસકે ગુણ ભી દબે જા સકતે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**हैं'** ગુણ એટલે પર્યાય, હોં! પોતાનો જ્ઞાતાપણાનો અવસ્થાનો પર્યાય છે એ કર્મના લક્ષે ચડેલો જીવ પોતાની નિર્મળ પર્યાયને ભૂલી જાય છે. નિર્મળ પર્યાય થવી જોઈએ (એને) ભૂલી જાય છે અને વિકારને ઉભો કરે છે, ભ્રમણાને ઊભી કરે છે. એ ભ્રમણા ચાર ગતિના રખડવાનું કારણ છે. સમજાણું કાંઈ?

**'શરીર આદિકોંકે સ્વરૂપકો ન સમજતા હુઆ...'** શરીરનો સ્વભાવ તો જડ પરમાણુ માટી છે. આવે-જાય પુદ્ગલ છે, રજકણો પૂરાય અને ગળે. પુદ્ગલ = પુદ્ (એટલે) આ રજકણો પુરાય ને ગળાય એટલે ખસે ઇ તો એનો સ્વભાવ છે, આત્મા તો ભિન્ન સ્વભાવ છે. શરીર આદિ એમ પૈસા, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી (આદિ). **'ન સમજતા હુઆ આત્મા શરીરાદિકોંકો કિસી દૂસરે રૂપમેં હી માન બૈઠતા હૈ.'** જેમ છે એમ નથી માનતા પણ જે એનું નથી એને પોતાનું માને છે. એ એનો દોષ પોતાનો છે.

**दोहा - मोहकर्मके उदयसे, वस्तुस्वभाव न पात।**
**मदकारी कोदों भखे, उल्टा जगत लखात।।७।।**

મોહકર્મના ઉદયના પાકમાં ભગવાનઆત્મા પોતાનો પાક-આનંદના પાકને ભૂલી જઈને. એ તો આનંદનું ક્ષેત્ર છે. આનંદ, આનંદ અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર-ધામ આખો સ્વભાવભાવ છે. એને ભૂલીને એ કર્મના નિમિત્તમાં જોડાતા એ **'કર્મકે ઉદયસે, વસ્તુસ્વભાવ ન પાત'** પોતાનો જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ સ્વભાવને માનતો નથી, વિકારી ભાવ દુઃખરૂપ છે તેના ભાવને તે જાણતો નથી. શરીર આદિ પરપદાર્થ એને કારણે પરિણમી, બદલી, ટકી રહ્યા છે એમ તેના સ્વભાવને પણ એ જાણતો નથી. કહો, બરાબર છે?

કોણ જાણે કેવું કર્મ વળગ્યું છે, જૈનમાં તો એવું થઈ ગયું છે. પેલા અન્યમતિને ઈશ્વર નડે, ઈશ્વરકર્તા. આને કર્મ કર્તા. પેલાને ચૈતન્યકર્તા તો આને જડકર્તા. 'નવરંગભાઈ'! કોઈ રીતે પણ અજ્ઞાની મૂઢને કર્મથી આત્મામાં કાંઈ થાય એવું એને મનાવવું છે અને માનવું છે. જગતનો કર્તા ઈશ્વર માને. ઈશ્વર ચૈતન્ય છે. છે નહિ કોઈ, જગત સ્વતંત્ર તત્ત્વ છે. સ્વતઃ સત્ હોય તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ. છતાં ઈશ્વરકર્તા માને. આ ચૈતન્ય પોતે ભૂલ કરે અને અજ્ઞાની કહે કર્મ મને ભૂલ કરાવે છે. એને અચેતન જડ એનો ભગવાન. સમજાણું? ઈશ્વરકર્તા છોડી દીધું અને જડકર્તા ખોસી ઘાલ્યો. સમજાણું કાંઈ? 'શશીભાઈ'!

**'મોહકર્મકે ઉદયસે, વસ્તુસ્વભાવ ન પાત'** આત્માના શાંતિના ઉદયથી પોતાનો સ્વભાવ અને પરનો (સ્વભાવ) જાણી શકવાનો એનો સ્વભાવ છે. એમ ન જાણતા પોતાની નજરું સ્વસન્મુખ ન કરતાં જે ચીજની ઉપેક્ષા કરવી જોઈએ તેની અપેક્ષામાં જોડાઈ જઈને પોતાનો ને પરનો વાસ્તવિક સ્વભાવ તે જાણી શકતો (નથી), પકડી શકતો નથી. સમજાણું કાંઈ?

**'મદકારી કોદોં ભખે, ઉલ્ટા જગત લખાત'** જગતનું જેવું સ્વરૂપ છે તે જાણી શકતો નથી. **'ઇસ અર્થકો આગેકે શ્લોકમેં સ્પષ્ટરીત્યા વિવેચિત કરતે હૈં :-'** લ્યો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इसी अर्थको आगेके श्लोकमें स्पष्टरीत्या विवेचित करते हैं-

वपुर्गृहं धनं दाराः, पुत्रा मित्राणि शत्रवः।
सर्वथान्यस्वभावानि, मूढः स्वानि प्रपद्यते।।८।।

अर्थ :- यद्यपि शरीर, घर, धन, स्त्री, पुत्र, मित्र, शत्रु आदि सब अन्य स्वभावको लिये हुए पर-अन्य हैं, परंतु मूढ प्राणी मोहनीयकर्मके जालमें फसकर इन्हें आत्माके समान मानता है।

विशदार्थ :- स्व और परके विवेकज्ञानसे रहित पुरुष शरीर आदिक पर पदार्थोंको आत्मा व आत्माके स्वरूप ही समझता रहता है। अर्थात् दृढ़तम मोहसे वश प्राणी देहादिकको (जो कि द्रव्य, क्षेत्र, काल, भाव लक्षणरूप हरेक प्रकारसे आत्म स्वभावसे भिन्न स्वभाववाले हैं) ही आत्मा मानता है और दृढतर मोहवाला प्राणी, उन्हीं व वैसे ही शरीरादिकको आत्मा नहीं, अपि तु आत्मा के समान मानता रहता है।

दोहा - पुत्र मित्र घर तन तिया, धन रिपु आदि पदार्थ।
बिल्कुल निजसे भिन्न हैं, मानत मूढ़ निजार्थ।।८।।

---

वपुर्गृहं धनं दाराः, पुत्रा मित्राणि शत्रवः।
सर्वथान्यस्वभावानि, मूढः स्वानि प्रपद्यते।।८।।

આહાહા..! જુઓ! એમાં લેશે. **‘द्दढतममोहाविष्टो’** **‘द्दढतममोहाविष्टश्च’** એમ છે ને અંદર બે ઠેકાણે? ટીકા.. ટીકા. આપણે થોડી ટીકા જોઈ લઈએ, આપણને ક્યાં એવું સંસ્કૃત આવડે છે? પણ અંદર એક શબ્દ શું પડ્યો હશે? જુઓ! છે ને? **‘द्दढतममोहाविष्ट’** છેલ્લેથી બીજી લીટી. **‘द्दढतममोहाविष्ट’** અને ત્રીજીમાં વચમાં **‘द्दढतममोहाविष्टश्च’**. દઢ મોહ ને આયુષ્યમાં પડેલો, અંદરમાં ચોંટી ગયેલો. અર્થમાં એમ છે. જુઓ!

**‘मोहनीयकर्मके जालमें फसकर...’** છે ને અર્થ ઇ? એનો અર્થ છે, ભાઈ! હિન્દીમાં અર્થમાં છે? શું કહે છે? કે, જોકે શરીર આ જડ, માટી, અજીવતત્ત્વ પ્રત્યક્ષ છે અને દેખાય છે ઘણાને આમ આત્મા ચાલ્યો જાય ને શરીર બાળી નાંખે છે. શરીર ને આત્મા એક હોય તો આમ બને નહિ. જુદી ચીજ તે જુદી રહે, એક હોય તે જુદી પડે નહિ. જુદી છે, શરીર માટી તદ્દન અત્યારે પણ જુદી છે, તદ્દન મડદું છે આ તો. મૃતક ક્લેવરમાં અમૃતસ્વરૂપ ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આવે છે ને ‘કર્તા-કર્મ’માં ૯૬ ગાથા, ૯૬ ગાથામાં આવે છે. ‘અમૃતચંદ્રાચાર્ય’ (કહે છે), આ મૃતક ક્લેવરમાં અમૃત ભગવાન અ-મૃત. આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શરીર) મૃત અને આ (આત્મા) અમૃત. આ મૃતક ક્લેવર-મડદું, મડદું, આ અચેતન છે. એમાં આ ભગવાન અમૃત સ્વરૂપ ચિદાનંદ ભગવાન બિરાજે છે (પણ) ભાન ન મળે. મૃતક ક્લેવર એ મારા (એમ માને છે).

મુમુક્ષુ :- જીવને આટલા શરીર હોય.

ઉત્તર :- ઇ તો નિમિત્તથી કથન હોય ને! શરીર કે દિ' હતા એને? સંબંધમાં કોણ (છે) એને જણાવે. આટલી પર્યાપ્તિ હોય ને આટલા શરીર હોય ને એને આઠ કર્મ હોય ને આઠ કર્મવાળો જીવ. આઠ કર્મવાળો જીવ એટલે? એ તો નિમિત્તનું જ્ઞાન છે. અનંત ગુણોવાળો જીવ એ વાસ્તવિક છે. સમજાણું કાંઈ? પેલા તો વ્યવહારે સંબંધ કોનો છે? સંબંધમાં વ્યવહાર તરીકે કોણ છે? એનું જ્ઞાન કરાવે છે. સમજાણું આમાં? આહાહા..!

જગતને કર્મે હેરાન કર્યા, ઇ બહુ સારું લાગે માળાને. એ પોતે નિર્દોષ ઠરે. 'ટોડરમલજી' કહે છે, તું તો મહંત રહેવા ઇચ્છે છો અને જ્યાં ત્યાં કર્મનો દોષ તું નાખે છો. જો જૈન નીતિને માન, વીતરાગની નીતિને માન તો હરામને દોષ તું કેમ માની શકે છો? આવી અનીતિ થઈ શકે નહિ. 'ટોડરમલજી' કહે છે. જ્યાં ત્યાં મૂઢે (મારાપણું માની રાખ્યું છે). સમજાણું? લખ્યું છે તમે? ૩૧૩ (પાનું). જુઓ! કહે છે, 'તત્ત્વ નિર્ણય કરવામાં કાંઈ કર્મનો તો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઇચ્છે છે.' ઇ દોષ તો કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. બાપા! મોહ કર્મનો ઉદય હોય તો મિથ્યાત્વ થાય, ચારિત્રનો ઉદય હોય તો રાગ થાય. મૂઢ છો માળા. મિથ્યાદૃષ્ટિની મૂઢતા કંઈ...

'તું પોતે તો મહંત રહેવા ઇચ્છે છે અને પોતાનો દોષ કર્માદિકમાં લગાવે છે.' કર તું દોષ અને કર્મમાં લગાવે, કર્મનો ઉદય આવ્યો એટલે અમારે થયું. મૂઢ છો. મિથ્યાદૃષ્ટિ પાપી છો માળા. વીતરાગની આજ્ઞાને માનતો નથી. 'પણ જિન આજ્ઞા માને...' દેખો! જિન આજ્ઞા તો એવી છે કે કર્મને લઈને દોષ છે નહિ, તારે લઈને દોષ છે એમ જિન આજ્ઞા છે.

મુમુક્ષુ :- જાજા દોષ કરે છે.

ઉત્તર :- એ તો દુનિયામાં કહે. જાજા દોષ કરતો નથી શું દુનિયા તો પોતે દોષ કરે છે.

'પણ પોતે તો જિન આજ્ઞા માને...' એનો અર્થ શું છે? 'તો આવી અનીતિ સંભવે નહિ.' આવી અનીતિ કરે છે? માળા! દોષ તું કર અને કર્મ મને કરાવે છે, કર્મને લઈને દોષ છે એવો તું અન્યાય કરે છો. વીતરાગની આજ્ઞાનો વેરી, કોપી છો, કોપ કરનાર. આજ્ઞા ઉપર તું અનીતિ કરે છો. 'વસંતલાલજી'! જ્યાં ત્યાં મૂઢ એમ માને. દર્શનમોહના ઉદયથી આત્માને મિથ્યાત્વ થાય. એ તો નિમિત્તના કથન (છે). તું કર ત્યારે એને નિમિત્ત કહેવાય. ધૂળમાંય કોઈ કરાવતું નથી. માળા! મહા મિથ્યાત્વની મૂઢતા છે અને વળી માને કે અમે ધર્મી છીએ. ધર્મો ક્યાંથી લાવ્યો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જૈન સંસ્કૃતિના અભ્યાસી. જૈન સંસ્કૃતિ તો રાગ મારો એમ દોષ માને, જાણે તો રાગને સ્વભાવની દ્રષ્ટિએ ટાળી શકે. પણ રાગ ને વિકાર પર કરાવે તો કોને આશ્રયે એને ટાળવા? સમજાય છે કાંઈ? જે કરાવે એનો આશ્રય લેવો ટાળવા માટે? શું કરવું શું? પોતે પરનો આશ્રય લઈને દોષ કરે તો પોતે સ્વનો આશ્રય લઈને દોષ ટાળે. સિદ્ધાંતનો ન્યાય સમજવો પડશે કે નહિ? 'ગુલાબભાઈ'?

'તારે વિષય કષાયી રહેવું છે માટે આવું જૂઠ બોલે છો. તારે મોક્ષની સાચી આભિલાષા...' જુઓ! છૂટવાની અભિલાષા હોય તો બંધાયેલો મારાથી છું એમ નક્કી થવું જોઈએ. જો સાચી મોક્ષની–છૂટવાની અભિલાષા હોય તો હું છૂટવાનો કામી છું તો એનો અર્થ કે હું જ પોતે બંધાયેલો મારાથી છે તો છૂટવાનો કામી કહેવાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બહુ જવાબદારી નાખી.

ઉત્તર :– બહુ જવાબદારી નાંખી માથે. ઇ તો સમજીને બોલે છે.

મુમુક્ષુ :– છૂટવાનો કામી ત્યારે કહેવાય કે...

ઉત્તર :– ત્યારે કહેવાય કે હું પોતે મારા ભાવથી બંધાયેલો છું. તો એને છૂટવાનો અભિલાષી યથાર્થ (કહેવાય). બરાબર છે. સમજાણું કાંઈ? બંધાવે પર ને છૂટવાનો અભિલાષી પોતે થાય, બે મેળ ક્યાં ખાય? બહુ સારી વાત લીધી છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– છોડાવે થઈ રહ્યું. તારે તો કાંઈ કરવું નથી, તું તો ધોયેલા મૂળા જેવો જુદો મહંત રહે.

'માટે આવી યુક્તિ શા માટે બનાવે છે? સંસારના કાર્યમાં પોતાના પુરુષાર્થથી સિદ્ધિ થતી ન જાણે તો પણ ત્યાં પુરુષાર્થ વડે ઉદ્યમ કર્યા કરે. અહીં પુરુષાર્થ ગુમાવી બેસે એમ જણાય છે તો મોક્ષને દેખા દેખી ...' છૂટવાનો કામી થા તો હું મારાથી બંધાયેલો છું એવો તને નિર્ણય હોવો જોઈએ. સમજાણું કાંઈ? બહું વાત લીધી છે. 'ટોડરમલજી'એ તો એટલી વાત લીધી છે પણ એને કોણ સમજે? કોઈને નવરાશ ન મળે નિવૃત્તિની.

શું કહે છે? જુઓ! આઠમાનો **'અર્થ :- યદ્યપિ શરીર,...'** અન્ય સ્વભાવને લઈને છે. શું કહે છે? પહેલા છેલ્લા શબ્દ લેવો. **'યદ્યપિ શરીર અન્ય સ્વભાવકો લિયે હુએ પર-અન્ય હૈં,...'** એમ લેવું. છે ને છેલ્લો શબ્દ? એમાં ને એમાં પહેલી લીટી. જો કે આ શરીર અન્ય સ્વભાવને કારણે, જડ સ્વભાવને કારણે શરીર છે માટે પર અન્ય છે. આ જડ સ્વભાવને લઈને શરીર છે, આત્માને લઈને નથી. છે કે નહિ એમાં શબ્દ? **'યદ્યપિ શરીર અન્ય સ્વભાવકો લિયે હુએ પર-અન્ય હૈં,...'** સમજાણું કાંઈ? ન્યાંથી ઉપાડ્યું ને પોતે? **'અન્ય સ્વભાવકો લિયે હુએ પર-અન્ય હૈં,...'** શું કીધું? શરીરનો તો જડ અચેતન સ્વભાવ, અન્ય સ્વભાવ છે. અચેતન સ્વભાવ (છે). તારો તો ચેતન સ્વભાવ (છે). આ અચેતન સ્વભાવ પર છે. ઇ પરને એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્રિયા, એની દશા થતાં 'મને થાય છે અને એની ક્રિયા ને એની દશા થતાં હું એને કરું છું' અન્ય સ્વભાવી ચીજને મારાથી આ થાય, અન્ય સ્વભાવી ચીજને મને સુખરૂપ થાય (એવી) માન્યતા મૂઢ છે. સમજાણું કાંઈ ?

**'અન્ય સ્વભાવકો લિયે...'** સમજ્યા ને? શું તમારી ભાષા છે? **'અન્ય સ્વભાવકો લિયે...'** એટલે અન્ય સ્વભાવને કારણે. અન્ય સ્વભાવ લીયે એટલે અનેરા સ્વભાવને કારણે એ જડ છે. તારા સ્વભાવને કારણે એમાં શરીરમાં બિલકુલ નથી. માટી-ધૂળ છે. એના સ્વભાવે તેમાં રોગ (છે), એને સ્વભાવે તેમાં નીરોગતા, એના સ્વભાવે એનું ચાલવું, એને સ્વભાવે એનું અટકવું, એના સ્વભાવને લઈને એ અચેતન છે.

**'પરંતુ મૂઢ પ્રાણી મોહનીયકર્મકે જાલમેં ફસકર...'** જુઓ! મોહમાં ફસાઈને, આત્મામાં રહીને નહિ. **'ઇન્હેં આત્માકે સમાન માનતા હૈ.'** શરીરને ઠીક હોય ને તો આપણને ઠીક પડે. મૂઢ! બે ને એક માને છો. એને ઠીક હોય તો મને ઠીક એનો અર્થ બેય એક છીએ. એમાં અનુકૂળતા ન હોય તો મને અનુકૂળતા નથી. એનો અર્થ થયો (કે) બેય એક માન્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... બહુ આકરા પડે છે.

ઉત્તર :- આકરા પડે છે. કહે છે, પાગલ થઈ ગયો છો, પાગલ? જે ચીજ અન્ય સ્વભાવવાળી છે, તારા સ્વભાવવાળી નથી, બીજી ભાષાથી લ્યો, જે જડ અન્ય સ્વભાવવાળું સ્વરૂપ છે, તારા સ્વભાવ સ્વરૂપે એ નથી એને તું મને સુખ-દુઃખનું કારણ એ થાય અને એને લઈને મને સુખ-દુઃખ છે અથવા એ મારા છે એ તો તારી મૂઢતા છે. સમજાણું કાંઈ? આ ભારે આકરા પડે હોં! કહે છે કે, બાપુ! શરીર અને આત્મા વચ્ચે તો સ્વભાવભેદ છે. શરીર ને આત્મા વચ્ચે સ્વભાવભેદ છે. અને તું એમ માને કે અમે બેય એક છીએ. મૂઢ છો. ઇ તારી મૂઢતા તને દુઃખનું કારણ છે.

એમ ઘર.. ઘર. એ હજીરો-પાંચ લાખનો બંગલો મોટો થયો હોય, પચાસ હજારનો કર્યો હોય. બારી-બારણા આમ બરાબર શણગારી... શું કહેવાય? પાલીશ. 'નાનચંદભાઈ'! પાલીશ-બાલીશ (કર્યું હયો). 'નાનચંદભાઈ' ના ઘરમાં જુઓ બધું પાલીશ હોય. દાદરા-બાદરા... એક ફેરી જોયું હતું. આવું પણ આમાંથી નીકળવું આકરું પડે, હોં! એક એનું ઘર અને એક પેલાનું ઘર... 'છબીલભાઈ!'નું, 'રાજકોટ'. 'છબીલ'ના બાપનું શું નામ? 'વિલાસભાઈ'. અમારે તો ઘણા જોવાના હોય ને! ત્યાં બધું આમ એવું લાકડા સાફ, દાદરા સાફ, પાલીશ.. બધું પાલીશ પાલીશ અને આમ ગોળ ચકરડા લાકડાના બેસવાના મૂક્યાં હોય ને! ખુરશી ઉપર બેસે એને ગોળ... શું કહે એને? ટેબલ. એમાં લુગડા આમ લટકતા (હોય), આમ લટકતા હોય, એમાં માથે પેલા હોય ને... આહા..હા..! આમાંથી નીકળવું માણસને આકરું પડશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :– નાનચંદભાઈના ઘરે જોવો તો આમ થાય તો હિંમતભાઈના ઘરે જોવો તો શું થાય?

ઉત્તર :– એમના ઘરે ઉતર્યા હતા. આપણે તો ઇ ઘર જોયું છે. ધૂળમાં પણ નથી. આહાહા..! એમાં શરીરને આમ જાણે અમે રાખ્યું છે એમ માને છે ને! સાબુથી ધોઈએ, સવારે ટાઈમ ટેબલ... ચા, રોટલી, દાળ, ભાત, શાક, કઢી, ખીચડી, પાપડ, ખેરા, ખેરીયું, ખેરા આવે ને? ખેરા. શું કહેવાય ઇ ? પાપડ. આમ ખેરા ઘીમાં તળેલા ખેરા, આ અત્યારે હોય છે. ઘણું એમ હોય... એમાંથી આ શરીરને પોષ્યું હોય એમ માન્યું હોય, માન્યું હોય, હોં! આહાહા..! અરે..રે..! આ શરીર, અરે..રે..! આ શરીર... શું ધૂળ પણ એ તો અન્ય સ્વભાવવાળી ચીજ છે, અન્ય સ્વભાવવાળી ચીજ છે. તારા સ્વભાવવાળી ઇ ક્યાં હતી? સમજાણું? આહાહા..!

જુઓને! આ ‘રાજકોટ’માં ‘સોમચંદભાઈ!’ના દીકરાની વહુ. ‘સોમચંદ ખારા’. નાની ઉંમર ૩૯ વર્ષની હતી. ચાર વર્ષથી અહીંથી પક્ષઘાત (થયો). કોઇ દિ’ હજારોમાં કો’કને થાતો હશે એવો. આટલો અહીંથી પક્ષઘાત. અહીંથી અહીંથી, હોં! પેશાબ એકકોર નળીમાં ચાલ્યો જાય, એકકોર વિષ્ટા ચાલી જાય. એને પુછો જુઓ તો મોઢા ઉપર કોઇ દિ’ ખેદ નહિ. ‘બેન કેમ છે?’ ‘આત્માનું કહો, આત્માનું કહો, બસ’ મને ઠીક છે. ‘કેમ છે?’ એક જ વાત. ભાઈ! વચમાં આવે ને? આમ બે, ચાર, પાંચ દિ’એ ન્યાં જાઈએ છીએ. જોડે રસ્તો ખરો ને! ‘રામજીભાઈ’ને આની કોર છે ને? પણ બાયને એવું (થયેલું). કોણ જાણે જુવાન બાય છતાં એના મોઢામાં સાડા ચાર, ચાર વર્ષથી આમ... ત્રણ ત્રણ કલાકે છોકરાની જેમ ફેરવે.. નહિતર ઇયળ પડી જાય. એને કાંઈ નહિ. સાંભળવાનો ભાવ ખરો. કંઈક લખાવ્યું હતું... છાપીને આમ સામે લખાણ મુક્યું હતું. એમાં લખ્યું હતું ઇ વાંચ્યા કરે, બસ! વાંચ્યા કરે, વિચારે. આ હોળી સળગી એમાં એને ક્યાં ઓલવવા જાવ. એ તો અન્ય સ્વભાવી ચીજ છે. ‘જેચંદભાઈ!’ આ બાયડીનો જીવ ને આ આદમીનો જીવ.

અહીં કહે છે કે, હજી તો ભાન નથી છતાં ઇ જાતની દરકાર ઓછી કે, હોય, હવે શું થયું? થાય તો થાય. ત્રણ ત્રણ કલાકે છોકરા ને ધણી શરીરને ફેરવે છે, હોં! એટલું (ચાલી) શકે નહિ. પોતે આમ ન કરી શકે. ત્રણ કલાકે ન ફેરવે તો અહીં બધે ઇયળ પડે. શું કરવું? એ તો અન્ય સ્વભાવી ચીજ છે તો એમાં એ થઈને ઉભું રહેશે. તારે શું કરવું છે એમાં? અન્ય સ્વભાવવાળી અન્ય વસ્તુ, અન્ય ગુણવાળી, અન્ય પર્યાયવાળી એને તારા અન્ય ગુણ ને અન્ય પર્યાયમાં તારે શું કરવું છે? અને એને શું તારે માનવું છે? આહાહા..! આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ પંડિત તો એમ કહે છે કે, નથી ને મફતનો માને છે, માટે દુઃખી થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. **'मोहनीयकर्मके जालमें फसकर...'** એમ તો કહે છે. જાળમાં ફસાઈને અન્ય સ્વભાવવાળાને એ મારા માને છે. **'आत्माके समान मानता है.'** એમ કીધું ને? એનો અર્થ સરખા (માને છે). હું એવો ઇ, એમ. હું આત્મા છું એવું શરીર છે. સમાન માને છે એટલે થયું છે ને! **'इन्हें आत्माके समान मानता है.'** એમ છે. સમજાણું કાંઈ? **'स्वानि प्रपद्यते'** એમ છે ને? છે ને જુઓને મૂળમાં છે ને? **'मूढः स्वानि प्रपद्यते' 'सर्वथान्यस्वभावानि, मूढः स्वानि प्रपद्यते'** પાઠ જ એવો છે. બહુ સરસ વાત લીધી છે.

મુમુક્ષુ :- પોતાના જેવું પણ નહીં, પોતે જ.

ઉત્તર :- પોતે. ઇ તો હું જ ... અહીં તો બધું સમાન એટલે સરખા. હું ને એ બે સરખા જ છીએ. એમાં વળી જુદાઇ શું? આહાહા..! આ જાત જુદી, ભાઈ! તારી જાત જુદીને ભગવાન! તું ચૈતન્ય આનંદનો નાથ સનાથ છો ને! એ બધા જડ સ્વભાવના સનાથ છે. એમાં જડ સ્વભાવ સહિત છે. સનાથ છે એટલે સહિત છે. તું ચૈતન્ય જ્ઞાન આનંદનો સનાથ છે એટલે સહિત છો. ઇ બે સમાન શી રીતે થશે? સમજાણું ? એ મારા શી રીતે તું માની શકીશ? આહાહા..!

એમ **'ઘર...'** ઘર... ઘર... ઘરની વાત. પેલી ખસની ફેશન. ઘરમાં કરાવ્યું હોય. દસ દસ લાખના બંગલા 'ગોવા'માં છે ને? કેવા? 'ખુશાલદાસ', 'કાન્તિલાલ ખુશાલદાસ'. આપણા 'પ્રેમચંદભાઈ'ના મામાના દીકરા છે. દસ દસ લાખના બે મોટા બંગલા. ચાલીસ કરોડના આસામી, આપણા દશાશ્રીમાળી. 'ગોવા' 'ગોવા' છે ને? મારી નાખે પણ, હોં! આહાહા..! જઈએ એની ઘરે તો બટાટાનું શાક આપ્યું, બટાટાનું શાક. એના બનેવી ગયા હતા. આ કહે, 'અમે આ ન ખાઈએ.' (એમણે પૂછ્યું), 'કેમ એમાં જીવ ગરી ગયા?' આરે.. આરે...! મારી નાંખે ને! મદ તે કેવો! આહાહા..! ભાઈ! એ ચીજ પર છે, પ્રભુ! પર સ્વભાવી, પર ગુણવાળી, પર પર્યાયવાળી, પર કાર્યવાળી. બાપુ! એને પોતાના માનવા એટલે કે બેય એક થઈને માનવા એનો અર્થ કે બે સમાન છે એમ માનવા, એ મૂઢ (મોહનીયની) જાળમાં પેઠેલા માને છે. આહાહા..! સમજાણું?

એમ **'ધન...'** ધનને... લક્ષ્મી. પાંચ-દસ લાખ મૂડી (હોય તો) બાપા! અમે એવા ઇ. ધન હોય તો પ્રાણ રહે નહિતર પ્રાણ ન રહે. ધૂળેય હોય, ધન અન્ય સ્વભાવવાળી. ઘર અન્ય સ્વભાવવાળું, ધન અન્ય સ્વભાવવાળું. એને પોતાના માને કે આ લક્ષ્મી આવે ને તો ઠીક ચાલે, બાપા! નહિતર પ્રાણ ચાલ્યા જાય. મૂઢ છો. લક્ષ્મી અગિયારમો પ્રાણ. અજ્ઞાની પર સ્વભાવવાળી ચીજને, મોહજાળમાં ફસાયેલો મૂઢ એ પરને પોતાના માને છે અને માનીને મિથ્યાત્વ સેવીને દુઃખી થઈ રહ્યો છે. માટે તારું માનવું છોડી દે. એ માટે વાત કરે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૦)), સોમવાર**
**તા. ૨૧-૦૩-૧૯૬૬**
**ગાથા–૮, ૯. પ્રવચન નં. ૭**

આ 'ઇષ્ટોપદેશ' આઠમી ગાથા (ચાલે છે). સત્ય સ્વરૂપ શું છે અને સત્ય સ્વરૂપમાં અસત્યપણે માનતા કેમ મોહ કરીને દુઃખી થાય છે એની આ વ્યાખ્યા છે. આઠમી ગાથાનો અર્થ જુઓ! **'જોકે શરીર...'** આ શરીર પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :- અત્યારે, ક્યારે શું વળી? આ કોનું? આ તો જડ છે, માટી છે.

મુમુક્ષુ :- ઇ તો જીવ ચાલ્યો જાય ત્યારે પણ?

ઉત્તર :- પણ જીવ ચાલ્યો ક્યાં જાય? જીવ જાય ક્યાં? બીજે જાય તો બીજું શરીર (મળે). જાવું હતું ક્યાં?

તેથી તો શબ્દ પડ્યો છે, જુઓ! અંદર આવે છે ને? સર્વ 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ' લીધો છે ને? શરીરનો સર્વથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અન્ય સ્વભાવ છે. શરીરનો. ઠીક! પહેલો 'શરીર' શબ્દ છે કે નહિ? આ આજે કંટાળીને આવ્યા હતા. માથું ફોડું, કાલે તો મરી જાઉં. ઇ તો બે દિ' થાય ને થયું, બે દિ' થાય ને કાંઇક મોહનું ભૂત વળગે મોહ.

મુમુક્ષુ :– આપે તો કીધું મોહનું.

ઉત્તર :– અહીં ઇ મોહની તો આ વાત ચાલે છે. આ શરીર જડ છે, માટી રજકણ છે, અજીવ તત્ત્વ છે. એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આત્માથી સર્વથા અન્ય સ્વભાવી છે. અન્ય સ્વભાવી સમજાણું?

મુમુક્ષુ :– ઇ આટલો બધો મોહ શેનો ગરી ગયો?

ઉત્તર :– ઇ મોહ ગર્યો, કર્યો માટે ગરી ગયો. ક્યાં ગરી જાય? તમે ઇ મોહ અંદરથી ઊભો કરો છો.

મુમુક્ષુ :– પણ ગરી ક્યાંથી ગયો?

ઉત્તર :– હા મોહને. ઉભો કેમ થઈ ગયો મફતનો એની મેળાએ? કરે પોતે.

મુમુક્ષુ :– ઘરમાં ગરી ગયો કેમ?

ઉત્તર :– કરે છે પોતે. ગરે છે ક્યાં? કરે છે પોતે ને વળી ગરી ગયો ક્યાં? એનો અર્થ શું? ઇ તો અહીં કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે, શરીરના રજકણે રજકણ, આ પરમાણુ છે આ તો, આ કાંઈ એક વસ્તુ નથી, ઘણા રજકણોનો સમુહ છે, તો દરેક શરીરનો એક એક રજકણ આત્માના સ્વભાવથી એના દ્રવ્યનો સ્વભાવ અન્ય છે, ક્ષેત્ર અન્ય છે, એની દશા અન્ય છે ને એનો ભાવ-ગુણ પણ અન્ય છે. છતાં મૂઢ એ મારા માનીને એનું રક્ષણ કરું અને એનાથી ઠીક હોય તો મને ઠીક ને અઠીક હોય તો મને અઠીક, એમાં રોગ હોય તો અઠીક ઇ મિથ્યાદૃષ્ટિ પાખંડ ભાવ કરીને અનાદિથી આમ રખડી રહ્યો છે. સમજાણું કાંઈ?

**'શરીર...'** જુઓ! **'ઘર,...'** મકાન. એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તદ્દન જુદા છે. આ આત્માનો સ્વભાવ આનંદ ને જ્ઞાન (છે). એનું ક્ષેત્ર અહીંયાં આત્મામાં, એની દશા વર્તમાન પર્યાયમાં, એની શક્તિ–ગુણ ત્રિકાળ ઇ પોતામાં છે ઇ તો. પણ ઇ પોતે કોણ છે એના ભાન વિના આ શરીરના મોહે અને ઘરના મોહે 'એ મારા અથવા મારા જેવા, ઇ મારા જેવા મારી જાતના છે' એમ માની જેના ઘરમાં પરદ્રવ્ય છે, એ વસ્તુ જ પર છે, ક્ષેત્ર, કાળ, ભાવ તદ્દન (જુદા છે). મોહમાં **'જાલમેં ફસકર...'** પોતે એમાં ફસાય છે. અનાદિથી મૂઢ પોતાના વસ્તુના સ્વભાવને ભૂલી અને એમાં ફસાય છે, ફસ્યો જીવ ન્યાં. ઘર એમ સ્ત્રી,

**'ધન..'** ધન–એ લક્ષ્મી. લક્ષ્મીના રજકણે રજકણ આત્મ તત્ત્વથી (ભિન્ન છે). એનું દ્રવ્ય એટલે વસ્તુ, એનું ક્ષેત્ર એટલે પહોળાઈ, એનો કાળ એટલે લક્ષ્મીની દશા–અવસ્થા અને ભાવ એટલે એની શક્તિ. બધું આત્માના સ્વભાવથી લક્ષ્મીનો અન્ય સ્વભાવ છે. પણ મૂઢ એ લક્ષ્મીને નહિ ... ગયું તો અરે..રે..! હાય.. હાય..! (ગયું), આવે તો (રાજી થાય). એ પરદ્રવ્યને સ્વદ્રવ્ય માનીને મૂઢ પરમાં હિતબુદ્ધિએ રખડી રહ્યો છે. આહાહા..! એને ખબર નથી. શું સ્વ છે ને શું પર છે.

મુમુક્ષુ :– મહેનત કરીને કમાયા..

ઉત્તર :– મહેનત કોણ કમાણું હતું? ધૂળ. તેં રાગ કર્યો હતો. કમાણો કે દિ'? પૈસા કે દિ' એના હતા? એના બાપના હતા? એના હતા? કહો, 'પુનમચંદ'ના છે પૈસા? કે એના બાપના છે? આહાહા..!

અહીં તો એક દ્રવ્ય જે વસ્તુ પોતાની છે એ પોતા સિવાયના અનેરા પદાર્થના જેટલા સર્વથા ભિન્ન સ્વભાવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે એને ઠીક હોય તો કંઈક પણ અંદર ઉલ્લાસ આવે, અઠીક હોય તો (દ્વેષ) આવે એ બધું મોહ મિથ્યાત્વભાવ કરી અને પરને પોતાના માનીને મહા અધર્મ–પાપ ઉત્પન્ન કરે છે અને વધારે પાપને સેવીને આથી દુર્ગતિ વધારે જાશે એવું કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! લક્ષ્મી, પણ લક્ષ્મી તો ધૂળ છે તારી ક્યાં ચીજ હતી?

મુમુક્ષુ :– ઇ કમાણો ને?

ઉત્તર :– કમાણો કે દિ'? ધૂળમાં પણ કમાણો નથી. એણે રાગ કર્યો હતો. એ ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો એને કારણે આવી છે. શું રાગને કારણે આવી છે? સમજાણું કાંઈ? રાગનો ભાવ તારામાં છે અને એની અવસ્થા ને એનો ભાવ એનામાં છે. એની અવસ્થા ને એનો ભાવ એનામાં છે. ઇ શું તારે લઈને આવે છે? પર વસ્તુને અને સ્વને તદ્દન ભિન્નતા એમાં ન માનતા બેને એક માનીને મિથ્યાબુદ્ધિ, અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ, દુઃખબુદ્ધિ નવા પાપને ઉત્પન્ન કરે છે અને પાછું માને કે અમે ઠીક કર્યું. આહાહા..!

**'સ્ત્રી...'** સ્ત્રીનો આત્મા ને એનું શરીર તદ્દન અન્ય સ્વભાવી છે. આ આત્માનો સ્વભાવ અહીં (છે), એનો સ્વભાવ એના આત્મામાં (છે). આ જડના એના શરીરનો સ્વભાવ જડમાં. તદ્દન બેય ભિન્ન (છે) છતાં આ સ્ત્રી મને સુખ આપે છે, પ્રતિકૂળ હોય તો દુઃખ આપે છે. એમ મૂઢ મિથ્યામાન્યતા, પાખંડબુદ્ધિ, ભ્રમણા ઉત્પન્ન કરી નવા પાપ અનંતા નવા બાંધે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- અમારી એક વાતેય રહેવાની નથી.

ઉત્તર :- તમારી નહિ, દુનિયાની આખાની.

મુમુક્ષુ :- ઇ વાત તો ઠીક પણ ઘરના ઉપર તો રાગ થાય ને.

ઉત્તર :- આ ઇ જ કહે છે. ઇ પરદ્રવ્ય છે કે સ્વદ્રવ્ય છે? ઇ પરપદાર્થ છે કે સ્વપદાર્થ? આ પ્રશ્ન (છે) મારો.

મુમુક્ષુ :- ઘરના કુટુંબના તો પોતાના કહેવાય ને.

ઉત્તર :- ઘરનું કે દિ' એના બાપનું હતું એનું કોઈનું? દ્રવ્ય જ પરનું છે. ઇ આત્મા ક્યાંથી (તારો થયો)? હમણાં બીજો દાખલો આપશે. ક્યાંકથી આવ્યો ને ક્યાંક ચાલ્યો જાય છે. ઇ તારે લઈને આવ્યો નથી ને તારે લઈને જાશે નહિ. મફતનો મૂઢ પરદ્રવ્યમાં પોતાનું માની મહા અસત્યબુદ્ધિ સેવી નવી પ્રતિકૂળતા ઉભી કરે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજાને નહોતા ને અમારે છોકરા થયા.

ઉત્તર :- કોના છોકરા પણ? છોકરો કેવો? એને એને ઉપજાવ્યો છે? એનો છોકરાનો આત્મા ઉપજાવ્યો છે? એના શરીરને ઉપજાવ્યું છે એણે? શરીર તો જડ છે. આત્મા જડને ઉપજાવે? આત્મા એના આત્માને ઉપજાવે? ઉપજાવ્યું એટલે શું?

મુમુક્ષુ :- જનક કહેવાય ને!

ઉત્તર :- જનક એટલે શું? એ તો નિમિત્તપણે બોલાય છે. આત્મા તો એનો છે અને શરીર એનું છે. એના રજકણો જડ છે. આ આત્માએ એને એ પદાર્થને બનાવ્યો હશે? દિકરાના આત્માને આણે બનાવ્યો છે?

મુમુક્ષુ :- ઇ બધા ઊંડા પાણીમાં શું કરવા ઉતરવું?

ઉત્તર :- થઈ રહ્યું. ન ઊંડામાં ઉતરવું હોય તો ઊંડો રખડે. કેમ? સારી રીતે ઊંડો રખડે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો સ્વ ને પર દ્રવ્યની વચ્ચે વિવેકની વાત કરે છે. જેને સ્વ ને પરની વિવેકતાની ભિન્નતા ભાસતી નથી તે પરને પોતા સમાન અથવા પોતે એ છે એમ માની અને હેરાન થઈને ચાર ગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છે. સમજાણું કાંઈ?

એમ **'પુત્ર..'** લ્યો! એ પુત્રનો આત્મા જુદો, એના કર્મ જુદા, એનું શરીર જુદું, એના રજકણોનો પદાર્થ, પદાર્થ જ જુદો છે. એમાં તારો પદાર્થ ક્યાંથી આવી ગયો ઇ?

મુમુક્ષુ :- પદાર્થ જુદો હોય ત્યારે તો દીકરો કહેવાય.

ઉત્તર :- કોનો પણ દીકરો? એણે ઉપજાવ્યો છે છોકરાને? એના આત્માને ઉપજાવ્યો છે? ભ્રમણા તે ભ્રમણા. આઠ પાન શેરીની ભૂલ. એક મણમાં આઠ પાન શેરીની. એટલે? આખે આખી. આ તો વસ્તુ સ્વતંત્ર જગતના તત્ત્વો છે. અજીવ કે જીવ અનંત બીજાઓ જગતના હોવાવાળા પદાર્થ છે. તું પણ હોવાવાળો પદાર્થ છે. તો આ હોવાવાળોનો ઇ હોવાવાળો ક્યાંથી થઈ ગયો? સમજાણું કાંઈ?

**'પુત્ર, મિત્ર...'** વહાલા મિત્ર. આમ બોલે ત્યાં આમ એવું આમ બેય ભેગા થાયને સાંજે આમ ફરવા ગયા હોયને આહાહા..! એમાં બેઠા હોય આમ ને ઓહોહો..! જાણે એક બીજા.... કાંઈ નહિ. તું કો'ક ને ઇ કો'ક છે. મફતનો હેરાન થઈ ગયો પણ.

મુમુક્ષુ :- અંતરની વાતું એની સાથે કરે..

ઉત્તર :- હા. બે જણા એકલા બેઠીને અંતરની વાતું કરે. આમ વળી ખાનગી કહેવી હોય તો કાનમાં કહે. 'ગુલાબભાઈ!' આ મૂર્ખાઈ તે પણ કાંઈ ઓછી છે? કહે છે. ક્યાં પર વસ્તુ... એ મરીને ન્યાં ને ન્યાં એક જરીકમાં ઉ..હું થયું. પણ શું થયું? અરે..! હું એકલો છું ને ભાઈ! અંદર વ્હેમ નહિ પડી જાય બીજાને? કે આ હતા ને આને શું થયું આ? પણ ઇ પરદ્રવ્ય છે, શરીર પરવસ્તુ છે, એની મુદતે ત્યાં શરીર રહે છે, એની મુદતે આત્મા પોતાને કાળે રહે છે. તારા કારણે ને તારા ભાવે બિલકુલ રહેતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'શત્રુ...'** લ્યો! શત્રુ કોણ જગતમાં છે? બીજો પ્રતિકૂળ માને છે. શત્રુનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા છે. ઇ ક્યાં તને નુકશાન કરે છે? તેમ હેરાન પણ ક્યાં કરે? ને હિત પણ ક્યાં કરે? હેરાન-હિત કોઈ પરદ્રવ્ય કરતું નથી. તારા ભાવમાં આત્મા જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલી આ મને નુકશાન, આ મને લાભ કરે એવી માન્યતા નામ ભ્રમણાને, ભૂકા ભ્રમણાને ઘુંટી રહ્યો છે. અસત્યની ભ્રમણાને ઘુંટી રહ્યો છે. એના ફળ તો ઊંધા બંધના પડીને અનંતકાળથી ચાર ગતિમાં રખડવાના આવે છે. આહાહા..!

**'શત્રુ આદિ સબ અન્ય સ્વભાવકો લિયે હુએ...'** જુઓ! બધાને પહેલેથી લઈ લેવું. **'શરીર અન્ય સ્વભાવકો લિયે હુએ ઘર અન્ય સ્વભાવકો લિયે હુએ, સ્ત્રી, પુત્ર, મિત્ર અન્ય સ્વભાવકો લિયે હુએ...'** એ એનો અનેરો સ્વભાવ જડનો ને આત્માનો બીજો છે. **'અન્ય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**હૈં,...'** આત્માથી બિલકુલ જુદા છે. કેમ હશે આમાં? 'ફાવાભાઈ'! 'મનહર' ના આત્માને લઈને તો આને કાંઈ ઠીક થાય કે નહિ? કાંઈ બોલે કે, બાપા... બાપા કરે તો ઠીક થાય કે નહિ? હવે બાપા તમે ખર્ચો, ખર્ચો બે-પાંચ હજાર, હોં! મારી પેલી ન રાખશો.

મુમુક્ષુ :– બે-પાંચ હજાર ને?

ઉત્તર :– બધા તો બે-ચાર લાખ ખર્ચ થયા હોય એ બે-ચાર લાખ આપી દે? કહો, સમજાણું કાંઈ? બધા ધૂળ ને ધાણી મફતના મમતા... મમતા... મમતા... પૈસા પણ કાંઈ ને છોકરો પણ કાંઈ પરચીજ, આ ચીજ જુદી ને એ ચીજ જુદી. એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ (જુદા). અહીં 'સર્વથા' શબ્દ વાપર્યો છે ને? 'સર્વથા' શબ્દ છે. જુઓ! અંદરમાં અર્થમાં આવશે.

**'પરંતુ મૂઢ પ્રાણી મોહનીયકર્મકે જાલમેં ફસકર...'** હોં! કર્મને લઈને નહિ. કર્મ પરદ્રવ્ય છે. **'જાલમેં ફસકર...'** જુઓ! છે ને? **'स्वानि प्रपद्यते'** ઇ માને (છે), પોતે માને છે એમ કહેવું છે ને? એટલે માને છે એટલે થઈ રહ્યું, ખલાસ થઈ ગયું. એ મોહના કર્મના વશ પડ્યો. **'ઇન્હેં આત્મા કે સમાન માનતા હૈ.'** ભઈ! અમે ને શરીર એક છીએ. બેય એકસાથે સાથે છીએ. સાથે કે દિ' હતો? તું તો અનંતકાળનો છો અને આ તો નવું આવ્યું છે. અનંતકાળનો તું અનાદિનો છો અને આ તો નવું આવ્યું છે. આ કે દિ' હતા? રજકણ તારી પાસે હતા કે દિ'? પેલા ભવમાં બીજા રજકણ હતા, ઓલા ભવમાં ત્રીજા હતા. હવે ઇ તો આ રજકણો આવે ને જાય છે. એ તો જુદા જુદા છે. પણ એ એના અવયવ દેખીને આ અવયવ મારા, આવી આંખુ ગોળ ચક્ર ને આ ને આ મોઢું ને આ આંતરડું આ ને લાલ આ ને કુંડળ જેવા કાન ને નાક ગરુડ જેવું ને આંખ્યું હરણની આંખ્યું જેવી અને મોઢું ચંદ્રના ઓલા જેવું, ધૂળ જેવું ને એવું સાહિત્યકાર લખે ને એવું? ભાઈ! '...' લખે, હોં! સાહિત્યકાર કવિ જ્યારે લડાવે ને (ત્યારે એવું લખે). પુરુષ સિંહ! અને આ પગ કેવા? કેળના ગર્ભ જેવા. કેળના ઓલા હોય છે ને? થાંભલા. કેળના થાંભલા. હાથ આમ કૂણા.. ધૂળમાં ય નથી. પાયખાનાના થાંભલા છે આ. આ વિષ્ટા ને પેશાબ રહે એના થાંભલા છે. આહાહા..! અરે..રે..! એને આત્મા કોણ? ને પરદ્રવ્ય કોણ? ખબર ન મળે અને પરદ્રવ્યને પોતાના માનીને મૂઢ થઈ મોટા દુઃખને ઉપર વ્હોરી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વિશદાર્થ :– સ્વ ઔર પરકે...'** જુઓ! ખુલાસો ઇ છે ને મૂળ તો? **'स्वपरविवेकज्ञानहीनः'** છે ને મૂળ તો? સ્વ અને પરના વિવેક એટલે જુદાઈ. આત્મા સ્વ અને શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી પર. બેના વિવેક, વિવેક નામ જુદાઈ, જુદાઈના જ્ઞાનથી રહિત. બે જુદે-જુદા ત્રણે કાળે છે. છતાં બેના જુદાના ભાન વિનાનો મૂઢ **'શરીર આદિક પર પદાર્થોંકો આત્મા વ આત્માકે સ્વરૂપ હી સમજતા રહતા હૈ.'** એ અમે છીએ અને કાં એ અમારું સ્વરૂપ છે, અમે એક જ જાત છીએ ને અમારા અંગ છે ને! માણસ નથી કહેતા કે, ભઈ ડાંગે માર્યા પાણી કાંઈ જુદા પડે? ડાંગે માર્યા પાણી (જુદા ન પડે) એમ આ બધા અમે એક

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ છીએ, બાપા! અમે એક અંગી કંઈ જુદા પડે? જુદા જ છે હવે, સાંભળને! ડાંગે માર્યા પાણી શું પાણીના રજકણે રજકણ જુદા છે. પાણીના રજકણે રજકણ જુદા છે. દરેક પોઈન્ટ રજકણે રજકણનું અસ્તિત્વ ને પાણીનું સત્, એક એક રજકણ પોઈન્ટ ભિન્ન ભિન્ન છે. કોઈ રજકણનું સત્ કોઈ રજકણરૂપના સત્રૂપે અસ્તિત્વરૂપે થતું નથી. કોઈની મોજુદગી, કોઈની મોજુદગીમાં ગરીને હયાતી રાખતું નથી. આહાહા..! ખબર ન મળે સ્વ શું ને પર શું?

**'સ્વ ઔર પરકે વિવેકજ્ઞાનસે રહિત પુરુષ શરીર આદિક પર પદાર્થોંકો આત્મા વ આત્માકે સ્વરૂપ હી સમજતા રહતા હૈ. અર્થાત્ દઢતમ મોહસે વશ...'** જુઓ! દઢતમ (લીધું છે). અહીં તો મિથ્યાદૃષ્ટિની વાત છે, હોં! સમ્યગ્દૃષ્ટિ પરને પોતાનું અંશે (પણ) માનતો નથી. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, લાખો સ્ત્રીઓ હોવા છતાં, રાજપાટમાં પડ્યો છતાં, એક અંશ પણ આ મારી ચીજ નથી. હું તો જ્ઞાન ને આનંદ છું. ફક્ત મારામાં જરીક આસક્તિનો રાગનો અંશ થાય છે એ મારી કમજોરીનું પાપ છે. પણ એ ચીજને લઈને મને સુખ છે કે એ ચીજ મારી છે એમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં (માનતો નથી). સમજાણું કાંઈ? એક અંશે પણ મારા આત્મા સિવાયનો રાગ પણ મારો નથી. એ બંધનું કારણ અને ઉત્પન્ન થયેલો વિકાર દુઃખરૂપ છે તો બીજી ચીજ તો મારી છે નહિ.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી સ્ત્રીને દેખીને સુખ માનતો નથી. આહાહા..! સમજાય છે? શત્રુને દેખીને દુઃખ માનતો નથી. એ પરદ્રવ્ય મને દુઃખદાયક છે? નહિ, પરદ્રવ્ય દુઃખદાયક હોઈ શકે નહિ. તારી ઊંધી માન્યતા તને દુઃખદાયક છે અને સવળી માન્યતા–આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એનું ભાન તને સુખદાયક છે. એ સિવાય કોઈ પરપદાર્થો સુખદાયક-દુઃખદાયક છે જ નહિ. કહો, સમજાણું આમાં? આદિ શબ્દમાં બધું લીધું. અમારો દેશ. જુઓને! દેશ માટે મરે છે કે નહિ? જ્ઞાનાનંદ સ્વરૂપ પોતે છે એને પોતાની હયાતીનું ભાન નથી. એ પર હયાતીવાળા પદાર્થોથી સુખ અને દુઃખની કલ્પના કરી મિથ્યા ભ્રમણામાં (રખડી રહ્યો છે). ભ્રમણાનું ફળ શું હોય? ભ્રમણ. ભ્રમણાનું ફળ ભ્રમણ–ચોરાશીના અવતાર (છે). આહાહા..!

કહે છે કે, **'મોહસે વશ પ્રાણી દેહાદિકકો (જો કિ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ લક્ષણરૂપ હરેક પ્રકારસે)...'** અર્થાત્ અર્થ છે ને? **'(આત્મ સ્વભાવસે ભિન્ન સ્વભાવવાલે હૈં).'** ક્યાં ભગવાનઆત્મા! એ તો જ્ઞાન, આનંદ, શાંતિ, શ્રદ્ધા સ્વરૂપ આત્મા છે. બહુ તો અંદર એની એક સમયની પર્યાયમાં વિકાર કરે પણ છતાં એ વિકાર કાંઈ એનું સ્વરૂપ થઈ જતું નથી. જેનું સ્વરૂપ થતું નથી તેને પોતાના માનવા એનું નામ ભ્રમણા. વિકારના પરિણામને પણ પોતાના માનવા એ ભ્રમણા (છે). આહાહા..! એની ભૂલની એને ખબર પડતી નથી. આ ભૂલ હશે? આ તે ભૂલ હશે? કે આ તે મારો ગુણ છે? છે ભૂલ અને માને ગુણ. હવે ઇ ભૂલ શી રીતે નીકળે એને?

દરેક ચીજ શરીર આદિ, દેશ આદિ કે શત્રુ-મિત્ર આદિ એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષણ, લક્ષણ જ બધાના જુદા છે (તેને) **'આત્મા માનતા હૈ ઔર દઢતર મોહવાલા પ્રાણી,...'** પાછો સાધારણ દઢ મોહ નહિ, આસક્તિનો નહિ જરીકે, આ તો દઢતર મોહવાળો પ્રાણી. ઓહોહો..! શરીરની અનુકૂળતા હોય ને બાપુ! તો આપણને ઠીક પડે, હોં! એ જડના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સરખા રહે તો તને ઠીક પડે એનો અર્થ શું? આ તો માટી છે, અજીવ તત્ત્વ છે, રૂપી તત્ત્વ છે, મૂર્ત તત્ત્વ છે. તું અમૂર્ત તત્ત્વ છો. બેય તત્ત્વે તત્ત્વની જાત જુદી છે. જાત જુદીને બીજી જાત તને લાભદાયક થાય (એ) તારી ભ્રમણા છે, ભ્રમણા. સમજાણું કાંઈ? મોટા ભણ્યા-ગણ્યાને પણ આ ભ્રમણા અંદરમાં ગરી ગઈ. પરવસ્તુથી અમને આમ થાય, પરવસ્તુના અમે કામ કરી દઈએ.

મુમુક્ષુ :– ભણાવે છે એવું.

ઉત્તર :– ભણાવે એવું. મૂઢ ભણ્યો હોય એવું ભણે ને! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન (છે) એ ભગવાન તો કહે છે અને એમ છે કે અનંત પદાર્થ છે ને, ભાઈ! તું એક જ છો જગતમાં? તો અનંત છે તે અનંત પદાર્થ દરેક પોતાના સ્વભાવ લઈને રહેલા છે. તો એનો સ્વભાવ એનામાં, તારો સ્વભાવ તારામાં. તારા સ્વભાવને એ મદદ કરે, નુકશાન કરે એવું ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! તેમ એના સ્વભાવને તું મદદ કર, બીજા દ્રવ્યની સેવા કરીને એની મદદ કરું. ધૂળમાં પણ નથી. કોણ સેવા કરે? ભારે વાત આકરી, ભાઈ!. ઇ એની સેવાથી આ મરી ગયા કેટલાક સુધરેલા એવા. આપણે બધાની સેવા કરીએ છીએ. સેવા એટલે શું? આ શરીરમાં રોગ થાય એને તું મટાડી શકતો નથી અને બીજાની સેવા કરવા ગયો?

મુમુક્ષુ :– જનસેવા એ જ પ્રભુસેવા.

ઉત્તર :– જનસેવાની વ્યાખ્યા શું? જન એટલે શું? એ તો પરદ્રવ્ય છે. એની સેવા એટલે શું? એની દશા? એની દશા તો એનાથી થાય છે. આ બધા એમ ને એમ રખડ્યા ને? તમે બધા અડધા અડધા લુગડા પહેરીને ફરતા હતા. ઇ ફરતા હતા. એમાં એમ કે અમે કાંઈક સેવા કરીએ છીએ, અમે આમ કરીએ છીએ, એમ. સાદા લુગડા ને ફલાણું આમ સેવા કરીએ. ધૂળમાં પણ નથી. લુગડા સાદા તો એના જડના છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવી વાત સાંભળવી ન ગોઠે.

ઉત્તર :– સાંભળવી ન ગોઠે. સાચી વાત, વાત સાચી છે. આ બધા ઘણાને પાવર ચડી ગયા છે ને! કોઈ કોઈની સેવા કરી શકતો નથી. હેં? તારી ૨૫ વર્ષની જુવાન બાયડી મરી જાય, તું વીસ વર્ષનો હોય, મરી જાય તો રાખને સેવા (કરીને). તારે મારી નાખવાનો ભાવ છે? ત્યારે ભાવમાં તારે રાખવાનો ભાવ (છે). તારા ભાવથી ત્યાં કાંઈ થાતું નથી. એમ તારા ભાવથી પરમાં બીજા દ્રવ્યમાં થઈ જતું હશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૨૫ વર્ષનો વહાલો દીકરો મરતો હોય. આમ લેહ.. લેહ કરતો (હોય), બે વર્ષના પરણેતર (હોય), લીલી સાઠા જેવી બાયડી મુકીને (મરતો હોય)... હાય! હાય! અર..ર..! આ કરતાં પરણાવ્યો ન હોત ને (તો સારું હતું) એમ કહે. પરણાવ્યો હોય ત્યારે તો એમ કહે, લ્હાવો લઈ લઈએ. પણ જ્યાં છ મહિના થયા (ત્યાં ખબર પડી) ક્ષય છે, ક્ષયની અસર થઈ છે. હેં...? ટી.બી. છે. કેટલા વખતથી? થોડી ટી.બી. શરૂ હશે, પછી લગન કર્યા. બોલ્યો નહિ. હાય! હાય! અરે..! ત્રીજે નંબરે ગયો. હાય! હાય! શું છે? ઇ તો પરદ્રવ્ય છે, બાપુ! એ પરવસ્તુ છે. આત્મા પણ જુદો ને એના રજકણ પણ જુદા. એનાથી લ્હાવા લેવા ગયો ઇ મિથ્યાત્વના લ્હાવા લીધા. લાવા નથી આવતા? લાવા નીકળે છે ને? જ્વાળા-અગ્નિ. 'ગુલાબભાઈ!' આવે છે ને પરદેશમાં નહિ? ડુંગરામાંથી જ્વાળા (નીકળે). આ તેં પોતે અજ્ઞાનની જ્વાળા અગ્નિની કાઢી. આ મારા ને અમે લ્હાવા લીધા, હોં! છેલ્લું-પહેલું અમારે હતું ને એટલે છેલ્લો લ્હાવો લઈ લીધો. 'છગનભાઈ'! મૂઢ માળા એવા બોલે ને! પાંચ જણા બેઠા હોય. સામૈયાને આપણે છેલ્લું-પહેલું ને તમારી પાસે મૂડી પૈસા (છે). તમારે ક્યાં બીજું સંતાન હતું? આપણે સાત-પાંચ કાંઈ છે? બાઈડ્યું નવરી થાય એટલે એમ બોલે. સાત-પાંચ આપણે કાંઈ છે? સાત-પાંચ એટલે કાંઈ જાજું છે? આ એક છોકરો હતો. બહુ સારું, લ્યો ! છોકરો પણ ક્યાં તારો હતો?

મુમુક્ષુ :– તો કેનો હતો?

ઉત્તર :– છોકરો એના આત્માનો, શરીર એના જડનું. તારું કે દિ' હતુ એમાં? હવે શું કરવું આમાં? મોહે કરીને મારી નાખ્યા જગતને. મિથ્યા દઢતર મોહ, મહા મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઉન્હીં વ વૈસે હી શરીરાદિકકો આત્મા નહીં, અપિતુ આત્માકે સમાન માનતા રહતા હૈ.'** સમજાણું? અમારા જેવા જ છે, એ બધા અમે જ છીએ, એક જ છીએ. જુદા ક્યાં છે? અમારા ધાર્યા પ્રમાણે ચાલે છે, જુઓ! લ્યો! ઇચ્છા થાય ત્યારે આમ ચાલે છે. કામ થાય છે કે નહિ ધાર્યા પ્રમાણે? ના, ના. સાંભળ તો ખરો! ઇ ક્રિયા તારી ઇચ્છાથી થતી નથી, તને ભાન નથી. આહાહા..! એની અવસ્થા, એનો સ્વભાવ એનામાં છે. એની અવસ્થાનું આમ થવું એ સ્વભાવ તારાથી અન્ય સ્વભાવી છે. એટલે આ તારાથી થાય એ હરામ વાત હોય તો, એમ કહે છે. આહાહા..!

એમાં એ ખાવા બેઠો હોય ને રોટલી ને સરખાઈની ઘીમાં તળેલી પૂરી (હોય) અને આમ રસ ઊંચા હોય. સમજ્યા ને? જમાદાર કેરીના મોટા ઊંચા આવે છે ને? લાલચોળ. આમ ખાતો હોય ત્યારે જાણે કે ઓ..હો..હો..! જાણે વૈકુંઠમાં બેઠો હોય જાણે! મૂઢ છો. એ તો જડ છે, માટી છે, રજકણ-ધૂળ છે. એની અવસ્થાથી તને સુખ થાય એ માન્યું ક્યાંથી તેં આ? આહાહા..! સમજાણું કાંઈ? વાત ભારે!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યારે સમકિતી એમ ન માનતો હોય તો છોડી દેતો હશે ખાવું? ખાય છે જ કે દિ'? સાંભળ તો ખરો, તને ખબર નથી. એ તો જડની ક્રિયા થાય છે તેને જોવે છે. અજ્ઞાની જડની ક્રિયા થાય તેને હું કરું છું એમ માને છે. ફેર માન્યતામાં છે. આહાહા..! **'અપિતુ આત્માકે સમાન માનતા રહતા હૈ.'** **'स्वानि'** છે ને? **'स्वानि प्रपद्यते'** એમ છે ને? શરીર ને લક્ષ્મીને પોતાપણે માને છે. અરે..! બાપા એ પર વસ્તુ (છે). તારે એને ક્યાંય આઘે ને છેડે કાંઈ મેળ નથી. સમજાણું? એ દાખલો હવે આપે છે. જુઓ! પછી આપશે.

**दोहा - पुत्र मित्र घर तन तिया, धन रिपु आदि पदार्थ।**
**बिल्कुल निजसे भिन्न हैं, मानत मूढ़ निजार्थ।।८।।**

છે? આઠમો શ્લોક છે, આઠમો. હિન્દી, ભાઈ! હિન્દી. 'ગુલાબભાઈ!' **'पुत्र मित्र घर तन तिया,'** તિયા એટલે સ્ત્રી, તન (એટલે) શરીર. ઘર, **'धन रिपु'** રિપુ એટલે દુશ્મન **'આદિ પદાર્થ'** દેહ, કૂળ, કુટુંબ બધું લીધું. **'બિલ્કુલ નિજસે ભિન્ન હૈં,'** સર્વથા તારા આત્માથી જુદે-જુદા (છે). તારે ને એને કાંઈ મેળ ને સંબંધ નથી. માળો પણ એવો ચોંટ્યો ને! આને સગવડતા ને મારે નહિ. જ્યારે સગવડતા હોય ત્યારે (કહે), મારે સગવડતા ને અમે સુખી ને આ દુઃખી. મૂઢ છો બેય રીતે. આહાહા..! સમજાણું કાંઈ? કોને સગવડતા? પરદ્રવ્યને લઈને આત્માને સગવડતા? તારો સ્વભાવ જુદો, એનો સ્વભાવ જુદો. એને લઈને તને સગવડતા ક્યાંથી આવી? અને એની પ્રતિકૂળતાને લઈને તને પ્રતિકૂળતા-અગવડતા આવી ક્યાંથી? અડતું નથી ને! એ દ્રવ્ય તને અડતું નથી. તું એને અડતો નથી. કેમકે સૌ સૌ ભિન્નમાં પોતાની મર્યાદામાં પોતે રહેલા છે. એમાં આનાથી મને ઠીક ને આનાથી મને અઠીક એ માન્યતા મિથ્યાદષ્ટિએ મૂઢમાંથી ઉત્પન્ન કરેલી છે. આહાહા..! સમજાણું કાંઈ? **'બિલ્કુલ નિજસે ભિન્ન હૈં,'** બિલ્કુલ પાછું સર્વથા કીધું ને? **'માનત મૂઢ નિજાર્થ.'**

---

**उत्थानिका :- शरीर आदिक पदार्थ जो कि मोहवान् प्राणीके द्वारा उपकारक एवं हितू समझे जाते हैं, वे सब कैसे हैं, इसको आगे श्लोकमें उल्लिखित दृष्टांत द्वारा दिखाते हैं :-**

**दिग्देशभ्य: खगा एत्य, संवसन्ति नगे नगे।**
**स्वस्वकार्यवशाद्यान्ति, देशे दिक्षु प्रगे प्रगे।।९।।**

**अर्थ :- देखो, भिन्न भिन्न दिशाओं व देशोंसे उड़ उड़कर आते हुए पक्षिगण वृक्षोंपर आकर रैनबसेरा करते हैं और सबेरा होनेपर अपने अपने कार्यके वशसे जुदा जुदा दिशाओं व देशों में उड़ जाते हैं।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**विशदार्थ :-** जैसे पूर्व आदिक दिशाओं एवं अंग, बंग आधि विभिन्न देशोंसे उड़कर, पक्षिगण वृक्षोंपर आ बैठते हैं, रात रहनेतक वहीं बसेरा करते हैं और सबेरा होनेपर अनियत दिशा व देशकी ओर उड़ जाते हैं-उनका यह नियम नहीं रहता कि जिस देशसे आये हों उसी ओर जावें। वे तो कहींसे आते हैं और कहींको चले जाते हैं-वैसे ही संसारीजीव भी नरकगत्यादिरूप स्थानोंसे आकर कुलमें अपनी आयुकाल पर्यन्त रहते हुए मिल-जुलकर रहते हैं, और फिर अपने अपने कर्मोंके अनुसार, आयुके अंतमें देवगत्यादि स्थानोंमें चले जाते हैं। हे भद्र ! जब यह बात है तब हितरूपसे समझे हुए, सर्वथा अन्य स्वभाववाले स्त्री आदिकोंमें तेरी आत्मा व आत्मीय बुद्धि कैसी? अरे! यदि ये शरीरादिक पदार्थ तुम्हारे स्वरूप होते तो तुम्हारे तदवस्थ रहते हुए, अवस्थान्तरोंको कैसे प्राप्त हो जाते? यदि ये तुम्हारे स्वरूप नहीं अपि तु तुम्हारे होते तो प्रयोगके विना ही ये जहाँ चाहे कैसे चले जाते? अतः मोहनीय पिशाचके आवेशको दूर हटा ठीक ठीक देखनेकी चेष्टा कर। ।।९।।

**दोहा - दिशा देशसे आयकर, पक्षी वृक्ष बसन्त।**
**प्रात होत निज कार्यवश, इच्छित देश उड़न्त।।९।।**

---

**'ઉત્થાનિકા :– શરીર આદિક પદાર્થ જો કિ મોહવાન્ પ્રાણીકે દ્વારા...'** મોહવાન પ્રાણી દ્વારા, હોં! **'ઉપકારક એવં હેતુ સમજે જાતે હૈં,...'** એવા મૂઢ જીવોથી એ જીવો એ બધા મને ઉપકારક છે. અમારા હેતુ છે. એ અમારા 'સમજવામાં આવે છે, તે બધા કેવા કેવા છે?' ઇ કેવા પ્રકારે છે એનો કોઈ દાખલો છે. **'ઇસકો આગે શ્લોકમેં ઉલ્લિખિત દૃષ્ટાંત દ્વારા દિખાતે હૈં :–'** દાખલો બતાવે છે.

**दिग्देशभ्यः खगा एत्य, संवसन्ति नगे नगे।**
**स्वस्वकार्यवशाद्यान्ति, देशे दिक्षु प्रगे प्रगे।।९।।**

**'અર્થ :– દેખો! ભિન્ન ભિન્ન દિશાઓં...'** રાતે આવે છે ને? નિશાળમાં પણ પહેલા એવું આવતું, ભાઈ! નિશાળમાં આવતું. હવે કોણ જાણે (શું હશે)? 'દલપતરામ'ના વખતમાં એક શ્લોક આવતો. 'દલપતરામ' કવિ હતા ને? કદડા. 'કવિ દલપતરામ ડાયાભાઈ!' સાંઈઠ વર્ષ પહેલા અમે જ્યારે ભણતા ને ત્યારે એ 'દલપતભાઈ!' (હતા), પછી એના દીકરા હતા. 'નાનાભાઈ!' છે ને? એ તો અહીં આવ્યા હતા ને, 'નાનાભાઈ!' અહીં આવ્યા હતા. અને બીજા ભાઈ (હતા), એ બધા મળેલા, અમને બધા મળ્યા હતા ને! એના સાંઈઠ વર્ષ ઉજવ્યા હતા. 'નાનાભાઈ'ના. (સંવત) ૧૯૯૨ની સાલ (હતી). મરી ગયા. કહે છે. ઇ એમાં આવતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે 'એક પંખી મેળો ઉડી આકાશે આવ્યો..' એવું કાંઈક આવે છે, એવું આવતું. લ્યો! હવે આવી ગયો શબ્દ, લ્યો ! એવું એમાં આવતું. 'પંખી મેળો ઉડી આકાશે આવ્યો' પંખીને મેળો ઉડી અને આકાશે (આવ્યો). બેઠો, સવાર પડે ત્યાં સૌ સૌ ચાલ્યા જાય. સવાર પડે ત્યાં ક્યાંથી આવ્યા ત્યાં(જ) જાવું એવો નિયમ નહિ. ગમે ત્યાંથી આવ્યા ને ગમે ત્યાં (જાય). બાર કલાક ભેગા બેસે તોપણ એક બીજા સામું જોયા કરે. રાતે તો ખાય નહિ. બગલો બેઠો હોય, બગલી બેઠી હોય, કો'ક બીજું બેઠું (હોય). સો-સો, બસ્સો-બસ્સો ભેગા થાય, હોં! અમે ત્યાં ગયા હતા ને (ત્યાં) બહુ ભેગા થતા. એ આ ખાંડવાળો કોણ કહેવાય? 'વઢવાણ' 'નાતાલીયા'! એના મકાનમાં અમે ઉતર્યા હતા ને! છઠ્ઠી સાલમાં. પાછળ ખાલી અને મોટું ઝાડ (હતું). એટલા જનાવર, એટલા જનાવર આવે. પાછળ કોઈ રહેતું નહોતું. આ કરોડપતિ 'નાતાલીયા'. 'કાન્તિભાઈ!' ગુજરી ગયા ને? દાક્તર, 'કાન્તિલાલ' દાક્તર. 'નાનાલાલભાઈ' ના જમાઈ ગુજરી ગયા. કરોડપતિ મોટા ગૃહસ્થ. ત્યાં અમે ઉતર્યા હતા, પાછળ ઝાડ ખાલી, મકાનો ખાલી, કોઈ માણસ નહિ. એટલા પંખીઓ (આવે). સાંજ પડે ત્યાં તો કોલાહલ, હોં! હજારો (પંખીઓ). રાત પડે પછી ચૂપ થઈ જાય. સવાર પડે પાછી ક્યાંથી આવ્યા ને ક્યાં ગયા એનો મેળ નહિ કાંઈ. ઊડવા માંડે ભરડાટ ચારેકોરથી. આવો દાખલો પહેલા આવતો, હોં! ચોપડીમાં આવતો.

એમ અહીંયાં કહે છે કે, **'ભિન્ન ભિન્न દિશાઓં વ દેશોંસે...'** દિશા જુદી ને દેશ જુદા. જુદા જુદા દેશ ને દિશામાંથી ઝાડમાં ઉડીને (આવે). **'ઉડ ઉડકર...'** પંખી આમ આમ કરતાં આવે ને? ગતિ કરતાં (આવે). **'પક્ષિગણ વૃક્ષોંપર આકર રૈનબસેરા કરતે હૈં.'** રૈનબસેરા–રાતે વસવું કરે છે. ક્યાંકથી આવ્યો ને ક્યાંનો ક્યાં (જાય). બાર કલાક ભેગા બેસે. **'ઔર સબેરા હોનેપર...'** સવાર જ્યાં પડે **'અપને અપને કાર્ય કે વશ સે...'** પાછા કોઈને કારણે નહિ. પેલો આમ ઊડે છે તો આમ જાવું એમ પણ નહિ, પોતાની ઇચ્છા પ્રમાણે એ આમ ઉડીને ચાલ્યો જાય, પેલો ઊડીને (ચાલ્યો જાય), આ ઊડીને ચાલ્યો જાય. પછી ક્યાંથી આવ્યા હતા, જ્યાંથી આવ્યા ત્યાં જાવું એમ પણ નહિ.

**'અપને અપને કાર્યકે વશસે જુદી જુદી દિશાઓં...'** પાછી દિશા પણ જુદી. જે દિશાએ (આવ્યા હોય એ) દિશા પણ પડી રહે. આવ્યા હોય ઉગમણા, ચાલ્યા જાય આથમણા. દેશ પણ જુદો. આવ્યો હોય બીજા દેશમાંથી. સમજ્યા ને? જુઓને! પેલા જનાવર નથી આવતા? ક્યાંયથી આવે છે. 'મુંબઈ' બહુ આવે છે. કઈ દિશાથી પેલા જનાવર આવે છે? લાખો જનાવર. સાંજના આવતા. 'મુંબઈ' અમે જોતાને! અહીં પણ આવે છે. કુંજરા! કુંજરા આવે, અહીંયાં શિયાળામાં ચાર મહિના આવે. પછી ચાલ્યા જાય. હજારો, લાખો ક્યાંય ચાલ્યા જાય, ક્યાંય. બહુ દેશ છેટે હજારો ગાઉ ચાલ્યા જાય, હજારો ગાઉ ચાલ્યા જાય. કુંજરા આવે છે.

મુમુક્ષુ :– અહીં આવે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– હા, અહીં આવે છે ને! આખા દેશમાં આવે છે, વર્ષોથી આવે છે. અહીં તો અમે ઘણા (જોયા છે). અહીં 'દામનગર' પણ તળાવ છે ત્યાં તો આખો દિ' પડ્યા હોય. આખો દિ' ઢગલા (પડ્યા હોય). હું ત્યાં જતો ને પહેલા, 'સમયસાર' વાંચવા. બહુ છેટે, એક માઈલ છેટે મોટો ખાડો હતો ન્યાં જાતો. કોઈ માણસ ન હોય. ત્યાં એક માઈલ છેટું. શંકરનું દેવળ ને એની આ બાજુ એટલા કુંજરા.. કુંજરા.. કુંજરા ત્યાં પડ્યા રહે. પછી રાત્રે ખાવા નીકળે. દિવસે પડ્યા રહે. બહુ ગરમ હોય ને શરીર! પણ ક્યાંથી આવ્યા ને ક્યાં (જાય) એનો મેળ ન હોય, એમ. **'વૃક્ષોંપર આકર રૈનબસેરા કરતે હૈં.'** એ રાતનો વાસો કરે છે. **'ઔર સબેરા હોનેપર અપને અપને કાર્યકે વશસે જુદી જુદી દિશાઓંમેં વ દેશોં (મેં) ઉડ જાતે હૈં.'**

**'વિશદાર્થ :– જૈસે પૂર્વ આદિક દિશાઓં...'** પૂર્વમાંથી કોઈ પંખી ચાલ્યો આવે. કોઈ **'અંગ, બંગ આદિ વિભિન્ન દેશોંસે...'** ચાલ્યા આવે. બહુ છેટેથી, હોં! 'મુંબઈ'માં એક જનાવર આવે છે, બહુ છેટેથી આવે છે. ત્યાં (કોઈ) કહેતા હતા. કોંગ્રેસના હાઉસમાં હતા ને? ત્યાં આ ખુણામાંથી આવતા. બહુ (દૂર) દેશ(માંથી) હજારો ગાઉથી આવતા. સાંજના આમ લાઈનસર આવતા. **'અંગ, બંગ આદિ વિભિન્ન દેશોંસે ઉડકર, પક્ષિગણ વૃક્ષોંપર આ બૈઠતે હૈં, રાત રહને તક વહીં બસેરા કરતે હૈં...'** બાર કલાક બેસે, સાંજ પડ્યેથી સવાર સુધી. **'ઔર સબેરા હોનેપર અનિયત દિશા...'** લ્યો! દિશાનું નક્કી નથી કે આ ઠેકાણે જાવું. જ્યાં ઊડવાની ઇચ્છા થઈ ત્યાં ચાલ્યું ગયું. **'અનિયત...'** એટલે આ દિશાએ જાવું એવું કાંઈ નક્કી નથી. **'અનિયત દિશા વ દેશકી ઓર ઉડ જાતે હૈં–'** દિશા ને દેશ બેય. આ દેશમાંથી આવ્યા માટે એ દેશમાં જાવું અને આ દિશાએથી આવ્યા માટે એ દિશાએ જાવું એવું કાંઈ નહિ.

**'ઉનકા યહ નિયમ નહીં રહતા કિ જિસ દેશસે આયે હોં ઉસી ઓર જાવેં. વે તો કહીંસે આતે હૈં ઔક કહીંકો ચલે જાતે હૈં–વૈસે હી સંસારીજીવ ભી નરકગત્યાદિરૂપ સ્થાનોંસે આકર...'** સમજાણું? આહાહા..! એક ફેરી પેલો પ્રશ્ન કર્યો હતો, કીધું ને? અમારે આ 'આણંદજી'. 'મનસુખ' નું જ્યારે સગપણ કર્યું ને? 'ચિત્તલ'! ત્યારે અમે ત્યાં હતા ને? (સંવત) ૧૯૮૭. ૧૯૮૬ નું 'અમરેલી' (હતું). ત્યારે 'નાનાલાલભાઈ' આવેલા. સગપણ થયું ત્યાં એણે પૂછ્યું કે, 'આ શું (હશે)?' (મેં કહ્યું), 'ઇ કન્યા આવી હશે થોરમાંથી અને આ ધણી આવ્યો હશે કોઈ નરકમાંથી, કાંઈ મેળ નથી.' સમજાણું? આ શેનાથી (ભેગા થયા?) એમ કાંઈક એણે પ્રશ્ન પૂછ્યો હતો. એમ કે આ સંબંધ હશે ને? કીધું, સંબંધ કાંઈ ન મળે. એક બાયડી આવી ક્યાંકથી થોરમાંથી મરીને આવી હોય અને પેલો ક્યાંકથી મરીને આવ્યો હોય તીડમાંથી. બેય અહીં ભેગા (થઈ ગયા). કર્મની યોગ્યતાના એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ હોય (તો) સંબંધ થઈ જાય. એવું કાંઈ લેવા-દેવા ન હોય. કાંઈ લેવા ને દેવા ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ચિત્તલ'માં પ્રશ્ન થયો હતો. એમ કે આ બધા ભેગા (થયા તો કાંઈક પૂર્વનો સંબંધ હશે ને?) (કીધું), કાંઈ ન મળે. એક મરીને ક્યાંકથી આવી (અને) એક મરીને ક્યાંકથી આવ્યો હોય. સમજ્યા ને ? એક ક્યાંકથી મરીને પંખી (થયો) હોય અને એ વળી માણસ થયો હોય. એક તીડલું હોય, ક્યાંક જીવ ખાતો હોય, એમાંથી મરીને બાયડી થઈ હોય. એમ બે ભેગા થાય. એમાં શું છે પણ? ધૂળ ને ધાણી કાંઈ નથી. એક બીજાને સંબંધ લેવા ને દેવા કાંઈ ન મળે. પણ જ્યાં પચીસ વર્ષ ભેગા રહે, આ બાર કલાક ભેગા રહે આ (પક્ષીઓ) રાતે બાર કલાક રહે, આ પાંચ-પચીસ વર્ષ ભેગા રહે ત્યાં માને કે આ બધા આપણા છે. ધૂળમાંય તારા નથી, સાંભળને હવે! આહાહા..! ક્યાંનો આવ્યો ને ક્યાં ગયો.

અરે..! મારા છોકરા, મારા છોકરા કરે. બાપ હોય તો (એમ બોલે), અરે..! આ છોકરો જો હોત ને તો મારે મરણમાં ઠીક પડત. તાકડે પરદેશમાં મોકલ્યો. ઠીક! ક્યાં પણ તારો છોકરો હતો? આવા ને આવા ભ્રમણાના પોટલા ઉભા કરી, હાથે કરી મૂઢ પરદ્રવ્યના સ્વભાવમાં મને ઠીક પડે છે ને અઠીક માનીને રખડી રહ્યો છે. પોતાની જાતની ખબર ન મળે. હું એક આત્મા જ્ઞાન ને આનંદકંદ છું. મારો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છે. એ મારું જ્ઞાન ને મારો આનંદ મારામાંથી આવે છે. કાંઈ કોઈના નિમિત્તમાંથી આવતું નથી. આ ઇન્દ્રિયોથી જ્ઞાન આવતું નથી, ઇન્દ્રિયોથી સુખ આવતું નથી તો બહારમાંથી ક્યાંથી આવતું હતું? સમજાણું કાંઈ?

કહે છે કે, **'સંસારીજીવ ભી નરકગત્યાદિરૂપ...'** કોઈ નરકમાંથી આવ્યો હોય, લ્યો! કોઈ ઢોરમાંથી આવ્યો હોય. ઘરમાં દસ માણસ હોય, કોઈ નરકમાંથી આવ્યો હોય, કોઈ પશુમાંથી આવ્યો હોય, કોઈ પંખીમાંથી આવ્યો હોય. સમજ્યા ને? કોઈ તીડમાંથી આવ્યો હોય, કોઈ કીડી મરીને બાયડી થઈ હોય–સ્ત્રી થઈ હોય, કોઈ દેવ મરીને ભૂતડા-બૂતડામાંથી મરીને આવ્યો હોય. ઘરના દસ-બાર માણસમાં (આવું હોય). જુદા જુદા **'નરકગત્યાદિરૂપ સ્થાનોંસે આકર કુલમેં અપની આયુકાલ પર્યન્ત હુએ...'** પેલા પંખી ચાર પહોર ઝાડમાં રહે. અહીં એનું આયુષ્ય જેટલું હોય, લઈને (આવ્યો હોય) એટલો કાળ અહીંયાં. રહે.

મુમુક્ષુ :– આવી વાત સાંભળીને વ્હેમ પડી જાય ને?

ઉત્તર :– એને વ્હેમ પડતો નથી. ઇ માટે તો કહે છે કે વ્હેમ કર હવે. તારા કોઇ દિ' ત્રણકાળમાં નથી. આહાહા..! એની સામું આમ ટગ ટગ જોઈ (રહે). મરતા પણ (એમ) હોય. પાંત્રીસ વર્ષની બાયડી ને પેલો ચાલીસ વર્ષનો હોય ને મરતા (જોવે). અરે..રે..! હવે શું કરશો તમે? બીજે પરણશો? આ ત્રણ છોકરા છે ને! હાય! હાય! બે-પાંચ લાખની મૂડી હોય અને પેલી પાંત્રીસ વર્ષે મરતી હોય ને અહીં ચાલીસ વર્ષ હોય (તો એમ થાય કે) આ નક્કી નવી પરણશે. આ છોકરા ત્રણ ને બિચારા ગરીબડા ને જો પેલી એવી આકરી આવે તો આ બિચારા... આ પણ નહિ માને ને આ પણ નહિ માને. મફતના પછી રોવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પેલો પણ રોવે ને પેલી પણ રોવે. આહાહા..!

મુમુક્ષુ :- હવે કરવું શું?

ઉત્તર :- છોડી દે. પર મારા ને પરને લઈને સુખ-દુઃખ મને થાય એ માન્યતા છોડી દે. આહાહા..!

**'આયુકાલ પર્યન્ત...'** પેલા (પંખીઓ) ચાર પહોર રહેતા. આ તો થોડો (કાળ) પણ એમાં રહે. એમાં શું છે? **'મિલ-જુલકર રહતે હૈં,...'** લ્યો! આયુ પર્યન્ત સુધી ઘરમાં દસ માણસ, પંદર માણસ ભેગા રહ્યા. એકબીજા એકબીજા છોડીયું ને છોડીયું ને ભાઈઓ ને નાના ને મોટા ને આ ને હો ને, આ મારો નાનો ભાઈ છે ને આ મારી બેન છે ને આ મોટી બેન છે ને નાની બેન છે ને... કોઈ ન મળે તારા ને કોઈ ન મળે તું તેનો. કોઈ ન મળે તારા અને તું નથી કોઈનો. તારો તું અને એનો ઇ. આહાહા..! મારી નાંખ્યા છે ને ભ્રમણાએ પણ! આ ભેગા થાય પછી એકબીજા ચાલ્યા જાય. એમાં શું છે?

**'ઔર ફિર અપને અપને કર્મોંકે અનુસાર,...'** જુઓ! એ ભેગા થયા, પાંચ-પચીસ (વર્ષ) આયુષ્ય પ્રમાણે રહ્યા ને જેવા પાછા ભાવ કર્યા ને કર્મ બાંધ્યા (એને ભોગવવા) ઉડીને ચાલ્યા જાય. એની ગતિ કોઈ નરકમાં ગયો ને કોઈ ઢોરમાં ગયો ને કોઈ કીડામાં ગયો ને કોઈ કીડીમાં ચાલ્યા ગયા. કોઈ લેવા કે દેવા નથી. સમજાણું કાંઈ? આ તો સ્વ-પર પદાર્થ ભિન્ન છે એને એક માનવા એ મિથ્યાત્વ છે એ બતાવે છે, ભાઈ! સ્વ અને પર પદાર્થ બે તદ્દન ભિન્ન છે. એને મારા માનવા અને મારાથી સુખ-દુઃખ એને થાય ને એનાથી સુખ-દુઃખ મને થાય એ ભ્રમણા તારી પાપની (છે), મિથ્યાત્વનું પાપ છે એમ કહે છે.

મુમુક્ષુ :- પરનું ન કરી શકે એવું એમાં ક્યાં આવ્યું?

ઉત્તર :- કરી ન શકે એવું એમાં ક્યાં ન આવ્યું? એનો સ્વભાવ એનો. એ તું ક્યાં કરી શકે એને? બાયડી ને છોકરા સેવા કરે. ધૂળે કરતા નથી, હવે સાંભળને! ઇ તો રાગ એનામાં કરે, દેહની ક્રિયા દેહને લઈને થાય છે. આ દેહને એની ક્રિયા અડતી પણ નથી. સેવા કોણ કરતો'તો તારી? માળાએ પણ ગાંડપણના સનેપાત પીધા છે ને? સનેપાતના. ભૂલી ગયો, ભૂલી. સત્ય શું છે ને અસત્ય શું સેવું છું? (એ ભૂલી ગયો).

મુમુક્ષુ :- આ ગાંડપણ તો મહાપુરુષ સિવાય કોઈ કાઢી શકે નહિ.

ઉત્તર :- મહાપુરુષ થયા વિના એ કાઢી શકે જ નહિ. ઠીકને! 'શશીભાઈ'! આહાહા..! રાંકો થયો, માળો રાંકો ભીખારી. આહાહા..! ભીંત પાસે જઈને માંગે, 'એ ભીંત પડીશ નહિ, હોં! નહિતર હું મરીશ.' પણ હવે તું ન્યાંથી ખસી જાને! આહાહા..!

કહે છે કે, પોતાના આયુકાળ પર્યન્ત બધા ભેગા રહે. પછી પોતાના કર્મ અનુસાર... આહાહા..! એક ભાણાના જમનારા, તું જો એક ભાણે જમનારા 'શ્રેણિક રાજા' એનો દીકરો 'અભયકુમાર' એની રાણીઓ. એક ઘરે જમનારા. 'શ્રેણિક' મરીને નરકે ગયા, 'અભયકુમાર'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વર્ગે ગયા, રાણીઓ કેટલીક ત્યાગી થઈને સ્વર્ગમાં ગઈ. ક્યાં ભેગા ને કોને લેવા ને દેવા. આહાહા..!

'સીતાજી', 'લક્ષ્મણ' ને 'રામ', લ્યો! ત્રણે ભેગા રહેનારા. ત્રણે વનવાસમાં ગયા. ઓહો..! 'રામ' અને 'લક્ષ્મણ', 'રામ' ને 'સીતાજી'ની 'લક્ષ્મણ' સેવા કરે. જંગલમાં, વનમાં ચાર ચાર ગાઉ (ચાલે), પગ ઉઘાડા, 'સીતાજી'નું શરીર સુંવાળું. ('સીતાજી' કહે છે), 'થાકી ગઈ છું. હવે હું નહિ ચાલી શકું.' ('લક્ષ્મણ' કહે છે), 'બેસો માતા! અહીંયાં બેસો. હું ફૂલ લઈ આવું. ફૂલ લઈ આવીને ફૂલને (પાથરી દઉં). જંગલમાંથી મણ, બે મણ ફૂલ લઈ આવે છે (અને) પાથરીને બેસાડે. 'સીતાજી' ને 'રામ'. પોતે રોજ રસોઈ બનાવે, 'લક્ષ્મણ' પોતે! 'વાસુદેવ' ત્રણ ખંડનો ધણી. કળા પણ બધી આવડે ને! રાજકુમાર હતા ને! બધી કળા (આવડતી હતી). સૂકા લાકડા લઈ આવી, રોટલી, દાળ, શાક, ભાત, પાણી... એવું બનાવે. આમ ફૂલ, ઝાડની ખબર હોય કે આ દાળમાં નાખીએ તો વઘારે ને આવું થાય. ઇ ભાઈ! 'લક્ષ્મણ' મરીને ગયા નરકે, 'સીતાજી' ગયા સ્વર્ગમાં, 'રામ' ગયા મોક્ષ. આહાહા..! સૌના પરિણામે સૌ છે. એમાં કાંઈને લેવા-દેવા નથી.

'રામચંદ્રજી' મોક્ષ પધાર્યા, 'સીતાજી' અત્યારે સ્વર્ગમાં છે, અત્યારે બારમાં દેવલોકમાં છે, 'લક્ષ્મણ' નરકમાં છે. 'સીતાજી'ને એમ થયું કે અરે..! મારા દિયર આવા હતા, મારી સેવા કરતાં ને અર..ર..! નરકે (ગયા)? ન્યાં લેવા ગયા. ઉપડે શેનું? લોચા (વળી ગયા). જેમ પારાનો હરણ્યો પારો જુદો પડી જાયને એમ આ લેવા ગયા તો આમ કટકા થઈ ગયા. 'હે દેવ! તમે ત્યાં પાછા જાવ. અમારા પાપે અમે નરકમાં આવ્યા. એ તમે નહિ મુકાવી શકો.' આહાહા..! અત્યારે નરકમાં છે અને 'સીતાજી' સ્વર્ગમાં છે. 'નહિ મુકાવી શકો. જાવ તમારી તો દયા છે પણ અમારા પાપના ઉદયમાં તમે શું કરો?' લાખો, અબજો, અબજો વર્ષ, અસંખ્ય અબજ વર્ષ નરકમાં સડશે, સડે છે. આહાહા..! એ ત્યાં સો, બસ્સો, હજાર વર્ષ સુધી આમ જરી.. શરીરનું પેલું ને આ વાસુદેવ. એક બાણે માર્યા 'રાવણ'ને આમ ફડાક દઈને. એક ચક્ર ચડાવ્યું ત્યાં 'રાવણ'નો... એ પણ અત્યારે નરકમાં પોકાર પોકાર કરે છે.

મુમુક્ષુ :– રાવણ જેવા પાપ કર્યા'તા.

ઉત્તર :– આ શું કહ્યું? શેની વાત ચાલે છે આ? લે! 'લક્ષ્મણ'ની વાત ચાલે છે કે નહિ? 'વાસુદેવ' હતા. મરીને નરકે જાય, નિયાણ કર્યા હોય, એ બધા પૂર્વે નિયાણા કર્યા હોય. આ 'રામચંદ્રજી' સગા ભાઈ, જેની સેવાઓ કરી એ પોતે મોક્ષ પધાર્યા, 'સીતાજી' સ્વર્ગમાં છે. જેના જેના જેવા ભાવ કર્યા એ સ્વતંત્ર (કર્યા), કોઈને લેવા-દેવા ન મળે. કહો, સમજાણું?

નાનો ભાઈ હતો. નાનાને બહુ રોગ થયો પછી મોટા ભાઈએ એની સેવા કરીને ઇંડા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખવરાવ્યા, ઇંડા ને બીંડા ખવરાવ્યા. મરીને ગયો (નરકમાં). મોટો (ભાઈ) નારકી થયો, પેલો નાનો પરમાધામી થયો. નરકમાં મારવા આવ્યો. અરે..! ભાઈ! પણ મેં તારા માટે (પાપ) કર્યા ને! કોણે કહ્યું હતું, તું મારા માટે કર' સમજાણું? નાના ભાઈના રોગને માટે એને પૂછ્યા વિના ખાનગી ઇંડા ને ફલાણું (ખવરાવ્યું). દાક્તર કહે, ખવરાવો. નહિતર પેલું છે. માખણ સાથે ભેગો ભેગો થોડો થોડો ઇંડાનો રસ આપજો. પેલો મરીને ગયો નરકે ગયો, મોટો ભાઈ, સેવા કરી ઇ. અને (નાનો) મરીને પરમાધામી થયો. મરતા જરીક પરિણામ કાંઈક ઠીક થયા કે અર..ર..! આવા રોગ ને આ! પરમાધામી પેલા નારકીને મારવા આવે. 'માર પછાડ.' 'ભાઈસા'બ પણ તારા માટે (પાપ કર્યા).' (ત્યારે નાનો ભાઈ કહે છે), 'આપણે ક્યાં એક છીએ?' 'જેચંદભાઈ!' આવું એકવાર નહિ, હોં! એવું અનંતવાર (થયું છે). આ પણ અનાદિનો છે. અહીં ક્યાં ન્યાં આટલામાં આવી ગયો છે? મોરબી'માં આવ્યો ને આટલા વર્ષથી (રહે છે) ઇ આત્મા એટલો છે? નહિ. આહાહા..!

ભાઈ! તું તારા દ્રવ્યની નજર કરને! ભાઈ! એમ કહે છે તારું દ્રવ્ય પડ્યું છે, પ્રભુ! વસ્તુ છે ને! ભાઈ! એ આનંદ ને જ્ઞાનના ભંડારથી ભરેલો (છે) એની તો નજર કર, એનો તો વિશ્વાસ કર કે હું આત્મા જ છું, શાંત ને આનંદ છું. આ પરપદાર્થની સાથે મારે કાંઈ સંબંધ નથી. આહાહા..! એણે કોઇ દિ' પણ ઊંધાઈ ઊંધાઈ છોડી નહિ ને સવળાઈ કરી નહિ. બહારમાં કાંઈક માની લીધું. કાંઈ નીતિ ને કાંઈ નૈતિક કર્તવ્ય ને લોકોની સેવાને, કાં તો કાંઈ દયા-દાનની વૃત્તિની ક્રિયા ને કાંઈ થયું ત્યાં... ઓહોહો..! આપણે તો બહુ કર્યું હવે. જાવ રખડવા.

મુમુક્ષુ :- બીજા નથી કરતાં એવું કર્યું ને.

ઉત્તર :- ધૂળમાંય કર્યું નથી, શું કરતાં હતા હવે? સમજાણું કાંઈ?

કહે છે, **'અપને અપને કર્મોંકે અનુસાર, આયુકે અંતમેં દેવગત્યાદિ સ્થાનોંમેં ચલે જાતે હૈં...'** કોઈ દેવમાં જાય, અરે..! દીકરો દેવમાં જાય, બાપ નરકમાં જાય. આહાહા..! 'અભયકુમાર' આમ બેને કેવો પ્રેમ! 'અભયકુમાર' બહુ બુદ્ધિવાળો હતો, બહુ બુદ્ધિ. નથી તમારા લખાણ ચોપડામાં? 'અભયકુમાર'ની બુદ્ધિ હજો! બહુ બુદ્ધિવાળા (હતા). પિતાજીની આમ ચેષ્ટા જાણી લે. શોકમાં હોય તો ચેષ્ટા (જોઈને પૂછે) 'કેમ પિતાજી શું છે? કહેવા જેવી વાત હોય તો કહો, બાપુજી! હું એનો ખુલાસો કરી દઈશ.' 'ભાઈ! તારાથી મારે ખાનગી શું હોય?' વાત કરે. પેલો મરીને નરકે ગયો. હાય! હાય! ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ નરકમાં છે, અત્યારે 'શ્રેણીક રાજા' પહેલી નરકમાં છે. સાત નરક છે ને ત્યાં. થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ (હોય), આ ચોરાશી હજારે છે. 'અભયકુમાર' સ્વર્ગમાં ગયા. કોનું કરવું આમાં? કહે છે. એક જણો કહે કે, આ મહારાજનું સાંભળીએ તો વેપારના વેપાર ...

મુમુક્ષુ :- ..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :– પણ ધંધા કોણ કરી શકે? તું કરે છે તો ધંધો તો એને કારણે જડને કારણે ચાલે, શું તારાથી હાલતો હશે? એય! 'ગુલાબભાઈ!' ચોપડી-બોપડીયુ 'ગુલાબભાઈ!' કરતા હશે? બિલ્કુલ નહિ. એ ચોપડી જડ છે. જડની પર્યાયથી રચાયેલ છે. આત્મા કરે એને?

મુમુક્ષુ :– બુદ્ધિ કામ કરે..

ઉત્તર :– ધૂળમાં, બુદ્ધિ અહીં રહી ને ચોપડી ન્યાં રહી. બુદ્ધિ ગરી ગઈ ન્યાં?

મુમુક્ષુ :– કેમ લખાણ..

ઉત્તર :– લખાણ એને કારણે, જડને કારણે થાય.

મુમુક્ષુ :– આટલી સરસ વાતો..

ઉત્તર :– સરસની વ્યાખ્યા શું? જડના પરમાણુની એ અવસ્થાને કાળે તે અવસ્થા થાય. મૂઢ માને કે મારે લઈને થાય. એ મહાભ્રમણા અસત્યની સેવે છે, એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ ઇ તો ઇનો ઇ ભાવ (છે). ન્યાં અંદર પરમાણુની અવસ્થા થવાની હોય એમ થાય છે. એ જડની અવસ્થા છે. શું આત્માની છે? હાથ આમ આમ થઈ જાય, આમ. શિયાળો હોય ને સરખાયનો...

મુમુક્ષુ :– અક્ષર ઝીણા..

ઉત્તર :– લખ્યા હવે. એક કલમ પણ આમ ચાલે એ આત્માનો અધિકાર નથી, આંગળી આમ ચાલે એ આત્માનો અધિકાર નથી. એ જડની અવસ્થા છે. આ આત્મા તો જ્ઞાન કરે કાં અભિમાન કરે કે મેં કર્યું. બીજું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– અમારા શાસ્ત્રો અમારી પાસે લખાવ્યા એમ કહે છે.

ઉત્તર :– એ બધી વાતું, ઇ બધી વાતું. ઘણા બધા અમે જોયા. એની બધી પોકળ ઉઘાડીએ તો બધા સમજવા જેવા હોય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! સ્વ ને પર. બાપા! તું અને પર કોણ છે એની તને ખબરું વિના (રખડી રહ્યો છો). પરની ચીજો એને કારણે આવીને ઉભી રહી, એને કારણે પૂરી મુદતે ચાલી જશે. આહાહા..! બાયડી મરીને સ્વર્ગમાં જાય, ધણી મરીને નરકમાં જાય. આમાં કોનું કરવું? સમજાણું કાંઈ? ધણીના પરિણામ ભૂંડા હોય (તો) નરકમાં જાય, બાયડીના પરિણામ ઠીક હોય તો સ્વર્ગમાં જાય. એમાં સંબંધ શું લેવા ને દેવા? કહો, બરાબર હશે આ વાત? આહાહા..! બાપુ! તારું પરથી જુદાપણું તને ભાસતું નથી અને તારાથી એ જુદા એમ તને ભાસતું નથી. છે તેમ ભાસતું નથી? જુદા છે તે તને જુદા ભાસતા નથી તો હવે તને સુખનું કારણ થાય શી રીતે? આહાહા..! સમજાણું કાંઈ?

કીધું નહોતું પેલા ફકીરે? 'નુરજહાં'! એનું તેજ હતું ને રાણીનું? 'જહાંગીર' અંદર બેઠો હતો. એક ફકીરે સાંભળ્યું હશે કે એની રાણી બહુ રૂપાળી છે. બંગલાના બારણા-બારણા

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બંધ હશે. એને કાંઈક લબ્ધિ હોય કો'કને તો અંદર ગર્યો. રાણી ને રાજા બેઠા હતા. બહુ રૂપાળી હતી. 'નુરજહાં' જગતનું તેજ બધું ત્યાં (હતું). એના એક એક અવયવમાં નમણાઈ... નમણાઈ... નમણાઈ... નમણાઈ... નમણાઈ... નમણાઈ... નમણાઈ... નમણાઈ... એનું નામ રૂપ. બીજું શું રૂપ હતું? આ અવયવ ને આ બધા ને આ એક એક ટેરવું ને એક એક આ ને એક એક ઇ તો એનો દેખાવ. બહુ સાંભળેલું. ગયો બેઠો, આમ જોયું. આમ બેઠા હતા. આમ કર્યું. કેમ સાંઈ એમ કેમ કર્યું? (ફકીર કહે છે), 'મે સાંભળ્યું હતું કે તારી રાણી બહુ રૂપાળી છે પણ મને લાગી નહિ.' 'સાહેબ! અમારી દૃષ્ટિએ રૂપાળી તમારી દૃષ્ટિએ નહિ.' મારી 'જહાંગીર'ની દૃષ્ટિએ એને જોવો.' 'તારી દૃષ્ટિ ક્યાંથી લાવવી?' 'પ્રેમની દૃષ્ટિએ જોવો તો તેમાં રૂપ દેખાશે. તમારે પ્રેમ નથી ને તમે એ દૃષ્ટિએ જોવો તો રૂપ નહિ દેખાય.' એમ ઊંધી દૃષ્ટિએ દેખાય એને આ મારા માને છે. સવળી દૃષ્ટિએ જો તો તે તારા છે નહિ. આહાહા..!

કહે છે, **'ચલે જાતે હૈં. હે ભદ્ર! જબ યહ બાત હૈ તબ હિતરૂપસે સમજે હુએ,...'** હિતરૂપ સમજે ને? આ બધા અમારા હિતરૂપના જ છે. બાયડી, છોકરા.. આહાહા..! શું અમારા હિતુ, બાપા! બીજાની બાયડી હશે પણ મારી જુદી, એ તમને ખબર ન પડે. મૂઢ મફતનો છો, ગાંડા છો. ધૂળમાંય નથી, સાંભળને! મૂર્ખનો મોટો પિંડલો ભેગો કર્યો છે. કહે છે **'જબ યહ બાત હૈ તબ હિતરૂપસે સમજે હુએ, સર્વથા અન્ય સ્વભાવવાલે સ્ત્રી આદિકોંમેં તેરી આત્મા વ આત્મીય બુદ્ધિ કૈસી? અરે! યદિ યે શરીરાદિક પદાર્થ તુમ્હારે સ્વરૂપ હોતે તો તુમ્હારે તદ્વવસ્થ રહતે હુએ, અવસ્થાન્તરોંકો કૈસે પ્રાપ્ત હો જાતે?'** તો જો તારું હોય તો તારી હયાતીમાં એની અવસ્થાંતર થઈને ચાલ્યા જાય છે એમ કેમ બને ? સમજાણું કાંઈ? તારા હોય તો તારું રહેવા છતાં, તું બેઠો છતાં એ અવસ્થાંતર કરીને ચાલ્યા જાય છે. તારા હોય એ કેમ આમ ફેરફાર થાય? ભાન નથી થતું તને. **'તુમ્હારે તદ્વવસ્થ...'** તારી હયાતી રહેતાં, એમ કહે છે. **'અવસ્થાન્તરોંકો કૈસે પ્રાપ્ત હો જાતે?'** લ્યો ! બેઠો હોય ને રોગમાં સડે, ઇ બેઠી હોય ને આ રોગમાં સડે. શું કર પણ હવે? આહાહા..!

**'યે તુમ્હારે સ્વરૂપ નહીં અપિ તુ તુમ્હારે હોતે તો પ્રયોગ કે વિના...'** તારા વેપાર વિના ઈ **'યે જહાં ચાહે કૈસે ચલે જાતે?'** તારી મરજી વિના જ્યાં એની ઇચ્છા ને જ્યાં કર્મ છે તે પ્રમાણે ચાલ્યા જાય છે. તારા પ્રયોગથી જાય છે? તારી ઇચ્છાથી જાય છે ન્યાં? (નહિ.) તો શેના માની બેઠો છો તું? **'અતઃ મોહનીય પિશાચકે આવેશકો દૂર હટા ઠીક ઠીક દેખનેકી ચેષ્ટા કર.'** જુઓ! ભાઈ! મોહનીયના પિશાચ ભૂતડાને છોડ અને તું ને પર બેય જુદે-જુદા એને ઠીક ઠીક દેખવાની દૃષ્ટિ કર તો તને વિવેક થાય અને તો તને ભાન થાય તો તને દુઃખ મટે અને સુખ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૧, બુધવાર
## તા. ૨૩-૦૩-૧૯૬૬
## ગાથા–૯ અને ૧૦ પ્રવચન નં. ૮

**[ આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે. ]**

પાનું ૧૨. 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ થયા છે. એમણે જગતના હિત માટે આ (શાસ્ત્ર) બનાવ્યું છે. ૯ માં શ્લોક ઉપરથી થોડું લ્યો. જુઓ! ૯મો શ્લોક છે ને?

**दोहा - दिशा देशसे आयकर, पक्षी वृक्ष बसन्त।**
**प्रात होत निज कार्यवश, इच्छित देश उड़न्त।।९।।**

થોડું તેની ઉપર છે. **'અરે! યદિ યે શરીરાદિ પદાર્થ તુમ્હારે સ્વરૂપ હોતે...'** જુઓ! શું કહે છે ? આ શરીર તો જડ છે. માટી ધૂળ પુદ્‌ગલ છે અને સ્ત્રી, કુટુંબ-પરિવારનો આત્મા ભિન્ન છે. લક્ષ્મી આદિ પોતાથી ભિન્ન છે. કપડા, લક્ષ્મી, આબરુ (ભિન્ન છે). આબરુ પણ જડ છે. જે અવાજ નીકળે છે તે. **'શરીરાદિક...'** આદિ શબ્દમાં એ બધું છે. **'પદાર્થ તુમ્હારે સ્વરૂપ હોતે...'** જો આત્માનું સ્વરૂપ શરીરરૂપ હોય, લક્ષ્મીરૂપ હોય, પૈસા, આબરુ-કીર્તિ, સ્ત્રી, કુટુંબરૂપ હોય તો **'તુમ્હારે તદવસ્થ રહતે હુએ,...'** તું તો અહીંયાં રહે છે અને **'અવસ્થાંતરોં કો કૈસે પ્રાપ્ત હો જાતે?'** રૂપાંતર કેમ થઈ જાય? કહો, સમજાણું કાંઈ? તારી ચીજ નથી. તું તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છો. તેને ભૂલીને જે શરીરાદિ પરપદાર્થ છે તે તારા રહેતા છતાં રૂપાંતર થઈ જાય છે. શરીરમાં રોગ થાય છે. આત્મા છે ને શરીર નાશ થઈ જાય છે, વૃદ્ધાવસ્થા આવી જાય છે, જીર્ણ થઈ જાય છે, આંખમાં ફૂલું પડે છે, કાન બહેરાં થઈ જાય છે, આંખ ફૂટી જાય છે. એ શરીર તો જડ છે, માટી છે. શરીરના રજકણની કોઈ પણ અવસ્થા તારી છે જ નહિ. સમજાણું કાંઈ? તારી હોય તો તારી સ્થિતિ રહેતા એ કેમ બદલાઈ જાય? એમ કહે છે. કહો, બરાબર હશે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ઇ નહિ. તમે કહો એમ નહિ. તમે તો શરીરમાં રોગને લઈને દુઃખ માનો છો એ જ મૂઢતા છે, એ વાત અહીંયાં નહિ. અહીંયાં તો આત્માથી શરીર પરપદાર્થ છે તો તેની અવસ્થા આત્માને આધીન નથી. આત્મા છે અને શરીરની અવસ્થા બદલાઈ જાય છે, આત્મા હોય અને લક્ષ્મી ચાલી જાય છે, આત્મા હોય ને સ્ત્રી, કુટુંબ-પરિવાર ચાલ્યા જાય છે. એ તારી ચીજ નહિ, એ પર ચીજ સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ ? એય!

**'અવસ્થાન્તર...'** તારી ઇચ્છા હોય કે નીરોગ રહું. એ રહી શકે છે? ઇચ્છા છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું મરી જાઉં, તો મરી શકે છે? એ તો દેહની સ્થિતિ પૂરી થવાની હશે ત્યારે દેહ છૂટી જશે. અને હું લાંબો કાળ જીવું, તારી ઇચ્છાથી જીવન છે? શરીરની સ્થિતિ જેટલો કાળ રહેવાની છે તેટલો કાળ રહેશે, તારી ઇચ્છાથી બિલકુલ નહિ રહે. એવા ભિન્ન પદાર્થમાં પોતાનું કાર્ય માને છે તો મૂઢ ચાર ગતિમાં રખડવાના કર્મ બાંધે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'શરીરાદિક પદાર્થ તુમ્હારે સ્વરૂપ હોતે...'** ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એમાં જે પુણ્ય-પાપના ભાવ વિકાર થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ તો વિકાર છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચિદ્દ્ઘન આનંદકંદ છે અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ ઉત્પન્ન થાય એ તો વિકાર છે, આસ્રવ છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય છે એ પુણ્યરૂપી આસ્રવ છે. એ આત્મા નહિ, આત્માનું સ્વરૂપ નહિ. આહાહા..!

અહીંયાં 'પૂજ્યપાદસ્વામી' એ કહે છે કે, તારી ચીજ ભિન્ન છે અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ તો આસ્રવતત્ત્વ છે. તું તો જ્ઞાયક તત્ત્વ ચૈતન્યમૂર્તિ છો. તો પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધાદિ ભાવ બન્ને ભાવ થઈને આસ્રવ તત્ત્વ છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ? સમજાતું નથી. અનંતકાળથી એ વાત લીધી નથી. આમ ને આમ (ચાલ્યો છે). પ્રભુ! તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ જ્ઞાન ચૈતન્યનો સૂર્ય આત્મા છે અને અનાકુળ આનંદની મૂર્તિ આત્મા છે. ભગવાને તો **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो'** ભગવાન તો કહે છે કે, તારું જાણપણું, જાણવું-દેખવું તારો ઉપયોગ લક્ષણ છે, એ તારો આત્મા છે અને પુણ્ય-પાપના ભાવ (થાય) એ આત્મા નહિ. એ તો આત્માના સ્વરૂપથી ભિન્ન વિકાર છે. આ શરીરાદિ પર તો ક્યાંય રહી ગયા. આહાહા..! શરીરથી હું ક્રિયા કરું, શરીરથી હું બીજાને ઉપકાર કરું, શરીરથી બીજાને મારું, અપકાર કરું... મૂઢ છે. શરીર તો પર છે, તેની ક્રિયા શું તારે આધીન થાય છે? સમજાણું કાંઈ? શરીર આમ લટ્ઠ હોય તોપણ તેને કારણે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાં માન્યું હતું? મૂઢપણે સત્તાપ્રિય પ્રકૃતિ પોષી હતી. કર્યા હતા ક્યાં? ધૂળમાં. અભિમાન કર્યું હતું કે હું શરીર રાખું છું, સારું છે. એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ, પાપી છે. અહીંયાં તો એમ કહે છે. નજીક આવો, અહીંયાં જગ્યા છે. પાછળ છોકરાઓ છે એમને તડકે બેસવું પડે છે. ઇ વાત તો ના પાડે છે. અત્યાર સુધી રહ્યું એ શરીર તો શરીરને કારણે રહ્યું છે. એ વાત તો કરે છે. લાખ વાત પણ અંદર સમજાતી નથી. ખસતી નથી. અત્યાર સુધી કર્યું. શું કર્યું? ધૂળ કર્યું હતું અત્યાર સુધી? શું કર્યું હતું? સમજાણું કાંઈ?

શરીરનો એક એક રજકણ, પ્રત્યેક રજકણ પોતાની પર્યાયથી પરિણમન કરે છે, આત્માથી બિલકુલ નહિ. આહાહા..! શું જડના સ્વરૂપમાં ચૈતન્ય સ્વરૂપ પેસી જાય છે કે જેથી તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બનાવે? અને જડની પર્યાય શું આત્મામાં પેસી જાય છે કે આત્માને બનાવી દે? આત્માને લાભ કરી દે કે નુકસાન કરી દે? ભાન નથી, ભાન. મૂઢ અનાદિ કાળનો (રખડી રહ્યો છે).

મુમુક્ષુ :— અત્યાર સુધી તો ઇચ્છા પ્રમાણે કેમ ચાલ્યું છે.

ઉત્તર :– ક્યાં ચાલ્યું છે? હજી સમજતા નથી. હજી પણ એ મિથ્યાત્વનું એવું લાકડું ગરી ગયું છે, એવું લાકડું.. બહુ પાકું કરી નાખ્યું છે, બહુ પાકું. આ તો નીકળવું બહુ મુશ્કેલ, ભાઈ! આટલા આટલા ઉપદેશ આવ્યા પણ એનાથી એક અક્ષર કાંઈ જરીયે વાતને સમજતા નથી. (શ્રોતા :- તાવ આવતો તો ત્યારે ક્યાં ઇચ્છા હતી તો પણ આવતો' તો) ઇ કહે છે કે, અત્યાર સુધી કેમ ચાલ્યું? પણ ચાલ્યું એને કારણે. ઇ વાત તો ચાલે છે. એને કારણે રહ્યું હતું. તમારે કારણે કે દિ' ચાલ્યું હતું? હજાર, લાખ વાર વાત તો ચાલે છે, હજારવાર પણ મિથ્યાબુદ્ધિ એવી સેવી છે ને, એવી સેવી છે ને.. અમે આ રાખ્યું, અત્યાર સુધી ચાલ્યું છે. ઇ તો અહીં ના પાડે છે. પહેલા પણ શરીર નીરોગ રહ્યું એ જડને કારણે, પોતાના આત્માને કારણે નહિ. અને આ રોગ રહે એ આત્માને કારણે નહિ. એ તો વાત ચાલે છે. એવું ઘુંટાઈ ગયું છે.. એવું ઘુંટાઈ ગયું છે ને.. ઓહો..હો..! આટલા વર્ષથી સાંભળે છે પણ અંદર એક મચક ખાતું નથી.

મુમુક્ષુ :– આવો ઉપદેશ છે છતાં ઉપદેશની અસર કેમ થાતી નથી.

ઉત્તર :– પ્રત્યક્ષ દેખાય છે કે નહિ? ક્યો આશય છે ઇ વાત જરીયે પકડતા નથી. એક જ વાતનું ગયા કાળમાં અભિમાન કર્યું છે ને! અત્યાર સુધી કર્યું હતું ને, અત્યાર સુધી કર્યું હતું ને.. પણ શું કહ્યું હતું? એય! 'મોહનભાઈ'! શું કર્યું હતું? આ 'મોહનભાઈ'એ એને અભિમાન કરવાનું સોંપ્યું હતું. કર તું, રખડ ચાર ગતિમાં, મારે શું છે? પણ ઇ કરે શું? એણે કર્યું હતું અભિમાન. શરીરની ક્રિયા કરતો હતો. એના ભાઈ છે, બે ભાઈ છે. સમજાણું કાંઈ? 'રામ' અને 'લક્ષ્મણ'. 'રામ' ગયા મોક્ષ અને 'લક્ષ્મણ' ગયા નરકે. એણે યાદ કર્યું હતું, એણે યાદ કર્યું હતું, હોં!

અહીં તો કહે છે, ભાઈ! તું આત્મા છો. આત્મામાં જેની મોજૂદગી છે, હયાતી છે, એમાં તો જ્ઞાન, આનંદની મોજૂદગી છે. એમાં એ પુણ્ય-પાપના રાગ થાય છે તે તેની મોજૂદગી, સ્વરૂપમાં નથી. એ તો વિકૃત ભાવ છે. એ વિકૃત ભાવ અજ્ઞાની અજ્ઞાનથી ઉત્પન્ન કરે છે. પોતાના સ્વરૂપમાં વિકાર નથી. સમજાણું કાંઈ? આહાહા..! પોતાનો જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત, સૂર્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુમાં તો પુણ્ય-પાપનો રાગ, વિકલ્પ, વિકાર એમાં છે જ નહિ. પણ અજ્ઞાની અનાદિકાળથી પોતાની હયાતી, મોજૂદગીના ભાન વિના પોતાની વિકાર પર્યાય ઉપર લક્ષ છે તો નવા નવા રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ મિથ્યાદષ્ટિમાં વિકલ્પ ઉઠાવીને મેં કામ કર્યા એમ અજ્ઞાની માને છે. આહાહા..! ભારે કઠણ વાત.

અહીં તો એથી વળી બીજી વાત કરે છે. તારી હયાતી છે અને શરીરમાં રોગ આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, શરીરમાં નીરોગતા રહે છે, જીર્ણતા થાય છે, ક્ષયરોગ થાય છે તો તારી હયાતી હોતા કેમ થાય છે? એ પરપદાર્થ છે. એ પર છે તો તેની અવસ્થાનું થવું તેને આધીન છે, તારે આધીન નથી. અત્યાર સુધી અમે કરી શકતા હતા. શું ધૂળ કરી શકતો હતો? અત્યાર સુધી અભિમાન કર્યા હતા. મિથ્યાદૃષ્ટિપણાનું અભિમાન (કર્યું કે), મેં શરીરને આમ રાખ્યું, મેં સ્વાધીનપણે આવા કામ કર્યા. એવા મિથ્યાભાવ, ભ્રમણાભાવ, પાખંડભાવ કર્યા હતા. બીજું એણે કાંઈ કર્યું નથી. એય! 'ધર્મચંદજી'!

મુમુક્ષુ :– એ તો અમેરિકા જઈ આવ્યા.

ઉત્તર :– ધૂળમાંય 'અમેરીકા' ગયો નથી. કોણ કહે છે? તમને હજી અભિમાન છે? કહેવામાં પણ તમને અભિમાન છે. કહેવામાં એમ કહે, હું 'અમેરીકા' ગયો હતો. એ પણ અંદર મહાઅભિમાન છે. કોણ 'અમેરીકા' જાય? ધૂળ જાય? એ તો શરીર ગયું. આત્માના પોતાના ક્ષેત્રાંતરથી જાતો હતો. શરીર તેના ક્ષેત્રાંતરથી જાતું હતું. આત્મા શરીરને લઈ જાય અને શરીર આત્માને લઈ જાય (એમ) ત્રણકાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! બહુ સૂક્ષ્મ વાત છે. એવું એને અભિમાન (છે કે), હું 'અમેરીકા' ગયો હતો. આ બીજા નથી ગયા, હું 'અમેરીકા' ગયો હતો. ધૂળમાંય નથી ગયો આત્મા. મિથ્યાત્વમાં ગયો હતો, એમ કહે છે. (શ્રોતા :– ઇ સાચી વાત છે) ઇ સાચી વાત હશે હજી. આહાહા..! (શ્રોતા :– ઉભરો બહાર નીકળે છે) અભિમાન સેવ્યું છે હું 'અમેરીકા' જાઉં. 'અમેરીકા' કોણ ધૂળ જાતો હતો?

આત્મા જે છે એ પોતાની યોગ્યતાથી એક દેશથી બીજા દેશ(માં) ક્ષેત્રાંતર થાય છે અને શરીર પણ તેની લાયકાતથી ક્ષેત્રાંતર થાય છે. આત્મા શરીરને ક્ષેત્રાંતર કરે, બીજે લઈ જાય (એ માન્યતા) મૂઢ છે. એ તો વાત કરે છે. તારો પદાર્થ પરપદાર્થની અવસ્થા કરે છે એ માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? 'છગનભાઈ'! આહા..! એ પણ બધે બહાર જઈ આવ્યા છે. રખડવા ઘણું ગયા હતા ને? ક્યાં? 'રંગૂન' ને 'બ્રહ્મદેશ'.

અરે..! ભગવાન! કહે છે કે, ભાઈ! સાંભળ તો ખરો, પ્રભુ! શાંત તો થા. તારું સ્વરૂપ તો પ્રભુ ચૈતન્ય છે ને! એ ચૈતન્ય સત્ છે તે કદી નાશ થાય છે? ક્યારેય નવું ઉત્પન્ન થાય છે? એ તો છે જ. એવી ચીજની તને ખબર નથી અને તારી પાસે જે નજીકમાં પદાર્થ છે તેનું રૂપાંતર થાય છે તો માને છે કે હું છું તો રૂપાંતર થયું. તું છે ને રૂપાંતર થયું તો તું છે ને ચાલ્યું કેમ જાય છે? સમજાણું કાંઈ? શરીર માટી–ધૂળ છે, અજીવતત્ત્વ છે. તેનું રહેવું, ટકવું, બોલવું, હલવું, ચાલવું, ખાવું, પીવું એ બધી જડની ક્રિયા છે. આત્મા બિલકુલ કિંચિત્ એમાં કરી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિકાળનું પદાર્થનું અભિમાન (કર્યું), પરના અભિમાન.. અભિમાન.. અભિમાન (કર્યા). સમજાણું કાંઈ? અમે લોઢાના વેપા કર્યા. લાખો પેદા કર્યા, આમ કર્યું. લ્યો! એણે કર્યું હતું, જુઓ! દસ લાખ-બાર લાખ પેદા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યા હતા. સરકારને સોંપી દીધું. બે-અઢી લાખ રહ્યા. સરકાર બધું લઈ ગઈ. અઢી દસલાખમાંથી કોણ લ્યે? કોણ દે? ખબર નથી. એ તો રજકણ જગતના પદાર્થ અસ્તિરૂપે સત્‌રૂપે જડ છે. એ જડનું જડપણે રહીને રૂપાંતર થવું એ જડનો સ્વભાવ છે. એ તારે કારણે રૂપાંતર થાય છે, લક્ષ્મી ક્યાંય જાય છે ને લક્ષ્મી અહીંયાં આવે છે એ તારે કારણે (આવે-જાય એ) બિલકુલ ખોટી વાત છે. એ વાત કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! હું છું તો પરની દયા પળાય છે એ મૂઢ માને છે, એમ અહીં તો કહે છે. તું છે અને શરીરની, પરની અવસ્થા થવી તે તો તેને આધીન છે. તેનું આયુષ્ય હોય તો શરીર રહે છે, આયુષ્ય ન હોય તો શરીર છૂટી જાય છે. શું તારે કારણે તેનું આયુષ્ય રહે છે? તું પરનો સ્વામી (છો) કે મેં પરની દયા પાળી, મેં પરને માર્યો? તેં ભાવ કર્યા, ભાવ તેં કર્યા પણ ભાવથી પરમાં કાંઈ કાર્ય થયું એ બિલકુલ સોએ સો ટકા ખોટી વાત, પાખંડ છે. સમજાણું કાંઈ? એય! ‘વસંતલાલજી’! ભાઈ! તત્ત્વ તો આવું છે. આહાહા..! જુઓને!

**‘તુમ્હારે તદવસ્થ રહતે હુએ,...’** તું આત્મા તો અંદર છો અને આ અવસ્થાંતરને કેમ પ્રાપ્ત થઈ ગયું? તારું હોય અને તારાથી રહેતું હોય તો શરીર કેમ આમ થઈ ગયું? અને તારી હોય તો સ્ત્રી કેમ ચાલી જાય છે? તારો હોય તો, પત્ની હોય ને પતિ કેમ ચાલ્યો જાય છે? શું પત્ની તારી છે? શું પતિ તારો છે? એ તો પરચીજ છે. મૂઢ પત્ની એમ માને કે, મારો પતિ છે. મૂઢ છો. પરદ્રવ્ય તારો પતિ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? ‘ગુલાબભાઈ’! આ તો બીજી વાત છે, બાપા! આ તો બહુ જરી ઝીણી વાત છે.

કહે છે કે, ભાઈ! તારી ચીજ બીજી, તે બીજી ચીજ. બીજી ચીજે રહેવું કે ન રહેવું એ તારે આધીન નથી. તું માને છે કે મારે આધીન થઈ રહી છે. મૂઢ છો. તારે આધીન રહેતી હોય તો તું રહેતા એ ચીજ કેમ ચાલી જાય છે? સ્ત્રી ચાલી જાય, પુત્ર ચાલ્યો જાય, લક્ષ્મી ચાલી જાય, આબરુ ચાલી જાય, બધું ચાલ્યું જાય.

મુમુક્ષુ :– ન જાય એને?

ઉત્તર :– ન જાય એને એને કારણે રહી છે, એ અહીંયાં કહે છે. ચીજ રહે તો એને કારણે રહે છે, શું તારે કારણે રહે છે? શરીર આમ રહેવું, લક્ષ્મી રહેવી, બંગલો રહેવો, મકાન રહેવું એ તો એને કારણે, જડને કારણે છે. શું આત્માને કારણે એ ચીજ રહે છે? એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? ‘નેમિદાસભાઈ’ નો દાખલો નહોતો? ‘ગુલાબભાઈ’ ની ખબર નથી? બેન (સંવત) ૧૯૮૭ માં એકલા હતા. ‘કંચન’ ને નહોતો અને પેલું કંચનેય નહોતું. એને ખબર છે. ઇ વળી તમે પછી કહ્યું, હું કહેવાનો હતો. ૧૯૮૭ માં એકલા, એકલા હતા. પૈસા પણ નહિ. હશે પાંચ-સાત હજાર. પાંચ હજાર ને માણસ બહુ મોટો આબરુદાર અને બિલ્ડર સાથે અને બધા સાથે મોટો કામ કરનારો. તમારા કાકા ‘મનમોહનદાસ’ ની સાથે. અમને ખબર છે. (સંવત) ૧૯૭૬ ની સાલ. કાંઈ ન મળે. એકલા ને એકલા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને લઈને આવતું હોય તો એ વખતે કેમ નહોતું? હવે આવ્યા તો 'કંચન' બાઈ આવી અને સોનું પાંચ-સાત-દસ લાખ આવ્યું. ત્રણ તો બંગલા બે-બે લાખના. પતિ-પત્ની બે જણા છે.

મુમુક્ષુ :- હોશિયારી તો ત્યારે પણ હતી.

ઉત્તર :- હોશિયારી હતી. હોશિયારીથી આવે છે ને જાય છે? ધૂળમાં છે. એ તો પૂર્વના પુણ્યના કારણે આવે છે એ પણ નિમિત્ત છે. એ ચીજ આવે છે, જાય છે એ પોતાને કારણે આવે છે, જાય છે. પૂર્વના પુણ્યને કારણે આવે છે, જાય છે એમ કહેવું પણ નિમિત્તનો વ્યવહાર છે. આહાહા..! એક એક રજકણ સ્વતંત્ર છે. એ પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર છે. શું તારે કારણે એમાં કાંઈ થાય છે? સમજાણું કાંઈ?

**'યદિ વે તુમ્હારે સ્વરૂપ નહીં અપિતુ તુમ્હારે હોતે તો પ્રયોગકે બિના હી યે જહાં ચાહે કૈસે ચલે જાતે?'** તારો તો એને નાશ કરવાનો ભાવ નથી, તારો તો રાખવાનો ભાવ છે તો કેમ ચાલ્યા જાય છે? તારા પ્રયોગ વિના, ભાઈ! તારે એમાં કાંઈ કરવું નથી. શરીર ચાલ્યું જાય. જુઓ! એ તો જડ માટી છે. પ્રયોગ તો નથી, શરીરનો નાશ કરવાનો પ્રયોગ છે? ધોળા વાળ થઈ ગયા. ઇ ઠીક કહે છે, લ્યો! તારે ધોળા વાળ કરવા હતા? એ તો જડ છે, માટી છે.

મુમુક્ષુ :- શિર્ષાસન કરવા છતાં વાળ ધોળા થઈ ગયા.

ઉત્તર :- ઇ તો જડની દશા છે. શું આત્મા શિર્ષાસન કરી શકે છે? એ અહીં કહે છે. શિર્ષાસનમાં આમ શરીર ઊંધું થયું તે પણ આત્માની ઇચ્છા વિના સ્વતંત્ર થયું છે. એ જડની અવસ્થા છે અને નહિ થવું એ પણ જડની અવસ્થા છે. આત્માથી પરમાં કાંઈ થતું નથી. મારાથી પરમાં થાય છે એ માન્યતા જડ અને ચૈતન્યને એક માનવાની ભ્રમણા છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! **'તુમ્હારે હોતે તો પ્રયોગકે બિના...'** શરીરનો નાશ કરવાનો ભાવ છે? કહે છે. સ્ત્રીનો નાશ કરવાનો ભાવ છે? અંદરમાં પ્રયોગ છે ને? પ્રયોગ એટલે તારે કાંઈ કરવાનો ભાવ નથી, એમ. તારા પ્રયોગ વિના, તારી ઇચ્છા નથી કે શરીર ચાલ્યું જાય, શરીરમાં રોગ આવે, બાયડી ચાલી જાય, કુટુંબ ચાલ્યું જાય, મકાન ચાલ્યું જાય, આબરુ ચાલી જાય. તારી ઇચ્છા છે? સાંભળ તો ખરો. પ્રયોગ વિના એ **'જહાં ચાહે કૈસે ચલે જાતે?'** જેમ તેની પરિણતિ, પર્યાય થવાવાળી છે તેમ થાય છે, તારી ઇચ્છાથી એમાં થાય છે? તું એનો રક્ષક છો? અને તું એનો ભક્ષક-નાશક છો? બિલકુલ ખોટી વાત છે. તારું તત્ત્વ અને પર તત્ત્વની ભિન્નતાનું તને ભાન નથી. સમજાણું કાંઈ?

સાધુ ત્યાગી થઈને પણ એમ માને કે, શરીર સારું હોય તો ધર્મ સારો થશે. મૂઢ છે. સમજાણું કાંઈ? આહાર સારો હોય તો અમારા પરિણામ સારા થશે. મૂઢ છે. એમ ક્યાંથી લાવ્યો? આહાર તો જડ છે. ખાવાથી થયું એમ છે જ નહિ, એ તો નિમિત્તનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાર તો જડ છે. શું જડ આત્માના પરિણામ બગાડે છે? તું બગાડે છે ત્યારે જડને નિમિત્ત કહેવામાં આવે છે. શું આહાર પરિણામ બગાડે છે? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..!

**'જહાં ચાહે કૈસે ચલે જાતે?'** તારી ઇચ્છા વિના આહાર કેવી રીતે નથી આવતો? કેમ આહાર લે? લે અને ઊલટી થઈ જાય. ઇચ્છા તો થઈ કે હું લઉં અને લીધો. લીધો શું એ તો તેને કારણે આવ્યો છે.

મુમુક્ષુ :– તો પછી આહાર લેવો કે ન લેવો?

ઉત્તર :– આહાર લઈ કોણ શકે છે? પુદ્‌ગલને લઈ શકે અને છોડી શકે એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવની છે. ધર્મી જીવની આવી માન્યતા હોતી નથી. આહાહા..! 'છગનભાઈ'! શું કરવું આમાં? આહાહા..! લોકોમાં પણ નથી કહેતા? 'દાને દાને મેં ખાનેવાલા કા નામ હૈ' આવે છે કે નહિ? દાને દાને મેં ખાનેવાલા કા નામનો શું અર્થ છે? એનો અર્થ શું? જે અનાજના રજકણના પુદ્‌ગલ પરમાણુ પિંડ અહીંયાં આવવાના છે તે આવશે, નહિ આવનારા નહિ આવે. તારી ઇચ્છાથી બિલકુલ કામ થતું નથી. ઓહોહો..! ભારે અભિમાન પણ. મેં આમ કર્યું, પહેલા કેવો સ્વાધીન હતો? પહેલા આમ ખાઈ શકતો હતો, પહેલા આમ શરીર ચલાવી શકતો હતો. કોણ ચલાવતું હતું? આત્મા? આત્મા ચલાવી શકતો હતો?

મુમુક્ષુ :– દેખવામાં તો એમ આવે છે.

ઉત્તર :– કોણ દેખવામાં આવતું હતું? એ તો મૂઢ માનતો હતો. એમ દેખવામાં નથી આવતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જગતથી નિરાળી વાત છે.

ઉત્તર :– વીતરાગની વાત જગતથી નિરાળી છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા, જેમણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ જોયા. બધા પદાર્થ ભિન્ન ભિન્ન જોયા. કોઈ પદાર્થ બીજા ભિન્ન પદાર્થને રાખી શકે, નાશ કરી શકે, દૂર હટાવી શકે, આમ લાકડી છે તેને દૂર હટાવી શકે એવી આત્મામાં તાકાત નથી. સમજાણું કાંઈ? આહા..! આમ ઊંચું લઈ શકે એવી આત્મામાં તાકાત નથી. તારાથી ઊંચું થતું હોય તો જ્યારે ઇચ્છા હોય ન થાય તો ઉં..ઉં.. થઈ જાય છે. થાય છે કે નહિ? શિયાળાના દિવસોમાં ઠંડી હોય છે કે નહિ? (હાથ) આમ થઈ જાય. આમ લેવા જાય તો (લઈ શકે નહિ). ગરમ કરો, ગરમ કરો (એમ કહે). ભાઈ! એ જડની પર્યાય છે. તારું કામ નથી. તારા પ્રયોગ વિના એ ચીજ એમ થાય છે એની તને ખબર નથી પડતી? તારી ઇચ્છા નથી કે તારું જ્ઞાન કામ નથી કરતું કે મને આમ થાય છતાં એમ થાય છે એનો અર્થ શું? સમજાણું કાંઈ? શરીરમાં આમ થાય છે એ શરીરની પર્યાયને કારણે થાય છે. તારે કારણે પરમાં બિલકુલ થતું નથી. ભાષા-બાષા કરે કોણ? 'ગુલાબભાઈ'! એમ કહે છે. સુધરેલ માણસ હોય, બહુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોશિયાર ભાષણ કરે. પેલો કહે, 'મહાવીર' અને પેલા બેય એક (છે). એના પ્રમુખ માથે (બેઠા હોય). કાલે તો સાંભળીને મને બહુ થઈ ગયું. અરે..! આ જૈન જ નથી. કીધું, આને તો જૈનની ખબર નથી. એય! 'ઝીણીબેન' ક્યાં ગયા? બેનને વાત કરવી જોઈએ ને!

પેલો કહે, 'મહાવીર' એમ કહે કે, 'મહમદ' તે પાકા જૈન છે. 'મહમદ' એમ કહે કે 'મહાવીર' પાકા મુસલમાન છે. અર..ર..ર...! આ વાણી સાંભળવી? આ વાણી? જૈનના કુળમાં આર્ય માણસ પણ એમ વિચારે કે એક મુસલમાન અને ક્યાં 'મહાવીર', ક્યાં ખ્રિસ્તી 'ઇસુ' અને ક્યાં 'મહાવીર'? ક્યાં 'મહાવીર' કેવળજ્ઞાની એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના જાણનારા અને ક્યાં પેલો માંસ ખાનારો. છેલ્લે કહે, ઇસુ કે ગાયનું માંસ લાવો. કહો, ઇ એને જૈન કહે અને આ એને ક્રિશ્ચિયન કહે. ભાઈએ વાત કરી, ભાઈએ વાત કરી ત્યારે મને ખબર પડી કે, ઓ..ય આ તો પોલંપોલ લાગે છે. આ તો પોલું વાગતું લાગે છે. આહાહા..! આટલા પણ જીવનમાં આંતરા વ્યવહારે પાડવાની તાકાત નહિ એને ધર્મ કે દિ' થાય? અને કલ્યાણ કે દિ' થાય? ક્યાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં આવી ગયા છે. ક્યાં કેવળી અને ક્યાં ઇસુ? મરતા કહે, ગાયનું માંસ લાવો. આહાહા..! ક્યાં 'મહમદ' અને ક્યાં 'મહાવીર'? સમજાણું કાંઈ? ક્યાં માંસ ખાનારા પ્રાણી નરકે જનારા અને (ક્યાં) ભગવાન એક સમયમાં મોક્ષ અનુભવ કરનારા? આહાહા..! કંઈ વાત સાંભળતા સમજાય છે કાંઈ?

આને આત્મામાં વિવેક કે દિ' થાય એ કહે છે. તારો આત્મા અને બીજા આત્મા અને બીજા પરમાણુ ભિન્ન ભિન્ન તારા પ્રયોગ વિના તેમાં આવવું-જવું થઈ જાય છે. તારે કારણે નહિ. સમજાણું કાંઈ? **'પ્રયોગ કે બિના હી જહાં ચાહે કૈસે ચલે જાતે?'** પેલા પક્ષીનો દાખલો આપ્યો ને? પક્ષીનો દાખલો ન આપ્યો? સાંજે પક્ષીઓ આવ્યા, ક્યા દેશમાંથી અને કઈ દિશાથી? ક્યા દેશમાંથી અને કઈ દિશામાંથી પંખી આવ્યા? અને સવારે કઈ દિશામાં અને ક્યા દેશમાં ચાલ્યા જાય? એમ એક પદાર્થ ક્યાંથી આવ્યો અને ક્યાં ચાલ્યો જાય? સમજાણું કાંઈ?

'મોક્ષમાર્ગ પ્રકાશક' માં દૃષ્ટાંત આપ્યો છે. એક પાગલ હતો, પાગલ. એ પાગલ ગામ બહાર નીકળી ગયો. ગામમાં હતો, બહાર ગયો. મોટી નદી હતી. નદી સમજો છો? પાણી ભરેલી. એ પાગલ હતો. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં 'ટોડરમલજી' (કહે છે). બહાર પથરા ઉપર બેઠો હતો. ત્યાં નવ વાગે, સાડા નવ વાગે એક રાજા આવ્યો, રાજા. પહેલા તો હાથી ઉપર જતા હતા ને? અત્યારે રેલ થઈ. રાજા આવ્યો. દસ વાગ્યા, ક્યાંક દેશાંતર જવાનું હશે પચ્ચીસ પચાસ ગાવ તો ત્યાં પડાવ નાખ્યો કે, અહીંયાં ભોજન કરશું, પાણી છે, નદી છે. પાગલ કહે કે, ઓહો..! માણસ આવ્યા. રાણી આવી, આ મારી રાણી આવી. ઘોડા આવ્યા તો કહે, મારા ઘોડા આવ્યા, હાથી આવ્યા તો કહે, મારા હાથી આવ્યા. ઓહોહો..! ઠાઠમાઠ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જામી ગયો. પછી ભોજન કરીને સૂતા. ચાર વાગે ચાલ્યા. (ત્યારે પેલો કહે), પૂછ્યા વિના કેમ જાઓ છો? અરે..! કેમ પૂછ્યા વિના જાઓ છો? મૂરખ લાગે છે આ. પાગલ છે? અમે તો અમારે કારણે આવ્યા હતા અને અમારી મુદત પૂરી થતાં અમે ચાલ્યા જઈએ છીએ. તને શું અધિકાર છે અમને કહેવાનો? અરે..! તમે અમારા છો ને! હું બેઠો છું ને તમે આવ્યા છો કે નહિ? હું પહેલેથી બેઠો હતો અને તમે (પછી) આવ્યા. તો પૂછ્યા વિના કેમ જાઓ છો? આ તો પાગલ લાગે છે.

એમ એક આત્મા કોઈ બીજા ભવમાંથી એક કુળમાં આવ્યો. આવ્યો અને મોટો થયો અને પૂર્વના પુણ્યને કારણે અથવા કોઈ કારણે બીજી સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, આબરુ, કીર્તિ, એ જેમ રાજા આવ્યો એમ એ ચીજો આવી. આવી અને જેમ મુદત પૂરી થાય અને ચાલી જાય છે. અરે..! કેમ ચાલ્યા જાઓ છો? પણ અમે ક્યાં તારા છીએ તે ન જઈએ? મરે તો પછી માથા ફોડે. અરે..! મારી સ્ત્રી મરી ગઈ. પણ અમે ક્યાં તારે કારણે આવ્યા હતા? અમારા પુણ્યની પ્રકૃતિ અને સ્થિતિ હતી તે કારણે અમે આવ્યા હતા. અમારી સ્થિતિ પૂરી થઈ તો અમે ચાલ્યા જઈએ છીએ. તારે કારણે અમે આવ્યા જ નથી અને તારે કારણે અમે જતા નથી. આહાહા..!

એ કહે છે ને? જુઓ! **'પ્રયોગકે બિના હી વે જહાં ચાહે કૈસે ચલે જાતે?'** તારી સ્થિતિથી જો આવતા હોય તો તારા રહેતા એ ચાલ્યા કેમ જાય? શરીર બગડી જાય, બધા ચાલ્યા જાય છે સ્ત્રી વિ., એ તો પરપદાર્થ છે. તારે કારણે આવ્યા છે અને તારે કારણે જાય છે? બિલકુલ ખોટી વાત છે.

મુમુક્ષુ :– લોકો આશ્વાસન કઈ રીતે આપે છે?

ઉત્તર :– તારા જ્ઞાન, આનંદ છે એ આશ્વાસન લે. તું જ્ઞાતા છો, ભગવાન! તું તો જાણનાર-દેખનાર છો. છે તો જાણો, ન હો તો પણ જાણો. જાણવા-દેખવાવાળી તારી ચીજ ભિન્ન છે, એ ચીજ ભિન્ન છે. એ સમાધાન કરી લે. એમ વાત છે. 'મોહનભાઈ'! આહાહા..! કેમ થયું વળી? શ્વાસ કેમ નાખ્યો? તમારે શું છે? (એને એમ થાતું હશે કે), આ તો બધું પોકળ નીકળે છે. તમારી હયાતીમાં છોકરા જુદા પડી ગયા કે નહિ? તમારી હયાતીમાં એની પાસે તમારા કરતા પૈસા વધી ગયા કે નહિ?

મુમુક્ષુ :– એ તો ખુશીથી કર્યા હતા.

ઉત્તર :– એ તો કારણથી કર્યા'તા મફતના કર્યા છે? એ બધું સમજવા જેવું છે. કહો, સમજાણું કાંઈ? મને બધી ખબર હોય ને! શું કારણ છે.

**'અતઃ મોહનીય પીશાચકે આવેશકો દૂર હટા...'** અરે..! આત્મા! મોહનીય પિશાચ ભૂતડાનું તને ભૂત વળગ્યું છે. આહાહા..! તને મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે કે મેં પર ચીજમાં આમ કર્યું હતું, હવે હું નથી કરી શકતો. મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે એ પિશાચના આવેશને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૂર હટાવ. છોડી દે, પ્રભુ! તું તો જ્ઞાન છો ને! તું તો આનંદ છો ને! પરચીજને મેં કરી હતી અને રાખી હતી, છોડી દીધી એમ કેમ માને છે? છોડ, છોડ.

**'ઠીક ઠીક દેખનેકી ચેષ્ટા કર.'** જુઓ! શું કહે છે? **'મોહનીય પિશાચકે આવેશકો દૂર હટા ઠીક ઠીક દેખનેકી...'** ઠીક ઠીકનો અર્થ જેવો તેનો સ્વભાવ છે એમ જો. એને કારણે આવ્યા અને એને કારણે જાય છે, એવો સ્વભાવ છે એમ જેમ છે તેમ જો. બરાબર છે? જુઓ! શું કહે છે? **'મોહનીય પિશાચકે આવેશકો દૂર હટા...'** ભાઈ! તારી ચીજ તો ભિન્ન છે ને, ભાઈ! ઓહોહો..! સર્વજ્ઞ ભગવાન તો એક પુણ્યના વિકલ્પને પણ છોડીને વીતરાગ થઈ ગયા. મહાવ્રતના પરિણામ આવ્યા હતા, પહેલા મુનિ હતા તો મહાવ્રતના પરિણામ (થયા હતા) એ તો રાગ છે. દયા, દાન, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય એ તો રાગ છે. એ રાગને પણ છોડીને વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર થઈ ગયા. સમજાણું કાંઈ? એ પરમેશ્વર કહે છે કે, પરપદાર્થનું તને ભૂત વળગ્યું છે. મિથ્યાત્વનું પિશાચ (વળગ્યું છે) તો જોવામાં નથી આવતું. તારી જોવાની દૃષ્ટિ સાચી નથી. અમારે કારણે આવ્યા છે અને અમારે કારણે ચાલ્યા જાય છે. અમે જેટલી વ્યવસ્થા કરીએ છીએ તે પ્રમાણે રહે છે, અમારી વ્યવસ્થા ઠીક ન હોય તો ચાલ્યા જાય છે. મૂઢ છો.

મુમુક્ષુ :– વ્યવસ્થા ભૂત કરે છે?

ઉત્તર :– વ્યવસ્થા કરી શકતો નથી પછી પ્રશ્ન ક્યાં છે? પરની સ્વતંત્ર પદાર્થની વ્યવસ્થા તું કરી શકે છે? 'વસંતલાલજી'! આ બધી હોશિયારી ત્યારે ક્યાં ગઈ? ભાષા કેવી કરી છે! જુઓને!

**'મોહનીય પિશાચકે આવેશકો દૂર હટા ઠીક ઠીક દેખનેકી ચેષ્ટા કર.'** એનો અર્થ કે તેને કારણે આવે છે અને તેને કારણે રહે છે અને તેને કારણે જાય છે. તું તો જાણનાર-દેખનાર છો એમ દૃષ્ટિ કર. એ વિના તારી સ્વતંત્રની શ્રદ્ધા સાચી થશે નહિ અને એ વિના તારું કલ્યાણ કદી થશે નહિ. કહો, બરાબર છે?

**दोहा - दिशा देशसे आयकर, पक्षी वृक्ष बसन्त।**
**प्रात होत निज कार्यवश, इच्छित देश उड़न्त।।९।।**

**'દિશા દેશસે આયકર,...'** કોઈ દિશા અને કોઈ દેશ, એમ. કોઈ દિશા અને કોઈ દેશ. ત્યાંથી આવીને પંખી **'વૃક્ષ બસન્ત...'** વૃક્ષમાં રહે છે. **'પ્રાત હોત...'** સવાર પડતાં **'નિજ કાર્યવશ,...'** પોતાના કાર્યવશ, કોઈને કારણે નહિ કોઈ નહિ. કોઈને પૂછતા નથી કે હવે અમે જઈએ છીએ, ક્યાં જઈએ છીએ. **'નિજ કાર્યવશ, ઇચ્છિત દેશ ઉડન્ત'** જ્યાં ઇચ્છા છે તે દિશા અને દેશમાં પંખી ચાલ્યા જાય છે. એમ ભગવાન તારો આત્મા ક્યાંથી આવ્યો, બીજો ક્યાંથી આવે છે, એની સ્થિતિ પ્રમાણે રહે છે. સ્થિતિ પૂરી થતાં ચાલ્યા જાય છે. તારે અને તેને કોઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે બીજી વાત (કરે છે). **'આચાર્ય આગેકે શ્લોકમેં શત્રુઓંકે પ્રતિ હોનેવાલે ભાવોંકો 'યે હમારે શત્રુ હૈં' 'અહિતકર્તા હૈં' આદિ અજ્ઞાનપૂર્ણ બતલાતે હુએ...'** લ્યો, સમજાણું કાંઈ? 'આ મારા શત્રુ છે' મૂઢ છો, શત્રુ ક્યાંથી આવ્યો? એ તો પરવસ્તુ છે. પરવસ્તુ શત્રુ ક્યાં (છે)? આ મારો અહિતકર્તા છે. પરવસ્તુ અહિત કરે છે? તારી માન્યતા ઊંધી છે કે મારો અહિતકર્તા છે એ માન્યતા તને અહિતકર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક માણસ કહેતો હતો, ભાઈ! નહિ? બે-ત્રણ ભાઈઓ ભેગા હતા. પછી ૫૦-૫૫ વર્ષની ઉંમર થઈ (ત્યારે કહે), રળી રળીને કડ (–કમર) ભાંગી ગઈ. નામ નથી આપતા. પછી કહે કે, આ નાના ભાઈઓ કહે છે કે સરખું વહેંચી દો. આપણા બાપ બેઠા છે, પિતાજી બેઠા છે અને ભાગ પાડ્યા નથી. તું ભલે રળ્યો પણ ત્રણ ભાઈઓના ભાગ સરખા પાડ. હાય.. હાય..! પણ આ ૫૫ વર્ષ સુધી કેડ ભાંગી ગઈ. તમે હવે નાનેથી મોટા થયા. અત્યાર સુધી મેં પાપ કર્યા. હવે મારી રળવાની તાકાત રહી નહિ અને તમે કહો છો સરખા ભાગ કરો. ભાઈઓ ભાગ ન પાડે તો કોણ પાડે? લાવો સરખા (ભાગ). એ.. 'મોહનભાઈ'! પછી ઇ આવીને મને વાત કરે. અહીં તો વાતું ઘણા કરે કે નહિ? મોટો ભાઈ હતો. આમ તો લાખોપતિ (હતો). ત્યાં 'મુંબઈ' માં મોટી દુકાન હતી. 'અરે..! મેં આટલા આટલા ધંધા કર્યા, ઉંમર થઈ ગઈ, વૃદ્ધાવસ્થા થઈ ગઈ, કમર આમ થઈ ગઈ. ભાઈઓ કહે છે કે, સરખા ભાગ પાડો. પણ બે ભાગ મારો અને બે અડધા ભાગ (એના) એમ કરે તો ઠીક. (એ લોકો કહે), સરખા ત્રણ ભાગ (કરો). હવે મારી કમાવાની શક્તિ ઓછી થઈ ગઈ અને વૃદ્ધાવસ્થા થઈ ગઈ. એ લોકો તો જુવાન છે.' એ તો સંસાર તો એવો છે, ભાઈ! સંસાર તો એવો જ છે. શું કરવું? તમે રળ્યા એ તમારી મમતા માટે કર્યું હતું. છોકરાઓ માટે કર્યું હતું? તમારા ભાઈઓ માટે કર્યું હતું? મમતા કરી હતી. કમાવું તો પુણ્યને કારણે આવે છે. તમે તો મમતા કરી હતી, મમતા. ચીજ આવવા-જવાવાળી છે એ તો પૂર્વના પુણ્યને કારણે આવે છે, જાય છે. તારે કારણે આવે-જાય છે? હાય.. હાય..! હવે?

મુમુક્ષુ :– મહેનતાણુ..

ઉત્તર :– મહેનતાણુ નહિ, ત્રણ ભાગ સરખા પાડો. બાપ બેઠા છે, કહે. સરખા ભાગ (પાડો). પાંચ લાખ હોય તો દોઢ-દોઢ લાખ સરખા આપો. પચાસ હજારના ભાગ પાછા પાડો. નહીં એકેય. ભાઈ વધે. નહીં આવે એ... 'મલૂપચંદભાઈ'! બાપુ! એ તો સૌ સૌના સ્વાર્થી પોતાની ઇચ્છા પ્રમાણે બધા ચાલે છે. બીજો પદાર્થ તારી ઇચ્છા પ્રમાણે ચાલે એમ ક્યાંથી આવ્યું? આહાહા..! કોણ કરે? મમતા છે.

**'શત્રુઓંકે પ્રતિ હોનેવાલે ભાવોંકો 'યે હમારે શત્રુ હૈં' 'અહિતકર્તા હૈં' આદિ અજ્ઞાનપૂર્ણ બતલાતે હુએ ઉસે દૃષ્ટાન્તદ્વારા સમજાતે હૈં, સાથ હી ઐસે ભાવોંકો દૂર કરનેકે લિએ પ્રેરણા ભી કરતે હૈં :–'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



उत्थानिका :- आचार्य आगे के श्लोकमें शत्रुओंके प्रति होनेवाले भावोंको `ये हमारे शत्रु हैं' `अहितकर्ता हैं' आदि अज्ञानपूर्ण बतलाते हुए उसे दृष्टान्तद्वारा समझाते हैं, साथ ही ऐसे भावोंको दूर करनेके लिये प्रेरणा भी करते हैं :-

**विराधकः कथं हन्त्रे, जनाय परिकुप्यति।**
**त्र्यंङ्गुलं पातयन् पद्भ्यां स्वयं दण्डेन पात्यते।।१०।।**

अर्थ :- जिसने पहिले दूसरेको सताया या तकलीफ पहुँचाई है ऐसा पुरुष उस सताये गये और वर्तमानमें अपनेको मारनेवालेके प्रति क्यों गुस्सा करता है? यह कुछ जँचता नहीं। अरे! जो त्र्यङ्गुलको पैरोंसे गिरायगा वह दंडेके द्वारा स्वयं गिरा दिया जायगा।

विशदार्थ :- दूसरेका अपकार करनेवाला मनुष्य, बदलेमें अपकार करनेवालेके प्रति क्यों हर तरहसे कुपित होता है? कुछ समझमें नहीं आता।

भाई! सुनिश्चित रीति या पद्धति यही है कि संसारमें जो किसीको सुख या दुःख पहुँचाता है, वह उसके द्वारा सुख और दुःखको प्राप्त किया करता है। जब तुमने किसी दूसरेको दुःख पहुँचाया है तो बदलेमें तुम्हें भी उसके द्वारा दुःख मिलना ही चाहिये। इसमें गुस्सा करनेकी क्या बात है? अर्थात् गुस्सा करना अन्याय है, अयुक्त है। इसमें दृष्टांत देते हैं कि जो विना विचारे काम करनेवाला पुरुष है वह तीन अंगुलीके आकार वाले कूड़ा कचरा आदिके समेटनेके काममें आनेवाले `अंगुल' नामक यंत्रको पैरोंसे जमीनपर गिराता है तो वह विना किसी अन्यकी प्रेरणाके स्वयं ही हाथमें पकडे हुए डंडेसे गिरा दिया जाता है। इसलिये अहित करनेवाले व्यक्तिके प्रति, अपना हित चाहनेवाले बुद्धिमानोंको, अप्रीति, अप्रेम या द्वेष नहीं करना चाहिये। ।।१०।।

दोहा - अपराधी जन क्यों करे, हन्ता जनपर क्रोध।
दो पग अंगुल महि नमे, आपहि गिरत अबोध।।१०।।

---

**विराधकः कथं हन्त्रे, जनाय परिकुप्यति।**
**त्र्यंङ्गुलं पातयन् पद्भ्यां स्वयं दण्डेन पात्यते।।१०।।**

**'विराधकः' 'जिसने पहिले दूसरे को सताया...'** એ વિરાધક. અપકાર કરે એ વિરાધક. જેણે પહેલા બીજાનો અપકાર કર્યો હોય, ભાવમાં, હોં! એને એના પાપને કારણે અપકાર થઈ ગયો હોય, એનું નામ વિરાધક. સંસ્કૃતમાં છે ને? ભાઈ! જુઓ! **'अपकारकर्त्ता जनः'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પહેલી લીટી છે. અંદર સંસ્કૃત છે. અહીં તો એમ કહેવું છે કે **'જિસને પહિલે દૂસરે કો સતાયા...'** જે અપરાધી પ્રાણીએ બીજા પ્રાણીને પહેલા પાપ કરીને સતાવ્યા, નિમિત્ત થયો **'તકલીફ પહુંચાઈ હૈ ઐસા પુરુષ ઉસ સતાયે ગયે (જીવ) ઔર વર્તમાનમેં અપનેકો મારનેવાલેકે પ્રતિ ક્યોં ગુસ્સા કરતા હૈ?'** શું કહ્યું? તેં પૂર્વે એ પ્રાણીને સતાવ્યા હતા અને તારે કારણે એ દુઃખી થયો હતો. સમજાણું કાંઈ? તકલીફ થઈ હતી. હવે એ પ્રાણી તને તકલીફ આપે છે. ગુસ્સો કેમ કરે છે? ભાઈ! એવી વાત લીધી છે. **'સતાયે ગયે ઔર વર્તમાનમેં અપનેકો મારનેવાલેકે પ્રતિ ક્યોં ગુસ્સા કરતા હૈ?'** તારે કારણે એને નુકસાન થયું હતું. નિમિત્તથી કથન છે, હોં! એ તને નુકસાન કરવા આવ્યો તો ગુસ્સો કેમ કરે છે? એ તો અદલબદલ થઈ ગઈ. સમજાણું કાંઈ? આ તો બધા નિમિત્તના કથન છે, હોં! તારો ભાવ એને નુકસાન પહોંચાડવાનો હતો અને એને પાપના ઉદયથી નુકસાન પહોંચ્યું. તો એ તને નુકસાન પહોંચાડવા આવે છે. એવા ભાવ કરે છે અને તારો પાપનો ઉદય એવો પ્રતિકૂળ હોય તો પર ઉપર ગુસ્સો કેમ કરે છે? વારાફરતી વારો, છોકરા નથી કહેતા? રમે છે ને? આમ ઉપાડીને નથી રમતા? છોકરાઓ એકબીજાને ઉપાડે ને? આજે મારો વારો, પછી હમણા તારો વારો આવશે. તું મને ઉપાડજે.

એમ કહે છે કે, જે જીવે બીજાને સતાવ્યા એ પ્રાણી તને સતાવે છે (તો) ગુસ્સો કેમ કરે છે? સમજાણું કાંઈ? એય! આવે છે કે નહિ? છોકરા રમે ત્યારે શું કહેવાય? આવે છે, ભાઈ! અમારા વખતમાં એ હતું. છોકરાને આમ માથે ઉપાડે. દાવ લેવો પડે, દેવો પડે. એવું કાંઈ હતું ખરું? ઘણા વર્ષની વાતું છે. આ વ્યવહારથી વાત કરી છે, હોં! તેં એવા ભાવ કર્યા હતા કે બીજાને નુકસાન પહોંચાડી દઉં અને એનો પાપનો ઉદય હતો તો નુકસાન પહોંચ્યું. અને એ પ્રાણીને એમ (ભાવ) આવ્યો કે આને નુકસાન કરી દઉં.

ફરીને જેનાથી નુકસાન થયું તેને નુકસાન કરી દઉં. તો કહે છે કે, એ નુકસાન કરવાનો ભાવ તેનો થયો અને તને નુકસાન કરવા, મારવા આવ્યો તો ગુસ્સો કેમ કરે છે? તેં કર્યું હતું એવું એ કરે છે. એય!

**'સતાયે ગયે ઔર વર્તમાનમેં અપનેકો મારનેવાલેકે પ્રતિ...'** છે ને? **'ક્યોં ગુસ્સા કરતા હૈ? યહ કુછ જચતા નહીં.'** એ વાત કાંઈ અમને બેસતી નથી, એમ કહે છે, આચાર્ય એમ કહે છે, ભાઈ! તેં બીજાને નુકસાન પહોંચાડ્યું હતું હવે બીજો તને નુકસાન પહોંચાડે છે. એ તો અદલબદલ થાય છે એમાં ગુસ્સો કરવાની કાંઈ જરૂર નથી. તેં પાંચ ગાળ આપી હતી તો એ સામે પાંચ ગાળ આપે છે, એમ કહે છે. શું છે તારે? એમ દૃષ્ટાંત આપી પર જે પ્રતિકૂળતા આપે છે તેના પ્રત્યે ગુસ્સો નહિ કરવો. (એ ગુસ્સાના ભાવને) છોડાવવા માટે વાત કરે છે. સમજાણું કાંઈ?

શરીરમાં પ્રતિકૂળતા હોય, લક્ષ્મી ચાલી જાય એમ થાય. કોઈ પ્રાણી એમાં નિમિત્ત થઈ ગયો. સમજાણું કાંઈ? તું પણ એના નુકસાનમાં નિમિત્ત થયો હતો, તો ગુસ્સો શું કરવો?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર પ્રત્યે ગુસ્સો કરવો નહિ. અમારી આબરુ લૂંટી લીધી. તેં પહેલા એની આબરુ લૂંટી હશે. સમજાણું કાંઈ? અરે..! અમારી આબરુ લુંટાઈ ગઈ. અમારું બધું ઉઘાડું પડી ગયું, અમારો ખેલ ખતમ થઈ ગયો. બહારમાં અમારી પાસે મૂડી, દૌલત બહુ હતી, મોભો.. મોભાને શું કહે છે? હિન્દીમાં શું કહે છે? (અભિમાન). અભિમાન નહિ, અભિમાન નહિ. એવું સ્થાન. પ્રતિષ્ઠા એટલી જામેલી હતી કે, અમે આવા પાંચ લાખ, દસ લાખ, પચીસ લાખના આસામી છીએ. અંદરમાં એટલું નહોતું. એવો મોભો રાખ્યો હતો, સ્થાન રાખ્યું હતું એમાં બીજાએ ખોલી નાખ્યું કે, એની પાસે કાંઈ નથી. હેં...! એ તો મફતનો (દેખાવ) કરે છે, અંદર એક ટકે વ્યાજ લે છે. પૈસા ટકાના વ્યાજે લઈને દસ-દસ લાખને નભાવે છે. હેં...? ભાઈ! તેં કોઈને એવું કર્યું હશે તો એ તને કરે છે, એમાં શું છે? ગુસ્સો શું કરવો? સમજવું, જ્ઞાન કરવું કે એવું હોય, જગતમાં એવી ચીજ હોય છે. એમ સમતા કરીને આત્માનું જ્ઞાન કરવું, સમતા કરવી, ગુસ્સો હટાવવો, એ વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ઉપદેશની વ્યાખ્યા છે ને!

**'યહ કુછ જચતા નહીં. અરે ! જો ત્ર્યઙ્ગુલકો પૈરોંસે ગિરાયગા વહ દંડેકે દ્વારા સ્વયં ગિરા દિયા જાયગા.'** એવો કોઈ કચરો આમ હાથમાં ડંડો રાખ્યો હોય પછી નીચેથી પગથી હટાવી દે. નીચેથી બે પગે ડંડો હટાવી દે તો દંડો જાલીને પડે. સમજાણું કાંઈ? શું કહ્યું? કોઈ ત્ર્યંગુલ એવું હથિયાર છે કે એ નીચેથી કચરો કાપે અને અહીંયાં ડંડો પકડ્યો હોય. બે પગ ઉપાડીને હટાવીશ તો તું પણ નીચે પડીશ. તને જ તારાથી નુકસાન થશે, બીજાથી નુકસાન થશે નહિ. સમજાણું કાંઈ?

**'દૂસરેકા અપકાર કરનેવાલા મનુષ્ય, બદલેમેં અપકાર કરનેવાલેકે પ્રતિ ક્યોં હર તરહસે કુપિત હોતા હૈ? કુછ સમજમેં નહીં આતા.'** સમજાણું કાંઈ? એ એક અરસપરસની વાત કરે છે. એ પ્રાણી પ્રત્યે ન કર્યો હોય પણ પૂર્વે કોઈ પાપભાવ તેણે કર્યો હોય અને બીજાને બહારમાં કોઈ નુકસાન થયું હોય તો તે જ પ્રાણી અથવા બીજો પ્રાણી તારા પાપના ઉદયને કાળે એ પ્રતિકૂળતા આપવા આવે છે તો ગુસ્સો શું કરવો? એ કોઈ (કાંઈ) કરી શકતું નથી, પર મારું નુકસાન કરી શકતું નથી. મેં બીજાનું નુકસાન કર્યું નથી. એમ માનીને ગુસ્સો છોડવો. જ્ઞાતા-દૃષ્ટા રહીને સમાધાન કરવું, સમાધાન કરવું, ગુસ્સો કરવો નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! જુઓ! **'કુછ સમજમેં નહીં આતા.'** ભાષા તો એમ જ આવે ને! સમજાય તો છે ભાન વિનાનો પણ ભાષા તો એમ જ કરે ને! કાંઈ સમજાતું નથી શું કરે છે આ? એટલે? સમજે છે કે ભુંડું કરે છે. એમ બોલાય કે નહિ? આ શું કરે છે આ પણ? અરે..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે? કઈ રીતે કરે? શું એ દ્રવ્યની પર્યાયનો સ્વરૂપકાળ નહોતો કે બીજો દ્રવ્ય એને કરાવે? નહિ. બીજું દ્રવ્ય આવે તો જ થાય છે. શું થાય છે? બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યમાં તેના સ્વરૂપથી થાય છે કે પર સ્વરૂપથી થાય છે? પોતપોતાના સ્વરૂપથી દરેકમાં પર્યાય થાય છે. બીજું દ્રવ્ય એમાં શું લાભ મૂકી શકે છે? મોટા પંડિત થઈને માથા ફેરવી ગયા છે, લ્યો! આહાહા..!

શરીરની પર્યાય ચાલે છે, જુઓ! પર્યાય છે એ તો શરીરની છે. તે પોતાના સ્વરૂપથી છે, પોતાના સ્વરૂપથી છે. એમાં આત્માની ઇચ્છા થઈ તો ઇચ્છા પોતાના સ્વરૂપથી થઈ છે. આ (શરીર) એના સ્વરૂપે છે. ઇચ્છા પર સ્વરૂપમાં ઘુસીને શું કરે? ઇચ્છા નિમિત્ત થઈને આ શરીરનું પર્યાયનું સ્વરૂપ કઈ રીતે કરે? કેમકે શરીરનું સ્વરૂપ પર સ્વરૂપ છે. ઇચ્છા પર સ્વરુપ એ પર સ્વરૂપનું કઈ રીતે કરે? સમજાણું કાંઈ? ઇચ્છા એમાં ઘુસી જાય છે? ઇચ્છાનું સ્વરૂપ અહીંયાં પેસી શરીરની ક્રિયા કરે છે? મૂઢ છે. એ તો શરીરની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ખાવાની ઇચ્છા થઈ. સમજાણું? આ પર્યાયનું જડ સ્વરૂપ છે એમાં ઇચ્છાએ પોતાનું શું સ્વરૂપ નાખ્યું કે એના હોઠ હલાવ્યા?

મુમુક્ષુ :– દાંત હલાવ્યા.

ઉત્તર :– દાંત કોના છે? દાંત જડની પર્યાય છે. એમાં એમ જ થાય છે. ઇચ્છાએ શું દાંતની પર્યાયમાં કોઈ સ્વરૂપ નાખી દીધું? કે આત્માએ દાંત આમ આમ કર્યા? આહાહા..! સમજાણું કાંઈ? ઇચ્છા દાંતને હલાવી શકતી નથી. એમ કહે છે. ઇચ્છા પોતાના વિકૃત સ્વરૂપમાં રહેવાવાળો ભાવ છે અને આ સ્વરૂપ છે તે જડ સ્વરૂપ છે. તો ઇચ્છાનું સ્વરૂપ જડ સ્વરૂપમાં પેસી જાય છે કે જડને બનાવે? આહાહા..! માણસને બહુ સૂક્ષ્મ પડે. સમજાણું કાંઈ?

**'ભાઈ ! સુનિશ્ચિત રીતિ યા પદ્ધતિ યહી હૈ...'** જુઓ! **'ભાઈ ! સુનિશ્ચિત રીતિ યા પદ્ધતિ યહી હૈ કિ સંસારમેં જો કિસીકો સુખ યા દુઃખ પહુંચાતા હૈ, વ ઉસકે દ્વારા સુખ ઔર દુઃખકો પ્રાપ્ત કિયા કરતા હૈ.'** એમ થાય છે. આ તો એક સિદ્ધાંત છે, હોં! એ જ (નુકસાન) પહોંચાડે એવું કાંઈ નહિ. પણ બીજા દ્રવ્યને દુઃખ દેવાનો ભાવ થયો અને બીજા દ્રવ્યમાં એવું દુઃખ દેવાનો ભાવ થયો તો અદલબદલ થયું. એમાં તારે ગુસ્સો કરવાનું ક્યાં રહ્યું? આહાહા..!

અહીં તો પરપદાર્થ તારા પદાર્થમાં કંઈ નુકસાન કરી શકતો નથી અને તું પણ બીજાને (નુકસાન કરી શકતો નથી). પણ તારો ભાવ નુકસાન કરવાનો હતો અને એના પાપના ઉદયે નુકસાન થયું તો એને એવો ભાવ થયો કે આને નુકસાન કરી દઉં. એનાથી તારું નુકસાન થતું નથી. સમતા રાખ.. સમતા રાખ, શાંતિ કર. આહાહા..!

અરે..! અત્યાર સુધી છોકરાનું આમ પાલનપોષણ કર્યું. જેને માટે હેરાન થઈ ગયા. સાંઈઠ વર્ષ થઈ ગયા. હવે કહે છે કે, લગ્ન થયા, જુદા કરી દો. કેમ? મારી બાને અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પત્નીને મેળ નથી ખાતો, બનતું નથી. હાય.. હાય..! કજીયા કરે છે, પાછો એમ કહે. મારી બાને અને આ કો'કની દીકરી છે ને? બે ને મેળ નથી, મેળ ખાતો નથી. તો બાપુ! અમને જુદા કરી દો. તું શું બોલે છે આ? કહો, સમજાણું કે નહિ? ઉપરાણું લે બાયડીનું. જુદું પડવું છે. આહાહા..!

રબારી હતા. કીધું નહોતું? રબારી હતો એનો દીકરાનો દીકરો હતો. દીકરાનો દીકરો. 'રાજકોટ' પાસે ગામ છે. અમે ગયા હતા. છોકરો હતો બાવળ જેવો, પણ એનો બાપનો બાપ હોશિયાર, ગામમાં બહુ આબરુદાર. તે દિ' અમે ગયા તે દિ' બે જુદા પડે. ઘરમાંથી પેલો છોકરો અને છોકરાની વહુ (જુદા પડ્યા). એનો બાપનો બાપ એંસી વર્ષનો અને એની માં. આહાહા..! અરે..! છોકરા તારા માટે આ બધું કર્યું. અમે એંસી-એંસી વર્ષના થયા ને અમારા ધોળામાં તું ધૂળ નાખે છે. આ ગામમાં ગરાસિયા અમને પૂછે અને તું જુદો પડે છે. બાવળ હોય તો બાયડી હોય બાવળને, હોં! તારે બાયડી મારે લઈને (છે) એમ કહે. છોકરો એવો જડ જેવો હતો. તારે આ બાયડી ન હોય. આબરુને લઈને (ભળી છે). રબારી આબરુદાર હતો. સાંજે જુદો પડ્યો. ડામશિયા-બામશિયા અડધા ભાંગ્યા-તૂટ્યા જુદા પાડી નાખ્યા. શું કરે પણ? એના એવા જ પરિણામ છે. અને તારો પણ એવો પાપનો ઉદય આવ્યો. એમ બનવાનું હોય તો બનશે, બનશે અને બનશે જ. તારે સમતા રાખવી. અરે..! મેં આટલું કર્યું અને આ જુદા પડે (છે). 'મોહનભાઈ'! એક જ દીકરો હોય તો જુદો કોની સાથે પડે? આ તો દીકરાનો દીકરો, એ પણ દીકરાનો દીકરો જુદો પડ્યો. અમે ત્યાં ચોરામાં બેઠા હતા. દેવીનું મંદિર હતું ત્યાં બેઠા હતા.

અરે..! ભાઈ! કોણ કોનો દીકરો? ને કોણ જુદા પડે? કોણ કોણ એકઠા થાય? એ બધી તારી ભ્રમણા છે. પૂર્વના ઉદયે આવ્યા અને ઉદય પૂરો થતાં ચાલ્યા જાય છે. એમાં તને શું થયું? એવી ભ્રમણા કરે કે, અરે..! મેં એનું પાલન કર્યું અને ખરે ટાણે અમારી સેવા કરવાના કાળે કહે કે, અમને જુદા કરો. ઠીક, ભાઈ!

મુમુક્ષુ :– એની વાત તો વ્યાજબી છે.

ઉત્તર :– એ મમતાની હતી, એમાં વ્યાજબી શી હતી? મમતા હતી. સ્ત્રી એવી હોય, જુદું કરવું હોય. ઘરમાં પાંચ-સાત-દસ માણસ હોય અને પેલા ધણિ-ધણિયાણી બે હોય. ઘરમાં લાપશી ખાઈએ છીએ પણ દસમો ભાગ પણ નથી આવતો. તમને ભાન નથી, જુદા થાઓ. આખો દિ' પછી ખૂંચ્યા કરે. કરતા કરતા છ મહિને, આઠ મહિને જુદા પડે. શું કરીએ? પંદર માણસમાં શેરો કરીએ એમાં ભાગ પણ આવતો નથી અને આ આખો દિ' રોટલી પીટવી પડે છે. વણવી પડે છે, શું કહે છે એને? એમ કહે. બાયડી પેલાને ફૂંક્યા કરે. જુદા કરો, બાપા! લ્યો, આ જુદા કર્યા. અરે..! પણ આ તારી ભાભી મોળી પડી. આ તું જુદો પડે એ ઠીક કહેવાય નહિ. બૈરાંને મેળ ખાતો નથી, શું કરે? આવા ને આવા સ્વતંત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધા પ્રાણી છે. કોઈ કોઈના પરિણામે કોઈ કરે છે એમ છે નહિ. અહીંયાં તો એમ કહે છે. 'ધરમચંદજી'! આ તમારા સંસારના પોકળ! બાપુ! એ પરદ્રવ્ય છે. એના પરિણામ એ કરે છે, તારા પરિણામ તું કર. તારા પરિણામથી એમાં કંઈ થાય છે એમ કદી બનતું નથી. તેના પરિણામ તને નુકસાન કરે છે એમ પણ નથી. સમજાણું કાંઈ?

**'ઉસકે દ્વારા સુખ ઔર દુઃખકો પ્રાપ્ત કિયા કરતા હૈ. જબ તુમને કિસી દૂસરે કો દુઃખ પહુંચાયા હૈ તો બદલેમેં તુમ્હેં ભી ઉસકે દ્વારા દુઃખ મિલના હી ચાહિયે.'** એમ સંયોગથી વાત કરે છે. **'ઇસમેં ગુસ્સા કરનેકી ક્યા બાત હૈ ? અર્થાત્ ગુસ્સા કરના અન્યાય હૈ,...'** એવો ગુસ્સો કરવો તો અન્યાય છે. **'અયુક્ત હૈ. ઇસમેં દ્દષ્ટાંત દેતે હૈં કિ જો વિના વિચારે કામ કરનેવાલા પુરુષ હૈ...'** છે ને? **'कश्चिदसमीक्ष्यकारी जनः'** છે ને એમાં સંસ્કૃતમાં? **'यः कश्चिदसमीक्ष्यकारी जनः'** એમ છે, સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ? **'વિના વિચારે કામ કરનેવાલા પુરુષ હૈ વહ તીન અંગુલીકે આકાર વાલે કૂડાકચરા આદિકે સમેટનેકે કામમેં આનેવાલે 'અંગુલ' નામક યંત્રકો પૈરોંસે જમીનપર ગિરાતા હૈ...'** લ્યો! એને પગથી હટાવે. શું કહેવાય? વાળવાનું કામ કહે છે? શું કહે છે? હિન્દીમાં શું કહે છે? કચરો કાઢવાનું. કચરો કાઢવાની ચીજ હોય ને? ઝાડુ કાઢવાનું. ભંગી લોકો હાથમાં ઉપર રાખે ને? નીચે (ઝાડુ હોય). ઊભા ઊભા કાઢે છે ને? હવે એને પગ નાખે, પગ (ભાથે) નાખે, એને પગ હટાવે તો લાકડું પડે એટલે પોતે પડે. સમજાણું કાંઈ? એમાં કોને નુકસાન પહોંચે? પગ ઉપાડીને ઝાડુને મારે, અહીં લાકડી હાથમાં પકડી રાખી. પોતે પડે, જાતે પડે છે અને પોતાને નુકસાન થાય છે, બીજાને નુકસાન થતું નથી.

**'ગિરાતા હૈ તો વહ વિના કિસી અન્યકી પ્રેરણાકે સ્વયં હી હાથમેં પકડે હુએ ડંડેસે ગિરા દિયા જાતા હૈ.'** હાથમાં લાકડી પકડી હોય એનાથી પોતે પડી જાય, હેઠે પગ માર્યો એટલે. **'ઇસલિયે અહિત કરનેવાલે વ્યક્તિકે પ્રતિ, અપના હિત ચાહનેવાલે બુદ્ધિમાનોંકો, અપ્રીતિ, અપ્રેમ યા દ્વેષ નહીં કરના ચાહિએ.'** કોઈ પ્રત્યે અપ્રીતિ, દ્વેષ નહી કરવો. પહેલામાં હિત કરનારની વાત હતી. સ્ત્રી, કુટુંબ આદિમાં. આ જરી શત્રુ પ્રત્યેની વાત કરે છે. જગતમાં કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી. તારી માન્યતા છે કે આ શત્રુ છે અને આ મિત્ર છે. આ તારી માન્યતા ભ્રમ છે, અજ્ઞાન છે. કોઈ શત્રુ-મિત્ર નથી. પરપદાર્થ સ્વતંત્ર છે.

**'અહિત કરનેવાલે વ્યક્તિકે પ્રતિ, અપના હિત ચાહનેવાલે બુદ્ધિમાનોંકો, અપ્રીતિ, અપ્રેમ યા દ્વેષ નહીં કરના ચાહિએ.'** એની યોગ્યતા પ્રમાણે એ ચાલે છે. મારે એની સાથે શું સંબંધ છે? એમ રહીને સમતા, શાંતિ, જ્ઞાતા-દ્દષ્ટા રહેવું. અપ્રેમ ન કરવો અને દ્વેષ ન કરવો. લ્યો, એવો એનો (ભર્મ છે).

**દોહા – અપરાધી જન ક્યોં કરે, હન્તા જનપર ક્રોધ,**
**દો પગ અંગુલ મહિ નમે, આપહિ ગિરત અબોધ. ૧૦**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અપરાધી...'** અપરાધ કરવાવાળો. **'હન્તા જનપર ક્રોધ,'** તને બીજો કોઈ મારે એની ઉપર ક્રોધ શું કામ કરે છે? **'દો પગ અંગુલ મહિ નમે,'** પગ હટાવી દે તો **'આપહિ ગિરત અબોધ.'** ભાન વિના પોતે પોતાને નુકસાન કરે છે. અજ્ઞાની પોતાના અજ્ઞાનથી પોતાનું નુકસાન કરે છે. બીજાને નુકસાન થાય, ન થાય એની સાથે સંબંધ નથી. માટે અજ્ઞાન છોડી, ગુસ્સો છોડી, રાગ છોડી સમતા કરવી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૨, ગુરુવાર**
**તા. ૨૪-૦૩-૧૯૬૬**
**ગાથા–૧૦ પ્રવચન નં. ૯**

**यहाँपर शिष्य प्रश्न करता है कि स्त्री आदिकोंमें राग और शत्रुओंमें द्वेष करनेवाला पुरुष, अपना क्या अहित-बिगाड़ करता है? जिससे उनको (राग-द्वेषोंको) अकरणीय-न करने लायक बतलाया जाता है? आचार्य समाधान करते हैं :-**

**रागद्वेषद्वयीदीर्घ-नेत्राकर्षणकर्मणा।**
**अज्ञानात्सुचिरं जीवः, संसाराब्धौ भ्रमत्यसौ।।११।।**

**अर्थ :- यह जीव अज्ञानसे रागद्वेषरूपी दो लम्बी डोरियोंकी खींचतानीसे संसाररूपी समुद्रमें बहुत कालतक घूमता रहता है-परिवर्तन करता रहता है।**

**विशदार्थ :- द्रव्य, क्षेत्र, काल, भव, भावरूप पंचपरावर्तनरूप संसार जिसे दुःखका कारण और दुस्तर होनेसे समुद्रके समान कहा गया है, उसमें अज्ञानसे-शरीरादिकोंमें आत्मभ्रांतिसे-अतिदीर्घ कालतक घूमता (चक्कर काटता) रहता है। इष्ट वस्तुमें प्रीति होनेको राग और अनिष्ट वस्तुमें अप्रीति होनेको द्वेष कहते हैं। उनकी शक्ति और व्यक्तिरूपसे हमेशा प्रवृत्ति होती रहती है, इसलिये आचार्योंने इन दोनोंकी जोड़ी बतलाई है। बाकीके दोष इस जोड़ीमें ही शामिल हैं, जैसा कि कहा गया है :- `यत्र रागः पदं धत्ते'.**

**`जहाँ राग अपना पाँव जमाता है, वहाँ द्वेष अवश्य होता है या हो जाता है, यह निश्चय है। इन दोनों (राग-द्वेष) के आलम्बनसे मन अधिक चंचल हो उठता है। और जितने दोष हैं, वे सब राग-द्वेषसे संबद्ध हैं,' जैसा कि कहा गया है - `आत्मनि सति परसंज्ञा'**

**`निजत्वके होनेपर परका ख्याल हो जाता और जहाँ निज-परका विभाग (भेद)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



हुआ वहाँ निजमें रागरूप और परमें द्वेषरूप भाव हो ही जाते हैं। बस इन दोनोंके होनेसे अन्य समस्त दोष भी पैदा होने लग जाते हैं। कारण कि वे सब इन दोनोंके ही आश्रित हैं।'

वह राग-द्वेषकी जोड़ी तो हुई मंथानीके डंडेको घुमानेवाली रस्सीके फाँसाने समान और उसका घूमना कहलाया जीवका रागदिरूप परिणमन। सो जैसे लोकमें यह बात प्रसिद्ध है कि नेतरीके खींचा-तानीसे जैसे मंथराचल पर्वतको समुद्रमें बहुत कालतक भ्रमण करना पड़ा। उसी तरह स्वपर विवेकज्ञान न होनेसे रागादि परिणामोंके द्वारा जीवात्मा अथवा कारणमें कार्यका उपचार करनेसे, रागादि परिणामजनित कर्मबंधके द्वारा बँधा हुआ संसारीजीव, अनादिकालसे संसारमें घूम रहा है, घूमा था और घूमता रहेगा। मतलब यह है कि `रागादि परिणामरूप भावकर्मोंसे द्रव्यकर्मोंका बन्ध होता' ऐसा हमेशासे चला आ रहा है और हमेशा तक चलता रहेगा। सम्भव है कि किसी जीवके यह रुक भी जाय। जैसा कि कहा गया है :- `जो खलु संसारत्थो'

`जो संसारमें रहनेवाला जीव है, उसका परिणाम (रागद्वेष आदिरूप परिणमन) होता है, उस परिणामसे कर्म बँधते हैं। बँधे हुए कर्मोंके उदय होनेसे मनुष्यादि गतियोंमें गमन होता है, मनुष्यादि गतिमें प्राप्त होनेवालेको (औदारिक आदि) शरीरका जन्म होता है, शरीर होनेसे इंद्रियोंकी रचना होती है, इन इंद्रियोंसे विषयों (रूप रसादि) का ग्रहण होता है, उससे फिर राग और द्वेष होने लग जाते हैं। इस प्रकार जीवका संसाररूपी चक्रवालमें भवपरिणमन होता रहता है, ऐसा जिनेन्द्रदेवने कहा है। जो अनादिकालसे होते हुए अनन्तकालतक होता रहेगा, हाँ, किन्हीं भव्यजीवोंके उसका अन्त भी हो जाता है।' ।।११।।

**दोहा - मथत दूध डोरीनितें, दंड फिरत बहु बार।**
**राग द्वेष अज्ञानसे, जीव भ्रमत संसार।।११।।**

---

**[ આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે. ]**

'ઇષ્ટોપદેશ' ની ૧૦ મી ગાથા ચાલી. (હવે) ૧૧ (ગાથા). **'યહાંપર શિષ્ય પ્રશ્ન કરતા હૈ કિ સ્ત્રી આદિકોંમેં રાગ ઔર શત્રુઓમેં દ્વેષ કરનેવાલા પુરુષ, અપના ક્યા અહિત-બિગાડ કરતા હૈ?'** શિષ્યનો પ્રશ્ન છે કે પોતા સિવાય સ્ત્રી આદિ પરપદાર્થમાં રાગ, પ્રેમ કરે અને જેને એક પ્રત્યે પ્રેમ છે તો બીજા પ્રત્યે દ્વેષ હોય જ છે. સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. સમ્યગ્દષ્ટિને જ્ઞાનસ્વરૂપનું ભાન થાય, હું જ્ઞાતા છું, હું દૃષ્ટા છું તો કોઈ પદાર્થ તેને પ્રેમ કરવાલાયક કે દ્વેષ કરવાલાયક જગતમાં પદાર્થ જ નથી.

મુમુક્ષુ :– રાગ કરે તો દ્વેષ થઈ જ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– જો એક પ્રત્યે રાગ–પ્રેમ કરે તો સમજવું કે બીજા પ્રત્યે તેને દ્વેષ છે જ. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ બેય જોડલી, જોડલી, જોડી છે. એકલા નથી. શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે.

આત્મા તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા છે. એનું ભાન થયું કે, હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય છું. મારા સિવાય અન્ય પદાર્થ જે અનંત છે એ મારા જ્ઞાનમાં જ્ઞેય છે, જાણવાલાયક છે. એમ ધર્મી જીવને સમ્યગ્દૃષ્ટિને, સત્ય દૃષ્ટિવંતને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાન અને આનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે તો તે પોતા સિવાય અનંત પદાર્થના બે ભાગ કરતા નથી. એક ઇષ્ટ છે અને એક અનિષ્ટ છે એવા ભાગ સમ્યગ્જ્ઞાની કરતા નથી.

મિથ્યાદૃષ્ટિ પોતાનું સ્વરૂપ જ્ઞાન અને શુદ્ધ છે એવું ભાન નથી એવા અજ્ઞાની પ્રાણીને જગતના બધા પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય હોવા છતાં એક ઠીક છે, પ્રેમ કરવાલાયક છે, એક અઠીક છે, તો દ્વેષ કરવાલાયક છે એવા બે ભાગ મિથ્યાદૃષ્ટિ પાડે છે. એ વાત કહે છે. થોડી સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? અમારે તો આ પદાર્થ અમારો દેશ, અમારું ગામ, અમારી નાત એવો જેને પ્રેમ છે તેને તેનાથી વિરુદ્ધ પદાર્થ ઉપર દ્વેષ હોય, હોય ને હોય જ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

કહે છે, એમાં શું બગડી ગયું? કોઈ સ્ત્રી આદિ પ્રિય પદાર્થ છે, શરીર પ્રિય છે તેમાં પ્રેમ કરવો અને બીજા પદાર્થ તેનાથી વિરુદ્ધ છે, અનુકૂળ નથી પડતો એમાં દ્વેષ (કરે છે) એમાં બગડી શું ગયું? **'જિસસે ઉનકો (રાગ-દ્વેષોંકો) અકરણીય–ન કરને લાયક બતલાયા જાતા હૈ?'** શિષ્યનો પ્રશ્ન છે કે રાગ-દ્વેષ કરવાલાયક નથી એમ આપ કહો છો તો તેનો હેતુ શું છે? તેનું સમાધાન (કરે છે).

**रागद्वेषद्वयीदीर्घ-नेत्राकर्षणकर्मणा।**
**अज्ञानात्सुचिरं जीवः, संसाराब्धौ भ्रमत्यसौ।।११।।**

થોડી સૂક્ષ્મ, ઝીણી વાત છે. આમ રાગ-દ્વેષ, રાગ-દ્વેષ (કરે) એમ નહિ. સમજાણું કાંઈ? કહે છે, જુઓ! એનો અર્થ છે ને? **'યહ જીવ અજ્ઞાનસે...'** જુઓ! ત્યાંથી લીધું છે. છે અર્થ.. અર્થ? આ જીવ અજ્ઞાનથી, મિથ્યાદૃષ્ટિથી. જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે (તેવો જીવ). છે? ક્યાં છે? ઇ તરત જ બોલે છે. **'યહ જીવ અજ્ઞાનસે...'** અર્થાત્ પોતાનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ જગતનો જ્ઞાતા-દૃષ્ટા છે. પોતાથી ભિન્ન ચીજ પોતામાં પ્રિય છે કે અપ્રિય છે એમ છે નહિ. એમ હોવા છતાં અજ્ઞાની **'રાગ-દ્વેષરૂપી દો લમ્બી દોરિયોં...'** સમજ્યા? પેલામાં તો સમુદ્ર મંથનનો દાખલો આપ્યો છે. મેરુ પર્વત. મંથન કર્યું હતું ને? અન્યમતિમાં વાત આવે છે ને? અન્યમતિમાં. મેરુનું મંથન કર્યું હતું. લાંબી દોરી. મેરુ પર્વતને જ્યારે (મંથન) કરે ત્યારે લાંબી દોરી જોઈએ ને? આ સંસારમાં અજ્ઞાનથી રખડવાની રાગ-દ્વેષરૂપી બે લાંબી દોરી.

**'ખીંચતાનીસે સંસારરૂપી સમુદ્રમેં બહુત કાલ તક ભમતા રહતા હૈ...'** જુઓ! આચાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જરી સૂક્ષ્મ વાત એમ કહે છે કે, **'પરિવર્તન કરતા રહતા હૈ.'** શું (કહે છે)? પોતાનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનસ્વરૂપને ભૂલીને શરીર ઠીક હોય તો મને ઠીક છે, મારા દેશને ઠીક હોય તો મને ઠીક છે, મારા કુટુંબને ઠીક હોય તો મને ઠીક છે, એમ અજ્ઞાની જે રાગ કરે છે એ મિથ્યાદૃષ્ટિનો રાગ અહીંયાં લીધો છે. સમજાણું કાંઈ?

મારો દેશ સુખી થાય તો બસ! સમજાણું કાંઈ? સાધુ નામ ધરાવીને એને સંપ્રદાયનો બહુ પ્રેમ ને! આમ માને કે લક્ષ્મી હોય તો પાપ થશે. પણ સંપ્રદાયનો રાગ? તો એમ જવાબ આપ્યો કે, અમારા સંપ્રદાયના બધા શ્રાવક સુખી થાય તો મને ઠીક છે. એક શેઠને એમ જવાબ આપતા હતા. મેં કીધું, આ શું? આ શું કરે છે? સમજાણું કાંઈ? અમારા સંપ્રદાયના શ્રાવક, શ્રાવિકા બધા સુખી થાય તો સારુ. એનો અર્થ કે, મિથ્યાદૃષ્ટિથી જેને પોતાના માન્યા એ કોઈ પોતાના છે જ નહિ. શ્રાવક કે શ્રાવિકા કે સંપ્રદાય પોતાનો છે જ નહિ. એય!

મુમુક્ષુ :– ક્યારે નથી?

ઉત્તર :– અત્યારે. ક્યારે શું?

મુમુક્ષુ :– કરુણાવાળા..

ઉત્તર :– કરુણાવાળા છે તે મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એને એમ છે કે, મારું કુટુંબ, મારી સ્ત્રી આદિ બધા સુખી થાય તો ઠીક. એવો જે રાગ છે એ મિથ્યાદૃષ્ટિનો મહાન મિથ્યાત્વ પાપની ભૂમિકામાં એવો રાગ થાય છે. સમજાય છે કાંઈ? કેમકે એણે જગતની ચીજ જે જ્ઞેય તરીકે એકરૂપ છે, આત્મા જ્ઞાતા તરીકે એકરૂપ છે, વસ્તુ જ્ઞેય તરીકે એકરૂપ છે. એમાં બે ભેદ નથી. અજ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન છોડી દીધા અને જ્ઞેય તરીકે બધી ચીજ એક જાણવાલાયક છે એમાં બે ભાગ પાડી દીધા. આ ઠીક છે એમ એમાં પ્રેમ કરવો એ તો તેનો પ્રેમ થયો તેના વિરુદ્ધમાં દ્વેષ થયા વિના રહેતો નથી. કેમકે રાગના પેટમાં દ્વેષ પડ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અમારું કુટુંબ નહિ પણ વિશ્વ કુટુંબ તો છે.

ઉત્તર :– વિશ્વ ક્યાં કુટુંબ છે? વિશ્વ તો ભિન્ન ચીજ છે. એ ધીમે ધીમે આવવાનું હતું પણ તમે પહેલા લઈ લીધું. વિશ્વ શું? પોતા સિવાય બીજી વિશ્વ ચીજ પોતાની છે? એ તો પહેલા કહ્યું, પોતાનું સ્વરૂપ જ્ઞાન, જ્ઞાતા-દૃષ્ટાને છોડીને જે અનંત ચીજ છે એ જ્ઞાનમાં ઇષ્ટ-અનિષ્ટ કરવાલાયક છે જ નહિ. બધી ચીજ જ્ઞાનમાં જાણવાલાયક છે. આહાહા..!

મુમુક્ષુ :– એનો પણ રાગ નહિ.

ઉત્તર :– કોઈનો નહિ.

મુમુક્ષુ :– આત્માનો પણ નહીં.

ઉત્તર :– આત્મા પ્રત્યે પ્રેમનો વિકલ્પ આવે છે એ બીજી વાત પણ એ પ્રેમ સારો છે એમ માનનારો પર પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે જ નહિ. રાગ નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે, આત્માનું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ ચિદાનંદ છે. એની જેને દૃષ્ટિ નથી એ પોતા સિવાય બીજા પદાર્થને કોઈને પ્રેમ કરે છે તો કોઈ પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બગાડ થાય છે.

ઉત્તર :– આ બગાડ થાય છે અજ્ઞાનનો, રાગ-દ્વેષનો એમ કહે છે. અજ્ઞાનીને એવા રાગ-દ્વેષ કરવાથી પોતાના ચૈતન્યનું ખૂન થાય છે. શું કહે છે? હિંસા થાય છે.

મુમુક્ષુ :– કોની?

ઉત્તર :– પોતાની, બીજાની કોણ કરી શકે છે? એય! 'ધરમચંદજી'! આહાહા..! જુઓ!

**'અજ્ઞાનસે રાગદ્વેષરૂપી દો લંબી દોરિયાં..'** એક ઉપર પ્રેમ કરે છે તો બીજા ઉપર દ્વેષ આવ્યા વિના રહેશે નહિ. પોતા સિવાય વિશ્વ ઉપર પ્રેમ કરે તો વિશ્વ પ્રત્યે કોઈ પ્રાણી પ્રેમ નહિ કરે તો તેના પ્રત્યે દ્વેષ આવ્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? આ વિશ્વ પ્રત્યે પ્રેમ કરતો નથી. આપણે સર્વ પ્રાણી સરખા છે. સરખાનો અર્થ શું? સમજાણું કાંઈ? સરખાનો અર્થ શું? તું જ્ઞાન છો, એ બધું જ્ઞેય છે. બસ! એમ સરખું છે. પોતા સિવાય બીજી ચીજ પ્રેમ કરવા લાયક છે તો પ્રેમ માન્યો. તો મિથ્યાદૃષ્ટિ જીવ એનાથી વિરુદ્ધ કોઈ પ્રાણી સર્વ પ્રત્યે પ્રેમ નહિ કરે તો તેના પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. આહાહા..!

આ જીવ મારે પ્રેમથી રક્ષા કરવાલાયક છે. એમ જેને બુદ્ધિ થઈ એવી મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ છે. સાંભળો! જરી ઝીણી વાત છે. આ જીવ મારો પ્રેમી છે અને પ્રેમથી મારું અંગ છે અને મારી રક્ષા કરવાલાયક છે એમ થયું તો એ રાગમાં, મિથ્યાદૃષ્ટિના રાગમાં અંદર દ્વેષ શક્તિ પડી જ છે. સમજાણું કાંઈ? જ્યારે એનાથી પ્રતિકૂળ બીજો દુશ્મન હશે, તેનાથી વિરુદ્ધ (હશે) એના ઉપર દ્વેષ થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બહુ ઊંડું..

ઉત્તર :– આ ઊંડાની વાત કરે છે. એ તો વાત કરે છે, અજ્ઞાનીના રાગ-દ્વેષની વાત કરે છે. જ્ઞાનીને રાગ-દ્વેષ છે જ નહિ. જ્ઞાનીને જે થોડા રાગાદિ થાય છે તેને જ્ઞેય તરીકે જાણે છે. રાગનો રાગ નહિ, દ્વેષનો દ્વેષ નહિ. રાગાદિ થોડા વિકલ્પ થાય છે તેને સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે, છે. એટલું. એમાં ઠીક-અઠીક કંઈ નથી. સમજાણું કાંઈ? ધર્મી જીવને જરી શુભરાગ આવે છે તેને જાણે છે. અશુભ આવે છે તેને જાણે છે. શુભરાગ ઠીક અને અશુભરાગ અઠીક એ મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. એક બાજુ રામ અને એક બાજુ ગામ.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એને બીજી કોઈ ચીજ પ્રેમ કરવાલાયક જગતની કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? પ્રેમ કરવાલાયક જો કોઈ પદાર્થને માન્યો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજા એના વિરુદ્ધ પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે નહિ. રાગ-દ્વેષ કરવો એ આત્માનો સ્વભાવ છે જ નહિ. છતાં એ રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષનો કર્તા થઈને નવા કર્મ બાંધે છે અને ચોરાશીમાં રખડે છે. એ વાત જરી કરે છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. એમ ને એમ રાગ કરવો નહિ, રાગ કરવો નહિ એમ નહિ. 'ધરમચંદજી'! જગતના બે ભાગ પાડી દે કે આ મારો દેશ. એનો પ્રેમ છે તો એનાથી વિરુદ્ધ દેશમાં દ્વેષ થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? એ મૂઢ પ્રાણી છે, એમ અહીંયાં કહે છે.

મુમુક્ષુ :– તો તો ઘણા માણસો મૂઢ થઈ જાય.

ઉત્તર :– આખી દુનિયા મૂઢ છે. ગાંડાની હોસ્પિટલમાં બધા પાગલ જ હોય. ગાંડાની હોસ્પિટાલમાં કોઈ ડાહ્યો હોય છે? સમજાણું કાંઈ? ડૉક્ટર ડાહ્યા હોય તો ભિન્ન પડી જશે. હોસ્પિટાલ અને હું જુદા છીએ, હું તો કામ કરનારો છું. સમજાણું કાંઈ? આ મારા છે એમ નથી માનતો. આ પાગલ મારો અને થોડો પાગલ છે તો મારો નથી (એમ નથી માનતો). કહે છે કે, ગાંડાને ડાહ્યા કરવા કઈ રીતે? કે, જ્ઞાનસ્વરૂપી છું એમ નિશ્ચય કરો અને તારે કોઈ પદાર્થ જગતમાં પ્રેમ અને દ્વેષ કરવાલાયક નથી. તે પાગલમાંથી ડાહ્યા કરવાની રીત છે. ડાહ્યો કહે છે ને? શું કહે છે? હોશિયાર.

ત્યાગી નામ ધરાવીને, સાધુ, શ્રાવક નામ ધરાવીને જો એને એમ આવે કે, આ શરીર ઠીક હોય તો મને ધર્મ ઠીક થાય. એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ કહે છે. રાગ-દ્વેષ, રાગ-દ્વેષ એમ નહિ. આત્મા છે એ શરીર છે તો શરીર નીરોગ હશે તો મારાથી દયા પળાશે. એમ જેની માન્યતા છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિનો રાગ છે. કોણ પરની દયા પાળે? શું છે? એ અંદર છે. શક્તિ, વ્યક્તિ શબ્દ પડ્યો છે ને? શક્તિ, વ્યક્તિનો અર્થ એ છે. રાગ કરે છે તો શક્તિરૂપે દ્વેષ છે જ. દ્વેષ કરે છે તો શક્તિરૂપે રાગ છે જ. વ્યક્તિરૂપે ભલે રાગ દેખાય. અંદર એક પ્રત્યે પ્રેમ (દેખાય કે) આહાહા..! ભારે પ્રેમ છે. એની શક્તિમાં દ્વેષ પડ્યો જ છે. અંદર લખ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ખબર નથી (કે) ક્યા રાગ-દ્વેષ ક્યા પ્રકારે કેવી રીતે થાય છે.

જ્ઞાની–સમ્યગ્દૃષ્ટિ ધર્મીને તો ખરેખર રાગ-દ્વેષ થતા જ નથી. આહાહા..! પોતાની થોડી નબળાઈથી ધર્મીને જે રાગાદિ થાય છે એ રાગનો રાગ નથી પણ રાગનું જ્ઞાન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને જે મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે એને કોઈપણ એક પ્રાણી દયા પાળવા લાયક છે, મારે આ જીવ રક્ષા કરવા લાયક છે એવો રાગ છે એ મિથ્યાદૃષ્ટિનો રાગ છે. કેમકે એમાં રાગ થયો તો બીજા પ્રત્યે દ્વેષ થયા વિના રહેશે જ નહિ. આહાહા..! 'વસંતલાલજી'! આહાહા..!

**'જીવ અજ્ઞાનસે રાગદ્વેષરૂપ દો લંબી દોરિયાં...'** જુઓ! લાંબી એટલે અનંતાનુબંધીના રાગ-દ્વેષની અહીંયાં વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમાં તો મેરુ પર્વતનો દાખલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આપ્યો છે, પણ આમાં ટીકામાં નથી. અનાદિ લાંબી દોરી. **'ખીંચતાનીસે...'** એક કોર રાગ– મારે આ પ્રાણી રક્ષા કરવાલાયક છે, આ દેશ મારો છે, આ શરીર મારું છે, આ સ્ત્રી મારી છે એવો પ્રેમ (છે) તો એમાં દ્વેષનો ભાવ આવ્યા વિના રહેશે નહિ. એવી ખેંચતાણથી, એ બે દોરીની ખેંચતાણથી, રાગ-દ્વેષરૂપી બે દોરીની (ખેંચતાણથી) **'સંસારરૂપી સમુદ્રમેં...'** સંસારરૂપી દરિયામાં **'બહુત કાલતક ઘૂમતા રહતા હૈ...'** ચોરાશીના અવતારમાં રખડશે. **'પરિવર્તન કરતા રહતા હૈ.'** સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

**વિશદાર્થ :– 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવરૂપ પંચપરાવર્તનરૂપ સંસાર...'** આ રખડવાનો સંસાર. વિશદ અર્થ છે ને? વિશદાર્થ. વિશદ અર્થ કર્યું છે. વિશદ. આ જગતમાં આત્મા સિવાય અનંત રજકણો છે તેના સંબંધમાં રખડવું એ દ્રવ્યસંસાર પરાવર્તન છે. આત્માનું ચૌદ બ્રહ્માંડમાં દરેક ક્ષેત્રમાં જન્મ લેવો અને મરણ થવું એ ક્ષેત્ર પરાવર્તન છે. કાળ પરાવર્તન– દરેક સમયમાં અનંતવાર ઊપજવું અને મરવું એ કાળ પરિવર્તન છે. ભવ–નરક, મનુષ્ય, ઢોર, સ્વર્ગ એમાં અનેક ભવ કરવા એ ભવ પરાવર્તન છે. ભાવ–શુભ અને અશુભભાવ. દયા, દાન, વ્રત પરિણામ એ શુભ(ભાવ). હિંસા, જૂઠું એ અશુભ(ભાવ). એમાં રખડવું, એ મારા છે એમ માનીને રખડવું એ ભાવપરિવર્તન સંસાર છે.

મુમુક્ષુ :– સ્ત્રી પુત્રાદિ સંસાર નહીં.

ઉત્તર :– સંસાર-ફંસાર નહિ. સ્ત્રી, પુત્ર સંસાર છે? સંસાર એની પર્યાયમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ (થાય છે) એ સંસાર છે. સ્ત્રી, પુત્ર સંસાર હોય તો શું થાય? મૃત્યુકાળે સ્ત્રી, પુત્ર તો અહીંયાં રહેશે. જો એ સંસાર હોય તો સંસાર અહીંયાં પડ્યો રહેશે. ચાલ્યા જશે તો એનો મોક્ષ થઈ જાય. સંસારનો અભાવ થઈ ગયો તો મોક્ષ થઈ જશે. શરીર સંસાર હોય, સ્ત્રી, કુટુંબ (સંસાર) હોય, પૈસા સંસાર હોય તો એનો અર્થ એમ થયો કે જ્યાં દેહ છૂટ્યો ત્યાં સંસાર છૂટી ગયો. આ બધું છૂટી ગયું, સંસાર છૂટ્યો તો મોક્ષ થઈ ગયો.

મુમુક્ષુ :– એ સંસાર હોય તો તો સારું ને!

ઉત્તર :– પણ એ સંસાર છે જ નહિ. એ વાત જ ખોટી છે. અહીંયાં સારાં-નરસાની વાત જ નથી. એ સંસાર છે જ નહિ. સંસાર (તો) પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા છોડીને હું પરનું કરી શકું, પરમાં પ્રેમ અને પરમાં દ્વેષ એવો મિથ્યાત્વ સહિતનો ભાવ, એ મિથ્યાદૃષ્ટિનો ભાવ જ સંસાર છે. આહાહા..!

'સંસરણ ઇતિ સંસારઃ' સંસારની આ વ્યાખ્યા છે. પોતાનું જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપને ભૂલીને સંસરણ (અર્થાત્) ખસી જવું, હટી જવું અને રાગ-દ્વેષમાં પ્રીતિ કરવી અને રાગ-દ્વેષ ઠીક છે એમ માનવું તે જ સંસાર અને પરિભ્રમણનું મૂળ છે. એ તો દેહ છૂટતાં એ ભાવ લઈને ચાલ્યો જાય છે અને ચીજ તો પડી રહે છે. એ ચીજ સંસાર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજાણું કાંઈ? આહાહા..!

**'પંચપરાવર્તનરૂપ સંસાર જિસે દુ:ખકા કારણ...'** જુઓ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. ભાવ એટલે પુણ્ય-પાપ ભાવ. શુભ અને અશુભભાવ બન્ને સંસાર છે. આહાહા..! એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ સંસારભાવ છે. દયા, દાન, વ્રત પરિણામ શુભ છે. હિંસા, જૂઠ (અશુભભાવ છે). બન્ને સંસાર છે. જુઓ! ભાવમાં શું આવ્યું? આહાહા..! સમજાણું કાંઈ?

દ્રવ્ય નામ ચીજોનો સંબંધ, ક્ષેત્ર નામ એક એક જગ્યામાં અનંતવાર જન્મ-મરણ,કાળમાં સમયમાં સમયમાં (જન્મ-મરણ), ભવમાં ગતિમાં (એટલે કે) નારક, દેવમાં અને ભાવમાં શુભાશુભભાવમાં. **'પંચપરાવર્તનરૂપ...'** એ પંચમાં વારંવાર પરાવર્તન કરીને ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– કર્મથી નથી રખડતો-

ઉત્તર :– કર્મ-ફર્મની વાત પણ ક્યાં છે? કર્મ ક્યાં રખડાવે છે? એ તો જડ છે, જ્ઞેય છે, જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞાનમાં કર્મ મને નુકસાન કરશે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં દ્વેષ કરે તો બીજામાં રાગ છે જ. મિથ્યાત્વમાં રાગ-દ્વેષ બન્ને શક્તિ પડી છે. સમજાણું કાંઈ?

**'પંચપરાવર્તનરૂપ સંસાર...'** એમાં ભાવ જે છે એ ભાવસંસાર (છે). શુભ-અશુભભાવ વિકલ્પ ઉઠવા, એની દયા પાળું, એને મારું, એની રક્ષા કરું, એની સંભાળ કરું એમ જે ભાવનું ઉત્થાન થાય છે, અંદરમાંથી વૃત્તિ ઉઠે છે, શુભ કે અશુભ બન્ને (વૃત્તિ) સંસાર પરિવર્તન છે. એ આત્માના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..!

પંચ પરમેષ્ઠી પ્રત્યે રાગ (આવે) એ અસ્થિરતાનો (રાગ) છે. એમાં નિશ્ચયથી રાગ કરવાલાયક છે એમ સમ્યગ્દષ્ટિ માનતો નથી. પરંતુ રાગ થોડો છે તો તેનાથી પ્રતિકૂળ થોડો દ્વેષ પણ છે. કુદેવ, કુગુરુ પર થોડો દ્વેષ પણ છે. પણ એ રાગ ને દ્વેષ જ્ઞાનીને જ્ઞેય તરીકે છે. સમજાણું કાંઈ? પંચ પરમેષ્ઠી દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ સમ્યગ્દષ્ટિને એમના પ્રત્યેનો પ્રેમ છે તો એનાથી વિરુદ્ધ કુદેવ, કુગુરુ પર થોડો દ્વેષનો અંશ છે. એ રાગ અને દ્વેષ જ્ઞાતાનું જ્ઞેય છે. પોતાના માનતો નથી અને પોતાથી થયા છે અને એ લાભદાયક છે એમ માનતો નથી. ઓહોહો..! સમકિતમાં શું વાંધો આવે?

મુમુક્ષુ :– દેવને માનવા ઇ–

ઉત્તર :– માને છે કોણ? પોતાના માનવા, પોતાનું સ્વરૂપ માનવું એ જ (મિથ્યા) માન્યતા છે. પર સ્વરૂપનો રાગ આવે છે. વ્યવહાર સમકિત છે પણ એ જ્ઞાનનું જ્ઞેય છે. એ રાગ છે તેનાથી મને લાભ છે અને રાગ કર્યો તો મેં ઠીક કર્યું છે (એમ માનનાર) મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એ માટે તો આ 'ઇષ્ટોપદેશ' (કહેવાય છે).

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– કોઈ ધર્મ સાચો હશે અને આ ખોટો એ તો રાગ-દ્વેષ થઈ ગયા.

ઉત્તર :– એ અસ્થિરતાનો વિકલ્પ આવે છે એ બીજી વાત છે. અંદરમાં નથી. જ્ઞાતા તરીકે જાણે છે. સાચું કે ખોટું એ જ્ઞાતા તરીકે જાણે છે. સમજાણું કાંઈ? પરંતુ જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી શુભરાગ આવે છે અને થોડો દ્વેષનો અંશ પણ આવે છે. પણ બન્નેને પોતાના સ્વરૂપમાં એકત્વ કરતો નથી. અજ્ઞાની તો એમાં જ પડ્યો છે. રાગ કર્યો એ મેં ઠીક કર્યું તો દ્વેષ થયા વિના રહેશે નહીં અને એ પણ હું ઠીક કરું છું (એમ માન્યા વગર રહેશે નહિ).

મુમુક્ષુ :– ખાતું જુદું પાડવું પડશે.

ઉત્તર :– હા. ખાતું જુદું પાડ્યા વિના તારો છૂટકારો નહિ થાય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમારે એક 'નારણભાઈ' હતા ને? એ 'નારણભાઈ' જ્યારે લોચ કરતા હતા (ત્યારે) કીધું, 'નારણભાઈ' કેવું લાગે છે? (એમણે કહ્યું), 'જેટલો રોટલી ખાતા રાગ (થાય છે) એટલો અત્યારે દ્વેષ થાય છે.' 'લાઠી'માં (વાત થઈ હતી). 'લાઠી'માં એક જ ચોમાસુ કર્યું હતું ને? ૮૬માં. ત્યાં કહેલું. 'કેમ લાગે છે આમાં?' 'રોટલા, દાળ, ભાત વખતે જેટલો રાગ થાય છે એટલા પ્રમાણમાં અહીં દ્વેષ થાય છે.' તર્કબાજ બહુ હતા. સમજ્યા ને? જરીક ફેરફાર થઈ ગયો હતો. તર્કબાજ બહુ હતા, બહુ તર્કબાજ. થોડા થોડામાં તર્ક કરે તો એવો તર્ક કરે ને..! આહાહા..! સમજાણું કાંઈ? 'લાઠી' માં પેલી ધર્મશાળા છે ને? ત્યાં વ્યાખ્યાન આપવા જતાં, મેડી ઉપર. પડખે ધર્મશાળા નહિ, બહાર દરવાજા પાસે. ન્યાં વ્યાખ્યાન વાંચવા જતા ને? પજુસણમાં ઘણું માણસ હોય ને? (પૂછ્યું), 'કેમ છે?' (તો કહ્યું) 'દાળ, ભાત, શાક ખાતાં જેટલી એના તરફની રાગની વૃત્તિ ખેંચાતી હતી એટલી જ અહીંયાં ખેંચવામાં દ્વેષની વૃત્તિ આવે છે.' સમજાય છે કાંઈ?

અહીં બીજી રીતે કહીએ. આ આત્મા જ્ઞાતા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ છે. એમાં કોઈપણ ચીજમાં રાગ કરવાલાયક છે એવી ચીજ આત્મામાં નથી. તો કોઈપણ ચીજ દ્વેષ કરવાલાયક છે એવું પણ આત્મામાં નથી. એક વાત. અને સામી ચીજ અનંત છે એમાં બે ભાગ નથી કે આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે એમાં એવા બે ભાગ નથી. એ જગતના પદાર્થ તો જ્ઞેય તરીકે છે. મિથ્યાદૃષ્ટિ જીવ–પોતાના સ્વરૂપનું ખૂન કરવાવાળો હું જ્ઞાન છું એમ નહિ માનીને જગતની ચીજ જ્ઞેય તરીકે એકરૂપ જાણવી જોઈએ (તેને બદલે) તેના બે ભાગ પાડે છે. આ અનુકૂળ ઠીક છે અને પ્રતિકૂળ એ ઠીક નથી. એવા રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદૃષ્ટિના રાગ-દ્વેષ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને જરીક રાગ-દ્વેષ થાય છે એ ચીજને ઠીક-અઠીક માનીને જ્ઞેયના બે ભાગ કરીને રાગ-દ્વેષ નથી થતા. આહાહા..! એય! 'કાંતિભાઈ'! આ શું તમારી 'લાઠી' ની વાત કરી? સાંભળી નહિ? પેલી બહારની ધર્મશાળા નહિ? કઈ? એ પણ ખબર નથી. આ વ્યાખ્યાન વાંચવા નહોતા જતા ચોમાસામાં? (સંવત) ૧૯૮૫ માં. પેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દરવાજા પાસે. ૧૯૮૫. ૩૭ વર્ષ થયા. સમજાણું કાંઈ? અરે..!

અહીં તો આચાર્ય જરી બહુ સૂક્ષ્મ રીતે રાગ-દ્વેષની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ! જ્ઞાનીને, ધર્મીને, સમ્યગ્દષ્ટિને લડાઈનો ભાવ પણ થાય છે. સાંભળો! અને ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં ભોગ લેવાની વૃત્તિ આવે છે. સાંભળો! એ વૃત્તિની વાસના મને ઠીક છે એમ નથી. એ વૃત્તિથી એકત્વ (તોડીને) ભિન્નપણું કર્યું છે. હું જ્ઞાનાનંદમય છું એમાં એકત્વ થયું છે. રાગથી ભિન્નતા કરી છે. એ સમયે પણ રાગથી પૃથક્ છે, સ્વભાવથી એકત્વ છે. સમજાણું કાંઈ? અજ્ઞાની એ રાગના (કાળે), નાના નાના દયાના રાગના કાળે પણ 'મારે એ રક્ષા કરવાલાયક છે, મારે એ પ્રેમ કરવાલાયક છે' એવો રાગ છે. એ રાગ અને જ્ઞાન એક માનીને પરચીજમાં બે ભાગ પાડે છે એ મિથ્યાદષ્ટિનો રાગ છે. આહાહા..! 'ગુલાબભાઈ'! બહુ સમજવું પડે એવું છે, એમ કહે છે. ભાઈ! ચીજ એવી છે. એય! જુઓને! ઇ શક્તિ-વ્યક્તિ કીધી ને? લાઉં જોઉં શું કહે છે આ? છે ને અંદરમાં ઇ? **'रागद्वेषयोः शक्तिव्यक्तिरूपतया युगपत् प्रवृत्तिज्ञापनार्थे द्वयीग्रहणं'** **'द्वयी'** શબ્દ પડ્યો છે ને? **'रागद्वेषद्वयी'** મૂળ પાઠમાં **'द्वयी'** (શબ્દ) પડ્યો છે ને? **'रागद्वेषद्वयी'** આ એનો અર્થ કરે છે. અજ્ઞાનીને રાગ-દ્વેષ એકસાથે છે. જ્ઞાનીને એકસાથે જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા..! શું આંતરો છે એ સમજાય નહિ.

આ શક્તિ છે. છે ને? સ્પષ્ટ છે ને વાત? કીધું, આ શું કહે છે? નહિતર વિચાર તો થયો હતો કે, પંડિતજીને પૂછીએ કે એમાં શું છે? ત્યાં તો એમાંથી ખુલાસો આવી ગયો. શક્તિ-વ્યક્તિ શું કહે છે? કીધું. શક્તિ-વ્યક્તિ એ કે, આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ હું છું એમ ભાન છે ત્યાં રાગ અને દ્વેષ શક્તિ-વ્યક્તિરૂપે છે જ નહિ. સમજાણું કાંઈ? ત્યાં જરી રાગ-દ્વેષ થોડો થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ એટલો જ કુદેવાદિ પ્રત્યે દ્વેષનો અંશ થાય છે (પણ) એ બે ભાગ નથી પાડતા. એ જ્ઞેય તરીકે, જ્ઞાની રાગને જ્ઞેય તરીકે જાણે છે. હું જ્ઞાતા છું, એ જ્ઞેય છે. જેમ પરચીજમાં બે ભાગ પાડતા નથી, ઇષ્ટ-અનિષ્ટપણું કરતા નથી એમ શુભ-અશુભમાં ઇષ્ટ-અનિષ્ટના ભાગ નથી પડતા. એ જાણવાલાયક છે, હું જાણનારો છું. એનું નામ જ્ઞાનધર્મને નિશ્ચય કરીને જ્ઞાનનો ધર્મ ધાર્યો. આહાહા..! સમજાણું કાંઈ? એ છોડીને, થોડો રાગ (થાય કે), આ જીવની રક્ષા કરવી ઠીક છે, એ રાગ મિથ્યાદષ્ટિનો રાગ છે. કેમ કે પરપદાર્થની રક્ષા અને પરપદાર્થનો નાશ આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી.

મુમુક્ષુ :– પાંજરાપોળ..

ઉત્તર :– પાંજરાપોળ કોણ કરી શકે છે? કોણ કરે છે? એ.. 'વસંતલાલજી'! અજ્ઞાનીનું અભિમાન છે. આહાહા..!

વસ્તુસ્થિતિ શું છે? વસ્તુનું સત્ત્વ, સત્નું સત્ત્વ કેવું છે એ સમજ્યા વિના બીજાના સત્ત્વને પોતામાં લગાવી દે. વસ્તુનું સત્ કેવું છે? ભગવાનઆત્મા જ્ઞાન સત્ છે, જ્ઞાન સત્ત્વ સ્વભાવ છે, આનંદ સ્વભાવ છે, શાંતિ સ્વભાવ છે, જાણવું-દેખવું સ્વભાવ છે. બસ! એ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સત્‌નું સત્ત્વ છે. અને પરનું સત્ત્વ કેવું છે? કે, એ છે. એ પોતાના જ્ઞાનમાં જાણવાલાયક છે. બસ! એટલી વાત છે. એ સિવાય અતિરેક કરીને એમાં બીજું કાંઈક ઘુસાડવું કે, આ ઠીક છે, મારે પ્રેમ કરવાલાયક ચીજ છે તો બીજી ચીજ અપ્રેમની થઈને મિથ્યાદૃષ્ટિનો અનંત સંસારનો રાગ-દ્વેષ એને ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

એમ તો નવમી ગ્રૈવેયક જનારો દિગંબર સાધુ અનંતવાર થઈ ગયો. શું થયું? મિથ્યાદૃષ્ટિ હતો. બાર વ્રત ધારીને શ્રાવક પણ અનંતવાર થયો. પણ એ વિકલ્પ રાગ આવ્યો કે હું ઠીક કરું છું, આ મારું આચરણ છે, મારું કર્તવ્ય છે એમ માનનારો મિથ્યાદૃષ્ટિ છે. રાગના બે ભાગ પાડે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કઠણ વાત!

મુમુક્ષુ :– બધા રાજા હોય એવું લાગે છે. બધા ભગવાન છે.

ઉત્તર :– બધા ભગવાન છે. ચૈતન્યમૂર્તિ છે, આત્મા બાદશાહ છે. અંદર ચૈતન્યશક્તિથી ભરેલો ભંડાર આત્મા છે. આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર, જ્ઞાનની કળા ખીલવવી હોય એટલી ખીલી શકે છે. કેવળજ્ઞાન પ્રગટ કરી શકે એટલી એનામાં તાકાત છે. રાગ પ્રગટ કરે એવી એનામાં તાકાત છે? સમજાણું કાંઈ? શું એમાં–સ્વભાવમાં અંદર રાગ-દ્વેષ ભર્યો છે?

મુમુક્ષુ :– પરપદાર્થમાં..

ઉત્તર :– પરપદાર્થમાં રાગ છે? પરપદાર્થ રાગ કરાવે છે? જો પરપદાર્થ રાગ કરાવતું હોય તો પરપદાર્થ તો ત્રિકાળ રહે છે તો કદી રાગરહિત થઈને આત્મા વીતરાગ થઈ શકે જ નહિ. પરપદાર્થથી રાગ થતો હોય તો પરપદાર્થની હયાતી તો ત્રિકાળ છે. તો જ્યાં સુધી એ રહે ત્યાં સુધી રાગ જાય નહિ. પરંતુ એમ છે નહિ. પરપદાર્થ રાગ-દ્વેષ કરાવતા નથી અને આત્મામાં રાગ-દ્વેષ છે નહિ. અજ્ઞાન મૂઢનો મિથ્યાત્વભાવ, પાગલપણું (છે) એ પરમાં પ્રેમ અને દ્વેષ કરે છે એ પાગલ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પાગલપણું લક્ષમાં ન આવતું હોય તો શું કરે?

ઉત્તર :– પાગલ રખડ્યા કરે. શું કરે? બતાવે તોપણ ન સમજે તો રખડે ચાર ગતિમાં. તો એ રખડે એ તો પહેલા કહ્યું.

**'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવરૂપ પંચપરાવર્તનરૂપ સંસાર વિષે દુઃખકા કારણ...'** જુઓ! **'અને દુસ્તર હોનેસે...'** બે વાત. એક શુભાશુભભાવ દુઃખનું કારણ અને નિમિત્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ એ પણ દુઃખનું નિમિત્ત. છે ને? **'અને દુસ્તર...'** આહા..! સમુદ્રમાં રખડતા અનંત અનંત કાળ થયો. અનાદિકાળ છે ને? આ આત્મા નવો છે? હજી તો કેટલાકને એ ખબર નથી કે આત્મા અહીંથી આવ્યો છે ને ક્યાંથી આવ્યો એ ખબર નથી. કાલે પાંચ-સાત જણા જોવા આવ્યા હતા. મેં કીધું, આ શરીરની સ્થિતિ છે, હોં! આત્મા જુદો છે, હોં! આત્માની ઉંમર ન હોય. (તો પૂછ્યું), એ શું? આત્માની ઉંમર ન હોય, કીધું. અહીંયાં પંચોતેર વર્ષ જોતા હતા ને? અહીં સાંભળતા હતા. કીધું, આ શરીરની વાતું ચાલે છે. આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉંમર-બુમર હોય નહિ. આત્મા તો સચ્ચિદાનંદ અનાદિઅનંત છે. હેં..? બીજા ભવમાંથી અહીં આવ્યો છે અને અહીંથી ક્યાંક જાશે. એમ અનાદિથી રખડ્યા કરે છે. હાય.. હાય..! આ વળી શું? પછી પેલી 'રાજુલ' નો દાખલો આપ્યો. હેં..? એમ છે? લ્યો! આવું માણસપણું પામ્યા અને જુવાનિયા માણસ ભણ્યા-ગણ્યા હોય એને એટલું પણ ભાન ન મળે કે આ આત્મા ક્યાંક હતો ન્યાંથી આવ્યો છે. ક્યાંક હતો ત્યાંથી આવ્યો છે. શરીર ત્યાં પડ્યું રહ્યું, આ શરીર બીજું છે. આ પડ્યું રહેશે અને અહીંથી ચાલ્યો જશે. એવા શરીર તો અનંત આવ્યા. દ્રવ્ય-શરીર કેમ આવ્યા? આ રાગ-દ્વેષને કારણે. રાગ-દ્વેષ કેવા? કે, મિથ્યાત્વના રાગ-દ્વેષને કારણે. એ અહીંયાં કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમારો દેશ, દેશ માટે મરવું, અમારું કુટુંબ, એની માટે મરવું, મારું શરીર એની બરાબર રક્ષા કરવી, મારી સ્ત્રી.

મુમુક્ષુ :– શરીરને ઉપયોગમાં તો લેવું પડે ને?

ઉત્તર :– ધૂળમાં ઉપયોગ લે. તમારે કહેતા હતા. એ 'ઢેબરભાઈ' એક ફેરી અહીંયાં પૂછતા હતા, 'આ શરીરનો સદ્‌ઉપયોગ કેમ કરવો?' કીધું, 'સદ્‌ઉપયોગ થાતો હશે શરીરનો?' આવા ને આવા બધા. (સંવત) ૨૦૧૫ની સાલમાં 'ઢેબરભાઈ' આવ્યા હતા. નેતા બધા સમજવા જેવા છે. આ જડ શરીરનો સદ્‌ઉપયોગ થાતો હશે? આ જડનો, માટીનો? આત્મા ભિન્ન ચીજ, આ ભિન્ન ચીજ. આ ભિન્ન ચીજમાં રહેવું, ન રહેવું એને આધીન છે. એનો તું ઉપયોગ કરી શકે છે? હું શરીરનો સદ્‌ઉપયોગ કરું એવી માન્યતા મિથ્યાદષ્ટિના રાગની તીવ્ર પાપની (દષ્ટિ) છે. એમ અહીંયાં કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– લોકના ભલા માટે..

ઉત્તર :– લોકનું કોણ ભલું કરી શકે છે? ધૂળમાં. સમજાણું કાંઈ? ભલાનો અર્થ શું? દુનિયા પોતાના ચૈતન્ય સ્વરૂપને ભૂલીને મિથ્યાત્વના રાગથી દુઃખી થાય છે. એ જ મિથ્યાત્વ અને ભ્રાંતિ છોડીને સુખી પોતાથી થઈ શકે છે. શું બીજાએ તેનો દોષ કર્યો છે? બીજાએ તેનો દોષ કર્યો છે કે બીજો એનું દુઃખ ટાળી દે અને સુખી કરી દે? સંયોગથી શું સુખ છે? અનુકૂળતા મળી એ સુખ છે? એ વાત તો કરે છે. અનુકૂળતા મળવી એમાં સુખ માનવું એ મૂઢ મિથ્યાદષ્ટિ માને છે. અંદરમાં પોતાના સ્વરૂપને ભૂલીને મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષ કરીને દુઃખી થાય છે. એ કરવાવાળો પોતાના મિથ્યા ભ્રમ અને રાગ-દ્વેષને કારણે દુઃખી છે. તો જેણે કર્યા એ રાગ-દ્વેષ છોડીને સુખી થઈ શકે છે. બીજો શું સુખી કરી શકે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બધા ઉપરથી હાથ ઉઠાવી લેવો પડે.

ઉત્તર :– ઉઠાવી (જુદો) પડ્યો જ છે, ઇ મફતનો માને છે. કરે છે શું? 'મોહનભાઈ'! માળો ભારે પણ અભિમાની! આ બધું અમારું.. અમારું.. અમારું.. બધાનું કરી દઈએ, દેશનું કરી દઈએ, આમ કરી દઈએ. અને ભાઈ! શરૂઆતથી તો ઘરથી કરવી, પાછા ડાહ્યાના દીકરા એવું હળવે હળવે બોલે. પહેલા અહીંયાંથી શરૂ કરવું પછી નાતમાં લેવું, પછી કુટુંબમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી નાતમાં, પછી દેશમાં, પછી ફલાણામાં.. ઓહો..હો..! જાણે ભાષણ... ભારે પણ ભાષણ કરનારા, હોં! ઊંટની જેમ ભખનાર! કોણ કરે? સાંભળને!

અહીં તો આચાર્ય મહારાજ કહે છે, ભગવાન! તારી મૂડીમાં-પુંજીમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ-દ્વેષ કરાવે એવી બીજી ચીજમાં તાકાત નથી. તું તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનને કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે, આ અઠીક છે એમ અનંતકાળથી તેં રાગ-દ્વેષનું મંથન કર્યું. સમજાણું કાંઈ? આ અમારા અંગી છે. તો એનો અર્થ થયો કે, એ સિવાય તારા દ્વેષી એ શત્રુ છે. અંગી અને શત્રુ દુનિયામાં કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'દુઃખકા કારણ ઔર દુસ્તર હોનેસે...'** દુસ્તર. ઓ..હો..! એ રાગ-દ્વેષથી જે રખડવું થાય છે એની દૃષ્ટિમાં વિકાર જ માલૂમ પડે છે. તેને છોડવું મહા દુષ્કર છે. તો એ અનાદિકાળથી રાગ-દ્વેષમાં ડૂબી જાય છે. પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, અંદર જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એ છોડીને રાગ-દ્વેષમાં ઠીક છે અને અઠીક છે એમાં ડૂબી ગયો છે. દુસ્તર સમુદ્ર થઈ ગયો. તેનાથી તરવું દુસ્તર થઈ ગયું. દુસ્તર કહ્યું છે ને? દુસ્તર એટલે તરવું મુશ્કેલ થઈ ગયું. દુસ્તર. દુ-સનો ... થઈ ગયું. દુઃખે કરીને તરવું મહામુશ્કેલ થઈ ગયું.

**'સમુદ્રકે સમાન સંસાર કહા ગયા હૈ, ઉસમેં અજ્ઞાનસે...'** અહીં તો અજ્ઞાનની જ વાત કરી છે. **'શરીરાદિકોંમેં...'** જુઓ! શરીરમાં, વાણીમાં. આવી વાણી હોય ને તો દુનિયાને લાભ થાય. ભાષણ કરતા બહુ આવડે, લોકોને આમ ઓહો..હો..! (થઈ જાય). આમ માણસ દેખે તો આ..હા.હા..! (થાય). એવી મારે હોય ને! લાખો માણસ બેઠા હોય, કેવી ભાષા કરે! કેવું આમ બધા આકર્ષણ થઈને બેસે! શું છે? ભાષા તો જડ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'અજ્ઞાનસે શરીરાદિકોંમેં...'** અને વાણીમાં. આદિમાં છે ને? આદિ. વાણીમાં પણ પ્રીતિ કરે છે કે, આવી વાણી હોય તો ઠીક. સમજાણું કાંઈ? તેનાથી બીજી વાણી પ્રત્યે દ્વેષ થયા વગર રહેશે નહિ અને એ રાગ-દ્વેષ જ અજ્ઞાનનું મૂળ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એવી વાત છે. સાધારણ રાગ-દ્વેષની વાત છે? લ્યો, આ મેં છોડી દીધું એટલે રાગ-દ્વેષ છૂટી ગયા. ધૂળમાં છૂટ્યા નથી. રાગ-દ્વેષ એમ છૂટે?

આત્મા જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહિ. પરપદાર્થનો તો ત્રિકાળ અભાવ છે પરંતુ એમાં શુભાશુભ પરિણામ ઉઠે છે તેનો પણ અભાવ છે. એવા જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક કરવા તે જ આત્માના હિતનો તરણ ઉપાય છે. બીજો કોઈ તરણ ઉપાય નથી. સમજાણું કાંઈ? આહા..! આ દુસ્તર આવ્યું ને? તરવું મુશ્કેલ છે એમ કીધું ને? સમજાણું કાંઈ? આહાહા..! આચાર્ય ઘણી ગૂઢ ગંભીર વાત કરે છે.

**'અજ્ઞાનસે શરીરાદિકોંમેં...'** શરીર ઠીક હોય તો ઘણો પરોપકાર કરી શકાય, સેવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી શકું. નીરોગ શરીર હોય તો કરી શકું. મૂઢ છો. શરીર તો જડ છે. તેનાથી કોની સેવા કરી શકે? શરીરની ક્રિયા થાય છે એ જડની પર્યાય છે. એ પર્યાય તારું કર્તવ્ય છે? સમજાણું કાંઈ? તારું કર્તવ્ય હોય તો એ બન્ને ચીજ એક થઈ જાય. શરીરની પર્યાય અને આત્મા એક થઈ જાય. એમ એક છે નહિ. અજ્ઞાનથી શરીરમાં, વાણી આદિમાં, મન આદિમાં, અહીંયાં એક મન પણ છે (એમાં) **'આત્મભ્રાંતિસે...'** આત્મભ્રાંતિ એટલે તેનાથી મને લાભ થશે (એમ માન્યું) એ જ એમાં આત્મા માન્યો.

જેનાથી લાભ માને છે તેને એક માન્યા વિના લાભ માની શકે નહિ. 'ગુલાબભાઈ'! સિદ્ધાંત સમજ્યા? સિદ્ધાંત બરાબર (સમજ્યા)? શરીરથી મને ધર્મનો લાભ થશે (એમ જેણે માન્યું તેણે) શરીર અને આત્મા એક માન્યા વિના એવી માન્યતા થઈ શકે નહિ. સમજાણું કાંઈ? અમારા ઘણા ભગત છે. અમે તો દુનિયા પાસે લાખો, કરોડો, અબજો રૂપિયા કઢાવી શકીએ છીએ અને દાન, દયા કરી શકીએ છીએ. અમારી પાસે પૈસા નથી અને પૈસાવાળા પાસે અમે પૈસા કઢાવી લઈએ છીએ. મૂઢ છો. એવું ક્યાંથી લાવ્યો?

મુમુક્ષુ :– વ્યાખ્યાન કરે...

ઉત્તર :– વ્યાખ્યાન કોણ કરે છે? ભાષા જડની પર્યાય છે. જડની પર્યાયથી હું બીજાને લાભ કરાવી શકું એમ વાત છે? તો જડને પોતાનું માન્યા વિના જડથી પરને લાભ થાય છે અને એથી મને લાભ થાય છે, એ જડને પોતાનું માન્યા વિના એવી દ્રષ્ટિ હોય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....અમલ કરવા માટે..

ઉત્તર :– અમલ પણ કે દિ'? પહેલા સમજે ત્યારે અમલ કહેવાય ને? અમલનો અર્થ શો? જે મળ નામ મિથ્યા ભ્રાંતિ કરે છે તેને સમજવું તેનું નામ અમળ કહે છે. મળ વિનાનો અમળ. સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન કરવા એ અમળ. મિથ્યાશ્રદ્ધા આદિ કરવા એ અમલમાં મૂકવાની લાયકાત નથી.

મુમુક્ષુ :– આચરણ..

ઉત્તર :– આચરણ ઇ છે, બીજું ક્યું આચરણ છે? શું આચરણ લટકે છે? આચરણ આત્મામાં થાય છે કે આત્માનું આચરણ જડમાં થાય છે? માટીમાં થાય છે?

**'અજ્ઞાનસે–શરીરાદિકોંમેં આત્મભ્રાંતિસે–અતિદીર્ઘ કાલતક...'** અનંત સંસાર છે. અનંતકાળથી રખડે છે ને? એકેન્દ્રિયથી માંડીને, નિગોદથી માંડીને, બટાટા આદિમાં જીવ છે. એ પણ અજ્ઞાનથી, રાગ-દ્વેષથી પોતાનું માનીને, અવ્યક્તપણે પરને પોતાનું જ માને છે. સમજાણું કાંઈ? એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. ઓહોહો..! નિગોદ.. નિગોદ બટાટા આદિ બધું કંદમૂળ છે. અનંત જીવ છે. એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. એ રાગ–શરીર પ્રત્યે પ્રેમ એકત્વબુદ્ધિ છે. રાગ પ્રત્યે એકત્વબુદ્ધિ છે. એ કારણે ત્યાં ભવ કરે છે. આમ સાધુ થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને ત્યાગી થઈને પણ શુભરાગથી મને લાભ થશે (એમ માનીને) રાગથી એકત્વબુદ્ધિ થઈ એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ પરિભ્રમણનું મૂળ છે. સમજાણું કાંઈ?

**'અતિદીર્ઘ કાલતક ઘૂમતા (ચક્કર કાટતા) રહતા હૈ.'** લ્યો! **'ઇષ્ટ વસ્તુમાં પ્રીતિ હોનેકો રાગ..'** જુઓ! પોતા સિવાય બીજી ચીજને ઇષ્ટ માનવી એ એની ઉપર મૂઢ રાગ કરે છે. **'ઔર અનિષ્ટ વસ્તુમેં અપ્રીતિ હોનેકો દ્વેષ કહતે હૈં.'** શરીરમાં રોગ થયો (તો) ઉં..હું.. (થાય). નીરોગ થયું તો ઠીક છે. શું ઠીક-અઠીક? એ તો જડની પર્યાય છે. જડની પર્યાયમાં તને ઠીક-અઠીકપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સેવા કરનાર હોય તો પરિણામ સારા રહે. શરીરમાં રોગ હોય (અને) વૈયાવચ્ચ કરનારા, માવજત કરનારા સરખા હોય ને, માવજત કરનારા (તો ઠીક રહે). શરીરમાં બહુ રોગ હોય તો માવજત કરનારા હોય, આમ હવા-પાણીવાળું મકાન હોય તો જરી પરિણામ સારા રહે. મૂઢ છે, કહે છે. મૂઢ! માળા! એ પરને કારણે તારા પરિણામ થાય છે? મિથ્યાદૃષ્ટિ તેં આત્માનું ખૂન કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- નિરાંતે આમ બેઠા બેઠા ધર્મ કરાય..

ઉત્તર :- ધૂળમાંય ધર્મ (નથી). પૈસાને લઈને ધર્મ થાતા હશે? એય! 'છગનભાઈ'! આ 'ખીમચંદભાઈ' પૈસાવાળા છે તો નિરાંતે બેઠા છે, એમ આ કહે છે. અહીં સાધારણ (સ્થિતિવાળા) પણ ઘણા છે. નથી? મહિને પચીસ રૂપિયા મળે નહિ એવી બાઈયું પણ અહીંયાં કેટલીય છે. એમાં શું? એય!

આચાર્ય પણ ભારે વાત કરે છે, હોં! 'ઇષ્ટોપદેશ'! ઇષ્ટ ઉપદેશ. બાપુ! ભાઈ! તારો આત્મા પરવસ્તુમાં કોઈ ભાગલા પાડીને, નાનામાં નાની ચીજમાં પણ એ મને પ્રેમ કરવાલાયક છે અથવા રક્ષા કરવાલાયક છે તો બીજી અરક્ષામાં દ્વેષ કરવાલાયક છે એમ થઈ ગયું. એ ભાવને મિથ્યાત્વભાવ કહે છે. આનું નામ ઇષ્ટ ઉપદેશ છે. સમજાણું કાંઈ? અને એમાં લાભ મનાવે એ અનિષ્ટ ઉપદેશ, દુષ્ટ ઉપદેશ છે. એ ઉપદેશ જ દુષ્ટ છે. સમજાણું કાંઈ? આહાહા..! કોઈ પણ પ્રાણી ભાવ દ્વારા બીજાને કહે કે, ભાઈ! અમારે ભલે એકાદ-બે ભવ કરવા પડે પણ દુનિયાને લાભ થાય થતો હોય તો ભલે અમારે ભવ કરવા પડે. દુનિયાને એટલી મીઠું લાગે.. આહાહા..! અહીં કહે છે કે, મૂઢ છો. તું મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી પ્રાણી છો.

મુમુક્ષુ :- બિચારા દુનિયાના ભલા માટે ભવ કરે છે.

ઉત્તર :- ભવ શું? ભવ અને ભવનો રાગ કરવો એ ઠીક છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એનાથી પરમાં નિમિત્ત થવું એ ત્રણકાળમાં થતું નથી. સમજાણું કાંઈ? બહારમાં કેવું મીઠું લાગે! ઓ..હો..! ભાઈ! અમારે બે ભવ કરવા પડે તો પણ હરકત નથી પણ દુનિયાને અનુકૂળતા કરવા માટે અમારો જન્મ (ભલે થતો). લાખો માણસ આમ આ..હા.. (કરે). શાસ્ત્રકાર કહે છે કે, એ પોતાનું-આત્માનું ખૂન કરે છે. સમજાણું કાંઈ? જુઓ! એ વસ્તુમાં પ્રીતિ કરી. અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ કરી. સમજાણું કાંઈ? આહાહા..! શું તારાથી એની પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુધરી જશે? એની યોગ્યતાથી સુધરે છે. તને એવું અભિમાન ક્યાંથી આવ્યું? અને ભવ કરવાનો ભાવ તો રાગ કરવાનો ભાવ થયો. રાગનું ફળ ભવ કરવાનો ભાવ થયો. એ તો દ્વેષ થયો. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધમાં દ્વેષ થયો અને કરવામાં રાગ થયો.

**'ઉનકી શક્તિ ઔર વ્યક્તિરૂપસે હંમેશા પ્રવૃત્તિ હોતી રહતી હૈ,...'** છે? રાગ વખતે રાગની વ્યક્તતા અને દ્વેષની શક્તિ. દ્વેષ વખતે વ્યક્તતા દ્વેષની અને રાગની શક્તિ. સમજાણું કાંઈ? એ શું કહે છે? **'શક્તિ ઔર વ્યક્તિરૂપસે હંમેશા પ્રવૃત્તિ હોતી રહતી હૈ,...'** પરિણામમાં. શું (પ્રવૃત્તિ થાય છે)? આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે એને છોડીને પરના હિત માટે કે પરનો પ્રેમ કરવો, રાગ ઠીક છે તો એ મિથ્યાદ્દષ્ટિના રાગમાં વ્યક્તતા રાગની છે, શક્તિરૂપે દ્વેષ પડ્યો જ છે. અને અમારો ધર્મનો વિરોધી છે તેને મારવો ઠીક છે. ધર્મના વિરોધીને મારી નાખવા એવો ભાવ દ્વેષ છે. તો દ્વેષમાં બીજા પ્રત્યેના પ્રેમની શક્તિ પડી જ છે. કોઈ દુશ્મન છે જ નહિ. સમજાણું કાંઈ? ધર્મ વિધ્વંસીઓને તો છેદી નાખવા. અરે..! ભગવાન! ધર્મ વિધ્વંસી કહેવા કોને? એ તો એના પરિણામ (છે), મિથ્યાત્વ હોય તો ધર્મ દ્વેષી એના પરિણામમાં છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :- એ તો છેદાય જ ગયો છે.

ઉત્તર :- એ છેદાય ગયો. કોને છેદવો છે હવે તારે? શું કરવું છે તારે?

**'શક્તિ ઔર વ્યક્તિરૂપસે હંમેશા પ્રવૃત્તિ હોતી રહતી હૈ,...'** જુઓ! કહે છે કે, જેમ જ્ઞાનીને હંમેશાં જ્ઞાતાપણું કાયમ રહે છે. સમ્યગ્દ્દષ્ટિને તો હંમેશાં જ્ઞાતાપણું જ રહે છે. રાગ આવે તોપણ જ્ઞાતા, દ્વેષ હોય તોપણ જ્ઞાતા છે. ઠીક-અઠીક છે જ નહિ. અજ્ઞાનીને હંમેશા રાગ-દ્વેષ ઠીક છે એવું અજ્ઞાનપણું ઉત્પન્ન થાય છે. હંમેશાં રાગ-દ્વેષની પ્રવૃત્તિને જ પોતાની માને છે. સમજાણું કાંઈ?

**'ઇસલિયે આચાર્યોંને ઇન દોનોંકી જોડી બતલાઈ હૈ.'** એય! 'મોહનભાઈ'! બેયની જોડી. ક્યાં કોણે જોડી હતી તે તોડે? મફતનો રાગથી જોડી હતી, રાગ કર્યો તો તૂટી ગઈ. એમાં શું થયું? જોડે તે તોડે અને તોડે તે જોડે. પરની સાથે રાગની એકતા જોડે એ રાગની એકતા તોડે. બીજો કોણ તોડી શકે? આહાહા..! સમજાણું કાંઈ? **'દોનોંકી જોડી બતલાઈ હૈ. બાકીકે દોષ ઇસ જોડીમેં હી શામિલ હૈ,...'** જુઓ! શું કહે છે? જેણે જ્ઞેયના આવા બે ભાગ પાડી દીધા અને પોતાના જ્ઞાનમાં પણ ખંડ કરી દીધા કે રાગ-દ્વેષ ઠીક છે, કરવાલાયક છે તો એમાં બધા દોષ આવી જાય છે. મિથ્યાત્વનો, અનંતાનુબંધીનો, હાસ્યનો, ભોગનો, કર્તાનો, ભોક્તાનો બધા દોષ એમાં સમાઈ જાય છે. **'જૈસા કિ કહા ગયા હૈ...'** લ્યો, દાખલો આપે છે. ઇ આવશે. ઇ 'જ્ઞાનાર્ણવ'નો છે, હોં! 'જ્ઞાનાર્ણવ'નો શ્લોક છે ને? ઇ શ્લોક આવશે. 'શુભચંદ્રાચાર્ય'નું 'જ્ઞાનાર્ણવ' એક શાસ્ત્ર છે ને? એનો શ્લોક છે, એ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૩, શુક્રવાર**
**તા. ૨૫-૦૩-૧૯૬૬**
**ગાથા– ૧૧ પ્રવચન નં. ૧૦**

'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી'નું કહેલું છે. અગિયારમી ગાથા ચાલે છે. જુઓ! આ શ્લોક છે વચમાં એ 'જ્ઞાનાર્ણવ'નો શ્લોક છે. શું કહે છે? અહીંયાં આવ્યું ને છેલ્લું? કે, **'આચાર્યોંને ઇન દોનોંકી જોડી બતલાઈ હૈ. બાકીકે દોષ ઇસ જોડીમેં હી શામિલ હૈં, જૈસા કિ કહા ગયા હૈ - 'યત્ર રાગઃ પદં ધત્તે૦''** જ્યાં રાગ-દ્વેષ (થાય છે), આ મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષની વાત છે. એનો શું અર્થ? કે, **'જહાં રાગ અપના પાંવ જમાતા હૈ,..'** પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ હિતકારી છે એમ માનવું એ મિથ્યાત્વનો રાગ છે અને શરીર શોષવા લાયક છે, શરીરમાંથી માલ કાઢવા લાયક છે એ દ્વેષ છે. સમજાય છે કાંઈ? જ્યાં રાગ થાય છે, શેનો રાગ આ? જ્ઞાન સ્વરૂપ આત્મા છું એમ જ્યાં અંતરમાં જ્ઞાતાનું ભાન નથી એને પોતા સિવાય અન્ય પદાર્થ અથવા પોતે હું આ ઠીક છું ને આ અઠીક છે એ રાગ અને દ્વેષ કરવાનો અભિપ્રાય થયો. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. એને જ્યારે હિતકારી એમ માને તો એ પરદ્રવ્ય પ્રત્યે એને રાગ મિથ્યાત્વ સહિતનો થયો. ઝીણી વાત પડી. આહાહા..! આમ એની શ્રદ્ધા, રાગ કરવી એ તો પુણ્ય છે. પણ એ મને હિતના કરનારા છે, પરદ્રવ્ય મારું હિત કરી દેશે એ માન્યતા મિથ્યાત્વ સહિતનો રાગ છે. આ વાત છે. આહાહા..! પેલા લોકોને આકરી પડી, હોં!. સમજાણું કાંઈ? એ.. 'ન્યાલભાઈ'!

જ્યાં રાગ પોતે સ્થપાય છે કે આ રાગ કરવા જેવો છે... સમજાય છે કાંઈ? ત્યાં એનાથી પ્રતિકૂળ ઉપર દ્વેષ થયા વિના રહે જ નહિ. જગતમાં ઇષ્ટ અને અનિષ્ટ પદાર્થ કોઈ છે જ નહિ. આત્મા જ્ઞાતા અને પરપદાર્થ જ્ઞેય. બસ! એટલો સંબંધ છે. એથી અધિક સંબંધ નાખે કે આ પદાર્થ મને શરીર આદિ મળ્યા છે એને આપણે શોષવા જોઈએ, માલ કાઢવો જોઈએ. શરીર ઉપરથી માલ (કાઢવો જોઈએ) ઇ પણ પર જડમાંથી માલ કાઢવાનો ભાવ છે.

મુમુક્ષુ :– સદ્‌ઉપયોગ તો કરવો જોઈએ.

ઉત્તર :– એ જ મિથ્યાદૃષ્ટિ જીવ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ શરીર અપવાસ-બપવાસ કરીને લાભ કરવો એમ કહે છે. શરીરમાંથી લાભ થાય. અપવાસ કરીએ, આ કરીએ તો શરીરમાંથી જીવને લાભ થાય. મૂઢ છે, કહે છે. શરીરમાંથી લાભ ક્યાંથી (થાય)? લાભ તો આત્મામાં છે. જરી, બહુ ઝીણી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા આનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરીને એમાં એકાગ્રતાથી આત્માને લાભ શાંતિનો થાય. શરીરને અપવાસ કરીને શોષવું ને આ કરીએ તો એમાંથી આપણને નિર્જરા થાય. એ પરદ્રવ્યમાં એણે હિતબુદ્ધિ માની છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વનો રાગ અનંતાનુબંધીનો છે. ભારે વાત, ભાઈ! અહીં તો રાગ-દ્વેષની એકતાબુદ્ધિવાળાની (વાત કરી છે). કહો, સમજાણું કાંઈ?

આમાં પણ છે ને? એમાં નથી? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. એ વાત લીધી છે. દ્રવ્યલિંગીનું જે આવે છે ને? ત્યાં દ્રવ્યલિંગીનું આવે છે, હોં! અજ્ઞાની પહેલા તો સંસારમાં નરકાદિકના દુઃખ જાણી, સ્વર્ગાદિમાં પણ જન્મ-મરણના દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ મોક્ષને ઇચ્છે છે. એ જ મિથ્યાત્વભાવ છે. કારણ કે, સ્વર્ગાદિમાં જનમ-મરણના દુઃખ જાણી સંસારથી ઉદાસ (થઈ) મોક્ષને ઇચ્છે છે. હવે એ દુઃખોને બધા દુઃખ જાણે છે. પણ ઇન્દ્ર અહમઇન્દ્રાદિ વિષયાનુરાગથી ઇન્દ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી... સ્વર્ગના દુઃખ એ દુઃખ, દુઃખ જ છે. પુણ્યના ફળ તરીકે સ્વર્ગ મળે એમાં દુઃખ છે. એમ જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખી.. પોતાનો આત્મા અનાકુળ આનંદ છે એને ઓળખીને અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન કરે એને સાચું સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ?

સ્વર્ગાદિમાં જનમ-મરણના દુઃખ જાણી એમ (કહ્યું છે). પણ સ્વર્ગ પોતે જ દુઃખરૂપ છે. શું કીધું? નરકમાં દુઃખ જાણી, અરે..! નરકમાં દુઃખ (છે), બાપા! પાપ ન કરવા અને સ્વર્ગમાં જનમ-મરણનું દુઃખ છે. માટે આપણે પુણ્ય કરવા. પણ સ્વર્ગમાં દુઃખ જ છે. જન્મ-મરણનું શું? સ્વર્ગમાં જન્મવું અને ઇન્દ્રિયની આશા (રહે) એ જ દુઃખ છે. જનમ-મરણનું દુઃખ નહિ. સમજાય છે કાંઈ? સ્વર્ગનો અવતાર, વિષયોનો રાગ થાય ઇ જ દુઃખરૂપ છે. એમ જાણતો નથી અને પોતે પોતાના સ્વરૂપને જાણ્યા વિના એ સ્વર્ગના સુખમાં સુખબુદ્ધિ રહે અને જનમ-મરણને દુઃખ માને તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

વળી વિષય સુખાદિકના ફળ નરકાદિક છે. જુઓ ! અરે..! ભઈ, વિષયસુખ સેવીશું તો નરકમાં જાશું. એ મિથ્યાત્વભાવ છે. એને નરકના દુઃખનો ડર છે. એને મિથ્યાદૃષ્ટિને પ્રતિકૂળતા લાગે છે. આહાહા..! નરકના... જુઓ! છે ને? વિષય સુખાદિના ફળ નરક છે. વિષય સેવશું તો નકરમાં જાશું. એ નરકના પ્રતિકૂળ દુઃખ એને પ્રતિકૂળ દુઃખ લાગે છે એને. એ ચીજ પ્રતિકૂળ લાગે છે.

મુમુક્ષુ :– પંચેન્દ્રિયમાં સુખ છે?

ઉત્તર :– ધૂળમાં ય નથી. ઇન્દ્રિયના સુખમાં દુઃખ છે, ઇ કહે છે. અત્યારે કે દિ' હતું? ધૂળમાં. નરકમાં પણ એ પોતે નરકાદિક છે... વિષયસુખાદિના ફળ. વિષય સેવશું (તો) નરકમાં જાશું. એટલે એ તો એને પ્રતિકૂળતા લાગી. વિષય સુખ પોતે દુઃખરૂપ છે અને આત્મા આનંદરૂપ છે એવી તો દૃષ્ટિ કરી નહિ. સમજાણું કાંઈ? વિષય સેવશું તો નરકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણું માટે ન સેવવા. પણ વિષય સેવવાનો ભાવ જ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- અત્યારે તો સુખ છે વિષયમાં.

ઉત્તર :- ધૂળમાં નથી, ઇ જ કહે છે. શું કહે છે? આહાહા..! ઇ વિષય સુખાદિકના ફળ નરકાદિક છે, એમ માનનારાઓ પરદ્રવ્યને અહિતકર માને છે. એ મિથ્યાત્વ છે. શરીર અશુચિમયી વિનાશીક છે. શરીર તો અશુચિ મેલ છે, નાશવાન છે એમ કરી પોષણ કરવા યોગ્ય નથી એમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યને શું છે? સમજાય છે કાંઈ? દ્રવ્યલિંગીના ધર્મના સાધનમાં અનંતાપણું વર્ણવ્યું છે. શરીર અશુચિ છે, નાશવાન છે, પોષણ કરવા યોગ્ય નથી એ દ્વેષ થયો, શરીર પ્રત્યે દ્વેષ થયો. એ મિથ્યાદૃષ્ટિને એવો દ્વેષ હોય. સમ્યગ્દૃષ્ટિ (તો એમ માને છે કે) પોષવા યોગ્યમાં આત્મા આનંદકંદ છે એની દૃષ્ટિ કરીને રાગ ઘટાડવા જેવો છે. એક જ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! પોષણ કરવાયોગ્ય નથી. કુટુંબ આદિ બધા સ્વાર્થના સગા છે. કુટુંબ, બાયડી, છોકરા બધા છોડ. એ તો દ્વેષ થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં કીધું છે કે, લુંટારા છે.

ઉત્તર :- લુંટારા છે ઇ માને છે. મૂળ લુંટારા ઇ કાંઈ નથી. એ તો લુંટાય છે ત્યારે લુંટારા કહેવામાં આવે છે. બાયડી, છોકરા બધા (એમ કહે), મારું આમ કરો. સ્વાર્થના સગા એમ માનવું એ એના પ્રત્યે દ્વેષ કરે છે. એ તો જડ છે, પરચીજ છે. પરચીજ તને નુકશાન ક્યાં કરે છે? બાયડી, છોકરા નુકશાન કરનારા છે જ નહિ. મૂઢ એમ માને કે મને આ નુકશાન કરે છે. (એ તો) પરદ્રવ્યનું અનિષ્ટપણું માન્યું. પરદ્રવ્યની અનિષ્ટ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- એમાંથી ખસવું કેવી રીતે?

ઉત્તર :- આત્માના જ્ઞાનમાં રહેવું ઇ ખસવું (છે). વળી (બીજું) ખસવું ક્યું (હતું)? ન્યાંથી ખસેલો જ પડ્યો છે. આહાહા..! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં હું ઠરું, બસ! રાગ ઉત્પન્ન ન થાય (અને) પરનું લક્ષ છુટી જાય છે. એટલી વાત છે. પર અહિતકારી છે કે હિતકારી એવું કાંઈ છે જ નહિ.

જુઓ! ઇત્યાદિક પરદ્રવ્યનો દોષ વિચારી. પરદ્રવ્યનો દોષ વિચારી તેનો તો ત્યાગ કરે. એ તો મિથ્યાત્વ છે. પરદ્રવ્યનો દોષ વિચારીને છોડે એ તો મિથ્યાત્વ થયું. પરદ્રવ્યનો દોષ છે? કે તારી એ માન્યતા પરમાં ઇષ્ટ-અનિષ્ટપણું માનવું એ તારો દોષ છે? આહાહા..! સમજાય છે કાંઈ? અને વ્રતાદિનું ફળ સ્વર્ગ, મોક્ષ છે. આપણે વ્રત પાળો તો સ્વર્ગ મળશે, મોક્ષ મળશે. સમજાય છે? એ શરીર ઉપર રાગ થયો. તપશ્ચરણ આદિ પવિત્ર ફળના આપનારા છે. લ્યો! કરો, અપવાસ. પવિત્ર ફળ આપશે. એ વળી શરીર શોષવા યોગ્ય છે. એ વળી શરીર શોષવા યોગ્ય છે. એ મિથ્યાત્વભાવ છે. પરદ્રવ્ય ઉપર દ્વેષ થયો. પરદ્રવ્ય તો જ્ઞેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. દૃષ્ટિમાં તત્ત્વની ખબર નથી. જડ તત્ત્વમાં દોષ ક્યાં છે? એમાં છે દોષ? શરીરમાંથી લાભ થાય? વ્રત પાળો શરીરમાંથી કાંઈ લાભ થાશે. ધૂળમાંય એમાં (લાભ) નથી.

આ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ હિતકારી છે. ઇત્યાદિ પરદ્રવ્યનો ગુણ વિચારી તેને અંગીકાર કરે છે. ઇત્યાદિ પ્રકારથી કોઈ પરદ્રવ્યને બુરા જાણી અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરે, કોઈ પરદ્રવ્યને ભલા જાણી ઇષ્ટરૂપ શ્રદ્ધાન કરે. હવે એ પરદ્રવ્યના ઇષ્ટ-અનિષ્ટપણાનું શ્રદ્ધાન કરવું મિથ્યા છે. પરદ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. (ઇષ્ટ-અનિષ્ટ) તો મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા..! દૃષ્ટિ મિથ્યા છે. પરદ્રવ્યમાં ક્યાં ઇષ્ટ-અનિષ્ટપણું (છે)? વળી એ શ્રદ્ધાનથી ઉદાસીનતા પણ ધારણ (કરે). ઉદાસ... કોઈથી (રાગ કરવો) નહિ. ઉદાસ... ઉદાસ... એ તો દ્વેષબુદ્ધિ થઈ.

પરદ્રવ્ય સારા નથી, નુકશાનકારક છે. બાયડી, છોકરા(થી નુકસાન છે) .ઉદાસ થઈ જાવ. એ તો દ્વેષબુદ્ધિ થઈ. જુઓ! ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિ હોય છે. કારણ કે, કોઈને બુરા જાણવા તેનું નામ દ્વેષ છે, લ્યો! ત્યારે સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યને બુરા જાણીને ત્યાગ કરે છે ને? સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યને બુરા જાણતો જ નથી. પોતાના રાગ-દ્વેષને બુરા જાણે. પોતે સરાગભાવને છોડે તેથી તેના કારણનો પણ ત્યાગ થઈ જાય, નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. વસ્તુ વિચારતા કોઈ પરદ્રવ્ય તો ભલા-બુરા છે જ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આત્માનું ભલું કરી દે કે કુટુંબ કબીલા આત્માનું નુકશાન કરી દે એવા કોઈ દ્રવ્ય છે જ નહિ. કોઈ એવા દ્રવ્ય છે જ નહિ કે આત્માનું કોઈ ભલું કરી દે અને ભૂંડું કરી દે, એમ કહે છે.

મુમુક્ષુ :– અપવાદ ખરો કે નહિ?

ઉત્તર :– કોઈ અપવાદ-બપવાદ ન મળે એમાં. કહો, સમજાણું આમાં? શું (કહ્યું)? આ દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માનું ભલું કરી દે તો પરદ્રવ્ય ભલું કરી દે. એ માન્યતા મિથ્યાત્વ છે.

કહે છે કે, જ્યાં રાગ પોતાનો પગ ધારે એટલે પ્રેમ કરે છે ત્યાં દ્વેષ હોય, જરૂર હોય છે. **'યા હો જાતા હૈ,'** દ્વેષ હોય. રાગ છે ત્યાં દ્વેષ છે. આ મિથ્યાદૃષ્ટિની વાત છે, હોં! જ્ઞાનીને પર પ્રત્યે ઇષ્ટ અને અનિષ્ટ બુદ્ધિ હોતી જ નથી. ઇષ્ટમાં ઇષ્ટ પોતાનો સ્વભાવ અને અનિષ્ટ રાગ અને દ્વેષ. બસ! ત્રીજી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? શું?

ઇષ્ટ પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદકંદની રુચિ કરવી તે. પુણ્ય-પાપના વિકલ્પ, પુણ્ય અને પાપ બેય અનિષ્ટ છે. શુભ અને અશુભરાગ બેય અનિષ્ટ છે. એક શુભરાગને ઠીક માને તો એમાં રાગ થયો, પાપ ઉપર દ્વેષ થયો. એ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! શ્રદ્ધાની વાતની લોકોને ખબર નથી. બાહ્યના ત્યાગ કરે ને પછી માને કે અમે ત્યાગી છીએ. બાપુ! ઝીણી વાત છે, ભાઈ!

આત્મા જ્ઞાન સ્વરૂપ છે એ કઈ ચીજને ઇષ્ટ-અનિષ્ટ માને? અને કઈ ચીજ છોડ્યેથી લાભ થાય? અને કઈ ચીજના સંગથી લાભ થાય? કઈ ચીજ છોડે લાભ થાય? અને કઈ ચીજના સંગે લાભ થાય? (પરથી લાભ-નુકસાન) છે જ નહિ. સમજાય છે કાંઈ? ઇ આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંગે લાભ અને વિકારના સંગે નુકશાન.

મુમુક્ષુ :- ત્યાગ કરવો કે નહિ?

ઉત્તર :- શેનો પણ ત્યાગ? કહે છે ને? સ્વરૂપમાં એકાગ્ર થતા રાગ છૂટી જાય એનું નામ રાગનો ત્યાગ કહેવામાં આવે છે. પરમાર્થે પણ રાગ-ત્યાગનો કર્તા આત્મા નથી. પરમાર્થે પણ રાગના ત્યાગનો કર્તા આત્મા નથી. કેમકે રાગ-ત્યાગ કરું એવું સ્વરૂપમાં નથી. સ્વરૂપ શુદ્ધ છે એની દૃષ્ટિ થતાં, એકાગ્ર થતાં રાગ ઉત્પન્ન થતો નથી એણે આત્માએ રાગ ટાળ્યો એમ વ્યવહારનયથી કથન કરવામાં આવે છે. રાગ ક્યાં છે? રાગ આત્મામાં ઉત્પન્ન થતો નથી એનું નામ રાગનો ત્યાગ છે. છોડે શું? પરવસ્તુ હું છોડું અને ગ્રહણ કરું એ મિથ્યાભાવ છે. ઘણી સૂક્ષ્મ વાત છે. ભાઈ! આ રાગ-દ્વેષની વાત ચાલે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- મૂળ મુદ્દાની રકમ છે.

ઉત્તર :- મુદ્દાની રકમ છે.

જુઓ! જ્યાં રાગ પોતાનો પગ ધારે એટલે રાગ જ્યાં થાય કે આ મને ઇષ્ટ છે, આ ઇષ્ટ છે ત્યાં બીજી ચીજમાં અનિષ્ટતા જરૂર આવ્યા વિના રહેતી નથી. શરીર નુકશાનકારી છે, કુટુંબ નુકશાનકારી છે, બાયડી નુકશાનકારી છે. શું એ નુકશાનકારી છે? સ્ત્રી, કુટુંબ નુકશાનકારી છે? ઇ તો પરદ્રવ્ય છે. અમને લુંટી નાખ્યા આણે. એણે લુંટ્યા છે તને? એ મૂઢ છે. પેલા કહે ને? સમજ્યા ને? 'સુખે ભજશું શ્રી ગોપાળ' આવે છે ને? 'ભલું થયું ભાગ્યો જંજાળ' એને લઈને શું છે? સ્ત્રી મરી જાય તો એકલા રહીએ અને આપણે ધર્મ કરી શકીએ. એ અનિષ્ટબુદ્ધિ થઈ. સમજાણું? ભાઈ! આ તો એવી વાતું છે.

એકલું ચૈતન્ય નિરાળુ પરદ્રવ્યના સંબંધ વિનાનું તત્ત્વ છે. એની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્ય એ કિંચિત હિતકારી-અહિતકારી છે જ નહિ. આહાહા..! શું કરવું આમાં? આમ કરવા જાય તો આમ કરે, છોડવા જાય તો કહે મિથ્યાત્વ લાગે. ઇ મિથ્યાત્વ એને છોડવા જાય છે માટે નહિ. આ પરપદાર્થ પ્રતિકૂળ છે માટે છોડું એ મિથ્યાત્વભાવ છે. પરપદાર્થ પ્રતિકૂળ છે જ નહિ. કોઈ પ્રતિકૂળ અનિષ્ટ છે જ નહિ. પરપદાર્થ તો જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞેયને ઠેકાણે એને પ્રતિકૂળ માન્યા તો એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- સાહેબ! પૈસા હોય તો દાન દેવાય.

ઉત્તર :- ધૂળમાંય પૈસાના દાન દેવાય તો આત્મામાં શું આવ્યું? પૈસા તો ધૂળ છે. ધૂળને જવું-આવવું હોય તે આત્માને આધીન વાત નથી. પૈસાનું જાવું-આવવું આત્માને આધીન નથી. મેં પચીસ લાખમાંથી પાંચ લાખ આપ્યા. કોણ આપે? પચીસ લાખના રજકણ મેં આપ્યા એ માન્યતા જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! પૈસા આપે છે ક્યાં? પૈસા જડ છે, અજીવ-પુદ્‌ગલ છે. હવે એ પુદ્‌ગલ અહીંયાંથી ક્યાંક જાવું એ તો એના અધિકારની વાત છે. અજ્ઞાની એમ માને કે, પૈસા રજકણ ધૂળ (છે), હું એનો સ્વામી છું અને મેં દીધા. તો જડનો સ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને મેં દીધા એ પણ જડનો સ્વામી થયો, મિથ્યાદૃષ્ટિ થયો. આકરી વાત છે, ભાઈ!. આહાહા..! ધૂળમાંય નથી. દસ લાખ, વીસ લાખ થયા એટલે પાંચ લાખ ખર્ચી નાંખો, ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી. એમાં રાગની મંદતા કરે તો પુણ્ય થાય. અને પાછું એમ કહે કે મેં આપ્યા, મારી ચીજ હતી. જડ તારી ચીજ હતી કે બીજાને આપ્યા? 'વસંતલાલજી'! શું કરવું? લોકો 'સોનગઢ'ને નામે બહુ કહે છે. કહે, આ આચાર્યને કહે. આહાહા..! કહો, 'મગનભાઈ!' શું છે આ?

રાગ જ્યાં થાય.. કહે છે ભાઈ! આત્મા તો જ્ઞાતા વીતરાગ સ્વરૂપ છે. કોઈ પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ થાય. સમજાય છે? પણ રાગ હેયબુદ્ધિએ આત્મામાં વર્તતો હોય છે. રાગથી લાભ થાય છે અને એ પરદ્રવ્ય છે માટે મને આ રાગ થયો અને એ પરદ્રવ્ય છે માટે મને અંદરમાં ધર્મનો લાભ થશે એ માન્યતા તદ્દન વિપરીત છે. લાભની ખાણ તો આત્મા અનંત ગુણનો પિંડ છે. એને ઠેકાણે લાભનું કારણ નિમિત્તમાં ને જડ ને પરને માન્યું. સમજાય છે કાંઈ? અથવા એમાં રાગ થયો, મંદ રાગ (થયો) એ મંદ રાગથી મને સમ્યગ્દર્શન ને જ્ઞાન થશે એ પણ મિથ્યાત્વ શલ્ય છે, મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇન દોનોં (રાગ-દ્વેષ) કે આલમ્બનસે મન અધિક ચંચલ હો ઉઠતા હૈ.'** જુઓ! જ્યાં આત્મા જ્ઞાન સ્વરૂપ છે એવું ભાન નથી અને આ ઠીક-અઠીક જ્યાં ભાવ છે ત્યાં મિથ્યાત્વભાવથી તે ચંચળ અને અસ્થિર થઈ જાય છે. સમજાણું કાંઈ? આ મિથ્યાત્વ સહિતના ચંચળતાની વાત છે, હોં! જ્ઞાનીને જે જરી અસ્થિરતા થઈ જાય એ તો પુરુષાર્થની કમજોરી છે ને (એટલે થાય છે). જ્ઞાનીને એ કોઈપણ રાગાદિ આવે તો એ રાગ પરવસ્તુ ઇષ્ટ છે માટે આવે છે એમ નથી. તેમ રાગ કરવો એ મારો સ્વભાવ છે એમ નથી. તેથી રાગ જરીક આવે તેને જ્ઞાતા તરીકે જાણે છે. સમજાણું કાંઈ? તેથી એને ચંચળતા કહેવામાં આવતી નથી. દૃષ્ટિની ચંચળતા છે એ ચંચળતા કહેવામાં નથી આવતી એમ અહીં કહે છે. પેલું ચંચળ આહાહા..! આમ લેવું... આમ લેવું...

(સંવત) ૧૯૮૨ માં નહોતું કહ્યું એક ફેરી? 'જે જગતને તારે તે તરે.' એક વકીલ આવ્યો હતો. પેલાએ લખ્યું કે તરે તે તારે. જે આત્મા તરે તે તરનાર જીવને નિમિત્ત થાય. ત્યારે (એ વકીલ કહે) એમ નહિ. જે જગતને તારે તે તરે. તો જગતને ગોતવા જાવું પડે કે ચાલો ભાઈ! તમે તરો તો હું તરીશ. કીધું, એવી વાત હોઈ નહિ.

આત્મા પોતાના સ્વરૂપથી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી તરતો હોય છે, ધર્મમાંથી ઉદ્ધાર કરીને અધર્મમાંથી (તરતો હોય છે) તે જીવ બીજા તરનારના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે, જો પેલો પરિણામ પ્રગટ કરે તો. બીજો કોઈ તારી દે અને બીજાને તારે તો આનું તરવું થાય (એમ નથી). સમજાણું કાંઈ? જે એમ માને કે આપણે ઘણા જીવને ધર્મ પમાડીએ ને તો એમાંથી મને લાભ થાય. એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :– પ્રભાવના...

ઉત્તર :– શેનો પ્રભાવમાં પણ? ઇ તો એની પર્યાયનો લાભ એની પાસે થાય, એમાં તને શું આવ્યું? તને વિકલ્પ આવ્યો કે આમ થાય. તો વિકલ્પનું પુણ્ય બંધાય. એય! સમ્યગ્દષ્ટિને વિકલ્પ આવે પણ એ વિકલ્પ શુભ થાય. એ શુભ પુણ્ય બાંધે, એ પુણ્યનો સ્વામી જ્ઞાની નથી. દુનિયા સમજે તો એનો લાભ મને મળે. એની પર્યાયે એ સમજે એનો મને લાભ મળે એવું ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ?

ઉપદેશ દેવો ને એમાં રોકાવું. કારણ કે, એમાં લાભ થાય. ખોટી વાત છે અહીં તો કહે (છે). ઉપદેશમાં વાણી નીકળે (એ) ઉપદેશની વાણી જડની છે. એમાં રોકાવું એ વિકલ્પ છે, શુભભાવ છે. એ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. આહાહા..! એક્કે વાતને સમજે નહિ. આ એનું નામ અહીં રાગ-દ્વેષ કહે છે. આપણે ઘણાને સમજાવીએ ને તો ઘણો લાભ થઈ જાય. ઘણાને ગોતવા જાવા? ન આવે તો આનું કેવળજ્ઞાન લટકતું હશે?

મુમુક્ષુ :– આ તો બધી એકલી નિશ્ચયની જ વાત છે.

ઉત્તર :– એ નિશ્ચયની એટલે સાચી. નિશ્ચય એટલે સત્યનો રણકાર, યથાર્થ સત્યનો ભણકાર એનું નામ નિશ્ચય. ખોટી વાતના ઉપચારના કથનો એ બધા વ્યવહાર. કહો, 'વજુભાઈ!' આ તો બધું નિશ્ચય છે.

રાગ-દ્વેષના આલમ્બનથી મન અધિક ચંચળ (થાય છે). જુઓ! આ કરવા લાયક છે ને આ કરવા લાયક નથી ને આનાથી મને લાભ થાય ને આનાથી મને નુકશાન થાય. સમજાણું? જુઓને! ઘણા મથે ને કે ઘણા જીવો જો મારાથી સમજે ને (તો) મહેનત કરો, મહેનત. સમજાય છે? પણ તારાથી સમજે શી રીતે? એ તો એની યોગ્યતા હશે ત્યારે સમજશે. તને વિકલ્પ આવે એ પુણ્યબંધનું કારણ છે. એનાથી સંવર-નિર્જરા થાય (નહિ). લાખ જીવ ધર્મ પામે, સમ્યગ્દષ્ટિ થાય તો ઉપદેશ કરનારને કાંઈ સંવર-નિર્જરાનો લાભ થતો હશે કે નહિ? જરીએ નહિ. ઉપદેશ દેનારનો શુભ વિકલ્પ હતો એટલું પુણ્ય બંધાય. એ તો રાગનો નિષેધ થઈને અંદરની એકાગ્રતા વર્તે છે એટલો સ્વભાવનો લાભ (છે). બાકી પરને લઈને લાભેય નથી ને પરને લઈને નુકશાનેય નથી. એકેય જીવ એનાથી ન સમજે તો એને નુકશાન નથી અને લાખ માણસ સમજી જાય તો એનાથી સંવર-નિર્જરાનો (લાભ નથી). સંવર-નિર્જરાનો તો લાભ નથી પણ પુણ્યનો લાભ એને લઈને નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– વાતે વાતે .... તો વ્યવહાર ક્યાં રહ્યો?

ઉત્તર :– વ્યવહાર રહ્યો ને. આ પુણ્ય શુભભાવ આવ્યો ઇ. શુભભાવ આવ્યો એ વ્યવહાર. એનાથી પુણ્ય બંધાય, એટલું. સમજાણું કાંઈ? 'શ્રીમદ્' પણ એમ કહે છે કે, એક પણ જીવને જો યથાર્થ ધર્મ પમાડે તો તીર્થંકર ગોત્ર બાંધે. એટલે શુભભાવ થાય ને બાંધે એટલું. પમાડે એટલે પણ પાછી વાત લીધી આ. તીર્થંકર ગોત્ર બાંધે. એમ કે પેલો શુભભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એ બાંધે, એમ. બાકી અબંધભાવ નહિ. 'શ્રીમદ્' માં એ વાક્ય છે. અબંધપણાનો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો આત્માના આશ્રયે થાય છે, એ સિવાય ક્યાંય અબંધ પરિણામ થતા નથી. પરને લઈને અબંધ પરિણામ માને તો કહે છે કે એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. ચંચળતા ઉભી થાય.

**'ઔર જિતને દોષ હૈં, વે સબ રાગ-દ્વેષસે સંબદ્ધ હૈં,'** લ્યો! વિપરીત મિથ્યાત્વ, એકાંત મિથ્યાત્વ આદિ ઘણા મિથ્યાત્વના ભાવ છે ને? એ બધા રાગ-દ્વેષનાં સંબંધથી જ અજ્ઞાનમાં ઉત્પન્ન થાય છે. **'જૈસા કિ કહા ગયા હૈ- 'આત્મનિ સતિ પરસંજ્ઞા૦''**

**'નિજત્વકે હોનેપર પરકા ખ્યાલ હો જાતા હૈ.'** લ્યો! જ્યારે પોતાના આત્માને એકલો રાગ કરે તો પર ઉપર દ્વેષ થયા વિના રહે નહિ. અથવા આ મારા છે, આ મારા છે એમ માનીને રાગ કરે એને પર ઉપર, બીજા ઉપર દ્વેષ આવ્યા વિના રહે નહિ. **'નિજત્વકે હોનેપર...'** આ અમારા, શરીર અમારું, આ અંગીત છે, આ બધા સાધનો છે. લ્યો! સમજાણું ? આહાહા..! આ ધર્મના ઉપકરણો પણ મને ધર્મમાં, નિશ્ચય ધર્મમાં ઉપકાર કરે છે. પરદ્રવ્ય શું કરે? મોરપીંછી ને કમંડળ એ તો પરચીજ છે, પરદ્રવ્ય છે. પરદ્રવ્ય આત્માને ઉપકાર કરે ધર્મનો? સમજાણું કાંઈ? ભારે આકરી વાત છે, ભાઈ! જગતને પરપદાર્થ અને સ્વપદાર્થની ભિન્નતાની ખબર નહિ (એટલે) એને પરપદાર્થમાં ક્યાંક પણ લાભબુદ્ધિથી પ્રીતિ થયા વિના રહે નહિ અને બીજા પદાર્થમાં દ્વેષબુદ્ધિ થયા વિના રહે નહિ.

**'નિજત્વકે હોનેપર પરકા ખ્યાલ હો જાતા હૈ...'** આ મારા છે તો આ દુશ્મન છે. આ મારો દેશ છે તો આ પરનો દેશ છે. દેશ.. દેશ. એ બધા રાગ-દ્વેષના કરનારા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે એમ કહે છે. આવ્યા છે કે નહિ? એ...ય! 'વાસુદેવભાઈ!' સમજાય છે કે નહિ આ?

**'ઔર જહાં નિજ-પરકા વિભાગ (ભેદ) હુઆ...'** જ્યાં મારા ને તારાના ભાગ પડ્યા (કે) આ મારા અને આ તારા, આ મારો દેશ અને આ તારો દેશ, આ મારા કુટુંબ ને તારું કુટુંબ (ત્યાં) રાગ-દ્વેષ થયો અને રાગ-દ્વેષ (થયો એ) મિથ્યાત્વનો રાગ-દ્વેષ થયો, હોં! જ્ઞાનીને જરી રાગ, આસક્તિ થાય, છન્નુ હજાર સ્ત્રી હોય છતાં એને રાગ થાય એ અલ્પ દોષ છે. કારણ કે, એ રાગ સ્ત્રીને કારણે થાય છે એમ નથી માનતા. ઇ મને પ્રિય છે માટે રાગ થાય એમ નથી માનતા. સમજાય છે કાંઈ? સમકિતીને છન્નુ હજાર સ્ત્રીનો રાગ પણ અલ્પ દોષ છે અને શરીરનું બ્રહ્મચર્ય પાળનાર પણ, શરીર ઠીક રહેશે, બ્રહ્મચર્ય પાળીશ તો શરીર ઠીક રહેશે એમ માનીને પાળે છે તો એને મિથ્યાત્વનો દોષ લાગે છે.

મુમુક્ષુ :– બાળબ્રહ્મચારીની વાત..

ઉત્તર :– હા, બાળબ્રહ્મચારી રહીશું તો શરીર નીરોગ રહેશે. જડની પર્યાય નિરોગી રહેશે? તારા મંદ કષાયના પરિણામ હો તો એ કારણે શરીર નિરોગ રહેશે? સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! તારી ચીજ જ પ્રભુ જુદી છે ને! એ પૂર્ણ આનંદનો કંદ છે ને! ત્યાંથી આનંદ નીકળે એવું છે, કાંઈ બહારથી આવે એવું નથી. આહાહા..!

**'નિજ-પરકા (ભેદ) હુઆ વહાં નિજમેં રાગરૂપ ઔર પરમેં દ્વેષરૂપ ભાવ હો હી જાતે હૈં.'** એમ કર્યું છે, હોં! એણે કર્યું છે. નિજમાં રાગ, પર ભૂંડા અને પોતામાં રાગ, એવું 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં લખ્યું છે, હોં! એમાં લખ્યું છે, પોતાનો આત્મા ભલો ને આ બધા ભૂંડા. એમ હોય જ નહિ. ભલા-ભૂંડો નથી. ભલો તો સ્વભાવ છે, એકાગ્ર થાય ઇ. સમજાણું કાંઈ? બીજા ભૂંડા (છે) એમ નથી, એ તો જ્ઞેય છે. એને ઠેકાણે હું ભલો ને આ ભૂંડા એમ પણ નથી. આહાહા..! 'વસંતલાલજી'! આ આવી ગરબડી ક્યાંથી ઉભી થઈ? કહે છે.

**'નિજમેં રાગરૂપ ઔર પરમેં દ્વેષરૂપ ભાવ હો હી જાતે હૈં. બસ ઇન દોનોંકે હોનેસે અન્ય સમસ્ત દોષ ભી પૈદા હોને લગ જાતે હૈં.'** ભ્રમણા ઉત્પન્ન થઈ (કે) મારા સિવાય આ પદાર્થ ઠીક નહિ ને આ ઠીક. હું એક ભલો ને આ બધા પદાર્થ ભૂંડા. બધા ભૂંડા નથી. તું જ્ઞાન અને એ જ્ઞેય એમ કહે ને. સમજાણું કાંઈ? આહાહા..! **'કારણ કિ વે સબ ઇન દોનોંકે હી આશ્રિત હૈં.'** એ રાગ-દ્વેષની એકતાબુદ્ધિ (છે) ત્યાં બધા દોષ ઉત્પન્ન થાય છે. રાગ અને દ્વેષની એકતાબુદ્ધિની અહીં વાત ચાલે છે, હોં! એટલે અજ્ઞાની પરપદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટ માને છે.

**'વહ રાગ-દ્વેષકી જોડી તો હુઈ મંથાનીકે ડંડેકો ઘુમાનેવાલી રસ્સીકે ફાંસાકે સમાન...'** આ 'મંથરાચલ' પર્વતનો દાખલો આપે છે. આ દોરી હોય છે ને આમ? .... **'રાગ-દ્વેષકી જોડી તો હુઈ મંથાનીકે ડંડેકો...'** આમ મંથન કરેને? એનો ડંડ હોય ને? ડંડ (એટલે) આ લાકડી. **'રસ્સીકે ફાંસા..'** રસ્સીનો ફાંસો હોય એને. ઇ ફાંસો થયો ને અંદર? **'ઔર ઉસકા ઘૂમના કહલાયા જીવકા રાગાદિરૂપ પરિણમન.'** રાગાદિરૂપ પરિણમન થયું કે, આ ઠીક અને આ અઠીક, આ ઠીક અને અઠીક. એમ રાગ-દ્વેષનું પરિણમન (થયા કરે છે). મિથ્યાદષ્ટિનું ભલું-ભૂંડુ માની અને પરિણમન (થયા કરે છે).

**'સો જૈસે લોકમેં યહ બાત પ્રસિદ્ધ હૈ કિ નેતરીકે ખીંચા-તાનીસે જૈસે મંથરાચલ પર્વતકો સમુદ્રમેં બહુત કાલતક ભ્રમણ કરના પડા.'** અન્યમતિનો દાખલો આપ્યો છે. અન્યમતિમાં છે ને? 'કૃષ્ણે' મેરુ પર્વતનો મંથવ્યો. એ સમજ્યા ને? **'મંથરાચલ પર્વતકો સમુદ્રમેં બહુત કાલતક ભ્રમણ કરના પડા. ઉસી તરહ સ્વપર વિવેકજ્ઞાન ન હોનેસે...'** આ સિદ્ધાંત અહીં લેવો છે આખો. પરપદાર્થ ચાહે તો દેવ-ગુરુ હો, ચાહે તો પંચપરમેષ્ઠી હો, ચાહે તો નિગોદ હો, ચાહે તો શત્રુ હો. બધું આત્માના જ્ઞાનમાં જ્ઞેય છે. આત્માના જ્ઞાનમાં જ્ઞેય છે-જાણવા લાયક છે. આ મને ઠીક પડે ને આ મને અઠીક (પડે) એવું વસ્તુમાં નથી, અહીં જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઊભો કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ઉભો કર્યો અજ્ઞાનમાં. માવજત કરનારા સારા હોય તો પરિણામમાં ફેર પડે. 'ફાવાભાઈ!' એમ નહિ (હોય)? સેવા-બેવા કરનાર હોય તો? ધૂળમાં પણ ન ફેર પડે, સાંભળને! કહે છે કે, તને ભાન નથી. સેવા કરનારા સારા હોય તો પરિણામ સારા થાય. શાસ્ત્રમાં નથી આવતું? મરતા પેલા સાધુને.. આવે છે કડાયા. શું કહેવાય એ? 'ભગવતી આરાધના'. એ આરાધનામાં સાધુ સંથારા કરે ને? પછી ઉપદેશ આપે. એ તો નિમિત્તની વાતું છે. એના પરિણામ તો એનાથી થાય છે. એ પરિણામ કોઈ કોઈથી થાય છે. ભારે વાતું ભાઈ! વ્યવહારની ને પરમાર્થની. ઊંચો ચડાવે. કડાયો પોતે શેકાય અને શેરાને શેકી દે. શેરા.. શેરા. શેરાને શું કહે છે? શીરા, હલવા. એમ પોતે સહન કરીને પણ એનો સંસારો સરખો કરી દે. 'વજુભાઈ!' એ બધી વાતું વ્યવહારની છે, ભાઈ! આહાહા..!

સમ્યગ્દષ્ટિ સાધુ તો પોતાના સ્વરૂપ આનંદમાં રમે છે. જરી વિકલ્પ થઈ જાય છે તો મુનિ કહે છે કે, અરે..! મહારાજ! તમે તો સંથારો સમાધિ કર્યા છે. એટલે પોતે જ પોતાથી ફરી જાય છે. એને કાંઈ નિમિત્તથી ફરી જાય છે એમ નથી. આહાહા..! ભારે આકરું પડે. આવા શાસ્ત્રમાં 'ભગવતી આરાધના' માં એવા લેખ આવે. શું કહેવાય? બખ્તર. 'ભગવતી આરાધના'માં 'કવચ અધિકાર' છે ને? સાધુ સંથારો કરે ને? તો કોઈ વખતે વિકલ્પ આવે. આહ! બીજા મુનિ કહે, અરે..! મહારાજ! તમે તો આનંદના આહારમાં પડ્યા છો ને! આનંદનો આહાર લ્યો ને! આ વિકલ્પ શું આવ્યો? એ ફરી ગયો. એ પોતાના પુરુષાર્થથી, હોં!

મુમુક્ષુ :– ..રવૈયો શું કરે છે?

ઉત્તર :– રવૈયો શું કરે છે? રાગ-દ્વેષથી રવૈયો ફરે છે એમ કહે છે. ચાર ગતિમાં એની મેળાએ ફરતો નથી, રાગ-દ્વેષ લઈને ફરે છે એમ કહે છે.

**'સ્વપર વિવેકજ્ઞાન ન હોનેસે રાગાદિ પરિણામોંકે દ્વારા જીવાત્મા (–આત્મા) અથવા કારણમેં કાર્યકા ઉપચાર કરનેસે, રાગાદિ પરિણામજનિત કર્મબંધકે દ્વારા...'** એમ. **'રાગાદિ પરિણામોંકે દ્વારા જીવાત્મા...'** અથવા કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી. જે કર્મ બંધાણું ને? એના (દ્વારા) સંસારી જીવ **'કર્મબંધકે દ્વારા બંધા હુઆ સંસારીજીવ,...'** ખરેખર તો પોતાના પરિણામથી છે પણ એમાંથી કારણનું કાર્યમાં નાંખ્યું. સમજાણું? કારણમાં કાર્યનો ઉપચાર કર્યો.

**'રાગાદિ પરિણામજનિત કર્મબંધકે દ્વારા બંધા હુઆ સંસારીજીવ, અનાદિકાલસે સંસારમેં ઘૂમ રહા હૈ,'** લ્યો! **'ઘૂમ રહા હૈ, ઘૂમા થા ઔર ઘૂમતા રહેગા.'** રખડે છે, રખડ્યો છે, રખડશે. આહાહા..! કારણમાં કાર્યનો ઉપચાર (કરવાથી). રાગ-દ્વેષથી છે. ઇ જીવાત્મા છે પણ અત્યારે કર્મથી થવું એમ કહે છે. સમજાણું કાંઈ? ...

**'મતલબ યહ હૈ કિ 'રાગાદિ પરિણામરૂપ ભાવકર્મોંસે દ્રવ્યકર્મોંકા બન્ધ હોતા..'** હૈ. લ્યો! આ ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ માનવાથી જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ભાવ થાય એનાથી કર્મબંધન થાય. પોતા સિવાય જેટલા પદાર્થ છે એ બધા જાણવા યોગ્ય છે. પેલા લોકો કહે છે કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ મિથ્યાત્વ, એમ નથી હોં! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ તો રાગ છે. પણ રાગથી મારું કલ્યાણ થશે, પરમાર્થ ધર્મ થાશે એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે, શુભ રાગ છે. એ રાગ મિથ્યાત્વ નથી પણ એ રાગથી મારું કલ્યાણ થશે, મારા આત્માનું કલ્યાણ–સંવર-નિર્જરા થશે એવી માન્યતા તે મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો સમકિતીને પણ હોય છે. સમકિતીને નથી હોતી? મુનિને હોય છે, ગણધરોને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે, એ તો રાગ છે. પણ એ રાગ છે એ ભગવાનને લઈને થયેલ નથી. મારામાં નબળાઈ છે એથી શુભરાગ જે બહારમાં થાય છે એનાથી આ શુભ રાગ થયો. જાણે છે, મારું કર્તવ્ય નથી, મારો સ્વભાવ નથી પણ એ ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. અને અજ્ઞાની તો માને છે કે રાગ જ મને કલ્યાણનું કારણ છે. રાગ કલ્યાણનું કારણ ને સ્વભાવ કલ્યાણનું કારણ થાય, બે થાય એક સાથે? રાગ કલ્યાણરૂપે પરિણમે છે? રાગ છે ઇ સ્વરૂપપણે પરિણમે છે? ત્યારે સ્વરૂપ પોતે પોતાનાં એકાગ્ર થાય તો સ્વરૂપ પોતે પોતાના સ્વરૂપપણે પરિણમે છે. એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું આમાં? પાછું એક યાદ રાખીએ ત્યાં બીજું (આવે), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી. હવે અહીં કહે કે શ્રદ્ધામાં ધર્મ માને તો મિથ્યાત્વ છે. એય! હવે આમાં કેટલુંક શીખવું?

મુમુક્ષુ :– બધે સિદ્ધાંત તો એક જ છે.

ઉત્તર :– સિદ્ધાંત એક જ છે, ક્યાંય ફેર નથી.

**'રાગાદિ પરિણામરૂપ...'** (આ) મિથ્યાદૃષ્ટિના રાગની વાત છે, હોં! ઇષ્ટ-અનિષ્ટ માને છે એની. સમ્યગ્દૃષ્ટિનો રાગ એ મિથ્યાત્વ સહિત નથી, એકતાબુદ્ધિથી નથી. આ તો એકતાબુદ્ધિ છે. શરીર ઠીક છે તો આપણને વ્રત પળે છે, ઠીક ન હોય તો વ્રત ન પળે એ મિથ્યાત્વનો ભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત (છે). તદ્દન સ્વ ને પરનો વિવેક જેને નથી એ પરદ્રવ્યથી મને લાભ અને નુકશાન માને છે. એવા જીવના રાગાદિ પરિણામ–એ ભાવકર્મથી દ્રવ્યકર્મનો બંધ થાય છે. લ્યો!

**'એસા હંમેશાસે ચલા આ રહા હૈ...'** આ અનાદિકાળથી ચાલ્યું આવે છે. નવમી ગ્રૈવેયકે દિગંબર સંત મુનિ ગયો. ભાવલિંગ નહિ, દ્રવ્યલિંગી અઠયાવીસ મૂળ-ગુણ પાળીને. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એને પણ આ શરીરની ક્રિયા ઠીક ચાલે છે તેમાં મને લાભ થાય છે એ મિથ્યાત્વભાવ છે એ રહી ગયો. અને પુણ્યભાવ જે કાંઈ મહાવ્રતનો થયો એ મને ધર્મ છે. એ પુણ્યને ધર્મ માન્યો અને શરીરની ક્રિયા મારાથી થાય એ મિથ્યાત્વભાવ પડ્યો છે. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે ગયો પણ આ મિથ્યાત્વભાવ એણે ટાળ્યો નહિ.

**'ઔર હંમેશા તક ચલતા રહેગા.'** લ્યો! અજ્ઞાનીને તો જ્યાં સુધી આત્મા શુદ્ધ જ્ઞાયક છે એવી દૃષ્ટિ નહિ કરે અને ઇષ્ટ-અનિષ્ટ પરપદાર્થમાં ભાગલા પાડશે ત્યાં સુધી ચોરાશીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવતાર ચાલશે. **'સમ્ભવ હૈ કિ કિસી જીવકે યહ રુક ભી જાય.'** સમજાણું કાંઈ? સ્વભાવની દૃષ્ટિ કરે તો અટકી જાય એમ કહે છે. સ્વભાવ ચૈતન્યમૂર્તિ હું છું, હું શુદ્ધ જ છું. રાગનો કણ પણ કરવો એ મારા સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? **'કિસી જીવકે યહ રુક ભી જાય.'** અર્થાત્ પરપદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ છોડી પોતાનો આત્મા જ નિજાનંદ સ્વરૂપ છે એવી એકત્વબુદ્ધિ સ્વભાવમાં કરનારને, રાગની એકત્વબુદ્ધિ છોડનારને સંસાર અટકી જાય છે, સંસાર એને રહેતો નથી. સમજાણું કાંઈ? **'જૈસા કિ કહા ગયા હૈઃ - 'જો ખલુ સંસારત્થો૦'**માં પંચાસીની ગાથા આવે છે. પંચાસ્તિકાયની ૧૨૮, ૧૨૯ ને ૧૩૦ એ 'કુંદકુંદાચાર્ય' મહારાજ, એની પંચાસ્તિકાયની ગાથા છે. એની આ ત્રણ ગાથા છે. છે ને જુઓ! **'સંસારત્થો'**

**'જો સંસારમેં રહનેવાલા જીવ હૈ,...'** સંસાર નામ મિથ્યાત્વ ને રાગ-દ્વેષમાં રહેવાવાળો જીવ છે. **'ઉસકા પરિણામ (રાગદ્વેષ આદિરૂપ પરિણમન) હોતા હૈ,'** લ્યો! એને તો રાગદ્વેષ આદિ પરિણામ થાય છે. આત્માના સ્વભાવને ચૂકી અને ખંડ ખંડ રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ એ જ પરિણામ થાય છે. **'ઉસ પરિણામસે કર્મ બંધતે હૈં.'** એ શુભાશુભ રાગ, પુણ્ય ને પાપ બેય બંધનું કારણ છે. નવા કર્મ બંધાય છે. **'બંધે હુએ કર્મોંકે ઉદય હોનેસે મનુષ્યાદિ ગતિયોંમેં ગમન હોતા હૈ,...'** લ્યો! બાંધેલા કર્મના ઉદયથી મનુષ્ય, સ્વર્ગ આદિ દેવની ગતિ પ્રાપ્ત થાય છે.

**'મનુષ્યાદિ ગતિમેં પ્રાપ્ત હોનેવાલેકો (ઔદારિક આદિ) શરીરકા જન્મ હોતા હૈ,...'** શરીર પ્રાપ્ત થાય. વૈક્રિયક શરીર ને ઔદારિક શરીર (પ્રાપ્ત થાય), આત્મા પ્રાપ્ત ક્યાં (થાય છે)? ન્યાં તો શરીર પ્રાપ્ત થાય, કહે છે. **'શરીર હોનેસે ઇન્દ્રિયોંકી રચના હોતી હૈ,...'** આ પાંચ ઇન્દ્રિય. આત્મા અરૂપી ભિન્ન તત્ત્વ છે એને આ મળ્યું. **'ઇન્દ્રિયોંસે વિષયોં (રૂપ રસાદિ) કા ગ્રહણ હોતા હૈ,...'** એ ઇન્દ્રિયો પર ઉપર લક્ષ કરનારી હોય છે. (એટલે કે) જ્ઞાનનું લક્ષ (ત્યાં જાય છે). એને શુભ-અશુભ માને. ઝીણી વાત છે, હોં! પાંચ ઇન્દ્રિય એટલે? આ ભગવાનને દેખવા ઇ ઇન્દ્રિયનો વિષય છે.

મુમુક્ષુ :- કઈ ઇન્દ્રિયનો? આંખની?

ઉત્તર :- આંખની. જરી ઝીણી વાત છે. એકલો વિષય એટલે ભોગનો વિષય એમ નહિ. અનિન્દ્રિય જે આત્મા પોતાનો સમ્યગ્દર્શનનો વિષય એને છોડીને જેટલા પાંચ ઇન્દ્રિયના વિષય કરે બધા વિષયનું પુણ્ય-પાપનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ અહીં તો સ્વ ને પર બેની વાત છે.

મુમુક્ષુ :- ભગવાન પર..

ઉત્તર :- ભગવાન પરદ્રવ્ય કે સ્વદ્રવ્ય છે? એ આંખનો વિષય છે કે ચૈતન્યના જ્ઞાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શનનો વિષય છે ઇ? સમ્યગ્દર્શનનો વિષય આત્મા (છે). સમજાય છે? ઇન્દ્રિયનો વિષય પર. સમ્યગ્જ્ઞાનનો વિષય આત્મા, સમ્યક્ચારિત્રનો વિષય આત્મામાં ઠરવું તે. અને પાંચ ઇન્દ્રિનો વિષય પર. ચાહે તો વાણી સાંભળે, ચાહે તો ભગવાનને દેખે, કાં તો બાયડીને જોવો, કાં તો પર (જોવે) પણ છે પર તરફનો વિષય.

મુમુક્ષુ :– બધા એક લાઈનમાં?

ઉત્તર :– વિષય તરીકે એક લાઈનમાં. પુણ્ય-પાપના બંધ તરીકે ફેર (છે). બંધ તરીકે એક પ્રકારે પણ પુણ્ય ને પાપ તરીકે ફેર, એટલો ફેર. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનો અંતર વિષય થવો, ધ્યેય બનવું એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. એ ઇન્દ્રિયનો વિષય, જ્ઞાનીનો વિષય છે જ નહિ. સમજાણું કાંઈ? છતાં જેટલું પર ઉપર લક્ષ જાય એટલો એને રાગ થયા વિના રહે નહિ. સ્ત્રી, કુટુંબ તરફ લક્ષ જાય તો અશુભ રાગ (થાય અને) દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર (લક્ષ) જાય તો શુભરાગ (થાય).

મુમુક્ષુ :– છાંયા-તડકા...

ઉત્તર :– છાયા-તડકા જેટલું શું મુકે? કહો, સમજાણું? બંધ તરીકે એક પ્રકાર અને વિષયના જ્ઞેય તરીકે પણ એક જ પ્રકાર. ફક્ત આ શુભભાવ છે, પેલો અશુભભાવ છે. પણ શુભભાવમાં વિષય પર હોય, શુભભાવમાં વિષય સ્વ ન હોય. શુદ્ધભાવમાં વિષય સ્વ હોય. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય શુદ્ધ એનો વિષય આત્મા અને શુભાશુભ પરિણામ એનો વિષય પર ઉપર લક્ષ છે. શુભ પરિણામનું લક્ષ સ્વમાં હોય ? સમજાણું કાંઈ?

**'ઇન્દ્રિયોંસે વિષયોં કા ગ્રહણ હોતા હૈ...'** આ અનંતવાર થયું એની વાત કરે છે કે નહિ? તો અનંતવારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી એને મળ્યું? દ્રવ્યલિંગી અનંતવાર થયો. તો એને દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, એનો વિષય લક્ષ હતું, આ ઠીક છે (એવો) શુભભાવ પણ થયેલો પણ ઇ પર તરીકેના વિષયનો શુભભાવ થયો. આહાહા..! અનંતવાર સમવસરણને જોયા, ભગવાનને જોયા અનંતવાર અને અનંતવાર સમવસરણમાં મણિરત્નના દિવાથી ભગવાનની પૂજા કરી. શું થયું? પર વસ્તુ (છે). શુભભાવ થયો, પુણ્ય ભાવ થયો. પરથી પુણ્ય એ તો બંધનું કારણ થયું. આહાહા..! રાડ નાખી જાય, હોં! અરે..! ભગવાન! ભઈ ભગવાનની પાસે જા હવે તું. પણ ભગવાન પાસે જાય એવી તાકાત શેની હોય એની? રાડ ન્યાં પાડ, રાડ ન્યાં પાડ, અહીં 'સોનગઢ'વાળાને ન કહે તું. આહાહા..!

ભાઈ! વસ્તુ એક ને એક બે જેવી છે. પોતાનો આત્મા વસ્તુ સ્વને વિષય કરે તેમાં રાગના ભાગ વિના વિષય થાય. પરનો વિષય કરે એમાં રાગ પછી શુભ કે અશુભ બે રાગ થયા વિના પરનો વિષય થાય નહિ. સમજાણું કાંઈ? બરાબર છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ફેર કીધો ને. પુણ્ય-પાપનો ફેર છે. શુભભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્ર લક્ષમાં હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અશુભભાવમાં સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધો લક્ષમાં હોય છે. પાપ. એ બેના વિષયમાં ફેર (છે) પણ વિષય તરીકે, પરદ્રવ્ય તરીકે એક છે અને બંધ તરીકે રાગ એક જ પ્રકારનો છે. શુભ-અશુભ તરીકે ફેર વ્યવહારથી પાડવામાં આવે છે. આહાહા..! એને આવી સ્વપરના વિવેકની સમજણ વિના એ સ્વમાં ઠરી શકશે નહિ. પરના લક્ષે સ્વમાં જવાતું હશે? કે પરનું લક્ષ છોડે ત્યારે સ્વમાં જવાય? તો જ્યાં પરના લક્ષે લાભ માને એ સ્વમાં આવે શી રીતે? આહાહા..! હોય ભલે, હોય છે તો શું છે?

**'(રૂપ રસાદિ) કા ગ્રહણ હોતા હૈ,'** જ્ઞાન ગ્રહણ થાય એમાંથી? સમ્યગ્દર્શન ગ્રહણ થાય? દ્રવ્યલિંગી અનંતવાર (થયો). અહીં તો અનંતવારની વાત ચાલે છે ને? અનંતવાર આમ થયું, આમ થયું, સંસારમાં હોય એને રાગ-દ્વેષ થાય, રાગ-દ્વેષ થાય એને શરીર મળે, શરીર મળે એને ઇન્દ્રિયો મળે, ઇન્દ્રિયો મળે એને વિષય થાય. એ વિષયમાં શું એકલા ભોગના જ વિષયની વાત છે? નવમી ગ્રૈવેયક ગયો ત્યારે સમવસરણમાં ગયો હતો, દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે ગયો હતો, સાંભળ્યું ઇ ક્યાં ગયું? ઇ શેમાં ગયું? આ વિષયમાં ગયું કે કોઈ બીજા વિષયમાં ગયું?

મુમુક્ષુ :– ઇ પણ જ્યાં વિષયની વાત આવે ત્યાં ...

ઉત્તર :– એ આ ભોગની વાત સમજે. એનું લક્ષ જ ઇ જાય. પણ શાસ્ત્રમાં કહ્યું શું? પેલામાં નહિ? કામ ભોગ બંધ કથા. **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा'** ઇ કામ એટલે રાગ અને ભોગ એટલે ભોગવવું. કર્તા ને ભોક્તા, રાગ ને પુણ્ય-પાપનું કરવું ને ભોગવવું એ જ તેં સાંભળ્યું છે. રાગ-દ્વેષ વિનાનો આત્મા ભગવાનઆત્મા ભિન્ન છે એ વાત તેં સાંભળી નથી. સમજાણું કાંઈ?

**'ઉસસે ફિર રાગ ઔર દ્વેષ હોને લગ જાતે હૈં.'** જુઓ! એય! તો આ શરીર મળ્યું ને પાંચ ઇન્દ્રિય મળ્યા કે ખંડ ખંડ ઇન્દ્રિય (ભળી), એનું લક્ષ આમ જાય. જિતેન્દ્રિયમાં કહ્યું છે ને? 'સમયસાર' ૩૧ ગાથામાં. પાંચ ઇન્દ્રિયનું ખંડ ખંડપણું, દ્રવ્ય ઇન્દ્રિયનું નિમિત્તપણું ને એનો બધો વિષય એમાંથી હટીને આ બાજુ જાય ત્યારે વિષય જીત્યો કહેવાય, ત્યારે જિતેન્દ્રિય કહેવાય. સમજાણું કાંઈ? **'ફિર રાગ ઔર દ્વેષ હોને લગ જાતે હૈં.'** બસ! ઇ તો રાગદ્વેષ જ કરશે. પર ઉપર લક્ષમાં વીતરાગતા ક્યાંથી આવી? સ્વના લક્ષ વિના આ શરીર મળ્યું, ઇન્દ્રિય મળી ને ઇન્દ્રિયમાંથી આમ કર્યું ન્યાંથી પાછા રાગ-દ્વેષ થયા, રાગ-દ્વેષમાંથી બંધ થયો, બંધથી પાછું શરીર મળ્યું, શરીરમાંથી ઇન્દ્રિયો મળી. અનાદિથી એમ ને એમ ચક્ર ચાલ્યે જાય છે, એમ કહે છે અહીં તો. આહાહા..!

**'ઇસ પ્રકાર જીવકા સંસારરૂપી ચક્રવાલમેં ભવપરિણમન હોતા રહતા હૈ,...'** **'ભવપરિણમન હોતા રહતા હૈ...'** સમજાણું? છે ને? શું છે પેલી કોર? **'जिणवरेहिं भणिदो, अणादिणिधणो सणिधणो'** એટલું છે. આ તો આ શબ્દ ક્યાં છે એટલું જોવું છે, શું? 'ભવપરિણમન' એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શબ્દ છે. એ ભવપરિણમન એમાંથી કાઢ્યું. **'संसारत्थो जीवो अनादिकालं संसारे भ्रान्तो भ्रमति'** ઇ એમાંથી નીકળ્યું. ભવપરિણમન કાઢ્યું લ્યોને. ભવપરિણમન છે ને ઇ. કાંઈ આત્મપરિણમન નથી. જીવમાં સંસારરૂપી ચક્રવાળમાં ભવનું પરિણમન થયા જ કરે છે. સ્વર્ગ-નરક, સ્વર્ગ-નરક, સ્વર્ગ-નરક બધું દુઃખ.

**'એસા જિનેન્દ્રદેવને કહા હૈ.'** લ્યો! સમજાય છે? એ છે ને **'जीवस्सेवं, भावो संसारचक्कवालंभि' 'भावो'** છે ને? ઇ. **'भावो संसारचक्कवालंभि। इदि जिणवरेहिं भणिदो'** એમ જિનેન્દ્રદેવ (કહે છે). એ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે કે, તારો સંસાર સ્વના લક્ષ વિના, સ્વની રુચિ વિના, પરપદાર્થના લક્ષમાં ઠીક-અઠીક માનીને રાગ-દ્વેષ કરીને મિથ્યાત્વના ભાવથી તે રખડી રહ્યો છે. સમજાણું કાંઈ?

**'જો અનાદિકાલસે હોતે હુએ અનન્તકાલતક હોતા રહેગા,...'** જ્યાં સુધી પરમાં આ ઠીક-અઠીક, ઠીક-અઠીક, ઠીક-અઠીક, આ પરના વિષયમાં ઇન્દ્રિય તરફના લક્ષમાં રહેશે ત્યાં સુધી એવો સંસાર એમ ને એમ ઉભો રહેશે. ઇન્દ્રિયાતીત ભગવાનઆત્મા એની દૃષ્ટિ કરશે તો... એ લેશે થોડું, જુઓ! **'હાઁ, કિન્હીં ભવ્યજીવોંકે ઉસકા અન્ત ભી હો જાતા હૈ.'** કહો, સમજાણું કાંઈ? કોઈનો અંત પણ (આવી જાય છે). પેલામાં આવ્યું હતું ને? એટલે આવી ગયું. મૂળમાં છે ને? એટલે આવી ગયું. આહાહા..! **'सणिधणो' 'अणादिणिधणो सणिधणो'** છે ને શબ્દમાં? કોઈને અંત પણ આવી જાય છે. કઈ રીતે? પેલું કરતાં કરતાં એમ નહિ. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના વિષયને છોડીને આમ પરમાં લક્ષ કર્યા કરે ત્યાં સુધી શુભાશુભ રાગ થયા કરે અને એકત્વબુદ્ધિથી સંસાર પરિણમ્યા જ કરશે. એને છોડીને સ્વનો ચૈતન્યનો આશ્રય કરતાં પરની એકત્વબુદ્ધિ છૂટતા રાગ-દ્વેષ એકત્વ નહિ રહે એને સંસાર નહિ રહે, એનું પરિભ્રમણ છૂટી જશે.

**दोहा - मथत दूध डोरीनितें, दंड फिरत बहु बार।**
**राग द्वेष अज्ञानसे, जीव भ्रमत संसार।।११।।**

અહીં તો અજ્ઞાનીના રાગ-દ્વેષ છે. **'મથત દૂધ ડોરીનિતેં,'** ડોરીથી મથત દૂધ **'દંડ ફિરત'** પેલો દંડ ફરે. **'બહુ બાર રાગ દ્વેષ અજ્ઞાનસે, જીવ ભ્રમત સંસાર'** એનો સાર કીધો.

મુમુક્ષુ :– કર્મ ગયા ક્યાં?

ઉત્તર :– કર્મ ગયા. અંદર રાગ ગયો. રાગ-દ્વેષથી કીધું છે ને? સમજાણું ? **'अज्ञानात्सुचिरं जीवः'** પાઠમાં તો ઇ છે, જુઓ! શું છે? છે ને? **'अज्ञानात्सुचिरं जीवः, संसाराब्धौ भ्रमत्यसौ'** અજ્ઞાનથી રખડવાની વાત છે. પોતાનું જ્ઞાન કરતો નથી, શુદ્ધ ચૈતન્યમાં વિષય વાળતો નથી. આ વિષય આ... આ... આ... કર્યા જ કરે છે. અજ્ઞાનથી ચાર ગતિમાં રખડવું થાય છે. વિશેષ પ્રશ્ન કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૪, શનિવાર**
**તા. ૨૬-૦૩-૧૯૬૬**
**ગાથા–૧૨, ૧૩. પ્રવચન નં. ૧૧**

દસ (ગાથા) ચાલી. અગિયારમીમાં કહ્યું એના ઉપર શિષ્યનો પ્રશ્ન છે. શું કહ્યું હતું એમાં? જુઓ!

**दोहा - मथत दूध डोरीनितें, दंड फिरत बहु बार।**
**राग द्वेष अज्ञानसे, जीव भ्रमत संसार।।११।।**

છે ને ઉપર? હિન્દી. જેમ દોરી વડે દંડને આ દૂધ આદિમાં મથે છે ને? તો દંડ–રવૈયો બહુ ફર્યા કરે છે. એમ અનાદિથી પોતાનું આત્માનું સ્વરૂપ આનંદ ને જ્ઞાન છે એના ભાન વિના શુભ અને અશુભ રાગ, પુણ્ય ને પાપનો રાગ અને એમાં મને સુખ છે એવો મિથ્યાત્વભાવ એનાથી અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. સંસારમાં ક્યાંય સુખ નથી. આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્મા જોયો એ આત્મા તો અંતર આત્મા, અંતર આનંદ સ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદસ્વરૂપને ભૂલી અનાદિથી પુણ્ય-પાપના ભાવ અને એ મારા એવો મિથ્યાત્વભાવ (કરીને) એનાથી નવા કર્મ બાંધી અને અનંતકાળથી પરિભ્રમણ ચોરાશીમાં કરી રહ્યો છે. સમજાણું કાંઈ? એને ક્યાંય સુખ છે નહિ, સુખ તો આત્મામાં છે.

મુમુક્ષુ :– સુખની જાત ..

ઉત્તર :– સુખની જાત એક છે એમ કહેશે હમણાં. જડમાં ક્યાંય સુખ-બુખ નથી. ભૂલ કીધું ને, આ શું કીધું ભૂલ? '**રાગ-દ્વેષ અજ્ઞાનસે**' ભૂલ તો કીધી. પોતાનો સ્વભાવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને ભૂલી અને શુભ-અશુભભાવ વિકાર થાય એમાં મને ઠીક છે અને એ પુણ્યના ફળ તરીકે આ ધૂળ આદિ મળે, આ સ્વર્ગ મળે ને આ લક્ષ્મી મળે એમાં મને ઠીક છે એવી માન્યતા તેને ભગવાન મિથ્યાત્વ કહે છે.

મુમુક્ષુ :– એવી માન્યતા તો બધા જીવોની છે.

ઉત્તર :– બધા જીવો (માને) તો બધા મિથ્યાદૃષ્ટિ (છે). આવું માને ત્યાં સુધી. એ માટે તો પ્રશ્ન છે અહીંયાં. સમજાણું કાંઈ?

આત્માની શાંતિ આત્મામાં છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરે આત્મામાં શાંતિ અંદર પ્રગટ કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી.

મુમુક્ષુ :– અત્યારે તો શાંતિ સંતાઈ ગઈ છે.

ઉત્તર :– સાંભળો.. સાંભળો! શાંતિ સંતાઈ ગઈ ઇ જ કહે છે, મૂઢને લઈને સંતાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગઈ એમ કહે છે. ભાન નથી કે આ આત્મા શું અને હું શેમાં માની રહ્યો છું? અત્યારે શેમાં માની રહ્યો છું.

મુમુક્ષુ :- પહેલા પ્રગટ હતું...

ઉત્તર :- હતું કે દિ' પ્રગટ? ભાન હતું કે દિ'? અનાદિકાળથી નિગોદના ભવ અનંત કર્યા. એકેન્દ્રિય નિગોદ છે ને? એક શરીરમાં અનંતા જીવ. આ બટાટા, શકરકંદ. શું કહેવાય? આલુ. લીલ, ફૂગ, કંદમૂળમાં અનંતા જીવ છે. એમાં પણ અનંતવાર રહ્યો છે. ત્યાંથી નીકળીને અનંતવાર માણસ થયો, દેવ થયો, નારકી થયો, ઢોર થયો. અનંતવાર ભવ કર્યા. એક પુણ્ય ને પાપના વિકારી ભાવ એને સુખરૂપ માન્યા. એના ફળના બંધનને પણ ઠીક માન્યું કે પુણ્ય બંધન હોય એ મને ઠીક અને એના ફળ તરીકે આ ધૂળ આદિ સંયોગ મળે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી (એને ઠીકપણે) માન્યું છે. બરાબર હશે 'બાબુભાઈ'? આ બધા પૈસાવાળા સુખી કહેવાય છે ને? ઇ કહેશે હમણાં.

મુમુક્ષુ :- માને તો..

ઉત્તર :- માને તો. માને છે. માને તો સુખી કે દિ' હતા? ધૂળમાં. માને એટલે સુખી થઈ જાય? ઝેર ખાઈને જીવવું માંગે એટલે જીવવું થઈ જાય?

આત્મામાં આનંદ છે, આત્માનો ધર્મ આત્મામાં છે. ધર્મ એટલે સ્વભાવ. અનંત પરમાત્મા વીતરાગ દેવે આત્માનો ધર્મ આત્મામાં છે (એમ જોયું છે). ધર્મ એટલે સ્વભાવ. એવો સ્વભાવ આત્માનો અંતર ન માનતા શુભ-અશુભ રાગ થાય, વિકાર પુણ્ય-પાપ, એનું બંધન અને એના ફળ એમાં પોતાને ઠીક છે એમ અનાદિથી માની રહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

મારું હિત, મારું હિત સંવર-નિર્જરા ને મોક્ષની દશા (છે). એ તો મારા અંતર સ્વભાવમાંથી પ્રગટે એવી ચીજ છે. એ કાંઈ બહારથી આવે એવી નથી. એવું ન-ભાન-એનું અભાન કરીને બહારમાં ક્યાંક સુખ માટે મથી રહ્યો છે. સમજાણું કાંઈ? બહારનો ત્યાગી થયો હોય તો પણ અંદરના શુભરાગ ને અશુભરાગમાં મીઠાશ માને એ પણ મિથ્યાત્વનો ત્યાગી નથી, સમ્યગ્દષ્ટિનો ત્યાગી છે. સમજાય છે કાંઈ? આત્મામાં થતાં શુભ ને અશુભભાવ એમાં અશુભભાવ તો ઠીક પણ શુભભાવ ઠીક છે, હિતકર છે એમ માને છે એ સમ્યગ્દષ્ટિનો, સમ્યગ્દર્શનનો ત્યાગ કર્યો છે એણે. મિથ્યાદર્શનને ગ્રહણ કર્યું છે. સમજાણું કાંઈ? એ વાત પહેલી કરી.

**'રાગ દ્વેષ અજ્ઞાનસે, જીવ ભ્રમત સંસાર.'** અનંતકાળથી અજ્ઞાનપણે આત્માના ભાન વિના હું આત્મા સિદ્ધ સ્વરૂપે છું. સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને ઉપયોગ, જાણપણું, દર્શન, જ્ઞાન દર્શન, લક્ષણવાળો ભગવાને જોયો. એ કાંઈ આ (પુણ્ય-પાપના) ભાવ થાય એ એનું સ્વરૂપ નથી. દેહાદિ તો માટી, જડ, પ્રત્યક્ષ પર છે. સમજાણું કાંઈ? બાયડી, છોકરા ધૂળ તો વળી ક્યાંય બહાર રહી ગયા. એમાં મને મીઠાશ ને ઠીક છે એવી માન્યતા, તેને અહીંયાં ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાદષ્ટિ મિથ્યાત્વ કહે છે. એ મિથ્યાત્વને લઈને પછી રાગ-દ્વેષ થયા. અનુકૂળતામાં પ્રેમ, પ્રતિકૂળતામાં દ્વેષ, ઇષ્ટ વસ્તુ દેખીને પ્રીતિ અને અનિષ્ટ દેખીને અપ્રીતિ (થયા). એમ મિથ્યાદષ્ટિના મૂળ બિજડા રાગ-દ્વેષની ઉત્પત્તિ મિથ્યાત્વમાંથી થઈ છે. સમજાણું કાંઈ? હવે શિષ્યનો પ્રશ્ન છે.

---

यहाँपर शिष्य पूछता है कि स्वामिन्! माना कि मोक्षमें जीव सुखी रहता है। किन्तु संसारमें भी यदि जीव सुखी रहे तो क्या हानि है?- कारण कि संसारके सभी प्राणी सुखको ही प्राप्त करना चाहते हैं। जब जीव संसारमें ही सुखी हो जाँय तो फिर संसारमें ऐसी क्या खराबी है? जिससे कि संत पुरुष उसके नाश करने के लिये प्रयत्न किया करते हैं? इस विषयमें आचार्य कहते हैं - हे वत्स-

विपद्भवपदावर्ते, पदिकेवातिबाह्यते।
यावत्तावद्भवन्त्यन्याः, प्रचुरा विपदः पुरः।।१२।।

अर्थ :- जबतक संसाररूपी पैरसे चलाये जानेवाले घटीयंत्र[१]में एक पटली सरीखी एक विपत्ति भुगतकर तय की जाती है कि उसी समय दूसरी दूसरी बहुतसी विपत्तियाँ सामने आ उपस्थित हो जाती हैं।

विशदार्थ :- पैरसे चलाये जानेवाले घटीयंत्र[२]को पदावर्त कहते हैं, क्योंकि उसमें वार वार परिवर्तन होता रहता है। सो जैसे उसमें पैरसे दबाई गई लकड़ी या पटलीके व्यतीत हो जानेके बाद दूसरी पटलियाँ आ उपस्थित होती हैं, उसी तरह संसाररूपी पदावर्तमें एक विपत्तिके बाद दूसरी बहुतसी विपत्तियाँ जीवके सामने आ खडी होती हैं।

इसलिये समझो कि एकमात्र दुःखोंकी कारणीभूत विपत्तियोंका कभी भी अन्तर न पड़नेके कारण यह संसार अवश्य ही विनाश करने योग्य है। अर्थात् इसका अवश्य नाश करना चाहिये।।१२।।

दोहा - जबतक एक विपद टले, अन्य विपद बहु आय
पदिका जिमि घटियंत्र में, बार बार भरमाय।।१२।।

---

**'ઉત્થાનિકા :– યહાં પર શિષ્ય પૂછતા હૈ કિ સ્વામિન્! માના કિ મોક્ષમેં જીવ સુખી રહતા હૈ.'** જુઓ! એક અપેક્ષાએ તમારી વાત ઠીક છે, શિષ્ય એમ કહે છે. મોક્ષ એટલે આત્મામાં વસ્તુ આત્માના આનંદ, શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ કરી અને આત્માની પૂર્ણ આનંદદશા સિદ્ધપદ પ્રાપ્ત થાય ત્યાં મોક્ષ હશે, મોક્ષ છે, સુખ (છે) ઠીક છે, માનો કે. એમ કહે છે. આત્મામાં આનંદ છે એનું સમ્યગ્દર્શન વડે ભાન કરી, સમ્યગ્જ્ઞાન વડે વેદન કરી, સમ્યક્ચારિત્ર

---

१. आकस्मिकागत। २. एक यंत्रविशेष जो पानी उलीचनेके काम आता है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વડે સ્વરૂપમાં રમણતા કરી અને સિદ્ધપદ પ્રાપ્ત થાય (તો) માનો કે ત્યાં મોક્ષમાં જીવ સુખી રહે છે, શિષ્ય એટલું કહે છે. છે ને ઉત્થાનિકા? **'કિન્તુ સંસારમેં ભી યદિ જીવ સુખી રહે તો ક્યા હાનિ હૈ?'** અહીં સંસારમાં રહ્યા કાંઈક સુખ મળે તો વાંધો શું છે તમને? શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :- વાત સમજવા માટે છે.

ઉત્તર :- એમ. આ બધા તમે પૈસાવાળા સુખી છો એમ દુનિયા કહે છે, એ વળી ... થોડા ભલા સુખી છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માનેથી કાંઈ સુખ થઈ જાય ધૂળમાં? પૈસા ક્યાં, બાયડી ક્યાં, છોકરા ક્યાં હાડકા ને માંસ, આ તો ચામડા છે. બાયડીનું શરીર ચામડા, માંસ ને હાડકા છે. ન્યાં સુખ છે? સુખ આત્મામાં છે એવા ભાન વિના પરવસ્તુના ફળમાં ને પરમાં સુખ માની અને ચાર ગતિમાં રખડી રહ્યો છે. ત્યારે શિષ્યે કહ્યું, માનો પ્રભુ! મોક્ષમાં ભલે સુખ હો પણ સંસારમાં સુખી રહે તો શું હાનિ છે?

**'કારણ કિ સંસારકે સભી પ્રાણી સુખકો હી પ્રાપ્ત કરના ચાહતે હૈં.'** સુખની પ્રાપ્તિ કરવા માંગે છે. **'જબ જીવ સંસારમેં હી સુખી હો જાય તો ફિર સંસારમેં એસી ક્યા ખરાબી હૈ?'** તો સંસારમાં ખરાબ શું છે? 'બાબુભાઈ'! બરાબર છે? આ જુઓને આ પાંચ-પચીસ લાખ રૂપિયા, લુગડા આવા પહેરીને બેઠે, ખાય-પીવે ને આમ લહેર કરે તો શું દુઃખ છે? એમ કહે છે. અહીં સુખી રહે તો વાંધો શું છે તમને? એમ શિષ્ય પૂછે છે. મોક્ષમાં સુખ છે માનો હશે, પણ અહીં સુખી રહે તો વાંધો શું તમને?

મુમુક્ષુ :- બે પ્રકારનું સુખ આવ્યું.

ઉત્તર :- બે પ્રકારનું સુખ આવ્યું. **'જબ જીવ સંસારમેં હી સુખી હો જાય તો ફિર સંસારમેં એસી ક્યા ખરાબી હૈ? જિસસે કિ સંત પુરુષ ઉસકે નાશ કરનેકે લિયે પ્રયત્ન કિયા કરતે હૈં?'** જુઓ! **'સંત પુરુષ ઉસકે નાશ કરનેકે લિયે પ્રયત્ન કિયા કરતે હૈં.'** એનું કારણ શું? અહીં ક્યાં સુખ નથી? અને સંસારનો નાશ શું કરવા મથે છે? સંત ધર્માત્મા પોતાનો આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એની દૃષ્ટિ કરી અંતરમાં રમે છે અને પુણ્ય-પાપના ભાવનો નાશ કરવા ચાહે છે. પુણ્ય-પાપનો ભાવ નાશ થતા સંસારનો નાશ કરવા મથે છે. તો સંસારમાં સુખી થાય તો આવું શું કરવા નાશ કરવા (મંથન) કરવું જોઈએ? 'પોપટભાઈ'! સંત પુરુષ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એ આત્મામાં અંદર શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એકાકાર થઈને વિકારના ભાવોનો નાશ કરવા મથે છે અને ન્યાં સુખ હશે ભલે પણ અહીં સુખ ક્યાં નથી તે એવું મંથન કરે છે? એમ પૂછે છે. **'ઇસ વિષયમેં આચાર્ય કહતે હૈં - હે વત્સ'** ગુરુ કહે છે કે, હે શિષ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



विपद्भवपदावर्ते, पदिकेवातिबाह्यते।
यावत्तावद्भवन्त्यन्याः,प्रचुरा विपदः पुरः।।१२।।

**'અર્થ :– જબતક સંસારરૂપી પૈરસે ચલાયે જાનેવાલે...'** શું કહે છે? 'સંસાર' શબ્દે પુણ્ય ને પાપ મારા એવો મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ? એનાથી એનો પગ. આ પેલું ચક્ર નથી થાતું? અરહટ... અરહટ. આ કૂવામાં (નથી મૂકતા)? ઉપરનું પાણી આમ નીકળે ને હેઠેથી ભરાય, ઉપર નીકળે ને હેઠેથી ભરાયય ઘડા, ઘડા ભરાય છે ને? આમ આખું ચક્ર (હોય). છપ્પનીયામાં બહુ હતાં. છપ્પનીયામાં પાણી ખુટ્યું હતું ને? તે બહુ અરહટ કરતાં જોયા હતા. તે દિ' દસ વર્ષની ઉંમર હતી ને. પાણી બહુ ખુટતા તે આ બિચારા ગરીબ માણસો (અરહટ) કરે. પાણી અહીં મોઢા આગળ આમ ઠલવાય. ઉપરનું ઠલવાય ને હેઠે ભરાય. અરહટ.

**'સંસારરૂપી પૈરસે ચલાયે જાનેવાલે ઘટીયંત્રમેં એક પટલી સરીખી એક વિપત્તિ ભુગતકર તય કી જાતી હૈ...'** એક પટલી જાય છે ત્યાં બીજી પટલી આવે છે. એક આપદા જાય ત્યાં બીજી આપદા આવે છે. સમજાણું કાંઈ? એક વિપત્તિ જાય ત્યાં બીજી વિપત્તિ તૈયાર હોય જ. સમજ્યા ને? પેલામાં જેમ પાણી ઠલવાણું ઉપરથી તો નીચેથી અનેક ઘડા ભરાણા પાછા. ઉપરથી આમ ઠલવાય, હેઠેથી ભરાય.

**'તય કી જાતી હૈ કિ ઉસી સમય દૂસરી દૂસરી બહુતસી વિપત્તિયાં સામને આ ઉપસ્થિત હો જાતી હૈં.'** એક આપદા (હતી) જ્યાં સ્ત્રીને દુઃખ હતું એ જ્યાં ટાળવા ગયા ત્યાં લક્ષ્મી ગઈ. લક્ષ્મી જ્યાં મેળવવા ગયા ત્યાં છોકરો મરી ગયો, છોકરો જ્યાં મરી ગયો (અને) જ્યાં બીજો છોકરો થયો ત્યાં શરીરમાં ક્ષય લાગુ પડયો.

મુમુક્ષુ :– ઇ તો કોઈની વાત છે, બધાને કાંઈ એવું નથી હોતું.

ઉત્તર :– ઇ અહીં કહે છે, પછી કહેશે કે, નહિ હોય તો આત્માનું એને ભાન નથી માટે દુઃખી છે. આ તો બહારની બહારથી વાત કરે છે. કહો, સમજાણું આમાં?

**'વિશદાર્થ :– પૈરસે ચલાયે જાનેવાલે ઘટીયંત્રકો પદાવર્ત કહતે હૈં,...'** પદાવર્ત–પગથી આમ ફરે. પગ મુકતો જાય ને આમ આમ ફરતું જાય. **'ક્યોંકિ ઉસમેં બાર બાર પરિવર્તન હોતા રહતા હૈ.'** વારંવાર પાણી નીકળે ને ભરાય. **'જૈસે ઉસમેં પૈરસે દબાઈ ગઈ લકડી યા પટલીકે વ્યતીત હો જાનેકે...'** દબાણી તો હેઠે ગઈ **'હો જાનેકે બાદ દૂસરી પટલિયાં આ ઉપસ્થિત હોતી હૈં,...'** ઉપરથી આવીને ઉભી રહે, આમ થાય.

**'ઉસી તરહ સંસારરૂપી પદાવર્તમેં...'** પરિભ્રમણના કાળમાં **'એક વિપત્તિકે બાદ દૂસરી બહુતસી વિપત્તિયાં જીવકે સામને આ ખડી હોતી હૈં.'** સમજાણું કાંઈ? એક જ્યાં ટાળવા જાય ત્યાં બીજી, બીજી જાય ત્યાં ત્રીજી... ચાલ્યા જ કરે હોળી. બહારમાં અનુકૂળ-પ્રતિકૂળતામાં સુખ છે નહિ. કહો, સમજાણું? 'ફાવાભાઈ'! બરાબર છે? જ્યાં પૈસા થયા ત્યાં શરીરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રોગ, રોગ જાય ત્યાં બીજામાં (વિપત્તિ આવે). આમાં ક્યાં ધૂળમાંય સુખ નથી. 'મગનભાઈ'! શું હશે? આહાહા..! કલ્પના... કલ્પના છે, બાપા! અહીં આત્મા આનંદ છે એને ભૂલી અને ધૂળમાં ને પૈસામાં ને આપદામાં ને દુઃખમાં ને સુખ માને છો, બાપુ! તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? બહારમાં ક્યાંય સુખ છે નહિ. એક પછી એક આપદા આવ્યા જ કરે છે. બહુ વિસ્તાર આમાં લખાણમાં નથી કર્યો. એટલો અર્થ જ સાધારણ કર્યો છે. સમજાણું? પૈસા જ્યાં આવે ત્યાં કોઈ સલવાડી નાંખે. કહો, બરાબર હશે? 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– ......

ઉત્તર :– અરે..! ચાલ્યા ગયા. ન્યાં એમાંથી એં.. એં.. થઈ જાય છે. જુઓને પૂછો એના છોકરાને, પૂછો તો ખરા. એક મહિનો તો હમણા ખાટલે પડ્યો હતો. એની પાસે બે કરોડ રૂપિયા છે. 'પૂનમચંદ'. આ મીલ નહોતો લેતો? તમારે 'અમદાવાદ'માં આનો દીકરો. ધૂળમાં પણ સુખ નથી. પડ્યો હતો ખાટલે એં.. એં.. કરતો. ખુરશીમાં બેઠો હોય તો અંદર કલ્પના, હોળી સળગતી હોય. ન્યાં ક્યાં સુખ હતું ધૂળમાં? મફતનો મૂઢ માનીને બેઠો છે. સમજાણું કાંઈ?

એક ટળે ત્યાં બીજી (આવે). જ્યાં પૈસા થાય ત્યાં કહે, મારે ઓછા ને આને વધારે. એ હોળી સળગાવે પાછી. મારી પાસે પાંચ-દસ લાખ, વીસ લાખ અને આની પાસે પચાસ લાખ છે. ચાલીસ લાખની ખાધ. અમે બે સરખા ભાગીદાર, અમે સરખા પાંચ પાંચ લાખ વહેંચ્યા, આને બે પાંચ વર્ષમાં પચાસ લાખ થઈ ગયા ને મારે તો હજી પાંચ જ લાખ (છે). માંડ વ્યાજ કાઢીને એટલું ખાઈએ ને એટલું રહ્યું. આને થઈ ગયા પચાસ લાખ, (મારે) પીસતાલીસ લાખની ખાધ (છે). ખાધ સમજાણું? આમ ખાધ ભલે ન મળે. ખાધ બે પ્રકારના. એક આમ પચાસ લાખની મૂડી કહેવાતી હોય ને હોય દસ લાખની. એવા પણ હોય છે ને અત્યારે? ઘણા હોય છે, બધા જોયા છે ને અમને તો બધી ખબર છે. પચાસ લાખ કહેવાતા હોય અંદર દસ લાખ હોય, ચાલીસ લાખની ખાધ હોય પણ એમ ને એમ ટકાના વ્યાજે, બાર આના વ્યાજે (ચાલતું હોય). અત્યારે તો વળી મોઘું વ્યાજ થઈ ગયું પણ પહેલા ટકાના વ્યાજે નભાવતા, હોં! અંદર ખાધવાળા. આમ આઠ આના મળતા હોય. ટકા ટકાના વ્યાજે (લે). અત્યારે તો બહુ મોઘું (થઈ ગયું). આ તો જ્યારે ત્રણ આના બેંક આપતી ને તે દિ' ટકાના વ્યાજની વાત છે. સમજ્યા ને? આ તો બધું જોયું છે ને ખાનગી અમારી પાસે બધા આવેલા કેટલાય. આ પ્રમાણે ટકાના વ્યાજે લીધા પણ હવે કાંઈ પુરું પડતું નથી ને આ ફેઈલ થાશું બે દિ' પછી. એક પાંચસો રૂપિયા લેવા આવે દુકાનમાં નથી, મહારાજ! કાંઈક (કરો). અહીં પણ અમારી પાસે પૈસા છે?

મુમુક્ષુ :– દુઃખીયા લોકો તો આપની પાસે જ આવે ને!

ઉત્તર :– અહીં છે? બાપા! અમારી પાસે પૈસા અહીં છે? આહાહા..! કાલે જ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યા હતા. પંદર વર્ષથી અમે દુઃખી છીએ. બાપા! શું છે? અહીં તો આત્મધર્મની વાત છે, બાપા! સમજાય છે? અહીં કોઈ પૈસા-બૈસાની વાત નથી. આત્માનો ધર્મ વીતરાગ કહે છે એને ઓળખો અને આત્મામાં શાંતિ છે. એ વિના ત્રણકાળમાં ક્યાંય શાંતિ નથી. એ અહીં વાત છે, બાપુ! એ મંત્ર છે. બાકી કોઈ મંત્ર-બંત્ર પૈસા મળે ને તમારે શું કહેવાય? ફરક ને ફરક ને ધૂળ ફરક ને... મૂર્ખાઓ બધા ભેગા થઈને... પેલો દેનારો મૂર્ખો ને લેનારો મૂર્ખો. પૂર્વના પુણ્ય વિના એકેય પાય ત્રણકાળમાં મળે નહિ. ‘હુન્નર કરે હજાર ભાગ્ય બિન મિલે ન કોડીય’

જુઓને! અત્યારે આ ભ્રમણા નથી ત્યાં ‘મુંબઈ’માં? કોણ કહેતું હતું? ભાઈ! કોઈક એવો સાંઈબાબો આવ્યો છે. ... ચાલી નીકળ્યા છે માણસ. મુસલમાન ને જૈનો પણ ચાલી નીકળ્યા છે. ગાંડા તે કાંઈ ગાંડા.

મુમુક્ષુ :– વાણિયા તો હોશિયાર હોય.

ઉત્તર :– વાણિયાને ભાન ન મળે. વાણિયા કહેવા કોને? પેલો મુસલમાન. ગૃહીત મિથ્યાદૃષ્ટિ જીવ માંસ ખાતો હશે. હવે કોણ જાણે બધા એવા સાગરિતોએ ચડાવ્યા છે.. હજારો માણસો, પચીસ પચીસ હજાર માણસ (જાય છે). એ દસ-પાંચ મિનિટ દર્શન દે. ઓહોહો..! ચાલી નીકળ્યું છે, કાલે ‘પોપટભાઈ’ કહેતા હતા. હજી આઠ દિ’થી છે, હોં! બે દિ’ થયા, હજી છે કહે છે.

અરે..! ભાઈ! દુઃખી આ દુનિયા અને એમાં કોઈ આવો આપનારો નિકળી જાય, ધૂળેય આપે એવો નથી મફતમાં. મૂઢ મિથ્યા ભ્રમમાં પડ્યા છે. કાં તો પેલો ‘જલારામ’ આપી દે ને કાં તો પેલો બાવો આપી દે ને કાં ‘સાંઈબાબા’ આપી દે. મૂઢ જીવની મૂઢતા, એના માપ ન મળે. એટલું પાપનું મિથ્યાદૃષ્ટિપણું છે.

અહીં તો આચાર્ય કહે છે કે, સાંભળ તો ખરો આ પૂર્વના કોઈ પુણ્યને લઈને સામગ્રી મળે ને એમાં તું સુખ માન તો એક પુણ્ય જ્યાં ઘટ્યું ત્યાં બીજું આપદા આવશે, ત્રીજી આપદા આવશે. કારણ કે, જગતમાં તો પુણ્ય-પાપના ફળ એક પછી એક આવ્યા કરે છે. આત્મા પુણ્ય-પાપ વિનાની ચીજ એનું જ્યાં સુધી ભાન ને ઓળખાણ નહિ કર ત્યાં સુધી તારા દુઃખ મટશે નહિ. સમજાણું કાંઈ? કહો ‘બાબુભાઈ!’ બધા ઘણા કે ન્યાંય મહારાજ પાસે જાય પૈસા બહુ આવે છે. અહીં અમારી પૈસા અમારી પાસે તો આ આત્મા છે. સમજાય છે કાંઈ? કહો ‘વિમલચંદજી’ કેવા ‘વસંતલાલજી’ ક્યા? આહાહા..! અહીં કહે છે કે, ભાઈ!

**‘ઇસલિયે સમઝો કિ એકમાત્ર દુઃખોંકી કારણીભૂત વિપત્તિયોંકા કભી ભી અન્તર ન પડનેકે કારણ’** દેખો! એક વિપત્તિમાં બીજી ને બીજીમાં ત્રીજી ને ત્રીજીમાં ચોથી ને ચોથીમાં હાલ્યા જ કરે છે એમાં ક્યાંય સુખ છે નહિ. **‘યહ સંસાર અવશ્ય હી વિનાશ કરને યોગ્ય હૈ.’** સંસાર નાશ કરવા લાયક એમ સિદ્ધ કરે છે અહીં તો સમજાય છે કાંઈ? સંસાર શબ્દે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેનાથી પુણ્ય-પાપ ફળે એવા જે શુભાશુભભાવ એ સંસાર છે એનો નાશ કરે છુટકો. સમજાણું કાંઈ? જ્યાં સુધી પુણ્ય ને પાપ કરશે ત્યાં સુધી એના ફળ અનુકૂળ-પ્રતિકૂળ મળશે ને પરિભ્રમણ કર્યા કરશે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે, આ આત્મા એ પુણ્ય-પાપના ફળ રહિત, બંધન રહિત ને પુણ્ય-પાપના ભાવ રહિત એનું ભાન કરી સંસારનો નાશ થાય એ સિવાય કોઈ ઉપાય દુઃખના નાશનો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અંદરમાં કંઈક હોળી સળગતી હોય બહારમાં આમ દેખાતું હોય ને અંદર સડો કાંઈક હોય ને કાંઈક હોય કો'કને કાંઈક હોય 'મોહનભાઈ'! આ કો'કને કાંઈ નો હોય તો પણ એ પુણ્ય-પાપને પોતાના માનનારો આકુળતાને, દુઃખને, મિથ્યાત્વને સેવે છે લે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્માની ઋદ્ધિ ચૈતન્યમૂર્તિ 'સિધ્ધ સમાન સદા પદ મેરો' એવું આત્માનું સ્વરૂપ અંતર ભરેલું આનંદથી પરમેશ્વર સાક્ષાત પરમેશ્વર સ્વરૂપ જ આત્મા છે. આહાહા..! ઇ પરમેશ્વર પરમાત્મા કેવળજ્ઞાની થાય ક્યાંથી થાય છે? બહારથી થાય છે ક્યાંય? ઇ અંદરમાં પડેલી શક્તિનો વિકાસ કરતાં પરમાત્મા થાય છે, કેવળજ્ઞાની પરમાત્મા 'બાબુભાઈ!' એ અંતર તત્ત્વ શું છે એને જાણવું નથી, એને જોવા, પ્રતીત કરવા, ઓળખાણ કરવાની દરકાર કરવી નથી ને બહારથી આ કરશું ને ધૂળ મળશે ને ધૂળ મળશે ને આ મળશે. હોળી મળશે ચાર ગતિને રખડવાની. 'પોપટભાઈ!' લ્યો!

અહીં તો કહે છે **'એકમાત્ર દુઃખોંકી કારણીભૂત વિપત્તિયોંકા કભી ભી અન્તર ન પડનેકે કારણ'** વિપત્તિ તો આવ્યા જ કરે જેમ ઓલું ઉપરથી ઠલવાયને હેઠેથી ભરાય એમ કંઈક એક જાય ત્યાં બીજું, બીજું જાય ત્યાં ત્રીજું હવે આ વિકલ્પની જાળ હોય લ્યોને વિકલ્પની જાળ જેમ પુણી સાંધ્યા જ કરે પુણીનો દોરો એક પછી એક આ રાગ આમ કરું... આ કરું... આ કરું... આ કરું... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... પુણ્ય-પાપના રાગ-દ્વેષના વિકલ્પ એની જાળ તો સળગ્યા જ કરે છે. એ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી, પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી, નિર્ધનતા દુઃખ નથી, રોગ દુઃખ નથી એ મને થયું એવી પ્રતિકૂળતાની માન્યતા એને દુઃખરૂપ થાય છે. આહાહા..! કોણે કીધું સુખ છે ને દુઃખેય કોણે કીધું સાંભળ્યું શું આ અત્યાર સુધી. રોગ સુખેય નથી ને દુઃખેય એ તો જડની દશા છે.

આ જડ પરમાણુ માટી, ધૂળ તો અજીવતત્ત્વ છે આ. ભગવાને નવતત્ત્વ કહ્યાં એમાં આ અજીવતત્ત્વ છે. નવતત્ત્વ કહ્યાં ને ભગવાને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. એમ આ અજીવ માટી તત્ત્વ જડ છે. આ.. આ બધું જુઓ! અજીવ પુદ્ગલ છે. હવે એમાં કાંઈ રોગ થયો એ તો જડની દશા છે. એમાં આત્માને દુઃખ ક્યાંથી આવ્યું? બસ! મૂઢ માને છે કે મને રોગ અને આને નિરોગ. એમ ભાગલા પાડીને મિથ્યાત્વભાવમાં દુઃખ માની રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! અને પૈસાથી સુખ, એ મૂઢ છે. શરીર નિરોગ મારું બસ સાંઢડા જેવું. સમજ્યા ને? પાંચ લાડવા ખાઈ જાય અઢી શેરના, શેર શેર ઘી પાયેલા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે શું છે પણ? એ... 'મલૂપચંદભાઈ!'

મુમુક્ષુ :– હવે નથી ખાતા.

ઉત્તર :– નથી ખાતા? પહેલા ખાતા હશે. કેમ ડોસા નથી આવ્યા આજ પાછા? ઠીક! બપોરે આવે છે એમ ને. શું સમજાણું કાંઈ? એક 'જટુભાઈ' ત્રણ ત્રણ લાડવા ખાતા, આવડા આવડા. 'જટુભાઈ' અત્યારે પછી આ જ્યારે પેલું થયું ને? ઘઉં, પેલા ખાણીયા ઘઉં. ખાણીયા ઘઉં સમજાય છે? 'ભાલ'માં ઘઉં બહુ થાય ને એ બળદ ખાય. બળદ ખાય એટલે એ છાણમાં કાઢી નાંખે, આખા ને આખા નીકળે સુકા જેવા. પછી એનો રોગ થઈ ગયો હશે, 'જટુભાઈ!'ને. વૈધ મોટા થયા લ્યોને. આવડા આવડા લાડવા ત્રણ ચડાવતા સરખાઈના. ઇ અત્યારે પેલા ઘઉંની રોટલી ખાય છે. ખાણીયા ઘઉં, હોં! બળદના છાણમાંથી નીકળેલા. બ્રાહ્મણ 'જટુભાઈ!' કીધું, આ? ઇ તો ભંગ્યાએ ભેગા કર્યા હોય ને પછી ધોઈ નાખીએ. ભાલમાં બહુ ઘઉં હોય ને પછી છુટા મુકે ને? ઘણા ઘઉં પાકે, ઓણ (આ વર્ષે) પણ બહુ પાક્યા. પછી પેલા બળદ ખાય તે છાણમાં, કસ અંદર રહી જાય, બાકીનું નીકળી જાય. પછી છાણમાં નીકળે ઇ ભંગ્યા ઘરે લઈ જાય. સાફ કરીને કોથળા ભરી લે પછી આવા હોયને જેને પચતું ન હોય એવા લઈ જાય ઈ. મીઠી પેશાબવાળા. ધૂળમાં પણ સુખ, સુખ નથી પણ ક્યાંય ક્યાંય કલ્પી માને છે. મારે આટલું તો સુખ છે, હોં!

મારા સાળાની વહુ બહુ હોંશીયાર છે. ઠીક હવે ઇ. ક્યાંનું ક્યાં માંડ્યું! તારે શું પણ? 'મલૂપચંદભાઈ'! મારા સાળાનો દીકરો એવો હોંશીયાર, વિલાયત જઈને પચ્ચીસ હજારની પેદાશ, મહિનાની પચ્ચીસ હજારની. પણ એમાં તને શું છે પણ? રાગ કરે છે તે દુઃખ છે તને. આના છોકરા તો એવા હોંશીયાર, આહાહા..! મૂઢ છો. બહારની ચીજમાં સુખ કલ્પે છો એ તો મિથ્યાત્વભાવ વીતરાગદેવ કહે છે. વીતરાગ પરમાત્મા, જેમાં સુખ નથી તેમાં સુખ માને તેને વિપરીત મિથ્યાદષ્ટિ કહે છે. પછી ભલે ગમે ઇ દયા-દાન ને વ્રત-ભક્તિને કરતો હોય તો દષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કેમ હશે? અરે..! શરીર આવું હોય પણ આ 'વસંતીલાલ' જેવું આમ ધોળુ, રૂપાળું, લઠ જેવું, માખણ જેવું (હોય), લ્યો! તે સુખ હશે કે નહિ? અરે..! ઇયળ પડે ન્યાં એમાં. આહા..! અરે..! પગમાં એવું દુઃખે છે, સબાકા મારે છે. પણ સારું દેખાય છે ને? ભાઈ! ઇ તમને ન ખબર પડે. આ સાંધા, એવા સાંધા દુઃખે છે, એમ કહે છે ને માણસ? આ એક પછી એક વિપદા સંસારમાં પડી છે, સુખ કે દિ' એમાં છે?

સંસાર જરૂર નાશ કરવા યોગ્ય છે. સંસાર એટલે? છે ને લીટી? ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એનું અંતર અનુભવ દષ્ટિ, જ્ઞાન કરી પુણ્ય-પાપના ભાવ સંસાર છે, એ શુભ-અશુભભાવ સંસાર છે એનો નાશ કર્યે છુટકો છે. એ સિવાય સુખ ક્યાંય ત્રણકાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? જુઓને! આ અહીં મકાન લીધું તે હજી પેલું કરવા, હજી લેવા પણ આવતા નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



... સલવાણા છે હજી કેટલાય. પત્યું નથી. મહિનો, દોઢ મહિનો ન્યાં શું કહેવાય ઇ? ફલાણું, ઢીંકણું. શું દસ લાખ થયા ને સો લાખ થયા. એમાં આત્માને શું પણ થયું? હોળી સળગ્યા જ કરે છે, એક પછી એક. 'મગનભાઈ!' આહાહા..!

**दोहा - जबतक एक विपद टले, अन्य विपद बहु आय।**
**पदिका जिमि घटियंत्र में, बार बार भरमाय।।१२।।**

એ પગમાં ઠલબ દાબે ત્યાં ઉપરનું ઠલવાય ને હેઠેનું ભરાય, એમ એક પુણ્યને જ્યાં દાબે ત્યાં જરીક બહાર આવે ત્યાં વળી બીજું પાપ થાય ત્યાં પ્રતિકૂળતા આવે. પાપ અને પુણ્યનો ચકરાવો અનાદિથી ચાલ્યો આવે છે. પુણ્યના ફળ ઘડીકમાં આવે, ઘડીકમાં પાપના આવે. એમ ને એમ ચોરાસીના અવતારમાં પુણ્ય ને પાપ કરીને ચોરાસીના અવતાર (કર્યા). સ્વર્ગમાં ગયો તો પણ દુઃખ છે. ધૂળ પણ સુખ ત્યાં નથી. ન્યાં કરોડો દેવાંગનાઓ છે. તે શું છે? ધૂળમાં સુખ છે ત્યાં? એ કલ્પના કરે છે કે આ ઇન્દ્રાણીઓમાં સુખ છે. એ કલ્પના ઇ જ એનું દુઃખ છે. સમજાણું કાંઈ? ઇ કલ્પના માને છે કે, આહાહા..! આને તો ઇન્દ્રાણીઓ સુખી. આમ સંપદા દેવલોકની દેખો. સુધર્મ દેવલોકનો બત્રીસ લાખ વિમાનનો સ્વામી શક્રેન્દ્ર ઇન્દ્ર છે. ભગવાનનો જન્મ આદિ થાય ત્યારે આવે છે ને મહોત્સવ કરવા ભગવાનને મેરુ પર્વત (ઉપર) લઈ જવા. બત્રીસ લાખ વિમાનનો સ્વામી, કરોડો ઇન્દ્રાણીઓ અને બે સાગરનું આયુષ્ય. (એનું) વિષયમાં લક્ષ જાય છે એ આકુળતા ને દુઃખ છે. આહાહા..!

ભગવાન અનાકુળ આનંદનો ભરેલો ભંડાર. અરે..! ઘરના ભાણા મૂકીને પરમાં ચાટવા જાય, એમ કહે છે. લોકો નથી કહેતા? એલા! ઘરે બાયડી સારી અને આ તું આ ભંગડીને જ્યાં-ત્યાં એંઠા ચાટવા જાય. એમ અહીં પરમાત્મા કહે છે કે, અરે..! તારા ભર્યા ભાણા તો અંદરમાં છે ને ભાઈ! એ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન તું છો. અને એને ચાટવા જા. ધૂળ અને રાગ ને દ્વેષમાં સુખને ચાટવા જા. આ ભર્યા ઘર મુકીને ક્યાં જા છો તું? સમજાણું કાંઈ? પેલી તો બહારની વાત છે. વ્યભિચારી હોય તો એને કહે ને? એલા! ઘરે બાયડી આ પદમણી જેવી બાય, ખાનદાનની દીકરી, એને મુકીને જ્યાં-ત્યાં વાઘરીને ન્યાં ફરે છો. કોણ છો તું? સમજાય છે? ભાન વિનાનો. એમ અહીં ભગવાન કહે છે. અરે..! આત્મામાં આનંદ પ્રભુ છે ને! તારામાં અંદર ભર્યા ભાણા પડ્યા (છે). તું શાંતિનો સાગર છો પ્રભુ! અંદરમાં નજર તેં કરી નથી. આહાહા..! તને અંતર આનંદનો વિશ્વાસ આવતો નથી. આત્મા આનંદથી ભરેલું તત્ત્વ છે. કંઈ આનંદ બહારથી, ક્યાંયથી આવતો નથી. આહાહા..! અરે..! એવા ભર્યા ભગવાનને ભાળતો નથી અને જેમાં પુણ્ય-પાપ ને જેના ફળમાં જરીએ ગંધ પણ સુખ નથી, ત્યાં મૂઢ મિથ્યાદૃષ્ટિપણે માને છો. જરૂર તે સંસાર નાશ કરવા લાયક છે. સમજાણું કાંઈ?

સંસાર એટલે આ બાયડી, છોકરા એમ નહિ. બાયડી, છોકરા બિચારા એ તો પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ઇ ક્યાં (સંસાર છે)? તારા આત્મામાં સુખ છે, આનંદ છે તે ભૂલીને '**संसरणं इति संसारः**' એમાંથી ખસીને પુણ્ય-પાપના ભાવ (અને) મિથ્યાત્વભાવ કર્યો, એનું નામ ભગવાન સંસાર કહે છે. સમજાણું કાંઈ? બાયડી, છોકરા બિચારા પર છે. ઇ ક્યાં ગરી ગયા'તા અહીં? તું બેઠો હોય ને ઇ ચાલી જાય ને ઇ બેઠી હોય ને તું ચાલ્યો જા. ન્યાં ક્યાં તારામાં ગરી ગયા છે ઇ? સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની. સાક્ષાત તીર્થંકરો અનંત થઈ ગયા. વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ આવે છે ને? 'બાબુભાઈ'! કે નહિ? વીસ વિહરમાન વર્તમાનમાં બિરાજે છે. મનુષ્યપણે છે અત્યારે. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. વીસ તીર્થંકર બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. એ ભગવાનના મુખમાં એમ આવે છે કે, ભાઈ! તારામાં આનંદ છે ને ભાઈ! એ આનંદને ભૂલીને આ બહારમાં ક્યાં રખડે છો? એ બાયડી, છોકરા તારો સંસાર નથી. તારો સંસાર તારા સ્વભાવને ચુકી અને પુણ્ય-પાપના ભાવ ને એમાં ભ્રમણા કરી એ તારો સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? '**संसरणं इति संसारः**'.

સચ્ચિદાનંદ પ્રભુ! સિદ્ધ સ્વરૂપ આત્માનું. સત્ એટલે શાશ્વત આનંદ ને જ્ઞાનનો કંદ આત્મા. એમાંથી આ પરમાં સુખ, પરમાં દુઃખ, શરીર ઠીક હોય તો ઠીક, ન હોય તો ઠીક નહિ, એવી જે ભ્રમણા મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ (થાય) એને ભગવાન સંસાર કહે છે. નહિ તો પેલા કહે, બાયડી સુખ છોડ્યું એટલે સંસાર છોડયો. ધૂળમાં પણ છોડયો નથી, સાંભળને હવે. સંસાર કોને કહેવો તને ખબર પણ નથી. સમજાણું આમાં?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ..આ ભુલાવવા જેવું છે ને બાપુ! આ વસ્તુ જ એવી છે. આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ છે. જેને ઇન્દ્રો કબુલે, ગણધરો અનુભવે. સમજાય છે? આ કાંઈ કોઈ આલી-દુઆલીનો માર્ગ નથી. આ તો ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર અનંત તીર્થંકરો થયા, વર્તમાન બિરાજે, અનંત તીર્થંકરો થશે. ભરતમાં થશે, ઐરાવતમાં થશે, મહાવિદેહમાં તો બિરાજમાન છે. આહાહા..!

ભાઈ! તું ભગવાનને ભૂલ્યો ને ભ્રમણામાં પડ્યો, કહે છે. તારા ભગવાનની મહિમા વીતરાગ કહે છે કે, વાણીએ પૂરી ન પડે એવો તું છો, ભાઈ! એવા આત્મામાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ કર્યા વિના પુણ્ય-પાપના ભાવમાં લાભ માનવો મિથ્યાત્વભાવ છે. અનુભૂતિ ભગવાનઆત્માની... આહાહા..! શુદ્ધ સ્વરૂપ, અનાકુળ આનંદ, એમાં અંતર એકાકાર થઈને આત્માના આનંદનો અનુભવ કરવો. એનું નામ ભગવાન સમ્યગ્દર્શન–ધર્મ કહે છે. સમજાણું કાંઈ? એ ધર્મ પ્રગટ્યા વિના સંસારનો મિથ્યાત્વનો નાશ થતો નથી. શું સમજાણું? સંસાર જરૂર... લ્યો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જબતક એક વિપદ ટલે, અન્ય વિપદ બહુ આય, પદિકા જિમિ ઘટિયંત્ર મેં, બાર બાર ભરમાય.'** સ્વર્ગનો દેવ. કંઈ પુણ્ય કર્યા હોય આત્માના ભાન વિના, સ્વર્ગનો દેવ મરીને એકેન્દ્રિયમાં જાય. સમજાણું? બીજા દેવલોકનો ઇન્દ્ર તો નહિ એ તો સમકિતી છે. ઇન્દ્ર છે ને એ તો સમકિતી (છે). ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ બન્ને સમકિતી છે. એકાવતારી છે– એક ભવે મોક્ષ જનાર છે. શક્રેન્દ્ર અત્યારે સુધર્મ દેવલોકમાં છે ને? પણ એના બીજા દેવો જે બબ્બે સાગરની સ્થિતિવાળા (છે) એ મરીને ઢોરમાં એકેન્દ્રિયમાં જાય. આહા..હા.! અહીં પુણ્ય કર્યા હોય, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવ પણ માન્યો હોય એમાં ધર્મ. આત્મા અંતરથી રાગથી ભિન્ન છે એનું ભાન ન મળે. સમજાણું કાંઈ?

કે ત્યાં (બીજા દેવો કહે), આયુષ્ય પૂરું થયું હવે. માળા કરમાણી, માળા કરમાણી. શું છે? ભાઈ! દેવ! મરણનું ટાણું આવ્યું. ક્યાં? બધાય મરે છે અહીં તો. બધા દેવો મોટા અસંખ્ય, અબજ વર્ષ રહીને. તમે ક્યાં જાશો? કે હું ક્યાં જાઈશ? ઢોરમાં કે માણસમાં. આવા સુખ મુકીને આ માણસમાં નવ મહિના ઊંધે લટકીશ? રોવે છે કુદેવ. આત્મજ્ઞાન વિનાના, ભાન વિનાના પુણ્ય કરીને ગયા એની વાત છે. સમજાણું કાંઈ? એ રોવે, હોં! આમ. અરે...! આ ઇન્દ્રાણીઓ, આ દેવ, આ મુકીને મારું જવું? આ માતાના પેટમાં નવ મહિના ઊંધો લટકું? શ્વાસ પણ લેવાય નહિ. અર..ર..ર..! એ વિચાર કરતાં કરતાં એમ થાય, અરે..! આ કરતાં એકેન્દ્રિયમાં જઈએ તો ઠીક. લટકાય તો નહિ. એમ ભગવાન કહે છે, હોં! એવા વિચાર કરે ને મરીને એકેન્દ્રિયમાં જાય. પાણીમાં જાય, ફૂલમાં જાય (અને) પૃથ્વીમાં જાય. એકેન્દ્રિયે અવતરે. ક્યાં દેવ ને ક્યાં એકેન્દ્રિય? સંસારમાં તો એમ જ છે, એક આવે ને જાય. ન્યાં ક્યાં ધૂળમાં પણ નથી કાંઈ મફતનું. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં ચક્રવર્તીનું છ ખંડનું રાજ હોય. લ્યો! ખમ્મા અન્નદાતા! સોળ હજાર દેવ સેવા કરતાં હોય. જ્યાં પૂરું થયું કે બીજે ક્ષણે સાતમી નરક. 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી આવે છે ને? 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી, બારમો છેલ્લો ચક્રવર્તી. મોટા સોળ હજાર દેવ તો સેવા કરે. હીરાના.. શું કહેવાય સુવાના? પલંગ, ઢોલીયા. હીરાના ઢોલીયા. એક એક હીરાની કીંમત કરોડની હોય. એ છેલ્લે સમયે કુરુમતિ... જા, સાતમી નરકે. રૌવરૌવ નરકે પડ્યો છે અત્યારે, તેત્રીસ સાગરની સ્થિતિ. બાપા! એ તો સંસારના પડદા આવ્યા (અને) જાય. એક પડદો પડે ને બીજો આવે, બીજો જાય ને ત્રીજો આવે. ન્યાં ક્યાં ધૂળમાં સુખ હતું? સ્વર્ગ અને નરક બધા દુઃખરૂપ છે. આહાહા..! ઇ અહીં વાત કરે છે, હોં!.

**'ફિર શિષ્યકા કહના હૈ કિ, ભગવન્! સભી સંસારી તો વિપત્તિવાલે નહીં હૈં,...'** કેટલાક તો દેખાય છે બિચારા. પાંચ, પચાસ લાખ, કરોડ બે કરોડ મૂડી, બાયડી સારી, છોકરા સારા, મકાન–હજીરા દસ દસ લાખ, વીસ વીસ લાખના મકાન. પંખા ફરતા હોય માથે આમ... આમ... આમ... ચુરમાના લાડવા ખાતા હોય, શીખંડ-પુરી ને પતરવેલીયાના ભજીયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઊના ઊના આમ ખાતા હોય. બધા દુઃખી છે કે એવા કોઈ સુખી છે કે નહિ? એમ શિષ્ય પૂછે છે. કોઈ સુખી છે કે નહિ? બધા દુઃખી જ છે? **'સભી સંસારી તો વિપત્તિવાલે નહીં હૈ, બહુતસે સમ્પત્તિવાલે ભી દીખનેમેં આતે હૈં.'** એ.. 'પોપટભાઈ!' બધે તમે દુઃખ... દુઃખ..., આપદા.... આપદા... આપદા... કરો પણ કેટલાક તો એવા હોય કે આખી જિંદગી આપદા ન મળે. સમજાણું? અને બાયડી, છોકરા, કુટુંબ ધાર્યું (થાય). કોઈ હુકમ કરે ત્યાં એક બોલે તો પચ્ચીસ હાજર.

મુમુક્ષુ :– પુણ્યાનુબંધી પુણ્ય..

ઉત્તર :– પુણ્યાનુબંધી પુણ્ય મિથ્યાદૃષ્ટિને હોય નહિ. કહે છે કે, કોઈ **'વિપત્તિવાલે નહીં હૈ, બહુતસે સમ્પત્તિવાલે ભી દીખનેમેં આતે હૈં. ઇસકે વિષયમેં આચાર્ય કહતે હૈં.'**

---

फिर शिष्यका कहना है कि, भगवन्! सभी संसारी तो विपत्तिवाले नहीं है, बहुतसे सम्पत्तिवाले भी दीखनेमें आते हैं। इसके विषयमें आचार्य कहते हैं :-

दुरर्ज्येसुरक्ष्येण, नश्वरेण धनादिना।
स्वस्थंमन्यो जनः कोऽपि, ज्वरवानिव सर्पिषा।।१३।।

अर्थ :- जैसे कोई ज्वरवाला प्राणी घीको खाकर या चिपड़ कर अपनेको स्वस्थ मानने लग जाय उसी प्रकार कोई एक मनुष्य मुश्किलसे पैदा किये गये तथा जिसकी रक्षा करना कठिन है और फिर भी नष्ट हो जानेवाले हैं, ऐसे धन आदिकोंसे अपनेको सुखी मानने लग जाता है।

विशदार्थ :- जैसे कोई एक भोला प्राणी जो सामज्वर (ठंड देकर आनेवाले बुखार) से पीड़ित होता है, वह बुद्धिके ठिकाने न रहनेसे-बुद्धिके बिगड़ जानेसे घी को खाकर या उसकी मालिश कर लेनेसे अपने आपको स्वस्थ-नीरोग मानने लगता है, उसी तरह कोई कोई (सभी नहीं) धन, दौलत, स्त्री आदिक जिनका कि उपार्जित करना कठिन तथा जो रक्षा करते भी नष्ट हो जानेवाले हैं-ऐसे इष्ट वस्तुओंमें अपने आपको `मैं सुखी हूँ' ऐसा मानने लग जाते हैं, इसलिये समझो कि जो मुश्किलोंसे पैदा किये जाते तथा जिनकी रक्षा बड़ी कठिनाईसे होती है, तथा जो नष्ट हो जाते,स्थिर नहीं रहते ऐसे धनादिकोंसे दुःख ही होता है, जैसा कि कहा है- `अर्थस्योपार्जने दुःखं'

`धनके कमानेमें दुःख, उसकी रक्षा करनेमें दुःख, उसके जानेमें दुःख, इस तरह हर हालतमें दुःखके कारणरूप धनको धिक्कार हो'।

दोहा - कठिन प्राप्त संरक्ष्य ये, नश्वर धन पुत्रादि।
इनसे सुखकी कल्पना, जिमि धृतसे ज्वर व्याधि ।।१३।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


दुरर्ज्येनासुरक्ष्येण, नश्वरेण धनादिना।
स्वस्थंमन्यो जनः कोऽपि, ज्वरवानिव सर्पिषा।।१३।।

**'અર્થ :– જૈસે કોઈ જ્વરવાલા પ્રાણી...'** તાવ આવ્યો, તાવ. એ **'ઘીકો ખાકર...'** જુઓ ! તાવ એવો આવ્યો ને કાળો, કાળીયો તાવ નથી કહેતા? કાળીયો તાવ, શું કહે છે એને ? કાળો જ્વર. ધમ... ધમ... ધમ... એકકોર છ-છ, સાત-સાત ડિગ્રી. આમ ધાણી ફુટે એવું આમ ઊનું હોય, એવું ઊનું થાય છે. કાળીયો જ્વર એ ઘીને ખાઈને પછી એવું આમ લાગે, અરે..! ઘી લાવો, તાજુ ઘી લાવો આહાહા..! ખાઈએ કે ચોપડીએ. ઉપર ઘી ચોપડે. અરે..! મરી જાઈશ. ઘીને ખાઈને **'યા ચિપડ કર અપનેકો સ્વસ્થ માનને લગ જાય'** લ્યો! આપણે સુખી છીએ, જુઓ! ઘીનું ચોપડેલું (ખાઈએ છીએ). હવે મરી જઈશ હમણાં, સનેપાત લાગશે હમણાં. સમજાણું કાંઈ? લ્યો! કાળા જ્વર ઉપર ઘી ખાવું ને ચોપડવું એ સનેપાતના લક્ષણ છે. સનેપાત થાશે, મરી જઈશ હમણાં.

**'ઉસી પ્રકાર કોઈ એક મનુષ્ય મુશ્કિલસે પૈદા કિયે ગયે...'** એક વાત. લક્ષ્મી, બાયડી, છોકરા, માંડ માંડ કદાચિત્ થયા, એમ કહે છે. એકલા પૈસા નહિ, હોં! બધું. બહુ મહેનત કરી કરીને માંડ માંડ પૈસા થયા. ઇ પુણ્ય વિના ન થાય, હોં! મરી જાય તો પણ. એમાં છોકરો માંગતો હતો. સાંઈઠ વર્ષે છોકરો ન મળે. મહેનતું કરી માંડ માંડ છોકરો થયો. પછી છોકરો પરણે નહિ. એવો છોકરો ગાંડા જેવો નીકળ્યો. મૂડી બે, પાંચ, દસ, પચાસ લાખની. જ્યાં ત્યાં નાંખ્યા, પચાસ હજાર આપીને બાયડી રાખી. એકમાંથી એક કહે છે કે, **'અપને મુશ્કિલસે પૈદા કિયે...'** એવું કર્યું. **'તથા જિસકી રક્ષા કરના કઠિન હૈ...'** પાછું એને રાખવું કઠિન. મેળવવું કઠણ, રાખવું કઠણ. તો પણ નાશ થઈ જશે, કહે છે. તારા રાખ્યા રહેશે? પુણ્ય ચાલ્યું જાય. તું બેઠો હોય ને ઇ જાશે, કાં એ બેઠા હોય ને તું જાઈશ. થાય છે કે નહિ પણ? કેમ હશે? આહાહા..!

મુમુક્ષુ :– આ સાંભળીને કંઈ ખટકો લાગતો નથી.

ઉત્તર :– ખટકો લાગતો નથી એનું કારણ છે ને કે એણે આત્મા આનંદ છે તે તરફ કોઇ દિ' લક્ષ કર્યું નથી. તે દુઃખને કોની સાથે મેળવે? એક અનાજ હાથમાં હોય તો બીજા સાથે મેળવે કે, જો ભાઈ! આ બાજરો, આ બાજરો. આ મગના દાણા જેવો છે અને આ કાંઈક પોચો છે. પણ બીજો બાજરો નજરે પડ્યો નથી. આત્મામાં આનંદ છે, આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ભાન નથી. આનંદ અતીન્દ્રિય આનંદ આત્મામાં આનંદ એટલે શું? આનંદ તો બાયડીમાં હોય, છોકરામાં હોય, ધૂળમાં હોય. સાંભળને હવે મૂર્ખ. બાયડીમાં ને ક્યાં પૈસામાં ને ધૂળમાં બંગલામાં હતું? છે? આહાહા..! છોકરા એવા હોય કાં તો આવો હોય ને કાં તો ધૂળ હોય ને.. જુઓને! પેલો મોટો નહોતો? એક સરકાર, પેલો રાજા અઢી લાખની પેદાશ કલાકની. કુટુંબીએ ઉઠાડી મુક્યો. છાપામાં આવ્યું હતું ને? એક કલાકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અઢી લાખની પેદાશ. એટલી પેદાશ. એનું રાજ નાનું પણ પેટ્રોલ નીકળેલું. પેટ્રોલના કૂવા. એક કલાકની અઢી લાખની (પેદાશ). એના ભાઈનો દીકરો, કાકાનો દીકરો હશે એને આણે કાઢેલો. એને બીક કે મારી નાંખશે કો'ક દિ' કાં મને કાઢશે. કુટુંબે ભેળા થઈને કાઢ્યો એને, કાઢી નાંખ્યો. રાજથી ઉઠાવી દીધો. એ તો પુણ્ય ફરે તો શું થાય? ચાલ્યા જ કરે. ન્યાં કેટલા પુણ્ય લઈને આવ્યો હોય? પૂર્વના પુણ્ય કેટલા હોય આ પ્રાણીમાં? થોડા ઘણા બે-પાંચ વર્ષ રહ્યો ત્યાં ભાગ્યું ભાગ્ય.

કહે છે, અજ્ઞાની એ માને છે. એક તો મુશ્કેલથી પેદા કર્યાં, જેને રક્ષા કરવું, એ રહેવું કઠણ છે પાછું. પુણ્ય વિના રહે નહિ. પુણ્ય ફરે તો ચાલ્યું જાય. છતાંએ ચાલ્યું જાય, ગરીબ થઈ જાય. હાય! હાય! નહોતું કહ્યું 'જયપુર'નું? 'માવજીભાઈ'! 'માવજી' 'માવજીભાઈ ઝવેરી' હોં ! આપણો 'વાંકાનેર'નો હતો ત્યાં 'જયપુર'માં. અમે (સંવત) ૨૦૧૩માં ગયા હતા ને! અમે હેઠે ઉતરેલા ત્યાં એક જણ ચાલતો હતો. મારી નજર એના પર ગઈ. સીત્તેર, પોણો સો વર્ષની ઉંમર અને ટાલ (હતી). એટલે આ મૂળ ગરીબ માણસ નથી લાગતો એમ લાગ્યું મારી નજર પડી એટલે. આ મૂળ ગરીબ નથી. ગરીબની શકલ નથી આની લાગતી. આ છે કોણ કીધું પોણોસો વર્ષનો? એટલે એનો ડ્રાઈવર કહે કે, ઇ 'માવજી' અહીં ઝવેરી હતો એનો દીકરો છે. 'માવજી ત્રિકમ' ઝવેરી બજારમાં ઝવેરીની દુકાન હતી એનો દીકરો છે. 'મહેન્દ્રભાઈ!' સાથે બેઠા હતા. 'મહેન્દ્રભાઈ' 'જયપુર'ના. અરે..! આ તો અમારો 'માવજી'નો દીકરો. મેં તો નાની ઉંમરમાં બહુ પૈસા આપ્યા હતા. વચલી ઉંમરમાં દુઃખી હતો. પોણો સો વર્ષ ને પગ ખાહડા આવા. એ બાપુ! એક પૈસા દેના, પૈસા દેના, એક પૈસા દેના એમ માંગતો હતો. ઝવેરીનો દીકરો! ઘડીકમાં ફરતા વાર લાગે છે. માને છે જાણે કે અમારી (ચીજ છે). તારી ક્યાં ચીજ હતી તે તારી પાસે રહે? ક્ષણમાં ભીખારી. માંગે તો આમ દેખ્યું હોય... ટાલ-બાલ બહુ ઊંચી, આમ ગૃહસ્થને ઘરે અવતરેલો પણ પછી થઈ ગયો ગરીબ, કાંઈ રહ્યું નહિ. આપ્યું કેટલું પહોંચે? અંતે ભીખારી થઈ ગયો, લ્યો! આહાહા..!

તમારા બાપુજી 'જેઠાભાઈ' એકવખત કહેતા હતા કે, 'મુંબઈ'માં કો'કના લગન થયા હતા. લગનમાં બેડાના લાણા કર્યાં હતા. તે દિ', પહેલાની વાત છે, હોં! બેડાના લાણા. ઇ વહુને અઘેણી આવી. આના બાપુજી હતા 'બાબુભાઈ'!ના 'જેઠાલાલ સંઘવી' ઇ કહેતા હતા કે મારી પાસે આવ્યો હતો કે, ઘરે બૈરાને આમ છે અને હોસ્પીટલમાં લઈ જઈએ તો આ થાય એવું છે, કાંઈ સાધન નથી, કાંઈક આપો. પણ તારા લગનમાં આ હતું ને? 'જેઠાભાઈ!' કહેતા હતા. જેના લગને બેડા દીધા લાણામાં, આખી મોટી નાતને. ભાઈ! એ તો સંધ્યાની રાતડ છે. સમજાણું? છાયા-તડકો, છાયા-તડકો આવે ને જાય, આવે ને જાય. ઇ ક્યાં આત્મા નિત્ય છે એની પેઠે એ ચીજ છે. કહે છે, બહારની ચીજો સુખરૂપ લાગે છે. સમજાણું? પણ ઇ છે (નહિ). એનું એક તો મુશ્કેલથી પેદા કરવું. મુશ્કેલ એટલે પુણ્યથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય છે પણ બહારમાં મહેનત કરે છે કે નહિ?

**'જિસકી રક્ષા કરના કઠિન હૈ...'** પાછું રાખવું કઠણ છે. બાયડીને રાખવી તાબામાં, છોકરાને રાખવા આજ્ઞામાં. ભારે કઠણ. આહાહા..! રાજાની રાણી હોયને ગરાસણી તો બોલી નાંખે. પાંચ કરોડનો તાલુકાદાર હોય. દરબાર સાહેબ! ધ્યાન રાખજો, હોં! અમે ગરાસણી છીએ. સર્પણી હોય ઇ તો. હાય! હાય! બહારનું સુખ દેખે અને અંદર પેલી બોલતી હોય આમ. ધ્યાન રાખજો, અમે ગરાસણી છીએ, દરબારજી! હા. એટલું કહે ત્યાં પેલાના રૂંવાટા ચડે અંદરથી. હાય! હાય! ઇ એમ કહે, અમે કાંઈ મફતમાં નથી આવ્યા.

એક જણી તો વળી એમ કહેતી હતી. સમજાય છે? દેરાણી-જેઠાણી બેને તકરાર થઈ. જેઠાણી આમ પૈસા લઈને આવી હશે, પૈસા દીધા હશે પાંચ, દસ હજાર, વીસ હજાર એના બાપે અને પેલીનું મફત થયું હશે. બેઈને થઈ તકરાર. (એક કહે), મફતની. (તો આ કહે), મફતની હું નથી આવી. મારા બાપે પચ્ચીસ હજાર દીધા છે. તું મફતમાં આવી છો. જુઓ! આ મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે? મફતની હું નથી આવી. મારા બાપે પચ્ચીસ હજાર દીધા છે, તું મફતની છો. 'પોપટભાઈ!' દુનિયામાં શું ન હોય? એક બીજા બાયુ ટોણા માંડતી હોય ઘરમાં રસોડા વખતે જોયું હોય, બેને ન બને, દેરાણી-જેઠાણીને. એક વીંછીનો ડંખ એવો મારે, બીજી મારે, ત્રીજી મારે એ તો ચાલ્યા જ કરતું હોય, હોળી સળગતી (હોય). પછી કહે, અરે..! ભાઈ! જુદા પડો ને. હવે આ સળગી છે હોળી ઇ કરતાં. ધૂળમાં પણ અંદર સુખ નથી. એકલાને ન હોય આમાં, હોં! 'મોહનભાઈ'! એકલાને શું હોય? એકલો છોકરો હોય ને એકલી વહુ હોય. આ તો બે-ચાર છોકરા હોય એને (આવું બધું હોય). આહાહા..! તો પણ કહે છે કે, હરખાય હોય તો આવું તો દુઃખ છે એને, એમ કહે છે. મુશ્કેલથી પેદા કરવું, રક્ષા કરવી ને **'ફિર નષ્ટ હો જાનેવાલે હૈં,...'** તો પણ રહ્યું રહે નહિ. ચાલ્યા જાય. બાયડી ચાલી જાય, પૈસા ચાલ્યા જાય, બધું ચાલ્યું જાય.

**'ઐસે ધન આદિકોંસે અપનેકો સુખી માનને લગ જાતા હૈ.'** મૂઢ. એવા મુશ્કેલથી પેદા કરવા, રક્ષા કરવી, નાશ થાય. એવા લક્ષ્મી, સ્ત્રી, મકાન, આબરૂ, પુત્ર એને **'અપને કો સુખી માનને લગ જાતા હૈ.'** એવી ચીજને સુખી અમે છીએ એમ માને છે. કહો, બરાબર છે કે નહિ? 'ફાવાભાઈ'! આહાહા..!

અમારે તો છોકરો સારો છે ને! બાપા! તમારે તો પાંચ-દસ હજાર ખર્ચવા તો વાંધો નહિ. આ ત્રણ લાખ, ચાર લાખમાંથી એક લાખ ખર્ચું તો? ઇ બોલશો નહિ, બાપુ! બહુ ન બોલશો. એ તો બાપ પણ ડાયો હોય કે એટલું બધું ખર્ચે નહિ. પણ આ ચાર લાખ પાપ કરીને મેં ભેગા કર્યા તો મને ચોથો ભાગ તો દાનમાં દેવા દે. પુણ્ય થાય, ધર્મ તો ક્યાં હતો એમાંય તે? નહિ હોં! પૂછ્યા વિના બાપુજી કાંઈક કરી નાખશો નહિ. હોં! ઝાઝા માણસમાં પાછું તમે વચન દઈ દો પછી અમારે છેદાવું પડે, હોં!. આહાહા..! એટલું જ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે. વધારે ખર્ચશો નહિ. લાંબી રકમ એક બીજામાં બોલવામાં જાય તો કોઈ વધારે ચડી જશે રકમમાં. તમારે અમુક સુધી બોલવું. બસ! પછી વધારે બોલવું નહિ. થઈ રહ્યું, લ્યો! જાણે નોકર એનો છે, લ્યો! આહાહા..!

**'વિશદાર્થ :– જૈસે કોઈ એક ભોલા પ્રાણી...'** સામજ્વર કીધું છે ને? જુઓને! **'જો સામજ્વર (ઠંડ દેકર આનેવાલે બુખાર)...'** ઠંડ દેકર એટલે શું? પહેલો ટાઢીયો આવે છે ને? ટાઢીયો આવી ને પછી આવે તાવ. એવો આવે. પહેલા કંપારી છૂટે ને! પહેલી આવે ને ટાઢ? શું કહે છે આપણે? ટાઢીયો આવે. બહુ ટાઢ આવે. ગોદડા ઢાંકો રે ઢાંકો ગોદડા. પછી એકદમ થઈ જાય ગરમ... ગરમ.. ગરમ... ગરમ... કાઢો કાઢો લુગડા. **'પીડિત હોતા હૈ, વહ બુદ્ધિકે ઠિકાને ન રહનેસે...'** બુદ્ધિનું ઠેકાણું ન રહે, **'બુદ્ધિકે બિગડ જાનેસે ઘી કો ખાકર...'** ઘી ખાય. સમજાણું? **'યા ઉસકી માલીશ કર લેનેસે...'** ઘીથી માલીશ કરો. સારા તાજા ઘી ભેંસના ને ગાયના લઈ માલીશ કરે. મરી જઈશ, ઘીના માલીશ ન હોય એને. **'અપને આપકો સ્વસ્થ-નીરોગ માનને લગતા હૈ,'** લ્યો! આપણે નીરોગ સ્વચ્છ છીએ એમ માનવા લાગે.

એમ **'ઉસી તરહ કોઈ કોઈ (સભી નહીં)'** કોઈ કોઈ જીવ **'ધન, દૌલત, સ્ત્રી આદિક જિનકા કિ ઉપાર્જિત કરના કઠિન...'** જુઓ! એક તો લક્ષ્મી મળવી મુશ્કેલ. દૌલત, દૌલત એટલે વધારે (ધન) આદિ. સ્ત્રી, દીકરા, મકાન **'ઉપાર્જિત કરના કઠિન તથા જો રક્ષા કરતે ભી નષ્ટ હો જાનેવાલે હૈં.'** ત્રણ બોલ લીધા. ઉપાર્જન કર્યાં, રાખવા જાય પણ છતાં નષ્ટ થઈ જાય. પુણ્યનો ઉદય ચાલ્યો જાય તો બધું ફૂ..! એક જિંદગીમાં ત્રણ ત્રણ, ચાર ચાર વાર જોયા છે એકને. ત્રણ ત્રણ, ચાર ચાર. ઘડીકમાં ગરીબ, ઘડીકમાં પૈસા, ઘડીકમાં ગરીબ, ઘડીકમાં પૈસા. પછી વૃદ્ધાવસ્થા આવે. અરે..રે..! આ ગરીબાઈ જો જુવાનીમાં આવી હોતને તો સહન થાત, હવે નથી થતી. એમ પછી બોલે. ધૂળમાં પણ નથી. સાંભળને હવે. જુવાન અવસ્થામાં જો આ આવી હોત ને આ, તો સહન કરત પણ હવે આ સહન થાતું નથી. મોટી આબરૂ. શું કરવું? દીકરા, દીકરી સારે ઠેકાણે પરણાવેલા, અહીં ઘર ઘસાઈ ગયા. હવે ઇ આવે એને શું દેવું? શું કરવું? મુંજાઈનો પાર ન મળે. 'ન્યાલભાઈ!'! આહાહા..!

**'ઐસે ઇષ્ટ વસ્તુઓંમેં અપને આપકો 'મૈં સુખી હૂઁ'...'** જુઓ! એવી ઇષ્ટ વસ્તુઓમાં અપને આપકો મૈં સુખી હૂં, પોતાની મેળે માને મફતનો. મૂઢ. સુખી... સુખી... સુખી... બાયડી છે, છોકરા છે, બધું છે. કહ્યાગરા છોકરા એ કાંઈ આપણું કોઈ દિ' વચન તોડે એવું છે કાંઈ? 'પોપટભાઈ'! છ છ છોકરા, બૈરા. આમ પેલો બાપુજી બાપુજી કરે ને પાંચ પાંચ પચ્ચીસ લાખ રૂપિયા, હવે એને દુઃખી કેમ કહેવા? કહે છે.

મુમુક્ષુ :– દુઃખી પણ નથી ને સુખી પણ નથી.

ઉત્તર :– ના, ના દુઃખી છે. સુખો શેનો? કોણ કહે છે સુખી? આહાહા..! દસ દસ લાખના બંગલા. જુઓને! 'ગોવા'માં 'શાંતિલાલ' તમારો. એના મામાનો દીકરો 'ખુશાલ',

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'શાંતિલાલ ખુશાલ'. ચાલીશ કરોડ! આના મામાના દિકરાને દસ દસ લાખના બંગલા છે. ધૂળમાં પણ નથી. હોળી છે ન્યાં. છોકરા આવા છે ને આવું આ છે ને ધૂળ આવું છે ને આ રૂપિયા નાંખવા ક્યાં? શું કરવું? હોળે હોળી સળગતી હોય પણ મૂઢ માને કે આપણા જેવા કોઈ સુખી નથી. બાદશાહી છે મારે તો ઘરે. મિથ્યાત્વ ભ્રમણા.

આત્મામાં આનંદ છે એની શ્રદ્ધાની ખબર ન મળે. આત્માની શાંતિનો સ્વભાવ તો આત્મામાં જ છે એની શ્રદ્ધા ને એનો વિશ્વાસ નથી અને આ ચીજોમાં એને વિશ્વાસ. પોતાનો વિશ્વાસ નહિ ને આ ચીજોનો વિશ્વાસ. કહો, આ સુખ... આ સુખ... આ સુખ... આ સુખ... કેટલા સુખના સાધન? તું સુખી ખરો કે નહિ એકલો? ના, ઇ હું નહિ. આ સુખ... આ સુખ... આ સુખ... તારે સુખના સાધન તો ઘણા તારે, પાર ન મળે. તારામાં સુખ ખરૂં કે નહિ? કે હું નહિ. હું સુખથી ખાલી. એ જ અહીં કહે છે, મૂઢ! તારામાં સુખ છે તને ભાન નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વિના તને આત્મામાં આનંદનો સ્વભાવ અંતરમાં છે. એની તને ખબર વિના આ સુખ... આ સુખ... બધામાં કલ્પે છો એ બધા દુઃખના નિમિત્તો એને સુખ તું માને છો. એ તેં ભ્રમણા ઉભી કરી છે, ભ્રમણા જ ભવનું કારણ છે. સમજાણું કાંઈ?

**'ઐસા માનને લગ જાતે હૈં,...'** અમે સુખી છીએ, ભાઈ! સુખ સારું છે, મારે બાદશાહી છે.

**'ઇસલિએ સમઝો કિ જો મુશ્કિલોંસે પૈદા કિયે જાતે તથા જિનકી રક્ષા બડી કઠિનાઈસે હોતી હૈ, તથા જો નષ્ટ હો જાતે,..'** રક્ષા કરતા કરતા પણ રહેતા નથી. **'સ્થિર નહીં રહતે...'** એટલે કાયમ રહેતા નથી. લક્ષ્મી, બાયડી, છોકરા કાયમ રહે છે? ભગવાનઆત્મા કાયમ રહેનારો અંદર નિત્યાનંદ પ્રભુ છે. **'ઐસે ધનાદિકોંસે દુઃખ હી હોતા હૈ,'** એ ધનમાં કાંઈ છે નહિ. લ્યો! **'જૈસા કિ કહા હૈ - 'અર્થસ્યોપાર્જને દુઃખં૦''**

**'ધનકે કમાનેમેં દુઃખ,...'** દુઃખ હશે? અરે..! રાગ છે ને ન્યાં આકુળતા? આમ કરવું ને આને સંભાળો ને આને સંભાળો ને.. એમાં અત્યારના શું કહેવાય તમારે પૈસા? ઇન્કમ ટેક્ષ ને હોળીની વાત કેટલી સળગી છે! દસ લાખ પેદા થાય તો બતાવવા શી રીતે? દસ લાખ થાય ને ચોરાશી હજાર લઈ જાય લાખે. ઇ ચોપડા ફેરવવા પડે, કાં દસ પંદરના નામ પાડીને ભાગ પાડવા પડે. આહાહા..!

**'ઉસકી રક્ષા કરનેમેં દુઃખ, ઉસકે જાનેમેં દુઃખ,...'** લ્યો! ઇ જાય તો દુઃખ. **'ઇસ તરહ હર હાલતમેં દુઃખકે કારણરૂપ ધનકો ધિક્કાર હો.'** અહીં તો કહે છે. એવી લક્ષ્મીને ધિક્કાર હો. આત્માના આનંદમાં છે એને કહે છે કે, પ્રશંસા કર. આત્મા આનંદમૂર્તિ છે એની શ્રદ્ધા, જ્ઞાન કર. એ સિવાય બધું ધિક્કાર ધિક્કાર છે. એ પૈસાને ધિક્કાર છે, 'મોહનભાઈ'! લક્ષ્મી તો તારી તારામાં છે, ભાઈ! સચ્ચિદાનંદ પ્રભુ, એની ઓળખાણ કર, શ્રદ્ધા કર. ત્યાં ધર્મ ને શાંતિ ને ત્યાં સુખ છે, બાકી ક્યાંય સુખ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૫, રવિવાર
## તા. ૨૭-૦૩-૧૯૬૬
## ગાથા–૧૩ થી ૧૫ પ્રવચન નં. ૧૨

**[આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે.]**

('પૂજ્યપાદસ્વામી') નામના દિગંબર મુનિ થયા છે, તેમણે આ 'ઇષ્ટોપદેશ' ની રચના કરી છે. ઇષ્ટોપદેશનો અર્થ શું? આત્માને હિતકર ઉપદેશ. હિત કરનાર ઉપદેશ, તેને ઇષ્ટોપદેશ કહે છે. તેમાં ૧૩મી ગાથામાં છેલ્લે આવ્યું છે. જુઓ!

આ મનુષ્યપણું પામીને પ્રાણી પોતાના શુદ્ધ સ્વરૂપની રક્ષા, દર્શન-જ્ઞાન-ચારિત્ર કરતા નથી. સમજાય છે કાંઈ? અને પૈસા કમાવામાં દુઃખ છે એની રક્ષા કરે છે. આ ઉપદેશમાં ઇ છે. પોતાનો આત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ છે, એના શ્રદ્ધા-જ્ઞાનથી પોતાનું રક્ષણ કરવું તે મનુષ્યપણું પ્રાપ્ત કરીને પણ રક્ષા કરતા નથી. ધન.. ધન શબ્દે એ ધન નહિ. લક્ષ્મી, સ્ત્રી, પુત્ર, આબરૂ-કીર્તિ, મકાનને ઉત્પન્ન કરવામાં પોતાનો કાળ વ્યતીત કરે છે. જુઓ! ધન એટલે ધન શબ્દ છે. પૈસા પેદા કરવામાં, સ્ત્રીનું રક્ષણ કરવામાં, પુત્રની વૃદ્ધિ કરવામાં, આબરૂને વૃદ્ધિ કરવામાં, બહારની સામગ્રીની પુષ્ટિ કરવામાં પોતાનો કાળ વ્યતીત કરે છે કે જેમાં દુઃખ છે. લક્ષ્મી, સ્ત્રી આદિ ઉત્પન્ન કરવામાં દુઃખ છે. દુઃખ છે? સમજાય છે કાંઈ? પૈસા પેદા કરવા, સ્ત્રીનું રક્ષણ કરવું, એ બધા ભાવ દુઃખ છે.

મુમુક્ષુ :– ફરજ છે ને.

ઉત્તર :– ફરજ-બરજ કેવી? અહીંયા તો કહે છે, દુઃખ છે. પોતાનો આત્મા અનાદિઅનંત શુદ્ધ આનંદકંદ છે તેની રક્ષા કરતો નથી. રક્ષા એટલે એની શ્રદ્ધા અને જ્ઞાન કરતો નથી, મનુષ્યપણામાં પોતાનું સંરક્ષણ થવું જોઈએ કે જેથી સંસારનો નાશ થાય. એમ નથી કરતો. પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને શ્રદ્ધા-જ્ઞાન, હું આનંદ છું, મારા સ્વરૂપમાં મારી સંપદા ભરેલી છે, લક્ષ્મી આદિ બાહ્ય ચીજ મારી નથી. પુત્ર અને પિતા આદિ બધી બાહ્ય વસ્તુ છે. મારો આત્મા જ મારો પુત્ર છે અને મારો આત્મા જ મારો પિતા છે. સમજાય છે કાંઈ? આવી જેને દૃષ્ટિ નથી,... 'પૂજ્યપાદસ્વામી' મહામુનિ દિગંબર સંત, 'કુંદકુંદાચાર્ય' મહારાજ થયા પછી 'સમંતભદ્રાચાર્ય' થયા, ત્યારપછી આ 'પૂજ્યપાદસ્વામી' થયા. એ જગતને ઉપદેશ કરે છે.

ધનાદિ કમાવામાં દુઃખ છે. છે ને છેલ્લો શબ્દ? ધન શબ્દ છે પણ ધન એટલે સ્ત્રી, કુટુંબ-પરિવાર બધું લઈ લેવું. બધાના ઉપાર્જનમાં દુઃખ છે. આત્માની શાંતિના ઉપાર્જનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'હરીભાઈ'! એનું રક્ષણ કરવાની દરકાર નથી. હું આત્મા છું, મારામાં શાંતિ છે, મારો આનંદ મારામાં છે. એવી દૃષ્ટિ, પોતાના સ્વરૂપની રક્ષા નથી કરતા એવા અજ્ઞાની મનુષ્યપણું પામીને, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવારના ઉપાર્જનમાં પોતાનો કાળ વ્યતીત કરે છે. તે ઉપાર્જન કરવામાં દુઃખ છે. પૈસા કમાવામાં દુઃખ છે? ચોવીસ કલાક મમતામાં ઘેરાઈ ગયેલો છે.

**'ઉસકી રક્ષા કરને મેં દુઃખ,...'** છે. એક તો ઉપાર્જનમાં દુઃખ છે, પછી લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, શરીર આદિની રક્ષા કરવી, એ તો દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદ છે તેની અંદર રક્ષા કરવી, એમાં આનંદ છે. રક્ષાનો અર્થ હું આનંદસ્વરૂપ, શુદ્ધ છું. મારામાં મલિનતાનો અંશ દેખાય છે એ મારી ચીજ નહિ, કર્મ, શરીર પણ મારી ચીજ નહિ અને પૂર્વના પુણ્યને કારણે મળતી સામગ્રી પણ મારી નથી અને મારામાં છે નહિ. મારી નથી અને મારામાં છે નહિ. એમ પોતાના આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાનથી રક્ષણ થાય છે, પોતાની દયા થાય છે. બરાબર છે? સ્વદયા. પુણ્ય-પાપના પરિણામ કરતાં દુઃખ થાય છે. લક્ષ્મી ઉપાર્જનમાં દુઃખ થાય છે, આત્માની શાંતિની હિંસા થાય છે. બરાબર છે? 'બાબુભાઈ'!

મુમુક્ષુ :– ઉતરતું નથી.

ઉત્તર :– ઉતરતું નથી. એ માટે તો આ કહે છે. એ માટે તો ઉપદેશ આપે છે.

ભાઈ! તારી સંપદા તો અંદરમાં આનંદ છે ને! આનંદથી ભરેલો આત્મા પૂર્ણાનંદ છે. જેમ 'સિદ્ધ સમાન સદા પદ મેરો', 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. મારું પદ તો સિદ્ધ સમાન કેવળજ્ઞાન, આનંદની લક્ષ્મીથી ભરેલું છે. એમ શ્રદ્ધા-જ્ઞાનથી રક્ષા કરવાની દરકાર નથી અને બહારની લક્ષ્મી આદિ ઉત્પન્ન કરવામાં દુઃખ છે તો પણ પોતાનો કાળ વ્યતીત કરે છે. **'ઉસકી રક્ષા કરને મેં દુઃખ,...'** છે.

મુમુક્ષુ :– ઉપાર્જન કરવામાં તો દુઃખ પણ પછી તો ભોગવે છે...

ઉત્તર :– આ એ જ કહે છે, રક્ષા કરવામાં દુઃખ છે. અને **'ઉસકે જાને મેં દુઃખ,...'** છે. જે વસ્તુ મળી એ ચાલી જાય તો અરે..! કંટાળો (આવે છે). આવે એ તો સમાય પણ જાય એમાં દુઃખ છે. એમ અજ્ઞાની અનાદિકાળથી પોતાના ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનની રક્ષા નહિ કરતાં પરના ઉપાર્જનમાં, રક્ષામાં અને પરનો નાશ થવામાં દુઃખ માને છે. સમજાય છે કાંઈ?

એ કહે છે, જુઓ! **'ઇસ તરહ હર હાલત મેં દુઃખ કે કારણરૂપ ધન...'** ધન, સ્ત્રી, કુટુંબ બધા, બધી પરિસ્થિતિમાં દુઃખનું કારણ છે. એમ હશે 'ફાવાભાઈ'? આ છોકરો 'મનહર' દુઃખનું કારણ (હશે)?

મુમુક્ષુ :– છોકરા પ્રત્યે રુચિ છે.

ઉત્તર :– એની મમતા છે ને? કે આ હોય તો ઠીક એ દુઃખ, રક્ષા કરવામાં દુઃખ, ઉપાર્જનમાં દુઃખ અને નાશ થવામાં દુઃખ. આહાહા..! આત્મા ભગવાન એક સમયમાં પૂર્ણાનંદથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભરેલો, એની અંતરમાં દૃષ્ટિ કરવી તે સ્વદયા છે. સમજાય છે કાંઈ? એ દયા. હું આત્મા છું, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ પણ આસ્રવતત્ત્વ, વિકાર છે. શરીર આદિ તો પૃથક્ જ છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, આત્મામાં રાગ અને રાગની એકત્વબુદ્ધિ છોડવી તેનું નામ ભગવાનઆત્માની દયા અને રક્ષા કહે છે. કહો, બરાબર છે? ભારે કઠણ. અંદરમાં આ ચીજ શું છે, અંદર વસ્તુ શું છે, એની ખબર નથી તો પર વસ્તુનું ઊપાર્જન કરવું, રક્ષા કરવી અને નાશ થાય તો દુઃખ માનવું. એમ અનાદિકાળથી પરિભ્રમણ કરતાં અનંત કાળ વીતી ગયો.

**દોહા – કઠિન પ્રાપ્ત સંરક્ષ્ય યે, નશ્વર ધન પુત્રાદિ**
**ઈનસે સુખકી કલ્પના, જિમિ ઘૃતસે જ્વર વ્યાધિ. ૧૩.**

છે ને શ્લોક? 'પૂજ્યપાદસ્વામી'. એય..! છોકરાઓ વાંચવા દેજો મહેમાનોને. છોકરાઓ પાસે હોય તો. સમજાણું કાંઈ? મહેમાનને દેજો, નવા આવ્યા છે ને. તમે તો અહીં છોકરાઓ છો. 'ઇષ્ટોપદેશ' અહીં થઈ રહ્યા છે. થોડાક હતા ને?

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, અહીં તો ઇ જ કહે છે. મૂળ તો ઇ કહે છે. આગળ તો ઇ કહેશે કે અમે જો પૈસા કમાઈએ તો પછી દાન, પૂજામાં કામ આવશે. આગળ પંદરમી ગાથામાં છે. પંદરમી ગાથામાં છે, હોં! જુઓ! **'યહાંપર શિષ્યકા કહના હૈ કિ ધન જિસસે પુણ્ય કા ઉપાર્જન કિયા જાતા હૈ, વહ નિંદ્ય-નિંદાકે યોગ્ય ક્યોં હૈ ?'** લક્ષ્મી આદિ નિંદાને યોગ્ય છે એમ કેમ આપ કહો છો? અમે પુણ્ય ઉપાર્જન કરીએ છીએ, પુણ્યને કારણે મળે છે. પાત્રને દાન દેવું, દેવની પૂજા કરવી એ અમને પુણ્યનું કારણ છે. એ બધું ધન વિના થઈ શકતું નથી. એટલે પુણ્યનું સાધન ધન નિંદ્ય કેમ છે? પણ એ લક્ષ્મી ઉપાર્જન કરવાનો ભાવ જ પાપ છે. સમજાય છે કાંઈ? પાપ કરીને પછી તું પુણ્ય કરીશ એ બીજી વાત છે. પહેલા પાપ કરવા, પાપ કરીને પછી ધૂળ લગાવીને પછી સ્નાન કરશું, કીચડ લગાવીને પછી સ્નાન કરીશ. પહેલા કીચડ કેમ લગાવવું? લક્ષ્મી ઉપાર્જન કરું પછી દેવપૂજામાં, દયા, દાનમાં મારો પુણ્યભાવ ઉપાર્જન કરીશ. પણ એ તો પુણ્ય છે. પણ પહેલેથી ધન ઉપાર્જન કરવામાં પાપ કરે છે. પાપનું બંધન કરીને પછી પુણ્ય કરીશ એ વાત ન્યાયની નથી. સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છે ને કે પહેલા અમે પાંચ-પચાસ લાખ લક્ષ્મી રળી લઈશું પછી દાનમાં ખર્ચશું. ધૂળમાં (ખર્ચશું). પહેલા પાપ કર્યા એનું શું કરવું? પછી તારા રાગની મંદતા હોય કે ન હોય, એ પછી વાત. માન માટે ખર્ચે, દુનિયાની આબરૂ માટે ખર્ચે, પોતે બહુ પાપ કર્યા હોય એના નાશ માટે ખર્ચે. દુનિયામાં સારી આબરૂ રહે એ માટે ખર્ચે. એ ઉપાર્જનમાં પણ પાપ અને ખર્ચવામાં પણ પાપ. સમજાય છે કાંઈ?

પહેલા પાપની લક્ષ્મી ઉપાર્જન કરવી નહિ. સમજાય છે કાંઈ? લક્ષ્મી આદિ, પુત્ર આદિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોં! બધું લેવું. દીકરા હોય તો પછી અમને વૃદ્ધાવસ્થામાં ધર્મધ્યાન થઈ શકે, સેવા કરે, નિવૃત્તિ લેવાય. એ.. 'ઝવાભાઈ'! કહે છે કે મૂઢ છો. પૈસા ઉપાર્જન કરવા, તેની રક્ષા કરવી અને તેને કારણે મને ધર્મનું સાધન થશે એ તારી માન્યતા જ મૂઢ છે. પોતાનું ધર્મનું સાધન તો નિજ સ્વરૂપમાંથી થાય છે, બહારથી થતું નથી. સમજાય છે કાંઈ?

**'કઠિન પ્રાપ્ત સંરક્ષ્ય યે, નશ્વર ધન પુત્રાદિ'** જુઓ! ન્યાં બધું લીધું. **'ઇનસે સુખકી કલ્પના, જિમિ ઘૃતસે જ્વર વ્યાધિ.'** તાવ આવ્યો છે, કાળિયો ઊનો તાવ આવ્યો પછી ઘી લગાવવું અને સુખ માનવું. બહુ તાવ આવે તો ઘી લગાવે છે ને? તાવ આવે છે તો. એ તો મૂઢ છે. એમ કહે છે કે, નિજ સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનની રક્ષા કર્યા વિના, પરની રક્ષા કરવામાં જાય છે એ તો **'ઘૃત સે જ્વર વ્યાધિ'**. વ્યાધિમાં ઘી લગાવવું અને દુઃખી થવું, એવી વસ્તુ છે. માટે લક્ષ્મી આદિ ઉપાર્જન કરવાનો ભાવ છોડવો. પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા, એમ કહે છે.

---

**फिर भी शिष्य पूछता है कि बड़े आश्चर्यकी बात है कि जब `मुश्किलोंसे कमायी जाती' आदि हेतुओंसे धनादिक सम्पत्ति दोनों लोकोंमें दुःख देनेवाली है, तब ऐसी सम्पत्तिको लोग छोड़ क्यों नहीं देते? आचार्य उत्तर देते हैं -**

**विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते।**
**दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत्।।१४।।**

**अर्थ :- जिसमें अनेकों हिरण दावानलकी ज्वालासे जल रहे हैं, ऐसे जंगलके मध्यमें वृक्षपर बैठे हुए मनुष्यकी तरह यह संसारी प्राणी दूसरोंकी तरह अपने ऊपर आनेवाली विपत्तियोंका ख्याल नहीं करता है।**

**विशदार्थ :- धनादिकमें आसक्ति होनेके कारण जिसका विवेक नष्ट हो गया है, ऐसा यह मूढ़ प्राणी चोरादिकके द्वारा की जानेवाली, धनादिक चुराये जाने आदिरूप अपनी आपत्तिको नहीं देखता है, अर्थात् वह यह नहीं ख्याल करता कि जैसे दूसरे लोग विपत्तियोंके शिकार होते हैं, उसी तरह मैं भी विपत्तियोंका शिकार बन सकता हूँ। इस वनमें लगी हुई यह आग इस वृक्षको और मुझे भी जला देगी। जैसे ज्वालानलकी ज्वालाओंसे जहाँ अनेक मृगगण झुलस रहे हैं-जल रहे हैं, उसी वनके मध्यमें मौजूद वृक्षके ऊपर चढ़ा हुआ आदमी यह जानता है कि ये तमाम मृगगण ही घबरा रहे हैं-छटपटा रहे हैं, एवं मरते जा रहे हैं, इन विपत्तियोंका मुझसे कोई संबंध नहीं है, मैं तो सुरक्षित हूँ। विपत्तियोंका सम्बंध दूसरोंकी सम्पत्तियोंसे है, मेरी सम्पत्तियोंसे नहीं है।।१४।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



दोहा - परकी विपदा देखता, अपनी देखे नाहिं।
जलते पशु जा वन विषैं, जड़ तरुपर ठहराहिं।।१४।।

શંકા :– **'ફિર ભી શિષ્ય પૂછતા હૈ કિ બડે આશ્ચર્ય કી બાત હૈ કિ જબ મુશ્કિલોંસે કમાયી જાતી...'** બહુ મુશ્કેલથી લક્ષ્મી, દીકરા, દીકરીઓ માંડ માંડ મહેનત કરીને થાય. **'હેતુઓંસે ધનાદિક સમ્પત્તિ દોનોં લોકોમેં દુઃખ દેનેવાલી હૈ,...'** જુઓ! શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ! ગુરુને પૂછે છે કે આ લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર આબરૂ આ ભવમાં દુઃખ દેનાર છે અને પરભવમાં પણ દુઃખ દેનાર છે. 'પોપટભાઈ'! બરાબર હશે આ? જુઓ!

**'મુશ્કિલોંસે કમાયી જાતી આદિ હેતુઓંસે...'** અર્થાત્ ઘણા પરસેવો ઉતારે, મહેનત કરીને, વ્યાજ કરીને, મહાદુઃખ કરીને, મજૂરી કરીને પૈસા પેદા કરે. એ મજૂરી જ છે ને? આઠ-આઠ કલાક વાણિયા મજૂરી કરે ને? બાર-બાર કલાક દુકાને બેસે છે. રાગની મજૂરી છે.

મુમુક્ષુ :– અરે..! ગાદી તકિયા ઉપર બેસે છે.

ઉત્તર :– ગાદી તકિયા કોને કહેવા? હોળી સળગતી હોય ત્યાં. પેલા મજૂર તો આઠ કલાક કામ કરે. આઠ કલાકમાં અત્યારે તો બધું સમજવા જેવું છે. અને આ બેસે બાર કલાક. સવારનો બેસે તો રાતના દસ વાગ્યા સુધી. મોટો મજૂર છે. એય...! કહે છે કે, **'મુશ્કિલોંસે કમાયી જાતી આદિ હેતુઓંસે ધનાદિક...'** લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર બધું, હોં! માંડમાંડ મળ્યું. **'દોનોં લોકોં મેં દુઃખ દેનેવાલી હૈ,...'** સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આ ભવમાં દુઃખ દેનાર છે. કેમ કે મમતા કરે છે કે મારા છે. દુઃખ છે. અને પરભવમાં પણ એને દુઃખ દેનાર જ છે. ભગવાનઆત્મા અંતર આનંદસ્વરૂપ છે, વર્તમાન એના શ્રદ્ધા-જ્ઞાન કરે તો આનંદ થાય છે અને ભવિષ્યમાં પણ આત્મા આનંદનો દાતા છે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, એના શ્રદ્ધા-જ્ઞાન કરે તો વર્તમાનમાં પણ આનંદ થાય અને ભવિષ્યમાં પણ આનંદ થાય. અને એ સિવાય જગતની ચીજની રક્ષા કરવામાં, મળવામાં, સ્ત્રીને, પુત્રને, પૈસાને, મકાનને, આબરૂ મેળવવામાં વર્તમાનમાં દુઃખ છે, ભવિષ્યમાં પણ દુઃખ છે.

મહારાજ! **'તબ ઐસી સંપત્તિ લોગ છોડ ક્યોં નહીં દેતે ?'** એ.. 'જેચંદભાઈ'! આવું છે ને છોડતા કેમ નથી? એમ કહે છે. એ કહે છે કે, મમતા કરે છે. બાપા! એ મમતા કરે છે. એ મમતા.. મમતા.. મમતામાં સળગી ગયો છે. મમતાથી બળેલો છે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની લક્ષ્મી છે એના શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી. મમતામાં બળી રહ્યો છે. એ કહે છે, જુઓ! શિષ્યનો પ્રશ્ન છે કે મહારાજ! સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, આબરૂ બધું, હોં! એ દુઃખ દેનાર છે. આ ભવમાં અને પરભવમાં બન્નેમાં દુઃખ દેનારા છે. એમ કહીને શું કહ્યું? કે અજ્ઞાની લક્ષ્મીને, કુટુંબને, પુત્રને મને સુખ દેનારા છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાય છે કાંઈ? એ વધશે તો વૃદ્ધાવસ્થામાં મારું રક્ષણ કરશે તો મને લાભ થશે. એવી માન્યતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાનીની છે. સમજાય છે કાંઈ? પરને કારણે, પરના સાધનથી પોતાને સુખ મળે અને શાંતિ મળે, એમ ત્રણકાળમાં બનતું નથી, એમ બતાવે છે.

**'તબ ઐસી સમ્પત્તિ કો લોગ છોડ ક્યોં નહીં દેતે ?'** સ્ત્રી, કુટુંબ, લક્ષ્મીની મમતા છોડીને આત્માની સમતા કેમ નથી કરતા? એમ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદના શ્રદ્ધા-જ્ઞાન કેમ કરતા નથી? એનો વખત કેમ લેતા નથી? **'આચાર્ય ઉત્તર દેતે હૈં –'**

**विपत्तिमात्मनो मूढः, परेषामिव नेक्षते।**
**दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत्।।१४।।**

**'જિસમેં અનેકોં હિરણ દાવાનલ કી જ્વાલાસે જલ રહે હૈં,...'** જુઓ દૃષ્ટાંત! જંગલમાં મોટો દાવાનળ હોય, જંગલમાં અનેક હરણ દાવાનળથી બળી રહ્યા છે. હરણ આદિ. **'ઐસે જંગલકે મધ્યમેં વૃક્ષપર બૈઠે હુએ...'** એવા જંગલમાં એક ઝાડ–વૃક્ષ હતું. એની ઉપર એક પુરુષ બેઠો હતો. **'મનુષ્યકી તરહ યહ સંસારી પ્રાણી દૂસરોંકી તરહ અપને ઊપર આનેવાલી વિપત્તિયોં કા ખ્યાલ નહીં કરતા હૈ.'** હરણ આદિ બળે છે તો એ બળે છે, મારે શું? તું આ વૃક્ષ ઉપર બેઠો છો, અગ્નિ હમણાં ત્યાં પહોંચી જશે. ત્યારે તું અને વૃક્ષ બન્ને બળી જશો. એ દેખાતું નથી, નથી દેખાતું. મારે ક્યાં છે? એને છે. એની લક્ષ્મી ગઈ, એનો પુત્ર મરી ગયો, એના દેહમાં ક્ષયરોગ થયો, એને એમ થયું, એમાં મારે શું? પણ આખા જંગલમાં અગ્નિ બળે છે એની મધ્યમાં પડ્યો છો. આત્માના આનંદના ભાન વિના સંયોગની વચ્ચે પડ્યો છો. સંયોગ ચાલ્યા જશે અને વિયોગ થશે. એ તો અનિત્યતા છે તો ક્ષણમાં થઈ જશે. એને તો વિચાર કરતો નથી. એની લક્ષ્મી ગઈ, મારે શું? એનો પુત્ર મરી ગયો, મારે શું? એને શરીરમાં રોગ આવ્યો, મારે શું? પણ તને આવશે. આ જડ માટી–ધૂળ છે, આ ક્યાં આત્મા છે? સમજાય છે કાંઈ? રોગ આવે પણ પોતાને જોતો નથી. 'પોપટભાઈ'! બીજાનું જોવે છે પણ પોતે વૃક્ષ ઉપર બેઠો છે, આખા જંગલમાં આગ લાગી છે, વચ્ચે વૃક્ષ છે એની ઉપર બેઠો છે. બીજાનું દુઃખ જુએ છે, એની આપદા જુવે છે, એને આપદા છે એમ જોવે છે પણ મને આવશે એમ જોતો નથી.

મુમુક્ષુ :– ઊંચે બેઠો છે ને!

ઉત્તર :– ઊંચે બેઠો છે પણ હમણા ઝાડ સળગશે. બળશે એમાં તું અને ઝાડ બન્ને ભસ્મ થઈ જશો, એનો વિચાર કરતો નથી. સમજાય છે કાંઈ?

**વિશદાર્થ :– 'ધનાદિકમેં આસક્તિ હોનેકે કારણ...'** અહીં તો આત્માની શુદ્ધ શ્રદ્ધા નથી કરતા એવા મિથ્યાદૃષ્ટિની વાત છે, હોં! સમ્યગ્દૃષ્ટિ છે એને લક્ષ્મીમાં જરી રાગ છે એ તો થોડો રાગ છે. એમાં પરિમિત દોષ છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિને તો આત્માની રુચિ છે, આનંદમય છું એવી દૃષ્ટિ છે તો એને લક્ષ્મીનો જરી રાગ આવે છે તો એ લક્ષ્મીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કારણે રાગ નથી આવતો. સમકિતીને રાગમાં સુખબુદ્ધિ નથી. સમજાય છે કાંઈ?

છ ખંડનું રાજ હો. 'ભરત ઘરમાં વૈરાગી' આવે છે કે નહિ? 'ભરત' ચક્રવર્તીને છ ખંડનું રાજ હતું, ૯૬ હજાર સ્ત્રી હતી, અંદરમાં ઉદાસ છે. હું આત્મા આનંદ છું. મારો આનંદ પરમાં નથી. ૯૬ હજાર સ્ત્રીમાં નથી. આસક્તિનો રાગ જરી આવે છે એ ઝેર છે, દુઃખ છે, મારો આનંદ મારી પાસે છે. એમ સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તો પણ પોતાનો આનંદ પોતામાં માને છે. સ્ત્રીમાં, લક્ષ્મીમાં, પુત્રમાં આનંદ માનતો નથી. સમજાય છે કાંઈ? આ તો માનવાવાળાની વાત ચાલે છે.

સમ્યગ્દષ્ટિ તો ઇન્દ્રાણીમાં સુખ માનતો નથી. સ્વર્ગમાં સમકિતી ઇન્દ્ર છે અને કરોડો અપ્સરાઓ છે. અરે..! એ તો પરવસ્તુ છે. મારો આનંદ મારી પાસે છે. હું જેટલો અંતરમાં એકાગ્ર થાઉં એટલી મને શાંતિ મળશે. પરમાં શાંતિ નથી. પરમાં શાંતિ અને સુખ ત્રણકાળમાં નથી. એમ સમ્યગ્દષ્ટિની આત્માના આનંદ ઉપર દષ્ટિ છે. મિથ્યાદષ્ટિ પરમાં આનંદ માને છે અને પરનું દુઃખ જોઈને પોતાને દુઃખ આવશે એ જોતો નથી. સમજાય છે કાંઈ?

**'ધનાદિકમેં આસક્તિ હોનેકે કારણ જિસકા વિવેક નષ્ટ હો ગયા હૈ,...'** જુઓ! લક્ષ્મી, પુત્ર, પત્ની આદિમાં એટલી આસક્તિ અને ગૃદ્ધિ છે– કે પોતાનો વિવેક નષ્ટ થઈ ગયો. અરે...! હું શું કરું છું? હું કરું તો એની રક્ષા થશે? અને એની રક્ષા થાય તો મને લાભ છે? એ રહે તો મને લાભ છે? જાય તો મને શું નુકસાન છે? એવો વિવેક અજ્ઞાનીને અંતરમાં હોતો નથી. સમજાય છે કાંઈ?

**'ધનાદિક...'** ધનાદિકમાં પુત્રમાં, પત્નીમાં, આબરૂમાં, મોટું મકાન હોય, પાંચ-પાંચ લાખની ભાડાની પેદાશ હોય. ભાડાને શું કહે છે? કિરાયા. ભાડું પેદા થતું હોય, પાંચ-પચાસ લાખનું મકાન હોય, પાંચ-પાંચ લાખનું વ્યાજ આવતું હોય. આસક્તિ, ગૃદ્ધિ. મૂઢ ગૃદ્ધિ થઈ ગયો. મારી ચીજ મારી પાસે છે એને તો ભૂલી ગયો. જાણે કે એનાથી મને લાભ થશે. **'જિસકા વિવેક નષ્ટ હો ગયા હૈ,...'** અહીંયા એ કહેવું છે. પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? આત્મામાં શુભ-અશુભભાવ થાય છે એ આસ્રવ દુઃખરૂપ છે અને એનું ફળ સંયોગ પણ દુઃખરૂપ છે. તો દુઃખરૂપ છે એને સુખરૂપ માને છે.

**'જિસકા વિવેક નષ્ટ હો ગયા હૈ, ઐસા યહ મૂઢ પ્રાણી...'** મૂઢ પ્રાણી. **'ચોરાદિક કે દ્વારા કી જાનેવાલી, ધનાદિક ચુરાયે જાને આદિરૂપ અપની આપત્તિકો નહીં દેખતા હૈ,...'** શું કહે છે? જુઓ! બીજાની લક્ષ્મી ચોર લુંટી જાય તો જુએ કે એને (ચોરાય ગઈ). પણ તારી લક્ષ્મી પણ લોકો લઈ જશે. એ પર ચીજ છે. લઈ જશેનો અર્થ છે–પુણ્યથી મળી છે અને પાપનો ઉદય આવશે તો ચાલી જશે. એ લક્ષ્મી પુણ્યથી મળી છે, તારા પુરુષાર્થથી નહિ. પૂર્વના પુણ્ય હતા તો મળી છે. જ્યારે પાપનો ઉદય આવશે ત્યારે ચાલી જશે. એ લક્ષ્મી તારી નથી. પણ બીજાને પાપના ઉદયે ચાલી જાય તો લાગે કે એને ગઈ, મારે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહી ગઈ. પણ લક્ષ્મી ક્યાં તારી હતી? સમજાય છે કાંઈ?

**'ચોરાદિકકે દ્વારા કી જાનેવાલી,...'** ચોર આ રાજ લુંટી જાય. જુઓને! અત્યારે તો આ બધું ઘણું થાય છે ને? પકડે છે કે નહિ? એકદમ દરોડા પડે છે. 'મુંબઈ'માં એ... 'બાબુભાઈ'! પડે છે કે નહિ? દરોડા પડે. લ્યો! લાવ. ચાલો બહાર નીકળી જાવ. આખું મકાન તપાસવું છે. એમાંથી પાંચ-દસ લાખ રૂપિયા નીકળે તો લાવો ચાલો જેલમાં. એને દુઃખ છે, અમારે ક્યાં છે? પણ તારે કાલ આવશે. કેમ કે એ બહારની લક્ષ્મી પુણ્યને આધીન છે. એ પુત્ર, પુત્રાદિ પુણ્ય આધીન છે, જ્યારે તારો પાપનો ઉદય આવશે તો ચાલી જશે. એ નુકસાન તરફ જોતો નથી. પરનું નુકસાન જોવે છે પણ મારો પાપનો ઉદય આવશે તો ચાલી જશે તો આ સુખરૂપ નથી. એમ અજ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ? ચોર આદિ, રાજા આદિ.. સમજ્યા? **'ધનાદિક ચુરાયે જાને આદિરૂપ અપની આપત્તિ કો નહીં દેખતા હૈ,..'** મારો પાપનો ઉદય આવશે ને બધું ચાલ્યું જશે એમ જોતો નથી. એની જાય છે. એનો તો પાપનો ઉદય છે તો જાય છે. પણ તારું શું? પુણ્ય-પાપ બન્ને વસ્તુ પર છે. આત્મામાં જે લાભ છે એને છોડીને જેટલા પુણ્ય-પાપ કર્યા એનો સંયોગ થયો. સંયોગ અને વિયોગ થવા એ એની વસ્તુ છે. એમાં કોઈ સુખ છે નહિ. સમજાય છે કાંઈ?

**'વહ યહ નહીં ખ્યાલ કરતા કિ જૈસે દૂસરે લોગ વિપત્તિયોં કે શિકાર હોતે હૈં,...'** શિકારને શું કહે છે? વિપત્તોઓનો ભોગ બનવું. એને વિપત્તિઓ થાય છે **'ઉસી તરહ મૈં ભી વિપત્તિયોં કા શિકાર બન સકતા હૂં.'** સમજાય છે કાંઈ? પ્રતિકૂળતા આવશે. કેમ કે બહારની ચીજ પુણ્યને કારણે આવે છે અને બહારની ચીજ પાપને કારણે ચાલી જાય છે, તારો પુરુષાર્થ ત્યાં કામ કરતો નથી. બરાબર છે? ભાઈ!

મુમુક્ષુ :— બીજાને વિપત્તી આવે ત્યારે આપણે શું કરવું?

ઉત્તર :– આત્મા આનંદ છે એમ દૃષ્ટિ (કરવી). કરવું છે શું? અહીં તો પુણ્યને કારણે મળેલી વસ્તુમાં સુખબુદ્ધિ છોડી દેવી અને પાપને કારણે પ્રતિકૂળતા આવે એમાં દુઃખબુદ્ધિ છોડી દેવી. આત્મામાં સુખ છે. એને માટે તો ઇષ્ટ ઉપદેશ છે. પરને કારણે કાંઈ નથી. પૂર્વના પુણ્યને કારણે મળી હોય. તારા પુરુષાર્થથી મળે છે? પુરુષાર્થ તો ઘણા કરે છે. મહિને પાંચ હજાર પણ મળતા નથી. અને બહારમાં કાળા બજાર ને કાળા કેર કરે એમાં પુણ્યનું કારણ હોય તો કરોડો પેદા કરે છે, એમાં આવ્યું શું? અને પાપનો ઉદય હોય તો એટલું પણ આવીને ચાલ્યું જાય છે. એ તો સંયોગી ચીજ છે, એ કંઈ સ્વભાવિક વસ્તુ નથી. સ્વભાવિક વસ્તુ નથી કે પોતાના રક્ષણ કરવાથી ઉપાર્જન કરવાથી આનંદ, રક્ષા કરવાથી આનંદ, વૃદ્ધિ કરવાથી આનંદ થાય છે. સમજાય છે કાંઈ?

પોતાનો આત્મા આનંદ, સિદ્ધસ્વરૂપ, શુદ્ધ આનંદની શ્રદ્ધા કરવામાં આનંદ, તેની સ્થિરતા કરવામાં આનંદ, તેની શુદ્ધિની વૃદ્ધિ કરવામાં આનંદ. આહાહા..! આવી શ્રદ્ધા, વિવેક છોડીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર પદાર્થની રક્ષામાં સુખ (માને છે). છે દુઃખ. ઉપાર્જનમાં દુઃખ, નાશ થવામાં દુઃખ. પણ મૂઢ ત્યાંથી હટીને પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરતો નથી. કહો, સમજાય છે?

મુમુક્ષુ :– તો તો મૂઢની સંખ્યા વધી જાય.

ઉત્તર :– મૂઢની સંખ્યા ઘણી. કેમ 'જયંતીભાઈ'? આહાહા..!

અહીં તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ વાત કરે છે, હોં! આ સાધારણ ઉપદેશ નથી. એ એમ કહે છે કે પૂર્વના પુણ્યને કારણે એ મળવામાં પણ તને શ્રમ છે, એની રક્ષા કરવામાં પણ તને શ્રમ છે, જાય છે ત્યારે તને દુઃખ થાય છે. એ સંયોગમાં તારી કોઈ વસ્તુ નથી. સ્વભાવમાં તારી વસ્તુ છે, ભાઈ! તને ખબર નથી. હું આત્મા સિદ્ધ સમાન શુદ્ધ છું. મારી કેવળજ્ઞાન લક્ષ્મી મારામાં પડી છે, મારો આનંદ પણ મારામાં છે. એવી દૃષ્ટિ સમ્યગ્દર્શન થયા વિના, સંયોગ-વિયોગમાં સુખ-દુઃખ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એવા સંયોગમાં સુખ માને અને વિયોગમાં દુઃખ માને, બહારની ચીજોમાં, મૂઢ છે. શું છે? સંયોગ થયો તો શું સુખ છે? અને વિયોગ થાય તો એનાથી દુઃખ છે? તારા આત્મામાં આનંદ છે, ભાઈ! તને શ્રદ્ધા નથી.

'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો' 'બનારસીદાસ' 'સમયસાર નાટક'માં કહે છે. સિદ્ધ સમાન, ચેતનરૂપ. હું તો ચેતનરૂપ છું. બાદશાહ પરમાત્મા હું છું. ચેતનરૂપ અનૂપ. મારી વસ્તુને કોઈ ઉપમા નથી. પુણ્ય-પાપના ભાવ પણ બંધનું કારણ છે, દુઃખનું કારણ છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત'. મૂર્તરહિત છું. મારામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. સિદ્ધ સમાન સદા પદ મેરો. મારું સ્વરૂપ તો શુદ્ધ જેવા સિદ્ધ ભગવાન છે એવો જ મારી શક્તિરૂપે હું સિદ્ધ જ છું. એવી દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું, એમાં સ્થિર થવું એ સુખનું કારણ છે. બાકી કોઈ સુખનું કારણ ત્રણકાળ ત્રણલોકમાં નથી. પુણ્ય-પાપના ભાવ કરવા પણ દુઃખરૂપ છે, એમ અહીંયા તો કહે છે. સમજાય છે કાંઈ? 'બાબુભાઈ'!

મુમુક્ષુ :– ... સંપત્તિ છોડવાનો..

ઉત્તર :– એ સંપત્તિ એટલે આ ધૂળની સંપત્તિ. પુણ્ય-પાપથી મળે ઇ. દૃષ્ટિ છોડી દે. સંપત્તિ છોડવાનો અર્થ શું? બહારની સંપત્તિ છોડે અને અંદરથી એની મમતા ન છોડે તો શું છોડ્યું? બહારની સંપદા ખરેખર છૂટી ક્યારે કહેવાય? પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનમાં એની તુચ્છતા જણાય. પરમાં સુખ નથી. તુચ્છતા જણાતા તેની મમતા ચાલી જાય છે અને સ્વરૂપની સમતા આવે ત્યારે તેને છોડી એમ કહેવામાં આવી છે. મમતા છોડ્યા વિના શું છોડ્યું? બહારથી તો અનંતવાર છોડી. એ નથી કહેતા. એ તો પૂર્વના કર્મના કારણે છૂટી ગઈ. તારે કારણે નહિ. તારો તો અંતર આનંદ (છે).

મારી લક્ષ્મીનો હું સ્વામી ચૈતન્યરૂપ છું. મારામાં તો કેવળજ્ઞાન ભર્યું છે, અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એમ દેડકો હોય તો પણ પોતાનું સમ્યગ્દર્શન–શ્રદ્ધા કરે છે તો સુખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નરકમાં પણ નારકી પોતાનો આનંદ, સમકિત કરે છે તો સુખી છે. સમજાય છે કાંઈ? અને બહારની લક્ષ્મી, ચક્રવર્તીનું રાજ, ૯૬ હજાર સ્ત્રી બધું દુઃખનું કારણ છે. સમજાય છે કાંઈ? સુખનું કારણ નથી. પરદ્રવ્ય સુખનું કારણ હોય? મૂઢ અજ્ઞાની અનાદિથી માને છે કે અનુકૂળ હોય તો ઠીક છે, પ્રતિકૂળતા આવે તો અઠીક છે. એ માન્યતામાં મિથ્યાત્વ પડ્યું છે. ભ્રમ પડ્યો છે, ભ્રમ.

**'જૈસે દૂસરે લોગ વિપત્તિયોંકે શિકાર હોતે હૈં,...'** વિપત્તિમાં આવી જાય છે એમ હું પણ વિપત્તિમાં આવી જઈશ, એવો વિચાર અજ્ઞાની કરતો નથી. હમણા તો શરીર ઠીક છે. મારી સ્ત્રી બહુ અનુકૂળ છે, મારો પુત્ર બહુ અનુકૂળ છે. બીજાના ભલે હશે. મૂઢ છો. એ તો પરચીજ છે. અનુકૂળ-પ્રતિકૂળ માનવું એ જ મૂઢ મિથ્યાદૃષ્ટિની વાત છે. પર ચીજ અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ. એ તો જાણવાની વસ્તુ છે. સ્ત્રી, કુટુંબ છે ક્યાં તારા? તારો તો આત્મા છે. શરીર તારું નહિ, પુણ્ય-પાપ ભાવ ઉત્પન્ન થાય છે એ પણ તારા નહિ. એ પણ રાગ છે, વિકાર છે. બાયડી, છોકરા, કુટુંબ તારા ક્યાંથી થયા? એમ અહીં તો કહે છે. સમજાય છે કાંઈ?

**'ઇસ વનમેં લગી હુઈ યહ આગ ઇસ વૃક્ષકો ઔર મુજે ભી જલા દેગી.'** બીજાને બાળે છે તો હું પણ વનમાં વૃક્ષ ઉપર છું, મને પણ બાળી નાખશે. **'જૈસે જ્વાલાનલકી જ્વાલાઓંસે...'** જ્વાલાનલકી જ્વાલાસે–અગ્નિથી. **'જહાં અનેક મૃગગણ ઝુલસ રહે હૈં...'** બળી રહ્યા છે. **'ઉસી વનકે મધ્યમેં...'** જુઓ! હું પણ વનમાં–સંયોગ-વિયોગની મધ્યમાં પડ્યો છું, એમ કહે છે. આહાહા..! **'વનકે મધ્યમેં મૌજૂદ વૃક્ષકે ઉપર ચઢા હુઆ આદમી યહ જાતના હૈ કિ યે તમામ મૃગગણ હી ઘબરા રહે હૈં–છટપટા રહે હૈં, એવં મરતે જા રહે હૈં,...'** એ મરે છે. **'ઇસ વિપત્તિયોંકા મુજસે કોઈ સંબંધ નહીં હૈ,...'** મૂઢ એમ માને છે. પણ એ સંયોગી ચીજ છે, ભાઈ! એ નાશવાન છે, ક્ષણમાં નાશ થઈ જશે. સંધ્યાના રંગ જેવી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ઝાડ ઉપર ચડેલા માણસની મૂર્ખાઈ તો ખ્યાલમાં આવે છે.

ઉત્તર :– આ મૂઢને ખ્યાલમાં નથી આવતી. કેમ કે અંદર આત્મા આનંદ ને શુદ્ધ છે એનું માહાત્મ્ય અને પ્રતીતિ આવતી નથી. ધર્મી નામ ધરાવીને પણ પોતાનો શુદ્ધ આનંદ મારામાં છે એવી પ્રતીતિ આવતી નથી તો એને ધર્મ યથાર્થ થતો નથી. ધર્મ શું બહારથી થાય છે? સમજાય છે કાંઈ? મારી શાંતિનો સાગર, આનંદનો સાગર હું આત્મા છું. એવી અંતર શ્રદ્ધા, વિશ્વાસ કર્યા વિના પોતામાં સુખ ને શાંતિનો ધર્મ કદી થતો નથી. પુણ્ય-પાપના પરિણામમાં પણ ધર્મ નથી, બહારની ક્રિયામાં તો ધર્મ છે જ નહિ. સંયોગમાં સુખ-દુઃખ માનનારા, સંયોગ તો પ્રતિકૂળ આવે ને અનુકૂળ આવે, એમ તો ચાલ્યા જ કરે છે, ભરતી-ઓટ (આવ્યા જ કરે). શું કહેવાય છે? ચડતી-પડતી છાંયા. શું કહેવાય છે હિન્દીમાં? ચલતી-ફિરતી છાંયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છાંયા હોય છે ને? છાંયા, આવે છે, જાય છે, આવે છે, જાય છે, એમાં શું છે? એમ સંયોગી ચીજ તો આવે છે ને જાય છે. એની મુદ્દતથી આવે અને એની મુદ્દતે ચાલી જાય. તારામાં એ વસ્તુ ક્યાં છે કે તું એનું રક્ષણ કરી શકે ને રાખી શકે? ઓહોહો..!

**'મૈં તો સુરક્ષિત હૂં.'** એમ અજ્ઞાની માને છે. **'વિપત્તિયોંકા સંબંધ દૂસરોંકી સંપત્તિયોંસે હૈ, મેરી સંપત્તિઓંસે નહીં હૈ.'** બરાબર મારા છોકરા, મારા પૈસા બરાબર છે. એક ટકાનું વ્યાજ આવે એવા ઠેકાણે મેં રાખી છે. મારી લક્ષ્મી એમ ન જાય. આહાહા..! એમ મૂઢ માને.

મુમુક્ષુ :– આખી જિંદગીમાં બન્યું હોય...

ઉત્તર :– અરે..! ધૂળ પણ બને નહિ, એકદમ ચાલ્યું જાય. કેટલાય જોયા છે ન્યાં. સંયોગમાં સુખ માનનારા મૂઢ છે એમ અહીંયા બતાવવું છે. સ્વભાવમાં સુખ છે એમ નહિ માનીને સંયોગમાં સુખ છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અને સંયોગના વિયોગમાં દુઃખ છે, એ પણ મૂઢ માને છે. પરને કારણે ક્યાં દુઃખ છે? દુઃખ તો પોતાના આત્માના આનંદની દૃષ્ટિ છોડીને પરમાં સુખ-દુઃખની માન્યતા કરવી એ મિથ્યાત્વભાવ જ દુઃખ છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવ દુઃખ છે અને સમ્યગ્દર્શન એ સુખ છે. બેના વિવેક વિના બીજાના દુઃખ જુએ છે પણ પોતાને આપત્તિ આવી પડશે, એમ જોતો નથી. કેમ કે બહારમાં આપત્તિ-સંપત્તિ આવવાવાળી છે એનો સંયોગ-વિયોગ તો છે જ. એમ અહીં તો કહે છે. તારો સ્વભાવ કદી ચાલ્યો જશે નહિ. તારી વસ્તુ તારી પાસે છે. એની દૃષ્ટિ અને જ્ઞાન કર્યા વિના સંયોગ-વિયોગમાં આપદા-વિપદા માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

**પરકી વિપદા દેખતા, અપની દેખે નાહિં,**
**જલતે પશુ જા વન વિષૈં, જડ તરુપર ઠહારહિં. ૧૪.**

ઝાડ ઉપર બેઠો છે કે ઓહો..! આપણે કાંઈ (નથી). પણ મરી જઈશ હમણા. હમણા અગ્નિ આવતા બળી જઈશ. ચોરને પકડ્યો, સરકારે આને પકડ્યો, આને કેદમાં નાખ્યો, હમણા આ થયું... એમ નથી સાંભળતા? પણ તું પણ કાળાબજાર આદિ કરે છે તે ખુલ્લું થઈ જશે તો તું પણ પકડાઈ જઈશ. એ વિચાર કરતો નથી.

મુમુક્ષુ :– કરવું શું?

ઉત્તર :– કરવું આત્માની શ્રદ્ધા. હું આનંદસ્વરૂપ છું એમ દૃષ્ટિ કરવી. પોતાનો સ્વભાવ પોતાથી કદી છૂટી જાતો નથી. સંયોગ વિયોગ તો ચાલ્યા જાય છે, એ તો હરતીફરતી છાંયા છે. પોતાનો આત્મા જ્ઞાનનો સૂર્ય ચૈતન્યમૂર્તિ છે. જ્ઞાનતેજ, આનંદતેજ છે. એમ અંતર દૃષ્ટિ કરવી. મારામાં સુખ છે, પુણ્ય-પાપમાં અને પરમાં ક્યાંય સુખ છે નહિ. એવી દૃષ્ટિ કરવી એ જ આનંદનો અને સુખનો ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? 'બાબુભાઈ'! કેમ હશે? પૈસાવાળાને ઘણું આવે ને જાય, આવે ને જાય. થયા કરે. એ ચૌદમી ગાથા થઈ. પછી પંદરમી પૂછે છે, હોં!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



फिर भी शिष्यका कहना है कि हे भगवन्! क्या कारण है कि लोगोंको निकट आई हुई भी विपत्तियाँ दिखाई नहीं देती? आचार्य जवाब देते हैं- `लोभात्' लोभके कारण, हे वत्स! धनादिककी गृद्धता-आसक्तिसे धनी लोग सामने आई हुई भी विपत्तिको नहीं देखते हैं, कारण कि-

आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं, कालस्य निर्गमम्।
वाञ्छतां धनिनामिष्टं, जीवितात्सुतरां धनम्।।१५।।

अर्थ :- कालका व्यतीत होना, आयुके क्षयका कारण है और कालान्तरके माफिक ब्याजके बढ़नेका कारण है, ऐसे कालके व्यतीत होनेको जो चाहते हैं, उन्हें समझना चाहिये कि अपने जीवनसे धन ज्यादा इष्ट है।

विशदार्थ :- मतलब यह है कि धनियोंको अपना जीवन उतना इष्ट नहीं, जितना कि धन। धनी चाहता है कि जितना काल बीत जायगा, उतनी ही ब्याजकी आमदनी बढ़ जायगी। वह यह ख्याल नहीं करता कि जितना काल बीत जायगा उतनी ही मेरी आयु (जीवन) घट जायगी। वह धनवृद्धिके ख्यालमें जीवन (आयु) विनाशकी ओर तनिक भी लक्ष्य नहीं देता। इसलिये मालूम होता है कि धनियोंको जीवन (प्राणों) की अपेक्षा धन ज्यादा अच्छा लगता है। इस प्रकारके व्यामोहका कारण होनेसे धनको धिक्कार है।।१५।।

दोहा - आयु क्षय धनवृद्धि को, कारण काल प्रमान।
चाहत हैं धनवान धन, प्राणनिते अधिकान।।१५।।

---

**'ફિર ભી શિષ્યકા કહના હૈ કિ હે ભગવન !'** શિષ્ય ગુરુને પૂછે છે. દિગંબર સંત 'પૂજ્યપાદસ્વામી' વગેરે. એવો તર્ક ઉઠાવ્યો છે. **'ક્યા કારણ હૈ કિ લોગોંકો નિકટ આઈ હુઈ ભી વિપત્તિયાં દિખાઈ નહીં દેતી?'** છે શું આ? આ સંયોગ છે, વિયોગ થઈ જશે. એમ કેમ નથી જોતા? **'આચાર્ય જવાબ દેતે હૈં–' 'લોભાત્'. 'લોભકે કારણ,...'** એને લોભ, એવી ગૃદ્ધિ લાગી છે કે મારું આયુષ્ય ભલે ક્ષય થાય પણ લક્ષ્મીની તો વૃદ્ધિ થાય છે ને! મારું આયુષ્ય ભલે ક્ષય થાય, દીકરા તો મોટા થાય છે ને! એ વૃદ્ધિ થાય છે ને! મોટા થાય છે. એ તો વૃદ્ધિ થાય છે ને! મારું આયુષ્ય ભલે ઘટી જાય, હું મરણ સમીપ થઈ જાઉં, સ્ત્રી-પુત્ર તો વધે છે ને! મૂઢ એમ જોવે છે. સમજાય છે કાંઈ? મારું આયુષ્ય ભલે ક્ષય થઈ જાય, મૃત્યુની તૈયારી થઈ ગઈ પણ એ બધું તો વધી ગયું ને! લક્ષ્મી વધી, આબરૂ વધી, દીકરા, પૈસા થયા, દીકરાના દીકરા ને એના દીકરા ત્રણ-ત્રણ, ચાર-ચાર પેઢી હું જોઉં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું. વધ્યું કે નહિ? પણ શું વધ્યું?

મુમુક્ષુ :– હુંફ લઈને મરે ને!

ઉત્તર :– હુંફ લઈને મરે. મમતાની મિથ્યાદૃષ્ટિની હુંફ લઈને મરે. હજી કહેશે, હોં!

હે શિષ્ય **'ધનાદિકકી ગૃદ્ધતા...'** લક્ષ્મીની ગૃદ્ધતા. આત્માની રુચિ નથી. આહાહા..! સ્ત્રી, કુટુંબની ગૃદ્ધતા. આ મારા, આ મારા, આ મારા.. આ મારા.. ગૃદ્ધતા. **'આસક્તિસે ધની લોગ સામને આઈ હુઈ ભી વિપત્તિ કો નહીં દેખતે હૈં,...'** કેમ? જુઓ!

**आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं, कालस्य निर्गमम्।**
**वाञ्छतां धनिनामिष्टं, जीवितात्सुतरां धनम्।।१५।।**

**અર્થ :– 'કાલ કા વ્યતીત હોના,...'** કાળ ચાલ્યો જાય છે. આ મનુષ્યદેહનો એક એક સમય ચાલ્યો જાય છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે તેટલું રહેશે. એમાં એક સમય વધશે નહિ. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર આવે તો પણ જે આયુષ્યનો સમય છે તેમાં વધારો થતો નથી. જેટલું પચાસ-સાંઈઠ વર્ષ લઈને આવ્યો છે તેમાંથી આયુષ્ય ઘટતું જાય છે. **'આયુકે ક્ષય કા કારણ હૈ ઔર કાલાન્તરકે માફિક વ્યાજકે બઢનેકા કારણ હૈ,...'** શું કહે છે? મારો કાળ ભલે ઓછો હોય પણ આ તો વધે છે ને! એ વ્યાજ એટલે પૈસા વધે છે, બાયડી વધે છે, કુટુંબ બધું વધે છે કે નહિ? સમજાય છે કાંઈ? એ તો વધે છે કે નહિ? કેટલા થયા? હું એક અમારું કુટુંબ સો. સો માણસ. ઓહોહો..! પણ શું વધ્યું એમાં? મરી ગયો. 'લક્ષ્મી અને અધિકાર વધતા..' આવે છે કે નહિ? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો. એક પળ પણ તમને હવો.' 'શ્રીમદ્ રાજચંદ્ર' ભાઈ! 'શ્રીમદ્ રાજચંદ્ર' થઈ ગયા ને? સોળ વર્ષે બનાવ્યું, હોં! સોળ વર્ષે! સોળ વર્ષની ઉંમર. આ 'શ્રીમદ્ રાજચંદ્ર'. આ ફોટો છે ને? ફોટો. એ સોળ વર્ષની ઉંમરનો ફોટો છે. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સાત વર્ષે જાતિસ્મરણજ્ઞાન થયું હતું. સાત વર્ષે જાતિસ્મરણ–પૂર્વ ભવનું ભાન હતું. દશાશ્રીમાળી વાણિયા હતા. 'વવાણિયા'. હમણા ૧૯૫૭ની સાલમાં દેહ છૂટી ગયો. સોળ વર્ષે મોક્ષમાળા બનાવી. સોળ વર્ષ. દસ અને છ. એમાં આ શ્લોક બનાવ્યો. અરે..! પ્રભુ! કહે છે કે આત્મા! તને લક્ષ્મી વધી તો શું વધ્યું? આબરૂ વધી તો શું વધ્યું? કુટુંબ વધ્યું તો શું વધ્યું? 'શું વધ્યું તે તો કહો' શું, એ અમારી ગુજરાતી ભાષા છે. ક્યા બઢા, એ તમારી ભાષા.

'કુટુંબ કે પરિવારથી..' કુટુંબ વધ્યું. પચાસ, સો માણસ, બસ્સો માણસ થયા. ઓહો..! સમજાય છે કાંઈ? લક્ષ્મી પચાસ લાખ, કરોડ, પાંચ કરોડ, દસ કરોડ. આબરૂ, દીકરા મોટા યોદ્ધા જેવા છ–છ હાથના લાંબા. સમજાય છે? ગોરા જેવા. અને પાંચ-પાંચ લાખની પેદાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરનારા. તારે શું વધ્યું? વધ્યું શું? 'વધવાપણું સંસારનું..' એ તો તારો સંસાર વધ્યો. 'નરદેહને હારી જવો' આ તો ઇ કહે છે, હોં! પેલો કહે છે કે મારો કાળ ભલે ક્ષય થયો પણ આ તો વધે છે ને! એમ કહે છે, ભાઈ! મારો કાળ ઓછો થયો પણ આ વધ્યું કે નહિ? દીકરા કોના? મારા દીકરા, મારી બાયડી કેવી હોંશિયાર! છોડ્યું પરણાવી, લગ્ન કર્યાં. કેટલી છોડ્યું? પાંચ છોડ્યું, એક એક ને ભણાવી. કોઈ એલ.એલ.બી.ને કોઈ એમ.એ.ને કોઈ આ ને કોઈ આ. 'બાબુભાઈ'! આ બધું એક જણો કહેતો હતો. અમારી દીકરી આવી. પણ કેટલું તમારે કહેવું છે? અમારી દીકરી એલએલબી ભણી છે. શું છે પણ હવે? દીકરી ક્યાં તારી હતી? એ ભણી એમાં તારે શું વધ્યું? અમારી દીકરી એલએલબી, એમ.એ. પાસ થઈ, ડૉકટરમાં પાસ થઈ, ફલાણું છે ને ઢીકણું છે ને વિલાયત ગઈ ને જર્મનમાં આમ છે ને ફલાણું છે, ન્યાં નોકરી પણ કરે છે ને ભણે પણ છે. મહિને બે હજારનો પગાર પણ છે. હેં.. ઓહોહો...! હોંશ તે કેટલી કરે! શેની હોંશ તું કરે છે? એ તો પરપદાર્થ છે.

મુમુક્ષુ :– દુઃખી થવાની વાત છે.

ઉત્તર :– દુઃખ થવાના રસ્તામાં સુખ માને છે એ મૂઢ, વિવેક વિનાનો છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! કહેશે, હોં!

**'જિતના કાલ બીત જાયેગા, ઉતની હી બ્યાજ કી આમદની બઢ જાયેગી.'** વ્યાજ એટલે પેલું વધે છે એમ કહેવું છે. વ્યાજ તો લક્ષ્મી છે. પણ જેમ જેમ પોતાનું આયુષ્ય જાય છે, દીકરાનું આયુષ્ય વધે છે કે નહિ? વ્યાજ એટલે વધે છે કે નહિ? પૈસા વધે, છોકરા વધે, લક્ષ્મી વધે, આમ બધું વધે છે ને? ઇ વ્યાજ. સમજ્યા? પેલું શું કહે છે? ડોસીનું કાંઈક નથી આવતું? છોકરો હોય તો આયુષ્ય વધે ને પેલો કહે આયુષ્ય ઘટે.

મુમુક્ષુ :– મા કહે, મારો દીકરો મોટો થાય, આયુષ્યમાંથી ઓછો થાય.

ઉત્તર :– મોટો થાય, આયુષ્યમાંથી ઓછો થાય. હા, એવી વાત આવે છે. મૂળ તો અહીં ઇ વાત કહે છે. અજ્ઞાની પોતાના દેહનું જેટલું આયુષ્ય લઈને આવ્યો છે એ આયુષ્ય ઘટતું જાય છે. પણ એની દૃષ્ટિ એની ઉપર નથી. આ વધે છે ને! આ વધ્યું ને! શરીર મારું સારુ થયું ને! મોટું થયું ને! દીકરા થયા ને! પાંચ દીકરા, દીકરાના દીકરા, એના દીકરા, એની દીકરી ને ક્યાં સગપણ.. ઓહોહો..! બધા યાદ કેટલું કરશે આપણને? સમજાય છે કાંઈ?

કહે છે કે, કાળાંતરે વ્યાજ વધે તેમ.. વ્યાજ શબ્દે પેલી વૃદ્ધિ. લક્ષ્મીની વૃદ્ધિ, કુટુંબની વૃદ્ધિ, દીકરાની વૃદ્ધિ, એ બધું વ્યાજ વધ્યું કહેવાય ને? એમ **'કાલકે વ્યતીત હોનેકો જો ચાહતે હૈં,...'** જુઓ! પોતાનો કાળ જાય એને ચાહે, ભલે કાળ જાઓ. **'ઉન્હેં સમજના ચાહિયે કિ અપને જીવનમેં ધન જ્યાદા ઇષ્ટ હૈ.'** તેના આયુષ્ય કરતા પણ લક્ષ્મી, સ્ત્રી વધારે છે. ભલે આયુષ્ય જાય પણ આ તો વધે છે કે નહિ? મૂઢ જીવ મરીને જશે ક્યાં? ચાર ગતિમાં રખડવા. ઓહોહો..! બે, પાંચ, દસ લાખ રૂપિયા થાય, પૈસા મળે, ઘણી આબરૂ. કમાયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અમે તો ધ્યાન રાખીને કમાયા. ધૂળમાં પણ તારું ધ્યાન નથી. જુઓ!

**'જીવનસે ધન જ્યાદા ઈષ્ટ હૈ.'** ધન શબ્દે બધું, હોં! જીવનથી પુત્ર વ્હાલો. પોતાના શરીરમાં દુઃખ હોય પણ જો પુત્ર પર પ્રેમ હોય અને એને જો જરી તાવ આવ્યો હોય, પાંચ ડિગ્રીનો તાવ હોય તો એની સંભાળમાં જાય. ભાઈ.. ભાઈ! તને કેમ છે? ભાઈ! તને કેમ છે? પોતાના જીવનથી પણ એ વધારે વ્હાલો છે. બાયડીનો પ્રેમ હોય તો એમ કહે, તમને કેમ છે? મને તો ભલે ગમે ઇ હોય પણ તમને કેમ છે? આવા ને આવા હોળી સળગાવે. એમ કહે છે કે આ આત્માની નિરોગતા અને ચૈતન્યનો જેને વિવેક નથી, એને બાહ્ય વસ્તુમાં એટલો પ્રેમ છે કે પોતાનું આયુષ્ય ચાલ્યું જાય છે એની દરકાર નથી. એ વધે ને તો ઠીક છે, એમ મૂઢે માની રાખ્યું છે. આહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– એમ હોય છે ને! હા, હા. છોકરા બહુ પ્રેમ હોય તો એમ કહે, તને કેમ છે? બાપા! બાપા! તમને કાલે પાંચ તાવ હતો ને? ભાઈ! મને તો ગમે તે હો, પણ તને કેમ છે? ભાઈ! ઓહોહો..! શું છે પણ આ? 'જેચંદભાઈ'!

મુમુક્ષુ :– સાચી વાત છે.

ઉત્તર :– બાપા કહે, તને કેમ છે? ભલે મારો ટાંગો ન ચાલે. તને કેમ છે? ભાઈ! બાપુ! મને સારું છે, હોં! તમે ચિંતા કરશો નહિ. પણ એવું સાંભળ્યું છે કે તને બરાબર સરખાઈ નહોતી, તને ત્રણ દિ' તાવ આવ્યો, સાંભળ્યું છે. મને વાંધો નથી, વાંધો નથી. મૂઢ! આ આયુષ્યની સ્થિતિ ચાલી જાય છે એની તો દરકાર નથી અને લક્ષ્મી આદિના પ્રેમમાં જીવન ચાલ્યું જાય છે. પાણીના રેલાની જેમ રેલો ચાલ્યો જાય છે. તને તારા આત્માની દરકાર નથી, એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**વિશદાર્થ :– 'મતલબ યહ હૈ કિ ઇન ધનિયોંકો આપના જીવન ઉતના ઈષ્ટ નહીં, જિતના કિ ધન.'** જુઓ! ધન શબ્દે લક્ષ્મી, દીકરા, દીકરી બધું. **'ધની ચાહતા હૈ કિ જિતના કાલ બીત જાયેગા, ઉતની હી બ્યાજ કી આમદની બઢ જાયેગી.'** જેટલો કાળ જશે એમાં પૈસા વધશે, પુત્ર વધશે, બધું વધશે ને! વધશે ને! પણ ચાલ્યો જઈશ, આ આયુષ્ય પૂરું કરીને મરીને જાઈશ ક્યાંક. એની તો તને દરકાર છે નહિ. સમજાય છે કાંઈ? **'જિતના કાલ બીત જાયેગા, ઉતની હી બ્યાજકી આમદની બઢ જાયેગી.'** લક્ષ્મી વધી જશે, પુત્ર વધશે, પગાર વધશે, પણ આ તારું આયુષ્ય ચાલ્યું જાય છે, મરી જઈશ હવે. આ આત્માનું શું કરવું એની તો તને દરકાર નથી.

**'વહ યહ ખ્યાલ નહીં કરતા કિ જિતના કાલ બીત જાયેગા ઉતની હી મેરી આયુ (જીવન) ઘટ જાયેગી.'** તું કહે છે, વધી ગયો. વ્યાજ ને દીકરા. અહીં કહે છે, આયુષ્ય ઘટી ગયું. બેના જોવામાં ફેર છે, એમ કહે છે. આહાહા..! બરાબર છે? અહીં આયુષ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેટલું ઘટી ગયું એમાં એક સમય વધવાનો નથી. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે, પચાસ, સાંઈઠ, સીત્તેર, એંસી એ એક સમય વધશે નહિ. મૃત્યુની સમીપ જાય છે. તો આ કહે છે કે હું વધું છું. ભગવાન કહે છે કે તારું આયુષ્ય ઘટે છે. સ્થિતિ ઘટી ગઈ, શું વધ્યો તું? આત્માની દૃષ્ટિ કરી નહિ. એની ચિંતા નથી, આત્માની ચિંતા નથી. આ છોકરાની ચિંતા છે.

આ દૃષ્ટિની વાત કરે છે. વાત તો એ કરે છે કે તને મનુષ્યપણું મળ્યું એમાં આત્માનો ધર્મ, શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો, આત્માની શાંતિનું વેદન કરવું, આત્માના દર્શન, શ્રદ્ધા, જ્ઞાન કરવા માટે મનુષ્યપણું મળ્યું છે. એ તો તું કરતો નથી અને બહારની વસ્તુની વૃદ્ધિમાં તારું આયુષ્ય ચાલ્યું જાય છે તો પણ એ વધે છે એમ તું માને છો. આયુષ્ય ચાલ્યું જાય છે, ઘટે છે અને બહારમાં આ વધે છે એમ તું માને છો. તારી દૃષ્ટિ કેવી છે? કહો, બરાબર હશે ને? 'ફાવાભાઈ'! બધે લાગુ પડે એવું છે કે નહિ? બધે, મેં કીધું, હોં! એક ઠેકાણે ક્યાં કીધું?

મુમુક્ષુ :– જોવા તો આવવું નથી.

ઉત્તર :– જોવા આવવું નથી પણ અહીંયા આંખમાં તરપટી કરી જાય ને! આ..હા..! દીકરા ખુશી, દીકરાના દીકરા ખુશી, પચાસ-પચાસ હજાર પેદા કરે. એક એક છોકરો મહિને પચાસ-પચાસ હજાર પેદા કરે, એવા છ દીકરા છે. ત્રણ લાખની પેદાશ, બાર મહિને છત્રીસ લાખ. મરીને પણ તું ક્યાં જઈશ? ત્યાં સાથે કોઈ નથી આવવાનું. મમતા લઈને ચાલ્યો જઈશ. મમતા લઈને ચાલ્યો જઈશ. મનુષ્યપણું અનંતકાળે માંડ મળ્યું છે. એવી મનુષ્યપણાની સામગ્રીમાં તારા આત્માનું હિત કરવું એ તો તેં કર્યું નહિ. અને અહીંયા તૃષ્ણામાં રહ્યો. સમજાય છે કાંઈ? રાંકની જેમ રોઈશ. અરે..! કોઈ નથી, મેં આટલું આટલું (કર્યું), મને કોઈ સાથ નથી. એવું આવે છે, હોં! ભાઈ! આમાં બહુ આવે છે. નરકની વાત. 'જ્ઞાનાર્ણવ'.

અરે..! મેં પાપ કર્યા ત્યારે બધા કુટુંબ-કબીલા હતા. કોઈ મારી સાથે નહિ? અરે..! મેં આટલા માટે મમતા કરી, મારો કાળ ગુમાવ્યો, એ કુટુંબ ક્યાં ગયું? આ દુઃખ મારાથી સહન નથી થતું. નરકમાં પીડા ભોગવે છે. પાપ કરીને નરકમાં જાય છે. અરે..રે..! ક્યાં ગયું કુટુંબ? ભાઈઓ ક્યાં ગયા? પત્ની ક્યાં ગઈ? મેં આટલા પાપ કર્યા, એનું ફળ મારે એકલાએ ભોગવવાનું? બધા ક્યાં ચાલ્યા ગયા? મને કોઈ સાથ નહિ? ક્યાં રહીશ? કેટલો કાળ હું રહીશ? આ શું વસ્તુ છે? નરકની વેદના જોઈને એટલો ત્રાસ લાગે છે. ભગવાન જાણે ને દુઃખો વેદે. કેવળી જાણે કે કેટલું દુઃખ નરકમાં છે. એની દરકાર કરતો નથી. આ મારો દીકરો ને આ મારા, એમ કરીને આયુષ્યનો બધો કાળ એમાં ગુમાવે છે, એમ કહે છે. તારા આત્માની દરકાર કર, ભાઈ! એ તો જે થવાનું હશે તે થશે. પૂર્વના પુણ્ય-પાપના કારણે થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તારો આત્મા અખંડ આનંદ (સ્વરૂપ છે). એક ક્ષણ પણ એની ઉપર નજર કરવાથી જે શાંતિ મળે એવી શાંતિ ત્રણકાળમાં બીજે નથી. આહાહા..! ત્યાં એની કિંમત નથી, એની કિંમત બહારમાં છે. વિવેકભ્રષ્ટ થઈ ગયો, કહે છે. તારો વિવેક નાશ થઈ ગયો છે. એ કહે છે ને? જુઓ! **'મેરી આયુ (જીવન) ઘટ જાયેગી. વહ ધનવૃદ્ધિકે ખ્યાલમેં જીવન (આયુ) વિનાશકી ઓર તનિક ભી લક્ષ્ય નહીં દેતા.'** ધ્યાન પણ આપતો નથી કે આ ચાલ્યું જાય છે, સમય સમય ચાલ્યો જાય, મરીને તારે ક્યાં જવું છે? સમજાય છે કાંઈ? કોઈ સાથે નહિ આવે. છેલ્લે બોલશે, બાપા! અમે કહ્યું હતું તમે હવે નિવૃત્તિ લ્યો. પણ ભડના દીકરાએ નિવૃત્તિ લીધી નહિ. બાપા! હવે તમે નિવૃત્તિ લ્યો. હવે કાંઈ કરવું રહેવા દ્યો. ના પણ ભાઈ! થોડું થોડું તો ધ્યાન રાખવા દ્યો મને. દુકાનનું થોડું થોડું ધ્યાન રાખવું ને! 'પોપટભાઈ'! એ છએ છોકરા અંદરમાં કહેતા હોય, હવે બાપા મુકી દ્યે તો સારું, અમે સ્વતંત્ર તો થઈએ. પણ બધે થોડું થોડું ધ્યાન રાખે. થોડો થોડો સૌને ડર રહ્યા કરે. બાપા આવશે ને કાંઈ પૂછશે તો? કહો, બરાબર છે? 'બાબુભાઈ'! આહાહા..!

**'ઇસલિયે માલૂમ હોતા હૈ કિ ધનિયોંકો જીવન (પ્રાણોં)કી અપેક્ષા ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** એને અગિયારમો પ્રાણ કહે છે ને? ધન તો પ્રાણ છે. ધન જાય તો પ્રાણ જાય, મરી જાય. સમજ્યા ને? ગરીબ તો મરી જાઉં. અરર...ર..! આ? હું ગરીબ? હું ગરીબ? મરી જાઉં. અરર..ર...! કેટલી તૃષ્ણા અંદરમાં પડી છે! એય...! હજી તો ગરીબ શબ્દ નામ સાંભળવો ગોઠતો નથી. એમ કહે છે. પણ આ મરીને ક્યાંક ચાલ્યો જઈશ એનું તો જો. એય..! આહાહા..!

**'ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** ભલે મરીને દુર્ગતિ જાઉં પણ હું ગરીબ ન કહેવડાવું. મારે તો લક્ષ્મીવાળા કહેવડાવવું છે. **'ઇસ પ્રકારકે વ્યામોહકા કારણ હોને સે ધન કો ધિક્કાર હૈ.'** આ કારણે લક્ષ્મી, કુટુંબ આદિને ધિક્કાર હો. આત્માના શ્રદ્ધા, જ્ઞાન વિના હું ચાલ્યો જાઉં, એ મનુષ્યજીવનનું ફળ નથી. મનુષ્યભવ અફળ ગયો, અફળ. એટલે કહે છે કે એવી લક્ષ્મીને ધિક્કાર હો. એ કુટુંબને, દીકરાને ધિક્કાર હો કે જેમાં પોતાનું આયુષ્ય ચાલ્યું જાય છે અને પરની મમતામાં ખોવાઈ ગયો. તો પોતાના સ્વભાવની દૃષ્ટિ કરવામાં પરની દરકાર છોડી દેવી, એમ કહે છે. કાલે શું થશે? થશે, જે થવાનું હશે તે થશે. પરનું આપણે શું કરીએ છીએ? મારો આત્મા શુદ્ધ આનંદ, એની દૃષ્ટિ કરી શકું છું, એમાં સ્થિર રહી શકું છું, એ મારો સ્વતંત્ર પુરુષાર્થ છે. એમાં કોઈની જરૂર નથી. એને માટે થઈને ઇષ્ટોપદેશ કહેવામાં આવ્યો છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૬, સોમવાર**
**તા. ૨૮-૦૩-૧૯૬૬**
**ગાથા-૧૫ થી ૧૭ પ્રવચન નં. ૧૩**

આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી'નો 'ઇષ્ટોપદેશ' છે. એમાં પંદરમી ગાથાનો છેલ્લો હિન્દી શ્લોક, પંદર ગાથા.

**दोहा - आयु क्षय धनवृद्धि को, कारण काल प्रमान।**
**चाहत हैं धनवान धन, प्राणनिते अधिकान।।१५।।**

કહે છે કે, લક્ષ્મીના અર્થીઓ આયુષ્ય ઘટતું જાય છે એમ નથી જાણતા પણ લક્ષ્મી આદિ વધે છે એના ઉપર એની નજર છે. સમજાણું? આવું મનુષ્યપણું એ ધર્મના સાધનને માટે જોઈએ એને ઠેકાણે એ લક્ષ્મી મેળવવા માટે આયુષ્યનો કાળ ઘટતો જાય ને એમાં લક્ષ્મી આદિ વધતી જાય છે, દિકરા વધતા જાય છે, કુટુંબ વધતું જાય છે, વ્યાજ વધતું જાય છે એવી એની મૂઢની દૃષ્ટિ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- એવી મૂઢની દૃષ્ટિ છે?

ઉત્તર :- મૂઢની દૃષ્ટિ છે. કહો, 'પોપટભાઈ!' આહાહા..! આ દેહમાં મનુષ્યપણું તો આત્મા પુણ્ય-પાપના વિકારના બંધન રહિત સ્વભાવ-સાધન માટે મનુષ્ય દેહ છે. સ્વભાવ-સાધન, બંધન સાધન માટે આ મનુષ્ય દેહ નથી. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને અંતર્મુખમાં બંધનના ભાવ રહિત રુચિ, શ્રદ્ધા, જ્ઞાનથી આત્માનું સાધન કરવું, એ કલ્યાણનો રસ્તો છે એને માટે આ મનુષ્યદેહ છે. એને ઠેકાણે અજ્ઞાની પૈસા કમાવામાં એમ માને છે કે પૈસા વધ્યા અમારે. પણ આયુષ્ય ઘટી જાય છે ને આ કાળ ચાલ્યો જાય છે એવી એને ખબર નથી.

મુમુક્ષુ :- નુકસાન થાય છે કે લાભ થાય છે?

ઉત્તર :- મોટું નુકશાન, હવે આને કેટલું નુકશાન કહેવું? ઇ તો એમ માને છે કે આપણે વધ્યા છીએ. પહેલા નાના હતા ત્યારે આવું નહોતું. આ પૈસે વધ્યા, કુટુંબે વધ્યા, આબરૂએ વધ્યા, લક્ષ્મીએ વધ્યા, મકાને વધ્યા, શામ, ધામ ને ઠામ. 'પોપટભાઈ'! એમ વધ્યા. અહીં આચાર્ય કહે છે, પણ તારું આયુષ્ય ઘટ્યું. ધર્મ તો ઠીક એકકોર રહ્યો. જે મનુષ્યનું આયુષ્ય લઈને આવ્યો છો, જેટલી સ્થિતિ (છે) એ ઘટતી જાય છે, ઘટતી જાય છે. આત્માના કલ્યાણ માટે જે પ્રયોગ કરવો જોઈએ એ તો તું કરતો નથી પણ આ વૃદ્ધિ દેખીને, આયુષ્ય ઘટે છે એ પણ તું જોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? બરાબર હશે કે નહિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'મલૂપચંદભાઈ'! શું .... થાય છે માણસને, આપણે દિકરા વધ્યા, આપણે કાંઈ હતું? બાપ પાસે એટલી મૂડી નહોતી, તેમ છોકરા એવું નહોતું. આ બધું પૈસા વધ્યા, બાપ પાસે બે-પાંચ હજારની મૂડી, આપણી પાસે પાંચ લાખ, દસ લાખ, પચ્ચીસ લાખ (થઈ ગયા). છોકરા સારા, મકાનો કર્યાં, બે પાંચ લાખના મકાન, આબરૂ, કીર્તિ જામી. શું જામ્યું? ધૂળ, એમ કહે છે. ધર્મનું સાધન તો તેં કર્યું નહિ પણ આયુષ્ય જે પૂર્વે પુણ્યથી લઈને આવ્યો એ ઘટતું જાય અને આ વધતું જાય, એ તારી તે ગણતરી કઈ જાતની? એમ કહે છે. આહાહા..! એય..! એમ હોય ત્યાં 'નાગ્નેશ'માં પણ ઓળખતા હતા. કહો, સમજાણું કાંઈ ? 'મોહનભાઈ'!

પુણ્ય બાંધીને જે આયુષ્ય લઈને આવ્યો છે ઇ આયુષ્ય તો ઘટતું જાય છે. ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. તું કહે છે કે, આ વધતું જાય છે. પાપ કરીને આ બધું ભેગું થાય એમાં. તારી ગણતરી કઈ જાતની? ધર્મ તો એકકોર રહ્યો એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ધર્મ તો એક બાજુ રહ્યો.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય, ધર્માત્મા (કહે છે) અંતર સ્વરૂપના સાધન કરવાને માટે મનુષ્ય દેહ છે. આ ભવ ભવના અભાવ માટે ભવ છે. સમજાણું કાંઈ? એ ભવના અભાવ માટે કાંઈ કરતો નથી પણ પૂર્વનું પુણ્ય લઈને, જે આયુષ્ય લઈને આવ્યો પચાસ, સાંઈઠ, સીત્તેર, પોણોસો એ આયુષ્ય તો ઘટતું જાય છે અને તું કહે છો કે હું વધું છું. હવે આમાં તારી ગણતરી કઈ જાતની? અમે વધ્યા, પહેલું ક્યાં હતું? હમણાં દસ લાખ થયા, પચ્ચીસ લાખ થયા. 'મૂલપચંદભાઈ' જેવાના છોકરાને કરોડ, બે કરોડ થયા. ધૂળમાં પણ કાંઈ નથી થયા. એય..! 'હિંમતભાઈ'! શું છે આ ?

મુમુક્ષુ :– બન્ને દિકરા વધ્યા, 'મલૂકચંદભાઈ' ક્યાં વધ્યા?

ઉત્તર :– એમ મે ક્યાં કીધું? એના દિકરાની મેં વાત કરી. મેં એમ ક્યાં કહ્યું? 'મલૂકચંદભાઈ'ને કહ્યું નથી. કહો, સમજાણું કાંઈ? ઇ એમ માને કે, આપણે જુઓ ક્યાં હતા? બાપા પાસે કાંઈ નહોતું, ઓછું હતું, થોડા ઘણા હજાર (હતા). આપણે વધાર્યા, આપણી આબરૂ કેટલી વધી ચારે કોર! પણ આ પૂર્વના પુણ્ય લઈને, આયુષ્ય લઈને આવ્યો એ આયુષ્ય તો ઘટી ગયું. ધર્મ તો નથી થયો, ધર્મ તો કર્યો નથી તેં, આત્મા ને રાગ ને પુણ્ય-પાપથી રહિત આત્માની શ્રદ્ધા, આત્મા પુણ્ય-પાપના ભાવ રહિત છે એવી આત્માની શ્રદ્ધા એ ધર્મનું સાધન છે ઇ તો તેં કર્યું નહિ. પણ આ પૂર્વના પુણ્ય લઈને, આયુષ્ય લઈને આવ્યો એ આયુષ્ય પુણ્યનું ઘટતું જાય છે અને તું કહે છે કે, હું વધું છું. આમાં તારી ગણતરી કઈ જાતની? 'પોપટભાઈ'! આહાહા..! ગણતરી તારી અજ્ઞાનની. તને ગજ—માપ કરતાં આવડતાં નથી. કહો, 'જેચંદભાઈ'! બરાબર છે આ?

મુમુક્ષુ :– સાચી વાત છે.

ઉત્તર :– સાચી વાત છે ઇ કે, એ... 'મોહનભાઈ'! આહાહા..!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આયુ ક્ષય ધનવૃદ્ધિ કો, કારણ કાલ પ્રમાન'** તું તો એમ કહે છે કે, મારે વધ્યું બહારનું પણ આયુષ્યનો કાળ તો પ્રમાણ ઘટતું જાય છે અને અહીં તું કહે છે વધતું જાય છે પ્રમાણ મારે. આ તારો મેળ કઈ જાતનો? સમજાણું કાંઈ? આહાહા..! સાંઈઠ, સીત્તેર વર્ષ કે જે કંઈ લઈને આવ્યો હોય. સાંઈઠ સીત્તેર તો કેટલાકને હોય નહિતર તો કેટલાક મરી જાય છે બિચારા ત્રીસ, ચાલીસ, પચાસે ચાલ્યા જાય. કહો, સમજાણું? ઇ આયુષ્ય તો જેટલું પૂર્વના પુણ્ય હતા એટલું લઈને આવ્યો છે. ઇ આ પુણ્યને લઈને આયુષ્ય એટલું (છે). આયુષ્ય ઘટવા માંડ્યું. તું કહે કે હું વધવા માંડ્યો. હવે આમાં કરવું શું? પૂર્વના પુણ્ય પણ જે છે એ બળવા માંડ્યા, આયુષ્ય ઘટવા માંડ્યું અને પૂર્વના પુણ્ય જે આ પૈસા-બૈસા વધ્યા એ પુણ્ય પણ બળી ગયા. ઇ નોટ એટલી બળી ગઈ. તું કહે કે વધું છું. તારી ગણતરી કઈ જાતની? બરાબર છે ને? 'મલૂપચંદભાઈ'! બે પુણ્ય ઘટ્યા ને એક અહીં વધ્યું એમ તું માને છો. તારી ગણતરીમાં ફેર છે, કહે છે. આહાહા..! પૂર્વના પુણ્યથી આયુષ્ય મળ્યું એ આયુષ્ય ઘટતું જાય છે, પૂર્વના પુણ્ય હતા જે આ લક્ષ્મી અનુકૂળ બધી મળવી, એ પુણ્ય બાંધેલું હતું, એ ઘટી ગયું, એ બળી જાય છે. તું કહે છે કે, હું વધ્યો. અહીં તો બળ્યું ને ઘટ્યું. એમાં તારી ગણતરી કઈ જાતની છે આ? કહો, બરાબર છે? 'ફાવાભાઈ'!

**'ચાહત હૈં ધનવાન ધન,'** એ ધનવાન તો ધન ચાહે. ધન શબ્દે બધું. પુત્ર, દિકરા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ. દસ દસ છોકરા વરાવ્યા સરખા અને કેવા આમ સારે ઘરે. અમારી મૂડી પાસે તો પાંચ પાંચ, દસ દસ લાખ નહિ પણ પચાસ પચાસ લાખ, કરોડ, કરોડમાં વરાવ્યા છે. અને કાંઈ ફેર પાડે તો એના સાસરા પણ એને મદદ કરીને ઉભા રાખે એવું છે. એય..!

મુમુક્ષુ :– ઓથ છે.

ઉત્તર :– એને મોટી ઓથ છે. શેની પણ ઓથ? તારા આ પુણ્ય બળી ગયા શેની ઓથ તું માને છે? આયુષ્ય ઘટતું જાય, પૂર્વના પુણ્ય બળતા જાય. પુણ્ય બાંધેલા. આ વધે બહારની સામગ્રી મળે ને પુણ્ય બળતું જાય છે અંદરમાં અને તું કહે છે કે, હું વધ્યો છું. તારી આ જાતની કેવી ગણતરી છે? ધર્મનું સાધન તો કર્યું નહિ પણ પુણ્યના ઠેકાણામાં પણ તારા ઠેકાણા નથી. પાપ નવા બાંધે, પુણ્ય બળી જાય, આયુષ્ય ઘટતું જાય અને તું કહે છે વધ્યો. આ તારી કેવી ગણતરી? બરાબર 'જમુભાઈ'!

મુમુક્ષુ :– બહારની ...

ઉત્તર :– શું દેખાય છે? ધૂળ. ઇ કહેશે. દેખાય છે. સોજા દેખાય છે બધા સોજા.

**'પ્રાણનિતે અધિકાન'** સમજ્યા ને? **'ચાહત હૈં ધનવાન, પાણનિતે '** પ્રાણ વધારે છે એટલો પાઠ. કહો, એ શ્લોક પંદરમી ગાથાનો હતો. છેલ્લું હતું ને **'ધનિયોંકો જીવન કી અપેક્ષા ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** છે ને? પોતાના આયુષ્ય કરતાં પણ લક્ષ્મી, દિકરા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ પ્રિય લાગે. બાપુ! મને ભલે હોય. ભાઈ! પણ હવે લક્ષ્મી તું પેદા કરતો હોય ને તો બહુ સારું. તું લક્ષ્મી જો પેદા કરતો હોય તો મને સંતોષ છે. મૂઢ છે ને! મને ભલે રોગ હોય ને મને ભલે પ્રતિકૂળતા હોય પણ તું પેદા કરતો હોય અને તને ઠીક હોયને તો મને બહુ ઠીક છે. એમ માને છે કે નહિ? આહાહા..! પોતાના જીવનથી પણ **'ધનિયોંકો ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** બાયડી, કુટુંબ બહુ સારા લાગે છે કે આ ઠીક... આ ઠીક... આ ઠીક... એ વ્યામોહ છે. ઇ વ્યામોહ છે, તારી મૂઢતા છે. એવા વ્યામોહને ધિક્કાર હો. કહો, બરાબર હશે? 'મોહનભાઈ'! પૈસાવાળાને બધાને ઉભા કરીએને જરીક.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનાદિનું આવું ને આવું છે. આવી ને આવી મૂઢતા જ કરતો આવ્યો છે અનંતકાળથી. ધર્મ સાધન તો કર્યું નહિ પણ પુણ્ય લઈને આવ્યો એને એટલાપણે રાખ્યા નહિ અને પાપ વધાર્યા અને બહાર મળ્યું એ વૃદ્ધિમાં આયુષ્ય ઘટ્યું ને પુણ્ય ઘટ્યું તો તું કહે છે, વધ્યું. તારી ગણતરીમાં ફેર છે. બહુ ગણતરીમાં ફેર, તારા ગજના માપમાં જ ફેર છે કહે છે. આ 'ઇષ્ટોપદેશ' છે. સમજાણું કાંઈ? હવે શિષ્યે પ્રશ્ન કર્યો.

---

यहाँपर शिष्यका कहना है कि धन जिससे पुण्यका उपार्जन किया जाता है, वह निंद्य-निंदाके योग्य क्यों है? पात्रोंको दान देना, देवकी पूजा करना, आदि क्रियायें पुण्यकी कारण हैं, वे सब धनके बिना हो नहीं सकती। इसलिये पुण्यका साधनरूप धन निंद्य क्यों? वह तो प्रशंसनीय ही है। इसलिये जैसे बने वैसे धनको कमाकर पात्रादिकोंमें देकर सुखके लिये पुण्य संचय करना चाहिये। इश विषयमें आछार्य कहते हैं -

त्यागाय श्रेयसे वित्तभवित्तः संचिनोति यः।
स्वशरीरं स पक्ङेन, स्नास्यामीति विलिम्पति।।१६।।

अर्थ :- जो निर्धन, पुण्यप्राप्ति होगी इसलिये दान करनेके लिये धन कमाता या जोड़ता है, वह `स्नान कर लूँगा' ऐसा ख्यालसे अपने शरीरको कीचड़से लपेटता है।

अर्थ :- जो निर्धन ऐसा ख्याल करे कि `पात्रदान, देवपूजा आदि करनेसे नवीन पुण्यकी प्राप्ति और पूर्वोपार्जित पापकी हानि होगी, इसलिये पात्रदानादि करनेके लिये धन कमाना चाहिये', नौकरी खेती आदि करके धन कमाता है, समझना चाहिये कि वह `स्नान कर डालूँगा' ऐसा विचार कर अपने शरीरको कीचड़से लिप्त करता है। खुलासा यह है कि जैसे कोई आदमी अपने निर्मल अंगको `स्नान कर लूँगा' का ख्याल कर कीचड़से लिप्त कर डाले, तो वह बेवकूफ ही गिना जायगा। उसी तरह पापके द्वारा पहिले धन कमा लिया जाय, पीछे पात्रदानादिके पुण्यसे उसे नष्ट कर

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



डालूँगा, ऐसे ख्यालसे धनके कमानेमें लगा हुआ व्यक्ति भी समझना चाहिये। संस्कृतटीकामें यह भी लिखा हुआ है कि चक्रवर्ती आदिकोंकी तरह जिसको विना यत्न किये हुए धनकी प्राप्ति हो जाय तो वह उस धनसे कल्याणके लिये पात्रदानादिक करे तो करे।

फिर किसीको भी धनका उपार्जन, शुद्ध वृत्तिसे हो भी नहीं सकता जैसा कि श्रीगुणभद्राचार्यने आत्मानुशासनमें कहा है - `शुद्धैर्धनैर्विवर्धन्ते०'

अर्थ :- `सत्पुरुषोंकी सम्पत्तियाँ, शुद्ध ही शुद्ध धनसे बढ़ती हैं, यह बात नहीं है। देखो, नदियाँ स्वच्छ जलसेही परिपूर्ण नहीं हुआ करती हैं। वर्षामें गँदले पानीसे भी भरी रहती हैं'।।१६।।

दोहा - पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।
स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।

---

**'यहांपर शिष्यका कहना है कि धन जिससे पुण्यका उपार्जन किया जाता है,...'** મહારાજ! તમે એટલી બધી નિંદા ધનની કરો છો શિષ્ય કહે છે. પણ **'जैसे पुण्यका उपार्जन...'** પૈસા હોય તો પુણ્ય થાય, પૈસા હોય તો દાન કરાય, દેવભક્તિ કરાય, પૂજા કરાય એ બધું કરાય. પૈસા વિના શું કરવું? શું તમે માંડી છે આ? **'धन जिससे पुण्यका उपार्जन किया...'** એટલું વિશેષ કહે છે, હોં! કે ધનથી ધર્મ થાય એવું નથી કહેતો. એટલી તો એ મર્યાદા રાખે છે. આહાહા..! સમજાય છે? ધનથી કાંઈ ધર્મ થાય એમ તો નથી કહેતો. પણ મહારાજ! આ પાંચ-પચ્ચીસ લાખ ધન-બન હોય તો પુણ્ય કરીએ. **'वह निंद्य-निंदाके योग्य क्यों है?'** એવી નિંદાને યોગ્ય કેમ કહો છો તમે? **'पात्रोंको दान देना,...'** મહા સાધુ, મહા પાત્ર હોય આપણી પાસે લક્ષ્મી હોય તો દાન દઈએ, લક્ષ્મી હોય તો દાન દઈએ અને એ લક્ષ્મીની તમે નિંદા કરો છો. બરાબર માંડી છે ને તમારી બધી? ઇ ન્યાં ઊંચો થાય એવો નથી.

**'पात्रोंको दान देना,...'** સમજ્યા? સારા કોઈ ગરીબ માણસ હોય એને કરુણાથી દાન દેવું, સાધુ-ધર્માત્મા હોય એને દાન દઈએ. પૈસા હોય તો દાન દેવાય, પૈસા વિના શું દેવાય ? શિષ્ય કહે છે. અને એ પૈસાની તમે નિંદા કરો છો. **'देवकी पूजा करना,...'** આ મંદિર કરાય, ભક્તિ કરાય, પૂજા કરાય, પ્રભાવના કરાય, પાંચ-દસ લાખ ખર્ચીને મોટા મંદિરો, મોટા વરઘોડા, હાથી નીકળે. શું કહેવાય પેલા? ગજરથ, ગજરથ. કહો! એવા નીકળે. પૈસા હોય તો આ બધું થાય. તમે તો કહો પૈસા ખોટા, પૈસા ખોટા. ક્યાં વધશે? તમારે પૈસા ખોટા કરવાં છે. 'ન્યાલભાઈ'! દેવની પૂજા થાય, લ્યો! ભગવાનની પૂજા થાય. સાધારણ બીજો કરતો હોય ને પલો મોટી મોટી પૂજા (કર). મણી રત્નના દિવા ને આમ મોટા ભંડાર ને રૂપાના, ચાંદિના ચારેકોર... સમજ્યા ને? મૂકે. ભગવાનની પાછળ આમ, આમ... ઓહોહો..!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાંચ પાંચ લાખ રૂપિયા ખર્ચે. ચૌદ લાખ ખર્ચ્યા, જુઓ! હમણાં 'લાડનૂ'માં. 'ગજરાજ', 'ગજરાજ' એના બાપના નામના ચૌદ લાખ, એક મંદિર. ચૌદ લાખથી વધારે ખર્ચ્યા છે. આ 'ગજરાજ' નહિ? આ 'વચ્છરાજજી', 'વચ્છરાજજી', 'ગજરાજજી' ત્રણ ભાઈઓ વચ્ચે એના બાપનું નામ, બાપના નામનું મોટું મંદિર પંદર લાખ, સોળ લાખનું કરશે. આ હમણાં (સંવત) ૨૦૧૪ ની સાલમાં.

પૈસા હતા. હવે હતા શું? અત્યારે બિચારા કેદમાં પડ્યા છે. 'ગજરાજ' ને એનો દીકરો કેદમાં પડ્યા છે અત્યારે. ક્યારે છુટશે એનો મેળ નથી અત્યારે. રાજનો ગુનો થયો છે. એમ માને છે. કરોડપતિ માણસ છે. વીસ વીસ વર્ષ પહેલા કેટલાય આવ્યા, હવે અત્યારે શું? આહાહા..! કહે કે બાપ-દિકરાને એક જગ્યાએ નહિ. કેદમાં બાપ જુદો ને દીકરો જુદો. આ કરોડપતિ માણસો. શું કરે? અહીંયાં પાપનો ઉદય આવશે એટલે આમ થાશે કહે છે. એ કાયમ નહિ રહે તારું. તું જાણે કે મારા પુણ્યના ઉદયનો ઠાઠ છે પણ એ સંધ્યાનો રાગ છે. બધું વિખાય જાશે ફડાક દઈને, કાંઈ નહિ રહે. મફતનો શેનો એના વિશ્વાસે રહે છો? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મહારાજ! લક્ષ્મીની એટલી બધી નિંદા રહેવા દો. પાત્રને દાન દેવાય, દેવની પૂજા થાય, સાધર્મીને જમાડાય, સંઘ જમાડાય. એય...! 'મલૂપચંદભાઈ'! આદિ શબ્દ છે કે નહિ? ભક્તિ કરાય, મોટા વરઘોડા નીકળે, વળી પાંચ પચ્ચીસ લાખ ખર્ચીને મોટી શોભા પ્રભાવના... પ્રભાવના... આમ નીકળે. જુઓ! પૈસા હશે તો 'અમદાવાદ'માં મંદિર થાય. સમજ્યા ને? સારામાં સારું મંદિર કરવું એમ વળી 'રામજીભાઈ' કહે, લ્યો! પૈસા હોય તો થાય. તમે પૈસાની માંડી નિંદા ને પૈસા વિના આ બધું થાય નહિ અને એનાથી અમારે પુણ્ય થાય. ઇ તમે શું માંડી છે આ?

**'આદિ ક્રિયાયેં પુણ્યકી કારણ હૈં,'** અરે...! કોઈ ધર્મી કરતો હોય એને આપણે લાણી કરીએ, પતાસા વહેંચીએ, સાકર વહેંચીએ, રૂપિયા આપીએ, કોઈ ધર્માત્મા બિચારા ધર્મ કરતા હોય તો જાવ બબ્બે પાંચ હજાર તમને લાણી આપીએ છીએ, કરો. પૈસા હોય તો પુણ્ય થાય કે તે વિના થાતા હશે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ અહીં છે કે નહિ આમાં? જુઓ! આદિ છે કે નહિ? ઇ આદિમાં બધું ઘણું સમાય છે. ગરીબ માણસને લુગડા દેવાય, ગરીબને અનાજ દેવાય, પૈસા હોય તો દેવાય. કહો, સમજાણું? એય..! પૈસા વિના શું કરવું? કહો. પણ શિષ્યે એટલું કહ્યું છે આ પૈસા હોય તો પુણ્ય થાય, પૈસાથી ધર્મ થાય એટલો તો પ્રશ્ન નથી કર્યો. ધર્મ તો આત્માથી થાય, પૈસાથી થાય નહિ. સમજાય છે કાંઈ? એટલો તો શિષ્ય જરી હજી ખ્યાલવાળો છે.

**'વે સબ ધનકે વિના હો નહીં સકતી.'** મહારાજ! આ પૈસા વિના થાય? કહો! જુઓને! અડ્યું રહે છે કે નહિ? ત્યાં અત્યારે ત્રણ ત્રણ વર્ષ થઈ ગયા એના મુહૂર્તને, તોપણ હજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરૂ થાતું નથી. પૈસા વિના છે ને એ બધું? દરકાર કરી નથી, બીજા કામમાં કેમ પૈસા ખર્ચે છે. એય..! **'ઇસલિયે પુણ્યકા સાધનરૂપ ધન નિંદ્ય ક્યોં?'** એ તો પુણ્યનું સાધન છે. લક્ષ્મી હોય તો પુણ્ય થાય, આવા દાન થાય, ભક્તિ થાય, મંદિરો કરાવાય, સમજાય છે? સ્વાધ્યાય મંદિર થાય. લ્યો! બ્રહ્મચારી બહેનોને માટે રહેવાના સ્થાન થાય. એને આજીવિકા દેવાય, પૈસા હોય તો દેવાય. પૈસા વિના તમે કહો કે આમ પૈસા નિંદ્ય છે... નિંદ્ય છે... નિંદ્ય છે.

**'એ પુણ્યકા સાધનરૂપ ધન નિંદ્ય ક્યોં? વહ તો પ્રશંસનીય હી હૈ.'** આ બધા કાર્ય તો પ્રશંસનીય છે અને એ કાર્ય ધન વડે થાય છે. તો ધનની નિંદા શું કરવા (કરો છો)? ધનની પ્રશંસા કરો. એય..! **'ઇસલિયે જૈસે બને વૈસે ધનકો કમાકર..'** જેમ બને તેમ ઘનને કમાઈને **'પાત્રાદિકોંમેં દેકર સુખકે લિયે પુણ્ય સંચય કરના ચાહિયે.'** ભવિષ્યમાં સ્વર્ગ આદિ મળે, ધૂળ મળે આદિ એને માટે આ પુણ્ય સંચય કરવું એમ શિષ્ય કહે છે. **'ઇસ વિષયમેં આચાર્ય કહતે હૈં.'** સાંભળ. હવે એનો ઉત્તર આપે છે.

**त्यागाय श्रेयसे वित्तभवित्तः संचिनोति यः।**
**स्वशरीरं स पङ्केन, स्नास्यामीति विलिम्पति।।१६।।**

**'અર્થ :– જો નિર્ધન,...'** પહેલા પૈસા નથી. હવે **'પુણ્યપ્રાપ્તિ હોગી ઇસલિયે દાન કરનેકે લિયે...'** આપણે દાન કરવું છે. દાન કરવા માટે **'ધન કમાતા હૈ.'** દાન કરવા માટે પૈસા કમાય છે. દાન કરવા માટે, પૂજા કરવા માટે, મંદિર કરવા માટે **'પૈસા કમાતા યા જોડતા હૈ,...'** ભેગા કરે છે. ભેગા કરો તો એકસાથે દાનમાં કામ આવશે. **'વહ 'સ્નાન કર લૂઁગા' એસે ખ્યાલસે અપને શરીરકો કીચડસે લપેટતા હૈ.'** પછી સ્નાન કરી લઈશ, પહેલો કીચડમાં લપેટી લઉં. કાદવથી શરીરને મેલુ કરું. પહેલું મેલુ કરું પછી હું સ્નાન કરી લઈશ. એમ ધન કમાવું એ તો મેલુ શરીર ને પાપ કરવા જેવું છે. ધન કમાવાનો ભાવ જ પાપ છે. પાપ વિના ધન કોઈ દિ' કમાય નહિ. તો મેલા શરીર કરી અને પછી સ્નાન કરી પુણ્ય ક્રિયા કરશે. સમજાય છે ને? પછી પૈસા મળશે તો આંખો ચડી જાશે બીજે (રસ્તે). સમજાણું કાંઈ? અને દસ લાખ રૂપિયા હોય તો ઇ પછી પાંચ દસ હજાર ખર્ચે ત્યાં તો ઓહોહો..! બહુ ખર્ચ્યા. શું ધૂળ ખર્ચી હવે તેં? પછી ઇ થઈ જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– પછી લક્ષ્મીનો મદ ચડી જાય. પૂર્વના પાપ છે કે નહિ. પાપને લઈને અંદર અભિમાન છે. એવા પુણ્ય કરેલા–પાપાનુંબંધી પુણ્ય કે એ પુણ્યમાં જે અહીં મળ્યું ત્યાં અભિમાન થઈ જાય. આહાહા..! અમે કર્યું. જુઓ! પુણ્ય કરીએ છીએ. બીજાને કીધા કરે છે. અમે પુણ્ય કરીએ, જુઓ! પુણ્યવાનની પહેલી ખુરશી. અમે હોય તો ધર્મ શોભે, પુણ્યવાળાને લઈને ધર્મ શોભે. પણ નિર્ધનથી શું શોભતા'તા? એય..! એમ અજ્ઞાનીને અભિમાન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે લક્ષ્મીવાળા કરોડોપતિઓ, એને મોઢા આગળ બોલાવે, લ્યો! સાધુ મહારાજ પણ બોલાવે. આવો આવો, ભાઈ! આવો આવો. લાખ બે લાખ કાઢશે તો વળી ... આવો આવો, ભાઈ! લખાવો આમાં લખાવો. તમે તમારી શક્તિ પ્રમાણે લખાવો. મહારાજ બોલાવે એટલે શક્તિ પ્રમાણે લખાવવું જ પડે. કહો, સમજાણું આમાં? કહે છે પણ કમાવાનો ભાવ એ જ પાપ છે. હવે સાંભળને! લક્ષ્મી રળવાનો ભાવ જ ધંધો, વેપાર કરવો એ જ પાપ છે. આહાહા..!

મુમુક્ષુ :- હેતુ ફેર છે.

ઉત્તર :- હેતુ ફેર, પાપનો ફેર. શું હેતુ? ધૂળનો ફેર છે. પછી પુણ્ય કરશે, એમ હેતુ ફેર છે. ગાય મારીને કુતરા ધરવા જેવું છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ઐસે ખ્યાલસે અપને શરીરકો કીચડસે લપેટતા હૈ.'** એ મૂર્ખ છે, એમ કહે છે. મોટો મૂર્ખ છે. આહાહા..! પાપ કરું પૈસા માટે, રળું પછી આપણે દેવપૂજા ને ભક્તિમાં પુણ્ય કરશું. મૂર્ખ છો મોટો. કહેશે થોડું. પહેલા પૈસા-બૈસા પૂર્વ પુણ્યથી સહેજે મળી ગયા હોય અને એમાં કોઈ દયા, દાન, ભક્તિ, પૂજામાં ખર્ચે તો પુણ્યભાવ થાય, ધર્મ નહિ, ધર્મ તો નહિ. આહાહા..! સમજાણું? દેવપૂજા કે દાન આદિમાં ધર્મ તો નહિ. પૂર્વ પુણ્યથી મળ્યા, સહેજે મળી ગયા. કમાઉ ને આનાથી પછી કરીએ એમ નહિ. પુણ્યથી મળી ગયા તો એમાંથી રાગ ઘટાડીને પૂજા, દેવભક્તિ, દયા, દાનમાં એવી પ્રભાવના કરે તો એ પુણ્ય નવું થાય. સમજાય છે? પણ એના હેતુથી કમાય તો પાપ થાય. આખા આ શરીરને કીચડમાં લગાવે છે પછી સ્નાન કરીશ. કે દિ' એનો આરો આવશે? અને તે પણ પાછું લક્ષ્મી થયા પછી પણ આંખોં બીજે વળી જાશે જાજા થાશે એટલે. એનો ખર્ચવાનો અમુક જ સ્થિતિનો ભાવ થાય. સમજાણું કાંઈ? દસ લાખમાં પણ અમે હંમેશા પણ આમ ખર્ચીએ છીએ, હજાર, બે હજાર બાર મહિના કાયમ ખર્ચીએ છીએ. હજાર બે હજાર... પાપ કેટલા કરે છે? એમાં તારા હજાર બે હજાર શું છે? સમજાણું કાંઈ ? એકવાર પાંચ હજાર આપ્યા હોય તો બસ થઈ ગયા. ઓહોહો..! શું થયું પણ હવે? હંમેશા પાપ કરે છે ને! દરરોજનું પાપ તારું. કર સરવાળો બાર મહિનાનો. બરાબર હશે આ ?

**'વિશદાર્થ :- જો નિર્ધન એસા ખ્યાલ કરે કિ ''પાત્રદાન, દેવપૂજા''** મહારાજે લીધું છે તો બહુ સરસ. જુઓ! સારા પાત્રને દાન દઈએ, એમના આશીર્વાદ મળે, આપણને પુણ્ય થાય, એમ કરતાં કરતાં વળી પરંપરાએ ધર્મ પણ થાય. દેવપૂજા કરીએ, ભક્તિ કરીએ, પ્રભાવના કરીએ, વરઘોડા મોટા કાઢીએ, વર્ષીતપને ઉજવીએ. લ્યો! આ લોકોને હોય છે ને? વર્ષીતપ આમાં તો નથી. **'આદિ કરનેસે નવીન પુણ્યકી પ્રાપ્તિ ઔર પૂર્વોપાર્જિત પાપકી હાનિ હોગી,...'** જુઓ! શિષ્ય કહે છે, શિષ્ય પ્રશ્ન કરે છે. નિર્ધન એસા ખ્યાલ કરે... ઉત્તર આપે છે, **'પાત્રદાન, આદિ કરનેસે નવીન પુણ્યકી પ્રાપ્તિ ઔર પૂર્વોપાર્જિત પાપકી હાનિ હોગી, ઇસલિયે પાત્રદાનાદિ કરનેકે લિએ ધન કમાના ચાહિયે,'** એમ શિષ્ય કહે છે. પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભિલાષા બહાર મુકે છે.

**'નૌકરી ખેતી આદિ કરકે ધન કમાતા હૈ,...'** લ્યો! નોકરીમાં પણ પાપ છે, ખેતીમાં પણ પાપ છે, ધંધામાં ક્ષણે ક્ષણે પાપ છે. કોઈપણ ધંધો (હોય). પાપનો ધંધો હશે કે એમાં કાંઈ થાતુ હશે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ક્યો પાપ નિસ્વાર્થ? કાપડનો ને ઇ? કાપડનો. આ મમતા છે ને તારી? સમજે નહિ. આમ કરું ને પાંચ લાખ રાખુ ને પછી આમ ખર્ચ થાય ને આમ થાય. બધું પાપ જ છે. આ છાપખાનામાં નિષ્પાપી પાપ હશે કે નહિ ધંધો? 'જમુભાઈ'! એ પાપ છે. કમાવાનો ભાવ જ પાપ છે. દુકાને બેસીને રળવું એ જ પાપ છે. નવું પાછું બીજું શું છે? આહાહા..!

મુમુક્ષુ :– છોકરાને ભણાવવાનો?

ઉત્તર :– ભણાવવાનો ભાવ પાપ છે. ભણાવવામાં શું છે ન્યાં? પાપ કરશે ને પછી આ કરશે. બધો પાપ જ ભાવ છે. આ સારું કરશે ને છોકરા કરશે ને છોકરાના લગન કરવા ને એને પછી.. સમજ્યા ને? બે પાંચ હજાર ખાનગી આપવા ને પછી આ તારે જો આટલા છુટ ખર્ચવાના. બધું પાપ છે. સમજાય?

**'નૌકરી ખેતી આદિ કરકે ધન કમાતા હૈ, સમઝના ચાહિયે કિ વહ 'સ્નાન કર ડાલૂંગા' એસા વિચાર કર અપને શરીરકો કીચડસે લિપ્ત કરતા હૈ.'** કાદવ લિપે છે, ચીકણો કાદવ.

મુમુક્ષુ :– પછી તો નવાયને પાછું?

ઉત્તર :– પછી નહિ નવાય. મરી જશે એમાં ને એમાં. એ વિચારે રહે છે એ મૂર્ખ છે કહે છે.

**'ખુલાસા યહ હૈ કિ જૈસે કોઈ આદમી અપને નિર્મલ અંગકો 'સ્નાન કર લૂઁગા'** નિર્મળ અંગને પહેલા મેલ લગાડે છે, પછી સ્નાન કરીશ. **'કા ખ્યાલ કર કીચડસે લિપ્ત કર ડાલે,'** કીચડ કાદવથી શરીરને મેલું કરે **'તો વહ બેવકૂફ હી ગિના જાયગા. ઇસી તરહ પાપકે દ્વારા પહિલે ધન કમા લિયા જાય, પીછે પાત્રદાનાદિકે પુણ્યસે ઉસે નષ્ટ કર ડાલૂંગા, એસે ખ્યાલસે ધનકે કમાનેમેં લગા હુઆ વ્યક્તિ ભી (બેવકૂફ) સમઝના ચાહિયે.'** એમ કહે છે. એની સાથે કીધું ને? **'વ્યક્તિ ભી...'** એને માટે જાણું જાણું એ પણ બેવકૂફ છે. આહાહા..! ઘણા એવા હોય છે, અમારે પાંચ લાખની બંધી તો છે પણ હવે વધે ને ઇ બધું દાનમાં ખર્ચશું. પણ ધંધો શું કરવા માંડ્યો તેં આ પાપનો? પાંચ લાખથી અમારે વધારે ખપતા નથી પણ જેટલા વધારે આવે ઇ દાનમાં નાંખી દઈએ, દાનમાં નાંખી દઈએ. અરે..! પણ ખપતા નથી, ને આ પાપ કરીને ખર્ચે એ તારી રીત જ ખોટી છે. સમજાણું કાંઈ? એમ થાય છે કે નહિ? 'ધરમચંદજી'! હા, હા એવા હોય છે. અમારે ત્યાં ... એટલા બધા ઘણા સાંભળેલા. ઘણે ઠેકાણે કેટલામાં હોય કે આપણે બંધી તો એટલી છે તો હવે વેપાર વધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો, પેદાશો વધી ગઈ. કરવું શું?

મુમુક્ષુ :– બૈરાંના નામે કરી દે છે.

ઉત્તર :– બૈરાના નામે કરે એ તો ઠીક. તમારે તો બૈરા મરી ગયા છે. એને નામે કરે, છોકરાને નામે કરે, ભાગ પાડી દે એમ કરીને અમારે તો ભઈ પચ્ચીસ હજારથી વધારે ખપતું નથી પણ આ લાખ લાખની પેદાશ વધી ગઈ એટલે છોકરાને નામ ખર્ચી નાંખીએ, બાર મહિને ખર્ચી નાંખીએ. પણ પાપ કરીને ધંધો કરવો એ તારું પાપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ડૉક્ટરનો ધંધો ને વકીલનો ધંધો સારો ને?

ઉત્તર :– ડૉક્ટર, વકીલનો પણ મોટો પાપ છે. ઇ પહેલા મુકતા. સાંઈઠ મુક પહેલા. કહેશે. ચાલીસ ચાલીસ મુક પહેલા, એક કલાક સાંઈઠ મીનીટના, પછી વાત કરું. પાપ હશે કે શું હશે ઇ? એની ગરજ એને, અને આને પાપ. એની એને ગરજ પૈસા દેવાની એને ગરજ પણ આને શું ભાવ (છે)?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ભલે ઇ ન કહે, પણ મારે વાત કરવી છે, તારે જેમ... પણ ઇ ભાવ શેનો છે? રળવાનો ભાવ છે કે પાપનો છે કે પુણ્યનો છે? પાપનો. છોકરાને ભણાવવાનો ભાવ ક્યો હશે? આ માસ્તર ભણાવે ઇ? બધું પાપ?

**'બેવકૂફ હી ગિના જાયેગા. ઇસી તરહ પાપકે દ્વારા પહિલે ધન કમા લિયા જાય,'** પાપથી ધન કમાવું પછી **'પીછે પાત્રદાનાદિકે પુણ્યસે ઉસે નષ્ટ કર ડાલૂંગા, એસે ખ્યાલસે ધનકે કમાનેમેં લગા હુઆ વ્યક્તિ ભી સમઝના ચાહિયે.'** લ્યો! **'સંસ્કૃત ટીકામેં યહ ભી લિખા હુઆ હૈ...'** લખ્યું છે, **'यस्य तु चक्रवर्त्यादे'** આદિ છે ને? **'કિ ચક્રવર્તી આદિકોંકી તરહ...'** ચક્રવર્તી હોય ને? મહા બળદેવ આદિ ચક્રવર્તી. પૂર્વના પુણ્યથી ઢગલા આવી ગયા એને. એ લોકોને કમાવું પડતું નથી, બહુ પુણ્ય. પૂર્વના એટલા પુણ્ય હોય, ઢગલા! એક એક દિવસના અબજોની પેદાશ. એટલા તો ચક્રવર્તીના ઘરે નવ નિધાન હોય. કહે છે, એવી લક્ષ્મી આદિ કોઈ પૂર્વના પુણ્યને કારણે મળી ગઈ, બીજા કરોડોપતિ કે એને પણ.. **'જિસકો વિના યત્ન કિયે...'** પુરુષાર્થ કાંઈ કર્યો ન હોય કાં એકલો વારસો એવો મળી ગયો કાં ક્યાંકથી ભંડાર મળી ગયો. સમજાય છે? પાંચ પચ્ચીસ લાખના હીરા નીકળી ગયા, ક્યાંક સોનું નીકળી ગયું. દાટ્યું પડ્યું હોય એ પુણ્યને લઈને નીકળી ગયું. તો કહે છે ઉસ **'ધનકી પ્રાપ્તિ હો જાય તો વહ ઉસ ધનસે કલ્યાણકે લિયે પાત્રદાનાદિક કરે તો કરે.'** એ પૈસાને પુણ્યને માટે (ખર્ચે). કલ્યાણ શબ્દે અહીં પુણ્ય છે. પુણ્યને માટે પાત્ર દાનાદિ કરે તો કરો. પૂર્વના પુણ્યથી સહેજે લક્ષ્મી મળી ગઈ હોય અને એમાંથી પછી તારે દાન-પુણ્ય માટે કરવું હોય તો બહાર રાગ ઘટાડ, પણ પાપ કરી કમાવું ને પછી દાન કરવું એ ધંધો સાચો નથી. એ પુણ્યનો પણ સાચો નથી ધર્મનો તો છે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– દાન કરે એના કરતા પાત્રદાન કરે....

ઉત્તર :— ઇ ખોટું, ઇ જ ખોટું છે એમ કહે છે. પાપ કરીને દાન કરવું એનો શું અર્થ? પાપ કરવું જ પહેલું ખોટું છે. પછી દાન કરવાનો ભાવ પાછો રહેશે કે નહિ? મરતા પહેલા શું થાશે એની શી ખબર એને? સમજાણું કાંઈ? પહેલું ઝેર ખાઈ લઉં પછી હું જીવીશ તો ફલાણું કામ કરીશ એનો અર્થ શું? સમજાણું કાંઈ? અહીં તો 'ઇષ્ટોપદેશ' એ છે. લક્ષ્મી મળી હોય પૂર્વના પુણ્યને લઈને વધારે પાપ વિના સહેજે મળી ગઈ હોય. ઘણાને મળી જાય છે ને એવી? વારસો મળી જાય તો કહે છે એમાંથી દાન-પુણ્ય આદિમાં ખર્ચ. રાગ ઘટે એટલું પુણ્ય થશે, ધર્મ-બર્મ તો નથી. પૂજા, ભક્તિ, મંદિર બંધાવવા દાન કરવા, દયા કરવી એ કાંઈ ધર્મ તો નથી.

મુમુક્ષુ :– એ પુણ્ય તો

ઉત્તર :– એ પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ તો આત્મામાં પુણ્ય-પાપના રાગ વિના ચૈતન્ય શુદ્ધ આનંદની દૃષ્ટિ ને જ્ઞાન કરવું એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં સ્થાપે છે અત્યારે? ઇ પુણ્યની વાતમાં જ આ છે.

**'ફિર કિસીકો ભી ધનકા ઉપાર્જન, શુદ્ધ વૃત્તિસે હો ભી નહીં સકતા...!'** જુઓ! શું કહે છે? લક્ષ્મીનું ઉપાર્જન શુદ્ધ ભાવથી થતું જ નથી, પાપ ભાવથી જ થાય છે એમ કહે છે. કોઈપણ માણસ એમ દાવો કરે કે આ લક્ષ્મી મેં સારા ભાવથી કરી છે, એ દાવો તારો ખોટો છે. લક્ષ્મીનું રળવું જ પાપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અમારો નીતિ હેતુ બીજો હતો, રળવાનો હેતુ અમારો બીજો હતો, નૈતિક અમારી જિંદગીમાં જીવવું એવો હેતુ હતો, ફલાણું હતું. કહે છે કે, નહિ. સમજાણું? **'ધનકા ઉપાર્જન...'** એમ બાયડી, છોકરા, કુટુંબ બધાનું, હોં! **'શુદ્ધ વૃત્તિસે હો ભી નહીં સકતા જૈસા કિ શ્રી ગુણભદ્રાચાર્યને આત્માનુશાસનમેં કહા હૈ - 'શુદ્ધૈર્ધનૈર્વિવર્ધન્તે૦''**

**'અર્થ :– સત્યપુરુષોંકી સમ્પત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ.'** દેખો! ધર્માત્મા જીવને પણ લક્ષ્મી વધે એ પાપથી વધે છે, પુણ્યથી નહિ. પુણ્ય ભાવથી નહિ. સારા ભાવ છે ને પુણ્ય પૈસા મળ્યા છે એમ છે? આહાહા..! **'સત્યપુરુષોંકી સમ્પત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ. દેખો, નદિયા સ્વચ્છ જલસેહી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈં.'** શું કહે છે? ચોમાસામાં ચારેકોર ડોળા પાણી ભરે ત્યારે નદી ભરાય. એકલા ઉજળે પાણીએ, હળવા પાણીએ, સ્વચ્છ પાણીએ નદી ન ભરાય એમ કહે છે. નદી આવે ને? ચોમાસામાં વરસાદ ચારેકોર (થાય ત્યારે). અમારે તો નદી બહુ જોઈ છે ને કાળુભારમાં. એવા પાણી વાંસ, બે બે વાંસ, હોં! ચારેકોરના પાણી પણ ડોળા. એ ડોળે પાણીએ નદી ભરાય, કાંઈ સ્વચ્છ પાણી, ચોખ્ખા પાણીએ આવીને નદીયું ભરાય પહેલી એમ હોય નહિ. એમ પૈસા પાપે પેદા થાય એમ કહે છે. 'કાળીદાસભાઈ'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઇ 'કાળીદાસભાઈ' કહેતા હતા કે કોઈ એમ કહે કે, અત્યારે એકદમ પચ્ચીસ-પચાસ લાખના આસામી થઈ ગયા અને સીધા પુણ્યથી થઈ ગયા માયા-બાયા, કાળાબજાર કર્યા વિના, તો એવું અત્યારે નથી. આ લક્ષ્મી વધી ગઈ. કો'કને હોય સાધારણ બે, ચાર લાખ થાય એ જુદી વાત પણ એકદમ પચ્ચીસ-પચાસ લાખ થઈ ગયા અને અમે અમારા ધંધાથી કર્યા. અંદર કાળાબજાર ને કાંઈ ગોટા હોય ત્યારે થાય. પાંચ-પચ્ચીસ હજારની પેદાશ હંમેશાં હોય ને બે-પાંચ લાખ, દસ લાખ થઈ ગયા એ જુદી વાત છે. પણ એકદમ થઈ ગયા પચાસ લાખ, કરોડ બે વર્ષમાં! કાંઈક ગોટો હશે અંદર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પુણ્ય ભેગુ નહિ, બળી ગયું પુણ્ય. એને બહારના કાંઈ કપટ પ્રપંચ હતા એમ કહે છે. કાંઈ ચોર્યું હોય, દાણચોરી હોય, કાંઈ કાળાબજાર હોય, કાં કાંઈક હોય, ગુપ્ત હોય, નામાના ચોપડા ફેરવ્યા હોય. કાંઈક તો ગોટા હોય ત્યારે વધે એમ કહે છે. 'કાળીદાસભાઈ'! ઇ તો કહે છે, ગૌણ કરવી. તારા પાપ માટે કર ગૌણ તું. કોઈને લક્ષ્મી પાપ વિના ભેગી થાય એ વાત છે જ નહિ. નદી ડોળા પાણી વિના એકલા સારા પાણીએ બે કાંઠે ભરાય એમ હોય નહિ એમ કહે છે. ઇ બરાબર છે? દાખલો બહુ સરસ આપ્યો છે. નદીમાં બે પુર આવે ને પાણી? ઇ ચોખ્ખા પાણીથી આવતા હશે ક્યાંકથી?

ચોખ્ખા પાણી ક્યાં હતા ન્યાં માથે? વરસાદના (આવે) ને બધો ડોળ ભેગો થઈને એમ થઈને આમ બે કાંઠે ઉછળે, મેલા પાણી હોય આહાહા..! **'દેખો, નદિયાં સ્વચ્છ જલસેહી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈં.'** દાખલો પણ કેવો આપ્યો આચાર્યે! સમજ્યા ને? 'આત્માનુશાસન' છે, હોં! **'વર્ષામેં ગંદલે પાનીસે ભી ભરી રહતી હૈં'** જુઓ! વર્ષાકાળમાં બે કાંઠે નદી ભરાય ઇ મેલા પાણીથી ભરાય. બધું મેલું ચારેકોરથી ભેગું થાય ને! બધું મેલું. માટી માટી બધું મેલું હોય. ઇ કાંઈ તરત ગળીને પીવાય નહિ એવું પાણી હોય. દાખલો વર્ષાકાળનો આપ્યો, હોં!. અમસ્તો વરસાદ ક્યાંથી આવે? વરસ્યા વિના તો. **'વર્ષામેં ગંદલે પાનીસે ભી ભરી રહતી હૈં.'** સારા પાણીથી નદી ભરાય નહિ એમ જગતના પૈસા સારા પુણ્યથી ભેગા થાય એટલે સારા ભાવથી ભેગા થાય નહિ, પાપ ભાવથી જ ભેગા થાય. બરાબર હશે?

**दोहा - पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।**
**स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।**

**'પુણ્ય હેતુ દાનાદિકો,..'** પુણ્યને માટે, દાનને માટે, પૂજા-ભક્તિ માટે નિર્ધન ધનનો સંચય કરે, લક્ષ્મી એકઠી કરે. **'સ્નાન હેતુ નિજ તન કુધી,'** જેની બુદ્ધિ ભ્રષ્ટ છે એવો તનને મેલું કરી ને પછી સ્નાન કરી લઈશ એવા કીચડથી લપેટે છે, એવો ઇ બુદ્ધિ કુબુદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો દાન-પૂજા માટે પણ તું પાપ કરીને કર એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ના (કહે છે). દાન-પૂજા છે એ તો પુણ્યભાવ છે, વર્તમાન કરે ઇ અને ધર્મ તો એ દાન-પૂજાના ભાવ અને રળવાના પાપભાવ એનાથી રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરે તો ધર્મ થાય. એ સિવાય ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સોળ (ગાથા પૂરી) થઈ.

---

उत्थानिका :- फिर शिष्य कहता है कि भगवन्! धनके कमानेमें यदि ज्यादातर पाप होता है, और दुःखका कारण होनेसे धन निंद्य है, तो धनके विना भोग और उपभोग भी नहीं हो सकते, इसलिये उनके लिये धन होना ही चाहिये, और इस तरह धन प्रशंसनीय माना जाना चाहिये। इस विषयमें आचार्य कहते हैं कि `यह बात भी नहीं है' अर्थात् `पुण्यका कारण होनेसे धन प्रशंसनीय है,' यह जो तुमने कहा था, सो वैसा ख्याल कर धन कमाना उचित नहीं, यह पहिले ही बताया जा चुका है। `भोग और उपभोगके लिये धन साधन है,' वह जो तुम कह रहे हो। सो भी बात नहीं है, यदि कहो क्यों? तो उसके लिये कहते हैं :-

आरम्भे तापकान्प्राप्तावऽतृप्तिप्रतिपादकान्।
अन्ते सुदुस्त्यजान्, कामान् कामं कः सेवते सुधीः।।१७।।

अर्थ :- आरम्मभें सन्तापके कारण और प्राप्त होनेपर अतृप्तिके करनेवाले तथा अन्तमें जो बड़ी मुश्किलोंसे भी छोड़े नहीं जा सकते, ऐसे भोगोपभोगोंको कौन विद्वान-समझदार-ज्यादती व आसक्तिके साथ सेवन करेगा?

विषदार्थ :- भोगोपभोग कमाये जानेके समय, शरीर इंद्रिय और मनको क्लेश पहुँचानेका कारण होते हैं। यह सभी जन जानते हैं कि गेहूँ, चना, जौ आदि अन्नादिक भोग्य द्रव्योंके पैदा करनेके लिये खेती करनेमें एड़ीसे चोटीतक पसीना बहाना आदि दुःसह क्लेश हुआ करते हैं। कदाचित् यह कहो कि भोगे जा रहे भोगोपभोग तो सुखके कारण होते हैं! इसके लिये यह कहना है कि इन्द्रियोंके द्वारा सम्बन्ध होनेपर वे अतृप्ति यानी बढ़ी हुई तृष्णाके कारण होते हैं, जैसा कि कहा गया है :- `अपि संकल्पिताः कामाः०'

`ज्यों ज्यों संकल्पित किये हुए भोगोपभोग, प्राप्त होते जाते हैं, त्यों त्यों मनुष्योंकी तृष्णा बढ़ती हुई सारे लोकमें फैलती जाती है। मनुष्य चाहता है, कि अमुक मिले। उसके मिल जानेपर आगे बढ़ता है, कि अमुक और मिल जाय। उसके भी मिल जानेपर मनुष्यकी तृष्णा विश्वके समस्त ही पदार्थोंको चाहने लग जाती है कि वे सब ही मुझे मिल जायँ। परंतु यदि यथेष्ट भोगोपभोगोंको भोगकर तृप्त हो जाय तब तो तृष्णारूपी सन्ताप ठण्डा पड़ जायगा! इसलिये वे सेवन करने योग्य हैं। आचार्य कहते

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


हैं कि वे भोग लेनेपर अन्तमें छोड़े नहीं जा सकते, अर्थात् उनके खूब भोग लेनेपर भी मनकी आसक्ति नहीं हटती,' जैसा कि कहा भी है -

`दहनस्तृणकाष्ठसंचयैरपि०'

`यद्यपि अग्नि, घास, लकड़ी आदिके ढेरसे तृप्त हो जाय। समुद्र, सैंकड़ों नदियोंसे तृप्त हो जाय, परंतु वह पुरुष इच्छित सुखोंसे कभी भी तृप्त नहीं होता। अहो! कर्मोंकी कोई ऐसी ही सामर्थ्य या जबर्दस्ती है।' और भी कहा है :- `किमपीदं विषयमयं०'

`अहो! यह विषयमयी विष कैसा गजबका विष है कि जिसे जबर्दस्ती खाकर यह मनुष्य, भव भवमें नहीं चेत पाता है।'

इस तरह आरम्भ, मध्य और अन्तमें क्लेश-तृष्णा एवं आसक्तिके कारणभूत इन भोगोपभोगोंको कौन बुद्धिमान् इंद्रियरूपी नलियोंसे अनुभवन करेगा? कोई भी नहीं।

यहाँपर शिष्य शंका करता है कि तत्त्वज्ञानियोंने भोगोंको न भोगा हो यह बात सुननेमें नहीं आती है। अर्थात् बड़े बड़े तत्त्वज्ञानियोंने भी भोगोंको भोगा है, यही प्रसिद्ध है। तब `भोगोंको कौन बुद्धिमान्-तत्त्वज्ञानी सेवन करेगा?' यह उपदेश कैसे मान्य किया जाय? इस बातपर कैसे श्रद्धान किया जाय? आचार्य जवाब देते हैं - कि हमने उपर्युक्त कथनके साथ `कामं अत्यर्थं०' आसक्तिके साथ रुचिपूर्वक यह भी विशेषण लगाया है। तात्पर्य यह है कि चारित्रमोहके उदयसे भोगोंको छोड़नेके लिये असमर्थ होते हुए भी तत्त्वज्ञानी पुरुष भोगोंको त्याज्य-छोडने योग्य समझते हुए ही सेवन करते हैं। और जिसका मोहोदय मंद पड़ गया है, वह ज्ञान-वैराग्यकी भावनासे इन्द्रियोंको रोककर इन्द्रियोंको वशमें कर शीघ्र ही अपने (आत्म) कार्य करने के लिये कटिबद्ध-तैयार हो जाता है-जैसा कि कहा गया है- `इदं फलमियं क्रिया०'

`यह फल है, यह क्रिया है, यह करण है, यह क्रम-सिलसिला है, यह खर्च है, यह आनुषंगिक (ऊपरी) फल है, यह मेरी अवस्था है, यह मित्र है, यह शत्रु है, यह देश है, यह काल है, इन सब बातोंपर ख्याल देते हुए बुद्धिमान् पुरुष प्रयत्न किया करता है। मूर्ख ऐसा नहीं करता।' ।।१७।।

**दोहा - भोगार्जन दुःखद महा, भोगत तृष्णा बाढ़।**
**अंत त्यजत गुरु कष्ट हो, को बुध भोगत गाढ़।।१७।।**

---

**'ઉત્થાનિકા :– फिर शिष्य कहता है कि भगवन्! धनके कमानेमें यदि ज्यादातर पाप होता है,'** પૈસા કમાવામાં પાપ તો ઘણું થાય છે વાત તો સાચી છે તમારી. કહો, બરાબર હશે? સીધુ કમાય તોપણ પાપ તો પાપ જ છે ત્યાં. **'और दुःखका कारण होनेसे धन निंद्य है,'** મહારાજ! એ લક્ષ્મી કમાવી એ તો જ્યાદાતર તો પાપ હી હોતા હૈ. ઘણું તો પાપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ થાય છે. અને દુઃખનું કારણ હોવાથી પૈસા તો નિંદ્ય છે, નિંદાયેલા છે, પૈસા, લક્ષ્મી તો નિંદવા યોગ્ય જ છે. **'તો ધનકે વિના ભોગ ઔર ઉપભોગ ભી નહીં હો સકતે,'** પણ એક વાત છે, કહે છે. બેય રીતે કહો પણ ધન વિના ભોગ-ઉપભોગ મળે એવું છે? એય...! પૈસા ન હોય તો મકાન શી રીતે કરવા? આ દાળ, ભાત, રોટલી શી રીતે ખાવી, ચા હંમેશા જોઈએ, દૂધ ઉકાળા જોવે, શિયાળામાં પાક જોવે, ઉનાળામાં મલમલ લુગડા જોવે, ચોમાસામાં ગરમ કપડા જોવે. ઇ કાઢવા ક્યાંથી? એમ શિષ્ય પૂછે છે. મહારાજ! લક્ષ્મી નિંદ્ય છે અને દુઃખનું કારણ છે ઇ વાત પણ સાચી છે પણ ધન વિના ભોગ-ઉપભોગ એકવાર ભોગવાય એવી ચીજ–દાળ, ભાત, શાક. વારંવાર ભોગવાય એવી ચીજ–કપડા, મકાન ને સ્ત્રી, એ બધા પૈસા વિના કાંઈ મળતા હશે? વેચાતા ક્યાંય પૈસા વિના મફત મળે છે?

**'ઇસલિયે ઉનકે લિયે ધન હોના હી ચાહિયે,...'** એને માટે તો લક્ષ્મી (જોઈએ). ભોગ-ઉપભોગ માટે તો લક્ષ્મી જોઈએ ને! બીજું તો એકકોર (રહો). અમારે પુણ્ય-દાનને માટે નહિ (જોઈએ), લ્યો! જાવ કહે છે. સમજાણું? દાન કરશું ને પૂજા કરશું ને એને માટે કમાવું એ તો પાપ છે, એ તો બરાબર છે, એને માટે કાંઈ લક્ષ્મી જોતી નથી. પણ આ ખાવા, પીવાની જરૂર પડે, વારંવાર ભોગવવાની (જરૂર પડે), ઇ ચીજ ભોગ-ઉપભોગમાં એને માટે લક્ષ્મી જોઈએ એનું શું કરવું ? એને માટે ધન હોવું જોઈએ કે નહિ? **'ઔર ઇસ તરહ ધન પ્રશંસનીય માના જાના ચાહિયે.'** ભોગ-ઉપભોગમાં કામ આવે એ અપેક્ષાએ તો લક્ષ્મી ઠીક કહો, ઠીક છે એમ તો કહો. ભારે માંડી છે, હોં!

**'ઇસ વિષયમેં આચાર્ય કહતે હૈં કિ 'યહ બાત ભી નહીં હૈ''** સાંભળ! **'અર્થાત્ 'પુણ્યકા કારણ હોનેસે ધન પ્રશંસનીય હૈ,' યહ જો તુમને કહા થા, સો વૈસા ખ્યાલ કર ધન કમાના ઉચિત નહીં, યહ પહિલે હી બતાયા જા ચુકા હૈ.'** કહ્યું? પુણ્ય કરશું એને માટે રળવું, કમાવું ને ધન ભેગું કરવું એનો તો પહેલો તને નિષેધ કર્યો. **''ભોગ ઔર ઉપભોગકે લિયે ધન સાધન હૈ,' યહ જો તુમ કહ રહે હો, સો ભી બાત નહીં હૈ,'** એક વાત ... બરાબર છે અહીંયાં? કપડા પહેરવા જોઈવે, ખાવા-પીવા જોઈએ, સગવડતા નોકરની જોઈએ, વૃધ્ધાવસ્થા થાય, બે માણસ હોય તો કામ કરે. એ સાધન માટે તો પૈસાની જરૂર છે કે નહિ? બીજી તો એકકોર રહી હવે, લ્યો! **'યદિ કહો ક્યોં? તો ઉસકે લિયે કહતે હૈં.'** એ પણ તારા ધનને ભેગા કરવાની જરૂર નથી. કારણ કે ભોગ ને ઉપભોગમાં દુઃખ જ છે, સુખ નથી એમ કહે છે.

**आरम्भे तापकान्प्राप्तावऽतृप्तिप्रतिपादकान्।**
**अन्ते सुदुस्त्यजान्, कामान् कामं कः सेवते सुधीः।।१७।।**

કહે છે કે **'અર્થ :– આરમ્ભમેં સન્તાપકે કારણ...'** સમજાય છે? શું? ભોગ ને ઉપભોગ. જે ચીજ તું ભોગવવા માંગે છો ને જે વારંવાર ભોગવાય ઇ ચીજ શરૂઆતમાં જ આરંભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને પાપનું કારણ છે. આતાપ... આતાપ... આતાપ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એમાં ન્યાં પહેલા આતાપ છે, આતાપ છે, આકૂળતા છે એમ કહે છે. પહેલી શરૂઆતમાં. **'ઔર પ્રાપ્ત હોનેપર અતૃપ્તિકે કરનેવાલે...'** મળ્યું પછી તૃપ્તિ થાતી નથી. પૈસાની, ભોગની, આબરૂની, મકાનની સમજ્યા? ચાલી જ જાય છે તૃષ્ણા. ભોગ સુખમાં તૃપ્તિ ક્યાં છે ત્યાં? ધૂળ પણ નથી. તૃપ્તિ તો આત્મામાં છે, ઇ શાંતિને તું જોતો નથી. આત્મામાં શાંતિ છે, તૃપ્તિ છે. એ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જેની દૃષ્ટિ કર્યે જેને તૃપ્તિ થાય એવું છે. બહાર ભોગ-ઉપભોગમાં તૃપ્તિ નથી. લાકડામાં અગ્નિ, અગ્નિમાં લાકડા જેટલા નાંખતા જાવ એટલી અગ્નિ વધે જ જાય. ભભકે, અગ્નિ ભભકે ઓલાય નહિ. જેટલા ભોગ-ઉપભોગ કરતો જાય એમ આતાપ ભભકતી જાય, તૃષ્ણા અને કષાય વધતો જાય. સંતોષ નહિ થાય તને એમ કહે છે. આટલા ભોગ ભોગવીએ, લ્યો! આટલું ખાઈ લઈએ પછી આપણને (શાંતિ થાય). ધૂળ પણ નહિ થાય. અતૃપ્તિના કરવાવાળા. જુવાન અવસ્થા થાય, વૃદ્ધાવસ્થા થાય તો ભોગથી તૃપ્તિ કરતો નથી. હવે બંધ કરો, ખાવું, પીવું ને બધી તૃષ્ણા ઓછી કરો.

શરૂઆતમાં સંતાપ, વચમાં અતૃપ્તિનું કારણ **'અન્તમેં જો બડી મુશ્કિલોંસે ભી છોડે નહીં જા સકતે,'** સમજાય છે? ઇ છુટે, છુટવું ને એનાથી પાછું ખસવું મહા મુશ્કેલ છે. ભોગની તૃષ્ણા ચોટી કાંટાની પેઠે આકરી છે. છોડી નહિ જાય, છુટતા એને છોડવું એને ઘટાડવું મહા મુશ્કેલ છે. દારૂડીના કાંટા જેવું. દાખલો નથી આપ્યો એમાં. દારૂડીના કાંટા એવા જીણા હોય. **'એસે ભોગોપભોગોંકો કૌન વિદ્વાન્-સમઝદાર-જ્યાદતી વ આસક્તિકે સાથ સેવન કરેગા?'** સમજ્યા? આસક્તિ સાથે સેવન કરવા લાયક છે એવું ડાહ્યો માણસ કેમ માને? ભોગ-ઉપભોગમાં તો પાપ છે, અતૃપ્તિ છે, આતાપ છે, આકામ છે, તૃષ્ણા છે એમાં ક્યાંય સુખ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પુણ્ય કરવા માટે કમાવું નહિ ને આ ભોગ-ઉપભોગ માટે પણ કમાવું નહિ. કહે છે કે, એ ભોગ-ઉપભોગમાં દુ:ખ છે એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– કામ આવ્યો, પેલામાં ભોગ-ઉપભોગમાં સુખ નથી. દૃષ્ટિ કર આત્મામાં. પુણ્ય કમાવાથી પછી પુણ્ય થાશે એમાં લાભ નથી. કર આત્મામાં એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પેટ ભરવા પૂરતું...

ઉત્તર :– પેટ ભરવા નહિ આખી સામગ્રી ભોગ-ઉપભોગની જોઈએ એનું શું કરવું? ન્યાં ધૂળમાં પણ સુખ નથી, કહે છે, સાંભળ ને! શરૂઆતમાં આતાપ, મધ્યામાં અતૃપ્તિ, અંતે છોડવું મુશ્કેલ પડે. ઘટવું, ઘટાડવું આહાહા..! માથા ફરી જાય. પાંચ-પાંચ લાખ, દસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાખ, પચાસ લાખ થયા હોય અને પછી હવે, હવે સંતોષ કર, હવે સંતોષ કર, ઘટાડી દે, હવે ઘટાડી દે. હાય..હાય.. બીજાનું વધે ને અમારું કેમ ઘટે? બીજાનું વધી જાય ને અમારું ઘટે તો મરી જઈએ નહિતર અમે. ઓહો..! ભારે! મૂઢે મારી નાંખ્યા, કહે છે. મૂઢની માન્યતાએ મારી નાંખ્યા છે એને. ભોગ-ઉપભોગમાં પણ આતાપ છે એનું એને ભાન નથી. આહાહા..!

સુખી છીએ અમે. બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા, બૈસા (બધું છે). ધૂળ છે સાંભળને હવે. એના તરફનું લક્ષ કરવું એ જ આતાપ છે. એના ભોગમાં કોઈ દિ' તૃપ્તિ ન થાય. અને સ્ત્રી કાંટાળ એ લાળ છોડ્યે છુટી નહિ શકે. ઠેઠ સુધી ગૃદ્ધિ રહ્યા કરશે, એની ભોગ-ઉપભોગની ગૃદ્ધિ. આત્મામાં શાંતિ છે એની દૃષ્ટિ કર્યા વિના કોઈ તારો ઉપાય શાંતિનો નથી. કહો, સમજાણું આમાં? **'સમઝદાર-જ્યાદતી વ આસક્તિકે સાથ સેવન નહિ કરતાં.'**

**'વિશદાર્થ :– ભોગોપભોગ કમાયે જાનેકે સમય, શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતે હૈં.'** જુઓ! એ રળવામાં ને એ બેઠો હોય, આખો દિ' શરીરને પરસેવા ઉતરે, મેલ થાય, ખાવા-પીવાની જોગ ન હોય, ખાવા-પીવાના ક્યારે મળે, એ રળવા બેઠો હોય તો પડ્યો હોય દુઃખી. **'ભોગોપભોગ કમાયે જાનેકે સમય, શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ...'** પહોંચે છે. જુઓ! ઇન્દ્રિયો આમ સુકી થઈ જાય, કાળામશ શરીર થઈ જાય, મેલા થઈ જાય અંદર આખો દિ' ખાતા ન હોય, કુમળા શરીર હોય પણ બેસવું પડે ત્યાં દુકાન ઉપર. ઘરાક સારું આવ્યું હોય એને સાચવવા માટે. આવા દુઃખ છે, બાપા! બધું દુઃખ જ છે, હોળી છે ન્યાં.

મુમુક્ષુ :– પણ પૈસા તો મળે.

ઉત્તર :– ઇ જ કહે છે એને કમાવા માટે આ બધું દુઃખ થાય છે, વર્તમાન જ દુઃખ છે કહે છે. પછી તો દુઃખ થાશે તો પછી ભોગ-ઉપભોગમાં પણ દુઃખ છે. ન્યાં ક્યાં સુખ છે? એમ અહીં તો કહે છે.

**'શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતે હૈં.'** એ તો ક્લેશ છે. કમાવું પણ ભોગ ભોગમાં કમાવા માટે ક્લેશ... ક્લેશ..., આકુળતા... આકુળતા... આકુળતા... **'યહ સભી જન જાનતે હૈં કિ ગેહૂં, ચના, જૌ આદિ અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે ખેતી કરનેમેં એડીસે ચોટીતક પસીના બહાના આદિ...'** લ્યો! શું કહે છે? **'યહ સભી જન જાનતે હૈં...'** આ ઘઉં, ચણા, જવ આ ખેતીમાં વાવે છે, કેટલી મહેનત કરવી પડે છે લોકોને બિચારાને! ઇ કહે છે, જુઓ!

**'એડીસે ચોટીતક પસીના બહાના પડતા હૈ.'** એકલા કપડા છોડી દીધા હોય, ચૈત્ર મહિનાના (તડકા) હોય, ઇ વાવે ને ઇ લણે ને આહાહા..! એવી ગરમી હોય, એવી ગરમી. વાણિયો હોય તોપણ ત્યાં બેસવું પડે દુકાન ઉપર. અરે..! પણ આ કપડું સંઘરતું નથી. પણ આ બધા ધંધા, આમાં ઉઘાડે શી રીતે બેસવું? બધી બાયડી આવી છે. એવું દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સહન કરીને પણ કમાવા બેસે. હોળી સળગે છે ન્યાં, તને દુઃખની (હોળી) છે, જો તો ખરો.

મુમુક્ષુ :– કરવું શું? એનો ઉપાય શું?

ઉત્તર :– એનો ઉપાય આત્માની દૃષ્ટિ કર, બીજા પુણ્ય-પાપની તૃષ્ણા ને રુચિ છોડ, ભોગ-ઉપભોગની રુચિ છોડ, કમાવાની રુચિ છોડ, આત્માની દૃષ્ટિ કર. તને શાંતિ ઇ સિવાય ત્રણકાળમાં (થશે નહિ). આહાહા..! ઇ માટે તો આ ઉપદેશ કરે છે. સમજાણું?

**'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે...'** એક મકાન કરવું હોય તો જુઓને કેટલી ખબર પડે છે? કેમ 'ચીમનભાઈ'? કેમ મોઢું કાળુ થઈ ગયુ હતું, લ્યો! તડકે ઉભા રહેવું પડે, ન્યાં કાંઈ માથે છત્રી લઈને ઉભા રહેવાય? એ 'મોહનભાઈ'! મકાન કરવા હોય ન્યાં ઉભા રહેવું પડે. એ ક્યાંક પછી આમ જાય, આમ જોવું પડે, આમ જોવું જાણે કો'ક વળી આમ કહી જાશે, કો'ક આમ લઈ જશે અથવા અહીં ક્યાંય બેઠો હશે. પેલી કોર ભીંતથી ઓથે બેસી રહેતો હશે, કામ નહિ કરતો હોય. અડધો કલાક ન્યાં જવું પડે. આમ થી આમ... એય..! એમાં અત્યારની આ બધી બદલી ગઈ છે. આહાહા..! દાડીયા ને કડીયા ને... ઇ તો જરીક નવરાશ મળે એટલે બેઠા જ હોય. એ વળી શેઠ આવે તો વળી ઉભા થઈને શરૂ કરે. એય..! કહે છે કે, ન્યાં પણ ચિંતા છે, બાપા! ઇ મકાન ચણાવવામાં ચિંતા (છે). ભોગ્ય–ઇ મકાન ભોગનું સ્થાન છે ને? કપડા બનાવવામાં.

મુમુક્ષુ :– વાંહેથી (પાછળથી) સુખ છે.

ઉત્તર :– એ ધૂળમાં વાંહે (પાછળથી) (સુખ) નથી, ઇ કહે છે. પહેલું દુઃખ છે, વાંહેથી (પાછળથી) દુઃખ છે, એમ અહીં કહે છે. ઇ તો બતાવે છે દુઃખ છે. આત્મામાં આનંદ છે, ભાઈ! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એની દૃષ્ટિ કર ને એનું જ્ઞાન કર એમાં આનંદ છે. એમાં ધર્મ છે એ સિવાય ક્યાંય આનંદ ને સુખ છે નહિ. મરી જાય, સુકાઈ જાય તો કાંઈ છે નહિ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ... ઘરના ઘરમાં નહિ હોય ને?

ઉત્તર :– ન્યાંય પછી હોળી છે. ઇ તો પહેલી કહી ગયા. ખાવા, પીવા વખતે પહેલી તૃષ્ણા, અતૃપ્તિ ને છેલ્લે છોડવું મુશ્કેલ–ત્રણ તો બોલ કહી ગયા. પછીની વાત, આ તો પહેલાની વાત કરી, પેલી પછીની વાત કરી. સમજાણું કાંઈ? 'પૂજ્યપાદસ્વામી'એ જગતના બધા પડખા જોઈને (વાત કરી છે).

મુમુક્ષુ :– ..

ઉત્તર :– નહિ, એમાં છે ને! આ બધું ભરેલું છે. **'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે ખેતી કરનેમેં...'** ખેતી કરનેમેં, દુકાને બેસવા વગેરેમાં, એને સાચવવામાં **'એડીસે ચોટી તક પસીના બહાના...'** કેટલું કર્યું છે આ તમારા બાપે? અત્યાર સુધી મજુરી કરી છે કે નહિ બધી? ઉઘાડા શરીર ને આ ને આ ને... મજૂરી કરી તોપણ પૈસા ભેગા થયા નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ. તમારી વાત કરીએ 'વાસુદેવ'ની. કીધું, અત્યાર સુધી ઘણી મહેનતું કરી પાપની, પાપ માટે, રળવા માટે, આ ભેગું કરવા માટે બહુ કર્યું પણ થયું નહિ કાંઈ. ઇ અહીં કહે છે. પાપ, પાપ ને પાપ. રળવું પાપ, છોકરા માટે પાપ, બાયડી માટે પાપ, પૈસા ભેગા કરું, આબરૂ માટે પાપ ને પાપ કર્યાં. કહે છે. ધર્મ તો ન કર્યો પણ પુણ્ય પણ ન કર્યું એમ કહે છે. આહાહા..! એકે એક વાત લીધી છે, હોં!

મુમુક્ષુ :- સ્વર્ગમાં જાય તો?

ઉત્તર :- ના, ના નરકમાં જાય. ઇ કહેશે. આ તો એમ કે પૈસા પણ ન થયા ને નવા પાપ બાંધ્યા. પેલાને તો પાપથી પૈસા થયા એટલું તો ઇ માને છે, એમ. એય..! 'વાસુદેવ'! કાઢ્યું કે નહિ? પેલાએ તો પાપ કર્યાં, પૈસા તો પુણ્યને લઈને થયા પણ અહીં તો પાપ કર્યાં ને પૈસા પણ ન થયા ને સુગતિ ન થઈ, કાંઈ ન થયું. એય..! ઇ અહીં કહે છે.

'પૂજ્યપાદસ્વામી' આમાં કહે છે કે, શરૂઆત રળવામાં પાપ, ભોગવવામાં પાપ. બધે દુઃખ દુઃખ ને દુઃખ છે. **'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે...'** લક્ષ્મી અને અન્ન, મકાન આ પરણવું હોય તો ગરીબ માણસને કેટલી મહેનત કરવી પડે જોયું? એક બાયડી માટે કેટલા... સમજ્યા ને? એમ કાંઈક બોલે છે, ભાષા કાંઈક બોલે છે. કેટલું કરે! એવી બધી કાંઈક ભાષા છે. એક લાવવી હોય તો આમ કેટલું બધું ખોવું પડે. એવી ભાષા છે કાંઈક, સાંભળી હશે, મગજમાં અત્યારે યાદ રહી ગઈ. 'એક આવે વહુ, તો વેચાય સહુ' એવું કહે છે, લ્યો! હવે વળી યાદ આવ્યું. અને આ તો સાંભળેલું હોય ને પૂર્વે, કો'ક ઘણા વર્ષની વાત હોય. આ તો પચાસ-સાંઈઠ વર્ષ પહેલા સાંભળેલી હશે પણ એ વાત મગજમાં આવી ગઈ. એમ બોલતા પહેલા, હોં! 'એક આવે વહુ, તો વેચાય સહુ' એમ કહેતા. હા, હા કહેતા હોં! આ તો સાંભળી વાત છે. ઇ યાદ નહોતું આવતું પણ યાદ કરાવી દીધી. એક વહુ માટે તો કેટલી તરફડ મારે, કેટલાની સફારશ કરે, આમ ભાઈ! અમારે એક છોકરો સારો છે, હોં! આમ છે, તેમ છે, ફલાણું છે, ઢીકણું છે. આહાહા..! એમાં પગમાં કે શરીરમાં કાંઈક ખોડખાપણ હોય અને એને વરાવવો હોય...

મુમુક્ષુ :- સારા ઘરની વહુ તો પચાસ પચાસ હજાર લાવે.

ઉત્તર :- ઇ લાવે તો પણ દુઃખદાયક છે, ઇ કહે છે પાપ છે.

મુમુક્ષુ :- પહેલા વેંચાતા, હવે તો..

ઉત્તર :- ઇ અત્યારે એમ ઘણાને છે બિચારાને. એક વહુ માટે તો આખી મુશ્કેલી પડે. અમે તો બધા દાખલા કેટલા તમને આપીએ? અહીં તો બધું જોયું છે ને! એક બાયડી માટે બિચારા ગરીબ માણસ હોય સાધારણ, અરે..! રીતસર ઠીક હોય. પચાસ પચાસ હજારની, લાખની મૂડી હોય, શરીરમાં કાંઈક સાધારણ હોય ને કો'કને ખબર પડી ગઈ હોય, હવે કરવું શું? ગુપ્ત ગુપ્ત થઈ જાય તો વાંધો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'એડીસે ચોટીતક પસીના બહાના પડતા હૈ...'** દીકરી લાવવા, કન્યા લાવવા એમ કહે છે. દુકાનમાં તો નવરા હતા ને! ધંધો-બંધો આપણે ઘરનો, આપણે બધું જાણેલું. 'મગનભાઈ'! દુકાન ઘરની હતી, અમારા પિતાજી હતા અને ઘરની દુકાન એટલે અમારે કામ કાંઈ એવા નહિ, બધું જોઈએ, ઘણાનું જોયેલું. આહાહા..! ભારે ભાઈ! દાખલો આપ્યો, હોં!

**'દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં.'** લ્યો! અરે..! પૈસાવાળાને એક કન્યા વરાવવી હોય તો કેટલું થાય વિચારો તો ખરા, પુછો તો ખરા ખબર પડે. એમાં કાંઈક કાળી હોય, સહેજ નમણી ન હોય અને એને અત્યારના છોકરા પાસે વરાવવી, અરે..! પરસેવા ઉતરી જાય. એય..! અમને ખબર છે કે નહિ બધી? જરીક કાળી હોય ને જરીક શરીરમાં ફેર હોય, કાં તો બહુ લાંબી હોય, કાં બહુ ઢીચકી હોય, એને વરાવવી અને એ છોકરા અત્યારના પાસ કરે, મરી જવું પડે બિચારાને. સફારશ કરે, 'રામજીભાઈ' પાસે જાય, ઢીકણા પાસે જાય, અમારી કોઈને સફારશ કરો. કેમ 'ભગવાનભાઈ' એમ થાય છે કે નહિ? હા. હા હા પણ અમને તો બધી ખબર છે ને. એકે એકની વાતું ખબર છે. જ્યાં ડગલા કોના ભરે છે, કઈ રીતે (ભરે છે), બધાની ખબર છે.

અહીં તો કહે છે કે, એ ભોગની અનુકૂળતા... એ કન્યા છે એને પરણાવવામાં અનુકૂળ લેવા જાય ત્યાં આમ ચોટી તક પરસેવા ઉતરતા હોય ખાવું ભાવે નહિ. સમજાણું? આહા..! એક તો રબારીને છોકરો નાનો, હજી તો બે વર્ષનો થયો, બે વર્ષનો, ત્યાં એની માને ચિંતા. અત્યારથી જો સગપણ નહિ આવે તો મોટી ઉંમરે મુશ્કેલ પડશે. સમજાણું કાંઈ ? એય..! અમારે 'હિંમતભાઈ'ને ખબર છે ઇ. હજી તો બે વર્ષનો થયો નથી. સમજ્યા ને? અત્યારથી નહિ વેવિશાળ નહિ થાય, સગપણ ક્યાંક કરી દઈએ... શું કહેવાય? ... એમ કહે ને? શું કહેવાય? નોંધી દ્યો, બીજી ભાષા કહે છે. ચોપડ્યો હોય તો કાંઈ કામ આવશે ક્યાંક. કાંઈક કહે છે ખરા, પણ એ ભાષા યાદ નથી. ખરડ્યો હશે, સગપણમાં ખરડ્યો હશે તો કાંઈક (થશે). પછી મોટી ઉંમરે એ લોકોને બહુ મુશ્કેલ પડે છે. પંદર-વીસ વર્ષનો થાય પછી ભારે મુશ્કેલ. એ બધા માથા સુધી દુઃખ છે, કહે છે. ભોગ મેળવવામાં જાય ત્યાં ભોગને માટે શરૂઆતમાં આવા દુઃખ ભોગવે. માટે મુક હોળી. ભોગમાં સુખ નથી, પૈસામાં સુખી નથી. સુખ છે આત્મામાં લે. એ આત્મામાં આનંદ છે ત્યાં શ્રદ્ધા ને જ્ઞાન કર એ કરવા જેવું છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૭, મંગળવાર
## તા. ૨૯-૦૩-૧૯૬૬
## ગાથા-૧૭ પ્રવચન નં. ૧૪

'ઇષ્ટોપદેશ' સત્તરમી ગાથા શિષ્યનો પ્રશ્ન હતો કે આ આત્માને આ બાહ્ય પાંચઇન્દ્રિયના ભોગ છે એ તો અમને સુખનું સાધન થાય તો એને માટે લક્ષ્મી પણ સાધન છે. તો લક્ષ્મીને એટલી તો પ્રશંસનીય કહો કે એટલા ભોગના સાધન મળે છે. આ અજ્ઞાનીની મિથ્યાદૃષ્ટિ છોડાવવા માટે આ પ્રશ્ન છે. અજ્ઞાની પૈસાથી સુખ માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અને પૈસાથી મળેલા ભોગો એનામાં ભોગમાં સુખ માને છે એ પણ મિથ્યાદૃષ્ટિનું મહાન પાપ છે. એ મિથ્યાદૃષ્ટિપણું છોડાવવા આ વાત કરે છે. સમજાણું કાંઈ? (કોઈને એમ લાગે કે) આવી વાત શું? આ પુણ્ય આવું ને ફલાણું આવું ને ઢીકણું આવું? પુણ્યથી પૈસા મળે ને પૈસાથી સાધન મળે છે એમાંથી કાંઈ છે કે નહિ? પણ પૈસા કમાવાનો ભાવ જ પાપ છે અને એને લાભ માનવો એ મિથ્યાત્વ છે. આ પૈસા કમાવાથી લાભ થાય એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

પૈસા એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય મને મળે તો મને ઠીક પડે એ ભાવ જ તદ્દન પાખંડ મિથ્યાત્વ પાપ છે મિથ્યાત્વનું. એ પાપ છોડાવવા વાત કરે છે. સમજાણું કાંઈ? અને ઇન્દ્રિયોના વિષયો ભોગવવા એમાં પાપ છે, પાપ છે, એમાં દુઃખ છે. એને માને છે કે આ મને ઠીક છે. એ ઇન્દ્રિયોના ભોગમાં પાપ છે. સુખબુદ્ધિ માને છે એ મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાત્વભાવને છોડાવવા માંગે છે. સમજાણું કાંઈ?

કાલે પ્રશ્ન કર્યો હતો કે... ક્યાં ગયા 'ધર્મચંદભાઈ' નથી આવ્યા? 'ધર્મચંદભાઈ' માસ્તર. અત્યારે નિશાળે (ગયા હશે). સવારની નિશાળ છે. પેલો એનો છોકરો આવ્યો હતો ને? 'કિરીટ'. ઇ કહેતો તો કે આ બધી વાતું (થાય છે) પણ આપણે તો આત્માની વાત ચાલે છે. આમાં આ (શું)? ઇ આત્માની જુદી જુદી કહે છે, ભાઈ! તને ખબર નથી. આમાં આત્માની ક્યાંય વાત એમ કે આત્માનો ધર્મ કેમ થાય એમ તો ન આવ્યું એમ. કીધું, આત્માને આ રીતે અનાદિથી મિથ્યાદૃષ્ટિનો અધર્મ થાય છે ઇ બતાવીને પછી આત્મામાં ધર્મ કેમ થાય ઇ બતાવશે. સમજાણું કાંઈ? આ પૈસા કમાવાનો ભાવ એ પાપ છે અને એમાં ઠીક માને છે, અમે કમાઈએ છીએ, એ મિથ્યાત્વભાવ મહા મિથ્યાત્વનું મોટું પાપ છે. સમજાય છે કાંઈ? ઇ માટે આ વાત કરે છે. આત્માની જ વાત છે.

આત્મામાં અંતર આત્મામાં આનંદ છે અને આનંદનું સાધન એ પોતે આત્મા છે. એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઠેકાણે પૈસામાં સુખ માનવું, પૈસા મળે એમાં રાજી થવું એ બધો મિથ્યાત્વભાવ છે. કહો 'પોપટભાઈ'! અને આયુષ્ય ઓછું થઈ જાય છે અને અમે વધીએ છીએ ઇ મિથ્યાત્વભાવ છે. શેમાં વધ્યો તું? મનુષ્યનો કાળ ઘટતો જાય અને આ લક્ષ્મીમાં અમે આ તો વધ્યા ને? દીકરામાં વધ્યા, વ્યાજમાં વધ્યા, પૈસામાં (વધ્યા). શું વધ્યું તને ? મિથ્યાત્વભાવમાં વધ્યો, મિથ્યાત્વ મહા વિપરીત માન્યતા તને થઈ કે આ વધ્યો એટલે હું વધ્યો. મૂઢ છો, મિથ્યાદષ્ટિ છો એમ કહે છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– મિથ્યાત્વનું મૂળ ઊંડુ ઘણું.

ઉત્તર :– મિથ્યાત્વનું મૂળ ઊંડુ એનો અર્થ આ આત્મા દ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્યનો એક રજકણ પણ મને સુખદાયક છે કે દુઃખદાયક છે એ માન્યતા જ તદ્દન પાખંડ ને મિથ્યાત્વની છે. એ માટે આ વિષય લીધો છે. આ 'ઇષ્ટોપદેશ' છે. સમજાણું કાંઈ? અથવા પૈસા છે તો આપણે દાન કરશું. પૈસા તો પરદ્રવ્ય છે. સમજાય છે? એમાં દાન આદિ કરશું તો ધર્મ થશે એ વસ્તુ ક્યાં છે? ધર્મ એમ થતો જ નથી. પહેલેથી પૈસા કમાઈએ પછી આપણે દાન કરશું. એ તો પહેલા પાપ કરવા અને પછી પુણ્ય કરશું. ધર્મ તો ક્યાંય બન્નેમાં નથી. સમજાણું કાંઈ? એ માટે આ સમજાવે છે.

આચાર્ય 'પૂજ્યપાદસ્વામી' છે. જંગલમાં વનવાસી હતા. એક એક કડી કાંઈ મફતમાં નથી મુકી. સમજાણું? શરીરની અનુકૂળતા હોય તો ઠીક પડે. એ પરદ્રવ્યની અનુકૂળતાએ ઠીક પડે? મૂઢ તું છો, મિથ્યાદષ્ટિ છો. અને શરીર આદિમાં રોગ આદિ હોય તો મને ઠીક ન પડે. મૂઢ છો. પરદ્રવ્યની સાથે ઠીક ન પડે એવું ક્યાંથી લાવ્યો? મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વભાવ છે ઇ. સમજાણું કાંઈ?

છોકરા આદિ અનુકૂળ હોય, સ્ત્રી આદિ અનુકૂળ હોય, આપણી માવજત કરે. કોની કરે? ધૂળની કરે. સમજાણું કાંઈ? તારી માન્યતામાં મોટો ભ્રમ પેસી ગયો છે. ભ્રમણાનું પાપ મોટું અનંતગણું છે. આ બધા હોય તો મને ઠીક પડે, રોગ વખતે માવજત કરે, મને સમાધાન રહે. સમાધાન એમ રહેશે? સમાધાન આત્માનું જ્ઞાન કર્યે સમાધાન થાય. એને ઠેકાણે કહે કે આવું બધું હોય તો મને સમાધાન થાય. તારી દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ છે એમ કહેવા માંગે છે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આહા..!

એ છોકરો કાલ બપોરે બાર વાગ્યો ગયો. દસ વાગે અહીં આહાર કરીને ફરીએ ને કો'ક નવરું મળી જાય સાથે. એ કહે, પણ આમાં આત્માની વાત ન આવી. આ વાત કેમ આવી? બહારની આ પૈસાની ને આની ને આની (આવી). પણ એ પૈસો રળવો એમાં મને ઠીક છે એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. પૈસો ક્યાં ધૂળ તારી હતી કે તું રળ તો તને સુખ થાય. અને તારા ભાવથી એ રળી શકાય છે? અને હું રળી શક્યો એ માન્યતા મિથ્યાત્વ છે. પૂર્વના પુણ્યને લઈને મળી છતાં મારા પુરુષાર્થને લઈને મળી (એમ માને છે તો) મિથ્યાદષ્ટિ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મૂઢ છો. કહો, 'મોહનભાઈ'! આહાહા..!

અહીંયાં ઇ વાત કરે છે. એ બધા બોલો જે ગયા. ત્યારે છેલ્લો પ્રશ્ન ઇ (કર્યો) કે પણ હવે લક્ષ્મીને એટલી તો ઠીક કહો કે જેથી સારા ભોગ આદિ સાધન મળે અને એમાં ભોગનું સુખ તો મળે ને? ભોગનું સુખ તો મળે ને? પાંચ ઇન્દ્રિયના વિષયો, શબ્દ, રૂપ, રસ, ગંધ, એ ઢોલીયા, એ પંખા, એ મખમલ, એ લાડવા, એ મોસંબી, આ ચૈત્રના (તડકા) હોય તો પાણી ઉડે બપોરે બાર વાગે, એ બધું ધન હોય તો મળે અને એમાં કાંઈ સુખ છે કે નહિ? ધૂળમાં પણ સુખ નથી. ક્યાં તું માનીને બેઠો? બહારના સાધનમાં સુખ છે? મિથ્યાદૃષ્ટિ તારો ભાવ મિથ્યાત્વ છે. આત્માના શ્રદ્ધાથી વિરોધી વેરી છો તું, એમ કહે છે. 'જમુભાઈ'! આહાહા..! જુઓ!

**'ભોગોપભોગ કમાયે જાનેકે સમય,...'** પહેલી લીટી. તું કહે કે પૈસાથી ભોગોપભોગ મળશે તો એટલો તો પૈસાને ઠીક કહો, પરદ્રવ્યને ઠીક કહો. પરદ્રવ્યમાં ઠીક હતું? મૂઢ! આત્મા આનંદ સ્વરૂપ છે. એમાં સુખની ખાણ ત્યાં છે એની શ્રદ્ધા કર. છોડી દે આ બધી શ્રદ્ધા, પરમાં મને સુખ થાય ને પરને લઈને મને દુઃખ થાય (એ) માન્યતા છોડ. એનું નામ આ 'ઇષ્ટોપદેશ' છે. સમજાણું કાંઈ? ભાઈ, કાંઈક સાધન-બાધન સારા હોય, ઠીક હોય તો નિવૃત્તિ (લેવાય), પૈસાવાળા હોઈએ, છોકરા કમાતા હોય તો નિરાંતે લઈને બેસાય, તો ધર્મધ્યાન થાય. તને દૃષ્ટિમાં મિથ્યાત્વનો ભ્રમ છે, કહે છે. બહારના સાધન હોય તો નિવૃત્તિ લેવાય ને ધર્મ થાય એવું કહ્યું કોણે તને? એવું વસ્તુના સ્વરૂપમાં છે જ ક્યાં? સમજાણું કાંઈ?

બહારના સાધન તો અનંતવાર અનુકૂળ મળ્યા એની સાથે શું સાધન છે? અનુકૂળ કહેવા કોને? સમજાણું કાંઈ? કે આટલું કાંઈક ઠીક હોય ને આટલું કાંઈક ઠીક હોય ને. મૂઢ છો, કહે છે કે આટલું ઠીક. અહીં ઠીક હોય કે અહીં ઠીક હોય? એ માટે આ ઉપદેશ છે 'ઇષ્ટોપદેશ'. સમજાણું ? પેલા છોકરાએ કાલ કહ્યુંને પછી મેં કીધું.. આ પૈસાથી આમ રળાય ને ફલાણું આમ થાય ને પૈસાની જ વાત આવી, આ બધી એવી જ આવી. પૈસા કમાણા, કમાતા, ઢીકણું એવી વાત શું કરવા કરે છે? પણ એમાં હેતુ છે. તું ચોવીસ કલાક મથે છો કે હું આમ રળુ, આમ રળુ, આમ પેદા કરું. એ ભાવ તારો મિથ્યાત્વભાવ છે, મિથ્યાદૃષ્ટિનો ભાવ છે. ચારિત્રદોષ તો બીજો, આ તો મિથ્યાત્વનું મહાન પાપ.

મુમુક્ષુ :- તારા દોષ બતાવે છે.

ઉત્તર :- હા. 'પોપટભાઈ!' ઊંધુ માન્યું છે કે અમે આમ રળીએ ને આમ કરીએ. શું રળે? ધૂળ. પૈસા તારી ઇચ્છાથી મળતા હશે? અને પુણ્યથી મળ્યા એમાં સુખ માન્યું કે આ ઠીક (થયું). તારી મૂઢતા છે. આત્માના સ્વભાવમાં સાધન શુદ્ધ છે એને તું ગણતો નથી ને આ સાધનને ગણે છો, એ તારી વિપરીતતા, આત્માથી તારી વિપરીત બુદ્ધિ છે. ઇ વાત છે આ. સમજાણું કાંઈ? કહો 'રંગલાલજી'! ભાઈ બે, પાંચ હજાર રૂપિયા હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાંચ-પચાસ હજાર આજીવિકા મળે પછી નિરાંતે કરીએ. શું છે? મૂઢ છો? શું છે તને?

મુમુક્ષુ :– વ્યાજ મળી રહે ને!

ઉત્તર :– પણ કોનું વ્યાજ? આ તારું વ્યાજ ચડે છે મિથ્યાતનું મોટું. એવું હોય તો મને ઠીક પડે ને પછી નિરાંતે ધર્મધ્યાન કરશું એ તારી માન્યતા સાચી છે નહિ, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? પહેલા જુવાનીમાં રળી લઈએ, વૃદ્ધાવસ્થામાં એ કામ આવે. જ્યારે શરીર ઇન્દ્રિયો મોળી પડે, કોઈ કામ-કાજ કરનાર ન હોય, પૈસા હોય તો કામ આવે. આ બાયડીચું કેટલીક એવી ઢોંગ કરે. કાંઈ ન હોય તો અંદર ટંકમાં રાખે. વહુને એમ લાગે કાંઈક લાગે છે બાયજી પાસે. એટલે પછી સેવા કરે કે આવું કરે. મહા મિથ્યાદષ્ટિ મૂઢ છે. બહારના આવા મભા ખોટા રાખે અને બીજા સેવા કરશે, સેવા કરે એમાં આત્માને લાભ શું? સમજાણું કાંઈ? આહાહા..! વૃધ્ધ હોય ને કેટલાક? ખાલી ટંક હોય, પથરા મુક્યા હોય મોટા મોટા અને તાળું દઈને રાખ્યું હોય. વહુરુઓને મોહ હોય. બાપુજી પાસે, સાસરા પાસે કાંઈક છે, આપણે સેવા કરો. એ પણ મૂઢ છે. મિથ્યાત્ભાવ, આવી ભ્રમણા કરીને તને એ સુખ આપશે, સેવા કરશે. પેલી પણ મિથ્યાદષ્ટિ મૂઢ છે. એની પાસે કાંઈક છે, આપણને પાછળથી આપશે. મરી ગયા પછી ખોલ્યું તો એકલા પથરા. પહેલું જાણ્યું હતું કે કાંઈક છે ટંકમાં, કાંઈક છે બાપુજી પાસે. એ ટંકને કોઈ અડશો નહિ, હોં! એક કુંચી મારી પાસે રાખજો. કાંઈક લાગે છે એમાં. પાંચ પાંચ શેરના આઠ-દસ પથરા મુકેલા. 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– વાર્તા હશે ને?

ઉત્તર :– ના, ના બનેલું આ. વાર્તા હોય? એવો એક ઠગ બરાબરનો સાસરો હતો ઇ જાણે કે આ કોઈ કરતું નથી. કોઈ વહુરું મારી સામું નહિ જોવે. એક એક જુદી થતી જાય છે. બધા છોકરા (ગયા), એક નાનો છોકરો ભેગો રહ્યો એ કોણ જાણે શું કરશે આ? મભો કર. એય..! આ સંસારમાં તારી દષ્ટિમાં વિપરીતતા કઈ રીતે પોસાય છે એનો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ? બરાબર હશે કે નહિ 'ચીમનભાઈ'? આહાહા..!

મુમુક્ષુ :– પરમાં..

ઉત્તર :– હા, ઇ કહે છે અહીંયાં. કંઈક પણ મારા સિવાય પરમાં કાંઈક ઠીક છે, મૂઢ મિથ્યાદષ્ટિ છો, કહે છે. સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યથી કંઈક ઠીક છે, કંઈક મજા પડે. મહા મૂઢતા, તારા આત્માના સ્વભાવની વિપરીત માન્યતા છે. અને આ આત્મા સિવાય વિપરીત ભાવ હું રાગ કરું તો દુઃખ થાય (એમ નથી માનતો). એ સિવાય પર ચીજ મને દુઃખનું કારણ છે, પર ચીજ મને અહિતકર છે, મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? 'મોહનભાઈ'! શરીર કામ ન કરે. ભાઈ અમે તો પહેલા કર્યા હતા. બન્ને રીતે મૂઢ છો, કહે છે. પહેલા શરીરથી કામ થયા હતા ઇ તેં નથી કર્યા. ઇ પરદ્રવ્યના કામ હું કરી શકું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું, કરી શકતો હતો (એ) તદ્દન મિથ્યાત્વ, જડને ચૈતન્ય માનનારો મિથ્યાદષ્ટિ છે. અને અત્યારે પણ શરીર મારું રાજી થાય તો હું કરી શકતો ને હવે હું નથી (કરી શકતો), હવે મારા હાથ હેઠા પડ્યાં, કડ (–કમર) ભાંગી ગઈ. કહે છે ને કેટલાક? હવે નથી થઈ શકતું. એ પણ મૂઢ છે. જડથી કે દિ' થાતું હતું. એ તો જડ માટીની અવસ્થા છે. શરીરની અવસ્થા શરીરને કારણે થાય, આત્માથી થાતી હશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કાલે બપોરની વાતમાં અને અત્યારની વાતમાં ઘણો ફેર લાગે છે.

ઉત્તર :– એ માટે જ અહીં કહે છે કે, પરથી મિથ્યા માન્યતા ભ્રમણાને છોડ, આત્મામાં આનંદ છે ત્યાં દૃષ્ટિ કર, એમ છે અહીં. એને આ રીતે ભાસ થયા વિના પરથી હટશે કેમ? સમજાણું? પરમાં ક્યાંય સુખ નથી, પુણ્યના પરિણામમાં સુખ નથી, પાપ પરિણામમાં સુખ નથી, બહારની ચીજમાં સુખ નથી, શરીર નીરોગતામાં સુખ નથી, શરીરના રોગમાં દુઃખ નથી, નિર્ધનતા તે દુઃખ નથી, સધનતા તે સુખ નથી. એવી માન્યતા બરાબર થયા વિના પરથી હટીને અંતરમાં કેમ જશે? એમ કહે છે. સમજાણું કાંઈ? અંતરમાં લ્યો! આત્મા આત્મા (કરે), પણ શી રીતે જશે? આ વસ્તુ બિલકુલ મને લાભદાયક નથી. શુભરાગનો એક વિકલ્પ ઉઠે એ પણ મને સુખરૂપ નથી. નવો પુણ્યનો ભાવ. સમજાય છે કાંઈ? તો પૂર્વના પુણ્ય ને પૈસા તો ધૂળ ક્યાંય રહી ગઈ. આહાહા..! કહો, 'કામદાર'! શું છે આમાં? ઘણાને એમ હોય કે આપણે છોકરા બરાબર પહોંચી વળ્યા છે. એક છોકરો 'મુંબઈ'ને એક છોકરો 'રાણપુર' ને એક છે 'ઇંદોર'. ત્રણ ત્રણ રળે એટલે નિરાંતે બેસાય એમ હશે અહીં? એમ કહે છે.

મુમુક્ષુ :– ઇ તો હવે કમાવા મંડ્યા, પહેલા ક્યાં કમાતા હતા.

ઉત્તર :– પણ અહીં કાંઈક કરતા હતાને ? ન્યાં 'રાણપુર'. શું છે પણ? કોને કમાવું કહેવું? કહે છે કે, તને મિથ્યાત્વના પાપની ખોટ જાય છે અને તું કમાણો એમ કહે છે તારી દૃષ્ટિમાં મોટો ફેર છે. તારા માપમાં દૃષ્ટિમાં ફેર છે. સમજાણું કાંઈ? કહે છે કે, અમને પાંચ લાખ ઓણ (આ વર્ષે) મળ્યા. શું મળ્યું તને? મિથ્યાત્વ મળ્યું મહાપાપ, પાખંડ મળ્યું. શું? મિથ્યાત્વનું પાખંડ મળ્યું તને અને તું કહે છે કે, મને પાંચ લાખ મળ્યા. મૂઢ છો? આવી દૃષ્ટિ ક્યાંથી લાવ્યો? અમે કમાણા. હારી ગયો છે એમાં કમાણા ક્યાંથી આવ્યું? આહાહા..! પાંચ લાખમાં એક તો તારા પૂર્વના પુણ્ય બળી ગયા અને આવ્યા એ મને ઠીક પડ્યું એવી માન્યતા તારી મહા મિથ્યાત્વનું અનંતો સંસાર વધારે એવી મિથ્યાદષ્ટિ છે. કહો, 'ચીમનભાઈ'! શું કરવું આમાં? ભારે વાત, ભાઈ! આ તો જરીક છોકરાએ પૂછ્યું એનું બધું ચાલ્યું થોડું, હોં!. 'કિરીટ' છોકરો નહોતો એક? અહીં પહેલા ભણતો હતો ને? ઇ કાલે અહીં (આવ્યો હતો). વ્યાખ્યાન (પછી) આહાર કરીને ફરતા હતા. એકલો આવ્યો. કોઈ વખતે હોય ને. થોડાક નિશાળે ગયા હોય. કાલે તો સોમવાર હતો. (એ કહે), આમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવો ઉપદેશ કર્યો એમાં આત્માની વાત બપોરે કરી ઇ બહુ સરસ આવે, લ્યો! હમણાં કીધું નહિ? એય..! ઇ બપોરની વાતની જ વાત છે. બેમાં કાંઈ ફેર નથી.

આ આત્મા અનંત આનંદનો કંદ એકલો છે એના ઉપર દૃષ્ટિ દીધે પરદ્રવ્ય બધા મને હિતકર કંઈ છે નહિ એવું નક્કી કરે તો એને સ્વ ઉપર દ્રવ્યમાં દૃષ્ટિ જાય. એ માટે આ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! આ શરીર કાંઈક ઠીક રહે. આમ બેસે આમ રહેને સરખું, આમ સરખું આમ રહે તો ઠીક. એ તારી ભ્રમણા છે. શરીર તો જડ છે. કેમ રહેશે ને કેમ બેસસે એ તારો અધિકાર છે એમાં? તું તો અરૂપી જ્ઞાનઘન જુદી ચીજ છો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ તો કહે છે અહીંયા કે ભઈ તમે પૈસાને બહુ નિંદ્યા, સમજ્યા ને? પણ પૈસાથી તો દાન થાય, પૂજા થાય, ભક્તિ થાય. દાન થયા પહેલા પાપ થાય એનું શું છે? પછી તો તને તૃષ્ણા ઘટશે કે નહિ? એ બહુ વધશે એટલે (તૃષ્ણા ઘટશે) એમ કોણે કહ્યું? પુણ્યને માટે પણ આમ કહ્યું છે તો ધર્મને માટે? પૈસા હોય તો શું ને લક્ષ્મી હોય તો શું? દાન આપ્યું એમાં ધર્મ ક્યાં થયો? એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? કરોડ રૂપિયા થયા ને નવ્વાણું લાખ આપી દીધા. સમજાય છે? એક લાખ રાખ્યા, ભાઈ ! અમારે આજીવિકા માટે. તને શું થયું? પણ ધર્મ ક્યાં છે એમાં?

મુમુક્ષુ :– એવું કરે છે કોણ?

ઉત્તર :– વાત તો સાચી છે. એવું કરે નહિ કોઈ. એનું રાખે ને. માંડ માંડ.. કરોડમાં એક લાખ આપે ત્યાં તો આમ મોટા ભૂંગળા ફૂંકે. અમને આપ્યું છે ભગવાને, તો આપીએ છીએ. ભગવાને આપ્યા હશે પૈસા! ધૂળ તો એને કારણે આવે છે ને એને કારણે જાય છે. ધૂળ, રજકણ, માટી છે. ભગવાને આપ્યું... પેલા કહેતા ને 'ગીરધરભાઈ', નહિ? ડોસા. પરમેશ્વરે આપ્યું છે તો વાપરીએ છીએ. બહુ વાપરતા. 'ગીરધર મનસુખ' 'લીમડી'વાળા નહિ? વિસાશ્રીમાળી. આ તમારા ડોસા આવતા ને? અહીં બેસે, સાંભળે ખરા. એ તો ઓળખે નહિ તો બધે મુંડાવ્યું છે, ચારે કોર. બધે જઈ આવ્યા હતા. કહો સમજાણું?

અરે..! ભગવાન! આ આત્માને લક્ષ્મી આપે કોણ? ભગવાન આપતો હશે? તારા રાગ ને કમાવાના ભાવથી મળતા હશે? આ પૂર્વના પુણ્યના રજકણ એ તારા છે કે એનાથી તને મળ્યા? એ રજકણ તો જડ છે. પૂર્વના પુણ્યના રજકણ એ માટી, અજીવ છે. એનાથી મળ્યા એ કોને મળ્યા? મળે ક્યાં? કે ન્યાં આવ્યા. ઇ તો એને કારણે આવ્યા છે. ખરેખર તો પૂર્વના પુણ્યને લઈને પણ આવ્યા નથી. એક એક રજકણ–માટી સ્વતંત્ર છે. એને આવવાનું હોય છે તો આવે છે ને જવાનું હોય તો જાય. એને ઠેકાણે કહે, મારા પુણ્યને લઈને મળ્યા છે. મૂઢ છો, મિથ્યાદૃષ્ટિ છો, એમ કહે છે. એય..! મારા પુણ્યને લઈને મળ્યા. પુણ્ય તારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે? જડ તારું છે? કે તારો આત્મા જ્ઞાનાનંદ એ તારો છે? એય..! અમારા પુણ્યને લઈને મળ્યા. પુણ્ય તારું હશે? જડ રજકણ મળ્યા એ માટી છે, એ તો અજીવ છે. પૂર્વમાં બાંધેલું કર્મ જે છે એ તો અજીવ છે. એ અજીવ તારું છે? એમ અહીંયા કહે છે. ગાંડો થયો, પાગલ?

પુણ્યનો ભાવ વર્તમાન દયા, દાન, ભક્તિ, વ્રતનો પુણ્યનો ભાવ કરે તો એ શુભભાવ છે, એ ધર્મ નથી. તો આ ક્યાંથી વળી તને ધર્મનું સાધન થઈ પડ્યું? 'છગનભાઈ'! 'રણે ચડ્યો રજપૂત છુપે નહિ' ઇ કાંઈ ધર્મની દૃષ્ટિવાળો છુપાય? કહે છે. આવા પાંગળાની પેઠે ચાલવા મંડ્યો. આમ કરશે ને આનાથી થાશે ને આનાથી થાશે. ધૂળ પણ નહિ થાય મરી જાઈશ તો પણ. શરીરનો સદ્‌ઉપયોગ કરીએ. શરીર છે ને એનો સદ્‌ઉપયોગ કરીએ, સેવા કરીએ, પરોપકાર કરીએ. ભાઈ! જે થાય એ આપણે એ કરીએ છીએ.

મુમુક્ષુ :- હા પણ તન, મન ને ધન. કોઈની પાસે ધન હોય..

ઉત્તર :- કોઈ તનથી કરે, કોઈ મનથી કરે, કોઈ ધનથી કરે. મૂઢ છો. તન, મન ને ધન પરવસ્તુ છે. પરવસ્તુથી તને લાભ થાય છે? સમજાણું કાંઈ? શરીર સારું હોય તો ઘણાને કામ આવીએ. કોને કામ આવે? ધૂળ. શરીર તો માટી, જડ છે. તને કામ આવે એવું નથી. તને કામ આવે મમતા માટે. સમજાણું કાંઈ ? મમતા કર તો નિમિત્ત થાય.

ભગવાનઆત્માથી નિરાળા અનંત પદાર્થો કોઈપણ રજકણથી માંડીને ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરદ્રવ્ય જીવને હિત કરી શકે કે એનાથી અહિત થાય એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ છોડાવવા આ વાત લીધી છે. બપોરે ચાલે છે એ સમ્યગ્દર્શનની સિદ્ધિ. એ પણ મિથ્યાત્વ છોડાવવા (કહે છે). આમ ખસ ત્યારે અહીં જાય ને! અહીં રુચિ ને પ્રેમ રહે ત્યાં સુધી અહીં રુચિ કેમ કરશે? 'પોપટભાઈ'! આહાહા..! લ્યો! અડધો કલાક એમાં થયો. પેલો 'કિરીટ' બોલ્યો તો ને થોડું. મેં કીધું, વાત સાચી. એ સ્પષ્ટીકરણ આવ્યું નથી. ઇ છે તો આવે છે ક્ષણે ક્ષણે થોડું થોડું.

આ આત્મા આનંદમૂર્તિ અનંત આનંદની ખાણ, અનંત લક્ષ્મીનો સાગર, એની અંતર રુચિ ને દૃષ્ટિ કરવી એ લાભદાયક છે. એ સિવાય કોઈપણ પુણ્યના ભાવથી કે પુણ્યના ફળથી કે લક્ષ્મીથી, શરીર અનુકૂળતાથી આત્માને લાભ થાય એ માન્યતા તદ્દન મિથ્યાત્વનું મહાઅધર્મ પાપ છે. સમજાણું કાંઈ? સાત વ્યસન કરતાં પણ એ મિથ્યાત્વનું મહાન પાપ છે. આહાહા..! એ માટે આ વાત કરે છે. સમજાણું કે નહિ? જ્યાં ત્યાં આ મને ઠીક ને આ મને અઠીક. ઠીક-અઠીક શું? પરવસ્તુ છે તો જ્ઞાનમાં જ્ઞેય છે. જાણવા લાયક છે એમાં વળી ઠીક-અઠીક બે ભાગ ક્યાંથી પાડ્યા તેં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધા પાપોનો બાપ છે.

ઉત્તર :- પાપ જ ઇ છે. બીજું તો સાધારણ પાપ હમણાં અહીં કહેશે. શિષ્ય પૂછશે, તમે કહો છો કે ભોગ ભોગવવા નહિ. તત્ત્વજ્ઞાનીએ ભોગ કેટલાક તો છોડ્યા નથી. અને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગને છોડી દે. સમજાય છે? તમે કહો છે, જ્ઞાની છે એ ભોગને છોડી દે, ભોગ ન ભોગવે. પણ અમે તો એવું (જોયું છે) ઘણા સમકિતી હોય અને ભોગ ભોગવે છે. તો ઇ શું છે? સાંભળને! ભોગમાં સુખબુદ્ધિ માનતા નથી. અને રાગનો જરીક દોષ છે, અને સુખબુદ્ધિ છે નહિ માટે ખરેખર એ ભોગવતા નથી. આ તો તને ભોગની બુદ્ધિમાં સુખબુદ્ધિ છે. એ માટે તને કહીએ છીએ કે છોડ બુદ્ધિ. સમજાણું કાંઈ ? આહાહા..! એમ કરીને કોઈ બહાર બાયડી, છોકરા છોડી દે માટે ભોગ છોડ્યો એમ પણ નહિ. સમજાણું કાંઈ? અને બાધા લીધી કે લ્યો! આપણે હવે સ્ત્રીને ભોગવવી નહિ. એમ પણ ભોગનો ત્યાગ નહિ. એમાં થતો રાગ એ સુખરૂપ નથી, આત્મા આનંદરૂપ છે. એવી દૃષ્ટિ કરીને રાગને છોડે ત્યારે ભોગને છોડ્યા એમ કહેવામાં આવે. આહાહા..! સમજાણું આમાં? લ્યો! એટલો ઉપોદ્ઘાત આવ્યો.

**'ભોગોપભોગ કમાયે જાનેકે સમય,...'** દેખો! એક તો વાત કહે છે, જ્યારે તું શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ કમાવા માંગે છો ત્યારે **'શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતે હૈં.'** શરીરમાં ક્લેશ, મનમાં ક્લેશ–આકુળતા. સમજાય છે? ઇન્દ્રિયમાં પણ ક્ષીણતા. કમાવા બેઠો હોય ન્યાં હારોહાર એય..! પરસેવા ઉતરે, પેલા થાય અને **'યહ સભી જન જાનતે હૈં કિ ગેહૂં, ચના, જૌ આદિ અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે ખેતી કરનેમેં એડીસે ચોટીતક પસીના બહાના આદિ દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં.'** વાણિયાને દુકાને બેસવું પડે છે ને મોટો .. એમ બેસે બે-બે કલાક. ભિખારણ જેવી હોય, ચાર આનાનું ... એ બેન શું લેવા આવ્યા? લ્યો! ઠીક! ભીખારી છો કે નહિ? એક ઠામડુ લેવા આવ્યું હોય કો'ક પાંચ રૂપિયાનું. ચાર આના પેદા થાય કે આઠ આના કદાચ, લ્યોને! બેન! શું લેવા આવ્યા છો? આવો આવો. ઓહોહો..! ભારે ભાઈ! એય..! ભીખારીપણું છે. લોભના ભીખારીપણા. પેલી ભરવાડ ન્યાં દિશા લઈને પાણી પણ ન લેતી હોય. અને અહીં આવે (તો કહે), બેન! શું આવ્યા? આવો... આવો... આવો... આવો... કહો! આવા ને આવા ભિખારાવેડા ને કહે, અમે હોંશીયાર છીએ. અમે દુકાને બેસીએ ને બરાબર વેપાર કરીએ ને રળતા આવડવું જોઈએ, કળા જોઈએ. 'પોપટભાઈ'! છે ને ઇ 'કુંવરજીભાઈ'ની દુકાન તો ઘણી મોટી પણ ચીમની લેવા આવી હોય તો કહે, આવો આવો બેન! આવો. ચીમનીમાં તો બે પૈસા, ચાર પૈસા પેદા થાય. કેમ 'ફાવાભાઈ'! એને પણ ઠામડામાં શું હોય? કો'ક સાધારણ નીકળી કોળણને કાંઈક બે રૂપિયાનું તપેલું જોઈતું હોય. આવો આવો. આટલી દીનતા! કમાવામાં આટલી તો દીનતા તને છે અને તું કહે છે કે, હું કાંઈક કમાઉં છું. અમે સુખી છીએ. ધૂળ છે સુખ, એમ કહે છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ઘરાક ..

ઉત્તર :– સારો છે, ધૂળમાં સારો છે. પણ એ તો પુણ્ય વિના થાય? અને પુણ્યથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એમાં જીવને શું? આત્માને શું લાભ? સમજાણું કાંઈ ? એમાં આત્માને શું લાભ થયો? એ મળ્યું તે રજકણો છે, મને મળ્યા એ માન્યતા પાપ છે. એમાં તને લાભ શું થયો? નુકશાન થયું. આહાહા..! ભારે ભાઈ!

**'ચોટીતક પસીના બહાના આદિ દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં.'** ઇ બધો નભાવ કરવો બાયડી, છોકરા, કુટુંબ, દિકરા, દીકરી, મોળા, પાતળા હોય, દિકરા-દીકરીયું એને વળાવવા, એને ખાનગી વાતું કરવી, કો'કને કાંઈ કરવું... સમજાય છે? આ બધા ક્લેશના પાર ન મળે અને તું કહે છે કે, મને ભોગમાં સુખ છે. ક્યાંથી લાવ્યો? 'પોપટભાઈ'! **'એડીસે ચોટી તક'** હોં!.

**'કદાચિત્ યહ કહો કિ ભોગે જા રહે ભોગોપભોગ તો સુખકે કારણ હોતે હૈં!'** અરે..! પછી તો સુખ થાય અમને. પહેલું ભલે રળવા, કમાવા, ભેગા કરવા વખતે ભલે અમે દુઃખી થઈએ પણ પછી તો સુખ થાય ને! ખાવા-પીવા, નિરાંતે બંગલામાં બેસવું, પચાસ લાખ રૂપિયા આહા..! હિંડોળે હિંચકવા, સોનાના પંખા નાંખતા હોય. સમજાય છે? તો એ વખતે તો સુખ હોય ને! આમ ચુરમાના લાડવા પડ્યા હોય, બાયડી ખાવા બેઠી હોય જોડે, પંખો નાંખીને માખી ઉડાડતી હોય, દાળમાં ન પડે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ઉપર રહી ગઈ પણ હેઠે? માખી પડે એનું શું કરવું? સમજ્યા ને ? ઇ ડોસા ખાતા હતા. અમે તો બધું જોએલું છે ને! એકે એક હોં! બિચારી બાય આમ બેસે. સૂઝે નહિ. બૈરા બેઠા હોય. દાળમાં, કઢીમાં (કાંઈ) ન પડે માટે બેસે. પેલો દેખતો હોય પણ ખાવામાં ધ્યાન હોય ને પેલામાં પડી ન જાય એટલે, હોં! એને એમ થાય કે આહાહા..! ખાવામાં પણ કેટલી...! મૂઢ છો. ભ્રમણા માનીને આ મારી સેવા કરે છે. કોણ છે? ઇ તો પરદ્રવ્ય છે. સેવા કોની કરે ઇ? સમજાણું કાંઈ? અહીં તો બધા આંકડાના હિસાબ લેવાય છે, ભાઈ!

કહે છે કે, ભલે અમારે કમાવા વખતે જરી ક્લેશ (થાય) પણ પછી તો ભોગોપભોગમાં ખાવા-પીવાનું સુખનું કારણ થાય ને! **'ઇસકે લિયે યહ કહના હૈ કિ ઇન્દ્રિયોંકે દ્વારા સમ્બન્ધ હોનેપર વે અતૃપ્તિ યાની બઢી હુઈ તૃષ્ણાકે કારણ હોતે હૈં,'** લ્યો! આ ભોગો વખતે તૃષ્ણા વધશે. એમાં પણ દુઃખ છે. ભોગતા ભોગતા કોઈ દિ' તૃપ્તિ થશે નહિ. પાંચ લાખ મળ્યા, દસ લાખ, દસ લાખ મળ્યા તો પચ્ચીસ લાખ, પચ્ચીસ લાખ તો પચાસ લાખ. સારી કન્યા એક ઠેકાણે જ્યાં વરી ત્યાં બીજી કન્યાને સારે ઠેકાણે ખૂબ ઠેકાણે વરાવવી. હોળ સળગશે તૃષ્ણા. સુખ છે નહિ. કહો, સમજાણું કાંઈ? બળતરા થાય અરે..! મોટા ભાઈનો છોકરો બહુ સારે ઠેકાણે વર્યો, હોં! અને મારો છોકરો સારો હોંશીયાર પણ સારી કન્યા મળી નહિ. ઘણા તરફડીયા માર્યા. મૂઢ છો. એમ થાય છે કે નહિ? હા. અરે..! બળી જાય. નાનો ભાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય ને પાંચ લાખની મૂડી હોય ને છોકરો હોંશીયાર હોય તો ક્યાંક કરોડપતિ મળી જાય, કરોડપતિ. વળી ન્યાં પણ દીકરો ન હોય ને એક જ દીકરી હોય તો કાલ સવારે એનો બાપો–સાસરો મરી જાશે તો કરોડ આવશે અહીં. એમ હોય. દસ લાખ અત્યારે આપ્યા ને પછી નેવું લાખ પછી આવવાના છે. એંશી વર્ષનો ડોસો છે એનો બાપ. આહા..! નાનો ભાઈ તો ખાટ્યો. શેનો ખાટ્યો? મૂઢ! તારી ગણતરી ખોટી છે. સમજાય છે કાંઈ? 'છગનભાઈ!' મિથ્યાત્વભાવને પોષે છે ને તું ગણતરી આવી કરે છો એને? આને મળ્યું ને આને મળ્યું. એ પણ દુઃખી છે એ મિથ્યાત્વભાવથી. અને તું એને સુખી માને છો. તારી કલ્પના કેવી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ગણિત આખુ ઊંધુ છે.

ઉત્તર :– ધર્મની દૃષ્ટિ ને પાપની દૃષ્ટિની ગણતરી જ ફેર છે, માટે તો આ વાત ચાલે છે. આહાહા..! ભાઈ! તારું સુખ તો આત્મામાં છે ને! ભાઈ! એક રજકણ ને પુણ્યના પરિણામની પણ જેને જરૂર નથી આહાહા..! તારા આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર ફરમાવે છે, અમે અતીન્દ્રિય આનંદને પૂર્ણને અનુભવીએ છીએ. એ અતીન્દ્રિય આનંદ અમારા આત્મામાંથી આવ્યો છે, ક્યાંય બહારથી આવ્યો નથી. તો તને કહીએ છીએ કે એમાં અતીન્દ્રિય આનંદ છે. જો જો અંદર! આની કોરથી દૃષ્ટિ ફેરવી દે. ક્યાંય સુખરૂપ ને દુઃખરૂપ (નથી), દૃષ્ટિ ફેરવી દે. ક્યાંય પરમાં સુખ-દુઃખ છે નહિ. એના માટે આ બધી વાત ચાલે છે. બહારથી એને નવરો કરાવવા માટે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાંથી નવરો કરવા, હોં! આમ તો નવરો જ છે ને! દૃષ્ટિમાં તો અહીં થશે ને આવું થાશે ને પછી આમ થશે, ઢીકણું આમ થાશે, ઢીકણું આમ થાશે. અરે..! ભાઈ! કાંઈક આબરું-બાબરું... આ જીવ્યા શું કહે છે? જશજાનગરો. બાપા! જશ મળવો એ કાંઈ ઓછી વાત છે? આહા..! જેના જીવન સફળ થયા. મૂઢ છો, મરીને જાઈશ નરકે. સાંભળને હવે. જશ શેના તારા જશ? સોજા છે મોટા. સમજાય છે? આબરૂ મેળવી. કાંઈ નહોતું અમારા બાપ પાસે અને આ બાહુબળે રળીને બધું ભેગું કર્યું. પરણ્યા, દિકરાઓ, દીકરીઓ, મકાન બધું અમે કર્યું છે, લ્યો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઇ વાત તો સાચી છે ને?

ઉત્તર :– ના, ના જુઠ છે એ વાત. ઇ તો એને કારણે ચીજો આવી છે. તારે કારણે આવી છે? આહાહા..!

કહે છે, ઇ મેળવવા વખતે પણ ક્લેશ છે, ભોગવવા વખતે અતૃપ્તિ છે. ભોગવવા વખતે તૃપ્તિ થશે જ નહિ. આ કરું, આ કરું, આ કરું, આ કરું, વધારું આ થોડું વધારું, આ થોડું વધારું એ સાધારણ છે. આપણી પાસે મૂડી છે એમાં થોડુંક પાંચ લાખ નાંખીએ ને તો બે લાખ પેદા થાય એવું છે. લાવ ને ભલે એટલું કરો નાંખો, લ્યો ! બે ભાગીદાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સારા મળે. સમજાણું કાંઈ? એય..! મૂડી ક્યાં નાંખવી? બે લાખ સારા માણસને (આપવા). પૈસા એની પાસે નથી પણ માણસ ખાનદાન છે. કામ કરશે, પણ પાંચ લાખમાં બે લાખ પેદા કરાવશે. નાંખ ભાઈ, દુકાન લ્યો! ઇ તૃપ્તિ નહિ થાય. એમ કહે છે. બરાબર છે?

મુમુક્ષુ :– સાંભળેલી વાતો બધી આત્યારે જ યાદ આવી જાય છે?

ઉત્તર :– પણ અહીં છે કે નહિ? એમાં જુઓને! **'અતૃપ્તિ યાની બઢી હુઈ તૃષ્ણા...'** તૃષ્ણા વધી હશે, હોળી ન્યાં છે. આત્મામાં શાંતિ છે, ભાઈ! સમ્યગ્દર્શન પ્રગટ કર. આત્મા આનંદસ્વરૂપ ભગવાન પરમાત્મા છે. એનું સાધન અંતર છે. એ સાધ્ય ને સાધન પોતે જ છે, એને કોઈ સાધનની જરૂર નથી. એવા આત્માને બહારના સાધનથી સુખ માનવા એ મોટી ભ્રમણા તેં વ્હોરી છે, કહે છે. સમજાણું કાંઈ?

**'જૈસા કિ કહા ગયા હૈ - 'અપિ સંકલ્પિતાઃ કામાઃ૦''** દેખો! **'જ્યોં જ્યોં સંકલ્પિત કિયે હુએ ભોગોપભોગ,...'** સંકલ્પ કર્યો કે આવું હોય તો ઠીક. **'પ્રાપ્ત હોતે જાતે હૈં,...'** જેમ જેમ મળ્યું જાય, મળતું જાય. **'ત્યોં ત્યોં મનુષ્યોંકી તૃષ્ણા બઢતી હુઈ સારે લોકમેં ફૈલતી જાતી હૈ.'** બધું કરું, આમ કરું, દુનિયા આમ કરું. મોટો શું કહે છે તમારે? ખેલો કરે ને શું કાંઈ વેપાર નથી કરતાં? આ આમ કરું ને આવો ધંધો કરું. પચાસ લાખ થયા છે. આખા 'મુંબઈ'માં તજનો એક જ આપણો (વેપાર). આખા ગામનો તજ ભેગો (કર્યો). તજનો વેપાર કર્યો હતો. ચાલ્યો હતો ને એક ફેરી? એવો થયો હતો હમણાં. ખબર છે બધી. એક જણાએ તજનો ખેલો કર્યો. એટલે મોંઘો કરી નાંખ્યો પોતે. બધો ભેગો કરી પછી મોંઘો કર્યો. એમ ઘણા થાય છે ને? 'મુંબઈ'માં એવા ઘણા પ્રકાર (થાય). આવા બધા મારા મોટા સાંઢડા જેવા મમતાના પોઠીયા, મમતાના પોઠીયા. અને માને કે અમે હોંશીયાર. રૂના રાજા! 'ફાવાભાઈ!' કપાસીયાનું હતું ન્યાં એને. ધૂળમાં પણ નથી. મફતનો ભ્રમણો (કરે છે). એ ધુંવાડાના બાચકા. ધુંવાડા ઉડતા હોય તો પકડી લઉં થોડા. એ પકડાય નહિ. એ તો ચાલ્યા જાશે. મુઠ્ઠીમાં પણ નહિ રહે ને ન્યાં થોભ્યા પણ નહિ રહે. જગતની ચીજ છે, જગતના પદાર્થો છે, આવે ને જાય, રોક્યા રહે નહિ, ટાળ્યા ટળે નહિ. સમજાણું કાંઈ? આવે તો ટળે નહિ ને આવવાના હોય તો રોકાય નહિ. ઇ બહારની ચીજ છે, ન્યાં શું મંડ્યો છો? અહીં જો ને અંદર. અંદર ભગવાન પરમાનંદની મૂર્તિ બિરાજે છે. સમજાય છે કાંઈ? એના સમીપમાં જાને, ન્યાં શાંતિ છે, બીજે ક્યાંય નથી. એ માટે આ વાત કરે છે.

જેમ જેમ સંકલ્પિત એટલે સંકલ્પ કર્યો કે, આટલું હોય તો ઠીક. એટલું મળ્યું તો હવે વધી ગયું પાછું. આટલું હોય તો ઠીક, બાપુ! એક હજાર હોય ને તો આપણે રળી ખાશું. પછી એક હજારના દસ હજાર થયા, દસ હજાર થાય તો દસ હજારના લાખ, લાખના પાંચ લાખ, પાંચના દસ લાખ.. હાલ્યું તે હાલ્યું. સખ ન મળે. કહો, 'પોપટભાઈ'! 'વઢવાણ'માં હતું આવું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુમુક્ષુ :– હવે મજા કરે છે.

ઉત્તર :– ધૂળમાં પણ મજા નથી, કહે છે. હા પણ ઇ બધાને માટે એમ છે ને! કેમ 'મલૂપચંદભાઈ!' આહાહા..!

**'મનુષ્ય ચાહતા હૈ, કિ અમુક મિલે.'** અમુક મળે ને પછી ઠીક. **'ઉસકે મિલ જાનેપર આગે બઢતા હૈ,...'** એ ઠીક, પણ થોડું આટલું થાય ને કારણ કે છોકરા પાંચ છે, છ છે છોકરા અને હું એક પચ્ચીસ લાખનો આસામી કહેવાઉં તો એક એક ને પચ્ચીસ આવે તો ઠીક કહેવાય. એ... દોઢ કરોડની માંડી. ખરું કે નહિ? હું પચ્ચીસ લાખનો આસામી કહેવાઉં અને છોકરાઓ છ, એને શું આવે? પચ્ચીસમાં આવે શું છ ને? ચાર ચાર લાખ આવે. આબરૂ તો કટકા થઈ ગયા, છ ભાગ પડી ગયા. આપણેં કંઈક થોડા વધી જાય ને તો દસ દસ લાખ એક એકને આવે તો ઠીક. મેળ નહિ રહે તારો, સાંભળને!

**'મનુષ્ય ચાહતા હૈ, કિ અમુક મિલે. ઉસકે મિલ જાનેપર આગે બઢતા હૈ, કિ અમુક ઔર મિલ જાય.'** થોડું વળી એથી થોડું મળી જાય ને એક મકાન સારુ મળી જાય તો પછી નિરાંતે રહીએ, સામે મધ્યમાં એક દુકાન સારી મળી જાય ને પછી નિરાંતે છોકરા કામ કર્યા કરે. 'ફાવાભાઈ!' આખી દુનિયાની અહીં તો બધી માંડી છે. **'ઉસકે ભી મિલ જાનેપર મનુષ્યકી તૃષ્ણા વિશ્વકે સમસ્ત હી પદાર્થોંકો ચાહને લગ જાતી હૈ કિ વે સબ હી મુઝે મિલ જાયે.'** લ્યો! આખા 'મુંબઈ'નો.. શું કહેવાય પેલો શેર.. શેર ? મેયર.. મેયર. મેયર કહેવાય. મેયર થાઉં ને, એક આઠ દિ' જો મેયર થાઉં ને તો આમ કરી નાખું, ફલાણું કરી નાખું, બધા કુટુંબને પૈસા અપાવી દઉં. મોટા ધંધામાં ચડાવી દઉં. હોળી પણ સળગી છે ને! એ... 'મોહનભાઈ'! હવે એકનો એક છોકરો પણ ત્યાં રોકાયો છે. સંતોષ કોને કહેવો? બાપ અહીં અથડે ને પેલો છોકરો ન્યાં આથડે. વર્ષના વર્ષ (જાય), ભેગા કે દિ' થાય આમાં? શું આમાં સુખ કે દિ' હતું આમાં?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ વળી જુદી વાત પણ આ તો ભેગા છે છતાં બે ને, બે ને બાપ-દિકરાને સખ ક્યાં છે? એ વહુ ન્યાં રાંધે ને અહીંઆ રાંધે કો'ક. અહીં ખાવું કો'કનું. પેલી પરણાવી કારવી ત્યારે ઇ રાંધીને ન્યાં ખવડાવે. છે ક્યાંય આમાં મેળ? પણ રસોઈઓ રાખ્યો હોય પણ પરણાવ્યો શું કરવા તને? કાંઈ ઘરનો માણસ હોય, છોકરાની વહુ હોય તો કાંઈ સગવડતા ધ્યાન રાખે. સમજાય છે? પાપડ-બાપડ હોય, આથણું-બાથણું તાજેતાજુ સરખું (છે કે નહિ), ધ્યાન રાખે. કો'કના માણસમાં ધ્યાન શી રીતે રહેતા હશે?

કહે છે ઓહો..! એક એક વધે તો વધતી જાય તૃષ્ણા. **'પરંતુ યદિ યથેષ્ટ ભોગોપભોગોંકો ભોગકર તૃપ્ત હો જાય તબ તો તૃષ્ણારૂપી સન્તાપ ઠણ્ડા પડ જાયેગા!'** પણ એ તો કોઈ દિ' થતું નથી. **'ઇસલિયે વે સેવન કરને યોગ્ય હૈં. આચાર્ય કહતે હૈં કિ વે ભોગ લેનેપર**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્તમેં છોડે નહીં જા સકતે,'** લ્યો! એ આસક્તિ એવી રહ્યા કરે, છુટે તોપણ, ચાલ્યા જાય તો પણ આસક્તિ, લોલુપી રહ્યા કરે. ગૃદ્ધિ નહિ છુટે તારી, કહે છે. ઇ ગૃદ્ધિમાં પડી ગયો. નહિ છુટે, વલખા રહી જાશે છેવટે, એમ કહે છે. જુઓ! **'છોડે નહીં જા સકતે,'** એટલે આસક્તિ.

**'અર્થાત્ ઉનકે ખૂબ ભોગ લેનેપર ભી મનકી આસક્તિ નહીં હટતી,' જૈસા કિ કહા ભી હૈ-'** અંદરમાં આસક્તિ (નથી છૂટતી). અરે..! વસ્તુ ચાલી ગઈ, આમ થયું, ઢીકણું થયું. ગૃદ્ધિ નહિ છુટે. ઇ તો રળવામાં પાપ, રાખવામાં પાપ, ભોગવવામાં અતૃપ્તિ, અંતે આસક્તિ છુટશે નહિ, છોડ્યા નહિ જાય. માટે કોઈ રીતે ક્યાંય સુખ છે નહિ. કહો, બરાબર હશે ને આમાં? તમારે લાગુ પડતી હશે 'પુનમચંદ'ને આમાં? અહીં ન મળે. શું કરીએ? નહિતર સંભળાવીએ સરખાયનું. આહાહા..!

આચાર્યે પણ જુઓને કેવી વાત લીધી છે ! કહે છે, ત્રણ વાત લીધી. શરૂઆતમાં કમાવામાં ક્લેશ, ભોગવવામાં અતૃપ્તિ, આ છૂટે તો ગૃદ્ધિ નહિ જાય તારી, લે. આસક્તિ નહિ જાય માટે ક્યાંય સખ નથી. માંડને અહીં આત્મામાં. સમજાણું કાંઈ? કેમ 'ચીમનભાઈ'! જેમ જેમ બબ્બે હજાર, પાંચ પાંચ હજાર ત્રણ ત્રણ હજાર મહિને ચુનામાં પેદા થવા માંડે, એમાં મકાન કરવું, પેલું આમ કરવું, ધૂળ કરવું. ચારેકોર થાય, લ્યો! આ પણ ક્યાં તારે પહોળા થાવું છે? એમ કહે છે. બહારમાં પહોળા થાવું છે કે અંદરમાં?

**'દહનસ્તૃણકાષ્ઠસંચયૈરપિ૦'** લ્યો! **'યદ્યપિ અગ્નિ'** દાખલો આપે છે, હોં! **'ઘાસ, લકડી આદિકે ઢેરસે તૃપ્ત હો જાય.'** અગ્નિમાં લાકડા થાય તો તૃપ્ત થઈ જાય છે ને? અગ્નિ તૃપ્ત થતી હશે કે નહિ? ઓલાય જાય કે નહિ હવે? **'સમુદ્ર, સૈંકડોં નદિયોંસે તૃપ્ત હો જાય,'** કહે છે સૈંકડોં નદી પડેને સે કદાચિત્ સમુદ્ર તૃપ્ત હો જાય, **'પરંતુ વહ પુરુષ ઇચ્છિત સુખોંસે કભી ભી તૃપ્ત નહીં હોતા.'** મૂઢની તૃષ્ણા તો હાલી જાય મરતા સુધી અને એના એ તૃષ્ણાના વળમાં મરતો મરતો જાય નરકે. સમજાણું કાંઈ? સર્પ આમ વળ નાખતો આવે ને? વળ નાખતો. સર્પ આમ વક્કર મારતો, વળ મારતો અંદરથી તૃષ્ણાના એવા મારે વળીયા... જા નીચે. ધૂળમાં પણ નથી, કહે છે. આત્મામાં આવને! મફતનો. આસક્તિ રહેશે છૂટ્યા નહિ જાય પછી. આહાહા..! મીઠાશ સેવી છે ને! બાપુ! જુવાન અવસ્થામાં જો પ્રતિકૂળતા આવી હોત તો સહન થાત. આ વૃદ્ધાવસ્થા ને રોગ શરીરમાં આવ્યો, અત્યારે આવી. હાય..હાય..! એ હોળી તારી મૂઢતા છે. બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :– બે-બે કલાક વાતું કરે...

ઉત્તર :– હા હા શું કરે? મીઠાશની કરે, કરે મીઠાશની. પેલું ગયું પછી વાત તો કરે, મીઠાશ તો રહે. આવી દુકાન હતી, આમ રળતા હતા, આમ કરતા હતા, અત્યારે ભલે ન કરીએ પણ એમ કરતા હતા. શું છે પણ? હોળી હવે કાંઈ ન મળે. શું કરતો હતો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધૂળ કરતો હતો. એની મીઠાશ વેદે. 'મોહનભાઈ'! અત્યારે કાંઈ ન હોય તો પૂર્વનું હતું (એની મીઠાશ લે). આમ કરતા હતા, આમ કરતા હતા, આમ હતું, ત્યાં આમ હતું. આમ નોકરો, ચાકરો મોટી વખારું ને માલ ને... મોટા પેલા હોય ને? સીંગાપુર ચોખા નહિ? પટ્ટાના આવતા ને? કોથળા ઉપર. લીલા પટ્ટાના મોટા પાંચ મણના ખોખા. કોથળા આવતા. લાખ લાખ કોથળા અને મોટો ધંધો ને ઓહોહો..! અત્યારે શું છે? પણ મીઠાશ તો છે. હોળી ગયા કાળની મીઠાશ વેદે. મૂઢ તે અહીં કહે છે કે, તારી મૂઢતાનો પાર છે?

બે ઘડી વાતું કરવા માંડે તો મીઠાશ કરવા માંડે. સગાવહાલા ભેગા થયા હોય ને આમ હતું, આમ હતું અને ઇ જાતે કમાણા, જાતે કમાણા છીએ. અને જાતે કમાણાની જુદી જ જાત હોય. બાપ મુકીને વારસો મુકીને ખાય અને જાતે કમાયને ખાય એની વાતું જુદી હોય. દુનિયામાં બધા સાંભળેલા છે, હોં! આ બધા મૂર્ખાઓ છે, કીધું. એ.. 'પોપટભાઈ'! બોલતા પણ આવડતું નથી, જેને વિવેકનું ભાન પણ ન મળે કાંઈ. તું કોણ છો? આ શું બોલે છો? ને શું થાય છે આ?

કહે છે, અગ્નિ, ઘાસ, લકડી આદિ ઢેરથી કદાચિત્ તૃપ્ત થઈ જાય અને દરિયો સેંકડોં નદીથી તૃપ્ત થઈ જાય **'પરંતુ વહ પુરુષ ઇચ્છિત સુખોંસે કભી ભી તૃપ્ત નહીં હોતા.'** ઇચ્છા તો લાંબી ચાલ્યા જ કરે, સળગ્યા જ કરે. આ..હા..! **'અહો! કર્મોંકી કોઈ ઐસી હી સામર્થ્ય યા જબર્દસ્તી હૈ.'** બળવત્તા લખ્યું છે ને? ..... છે ને? કર્મનું એટલે બળવત્તા તારી નથી ને આ તેં કર્મને બળવત્તા... એમ. બળવત્તા. ભગવાનઆત્માનું બળ છે એને ભૂલીને તેં કર્મનું બળ નાખી દીધું, એને માથે નાખી દીધું. એમાં દબાય ગયો, દબાય ગયો, દબાય ગયો. સમજાણું?

**'ઔર ભી કહા હૈ - કિમપીદં વિષયમયં૦' 'અહો! યહ વિષયમયી વિષ કૈસા ગજબકા વિષ હૈ'** જુઓ! આ વિષયમય ઝેર. પાંચ ઇન્દ્રિયના વિષયો ઝેર (છે). આત્મામાં આનંદ છે. એને મુકીને પાંચ ઇન્દ્રિયના વિષયો ઝેર, વિષય કહેતા જ વિષ છે, ઇ ઝેર છે. સમજાણું કાંઈ? ભગવાન પોતાના સ્વસન્મુખને ભૂલી અને પર સન્મુખના વિષયમાં સુખ માને છે, કહે છે, ઝેર છે. **'વિષ કૈસા ગજબકા વિષ હૈ'** પાછું એમ. **'કિ જિસે જબર્દસ્તી ખાકર યહ મનુષ્ય, ભવ ભવમેં નહીં ચેત પાતા હૈ.'** જબરદસ્તી ખાય ખાયને ચાર ગતિમાં રખડે છે, દોડીને દુર્ગતિ જાય છે. આહાહા..! હોંશથી હરખથી જાય છે, પડે છે.

એક સર્પ હતો ને? સર્પ. 'ચુડા'માં. એ ઉપરથી પડ્યો હશે. 'કુંવરજીભાઈ'ને ન્યાં, કંદોઈને ન્યાં મોટો સર્પ આવડો. અહીં હેઠે કાંઈક તેલની કડાઈ કરતાં હશે. ઉપર જાતો હતો, પડ્યો આમ અડધો, અડધો પડ્યો તેલમાં ને અડધો બહાર. પેલાએ કાઢ્યો બહાર તો અગ્નિમાં ગયો. કારણ કે, એને ખબર ન રહી. દુઃખ થયું ને બહુ. એટલે બહાર આમ કાઢ્યો, અડધો આમ કાઢ્યો. અગ્નિ હેઠે સળગતી હતી. ન્યાં ગરી ગયો, બળી ગયો. એમ ક્યાંથી જાઉં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને ક્યાં જાઉં છું ને ક્યાં છું એની કાંઈ ખબર ન મળે.

તૃષ્ણાવંત પ્રાણી આત્માની શાંતિને નહિ જચનારા, શ્રદ્ધા નહિ કરનારા. આત્મામાં આનંદ ને સુખ છે ક્યાંય ત્રણકાળમાં બીજે છે નહિ. એવું નહિ માનનારા તૃષ્ણાના લોલુપમાં ક્યાં ઘુસી જાય છે એનો એને મેળ રહેતો નથી. રળવામાં બિચારા એવા મળી જાય ભાગીદારો, એમાં જો આટલા નાખશો તો આમ થશે, એમ કરતાં... કરતાં... કરતાં સલવી નાંખે એટલે જાય બધું. રોવે પછી. હાય! હાય! અરે..રે..! માણસોએ અમને ભાગીદારોએ છેતર્યા. સમજ્યા ને? પણ તારી તૃષ્ણાએ છેતરાણો છો. ઇ તને ખબર નથી?

કહે છે, પાંચ ઇન્દ્રિયના વિષય, ભગવાનઆત્માની દૃષ્ટિને છોડી, ચિદાનંદમૂર્તિ આત્મા, એની શ્રદ્ધા છોડી, એનો પ્રેમ છોડી, એમાં સુખ છે એ બુદ્ધિ છોડી, અજ્ઞાની તૃષ્ણામાં તણાણા ગજબના વિષયના વિષને સેવે છે, કહે છે. સમજાણું કાંઈ? **'ભવ ભવમેં નહીં ચેત પાતા હૈ.'** ભવ એટલા કર્યા પણ કોઈ દિ' એને ચેતવાનું આવતું નથી. કેટલા ભોગ મળ્યા સ્વર્ગમાં, રાજા મોટો અબજોપતિ અનંતવાર થયો. ક્યાંય એને શાંતિ મળતી નથી. હજી તો લઉં લઉં ને લઉં, ઝેર ખાઉં, ખાઉં ને ખાઉં.

મુમુક્ષુ :–

ઉત્તર :– જાય અંદરમાં જાય, પરાણે જાય, પરાણે દોડીને (જાય). ખબર નથી કે મૂઢ થઈ ગયો છે. કહે છે કે, એ પરમાં ક્યાંય સુખ ને દુઃખ નથી, આત્મામાં સુખ છે પાછો વળ હવે, એમ કહે છે. મૂળ તો એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? પણ વળવું એને ગોઠતું નથી.

**'ઇસ તરહ આરમ્ભ,..'** એટલે શરૂઆત. ભોગોભોગની શરૂઆત, એના **'મધ્ય'**માં એટલે અતૃપ્તિ. શરૂઆતમાં ક્લેશ, કમાવામાં ક્લેશ, મધ્યમાં અતૃપ્તિ **'ઔર અન્તમેં ક્લેશ-તૃષ્ણા એવં આસક્તિકે...'** જાય તો પણ આસક્તિ જશે નહિ. વલખા મારીશ અંદર. આબરૂ માટે જુઓને! કેટલા કરે છે. ૯૫ લાખ રૂપિયા એક જણને થયા. હવે રહેવા દે, રહેવા દે. રાજા કહે, ૯૫ લાખ થયા, હવે રહેવા દ્યો, ભાઈ! હવે પાંચ લાખ લઈ આવું એટલે કરોડ થઈ જાય ને. ઇ ગયા ત્યાં બધું ગયું, નોકરી થઈ ગઈ. ઇ તો આવ્યા હતા, અહીં આવ્યા હતા. સમજાણું કાંઈ? પંચાણું લાખ થયેલા. દરબાર કહે, મારી પાસે આટલા પૈસા નથી, હોં! કોઠારી. શું કાંઈક હતા? હા એ ખબર છે, ખબર છે. નામ ન લીધું. કોઠારી આમ નહિ. પંચાણું લાખ રૂપિયા છે તમારી પાસે, અમારી પાસે નથી, હોં! અમે રાજા છીએ છતાં. રહેવા દ્યો. તમને રાજરત્નનું બિરૂદ આપીએ. પાંચ લાખ ભેગા કરીએ, પંચાણુંમાં પાંચ લાખ. ગયા બધા, નોકરી (કરવી પડી). એ તો પુણ્ય-પાપના લેખા-જોખા છે. એની સાથે આત્માને શું સંબંધ છે? આહાહા..! એના લેખા ને એના જોખા. એને જોખવું, પુણ્યને લઈને જોખાય છે બધું, તારે લઈને નહિ. આહાહા..!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, શરૂઆતમાં પણ ક્લેશ, ભોગ ઉપજાવવા માટે રળવું આદિ, વચ્ચે ભોગવતા અતૃપ્તિ અને અંતમાં તૃષ્ણા લઈને **'આસક્તિકે કારણભૂત ઇન ભોગોપભોગોંકો કૌન બુદ્ધિમાન્ ઇન્દ્રિયરૂપી નલિયોંસે અનુભવન કરેગા?'** આહાહા..! જુઓ! આ પાંચ ઇન્દ્રિયો દ્વારા ભોગ કરીને જાણે મને તૃપ્તિ થાય. નહિ થાય ભાઈ! આત્મામાં આનંદ છે, બાપુ! એ આનંદ એવો છે કે સિદ્ધ સમાન આનંદ છે. આહા..હા.! છોડ દે પુણ્ય-પાપની રુચિ કે, પુણ્ય-પાપથી મને લાભ થાય. છોડી દે, પુણ્ય-પાપના ફળમાં સુખ ને દુઃખબુદ્ધિ. એમ કહેવાનો આશય છે. સમજાણું કાંઈ? આત્મામાં શાંતિ છે, ભાઈ! શાંતિનો સાગર છે આત્મા. ઇ શાંતિથી ભરેલું સ્વરૂપ જ છે. એને ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી. એના ઉપર નજર કર, એનો વિશ્વાસ કર, તારો તને વિશ્વાસ કર, તારો તને વિશ્વાસ થાય ત્યારે તને શાંતિ મળે એવું છે. સમજાણું કાંઈ? **'બુદ્ધિમાન્ ઇન્દ્રિયરૂપી નલિયોંસે કોન ભોગેગા?'** આ પ્રશ્ન છેલ્લો. એમાંથી શિષ્યે પ્રશ્ન કાઢ્યો. સમજાણું?

**'યહાં પર શિષ્ય શંકા કરતા હૈ કિ તત્ત્વજ્ઞાનિયોંને ભોગોંકો ન ભોગા હો યહ બાત સુનનેમેં નહીં આતી હૈ.'** તત્ત્વજ્ઞાની પણ બાયડી ને છોકરામાં પડ્યા હતા ને ભોગ ભોગવતા, એમ અમે જોઈએ છીએ, સાંભળ્યું છે શાસ્ત્રમાં. ચક્રવર્તી સમકિતી હતા. છન્નુ હજારમાં પડ્યા હતા. તમે કહો કે તત્ત્વજ્ઞાની ભોગને ન ભોગવે, સમ્યગ્જ્ઞાની ભોગને ન ભોગવે, મિથ્યાદૃષ્ટિ ભોગને ભોગવે. અમે તો શાસ્ત્રમાં સાંભળ્યું છે. ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકરો છન્નુ હજાર સ્ત્રીમાં પડ્યા હતા. સમજાય છે? શ્રેણીક રાજા, સમકિતી ક્ષાયિક સમકિતી (હતા), છતાં હજારો રાણીના ભોગમાં પડ્યા હતા. તત્ત્વજ્ઞાની ન ભોગવે એ વાત કાંઈ અમને બેસતી નથી. શાસ્ત્રમાં આવે છે.

**'અર્થાત્ બડે બડે તત્ત્વજ્ઞાનિયોંને ભી ભોગોંકો ભોગા હૈ, યહી પ્રસિદ્ધ હૈ. તબ 'ભોગોંકા કૌન બુદ્ધિમાન્-તત્ત્વજ્ઞાની સેવન કરેગા?''** આપ તો એમ કહો છો. કોણ બુદ્ધિમાન્-તત્ત્વજ્ઞાની સેવન કરેગા? **'યહ ઉપદેશ કૈસે માન્ય કિયા જાય?'** સમજાય છે? શિષ્ય કહે છે. સાંભળ ભાઈ!, સાંભળ ભાઈ! એનો ઉત્તર છે. એને સુખબુદ્ધિથી ભોગવ્યા નથી, ઝેરબુદ્ધિ હતી. સુખબુદ્ધિ આત્મામાં હતી. અને તને તો સુખબુદ્ધિ અંદર છે. એ છોડાવવા અમે કહીએ છીએ. એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૮, બુધવાર**
**તા. ૩૦-૦૩-૧૯૬૬**
**ગાથા-૧૭, ૧૮ પ્રવચન નં. ૧૫**

આ 'પૂજ્યપાદસ્વામી'નું 'ઇષ્ટોપદેશ'. ૨૧મી ગાથા ચાલે છે. જુઓ! આ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્યને જ્યારે સમજાવ્યું, **'સમજાયે જાને સે શ્રદ્ધાન ઉત્પન્ન હો રહા હૈ,...'** એમ લખ્યું છે. એનું મથાળું. માથે વીસ ગાથા સુધી વાત કરી ને? ચિંતામણિ આદિ આત્મા છે, એની ચિંતવનામાં ચિંતામણિ મળે તો એ કાંઈ ખોળના ટુકડાની ઇચ્છા કરે? એ ભોગોને કેમ ભોગવે? એમ પ્રશ્ન આવ્યો છે.

ધર્મી એને કહીએ, ધર્મી એને કહીએ કે જેને આત્મામાં જ અતીન્દ્રિય આનંદનો અનુભવ-વેદન થયું છે. સમજાણું કાંઈ? સ્વયંસિદ્ધ આત્મા છે. આત્મા આ દેહથી જુદી ચીજ છે. એ અનાદિ છે, એનો કોઈ કર્તા નથી. સ્વયંસિદ્ધ વસ્તુ છે અને એ વસ્તુમાં અનંત જ્ઞાન, અનંત આનંદ પડ્યા છે. સ્વભાવ, શક્તિ, એના સત્ત્વમાં (પડ્યા છે). એવો જેને અનંતકાળમાં વિષય અને પુણ્ય-પાપમાં પ્રેમ હતો, પુણ્ય-પાપના ભાવમાં રુચિ હતી, એને એના ફળમાં ભોગમાં રુચિ હતી, તેથી એ તો મિથ્યાદૃષ્ટિ ભોગને પ્રેમની રુચિપૂર્વક ભોગવે છે. સમજાય છે કાંઈ? ધર્મીને ભોગની રુચિ નથી. કેમ કે આત્મામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ સમ્યગ્દર્શનમાં, ભાનમાં આવ્યો હોય છે. સમ્યગ્દર્શન એટલે આત્મા અખંડ આનંદકંદ પ્રભુ, પૂર્ણ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ થઈ અભેદ સ્વભાવની, એકરૂપ ચૈતન્ય, એવા અનુભવમાં ધર્મીને અતીન્દ્રિય આનંદ જે શક્તિમાં છે એની વ્યક્તતા, પ્રગટતા અંશે આનંદ આવ્યો છે. એથી ધર્મીને આત્મામાં આનંદના સ્વાદને કારણે એ વિષયના ભોગને ભોગવતો નથી. એમ અહીંયા કહ્યું. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો. સમજાય છે કાંઈ?

(ગાથા-૧૭) મહારાજ! **'તત્ત્વજ્ઞાનિયોંને ભોગોંકો ન ભોગા હો યહ બાત સુનનેમેં નહીં આતી હૈ.'** તમે કહો છો કે તત્ત્વજ્ઞાની થાય એ ભોગને ન ભોગવે. અમે તો સાંભળીએ છીએ કે તત્ત્વજ્ઞાની હોય એને બાયડી, છોકરા, કટુંબ ને બધું પડ્યું હોય છે, ભોગ હોય છે. અમે તો એમ શાસ્ત્રમાં સાંભળીએ છીએ. સમજાણું કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ, એવું સ્વતંત્ર ભાન થયું, એવા જીવોએ કંઈ બાયડી, છોકરા છોડી દીધા ને ભોગ છોડ્યા એવું અમે તો કાંઈ સાંભળતા નથી. એ.. 'ભટ્ટભાઈ'! શિષ્યનો પ્રશ્ન છે. એવા પણ સંસારમાં તો અમે ઘણા જોયા. ચક્રવર્તી, તીર્થંકરો, રાજા, મહારાજા.. સમજાય છે કે નહિ? કેમ તમારા નથી આવ્યા? ઠીક. કહો, સમજાણું આમાં? આવ્યા, યાદ કર્યા ને આવ્યા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ આત્મા છે, આત્મા. આ તો દેહ છે, જડ, માટી છે. આ વાણી જડ છે અને આ બીજા બાયડી, છોકરા, કુટુંબ આદિ તો પર છે. હવે આ આત્મા જે છે એ અનાદિનું સ્વરૂપ એનું એવું છે કે અંદર આનંદ ને શાંતિ આત્મામાં છે. એ શાંતિ.. કાલે બપોરે આવી ગયું કે નહિ? સુખનો સાગર ને સુખનું પૂર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં અંતર નજર કરતા અનંતકાળે એણે અંતર નજર કરી નથી. એવો આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એની અંતર નજર કરતાં જે આત્માનો આનંદ તત્ત્વજ્ઞાનીને આવ્યો, તત્ત્વજ્ઞાની, તત્ત્વ એટલે આત્મા, એનું જ્ઞાન અને રાગાદિ દુઃખરૂપ એનું જ્ઞાન. સમજાય છે કાંઈ? રાગાદિ દુઃખરૂપ એનું જ્ઞાન, આત્મા આનંદરૂપી એનું જ્ઞાન. એવા તત્ત્વજ્ઞાની ભોગ ભોગવતા નથી. એમ માથે આવ્યું ને?

**'કૌન બુદ્ધિમાન ઇન્દ્રિયરૂપી નલિયોંસે અનુભવન કરેગા?'** છે ને માથે? **'ઇન ભોગોપભોગોંકો કૌન બુદ્ધિમાન ઇન્દ્રિયરૂપી નલિયોં સે અનુભવન કરેગા?'** ત્યારે શિષ્ય કહે છે કે, તત્ત્વજ્ઞાનીઓએ ભોગ ન ભોગવ્યા હોય એ વાત સાંભળવા નથી મળતી. **'બડે બડે તત્ત્વજ્ઞાનિયોંને ભી ભોગોંકો ભોગા હૈ.'** મોટા મોટા સમ્યગ્દષ્ટિ, ક્ષાયિક સમકિતી. ત્રણ જ્ઞાનના ધણી, તીર્થંકર જેવા, એમને પણ બાયડી, છોકરા ને બધું હતું, એને ભોગ હતા. એ.. 'પોપટભાઈ'! શિષ્યનો પ્રશ્ન છે. **'યહી પ્રસિદ્ધ હૈ.'** એ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. સમજાણું? એ.. આમ આવો, આ બાજુમાં જગ્યા ઘણી છે. પેલા તડકે બેઠા છે. આ બાજુ ઘણી જગ્યા છે. અંદર જાવ, અંદર.

શિષ્યનો શું પ્રશ્ન છે ઇ પહેલી વાત ચાલે છે કે તમે કહો કે તત્ત્વજ્ઞાનીઓ કોણ ભોગવે ભોગને? જેને આત્માના આનંદનું ભાન થયું, એ પરને કોણ ભોગવે? અમે તો સાંભળીએ છીએ તત્ત્વજ્ઞાનીઓ બધા એમ ને એમ ભોગમાં પડ્યા હતા. સમજાણું કાંઈ? **'યહી પ્રસિદ્ધ હૈ. તબ ભોગોંકો કૌન બુદ્ધિમાન તત્ત્વજ્ઞાની સેવન કરેગા? યહ ઉપદેશ કૈસે માન્ય કિયા જાય?'** તત્ત્વજ્ઞાની ધર્માત્મા ભોગને ન ભોગવે એ વાત અમારે કેમ માન્ય થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'ઇસ બાત પર કૈસે શ્રદ્ધાન કિયા જાય?'** એ વાત ઉપર અમને શ્રદ્ધા શી રીતે આવે? અમને શી રીતે ભરોસો આવે કે તત્ત્વજ્ઞાનીઓએ ભોગને ભોગવ્યા નથી?

**'આચાર્ય જવાબ દેતે હૈં–કિ હમને ઉપર્યુક્ત કથનકે સાથ–'** **'कामं अत्यर्थं'** એ શબ્દ લગાવ્યો છે. છે ને મૂળ પાઠમાં? **'कामान् कामं'** ૧૭ ગાથાનો મૂળ પાઠ છે ને? **'कामान् कामं कः सेवते सुधीः'** ભોગોને રુચિપૂર્વક કેમ સેવે છે? સમજાણું કાંઈ? મૂળ શ્લોક છે ને? **'कामान् कामं कः सेवते सुधीः'** આચાર્ય કહે છે કે અમે **'कामं'** શબ્દ લગાવ્યો છે. અજ્ઞાની આત્મામાં અતીન્દ્રિય આનંદનું ભાન નથી, એ તો સંસારના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં પ્રીતિપૂર્વક, રુચિપૂર્વક, ઉલ્લાસપૂર્વક, વીર્યપૂર્વક, હોંશપૂર્વક એ ભોગને રાગથી એકત્વબુદ્ધિએ ભોગવે છે.

ધર્મી (કહે છે), અમે શબ્દ લગાવ્યો હતો, **'कामं'**. **'આસક્તિકે સાથ રુચિપૂર્વક યહ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભી વિશેષણ લગાયા હૈ.'** સમજાણું કાંઈ? ધર્મીને સ્ત્રી, કુટુંબ આદિ હોય, પરિવાર આદિ હોય પણ એને રુચિ નથી, રુચિ નથી. રુચિ તો આત્માના આનંદમાં છે. રુચિ નથી પણ આસક્તિનો રાગ જરી આવે છે એથી સંસારમાં ભોગ લે છે એમ જણાય છે. અંતર રુચિ નથી. સમજાય છે કાંઈ?

**'તાત્પર્ય યહ હૈ કિ ચારિત્રમોહકે ઉદયસે ભોગોંકો છોડનેકે લિયે અસમર્થ હોતે હુએ...'** જરી નબળાઈ છે ને. પરિણામમાં ભાવમાં આસક્તિને કારણે રાગમાં જરી નબળાઈ છે. તેથી રાગને છોડી શકતા નથી. સમજાય છે કાંઈ આમાં? **'તત્ત્વજ્ઞાની પુરુષ ભોગોંકો ત્યાજ્ય-છોડને યોગ્ય સમજતે હુએ હી સેવન કરતે હૈં.'** જુઓ! 'રામચંદ્રજી' જેવા પુરુષો, ચક્રવર્તી, બળદેવ, ભરત જેવા પુરુષો. 'ભરત' ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી હતી. પણ અંદરમાં.. આહા..હા..! અરે..! અમારો આત્મા, અમે અતીન્દ્રિય આનંદને સેવનારા, અમે તો અતીન્દ્રિય આનંદ, આત્મા ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, એના પ્રેમમાં એને પરના વિષયમાં પ્રેમ આવતો નથી. સમજાણું કાંઈ? એ રુચિમાં ફેર છે, એમ કહેવું છે.

અજ્ઞાની તેના તે વિષયો ભોગવે અથવા છોડે, જ્ઞાની એના એ વિષયમાં પડ્યો હોય છતાં એને રુચિ નથી. આહાહા..! પકડ પકડમેં ફેર હૈ. મિંદડી એના બચ્ચાને પકડે છે. મિંદડી એના બચ્ચાને પકડે અને ઉંદરને મોઢે પકડે. બેમાં બહુ ફેર છે. ઉંદરને પકડે એટલે ભીંસથી પકડે છે અને બચ્ચાને પકડે તો પોચું પોચું પકડીને બીજે લઈ જાય. પકડ તો બન્નેમાં દેખાય છે. મિંદડીના મોઢામાં પકડ તો એના બચ્ચાની અને ઉંદરડીની બન્નેની દેખાય છે પણ અંદર ફેર છે. એક ઉંદરને પકડ્યો છે તો આમ ભીંસથી પકડ્યો છે, તાણીને પકડ્યો છે. અને બચ્ચાને પકડ્યો છે તો આમ મોઢુ (રાખે છે). દાંત અદ્ધર રહી જાય અને એના મોઢાને હોઠ વચ્ચે દબાવે છે.

એમ મિથ્યાદૃષ્ટિ જીવ આત્માના સ્વભાવની આનંદની દૃષ્ટિની ખબર નથી. હું એક સચ્ચિદાનંદ સ્વરૂપ છું, હું જ્ઞાનાનંદની જ્યોત છું. એવું જેને આત્માનું ભાન નથી. એ પુણ્યને અને વિષયને ભોગવતા, એ મિંદડી જેમ ઉંદરને પકડે છે, એમ ભોગમાં લીન થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- કીધું ને? દેખાય સરખું. દેખાય સરખું પણ ભાવમાં ફેર છે કે નહિ? ઇ અમારે બોલતા. સાત વર્ષની એક છોડી હતી. બિચારી ક્ષય રોગમાં મરી ગઈ. 'પોપટ શાહ' હતા. એના દીકરાની દીકરી હતી. 'પકડ પકડમેં ફેર' છોડી ઇ બહુ બોલતી. ઘણી નાની ઉંમર, સાત વર્ષની હતી. સાત વર્ષે એને ક્ષય થઈ ગયો. મરી ગઈ. છેલ્લી સ્થિતિમાં જોયેલી. ... નાખતા, બિચારી પડી રહેતી. બહુ રૂપાળી હતી. સાત વર્ષની. આ બહુ બોલતી. આવા ૨૫-૫૦ ઘણા શીખેલી, બહુ શીખેલી. ફાનસનું નથી આવતું? ફાનસ સળગાવો કહ્યું નાખ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભડકા માંહી. ઇ બોલતી. ફાનસ સળગાવવાનું કહે છે ને? ફાનસ સળગાવો. નાખ્યું ભડકામાં. પણ સળગાવવાનો અર્થ આ ભડકામાં ન હોય. સળગાવવાનો અર્થ ફાનસમાં દીવો કર, એમ હોય. સળગાવવું કહે ત્યાં તું એમ કહે કે ફાનસ સળગાવો. સળગાવો એટલે? ભડકામાં નાખ્યું. ફાનસને સળગાવો એટલે પેલો દીવો છે એને દીવાસળીથી પ્રગટાવો, એમ એનો અર્થ છે. સળગાવો એટલે આવો અર્થ લઈ લે? ઊંધા સમજ્યા વિનાના. એવો શબ્દ હતો. હવે ભૂલી ગયા. પહેલા બહુ બોલતી. (સંવત) ૧૯૮૦ ની સાલમાં. ૧૯૮૦ ની સાલમાં અમારું ચોમાસુ હતું ને? ત્યારે બહુ બોલતી. એમાંને એમાં ગુજરી ગઈ. 'ફાનસ સળગાવો કહ્યું. સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકા માંહી.' 'પોપટભાઈ શાહ' હતા ને? એનો દીકરો હતો ને? મોટો છોકરો. એની દીકરી હતી. 'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકા માંહી'.

એમ અહીં કહે છે કે જ્ઞાની આ ભોગ ભોગવે છે ને? પણ સાંભળ તો ખરો! સમજતો નથી કાંઈ. એને અંદર રુચિ નથી. પણ રાગનો ભાગ જરી આસક્તિનો આવે છે એને છોડવાને સમર્થ નથી. એથી એ ભોગ ભોગવે છે એમ તને દેખાય છે. અંદરમાં રુચિ નથી. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, આત્મા જ્ઞાનાનંદ છે, એના સ્વરૂપમાં આનંદનું સરોવર છે, શાંતિનું સરોવર આત્મા છે. એ આત્મા ભગવાન પરમેશ્વરે એવો કહ્યો અને એવો જોયો છે. સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ પરમેશ્વર સર્વજ્ઞે એવો કહ્યો, જોયો અને એવો છે. તું જો જરી અંદર કે આ આત્મા દેહ, વાણીથી પર, પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના ભાવથી પણ પર, એ જુદી ચીજ છે. સમજાય છે? એ સ્વયંસિદ્ધ તત્ત્વ છે અને સ્વયંસિદ્ધ તત્ત્વ હોય એ દુઃખરૂપ અને અપૂર્ણ હોઈ શકે નહિ. સ્વતંત્ર વસ્તુ મહાન પદાર્થ, આનંદથી ભરેલો ભંડાર છે. એની જેને રુચિ અને પ્રેમ નથી એ બધા ભોગના કાળે રુચિમાં સલવાઈને ભોગ ભોગવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ચારિત્રમોહકે ઉદયસે...'** જ્ઞાની.. અરે...! ઝેર છે. જ્ઞાનીને ભોગની વૃત્તિ આવે તો ઉપસર્ગ માને છે. સમજાય છે કાંઈ? ઉપસર્ગ માને છે. આહાહા..! અરે..! અમારો આત્મા અતીન્દ્રિય આનંદની જ્યોત ઝળહળ બળે છે, પ્રભુ! એવી શાંતિમાંથી નીકળીને આ આસક્તિ? એને દુઃખ લાગે છે. પણ પુરુષાર્થની નબળાઈને લઈને એ રાગ છોડી શકતા નથી પણ એનો અંતર પ્રેમ નથી. કહો, સમજાણું કાંઈ? **'ચારિત્રમોહક ઉદયસે...'** પેલું કોટવાલનું આવે છે ને? ગધેડે બેસવું પડશે. ગધેડે બેસે, કાળુ મોઢુ કરે, એને ગોઠતું હશે? પણ શું કરે? જરી રાગમાં પકડાઈ ગયો છે એટલે એને કોટવાલ કહે છે, જા, બેસ ગધેડા ઉપર, કાઢ બાર, મોઢુ કાળુ કર. એમ ધર્મીને આત્માના અતીન્દ્રિય આનંદની રુચિના સ્વાદમાં એ ખસીને રાગમાં આવે છે એ મેલ છે, આસક્તિ છે, દુઃખ લાગે છે, ઝેર છે. પણ પુરુષાર્થની નબળાઈ છોડી શકતો નથી. એટલે એ ભોગને ભોગવે છે એમ દેખાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ભોગોંકો ત્યાજ્ય-છોડને યોગ્ય સમજતે હુએ...'** ભગવાનઆત્મા.. અહો..! અંતર્મુખ જ્યાં દૃષ્ટિ જામી છે, ભગવાનઆત્મા અંતર્મુખ દૃષ્ટિમાં જ્યાં આનંદ અને શાંતિ જોઈ છે, એને કહે છે કે એ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રી-કુટુંબમાં હોય, ચક્રવર્તી તીર્થંકરો, ૯૬-૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યા દેખાય. એને રુચિ નહોતી. સમજાણું કાંઈ? આસક્તિ હતી. આસક્તિ જુદી અને રુચિ જુદી. રુચિ એમાં સુખ છે એમ માનીને ભોગવવું એનું નામ રુચિ છે અને એમાં સુખ નથી પણ છોડી શકતો નથી તેથી જરી આસક્તિ આવે છે, એનું નામ ચારિત્રદોષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ત્યાજ્ય-છોડને યોગ્ય સમજતે હુએ હી સેવન કરતે હૈં. ઔર જિસકા મોહોદય મંદ પડ ગયા હૈ,..'** બીજી વાત લે છે. પણ ધર્માત્મા.. અહો..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદનો એકલો સાગર. એવું ભાન થયા પછી થોડી આસક્તિ રહી, એ પણ જેણે ટાળી છે. **'મોહોદય મંદ પડ ગયા...'** આસક્તિ ઘટાડી દીધી છે. **'વહ તો જ્ઞાન-વૈરાગ્યકી ભાવનાસે ઇન્દ્રિયોંકો રોકકર ઇન્દ્રિયોંકો વશમેં કર શીઘ્ર હી અપને (આત્મ) કાર્ય કરને કે લિયે કટિબદ્ધ-તૈયાર હો જાતા હૈ...'** સમજાણું કાંઈ? આહા..!

બે વાતમાં ઘણો ફેર. ચક્રવર્તી છ ખંડના રાજા દેખાય, આમ હીરાના સિંહાસનમાં બેઠા હોય, માથે અબજો રૂપિયાના મુગટ અને હીરાના હાર હોય, અંતરમાં રુચિ ક્યાંય (નથી). ક્યાંય રુચિ જામતી નથી. આત્માના આનંદ આગળની રુચિ આડે એને ક્યાંય ગોઠતું નથી. પણ માથે ઉપસર્ગ આવી પડ્યા હોય એમ એને દેખે છે. અરે...! મારો પુરુષાર્થ મંદ છે. હું આને છોડી શકતો નથી. મારી એટલી આસક્તિ છે, મારો દોષ છે પણ એ ચારિત્રદોષ છે. સમ્યગ્દર્શનનો દોષ નથી. શ્રદ્ધામાં દોષ નથી.

અજ્ઞાનીને તો એમાં પ્રેમ, રુચિ અને સુખરૂપ લાગે છે. રાગનો ભાગ-પાપનો અને પુણ્યનો, જેને સુખરૂપ લાગે છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? નવા પુણ્ય ને પાપનો ભાવ, હોં! નવા શુભાશુભભાવ, એ ઠીક અને સુખરૂપ લાગે છે (એની) દૃષ્ટિ મિથ્યાત્વ છે, વિપરીત અભિપ્રાય છે. ભગવાનઆત્મામાં આનંદ અને સુખ છે. એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેના મોહ મંદ પડી ગયા એટલે કે પુરુષાર્થ દ્વારા જેણે આસક્તિને છોડી છે એ જીવ તો પોતાનું કાર્ય શીઘ્ર કરવા માટે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ રોકી આત્માનું કાર્ય કરવા માટે કટિબદ્ધ-તૈયાર થઈ જાય છે. ઓહો..! મુનિપણું દિગંબર સંત! આત્માના આનંદમાં વનવાસી થઈ જાય છે. સમજાય છે કાંઈ? પણ જે આસક્તિ છોડી શકતા નથી એ ગૃહસ્થાશ્રમમાં ભોગમાં દેખાય છે પણ એની સુખબુદ્ધિ નથી, ક્યાંય સુખબુદ્ધિ નથી. મડદાને મસાણમાં લાકડાના પાલીશ કરીને બાળે તો લાકડાને સુખ નથી. મડદાને મસાણમાં પાલીશ સમજો છો? રંધો મારી, પાલીશ કરી લાડકા સરખા (કરીને રાખે). આ પાલીશ લાકડા હોય છે ને? એય..! 'મનુભાઈ'! રંધા મારેલા, માથે પાલીશ લાકડાવાળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી મડદાને બાળે તો મડદું ખુશી થાતું હશે? અને કોઈ સાડા ત્રણ-ત્રણ મહિના મોટા લોઢા મુકે તો નારાજ થતું હશે? એમ જેને આત્માના આનંદનું સમ્યગ્દર્શનનું ભાન થયું છે એને એ અનુકૂળ સંયોગો, એ બધા પાલીશ કરેલા લાકડા મડદાને જેમ સુખ ઉપજાવતા નથી, એમ એ સુખ ઉપજાવતા નથી.

એમ એ સમ્યગ્દષ્ટિને પ્રતિકૂળ સંયોગ, વિઘન એટલા આવે, નિર્ધન હોય, ગરીબ થઈ જાય, વાંઢો હોય, વાંઝિયો હોય, એકલો પણ હોય. ધર્મી હોય એટલે કંઈ પૈસાવાળો ને બહારમાં સુખી હોય એવું છે કાંઈ? એય...! આત્માનું સમ્યક્ ભાન થયું અને બહારમાં નિર્ધન હોય. સમજાય છે કાંઈ? એની પાસે બીજા લાખો, કરોડોપતિઓ દેખાતા હોય પણ જેમ ત્રણ મણના મોટા લોઢા,.. શું કહેવાય? કાટિયું મડદા ઉપર મુકે તો મડદાને દુઃખ થાય છે? એમ ધર્મીને એવી પ્રતિકૂળતાથી દુઃખ લાગતું જ નથી.

મુમુક્ષુ :– પેલામાં તો જીવ નથી એટલે ખબર નથી...

ઉત્તર :– આ ભાન વિનાનો જડ છે, ભાન નથી એને, ઇ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મી એટલે આત્માના ભાનમાં (છે), જેને ભલે બહારમાં નિર્ધનતા હો, કાળામશ શરીર હોય એની સાથે શું સંબંધ છે? સમજાય છે? અને પ્રતિકૂળતાનો પાર ન હોય, રોટલો ને છાશ મળવા મુશ્કેલ પડતા હોય. 'મોહનભાઈ'! એમ હોય કે નહિ? અરે..! રોટલા અને છાશ મળવા મુશ્કેલ પડે, સમકિતી એવા કોઈ પડ્યા હોય, આત્માના જ્ઞાનમાં (એને) દુઃખ માનતા નથી. આનંદ છે. રોટલો આવે છે, ખાય છે, આનંદ છે અંદર.

મુમુક્ષુ :–

ઉત્તર :– શેનું ફળ? બહારનું કે અંદરનું? એય..! આ કહે છે કે ધર્મફળ એટલે બહાર કંઈ પૈસા-બૈસા મળવા જોઈએ ને!

મુમુક્ષુ :– ઇ પણ કોઈને મળે છે.

ઉત્તર :– પણ ઇ ક્યાં એને લઈને છે? એની વાત પણ અહીંયા ક્યાં છે? ધર્મ અને ધર્મના ફળમાં લક્ષ્મી ન હોય. ધર્મના ફળમાં અંદરમાં શાંતિ હોય. ધર્મના ફળમાં લક્ષ્મી–ધૂળ મળે? એ તો જરી પુણ્ય હોય, રાગ પુણ્યનો હોય તો એ મળે. ધર્મમાં તો શાંતિ મળે. આહાહા..! સમજાણું કાંઈ? મડદાને જેમ મોટા લાકડા .. મુકે કે પાલીશથી બાળે, બન્નેમાં કાંઈ નથી.

એમ સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય, સ્ત્રી હોય. સમજાણું કાંઈ? અને ઘરમાં કોઈ ગણતું ન હોય, કોઈ બોલાવતું ન હોય, આનંદ માણતા હોય. એય...! અમે આત્મા છીએ, અમારામાં આનંદ છે. અમારે કોઈ ચીજની જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને મૂઢ પૂર્વના પુણ્યને લઈને લાખો અને કરોડો મળ્યા હોય, મૂઢ! આ મારા માનીને અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ કરે છે એ મૂઢ પાગલ છે એમ અહીં તો કહે છે. આહાહા..! એ.. 'મોહનભાઈ'! ભારે વાત, ભાઈ! પેલો ડાહ્યો છે. આમ નિર્ધન, કાળુંકુબડું શરીર હોય, એકલો હોય. પેલાને એક મહિનાનો પાંચ-પાંચ હજારનો પગાર, દસ-દસ હજારનો પગાર (હોય). અહીં હાથમાં લટકતું (હોય). ઓહો..! પેલાને તો રોટલાના પાંચ રૂપિયા મળવા પણ મુશ્કેલ, હોં! પહેલા, અત્યારે તો પાંચ-પચીસ ન હોય, પાંચ રૂપિયા તો ગરીબ માણસને મુશ્કેલ પડતા. બે રૂપિયે ખાતા ને પહેલા? સાંઈઠ વર્ષ પહેલા.. સાંભળતા ને? રાંડી રાંડ બાઈ થાય છે. બે-અઢી રૂપિયા બાંધી દેતા. એ.. 'શિવલાલભાઈ'! સાંભળ્યું છે કે નહિ? અમે તો સાંભળ્યું હતું. અહીં ૭૬ થયા ને. સાંઈઠ વર્ષ પહેલા 'ઉમરાળા'માં વિધવા બાઈ થાય તો અઢી રૂપિયા બાંધી દે, તો બહુ કહે, ઓહોહો..! બાઈ ભાગ્યશાળી (છે). પાંચસો રૂપિયા થાય આખા ... તરીકે, હોં! પાંચસો. અઢી રૂપિયા. બસ! એને જુવાન માણસને... બહુ થયું. અત્યારે તો અઢીનું શાક પણ થાય એવું નથી, મુશ્કેલ પડે. એમાં એ વખતે સંતોષ હતો, એમ કહું છું. કાંઈ નહિ, આપણે ધર્મધ્યાન કરશું. આપણે નિવૃત્તિ થઈ. સાડા પાંચસો રૂપિયા.. શું કહેવાય? કોટ. કોટ કહેવાય. વાણિયા મરે પછી પાછળ કોટમાં પાંચસો આવ્યા, કહે. એય..! 'કાળીદાસભાઈ'! સાંભળ્યું છે કે નહિ? અહીં તો ઘણું બધું સાંભળ્યું ને ઘણું જોયું છે. પાંચસો પોતના આવ્યા. આહાહા..! સાડા ત્રણસો હતા, વળી એક ભાઈએ દોઢસો વધારી દીધા. એમાં પાંચસો આવ્યા. આહાહા..! સંતોષ હોય અંદર, જો ધર્મી હોય તો વાત છે. અજ્ઞાની હોય તો પાંચ-પાંચ હજારની પેદાશ હોય છોકરાને તો સખ ન હોય. મૂઢને આ જોઈએ ને આ જોઈએ ને આ જોઈએ.

અહીં કહે છે, ધર્મી ભોગ ભોગવતા તને દેખાય તે રુચિ વિના દેખાય છે એ તને ખબર પડતી નથી. આહાહા..! અને અજ્ઞાની ભોગનો ત્યાગી દેખાય પણ એને પુણ્યના પરિણામમાં પ્રેમ છે, તે ભોગનો ત્યાગી નથી. સમજાણું કાંઈ? આહા..! આ આંતરા? ઉગમણા-આથમણા આંતરામાં ફેર. કહો, 'પોપટભાઈ'! ધર્મી તો કટિબદ્ધ થઈ જાય છે, કહે છે. સમજાણું? **'તૈયાર હો જાતા હૈ.'** લ્યો!

**'જૈસા કહા ગયા હૈ કિ' 'इदं फलमियं क्रिया.'** 'જ્ઞાનાર્ણવ'માં આ શ્લોક છે. ન્યાં ઉક્તં કહ્યું છે. આધાર છે, પાના–૭૬ માં છે. કહો, સમજાણું કાંઈ? ધર્મીજીવ, જેને આત્માના વિવેકનું ભાન છે એ તો આ ફળ છે એનો એ વિદ્વાન વિચાર કરે છે. શું? એ પુણ્ય ને પાપનું ફળ બંધ છે, દુઃખ છે એમ વિચાર કરે છે. મારા આત્માની શ્રદ્ધા-જ્ઞાનનું ફળ શાંતિ છે એમ એ વિચાર કરે છે. સમજાણું કાંઈ? એ ધર્મીને વિવેક હોય છે, એમ કહે છે.

**'યહ ફલ હૈ,...'** કે આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, એની મેં જે શ્રદ્ધા-જ્ઞાન કર્યા એનું ફળ મને શાંતિ છે. એનું ફળ મને સમાધાન–શાંતિ છે અને જેટલો પુણ્ય-પાપનો ભાવ થાય છે એનું ફળ બંધન છે, એ દુઃખ છે, એમ જ્ઞાની વિવેકી ધર્મી આવા વિચારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મંથનમાં આવી ક્રિયા એને હોય છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને બેભાનમાં કાંઈ ખબર નથી. પાગલની જેમ ખાવું-પીવું, ભોગવવું ને એમ ને એમ ચાલ્યો જાય છે.

**'યહ ક્રિયા હૈ,...'** જુઓ! આ શરીરની જડની ક્રિયા છે, એમ જ્ઞાની જાણે છે. રાગાદિના પરિણામ વિભાવ છે એમ જાણે છે અને આત્મા શુદ્ધ શ્રદ્ધામાં જેટલો પરિણમે એટલી સ્વાભાવિક ક્રિયા છે. એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણ પ્રકારની ત્રણ ક્રિયા છે. આ દેહાદિ માટી છે, આ તો જડ છે. હાલે, ચાલે એ એની જડની ક્રિયા છે. અંદર શુભ-અશુભ રાગાદિ થાય એ વિભાવિક ક્રિયા છે અને આત્મા વિભાવરહિત જેટલો સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનમાં એકાકાર થયેલો છે એ સ્વાભાવિક ક્રિયા છે. એ ક્રિયાને તત્ત્વજ્ઞાની, વિદ્વાન બરાબર જાણે છે. અજ્ઞાનીને કઈ ક્રિયા મારી ને કઈ ક્રિયા તારી, કઈ વિભાવિક ને કઈ જડની, કઈ આત્માની કંઈ ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

**'યહ કરણ હૈ,...'** કરણ એટલે સાધન. કહો, મારા આત્માનું, હું શુદ્ધ આત્મા પવિત્ર છું. એનું સાધન મારો સ્વભાવ શુદ્ધ તે સાધન છે. સમજાય છે કાંઈ? અને પુણ્ય આદિના પરિણામ તે વ્યવહાર નિમિત્ત તરીકે સાધન કહેવામાં આવે છે. ખરેખર એ બંધનું સાધન છે. એ પુણ્યના પરિણામ થાય એ પણ બંધનું કરણ છે. એમ ધર્મી વિદ્વાન જ્ઞાની બરાબર ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં (જાણે છે). સમજાય છે કાંઈ? હજારો રાણીના વૃંદમાં પડ્યો છતાં એનો આવો વિવેક હોય છે.

**'યહ ક્રમ સિલસિલા હૈ,...'** આ ક્રમ છે કે પહેલો અનુભવ–સમ્યગ્દર્શન થાય, પછી રાગની મંદતા કરીને વ્રતાદિના પરિણામ થાય, પછી મંદતાના પરિણામ ટળીને સ્થિરતા થાય એમ ક્રમ છે તેને જ્ઞાની બરાબર જાણે છે. અજ્ઞાનીને ક્રમની કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અજ્ઞાનીને સાંભળ્યા પછી તો ખબર પડવી જોઈએ ને?

ઉત્તર :– સાંભળ્યા પછી કરે તો ખબર પડે તો ખબર પડવી જોઈએ કે ન કરે તો? સાંભળ્યું શું કામનું? સાંભળ્યું ઇ તો કાને પડ્યું. સાંભળીને સમજે તો ખબર પડે ને? સમજ્યા વિના શું ખબર પડે? સમજાણું કાંઈ? સાંભળે છે તો ઘણા પણ અંદર આત્મા.. અહો..! એકસ્વરૂપે પ્રભુ આત્મા બિરાજે છે, એની દૃષ્ટિ વિના કલ્યાણની શરૂઆત ક્યાંય ત્રણકાળમાં નથી. એવી અંતર દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન સાધન પ્રગટ થતું નથી. મુક્તિનું સાધન આ છે એ તો પ્રગટ થતું નથી. જ્ઞાની જાણે છે કે એનો ક્રમ છે. પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે, કંઈ ચારિત્ર એકસાથે પ્રગટે નહિ. આ કહ્યું ને? તત્ત્વજ્ઞાની ભોગ છોડી શકતા નથી. ઇ આસક્તિ છે એમાં ક્રમ જાણે છે. પહેલી આત્માની દૃષ્ટિ થાય, પછી સ્વરૂપની સ્થિરતા થાય, પછી શુકલધ્યાન થઈ અને કેવળ થાય. એકદમ પહેલે ધડાકે સમ્યગ્દર્શન થાય અને ભોગ છોડી દે એમ હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'યહ ખર્ચ હૈ,...'** આ ખર્ચાય છે. મારી શાંતિ આમાં થોડી જાય છે. આ પુણ્ય પરિણામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ વિભાવ થાય છે. સમજાણું?

મુમુક્ષુ :–

ઉત્તર :– .. ખર્ચનું શું કામ છે? અહીં તો ઘરનો ખર્ચ અંદરની વાત છે. મારું વીર્ય વિકારમાં આટલું ખર્ચાય છે અને આટલું સ્વભાવમાં ખર્ચાય છે. એવો એને વિવેક હોય છે.

**'યહ આનુષંગિક (ઉપરી) ફ્લ હૈ,...'** કહે છે કે જ્યાં આત્માનો ધર્મ હોય ત્યાં થોડું પુણ્ય થાય એનું બંધ ફળ સ્વર્ગાદિ જોડે હોય. સો કળથી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ ભેગા હોય. એમ આત્માનો ધર્મ કરનાર, આત્માની શાંતિ કરે એને હજી થોડા પુણ્યભાવ હોય એનું ફળ સ્વર્ગાદિ મળે, એમ ધર્મી જાણે છે. સમજાણું કાંઈ?

**'યહ મેરી અવસ્થા હૈ,...'** જુઓ! ધર્મી જાણે છે કે આ મારી દશાની આ અવસ્થા છે. હું તો સમ્યગ્દર્શનપૂર્વક દશાને રાખી શકું છું કે હું પંચમ ગુણસ્થાનની દશાને રાખી શકું છું કે મુનિદશાને હું રાખી શકું છું. એવી પોતાની દશાને એ જાણે છે. અજ્ઞાનીને એ દશાની ખબર નથી. સમજાણું કાંઈ? ભઈ! ધર્મ ખરો, પણ હજી મારી દશા આ ભોગના ત્યાગની મારી દશા નથી. આસક્તિને હજી હું છોડી શકતો નથી. મારામાં આસક્તિ છે. સમજાણું? એ મારી અવસ્થાના પ્રમાણમાં મને ધર્મ છે પણ આસક્તિ છે એને હું છોડી શકતો નથી. એની અવસ્થાનું જ્ઞાનીને ભાન હોય છે. જુઓ! અવસ્થાનું ભાન હોય છે એમ કહે છે. આંધળો નથી હોતો એમ ઇ કહે છે. કંઈ ખબર નહિ, કોણ જાણે અમે ક્યાં છીએ, કઈ અવસ્થામાં છીએ? એમ નહિ. અવસ્થા કોણ? આ યુવાન, બાળ ને વૃદ્ધ? એનું શું કામ છે? આ તો જડ છે. મારી વીતરાગ દૃષ્ટિ આટલી પ્રગટી છે, વીતરાગતા આટલી થઈ છે અને રાગ આટલો રહ્યો છે. એવી અવસ્થાનો જ્ઞાનીને ખ્યાલ હોય છે, વિવેક હોય છે. અજ્ઞાનીને એનો વિવેક હોતો નથી. કાંઈ ખબર ન મળે. આંધળે આંધળા કુટાય.

**'યહ મિત્ર હૈ,...'** જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ મિત્ર. બાકી વિરોધી **'યહ શત્રુ હૈ,...'** વ્યવહારે જાણે. ખરેખર આત્માનો સ્વભાવ મિત્ર, વિકાર તે શત્રુ. સમજાણું કાંઈ? બહારનો પણ વિવેક રાખે, કોણ પ્રતિકૂળ છે? કોણ અનુકૂળ? એનો ખ્યાલ હોય છે. ખ્યાલ હોય છે, એટલું હોં! વિવેક હોય એટલું. અંદરમાં આત્મા પવિત્ર ધામ શુદ્ધ ચૈતન્ય એ મારો સ્વભાવ જ મારો મિત્ર છે અને જેટલા વિકારભાવ થાય એ મારા શત્રુ છે.

મુમુક્ષુ :– પોતાથી જુદો હોય તેને મિત્ર કહેવાય કે પોતાને ને પોતાને જ મિત્ર કહેવાય.

ઉત્તર :– પોતે પોતાનો મિત્ર. વળી બીજો કોણ મિત્ર ધૂળમાં હતો? આમ મરતો હોય એં.. એં.. કરે, બીજો મિત્ર હોય એ જુએ, શું કરે એને? સાલ નાખે?

મુમુક્ષુ :– આશ્વાસન આપે.

ઉત્તર :– શું આશ્વાસન આપે? પેલો સાંભળી શકે નહિ. કાનમાં કાંઈક થઈ ગયું. વીસ વર્ષનો મરતો હોય, લ્યો! સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :–

ઉત્તર :– શું કરે પણ? એને ભાનમાં આમ આમ ડગ ડગ થતો હોય, હાય.. હાય.. મમતામાં. શું સંભળાવે? આહાહા..! અમારે 'પાલેજ' માં એક જુવાન છોકરો હતો, બહુ જુવાન, પાટીદાર, હોં! અમારી દુકાનની જોડે. એવો જુવાન. બે જુવાનને આમ ઉભા રાખે. પોતે બાવીસ વર્ષનો પણ બાવીસ–બાવીસ વર્ષના બે જુવાનને આમ હાથમાં ઊંચા કરીને આમ ફેરવે. એવી તાકાત. એને મરતા મેં જોયો, ન્યાં ને ન્યાં, એ જ મકાનમાં. જોડે દુકાન હતી ત્યાં. સમજ્યાને? આહાહા..! પરણેલો. પેટલાદનો પાટીદાર હતો. મરતા આમ.. જોવા ગયા, આંખ્યું આમ ટગ ટગ ટગ દુકાનની અંદરમાં મમતા.. મમતા.. મમતા.. આહાહા..! રાત્રે નવરા થઈએ પછી દુકાનની હેઠે રમે ને. બાવીસ વર્ષનો હતો પણ બાવીસ–બાવીસ વર્ષના જુવાનને આમ હાથે ઊંચા કરે આમ, હોં! આખા ઊંચા કરીને બન્નેને ફેરવે. આમ ને આમ ફેરવતો. એવી તાકાત. ઇ મરવા પડ્યો તો આંખ્યું આમ.. આમ... મરવાની તૈયારી. અરે..! શું થયું આ? એવો જ કોઈ રોગ થઈ ગયેલો. તાવ ને કફ ને ... એકદમ. જુવાનજોધ માણસ, હોં! મરી ગયો. જોડે પાંચ ગાઉ છે, ગામ છે કાંઈક, નહિ? નર્મદા નીકળી ઇ. ચાંદોલ? ત્યાં મડદાને બાળવા લઈ ગયા. જુવાનજોધ, પાટીદાર. ધૂળમાં પરવસ્તુ ક્યાં સાધન છે? મિત્ર કોને કહેવા? અમે ગયા હતા એની પાસે. અમે જોડે બધા મિત્રો કહેવાઈએ. સાંભળવાનું ન મળે. આંખો આમ ફટતી હતી.. ટગ.. ટગ.. અંદર ઘેરાઈ ગયેલો. કોણ મિત્ર? બાપુ! તારો આત્મા ... કરે એ તારો મિત્ર છે. અને વિકારભાવ તે શત્રુ છે, એનો જ્ઞાનીને વિવેક હોય છે, અજ્ઞાનીને ભાન નથી. બીજા મિત્ર ને શત્રુ માને છે. ધૂળમાં પણ કોઈ શત્રુ-મિત્ર.

**'યહ દેશ હૈ,...'** સમજાય છે? આ દેશ છે, અત્યારે પાક આવો છે, ફલાણું આવું છે. પોતે કહે છે, દેશ, કાળની યોગ્યતા. એ પ્રમાણે પોતે ત્યાગ કરે છે, એમ કહે છે. દેશ, કાળને જાણીને પોતે સમજીને ત્યાગ કરે. એકદમ ઉતાવળો થઈને છોડી દે એમ નહિ. આ દેશ છે.

**'યહ કાલ હૈ,...'** આ કાળ કેવો છે? જેમાં નિર્દોષ શી રીતે નભાય? કેવી રીતે થાય? એ બધો વિવેક કરે છે, એમ કહે છે. દેશ, કાળને જોવે. એમ ને એમ ધૂત થઈને પડે એમ નહિ. કેવો કાળ છે આ? કેવી સ્થિતિ છે? આ કાળમાં કેટલું કરવા જેવું છે? એ બધો એને વિવેક હોય છે.

**'ઇન સબ બાતોંપર ખ્યાલ દેતે હુએ..'** જુઓ! **'બુદ્ધિમાન પુરુષ પ્રયત્ન કિયા કરતા હૈ.'** બધાનો ખ્યાલ રાખીને એ પ્રયત્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? **'મૂર્ખ ઐસા નહીં કરતા.'** બે વાત લીધી, લ્યો! મૂર્ખ એવું નથી કરતો. સમજાણું? **'प्रयतते बुधो नेतरः'** છે ને? પાઠમાં શબ્દ જ છે. **'प्रतिवितर्कयन् प्रयतते बुधो नेतरः'** ઇતર એટલે મૂર્ખ એવું કરતો નથી. પાઠમાં છે, હોં! **'नेतरः'** આપણે પાઠના શબ્દો હોય તો ઠીક રહે. આધાર હોય ને! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઇતર નામ મૂર્ખ છે તે ફળનો વિચાર નથી કરતો. ક્રિયા શું, જ્ઞાનની, રાગની, પરની એનો વિચાર નથી કરતો. કરણ-સાધન કોનું? અંતરનું, વિકારનું એનો કાંઈ વિચાર કરતો નથી. ક્રમ શું પડે છે? પહેલું સમ્યગ્દર્શન થાય પછી ચારિત્ર (થાય). આ તો એકદમ વ્રત લઈ લે ને પછી ભાન વિના નભી શકે નહિ, એવા મુર્ખ એમ કરે, એમ કહે છે. સમજાણું?

મુમુક્ષુ :- ઉત્સાહ આવી જાય તો જુવાનીમાં કરે.

ઉત્તર :- શેના ઉત્સાહ? ધૂળના? ઉત્સાહમાં આવીને માણસ કૂવામાં કૂદકો મારે છે? ન્યાં વિચાર કરે. આહા..! ન્યાં ઉત્સાહમાં આવીને ફટ દઈને કૂવામાં ન પડે. ઇ વિચાર કરે. ખર્ચનો પણ વિચાર કરે, હોં! કેટલું ખર્ચાય છે, કેમ છે, કેમ નહિ, એમ બહારમાં પણ વિચાર વિવેક રાખે. હોય પાંચ હજારની મૂડી અને ખર્ચી નાખે પાંચ હજાર, બહુ હોશિયાર થઈને દઈ દે પાંચ હજાર, જાઓ. સમજાણું? એ વિચાર કરે, મારી શક્તિ કેટલી છે? હું કેટલે પહોંચી શકું છું? મારો કાળ શું છે? કેમ નભી શકું? એમ વિચાર કરે. સમજાણું? આ વિચાર મૂર્ખ કરતો નથી. ખર્ચનો વિચાર ન કરે. આવે દસ ને જાય બાર. ખર્ચને વિચાર નહિ કે હું પહોંચી શકીશ નહિ, હેરાન થઈ જઈશ. સમજાય છે? એમ આનુષંગિક ફળ શું આવશે? દુનિયા વેરી થશે કે આ થશે કે આનું ફળ.. એનો વિચાર ન કરે. મારી અવસ્થા શું છે એનું મૂર્ખનું ભાન નથી. મિત્ર-શત્રુનું ભાન નથી. દેશ-કાળનું પણ ભાન મૂર્ખને હોતું નથી. લ્યો!

**ભોગાર્જન દુઃખદ મહા, ભોગત તૃષ્ણા બાઢ,**
**અંત ત્યજત ગુરુ કષ્ટ હો, કો બુધ ભોગત ગાઢ. ૧૭.**

**'ભોગાર્જન દુઃખદ મહા,...'** ભોગના કરવામાં તો મોટું દુઃખ છે. **'ભોગત તૃષ્ણા બાઢ,...'** ભોગતા ભોગતા તૃષ્ણા વધી જાય છે. **'અંત ત્યજત ગુરુ કષ્ટ હો,...'** છોડતા આસક્તિ છૂટતી નથી. ભોગની શરૂઆતમાં આતાપ, એને ભોગવવામાં અતૃપ્તિ અને છોડવામાં આસક્તિ છોડી જાય નહિ, છૂટે નહિ. આસક્તિ.. આસક્તિ.. આસક્તિ... આવી ચીજોને ... જાય, લોલૂપતા અંદર રહ્યા કરે. આહાહા..! આ કરતા ન આવ્યું હોત ને.... આવ્યું જાય ઇ ગોઠતું નથી. એમ કહે છે ને દુનિયા? આવ્યું પોષાય, આવ્યું હોય ઇ સમાય. જાય સમાય નહિ. મૂઢ, હવે જાય-આવે કોણ? સાંભળને હવે. સમજાણું કાંઈ? કહે છે, **'અંત ત્યજત ગુરુ કષ્ટ હો,..'** મહાકષ્ટ થાય. ગુરુ એટલે આસક્તિ ઘણી થાય. એમ. **'કો બુધ ભોગત ગાઢ.'** કોણ જ્ઞાની રુચિપૂર્વક ભોગવે? એમ કહે છે, હોં! ગાઢ એટલે. કોણ રુચિપૂર્વક ભોગને અને વિષયને સેવે. આત્માના આનંદને છોડીને આમાં રુચિ કોણ કરે? કહો, સમજાણું?

જુઓ! આ ધર્મની રીત કહે છે. ભાઈ! એ શરીર, વાણી, મનની ક્રિયાઓ ધર્મ નહિ. અંદરના પુણ્ય-પાપના ભાવ થાય એ ધર્મ નહિ. આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરે તે ધર્મ છે. એ ધર્મ આત્માને મુક્તિ આપનાર છે. એ સિવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈ મુક્તિને આપનાર નથી. સમજાણું કાંઈ?

શિષ્ય પાછો પ્રશ્ન કરે છે. **'આચાર્ય ફિર ઔર ભી કહતે હૈં...'** આચાર્ય કહે છે, **'જિસ (કાય) કે લિયે સબ કુછ (ભોગોપભોગાદિ) કિયા જાતા હૈ વહ (કાય) તો મહા અપવિત્ર હૈ, જૈસા કિ આગે બતાયા જાતા હૈ–'** લ્યો! દુનિયા શરીર માટે મથે છે. ધૂળ. ક્યાંકનો ઢગલો અહીં આવીને પડ્યો એને રાખવા માટે મથે છે. આચાર્ય કહે છે, દુઃખી.. દુઃખી અજ્ઞાની. આ રજકણનો પિંડ ક્યાંક હતો ઝેરનો, વિષ્ટાનો ક્યાંકનો હતો એ અહીં આવ્યો છે. આ શરીર.. શરીર. શરીર, આ વાળ, આ હાડકા, આ નાક બધા પરમાણુ છે, રજકણનો પિંડ છે, પુદ્‌ગલનો સ્કંધ.. સ્કંધ–જથ્થો છે. એ જથ્થો પહેલા ક્યાંક હતો. વિષ્ટામાં હતો, કોઈ તરવારમાં હતો, કોઈ જમૈયામાં હતો, કોઈ સડેલા કૂતરામાં હતો, કોઈ સડેલા મિંદડામાં હતો, સડેલા ઊંટમાં હતા એ રજકણના સ્કંધ આવીને અહીં આ શરીર થયું છે. આહાહા..!

ભાઈ! તું તો અરૂપી પ્રભુ ભિન્ન છો ને, બાપા! આ તો રજકણોના પિંડ ઘણી વખતે કઈ રીતે આવીને પલટી ગયા. આવા આવા શરીરના તો અનંતવાર વમન કર્યા. અને એના એ રજકણના સ્કંધ પાછા તારી પાસે આવ્યા છે. નદીના પાણીના પૂર જોવા જાય અને કહે, અમારે અહીં પાણી આવ્યું. અમારે કાળુભારમાં બહુ પાણી. ઊંડું બહુ છે અને લાંબી બહુ છે. છોકરાઓ હતા ને ત્યારે જોવા જાતા. પાણી.. પાણી.. જવા ન દે, બહુ નાના હતા ને. ગઢ છે ને? ગઢની અંદર જવા ન દે, બહાર ઉભા રહેજો. પાણી બહુ આવે. તે દિ' તો બહુ આવતું. (સંવત) ૧૯૫૭ માં એટલું પાણી આવતું. ઘોડાપુરની વાત નહોતી કરી? ઘોડાપુર.. આમ, હોં! ઘોડાપુર, કાળુભાર નદી. જવા ન દે. કેમ? બાપુ! તમારું કામ નહિ ત્યાં. નદીના પૂર તાણી નાખશે. સમજાણું? શરીરની સંભાળ માટે કરે છે.

અહીં કહે છે, આવું શરીર. જુઓ! એમાંથી સડેલા હોય એ ભેગા થઈને આ શરીર થયું છે, લ્યો! આહાહા..! ક્યાંકના રજકણોનો પિંડ હતો એ પિંડ અહીં આવીને ઉભો રહ્યો છે. એ થોડી વાર મુદત રહેશે ત્યાં ફૂ.. થઈને ચાલ્યો જશે. ભગવાનઆત્મા તો ઇનો ઇ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ખ્યાલ આવે ત્યારે ખબર પડે કે..

ઉત્તર :– ખ્યાલ આવે ત્યારે ખબર પડે. આહાહા..! એના એ દુશ્મનના રજકણો શરીરરૂપ આવે અને એના એ દુશ્મનનો આત્મા ઘરે છોકરારૂપે આવે. ઇ દુશ્મનનો આત્મા છોકરો (થઈને આવે). અને પેલા શરીરના રજકણ જે બહાર હતા એ આ શરીર ઉપર આવે. તો અહીંયા પ્રેમ કરવા મંડે. પેલો છોકરો થાય તો કહે મારો દીકરો. આરે.. આરે...! આ ભ્રમણા તો જુઓ! પૂર્વનો છોકરો હોય એ મરીને અહીં શત્રુ થાય. આનો આ છોકરો આવતા ભવમાં શત્રુ થાય. એ તો પરિવર્તન ભિન્ન ભિન્ન છે ને! રજકણો જુદા છે, આત્મા જુદા છે. આહાહા..! આ નાટકના ખેલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને દરકાર નથી. અરે..! હું ત્રિકાળી તત્ત્વ છું અને આ સંયોગી ચીજ તો એક સમયના સંબંધે ઉભી છે. સંબંધે ઉભી છે, અંદરમાં તો આવી નથી. હું નિરાલંબી નિરાધાર પરના આશ્રય વિનાનું તત્ત્વ છું. મારે કોઈનો આધાર નથી. એવા આત્માની શ્રદ્ધાની એને ખબર પડતી નથી. ભગવાનઆત્મા.. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? આહાહા..!

બે વર્ષનો છોકરો હોય ને જરી રૂપાળો હોય અને ભર્યું શરીર હોય પછી આમ પેટ ઉપર બટકુ ભરે ને? બક્કી ભરે આમ.. આમ. એના એ રજકણ ઝેર જેવા હતા, એ ઝેર થઈને અહીં આવ્યા છે. પણ કંઈ ભાન નથી ને. આહા..! બેટા! સુંવાળા હાથ હોય તો પાછો આમ કરે. એક હાથ અહીં નખાવે, એક હાથ અહીં નખાવે.

મુમુક્ષુ :- આબેહુબ વર્ણન કરો છો.

ઉત્તર :- એમ કરે છે ને પણ? આહાહા..! આમ બક્કી ભરીને પછી આમ આમ કરે. શું છે પણ? કાંઈ વિવેક છે ખબર? તું કોણ? આ શું? કાંઈ ખબર છે? એ તો જડના રજકણના પિંડ તારા વૈરી હતા એ આવીને આ શરીરપણે થયા છે, સાંભળ તો ખરો. આહાહા..!

મુમુક્ષુ :- એવું કરે તો વ્હાલ કે દિ' થાય?

ઉત્તર :- ઇ જ કહે છે, વ્હાલ કરવા જેવું નથી, એમ અહીં તો કહે છે. આત્મા ઉપર વ્હાલ કરવા જેવું છે. સચ્ચિદાનંદ સ્વરૂપ અનંત આનંદનો કંદ નાથ તું છો ને! ભાઈ! ત્રણલોકનો નાથ કણ કણનો ભિખારી થઈને ફરે, આ તને શોભે છે? ભાઈ! આહાહા..! ઇન્દ્રોના ઇન્દ્રાસન ચળાવવા આવે તો ચળ નહિ. એવી તારી ગતિની જાત છે, તું આ શું કરે છે?

અહીં કહે છે, આ શરીર.. સમજાણું? **'સબ કુછ કિયા જાતા હૈ, વહ તો મહા અપવિત્ર હૈ,...'** શરીરની વાત માંડી હવે, બીજી તો એક કોર રહી.

---

**उत्थानिका :- आचार्य फिर और भी कहते हैं कि जिस (काय) के लिये सब कुछ (भोगोपभोगादि) किया जाता है वह (काय) तो महा अपवित्र है, जैसा कि आगे बताया जाता है -**

**भवन्ति प्राप्य यत्सङ्गमशुचीनि शुचीन्यपि।**
**स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा।।१८।।**

**अर्थ :- जिसके सम्बंधको पाकर-जिसके साथ भिड़कर पवित्र भी पदार्थ अपवित्र हो जाते हैं, वह शरीर हमेशा अपायों, उपद्रवों, झंझटों, विघ्नों, एवं विनाशों कर सहित हैं, अतः उसको भोगोपभोगोंको चाहना व्यर्थ है!**

**विशदार्थ :- जिस शरीरके साथ संबन्ध करके पवित्र एवं रमणीक भोजन वस्त्र**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**आदिक पदार्थ अपवित्र धिनावने हो जाते हैं, ऐसा वह शरीर हमेशा भूख प्यास आदि संतापोंकर सहित है। जब वह ऐसा है तब उसको पवित्र अच्छे अच्छे पदार्थोंसे भला बनानेके लिये आकांक्षा करना व्यर्थ है, कारण कि किसी उपायसे यदि उसका एकाध अपाय दूर भी किया जाय तो क्षण क्षणमें दूसरे दूसरे अपाय आ खड़े हो सकते हैं।**

**दोहा - शुचि पदार्थ भी संग ते, महा अशुचि हो जाँय।**
**विघ्न करण नित काय हित, भोगेच्छा विफलाय।।१८।।**

---

આહાહા..! **'જિસકે સંબંધકો પાકર જિસકે સાથ ભિડકર પવિત્ર ભી પદાર્થ અપવિત્ર હો જાતે હૈં,...'** ભાઈ! તારું સ્વરૂપ તો અંદર પવિત્ર છે, હોં! 'તારી નજરને આળસે રે તેં નીરખ્યા ન નયને હરિ' એ હરિ પોતે પાપ ને પુણ્યથી રહિત પવિત્ર પ્રભુ તું પોતે છો હરિ. હરિ-બરિ બીજો કોઈ કર્તા-બર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો પવિત્ર પ્રભુ, એની સામે આ અપવિત્રનો પિંડલો સાથે લઈને ફરવું તને લાજ નથી આવતી? કહે છે. હોંશ કરે. ગધેડું મરી ગયેલું હાથે ઉપાડીને ચાલે તો? અને આ મડદાને સાથે લઈને ફરે ને હોંશ કરે. મારું શરીર છે, ફલાણું છે. ગધેડાના મડદાને ઉપાડતા શરમ થાય છે અને આ તો માણસનું મડદું. ગધેડાના મડદામાંથી તો કાંઈક એની લાદ પણ નીકળે, આ તો એની લાદ પણ કામ ન આવે. આની લાદ પણ વિષ્ટા હોય. આહાહા..! સમજાણું?

આચાર્ય કહે છે, આના ત્રણ પ્રકાર. એક તો ઉત્પત્તિ અપવિત્ર. શરીરની ઉત્પત્તિ લોહી ને વીર્યથી આની ઉત્પત્તિ થઈ. વર્તમાનમાં હાડકા, ચામડા ને લોહી—બે. અને ત્રીજું, જે આનો સંગ કરે એને અપવિત્ર બનાવે છે. ચાર શેર ઘીનો પાયેલો મેસૂબ અહીં નાખે તો તરત અપવિત્ર બનાવે, એવું આ શરીર છે. એવો સંચો જગતમાં બીજો કોઈ નથી. અપવિત્રથી ઉત્પન્ન થયું, અપવિત્ર સ્વરૂપ પોતે અને જે એનો સંગ કરે તેને ક્ષણમાં અપવિત્ર બનાવે. આહાહા..! તું પોતે પવિત્રતાનો પિંડ, એની એકાગ્રતા થાય તો તને દશામાં પવિત્રતા આવે અને તું દુનિયાને સમજાવ તો પવિત્રતા સમજે, તો પવિત્રતાને તું નિમિત્ત થા, એવો તું આત્મા છો. આહાહા...! સમજાણું કાંઈ? ક્યાંકનો લોચો આવીને ક્યાંક આવે ત્યાં કહે, મારું થઈ ગયું. આ જડ તે મારા માન્યતા મિથ્યાત્વ છે, એમ બતાવે છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ એ જડ શરીરને પોતાનું માને છે. આહાહા..! ભારે વાત.

મુમુક્ષુ :– વૈરાગ્ય કરાવવા કહે છે.

ઉત્તર :– વૈરાગ્ય કરાવવા (નહીં) સાચે જ થતું નથી આ. ભાવભાસન નથી થતું અહીંયા? આમ સડે છે તો ગધેડા જેવું સડી જાય. સડે ત્યારે. આહા..! એક વાણિયાને ત્યાં જોયું હતું. 'વાવડી'માં. આમ ગંધ મારતો હતો. ગોપાણી હતો ને? અમે ગયા હતા. ગંધ મારતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતું. શેરીમાં મોઢા આગળ ઘર છે. ‘વાવડી’. એવું ગંધાય, એવું ગંધાય.. એની વહુ કહે, માંગિલક સંભળાવો. એવું ગંધાય. માંગલિક સંભળાવ્યું. સડી ગયેલું. મહારાજ આવ્યા છે, હોં! આપણે બાધા લઈ લઈએ. તો કહે, હમણા નહિ, હમણા નહિ. રાત્રે મરવું છે. અપાસરો નાનો હતો ને? નાનો અપાસરો હતો એના પછી આગળ ત્યાં અમે ઉતર્યા હતા. રાત્રે મરી ગયો. ગંધાય.. ગંધાય.. ગંધાય.. આ બધું સડી ગયેલું. પણ આમાં ન સડે તો શું સોના સડતા હશે?

કહે છે કે ભાઈ! આ પવિત્રતાનો નાથ આત્મા, આ આવી અપવિત્રતાનો પ્રેમ–મિત્રતાઈ કેમ કરી? એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? કહો, ‘જેચંદભાઈ’! આ તો બધું આમાં સમજવા જેવું આવે છે, હોં! આહાહા..! તારી ચીજ છે એ તો અનંત આનંદ અને શાંતિથી ભરેલો પાવર અંદર છે. જેટલો એકાગ્ર થાય એટલો અંદરથી શાંતિનો ફૂવારો ફૂટે. એવો તું ભગવાન ત્રણલોકનો નાથ, પ્રભુ! તારી શું વાત! કહે છે. એને આ લોચા સાથે ગોઠે છે તને કેમ ગોઠે છે? આહાહા..! રુચિ છોડાવે છે, હોં! પછી આસક્તિ હોય પણ પહેલી એની રુચિ (છોડાવે છે). શરીર આવું છે. તું આવો અને શરીર આવું. બે ભેગા કેમ રહ્યા? રહે છે કેમ? એને તો જાણે સુંવાળુ શરીર હોય તો બટકા ભરી લઉં. કરી લઉં શું આમાં? ધૂળમાં કાંઈ નથી. પાગલપણાના ગામ જુદા ન હોય. ગામદીઠ પાગલ (હોય). આહાહા..! સમજાણું?

જેનો સંબંધ પામી, જેની સાથે ભીડાઈને, પવિત્ર પણ ભીડાયને? મેસુબનો કટકો સારો હોય, ચાર શેર ઘી પાયેલો, એને આની સાથે થોડીવાર રાખે તો? આ છાતી સારી સારી કર્યા કરે છે ને? આમ સારી સારી. પછી લે ખા. ખાતી નથી ને લે ખા પરસેવો અડી ગયો. પણ તું કહેતો હતો તારું શરીર સારું છે. એને અડ્યું છે કે નહિ? સારા ઘીનું ચોસલું, ફર્સ્ટક્લાસ, હોં! ચાર શેર ઘી પાયેલું. ઉમરાળામાં મેસુબ બહુ ઊંચા થાય. ચાર શેર ઘાનો પાયેલો. પેલો હોંશિયાર કંદોઈ છે ને? નહિતર બહાર જ રાખે. અડી ગયું, મોઢું અડી ગયું. પણ ખાવું છે ને? આવી શરીરની સ્થિતિ તને દેખાય છે. એને અડેલું ન ખવાય. એ આવું થઈ જાય, છતાં કહે છે, ઇ સારું મારું.

મુમુક્ષુ :– .. ધર્મ થાય.

ઉત્તર :– ધૂળ પણ ધર્મ થતો નથી. કહો, સમજાણું?

**‘વહ શરીર હમેશા અપાયોં, ઝંઝટો, વિઘ્નોં, એવં વિનાશોં કર સહિત હૈ, અતઃ ઉસકો ભોગોપભોગોંકો ચાહના વ્યર્થ હૈ.’** આને ભોગમાં, આમાં જડમાં શું કરવું? આત્માના આનંદમાં જોને! કહે છે. આની સાથે ભોગ ભોગવવાની રુચિ કરવી વૃથા છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૧૧, શુક્રવાર**
**તા. ૩૧-૦૩-૧૯૬૬**
**ગાથા–૧૮ થી ૧૯ પ્રવચન નં. ૧૬**

આ 'ઇષ્ટોપદેશ' છે એની ૧૮મી ગાથા ચાલે છે. અહીં સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ શરીર ને આત્મા જુદા કહ્યા છે અને છે. અહીં કહે છે કે, આ શરીર જ તારી ચીજ નથી તો એનાથી તને કંઈ લાભ થાય એવું છે નહિ. ધર્મનો લાભ તો અંદર આત્માના પવિત્ર સ્વભાવની દૃષ્ટિ કરવાથી ધર્મલાભ થાય છે. શરીરથી કાંઈ થતું નથી. આ શરીર જ પરદ્રવ્ય છે. આ તો અજીવ, માટી, ધૂળ, પુદ્ગલ છે. એની વાત જરી એની રુચિ છોડાવવા આ વાત કરે છે. ભાઈ! શરીરની રુચિ છોડ. એ અજીવતત્ત્વ છે, પુદ્ગલ છે, રૂપી છે, માટી ને આ ચામડીથી વીંટાયેલું માંસ-હાડકાનું એક પૂતળું છે. એ કાંઈ તારી ચીજ નથી અને તું એ ચીજની રુચિ કરે છો તો તારા ચૈતન્યની રુચિ ટળે છે. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વરૂપ...

મુમુક્ષુ :– બેયની સાથે થઈ શકે?

ઉત્તર :– બેયની સાથે થઈ શકે જ નહિ. ઇ માટે તો અહીં વાત કરે છે. આત્મા જ્ઞાનાનંદ સિદ્ધસ્વરૂપ પરમાત્મા જેવા અરિહંત થયા એવું જ આ આત્માનું અંતર સ્વરૂપ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો આત્મા પદાર્થ છે. એની રુચિ છોડી અને આ શરીરની રુચિ તું કરે છો તો શરીર તો અપવિત્ર ને તું તો પવિત્રનો ધામ! બેનો મેળ શી રીતે થાય છે તને? એમ કહે છે. સમજાય છે કાંઈ? તું તો જ્ઞાનાનંદ, કેવળજ્ઞાન આદિ અનંત આનંદની ગાંસડી આત્મા છો. પ્રભુ પરમાત્મા કેવળીએ આત્મા તો શુદ્ધ આનંદકંદ પવિત્ર ધામ જોયો છે. એની સાથે આ અપવિત્રની તને પ્રીતિ કેમ છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભેગું છે ને એટલે...

ઉત્તર :– ભેગું બિલકુલ નથી, ઇ જ કહે છે અહીં. મગ ને ખીચડો, એમાં પણ મગની દાળ ને ચોખા બે જુદે-જુદા છે.

મુમુક્ષુ :– રાંધવા ટાણે એક થઈ જાય છે.

ઉત્તર :– એક કોઈ દિ' થતા જ નથી. મગના રજકણો જુદા ને ચોખાના જુદા. જડ માટી છે પ્રત્યક્ષ, એ માટે તો અહીં વાત કરે છે, કે ભાઈ! તારે હિત કરવું હોય તો આ શરીર જડ છે, માટી છે, અજીવ છે, મૂર્ત છે એની રુચિ છોડ, કે આ મને લાભદાયક છે ને મને હિતકર છે, એ રુચિ છોડ. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આત્મા પવિત્ર જોયો છે. એ પવિત્ર તું જ છો. એની અંતર રુચિ કર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો તને શાંતિ અને ધર્મ થાય. આની રુચિ કરે શું (થાય)? એ કહે છે, જુઓ!

**અર્થ :– 'જિસકે સમ્બંધકો પાકર...'** જિસકે સંબંધકો પાકર એટલે આ શરીરના સંબંધને પામીને આત્માને. **'જીસકે સાથ ભિડકર...'** જે શરીરની સાથે કોઈ પણ બહારની ચીજ જોડી દ્યો તો **'પવિત્ર ભી પદાર્થ અપવિત્ર હો જાતે હૈં,..'** આત્મા સાથે રહેલું શરીર, એ શરીરની સાથે કોઈ પણ ચીજનો સંબંધ કરો તો એને અપવિત્ર બનાવશે એવું આ શરીર છે. દાળ-ભાત, શાક, આ મેસુબ, લાડવા નાખો અહીંથી, આમ થૂંક ધૂળ બનાવશે, છ કલાકે વિષ્ટા બનાવશે, ઇ આ શરીર છે.

મુમુક્ષુ :– આત્મા તો અનાદિનો સાથે છે.

ઉત્તર :– અનાદિનો સાથે કેદિ' હતો? આ શરીર જુદું છે, આ પણ જુદું છે. એ પહેલા બીજું શરીર હતું, ત્રીજું હતું. એની સાથે કેદિ' (હતો)? જુદે-જુદા શરીર છે. આ તો જુદે-જુદા (છે). અનંતવાર મળ્યા. આત્મા તો ઇ નો ઇ છે ને આ જુદા-જુદા છે. સમજાણું કાંઈ?

કહે છે, જેનો સંબંધ પામીને એટલે શું? આ શરીરનો સંબંધ પામીને. **'જિસકે સાથ ભિડકર...'** જેની સાથે જોડવાથી **'પવિત્ર ભી પદાર્થ અપવિત્ર હો જાતે હૈં,...'** કહો! દાળ, ભાત, શાક, મેસુબ, લુગડા, કપડા સારામાં સારા ઊંચા હોય, પાંચસો-પાંચસોના કપડા, હજાર-હજારના કરે છે ને? અત્યારે જુઓને! કેવા મોટા થાય છે. શું કાંઈક ૫૫-૫૨ રૂપિયાનો વાર. સેલાલીન. આપણને નામ પણ આવડે નહિ. આ બધા છોકરાઓ બહુ કરે છે. એક જણો કહેતો હતો, ત્રણસો રૂપિયાનું કપડું છે. એક શું કહેવાય તમારું? હેઠલું પાટલુન ને ઉપરનું ઇ. કેટલાનું? કે ત્રણસો રૂપિયાનું, ત્રણસો રૂપિયાનું. દરજીના કેટલા? પાંત્રીસ રૂપિયાની સીલાઈ. બાપ પાસે પૈસા પડ્યા છે, શું કરીએ ત્યારે? મફતમાં વાપરીએ તો ખરા કે નહિ. આહા..! ત્રણસો રૂપિયા. ત્રણસો રૂપિયામાં તો પહેલા બાંધી દેતા. બિચારા વિધવા બાઈને દોઢ રૂપિયો, બે રૂપિયો થાય, વ્યાજે, કોટમાં. આ તો એ ત્રણસો રૂપિયાના લુગડા. એક એક જ લુગડું, હોં! ફક્ત એક જોડ–એક હેઠલું ને એક ઉપલું.

મુમુક્ષુ :– સુખ વધ્યું ને!

ઉત્તર :– ધૂળમાં પણ (સુખ) વધ્યું નથી, કહે છે. દુઃખી છો મફતનો. એવા કપડા પણ શરીરના સંબંધે આમ દુર્ગંધ મારે, દુર્ગંધ મારે. સમજાણું કાંઈ? મેસુબ આમાં નાખ, મોસંબીના પાણી નાખ, મેલા પેશાબ વિષ્ટા થાય. આ વિષ્ટા ઉપજવાનો સંચો છે. ઇ કહે છે, જુઓને! બાપુ! રુચિ છોડ, રુચિ. આ અજીવ છે, જડ છે, ભાઈ! આ માટી છે તું નહિ, તારું નહિ, તારામાં નહિ અને તું એમાં નહિ. બન્ને ચીજ જુદી છે, ભાઈ! એ માટે આ વાત કરે છે. સમજાણું કાંઈ? **'પવિત્ર ભી પદાર્થ અપવિત્ર હો જાતે હૈં,...'**

**'વહ શરીર હંમેશા અપાયોં,...'** અંદર નુકશાનકારક છે, કહે છે. છે ને અપાય? ગમે એવી ચીજ નાખો, એને અડાડો તરત ગંધ મારશે, ગંધ મારે લ્યો! દુર્ગંધ, દુર્ગંધ. એને તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભોગના સાધન માની અને મિથ્યાદૃષ્ટિપણે શરીર માનીને એમાં ભોગમાં રસ લે છો, બાપુ! તારા આત્માની હિંસા થાય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવથી શરીર મારું એમ માની, જે શરીર જડનું છે. ઇ મારું માનીને એના ભોગની વાસનામાં પ્રેમ કરો છો, ભાઈ! ઇ રુચિ કરવી મિથ્યાત્વભાવ છે. એમાં ભોગમાં સુખ નથી, આત્મામાં સુખ છે. આત્મામાં સુખ છે એની રુચિ કર. આના ભોગમાં સુખ નથી, એ તો દુઃખનું કારણ છે. જુઓ!

**'શરીર હંમેશા અપાયોં,...'** અનર્થનું કારણ છે, **'ઉપદ્રવોં,...'** ઉપદ્રવનું કારણ છે. શરીર ઘડીકમાં આમ થયું, ફલાણું થયું. 'મોહનભાઈ'! કેમ 'જેચંદભાઈ'? ઇ સાચી વાત આર્તધ્યાનને લઈને. એ નહિ પણ શરીર એવું કહે છે કે, આત્માના હિતથી ઊંધી ચીજ છે આ, એમ કહે છે. માટે એની રુચિ છોડવી એમ કહે છે. આ શું કરવા કહે છે? આ જડ છે. ભગવાન પરમાત્મા કહે છે કે, ભાઈ! આ જડ માટી છે અને તું તો આત્મા છો. બે ચીજ ઉગમણી-આથમણો ફેર તદ્દન જુદી જાત છે. એની રુચિ કરીને આત્માની રુચિ ટળી જાય છે.

આત્મા આનંદમૂર્તિ! સર્વજ્ઞ ભગવાને આત્મા વીતરાગની મૂર્તિ આત્મા જોયો છે. તારી દશામાં વિકાર થાય એ તો ક્ષણિક ઉપાધિ છે. અંતર સ્વભાવ તો વીતરાગ (છે). ભાઈ! એમાં નજર કરવી જોઈએ, એ આત્માનો પોતાનો સમીપભાવ કરવો જોઈએ. એવી રુચિ છોડીને આ શરીર માટી, હાડકા ને ચામડા માથે લપેટ, એને મારું માનીને તું દુઃખી થઈ રહ્યો છો. એ અનર્થનું કારણ છે. રુચિ–રુચિ છોડવાની વાત કરે છે, હોં! એકત્વબુદ્ધિ છોડ, એમ કહે છે. જડ અને ચૈતન્યની એકત્વબુદ્ધિ છોડ. સમજાણું કાંઈ?

**'ઉપદ્રવોં,....'** ક્ષણે ક્ષણે કંઈક (થાય). આ થયું, ધૂળ થયું ને ફલાણું થયું. ચોવીસ કલાકની માંડી હોય. આંખમાં આમ થાય છે. જડ રજકણ અનંતા પરમાણુનો પિંડ માટી છે. કાયા તો અજીવ છે ને તું તો જીવ છો, તું અરૂપી છો, આ રૂપી છે, આ મૂર્ત છે, તું અમૂર્ત છે, તું આનંદ છે, આ ઉપદ્રવનું ઘર છે. ભેદજ્ઞાન કરાવે છે. આહાહા..! ઉપદ્રવનું ઘર છે.

**'ઝંઝટોં,...'** એક વ્યાધિ મટાડે ત્યાં બીજી, બીજી મટે ત્યાં ત્રીજી. ચાલ્યા જ કરે ઉપાધિઓ. અને શરીરના જે રાગીઓ હોય, સરખા સાફ-સુફ કરીને રહેતા હોય ને આમ નાહિ-ધોઈને સરખા (રહેતા હોય) એને તો ઘડીકમાં કાંઈક ઉં..હું... થઈ ગયું, માટી ચોંટી તો ફલાણું થઈ ગયું, ઢીકણું થઈ ગયું. હેરાન-હેરાન બિચારા. 'પોપટભાઈ'! સાફસૂફ, આમ રૂપિયા રૂપિયાના સાબુ. પહેલા બાર આને આવતા અમારા વખતમાં સારા સારા. હવે મોટા હશે, શી ખબર પડે? પહેલા સારામાં સારા બાર આનાના સાબુ (આવતા). ત્રણ સાબુની પેટી સવા બે રૂપિયાની આવતી. ન્યાં દુકાન ધંધો હતો ને! ત્યાં 'પાલેજ'માં. સમજાણું કાંઈ? અત્યારે તો મોટું આવતું હશે. હોળી પણ ન્યાં એનાથી શું? કહે છે, આ શરીર તો માટી (છે). કેટલું સાફ કરીશ? ઉઠીને ધોયે કાદવ નીકળશે. આને સાફ કરીને સારું (રાખું)... આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રૂપાળું (રાખે). આ તો ધૂળ, માંસનો લોચો છે. અહીં રુચિ છોડાવે છે, હોં! એ તું નહિ, તારી ચીજ જુદી છે, ભાઈ! આત્મા છો, ભાઈ! તું આત્મા છોને! વીતરાગ કહે છે કે, અમારી નાતનો ને અમારી જાતનો તું આત્મા છો. સમજાણું કાંઈ? એવા આત્માની તને રુચિ થતી નથી અને આ ઉપદ્રવકારી, ઝંઝટકારી આવા શરીરનો તને પ્રેમ! શું બોલ્યા કોઈ? શું કીધું?

મુમુક્ષુ :– વીતરાગની જાતનો તું છો એમ કીધું.

ઉત્તર :– વીતરાગની જાતનો છે ઇ. કોની જાતનો છે? 'સર્વ જીવ છે સિદ્ધ સમ' સાંભળ્યું નથી?

મુમુક્ષુ :– વાણિયાની જાતનો નહિ?

ઉત્તર :– વાણિયો કેવો વાણીયો હતો? અહીં વાણીયો કેવો ને ઢેઢ કેવો? એ તો આત્મા વીતરાગની નાતનો છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ' સાંભળ્યું નથી? માથે લખ્યું છે, જુઓ! તમારી પાછળ. ('જે સમજે તે થાય') એ શબ્દો મોઢે કરી રાખ્યા છે. કીધું હતું કાલે 'પ્રકાશ'ને, અહીં રહે, અહીં બરાબર સરખાઈને ઠપકો સાંભળવાનો. નહિતર સરખું નહિ રહે. એ.. 'મોહનભાઈ'! ન્યાં પછી રાડું પાડશે, ક્યાંય 'મુંબઈ' લઈ જશો પંદર દિ'. આમથી આમ હેરાન કરી નાખશે બધાને. આ શરીર જ માટી, ધૂળ છે. કહે છે કે, રુચિ છોડ એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ત્યાં ગરી ગયો છે. કર્યો કોણે પણ? એણે જીવે કર્યો છે. ઇ તો અહીં કહે છે. ક્યાંથી ક્યાં ગરે? અદ્ધરથી ગરે છે? ભગવાન કહે છે કે, તેં તારા આત્માનો પ્રેમ છોડીને શરીરની રુચિ તેં કરી છે, કરે કોણ? કર્મ-બર્મ કરાવે છે? ઈશ્વર છે કોઈ? ઈશ્વર-બીશ્વર કોઈ કર્તા-ફર્તા છે નહિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ ક્ષણે ક્ષણે કરે નવા જન્મનો. નવો નવો વિકાર કરે ને રુચિ કરે–આ મારું. આ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે એની રુચિ ભૂલી જાય છે. રુચિ કરતો નથી, શ્રદ્ધા, વિશ્વાસ કરતો નથી. મારામાં આનંદ છે, શાંતિ છે એ વિશ્વાસ કરતો નથી. ધૂળમાં આનંદ છે ને આમાં ઇ મિથ્યાદૃષ્ટિનો વિશ્વાસ શરીરમાં ગરી ગયો છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં તીર્થંકરો આદિ હતાં પણ શરીર પ્રત્યે એની રુચિ નહોતી. નહિ, આ અમે નહિ, આ અમે નહિ, હોં! અમારો આત્મા આનંદસ્વરૂપ છે. શ્રેણીક રાજા સંસારમાં હતાં કે નહિ? શ્રેણીકરાજા. ભગવાનના વખતમાં ક્ષાયિક સમકિત પામ્યા, તીર્થંકર ગોત્ર બાંધ્યું. પહેલી નરકમાં છે, ન્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. ભાન હતું અંદર– આ નહિ, શરીર નહિ, આ રાજ નહિ, બાયડી-કુટુંબ નહિ, અમે તો આત્મા છીએ. અમારો આત્મા આનંદમૂર્તિ છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવું સમ્યગ્દર્શન કરાવવા માટે આ વાત કરે છે. આહાહા..! તારો આત્મા... ભાઈ! બપોરે ચાલતું નથી? શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો ને પ્રભુ! આહાહા..! તારામાં તો સુખના પૂર પડ્યા છે ને નાથ! અતીન્દ્રિય આનંદનો પૂર તું છો, ભગવાન પરમાત્મા કહે છે. અંદરમાં આત્માના શાંતિના રસમાં ચૈતન્યના પૂર પડ્યા છે એની તને રુચિ નથી, એનો તને વિશ્વાસ નથી, એનો તને ભરોસો નથી અને આ જડ, માટીના ભરોસે તું જડને ભરોસે ભૂલ્યો જાય છે. આવે છે ને? શેઠિયા કહે છે ને? શેઠિયાનું ગાયન નથી? જડને ભરોસે ભૂલ્યો જાય છે ચેતન ભોળા. અરે..! ચેતન ભોળા મૂર્ખ! આ જડને ભરોસે તારું જીવન જાય છે, ભાઈ! તારા ચૈતન્ય જીવન અંદર જુદા છે. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે, ભાઈ! તારો આત્મા અંદર પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે અને આ દેહ છે માટી, હાડકા, ચામડાનો પિંડ છે. સમજાણું કાંઈ? તું અંદર આત્મા છો, એમાં તો જ્ઞાન ને આનંદ ભરેલો છે.

મુમુક્ષુ :- ક્યાં સંતાય ગયો હશે?

ઉત્તર :- આ શરીરના પ્રેમમાં રાડ પાડે છે ને માટે સંતાય ગયો છે ઇ. શરીરની રુચિ આખી રાત ને દિ' ચોવીસ કલાક. આ શરીરને કાંઈક થાય તો મને થયું, શરીર ને સારું થાય તો મને સારું થયું. ધૂળમાં એ તો માટી છે, હાડકા છે. ઇ કાંઈક રૂપાળું તો હું રૂપાળો, ઇ કાળુ તો હું કાળો, રોગ તો હું રોગી. મૂઢ છો? શરીરની અવસ્થા જડની એમાં તને ક્યાંથી આવ્યું ઇ? તું તો જુદી ચીજ છો. એ... 'પોપટભાઈ'!

ભગવાન પરમાત્મા વીતરાગદેવ કહે છે કે, ભાઈ! આ શરીરમાં તું રુચિ કરીને પડ્યો છો એ તો માંસ ને હાડકા ને ચામડા છે. માથે આ ચામડું વીંટેલું દેખાય છે. એક વાળ જેટલી શેરડીની છોળ જેટલી છોલીને ઉભું રાખે તો માંખીઓ ગણગણે માથે. એવા ચામડા ને હાડકા એ જડ તત્ત્વ છે, પ્રભુ! તારું તત્ત્વ તો અંદર અરૂપી જ્ઞાનઘન આત્મા છે. આત્મા તો અરૂપી અનંત આનંદનો કંદ છે. એની રુચિ છોડીને આ માટી, હાડકાની રુચિ કરે છો, મૂઢ છો? એમ કહે છે અહીં. આહાહા..! આ તો મૂળમાં ઘા નાખે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દિવ્યધ્વનિમાં સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં ભગવાનની વાણી કહેતી, ઇન્દ્રોને વાણી એમ કહેતી. ઇન્દ્રો તો સમકિતી છે, જ્ઞાની છે. આ તો અજ્ઞાનીને કહે છે, બાપા! આ હાડકા ને ચામડાના લોચા એ તારા? અંદર કોઈ ચીજ નથી તારી?

**'વિઘ્નોં,...'** આ શરીર તો વિઘ્નોનું ઘર છે. એ વિઘનનું ઘર. ઘડીક ઘડીકમાં રોગ આવે, ઘડીકમાં .. રહી જાય, પક્ષઘાત થઈ જાય, પગ રહી જાય, ખાલી ચડી જાય, આ ધૂળ થઈ જાય, શૂળ ચડે. આ માટી છે, બાપા! આમાં તને વિઘ્નમાં તને રુચિ કેમ થાય છે? એમ કહે છે. સમજાણું કાંઈ? **'એવં વિનાશોં કર સહિત હૈ,...'** ઘડીકમાં ફુ થઈ જાય આ... આ... આ... આ... શું થયું? ભાઈ! ડૉક્ટર ઉભો હતો ને નાડ જોવા આમ જાલીને?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાલ્યો ગયો. નાડ હાથ આવતી નથી, ગયા લાગે છે. મરીને ગયા હેઠે. બીજું શું? રાગના આવા પ્રેમ, ધૂળના માટીના પ્રેમ, એને ચૈતન્ય માટીનો પ્રેમ નથી. આનંદકંદ શુદ્ધ ચૈતન્ય સહજાત્મ સ્વરૂપ, એની જેને સમ્યક્ રુચિ નથી એને આવી રુચિના ફળમાં તો નરકમાં ને ચાર ગતિમાં રખડે છે, કહે છે. કહો, સમજાણું આમાં? અહીં તો પહેલો શરીર ઉપર જ ઘા માર્યો છે પછી કહેશે લક્ષ્મી-બક્ષ્મીની વાતો, હોં!

**'અતઃ ઉસકો ભોગોપભોગોંકો ચાહના વ્યર્થ હૈ!'** આવા શરીરનો ઉપભોગ કરું, ભોગ લઉં, ઉપભોગ કરું વારંવાર એ તો વ્યર્થ છે. ધૂળમાં માટીમાં તને શું છે? ભાઈ! સમજાણું કાંઈ? આઠ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પામે તો એને આત્મામાં આનંદ ભાસે. ભલે ઇ લગન કરે પણ એને ક્યાંય આનંદ ભાસે નહિ. ક્યાંય આનંદ નથી, મારો આનંદ મારી પાસે છે. ઇ પતિ ને પત્ની ભલે રહે ભેગા, અંદરમાં ઉદાસ (છે). અમારી ચીજ તો અહીં છે, હોં! સમજાણું કાંઈ?

'સીતાજી' 'રામચંદ્રજી' જેવા જુઓ! આમ જુઓ તો પતિ-પત્ની દેખાય. અંદરમાં આત્મા અમારો આનંદ તો અમારી પાસે છે, હોં! આ પતિથી અમને આનંદ છે એ ત્રણકાળમાં નથી એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? અને પતિ, પત્નીથી આનંદ છે એમ માને નહિ. ધર્મી જેની આત્મદૃષ્ટિ થઈ છે, આત્મજ્ઞાન જેને પ્રગટ્યા, અમે તો આત્મા છીએ. 'સિદ્ધ સમાન પદ મેરો'. સિદ્ધસ્વરૂપ પરમાત્મા જેમ શરીર રહિત સિદ્ધ થયા, એવો જ આ આત્મા અંદર છે. આ વિકારથી અંદર ઢંકાય ગયેલો માને છે. વસ્તુ ભગવાન પરમાનંદમૂર્તિ છે. એના જેને પ્રેમ જાગ્યા એને હાડકાના પ્રેમ અંદર ગૃહસ્થાશ્રમમાં રહેતા પણ રહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશદાર્થ :– 'જિસ શરીરકે સાથ સંબન્ધ કરકે પવિત્ર એવં રમણીક ભોજન વસ્ત્ર આદિક પદાર્થ અપવિત્ર ઘિનાવને હો જાતે હૈં,...'** આવું શરીર પણ જો મેસુબ આને અડાડો તો થૂંક થઈ જાય. ચાર શેર ઘીનો પાયેલો મેસુબ, એનો કટકો મોઢામાં મુકો તો થૂંક થાય, કૂતરાની એંઠ. મોઢું ફાડીને હેઠે ઉતારવા કાચમાં જુએ તો ખબર પડે શું ખાઉં છું. મેસુબ હોય, હોં! ઊંચો. આ મેસુબ કહે છે ને? ચાર શેર ઘીનો પાયેલો, આમ હોંહરવો જાળીવાળો. એક રૂપિયા ભાર એને... અહીં આખો કટકો તો કાંઈ પેસે નહિ. ઓગળશે કે નહિ બે, ચાર મિનિટમાં? ઇ ઓગળે કેટલું? કૂતરાની એંઠ જેવું થાય પછી ઉતરે. મેસુબ ખાઉં છું. મોઢું ફાડીને અરીસામાં જોજે. કૂતરાની એંઠ છે. તારી કલ્પના છે, બાપા! એ વસ્તુ જડ, માટી, ધૂળ છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– યાદ આવ્યા કરે. મૂઢ છે ને! ઇ જ અહીં કહે છે, ભાઈ! તારા આત્મામાં આનંદનો સ્વાદ છે, ભાઈ! તું સચ્ચિદાનંદ સ્વરૂપ છો. તારા આત્મામાં અતીન્દ્રિય આનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા જેને અંદર કહીએ, આ તો હાડકા છે, આ વાણી છે, કર્મ જડ માટી છે, પુણ્ય-પાપના ભાવ થાય એ તો વિકાર આસ્રવ છે. એથી જે ચૈતન્ય તત્ત્વ છે એમાં તો અતીન્દ્રિય આનંદ છે. ભાઈ! તને એની રુચિ થતી નથી, એના સ્વાદની તને દરકાર નથી, આત્માના સ્વાદનો તને પ્રેમ નથી. ભાઈ! આ જડના હાડકામાં પ્રેમ કરીને તારો કાળ વૃથા જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સ્વાદ કે 'દી આવ્યો હતો? જાણ્યો કે આ મેસુબ ગળ્યો છે એવું જ્ઞાન થયું. ગળ્યું તો જડમાં રહ્યું, ગળ્યું અહીં આત્મામાં ગરી જાય છે? ગળ્યું તો જડ છે. આત્મામાં ગરી જાય તો આત્મા જડ થઈ જાય. આત્મા તો અરૂપી છે, જાણે છે કે, આ ગળ્યું છે. ઇ ગળ્યું છે. હું ગળ્યો છું? ભાન ન મળે પણ એને આ શું છે ને હું કોણ છું?

મુમુક્ષુ :– સારું લાગે છે.

ઉત્તર :– સારું શું લાગે? માને છે મૂઢ. સારું શું લાગતું હતું? એય..! અહીં તો જડથી ભગવાનઆત્મા જુદો (છે) એની શ્રદ્ધા કરાવે છે. બાપા! તને શ્રદ્ધા નથી. તને તારો ભરોંસો નથી, હોં! અને આ જડના ભરોસે તારો કાળ ચાલ્યો જાય છે, બાપા! આહાહા..! આવો અનંતે કાળે મનુષ્ય દેહ મળ્યો. આને ભરોસે ભગવાન તો ચાલ્યો જાય છે, બાપા! તારા કાળ જાય છે, હોં! એમ કહે છે, જુઓ!

શરીરના સંબંધે પવિત્ર પદાર્થ–ઇ મેસુબ, આ ઊંચા ઊંચા લુગડા, લ્યો ને! રેશમી લુગડા ઊંચા પાંચ પાંચ હજારના પણ એને અડાડો તો પરસેવો ગંધ મારે. આને અડાડે તો ગંધ મારે, આમ ભીંતને અડાડે તો ગંધ નહિ મારે. આને અડાડે તો ગંધ મારે આમ કપડું. આવું શરીર અપવિત્ર (છે) અને તું પવિત્રનો ધામ આનંદકંદ (છો). આવા પવિત્રતાના પ્રેમ છોડીને આના પ્રેમમાં, રુચિમાં કેમ પડ્યો? એમ કહે છે. એકત્વબુદ્ધિની વાત કરે છે, હોં! ધર્મીને જરીક આસક્તિ રાગ હોય પણ અહીં તો એ મારા ને એમાં મને સુખબુદ્ધિ છે એમાંથી મને સુખ થાય, બાપુ! તારી મિથ્યાશ્રદ્ધા છે. તેં જડમાં આત્માને માન્યો, ચૈતન્યને ભૂલી ગયો. આહાહા..!

જેના સંબંધ સાથે પવિત્ર રમણીક ભોજન–રોટલી, દાળ, ભાત, પૂરણપોળી, આમ કહો સમજાય છે? ઉની ઉની પૂરણપોળી નીકળી હોય ને ઘી બશેર, ચાર શેર પડ્યું હોય તપેલામાં એમાં નાખે ફડાક ને એમાં નાખીને ઝબોળીને ખાય. ખાધા ભેગી વિષ્ટા થાય. આ વિષ્ટાનો સંચો છે, આ અમૃતનો સંચો નથી. ભગવાનઆત્મા અંદર અમૃતનો સંચો છે. આહાહા..! આત્મા પ્રભુ, એની તું અંદર એકાગ્રતા કર. આત્મામાં એકાગ્રતા કર તને આનંદ આવશે. એવો આનંદ આવશે કે, જેવો સિદ્ધને આનંદ (આવે છે) એવો તું છો. આવી રુચિ છોડીને આ ધૂળમાં, ભોગમાં, માટીમાં રુચિ કરે છો, બાપુ! તારો કાળ વૃથા જાય છે. સમજાય છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે ને જુઓ!

**'પદાર્થ અપવિત્ર ઘિનાવને હો જાતે હૈં,'** આમ એને અડેલું થુંક, જે ખાધું હોય આમ મોઢામાં પડ્યું હોય પછી ઉતારે, ઉતાર્યા પહેલા આમ બહાર કાઢે, ગળે ઉતાર્યા પહેલા. મેસુબ, દાળ, ભાત, રોટલી આ ખાય છે કે નહિ? આ તારા મોઢામાં પડ્યા (પછી), (ગળે) ઉતાર્યા પહેલા જરીક એકવાર બહાર કાઢી લે તો ખબર પડે કે આ શું ગળે ઉતરે છે. કૂતરાની એંઠુ છે. મફતનો હોળી કરીને, રુચિ કરીને એકાકાર (થઈ આત્માને) ભૂલી જાય. આત્મા શું ને આ શું, ભૂલી જાય છે. કેમ હશે 'ફાવાભાઈ'? સારા મેસુબના કટકા હોય ને સાલમપાક હોય તો? 'સુરત'ની બરફી. લ્યો! તમારે 'સુરત'ની બરફી બહુ સારી. કહે છે નહિ. ધૂળમાં પણ નહોતો બરફો હવે. બરફી વિષ્ટાનું પૂર્વ રૂપ છે. આહાહા..! પૂર્વરૂપ. આહા..!

અહીં તો શરીર અને આત્મા બે જુદા છે તેમ શ્રદ્ધા કરાવે છે. સમજાણું કાંઈ? એના ઉપર દ્વેષ કરાવતા નથી, હોં! આહા..! બાપુ! આ તો રજકણ છે ને ભાઈ! ઘણા રજકણ ભેગા થયા. ગંધ મારે, અહીં સડે, .. આ શું કહેવાય છે? પેલો રોગ થાય છે. કેન્સર. આહા..! આ ક્યાં અમૃતના પિંડલા હતા. ભાઈ! આ તો માટી છે ને! પુદ્ગલ છે ને! રૂપી છે ને! મૂર્ત છે ને! અજીવ છે. તું ચૈતન્ય છો ને! અરૂપી છો ને! આનંદ છો ને! બાપા! તને તારો પ્રેમ ન થાય ને આની રુચિ તને થાય, તારો વખત ચાલ્યો જાય (છે), ભાઈ! એમ કહે છે. એ.. 'પોપટભાઈ'! આહાહા..! ઇસ્ત્રી ટાઈટ લુગડા પહેરે આમ સરખા. મડદાને શણગારવું. આ મુસલમાન નહિ? મરી ગયા પછી મડદાને નવરાવે. મુસલમાનમાં ને? મડદાને શણગારે. આમ લવીંગીયા લટકાતા (રાખે). આહા..! ભાઈ! આ તો માટી છે ને, બાપા! એ માંસનું હાડકુ છે, ચામડુ આમ ઉતાર તો હાડકુ દેખાય. અંદર આ માંસના પિંડલા ને ઇયળો પડી છે. એના જુદા જુદા (ભાગ કરી) એક વાસણમાં હાડકા, એક વાસણમાં માંસ, એક વાસણમાં વાળ ને એક વાસણમાં લોહી, એવા પાંચ ભાગ પાડે આના. અને આત્માના ભાગ પાડે તો.. આહાહા..! એમાં એકકોર જ્ઞાન, એકકોર આનંદ, એકકોર શાંતિ–ચારિત્ર, એકકોર શ્રદ્ધા, એકકોર સ્વચ્છતા, નિર્મળતા, સ્વસંવેદનતા, પ્રભુતા આદિ અનંત ગુણો પડ્યા છે અંદર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ત્યાં શું દેખાય છે? ધૂળ દેખાય. આ દેખાતું નથી? આ પરસેવો નીકળે છે. નાહિને જરી બેઠો હોય ત્યાં મલમલ ઊંચો ઊંચો શર્ટ-બટ પહેર્યો હોય ત્યાં ગંધાય. સાંજે કાઢી નાખે. ધૂળ માટી છે એની તને રુચિ થઈ ગઈ, શું છે? એમ કહે છે. આ રુચિ ફેરવડાવે છે, હોં! એ શરીર કાંઈ તરત છૂટી ન જાય. રાગ પણ ન છૂટે. રાગ આસક્તિ હોય. સમકિતી હોય, ગૃહસ્થાશ્રમમાં તીર્થંકરો હતાં, છન્નું હજાર સ્ત્રી પરણ્યા હતા, રુચિ નહોતી. મને મારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાંતિ મારામાં ભાસે છે. મને ક્યાંય ભાસતી નથી. મારી શાંતિ મને ક્યાંય ભાસતી નથી. ક્યાંય શરીરમાં, રાગમાં ક્યાંય ભાસતી નથી. એવી સમ્યગ્દષ્ટિપણામાં આત્માની રુચિ થાય એને પરની રુચિ ટળી જાય. એને માટે આ વાત કરે છે.

મુમુક્ષુ :– આપની રજુઆત જ એવી થાય છે કે તત્કાળ વૈરાગ્ય આવી જાય.

ઉત્તર :– પણ રજુઆત તો છે ને પણ દેખાય છે કે નહિ? જુઓને આ! આહાહા..! સડેલા દેખાય. ઓહોહો..! નહોતું કહ્યું? શરીર આમ ગંધાય હોં! ગધેડુ ગંધાય એવું ગંધાતું હતું. ન્યાં 'વાવડી'માં એક ફેરી ગયા હતા. 'વાવડી'. માંગલિક સંભળાવો. પણ ગંધાય, ગધેડા જેવું ગંધાય. મરવાની તૈયારી. પણ ભડના દીકરાને... બાયડી કહે છે, બાધા લઈએ, હોં! હવે રાત્રે મરવું છે. આ મહારાજ આજ જ આવ્યા છે, હોં! આ સવારે તો ચાલ્યા જાશે. હમણાં નહિ, આજ વાર-કવાર છે. આહાહા..! પણ દુનિયા ઇ માટીના પ્રેમની રુચિ અને ઇ આસક્તિ એવી સેવી હોય, કે ઇ છોડી જાય નહિ. કોણ જાણે એમાંથી જીવતો કદાચ ઉભો થાઉં તો? તો આ બાધા નડશે. હાય..હાય..! પણ મારી નાખ્યા છે ને જગતને. માયા, મોહ પરમાં મારાપણું માની અને ભગવાનઆત્માને પોતે ભૂલી ગયો છે. સમજાણું કાંઈ? આ બધી ભૂલભૂલામણી બતાવે છે. ભોજન, અરે..! વસ્ત્ર સારા પહેર્યા હોય, લ્યોને! ગંધ મારે. **'અપવિત્ર ઘિનાવને...'** આમ ગંધાય એવા થઈ જાય.

**'એસા વહ શરીર હમેશા ભૂખ પ્યાસ...'** બરાબર આહાર ન મળે, તૃષા લાગે. **'આદિ સંતાપોંકર સહિત હૈ.'** સંતાપ. ઘડીકમાં આમ ધૂળનું ઢીંગલું સરખી રોટલી ન મળે તો સુકાય જાય. કેમ છે? બાપુ! કંઈ રુચિ થાતી નથી, શરીરમાં સરખું આવતું નથી. બીજું કાંઈ દેખાતું નથી પણ રુચિ થતી નથી કોણ જાણે. મોઢા આગળ આવે ત્યાં ઊલટી થાય છે. આહાહા..! આવું સંતાપનું કારણ શરીર, એને તું આત્મા માની, પોતાનું માનીને બેઠો, તારી કેટલી ભૂલ. સમજાણું? સહજાત્મસ્વરૂપ ભગવાનઆત્મા, જે અનાદિ શાંતરસનો કંદ છે એનું સ્વામીપણું છોડીને આ જડના સ્વામીપણા (કરવા) એ મિથ્યાદષ્ટિના લક્ષણ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જબ વહ એસા હૈ તબ ઉસકો પવિત્ર અચ્છે અચ્છે પદાર્થોંસે...'** જુઓ! **'ભલા બનાનેકે લિયે...'** બરાબર ખવરાવો, પીવરાવો... શીખંડ, પુરી, પતરવેલીયાના ભજીયા, .... આમ આહાહા..! મખમલના ગાદલા., શરબતી મલમલ પાથરેલા હોય, આમ ભાઈ સાહેબ સૂતા હોય. ભાઈ! તારો મફતમાં કાળ જાય છે, હોં! તને એકત્વબુદ્ધિમાં બહુ પાપ બંધાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? **'આકાંક્ષા કરના વ્યર્થ હૈ,...'** આવા ધૂળ જેવા પદાર્થના, પવિત્ર મનને અપવિત્ર બનાવે એવા **'ભલા બનાનેકે...'** આને સારું કરવા માટે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– શેનું? ... દૂધ, ઘી તો સડી જાય છે, ઈયળો પડી છે, દૂધ, ઘી ખાનારને જોયા છે. આમ ઇયળ પડેલી. આમ જ્યાં કરે ત્યાં પચ્ચીસ-પચાસ ઇયળ પડે. શું થયું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માથાનો દુઃખાવો હતો ખરો, રાત્રે દુઃખાવો ઉપડ્યો હતો. માંસની ઇયળો થઈ ગયેલી. સમજાણું કાંઈ? આમ કર્યું ત્યાં પચ્ચીસ પચાસ ઈયળ (પડી). ન્યાં કાંઈ અમૃત પડ્યા છે તે નીકળે એમાંથી? એય..! 'પોપટભાઈ'!

કીધું ને? એક માણસને ઊલટી આવી, ઊલટી. વિષ્ટાનો લોચો હતો ને અંદરનો? આ આ છે ને? આ શું કહેવાય? આંતરડું લાબું છે ને મોટું? પેશાબ નીકળવાનું ને આ બધું હાડકા છે ને ન્યાં શું છે? આત્મા ક્યાં ન્યાં હતો, આત્મા તો જુદી ચીજ છે અંદર. આમ ઊલટી આવી ત્યાં આવડો વિષ્ટાનો ગાંઠો મોઢેથી નીકળ્યો. જે હેઠે નીકળવો હોય ઇ મોઢામાં નીકળ્યો. એવડો નીકળ્યો તે અંદર પાછો જાય નહિ ને બહાર નીકળે નહિ. આહાહા..! આ 'દામનગર'માં બનેલું. 'આણંદજી'નો સાસરો. 'આણંદજી'ના સાસરાને બન્યું હતું. અમે તો બધા સાંભળેલા, નક્કી કરેલા ને જોયેલા છે ને. 'દામનગર'. આમ ઊલટી થઈ. ઇ તો પહેલા ગુજરી ગયા, પણ સાંભળ્યું હતું. માંડ માંડ બહાર વિષ્ટાનો ગાંઠો આવડો નીકળ્યો. બહુ ઊલટી થઈ હતી, આંતરડું અહીં આમ (લટકતું હતું). બાપા! આ ક્યાં અમૃત છે, ભાઈ! તને ખબર નથી. આ તો અનંતા રજકણનો કંદ પિંડ છે. તું તો અરૂપી આનંદકંદ જુદી ચીજ છો. એવા આત્માના જ્ઞાન ને ભાન વિના આને માટે ઉપાય કરવા એ વ્યર્થ છે એમ કહે છે.

**'કારણ કિ કિસી ઉપાયસે યદિ ઉસકા એકાધ અપાય દૂર ભી કિયા...'** કોઈ રોગ આવ્યો ને દવાએ એકાદ દૂર કર્યું **'જાય તો ક્ષણ-ક્ષણમેં દૂસરે-દૂસરે અપાય આ ખડે હો સકતે હૈં.'** એક જાય ત્યાં બીજું, એક સાંધે ત્યાં તેર તૂટે, એમ કહેવાય છે ને આપણે કે નહિ? ધૂળમાં શું હોય? આ તો અઢાર વાંકા છે શરીરમાં. ભગવાન તો મહા આનંદનો કંદ છે. એ રુચિ કરાવવા વાત કરે છે, હોં! 'ઇષ્ટોપદેશ' છે આ. આહાહા..! તારી નજરમાં ફેર છે, ભગવાન! નજર જ્યાં આત્મામાં શાંતિ છે એની નજર કરવી જોઈએ એને ઠેકાણે આમાં ધૂળમાં, ભોગમાં નજર કરે છો, તારી કાંક્ષા મફત મફત જાય છે. એક અપાય ટળે અંદર ત્યાં બીજું ઉભું થાય, બીજું ટળે ત્યાં ત્રીજું ઉભું થાય. કહો, સમજાણું એમાં? ક્યાંય સુખ નથી એમાં માટે રુચિ છોડી દે એમ કહે છે. અજીવ જડ માટીના દ્રવ્ય, ગુણ ને પર્યાય અજીવ છે. અજીવનું દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણ એટલે રંગ, ગંધ અને અવસ્થા. બધું અજીવ ત્રણે અજીવ છે. એ અજીવને પોતાનો જીવ માનવો એનું નામ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય, ગુણ, પર્યાય ઇ શું કીધું?

ઉત્તર :- આ દ્રવ્ય, ગુણ, પર્યાય શું કીધું? પેલું ટૂંકુ થયું એટલે (કહે છે). આ રજકણો છે ને? મૂળ રજકણ છે એને ભગવાન દ્રવ્ય કહે છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ ભર્યા છે એને ગુણ કહે છે અને આ એની અવસ્થા છે, આ અવસ્થા દુર્ગંધ, સુગંધ, સુંવાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધી પર્યાય કહેવાય છે. પણ એ જ્ઞાન વિના ભાન ન મળે. વીતરાગ શું કહે છે એની ખબર ન મળે. દ્રવ્ય, ગુણ, પર્યાય જડના શું, આત્માના શું? આંધળા પડ્યા એમ ને એમ. એ... 'મોહનભાઈ'! આહાહા..!

ઇ કહે છે કે, જડની પર્યાય જુદી, બાપા! તારી પર્યાય જુદી અને એની પર્યાય જુદી. ભાઈ! તને કેમ રુચિ છે? આહાહા..! એ દગો દેશે, ભાઈ! ક્ષણમાં ચાલ્યું જાશે. હાય! હાય! મેં કાંઈ કર્યું નહિ. મેં કાંઈ કર્યું નહિ. મારી જિંદગી આમ ને આમ ગઈ. મરતા રોઈશ, હોં!

એક જણો વાણીયો હોશિયાર હતો. મરતા જોવા જાય બધા. ગામમાં હોશિયાર કહેવાતો ને કામ બધા એવા (કરેલા). મરવા ટાણે જોવા જાય તો આમ રોતો હતો. રોવાનો હેતુ ઇ કે, અર..ર..! કાંઈ કર્યું નહિ. આ જગતની મોટાઈ ને મોટપ ને શેઠાઈમાં તો મરી જ ગયો આમાં. મારું મેં કાંઈ કર્યું નહિ. શેઠાઈ ને કાં મોટાઈને કાં અધિપતો ને કાં ... શેઠ છું ને ધૂળનો શેઠ છું ને... મરી ગયો પણ એમાં ને એમાં. સમજાણું કાંઈ? આ ચૈતન્યનો શેઠ થા એકવાર, કહે છે. આહા..! ભગવાનઆત્મા અનંત અનંત શાંત, આનંદનો રસ છે એની રુચિ કર. એ માટે અહીં 'ઇષ્ટોપદેશ' છે.

**दोहा - शुचि पदार्थ भी संग ते, महा अशुचि हो जाँय।**
**विघ्न करण नित काय हित, भोगेच्छा विफलाय।।१८।।**

શ્લોક મુક્યો, શ્લોક. શુચિ પદાર્થ–આ સારા સારા નિર્મળ પદાર્થ આના સંગથી **'મહા અશુચિ હો જાય'**. મોસંબીના બશેર પાણી નાખે, એક ક્ષણમાં પેશાબ થઈ જાય. સમજાણું કાંઈ? પેલા નાળીયેરીમાં જો હેઠે પાણી નાખે તો નાળીયેરમાં ઊંચે મીઠું પાણી ચડે, હોં! જોયું? નાળીયેરી હોય છે ને? નાળીયેરી. આ જંગલમાં બહુ તૃષા લાગી હોય ને નાળીયેર હોય તો ઇ એના ગંદુ પાણી હોય ને ગંદકુ ઇ પણ એને નાળીયેરના પેલામાં નાખે હેઠે, શું કહેવાય? એના મૂળમાં, તો પાણી એકદમ નાળીયેરમાં ચડી જાય અને મીઠું થઈ જાય. આમાં જો પાણી નાખો તો પેશાબ થઈ જાય. સારામાં સારા પાણી નાખો, હોં! મોસંબી! પેશાબ થઈ જાય. પેલામાં ન્યાં પાણી નાખે, ગંદકા પાણી હોં! બે ઘડી થાય ત્યાં માથે નાળીયેરમાં પાણી બે ચાર નાળીયેર ફોડે ને તૃષા લાગી હોય પીવો. આ સંચો જ જુદી જાતનો છે, કહે છે.

**'શુચિ પદાર્થ ભી સંગ તે, મહા અશુચિ હો જાઁય.'** છે? **'વિઘ્ન કરણ...'** વિઘ્નનું કરણ. ઠેકાણા વિનાનું (છે) પણ પ્રેમ છોડતો નથી. આખો દિ' એની સંભાળ... સંભાળ... સંભાળ... સંભાળ... સંભાળ... સવારથી ઉઠે તે... શું કહેવાય ઇ? ટાઈમ ટેબલ હોય બધું. ઉઠ્યો એટલે ન્હાવું, ધોતીયું આવું પહેરવું, પાટલી આમ કરવી, પછી આમ કરવું પછી અહીં સંચો નાખવો. અત્યારે તો બહુ ફાટ થઈ છે ને જુઓને! નાના છોકરાઓ બધા હાથમાં રાખે છે, શું કહેવાય ઇ? પાથીયો એક અહીંથી પાડે, એક અહીં પાડે ને એક અહીં પાડે. પહેલા એવું કાંઈ નહોતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘારી હતી, ઘારી. આમ ગોળ. કાં પેલું હતું. શું કહેવાય આ? કેરો. બસ! કેરો ને ઘારી બે હતા. પચાસ-સાંઈઠ વર્ષ પહેલા. અત્યારે તો ફાટ તે માળાને એક અહીં જોવે, ઇંડીપેન જોવે, એક અહીં ઘડીયાળ જોવે, એક અહીં સાથીયા માટે જોવે, કપડા પચાસ પચાસ વારના. એક એક વારના પચાસ રૂપિયાનો વાર એવા કપડા. હવે આ વૈભવ ભોગવવા ને ખર્ચ કરવામાં પછી લુટવું ક્યાંકથી, લુટ્યા વિના પૂરું થાય નહિ. આહાહા..! 'ધીરૂભાઈ'! અત્તરની શીશીઓ કેવી રાખે? એવી ઊંચામાં ઊંચી રાખે, ઊંચામાં ઊંચી. કપડામાં આમ નાંખે ચારે કોર. કપડુ હોયને? એના ચાર છેડા હોયને? છેડામાં જરીક નાખે એટલે છેડો આમ આમ હાલે ને એટલે સુંગધ આવતી જાય. અહીંયા નાખે તો બરાબર સરખું ન રહે. છેડા હોયને ચાર? ઇ નથી તમે જોયું. અમને તો બધી ખબર છે. હમણાં એક ભાઈ ન્હોતો ત્યાં આપણે? 'વેણીભાઈ' બક્ષી. ત્રણ-ત્રણ, ચાર-ચાર ગાઉ દરરોજ ચાલતા. પણ અમે સામે દેખીએ, મળે પછી દર્શન કરીને પગે લાગે. પણ એના છેડા બરાબર આમ નાખેલા હોય, આમ આમ થાયને છેડા? તો પોતાને સુંગધ પણ આવે અને હે..ય! આહાહા..! ભારે! મારી નાખ્યા કીધું. અહીં ચોપડ્યું હોય તો તો ન્યાં વાર, પણ અહીં છેડે વધારે નાખે. છૂટા છેડા હોયને કોટના કે કડિયાના, ન્યાં નાખ્યું હોય. આમ ઇસ્ત્રીટાઈટ હોય કપડા, હોં! અને એમાં ઇ અતર નાખ્યું હોય થોડુંક.

મુમુક્ષુ :– જુવાન માણસ હતા?

ઉત્તર :– ના, વૃદ્ધ હતા. આ તો વૃદ્ધ હતા. બક્ષી હતા. શરીર એવું હતું. દરરોજ છ માઈલ ચાલે તો ઠીક પડે. છ માઈલ. ... વ્યાખ્યાનમાં આવતાં. કહો, સમજાણું આમાં? આ તો અમારે જગતના બધા નાટક જોયેલા ને. આહાહા..!

**'વિઘ્નો કરણ નિત કાય હિત,...'** અરે..! વિઘ્નના કરનારું જે આ કાયના હિત માટે ભોગેચ્છા જે કરે તે વિફળ છે. તારે માટે કાંઈ ફળદાયક નથી, નુકશાન છે. હવે શિષ્યે પ્રશ્ન કર્યો.

---

**उत्थानिका :-** फिर भी शिष्यका कहना है कि भगवन् कायके हमेशा अपायवाले होनेसे यदि धनादिकके द्वारा कायका उपकार नहीं हो सकता, तो आत्माका उपकार तो केवल उपवास आदि तपश्चर्यासे ही नहीं बल्कि धनादि पदार्थोंसे भी हो जायगा।

आचार्य उत्तर देते हुए बोले, ऐसी बात नहीं है। कारण कि-

**यज्जीवस्योपकाराय, तद्देहस्यापकारकम्**
**यद्देहस्योपकाराय, तज्जीवस्यापकारकम्।।१९।।**

**अर्थ :-** जो जीव (आत्मा) का उपकार करनेवाले होते हैं, वे शरीरका अपकार

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(बुरा) करनेवाले होते हैं। जो चीजें शरीरका हित या उपकार करनेवाली होती हैं, वही चीज़ें आत्माका अहित करनेवाली होती हैं।

विशदार्थ :- देखो जो अनशनादि तपका अनुष्ठान करना, जीवके पुराने व नवीन पापोंको नाश करनेवाला होनेके कारण, जीवके लिये उपकारक है, उसकी भलाई करनेवाला है, वही आचरण या अनुष्ठान शरीरमें ग्लानि शिथिलतादि भावोंको कर देता है, अतः उसके लिये अपकारक है, उसे कष्ट व हानि पहुँचानेवाला है। और जो धनादिक हैं, वे भोजनादिकके उपयोग द्वारा क्षुधादिक पीड़ाओंको दूर करनेमें सहायक होते हैं। अतः वे शरीरके उपकारक हैं। किन्तु उसी धनका अर्जनादिक पापपूर्वक होता है। व पापपूर्वक होनेसे दुर्गतिके दुःखोंकी प्राप्तिके लिये कारणीभूत है। अतः वह जीवका अहित या बुरा करनेवाला है। इसलिये यह समझ रक्खो कि धनादिकके द्वारा जीवका लेशमात्र भी उपकार नहीं हो सकता। उसका उपकारक तो धर्म ही है। उसीका अनुष्ठान करना चाहिये।

**दोहा - आतम हित जो करत है, सो तनको अपकार।**
**जो तनका हित करत है, सो जियको अपकार।।१९।।**

अथवा कायका हित सोचा जाता है, अर्थात् कायके द्वारा होनेवाले उपकारका विचार किया जाता है। देखिये कहा जाता है कि `शरीरमाद्यं खलु धर्मसाधनम्' शरीर धर्म-सेवनका मुख्य साधन-सहारा है। इतना ही नहीं, उसमें यदि रोगादिक हो जाते हैं, तो उनके दूर करनेके लिये प्रयत्न भी किये जाते हैं। कायके रोगादिक अपायोंका दूर किया जाना मुश्किल भी नहीं है, कारण कि ध्यानके द्वारा वह (रोगादिकका दूर किया जाना) आसानीसे कर दिया जाता है, जैसा कि तत्त्वानुशासनमें कहा है - `यत्रादिकं फलं किंचित्.'।।१९।।

---

ઉત્થાનિકા :– **'फिर भी शिष्यका कहना है कि भगवन् कायके हंमेशा अपायवाले होनेसे...'** શરીરને માટે તો આપે કહ્યું એ ઠીક છે. શરીરને હંમેશા અનર્થકારક હોવાથી **'यदि धनादिकके द्वारा कायका उपकार नहीं हो सकता,...'** લક્ષ્મી દ્વારા શરીરનો તો ઉપકાર થાય એવું નથી લાગતું. એ તો સડેલું, દુર્ગંધ ... પણ **'आत्माका उपकार तो केवल उपवास आदि तपश्चर्यासे ही नहीं बल्कि, धनादि पदार्थोंसे भी हो जायगा.'** પણ આત્માનો ઉપકાર ધર્મ કરીએ, ઉપવાસ કરીએ અને લક્ષ્મીથી પણ દાન દઈએ તો આત્માનો ઉપકાર થાય. એ માટે તો ધનને-ધૂળને કાંઈક સારું કહો, એમ કહે છે. તમે તો લક્ષ્મીના અપવાદ જ કરો છો. બે, પાંચ લાખ મળ્યા, ધૂળ મળી ને.. એય..! શિષ્ય કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- ... પૈસા મળે તો તો મંદિર તો થાય ...

ઉત્તર :- ધૂળમાં. મંદિર મંદિરને ઠેકાણે થાય, એમાં તારે શું છે? આહાહા..! પ્રશ્ન ચોખ્ખો કરીએ છીએ, સાંભળો! કહે છે કે, આ કાયાને માટે લક્ષ્મી તો ભલે અનર્થનું કારણ હો. કારણ કે, એમાં લક્ષ્મીનો ગમે એટલો ઉપયોગ કરો તો દુર્ગંધ થાય, આ થાય માટે કાંઈ એનો લાભ નથી. પણ આ લક્ષ્મી ને અપવાસ બે કરીએ, અપવાસથી કહીએ તો આત્માને લાભ થાય અને ધનાદિથી ધર્મ થાય. ધનાદિથી આત્માને તો ઉપકાર થાય કે નહિ? શરીરને ભલે ઉપકાર ન થાય, ચાલો. શરીર બગડી જાય, સડી જાય આપે વાત કરી એ બરાબર છે. પણ આ લક્ષ્મી હોય તો આત્માને ઉપકાર થાય કે નહિ? પાંચ, પચ્ચીસ લાખ હોય, મંદિર કરાવીએ, પેલું કરાવીએ, દાન દઈએ, ફલાણું (કરીએ). તો ઇ લક્ષ્મી ઉપકાર કરે કે નહિ? શિષ્ય પ્રશ્ન કરે છે.

ના, ના સાંભળને માળા. ધૂળ શું આત્માને ઉપકાર કરે? તો તો નિર્ધનને રોવું પડે, પૈસાવાળાને ધર્મ થાય પૈસાથી તો નિર્ધનવાળાને રોવું પડે, પૈસા ગોતવા પડે. એમ છે નહિ. 'ધીરૂભાઈ'! અહીં તો બધાની નાડું પકડી છે. **'કેવળ ઉપવાસ આદિ...'** તો નહિ. એમ કે, ભલે જ્યારે આત્મા પોતાનો ધર્મ શાંતિથી કરે, મુનિપણું (લે), આત્માનું ધ્યાન કરે, એનાથી આત્માને લાભ થાય અને લક્ષ્મીથી પણ લાભ થાય. ધ્યાનથી પણ લાભ થાય અને લક્ષ્મીથી લાભ થાય. ધન ને ધ્યાન બેયથી આત્માને ઉપકાર છે, એમ પૂછે છે, ભાઈ! શું પૂછ્યું? કે, શરીરને માટે તો લક્ષ્મી કામની નથી, નીંદ્ય છે, વાત સાચી આપની. શરીર તો રોગનું ઘર, એમાં કાંઈ લક્ષ્મી કામ કરે નહિ. પણ આત્માનું ધ્યાન કરે, આનંદસ્વરૂપ છે એથી પણ લાભ થાય અને લક્ષ્મી આવે એના ધન હોય પાંચ, પચાસ લાખ તો ધર્મ ધ્યાન મદદ કરાય, લક્ષ્મી ખર્ચાય, પાંચ દસ લાખ દેવાય, કોઈ પોષા કરતા હોય એને.... શું કહેવાય? લાણી કરાય, એવું થાય. એનાથી કાંઈ આત્માને ઉપકાર થાય કે નહિ?

**'કેવલ ઉપવાસ આદિ તપશ્ચર્યાસે હી નહીં...'** એમ કે આત્માના ધ્યાનથી તો એકલો ઉપકાર નહિ પણ **'ધનાદિ પદાર્થોંસે ભી હો જાયગા.'** એમ કહે છે, ભાઈ! બે વાત. આનાથી થાય. આત્મા પોતાના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન કરે, ધ્યાન કરે તો પણ આત્માને લાભ થાય અને લક્ષ્મી મળી હોય પાંચ, પચાસ લાખ તો પણ લાભ થાય. આત્માને બે લાભ થાય લ્યો! સાંભળ.. સાંભળ! **'આચાર્ય ઉત્તર દેતે હુએ બોલે, એસી બાત નહીં હૈ. કારણ કિ'**

**यज्जीवस्योपकाराय, तद्देहस्यापकारकम्।**
**यद्देहस्योपकाराय, तज्जीवस्यापकारकम्।।१९।।**

**અર્થ :-** આહાહા..! **'જો જીવ (આત્મા) કા ઉપકાર કરનેવાલે હોતે હૈં, વે શરીરકા અપકાર (બુરા) કરનેવાલે હોતે હૈં.'** ધ્યાન રાખજો જરીક. જે આત્માનો ઉપકાર કરવાવાળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મધ્યાન છે, આત્માનું ધ્યાન-ધર્મધ્યાન આત્માનો ઉપકાર થાય, એ શરીરનો અપકાર કરે. એટલે શરીર મોળું પડી જાય. ગ્લાનિ આદિ નિમિત્ત થાય એમાં. આત્મામાં અંદર શ્રદ્ધા, જ્ઞાન, ધ્યાન કરે તો એ આત્માનો ઉપકાર થાય, શરીરને અપકાર થાય, શરીર ગળી જાય, મોળું પડી જાય, ઢીલું થાય આના ઉપકાર થાય ઇ આને અપકાર થાય.

**'જો ચીજેં શરીરકા હિત યા ઉપકાર કરનેવાલી હોતી હૈં,...'** જુઓ! જે ચીજ દાળ, ભાત, શાક, લક્ષ્મી આદિથી આ શરીરનું ખાવું, પીવું, સામગ્રી શણગાર કરે **'વહી ચીજેં આત્માકા અહિત કરનેવાલી હોતી હૈં.'** શરીરનો ઉપકાર તે આત્માનો અપકાર, આત્માનો ઉપકાર તે શરીરનો અપકાર. વિસ્તાર કરીએ છીએ, હોં! આ તો શબ્દો મુક્યા. આત્માનું હિત અંદર શરીર આદિની દરકાર કર્યા વિના, આત્માની દરકારથી આત્માની શ્રદ્ધા-જ્ઞાન કરે, ધર્મ-ધ્યાન કરે તો આત્માને ઉપકાર થાય પણ શરીરને અપકાર થાય. એનું ધ્યાન કરે નહિ એટલે ધ્યાન રાખે નહિ. શરીર મોળું પડી જાય, ગ્લાન થઈ જાય, રોગ થઈ જાય આદિ થઈ જાય એટલે શરીરને અપકાર થાય. અપકારના નિમિત્તની વાત છે, હોં! બધા નિમિત્તની વાત છે. પાઠમાં નિમિત્ત શબ્દ છે, હોં! બન્નેમાં નિમિત્ત છે, જુઓ! **'ग्लान्यादिनिमित्तत्वात्।'** છે અંદર? **'निमित्तत्वात्।'** છે, હોં! **'दुःखनिमित्तत्वादपकारकं स्यादतो...'** નિમિત્તની વ્યાખ્યા અહીં તો બતાવે છે, ભાઈ! છે અંદર સંસ્કૃત. બન્ને ઠેકાણે છે. ધર્મ કરે તો આત્માને ઉપકાર થાય. ઉપવાસ એટલે આત્મામાં રહેવું, એમ. ઉપવાસ એટલે આત્માના સમીપમાં, આત્મા આનંદ છે તેના સમીપમાં રહેવું. એનાથી આત્માને લાભ થાય. ઉપવાસ એટલે એકલી લાંઘણું અપવાસ-બપવાસ કરે એમાં કાંઈ નહિ મળે. સમજાણું કાંઈ? તેથી શરીરને નુકશાન થાય, નુકશાનનું નિમિત્ત થાય, ગ્લાનિ થાય, મોળું પડી જાય, જીર્ણ થાય, દરકાર ન થાય. આત્માના ધ્યાનથી આને લાભ થાય તો આને નુકશાન થાય.

'જો **ચીજેં શરીરકા હિત યા ઉપકાર કરનેવાલી હૈં,...'** નિમિત્ત હોં! બધું. શરીરનું નિમિત્ત ઇ. લક્ષ્મી આદિ હિત એટલે નિમિત્ત. એ શરીરના ઉપકાર કરવાવાળી ચીજ નિમિત્તરૂપે છે એ ચીજ આત્માને અહિત કરવાવાળી છે. એ લક્ષ્મી આદિ આત્માને અહિત કરનારી છે, અહિતકર દુઃખમાં નિમિત્ત છે, એમ કહે છે અહીં તો. એ લક્ષ્મી આદિ જે શરીરને અનુકૂળ નિમિત્ત છે, એ આત્માને નુકશાનને માટે નિમિત્ત છે. આહાહા..! એ લક્ષ્મી મારી, અમે આપીએ. મૂઢ છો, કહે છે, મિથ્યાદૃષ્ટિ છો. શ્વાસ નીકળી જાય એવું છે એમાં, 'પોપટભાઈ'! બીજે ક્યાંય સુખ નથી, ક્યાંય શાંતિ નથી, મરી જાય તો પણ.

એ લક્ષ્મીથી શરીરને ઠીક લાગે. રોટલા મળે, દાળ મળે, રોગ ટળે, ડૉક્ટર-બાકટર આવે એ આત્માને અહિતકર છે. કારણ કે, ત્યાં ને ત્યાં તૃષ્ણા ને રાગ, લક્ષ રહ્યા કર્યા કરે છે, ઇ આત્માને નુકશાન કરનાર છે. લક્ષ્મી રળવામાં પણ નુકશાન અને વાપરવામાં પણ નુકશાન. વાપરવામાં લક્ષ, રાગ કરે કે, મેં વાપર્યું, મેં આપ્યું ને મેં ખર્ચ્યા, ને મેં કર્યા એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભિમાન મિથ્યાદૃષ્ટિનું છે. આહાહા..! ઘાત કરે છે, ભાઈ! તને ખબર નથી. ઇ લક્ષ્મીથી આત્માને જરીયે લાભ થતો નથી. આ શરીરને ભલે થાય. દાળ-ભાત મળે, રોટલા મળે, સુવાળા સુવાના મળે, પૈસા હોય તો ગાદી મળે, સુવાના સુંવાળા મળે. કહે છે કે, તારા આત્મા માટે નુકશાનકારક છે ઇ. નુકશાનનું નિમિત્તની વાત છે, હોં! 'ધીરૂભાઈ'! ભારે વાતું કરી, ભાઈ! આ 'ઇષ્ટોપદેશ'માં... ભાઈ! એ જડથી તારી ચીજ જુદી છે તો કોઈ શરીરથી પણ તને લાભ ન થાય, તેમ લક્ષ્મીથી પણ તને જરીએ લાભ ન થાય. સમજાણું કાંઈ? લક્ષ્મીથી જરીએ લાભ ન થાય, તને નુકશાનનું નિમિત્ત છે. આહાહા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો અપેક્ષાથી વાત કરી. નુકશાનનું કારણ એ રાગ છે એ નુકશાનનું કારણ છે, એમ કહે છે અહીં તો. રાગ છે ને? ઇ વાત તો વળી જ્યારે અમુક વાત કહેવી હોય ત્યારે (કહેવાય). એ તો લોભ જરીક તીવ્ર હોય તો તૂટે. એમાં આત્માને શું? આત્મા તો ઇચ્છા વિનાની ચીજ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદકંદ, એની દૃષ્ટિ કરતાં આત્માને લાભ છે, બાકી ધૂળથી કાંઈ લાભ-બાભ છે નહિ. બધા પાંચ, પચાસ લાખના ધૂળના ધણીઓ શેઠિયા-બેઠિયા કહેવાય કે નહિ? પૈસાના શેઠિયા, ધૂળના! એમાં આત્માને કાંઈ લાભ નથી. એય..! 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ચાલ્યા ગયા, મરી ગયા કાંઈક હવે ચાલ્યા ગયા. પેલો ગરાસીયો બિચારો આવ્યો હતો ને? ઇ કહે કે, વાણીયા સંઘરી બહુ જાણે. પેલા બિચારા ગરાસીયાને તો દસ આવે ને બાર જાય, બાર આવે ને દસ જાય. ઇ બિચારા કહેતા હતા. આવ્યા હતા ને હમણાં? 'આણંદપુર'ના દરબાર નહિ? બે દિ' પહેલા. માંડ બે હજારની ઉપજ હોય ત્યાં ત્રણ હજારનો ખર્ચ રાખે. દીકરીઓને પરણાવે તો મોટો મોભો મોભો, પેલા ચારણ-બારણ ચડાવે માથે. ખાલી કરી નાખે. ઘોડી-બોડી આપે, મારી નાખે કે અમને. વાણીયા સંઘરી બહુ જાણે. મમતા સંઘરી જાણે, કીધું. પેલો 'આણંદપુર'નો દરબાર આવ્યો હતો ને? એ બાયડી-ભાયડો બે જ છે, સાધારણ છે. બિચારો પહેલા આવ્યો હતો, પાંચ વર્ષ પહેલા. કાંઈ ન મળે. અત્યારે તો ગરાસીયા દુઃખી છીએ, કહે. વાણીયા સુખી છે. કીધું, ખોટી વાત છે. પૈસાથી દુઃખી એ વાત પણ ખોટી ને વાણીયા પૈસે સુખી એ વાત પણ ખોટી. એય..! આહા..! જુઓને! છ છ મહિના, બાર બાર મહિનાથી, આઠ આઠ મહિનાથી આવે છે અહીંયા?

મુમુક્ષુ :– ગુંચવાઈ ગયો.

ઉત્તર :– ગુંચવાઈ ગયો છે બહુ. જુઓ! એમનો દીકરો. બે કરોડ રૂપિયા ન્યાં છે 'મુંબઈ'માં. અહીં આઠ મહિનાથી, છ મહિનાથી આવતો નથી.

મુમુક્ષુ :– આવશે આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :– ઇ આવશે-બાવશે નહિ. આ તો નથી આવ્યો અત્યાર સુધી. નહિતર છ મહિના થઈ ગયા. ન્યાં 'દિલ્હી' જાય ને ધૂળ જાય ને રખડ્યા રખડ (કરે). બે કરોડ સાચવવા માટે તો મરી જાય બિચારો. ઘટી ગયા, પચાસ લાખ સરકાર આપવા ગયા.. બે કરોડ અત્યારે છે ને 'પુનમચંદભાઈ' પાસે? બે કરોડ આમના દીકરા પાસે, સરકાર પચાસ લાખ આપતો. ત્યારે કહે, એક કરોડ લઉં. ના કરોડ ન લઉં, ફરીયાદ કરું. છ મહિને, બાર મહિને કાયદો કાઢી નાખ્યો. ધૂળમાં પણ નથી, હેરાન કરીને મરી જાય. સમજાણું કાંઈ?

જુઓ! કેવી શૈલી અહીં મુકી છે. આ શરીરને નિમિત્તરૂપે અનુકૂળ છે એ આત્માને દુઃખમાં નિમિત્તરૂપે છે એમ કહે છે. અને આત્માને જે સુખરૂપ (છે), આત્માનું ધ્યાન શ્રદ્ધા, જ્ઞાન આદિ છે એ શરીરના નિમિત્તમાં પ્રતિકૂળ થાય છે. શરીરમાં ધ્યાન ન રહે, આહાર-પાણી કેવા છે, ધર્મધ્યાન–આત્માના ધ્યાનમાં હોય એને શરીરની કાંઈ દરકાર નથી. અને શરીરની દરકાર નથી છતાં શરીરમાં થવાનું હોય ઇ થાય પણ અહીં તો દરકાર નથી એવું નિમિત્તપણું દેખીને એને નુકશાનકારક બતાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશદાર્થ :– 'દેખો જો અનશનાદિ તપકા અનુષ્ઠાન કરના,...'** એટલે મુનિપણું મૂળ તો કહેવું છે, હોં!

મુમુક્ષુ :– બેયને સખ થાય એવો ત્રીજો રસ્તો...

ઉત્તર :– બેયને સખ થાય એવો ત્રીજો રસ્તો નથી. નથી? 'ન્યાલભાઈ' ગયા હમણાં બિચારા. ધૂળને સખ શું થાતું હશે? આ તો માટી છે. એને સખ છે કાંઈ? આ તો જડ છે, માટી છે, હુ... હુ... હુ... મસાણની રાખ ક્યાંકથી ભેગી થઈ, મસાણની રાખ. આહા..! બાપુ! તું આત્મા છો ને પ્રભુ! શાશ્વત વસ્તુ છો, અનાદિ છો, નવો છો નહિ, નાશ થાય એવો નથી. અનાદિઅનંત છો. એવી ચીજની તને રુચિ ને દૃષ્ટિ નથી અને આ નાશવાન ક્ષણિક સંયોગોનો તને પ્રેમ છે, ઇ પ્રેમ છોડાવવા, રુચિ છોડાવવા વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સંયોગ છોડાવવાની વાત નથી.

ઉત્તર :– સંયોગ કોણ છોડે? ધૂળ છોડે. એને રુચિ છોડાવે છે. આહાહા..! ભાઈ! પણ ઇ વિચાર પણ કે દિ' કર્યા છે? વખત ક્યાં મળે છે માણસને? પાપ આડે વખત મળતો નથી. આવું સાંભળવાનું ને વિચારવાનો વખત મળતો નથી, મરવાનો વખત મળે. ઇ કહે કે મારે મરવાનો વખત નથી. બાપા! વખત મળશે ત્યારે તો ટેં... થઈને પડીશ આમ ખાટલામાં. આહાહા..! કાંઈક બેચેની છે, બેચેની છે... ઉપડો! ન્યાં 'ભાવનગર' દરબાર નહિ? બિચારા સાંભળતા હતાં. ઉભા થયા, મને અસુખ છે, એટલું બોલ્યા. અસુખ છે એટલું બોલ્યા, લ્યો! રાણી આવ્યા. મને અસુખ છે. રાણી ટેલીફોન કરવા ગયા, અહીં ગયા પરભવમાં. નાની ઉંમર હતી, નાની હતી નહિ? ૫૩ વર્ષ, ૫૩ વર્ષ. હવે એ તો લૌકિકમાં આર્ય માણસ તરીકે નરમ હતો. પ્રજાને માટે લૌકિક પ્રિય હતો. હાય! હાય! રાણી જ્યાં આવે છે ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ ન મળે. શું હતું ધૂળમાં? એ તો એનું જે પળે પલટશે એમાં (કોઈ શું કરે?)

આ 'લાલબહાદુર' લ્યો ને બિચારા. ક્યાં ગયા હતા? એક મિનિટમાં શું થયું કોણ જાણે? એમને ગમે તે કર્યું, કો'કે વળી દગો (કર્યો) ને એવી લોકો વાતું કરે છે. ગમે તે હો પણ એ આયુષ્ય પૂરું થવાનો કાળ હતો. એમાં કોઈ આયુષ્ય પૂરું કરવાને સમર્થ છે કોઈ દેવ, દેવી આવીને અને એનું આયુષ્ય તોડી શકે, ત્રણકાળમાં લાભ કોઈને નથી. એ સ્થિતિએ તે કાળે દેહ છૂટવાનો... છૂટવાનો... છૂટવાનો. ભગવાનના જ્ઞાનમાં આવ્યું હતું કે, આ સમયે છૂટશે. એમાં ક્યાંય ત્રણકાળમાં દેવ ને ઇન્દ્ર આવે તો પણ ફરી શકે નહિ. આહાહા..!

આ તો માટીની સ્થિતિ છે કે નહિ? મુદત છે આની. ઇ મુદતે આવ્યું છે, મુદત પુરી થાશે... ફડાક...! ભાગ્યો. મોરીયો છૂટ્યો, ફુટ્યો. ગાડા હેઠે મોરીયો નથી રાખતા? પાણીનો રાખે ને ગાડા નીચે? એમાં કોઈ પથરો નડ્યો હોય તો ફુ બધું. આ ગાડા જોડે છે ને? પહેલા જોડતા હતા. પાણી ઉપર તો રખાય નહિ, એટલે હેઠે શીકું રાખે, એમાં કાંઈક ઢોરો-બોરો આવી ગયો... (તો ફૂટી જાય). એમ આત્મા ઉપર લટકતું આ છે, એમાં ક્યાંક આયુષ્યની સ્થિતિ પૂરી (થઈ) તો ફુ... (થઈ જશે). ભગવાન! તું તો શાશ્વત અનાદિઅનંત છો. એવા અનાદિ અનંતને આ સંયોગની ચીજમાં તને આટલી રુચિ કે, તું એકત્વપણે ભૂલી જ ગયો આત્માને? સમજાણું કાંઈ?

જે જીવને ઉપવાસ આદિ અંતરના તપના અનુષ્ઠાન કરવાથી **'જીવકે પુરાને વ નવીન પાપોંકો...**" નાશ થાય છે. **'જીવકે લિયે ઉપકારક હૈ,...'** આત્માનો ધર્મ. **'ઉસકી ભલાઈ કરનેવાલા હૈ,... વહી આચરણ યા અનુષ્ઠાન શરીરમેં ગ્લાનિ શિથિલતાદિ ભાવોંકો કર દેતા હૈ,...'** એટલે નિમિત્ત છે. ઇ આચરણ ને અનુષ્ઠાન એટલે ભાવ, હોં! શરીરમાં ગ્લાનિ શિથિલતાદિનું નિમિત્ત કારણ થાય છે. શું કીધું? જે આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાનમાં રમવા માંગે છે એને આત્માના ધ્યાનનો લાભ છે, એને આત્માનો લાભ થાય છે પણ શરીરને નુકશાન થાય છે. કારણ કે શરીર ઉપર લક્ષ એનું (નથી રહેતું). એ અનુષ્ઠાને આત્માનો લાભ, એ અનુષ્ઠાન શરીરને નિમિત્તરૂપે નુકશાનનું કારણ થાય. નિમિત્તરૂપે, હોં! ગ્લાની શરીરમાં થાય, શિથિલ થાય, મોળું પડી જાય. માટે આત્માને હિતની ચીજ એ શરીરને અહિતનું કારણ, શરીરને હિતનું કારણ એ આત્માને અહિતનું કારણ. ચીજ જ જુદી છે. સમજાણું કાંઈ? વિશેષ વાત કરશે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૧૨, શુક્રવાર
## તા. ૦૧-૦૪-૧૯૬૬
## ગાથા–૧૯ થી ૨૦ પ્રવચન નં. ૧૭

'ઇષ્ટોપદેશ' ૧૯મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે આ શરીરનો ઉપકાર લક્ષ્મીથી તો ઉપકાર ન થાય. ધન આદિ, સ્ત્રી, કુટુંબ આદિથી આ શરીરનો તો ન થાય પણ આત્માનો તો ઉપકાર થાય ને? લક્ષ્મી આદિ બધું અનુકૂળ હોય તો આત્માને ધર્મ-ધ્યાનમાં સહેલું પડે. તો આત્માને લક્ષ્મી આદિ બધા ઉપકારક છે કે નહિ? એ તો ઉપકારક છે ને? અનુકૂળ એટલું તો કહો. સમજાણું કાંઈ? લક્ષ્મી આદિ શરીરને ભલે ઉપકારક ન હોય પણ આત્માને તો ઉપકારક (થાય છે). લક્ષ્મી આદિ એક તો અપવાસ આદિ કરે એનાથી ને વળી લક્ષ્મી આદિ બેયથી ઉપકાર થાય. આત્માનું ધ્યાન કરે, જ્ઞાન કરે, વળી શરીરના સાધનમાં લક્ષ્મી આદિ હોય તો એ સાધનથી ઉપકાર (થાય). ઉપકાર થાય કે નહિ 'મોહનભાઈ'? લક્ષ્મી હોય તો અહીં નિવૃત્તિ લઈને બેઠા છો ને? જુઓ! કહો, શું છે આમાં 'પોપટભાઈ'?

મુમુક્ષુ :– 'જેચંદભાઈ'ને જ પૂછો ને.

ગુરુજી :– 'જેચંદભાઈ'ને ન પૂછાય. અત્યારે ઇ તો શરીરે દુઃખી થયા છે. એને શરીરની (વાત) હોય તો એને પુછાય.

શિષ્યનો પ્રશ્ન છે કે, આ આત્માનો ઉપકાર, શરીરને ઉપકાર ન થાય, લક્ષ્મીથી, બહારના સાધનથી શરીરનો ભલે ઉપકાર ન થાય પણ આત્માનો તો ઉપકાર થાય ને બાહ્ય સાધનથી? આત્માનું જ્ઞાન-ધ્યાન પણ થાય અને વળી શરીરના બહારના સાધન લક્ષ્મી આદિ હોય તો આત્માને લાભ થાય. દાન દેવાય, ભક્તિ થાય, પૂજા થાય, પ્રભાવના કરાય એવો બન્ને ઉપકાર આત્માને થાય. (તો કહે છે), ના ના. ભાઈ! એમ નથી. તું કહે એમ નથી.

**'દેખો !'** વિશદાર્થ છે ને? વિશદાર્થ ૧૯મી ગાથાનો. **'જો અનશનાદિ તપકા અનુષ્ઠાન કરના,...'** એટલે આત્માનું જ્ઞાન-ધ્યાન કરવું. ૧૯ ગાથાનો વિશદાર્થ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ પવિત્ર છે એનું અંતરમાં એકાગ્ર થઈને ધ્યાન કરવું એને અહીંયા તપ કહે છે. બાહ્ય તપથી વ્યાખ્યા કરી છે. સમજાણું? અનશન આદિ, ઉણોદરી આદિ તપ હોય ત્યારે અંતરમાં સ્વભાવ સન્મુખની એકાગ્રતા હોય, તેથી એને અનશનથી નિમિત્તથી જ્ઞાન કરાવ્યું છે. અંતરમાં નિવૃત્તિ હોય તો આત્માનું ધ્યાન થાય, આહારની ઇચ્છા છૂટી જાય, એવા ધ્યાનથી આત્માને લાભ થાય. એથી **'જીવકે પુરાને વ નવીન પાપોંકો નાશ કરનેવાલા હોનેકે કારણ,...'** આત્મા પવિત્ર ભગવાન એની અંતરમાં એકાગ્ર થવાથી આત્માને જૂના કર્મનો નાશ થાય. સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'નવીન પાપોંકો નાશ કરનેવાલા હોનેકે કારણ,'** લ્યો! **'જીવકે પુરાને વ નવીન પાપોંકો નાશ...'** એ જૂનાનો નાશ થાય ને નવા બંધાય નહિ એટલે નવાનો નાશ થાય, એમ એનો અર્થ. **'જીવકે લિયે ઉપકારક હૈ, ઉસકી ભલાઈ કરનેવાલા હૈ,...'** આત્માને. **'વહી આચરણ યા અનુષ્ઠાન શરીરમેં ગ્લાનિ શિથિલતાદિ ભાવોંકો કર દેતા હૈ,'** જ્યારે આત્માનું ધ્યાન, જ્ઞાન આદિ કરે (ત્યારે) શરીરમાં ગ્લાનિ થાય, શરીરમાં આહાર આદિ હોય નહિ, શરીર મોળું પડી જાય. આત્માના ઉપકારને માટે અંદરના શ્રદ્ધા, જ્ઞાન આદિ ધ્યાન છે એ શરીરને નુકશાનનું કારણ છે. અહીંયા નિમિત્તથી વાત છે, હોં! સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપનું જ્ઞાન, ધર્મ-ધ્યાન કરે (તો) શરીરની દરકાર ન રહે. શરીરમાં શિથિલતા થાય, ગ્લાનિ થાય, આહાર ન હોય, બેઠકમાં દુઃખ થાય, અંદર આમ થાય. સમજાણું? તો શરીરમાં ગ્લાનિ આદિ, શિથિલતાદિના નિમિત્ત ભાવો થાય.

**'અતઃ ઉસકે લિયે અપકારક હૈ,...'** શરીરને માટે આત્માનો ધર્મ એ અપકારક–નુકશાનનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'ઉસે કષ્ટ વ હાનિ પહુંચાનેવાલા હૈ.'** જુઓ! આત્મા પોતાનું જ્ઞાન-ધ્યાન કરે, શ્રદ્ધા-જ્ઞાન કરે, ચારિત્ર–સ્વરૂપમાં રમે (એનાથી) આત્માને લાભ થાય. પણ એ અનુષ્ઠાન શરીરને કષ્ટ કરે છે, શરીરને જીર્ણ પાડે, મોળું પાડી દે, હાનિ પહોંચાડે, શરીરને હાનિ પહોંચાડી દે. આત્માને લાભ કરે એ શરીરને નુકશાન કરે એમ કહે છે.

મુમુક્ષુ :– એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ.

ઉત્તર :– એ નિમિત્તની વાત છે અત્યારે. કરવાની વાત ક્યાં છે? અહીં તો આત્મા પોતાના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનમાં રોકાય એટલે શરીરની દરકાર રહે નહિ. શરીરમાં ગ્લાનિ, હાનિ, રોગ વગેરે થઈ આવે તો એ આત્માનું અનુષ્ઠાન પોતાના આત્માને લાભદાયક (છે) પણ શરીરને નુકશાનનું નિમિત્ત થાય. કેમકે એ થાય છે તો એ પર્યાય તો એને કારણે થાય છે. સમજાણું કાંઈ? આ બીજી ઢબથી વાત છે.

મુમુક્ષુ :– બન્ને પર્યાય...

ઉત્તર :– બે કોણે કીધી વળી? બે કીધી ક્યાંથી?

મુમુક્ષુ :– જુદે જુદા દ્રવ્યની ...

ઉત્તર :– જુદા જુદા દ્રવ્યની જુદી જુદી પર્યાય. આત્મા–પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ છે એને અંતરમાં સાધે ત્યારે પોતાને લાભ થાય, આત્માને ઉપકાર થાય પણ શરીરને નુકશાન થાય. શરીરનું ધ્યાન એ વખતે રહે નહિ. નુકશાન થાય એટલે? તે વખતે એ પર્યાય થવાની પણ એને આ ભાવમાં નિમિત્ત ગણીને નુકશાન થાય એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– શું? અહીં તો ગુજરાતી ભાષા છે. તમે સમજતા નથી? હિન્દી સમજો છો? અહીંયા મરાઠી નથી, મરાઠી ભાષા નથી. અહીં તો કોઈને આવડતી નથી. અહીં તો મરાઠી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈને આવડતી નથી. સમજાય છે કાંઈ? આત્મા પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ, એનું જ્યાં ધ્યાન કરે એટલે ધર્મી જીવને શરીરની દરકાર રહે નહિ. ધર્મીને પોતાના આત્માનો લાભ થાય, પોતાના અનુષ્ઠાન જ્ઞાન, દર્શન, ચારિત્રથી, એવા અનુષ્ઠાનથી શરીરને નુકશાન થાય, શરીર ગ્લાનિ થાય, જીર્ણ થાય, હાનિ પહોંચે, શરીરમાં કાંઈ દરકાર રહે નહિ. બરાબર છે? શરીરને **'કષ્ટ વ હાનિ પહુંચાનેવાલા...'** એનો અર્થ શું પણ? શરીરની નબળાઈ થાય, ગ્લાનિ થાય ઇ.

મુમુક્ષુ :– અપવાસ કરે...

ઉત્તર :– અપવાસ ઇ એમ નહિ, અપવાસ-બપવાસ નહિ. અપવાસ એટલે આત્મ-ઉપવાસ એમ અપવાસ. આત્મા જ્ઞાન શુદ્ધ સ્વરૂપ એનું અંતર આચરણ, અનુષ્ઠાન એટલે આચરણ, આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ (છે), એનું અનુષ્ઠાન–અંતરમાં એકાગ્રતાનું આચરણ, એ આત્માને ધર્મરૂપ મુક્તિનું કારણ આત્માને ઉપકારક (છે). એ અનુષ્ઠાન શરીરની દરકાર વિનાનું હોય છે. એટલે શરીરની ક્રિયામાં આ નિમિત્તરૂપે નુકશાનકારક છે. ગ્લાનિ થાય, શરીરની દરકાર ન હોય, ધર્મીને આહાર-પાણી કેમ મળવા, ન મળવા એની સાથે કાંઈ લક્ષ ન હોય એથી શરીરને નુકશાન થાય. અહીં તો આ આત્માને હિતકારક તે આને નુકશાનકારક, આને નુકશાનકારક એ આત્માને હિતકારક, એ અહીં સિદ્ધ કરવું છે. આહા..!

**'ઔર જો ધનાદિક હૈં, વે ભોજનાદિકકે ઉપયોગ દ્વારા ક્ષુધાદિક પીડાઓંકો દૂર કરનેમેં સહાયક હોતે હૈં.'** લક્ષ્મી જે છે ઇ ભોજનાદિક ઉપયોગ દ્વારા ક્ષુધાદિક ટાળવામાં અનુરૂપ થાય, **'અતઃ વે શરીરકે ઉપકારક હૈં.'** લક્ષ્મી આદિથી શરીરનું–આ ધૂળ દુશ્મનનું પોષણ થાય. આત્મા આનંદ સ્વરૂપ, એનાથી શરીર દુશ્મન વિરૂદ્ધ છે. લક્ષ્મી, બાયડી, છોકરા, કુટુંબ, સારા સેવા કરનારા હોય તો શરીરને લાભ થાય. એ નિમિત્તથી વાત છે, હોં! **'શરીરકે ઉપકારક હૈં. કિન્તુ ઉસી ધનકા અર્જનાદિક પાપપૂર્વક હોતા હૈ.'** પણ એ લક્ષ્મી રળવી એ તો એકલું પાપ, પાપ ને પાપ છે. રળવું પાપ, ઉપાર્જવું પાપ, એને ખરચવાનો ભાવ પણ ભાવબંધનું કારણ છે.

મુમુક્ષુ :– રળે નહિ તો ખાય ક્યાંથી?

ઉત્તર :– કોણ રળતો હતો? ધૂળ. ઠીક! હજી તો એને રળવું છે. જુઓ! એકકોર કહે છે, મારે પૈસા મરી ગયા એમ કહે છે એકકોર, અને એકકોર રળવું એને રળવું કહે છે.

મુમુક્ષુ :– ઊંડે ઊંડે તો લક્ષ્મી...

ઉત્તર :– ઊંડે ઊંડે તો લક્ષ્મી બહુ સારી લાગે છે અંદર. ધૂળમાં પણ લક્ષ્મી સારો નથી ન્યાં. ઇ તો અહીં કહે છે કે, જે લક્ષ્મી શરીર આદિને ઉપકારકરૂપે દેખાય, ભોજન-પાણી, આહાર-પાણી, સુવા, ગાદલા-પાણી, મકાન-બકાન મળે એ આત્માને નુકશાનકારક છે. કારણ કે, એની પૈસા રળવાની ચિંતા અને વર્તમાન પૈસા છે એને પાછા વાપરવાનો ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પણ બંધનું જ કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખાય ક્યાંથી?

ઉત્તર :- શું? કોણ ખાય છે પણ? ખાય છે, ખાય છે કોણ? આહાહા..! અરે..! ભાઈ! એ તો પૈસા આદિ હોય તો શરીરને મળે. પણ શરીર તો દુશ્મન છે. એને લાભ થાય ને આને નુકશાન થાય, આત્માને તો નુકશાન થાય છે. દુશ્મન છે. જડ ને ચૈતન્ય બન્ને વિરોધી તત્ત્વ છે. અહીં એ કહેવું છે ને!

મુમુક્ષુ :- .... ...

ઉત્તર :- હેરાન કાંઈ કરતું નથી, માને છે મફતનો. સમજાણું કાંઈ? છોકરા ક્યાં રળે છે? છોકરા ખાય છે કે નહિ? બે વર્ષના છોકરા ને બે વર્ષની છોકરીઓ કાંઈ રળવા જાય છે? મળે છે કે નહિ એને?

મુમુક્ષુ :- એના વતી એનો બાપ રળે છે ને?

ઉત્તર :- એ તો પણ એના પુણ્યને લઈને મળે છે ને! બાપ રળે છે, આને પુણ્યને લઈને મળે છે. બાપ તો પાપ કરે છે. રળનાર તો એકલું પાપ કરે છે. પાપથી લક્ષ્મી ઉપાર્જન કરે, પાપ બાંધીને. કહો! હવે એ લક્ષ્મી શરીરને લાભ કરે તો આત્માને નુકશાન કરે છે, એમ કહે છે. અરે..! લક્ષ્મી તરફ લક્ષ જઈને દયા-દાનમાં ખર્ચવું કદાચ (થાય) એ પણ શુભભાવ બંધનું કારણ છે. એ આત્માને નુકશાનનું કારણ છે એમ કહે છે. આહા..! પર ઉપર લક્ષ જાય છે ને એનું? આહાહા..!

મુમુક્ષુ :- જગતના લોકો કહેતા હોય એના કરતા આપની વાત સાવ જુદી જ છે.

ઉત્તર :- દુનિયા કરતા વીતરાગ માર્ગ જ જુદો છે. સમજાણું કાંઈ?

ભાઈ! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે). આ શરીર માટી ધૂળનો પિંડલો (છે). હવે એને કંઈ ભોજન આદિથી લાભ થયો પણ આત્માને તો એના તરફના લક્ષ ને મમતાથી નુકશાન થયું. સમજાણું કાંઈ? **'શરીરકે ઉપકારક હૈં. કિન્તુ ઉસી ધનકા અર્જનાદિક...'** અર્જનાદિક એટલે ઉપજાવવું, આ રાખવું, આ ખરચવું, સંભાળવું, વ્યાજ ઉપજાવવું, બીજાને દેવું એ બધું **'પાપપૂર્વક હોતા હૈ.'** એનો સ્વામી થાય, લક્ષ્મી લ્યોને બીજાને આપે ત્યાં કહે, મેં આપી, લક્ષ્મી મારી હતી. એ મિથ્યાત્વનું પાપ બંધાય છે. કહો, સમજાણું કાંઈ? લક્ષ્મી તો પર છે, જડ છે, અજીવતત્ત્વ છે. એને પેલો માને કે, મેં આપી, મેં આ કામ કર્યું, જુઓ! આટલા ધર્માદાના મેં ખર્ચ્યા. એ પોતામાં અજીવનો સ્વામી થાય છે. એને મિથ્યાત્વનું પાપ લાગે છે, મહાન પાપ.

મુમુક્ષુ :- આપવાથી પાપ થાય તો કોણ આપે.

ઉત્તર :- આપવાથી કોણે કીધું પાપ? ઇ મારું છે એમ માને છે કે, મેં આ આપ્યું. એમ માને છે એ મિથ્યાત્વનું પાપ છે. એમ કહ્યું હતું. કહો, સમજાણું આમાં? જડનો એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રજકણ પણ એનાથી લેવાય નહિ, દીધો દેવાય નહિ, લીધો લેવાય નહિ. છતાં અજ્ઞાની માને કે જુઓ! આ પાંચ, પચ્ચીસ લાખ મળ્યા. બાર મહિને પચાસ હજાર તો અમારે કાયમ ઘરમાથી જાય છે. એનો પોરો હોય એને. સમજાય છે? પણ મૂઢ પચાસ હજાર તારા ક્યાં (હતા)? એ તો જડના હતાં, અજીવના છે, એ તો માટીના છે.

મુમુક્ષુ :– કો'કને વાત કરવી હોય તો કેવી રીતે કરવી?

ઉત્તર :– કરેની વાત કોણ કરે છે અહીંયા? વાતનું ક્યાં કામ છે અહીં. સમજાણું કાંઈ? એ લક્ષ્મીથી શરીરને લાભ દેખાય. આહાર-પાણી મળે, ઊના ફળફળતા પુળીયા શું કહેવાય? ફૂલકા મળે, નોકર સારા હોય આમ સરખાયના, બધું ... મળે, શિરા મળે, પૈસા હોય તો બધું (મળે). પણ એ તો ધૂળને આને આ વેરીને, વેરીને લાભ છે. તને તો નુકશાન (છે). તારું સ્વરૂપનું લક્ષ ચુકી અને જેટલા પર ઉપર લક્ષ જાય એ બધું તને નુકશાનકારક છે, એમ કહે છે. કેમ હશે? ઓહોહો..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ અહીં નહિ, અહીં કાંઈ નહિ. અહીં તો ધર્મની વાત ચાલે છે. ઇ જાણે કાંઈ પુછીએ. અહીં તો આત્માના ધર્મની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અર્જન આદિ શબ્દ છે ને? પૈસા ભેગા કરવા, બાયડી-છોકરાને રાખવા, એને પરણાવવા, એને ઉપજાવવા એ બધું એકલું પાપ, પાપ ને પાપ છે. દુકાને બેસાડવા, એને સંભાળ કરજો, ધ્યાન રાખજો, તમે હવે નિરાંતે (રહેજો), એ બધોય ભાવ પાપ, પાપ ને પાપ. કેમ હશે 'નટુભાઈ'? પછી વકીલાતને પૂછીએ. આહાહા..!

**'વ પાપપૂર્વક હોનેસે દુર્ગતિકે દુઃખોંકી પ્રાપ્તિકે લિયે કારણીભૂત હૈ.'** એ લક્ષ્મી, કુટુંબ, બૈરા જેને શરીરનું લાભદાયક માને કે, ભઈ આ બધું હોય તો સેવા કરે, માવજત કરે, તો શરીરને ઠીક હોય તો આત્માને લાવી.. પાછળ કહેશે. શિષ્ય પ્રશ્ન કરશે, ભઈ શરીરથી તો કેટલા ઉપકાર થાય છે, તમે આ શું કહો છો? બધું કાઠલું કાઢી નાખવા માગો છો, કાઠલું બધું. **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'** સાંભળ! ઇ પછી કહેશે. સમજાણું કાંઈ?

ભાઈ! તારી ચીજ તો પ્રભુ! અખંડ આનંદ શુદ્ધ કંદ આત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એનું અંતર સાધન પોતાની અંતરથી એકાગ્રતાથી થાય છે. એકાગ્રતાથી થાય એમાં શરીર-બરીર કાંઈ લાભ કરતું નથી. લક્ષ્મી, શરીર, બધા કુટુંબ, સગવડતા બધી હોય, માણસ એમ કહે ને ભાઈ સગવડતા બધી હોયને તો એય..! ધૂળમાં પણ નથી સાંભળને! બહારની સગવડતા શરીરને નિમિત્ત છે, તને તો નુકશાનકારક છે. કહો 'મોહનભાઈ'! 'પોપટભાઈ'! છ છ છોકરા હોય, આટલા પૈસા હોય, જાવ બાપુજી, જાવ બાપુજી જાવ. અહીં મકાન પચ્ચીસ હજાર કરીને રહ્યાં નિરાંતે લ્યો! પૈસા ધૂળ પણ નથી કહે છે. એ તો બહારના નિમિત્ત (છે), શરીરને માટેના નિમિત્ત થયા. આત્માને શું થયું? આત્માએ તો જેટલો આત્મદ્રવ્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોડી પરદ્રવ્ય ઉપર લક્ષનો આશ્રય જેટલો કર્યો છે બધો આત્માને નુકશાન ને બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? આહા..! જુઓ!

**'વ પાપપૂર્વક હોનેસે દુર્ગતિકે દુઃખોંકી પ્રાપ્તિ...'** દુર્ગતિ. દુર્ગતિ એટલે આત્માની ગતિ સિવાય બધી દુર્ગતિ છે. પછી સ્વર્ગમાં જાય તો પણ દુર્ગતિ છે અને મનુષ્ય થાય તો પણ દુર્ગતિ છે. બધી દુર્ગતિ (છે). આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં ગતિ શ્રદ્ધા, જ્ઞાન ને રમવું એ એક જ આત્માને લાભદાયક છે, બાકી કોઈ લાભદાયક છે નહિ. કહો, સમજાણું? **'અતઃ વહ જીવકા અહિત યા બુરા કરનેવાલા હૈ.'** એ લક્ષ્મી આદિ પૈસા, કુટુંબ, બાયડી, છોકરા, સારા મકાન, સામ-દામ ને ઠામ એવા જે સાધન એ તો જીવને, અહિત ને ભૂંડુ કરનારા છે.

મુમુક્ષુ :– હોંશે હોંશે કરે છે ને!

ઉત્તર :– હોંશે હોંશે કરે છે, પાપ બાંધે છે ને તેથી કરીને નુકશાન કરે છે. આહાહા..! ભઈ! આ તો દુનિયાથી ઊંધી વાત છે. સમજાણું કાંઈ? જુઓ!

**'વહ જીવકા અહિત...'** ઇ છોકરા ને દીકરીયું ને એ આબરું ને ઇ કીર્તિ ને મકાન ને પૈસા ને બધું આત્માને દુઃખદાયક ને અહિતના કરનારા નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'બુરા કરનેવાલા હૈ. ઇસલિયે યહ સમજ રક્ખો કિ ધનાદિક કે દ્વારા જીવકા લેશમાત્ર ભી ઉપકાર નહીં હો સકતા.'** નક્કી કરો કે એનાથી ઉપકાર નથી તો આત્મા ઉપર લક્ષ એનું જશે. નહિતર એનાથી ઉપકાર (માનશે) તો ભેગા કરો તો પછી થાશે એટલે લક્ષ આત્મા ઉપર વિઘ્ન કરશે, ઇ વેરી છે આત્માનો. આહાહા..! છોકરા-બોકરા સારા થાય નિવૃત્તિ મળે કે નહિ? ઇ ના પાડે છે કહે છે. ઇ શરીરને છે. બાપા ન્યાં ચાલો, બાપુજી ન્યાં ચાલો, બાપુજી ન્યાં ચાલો. શું છે? અમે આજીવિકાનું સાધન મોકલશું, જાવ. ત્રણે જણા મરશો ત્યારે ઉપાડવા આવશું. અત્યારે તમતારે રખડો એકલા. તમને પરણાવ્યા, બાયડી, છોકરી કર્યા, બધું કર્યું. તમે ત્યાં રોટલા ખાવ નિરાંતે ને અમે એકલા અહીં ખાઈએ? પેલી ડોશી રાંધે ને અહીં ખાવું એને, લ્યો! કહો, સમજાણું કાંઈ? એની કાકીમા છે ને! ડોશી છે ને ઇ તો. એને કાઢીને બધા એ જુવાન બાયું લહેર કરશે ને પેલા ન્યાં કરે ને પેલા ન્યાં કરે. હેરાન થવા ગયા છે, લ્યો! એય..! એમના 'સુમનભાઈ' હેરાન થવા ગયા છે. મહિને દસ હજારનો પગાર મળે. 'સુમનભાઈ'ને આમ દસ હજાર. આમ બીજાને એમ થઈ જાય કે, 'રામજીભાઈ'નો દિકરો 'સુમનભાઈ'! ઓહોહો..! દસ હજારનો માસિક પગાર. એય..! લ્યો! ધૂળમાં પણ નથી કહે છે. એ લક્ષ્મી આત્માને નુકશાન કરનાર છે. કહો, એના ઉપર લક્ષ જાય નુકશાન કરનાર છે, પાપ છે એકલું. લાખ પેદા કરતો હોય, પાંચ લાખ પેદા કરતો હોય મહિને, એનું લક્ષ ન્યાં છે તો એકલું પાપ બાંધે છે.

મુમુક્ષુ :– ... પૈસા તો પેદા કરે.

ઉત્તર :– કોઈ પેદા કરતું નથી. પાપ પેદા કરે છે. ઇ એને પેદા પેદા ગરી ગયું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંદરથી અને એકકોર કહે, મરી ગઈ લક્ષ્મી, એક વખતે એમ કહેતા હતાં. અંદર ઘુસી ગઈ છે લક્ષ્મી. એ... 'મોહનભાઈ'! આ તો તમારું બધું પોકળ ખુલે છે.

'ઇષ્ટોપદેશ' છે ને! ભગવાન! તું તો આનંદકંદ છો ને પ્રભુ! તારામાં અતીન્દ્રિય આનંદનો સાગર ભર્યો છે, સુખનો સાગર છે ઇ, સુખના સાગરનું સાધન તો તારામાં તારાથી છે. કાંઈ બહારથી સાધન છે નહિ. શરીર-બરીર સારા હોય ને શરીર ને સાધન સારા હોય તને ઉપકાર થાય (એમ) બિલકુલ નહિ, નુકશાન કરનારા બધાય છે. નિમિત્તથી વાત છે હોં! અત્યારે નિમિત્તની વાત છે ને! ત્યાંથી લક્ષ છોડાવવું છે ને એને. લક્ષ છોડાવવું છે. શરીરના જેટલા સાધનો લક્ષ્મી આદિ એનાથી લક્ષ છોડાવી ચૈતન્ય ઉપર લક્ષ કરાવવું છે. મુકને આટલા લપ હવે. આ બધા તને લાભદાયક ધૂળ પણ નથી. જ્યાં જ્યાં લક્ષ કરીશ, છોકરા ઉપર ને બાયડી ઉપર ને દીકરી ઉપર ને ઢીંકણા ઉપર... ભઈ! બધાના સારા છોકરા સારે ઠેકાણે નાખ્યા હોય, વરાવ્યા હોય ને તો આપણને ઠીક રહે. નહિતર તો આપણને ખેદ રહે. મૂઢ છો, કહે છે. એ.. 'મોહનભાઈ'! આ બધી વાતું કરે નવરા થઈને. 'ભગવાનભાઈ'!

દુર્ગતિનું કારણ છે. અહિત ને બુરા કરવાવાળા છે. ભગવાનઆત્માનું લક્ષ છોડી અને જેટલા પરદ્રવ્યમાં તારા આશ્રય ને લક્ષ જાય છે બધું તને અહિત કરનારું છે. સમજાણું કાંઈ? પણ એ લક્ષ્મી આપીને આ દાનમાં જાય પણ એનું લક્ષ ન્યાં છે એટલે પુણ્યબંધનું આત્માને બંધન કરનાર નુકશાન કરનાર છે ઇ પણ. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? પૈસા થયા ને એના ઉપર લક્ષ થયું કે આને ખર્ચું, એ પણ શુભરાગ છે. એ બંધનનું કારણ છે, આત્માને નુકશાનનું કારણ છે, જરીએ લાભ નથી. આહાહા..! પૈસા હશે તો મંદિર કરશું, ફલાણું કરશું, ધૂળ કરશું. હવે આ કરને હવે. ઇ તો થાવું હશે તો થાશે. એય..! હવે ઇ તો ક્યાંય વાત રહી.

વ્યવહારીક વાતો એવી છે બધી. બહાર બીજું ને અંદરમાં બીજું. 'ચાવવાના બીજા ને દેખાડવાના બીજા'. હાથીના દાંત બહારના બીજા હોય, ચાવવાના બીજા હોય. એનાથી ચવાય નહિ, (ચાવવામાં) કામ ન આવે. બીજાની વાતું કરે કે, બાપા અહીં કરજો. આ છોકરાને કહે, દેરાસર કરજે સારામાં સારું. 'અમદાવાદ'માં બીજા કરતાં પાંચ લાખનું દેરાસર કરવું જોઈએ. ન્યાં તો એમ કહે. મોઢા આગળ ફલાણું થાય. પહેલેથી માંડે કે, પચાસ હજાર મારે આમ છે ને ઢીકણું છે, ઢીકણું એમ નહિ ચાલે. પૈસાની ઉણપ વાત નહિ સાંભળે, એમ 'રામજીભાઈ' કહેતા, ખબર છે? ઓછા પૈસાની વાત સંભળાવવી નહિ. પૈસા નથી, પૈસા નથી એમ વાત નહિ સંભળાવાય તમારે. 'મલૂપચંદભાઈ' એમ કહે? 'પોપટભાઈ'! પૈસા ઓછા છે એમ 'મલૂપચંદભાઈ'થી ન કહેવાય, એમ કહે છે. 'મોહનભાઈ' કહે છે. આહાહા..! જેટલો આત્માના ચૈતન્યના લક્ષનો આશ્રય છોડી જેટલો પરના પદાર્થ ઉપર લક્ષ જાય છે તે બધું બંધનનું જ કારણ છે. આહાહા..! એ મંદિર ને દેવ-ગુરુ ને શાસ્ત્ર તરફ જેટલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લક્ષ જાય એ પણ બંધનનું જ, નુકશાનનું જ આત્માને કારણ છે. આ તે વાત કોઈ અજબની વાત છે ને! એમ ઇ કહે છે અંદર.

ભગવાનઆત્મા અબંધસ્વરૂપી સચ્ચિદાનંદ નાથ, અનંત ગુણનો સાગર પ્રભુ આત્મા છે. એના અંતર લક્ષ ને આશ્રય કરીને હિત કરવું જોઈએ. એ હિત કરવું એ આ શરીરને નુકશાન કરનાર થશે અને એના લાભના કારણે તને નુકશાનનું કારણ થશે. આહાહા..! આ તો દુનિયાની પરદ્રવ્યની હોંશું ઉડાવી દે છે, એમ કહે છે, ભાઈ! તારા આત્મા સિવાય પર અનંત દ્રવ્ય ગમે તે હો, લાખ સગવડતા ને મકાન ને આમ ઢગલા પૈસા (હોય), અને એક એક દિ' ની લાખ લાખ, બબ્બે લાખની પેદાશ હોય, કાંઈ મહેનત વિના સહેજે ચાલ્યા આવે. પણ બાપા! તારા લક્ષ ન્યાં જાય છે એ જ બંધન છે. શું છે તને? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્યની લક્ષ્મી શુદ્ધ પડી છે એમાં પ્રભુ! તારું લક્ષ તો ત્યાં અંદર જોઈએ. એનું લક્ષ છોડીને આ બધા પરલક્ષમાં જાય છે, ભાઈ! તને નુકશાનકારક (છે). શરીરને લાભદાયક તું માન પણ તને તો નુકશાનકારક છે, આમ વાત છે. આહાહા..! વીતરાગી સંતોની વાત આ છે, ભાઈ! સમજાય છે? **'ઇસલિયે યહ સમજ રક્ખો કિ ધનાદિકકે દ્વારા જીવકા લેશમાત્ર ભી ઉપકાર નહીં હો સકતા.'** પચાસ લાખ, કરોડ, પાંચ કરોડ ભેગા થયા મંદિર બનાવશું, જરીએ એનાથી આત્માને લાભ નહિ થાય, એમ કહે છે.

મુમુક્ષુ :– ... કોઈ બનાવશે નહિ.

ઉત્તર :– બનાવે છે કોણ તે બનાવશે નહિ? એય..! બે ધારી તલવાર છે, બે ધારી. આહા..! બનાવે છે કોણ? રજકણોની પુદ્‌ગલની પર્યાય તે ક્ષણે થવાની હોય તેની તે થાય છે. શું ત્યાં 'મૂલપચંદભાઈ'નો ભાવ કામ કરે છે? એય..! જગતના તત્ત્વો અજીવ પરમાણુના સ્કંધ છે. એ પલટતા પ્રવાહે આવતા જ્યાં ખડકાવાના તે ખડકાવાના કાળે જ ખડકાવાના. એમાં બીજો કોઈ ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર એનો કર્તા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! એને ઘરે મંદિર થાય છે ને? એ ત્રીસ હજારનું થાય છે ને ન્યાં? કોણ કરે? ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :– પૈસાવાળા કરે.

ઉત્તર :– પૈસાવાળો કોણ કરે? ધૂળ કરે. પૈસો પૈસામાં જાય, મકાન મકાનમાં થાય, પૈસાથી મકાન થાતા હશે? એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું થાતું હશે? આહાહા..! આ તો આ બધી જગતથી ઊંધી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ માટે સમજ રાખો, ધ્યાન રાખો કે ધનાદિ, ધન, લક્ષ્મી, કુટુંબ, સારા દીકરા થયા ને બધું આ થયું ને ધૂળ થઈ ને મકાન સારા થયા ને બારી-બારણા ને હવા-પાણી ને સરખા રહેશે ને શરીરની સ્વચ્છતા રહે. એવે ઠેકાણે મકાન ડુંગર ઉપર બનાવે છે, ભાઈ! લ્યો! સારામાં સારી જગ્યા ત્યાં ઊંચે બનાવે છે, લ્યો! સમજાય છે? અને હવા-પાણી રહે ને આરોગ્ય હોય તો બધું ઠીક પડે. ધૂળમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ નથી ઠીક, સાંભળને! જેટલા લક્ષ પર ઉપર જાય તેટલો તારો સ્વઆશ્રય નાશ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! 'કાન્તિભાઈ'! કઈ જાતની વાત આ? વીતરાગની આવી વાત હશે? આવી વાત વીતરાગની લોકોએ સાંભળી નથી. બાપા! તારું તત્ત્વ ભિન્ન છે, પ્રભુ! આ રજકણો આ શરીરના, માટીના આવીને પડ્યા એ તારા નથી. અને એને બહારના નિમિત્તથી કાંઈ નીરોગતા, રોગતા થાય એમાં તને શું લાભ છે? આહાહા..! દૃષ્ટિનો મોટો ફેર.

**'ઉસકા ઉપકારક તો ધર્મ હી હૈ.'** લ્યો! આત્માનો ઉપકારક તો એક ધર્મ છે. ભગવાન શુદ્ધ આનંદ સાગર ચૈતન્યના પૂર જે પડ્યો છે આત્મા, એની અંતરમાં એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા, એ જ આત્માને ઉપકારક ને લાભદાયક છે, બાકી કોઈ આત્માને ઉપકારક છે નહિ. પેલો શુભભાવ થાય તે ઉપકારક નથી એમ કીધું ભાઈ એમાં. સમજાણું કાંઈ? ઇ કહેશે, શુભભાવ રહે, એનાથી પુણ્ય બંધાય, શરીરને ઉપકાર થાય. એટલે શરીર કાંઈ ઠીક મળશે. ઇ પછી કહેશે. તારા આત્માને કંઈ લાભ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એ પુણ્ય ને પાપના પરિણામથી પણ જીવને તો નુકશાન જ છે. શુદ્ધ અનાકુળ ચૈતન્યમૂર્તિ આનંદનો કંદ પ્રભુ સચ્ચિદાનંદ, જ્યાં સુધી આત્મજ્ઞાન ન કરે ત્યાં સુધી એને બધા ભાવો નુકશાનનું જ કારણ છે. એક આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મશાંતિ એક જ જીવને ઉપકારક છે. બાકી પુણ્યનો વિકલ્પ, શરીર, લક્ષ્મી કોઈ જીવને ઉપકારક છે નહિ. આહાહા..! સમજાય છે?

**'ઉસીકા અનુષ્ઠાન કરના ચાહિએ.'** જુઓ! એનું અનુષ્ઠાન કરવું જોઈએ, ભાઈ! આત્મા મહાન પદાર્થ છે ને પ્રભુ! તારા પદાર્થમાં શું ભર્યું છે એ તને ખબર નથી. શાંતિ પૂર્ણ પડી છે, અનંત આનંદ છે, ભાઈ! એવો તું આત્મા છો. એ પુણ્ય ને પાપ, શરીર તું તે નથી. જેમાં નથી તું તેમાંથી તને ઉપકાર કેમ થાય? જેમાં નથી તું–પુણ્ય-પાપના પરિણામમાં, શરીરમાં, લક્ષ્મીમાં, છોકરામાં જેમાં નથી તું તેનાથી તને ઉપકાર કેમ થાય? સમજાણું કાંઈ? જેમાં નથી તું તેના લક્ષ કરવાથી તને નુકશાન, નુકશાન અલાભ છે. આહાહા..! આ તો બધું ઊડી જાય છે. આ બાયડી-છોકરા સારા થયા, છોકરા સારા થયા ને હરખ થયા ને.. 'ચીમનભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પાકી થતી નથી. એણે કોઈ દિ' નથી કરી. આ ઉડાવ વાત બહારની... બહારની... બહારની... એ ઉડાવની સાંભળીને ઉડાવની વાતું એ આડે અંતરમાં શું ચીજ છે. એનું માહાત્મ્ય, એનો મહિમા આવ્યો નથી. વીજળીના ઝબકારા જેવા સંયોગો, એ સંયોગમાં જ એની અંદરમાં કાંઈક... કાંઈક... કાંઈક આને લઈને, કાંઈક આને લઈને લાભ, એવી અનાદિથી એની માન્યતા પડી છે. પણ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. મારો સ્વઆશ્રય ભાવ એક જ મને ઉપકારક છે. એવો એણે અનંતકાળમાં યથાર્થપણે નિર્ણય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો નથી. એનો અભ્યાસ જ નથી, એ અભ્યાસ જ પરનો આખો થઈ ગયો છે. આહાહા..! શરીરમાં જરીક ભોગનું સુખ મળે તો તો કહે છે કે, કદાચ એ શરીરને ઠીક, પણ તારા આત્માને તો નુકશાનકારક છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગની વાતું છે, ભાઈ! ત્યારે હવે શિષ્ય પ્રશ્ન કરે છે. આ એક શ્લોક પહેલો કહે છે.

**दोहा - आतम हित जो करत है, सो तनको अपकार।**
**जो तनका हित करत है, सो जियको अपकार।।१९।।**

**'આતમ હિત જો કરત હૈ, સો તનકો અપકાર'** એ તનને-શરીરને નુકશાન કરનારા છે. આત્માનું હિત અંતર દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માનું હિતના કરનાર છે. ઇ શરીરને લાભ કરતા નથી. એટલી વાત ત્યાં અપકારમાં લેવી. સમજાણું? શરીર ઉપર લક્ષ નહિ રહે, શરીરનું થવાનું હશે એ થશે, પરદ્રવ્યનું થવાનું હોય થશે, મારા દ્રવ્યનો લાભ લઉંને! પરદ્રવ્યને માટે મને કાંઈ છે નહિ.

**'જો તનકા હિત કરત હૈ, સો જિયકો અપકાર'** લ્યો! જે શરીરને માટે અનુકૂળ દેખાય પૈસા, લાડવા, દાળ-ભાત, સ્ત્રી, કુટુંબ, સેવા, માવજત કરનારા ખમ્મા, ખમ્મા.. સમજાણું? સેવા કરનારા. જુઓ! આમ જુઓ! ક્યાં ગયા? 'કાન્તિભાઈ'! આ સેવા કરનારા કેવા હોય? લ્યોને 'વિરજીભાઈ'ની કેવી સેવા કરતા હતા? તો એને આત્માને લાભ ખરો કે નહિ જરીયે? નહિ. આ બિચારા ઊભી ઊભી આમ કામ સેવા કરે બૈરાઓ બિચારાઓ, દીકરીને પેઠે કામ કરતા. ઓહોહો..! દીકરી કામ ન કરે એવું. બાપુજીનું શરીર લુવે, સુતા ને સુતા પેશાબ, ઝાડા સાફ કરે, એની મેળાએ સાફ કરે. કહે છે કે એમાં શરીરને ભલે ઠીક હો પણ આત્માને તો એના તરફનું લક્ષ છે એટલું નુકશાનકારક છે. આરે! આરે! ભારે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કર્યા વિના એનો છૂટકારો નથી ક્યાંય. મરી જાય. દુનિયા એને બીજી રીતે અવળે રસ્તે ચડાવી દે. આ માર્ગ વિના એનો ઉદ્ધાર નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગે કહેલો સત્ સરળ માર્ગ આ એક જ છે. સ્વદ્રવ્યનો આશ્રય કરવો, પરદ્રવ્યનો આશ્રય, લક્ષ છોડવું. એ વિના તને લાભ છે નહિ એમ કહે છે અહીં મૂળ તો. હવે શિષ્યનો પ્રશ્ન છે, હોં!

**'અથવા કાયકા હિત સોચા જાતા હૈ,...'** મહારાજા! સાંભળો! હું શરીરની કાંઈક વાત કરું, શિષ્ય કહે છે તમે તો કાઢી જ નાખ્યું બધું. **'અર્થાત્ કાયકે દ્વારા હોનેવાલે ઉપકારકા વિચાર કિયા જાતા હૈ.'** શિષ્ય કહે છે, સાંભળો મહારાજ! હોં! જરીક વાત તો સાંભળો મારી, અમે કહીએ છીએ એકદમ કાઢી નાખો છો, કાઢી નાખો છો, કાઢી જ નાખો છો બધું. **'દેખિયે કહા જાતા હૈ કિ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'...'** શરીર એ ધર્મનું સાધન

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને શરીર ને લક્ષ્મી સાધન પરંપરા બધું આત્માને લાભનું કારક છે, થઈ ગયું. શિષ્ય કહે છે, એ પ્રશ્ન કરે છો, હોં!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હવે સાંભળે તો ખરો ને પણ બધું. શું કરે? નાખે જ્યાં-ત્યાં ઊંધા લાકડા તે. **'શરીર ધર્મ-સેવનકા મુખ્ય સાધન-સહારા હૈ.'** મહારાજ! તમે એટલું બધું કાઢી નાખો છો પણ આ દુનિયામાં કહેવાય છે કે 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એ તો આમણે ગોખી રાખ્યું છે. ખોટે ખોટા સૂત્ર. શિષ્યે અહીં ઇ માંડી છે હોં! કે, અમે તો એમ સાંભળીએ છીએ કે, શરીરે સુખી તે સુખી સર્વ વાતે. મૂઢ છો. આવું ક્યાંથી કાઢ્યું? શરીરને સુખ એમાં તને શું છે? સુખ એટલે શરીરમાં નીરોગતામાં તને શું છે? નીરોગતાથી આત્માને બિલકુલ લાભ નથી. પણ નીરોગતા છે એનું લક્ષ જતાં તને એકલું પાપ જ બંધાય છે. આહાહા..!

મુમુક્ષુ :– ગોખી રાખ્યું છે અને બધું ગળ્યું સાકર જેવું લાગે છે.

ઉત્તર :– તમે વધારે કહ્યું. વાત તો ગળી સાકર જેવી લાગે. છે તો એવું. કહો, સમજાણું? શરીર, ધર્મ, સેવનનું મુખ્ય સાધન (છે). શરીર સારું ન હોય તો મહારાજ, તમે ધર્મ-બર્મ કરો. એં..એં.. થાતા હોય, ... નીકળતા હોય, બેસાય નહિ, કડું તૂટતી હોય, ભાંગતી હોય અને એકસો પાંચ પાંચ ડીગ્રી તાવ હોય, છ છ ડીગ્રી તાવ હોય, ધમધમાટ હોય. તમે કહો કે શરીર ધર્મનું સાધન નથી. પણ આ ધર્મ આવું શરીર હોય તો ધર્મ થાય. એ વિના થાતી હશે સામાયિક? કહો. અરે..! શરીરમાં છ છ ડીગ્રીના તાવ વખતે પણ ધ્યાન કરનાર આત્માનું ધ્યાન કરીને શાંતિને વેદતા હોય છે. તારે એને ઘરે શું કામ છે ત્યાં? સમજાણું કાંઈ? શરીરમાં એકસો છ છ ડીગ્રીનો તાવ, સાત સાત ડીગ્રીનો તાવ. એને ઘરે રહ્યું જડ, મને ક્યાં સ્પર્શે છે? પોતે ભલે સુતો હોય, બેસાય નહિ તો. સમજાય છે? આત્મા અંદરથી જુદો પાડીને લક્ષ કરીને વેદન કરે. શરીર ક્યાં એને નુકશાન કરે છે? સમજાણું કાંઈ?

આ મુનિ મહારાજ મહા દિગંબર સંતો જંગલમાં વસતા હોય, આ વીંછીના કરડ હોય, એક કોર અહીંથી ઉતરે, એકસાથે પાંચ, દસ, વીસ નિકળ્યા હોય. ધ્યાનમાં બેઠા હોય ને વીંછી કરડ્યા હોય ને આમ... ન્યાં ક્યાં ડૉકટર બેઠા હતા તરત ન્યાં? પાટા-પીંડી કરો ને કાપી નાંખો, એને જ્યાં એટલું કરડ્યું છે ને ત્યાં ફલાણું છે. ફડાક! અહો! આવી પીડા નરકમાં અનંતવાર સંયોગે મળી. અમે સંયોગી ચીજમાં નથી. અમે જ્યાં છીએ ત્યાં સંયોગ અડતા નથી. એવી અંતર દૃષ્ટિ ફેરવી મીટ માંડીને અંદર આનંદમાં પડ્યા હોય છે. વીંછી કરડમાં! આ તો વીંછી કરડે તો રાડ નાખી જાય. હાય! હાય! હાય! (કરે). હવે સાંભળને એ તો જડની દશા થઈ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ નિમિત્ત થયું નથી, એ તો પોતે કર્યું ત્યારે કહેવાય. નિમિત્ત ક્યાં વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે? આ તો કહેવું છે કે, આવા વખતે પણ આવી પીડા (હોય)... અહીં તો હજી બે ડીગ્રી કાઢીએ, ૯૮-૯૯-૧૦૦ આવે ત્યાં ઉં..ઉં..ઉ.. કર્યા કરે. વાણીયા વેવલા. એ... 'નટુભાઈ'! 'મૂળજીભાઈ'નો દાખલો આપતા. 'મૂળજીભાઈ'નો હોં! છેલ્લે એણે બહાદુરી કરી. 'મૂળજીભાઈ' હતાં ને? પહેલા એક ફેરી ગયા હતા ત્યારે નવ્વાણું, સાડી નવ્વાણું (તાવ હતો). ગૃહસ્થ માણસ. ઘણા લાખો તો (સંવત) ૧૯૭૬ની સાલમાં લાવેલા. લાખ કેટલા? પંદર લાખ, સોળ લાખ, ચૌદ લાખ જેટલા. તે દિ' તો ગૃહસ્થ ઇ વધારે હતા, હોં! જરીક તાવ આવે ત્યાં ઉં..ઉં.. કરે. પણ શું છે? બૈરાં કહે કે આ તો પણ એક સાડી નવ્વાણું હોય તો એં..એ... કરે છે. પણ મરતા એણે ભડદાર કરી, હોં! મરતા પીડા ઉપડી. આ શું કહેવાય ઇ? બોલાવો 'લાલભાઈ'ને. પેલા કહે, ડૉકટરને બોલાવો. પૈસાવાળા માણસ. ડૉકટરને બોલાવો. આ કહે, 'લાલભાઈ'ને બોલાવો. સવારે બોલાવીને કીધું. ત્યાં તો ઠીક થઈ ગયું. બપોરે પાછુ ઉપડ્યું. પેલા કહે, બોલાવો ડૉકટરને. આ કહે, બોલાવો 'લાલભાઈ'ને. 'લાલભાઈ'એ સંભળાવવા માંડ્યું, અરે..! 'મૂળજીભાઈ'! આ શરીરનો રોગ થાય એ આત્મા દેખે છે. આત્મા એનો શરીરનો જાણનાર છે, આત્મામાં રોગ નથી. આત્મા તેનો જાણનાર છે. શરીરના રોગ,.. કાયાનો ધર્મ જીવપદમાં જણાય છે. ઇ શરીરનો રોગ જણાય છે. 'મૂળજીભાઈ' કહે છે, શરીરનો રોગ આત્મા જાણે? કે આત્મા પોતાને જાણે? પરને જાણે? એય..! આ તો 'મૂળજીભાઈ'ની વાત કરી. એનો તો અભ્યાસ ઘણા વર્ષનો. એ જુદી વાત છે. 'વિરજીભાઈ'ની લાઈન જુદી, એને તો ઘણા વર્ષનો અભ્યાસ. એ તો જુદી જાતનો માણસ હતો.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– આ તો બસ ઇ ... રાડુ પાડે એની.

મુમુક્ષુ :– 'ભાનુભાઈ' ગુજરી ગયા ત્યારે ...

ઉત્તર :– હા, 'ભાનુભાઈ' વખતે બધાએ હિંમત રાખી હતી. આમ ૨૮ વર્ષનો જુવાન છોકરો, બે વર્ષના પરણેતરે (ગુજરી ગયો તો પણ) સમાધાન, સમાધાન. સ્થિતિ પૂરી થાય વખતે ચાલ્યો જાય છે. પેલા '...બેન' કહે, આ પણ ચાલ્યો. સ્થિતિ પૂરી થાય ત્યાં જાશે, રોવાનું નહિ એં.. એં.. કરીને. 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી' મડદુ ઉપાડીને લઈ જાય છે. ૨૮ વર્ષનો જુવાન. મોટા વીસ લાખમાં પરણેલો. બે વર્ષની પરણેલી બાય. હવે થાય છે તો શું છે તારે? સમજાણું કાંઈ? મરતા આ એક શબ્દ એનો આકરો, હોં! ભાઈએ કીધું હતું. પેલા 'રજનીભાઈ'એ. છે ને બેરિસ્ટર? 'મૂળજીભાઈ'ના દીકરા બેરિસ્ટર છે. બાપુજી છેલ્લે આમ બોલ્યા હતાં, રોગ દેખે આત્મા? આત્મા રોગને જાણે? ન્યાં લક્ષ કરે કે, અહીં રોગ છે ને રોગ છે એને હું જાણું એમ લક્ષ કરે? આહાહા..! એટલું જોર તો કર્યું. સમજાણું કાંઈ? આત્મા આત્માને જાણનાર છે. જડને જાણવા ઉપર લક્ષ રાખે? ત્યાં રાખે? અહીં રોગ છે ને અહીં રોગ છે ને હું જાણું છું, હવે મારે સહન કરવું. એમ રાખીને કરે? સમજાણું કાંઈ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા.. આહાહા..! હું પોતે જ પોતાને જાણનાર (છું). એમાં પણ સમળ-વિમળ અવસ્થાને પણ નહિ, ભેદ નહિ, ભેદ નહિ, ભેદ નહિ. જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર સ્વને, હોં! જાવ છૂટી ગયા. સમજાણું કાંઈ? એને પછી જન્મ-મરણ ન હોય, હોય તો એકાદ બે હોય. આવી સ્થિતિ ઉત્પન્ન કરવી જોઈએ. એમાં આત્માને પરવસ્તુ કાંઈ લાભદાયક છે નહિ.

આ શિષ્ય કહે છે મહારાજા! ધર્મ સેવનનું સાધન. **'ઇતના હી નહીં, ઉસમેં યદિ રોગાદિક હો જાતે હૈં, તો ઉનકે દૂર કરનેકે લિયે પ્રયત્ન ભી કિયે જાતે હૈં.'** સાધન પણ છે, સાધન નથી એમ નહિ. ધ્યાનનું કહેશે વધારે તો. સમજાણું? **'કાયકે રોગાદિક અપાયોંકા દૂર કિયા જાના મુશ્કિલ ભી નહીં હૈ,...'** પાછુ બહુ તમે એમ કહેતા હો કે શરીરમાં રોગ આવે ને એને નુકશાન ટળી ન શકે, એમ નહિ. ધ્યાનથી રોગ મટી જાય છે. આત્માને આમ લાભ થાય ને આમ પણ લાભ થાય. જુઓ! એ લીધા છે. આહાહા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો ભાઈ સિદ્ધ કરવું છે ને! **'કાયકે રાગાદિક અપાયોંકા દૂર કિયા જાના મુશ્કિલ ભી નહીં હૈ, કારણ કિ ધ્યાનકે દ્વારા વહ (રોગાદિકકા દૂર કિયા જાના) આસાનીસે કર દિયા જાતા હૈ,...'** અંતરમાં જ્ઞાનનું ધ્યાન કર્યું, રોગ પણ મટી જાય એને કારણે. પેલા પુણ્ય-બુણ્ય બંધાય જાય ને (તો) રોગ પણ ઘટી જાય. આત્માનો તો લાભ થઈ જાય પણ રોગ પણ ઘટી જાય, એમ શિષ્ય કહે છે. સમજાણું કાંઈ? એ.. 'શુકનચંદજી'! જુઓ! કેવા પ્રશ્ન કરે છે?

આ આત્મા... આત્મા... આત્મા... આત્મા... અંદર જ્યાં શુદ્ધ ચૈતન્યની સરાણે ચડ્યો ત્યાં તો શુદ્ધતા તો વધે પણ કહે છે કે, કંઈક રાગાદિ બહાર પુણ્ય બંધાય જાય શરીરમાં નીરોગતા થઈ જાય, ધ્યાનથી બન્ને ફળ થાય. સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન ધ્યાનમાંથી કાઢ્યો, હોં! ધ્યાનના ફળમાંથી કાઢ્યું, લક્ષ્મીમાંથી નહી, ફલાણામાંથી નહિ. હવે સાંભળ, સાંભળ! એને નુકશાન કરનાર છે ને. આત્માનું અનુષ્ઠાન શરીરને નુકશાન કરનાર છે. ના ના. આત્માનું ધ્યાન કરે તો આત્માને પણ લાભ થાય અને એમાં શરીરને પણ લાભ થાય, નીરોગતા થાય. પુણ્ય બંધાય જાય શુભરાગથી તો નીરોગતા થાય, સ્વસ્થતા રહે, ધ્યાનના બે લાભ. શરીરને લાભ કરે. એમ શિષ્ય પ્રશ્ન કરે છે. **'આસાનીસે કર દિયા જાતા હૈ,...'** એમ સહેજે. આત્માની અંતર એકાગ્ર થતાં એવું કોઈ પુણ્ય બંધાય જાય, અંદર રોગ મટી જાય, લ્યો! શરીરમાં રોગ ઘટી જાય, નીરોગતા થઈ જાય, બન્નેને લાભ થાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, આસાનીથી. અહીંયાં તો ધ્યાન લાગુ પડી જાય એવું કે આમ પુણ્ય બંધાય જાય, શરીર નીરોગ થઈ જાય. તરતને તરત કોઈ પુણ્ય બંધાય જાય ને શાતાનો ઉદય આવે તો રોગ મટી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જૈસા કિ તત્ત્વાનુશાસનમેં કહા હૈ - 'યત્રાદિકં ફલં કિંચિત્.''** જુઓ! **'જો ઇસ લોક સમ્બન્ધી ફલ હૈં, યા જો કુછ પરલોક સમ્બન્ધી ફલ હૈં, ઉન દોનોં હી ફલોંકા પ્રધાન કારણ ધ્યાન હી હૈ.'** લ્યો! 'તત્ત્વાનુશાસન'માં કીધું છે, કહે છે. આ લોકનું પણ ફળ મળે, પુણ્ય આદિ શરીર નીરોગતા થાય અને આત્માને શાંતિ (મળે). અંદરના ધર્મધ્યાને બન્ને મળે, બન્ને મળે. **'મતલબ યહ હૈ કિ 'झाणस्स ण दुल्लहं किं पीति च' ધ્યાનકે લિયે કોઈ ભી વ કુછ ભી દુર્લભ નહીં હૈ,...'** પેલો શિષ્ય કહે છે. **'ધ્યાનસે સબ કુછ મિલ સકતા હૈ. ઇસ વિષયમેં આચાર્ય નિષેધ કરતે હૈં, કિ ધ્યાનકે દ્વારા કાયકા ઉપકાર નહીં ચિંતવન કરના ચાહિયે.'** મૂઢ! શરીરને ઠીક રહે એ ચિંતવન કરીશ નહિ. એ તો એની મેળાએ થાવું હોય એ થાશે. આત્માનું ધ્યાન કર, આત્માનું. આહા..! કાયામાં ઠીક થશે એ હવે મુકી દે.

---

**जो इस लोक सम्बन्धी फल हैं, या जो कुछ परलोक सम्बन्धी फल हैं, उन दोनों ही फलोंका प्रधान कारण ध्यान ही है। मतलब यह है कि `झाणस्स ण दुल्लहं किं पीति च' ध्यानके लिये कोई भी व कुछ भी दुर्लभ नहीं है, ध्यानसे सब कुछ मिल सकता है। इस विषयमें आचार्य निषेध करते हैं, कि ध्यानके द्वारा कायका उपकार नहीं चिंतवन करना चाहिये-**

**इतश्चिन्तामणिर्दिव्य, इतः पिण्याकखण्डकम्।**
**ध्यानेन चेदुभे लभ्ये, क्वाद्रियन्तां विवेकिनः।।२०।।**

**अर्थ :- इसी ध्यानसे दिव्य चिंतामणि मिल सकता है, इसीसे खलीके टुकड़े भी मिल सकते हैं। जब कि ध्यानके द्वारा दोनों मिल सकते हैं, तब विवेकी लोग किस ओर आदरबुद्धि करेंगे?**

**विशदार्थ :- एक तरफ तो देवाधिष्ठित चिन्तित अर्थको देनेवाला चिन्तामणि और दूसरी ओर बुरा व छोटासा खलीका टुकड़ा, ये दोनों भी यदि ध्यानके द्वारा अवश्य मिल जाते हैं, तो कहो, दोनोंमेंसे किसीकी ओर विवेकी लोभके नाश करनेके विचार करनेमें चतुर-पुरुष आदर करेंगे? इसलिये इसलोक सम्बन्धी फल कायकी नीरोगता आदिकी अभिलाषाको छोड़कर परलोक सम्बन्धी फलकी सिद्धि-प्राप्तिके लिये ही आत्माका ध्यान करना चाहिये। कहा भी है कि, `यद् ध्यानं रौद्रमार्तं वा.'।।२०।।**

**`वह सब रौद्रध्यान या आर्तध्यान है, जो इसलोक सम्बन्धी फलके चाहनेवालेको होता है। इसलिये रौद्र व आर्तध्यानको छोड़कर धर्मध्यान व शुक्लध्यानकी उपासना करनी चाहिये।'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



दोहा - इत चिंतामणि है महत, उत खल टूक असार।
ध्यान उभय यदि देत बुध, किसको मानत सार।।२०।।

इतश्चिन्तामणिर्दिव्य, इतः पिण्याकखण्डकम्।
ध्यानेन चेदुभे लभ्ये, क्वाद्रियन्तां विवेकिनः।।२०।।

**અર્થ :–** **'ઇસી ધ્યાનસે દિવ્ય ચિંતામણિ મિલ સકતા હૈ,...'** શું કહે છે? જેના ધ્યાનથી દિવ્ય ચિંતામણિ પરમાત્મા શાંતિ મળે છે. **'ઇસીસે ખલીકે ટુકડે ભી મિલ સકતે હૈં.'** એક ખળનો ટુકડો મળે. **'જબ કિ ધ્યાનકે દ્વારા દોનોં મિલ સકતે હૈં, તબ વિવેકી લોગ કિસ ઓર આદરબુદ્ધિ કરેંગે?'** ન્યાં લક્ષ રાખશે, કે મને આમ થઈ જશે, શરીર આવું મળ્યું, ધ્યાન કરું, ધર્મધ્યાન કરું તો મને શરીર નીરોગ થાશે, ન્યાં લક્ષ રાખવું છે એને? ચિંતા ન્યાં કરવી છે? આ ક્યાં મંડ્યો વળી પાછો? સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ (છે) એનો આશ્રય કરને! એનો આશ્રય કરતાં થવું હશે એ સહેજે થશે. પણ આશા કરવી? ચિંતામણિ રત્ન જેનાથી મળે એનાથી ચિંતામણિને ઇચ્છે કે, એ મને ખોળનો ટુકડો આપજો. ચિંતામણિ મળી કહે છે, ચિંતામણિ દેવ અધિષ્ઠિત. પછી શું કરે? એક ખોળનો ટુકડો લાવજો. પણ એ મગાય નહિ આની પાસે. ચિંતામણિ પાસે તો એમ કહે કે, લાવ લાખ મહેલ બનાવ. અને હિંડોળા હિંચકા નાખો, સોનાના સાકળું નાખો, આ કરો, આવું કરું એની પાસે એમ હોય ચિંતામણિ પાસે. ચિંતામણિ પાસે ખોળનો ટુકડો મગાતો હશે? મૂર્ખ છો?

એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગ રહિત વસ્તુ છે તેના ધ્યાનમાં ચિંતામણિ–આત્માની શાંતિ પ્રાપ્ત થાય. એની માગણી કરને! એમાં મારી નીરોગતા થાય ને આ થાય ને આ ક્યાં મૂર્ખાઈ કરી તેં? એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઇસી ધ્યાનસે દિવ્ય ચિંતામણિ મિલ સકતા હૈ, ઇસીસે ખલીકે ટુકડે ભી મિલ સકતે હૈં. જબ કિ ધ્યાનકે દ્વારા દોનોં મિલ સકતે હૈં, તબ વિવેકી લોગ કિસ ઓર આદરબુદ્ધિ કરેંગે?'** કોના ઉપર ધ્યાન રાખે? ચિંતામણિ ઉપર કે ટુકડા ઉપર? આહા..!

**વિશદાર્થ :–** **'એક તરફ તો દેવાધિષ્ઠિત ચિન્તિત અર્થકો દેનેવાલા ચિન્તામણિ...'** લ્યો! પત્થર મળ્યો એક. **'ઔર દૂસરી ઓર બુરા વ છોટાસા ખલીકા ટુકડા,...'** બુરા ને છોટા પાછો, સડેલો, જુનો ખોળનો ટુકડો. જુનો થયેલો હોય, જુનો. ખોરો અને પાછો બુરો. **'યે દોનોં ભી યદિ ધ્યાનકે દ્વારા અવશ્ય મિલ જાતે હૈં, તો કહો, દોનોંમેંસે કિસકી ઓર વિવેકી લોભકે નાશ કરનેકે વિચાર કરનેમેં ચતુર-પુરુષ આદર કરેંગે?'** કિસકી ઓર વિવેકી લોભકે નાશ કરનેકે વિચાર કરનેમેં ચતુર-પુરુષ કોનો આદર કરશે? કહે છે. અજ્ઞાની ભલે બીજું માને. વિવેકી, લોભના નાશ કરવાવાળા વિચાર કરવામાં ચતુર પાછા. વિચાર કરવામાં ડાહ્યો, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુરુષ કોનો આદર કરે? ચિંતામણિનો આદર કરે કે એનો કરે? ચિંતામણિ ચૈતન્ય ચિંતામણિ છે.

ચિંતામણિ ભગવાનઆત્મા ચૈતન્ય આનંદકંદ ચિંતામણિ (છે). જેટલી એકાગ્રતા થાય એટલું શાંતિનું ફળ તરત રોકડીયું મળે એવું છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ આનંદથી પડ્યો છે. ચૈતન્ય આનંદ, ચૈતન્ય ચમત્કાર, આનંદનો ચમત્કાર! પરથી ખસીને જેટલો આત્માના આનંદમાં એકાગ્ર આવ્યો એટલું તાત્કાલીક શાંતિ ને આનંદનું ફળ મળે એવો ચિંતામણિ આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પેલો ચિંતામણિ તરત જ ખ્યાલમાં આવે છે....

ઉત્તર :- આ નથી, એને માહાત્મ્ય આવતું નથી. હું આવડો! એ પથરાની કિંમત લાગે પણ પથરાની કિંમત કરનારો કેવો કિંમતી છે? ભગવાન જાણે. હું આવડો મોટો, હું આવડો મોટો! આહાહા..! લક્ષ જ એનું વર્તમાન પર્યાય અને રાગ ઉપર છે અને સંયોગ ઉપર છે. પણ પર્યાયના અંશની પાછળ ભગવાન મોટો બિરાજે છે, સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ ધ્રુવ સ્વરૂપ છે. આહા..! એના શરણમાં એને માહાત્મ્ય લાગ્યા વિના આશ્રય લે નહિ.

કહે છે કે, જેને આવો આશ્રય મળ્યો, જે ચિંતે તેટલું થાય. પેલા ચિંતામણિમાં ચિંતે એટલું બહાર મળે. આમાં પણ ભગવાનઆત્મા જેટલો એકાગ્ર થાય તેટલી શાંતિ તત્કાળ મળે છે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છે. સુખનો સાગર, નહોતું આવ્યું? સુખ પૂર પૂર છે. એમાં જેટલો સન્મુખ થઈને એકાગ્ર થાય તાત્કાલિક ચિંતામણિ અતીન્દ્રિય આનંદના સ્વાદને આપે. એને હવે પુણ્ય ને પુણ્યના ફળનું કામ શું છે તારે? આહાહા..! સમજાણું કાંઈ?

જેની કટાક્ષ દૃષ્ટિએ ચક્રવર્તી ચૈતન્ય કંપીને ઉઠે, જાગે, એમ અંદરથી આ..હા..! એના શરણ લેવા છે તારે. કોના શરણ લેવા છે? સમજાણું કાંઈ? આહા..! જેની એક નજર પડવાથી નિધાન આખું ખ્યાલમાં આવે એવો ભગવાનઆત્મા... ભાઈ! એની એકાગ્રતા વિવેકી ચતુર-પુરુષને હોય કે એને આ ખોળના ટુકડા માગવાની (હોય)? પુણ્ય થજો ને પછી સ્વર્ગ મળજો ને શરીર નીરોગ રહેજો. ખોળના ટુકડા છે, એ પણ સડેલા. આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, છતાં ... ત્રાંસી એટલે આમ છે એને આમ કરે, એમ કહે છે. જેની સામું જોતા, ભગવાન જાગીને શાંતિ આપે એવો પરમાત્મા પોતે તું જ છો. આહાહા..! એની માંગણી કરે કે રાગ ને પુણ્ય બંધાય ને પછી શરીર નીરોગ રહે ને સ્વર્ગમાં જાઈએ ને ધૂળના ટુકડા, સડેલા સડેલા ખોળના ટુકડાની માંગણી ચિંતામણિ મળી ને? એમ કહે છે. આહાહા..!

એમ ભગવાન ચૈતન્ય ચમત્કાર પ્રભુ! જેને દૃષ્ટિમાં બેઠો એને એકાગ્રતાની ચિંતામણિનું ફળ તો તાત્કાલિક મળે છે. એ કોની ઇચ્છા કરે? આખા જગતના રાજ હોય તો પણ ખોળના સડ્યા ટુકડા જેવા છે. ઇન્દ્રના પદ મળે તો પણ સમકિતીને સડેલા ટુકડા ખોળના જેવા છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તારા નાથની તને ખબર નથી. સમજાણું કાંઈ? એ સ્વામી સહજાત્મ ભગવાનઆત્મા જેને દૃષ્ટિમાં આવ્યો એ ચિંતામણિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચિંતવે એવું પ્રાપ્ત થાય એવું એ રત્ન છે. આહાહા..! એમ કહે છે. જુઓને! કહે છે કે, આમ થાશે, જરીક પુણ્ય બંધાશે, પછી શરીર ઠીક રહેશે, સ્વર્ગમાં જાશું પછી રાગ થાશે ને અરે..! આવી ઇચ્છા હોય એને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ખોળ તો ઢોર પણ નથી ખાતા.

ઉત્તર :- ન ખાય. તું ઢોર જેવો છો જો ઇચ્છા કર તો, એમ કહે છે. આહાહા..! આ શરીર સારું રહે તો... સડેલા ખોળના ટુકડા છે, કહે છે. હવે આ માંસના હાડકા ચૈતન્યથી જુદા, તદ્દન જુદા (છે). કોઈ ઉગમણે-આથમણે, શેઢે-સિમાડે મેળ ન મળે બેને-શરીરને ને આત્માને. રજકણ ક્યાંકના અહીં આવીને ચોંટ્યા છે.

કહ્યું નહોતું એક ફેરી? ઝેરપણે પરિણમેલા રજકણો પહેલા તે દેખતા તને ઝેર થાતું, એ ઝેરના રજકણો આવીને અહીં ચોટ્યા છે. એની ઉપર તને પ્રેમ થાય કે, બટકા ભરી લઉ. જાણે શું કર્યું! આ વેરી છે તારા. પૂર્વના રજકણો ઝેરપણે પરિણમેલા, છરાપણે પરિણમેલા, વાઘના મોઢાપણે... આમ ... હાય! હાય! એ મોઢાના રજકણો અહીં આવ્યા છે અત્યારે. 'નટુભાઈ'! શેનો તને પ્રેમ? આ પરમાત્મા પડ્યો છે ભગવાન અંદર. જુઓ! આ તો બધાને ઉપદેશ આપે છે. એમ નહિ કે ફલાણાને મોટાને બાયડી-છોકરાને નહિ, ઢીંકણાને નહિ. બધાને માટે એમ છે. સાગમટે નોતરું છે. આહાહા..!

**'ઇસલિયે ઇસલોક સમ્બન્ધી ફલ કાયકી નીરોગતા...'** દેખો! **'ઇસલિયે ઇસલોક સમ્બન્ધી ફલ કાયકી નીરોગતા આદિકી અભિલાષાકો છોડકર પરલોક સમ્બન્ધી ફલકી સિદ્ધિ-પ્રાપ્તિકે લિયે હી આત્માકા ધ્યાન કરના ચાહિયે.'** પરલોક એટલે આત્મસ્વભાવ, હોં! ઉત્તમ લોક. ઇ જ પરલોક છે. સમજાણું? **'કહા ભી હૈ કિ, 'યદ્ધ્યાનં રૌદ્રમાર્તં વા.''** લ્યો!

**'વહ સબ રૌદ્રધ્યાન યા આર્ત્તધ્યાન હૈ, જો ઇસલોક સમ્બન્ધી ફલકે ચાહનેવાલેકો હોતા હૈ.'** આ લોકની ઇચ્છાવાળાને આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન જ હોય છે. એને ધર્મધ્યાન-આત્માનું ધ્યાન બિલકુલ હોતું નથી. જુઓને! આ લોકોને વિચાર ચડે ત્યાં ભૂલી જાય છે કે નહિ બધું? આમ આંખ આમ ને આમ ફાટીને બધું ભૂલી જાય અંદર, એકાકાર થઈ જાય છે પાપમાં. 'ફાવાભાઈ'! આંખો ભલે ઉઘાડી રહે. બીજા લાગે, આત્મધ્યાન કરતા હશે આ? પણ એવો વિકલ્પ આવ્યો હોય ને કોઈનો (તો) થંભી જાય આંખ. એમ થંભી જાય અંદરમાં, એમ કહે છે.

**'જો ઇસલોક સમ્બન્ધી ફલકે ચાહનેવાલેકો હોતા હૈ. ઇસલિયે રૌદ્ર વ આર્ત્તધ્યાનકો છોડકર ધર્મ્યધ્યાન વ શુક્લધ્યાનકી ઉપાસના કરની ચાહિયે.'** છોડ હવે એનું. એ તો કર્યું અનંતકાળથી, કહે છે. એની ચિંતાઓ તો અનંતવાર કરી પણ તેં આત્માની ચિંતા કરી નથી. કહો, સમજાણું કાંઈ? માટે આત્માના સ્વભાવ તરફની દૃષ્ટિ અને જ્ઞાન ને ભાવના એની રાખવી. પુણ્ય થશે ને નીરોગતા થશે ને ધૂળ થશે એ ભાવના ધર્મીને હોય નહિ. ધર્મીને આત્માની એકાગ્રતાથી શુદ્ધિ વધે એ ભાવના હોય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૧૩, રવિવાર
## તા. ૦૩-૦૪-૧૯૬૬ (મહાવીર જયંતી)
## ગાથા-૨૦ થી ૨૧ પ્રવચન નં. ૧૮

આજે મહાવીર ભગવાનનો જન્મદિવસ છે. ચૈત્ર સુદ ૧૩. એમને મોક્ષ પધાર્યા ૨૪૯૨ વર્ષ થયા છે. એમના પહેલા ૭૨ વર્ષ પહેલા જન્મ હતો. ઇ આત્મા એક હતા. શરીરમાં રહેલા આત્માઓ... આ શરીર છે એ જડ ને અચેતન છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે, ક્યારે શું? આ માટી છે, આ તો જડ રજકણો છે. રૂપી, પરમાણુ, રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા, અજીવ, મૂર્ત તત્ત્વો આ જડ છે. ભગવાન અંદર આત્મા... અહીંયા આત્માને જ ભગવાન કહેવાય છે. એની જ આ ગાથા આજે બરાબર આવે છે. આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. 'કિરતચંદભાઈ'! આ બધી વાતું બીજી જાતની છે તમારા કરતા.

આ ભગવાન દેહમાં રહેલો આત્મા એ સત્ છે. સત્... સત્. સત્ એટલે કે કોઈ કાળે નવો બનેલો છે એમ નથી, અકૃત્રિમ છે. અને સત્ હોય તે કોઈ દિ' વર્તમાન નાશ ન થાય અને ભવિષ્યમાં પણ નાશ ન થાય. સત્ એ અનઉત્પન્ન અને સત્ તે અવિનાશી તત્ત્વ હોય, નાશ વિનાનું. એવો આ આત્મા દેહના રજકણોના પરમાણુથી પાર પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદને લઈને અનાદિનું એ તત્ત્વ છે.

એ મહાવીર પરમાત્માનો આત્મા પણ આવો જ અનાદિનો રખડતો આત્મા હતો. પણ એમણે પોતાના આત્માનો પૂર્વ ભવમાં-આ ભવ પહેલા-પૂર્વ ભવમાં આત્માનું ભાન કરેલું. .... નથી કહેવાતું કે, 'સંત બિજ પલટે નહિ, ભલે જુગ જાય અનંત.' સાંભળ્યું છે કે નહિ? 'ઊંચ-નીચ ઘર અવતરે તો ઇ સંતનો સંત.' પૂર્વે આ દેહમાં રહેલો આત્મા વર્તમાન વીર પરમાત્માના અવતાર થવા પહેલા એમણે આત્માએ પૂર્વ ભવમાં દેહના રજકણે રજકણથી અને અંદર પુણ્ય ને પાપના વિકલ્પો વિકાર લાગણી છે એનાથી જુદો એ ચૈતન્ય છે એમ સ્વસંવેદનથી પૂર્વ ભવમાં એ આત્માનો સાક્ષાત્કાર-અનુભવ કરેલો. સમજાય છે કાંઈ?

આ દેહમાં રહેલો ચૈતન્ય જ્ઞાનજ્યોતિ, જ્ઞાનસૂર્ય છે. ચૈતન્યનો સૂર્ય છે, ઇ ચૈતન્યસૂર્ય છે અને એમાં અનંત આનંદ છે. હમણાં કહેશે, એ અંતર સ્વભાવમાં આનંદ અનંત પડ્યો છે. એનું ભાન વીર આત્માએ પૂર્વે કરેલું. બાકી રહેલું જે પૂર્ણાનંદની પ્રાપ્તિ નહિ થયેલી એથી એમને અવતાર એક છેલ્લો થયો આ. એ અવતારની અંદર ત્રણ જ્ઞાન આદિ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઈને (આવેલા). મતિજ્ઞાનની દશાઓ થાય છે, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલ્ય. એ જ્ઞાનની દશાઓ થાય છે. એ બધું અત્યારે સ્પષ્ટીકરણ ન થાય, થોડી થોડી વાત થાય. ઇ જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્યની શક્તિની દશાના અંશો પાંચ પ્રકાર છે. એમાં ત્રણ પ્રકાર તો લઈને પોતે આવેલા. પછી જ્યારે દીક્ષિત થયા, નગ્ન મુનિ થયા, તદ્દન વનવાસી શરીરમાં કપડાનો એક ટુકડો પણ નહિ. એકલા આત્મધ્યાનમાં મસ્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત અંદર જ્યોત પૂર્ણ સ્વભાવ ને આનંદનો કંદ એનું અંતર સાધન કરતાં કરતાં ઇ જે શક્તિ સ્વભાવે પૂર્ણ છે એની વર્તમાન દશામાં વ્યક્તતા પૂર્ણ દશામાં થઈ ગઈ.

જેમ પીપરના દાણામાં ચોસઠ પોરી તીખાશ અને લીલો રંગ અંદરમાં પૂર્ણ અંદર શક્તિરૂપે પડ્યો છે. આ પીપર પીપર. પીપરના કહેવાય છે ને? આ શું કહેવાય છે? લીંડીપીપર. આ તો આવડો નાનો દાખલો આપીએ છીએ. લીંડી પીપર આવડી, બહારમાં કાળી, અંદરમાં લીલી. બહારમાં તીખાશની અલ્પતા, અંદરમાં તીખાશની ચોસઠ પોરીની પૂર્ણતા. ઘસે ત્યારે ચોસઠ પોરી થાય છે કે નહિ? ઇ ક્યાંથી આવી? પથરામાં ઘસવાથી આવી? પથરાના ઘસવાથી આવે તો કોલસા ને કાકરા ઘસી નાખવા જોઈએ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એ પીપરના દાણામાં ચોસઠ પોરી તીખાશનો રસ અંદર શક્તિરૂપે, સત્ત્વરૂપે, ભાવરૂપે, સ્વભાવરૂપે હતો. આ તો લોજીકથી વાત ચાલે છે. કાંઈ સમજાય છે કે નહિ આમાં? ... વાત નથી કાંઈ. પણ કોઈ દિ' એના પત્તા લીધા નથી કે આ શું છે? સમજાણું કાંઈ?

એ પીપરના દાણા દાણામાં આટલો નાનો હોવા છતાં એને ઘૂંટ્યે ચોસઠ પોરી તીખાશનો રસ, રસ વ્યક્ત પ્રગટ થાય છે. એ પ્રગટ થયો એ ક્યાંથી થયો? પથરાથી થયો? એની વર્તમાન દશા તો કાળી છે અને અલ્પ તીખાશ, ઘણી અલ્પ તીખાશ (છે). હવે ઇ ચોસઠ પોરી પ્રગટ વ્યક્તતા શક્તિમાં હતી એ પ્રગટરૂપે થઈ છે. સમજાય છે કાંઈ? ઇ અંદરમાં શક્તિરૂપે હતો લીલો રંગ અને તીખાશની પૂર્ણતા ચોસઠ પોરી. અત્યારે સો પૈસાનો રૂપિયો કહેવાણો પણ અત્યાર સુધી તો આપણે ચોસઠ પૈસાનો હતો ને? ચોસઠ પૈસાનો રૂપિયો એટલે સોળ આનાનો રૂપિયો. એટલે સોળ આના કહો, પૂર્ણ કહો, રૂપિયો કહો, આખું કહો બધા શબ્દ એક છે. એમ એ પીપરના દાણાની અંદર સોળ આના એટલે ચોસઠ પોરી તીખાશ પૂરેપૂરી ભરી હતી. ત્યારે તે શક્તિમાં હતી તે વ્યક્તિમાં પ્રગટતામાં આવે છે. અંદરમાં ન હોય તો બહારમાં આવે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ હોય. કૂવામાં હોય તો અવેડામાં આવે. સમજાય છે કાંઈ?

અહીં તો સમજાય છે એની આખી વસ્તુની વાત છે. અનંતકાળથી એણે આત્મજ્ઞાન જ કર્યું નથી, આત્મા શું ચીજ છે એના માહાત્મ્ય વિના ચોરાશી લાખમાં અનંતકાળથી રખડી રહ્યો છે. આમ 'નરસીંહ મહેતા' નથી કહેતા? સાંભળ્યું છે કે નહિ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' હા, તમે બોલ્યા. 'જ્યાં લગી આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, શું કર્યું તીર્થને તપ કરવા થકી, શું કર્યું સેવા ને જાપ કરવા થકી' બધા મીંડા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઇ બંધાય એમાં. પુણ્ય થાય જરીક. પણ આત્માનું કલ્યાણ અને જન્મ-મરણના અંતના આરા (આવે એવું) આત્માના ભાન વિના કોઈ દિ' ત્રણકાળમાં થાય નહિ. તે આત્મા, ચોસઠ પોરી તીખાશનો જે સ્વભાવ પડ્યો છે જેમ પીપરમાં, એમ ભગવાનઆત્મામાં આ દેહમાં (પૂર્ણ સ્વભાવ ભર્યો છે). પણ એની એને કિંમત નથી. એ દુનિયાની ચીજની કિંમત કરવાં જાય છે. સમજાણું કાંઈ? '...ભાઈ'! ન્યાં કેમ બેઠા? અહીં આવો અહીં. દુનિયા પોતાના ચૈતન્યની કિંમત ન કરતાં દુનિયા બીજા પદાર્થની કિંમત કરવા મથે છે. લ્યો!

અહીં મૂળ તત્ત્વ જે પરમાત્મા વીર જે મહાવીર થયા એ થયા ક્યાંથી? એ પૂર્વે આત્મજ્ઞાનનું ભાન કરેલું. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, શક્તિનું આખું સત્ત્વ છે. પછી વર્તમાનમાં છેલ્લો અવતાર થયો એ આ ચૈત્ર સુદી તેરશે. રાજકુમાર તરીકે દેહ દેહ (થયો). આત્મા તો તદ્દન જુદો હતો. એ પછી મુનિ થઈ દિગંબર થયા હતાં નગ્ન મુનિ, વનવાસમાં રહેતા હતાં એ આત્માને જેમ એ ચોસઠ પોરી ઘૂંટી ઘૂંટીને ચોસઠ પોરી શક્તિની પ્રગટતા થાય છે એમ આત્મામાં પૂર્ણ આનંદ ને જ્ઞાન પડેલું છે. એને એકાગ્રતાના ઘૂંટણથી શક્તિમાંથી પર્યાયમાં અવસ્થામાં વ્યક્ત કર્યું એનું નામ આત્મામાં કેવળજ્ઞાન દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે, હોં! આમાં કાંઈ બહુ એવું નથી. પણ કોઈ દિ' એણે આત્મા શું ચીજ છે ને આત્મામાં શું મહાત્મ્ય છે, એનો એણે અનંત કાળમાં વિચાર કરવાને અવસર જ મળ્યો નથી. આ હોળી આખો દિ' આ કર્યું ને આ મુક્યું ને આ કર્યું ને આ મુક્યું. દુનિયાના જંજટમાં ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ રત્ન પડ્યું છે એની એને ખબર નથી.

ઇ મહાવીર પરમાત્માએ છેલ્લા અવતારમાં આજના જન્મદિવસનો દિવસ છે એનો ઉજવણીનો હેતું ઇ કે જેણે આત્માની પ્રાપ્તિ પૂર્ણ એ ભવમાં કરી. એના જન્મકલ્યાણક ને જન્મદિવસ કલ્યાણ તરીકે, મંગળીક તરીકે કહેવામાં આવે છે. ઘણા ગલુડીયા ને કુતરા અળસીયા જન્મે ને મરે, એમ જગતના પ્રાણી અનંતવાર અનંત અવતારમાં જન્મયા ને મર્યા પણ જે જન્મમાં આ આત્માની શક્તિની પૂર્ણતાની દશા પ્રગટ કરી આ એ અવતારને સફળ ને ધન્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? તેથી આ વીર જયંતીનો જન્મદિવસ આજ કહેવામાં આવે છે. એ વીર પ્રભુને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન અંદરમાં થયું.

જેમ ચોસઠ પોરી શક્તિ પ્રગટ થઈ ગઈ એમ આત્મા અંદર ચૈતન્ય જળહળ જ્યોતિ, જ્ઞ સ્વરૂપ, જ્ઞાન સ્વભાવ (બિરાજે છે). શરીર, વાણી, મન, પૃથક આ તો માટી-ધૂળ (છે). અંદર કર્મના રજકણ જેને પ્રારબ્ધ કહીએ એ પણ અજીવ રજકણો ધૂળ છે, જુદી જુદી ચીજ છે. અંદર શુભ ને અશુભના ભાવ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, સેવાનો વિકલ્પ ઉઠે છે એ પણ એક પુણ્યરૂપી શુભ વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કામ, ક્રોધની લાગણી ઉઠે છે એ પાપરૂપી વાસનાનો વિકાર છે. એ વિકારની પાછળ, જેમ લીંડીપીપરની કાળીની પાછળ પૂરી તીખાશ ને લીલો રંગ પડ્યો છે, એમ વિકારની પાછળ ભગવાનઆત્મામાં પૂર્ણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવ પૂર્ણ પડેલો છે. એને જેણે એક સમયમાં જે ભવમાં વ્યક્ત નામ પ્રગટ કર્યું આ એવા પરમાત્મા વીરની આ જયંતી કહેવામાં આવે છે. એનો આ શ્લોક પણ આજ એવો આવ્યો છે, ભાઈ! સ્વસંવેદન. કુદરતે આવ્યો છે, હોં! આપણે વાંચતા વાંચતા. આ પુસ્તકનું નામ 'ઇષ્ટોપદેશ' છે. ઇષ્ટ ઉપદેશ–આત્માનો હિતકારી ઉપદેશ. 'કેશુભાઈ'! આમ આવો આમ, 'કેશુભાઈ'! આ તો ૩૧ વર્ષ થયા ને અહીંયાં? આ ૩૨મું આજ બેસે છે. આ ૩૨મું વર્ષ બેસે છે. શું કહે છે સમજાણું આમાં? એ બધું સફળતા આત્માનું ભાન અને ઓળખાણ કરે તો સફળ છે. બાકી બધા થોથે થોથા છે. 'મલૂપચંદભાઈ'! આ પાંચ પચાસ લાખ મળે તો પણ થોથા છે. આ પૂર્વનું પુણ્ય બળી જાય ત્યારે પૈસા મળે છે. એ પૈસા મળે એ સોજા છે. એમાં કાંઈ આત્માને લાભ નથી.

અહીંયાં તો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે એવા સ્વરૂપની જેને પ્રાપ્તિ પૂર્ણ થઈ એનો આજ વીર જન્મ જયંતી દિવસ કહેવામાં આવે છે. હવે આ શ્લોક પણ એ જરીક આવ્યો છે, જુઓ! પેલો શ્લોક તો થોડો બોલી જઈએ.

**दोहा - इत चिंतामणि है महत, उत खल टूक असार।**
**ध्यान उभय यदि देत बुध, किसको मानत सार।।२०।।**

એ જરીક શ્લોક પૂર્વે ગયો છે એનો સાર છે. આ ચિંતામણિ એક રત્ન થાય છે. એક વિશ્વાસનો વિષય છે. એક ચિંતામણિ પથરો થાય છે. એ પુણ્યવંત હોય એને હાથમાં આવે. એ પુણ્યવંતને, હોં! અને એ ચિંતવે એ પ્રમાણે થાય. તો કહે છે કે, ચિંતામણિ રત્ન જેના હાથમાં આવ્યું એ ચિંતવે શું? એ ખોળનો જુના ખોળનો ટુકડો મળે તો ઠીક, એમ ચિંતવે? શું કીધું? કે, ચિંતામણિ રત્ન જેને હાથ આવ્યું એ તે કોઈ ક્રોડો ને અબજોના બંગલા ને મહેલની ઇચ્છા કરતો હશે? કે, સડેલા ખોળના ટુકડાની ઇચ્છા કરતો હશે? આ તો દૃષ્ટાંત છે, હોં!

એમ આ ભગવાનઆત્મા અંતર આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. કહે છે કે, એની એકાગ્રતાની અંદર ધ્યાન કરતાં જે ચિંતામણિ રત્ન–આત્મા પ્રાપ્ત થયું તે અંતરની એકાગ્રતાના આનંદથી (પ્રાપ્ત થયું). ભગવાનઆત્મા જેમ આ વિકાર પરિણામ કરે છે તો ઇ દુઃખ છે. શુભ-અશુભ જે વિકલ્પ કરે છે ને? ઇ વિકાર છે, ઇ દુઃખ છે, એ આનંદ નથી. આત્માનો આનંદ એ પુણ્ય-પાપના વિકલ્પની પાછળ સચ્ચિદાનંદ–એ સત્, જ્ઞાન અને ચિદ્ એટલે જ્ઞાન, આનંદ એટલે અતીન્દ્રિય આનંદનો આત્મામાં રસ પડ્યો છે. એ અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ જ્યાં આવે એવા ધર્મીને કહે છે કે ચિંતામણિ હાથ આવ્યું. એવા આત્માને અંતરમાં સચ્ચિદાનંદ સત્... સત્... સત્... સત્... શાશ્વત જ્ઞાન અને આનંદ, એવો ચિંતામણિ રત્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેની દૃષ્ટિમાં આત્મા પડ્યો. પેલો પથરો નહિ હવે, પેલા પથરાનો દાખલો હતો, એ પથરો ચિંતામણિ મળ્યો હોય તો ઇચ્છે ખોળના ટુકડાને એમ ન હોય. ઇ તો કહે, કરોડ રૂપિયા થાજો, ધૂળ થાજો. એ તો ધૂળવાળા ધૂળ જ માંગે ને, બીજું શું માંગે?

અહીં આત્મામાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ! એવું ચિંતામણિ રત્ન જેને દૃષ્ટિમાં, પ્રતીતમાં, અનુભવમાં, વેદનમાં આવ્યું એવો જીવ આત્માના શાંતિ આગળ એ સ્વર્ગના સુખ અને શેઠાઈના સુખને ખોળના ટુકડા સડેલા ટુકડા જેવા, એની ભાવના એને હોય નહિ. સમજાણું કાંઈ? 'નટુભાઈ'! એટલું જરીક **'ધ્યાન ઉભય યદિ દેત બુધ,...'** આત્માનો આનંદ...

વસ્તુ સ્વરૂપ પ્રભુ! વસ્તુ પદાર્થ છે ને? અરૂપી પણ વસ્તુ છે ને? અરૂપી પણ પદાર્થ છે ને? અરૂપી સમજાય છે? આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી એટલે અરૂપી છે. આ માટી રંગ, ગંધ, સ્પર્શ છે. પ્રભુ! આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. કારણ કે, એ તો જડને હોય, આત્માને એ ન હોય, પણ છે એ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની એ ચીજ છે, વસ્તુ છે, પદાર્થ છે, મહાન ચૈતન્યજ્યોત છે. જેનામાં અનંત અનંત બેહદ જ્ઞાન અને આનંદ પડ્યા છે એવો આત્મા જેને કહે છે કે સમ્યક્ અંતરમાં અનંતકાળે ભાન ન થયું ને ભાન થાય, એ જીવ તે આત્માની શાંતિ માંગે કે એ જીવ તે સ્વર્ગના સુખ માંગે? શું માંગે? શાંતિ માંગે. અંતરની શાંતિ. ધૂળના ટુકડા ને આ પૈસા ને બાયડી, છોકરા ને આવી ધૂળ તો અનંતવાર મળી છે. કરોડો રૂપિયા ને અબજોપતિ અનંતવાર થયો છે પણ અત્યારે ભીખાને ભીખારીને એમ લાગે જાણે પાંચ લાખ મળે તો જાણે આહાહા..! ધૂળ પણ થયું નથી, સાંભળને! સમજાણું કાંઈ?

ભાઈ! તું આત્મા પ્રભુ તું અનાદિનો છો. અનાદિનો છો તો આત્માના ભાન વિના તેં ભવ અનંતા કર્યા છે. અનાદિનો છે કે નહિ? કે, આદિ છે એની? ત્યારે ક્યાં રહ્યો અત્યાર સુધી? આદિ નથી. છે, છે ને છે તો રહ્યો ક્યાં? મુક્તિ થઈ છે એની? મુક્તિ થાય (પછી અવતાર હોય નહિ). ઘી થાય એના માખણ ફરીને થાય? માખણના ઘી થાય. એમ આત્માના આનંદની પ્રાપ્તિની મુક્તિ થઈ હોય તો ફરીને અવતાર હોય નહિ. તો આ અનંતકાળથી રખડે છે તો અવતાર છે એને અનાદિકાળના. ઢોરના, માણસના, રાંકના, રાજાના, સ્વર્ગના, નારકના. નીચે નારકી છે, હોં! હંબગ નથી. અત્યારે કાંઈ બધું સિદ્ધ ન કરાય. નીચે નારકી જીવ છે. બહુ પાપ કરે ને, માંસ, દારૂ ખાય એના ભોગવવાને માટે નીચે એના સ્થાન-સાત પાતળ છે. એક એક નરકની અંદર અસંખ્યાતા નારકીઓ અત્યારે છે. ઇ અનાદિના છે, નવા નથી કાંઈ. મરીને અહીં આવે ને જાય એમ ને એમ થયા કરે છે. એવા અવતારમાં એણે અનંત અવતારમાં અનેક ભવ કર્યા, એમાં શું નથી મળ્યું એને? સ્વર્ગ મળ્યા, પૈસા મળ્યા, રાંકા મળ્યા, રાજા થયો, બધું મળ્યું છે, એક આત્માનું અંતર જ્ઞાન સચ્ચિદાનંદ સ્વરૂપ એને એણે પ્રાપ્ત કર્યું નથી. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ કહે છે કે, જેને આત્માનું ભાન થાય એને તો ચિંતામણિ રત્ન મળ્યું. એ તો આનંદની જ ભાવના અંદર કરે. એકાગ્ર થઈ શાંતિ શાંતિનો સાગર આત્મા છે. વાત ઇ છે કે એની કિંમત નથી. એક દાખલો આપ્યો હતો પેલા મોતીનો દાખલો ભાઈ! આપ્યો હતો ને એક ફેરી? એક મોતી નથી થાતું? મોતી થાય છે. આ ઊંચું મોતી. અત્યારે મોતી તો (સાધારણ છે). શાસ્ત્રમાં તો એવા આવે છે, આ લીંબુ પાકે છે ને? લીંબુ, લીંબુની અંદર એક માણેક પાકે છે. વીસ વીસ હજાર રૂપિયાનું, હોં! એક માણેક. લીંબુમાં, હોં! લીંબુમાં. ઇ તમે ન સાંભળ્યું હોય શાસ્ત્રમાં છે અને અત્યારે પ્રત્યક્ષ થઈ ગયેલા છે. લીંબુ હોય છે ને? એમાં કોઈ પુણ્યવંત પ્રાણી હોય તો ઇ લીંબુમાં પેલો ઠળીયો પાકે ને એને ઠેકાણે માણેક પાકે. વીસ વીસ હજારનું, ભાઈ ‘વીરજીભાઈ’ કહેતા હતા. ક્યાં ગયા? એય..! આ રહ્યા, એના બાપ છે. ‘કાંતિભાઈ’! ‘વીરજીભાઈ’ કહેતા હતાં. ‘વીરજીભાઈ’! હમણાં ૯૫ વર્ષે ગુજરી ગયા.

મુમુક્ષુ :– દાખલો આપતા હતા.

ઉત્તર :– હા હા. પોતે મને કહ્યું હતું ને. હું ‘કલકત્તા’ ગયો હતો ત્યારે એક માણેક હતું વીસ હજારનું. લીંબુમાંથી ઠળીયાને ઠેકાણે માણેક પાકેલું. એ વીસ હજારનું કહેતા હતા. ‘વીરજીભાઈ’! આમના પિતાશ્રી ૯૫ વર્ષે હમણાં ગુજરી ગયા. આ ફાગળ સુદ ૩. મારે તો બીજું કહેવું છે અંદર, કે એ લીંબુના ઠળીયામાં માણેક પાકે. બહુ કિંમતનું, ઘણી કિંમતની ચીજ. સમજાય છે? પણ છતાં એની કિંમત આત્માને માટે શું? સમજાણું કાંઈ? એવા લીંબુના ઠળીયામાં પાકે માણેક જેના પુણ્ય હોય તેને મળે. એમ જેને પુણ્ય હોય એને આ પૈસા આદિ મળે પણ એમાં આત્મા કાંઈ મળે નહિ. સમજાણું કાંઈ? એ આત્મામાં અહીં કિંમત જોઈએ. મોતીની કિંમતનો દાખલો આપીએ છીએ આ હીરાનું કીધું ને?

એક શેઠિયો હતો. મોતી બહુ ઊંચા થાય છે, ભાઈ! એક એક મોતી અત્યારે ત્યાં એક ‘શ્રવણબેલગોલા’ છે.. શું કીધું? મૂડબિદ્રી. મૂડબિદ્રીમાં ૩૭ પ્રતિમાઓ છે. કરોડ કરોડ રૂપિયાની એક એક. કરોડ કરોડની! પચાસ લાખની તો એક આટલી એક મૂર્તિ છે. અમે જોઈ આવ્યા છીએ. અને મોટા ઝવેરી અમારી સાથે હતા. પુછ્યું હતું કે આની કિંમત (શું)? કે, કોઈ લે નહિ, દે નહિ, ચોરે નહિ. ચોરીને ક્યાં નાંખે? કોઈ એને લે નહિ. મોટી મોટી કિંમતની ચીજો. પહેલાના અબજોપતિ હતાં. એમાં એક એક મોતીઓની મૂર્તિ છે. મોતીની મૂર્તિ, હોં! એક એક.

એ મોતી બહુ ઊંચુ હતું એક શેઠ પાસે. ઉઘરાણી કરવા ગયો, ઉઘરાણી. ગામડામાં પહેલું ઉઘરાણી હતું ને, ભાઈ! ‘દરબાર’! ઉઘરાણી કરવા ગયા તો પછી કણબીના ઘરે ગયા. ત્યાં ખાટલો પાથરી દીધો. આવો... આવો... શેઠ! ત્યારે તો પાણી-બાણી નહોતા પીતા ને. હવે તો બધું સરખું થઈ ગયું છે ને. પહેલા નહોતા પીતા. કણબીને ઘરે નાખ્યો ખાટલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને (કહ્યું), પટેલ! પાણી લઈ આવો. બ્રાહ્મણને ત્યાંથી પાણી લેવા ગયા ત્યાં એક લીંબુ પડ્યું હતું ઊંચું મોતીયા. કીધું ને? ઊંચું. પડેલું. પાણી (આવતા) વાર લાગી ત્યાં ખોલીને આમ જોવા મંડ્યા. ત્યાં પટેલ પાણી લઈને આવ્યા. (એને કહ્યું), પટેલ! આમાં પાણી બહુ છે. મોતીમાં પાણી આમ ઝબક મારે ને! ઝબક. આ પેલા લુગડા નથી થાતા? શું કહેવાય પેલા? દરિયા મોજા, આમ આમ દેખાય. મોજા કાંઈ ન હોય, દેખાવ એવો હોય. આ મોજા ઊઠે ને. એમ મોતીમાં આમ ચમકના મોજા ઊઠે, ઘણા મોજા ઊઠે. એ ઊઠે એટલે જરીક પટેલને કીધું કે આમાં પાણી (બહુ છે). શેઠ! પાણી શું કરવા મંગાવ્યું હતું? આમાં પાણી હોય તો મંગાવ્યું શું કરવાં? વાણિયો પણ જરીક ઠગ હતો ને તો કહે, પટેલ! આમાં તો દરિયો ભર્યો છે. ચમક મારે ને! ચમક... ચમક... ચમક... મોટી કિંમતનું. આમાં તો દરિયો ભર્યો છે. અરે..! શેઠ ડિંગ મારો છો ને ટાઢા પોરના. ન્યાં દરિયો ભર્યો હતો તો પછી લાવો મારી પછેડી છે ને? છેડો અડાડીને (જોઉં) ભીનું થાય તો માનું. 'કેશુભાઈ'! અરે..! પટેલ એ પાણીની કિંમતું એ પછેડીએ ન થાય. એ મોતીના પાણીની કિંમતું તો નજરે થાય. આ ક્યાં ડિંગ માર્યા તેં?

મોતીમાં જે પાણી છે એના તેજ છે એની કાંતિ ને એની ઝલક (છે). એ તો જેની નજરુંમાં તેની કિંમત હોય ઇ નિર્જર કરે. કાંઈ લુગડાની પછેડીએ (એની કિંમત ન થાય). પાણી કહું છું તો ન્યાં પાણી ભર્યુ છે? એના તેજ, એની કાંતિ, એનો ચળકાટ, એના સામર્થ્ય એટલું સતત ઝળકે છે કે, દરિયો ઉછળતો હોય ઇ પાણી. ઇ તો નજરે પરખાય, એ પછેડીએ પરખાય નહિ.

એમ ભગવાનઆત્મા આ ચૈતન્યમૂર્તિ દેહમાં રહેલો આત્મા, એની કિંમતું નજરે પરખાય. બહારની ક્રિયાકાંડ ને શરીરમાં ધૂળથી કરીને મરી ગયો કાંઈ પરખ્યો નહિ. લાવ હું થોડી ક્રિયા કરું મને ભગવાન દેખાય કે નહિ? શું દેખાય ન્યાં? સમજાણું કાંઈ? કાંઈક દયા, દાન, વ્રત, પરિણામ કરીએ એ તો પુણ્યરાગ છે. એની કિંમતે આત્મા જણાય એવો નથી.

આત્મા અહીં કહે છે, જુઓ! સ્વસંવેદન. પહેલો શ્લોક પડ્યો છે. 'નટુભાઈ'! છે? સ્વસંવેદન. એકવીસમો શ્લોક ને પહેલો શબ્દ આ છે. એ ભગવાનઆત્મા... વીર પ્રભુ થયા એમણે આત્માને વેદી, આનંદ કરીને પૂર્ણ પ્રાપ્તિ કરી, એવો જ ઉપદેશ જગતને કહ્યો વાણી દ્વારા, ઓમ ધ્વનિ દ્વારા. એને ઇચ્છા હોતી નથી, ઓમ અવાજ ધ્વનિ છૂટે. જગતના પ્રાણી પોતાના હિતને માટે સમજી લે. એમાં આ ઉપદેશ આવ્યો કે, હે આત્મા!

---

**अब वह शिष्य जिसे समझाये जानेसे श्रद्धान उत्पन्न हो रहा है, पूछता है कि जिसे आपने ध्यान करने योग्य रूपसे बतलाया है वह कैसा है? उस आत्माका क्या स्वरूप है? आचार्य कहते हैं -**

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।**
**अत्यन्तसौख्यवानात्मा, लोकालोकविलोकनः।।२१।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


अर्थ :- आत्मा लोक और अलोकको देखने जाननेवाला, अत्यन्त अनन्त सुख स्वभाववाला, शरीरप्रमाण, नित्य, स्वसंवेदनसे तथा कहे हुए गुणोंसे योगिजनों द्वारा अच्छी तरह अनुभवमें आया हुआ है।

विशदार्थ :- जीवादिक द्रव्योंसे धिरे हुए आकाशको लोक और उससे अन्य सिर्फ आकाशको अलोक कहते हैं। उन दोनोंको विशेषरूपसे उनके समस्त विशेषोंमें रहते हुए जो जानने देखनेवाले है, वह आत्मा है। ऐसा कहनेसे `ज्ञानशून्यचैतन्यमात्रमात्मा' ज्ञानसे शून्य सिर्फ चैतन्यमात्र ही आत्मा है, ऐसा सांख्यदर्शन तथा `बुद्धयादिगुणोज्झितः पुमान्' बुद्धि सुख दुःखादि गुणोंसे रहित पुरुष है, ऐसा योगदर्शन खंडित हुआ समझना चाहिये। और बोद्धोंका `नैरात्म्यवाद' भी खंडित हो गया। फिर बतलाया गया है कि `वह आत्मा सौख्यवान् अनंत सुखस्वभाववाला है'। ऐसा कहनेसे सांख्य और योगदर्शन खंडित हो गया। फिर कहा गया कि वह `तनुमात्रः' `अपने द्वारा ग्रहण किये गये शरीर-परिमाणवाला है'। ऐसा कहनेसे जो लोग कहते हैं कि `आत्मा व्यापक है' अथवा `आत्मा वटकणिका मात्र है' उनका खंडन हो गया। फिर वह आत्मा `निरत्ययः' `द्रव्यरूपसे नित्य है' ऐसा कहनेसे, जो चार्वाक यह कहता था कि `गर्भसे लगाकर मरणपर्यन्त ही जीव रहता है,' उसका खण्डन हो गया।

यहाँपर किसीकी यह शंका है कि प्रमाणसिद्ध वस्तुका ही गुण-गान करना उचित है। परन्तु आत्मामें प्रमाणसिद्धता ही नहीं है - वह किसी प्रमाणसे सिद्ध नहीं है। तब ऊपर कहे हुए विशेषणोंसे किसका और कैसा गुणवाद? ऐसी शंका होनेपर आचार्य कहते हैं कि वह आत्मा `स्वसंवेदन-सुव्यक्त है,' स्वसंवेदन नामक प्रमाणके द्वारा अच्छी तरह प्रगट है। `वेद्यत्वं वेदकत्वं च.'

`जो योगीको खुदका वेद्यत्व व खुदके द्वारा वेदकत्व होता है, बस, वही स्वसंवेदन कहलाता है। अर्थात् उसीको आत्माका अनुभव व दर्शन कहते हैं। अर्थात् जहाँ आत्मा ही ज्ञेय और आत्मा ही ज्ञायक होता है, चैतन्यकी उस परिणतिको स्वसंवेदन प्रमाण कहते हैं। उसीको आत्मानुभव व आत्मदर्शन भी कहते हैं। इस प्रकारके स्वरूपवाले स्वसंवेदन-प्रत्यक्ष (जो कि सब प्रमाणोंमें मुख्य या अग्रणी प्रमाण है) से तथा कहे हुए गुणोंसे सम्पूर्णतया प्रकट वह आत्मा योगिजनोंको एकदेश विशदरूप से अनुभवमें आता है।' ।।२१।।

दोहा - निज अनुभवसे प्रगट है, नित्य शरीर-प्रमान।
लोकालोक निहारता, आतम अति सुखवान।।२१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।**
**अत्यन्तसौख्यवानात्मा, लोकालोकविलोकनः।।२१।।**

આ શ્લોક છે એકવીસમો, 'ઇષ્ટોપદેશ'.

**અર્થ :– 'આત્મા લોક ઔર અલોકકો દેખને જાનનેવાલા,...'** એમ કહ્યું પહેલું. ભગવાનઆત્મા..! આ જગત ચૌદ બ્રહ્માંડ, એ સિવાય ખાલી ભાગ છે. ખાલી ભાગ સમજાય છે? આ ભરેલું જે છે ને? આ બધું દેખાય છે એ અસંખ્ય જોજનના માપમાં છે. પછી ખાલી... ખાલી... ખાલી... છે કે નહિ? કે ક્યાંય એનો (અંત છે)? વિચાર પણ કર્યો નહિ કોઈ દિ'. આ બધું ભરેલું છે ને આમ ને આમ પછી ક્યાં સુધી આવું હશે? પછી ખાલી છે. અસંખ્ય જોજન, અસંખ્ય જોજન પછી ખાલી છે. પછી ખાલીનો ક્યાં અંત? ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... જેને શાસ્ત્રકાર અલોક કહે છે. અંત નહિ ક્યાંય. પણ ત્યાં અંત આવે તો પછી શું? 'શ્રીચંદજી'! કોણ જાણે ક્યાં નવરાશ છે?

આ વસ્તુ છે કે નહિ? આ ચૌદ બ્રહ્માંડ જુઓ! છે કે નહિ આ? જડ ચૈતન્યનો સંગ્રહાત્મક. આ ચીજ કાંઈ અનંત જોજનમાં નથી, અસંખ્ય જોજનમાં છે. અસંખ્ય જોજન એટલે એક જોજન બે હજાર ગાવનો. અસંખ્ય જોજન લાંબુ, પહોળું. પણ પછી શું? અનંત... અનંત... જોજન, અનંત ગાવ... અનંત ગાવ... અનંત ગાવ... ચાલ્યા જાવ પણ પછી શું? એ પછી ખાલી ભાગ છે. ખાલી જેને અલોક કહે છે, જેમાં આ જડ ચૈતન્ય કોઈ નથી. આકાશ છે. એ અનંત દસે દિશામાં અપાર... અપાર... અપાર...

અહીં કહે છે કે, એ અપાર આકાશને અને આ લોકના ભાગને પણ આ આત્મા જાણવાની તાકાતવાળો છે. આહાહા..! કોણે હજી અલોક કોને કહેવો એ વિચાર્યું ન હોય. 'મહેન્દ્રભાઈ'! નવરાશ ન મળે. આ ઇન્દ્રિઓના વિષય ને ભોગ ને ખાવા-પીવા આડે આ ચૈતન્ય કોણ એને (ઓળખવા) નવરાશ ન મળે. મરી જાય ત્યારે નવરો થાય. હવે કાંઈ ધાર્યાનું કામ થાતું નથી.

કહે છે, અહોહો..! કેવો છે આત્મા? સ્વસંવેદનમ્. પોતે પોતાથી વેદાય એટલે જણાય એવો છે. જ્ઞાનથી જ્ઞાન જણાય એવું છે. એ જ્ઞાન રાગથી જણાય એવું નથી, પુણ્ય-પાપના વિકલ્પથી જણાય એવું નથી, શરીરની આ જડની ક્રિયાથી જણાય એવું નથી. જ્ઞાનથી જ્ઞાન જણાય એવું વેદન. આત્મા શાંત અનાકુળ સ્વરૂપ, અરૂપી ચૈતન્ય ધામ, વસ્તુ અરૂપી, સ્વરૂપ અરૂપી સ્વરૂપ, મહાન અરૂપી, પદાર્થ અનંત શાંતરસનો કંદ, એને અંતરમાં રાગ ને વિકલ્પની દશાના લક્ષને છોડી ભગવાનઆત્મા જ્ઞાનપ્રકાશની મૂર્તિ છે, એમ ચૈતન્યના, ચૈતન્યના અંશના વેદન દ્વારા તે 'આ આત્મા' તેમ જણાવા લાયક છે. એવું એણે અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી. સમજાય છે કાંઈ? અમારે તો અહીં આત્માની વાત છે. અહીં કાંઈ બીજી ધૂળની ને ફૂડની નથી. આ બધા પૈસાવાળા તો અહીં ઘણા આવે છે. એ ઉપર તો ધોકા પડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલાક તો એમ કહે છે, મહારાજ પાસે પૈસા છે, (ત્યાં) જાય એ બધા પૈસાવાળા થાય છે. 'કેશુભાઈ'! વાતું કરે લોક. અહીં ક્યાં અમારી પાસે પૈસા (છે)? અમારી પાસે આત્મા છે આ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! એ આત્મા... અહીં તો ભગવાનઆત્માને કહે છે, હોં! તું ભગવાન છો, ભાઈ! તારી મહિમાનો પાર નથી, ભાઈ! વચન દ્વારા ન કહી શકે એવી તારી તાકાત છે. એ આત્મા સ્વસંવેદન પોતાથી, વેદનથી જાણી શકાય એવો સુવ્યક્ત છે. 'પંડિતજી'! એ વ્યક્ત શબ્દ એને લાગુ પડ્યો છે ને? '**સ્વસંવેદનસુવ્યક્ત...**' ભાઈ! સુવ્યક્ત છે એમ કહે છે. જરીક શાંતિથી (સાંભળો). ભગવાનઆત્મા આમ અંતર ચૈતન્યનો કંદ અરૂપી આનંદઘન વસ્તુ છે. સચ્ચિદાનંદ છે ને? સત્, ચિદ અને આનંદ. ચિદ એટલે જ્ઞાન અને આનંદ. જ્ઞાન અને આનંદનો ભંડાર પૂર્ણાનંદ વસ્તુ. એ પોતે સ્વસંવેદનથી સુવ્યક્ત છે. કોઈ કહે કે એ કેમ જણાય? એનું કોઈ પ્રમાણ? કે, હા.

ઇ કહે છે, કે ઇ પ્રમાણ એનું એ ભાઈ! જે ચીજમાં જ્ઞાન અને આનંદ છે એને તેના જ્ઞાન ને આનંદ દ્વારા તે પ્રગટ જણાય એવો છે. બહારની ક્રિયાકાંડ, શરીર, વાણી, મનની, દયા, દાન, વ્રતના પરિણામથી પણ એ જણાય ને અનુભવ થાય એવો નથી. તેથી પહેલું કહ્યું, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ' બહારના પુણ્ય-પાપ કર એ બધું બહારમાં રખડ. પુણ્યથી તો આ સ્વર્ગ ને ધૂળ મળે, પાપથી નરક ને ઢોર મળે. બાકી આત્માના ભવના અંતનો ઉપાય એ આત્માના ભાન વિના કોઈ દશા એની કળા છે નહિ.

એ અહીં કહે '**સ્વસંવેદનવ્યક્ત...**' શું કીધું? સુવ્યક્ત '**સ્વસંવેદનસે તથા કહે હુએ ગુણોંસે યોગિજનોં દ્વારા અચ્છી તરહ અનુભવમેં આયા હુઆ હૈ.**' ભાઈ! આત્મા છે ને? એક જગતની જે જેવી ચીજ, પણ ખાવાના ભાનવાળો હોય એને ખ્યાલમાં હોય કે, આ ઘીનો સ્વાદ, ગાયના ઘીનો (સ્વાદ), એમાં માગશર મહિનાના સવારની તાવડીનું તાજુ ઘી, સવારની તાવડીનું તાજુ, ખ્યાલમાં હોય એને કે આ મીઠાશ છે. પણ કહી શકવાને કોઈ દાખલો નથી. 'શ્રીચંદજી'! કહો, દાખલો આપો. બધા છોકરાઓને દાખલો હોય તો આપો. ઘીનો સ્વાદ કેવો હોય? બતાવો. જન્મથી મળ્યું છે ને, બાપા! એને આ શું કહેવાય? જન્મે છે ત્યારે આપે છે ને? ગળથુથી, ગળથુથી. 'હિન્દુસ્તાન'માં શું કહે છે? જન્મઘૂંટી કહે છે. 'હિન્દુસ્તાન'માં એને જન્મઘૂંટી કહે. જન્મે ત્યારે આપે ને. છ મહિનાનું કાંઈ અંદર હોય ને નીકળી જાય. તે જે ઘી જન્મથી મળેલું, ગળથુથીથી મળેલા એને સાંઈઠ સાંઈઠ વર્ષ સુધી અનુભવ્યા પણ કહેવાની તાકાત કોઈ પદાર્થને મેળવીને એનામાં છે નહિ કે, ભાઈ આના જેવો. ઇ ઘી કેવું? મીઠુ. મીઠુ બહુ. સાકર જેવું? ના ઇ નહિ, સાકર જેવું નહિ. ત્યારે કેળા જેવું? ના ઇ નહિ, ત્યારે ઘીતેલા જેવું? ઘીતેલા થાય છે ને? તળાવમાં થાય છે. ઇ ઘીતેલા જેવું? સ્વાદ એવો નહિ. પણ કહે ને ત્યારે કેવો? કે, ઇ કહેવાય એવું કાંઈ લાગતું નથી. છતાં એ જાણવામાં નથી એમ છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહી શકતો નથી પણ જાણવામાં નથી એમ છે? જાણવામાં હોવા છતાં કહેવામાં કોઈ પદાર્થને મિંઢવીને મેળવીને કહેવું એવી તાકાત નથી. જ્યારે જગતના આવા સાધારણ ઘી જેવા પદાર્થ કે જે સ્થૂળ, માટી, ધૂળ છે, ઘી તો ધૂળ છે કે શું છે? ધૂળ છે, માટી છે ઇ તો. ઘી ખાયને વિષ્ટા થાય. છ કલાકે વિષ્ટા થઈ જાય. વિષ્ટા થઈને નીકળીને રાખ થઈ જાય, રાખના ઘઉં થાય, ઘઉંના લોટ થાય, ... એમ જગત ચાલ્યા જ કરે. તો જે માટી જેવા ઘીના સ્વાદનો ખ્યાલ મહાવિદ્વાન વિચક્ષણ મોટો પંડિત હોય, બેરીસ્ટર હોય એય..! આ વકીલ છે મોટા, લ્યો! કહો! આપી શકો? વકીલના કાયદા કેવા કાઢો છો ત્યાં? એ... 'કનુભાઈ'! આ 'કનુભાઈ' જજ છે, લ્યો! આ અપાય નહિ. એનો અર્થ બાપા! એવો છે પ્રભુ!

તારી ચીજ જ કોઈ એવી છે કે, અંતરમાં આનંદનું વેદન કરવા જા તો તે જણાય એવી ચીજ છે. બાકી બહારના કોઈ ઉપાયે એ ચીજ જણાય ને જાણીને તું કોઈને કહી શકે, કે આવી ચીજ છે. એવી એ ઉપમાલાયક ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

એથી અહીં શબ્દ કહ્યો–સ્વસંવેદન સુવ્યક્ત. ભગવાન! તારું સ્વરૂપ પ્રભુ એવું છે પ્રમાણસિદ્ધ છે, હોં! તું ગપ મારીશ નહિ કે ના ના એમ જણાય નહિ, ઇ કાંઈ ખબર પડે નહિ ને ઇ કોઈને જાણ્યું નહિ, એમ રહેવા દેજે, એમ કહે છે. ધર્મી જીવોએ અંતર આત્માને રાગની ક્રિયાના પરિણામથી દેહ ને જડથી જુદો એણે જાણ્યો છે–આ આત્મા. યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરનાર. યોગી એટલે બાવો થઈ જાય ને જોગી થાય એવું કાંઈ નહિ. યોગી એટલે આત્માના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય તેને યોગી કહેવામાં આવે છે. યોગી એટલે જોડવું. જોડાણ જોડાણ થવું. 'નટુભાઈ'! આહાહા..!

ભાઈ! આ દેહમાં, માટીના પિંડમાં પ્રભુ! અરૂપી ચૈતન્યઘન વિલાસ કરતો આત્મા છે. એનું તને સુવ્યક્તપણું ક્યારે થાય? અંદરમાં જ્ઞાન સ્વરૂપ હું છું. આ જ્ઞાનનો કણ જે આ ચૈતન્યઘન અહીં છે એ જ્ઞાન છું, એમ જ્યાં અંતરમાં પકડ તો તે રાગ, વિકલ્પ, મન, વાણી, દેહથી અતીત પાર એવા ચૈતન્યને અંતર વેદન દ્વારા જાણી શકાય, પ્રગટ જાણી શકાય, પ્રગટ ખ્યાલમાં આવે એવો એ પ્રમાણશીલ ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? એ... 'પોપટભાઈ'! આહાહા..! બહારની વાત કેટલી પ્રત્યક્ષ કરે છે. આમ છે ને એમાં સુખ છે. પ્રત્યક્ષ દેખવું છે ને ધૂળમાં. આમ પચાસ લાખની મૂડી ધૂળની આ ને એમાં આ મજા, મોટર ચલાવે એમાં સુખ. લાખ લાખની મોટરું આવે છે કે નહિ? ધૂળ છે. શું છે એમાં? તારો રાગ વેદાય છે ત્યાં. એ કોઈ ચીજ ભોગવાતી નથી. એ તો જડ છે, માટી છે. માટી ભોગવાય અહીં? એને દેખીને રાગ કરે છે–આ ઠીક, એવા રાગને વેદે છે. પરને એ આત્મા અનુભવે એ ત્રણકાળમાં બને નહિ. એ જડ છે, એ તો માટી છે. પૈસા-બૈસા, ધૂળ-માટી આત્મા ખાઈ શકતો હશે? પૈસાને ભોગવી શકતો હશે? એ દેખીને રાગ કરે મૂઢ અને રાગમાં આનંદ માને એ મૂઢ છે. એ દશા અનાદિકાળની તારી છે, ભાઈ! એમાં તેં નવું શું કર્યું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો અનાદિકાળનો કરતો આવે છે.

હવે કહે છે કે, આ આત્મા સ્વસંવેદન કર. એ તારી અપૂર્વ દશા નવી છે. એ પણ કેવી છે? **'સ્વસંવેદનસુવ્યક્ત...'** આહાહા...! ઇ પરમાત્મા મહાવીર આદિએ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કર્યું, એવું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય એવો ઉપદેશ આપ્યો તેને 'ઇષ્ટોપદેશ' કહેવામાં આવે છે. એણે કહ્યું કે, ભાઈ! સ્વસંવેદન. ઇ કોણ કહે? ઇ કોણ એને આપે? ઇ ગુરુથી પણ મળે એવું નથી. એ તો પોતાથી જાણીને વેદે તો જણાય એવું છે. આહા..! એટલી એને નવરાશ નથી, નવરાશ. કામ બહુ ને કામ ઘણા. 'નટુભાઈ'! આહાહા..!

ભાઈ! પ્રભુ! અહીં તો ભાઈ! પ્રમાણસિદ્ધ, અંદર સિદ્ધ કરવું છે, હોં! એમાં લખ્યું છે ને? પ્રમાણ છે કે કાંઈ? કે, હા, પ્રમાણ છે, પ્રમાણ છે. (એના જેવું બીજું કોઈ) પ્રમાણ નથી. સાંભળને! તને ખબર નથી. ચૈતન્યજ્યોત ભગવાન સાક્ષાત સ્વરૂપ છે. દુનિયાના પદાર્થોને જાણતો રાગ કરીને વેદે એને તું એમ કહે છો કે આ વેદાય છે, પર વેદાય છે એ વાત જૂઠી છે. આ તો રાગ વિનાની ચીજ (છે). અંતર દૃષ્ટિ કર, અનંતકાળમાં કરી નથી. અનંતકાળમાં તેં આ કર્યું નથી અને આ કર્યા વિના તારા ભવના અંત કોઈ દિ' આવે એવા નથી. સમજાણું કાંઈ?

ભઈ! આ બધા સેવા-બેવા કરીને એમાંથી કોઈ હરખ-બરખ મળી જાય, એમાંથી મળી જાય એવું કાંઈ નથી. એમ અહીં ના પાડે છે, કહે છે. એય..! '...ભાઈ'! અહીંથી કંઈ મળી જશે. પેલા કહેતા હતાં એક ફેરી, દરબાર હતાં ને? તમારા ભાઈ હતા ને? 'તખુભાઈ' કે આમાંથી કાંઈ ધર્મધ્યાન છે ને દસમો ભાગ મળશે કે નહિ? યાદ છે? પેલા શેઠ આવ્યા હતાં ને? 'સર હુકમીચંદ'. ત્યારે ભાઈ બોલ્યા હતા, 'તખુભાઈ' બોલ્યા હતા. પણ અમારી અહીં બધી જમીન છે ને. અહીં ધર્મ કરે એનો દસમો ભાગ મળે કે નહિ? કીધું, ભાઈ! ધર્મ તો બાપા! આત્માથી થાય, હોં! એ 'તખુભાઈ' બોલ્યા હતા. જ્યારે આપણે પ્રવચન મંડપનું કર્યું ને... ખાતમૂહુર્ત વખતે તે દિ'. મેં કીધું આ બોલ્યા ખરા. મેં ન્યાં ને ન્યાં કહ્યું, હોં!

ભાઈ! આ આત્માનું ભાન કાંઈ બહારની ચીજે થાય એવું નથી. બહારના પદાર્થ મારા છે એ માનવું જ અજ્ઞાન છે. તારું હોય એ તારાથી જુદું પડે નહિ અને જુદું પડે નહિ એ તારી ચીજ. તો તારી ચીજ તો જ્ઞાન ને આનંદ અંદર છે. પ્રકાશમયમૂર્તિ ને અતીન્દ્રિય આનંદ એ તારી ચીજ છે. કોઈ દિ' અનંતકાળમાં તેં તારી રુચિ ને દૃષ્ટિ કરી નથી. એ ભગવાને પરમાત્મા પૂરી કરીને પૂર્ણ પદને પામ્યા આ એણે ઉપદેશમાં આ કહ્યું.

ભાઈ! પ્રભુ! તું આત્મા છો, મારી નાતનો છો, મારી જાતનો છો. જાતનો સમજાય છે? વાણિયા હોય, એક દશાશ્રીમાળી વાણીયા. એકને પાંચ હજારની મૂડી હોય ને એક ને ચાલીશ કરોડની, પણ વાણીયાની નાત તો એક કહેવાયને? દરબાર! તમારે ગરાસીયા હોય. અત્યારે સાધારણ હોય. ભલે પાંચસો રૂપિયા રળીને ખાતો હોય ને એક હોય પાંચ કરોડનો (આસામી), પણ કહેવાય તો ગરાસિયાને? નાત જમે ત્યારે એક પાટે જમે કે નહિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન્યાં ભંગ્યાને બેસવા દેતા હશે?

એમ આત્માને પૂર્ણ દશા પ્રાપ્ત પરમાત્મા કહે છે કે, મારી અને તારી જાત એક જાત છે. અમે પ્રગટ કર્યું, તેં પ્રગટ કર્યું નથી. એટલો ફેર છે, શક્તિ-વ્યક્તિનો ફેર છે. પણ તારામાં કાંઈ ઊણપ છે એમ તું જો અંતરમાં માન તો તને આત્માની ખબર નથી.

એ આત્મા પોતાના વેદનથી (જણાય છે). ઝીણી વાત છે, હોં! કોઈ એમ માને હવે આપણે ૩૨મું બેસે છે આજ, પરિવર્તનને ૩૧ વર્ષ અહીં પૂરા થયા. આ ખૂણામાં અંદર... ઇ તે દિ' ચૈત્ર સુદ તેરસને મંગળવાર હતો, મંગળવારે મધ્યાહન એમ કહે છે ને? એ તે દિ' સવા વાગે, દરબાર! સવા વાગે થયું હતું. આહાહા..! ભગવાન! આ તો ૩૨ બેસે છે. જુઓ! સોળ દુ બત્રીસ થાય છે ને? આહા..!

ભાઈ! સંતો મુનિઓ તને પ્રથમમાં પ્રથમ તારો આત્મા (જાણવાનું કહે છે). ભાઈ! બીજી ચીજને તું પ્રગટ છે, અમને પ્રત્યક્ષ જણાય છે એટલો તું દાવો કરે છો તો ભાઈ! તારી ચીજ પ્રગટ છે એમ તને જણાય નહિ, એવો દાવો તું કેમ કરતો નથી? 'નટુભાઈ'! સમજાણું આમાં? આ પ્રત્યક્ષ છે ને! શું ધૂળ પણ પ્રત્યક્ષ નથી. સાંભળને! એ તો બાયડી, છોકરા આ બધા ધૂળ બહારના છે. આ પ્રત્યક્ષ છે ને મોજ કરીએ છીએ ને. ધૂળથી મોજ છે? હોળી છે ન્યાં રાગની, ન્યાં ક્યાં મોજ હતો? આકુળતાના સ્વાદ લીધા કરે છે. વિકલ્પનો સ્વાદ રાગ (લે છે). એ વિકલ્પની પાછળ એવો દાવો કોઈ દિ' કર્યો કે, આ મારો આત્મા મને પ્રત્યક્ષ છે? 'પોપટભાઈ'! આહાહા..!

**'સ્વસંવેદનસે તથા કહે હુએ ગુણોંસે યોગિજનોં...'** ધર્માત્મા.. એ આત્મા જ પોતે ધર્માત્મા થઈ શકે છે અને આત્મા જ પોતે પૂર્ણ પદને જન્મ-મરણ રહિત કરી શકે છે. 'હરગોવિંદભાઈ'! પુસ્તક-બુસ્તક છે કે નહિ? એને પણ નવરાશ નથી હવે. આપો તો ખરા. હવે કો'ક દિ' એક શબ્દ તો જુએ. કંઈક કંઈક ફેરી એણે મૂંડાવ્યું છે. **'સ્વસંવેદનસુવ્યક્ત...'** 'હરગોવિંદભાઈ'! છે? જુઓ! પહેલો શબ્દ છે. જુઓ! **'સ્વસંવેદનસુવ્યક્ત...'** છે ભાઈ? શું કીધું? એમ ને એમ અનંતકાળથી કર્યા જ કરે છે ને કાંઈ સખ ક્યાં આવે છે? પહેલા અહીંથી નીકળ્યા ત્યારે અમે આવ્યા છીએ ને આમાં! ઇ ખબર છે તમને? ઇ અહીં પહેલા હતા, નીકળતા નહોતા ને ભાડુ નહોતા દેતા ને કુદરતે હું આવવાનો હતો ને ઇ આવ્યા. એ બધી ખબર છે અમને. તાકડે ઇ નીકળ્યા ને હું આવ્યો અહીંયા, હોં! પણ એ દરબારોને તો ખબર હોય કે નહિ? પછી આ 'હીરાભાઈ' વિનંતી કરવા આવ્યા હું 'ધારૂકા'થી આવ્યો ત્યાં ... મહારાજ! મકાન ખાલી થયું છે તાકડે, હોં! ... ખાલી કર્યું છે. અહીં તો અમને તો બધી ખબર છે, ૩૨ વર્ષ થયા. ભાઈ! એ તો એવું અનંતવાર થયા જ કરે છે, એ કાંઈ નવું નથી.

નવું તો આ તારા આત્માની અંદર બાપા! એકવાર તો પુરુષાર્થને જગાડ! અનંતવાર તેં બીજી વાતું માથાકૂટ કરીને મરી ગયો, શુભાશુભ પરિણામ–ભાવ કરી પુણ્ય-પાપ બાંધ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને પુણ્ય-પાપ બાંધીને સ્વર્ગ-નરકમાં રખડ્યો. એમાં ક્યાંય આત્માની શાંતિ છે નહિ. અહીંયા તો સ્વસંવેદનથી અને પોતાના ગુણોથી–જ્ઞાન, દર્શન ને આનંદ આદિ ગુણો છે, શક્તિ છે અંદર (તેનાથી જણાય એવો છે). વસ્તુ છે કે નહિ?

હમણાં એક સુખડ હોય, આ સુખડ છે, જુઓને! આ સુખડનું લાકડું છે. સુંવાળપ છે, સુગંધ છે. આ 'મુંબઈ'માં થાય છે ને? ચીની લોકો નથી વેચતા? આ ઇ છે. મુકવા માટે. ખરાબ લાકડુ ન પડે (એટલે). જુઓ! સુંવાળુ છે, ભારે છે એ શક્તિઓ છે કે નહિ એમાં? એમ આત્મામાં આનંદ છે, જ્ઞાન છે, વીર્ય છે. વીર્ય એટલે આત્મબળ, હોં! આ વીર્ય એટલે શરીરની રેત નહિ. આત્મબળની તાકાત અંદર અનંત વીર્ય છે. એવી અનંતશક્તિ છે કે, એને એક ક્ષણ પણ ભગવાનઆત્માની સ્વરૂપની મહિમા કરી, પુણ્ય-પાપના ભાવ ને તેના ફળની મહિમાં દૃષ્ટિમાંથી ઉડાવી દઈ અને ચૈતન્યના માહાત્મ્યના માહાત્મ્યમાં અંદર જરી જાય તો કહે છે કે, પ્રત્યક્ષ જ્ઞાનથી વેદાય એવો સુવ્યક્ત પ્રગટ આત્મા છે. સમજાણું કાંઈ? કહો, 'પોપટભાઈ'! પણ આ તો માણસને તો રૂપિયા પ્રગટ દેખાય છે. ધૂળમાં પણ નથી. રૂપિયાની અંદર દાટી દે તો? કેટલું સુખ થાતું હશે અંદર? એના ઉપર રૂપિયા દાટે માથે પડ્યો હોય અંદર. બહુ સુખ હોય તો રૂપિયા સુખ આપે છે ને તને! ધૂળમાં પણ નથી, હવે સાંભળને!

આ ભગવાનઆત્મા સ્વસંવેદનથી પ્રગટ જણાય અને અત્યંત લોક અને અલોક એટલે જગતનું સ્વરૂપ અને ખાલી ભાગ બધાને આત્મા જાણવાની તાકાતવાળો છે. ઇ ખાલી છે એમ જાણ્યું કોણે? અમાપ... અમાપ... અમાપ... અમાપ... એ વિચાર આવે છે કે નહિ? સમજાણું કાંઈ આમાં? કોઈ દિ' વિચાર કર્યો છે લોજીકથી? એમ ને એમ ચાલ્યા જાય અનંત જોજન... અનંત જોજન..., અનંત ગાંવ... અનંત ગાંવ... અનંત ગાંવ..., અનંત ગુણા. અનંતને અનંત ગુણા વર્ગે કરીને (ગુણો). વર્ગ–વર્ગ સમજાય છે? અનંત આંકડો હોય એને એટલા અનંતે અનંતવાર ગુણવા. એમ અનંતું ચાલ્યું જાય તો પણ પછી શું? ક્યાંય પાળ હશે? વાડ હશે? ભાઈ! ઇ અલોક ખાલી ચીજ અમાપ (છે), ક્યાંય એનું માપ નથી. માપ જો હોય તો પછી શું? એવી ચીજને પણ આ ભગવાન જાણવાની તાકાતવાળો છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

આ જ્ઞાનમાં લે છે કોણ અંદર? જુઓ! ખ્યાલ લે છે. આ માપ. આ માપવાળી ચીજ જગત છે, એ અમાપ ચીજ છે. બન્નેનું જ્ઞાન આ ચૈતન્ય ભગવાન (કરે છે). શું કીધું પહેલું? જુઓ! **'લોક અલોક દેખવાવાળો, જાણવાવાળો...'** જ્ઞાન બધું જાણે છે. કોઈનો ભોગનાર નથી, કોઈ પરચીજનો કરનાર નથી. પણ બધી ચીજોનો જાણનાર આત્મા છે. કોઈ ચીજ જાણ્યા વિના રહે એવો આત્મા નથી. એવું આત્માનું સ્વરૂપ છે એને આત્મા કહેવામાં આવે છે. બધાને જાણનાર એને આત્મા કહેવાય. કોઈને કરનાર કે રાગ કરનાર એ આત્માનું સ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ નથી. આહાહા..! બહુ ઝીણું પણ, ભાઈ! હવે અહીંયાં સાંભળવું પડશે કે નહિ? 'હરગોવિંદભાઈ'! બત્રીસ બત્રીસ વર્ષથી અહીં પછી ક્યાંક નવું શું છે? કેટલા વર્ષ થઈ ગયા? પચાસ પચાસ બાવન કેટલા થયા હશે? ચોપ્પન થયા, લ્યો! આહાહા..!

કેવું છે? કે, '**તનુમાત્ર...**' પાછો છો કેટલામાં? આ શરીર પ્રમાણે. તારું તત્ત્વ શરીર પ્રમાણે છે. તારું તત્ત્વ કાંઈ આમ બહારમાં પહોળુ નથી. બીજાનું ત્યાં, ત્રીજાનું ત્યાં, સૌ શરીર પ્રમાણે છે. એટલામાં આવવા છતાં, અમાપ જ્ઞાનને લોકાલોકને જાણવાની તાકાતવાળો તું છો. લોક એટલે આ જગત અને અલોક એટલે ખાલી. અમાપ, અનંત... અનંત... અનંત... અનંત... બધાને જાણનારું આ ચૈતન્ય (છે).

અરીસો જેમ બધી ચીજને જેમ પ્રસિદ્ધ કરીને જાણે છે એમ આ ચૈતન્ય અરીસો છે. ચૈતન્ય અરીસામાં જગતનો ખાલી ભાગ જાણવાની તાકાત એટલી તાકાતવાળો એ છે. આહાહા..! શરીર, વાણી, જડ એની પર્યાયની ક્રિયા કરવાની તાકાતવાળું નથી, ભાઈ! આ જગતના કોઈ પર પદાર્થના કામ કરી દે એવી તાકાતવાળું નથી. કારણ કે, એ ચૈતન્યજ્યોત છે. પણ બધાને જાણવાની તાકાતવાળું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ આત્મા કેટલો કેવો છે અને કેમ છે એની આ વાત ચાલે છે. એ આત્માને આ રીતે જ્યાં સુધી અંદર વેદનમાં ન લે ત્યાં સુધી એના જન્મ-મરણના અંત આવે નહિ. રખડ્યા કરે ધૂળમાં ચાર ગતિમાં. નરક ને નિગોદ, સ્વર્ગ ને શેઠાઈ, બધી રખડવાની રીતો છે.

કહે છે, '**લોક અલોક જાણવાવાળો અત્યન્ત અનન્ત સુખ સ્વભાવવાળો,...**' જુઓ! છે ને? છે કે નહિ અંદર? એ '**अत्यन्तसौख्यवान**'. આહાહા..! ભાઈ! તારામાં તો અત્યંત... અત્યંત... અત્યંત... અંત ન આવે એવો આનંદ છે. ઇ કેમ બેસે? કોઈ દિ' પ્રમાણમાં લીધો નથી. બેહદ આનંદ છે. એક સાકરની પેલી થાય છે ને? શું કહેવાય તમારે ...? .... કેટલી મીઠાશ! કહે છે. હવે એ તો ધૂળ છે, છે તો રજકણો. રજકણની અવસ્થાની ઉગ્રતાની મીઠાશનો એ ધોળો પિંડ છે. પરમાણુનો રજકણનો સ્કંધ છે. સ્કંધ કહો કે પિંડ કહો. એ પિંડમાં આટલી મીઠાશ દેખાય છે તો આ તો આત્મા જ્ઞાનાનંદ આત્મા. કહે છે કે, અનંત સૌખ્યવાન છે. છે એમાં? અત્યંત સૌખ્ય. કેમ બેસે? એને વિશ્વાસ આવતો નથી.

બીજી ચીજની કિંમત કહે તો કે, હા ભાઈ! એ બહુ ઊંચી, હોં! જુઓને! અત્યારે આ રોકેટ ને શું કહે છે બધું? આ ધૂળ ધાણી ને આમથી આમ જાય ને આમથી આમ ઓહોહો..! થઈ જાય અંદર. પણ એનો જાણનાર કેવડો એનો ઓહો..! થાય છે તને કાંઈ? એ ભગવાનઆત્મા જાણનાર પણ અમાપ છે અને સૌખ્ય પણ અત્યંત છે.

બે શું કીધું? ભાઈ! 'હિંમતભાઈ'! લોક અલોકનો જાણનાર બધો એટલામાં તું આખો શરીર પ્રમાણે છો અહીં. જાણનાર બધાનો એટલામાં અને આનંદ એટલામાં આનંદ તારો અત્યંત આનંદ છે. આહાહા..! આ રજકણો જુદા, આ દેહ જુદો. દેહ તો જુદો પડે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેખાય છે ને! રાખ થાય, રાખ થઈને પેલો ચાલ્યો જાય છે. મરે ત્યારે એમ કહે છે ને કે આત્મા મરી ગયો છે એમ કહે છે કોઈ? જીવ ગયો, ભાઈ! એમ કહે છે ને? શું ગયું? જીવ ગયો, થોથું પડ્યું રહ્યું. એ જીવ ગયો. ડૉકટર બધા આમ ભેગા થાય. નાડ હાથ નથી આવતી, ભાઈ! પલ્સ.... શું કહે તમારી? આમ હાથ નથી આવતી, ગયા લાગે છે. ગયો શું ગયો? શરીર ગયું અંદરથી? શરીર તો આ ધૂળ રહી. આ બધો એનો આકાર પડ્યો છે આમ ને આમ. પેલો ચૈતન્યમૂર્તિ અરૂપી આનંદકંદ ભગવાન! પોતાની ભૂલ કરેલી ભૂલ લઈને ચાલ્યો ગયો. ભૂલ કરીને ચાલ્યો ગયો છે, હોં! ભૂલ કરે છે અનાદિથી. એ ભૂલને ભાંગવાનો આ ભગવાન! સુવ્યક્ત આનંદ છે. તારામાં આનંદ છે. એવો આનંદ દુનિયામાં ક્યાંય છે નહિ, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં નથી એવો આનંદ તારામાં છે. એવો અત્યંત આનંદમય છો.

અનંત સુખ સ્વભાવ, દેખો! અત્યંત ને અનંત શબ્દ વાપર્યો છે. એ અત્યંતની વ્યાખ્યા કરી. અંત નથી ને એટલે અત્યંત અનંત. પણ જેનો સ્વભાવ આનંદ એને માપ શા? જેનો સ્વભાવ સ્વરૂપ, સ્વતઃ સ્વભાવ એવો ચૈતન્ય એની શાંતિનો રસ ને આનંદ એને હદ શી? હદનું કારણ શું? સ્વભાવ જેનો એને માપ શા? એવો માપ વિનાનો અંતરમાં અત્યંત આનંદ છે એની તેં અનંતકાળમાં એક ક્ષણ પણ દૃષ્ટિ કરી નથી અને એ દૃષ્ટિ કર્યા વિના આત્માની પ્રતીતિ થાય નહિ. આત્માની પ્રતીતિ થયા વિના આત્મજ્ઞાન થાય નહિ. આત્મજ્ઞાન થયા વિના આત્માનો સ્વાદ આવે નહિ. સ્વાદ સ્વાદ. વળી, આ કેવો સ્વાદ હશે? આ દૂધપાકના ને બધાના સ્વાદ કહે છે. આ કહે છે કે નહિ? ઇ દૂધપાકનો સ્વાદ નથી, હોં! દૂધપાક તો ધૂળ છે, ઇ તો માટી છે, એનો સ્વાદ આવે આત્માને? આત્મા તો અરૂપી છે, એ તો રૂપી છે. એને દેખીને આમ વિકલ્પ ઉઠાવે છે આ ઠીક છે, બસ! એ ઠીકનું વેદન છે અને પ્રતિકૂળ દેખે કે ઝેર (છે), આ ઠીક નહિ, બસ! ઇ દ્વેષનું વેદન (છે). દ્વેષ કરે, અણગમો એનું વેદન (છે). એ ચીજ(નું વેદન) નહિ. ચીજ તો જડ, માટી ને ધૂળ છે. એ વેદનમાં જે વિકાર પ્રત્યક્ષ તને જણાય છે એની એને ખબર નથી કે શું વેદાય છે કે શું થાય છે. એ કોઈ દિ' જોયું નથી. લાડવો ખાધો તો મેં લાડવો ખાધો, લાડવાનો સ્વાદ આવ્યો. ધૂળનો સ્વાદ આવે નહિ તને, સાંભળ તો ખરો. જોયું છે? એ તો અરૂપી છે. એને રૂપ ક્યાં છે? રૂપ અડે છે એને? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા તો રૂપ, ગંધ વિનાની ચીજ છે. એને આમ દેખતા, આમ દેખતા ઠીક-અઠીક બસ. ઠીક-અઠીકના વિકલ્પની રાગની, દ્વેષની લાગણીનું વેદન છે એને. એ સંસાર વેદન અનાદિકાળનું છે. એ વેદનમાંથી જ્ઞાનનું સ્વસંવેદન પ્રગટ કર. આત્માનું ભાન થયું ને એ જન્મ-મરણના અંત એને આવ્યાં. એવો એ આત્મા કહે છે જન્મ-મરણનો અંત લાવે અને સ્વસંવેદનથી પ્રગટ થાય એવો આત્મા છે, એમ કહે છે અહીં તો. ભાઈ! ઇ તું એવો છો. તને એમ થાય કે, અર..ર..ર..! હું આમ થઈ ગયો? પણ તું એવો છો અમે તને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહીએ છીએ. સ્વસંવેદનજ્ઞાન. તારાથી તું જણાય, તારાથી તું વેદાય, તારાથી તને ઇ પ્રત્યક્ષ પ્રમાણથી ખાત્રી થાય એવો તું છો. હવે ઇ એને બેસતું નથી કે ના ના એવું નહિ, એવું નહિ, એવું નહિ. કોઈ દિ' પણ સાંભળ્યું નથી, વિચાર કર્યો નથી. 'કીરતચંદભાઈ'! આહાહા..!

પગની ખબર નથી? જુઓને! પગ હવે જરી ચાલે છે, હવે હલવી દ્યો એને, લ્યો! જુવાન શરીર છે. તે દિ' પેલા ચાલતા હતા ને? તે દિ'. પંદર દિ' પહેલા નીકળ્યા હતા ને? એ આમ નીકળતા હતા. મેં કીધું, અરે..! આ તો 'કીરતચંદભાઈ' લાગે છે. મોટર આઠ દિ' એ ફરવા જાય છે ને? મેં કીધું, બેસી જાવ, બેસી જાવ આમાં. બેય માણસને હાથ નાંખીને ચાલતા હતા. પેલા રવિવારે નહિ? પંદર દિ' થયા, પંદર. પેલા રવિવારે. આ રવિવાર નહિ ને પેલા રવિવારે, પંદર દિ' થયા આજ. જુઓ! આ શરીરનું કરી દયો, લ્યો! હોશિયાર છો ને! છોકરાને બહુ દબાવો છો, લ્યો! એવું સાંભળ્યું છે, હોં! કે, રાડ નખાવે છોકરાને રાડ નખાવે. એવું સાંભળ્યું હોય, અમે તો વાત સાંભળી હોય. અમે કાંઈ ગામમાં બહુ ફરતાં તો નથી. વાત આવે ને, ભાઈ! કે રાડ નખાવે છોકરાને. બહાર નીકળવા ન દે. મેં કીધું, શરીર ઉપર કરી દયો, લ્યો! શરીરને હલવી દયો આમ સરખો ટાંગો કરીને. આ જડ છે, પ્રભુ! આ તો જડ છે, ભાઈ! એને કોણ કરે? ભગવાન! આ તો રજકણ છે, ભાઈ! આ તો અજીવતત્ત્વ છે. આત્મા એનો અધિકારી નથી અહીં ઇ સિદ્ધ કરે છે. નામમાત્ર કહે છે. મફતનો અધિકાર માને છે. અધિકાર ત્યાં નથી. તારો અધિકાર તો અંદર જ્ઞાનના વેદનને પ્રગટ કર એ તારો અધિકાર છે, એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**નિત્ય છે...**' ભગવાનઆત્મા શરીર પ્રમાણે નિત્ય છે, ત્રિકાળ છે. કે કોઈ દિ' નહોતો ને છે? આત્મા કોઈ દિ' ન હોય એમ બને? એ તો નિત્ય છે, અનાદિઅનંત છે. શસ્ત્રથી છેદાય નહિ, ભેદાય નહિ. આવે છે કે નહિ? .... એ છેદાય ક્યાં? એ તો અરૂપી છે. અખંડાનંદ વસ્તુ છે. શસ્ત્ર એને અડતું નથી, શું છેદાય? ધૂળ છેદાય. શરીરના ટુકડા-બુકડા થાય એમ કહેવાય માણસને. આત્મા અખંડ ચૈતન્યજ્યોત છે, ભાઈ! એની તેને પ્રતીત ને અનુભવ તે ક્ષણમાં કોઈ દિ' કર્યો નથી. ઇ અનુભવ થઈ શકે એવો એનો અધિકાર છે. પણ શરીર આદિ બીજાના કામ કરવું એ એનામાં અધિકાર છે નહિ. શરીર જ કામ કરતું નથી. પક્ષઘાત થઈ જાય, એં..એં.. એમ થઈ જાય છે. આ અમારે બેઠા, જુઓને 'જયચંદભાઈ'. લ્યો! આમ શરીર દેખો તો કેવું લાગે ને ટાંગો ચાલતો નથી, આમ આમ. કેમ 'જેચંદભાઈ'? પણ બાપા! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! આ તો જડ ચીજ છે, આ અજીવ વસ્તુ છે. એ રજકણે રજકણ જગતનું રૂપી અજીવતત્ત્વ છે. એની દશાનું પલટવું એ તારા અધિકારની વાત નથી. પણ અજ્ઞાની માને. આ ડૉકટર-બાકટર સુધારી દેતા હશે ને? 'હરગોવિંદભાઈ'! બાયડીને શું કરવાં મરવા દીધી? પેલા છોકરા નાના હતાં ને. સમજાણું કાંઈ? કોણ મારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને કોણ મરવા દે? 'દરબાર'! છોકરા તો બિચારા નાના, છોડીઓ નાની છે કે નહિ? ડૉક્ટર હોશિયાર હોય ને કરી દે કે નહિ? બાયડીનું તો કર્યું નહિ તેં. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૧૪, સોમવાર**
**તા. ૦૪-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૧ પ્રવચન નં. ૧૯**

સમજાવ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો, **'પૂછતા હૈ કિ જિસે આપને ધ્યાન કરને રૂપસે બતલાયા હૈ...'** મહારાજ! આપે ધ્યાન કરવા લાયક આત્મા કહ્યો એ કેવો છે? આ પ્રશ્ન છે. સમજાણું? ૨૧મા શ્લોકની ઉપર મથાળું છે ને માથે? આ આત્મા જ ધ્યાન કરવા લાયક છે એટલે? લક્ષ કરવા લાયક, ધ્યેય કરવા લાયક, ધ્યાન કરવા લાયક. આ જગતમાં હિતાર્થીને, મોક્ષાર્થીને અથવા સત્યના સુખાર્થીને આત્મા ધ્યાન કરવા લાયક છે. એવું આપે કહ્યું હતું એ આત્મા છે કેવો? કોનું ધ્યાન કરવું? એ શું ચીજ છે? **'ઉસ આત્માકા ક્યા સ્વરૂપ હૈ?'** સમજાય છે? અને કેવો છે ઇ? એમ શિષ્યનો પ્રથમ પ્રશ્ન થયો. આ એનો ઉત્તર આપવામાં આવે છે.

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।**
**अत्यन्तसौख्यवानात्मा, लोकालोकविलोकनः।।२१।।**

આત્મા લોક અને અલોકનો દેખવાવાળો છે. એ શું સિદ્ધ કર્યું? પહેલું જ એ સિદ્ધ કર્યું કે, આત્મા આત્મા કરે પણ એ આત્માના જ્ઞાનના એકલી તાકાત છે કે, લોક અને અલોકને જાણે. એટલે લોક અને અલોક સિદ્ધ કર્યા. લોક ચૌદ રાજુલોક પણ છે અને ખાલી અલોક છે. જે છે એ બધું. એનો આ એક જ આત્મા જાણવાવાળો સાક્ષાત છે. એમ એ આત્માને આત્મા કહેવાય. લોકાલોકનો જાણવાવાળો છે ઇ. આ પોતાની સત્તા સિવાય બીજી અનંત સત્તાનો સ્વીકાર છે, છે એમ, પણ એની સત્તામાં પોતાનો પ્રવેશ છે કે બીજાની અનંત સત્તાનો પોતામાં પ્રવેશ છે એમ નથી.

મુમુક્ષુ :– આટલી બધી વાત કેમ નીકળી?

ઉત્તર :– આ એમાંથી નીકળી.

મુમુક્ષુ :– ઉપર લોકાલોકમાં શું છે?

ઉત્તર :– લોકાલોક. લોકાલોકની સત્તા છે. એનો આ સત્તાવાન જાણનાર છે. બસ! એટલી વાત. એ લોકાલોકની સત્તામાં આ સત્તાનો પ્રવેશ છે નહિ અને એ લોકાલોકની સત્તાનો કોઈ અંશ આત્માની સત્તામાં નથી. પણ એ લોકાલોકની સત્તાનો જાણનાર આ એક જ આત્મા છે. જુઓ! પહેલેથી એ વાત કરી. એવડો આત્મા, સર્વજ્ઞસ્વભાવી આત્મા એમ સિદ્ધ કરે છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :– અપવાદ આવ્યો.

ઉત્તર :– અપવાદ કોનો આવ્યો? ક્યાં આવ્યો અપવાદ?

મુમુક્ષુ :– અનિયત..

ઉત્તર :– અનિયત, નિયત કે દિ' છે? એ બધું જાણે છે એમાં ક્યાં પ્રશ્ન છે.

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે, આત્મા કેવો? એમ પૂછતા જ એનો ઉત્તર આપ્યો કે, આત્મા બધા લોક અને અલોકની હયાતી છે એનો સ્વીકાર જ્ઞાન કરે છે. એવી એની તાકાત છે, બસ! એનું કાંઈ કરે કે એનાથી આમાં (કાંઈ થાય) એ વસ્તુના સ્વરૂપમાં નથી. પણ લોકાલોકનો જાણનાર એક આ આત્મા એટલી એની તાકાત છે. પહેલા એ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? અન્વયાર્થમાં ઇ મેળ આવતો હશે એમને? ભાઈ! ટીકામાં એમ કર્યું ને? પાધરું ઇ જ કર્યું છે. **'લોકાલોકવિલોકનઃ .. જીવાદિ...'** પહેલું ઇ જ કર્યું છે એટલે અન્વયાર્થમાં આવતું હશે નહિ? નહિતર પહેલું સ્વસંવેદન છે. પણ આવો આત્મા એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– નજર નહિ એને એનું જ્ઞાન એવડું છે એમ કહે છે. સર્વજ્ઞ સિદ્ધ એનો આત્મા જે કહીએ, આત્મા. એટલે જ્ઞાનથી પરિપૂર્ણ સ્વરૂપ. એટલે કે લોક અને અલોકને જાણવાવાળું એ તત્ત્વ. લોકને, અલોકને બનાવવાવાળું નહિ, લોક ને અલોકમાં એક થાય એવું નહિ અને લોક ને અલોકને જાણ્યા વિના રહે એવું નહિ. સમજાણું કાંઈ?

આમ તો આત્મા.. આત્મા ઘણા કહે છે. આત્મા કરો. પણ એમ નહિ. પ્રત્યક્ષ જાણવાને લાયક તારો સ્વભાવ છે. એક રાગનું કરવું કે પરનું ભળવું કે પરથી થવું એ પરને કારણે તારું કાંઈ જ્ઞાનનું થવું એ તારા સ્વરૂપમાં નથી. લોકોલોક છે માટે જાણવાનું છે એમ પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? લોકાલોક છે માટે તું જાણનાર છો એમ પણ નહિ. એનો સ્વભાવ જ લોકાલોકને જાણવાનો સ્વતઃ સ્વભાવ પોતાનો આત્માનો છે. એક આત્માનો એટલો સ્વભાવ છે. શું સમજાણું આમાં?

મુમુક્ષુ :– તો બીજાનું કે દિ' કરે?

ઉત્તર :– કરે કે દિ'? કરતો હતો કે દિ'? માન્યતા કરે અજ્ઞાની. બધા જાણનાર (છે). કરનાર પોતાના પૂર્ણ સ્વરૂપનો. સમજાય છે કાંઈ? એ સ્વસંવેદનનો કરનાર, ઇ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વસંવેદનમાં પણ કોઈનું કરણ ને પરની અપેક્ષા ન રાખે એવું તત્ત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**અર્થ :- 'આત્મા લોક ઔર અલોકકો દેખને જાનનેવાલા, અત્યંત અનંત સુખ સ્વભાવવાલા,...'** જુઓ! બે વાત સિદ્ધ કરી. જ્ઞાન ને આનંદ બે સિદ્ધ કરવું છે ને પહેલું તો? મૂળ તો. આહાહા..! ભગવાનઆત્મા ગુરુએ જ્યારે એને બીજાને આત્માને કહ્યું કે, ભાઈ! આત્મા આવો છે. ચિંતામણિ રત્ન જેવો. એણે એકાગ્ર થાય એટલે પ્રાપ્ત થાય એવો છે, આવો છે. ઘણા વર્ણવ્યા ને એ ૨૦ ગાથામાં? ત્યારે શિષ્યને થયું કે, પણ છે કેવો આત્મા? કે, જે આત્માને અમારે ધ્યાન કરવા લક્ષમાં લઈને અંદર વેદવા લાયક છે. ઇ આત્મા તો આવડો છે. લોકાલોકના જ્ઞાન જેવડો છે, લોકાલોકના જ્ઞાન જેવડો છે, લોકાલોકને લઈને જ્ઞાન જેવડો છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત બીજે ક્યાંય જૈન સિવાય હોય નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ કહો કે આત્મા. એ આત્માને જ્યારે જ્ઞાન સ્વભાવ કહો (તો) એ જ્ઞાન સ્વભાવ કોને ન જાણે? લોક અને અલોક, વસ્તુ અને વસ્તુથી ખાલી અલોક. એ પણ એક વસ્તુ પણ ખાલી. આખી ચીજ. બધા અમાપ... અમાપ... અમાપ... અમાપ... અલોક ને લોક, એની હયાતીને જ્ઞાનની હયાતીમાં જાણનારો આત્મા. પોતે જાણનાર જાણનાર આ આત્મા. એવા અનંત આત્માઓ છે, એક આત્મા નહિ. સમજાણું કાંઈ?

પછી હતું ને અંદરમાં? અત્યંત સુખ સ્વભાવનો. એનો અર્થ કર્યો. અત્યંતનો અર્થ અનંત સુખ સ્વભાવવાળો. સમજાણું કાંઈ? અનંત સુખ સ્વભાવ સૌખ્યવાન છે. અત્યંત સૌખ્યવાન-અનંત સુખ સ્વભાવ એમ કાઢ્યું અંદરમાંથી. અનંત સુખસ્વરૂપ છે. પોતે જ બેહદ આનંદસ્વરૂપ છે. જેનો સ્વભાવ જ જ્યાં જ્ઞાન (છે) એની હદ બાંધી, એની હદ કરી, કે લોકાલોકને જાણે. હવે સુખમાં તો કાંઈ લોકાલોકને જાણ અજાણની જરૂર નથી. જ્ઞાનમાં તો વાત કરી કે, આ જ્ઞાન લોકઅલોકને જાણે એટલું અને આનંદ અનંત, આનંદ અત્યંત, એમ. આનંદ અત્યંત, કે જે આનંદનો સ્વભાવ અમાપ છે. પણ જેનો સ્વભાવ આનંદ છે એને માપ શા? એને પ્રમાણ શું? એને હદ શું? પ્રમાણ એટલે કે બસ આટલું, એમ શું?

એવો આ આત્મા. એ આત્માનું, આવો આત્મા જ્ઞાન કરીને ધ્યાન કરવું એનું નામ સાચો આત્મા કહેવાય. સમજાણું કાંઈ? અનંત સુખ સ્વભાવવાળો. સ્વભાવવાળો પાછો. ઇ સુખસ્વરૂપ જ એવું છે. અનંત આનંદમૂર્તિ નિત્યાનંદ પ્રભુ છે. આત્મા નિત્યાનંદ છે. નિત્ય આનંદસ્વરૂપ છે. એની પર્યાયમાં વિકૃતભાવ કરીને દુઃખી થાય છે એ તો દશા છે, વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ? નિત્યાનંદ પ્રભુ અનંત આનંદની સત્તાના સ્વભાવને રાખનારું તત્ત્વ છે એને આત્મા કહીએ. એ આનંદ પરથી નથી, એ આનંદ પરથી નથી, એ આનંદ લોકાલોકને જાણે છે માટે નથી એમ કહે છે. એનો સ્વભાવ જ અનંત આનંદ સ્વરૂપ જ છે એ ભગવાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! સમજાણું કાંઈ? અનંત સુખવાળો, સુખસ્વરૂપ આત્મા. અનંત બેહદ આનંદવાળો આત્મા, એને આત્મા કહેવામાં આવે છે.

**'શરીર પ્રમાણ'** ત્રીજું. શરીર પ્રમાણે છે. કોઈ કહે કે, આટલું જ્ઞાન ને આટલો આનંદ! એવું તત્ત્વ (હોય તો) એનું ક્ષેત્ર કેવડુ મોટું હશે? સમજાય છે કાંઈ? જેને લોકાલોકને જાણવાની તાકાત અને અનંત હદવાળો બેહદ આનંદ (છે) તો એની ક્ષેત્રની ક્ષેત્ર વ્યાપકતા કેટલી હશે? કે શરીરપ્રમાણ. આટલું જ્ઞાન ને આટલો આનંદ રાખે માટે આમ લોકમાં વ્યાપક થઈ જાય છે એમ નથી. એને ક્ષેત્રની અમાપતાની જરૂર નથી એના ભાવના અમાપતાની જરૂરવાળું એ તત્ત્વ છે. 'શશીભાઈ'! આહાહા..!

શરીરપ્રમાણ. ભાઈ! પોતાને કારણે, હોં! શરીરને કારણે નહિ. પોતાનું સ્વરૂપ જ શરીર જેટલું છે એટલા પ્રમાણમાં પોતાનું સ્વરૂપ જ એટલા ક્ષેત્રમાં છે. કેમ? ધ્યાન કરવા લાયક આત્મા કીધો ને? તો ધ્યાન કરવા લાયક તે અંતરમાં આમ ધ્યાન કરવું છે. એટલે એનું ક્ષેત્ર જ એટલામાં છે. શરીર પ્રમાણે એટલે એટલા ક્ષેત્રમાં ત્યાં એકાગ્ર થવું છે એને, એને આમ એકાગ્ર થાવું નથી. સમજાણું કાંઈ? શરીરપ્રમાણ. ઓહો...! આટલું જ્ઞાન ને આટલો આનંદ ને શરીર પ્રમાણે? કે, હા. શરીર પ્રમાણે જ એનું વ્યાપકપણું છે. અસંખ્ય પ્રદેશી ભગવાન શરીર પ્રમાણે પહોળો છે, એટલામાં છે. ક્ષેત્રની અચિંત્યતાની શરૂર નથી. એના ક્ષેત્રમાં એટલામાં હોવા છતાં બેહદ જ્ઞાન ને બેહદ આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. એના સ્વભાવનું એટલું સામર્થ્ય છે.

**'નિત્ય...'** છે. ક્ષણે ક્ષણે બદલાય જાય અથવા જન્મે ને મરણ સુધી આત્મા રહે એવો નથી. નિત્ય છે. બૌદ્ધ આદિ માને છે ને? એની સામે કહેશે. **'સ્વસંવેદનસે...'** હવે આવ્યું છેલ્લું. આવો આત્મા પોતાના અંતર જ્ઞાનના વેદન દ્વારા એટલે કે કોઈ બીજા સાધન વિના એમ સિદ્ધ કરવું છે. **'સ્વસંવેદનસે...'** પોતાના અંતરમાં શરીર પ્રમાણે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ પોતાથી અંતર નિત્ય વસ્તુ ધ્રુવ કીધી, હવે વેદન-પોતાના જ્ઞાનની પર્યાયથી વેદવા લાયક છે. એનો ઇ સ્વકાળ-કાળ કહ્યો. એ સ્વવેદન પોતાના જ્ઞાનથી વેદન થવા લાયક જીવ છે. એનું સ્વરૂપ જ એવું છે. એને આત્મા કહીએ. રાગ ને નિમિત્તથી જણાય એવું એનું સ્વરૂપ જ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

આત્મા આનંદ અને જ્ઞાનનો પિંડ પ્રભુ શરીર પ્રમાણે હોવા છતાં નિત્ય (છે). અને પોતે અંતર જ્ઞાન-એ જ્ઞાન સ્વસંવેદન-સ્વથી જ અનુભવ પ્રત્યક્ષ થવા લાયક છે. પોતાના જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવ થવાને લાયક છે. એવું જ એનું સ્વરૂપ છે. કોઈ કહે કે, રાગ ને નિમિત્ત ને સંયોગ ને શરીર ઠીક હોય તો આવું હોય તો આત્માનું વેદન થઈ શકે. આત્મા એવો છે જ નહિ. 'મોહનભાઈ'!

મુમુક્ષુ :- આ આત્મા..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :– આ આત્મા (થાય છે) ત્યાં સુધી વિકલ્પ છે, એમ નહિ. આ આત્મા એટલે વિકલ્પ વિનાનું આમ વેદન અંદરમાં જાય એ આત્મા. આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! અહીં તો આત્માનું ધ્યાન કરવાનું કહ્યું ત્યારે કે, આત્મા કેવો કે જેનું અમે ધ્યાન કરીએ? અને ધ્યાનવાળા તો ઘણા બધા લોકો કહે છે, ચારે કોર કહેશે ધ્યાન કરવું, ધ્યાન કરવું. અન્યમાં પણ ઘણા કહે છે ને કે ઇ ધ્યાન કરે છે. પેલા યોગીઓ જંગલમાં ધ્યાન કરે છે, પેલા ફલાણે ધ્યાન કરે છે. કોનું? કેવા સ્વરૂપનું? એ સ્વરૂપ શું છે જાણ્યું છે? એ જાણ્યા વિના ધ્યાન સસલાના શીંગડા (સમાન છે). સસલાને શીંગડા ન હોય, એનું ધ્યાન સાચું ન હોય, થોથા નીકળે. સમજાણું કાંઈ? સ્વસંવેદનથી. સમજાણું? એમ કહેતા પોતાના, જ્ઞાનના, પ્રત્યક્ષ.. મનના, રાગના અવલંબન વિના એ સીધો સ્વસંવેદન થવાને લાયક એવું એનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– સીધુ એટલે

ઉત્તર :– સીધુ એટલે રાગ ને કોઈ પણ પક્ષ રાગાદિ હતો કે કંઈક એને ટેકો મળ્યો છે એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ધ્યાનનું ફળ આવું દેખાણું?

ઉત્તર :– ઇ ધ્યાન આનું કરવું એમ કહે છે. આવો આત્મા–એનું ધ્યાન કરવું. પહેલેથી આત્મા કલ્પે કે એ રાગથી લાભ થશે ને આ ત્રણકાળ ને લોકાલોકનો જાણનાર હું નહિ ને પૂર્ણ નહિ.. એવો જે આત્મા જાણે એને ધ્યાન સાચું હોઈ શકે નહિ. થોથા નીકળે સસલાના શીંગ જેવા. સસલા સમજો છો? ખરગોશ

મુમુક્ષુ :– કૃતકૃત્ય થવાનું થાય પણ સીધોનો અર્થ શું?

ઉત્તર :– સીધોનો અર્થ કે રાગનું અવલંબન નહિ, બિલકુલ સહજ આમ કરું એવી બુદ્ધિ પણ ત્યાં નથી. છતાં કર્તા થયા વિના સ્વસંવેદન થતું નથી. સમજાણું કાંઈ?

એ વસ્તુ છે ને! એમ કહે છે, પદાર્થ છે ને! બેહદ જ્ઞાન, બેહદ આનંદ આદિ બેને મુખ્ય લીધા. એ આદિ ગુણોથી કહેવાયેલો આત્મા સ્વસંવેદનથી અને **‘કહે હુએ ગુણોંસે યોગિજનોં દ્વારા...’** એવા જ્ઞાન ને આનંદવાળો આત્મા, એવા ગુણોની પર્યાય દ્વારા **‘અચ્છી તરહ અનુભવમેં આયા હુઆ હૈ.’** લ્યો! સમજાણું કાંઈ? એવું એનું...

જુઓ! આ ‘ઇષ્ટોપદેશ’. આ ‘ઇષ્ટોપદેશ’ જે ઉપદેશમાં એમ કહેવામાં આવે કે, આત્મા આવો નથી અથવા પોતે સર્વજ્ઞ વર્તમાન નથી, સર્વને જાણવાની તાકાતવાળો અનંત આનંદ નથી, શરીરથી આગળ વિશેષ છે ને શરીર પ્રમાણે નથી, નિત્ય ન માને અને તે પોતાથી વેદાય એવો ન માને અને પરથી જણાય એ ઉપદેશ ‘ઇષ્ટોપદેશ’ નથી. ‘શશીભાઈ’! ભારે વાત, ભાઈ!

એવા કહેલા ગુણો અંદરમાં છે, એની પર્યાય દ્વારા સ્વસંવેદન–બીજાના આલંબન વિના

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતે પોતાથી વેદાય, જ્ઞેય થઈ શકે અને જ્ઞાતા થઈ શકે. પોતે જ જ્ઞેય ને પોતે જ્ઞાતા થઈ શકે એવી એની શક્તિનું સત્ત્વ છે. એના જ્ઞેય થવા માટે ને જ્ઞાતા થવા માટે કોઈ બીજાની જરૂર પડે એવું એ તત્ત્વ જ નથી એમ કહે છે. શું કીધું? સમજાણું કાંઈ? તું એવો છો જ નહિ. આહાહા..! તું એવો છો અને એમ જ છે એમ સર્વજ્ઞ પરમેશ્વરે આવો આત્મા જોયો ને એવો કહ્યો. સર્વજ્ઞ પરમેશ્વરે એવો આત્મા જોયો અને કહ્યો ને પોતે જાણ્યો. એ આત્મા પોતાના આવા બેહદ જ્ઞાન ને બેહદ આનંદ. બેહદ જ્ઞાનની લોકાલોકની પ્રમાણતા કરી. આનંદમાં કંઈ નહિ, આનંદ તો પોતે પોતાનો છે. જ્ઞાન પ્રમાણે આનંદ છે. એવું આનંદનું ધામ ગુણો દ્વારા, અપને ગુણો દ્વારા–પોતાના ગુણ દ્વારા એટલે ગુણની પર્યાય દ્વારા, એ ગુણ દ્વારા ગુણી એટલે એની પર્યાય સીધી રાગ અને વિકલ્પના આશ્રય વિના એકદમ પોતાના ગુણ દ્વારા ગુણી જણાય, ગુણ દ્વારા એટલે પર્યાય દ્વારા એનો અર્થ અને પર્યાય ગુણ-ગુણીની એકતા, ગુણ દ્વારા ગુણી જણાય એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ હરખજમણ જમાડાય છે. આહાહા..! એ તમારે હરખજમણ હોય છે ને? આહાહા..! જુઓ! વીસ ગાથા કીધી, પછી આ એકવીસમી આ લીધી. આહાહા..!

ભગવાન! તું કેવો છો? એની જ્ઞાનની દોર પણ જ્ઞાનમાં ન બંધાય, આવો છે એવું જ્ઞાન જ્યાં સુધી નક્કી ન કરે ત્યાં સુધી એને અંતર્મુખ સ્વતઃ વળવાની તાકાત ખીલે જ નહિ. સમજાણું કાંઈ? કોઈ કહે કે પણ ત્યારે આ કેમ અમને થતું નથી? પણ એનો અર્થ છે કે, ક્યાંક એને વિકલ્પના સાધનથી, વિકલ્પમાં પ્રેમ, મીઠાશ, કંઈક પણ પરચીજમાં મીઠાશની લીનતા વિના આ કાર્ય થતું નથી એનો હેતુ ઇ છે. સમજાણું કાંઈ? 'ચંદુભાઈ'! આ તો એકદમ ચૈતન્યના રણમાં ઉતરવાની રીત છે.

ભગવાનઆત્મા ક્ષેત્રે આવડો છતાં જ્ઞાને, આનંદે અમાપ (છે). તે પોતે નિત્ય અને શરીર પ્રમાણે રહેવા છતાં ઇ પોતે પોતાથી જણાય એવી જ એની જાત છે. એ પરજાત–રાગાદિ પરજાત વિકલ્પ ને શરીર, વાણી આદિ એ પરજાત, એનો તો એમાં અભાવ છે. એવા અભાવ દ્વારા જણાય એવી એ ચીજ નથી, એમ સિદ્ધ કરે છે. એનામાં ભાવ જે છે એમ કીધું ને? **'ગુણોંસે યોગિજનોં દ્વારા...'** જે એનામાં ભાવ છે (અર્થાત્) જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, વિભુતા છે, પ્રભુતા છે એવા અનંત પોતાના ગુણો છે, ભાવ છે, એ ભાવ દ્વારા જણાય. એ ભાવ શબ્દે એ ગુણ એટલે પર્યાય. એ પોતાના ભાવ દ્વારા જ ભાવવાન જણાય એવું એ તત્ત્વ છે.

મુમુક્ષુ :– નિર્મળ પર્યાય હોય તેના દ્વારા જણાય.

ઉત્તર :– ઇ નિર્મળ પર્યાય એનો ભાવ દ્વારા એ ભાવ એવો એ દ્વારા જ જણાય એવું જ એ તત્ત્વ છે. બીજું એવું તત્ત્વ બીજી રીતે છે જ નહિ એમ અહીં કહે છે. આહાહા..! કેટલા મંદિર બનાવ્યે આ સમજાય. પહેલેથી ના પાડે છે. અમારે આ કહે છે કે બધું થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહ્યા પછી કહો. તમારે બધાને થઈ ગયું છે પણ એને બાકી રહી ગયું છે. આ કેમ નથી આવ્યા સવારમાં? આહાહા..!

શિષ્યે કહ્યું, પ્રભુ! એ શ્રદ્ધા ઉત્પન્ન થઈ. ત્યારે પૂછ્યું, ઇ આત્માનું સ્વરૂપ કેવું છે એ જેને અમે લક્ષમાં લઈએ? ઇ તે કેવું સ્વરૂપ છે? ઇ એવું સ્વરૂપ છે. આહા..! પોતે જ્ઞેય થઈ શકે ને પોતે જ્ઞાતા, પોતે જ્ઞાતા દ્વારા જ્ઞેય થઈ શકે એવું એ સ્વરૂપ છે.

મુમુક્ષુ :– અનુભવી એમ કહે છે.

ઉત્તર :– અનુભવી નહિ, એનું સ્વરૂપ જ આવું તારું છે એમ કહે છે. ધર્મી કહે છે કે પણ તમારું સ્વરૂપ જ આવું છે એમ કહે છે. 'જ્ઞાનચંદજી'! ભાઈ! તારી જાત જ એવડી ને એટલી છે. એવી છે, કે ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપે ભરેલું અંતરમાં જ્યાં એકાગ્ર થાવું છે તેનું ક્ષેત્ર એટલું જ છે પણ તે એકાગ્રતામાં પોતાનો ભાવ જે ભરેલો છે એ દ્વારા જ એકાગ્ર થાય છે. એ ભાવ દ્વારા એટલે પર્યાય દ્વારા. એ સીધી પોતાની પર્યાય સીધી એટલે અંદર વિકલ્પ ને રાગ ને નિમિત્ત ને કાંઈ પણ હતું માટે આમ થયું, આ હતું તો આ ભાવ (થયો), આ હતું તો આ (ભાવ થયો) એવું સ્વરૂપમાં નથી. આહાહા..! વાત તો વાત છે ને પણ! ઓહોહો..!

ભાઈ! તું આવડો છો ને! એથી ઓછો કલ્પીશ તો હાથમાં નહિ આવે ઇ. 'ચંદુભાઈ'! આથી બીજી રીતે કંઈ પણ જો આત્માને કલ્પયો તો આત્માનો પત્તો નહિ આવે. આહાહા..! સમજાણું કાંઈ? ઢંઢેરો પીટીને 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી'એ જગતની પાસે જાહેર મુક્યું છે, આ કાંઈ ગુપ્ત રાખવાની ચીજ નથી. અરે..! ભાઈસાહેબ! પેલો અમારો વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... નાશ થાય છે. સાંભળને! એ વ્યવહાર વડે પ્રાપ્ત થાય એવું એ તત્ત્વ જ નથી એમ કહે છે, ભાઈ! આહાહા..! સાંભળ તો ખરો. એટલી મોટપ લક્ષમાં નહિ આવે ત્યાં સુધી વીર્ય અંદર નહિ વળે. આહાહા..! સમજાણું કાંઈ? એ 'જેચંદભાઈ'! આ ભારે ભાઈ! ત્યારે હું આ મંદિર કરાવ્યા મોટા? મંદિર ને આ બધું. આવું કરો ને વળી પાછું આવું કહો, બે મેળ ખાતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :– કોને?

ઉત્તર :– અજ્ઞાનીને. ભાઈ! એ શુભભાવ હોય ત્યારે એવા નિમિત્તમાં લક્ષ જાય. એ વસ્તુ હો પણ એ વડે અંદરની ચૈતન્યની પ્રાપ્તિ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશદાર્થ :–** જોયું? વિશેષ અર્થ ન કરતા વિશદાર્થ કર્યો છે. વિશદ વધારે સ્પષ્ટ, એમ. આહાહા..! અહીં તો આઠ વર્ષની બાળીકા હોય કે સો વર્ષની ડોસી હોય કે આઠ વર્ષનો છોકરો હોય કે સો વર્ષનો અમલદાર બુઢો હોય, આ આત્મા આવો બધાનો છે. એને શરીર ને ફરીરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'જીવાદિક દ્રવ્યોંસે ઘિરે હુએ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આકાશકો લોક...**' હવે લોકાલોકની વ્યાખ્યા કરે છે. લોકાલોકનો જાણનાર કહ્યો ને? કેવો લોક? કે જેમાં જીવ આદિ દ્રવ્ય ભરેલા છે. ઘિરે હુએ એટલે ભરેલો છે. એને લોક કહીએ. જેમાં છ દ્રવ્યો છે એને લોક કહીએ. જુઓ! એ છ દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું. એને લોક કહીએ. લોકનો એ જાણનાર છે. સમજાણું કાંઈ? છે ને અંદર '**जीवाद्याकीर्णकाशं ततोऽन्यदलोकः**' ટીકા ઠીક કરી છે. સમજાણું કાંઈ? હવે લોક અને અલોકનો જાણનાર આત્મા (કહ્યો) તો લોક એટલે શું? કે લોક એટલે જેમાં ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજુલોકમાં જીવ અને જડ છ દ્રવ્યો હોય છે, એને લોક કહેવામાં આવે છે. એ લોક છ દ્રવ્યથી ભરેલો છે. અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આકાશના પ્રદેશ. અહીં ... છે.

'**ઔર ઉસસે અન્ય સિર્ફ આકાશકો અલોક કહતે હૈં.**' સિર્ફ એટલે ખાલી એમ. ખાલી (એટલે) આ જીવ ને જડ જેમાં નથી. ખાલી ભાગ... ખાલી ભાગ... ખાલી ભાગ... એવું જ અસ્તિત્વ છે. લોકનું અસ્તિત્વ આ બધા દ્રવ્યોથી ભરેલું અસ્તિત્વ છે. અસ્તિત્વ એટલે હોવાપણું. અલોકનું હોવાપણું અમાપ અને આ દ્રવ્યનો એમાં અભાવ. અલોકનું હોવાપણું ક્ષેત્રથી અમાપ અને આ દ્રવ્યોનો એમાં અભાવ. એટલે અલોકની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આ લોક જેમાં ચૌદ બ્રહ્માંડ જીવો આદિ ભર્યા (છે) એને લોક કહીએ, એનાથી ખાલી તેને અલોક (કહે છે).

'**ઇન દોનોંકો વિશેષરૂપસે...**' બન્નેને વિશેષરૂપે-ભેદ પાડીને, એમ. '**ઉનકે સમસ્ત વિશેષોંમેં રહતે હુએ...**' એમાં બધા જેટલા ભેદો દ્રવ્ય ગુણ પર્યાયના બધા અહીં પડ્યા છે '**જો જાનને દેખનેવાલા હૈ,...**' એ બધાને જાણવા-દેખવાવાળો છે. જેટલા વિશેષો જગતમાં પડ્યા છે, અલોકમાં, આકાશમાં પણ જેટલા એના ગુણો ને એની પર્યાયનું બધું જે વિશેષ ભર્યું છે અને અહીં પણ જેટલા દ્રવ્યો જીવ, અનંત આત્માઓ, પરમાણુ એનું વિશેષ, ગુણ, પર્યાય બધું. જોયું? પેલા કહે કે સામાન્ય દેખે ને વિશેષ ન દેખે, કેટલાક એમ કહે છે. અરે..! ભગવાન! શું તેં કર્યું? ભાઈ!

એથી બે શબ્દ વાપર્યા. '**ઇન દોનોંકો વિશેષરૂપસે...**' એટલે બધાના ભેદ પાડીને. લોક ને અલોક ભેગું એમ નહિ. લોક જુદો, અલોક જુદો અને પાછા એમાં રહેલા દ્રવ્યોના બધા ગુણ, પર્યાયો જે ભિન્ન ભિન્ન છે, એક એક આત્મા ભિન્ન, રજકણે રજકણ ભિન્ન, એક એકના ગુણે ગુણ ભિન્ન, એની પર્યાયે પર્યાય ભિન્ન. સ્વાધ્યાય કરતાં નથી. અરે..! સ્વાધ્યાય કરે ને શાંતિથી... ભાઈ! સમજ્યા ને? અને આમ ને આમ તકરાર કરે છે. અધ્યાત્મના શાસ્ત્રનો અભ્યાસ ન મળે. પેલા શાસ્ત્રના અભ્યાસમાં વ્યવહારની દૃષ્ટિ પોષાય ગઈ હોય. હવે એ દૃષ્ટિએ બધું વાંચે તો એને બાપા કેમ ઠીક પડે? એને વસ્તુ હાથ નહિ આવે. સમજાણું કાંઈ? વ્યવહારના લખાણ કેટલા આવે! લ્યો! કેટલા સાધન, કેટલા સાધન. ઓહોહો..! અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે સાધનથી પ્રગટે એવો એ આત્મા છે જ નહિ.

મુમુક્ષુ :– ક્યારે પણ એને વ્યવહાર સાધન કીધું?

ઉત્તર :– પણ નક્કી એનાથી થયું ત્યારે એને વ્યવહાર (કહ્યો), વ્યવહાર એટલે અભાવ. આમાં અભાવ, ભાવથી પ્રગટ્યો ન હોય એ એમાં અભાવ છે. ત્યારે અભાવનું જ્ઞાન થયું કે છે બીજી ચીજ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો પ્રમાણસિદ્ધની વાત છે. પ્રમાણ.. પ્રમાણ ઇ છે ને એમ કહે છે. આવે છે ને 'જયધવલમાં'? નહોતું આપણે કર્યું એક? મુનિઓને તો એક પોતાનું પ્રમાણ તે જ પ્રત્યક્ષ છે. પોતાનું પ્રમાણ તે જ પ્રમાણ છે, બીજું પ્રમાણ નહિ. સમજાણું કાંઈ?

**'જો જાનને દેખનેવાલા હૈ,...'** આ જુઓ! એકલો જાણવા-દેખવાવાળો નહિ. આવા લોક અને અલોકમાં રહેલા વિશેષો જેટલા પ્રકારો, જેટલા ભેદો (છે એ) બધાને જાણવા દેખવાવાળો છે. એક એક દ્રવ્યના અનંતા ગુણો ને ભેદને જાણવાવાળો. એક એક ગુણની એક એક પર્યાય એવી અનંતી પર્યાય એક સમયે એને જાણવાવાળો આ. ફેરવવાવાળો નહિ, કરવાવાળો નહિ ને એનાથી થવાવાળો નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! એણે પોતાના તત્ત્વનું માહાત્મ્ય, માહાત્મ્ય એનું કેટલું એને ખ્યાલમાં આવ્યું નહિ. આવું કહે તો, નહિ... નહિ... નહિ. રાગ હોય તો થાય. તારું માહાત્મ્ય હણાય જાય છે, પ્રભુ! તું એવો નથી. આહાહા...! એ... 'પોપટભાઈ'! પૈસા-બૈસા હોય, કાંઈક સાધન હોય, ખાવા-પિવાનું હોય, નીરોગતા હોય, કાંઈ હવા-પાણી હોય, જંગલમાં હોય, નિર્જર આમ પાણીમાં બેઠા હોય, જંગલમાં ઝાડ ખુલ્લા હોય ત્યારે ધ્યાન થઈ શકે. એકાંત હોય, માણસનો કોલાહલ ન હોય.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :– એ લખ્યું બધી વ્યવહારની વાતું. હવે તારે કેવો કલ્પવો છે? આહાહા..! સમજાણું કાંઈ? એ બધાને જાણવા-દેખવાવાળો છે. એ બધી ચીજો જે કીધી કે આ સગવડતા ને ફગવડતા, એનું સાધન લઈને સમજે એવો ઇ નથી. એ બધા છે એમ એને જ્ઞાનમાં, જાણવામાં, દેખવામાં આવે એવો એ છે. સમજાણું કાંઈ?

**'ઐસા કહનેસે 'જ્ઞાનશૂન્યચૈતન્યમાત્રાત્મા' જ્ઞાનસે શૂન્ય સિર્ફ ચૈતન્યમાત્ર હી આત્મા હૈ,...'** એકલો જાણે નહિ, જાણે નહિ, જાણવું નહિ. જાણવું તો દુઃખદાયક છે એમ કેટલાક માને છે. **'એસા સાંખ્યદર્શન...'**નો નિષેધ કર્યો. જાણવું રહી જાય? જાણવું તો ઉપાધિ (છે). અહીં જાણવું વળી ન્યાં પણ જાણવું? ભાઈ! જાણવું તો એનું સ્વરૂપ છે અને એ પોતામાં રહીને લોકાલોકને જાણે છે. લોકાલોકમાં જઈને, લોકાલોકરૂપે થઈને કે લોકાલોક છે માટે જાણે એમ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા પોતામાં રહીને એ જાણે અને એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવું એનું સ્વરૂપ છે. એને કાઢી નાંખ તો આત્મા નહિ રહે.

કેટલાક એમ કહે છે, આ જાણવું આવું જાણવું છોડી દ્યો. અહીં પાંચ-પચ્ચીસ ઘરના માણસમાં જાણવામાં રોકાય જાય તો કેટલી ઉપાધિ (છે, તો) લોકાલોકનું આવું જાણવું (એમાં) કેટલી ઉપાધિ! અરે..! સાંભળને! ઉપાધિ જાણવામાં હશે કે ઉપાધિ રાગ કરતો એમાં હશે? આહાહા..! એમ કે ઘરના દસ માણસ હોય, પચ્ચીસ માણસ છે એમ ઓળખવામાં વાંધા પડે. 'ફાવાભાઈ'! ભાણિયાને ઓળખાય નહિ, લ્યો! અહીં રહેતો હતો કેટલા દિવસથી. આ લોકાલોકને જાણવું, આ કેટલી ઉપાધિ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બધા થઈ ગયેલાને અમારે. એક ફેરી પૂછ્યું હતું કીધું આનું નામ શું? મને ખબર નથી. ભાણીયો એનો છે ને? એકની એક દીકરી એનો દીકરો. અહીં રહેતો હતો.

આ તો કહે છે કે, લોકાલોકને જાણનાર આત્મા છે છતાં ઉપાધિ નથી, એનો સ્વભાવ છે. એ ચીજને જાણતો નથી, જાણનારને જાણે છે ઇ. આહાહા..! જાણનાર તત્ત્વ જ આવડું છે. લોકાલોકને જાણવાવાળું જ્ઞાન તેના જ્ઞાનને જાણે એવું એ તત્ત્વ છે. આહાહા..! એવા આત્માની આટલી ચીજ છે ને આવો છે એ વાત એને ખ્યાલમાં આવી નથી. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! જાત્રા ને ભક્તિ... લ્યો! આ ચૈત્ર પુનમ કાલે છે ને? કેટલા (લોકો) જાત્રાએ જાય છે, લ્યો! ઇ બિચારા અહીં આવે ત્યારે અહીં કહે કે જાત્રાથી ધર્મ ન થાય. હાય! હાય! રાડ નાખે કે નહિ બિચારા? દાન માટે પૈસા કેટલા ખર્ચે! કેટલા પૈસા ખર્ચે! દરરોજ અહીં પૈસા આવે છે. બાર મહિને કેટલા પૈસા આવે છે! અહીં વળી કહે કે એ પૈસાના દાનથી ધર્મ નહિ થાય, હોં! ઓ..ય! પૈસા તો જડ છે અને એમાં રાગની મંદની તેં કરી હોય તો એ પુણ્ય છે અને એ પુણ્ય કંઈ આત્માના સ્વસંવેદન કરવામાં બિલકુલ મદદ કરતું નથી. ઇ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! એ... 'પોપટભાઈ'! એણે આત્મા કેવો એ સાંભળ્યો નથી અને વાતું કરે આત્મા આવો. અરે..! સાંભળ રે..! સાંભળ..! આહાહા..! ભગવાન સર્વજ્ઞે આત્માને એવો જોયો ને એવો ઇ છે એવો તારા ખ્યાલમાં આવે તો આત્માનું ધ્યાન યથાર્થ થઈ શકે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... બધાને હોય છે?

ઉત્તર :- આ ચીજ છે, જોવે ઇ આ છે, બસ.

**'જ્ઞાનસે શૂન્ય...'** એ તો જ્ઞાનસ્વરૂપ છે ને! પેલો કહે, જાણવું ઉપાધિ (છે).અરે...! સાંભળ! સાંભળ! જાણવું તો સ્વભાવ છે. અનંત લોકાલોકના વિશેષોને ભેદ પાડીને જાણે એ તો નિરૂપાધિ એનો જ્ઞાનનો સ્વભાવ છે. એ અનંત જાણવું એ ઉપાધિ નથી, એનો નિરૂપાધિ સ્વભાવ છે. આહાહા..! એ.. 'શશીભાઈ'! લોકાલોકને જાણવું એટલે કોઈ કહે, ઓહોહો..! કેટલું એને યાદ રાખવું હશે. યાદની ક્યાં વાત છે અહીંયાં? એનો સ્વભાવ જ એવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતામાં રહીને લોકાલોક ઉપર લક્ષ કર્યા વિના પોતાના જ્ઞાનની જ્યાં વિકાસ શક્તિ જ એવડી થઈ ગઈ છે. એવડી જ એની શક્તિનું સત્ત્વ એ છે કે નિરૂપાધિપણે લોકાલોકને જાણે એ ઉપાધિ છે નહિ. એટલે કે એનો એ તો ગુણ છે. નિરૂપાધિ એટલે એ તો એનો ગુણ છે. એના જ્ઞાનગુણનો ગુણ છે. જ્ઞાનગુણનો ગુણ છે કે જાણવું બધું. એ જાણવું જાજું માટે ઉપાધિ થઈ ગઈ એને આત્માના જ્ઞાનગુણનું સામર્થ્ય કેટલું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'તથા 'બુદ્ધયાદિગુણોજ્ઝિતઃ પુમાન્'...'** યોગ દર્શન કહે છે. **'બુદ્ધિ સુખ દુઃખાદિ ગુણોંસે રહીત પુરુષ હૈ, એસા યોગદર્શન ખંડિત હુઆ સમઝના ચાહિયે.'** યોગદર્શનમાં કહે છે કે, બુદ્ધિ ને સુખ ને દુઃખ જેમાં હોતા નથી એને આત્મા કહેવો. એ ખોટી વાત છે. જ્ઞાન ને આનંદ બન્ને હોય છે તેને આત્મા કહીએ. આહાહા..! જુઓ! આ આત્મા આત્મા તો વાત ઘણા બધા બોલે છે અને હવે તો વળી બહુ ચાલ્યું છે. આપણે અહીં ત્રીસ વર્ષ થઈ ગયા અહીંથી બહાર પુસ્તકો એટલા પડ્યા ને લોકો હવે આત્માની વાતો કરવા માંડ્યા. અન્યમતિમાં પણ, ન્યાં આત્મા આત્મા કરે છે, લાવો હવે આપણે આત્મા કહીએ. પણ આત્મા કેવો અને કોણ? એ સમજ્યા વિના આત્મા (કરે). શું આત્મા?

મુમુક્ષુ :– ભગવાન જાણે.

ઉત્તર :– આહા..! ભગવાન તો જાણે છે પણ તું કોણ છો?

મુમુક્ષુ :– એ પણ ભગવાન જાણે.

પોતાની પુંજીની કેટલી તાકાત છે એની એને ખબર ન મળે અને એ બેખરાને આત્મા હાથ આવતો હશે? કોઈ ચીજ ક્યાં છે અને ક્યાં પડી છે અને કેટલી છે? એ મને ખબર નથી. એ તો એમ ને એમ હાથ આવે. ધૂળમાં નહિ હાથ આવે ન્યાં. એમ આ ચીજ ક્યાં છે? એટલે ક્ષેત્રે. કેવી છે ને કેટલા ગુણવાળી ને કેવા સ્વરૂપે છે? ખબર નથી. 'જમુભાઈ'! આંખો મીંચીને ...

મુમુક્ષુ :– ....

ઉત્તર :– નામ એમાં શું થયું? નામનો ભાવ છે એ તો ખ્યાલ નથી. આહાહા..!

કેટલાક કહે છે કે બુદ્ધિ અને સુખ દુઃખ આદિ પર્યાય છે ને? દુઃખ વિકૃત, એનાથી રહિત છે. નહિ, સુખની પર્યાય ને સુખના ગુણ ને જ્ઞાનના ગુણની પર્યાય સહિત તત્ત્વ છે. સમજાય છે? **'ઐસા યોગદર્શન ખંડિત હુઆ સમઝના ચાહિયે.'**

**'ઔર બૌદ્ધોંકા 'નૈરાત્મવાદ'...'** એટલે આત્મા વિનાનો વાદ **'ભી ખંડિત હો ગયા.'** આત્મા નથી એમ બૌદ્ધ કહે છે. આત્મા નથી. આત્મા આખો નિત્ય (છે). નહિ નહિ. એ આત્મા ત્રિકાળ છે કે નહિ એ અમે કાંઈ કહેતા નથી, એમ કહે છે. બૌદ્ધ આખો મોટો છે ને? અત્યારે તો ઘણો પક્ષ છે નહિ? ઇ જ છે ને ઘણું નહિ? આ ચીનમાં.. ચીનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ, મોટા દેશમાં બૌદ્ધ છે, ખ્રિસ્તીથી મોટો ઇ છે, નહિ? બૌદ્ધો અત્યારે છે. ક્રિશ્ચયન કરતા બૌદ્ધ (વર્ગ) મોટો (છે). પૂછો બૌદ્ધને કે, આત્મા નિત્ય છે કે નહિ? ઇ કંઈ નહિ.

આત્મા ત્રિકાળ છે, ત્રિકાળ જ્ઞાન ને આનંદવાળું ત્રિકાળ તત્ત્વ છે. એમ નહિ માનનારા બૌદ્ધનો નિષેધ (થયો). બૌદ્ધ એટલે આ તો ન્યાય આપ્યો. પણ એ રીતે એ આત્માને જાણતા નથી.

**'ફિર બતલાયા ગયા હૈ કિ 'વહ આત્મા સૌખ્યવાન્ અનંત સુખસ્વભાવવાલા હૈ'.'** ભગવાન અનંત આનંદવાળો છે, અનંત આનંદસ્વરૂપ છે. જેમાં અનંત આનંદના ઢાળા પડ્યા છે. સમજાય છે કાંઈ? આ મોહનથાળના ચોસલા નથી પાડતા? એને શું કહેવાય? લોઢાની શું કહેવાય? ચોકડી ચોકડી, ચોકી ચોકી. પછી આમ કરે છે ને? મોહનથાળ ને મેસુબ ને આમ લહલહતો કરીને નાખે. એને ખબર હોય વધારે.

મુમુક્ષુ :- માવો નાખીને કરે.

ઉત્તર :- માવો નાખીને. જુઓ! ઇ વધારે નાખ્યું. પાછો માવો નાખીને ઇ આમ ચોસલા પાડે હજી તો કે લઉ કે ન લઉ આમ અંદરથી.. અને હજી તાજા આમ છરી મારે ને? છરીથી ચોસલા પાડે. પહેલો તો પોતે જ ઉપાડે. એ તો કહે છે, બાપુ! બહારની વાત, ભાઈ! આ તારો આત્મા અસંખ્યપ્રદેશી ચોકી (છે). એમાં અનંત આનંદ ભર્યા છે, ભાઈ! એને એકાગ્રતાના ભાવથી એને અનુભવ એ તારી તાકાત છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધું છોકરાઓનું ભણવા-બણવાનું ક્યાં જતું હશે? 'બીપીન'! ઇ ભણવા-બણવામાં ક્યાંય ન આવ્યું હોં! એની કિંમત પણ ન આવી, નહિ? કહો! બોર્ડિંગમાં ભણાવે છે. 'મલૂપચંદભાઈ'. આહાહા..! ભાઈ! કરવા જેવું તો આ છે, બાપા! એ વચ્ચે બધું ભલે હો. આહાહા..!

અસંખ્યપ્રદેશી ચોકી છે આમ અંદર એટલામાં જ છે આખો. આનંદના દળથી ભરેલો છે. આમ આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદ, સિદ્ધનો આનંદ એવું તારું સ્વરૂપ જ છે. દુઃખની ગંધ નથી, રાગનો સ્પર્શ નથી, શરીરનો સંયોગ જેનામાં છે જ નહિ. સંયોગી ભાવ, વિકલ્પ છે ઇ સંયોગીભાવ, સ્વભાવ ભાવ નહિ. સંયોગ ભાવે સ્વભાવ જાગ્રત થાય એવો એ નહિ, એવો ઇ નમાલો નહિ. આહાહા..! એ સ્વભાવ જ એટલો એવો છે. અનંત અનંત, બેહદ આનંદ, બેહદ આનંદ. દુઃખની પર્યાય તો એક સમયની અલ્પ છે. આ તો આનંદ જેનો સ્વતઃ સ્વતઃ સ્વભાવ, સ્વતઃ સ્વભાવ એવો બેહદ આનંદસ્વરૂપ આત્મા છે.

**'એસા કહનેસે સાંખ્ય ઔર યોગદર્શન ખંડિત હો ગયા.'** સાંખ્ય કહે છે કે નહિ? એ આનંદ ન હોય. બધાને સુખ-દુઃખ ભોગવવાનું ન હોય. એમ. ખોટી વાત. **'ફિર કહા ગયા કિ વહ 'તનુમાત્રઃ' 'અપને દ્વારા ગ્રહણ કિયે ગયે...'** દેખો! ભાષા કેવી લીધી છે! **'અપને દ્વારા ગ્રહણ કિયે ગયે શરીર-પરિમાણવાલા હૈ.'** એની યોગ્યતા પ્રમાણે શરીર એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગ્રહ્યું છે એટલે નિમિત્તપણે આવ્યું છે એમ કહે છે. પોતાની લાયકાત હતી ને એ પ્રમાણે શરીર ત્યાં આવ્યું છે. એટલા શરીર પ્રમાણે પોતે છે. ભાષા જુઓ! આહાહા..! **शरीरपरिमाणः** એમ છે ને? સંસ્કૃતમાં છે. `**कीदशस्तनुमात्रः स्वोपात्तशरीरपरिमाणः।**' '**स्वोपात्त**' એટલે શું સમજાણું? કે, એણે ગ્રહ્યું છે એટલે એ વખતે એના શરીર પ્રમાણે રહેવાની લાયકાતમાં રહ્યો છે એવું એ શરીર. છતાં એ શરીરથી જુદો છે. શરીર પ્રમાણે એમ કહેવું છે ને? શરીર પ્રમાણે શબ્દ છે ખરો ને? સમજાણું?

'**તનુમાત્રઃ**' છે ને? તનુમાત્ર શબ્દ છે ને મૂળમાં? એટલે તનુમાત્રની વ્યાખ્યા કરી. ક્યું તન? પાછું એમ. ક્યું તન? કે જે આ ગ્રહવામાં એટલે અહીં જાણવા આ ચીજ અહીં જે છે એ તન. એ તન પ્રમાણે ભગવાનઆત્મા છે અંદર. આહા..! અરે..! એના ઘર જોયા તો નહિ એણે પણ ઘરને સાંભળ્યા નહિ કે, તારું કેવું ઘર છે? આમ પાંચ લાખનું ઘર કરે તો આમ ખુશી ખુશી થઈ જાય. આમ જોયા જ કરે... જોવા બોલાવે. ચાલો... ચાલો... ચાલો... ચાલો જોવા. કેવા ઘર થયા છે. વાસ્તુ કરવાનું છે, વૈશાખ સુદ ત્રીજે વાસ્તુ કરવું છે, કહે છે. પેલું નહોતું વાસ્તુ કર્યું? વૈશાખ સુદ એ કાંઈક બીજી હતી. પેલો 'ખીમચંદ' ફોટોગ્રાફિ. ફોટોગ્રાફિ નહિ? સાંઈઠ હજારનું મકાન તે દિ' (સંવત) ૧૯૮૯ની સાલ. વર્ષ કેટલા થઈ ગયા? ૩૩. ફોટોગ્રાફિ હતા ને 'ખીમચંદ' ફોટોગ્રાફિ. સાંઇઠ હજારનું મકાન કર્યું. તે દિ' સાંઈઠ હજારનું એટલે? ફરી ગયા કેટલા વર્ષ. હવે અત્યારે તો રૂપિયો થઈ ગયો ત્રણ આનાનો. સાંઈઠ હજારનું મકાન! આહાહા..! દિવાનને બોલાવેલા, 'જુનાગઢ'ના દિવાનને. ઓળખીતા હતા ને? પહેલી વાત થઈ ગયેલી. એક બે વાર વ્યાખ્યાનમાં આવેલા પછી કહે ભાઈ! આ મહારાજનું જુઓ! તો કેટલું માણસ આવે છે ત્યાં! ત્રણ ત્રણ હજાર માણસ! બધી ખબર છે. હું આવ્યો છું વ્યાખ્યાનમાં. બધો જોગ પણ આ મારે પીલું ટાણે ટાંક પાકી. મારે આ બરાબર મકાનનું વાસ્તુ કરવું. એય..! એક જ્યોતિષે કહ્યું છે કે ૮૪ વર્ષનું આયુષ્ય છે. એટલે એમ થયું. ત્યાં એ જોવા ગયા. આમ ફરતા ફરતા આમ આમ જોવે છે... કાંઈક મને થાય છે. ફટ દઈને...

મુમુક્ષુ :– એક બે ડૉકટર આવ્યા, ઇન્જેક્શન આપ્યું.

ઉત્તર :– આપ્યાથી શું થયું પણ દાણિયા થયા એના? કટેલી ઉંમર? કે ૪૮. ફરી ગયો ચોગડો. આમ ૮૪ વર્ષનું આયુષ્ય છે, વાત સાચી છે. મહારાજ આવ્યા છે ને. આહાહા..! ત્રણ ત્રણ હજાર માણસ તે દિ' તો. ભોજનશાળા રાજકોટ. શું કહેવાય? દશા શ્રમાળીનો વંડો. ત્રણ ત્રણ હજાર માણસ. આમ હકડેઠાઠ... મોટરો સુધરેલાની ભરાય, કલાક કલાક પહેલા! (સંવત) ૧૯૮૯ની સાલનું ચોમાસુ. અરે..! આ મહારાજનો જોગ (છે). બધી ખબર છે મને. મહારાજનો જોગ... ફરીને આવે નહિ પણ હવે મારે આ થયું, શું કરવું? જ્યોતિષે કહ્યું છે, પછી થાશે, ૮૪ વર્ષ છે. ત્યાં ૪૮માં પતી ગયું. અમે બહાર હતા તે દિ'. પેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'વિનયચંદ', પેલા 'મોરબી'વાળા નહિ? એની સામે. એમાં આમ નીકળ્યો વરઘોડો–સમશાન જાત્રા. પણ ગૃહસ્થ માણસ હતા ને એટલે માથે મડદા ઉપર બહુ ઊંચી સાખ એકદમ થયું. પૈસાવાળો માણસ. નદિને પેલે કાંઠેથી આમ સાટમ દેખાય. ઓહો..! કોણ છે આ તે? મડદું ને માણસો, અનેક માણસો. કોણ મરી ગયું? કોણ છે? એમાં તાકડે આ 'ગુલાબચંદ પારેખ' હતા ને? ભાઈ! આ .. દાદા. ઇ બાળતા હતા ત્યાં આવ્યા, મારી પાસે. આ 'ખીમચંદભાઈ' ગુજરી ગયા. માણસ ઘણું, ઊંચામાં ઊચું ઠાઠડી ઉપર સાટમ નાખેલી. આખી ઠાઠડી પ્રમાણે, હોં! ધૂળ ધાણી ને વાહ પાણી, શું છે પણ આમાં? ન્યાં નજીક છે ને, આમ. ત્યાં બાળતા હતા. ત્યાં ભાઈ આવ્યા 'ગુલાબચંદ'. આહાહા..! આ દશા કીધું જુઓને સંસારની. હજી પછી કરશું. થઈ ગયું પછીનું પછવાડું. ભવ બદલી ગયા, ભવ બદલી ગયા. આહાહા..!

કહે છે કે શરીર ગ્રહ્યું છે એ પ્રમાણે તારો આત્મા છે અત્યારે, એમ કહે છે અહીં. એ શરીર છૂટે તો ઇ શરીર પ્રમાણે આત્મા તારો એટલો રહેશે, અવગાહન એટલું છે, અવગાહન એટલું છે એમ કહે છે.

**'ઐસા કહનેસે જો લોગ કહતે હૈં કિ 'આત્મા વ્યાપક હૈ' અથવા 'આત્મા વટકણિકા માત્ર હૈ'...'** વટકણિકા એટલે વડના બીજ જેવું એમ કહે છે ને કેટલાક? વડના બીજ જેવું. આ ... આત્મા એ ... એમ કહે છે. વટકણિકા છે ને? **'ઉનકા ખંડન હો ગયા. ફિર વહ આત્મા 'નિરત્યયઃ' 'દ્રવ્યરૂપસે નિત્ય હૈ'...'** દ્રવ્યથી તો કાયમ (રહે છે). શરીર ભલે પલટો, રાગ-દ્વેષ પલટો, અંદર પલટા મારો અનંતા પણ એ વસ્તુ તરીકે તો ત્રિકાળ નિત્ય છે એમ ને એમ. સમજાણું કાંઈ? જોડે શરીરના રજકણો અનેક પલટો, દેહ પલટો, કર્મ પલટો, પુણ્ય-પાપના ભાવ અનેક પલટો, પલટો માર, માર પલટો વસ્તુ તો નિત્ય ત્રિકાળ છે આત્મા. આહાહા..! **'ઐસા કહનેસે, જો ચાર્વાક યહ કહતા થા કિ 'ગર્ભસે લગાકર મરણપર્યન્ત હી જીવ રહતા હૈ,' ઉસકા ખંડન હો ગયા.'** લ્યો! સમજાય છે? હવે સ્વસંવેદનની વ્યાખ્યા. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧, બુધવાર**
**તા. ૦૬-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૧ થી ૨૨ પ્રવચન નં. ૨૦**

'ઇષ્ટોપદેશ' હિતકારી ઉપદેશ. મુનિ દિગંબર 'પૂજ્યપાદસ્વામી' છે એમણે કહ્યું છે. એમ થયો એનો અર્થ કે, આ આત્મા એણે પહેલા શાસ્ત્રથી જાણવો જોઈએ. લોકાલોકને જાણનારો એ આત્મા છે. કારણ કે લોકાલોક અસ્તિ છે ને વસ્તુ, વસ્તુ છે એમ જાણનાર વિના એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે એમ કોણે કહી? સમજાણું? આ લોક અને અલોક છે એને જાણનારું જ્ઞાન છે, જ્ઞાન સ્વભાવ આત્મા છે. એ લોકાલોકનો જાણનાર છે એમ એણે પહેલું નક્કી કરવું જોઈએ.

શરીર પ્રમાણે છે. પોતાના શરીર પ્રમાણે છે ઇ આમ બધે વ્યાપક નથી. એમ નિત્ય છે. કાયમ એની એ ચીજ નિત્ય રહે છે. અને અનંત આનંદમય છે, સુખવાળું તત્ત્વ છે અને સ્વસંવેદન સ્વરૂપ છે. એ પોતે પોતાથી જાણી શકાય એવો જ એ આત્મા છે. એ આત્માનો સ્વભાવ જ એવો એનો છે કે ઇ સ્વસંવેદન–આત્મા આનંદમય અને જ્ઞાનમય એ પોતાથી પોતે વેદીને જાણી શકાય એવું એનું તત્ત્વ છે. કોઈ નિમિત્તથી કે રાગના મંદતાના ભાવથી એ જણાય એવો એ સ્વભાવ એનો નથી. સમજાણું કાંઈ? ઉપદેશકના ઉપદેશથી જણાય એવો એ આત્મા નથી.

મુમુક્ષુ :– બધાનું ખંડન થઈ જાય છે.

ઉત્તર :– બધા ખંડન છે પણ આ તો પાછું. પોતાના અજ્ઞાનના ખંડનની છેલ્લી વાત છે. એમ કે, બીજા ઘણાને આપણે સમજાવીએ તો આપણને કાંઈક લાભ થાય, એવું સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? બીજાને સમજાવવાનો વિકલ્પ છે એ તો પુણ્યબંધનું કારણ છે, આત્માને લાભનું કારણ નથી. કેમકે પોતે એનાથી જણાય એવો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બિલકુલ નહિ, એને લઈને બિલકુલ છે નહિ. તો શું કહેવું છે તમારે? પોતાનું જ્ઞાન ને આનંદ પોતે સ્વતઃ સ્વરૂપ છે એટલે સ્વતઃ સ્વભાવી સ્વતઃથી જ વેદીને અનુભવી શકાય છે. કોઈની અપેક્ષા બિલકુલ છે નહિ એવો એ આત્મા છે. સમજાણું કાંઈ?

**'યહાંપર કિસીકી યહ શંકા હૈ કિ પ્રમાણસિદ્ધ વસ્તુકા હી ગુણ-ગાન કરના ઉચિત હૈ.'** દેખો! શિષ્યનો પ્રશ્ન છે કે, જે પ્રમાણથી સાબિત વસ્તુ હોય, પ્રમાણથી સિદ્ધ થયેલી હોય, પ્રમાણથી એ વસ્તુની સાબિતી જ્ઞાનમાં આવી હોય એના ગુણ-ગાન કરવા જોઈએ. જે પ્રમાણથી ખ્યાલમાં ચીજ નથી આવી એના ગુણ-ગાન શું? સમજાણું કાંઈ? **'પ્રમાણસિદ્ધ વસ્તુકા...'** પ્રમાણથી, જ્ઞાનથી આમ સિદ્ધ સાબિત સત્તા, આ છે એમ જો સાબિત થયું હોય તો **'ગુણ-ગાન કરના ઉચિત હૈ.'**

**'પરન્તુ આત્મામેં પ્રમાણસિદ્ધતા હી નહીં હૈ...'** શિષ્યનો પ્રશ્ન છે. આત્મામાં પ્રમાણની સિદ્ધતા જ નથી. પ્રમાણ શી રીતે સિદ્ધ થાય આત્મા? **'વહ કિસી પ્રમાણસે સિદ્ધ નહીં હૈ.'** કોઈ પ્રમાણથી આત્માનું ભાન થઈ શકે એવો એ છે નહિ એમ અમને લાગે છે. એ તો અરૂપી જ્ઞાનઘન (છે), ઇ શી રીતે પોતાને કોઈ પ્રમાણમાં આવે? એમ શિષ્યની શંકા છે. **'તબ ઊપર કહે હુએ વિશેષણોંસે કિસકા...'** શિષ્ય પ્રશ્ન કરે છે, તમે ઊપર કહ્યું કે, આવો લોકાલોકનો જાણનાર, અનંત સૌખ્યવાન, શરીર પ્રમાણે, નિત્ય અને આવો આવો, એવા વખાણ પણ કોના? પ્રમાણમાં આવ્યા વિના કોના વખાણ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'વિશેષણોંસે કિસકા ઔર કૈસા ગુણવાદ?'** એ વિશેષણ જે કહ્યા એ કોના? અને કોના એ વિશેષણ? પ્રમાણમાં આવ્યા વિના કોના? સમજાણું કાંઈ? અને કોના ગુણવાદ? **'ઐસી શંકા હોનેપર આચાર્ય કહતે હૈં કિ વહ આત્મા 'સ્વસંવેદન-સુવ્યક્ત હૈ,...''** જુઓ! પહેલો શબ્દ આવ્યો. એ શ્લોકમાં જે હતો ને મૂળ? **'સ્વસંવેદન-સુવ્યક્ત હૈ,...'** એ આત્મા પોતાથી વેદી શકાય, જાણી શકાય એવો જ એનો સ્વભાવ છે. સુવ્યક્ત એવો જ પ્રગટ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા....'** પ્રમાણ આ છે, આ પ્રમાણ છે. પોતાના આત્માને જાણવાનો સ્વસંવેદન પોતે આ આત્મા છે એમ જ્ઞાન દ્વારા જ્ઞેય કરીને, જ્ઞાતા આત્મા ને જ્ઞેય પોતે એમ અંદર જાણીને પ્રમાણથી સિદ્ધ થવા લાયક તો એ રીતે છે. સમજાણું કાંઈ? **'સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા અચ્છી તરહ પ્રગટ હૈ, અચ્છી તરહ પ્રગટ હૈ.'** બરાબર પ્રગટ (છે). આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત, ચૌદ બ્રહ્માંડમાં પોતાનું ભિન્ન તત્ત્વ, લોકાલોકને જાણવાવાળા સ્વભાવવાળું તત્ત્વ પોતાના જ્ઞાનથી જણાય એવો એ પ્રગટ આત્મા છે. કહો, સમજાણું આમાં?

એનો આધાર આપે છે. **'વેદ્યત્વં વેદકત્વં ચ.'** **'જો યોગીકો ખુદકા વેદ્યત્વ વ ખુદકે દ્વારા વેદકત્વ હોતા હૈ, બસ, વહી સ્વસંવેદન કહલાતા હૈ.'** શું કહે છે? જે ધર્મી જીવને, યોગી એટલે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ લોકાલોકનો જાણનાર, અનંત સુખસ્વરૂપ, શરીરપ્રમાણ, નિત્ય, એવો આત્મા એના અંતરમાં એકાગ્ર થનાર, યોગી એટલે એમાં જોડાણ કરનાર. પુણ્ય ને પાપના રાગ અને સંયોગોનું લક્ષનું જોડાણ છોડી દઈ અને સ્વરૂપ શુદ્ધ ચૈતન્યધામ અનાકુળ આનંદકંદ સ્વરૂપ એમાં જેણે જોડાણ–અંતર યોગ જોડ્યો છે એવા ધર્મીને **'ખુદકા વેદ્યત્વ...'** ખુદ પોતે જ્ઞેય છે અને **'ખુદકે દ્વારા વેદકત્વ...'** પોતા દ્વારા (વેદનાર). જ્ઞાતા પણ પોતે ને જ્ઞેય પણ પોતે. વેદ્યત્વ એટલે જ્ઞેય અને વેદકત્વ એટલે જ્ઞાતા. ઇ જાણનારો પણ પોતે અને જ્ઞેય જણાવા યોગ્ય પણ પોતે. ઝીણી વાત છે આ.

પોતે પોતાથી જણાવા યોગ્ય છે. ઇ જ્ઞેય પણ પોતે ને જ્ઞાતા પણ પોતે. જાણનાર જ્ઞાતા અને જ્ઞેય પોતે. પોતે ને પોતે જ્ઞેય ને પોતે ને પોતે જ્ઞાતા. આહાહા..! સમજાણું કાંઈ? રાગ જ્ઞેય અને આત્મા જ્ઞાતા એમ પણ નહિ અને રાગ જાણનાર ને આત્મા જાણે, જ્ઞેય એ જણાનાર જ્ઞાતા ને આ જ્ઞેય થાય એમ પણ નહિ. શું કીધું? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આમ રાગભાગ છે ઇ આત્માને જણાવવામાં મદદ કરે એમ નહિ. તેમ રાગ એને જાણી શકે કે રાગનું આત્મા જ્ઞેય કરે તો આત્મા જણાય એમ નથી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– રાગરસ આત્મામાં છે જ નહિ. જ્ઞાયકમાં રાગ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જણાવા યોગ્ય પણ આત્મા અને જાણનારો પણ આત્મા. અહીં તો જણાવા યોગ્ય રાગાદિ જ્ઞેય એમ પણ નહિ, ભાઈ! એમ એટલું સિદ્ધ કરવું છે. રાગાદિ જણાવા યોગ્ય એમ પણ નહિ, શરીર આદિ જણાવા (યોગ્ય) એ નહિ, એ વસ્તુ નહિ. ભગવાનઆત્મા પોતે એનું સ્વરૂપ જ એટલું છે કે, પોતે જ પોતાનો જ્ઞાતા થાય અને પોતે જ પોતાનું જ્ઞેય થાય લોકાલોકનું જે જ્ઞેય એ તો બીજી અપેક્ષાએ વાત કરી. ઇ લોકાલોકને જાણવા જેટલો અહીં સ્વભાવ છે એમ વાત કરી. સમજાણું કાંઈ? લોકાલોક ઇ (જ્ઞેય) એમ નહિ. લોક અને અલોક જેટલું અસ્તિત્વ છે એ અસ્તિત્વની હયાતીના જ્ઞાનવાળી હયાતી એને જાણે. એ વિના આ અસ્તિત્વ છે એમ જાણ્યું કોણે? સમજાણું? ઇ પોતાનું જ્ઞાન એવડું છે, એમ. લોકાલોકને લઈને નહિ.

જ્ઞાન સ્વભાવ, જેનો જ્ઞ સ્વભાવ–જાણક સ્વભાવ, એ સ્વભાવ જ પોતે લોકાલોકને જાણવા જેટલો પોતાનો (સ્વભાવ છે), ઇ પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! પેલો શિષ્ય કહે છે, પણ જે વસ્તુ પ્રમાણમાં આવ્યા વિના શેના ગુણ-ગાન? શેના વિશેષણ? કોના આપ્યા તમે આ બધા આવા? આવડો મોટો, આવડો મોટો ને આવા ગુણ, આવડો મોટો ને આવા ગુણ. એય..! પણ કોના? કોઈ પ્રમાણસિદ્ધ થઈ હોય વસ્તુ તેના કે એના વિના? સાંભળને! પોતાથી પ્રમાણસિદ્ધ થવાને લાયક આત્મા છે.

ધર્મી જીવને, યોગી એટલે ધર્મી. યોગી એટલે પેલા બાવા ફરે એમ યોગી નહિ. ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં લોકાલોકનું જેટલું જ્ઞાન ધરાવે છે જાણવાનું, પોતામાં, હોં! અનંત આનંદ છે, શરીર પ્રમાણે છે, નિત્ય છે. એ સ્વસંવેદનથી પોતાના જ પ્રમાણજ્ઞાનથી પ્રમેય થઈ શકે છે. પોતાના જ પ્રમાણજ્ઞાનથી એટલે જ્ઞાન કહો કે પ્રમાણ કહો અને જ્ઞેય કહો કે પ્રમેય કહો, પોતાના જ પ્રમાણથી પોતે પ્રમેય એટલે જ્ઞેય થઈ શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે કે નહિ? વસ્તુ, વસ્તુ છે એમાં તો જ્ઞાનસ્વભાવ છે. લોકાલોકને જાણે એવડો જ્ઞાનસ્વભાવ છે અને એમાં આનંદસ્વભાવ છે. જે સ્વભાવ છે એ પોતે જ્ઞાતા થઈને પોતાનું જ્ઞેય કરીને જાણવાને લાયકાતવાળો છે. બીજાને જ્ઞેય કરે ને જણાય કે બીજાને જ્ઞાતા તો બીજો હોઇ શકે નહિ પણ બીજાને જ્ઞેય કરે ને આનું જ્ઞાતા થાય એમ નહિ. સ્વનો જ્ઞેય અને જ્ઞાતા થવાનો એનો વાસ્તવિક યથાર્થ સ્વભાવ છે. આહાહા..!

વાત ઇ છે કે આ બધા હાડકા-બાડકા-ચામડા આ તો બધા જડ માટી, ધૂળ છે. એનો જાણનાર છે. એનો જાણનાર એટલે એનું જે સ્વરૂપ છે તેવું જાણવાનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં છે. એને કારણે નહિ, એનો જ્ઞાન સ્વભાવ એવો છે. જગતમાં લોકાલોક છે એમાં એક જાણનાર જ્ઞાન પોતાના સ્વભાવના સામર્થ્યવાળું ન હોય તો આ છે એમ કોણે કહ્યું? એટલે એને લઈને નહિ. ઇ જે સત્તાઓ છે અનંત આત્માઓની, અનંત પરમાણુની એને લઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઈને નહિ, પણ એ સત્તા છે એમ આ એક સત્તા (છે), લોકાલોકને જાણવાનું સ્વતઃ સ્વભાવવાળું આખું જ્ઞાન ને આનંદરૂપ સ્વ સત્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? પરને જ્ઞેય કરવો નથી ને પરનું જાણનાર થવું નથી અહીં તો એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! અહીં તો કહે પણ શાતા–અશાતા આ કેટલી ક્રિયાઓ બહારની. 'પોપટભાઈ'! એ કોણ કરે ક્રિયા? એ તો એને કારણે બહારનું થાય. આ તો પોતે પોતાનો જ્ઞાતા ને પોતે પોતાનું જ્ઞેય. એ સમાય જાય એવો એનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– થોડો ખ્યાલ પણ લીધો છે ક્યાં? હીરો તો બહુ ઊંચો પણ નજર ક્યાં કરી છે એણે? નજર કર્યા વિના આંખો મીંચીને? બહુ હીરો બહુ ઊંચો, બહુ ઊંચો અરે..! તેજ તે એના તેજ! પણ કોના તેજ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ક્યાં પણ કરે છે? કહેતો જ નથી ખરેખર તો. ઇ જ કહે છે કે, અહીં પ્રમાણથી સિદ્ધ થવા લાયક વસ્તુ એ પ્રમાણથી સાબિત થાય છે એ વસ્તુ, બીજી કોઈ રીતે સાબિત થાય એવી વસ્તુ નથી. એણે પ્રમાણ કર્યું છે કે દિ'? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારની પ્રવૃત્તિની ક્રિયાઓ તો સ્વતંત્ર જડની (થાય છે). એને જાણવું એ જ્ઞેય એમ પણ નહિ અહીં તો. આહાહા..! આ તો જે જગતનું લોક અને અલોક મહા સત્તા સ્વરૂપ હો પણ એને જાણનારો સત્તા સ્વભાવ મારું જ્ઞાન જ એવડું છે. લોકાલોકને (જાણનારું) એટલે જ્ઞ સ્વભાવ છે, જ્ઞ સ્વભાવ છે એનું સત્ત્વ જ એટલું છે કે, જેટલું જગતમાં સત્ત્વ છે એને અડ્યા વિના, એનું લક્ષ કર્યા વિના, એ સત્તાની હાજરી છે માટે નહિ. સમજાણું કાંઈ? આ સત્તાની હાજરી એવડી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાન, અંતર જ્ઞાન વસ્તુના પ્રમાણથી એ પોતે જ પ્રમેય થાય, એ પ્રમેય થાય, એ જ્ઞેય થાય અને આ જ્ઞાતા, એ પોતે જ જ્ઞેય અને જ્ઞાતા છે. પર જ્ઞેય અને આત્મા જ્ઞાતા એ બધી વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એકપક્ષી. બરાબર સત્યનો એકપક્ષી ચુકાદો હોય ને? બેનો ચુકાદો સાચો હોય? તું પણ સાચો ને તું પણ સાચો, એમ હોય ન્યાં? એક સત્યપક્ષી ચુકાદો છે. આહાહા..!

કહે છે કે, ધર્મી જીવને ધર્મીએ ખુદ જ્ઞેયને જ્ઞાન બનાવીને અથવા જ્ઞાનથી જ્ઞેય બનાવીને પોતાનું પ્રમાણ સિદ્ધ કર્યું છે. પ્રમાણ સિદ્ધ કર્યો છે કે આ આત્મા. કોઈના પ્રમાણે નહિ, કોઈના આશ્રયે નહિ, કોઇના આધારે નહિ, કોઈ વડે નહિ, કોઈએ કીધું કે આવો માટે, એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવો જ એનો સ્વભાવ છે. હમણાં કહેશે જરીક, સમજાય છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**‘સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા અચ્છી તરહ પ્રગટ હૈ.’** અનુમાન પણ નહિ. સમજાણું? પરોક્ષ નહિ. ઓહોહો..! ભગવાનઆત્મા ચૈતન્યનો સૂર્ય પ્રભુ! લોકાલોક જેટલા છે તેને અડ્યા વિના, લક્ષ કર્યા વિના, એનું લક્ષ કર્યા વિના, એનો સ્વભાવ જ લોકાલોકને જાણવાનો સ્વભાવ એ સ્વભાવને જાણનારને કોઈની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત લાગે, ભાઈ! બહારની વાત સમજાય, લ્યો! સામાયિક કરો, પોષા કરો. એ... ‘ભગવાનભાઈ’! સમજ્યા વિના, અજ્ઞાન હોં! ન્યાં ક્યાં ભાન હતું કાંઈ? એ.. ‘મૂળચંદભાઈ’! ચાર પોષા કરી નાખે, જાડું શરીર હોય ને ચોવિહાર કરે એમાં શું ન્યાં નડે? શરીર જરી સુકાય તો વળી ત્રણ લાડવા ચડાવી જાય પાછા. ચણો પોચો થયો હોય તો પાછો પાણીમાં નાખે. એમાં કાંઈ છે? એ પણ ધર્મ કે દિ’ હતો? સાંભળને! એ... ‘દેવશીભાઈ’! તે દિ’ આટલો જુદો નહોતો એમ કહે છે. અરે..! છતાને અછતો કરે છે. ‘અનુભવ પ્રકાશ’માં નથી આવ્યું?

મુમુક્ષુ :– આવું સાંભળેલું નહોતું.

ઉત્તર :– નહોતું. વાત સાચી, વાત સાચી. એક બાપ હોય, બહાર નીકળ્યો બજારમાં અને છોકરા ઘરે રહ્યા. એને પૂછે કે તમારે દીકરા છે? તો ના પાડે? ભેગા નથી ને? સાથે નથી ને? સાથે નથી એટલે ઘરે પડ્યા છે કે બેઠા છે કે નહિ? છતાને અછતા કરે? ‘અનુભવ પ્રકાશ’માં એવો દાખલો આપ્યો છે. સમજાણું? છતા ને અછતો કરે?

એમ ભગવાન છતો જ્ઞાન સ્વભાવ પૂર્ણ લોકાલોકને અપેક્ષા રાખ્યા વિના લોકાલોકને જાણવાના સ્વભાવનું સત્ત્વ, એવો ભગવાન અંદર છે એ છતાને અછતો કોણ કરે? સમજાણું કાંઈ? વૃદ્ધ ડોસો એકલો બહાર નીકળ્યો. શાક લેવા નીકળ્યો. ઘરે કામ ન હોય. બાપા! કોઈ છોકરા નથી તમારે? ત્યારે ઇ ના પાડે? છોકરા નથી એમ કહે? બાપુ! છોકરા તો આઠ છે ને મોટા લોઢા જેવા પણ કામ કરે છે હમણાં. છોડીનો સાસરો બધું લઈને આવ્યો છે ને એ પાછો છે જરી સત્તાપ્રિય એટલે જરીક એના મોઢા સાચવવા રોકાણા છે ન્યાં. ‘પોપટભાઈ’! આવું છે. પેલો જરી સત્તાપ્રિય, કડક હોય, પેલું સરખું ન આપે તો .. થઈ જાય.

મુમુક્ષુ :– મનાવવા પડે પાછા.

ઉત્તર :– એ દુનિયા તે કાંઈ ગાંડી છે ને પણ.

અહીં કહે છે કે ભગવાન છતાને અછતો કહે કોણ? ઘરે છોકરા પડ્યા છે ને સાથે નથી એટલે નથી એમ કહે ઇ? એમ ભગવાનઆત્મા એક સમયમાં અખંડાનંદ લોકાલોકને જાણવાવાળું તત્ત્વ અને પૂર્ણાનંદવાળું તત્ત્વ (છે), એ નથી એમ કહે કોણ? કહે છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– એ જ પ્રમાણ થયા, એ પ્રમાણ ત્યારે જ પ્રમાણ કહેવાણું. એ પોતાનું જ પ્રમાણ છે એમ કહે છે. કોઈના પ્રમાણની એને જરૂર નથી. એ પોતાના ગુણ જે ગાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવા ગુણો ને આવા ગુણો આવો. એ જ્ઞાન દ્વારા જાણ્યું એ જ એનું પ્રમાણ છે. કોઈ બીજું પ્રમાણ છે નહિ.

ધર્મીને એ પોતાનું જ પ્રમાણ છે, બીજાનું પ્રમાણ એને છે નહિ. ભગવાન કહે છે માટે માન્યું એમ પણ નથી એમ કહે છે અહીં તો. સર્વજ્ઞે કહ્યું માટે આ માન્યું છે એમ નથી. ભાઈ! પોતાથી વેદ્યું છે, જાણ્યું કે આ આત્મા આવો છે. ઓહો..! એકલો ચૈતન્યનો પુંજ અને તે જ્ઞેય ને જ્ઞાન બન્ને હું છું. બીજી ચીજ જગતમાં નથી મારે, મારી અપેક્ષાએ, એમ છે. એને હોય એને ઘરે. એને લઈને હું નથી, એને લઈને મારું જ્ઞાન નથી. એને લઈને મારી સત્તા તો નથી પણ એની સત્તા છે માટે મારું જ્ઞાન છે એવડું એમ નથી. એમ અહીંયાં કહે છે. ૧૯ ગાથા લીધા પછી અહીંથી કેવી ગાથા લીધી! જુઓ! ૨૦મી. (૨૧મી)

ભાઈ! પ્રભુ આમ પડ્યો છે ને મોટો! આહાહા..! છ છ છોકરા ને મોટા ગોરા જેવા છ છ હાથના લાંબા ને નીરોગી શરીર, રોગ આવ્યો ન હોય, રોગ આવવાની તૈયારી ન હોય એવા ઘરે બેઠા હોય ને ના પાડે, નથી મારે છોકરા, મૂર્ખ છે ને ઇ? કહે કોઈ? એમ ભગવાન, આખી દુનિયાના છ દ્રવ્ય લોકમાં પડ્યા છે એનું લક્ષ કર્યા વિના, એને અડ્યા વિના, એ હયાતી છે માટે આની હયાતી છે, એમ નહિ. આવો ભગવાન અંતર એક સમયમાં પૂર્ણ જાણવાના સ્વભાવવાળું આખું તત્ત્વ એ પોતે જ પોતાના પ્રમાણથી જ્ઞેય કરીને પોતે સિદ્ધ થઈ શકે છે. એને બીજા પ્રમાણની જરૂર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'બસ, વહી સ્વસંવેદન કહલાતા હૈ. અર્થાત્ ઉસીકો આત્માકા અનુભવ વ દર્શન કહતે હૈં.'** લ્યો! એને આત્માનો અનુભવ અથવા દર્શન કહેવામાં આવે છે. એ સ્વસંવેદન કહો, અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો, એ જે કહો તે એ છે. સમજાણું કાંઈ? પછી કહેશે, હોં! આ બધા વ્યવહારના વિકલ્પ ને સાધન-ફાધન ત્યાં બિલકુલ કામ આવતા નથી. એ પછી કહેશે. ભલે હો વિકલ્પ આદિ આ બધી ચીજ. ન્યાં આત્માના સાધનમાં એ જરીયે કામ આવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! એવો જ્ઞાનચંદ્ર છે, કહે છે. જુઓ! એ પોતે. આહાહા..!

જેનો સ્વભાવ, જેનું સ્વરૂપ, સ્વ-રૂપ, સ્વ-રૂપ, સ્વરૂપ-સ્વરૂપ, જેનું સત્ત્વ, જેનો સ્વભાવ આવડો છે, એને બીજાના પ્રમાણથી માનવાનું ક્યાં રહ્યું? એ તો પોતાના જ્ઞાનના વેદનથી જ્ઞાતા કરીને જ્ઞેય થઈ શકવાને (યોગ્ય છે). પોતે જ્ઞેય થવાને લાયક અને પોતે જ્ઞાન જ્ઞાતા થવાને લાયક એવો એનો સ્વભાવ છે, કહે છે. આહાહા..! વ્યવહારવાળાને ભારે આકરું લાગે છે. આ ... મંદિર બનાવે, પૂજા કરે, ભક્તિ કરે, જાત્રા કરે. ધૂળ પણ નહિ થાય, સાંભળ, કહે છે. એય..! હજી આને મંદિર બનાવવાનું બાકી છે. પાંચ-દસ લાખના મંદિર બનાવીને જાત્રાઓ કાઢીએ એનાથી આત્મા બિલકુલ નહિ જણાય લે, એમ કહે છે. આહાહા..! ગળે ઉતારવું ભારે. વળી પાછા કાઢે. 'હિંમતભાઈ' કહેતા હતા. પણ એ આવ્યા હતા કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નહિ ન્યાં? આહાહા..! એ વિકલ્પના કાળે પણ વિકલ્પને લઈને જ્ઞાન નહિ ને જ્ઞાતા નહિ. વિકલ્પને લઈને જ્ઞાતા ને જ્ઞેય નહિ. વિકલ્પના સહારે જ્ઞાતા ને જ્ઞેય નહિ. ત્યારે જ પેલાને વ્યવહાર કહેવાય ને? અવસ્તુને. આમાં ક્યાં એ વસ્તુ હતી? આ તો જ્ઞાતા ને જ્ઞેય પોતે એ વસ્તુ. રાગાદિ અવસ્તુ. એ છે માટે જ્ઞાન એવડું છે એમ પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એના સ્વભાવના માહાત્મ્ય જ એને આવ્યા નથી. સમજાણું? ભલે ભાષામાં કદાચિત્ કહે કે, આવો (આત્મા). પણ આ વસ્તુ ઓહોહો..! સાક્ષાત્ પરમેશ્વર પોતે! પોતે જ પરમેશ્વર સ્થાપ આત્માને, સ્થાપ્યા વિના તારી જ્ઞાન દશા હાથ નહિ આવે. હું જ પરમેશ્વર છું. ઓહોહો..! સમજાણું કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં કહે છે, પોતાને પ્રભુ સ્થાપ. ક્યાંય પ્રભુતા ક્યાંક આપી તો નહિ આમ જઈ શક, એમ કહે છે મૂળ તો. ક્યાંક જો મોટપ આપી રાગને ને પુણ્યને ને વ્યવહારને ને નિમિત્તને ને સંયોગને (તો) નહિ જાય, અંદર આત્મામાં નહિ આવી શકાય, આત્મા એવો છે નહિ. આહાહા..! એ... 'પોપટભાઈ'! કહે છે, સમેદશિખરની પાંચ જાત્રા કરીએ તો થઈ જાશે એકાવતારી. મોટપ આપી તેં પરને, નહિ હાથ આવે આ તારો આત્મા. એવો છે નહિ ઇ. આહાહા..!

ભાઈ! વસ્તુ જ પોતે અલૌકિક છે. લૌકિક આખા જગતને જાણનાર, લૌકિકનો આશ્રય લીધા વિના જાણનાર એવું પોતે તત્ત્વ છે. સ્વતઃસિદ્ધ તત્ત્વ (છે). વસ્તુ છે એના સ્વભાવની શું વાત કરવી! એના સ્વભાવની હદ શી? એને મર્યાદા શી? એને પરાશ્રયતા શી? સમજાય છે? જે સ્વભાવભાવ છે એ સ્વભાવભાવને પરાશ્રયતા શી? અપૂર્ણતા શી? એ સ્વભાવની અચિંત્યતામાં અપૂર્ણતા શી? આહાહા..! રાડ નાખે છે, ભગવાન ભગવાન ઠરાવી દીધા, તમે નહિ વાંચ્યું હોય, વાંચ્યું? અમારે પંડિત છે તો જરીક કો'ક દિ' તર્ક આપે એમાંથી. ભગવાનને તમે ઠરાવી દીધા, ભગવાન મહાવીરને ભગવાન ઠરાવી દીધા, માનવને ભગવાન ઠરાવી દીધા. આવા લખાણ આવે છે. અરે..! તત્ત્વનો અનાદર કરનાર છે, એક એક ચૈતન્ય તત્ત્વનું ખૂન કરનાર છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સાક્ષાત પોતે પરમેશ્વરનું રૂપ જ આત્મા છે. શક્તિ ને ભગવાનની વ્યક્તિમાં ફેર કાંઈ નથી. એવા પ્રભુઆત્માને જ્યાં સુધી દૃષ્ટિમાં ન સ્થાપે ત્યાં સુધી એનું સ્વસંવેદન પ્રમાણ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? ક્યાંક પણ જો જરી લાળ રાખ, માહાત્મ્ય આપી દીધું ક્યાંક (તો) આ માહાત્મ્યમાં ખંડ થાય છે, માહાત્મ્યવાળું તત્ત્વ હાથ નહિ આવે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ એમ કહે છે કે, ઉતરી જાય એવું છે. ચક્કર ઉતરી જાય એવું છે તમે એમ બોલ્યા અને આ એમ બોલ્યા બેય. આહાહા..!

તું કેવડો છો, કેવો છો એ તને ખબર નહિ? આ માંડી બધાની, ધૂળની ને શરીરની ને વાણીની ને... ભગવાન આવા, ભગવાન આવા પણ તું કેવડો ઇ ખબર છે તને? ભાઈ!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનની શું વાત કરવી! પણ સાંભળને હવે. એ ભગવાનને જેણે જ્ઞાનમાં લીધા એ જ્ઞાનની મોટપ તારે લઈને છે કે એને લઈને છે? જેણે કેવળજ્ઞાન, કેવળદર્શન આવું... આવું... આવું... આવું... આહાહા..! જે પર્યાય ખ્યાલમાં લીધી એ પર્યાયની મોટપ કેટલી! અને એ પર્યાય કરતાં આખા દ્રવ્યની મોટપ કેટલી! આહાહા..! છે (માહાત્મ્ય) આમ, આપે છે આમ. એટલે દૃષ્ટિમાં ફેર છે. 'જ્ઞાનચંદજી'! આ રાડ નાખે છે બધા. અર..ર..! વ્યવહારનો લોપ થશે. વ્યવહારનો લોપ જ છે. આત્મામાં કે દિ' વ્યવહાર હતો? સાંભળને! એ.. 'વસંતલાલજી'! આ બધા નીકળ્યા છે ને, જુઓ! હવે શિક્ષણ વર્ગ માટે ને ફલાણા માટે. અહીં કહે છે કે, કાંઈ ન મળે આત્મામાં. પરથી સમજે એવો આત્મા નથી ને પરને સમજાવે એવો એ આત્મા નથી. એય..!

મુમુક્ષુ :– સાધન-સાધ્ય કહ્યા છે ને!

ઉત્તર :– સાધન ઇ જ અને સાધ્ય ઇ નું ઇ. ઇ નું ઇ સાધન ને ઇ નું ઇ સાધ્ય. બીજો હતો કે દિ'? અરે..! કહો, સમજાણું આમાં?

જેવી રીતે એ વસ્તુ સ્વ, સ્વ સ્વભાવે જે રીતે સ્વતઃ છે અને સ્વતઃ સ્વભાવના પ્રમાણથી જ જાણી શકાય એવો છે. એવો જ્યાં સુધી એના ખ્યાલમાં, રુચિમાં, શ્રદ્ધામાં ન બેસે ત્યાં સુધી એનું વીર્ય સ્વસંવેદન તરફ વળશે નહિ. સમજાણું કાંઈ? એવડો એ નથી એવી રીતે કલ્પીને એને નક્કી કરવા જાય તો કોઈ રીતે વેદન નહિ થઈ શકે. સમજાણું કાંઈ આમાં? એનું નામ આત્મઅનુભવ દર્શન.

**'અર્થાત્ જહાં આત્મા હી જ્ઞેય ઔર આત્મા હી જ્ઞાયક હોતા હૈ,...'** દેખો! જ્યાં **'આત્મા હી જ્ઞેય...'** પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞેય. પરજ્ઞેય તો વ્યવહાર થઈ ગયો, એ નહિ. એ પોતે જ્ઞેય અને **'આત્મા હી જ્ઞાયક હોતા હૈ,...'** દેખો! **'ચૈતન્યકી ઉસ પરિણતિકો સ્વસંવેદન પ્રમાણ કહતે હૈં.'** આ પ્રમાણ. ચૈતન્યની એ પરિણતિ નામ પર્યાયને સ્વસંવેદન પ્રમાણ કહે છે. પર્યાયને. પર્યાયની વાત લીધી ને? ભગવાનઆત્મા જ્ઞેય–જણાવા યોગ્ય અને પોતે જાણનાર. જાણનાર ને જણાવા યોગ્ય પોતે ને પોતે છે. બહિર્મુખની વૃત્તિમાં, બહિર્મુખની વૃત્તિમાં, બહિર્બુદ્ધિમાં–જેટલું માહાત્મ્ય પરનું રહી જાય એને બહિર્બુદ્ધિ કહે છે. સમજાણું? અને અંતર જ્ઞેય અને જ્ઞાયક, પરિપૂર્ણ પ્રભુ હું જ આ સ્વભાવના વેદ્યને વેદન કરનારો બીજો કોઈ નહિ. જણાવા લાયક પણ હું ને જાણનાર પણ હું. એવી પરિણતિને સ્વસંવેદન પ્રમાણ કહે છે, એનું નામ પ્રમાણ છે.

ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું કે, **'जदि दाएज्ज पमाणं'** જો કહું તો પ્રમાણ કરશે, ઇ આ પ્રમાણ. પાંચમી ગાથામાં આવે છે ને? **'तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज' 'जदि दाएज्ज'** દેખાડીશ તો પ્રમાણ કરજે. તારા સ્વસંવેદન પ્રમાણથી પ્રમાણ કરજે. આ મહારાજ ભગવાન કુંદકુંદ કહે છે એમ નહિ, એમ નહિ એમ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'जदि दाएज्ज'** જો હું દેખાડું તો પ્રમાણ કરજે, હોં! એટલે? તારા અનુભવથી તેનો સ્વીકાર– ચૈતન્ય આવો છે એમ સ્વસંવેદનથી સ્વીકાર કરજે. આહાહા..! સમજાણું કાંઈ? 'ચીમનભાઈ'! આ મકાન કરવા, મંત્રીપણું કરવું આ બધા કેટલા કામ માથે. ચુનાના વેપાર કરવા, કોથળા. બીજાનો ચુનો જોઈને, એનો ચુનો જોઈને વિચાર આવ્યો હતો. અહીં ચુનાના ખટારા આવે. અને એની ચુનાની કોથળીઓ ભાળી. આ ગયા હતા ને કાલે? નહિ? પરમ દિ'. કોથળી કોથળી ... પણ એનો ધંધો કરે તો સારી જ કોથળી લાવે ને ઇ તો. એવું કાંઈક નામ આપ્યું હતું. ઇ કોથળીઓ પડી હતી. અહીં કોથળી ન રહે, અહીં ક્યાં કોથળો હતો? અહીં તો .... સાધારણ, સાધારણ પાછા ઇ હોય. ઘરનો માલ વેચે ઇ સારો લે કે નહિ? એમ આ ઘરનો માલ આત્મા આનંદકંદ છે, કહે છે. આહાહા..! કોથળીઓ પડી છે, હોં! મેં કીધું, કોની કોથળીઓ છે? એ બધી 'ચીમનભાઈ'ની છે. લાલ પથરા-બથરા મકાન માટે લ્યોને. એમ કરોને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ઘરનો વેપાર એટલે ચુનો બીજી જાતનો લાવ્યા. આ ઘરનો વેપાર આત્માનો ઇ કહે છે અહીં.

ભગવાન! તારા અંતરના પ્રમાણ માટે કોઈની સહાયની જરૂર નથી. ઘરના માલ પડ્યા છે ને એલા ઘરમાં માલ પડ્યો ને એને તું વાપરીશ નહિ? એમ કહે છે. આહાહા..! દુનિયામાં એમ નથી કહેતા? આપણાં ઘરમાં છે ને આપણે શું કરવા લેવા જાવું? 'પોપટભાઈ' એમ કે નહિ? આટલો તો આપણા ઘરમાં પડ્યો છે માલ, એ તો પહેલો વાપરો પછી વળી ઘટે તો આપણે લાવશું. એમ કહે, પણ આ તો ઘટે એવો નથી. આહાહા..! ભગવાન! તારો માલ તો અંદર જ્ઞાનનો આનંદ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... નાસ્તિકને પણ આ ક્ષેત્રનું માપ ક્યાં છે એ તર્કથી નહિ ખ્યાલ કરી શકે. આહાહા..! ક્યાં અલોક ને (લોક)? લોક, અલોકનું જ્ઞાન કહ્યું ને અહીં? અલોક એટલે શું છે આ તે વસ્તુ? આ તે ઈશ્વરની કળા કે લીલા કે આ તે કોઈ જગતના સ્વભાવો? આ ક્ષેત્ર એની પછી પછી શું હશે? અનંત જોજન, અનંતના અનંત વર્ગ કરીને ચાલ્યો જાય એમ ને એમ, લક્ષ, લક્ષ લાગી જાય, હોં! પછી શું હશે? પછી આમ ગોળ હશે?

મુમુક્ષુ :– ... પોતાની સત્તાને પોતે અનુભવ કરે છે.

ઉત્તર :– ઇ ક્ષેત્રની, એ સત્તાની અમાપની એને ખબર નથી, એમ મારું કહેવું છે.

મુમુક્ષુ :– એને શું ખબર હોય?

ઉત્તર :– એને ખબર છે? પણ છે કેવું? કોઈ અચિંત્ય ક્ષેત્ર સ્વભાવ! એનો ભગવાન જાણનાર એના જ્ઞાનનો અચિંત્ય બેહદ સ્વભાવ! એની હયાતીને કબુલ કોણે કરી? પણ જાણ્યું કોણે? એની તો એને ખબર પણ નથી. સમજાણું કાંઈ? નાસ્તિક પણ શું છે? એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે. આના પછી... પછી... પછી... પછી... કહે શું છે? પછી વાડ ક્યાંય આડી આવે છે? શું છે? પછી ક્ષેત્ર આવ્યું ફલાણા પટેલનું કે ફલાણું.. પછી કાંઈ નથી, લ્યો! એમ હશે? શું છે આ તે! ઓ..હો..હો..!

ક્ષેત્ર, આ ક્ષેત્રજ્ઞ. એનો તો આ જાણનાર છે. તે ક્ષેત્ર છે માટે નહિ. એવડા ક્ષેત્રને જાણનાર અચિંત્ય ક્ષેત્ર! જ્યાં શું પાછળ? શું પાછળ? પાછળ શું? નથી ક્યાંય નહિ આવે. અસ્તિ જ એમ ને એમ આવશે. અસ્તિ આવશે, નથી ક્યાંય એમ નહિ આવે. એમ કાળમાં ક્યાં નાસ્તિ આવશે? આમ ભૂતકાળ.. ભૂતકાળ.. ભૂતકાળ.. પછી... પછી... પછી... પછી... ક્યાંય નથી એમ નહિ આવે. છે... છે... છે... છે... છે... છે... એમ કાળમાં છે... છે... છે... જ ચાલ્યા આવશે. આ એના જાણનારના જ્ઞાનમાં છે... છે... છે... છે... જ ચાલ્યું જાય છે. સ્વભાવ એવો ભાવ છે કે ક્યાંય શક્તિનો અભાવ છે નહિ. પરને લઈને અભાવ એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ?

એ જ્ઞાનનો ભાવ, એ આનંદનો ભાવ, એ સ્વચ્છતાનો ભાવ, એ શુદ્ધતાનો ભાવ, એ શાંતિ-ચારિત્રનો ભાવ, એ વીર્યનો ભાવ કેટલો? કેવડો? ભાવે એટલો એવડો અમાપ છતાં પોતે જ્ઞેય ને જ્ઞાન પોતાથી થઈ શકે એવો છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રમાણ. '**પરિણતિકો સ્વસંવેદન પ્રમાણ કહતે હૈં.**' જુઓ! પર્યાય લીધી, પર્યાય. પ્રમાણની પરિણતિથી જ આ પ્રત્યક્ષ છે, બીજી રીતે છે નહિ. '**ઉસીકો આત્માનુભવ વ આત્મદર્શન ભી કહતે હૈં.**' માથે આવી ગયું ઘણું.

'**ઇસ પ્રકારકે સ્વરૂપવાલે સ્વસંવેદન-પ્રત્યક્ષ (જો કિ સબ પ્રમાણોંમેં મુખ્ય યા અગ્રણી પ્રમાણ હૈ)...**' દેખો! બધા પ્રમાણમાં એ જ પ્રમાણ છે. હવે મુકને! પ્રમાણ તો પોતાનું પ્રમાણ પોતાને થયું એ પ્રમાણ છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનની જ્યોત સૂર્ય પ્રભુ! આનંદનો બેહદ સાગર, એ પોતે જ્ઞેય ને પોતાનું જ્ઞાન કરીને પ્રમાણ થયું એ જ મુખ્ય પ્રમાણ છે. સમજાણું કાંઈ? ભગવાનને પૂછીને પ્રમાણ કરવું એવું આ નથી, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! પ્રભુ! આવડો તું છો એ તને ભાનમાં ન આવે અને તને ધર્મ થાય, ક્યાંથી થાય? ધૂળમાંથી ધર્મ (થાય)? પોતાથી જ પ્રમાણ છે એવું એનું સ્વરૂપ છે. એ સ્વરૂપથી ઓછું, વિપરીત, અધિકુ માને તો એ તત્ત્વના સ્વરૂપથી વિપરીત એની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

રાજા હોય ન્યાં ખાજા તળાતા હોય, ઊંચા, પાંચસો પાંચસો દસ દસ શેરનું ખાજું. ગરીબ વાઘરા બિચારા આવે તો આમ જોઈ રહે, હોં! આહાહા..! આપણને મળશે કે નહિ આમાંથી? આ દરબાર ગુજરી ગયા છે ને? ગુજરી ગયા ને આખું ગામ ખાજાનું જમાડ્યું હતું. 'રણજીતસિંહ' ગુજરી ગયા ને? 'જામનગર'. આખું ગામ જમાડ્યું પણ એ ઊંચા ખાજા. એને પાંચ-દસ લાખ ખર્ચાય (એમાં) એને શું? બિચારા ગરીબ માણસને (એમ લાગે), અમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્યારે મળશે? આ બધા (જમે છે). ભાઈ! આખા ગામને જમવાનું છે. પણ એના મોઢા... ગરીબ માણસ બહાર હોયને. ઊંચા થાળ ને આમ તળાતા હોય ને અંદર. આહાહા..! બાપુ! ગામનું જમણ છે. તમે પણ આવશો, વાર લાગશે થોડીક. પણ એને ભરોસો આવે નહિ.

એમ આ ભગવાનઆત્મા આવો ગવાય છે ઇ હું હોઈશ કે નહિ? હું હોઈશ કે નહિ? બાપુ! તું હોઈશ ઇ અહીં વાત ચાલે છે. સારા ઘરે જમણ હોય ને બિચારા ગરીબ માણસ આવે તો એને એમ થાય કે આ માહ્યલી મને ચીજ આપશે કે નહિ વધ્યું-ઘટ્યું? એમ થાય. આ તો આખું ગામ જમે. સારી સારી ચીજ જાણતા હોય કે આ મોટુ સારું પેલું હોય તો દસ દિવસથી તળાતા હોય, કંદોઈ સારા ને સાટા-બાટા ગળ્યા ને.. બીજા માણસને કાંઈ જમવાનું ન હોય. વધ્યા-ઘટ્યામાં થોડોક ભાગ હશે કે નહિ? એમ બિચારા ઇચ્છા કર્યા કરે. અહીં એમ નથી, કહે છે. આ તો માલ તળાય એ બધાના ભાગમાં આવે એવો એ માલ છે. આહાહા..! ભાઈ! તું એવડો છો ને! પ્રભુ! આહાહા..! જુઓને!

એ પ્રમાણનું મુખ્ય પ્રમાણ પોતે છે. એ પ્રમાણમાં પ્રમાણ પોતે છે. **'તથા કહે હુએ ગુણોંસે...'** જુઓ! બે વાત કરવી છે ને? એક સ્વસંવેદનથી પ્રમાણથી પણ પ્રમાણ અગ્રણી પોતે છે અને તે **'કહે હુએ ગુણોંસે સમ્પૂર્ણતયા પ્રકટ...'** બે વાત લીધી હતી ને પેલાએ? કે, આ વિશેષણથી તમે વાત કરી અને ઇ કૈસા ગુણવાદ? એમ કહ્યું હતું ને? **'ઉપર કહે હુએ વિશેષણોંસે કિસકા ઔર કૈસા ગુણવાદ?'** પ્રમાણસિદ્ધ થયા વિના. એ એવો છે કહે છે, સાંભળને! અત્યારે એવો છો. **'કહે હુએ ગુણોંસે...'** આવા પ્રમાણથી અને કહ્યા જેટલા ગુણો. લોકાલોક જાણનાર, તારો એવડો ગુણ, હોં! અહીં. અનન્ત આનંદ એવડો અહીં. જે કહ્યું છે તે રીતે **'સમ્પૂર્ણતયા પ્રકટ વહ આત્મા યોગિજનોંકો એકદેશ વિશદરૂપસે અનુભવમેં આતા હૈ.'** ધર્મી જીવને એકદેશ વિશદ સ્પષ્ટરૂપે અનુભવમાં આવે છે. કેવળીને તો પૂર્ણ છે. અહીં તો નીચે સાધકની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કહે હુએ ગુણોંસે સમ્પૂર્ણતયા પ્રકટ વહ આત્મા યોગિજનોંકો એકદેશ વિશદ સ્પષ્ટ...'** જોયું? વિશદ સ્પષ્ટ પ્રત્યક્ષ **'અનુભવમેં આતા હૈ.'** આમાં કાંઈ એવી કોઈ આકરી ભાષા નથી. આ તો સાદી ભાષા છે. ચાર ચોપડી શીખ્યો હોય એ પણ સમજે એવી ભાષા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ન ભણ્યો હોય એ પણ સમજે. સમજવા માગે તો.

ઉત્તર :– માગે તોની વાત છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાઈ! એને ના પાડે છે કે ના એવડો હું નહિ. ઇ પણ કહેશે હવે. કારણાંતરની એને જરૂર નથી, કહે છે. તું કારણાંતર, કારણાંતર પોકાર કરી રહ્યો છો. કાંઈક જોશે... કાંઈક જોશે... કાંઈક જોશે. કાંઈ નહિ જોવે, સાંભળ! બધે પૂરો છો તું. તારે માટે પરની

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બિલકુલ જરૂર નથી. આરે..આરે..! આ ભગવાનનો માર્ગ તો સાપેક્ષ છે ને? એ નિશ્ચયથી તો નિરપેક્ષ જ છે. અહીં તો નિશ્ચયથી વાત કરે છે. નિશ્ચયથી નિરપેક્ષ વસ્તુ છે. વ્યવહારથી હોય એ જાણવા માટે વાત છે. એની વાત અહીં ગૌણ છે. સમજાણું કાંઈ?

**दोहा - निज अनुभवसे प्रगट है, नित्य शरीर-प्रमान।**
**लोकालोक निहारता, आतम अति सुखवान।।२१।।**

એનું વાન જ-એનું રૂપ જ સુખવાળું, આનંદવાળું છે. એનો વાન જ આનંદનો છે. આહા..! એય..! અતીન્દ્રિય આનંદ એનું રૂપ છે. આહા..! એકલો અતીન્દ્રિય આનંદનો રસનો કંદ એકલો અને **'લોકાલોક નિહારતા...'** લોકાલોકને જાણવું એ તો એનું સ્વરૂપ જ છે. એટલો એનો સ્વભાવ (છે), એટલો પ્રમાણવાળો એનો સ્વભાવ છે. અર..ર..! ભગવાનને નામે કેટલી કરી નાંખી અત્યારે. અરે..! પ્રભુ! શું કરે? એમ કહે, આવું .... આવો ભગવાનઆત્મા, એને આવો કહે છે. સ્વભાવમાં તો કાંઈ છે નહિ. આમ કેમ કહે છે? એવો વિકલ્પ સ્વભાવમાં તો છે જ નહિ. સમજાણું કાંઈ?

**'નિજ અનુભવસે પ્રગટ હૈ,...'** દેખો! પોતાના અનુભવથી પ્રગટ છે. **'નિત્ય શરીર-પ્રમાન.'** તે એટલા પ્રમાણમાં છે. લોકાલોકને જાણનાર પણ રહેનાર શરીર પ્રમાણે, લોકાલોકને જાણનાર પણ રહેનાર શરીરના પ્રદેશ પ્રમાણે. ઘણા ખુલાસા કર્યા એમાંથી તો, હોં! પેલા વેદાંતી વ્યાપક કહે ને ફલાણું કહે ને ઢીકણું કહે. બધું કાઢી નાંખ્યું. આ છે તે આ રીતે વસ્તુ છે. એ અનુભવથી જ પ્રમાણ થઈ શકે એવી છે. **'स्वानुभूत्याचकासते'**.

---

**यहाँपर शिष्य कहता है, कि यदि इस तरहका आत्मा है तो उसकी उपासना कैसे की जानी चाहिये? इसमें आत्मध्यान या आत्मभावना करनेके उपायोंको पूछा गया है।**

**आचार्य कहते हैं -**

संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः।
आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनि स्थितम्।।२२।।

**अर्थ :- मनकी एकाग्रतासे इन्द्रियोंको वशमें कर ध्वस्त-नष्ट कर दी है स्वच्छन्द वृत्ति जिसने ऐसा पुरुष अपनेमें ही स्थित आत्माको अपने ही द्वारा ध्यावे।**

**विशदार्थ :- जिसने इन्द्रिय और मनको रोक लिया है अथवा जिसने इन्द्रिय और मनकी उच्छृंखल एवं स्वैराचाररूप प्रवृत्तिको ध्वस्त कर दिया है, ऐसा आत्मा, जिसका स्वरूप पहिले (नं.२१ के श्लोकमें) बता आये हैं, आत्माको आत्मासे ही यानी स्वसंवेदनरूप प्रत्यक्ष ज्ञानसे ही ध्यावे, कारण कि स्वयं आत्मामें ही उसकी ज्ञप्ति (ज्ञान) होती है। उस ज्ञप्तिमें और कोई करणान्तर नहीं होते। जैसा कि तत्त्वानुशासनमें कहा**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



है - `स्वपरज्ञप्तिरूपत्वात्.'

`वह आत्मा स्वपर-प्रतिभासस्वरूप है। वह स्वयं ही स्वयंको जानता है, और परको भी जानता है। उसमें उससे भिन्न अन्य करणोंकी आवश्यकता नहीं है। इसलिये चिन्ताको छोड़कर स्वसंवित्ति-स्वसंवेदनके द्वारा ही उसे जानो, जो कि खुद में ही स्थिति है। कारण कि परमार्थसे सभी पदार्थ स्वरूपमें ही रहा करते हैं। इसके लिये उचित है कि मनको एकाग्र कर चक्षु आदिक इंद्रियोंकी अपने अपने विषयों (रूप आदिकों) से व्यावृत्ति करे।' यहाँपर संस्कृतटीकाकार पंडित आशाधरजीने `एकाग्र' शब्दके दो अर्थ प्रदर्शित किये हैं। एक कहिये विवक्षित कोई एक आत्मा, अथवा कोई एक द्रव्य, अथवा पर्याय, वही है अग्र कहिये प्रधानतासे आलम्बनभूत विषय जिसका ऐसे मनको कहेंगे `एकाग्र'। अथवा एक कहिये पूर्वापर पर्यायोंमें अविच्छिन्न रूपसे प्रवर्तमान द्रव्य-आत्मा वही है, अग्र-आत्मग्राह्य जिसका ऐसे मनको एकाग्र कहेंगे।

सारांश यह है कि जहाँ कहीं अथवा आत्मामें ही श्रुतज्ञानके सहारेसे भावनायुक्त हुए मनके द्वारा इंद्रियोंको रोक कर स्वात्माकी भावना कर उसीमें एकाग्रताको प्राप्त कर चिन्ताको छोड़कर स्वसंवेदनके ही द्वारा आत्माका अनुभव करे। जैसा कि कहा भी है - `गहियं तं सुअणाणा.'

अर्थ :- `उस (आत्मा) को श्रुतज्ञानके द्वारा जानकर पीछे संवेदन (स्वसंवेदन) में अनुभव करे। जो श्रुतज्ञानका आलम्बन नहीं लेता वह आत्मस्वभावके विषयमें गड़बड़ा जाता है।' इसी तरह यह भी भावना करे कि जैसा कि पूज्यपादस्वामीके समाधिशतकमें कहा है - `प्राच्याव्य विषयेम्योऽहं.'

`मैं इंद्रियोंके विषयोंसे अपनेको हटाकर अपनेमें स्थित ज्ञानस्वरूप एवं परमानन्दमयी आपको अपने ही द्वारा प्राप्त हुआ हूँ।'

**दोहा - मनको कर एकाग्र, सब इंद्रियविषय मिटाय।**
**आतमज्ञानी आत्ममें, निजको निजसे ध्याय।।२२।।**

---

**'યહાંપર શિષ્ય કહતા હૈ, કિ યદિ ઇસ તરહકા આત્મા હૈ તો ઉસકી ઉપાસના કૈસે કી જાની ચાહિયે?'** તો સેવા શી રીતે કરવી એની? કોઈ સાધન-બાધન બીજા હશે કે નહિ? ભગવાનની સેવા કરવી, પરમાત્માની પૂજા, દર્શન, હંમેશા બે-ચાર કલાક ભગવાન પાસે બેસવું, બે-ચાર કલાક બેસી શાસ્ત્ર-બાસ્ત્ર વાંચવા બે-ચાર-પાંચ કલાક, એવું કાંઈ સાધન-ફાધન ખરું કે નહિ? ભાઈ! વીતરાગનો માર્ગ એવો છે કે, જગતને તો ખબર નથી, સાંભળ્યો નથી. એને જરીક બહારનું પેલું હોયને.. આહાહા..! ભક્તિ, નાચ ને હોય ને તો આહા..! વાહ! વાહ! લોકોને એવું લાગે, લ્યો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :– ધર્મ કરે છે.

ઉત્તર :– ધર્મ કરે ને ભારે ધર્મ કરાવતા લાગે છે, કહે. ભ્રમ છે બધો. એય..! સમજ્યા ને? 'પૂજા કરવાનો મારો ભાવ જાગ્યો' ત્યાં લોકોને આહા! (થઈ જાય). શું આવે છે પહેલો શબ્દ? 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો રે... રંગ લાગ્યો, મહાવીર તારો રંગ લાગ્યો' લોકોને એવું લાગે કે, આહાહા...! ધર્મ કેટલો ઇ કરે છે ને કેટલો કરાવે છે! ભ્રમણા ભારે, ભાઈ! એય..! અહીં તો બીજું કહેવું છે કે, એમાં જો માહાત્મ્ય આવી જાય છે ને તો સ્વભાવનું માહાત્મ્ય રહેતું નથી. એવા માહાત્મ્યથી ધર્મ પમાતા હશે ને એવા માહાત્મ્યથી ધર્મ થાતા હશે? અને કહેનારને એવા ભાવથી ધર્મ થાતો હશે? એ તો વિકલ્પ છે, વાણી તો જડ છે. એય..! 'મહાવીર તારો રંગ લાગ્યો' તો... આહાહા..!

મુમુક્ષુ :– હજારો લોકો બોલી જાય.

ઉત્તર :– બોલી જાય. વાત જ ઇ છે કે, એને મૂળ માહાત્મ્યની ખબર નથી. અને ક્યાં લેપાય જાય છે એની એને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :– નામ તો મહાવીરનું આવે ને?

ઉત્તર :– મહાવીરનું પણ મહાવીર ક્યો? મહાવીર આ કે બીજા? આહાહા..!

મુમુક્ષુ :– આપણે આપણું માહાત્મ્ય ઘટાડ્યું છે.

ઉત્તર :– ભાઈ! અહીં તો જેમ છે તેમ છે વાત. જેના દોકડા જેટલા હોય એટલા હોય. એમાં કોઈ એમ માની લે કે, આપણે આ..હા ભારે ધર્મ કર્યો અને ઘણો ધર્મ કરાવ્યો. પાંચ લાખ ખર્ચ્યા ને આ બધું ખર્ચવાના છે ને હજી? મોટું 'અમદાવાદ'માં 'અમદાવાદ'નું કંઈક છે કે નહિ પંચકલ્યાણક મોટું? હાથી કાઢશે ને... એમ છે. એ... 'હિંમતભાઈ'! આહા..! ભાઈ! જેને વિકલ્પ ને વાણીના ને પરના માહાત્મ્ય આવ્યા એને સ્વના માહાત્મ્ય અંદર આવતા નથી. ઓહો..! માહાત્મ્ય પોતાનું છે એ પરનું માહાત્મ્ય છે નહિ. લોકોને આકરું લાગે, ભારે વસ્તુ, ભાઈ! સમજાણું કાંઈ? કહો, હવે શું કહેવું હશે? બે વાત કરી. આહા..! જુઓ! ઇ કહે છે.

**'ઇસમેં આત્મધ્યાન યા આત્મભાવના કરનેકે ઉપાયોંકો પૂછા ગયા હૈ.'** શિષ્ય પૂછે છે. સમજાય છે? અમારે ધ્યાન કેમ કરવું ને આત્માની એકાગ્રતા કેમ કરવી?

**संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः।**
**आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनि स्थितम्।।२२।।**

**અર્થ :– 'મનકી એકાગ્રતાસે ઇન્દ્રિયોંકો વશમેં કર...'** દેખો! અર્થ અર્થ, ૨૭ પાને. મનની એકાગ્રતા. એકાગ્રતા શબ્દે સ્વ તરફની એકાગ્રતા. ઇન્દ્રિયોને વશ એટલે ઇન્દ્રિયો તરફનું લક્ષ છોડી દઈને. **'ધ્વસ્ત-નષ્ટ કર દી હૈ સ્વચ્છન્દ વૃત્તિ...'** ધ્વસ્ત-નષ્ટ કર દી હૈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વચ્છન્દ વૃત્તિ. સ્વચ્છન્દ વૃત્તિ એટલે પર તરફના વિકલ્પની સ્વચ્છન્દ વૃત્તિ. **'જિસને ઐસા પુરુષ અપનેમેં હી..'** ભગવાન જ્ઞાન, આનંદસ્વરૂપ પ્રભુ! પોતામાં... પેલી નાસ્તિથી વાત કરી. **'મન કી એકાગ્રતા સે ઇન્દ્રિયોં કો વશ મેં કર ધ્વસ્ત–નષ્ટ કર દી હૈ સ્વચ્છંદ વૃત્તિ જિસને...'** હવે અસ્તિ કરે છે. **'ઐસા પુરુષ અપનેમેં હી સ્થિત આત્માકો...'** પોતામાં સ્થિત જ્ઞાન આનંદ પરિપૂર્ણ એવા આત્મસ્વભાવને, **'આત્માકો અપને હી દ્વારા ધ્યાવે.'** સ્વરૂપની શુદ્ધિની નિર્વિકલ્પ ધારાથી ધ્યાવે.

**'અપને હી દ્વારા...'** આત્મ દ્વારા. આત્મા એટલે શુદ્ધભાવની પર્યાય દ્વારા આત્માને ધ્યાવે. એ એનો ઉપાય છે. આ તો 'ઇષ્ટોપદેશ' છે. આવો ઉપદેશ તેને ઇષ્ટ કહીએ. કોઈ એમ કહે કે, બહારથી મળશે, નિમિત્તથી મળશે એ ઉપદેશ ઇષ્ટ નથી, ભાઈ! એ હિતકર ઉપદેશ ભગવાનનો એ છે જ નહિ. એમ 'પૂજ્યપાદસ્વામી' સિદ્ધ કરે છે. વ્યવહારના વિકલ્પથી, નિમિત્તથી ને આનાથી ને આનાથી ને આત્માની શ્રદ્ધા, સમ્યગ્દર્શન ને જ્ઞાન, અનુભવ થશે એ ઉપદેશ 'ઇષ્ટોપદેશ' છે જ નહિ. સમજાણું કાંઈ? હવે રાડ નાખે ને બિચારા પછી ન્યાં 'ઇંદોર'માં ને તમારે 'દિલ્હી'માં લોકો... એય..! કાંઈ વાંધો નહિ. એ તો થવા દો ને એ તો થાવું હોય એથી કાંઈ ચાલ્યું જાય છે? આહાહા..!

કહે છે, ભાષા શું (કરી) જોયું? કે, **'ઐસા પુરુષ અપનેમેં હી...'** એટલે સ્વરૂપમાં **'સ્થિત આત્માકો અપને હી દ્વારા ધ્યાવે.'** નિર્વિકલ્પ દ્વારા, પોતા દ્વારા ધ્યાવે. આ એક સાધન એનું અંતરમાં અંતર છે. બહાર કોઈ વિકલ્પ-ફિકલ્પ, સાધન-ફાધન એને આત્માના ધ્યાન માટે, મોક્ષના માર્ગ માટે છે જ નહિ. આહા..! નિશ્ચય પરમ નિરપેક્ષ જ છે. વ્યવહારથી જ્ઞાન કરવા માટેની વાત અત્યારે અહીં નથી. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા વિશેષ લેશું...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૨, ગુરૂવાર
## તા. ૦૭-૦૪-૧૯૬૬
## ગાથા–૨૨ પ્રવચન નં. ૨૧

૨૨મી ગાથા ચાલે છે. જેને સુખરૂપ આત્માની શાંતિ પ્રાપ્ત કરવી હોય તો એનો શું ઉપાય છે એ વાત છે. આત્માની શાંતિ નથી બાહ્યમાં, શરીરમાં, વાણીમાં, મનમાં, કર્મમાં કે વિકલ્પમાં. એ કહેશે. આત્માની શાંતિ આત્મામાં છે. જ્યાં છે ત્યાં ધ્યાન કરવું એની વાત ચાલે છે. એકલી માખણની વાત છે.

**વિશદાર્થ :– 'જિસને...'** એટલે જેણે **'ઇન્દ્રિય ઔર મનકો રોક લિયા હૈ...'** શું કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? જે જીવ ઇન્દ્રિય અને મનનું વલણ એટલે? પહેલો આત્મા કહેશે આગળ, સર્વજ્ઞે કહેલો આત્મા શાસ્ત્ર જ્ઞાનથી પહેલો આત્મા કેવો છે એવો એણે લક્ષમાં તો લેવો જોશે. સર્વજ્ઞ પરમેશ્વર, એણે જે આત્મા કહ્યો... એથી માથે ૨૧ (ગાથામાં) કહી ગયા છે. એ રીતે પહેલું શાસ્ત્ર જ્ઞાનથી એનું નક્કી કરવું જોશે. 'સમયસાર'માં પણ એ આવે છે. પછી એને અંતરમાં સ્વરૂપ જ્યાં છે, સ્વરૂપ જ્યાં છે, જેમાં છે ત્યાં નજર કરીને ઠરવું, ઇ એક જ માર્ગ આત્માને શાંતિનો ને ધર્મનો છે. બીજે ક્યાંય શાંતિનો ને ધર્મનો માર્ગ છે નહિ.

કહે છે કે **'ઇન્દ્રિય ઔર મનકો રોક લિયા હૈ અથવા જિસને ઇન્દ્રિય ઔર મનકી ઉચ્છૃંખલ...'** એટલે? કે વિચારમાં તો વિકલ્પ એવા ઉઠે તો એનો અર્થ ઇ છે કે હજી ત્યાં ઇન્દ્રિયો તરફના વિષયનું એનું લક્ષ છે. આ વિકલ્પ ઉઠે ને? ત્યારે ઇ ઇન્દ્રિયો તરફના વલણનું લક્ષ છે ત્યાં અથવા શ્રવણાદિના તરફનું લક્ષ જે છે એ પણ ઇન્દ્રિય તરફના વલણનું, જ્ઞેયનું લક્ષ છે. એ પર તરફના જ્ઞેયના વિકલ્પને રોકીને અહીં નાસ્તિથી વાત કરે છે. સમજાણું કાંઈ? અંતરમાં વિચારમાં વિચારના કોઈ વિકલ્પો ઉઠે એનો અર્થ ઇ છે કે, કંઈ બીજા શ્રવણ ને મનન કરેલા વિષયોનો જ અંદર વિકલ્પ ઉઠે છે, પર તરફના ઇ (વિકલ્પો છે). એ વિકલ્પોને રોકીને એટલે ઇન્દ્રિયો ને મન તરફના વલણને રોકીને એમ એનો અર્થ (છે). સમજાણું કાંઈ? વિધિ, સીધી એક આકરી ક્રિયા કહે છે. આમાં પૂજા કરવી કે ભક્તિ કરવી કે એ તો આમાં આવતું નથી. કારણ કે, એ તો વિકલ્પનો રોકવો છે જો હિત કરવું હોય તો, એમ કહે છે, ભાઈ! ભારે વાત કઠણ. કારણ કે એ પર તરફનો વિકલ્પ એ કાંઈ હિતનું કારણ નથી. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? ભારે વાત આકરી.

કહે છે, ઇન્દ્રિય ને મન એટલે છ પ્રકાર. એ માહ્યલો કોઈ પણ પર તરફના વલણવાળો એ વિકલ્પ ઉઠતો હોય. આંખ બંધ હોય ને છતાં વિકલ્પની, રાગની ધારા ચાલે. આ આ... આ આ... એ બધો મનનો જ વિષય છે. સમજાણું કાંઈ? એ મનના વિષયમાં કાંઈ આત્માનું હિત છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ઇન્દ્રિયોના વિષયમાં અને મનના વિષયમાં ગમે તે શુભ-અશુભ વિકલ્પ ઉઠતો હોય પણ છે તો એ પર તરફનો વિષય.

મુમુક્ષુ :– ત્યાં મનનું અવલંબન છે?

ઉત્તર :– મનનું અવલંબન,.. વિકલ્પ છે એ જ પરનો વિષય છે. પર પદાર્થના વિષય વિના વિકલ્પ ઉઠે જ નહિ.

એકલું ચૈતન્યઘન છે એમાં જે આ (વિકલ્પ) ઉઠે છે એને રોક એમ પહેલું કહેવું છે, કર ઇ કહેવું નથી અહીં તો. જ્યારે વ્યવહારની વાત આવે કે, આ ભક્તિ ને પૂજા કે વાંચન ને શ્રવણ ને મનન એ બધા વિકલ્પોની વાત આવે ત્યારે અશુભથી ટાળવા કહે, પણ એ કાંઈ હિત નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ઇન્દ્રિય અને મન તરફના જેટલા શુભ કે અશુભ વિકલ્પો (ઉઠે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને રોકીને જેણે ઇન્દ્રિય ને મનની ઉચ્છૃંખલ, ઉચ્છૃંખલ એટલે એ સ્વેચ્છાચારની વૃત્તિઓ જે ઉઠતી હતી, ભલે શુભ હો કે અશુભ હો... આહાહા..! ઉચ્છૃંખલ એટલે આમ ઠરવું જોઈએ એનાથી વિરુદ્ધ એ બધી ઉચ્છૃંખલ વૃત્તિ ઉઠે છે.

મુમુક્ષુ :– આત્માના સ્મરણમાં...

ઉત્તર :– ઇ સ્મરણ હજી આવ્યું નથી, હજી તો અહીંથી વાત ચાલે છે, સાંભળો! હજી તો આ ઉચ્છૃંખલ વૃત્તિ છે એને છોડ એટલી વાત કરે છે. ઇ ક્રમ સમજાવે છે ને? છોડ એટલે અહીં લક્ષ જશે, નહિતર લક્ષ જશે નહિ એમ કહે છે. જ્યાં જ્ઞાન છે, જ્યાં આનંદ છે, જ્યાં સ્વસ્થાન છે, સ્વસ્થાન છે જ્યાં ભગવાન પોતે બિરાજે છે. ભગવાન એટલે આત્મા. એ આ પર તરફના વિકલ્પોને રોક તો એમાં જ્યાં છે ત્યાં જવાશે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? આ તો 'ઇષ્ટોપદેશ'ની વ્યાખ્યા છે, આ 'ઇષ્ટોપદેશ' છે.

**'એવં સ્વૈરાચારરૂપ...'** સ્વૈરાચારરૂપ. સ્વૈર એટલે શું? સ્વચ્છંદ, ઉચ્છૃંખલ સ્વૈર આવે છે, ઘણે ઠેકાણે આવે છે. એની સ્વચ્છંદ વૃત્તિનો અર્થ, કે પાંચ ઇન્દ્રિય ને મન તરફની વૃત્તિઓ ઉઠે છે એ બધી સ્વચ્છંદતા છે. માથે છે ને? આવ્યું હતું. નષ્ટ કર દિ હૈ સ્વચ્છંદ વૃત્તિ. સમજાણું કાંઈ? જ્યાં ભગવાન પોતાનું સ્થાન આનંદધામ રાખે છે, ત્યાં કહે છે કે, આ વિષયોના વિકલ્પોનું સ્વચ્છંદપણું છે એ બધું, એને છોડ. ઝીણી વાત છે, મૂળ હિતની વાત છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય અને મનની ઉચ્છૃંખલ એટલે **'સ્વૈરાચારરૂપ પ્રવૃત્તિકો ધ્વસ્ત કર દિયા હૈ,...'** એને ત્યાં રોક્યું છે. એટલે તે તરફના વલણમાં જ્ઞાનનું લક્ષ જે આમ હતું એને ત્યાંથી ખસ્યું છે.

**'ઐસા આત્મા,...'** એવો આત્મા, એમ. પર તરફની સ્વેચ્છાચારની ઉત્સાહિત ઉચ્છૃંખલ સ્વચ્છંદ વૃત્તિઓને. એમાં પણ રાગાદિકમાં ઉત્સાહ છે ને જરીક? આ... આ... એમ. એ બધો ઉત્સાહ રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! એને રોકીને. એવો આત્મા **'જિસકા સ્વરૂપ પહિલે (નં. ૨૧ કે શ્લોકમેં) બતા આયે હૈં,...'** દેખો! ૨૧માં કહ્યું હતું કે, એ પોતે લોકાલોકનો જાણક સ્વભાવ છે. સમજાણું? લોકાલોકનો જાણક સ્વભાવ કીધો એથી લોકાલોકને જાણે છે એમ નથી સિદ્ધ કરવું. એની શક્તિ એટલી છે કે, લોકાલોકને જાણવાનું સત્ત્વ ધારણ કરે છે, એમ. શું કીધું સમજાણું?

એ જ્ઞાન સ્વભાવ એવડો છે કે લોકાલોકને જાણવા. એથી અનંત ગુણને જાણવાનો એનો સ્વભાવ છે. તેથી કહ્યું હતું ને? લોકાલોકને જાણનાર, અનંત સૌખ્યવાન, અનંત સૌખ્યવાન, શરીર પ્રમાણે, નિત્ય, શરીર પ્રમાણે, નિત્ય એવો જે ભગવાનઆત્મા એને અંદરમાં સ્વસંવેદન દ્વારા અનુભવવો એમ બતાવવા આ એક રીત લીધી છે. સમજાણું કાંઈ? કરવાનું હોય તો આ છે. આહાહા..!

કહે છે, પહેલા શ્લોકમાં કહ્યું હતું ઇ. એને આગળ કહેશે, શાસ્ત્ર દ્વારા એનો પહેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ કેવડો એ ખ્યાલમાં લઈ લેવો જોઈએ. કે, જે ક્ષેત્ર આટલું છે, લોકાલોકનું આખું ક્ષેત્ર, એનો જ અચિંત્ય સ્વભાવ જ્યાં ખ્યાલમાં લે છે અને આ કાળની પણ ક્યાંય આદિ નહિ, અંત નહિ એવો કાળનો પણ સ્વભાવ જે ખ્યાલમાં લે છે, એવો ક્ષેત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞ અને કાળજ્ઞ. એવો આત્મા, કે જેના ક્ષેત્રનું અમાપપણું, કાળનું અમાપપણું તો એના ભાવની સંખ્યાનું પણ અમાપપણું અને એના ભાવના સામર્થ્યનું અમાપપણું. સમજાણું કાંઈ? એમ એણે શાસ્ત્ર દ્વારા પહેલો ખ્યાલ બાંધવો જોઈએ, આ આવો આત્મા છે એમ ખ્યાલ બાંધવો જોઈએ. એમ આગળ કહેશે. એ શાસ્ત્ર વિના એકલી કપોળકલ્પિતથી, સ્વચ્છંદવૃત્તિથી ધ્યાન કરવા જશે તો એનું ધ્યાન કોઈ રીતે સિદ્ધ થશે નહિ.

ભાઈ! ઘણા એમ કહે ને કે, ભાઈ! આપણે શાસ્ત્ર (શું કરવા વાંચવા)? પણ શાસ્ત્ર સર્વજ્ઞે કહેલું એ તત્ત્વ આવડું છે. શરીર પ્રમાણે હોવા છતાં... ક્ષેત્ર જે છે એ અમાપ છે પણ ક્ષેત્રને જાણનારનું દ્રવ્યનું ક્ષેત્ર માપવાળું છે. પણ એના જાણવાના સ્વભાવની સંખ્યાનું અમાપપણું છે અને સ્વભાવના સામર્થ્યનું અમાપપણું છે. એ રીતે જ વસ્તુ હોય એમ સર્વજ્ઞ શાસ્ત્રથી (નક્કી કરવું જોઈએ). આહાહા..! ભાઈ! 'શાંતિભાઈ'! આહાહા..! પહેલું એ શાસ્ત્રથી લોકાલોક નાખ્યું છે અને શરીરપ્રમાણે રાખ્યું છે. રાખ્યું છે એટલે છે પણ આ શું? એને ક્ષેત્રજ્ઞને મોટા ક્ષેત્રની જરૂર નથી. ક્ષેત્રની મોટપ અમાપ છે, ક્ષેત્રજ્ઞ-એને જાણનારને-ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવની અનંત સામર્થ્યની એની શક્તિ છે, કે જે આટલામાં દળ પડ્યું છે પણ અમાપ... અમાપ... અમાપ... અમાપ... સમજાણું કાંઈ?

એમ કાળ. આને કાળ એટલે કે આને જાણવા માટે કાળના લાંબા કાળની જરૂર નથી. છે કાળ અનાદિનો. કાળજ્ઞને જાણવાનો એક જ સમય છે. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા... કહેશે આગળ હોં! શાસ્ત્રથી નક્કી કરવું શ્રુતજ્ઞાન, નહિતર ગડબડી ઉઠશે. વાસ્તવિક આત્માનો જે સ્વભાવ ને જે સ્થિતિ ને જે મર્યાદા છે એ શાસ્ત્ર દ્વારા ખ્યાલમાં નહિ લે તો તેના તરફનું માહાત્મ્ય આવીને અંદર નહિ જઈ શકે. એને વિકલ્પનું ને રાગનું ને અલ્પતાનું માહાત્મ્ય રહ્યા જ કરશે. સમજાણું કાંઈ? અજ્ઞાનીઓએ કહેલા આત્માની વાત લે તો એને માહાત્મ્ય એનું વાસ્તવિક નહિ રહે. માહાત્મ્ય એનું બીજામાં જાશે. સમજાણું?

કહે છે, **'જિસકા સ્વરૂપ પહિલે (નં. ૨૧ કે શ્લોકમેં) બતા આયે હૈં,'** ૨૧માં 'उक्तं' છે ને એમાં એ સંસ્કૃતમાં? **'यथोक्तस्वभावं पुरुषम्, आत्मानं यथोक्त पुरुषम्.'** છે ને? સંસ્કૃત ટીકામાં બીજી લીટી છે. એ બતાવ્યું છે એમાં સર્વજ્ઞે કહેલી મહાન સ્થિતિ શાસ્ત્ર દ્વારા બતાવી છે. એ સ્વરૂપ આવું. એના જ્ઞાનમાં (એમ લે છે). હજી વિકલ્પ તોડવા પહેલા. ભાઈ! ત્યાં ('સમયસાર') ૧૪૩ (ગાથામાં) કહ્યું હતું ને? શ્રુતજ્ઞાન એ જ્ઞાન નક્કી કરવું. એ શૈલી આ છે. આવો જ આત્મા આ પ્રકારનો છે એમ વિકલ્પની ભિમૂકામાં પણ આ આત્મા આવો છે એવો બરાબર એણે નક્કી આંગણામાં કરવું જોશે. પછી? પછી જુઓ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'બતા આયે હૈં, આત્માકો...'** બસ આવ્યું હવે. આત્માને, આત્માથી **'આત્માસે હી...'** હવે પેલા વિકલ્પ-બિકલ્પનું માહાત્મ્ય ખસી ગયું. આત્મામાં, આત્માથી. આત્મામાં, આત્માકો– આત્માને, આત્માથી. પોતાના જ નિર્વિકલ્પ સ્વભાવ પર્યાયથી આત્માને **'સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ જ્ઞાનસે હી ધ્યાવે,...'** આહાહા..! ભારે વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? ન સમજાય એમ ન રાખવું, હોં! ઝીણી વાત (છે) પણ બહુ સાદી ભાષા છે, એમાં કાંઈ કોઈ (અઘરી ભાષા) નથી. જુઓને, કેટલાક કહે, આવું આ શું કહે છે આ વાત? આ જ રીત ને આ જ માર્ગ છે. બીજો માર્ગ હિતનો કોઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કઠણ પડે, નહિ? 'ફાવાભાઈ'! બહુ પકડવું થોડુંક (કઠણ પડે). આ વાત... કોઈ દિ' મગજને કેળવ્યું ન મળે. આ તો સાદી વાત ને સીધી.

આમ વસ્તુ એ સિવાયની પરવસ્તુ તરફના મનના વિકલ્પો પણ, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રના હો, એની ભક્તિ આદિના હો પણ બધા વિકલ્પો મનના વિષયો છે. ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે એ પણ એક વિકલ્પ છે, એ વિષય છે. કેમ કે જે ભગવાન અહીં બિરાજે છે એ ભગવાન અહીં છે, એ બહાર નથી અને બહારમાં છે ઇ અહીં નથી.

મુમુક્ષુ :– બધો પોરો ઉડી જાય એવું છે.

ઉત્તર :– ઇ જ કહે છે પરનો પોરો ઉડાડવો. ઉચ્છૃંખલ વૃત્તિ છે એને ઉડાડ. અહીં ઇ કહે છે કે, રહેવાનું સ્થાન અહીં અંદર છે. એ માટે તો આ ચાલે છે. આહાહા..! તારા કુદકા બધા માર્યા હવે ઘટાડ. આહાહા..!

મુમુક્ષુ :– કરવા લાયક...

ઉત્તર :– ઇ આ કરવા લાયક છે. કરવાનું, કરવાનું આ છે. એ વિના કાંઈ કર્યું, કાંઈ કર્યું એ છે નહિ એમ કહે છે. સમજાણું? આ 'ઇષ્ટોપદેશ' છે, હિતકારી ઉપદેશ છે. હિતકારી ઉપદેશ એટલે જેમાં હિત થાય.

કહે છે, **'આત્માકો આત્માસે હી, આત્માસે હી,...'** એટલે? પેલો વિકલ્પ આદિ જે છે એ છૂટી ગયો અને એકલા આત્માનું જ ઘોલન આત્મા દ્વારા રહ્યું. એકલો આત્મસ્વભાવ, એ સ્વભાવ દ્વારા આત્મા, સ્વભાવ દ્વારા આત્મા, આત્માને એકાકાર કરીને (જાણે). આવી વાત. આ તો હજી પહેલી વાત છે, હોં! આ કોઈ કહે કે, આઠમા ગુણસ્થાનની ને ઢીકણાની છે, એમ નથી. આ જોને આ શું વાત ચાલે છે? શરૂઆતની વાત કરે છે. પણ પહેલો વ્યવહાર તો જોઈએ ને? અરે..! સાંભળને હવે. વ્યવહાર કોને કહેવો પણ? આ થયા વિના પેલાને વ્યવહાર કહે કોણ? અજ્ઞાની કહે ઇ વ્યવહાર અજ્ઞાનીને હોય નહિ. જ્ઞાનીને વ્યવહાર હોય. આ વસ્તુનું ભાન થઈને જે વિકલ્પ ઉઠ્યો છે, પછી વિકલ્પ ઉઠે છે (એ) વ્યવહાર છે, બંધનું કારણ છે, હિતનું કારણ નથી. એવી વાત (છે). સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આત્માકો આત્માસે હી...'** એટલે કે, એમ. **'સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ જ્ઞાનસે હી ધ્યાવે,...'** જ્ઞાનમાં પેલા વિકલ્પથી ખસ્યો, આ જ્ઞાન તરફના જ્ઞાનમાં એકાકાર થયો એ જ્ઞાન પ્રત્યક્ષ જ થઈ ગયું, જેને રાગ ને નિમિત્તનું અવલંબન રહ્યું નહિ, જેને આત્મા પ્રત્યક્ષ થયો. સીધો મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા સ્વસંવેદનના પ્રત્યક્ષ દ્વારા **'જ્ઞાનસે હી ધ્યાવે,...'** પ્રત્યક્ષ જ્ઞાનથી ધ્યાવે. વાહ! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? બીજામાં હિતબુદ્ધિ છે એ ઉઠ્યા વિના આ બાજુનું વલણ એને યથાર્થપણે થઈ શકશે નહિ. કોઈ પણ શુભ વિકલ્પ, એમાં પણ કંઇક છે એમ માનનાર જ્યાં છે ત્યાં આવી નહિ શકે. ઇ કહેશે અહીંયાં, હોં! જ્ઞપ્તિ ત્યાં છે એમ કહેશે ને આગળ? ન્યાં છે. **'જ્ઞપ્તિ હોતી હૈ.'** જ્ઞાન થાય છે એમાં છે. એમાં જ્ઞાન છે ત્યાં જ્ઞાન થાય. રાગમાં ક્યાં જ્ઞાન હતું તે એને લઈને અહીં જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

શેરા કરે તો શેરાની વિધિ તો પહેલી શીખે છે કે નહિ? પછી વળી શેરો કરે. પણ વિધિની જ ખબર ન મળે... સમજાણું? (એ) ગડબડી કરી દેશે, પોટીસ કરશે. ગડબડી કરશે કહેશે આગળ, હોં! આવો આત્મા ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો લક્ષમાં લઈને, એવો લક્ષમાં લઈને પછી વિકલ્પમાં પણ હિત નથી એમ લક્ષમાં લઈને, એમ. એનું વજન વીર્યનું જોર જ્યાં આમાં કાંઈક છે, અહીંથી છે, આ અહીં છે, એ બધું વજન છોડી દઈને, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ.

કહે છે કે, **'સ્વયં ધ્યાવે, કારણ કિ સ્વયં આત્મામેં હી ઉસકી જ્ઞપ્તિ (જ્ઞાન) હોતી હૈ.'** શું કહે છે? એ જ્ઞાનનું ધામ-સ્થાન તો એ પોતે છે. એમાં જ્ઞાન થાય છે. શું રાગમાં થાય છે? જ્ઞાન રાગમાં થાય છે? આમ જ્યાં આવ્યો ત્યાં જ્ઞાનમાં જ્ઞાન થાય છે. જ્યાં છે ત્યાં જ્ઞાન થાય છે. જ્યાં છે ત્યાં તેનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધ્યાવે એટલે શું?

ઉત્તર :- .. ધ્યાવે એટલે એમાં એકાગ્ર થાય. ધાવે. આ દૂધને ધાવતા નથી? આનંદને અનુભવે, એમ ધ્યાવે. આહાહા..! આનંદને ચુસે. અરે.. અરે..! એ વળી...

કહે છે કે, સ્વયં આત્મામાં જ જ્ઞાન થાય છે, એમ કહે છે. એમ છે ને? સમજાણું? **'आत्मनैव स्वसंवेदनरूपेण त्वेनैव तज्ज्ञप्तौ'**. **'ઉસ જ્ઞપ્તિમેં ઔર કોઈ કરણાન્તર નહીં હોતે.'** એ જ્ઞાનમાં કોઈ કરણાંતર નથી હોતું. આત્માના જ્ઞાનના વેદનમાં એને કોઈ વિકલ્પનું કરણાંતર-સ્વભાવથી બીજા કરણો-પોતાના સ્વભાવથી કરણાંતર એટલે સ્વભાવથી અનેરા કરણો. વિકલ્પનો, રાગનો, વ્યવહારનો એવા કરણોની જ્યાં જરૂર નથી. બીજા કરણાંતર, આ કરણ સ્વભાવ સિવાય બીજા કરણાંતરેથી પ્રગટ થાય એવો નથી. આહાહા..! સમજાણું? એક આત્માના જ્ઞાનમાં-ભગવાનઆત્મા મહાન પરમાત્મા, મહાત્મા, એના જ્ઞાનમાં કરણાંતર એટલે કારણના અનેરા કારણોની, અનેરા સાધનની, અનેરા ભાવની, અનેરાની જ્યાં નિશ્ચયમાં અપેક્ષા નથી. છે ને પણ જુઓને! એ શ્લોક આપશે હવે. પછી શ્લોક આપશે. આ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલું લખીને પછી શ્લોક આપશે.

**'જ્ઞપ્તિમેં ઔર કોઈ...'** એ જ્ઞાનના જાણવા સિવાયના અંતર સાધન સિવાય **'કોઈ કરણાન્તર નહીં હોતે.'** ઇ તો આવ્યું, ૧૬મી ગાથામાં નથી આવ્યું? 'પ્રવચનસાર'માં ૧૬મી (ગાથા). સ્વયંભૂ... સ્વયંભૂ–પોતે પોતાથી જ આનંદથી જ આનંદ પ્રગટે છે. જ્ઞાનથી જ જ્ઞાન પ્રગટે છે. વિકલ્પ-બિકલ્પ, વ્યવહાર-ફેહવાર, નિમિત્ત-બિમિત્ત બિલકુલ હિતમાં કામ કરતું નથી. કહો, 'જ્ઞાનચંદજી'! હવે આ નિશ્ચય છે, નિશ્ચય છે એમ કરીને આ બધું (કાઢી નાખે). પણ તો કહે હવે. આ 'પૂજ્યપાદસ્વામી'ને કહેવા જા, કે આવું શું કરવા તમે લખ્યું? એને શું કહે છે એ ગંધમાં આવે નહિ. આ તો વસ્તુની સ્થિતિ કહે છે, બાપુ! જ્યાં છો ત્યાં, છે ત્યાં જા તો જ્ઞાન પ્રગટે. ન્યાં જ્ઞાન છે, ન્યાં આનંદ છે. અહીં રાગમાં છે? વિકલ્પમાં છે? પરના સંગમાં છે? કહો, 'મોહનભાઈ'! મારા જેવો કોઈ સુખી નથી એમ નક્કી કર, કહે છે. એ.. 'જેચંદભાઈ'! રાડ નાખે છે કે મારા જેવો કોઈ દુઃખી નથી. આહાહા..! મારા જેવો કોઈ સુખી નથી કે, જેને કોઈ કારણની, પરની જરૂર નથી. આ..હા..! જેમાં વિકલ્પની, તીર્થંકર ભગવાનની ભક્તિના વિકલ્પની પણ જેને જરૂર નથી. આહાહા..! પોતે સર્વજ્ઞ સ્વભાવી એવા સર્વજ્ઞ સ્વભાવે પ્રગટેલા એના સ્મરણના, વિકલ્પના કારણની સ્વ હિતમાં જરૂર નથી. આહાહા..! એટલી હા તો પાડે અંદરથી. આહાહા..! અસ્તિપણે બિરાજમાન, અસ્તિપણે બિરાજમાન, સત્તાપણે ભગવાન બિરાજમાન, એ સત્તાના સ્વભાવ દ્વારા જ પ્રાપ્ત થાય એવો છે. સત્તાના સ્વભાવ સિવાય બીજી સત્તા વિકારની કે નિમિત્તની સત્તા દ્વારા એ પ્રાપ્ત થાય એવી ચીજ છે જ નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં?

આ તો ભાષા સાદી છે, હોં! ગુજરાતી છે પણ એમ નહિ કે હિન્દીવાળાને (ન સમજાય). કોઈ કહે કે, અમે નથી સમજતા. ભાઈ, સમજવું પડશે. તો થોડું શીખીને આવવું. જેવા ગુજરાતીમાં ભાવ સ્પષ્ટ આવે એવા હિન્દીમાં ન આવે. આ તો એમ ને એમ સીધું ચાલ્યું જાય. સ્વદેશની વાત સ્વદેશની ભાષાથી જ સમજાય. એ સ્વદેશ ભાષા એટલે પેલો ભાવ, હોં! અંદર.

ભગવાનઆત્મા કહે છે કે, પણ જુઓ! કીધું ને? કે, **'ઉસકી (જ્ઞપ્તિ) જ્ઞાન હોતા હૈ.'** સ્વયં આત્મામાં એનું જ્ઞાન થાય છે. કારણ કે, સ્વયં આત્મામાં એનું જ્ઞાન થાય છે. કાંઈ રાગમાં થાય છે? નિમિત્તમાં થાય છે? મનમાં થાય છે? જ્યાં ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન, આનંદ તે કેટલો!!

મુમુક્ષુ :– પરિપૂર્ણ.

ઉત્તર :– પરિપૂર્ણ તે કેટલો? અમાપ... અમાપ... અમાપ... ભાઈ! ક્ષેત્ર ને કાળના જ્યાં માપ નથી એના જાણનારના એક ગુણના માપનું શું કહેવું! એવો એ ભાવથી ભરેલો ભગવાન પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થઈ શકે છે. આહાહા..! 'સોભાગચંદજી'! એ આત્મા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ આત્મા છે આ. આહાહા..! સમજાણું? **'ઉસ જ્ઞપ્તિમેં ઔર કોઈ કરણાન્તર નહીં હોતે.'** દેખો! કરણ એટલે સાધન. બીજું કોઈ સાધન છે નહિ. પેલો કહે, વ્યવહાર સાધન છે ને વ્યવહાર સાધન (છે), અરે..! હાલને સાંભળને!

મુમુક્ષુ :– બધા નિમિત્ત સાધન ક્યાં ગયા?

ઉત્તર :– ન્યાં ગયા એને ઘરે. ભગવાન પરના સાધનથી પ્રગટે એવું એનું સ્વરૂપ જ નથી એમ કહે છે અહીં તો. એનું સ્વરૂપ જ એવું નથી. ભગવાન પોતાના જ્ઞાનાનંદના સાધન દ્વારા જ પ્રગટે એવો એ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો! આ બીજા દેશમાં લઈ જાય છે. સ્વદેશમાં. તારા સ્વદેશમાં જ્યાં સ્વભાવ છે ત્યાં એનું જ્ઞાન થાય છે એમ કહે છે. ત્યાં એનું જ્ઞાન થાય છે. ત્યાં આનંદ થાય છે, ત્યાં ભાન થાય છે. કંઈ રાગમાં ને અહીં ભાન થાય છે? ભાન તો અહીં થાય છે–આ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પાત્રતા આત્મામાં બધી પડી છે. પરમાત્મા થાય એવી તાકાત (છે). પરમેશ્વર... કહ્યું નહોતું? તારા પરમેશ્વરને તું દૂર ન દેખ, તારા પરમેશ્વરને તું દૂર ન દેખ. તું તને પ્રભુ સ્થાપ. 'અનુભવ પ્રકાશ'માં અસ્તિ-નાસ્તિ બે શબ્દો છે. સમજાણું કાંઈ? તારા પરમેશ્વરને તું દૂર ન દેખ. વિકલ્પમાં, ભેદમાં, પરમાં ન દેખ. આહાહા..! એ... 'મોહનભાઈ'! તું તને પ્રભુ સ્થાપ. હું પ્રભુ છું (એમ) સ્થાપ. મારી સામર્થ્યાઈની પૂર્ણતા ક્યાંય બીજે નથી, મારી મારામાં જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવી પ્રતીતિનું જોર આવે...

ઉત્તર :– એ જોર પ્રતીતિનું આવે એ જ અંદર વેદનને કરે, એમ કહે છે.

**'જૈસા કિ તત્ત્વાનુશાસનમેં કહા હૈ - 'સ્વપરજ્ઞપ્તિરૂપત્વાત્.''** જુઓ! છે ને શ્લોક ૧૬૨, હોં! એમાં છે. આ પહેલાં ૧૬૧ આવી ગયો હતો ને? ૧૬૧ આવી ગયો હતો. આ ૧૬૨, એના પછીનો જ છે ઇ, એમાં છે.

**'વહ આત્મા સ્વપર-પ્રતિભાસસ્વરૂપ હૈ.'** દેખો! ૨૧ (ગાથાની) સંધિમાં (કહે છે). લોકાલોકને જાણનાર કહ્યો હતો ને ત્યાં? એટલે અહીં કહ્યું **'સ્વપર-પ્રતિભાસસ્વરૂપ...'** અસ્તિપણે એનું પોતાનું સ્વરૂપ જ એવું છે. સ્વ અને પરને જાણવું એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સ્વને, પરને (જાણે એવું) એક સ્વરૂપે છે ઇ, પાછું બે ભાગ નથી. સ્વ ને પરનું સ્વરૂપ જ એક સ્વરૂપે છે ઇ. એવું જ એનું સ્વરૂપ છે આખું. **'વહ સ્વયં હી સ્વયંકો જાનતા હૈ,...'** જુઓ! **'વહ સ્વયં હી...'** પોતે પોતાને જાણે છે. ભગવાનઆત્મા પોતે પોતાને જાણે છે. પોતે પરને નહિ, પર વડે નહિ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એને એમ ન માનવું કે, આ શરીર આવડું છે ને ધૂળ છે ને રોગ છે કે શરીર છે કે બાયડી છે કે છોડી છે. છોડ, કે દિ' એમાં હતું એ? એમાં તો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. વિકલ્પ નથી પછી વળી આ ક્યાંથી આવ્યા? અંદર ગરી ગયા ક્યાંથી ન્યાં? સમજાણું કાંઈ? અમે ગરીબ છીએ ને આ તવંગર છે ને આ કાળો છે ને ધોળો (છે). કાંઈ નથી એમાં. જેમાં નથી એ વડે એને કહેવો એ કલંક છે, કહે છે. આહાહા..! એ.. 'જેચંદભાઈ'!

મુમુક્ષુ :– બહુ ઊંચી પાયરીની (વાત છે)

ઉત્તર :– ઊંચી પાયરીની નહિ. પેલી જ આત્માની સત્તાના સ્વીકારની વાત છે. પહેલા એકડાની વાત (છે). આત્માની સત્તા કેવી અને કેવડી, કઈ રીતે પ્રાપ્ત થાય તે પહેલા એકડાની જ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! એવા ટેવાય ગયા છે ને પેલા વ્યવહારમાં, નિમિત્તમાં, સંયોગમાં, એટલે જાણે આ પહેલું હોય ને પછી આ. એટલે આ પછી હોય. સમજાણું કાંઈ? પહેલું જ આ છે.

ભગવાન દેહદેવળમાં દેવ જિન (બિરાજે છે). આવે છે કે નહિ? ત્યાં તો મૂર્તિને ચિત્રાંક છે, ન્યાં ભગવાન નથી. આહાહા..! એ ભગવાન સમવસરણમાં બિરાજે એ તારો ભગવાન નથી. આહા..! સત્યની જાહેરાત! અંદર એને પ્રસિદ્ધ કરવી, આત્મખ્યાતિ. ભાઈ! આવી ચીજ છો ને પ્રભુ! તું વિશ્વાસ લાવ પહેલો. વિશ્વાસ લઈને (અંદર) જવાય છે. આ આવો નથી એમ લઈને નહિ જવાય અંદર. શું કીધું? આ આત્મા સ્વતઃ સાધન પોતાથી જ પ્રગટે એવો (છે). નિમિત્તથી નહિ, વિકલ્પથી નહિ, ભેદથી નહિ, વ્યવહારથી નહિ. પરિપૂર્ણ આવો (છું) એવો વિશ્વાસ કર તો વિશ્વાસ લઈને અંદર જવાશે. આવડો છે એનો વિશ્વાસ ન કર તો બિલકુલ અંદર નહિ જવાય તારાથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બીજાને ... ત્યારે આ બધું ક્યાં ગયું? આ સામાયિક કરવી ને પોષા કરવા ને... એય..! પડિકમણા ને સામાયિક ને પોષા ને સામાયિક કરવા વખતે આમ .. પગે લાગે એમ નથી આવતું? સામાયિકમાં આવે છે કે નહિ? આમ પગે લાગવું ને આમ પગે લાગવું... આમ પગે લાગવું. સાંભળને! હવે એ તો વિકલ્પ હોય ત્યારે શું થાય છે એની વાત છે, એ હિત નહિ. આહાહા..!

અતીન્દ્રિય આનંદથી ઘડાયેલો અવિનાભાવી ભગવાન બિરાજે (છે). એ આનંદના ડુંગરમાં જવાનો રસ્તો એક જ છે. આવડો મોટો તે કેવડો! હું પરમેશ્વર પોતે છું. હું પરમેશ્વર પોતે. અપૂર્ણતા ને ઇશ્વરતાની મંદતા એ મારામાં છે જ નહિ. રાગ તો છે નહિ, નિમિત્ત તો છે નહિ પણ અપૂર્ણતા ને વિકલ્પ આદિ કે અપૂર્ણ આદિ પર્યાય, એવડો હું છું જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, દાતા છૂપે નહિ ઘેર માંગણ આવ્યા.' એ માંગવા પેલો આવે ને દાતા છૂપે? કેટલું જોઈએ છે? ભાઈ! શરમાય જાય પેલો માંગનાર. આહાહા..! અરે..! દસ હજાર માંગ્યા પણ લાખ માંગ્યા હોત તો હમણાં આપત, હોં! આ, આ તો આખો આત્મા! કેટલો માંગવો છે તારે? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'સ્વયં હી સ્વયં કો જાનતા હૈ,...'** આહાહા..! વિકલ્પની જરૂર નહિ, શાસ્ત્રની જરૂર નહિ, દેવ-ગુરુની જરૂર નહિ. આરે..આરે...! ભારે વાત, ભાઈ! 'સમયસાર'માં જરીક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લખ્યું છે ને? શાસ્ત્રથી આત્મા જણાય નહિ. ત્યાં પેલા કહે, પહેલું આવું શીખવાય? હવે સાંભળને! એને શીખવા તો દે, સમજવા તો દે પહેલો. ભગવાને કીધી છે કે નહિ? આ સંતો કહે છે કે નહિ? શું કહે છે આ? શબ્દો પડ્યા છે આ, વાચ્ય તો આ છે અંદર કહીએ છીએ તે. આ તો વાચક છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' એવું અનંત જ્ઞાની એ જ કહેતા આવ્યા છે. અહીં એમ છે એટલે બીજું કહેતા આવ્યા બીજું આવે ક્યાંથી પણ? વસ્તુ જ એવી છે ત્યાં (બીજું આવે શું?) વસ્તુ સ્વભાવ, એકલો સ્વભાવ, એકલો સ્વભાવ... કુદરતના ક્ષેત્રના કાળના સ્વભાવ એ કુદરતના સ્વભાવનું તત્ત્વ એ તે શું છે? આહાહા..! આમાં કોઈને પૂછવાનો પ્રશ્ન પણ ક્યાં છે? એવો ભગવાન અચિંત્ય સ્વભાવ સ્વતઃસિદ્ધ, સ્વયંસિદ્ધ, પોતાથી પોતે પરિપૂર્ણ પોતે પોતાથી જણાય એવી વસ્તુ છે. સમજાણું કાંઈ? એવું નક્કી નહિ કરે તો એને આત્મા પોતે પોતાથી જણાય એનો એને વિશ્વાસ નથી. વિશ્વાસ નથી તે અંદરમાં આત્માનો વિશ્વાસ કરી નહિ શકે. 'શાંતિભાઈ'! આહાહા..!

તું જ્ઞાનીની વ્યાયામશાળામાં આવ્યો નથી, કહે છે. એની કસરતું કોઈ જુદી જાતની છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા... નાના છોકરા હોય તો મોટા લાકડા ઉપાડે છે મોટા આવડા આવડા. શું કહેવાય? લાકડા નથી કહેતા? મગદળ. આમ કરીને આમ ઊંચા કરે પાછા. છે ને? કારણ કે નાના હાથમાં એકદમ સીધા ઊંચા કરવાની તાકાત ન હોય. એટલે જરીક હલાવે આમ. હલાવીને જરીક હલાવીને આમ ઊંચા કરે. એથી જોર ન પડે, હાથને પેલું ન થાય ને પેલું ઉછળી જાય. એ તો એને કારણે ઉછળે છે, હોં! હાથની વાત છે.

મુમુક્ષુ :- એકલા એકલા વ્યાયામ ને એકલા એકલા કુસ્તિ કરવાની છે.

ઉત્તર :- હા, ઇ. અહીં તો મગદળ પણ પોતે ને ગતિ કરનાર પણ પોતે ને ચલાવનાર પણ પોતે. આહાહા..!

કહે છે, **'સ્વયં હી સ્વયંકો જાનતા હૈ, ઔર પરકો ભી જાનતા હૈ.'** એ પોતામાં રહેલો સ્વ-પરને જાણે છે. બેનો અર્થ કર્યો એ તો, સ્વપરનો અર્થ કર્યો. **'ઉસમેં ઉસસે ભિન્ન અન્ય કરણોંકી આવશ્યકતા નહીં હૈ.'** જુઓ! ઉસમેં એટલે આત્મામાં, ઉસસે એટલે આત્માથી. ઉસમેં એટલે આત્મામાં, ઉસસે એટલે આત્માથી. **'ભિન્ન અન્ય કરણોંકી આવશ્યકતા નહીં હૈ.'** સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં, ભગવાનઆત્માથી અન્ય, ભિન્ન કરણ નામ સાધનની જરૂરિયાત છે જ નહિ. નિમિત્તની તો આવશ્યકતા ખરી ને? ઢીંકણાની આવશ્યકતા ખરી ને? એવા રાડે રાડ પાડે, પોકાર (કરે છે). હું નપુંસક છું, હું નપુંસક છું. હું કો'કને લઈને ઉભો થાવ એવો છું, એવો નપુંસક, પાંગળો છું એમ કહે છે. હાથે કરીને મારો પાંગળો ઠરાવે છે એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તો પણ નહિ. ના, ના ભાઈસાહેબ, એ નહિ. એવડો મોટો હું નહિ, એવડો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટો હું નહિ. પણ આ પગ સારા છે ને તારા. ના, ના ભાઈસા’બ પગ સારા છે પણ હું પાંગળો, આ પગ ચાલતા નથી. પણ આ પગ ભરે છો ને? પણ મને કંઈ અંદર નથી ચાલતું, પાંગળો પાંગળો છું. ‘મોહનભાઈ’! એને આવડો પોતે છે ઇ એને કહે છે કે વિશ્વાસ એને લાવવો જોઈએ. મારા સ્વભાવના સાધન માટે અન્ય કોઈ કરણ નામ સાધનની બિલકુલ જરૂર છે નહિ. આહાહા..! ભગવાનની ભક્તિ હોય તો સમ્યક્ અનુભવ થાય, ભગવાનની જાત્રા કરીએ તો અનુભવ થાય (એવું) ત્રણકાળમાં આવશ્યક છે નહિ. આહાહા..! એ.. ‘પુનમચંદજી’! થોડુંક દુનિયાને સમજાવીએ ને પછી જરીક જીવને લાભ થાય. બિલકુલ એ સાધનની અંદર જરૂર નથી. વિકલ્પ છે એ તો નુકસાનકારક છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ એનો થઈ શકે, બીજાનો કોઈ ભાર નહિ. આહાહા..! ‘અનુભવ પ્રકાશ’માં દાખલો આપ્યો છે. અગ્નિ આવે ને? અગ્નિ. અગ્નિ આમ મોઢમાં પ્રવેશ કરે ને? (તો કહે), જુઓ! મને જ્યોતિ પ્રગટી. એવો દાખલો આપ્યો છે. અગ્નિ પ્રવેશ કરે ને? જ્યોતિ કોઈ ઓલવવા માંગે તો તોફાન કરે. એમ પેલા વિકલ્પની ઝાળ સળગે, એને ના પાડે તો એલા પણ એ કષાય છે, સાંભળને! એવો દાખલો આપ્યો છે. અગ્નિ પેસે ને? અગ્નિ. મોઢામાં આમ જ્વાળા દેખાય. સળગે છે. તો કહે, જુઓ! જ્વાળા! જુઓ! જ્યોતિ પ્રગટી. બીજો કોઈ ઓલવવા આવે એની સાથે (ઝઘડે). ઓલવીશ નહિ, જ્યોતિ છે મારી. એમ કષાયના વિકલ્પો, શુભાશુભભાવ કષાય અગ્નિ છે. એને ના પાડે કે આનાથી નહિ થાય. (તો કહે), નહિ, એમ નહિ, એમ નહિ. અરે..! ‘પુનમચંદજી’! શું છે? આવું ‘ઇન્દૌર’માં સાંભળે તો રાડ નાંખે, હોં! અહીં તો ઠીક છે. આહાહા..!

સાંભળ્યું નથી. જેવું સત્ છે તેવું તેણે સાંભળ્યું નથી. ભગવાન સાહ્યબો સત્ ચૈતન્યમૂર્તિ પરમાત્મા પોતે છે. તારા જાણવા માટે, તારા અનુભવ માટે બિલકુલ બીજા કારણની, કરણની, સાધનની અપેક્ષા છે જ નહિ. ભાઈસા’બ આ તો એકાંત થઈ જાય છે, હો! એકાંત તે સમ્યક્ એકાંત છે, સાંભળ! બીજો વ્યવહાર હોય એ જ્ઞાન કરવા માટે વાત છે. હિતને માટે વાત છે ત્યાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ ઉપાય.

ઉત્તર :– આ ઉપાય. ઇ પૂછવું જોઈએ ને.

મુમુક્ષુ :– ઉપાસના ...

ઉત્તર :– ઉપાસના... સમજ્યા ને? **‘કૈસે કી જાની જાહિએ. ઇસમેં આત્મધ્યાન આત્મભાવના કરને ઉપાયોંકો પૂછા ગયા હૈ.’** આ ઉપાય છે. તું પૂછે છો કે, આત્માનો ઉપાય (શું)? બીજો ઉપાય ને બીજું કારણ લાવીશ એમાંથી? કોણે કીધું તને? વીતરાગ માર્ગ બાપુ! એવો છે, ભાઈ! ઇ વસ્તુ જ એવી છે. માર્ગનો અર્થ કાંઈ ભગવાને નવો કર્યો છે

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? આહાહા..!

કહે છે કે, **'ઉસમેં...'** એટલે ભગવાનઆત્મામાં, **'ઉસસે...'** એટલે આત્માથી, **'ભિન્ન...'** નામ અનેરા, **'અન્ય કરણ...'** નામ સાધનની આવશ્યકતા છે જ નહિ. હાય! હાય! રાડ નાખે પેલા. હજી તો પરની દયા ને રાગ થાય.. ઇ કે, નહિ નહિ એ સંવર-નિર્જરા-મોક્ષ છે. અરે..! ભગવાન! શું કરે છે તું આ? પણ વ્યવહાર ઉડાવ્યો ત્યારે ઠરીશ અંદર, નહિતર ઠરીશ નહિ. પણ તારે તો વ્યવહાર પહેલો હોય શેનો? સાંભળને હવે. એ તો નિશ્ચયમાં પછી એવો વિકલ્પ આવે છે, આવે છે. એની હોંશ કરવી છે તારે? જે અંદર દુઃખરૂપ વિકલ્પ ઉત્પન્ન થાય એની હોંશું કરવી છે તારે? એની હોંશ તો આત્માનો અણઉત્સાહ છે, ત્યાં ઉત્સાહ નથી. સમજાણું કાંઈ? એક પ્રતિમા–મૂર્તિ શુભભાવમાં એક નિમિત્ત તરીકે અમુક વખતે હોય એટલી વાત કરી ત્યાં ચોટ્યાં ત્યાં. ત્યાં તો ચોટ્યાં કે, આમાંથી જાણે કલ્યાણ થાશે ને આ જાણે હિતના સાધન છે. ચોંટ્યા તે દૃષ્ટિ ઊલટી છે ને મૂળ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સાધન માટે કરણાંતરની એને અપેક્ષા નથી એવું એ તત્ત્વ છે.

**'ઇસલિયે ચિન્તાકો છોડકર...'** એમાં પણ આવ્યું હતું ને? ભાઈ! બીજી વ્યગ્રતાને છોડીને, નહિ. ૧૬માં એમ આવ્યું છે. બીજી વ્યગ્રતા છોડી દે, આનાથી થાય ને આનાથી થાય. મફતનો... તારા કર્તા, કર્મ, કરણ તારામાં છે, છ કારકો તારામાં છે, કોઈ કારકની પરની અપેક્ષા કારકને છે જ નહિ. આહાહા..! ત્યારે વળી કહે, એકાંત થઈ ગયું. એકાંત સિદ્ધનો માર્ગ થઈ જાય છે આમાં તો. કહો, 'વસંતલાલજી'! આ રીત છે એવી એના ખ્યાલમાં આવતી નથી અને આવે ત્યારે વાતનો નકાર કરે કે એમ ન હોય, એમ ન હોય, એકાંત હોય, એકાંતે થઈ જાય... એકાંતે થઈ જાય... એકાંત થઈ જાય... કાંઈક કાંઈક પરનું સાધન, કાંઈક સ્વનું સાધન, કાંઈક પરનું સાધન, કાંઈક સ્વનું સાધન (બન્ને હોય). એય..! 'પુનમચંદજી'! નહિતર અમે પાંગળા છીએ માટે કંઈક આધાર જોઈએ. અરે..! સાંભળને! આવો આત્મા તેં કલ્પ્યો? તને આત્માની જ ખબર નથી. વ્યવહારે કેવો આત્મા છે એના જ્ઞાનમાં વ્યવહારે લક્ષ લેવું જોઈએ એટલું પણ તને ખબર નથી. સમજાણું કાંઈ? એ.. 'ચાંદમલજી'! શું કરવું આમાં? 'ઉજ્જેન'માં ને બુજ્જેનમાં કેટલું તોફાન ચાલે છે, લ્યો! ચાલવા દ્યો ને ચાલે એને ઘરે. આહાહા..!

**'ઇસલિયે ચિન્તાકો છોડકર...'** બીજી **'સ્વસંવિત્તિ-સ્વસંવેદનકે દ્વારા હી ઉસે જાનો,...'** બસ! જ્ઞાન દ્વારા જ્ઞાનથી જાણવું. જ્યાં જ્ઞાન છે ત્યાં જ્ઞાનથી જણાય છે. રાગમાં કાંઈ જ્ઞાન નથી, વિકલ્પમાં જ્ઞાન નથી, મનમાં જ્ઞાન નથી. આ, આ ત્યાં નથી. જ્યાં છે ત્યાંથી તે જણાશે, બીજેથી જણાશે નહિ. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાંથી એ જણાય કે જ્યાં નથી ત્યાં જણાય? ફલાણે ઠેકાણે સરકને ન્યાં ન હોય તો? અહીં અત્યારે બોલે છે નહિ? ફલાણા.. હું અહીં મારી પાસે છું. શું કાંઈક કહે છે ને? મારી પાસે છું, આ રહ્યો મારી પાસે, એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવી કાંઈક ભાષા અત્યારે બોલે છે. ક્યાં છો તું? હું મારા સ્વરૂપમાં છું. રાગમાં, મનમાં, નિમિત્તમાં, વિકલ્પમાં, કર્મમાં, ફલાણામાં કોઈ સાધન દ્વારા કાંઈ થાય એવો (છું)? કે, ના હું ક્યાંય છું નહિ. આહાહા..! કહો, સમજાણું?

**'છોડકર સ્વસંવિત્તિ એટલે કે સ્વસંવેદનકે દ્વારા, દ્વારા હી...'** અહીં પાછું. 'હી' એમ. **'ઉસે જાનો, જો કિ ખુદ મેં હી સ્થિત હૈ.'** જુઓ! આવ્યું પાછું. **'ખુદ મેં હી સ્થિત હૈ.'** એ પોતે ત્યાં છે, પોતે ત્યાં છે. રાગમાં, ભેદમાં, નિમિત્તમાં પોતે છે નહિ. જ્યાં તું છે નહિ ત્યાં લેવા જાય છે? એમ કહે છે. જુઓ! **'જો કિ ખુદ મેં હી સ્થિત હૈ.'** પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદકંદ એમાં સ્થિત છે, એમાં છે. એ બહારમાં નથી કે બહાર વડે બહાર સાધનમાં એ આત્મા પ્રગટ થાય. પોતે પોતામાં છે, સાધન પણ પોતામાં છે, જ્ઞાન થવું એ ન્યાં છે, આનંદ થવો એ ન્યાં છે, સાધન થવું એ ન્યાં છે, કર્તા થવું એ ન્યાં છે, કામ થવું એ ન્યાં છે. આહાહા..! વાહ રે..! ભગવાને વ્યવહારના ઘણા માર્ગ કહ્યા હોય ને? એ તો વચમાં આવે એનું જ્ઞાન કરાવ્યું, તને ભાન ન હોય તો, સાંભળને! ન્યાં ચોંટ્યો. સમજાણું કાંઈ?

**'જો કિ ખુદ મેં હી સ્થિત હૈ.'** સમજાણું? **'કારણ કિ પરમાર્થસે સભી પદાર્થ સ્વરૂપમેં હી રહા કરતે હૈં.'** જુઓ! અંદર આધાર શબ્દ છે, હોં! **'सर्व भावानां स्वरूपमात्राधारत्वात्'**. જુઓ! એ ભગવાનઆત્માનો આધાર સ્વરૂપ પોતે જ છે. એને વિકલ્પ, દયા, દાન, વ્રત, વ્યવહાર, રત્નત્રયના વિકલ્પો આધાર છે જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઇ વ્યવહાર આધાર ને નિશ્ચય આધેય, વસ્તુમાં છે નહિ. જુઓ! પાઠ છે, હોં! અંદર. પછી એનો અર્થ આટલો કર્યો, **'સભી પદાર્થ સ્વરૂપમેં હી રહા કરતે હૈં.'** એટલે દરેક પદાર્થ પોતે પોતાના સ્વભાવને આધારે રહે છે. રહે છે, છે અને પ્રાપ્ત પણ એ રીતે જ થાય છે, બીજી રીતે છે નહિ. કેટલું સ્પષ્ટ કરે! કહો 'જ્ઞાનચંદજી'! પાછું જોયું? ઇ નાખ્યું. હિન્દીમાં આવે તો ઠીક ન પડે એમ કરીને નાખ્યું. આ તો તમારી બાને સમજાય કે નહિ ભાષા? ભાષા? કોઈ દિ' સાંભળ્યું ન હોય. આખો દિ' કાઢ્યા હોય, છાણા કર્યા ને આ કર્યા ને ઢીકણું કર્યું ને રાડા નાખ્યા ને વહુ રાંધજો, કરજો, ઢીકણું પાંચસો બાયુનું રસોડું. આ શું છે એ વાત પણ સાંભળી ન હોય ન્યાં ગામડામાં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો બીજી વાત ચાલે છે. આહાહા..!

**'કારણ કિ પરમાર્થસે સભી પદાર્થ સ્વરૂપમેં હી રહા કરતે હૈં.'** દરેક (પદાર્થ). અહીં જુઓ! આ રાગાદિ સ્વરૂપ જ નથી આત્માનું, વ્યવહાર એ આત્માનું સ્વરૂપ જ નથી. સ્વભાવ જ્ઞાનાનંદ અનંત, અચિંત્ય, અમાપ સ્વભાવ, સ્વભાવને આધારે જ છે. સ્વભાવને આધારે જ પ્રગટે છે, સ્વભાવના સાધનથી પ્રગટે, બહારના સાધન એને છે જ નહિ. આહાહા..! આટલી વાત સ્પષ્ટ કરે છે છતાં રાડું પાડે છે બધા. સમજાણું?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરમાર્થસે સભી પદાર્થ સ્વરૂપમેં હી રહા કરતે હૈં.'** દરેક વસ્તુ એટલે આ સ્વભાવ. આત્મા ચૈતન્ય સ્વભાવ એ પરમાર્થ પદાર્થ છે. પરમાર્થ કીધું ને? સભી પદાર્થ. આત્મા એટલે કે જ્ઞાનાનંદ અનંત ગુણનો પિંડ એ આત્મપદાર્થ. એ આત્મપદાર્થ તે રાગને આધારે, વ્યવહારને આધારે, વિકલ્પને આધારે બિલકુલ રહ્યો નથી, પ્રગટતો નથી ને રહેશે નહિ ને થવાનો નથી. સમજાણું કાંઈ? **'ઇસકે લિયે ઉચિત હૈ કિ મનકો એકાગ્ર કર ચક્ષુ આદિક ઇન્દ્રિયોંકી અપને અપને વિષયોં (રૂપ આદિકોં) સે વ્યાવૃત્તિ કરે.'** લ્યો! ન્યાંથી ખસેડે. કારણ કે, ઇ સાધન-ફાધન નથી માટે ન્યાંથી ખસેડે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૩, શુક્રવાર**
**તા. ૦૮-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૨ પ્રવચન નં. ૨૨**

'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' કૃત છે. એમાં ૫૧ શ્લોકમાં આત્માનું હિત કઈ રીતે થાય છે તે કહે છે. ઇષ્ટ ઉપદેશ–હિતકર ઉપદેશ. શિષ્યે પ્રશ્ન કર્યો, ૨૨ ગાથામાં ઉપર (છે). ૨૧ ગાથામાં એમ કહ્યું કે, આ આત્મા લોકાલોકને જાણનાર છે, આત્મા અનંત આનંદસ્વરૂપ છે, નિત્ય છે અને શરીર પ્રમાણ છે એમ કહ્યું. અને પોતાથી વેદન કરવા લાયક છે. આત્મા લોકાલોકને જાણનાર, અનંત સુખસ્વરૂપ, નિત્ય, શરીર પ્રમાણ અને આત્મા પોતાથી જ સ્વસંવેદન, જ્ઞાનથી જ્ઞાનના વેદન દ્વારા જ આત્મા જણાય છે. સમજાય છે કાંઈ? એમ જ્યારે ૨૧ મી ગાથા કહ્યું તો શિષ્યનો પ્રશ્ન થયો, એવા આત્માની ઉપાસના કઈ રીતે કરવી જોઈએ? એવા આત્માની સેવા કઈ રીતે કરવી જોઈએ? આત્માની સેવા કઈ રીતે કરવી? સમજાય છે કાંઈ? ભગવાનની સેવાની વાત શિષ્યે નથી પૂછી. આત્મા આવો છે તો આત્માની સેવા કઈ રીતે કરવી જોઈએ? અને આત્માનું ધ્યાન અથવા અંદરમાં આત્માની ભાવના–એકાગ્રતા કઈ રીતે કરવી જોઈએ કે જેથી આત્માનું હિત થાય? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે.

આ 'પૂજ્યપાદસ્વામી'. 'કુંદકુંદાચાર્ય' મહારાજ બે હજાર વર્ષ પહેલા થયા. એમના પછી 'સમંતભદ્રાચાર્ય' થયા. દિગંબર, નગ્ન દિગંબર મુનિ. ત્યારબાદ 'પૂજ્યપાદસ્વામી' થયા. એમણે આ ઇષ્ટોપદેશ બનાવ્યું, જેમણે 'તત્ત્વાર્થ સૂત્ર'ની સર્વાર્થિસિદ્ધિ ટીકા અપૂર્વ બનાવી છે. એમણે આ ઇષ્ટોપદેશ બનાવ્યું છે.

જુઓ! હિતકારી ઉપદેશ શું? એ વાત ચાલે છે. આત્માની વાત જ્યારે ગુરુએ કહી કે આ આત્મા અનંત અનંત જ્ઞાનનો સ્વામી અને અનંત આનંદનો નાથ આત્મા છે. અને નિત્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરીર પ્રમાણે પોતાથી જણાય છે. મહારાજ! એ પોતાથી જણાય છે તો પોતાનું ધ્યાન, પોતાની ભાવના કઈ રીતે કરવી જોઈએ? એવો આત્મા (છે). અહીંયા આત્માની વાત ચાલે છે. સારાસાર ઇષ્ટોપદેશ આ છે. 'પોપટભાઈ'! ભગવાનની સેવા આદિ છે એ તો શુભભાવ છે. આ આત્માની સેવા કઈ રીતે કરવી? એમ શિષ્યનો પ્રશ્ન છે. અને 'પૂજ્યપાદસ્વામી'એ શિષ્યના મુખમાં આવો જ પ્રશ્ન મુક્યો છે કે જે હિતકર છે. અમારું હિત કઈ રીતે થાય? સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અનંત અનંત અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એના સ્વભાવમાં અતીન્દ્રિય જ્ઞાન પરિપૂર્ણ ભર્યું છે. છે શરીરના ક્ષેત્ર પ્રમાણે પણ ભાવના અચિંત્ય સ્વભાવથી ભરેલો આત્મા છે. કહે છે, પ્રભુ! ભાવના (કઈ રીતે કરવી)? જુઓ! શિષ્યનો પ્રશ્ન પણ એ છે અને ગુરુ એને ઉત્તર પણ એવો આપે છે. અમારે તો આત્મા આવો છે એનું હિત અને એની ભાવના અમારે કઈ રીતે કરવી? એવો પ્રશ્ન કર્યો છે. કહો, 'પોપટભાઈ'! શિષ્યે બીજો કોઈ પ્રશ્ન નથી કર્યો. બીજા ક્યા (પ્રશ્ન)? અમારે મંદિર બનાવવું કે ફલાણું કરવું કે ફલાણું કરવું? એવું કાંઈ નથી પૂછ્યું. એય..!

જ્યારે ગુરુએ ઇષ્ટોપદેશમાં આત્માનું આવું વર્ણન કર્યું, 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંત મુનિ. અનાદિથી જે ભાવલિંગી સંત ચાલ્યા આવે છે એ માહ્યલા એ ભાવલિંગી સંત હતા. એ ઇષ્ટોપદેશ—પોતાનું હિત કઈ રીતે થાય? એ શ્લોકમાં આત્માનું સ્વરૂપ કહ્યું તો શિષ્યના મુખમાં એવો (પ્રશ્ન) મુક્યો કે, મહારાજ! આવા આત્માની સેવા કઈ રીતે કરવી જોઈએ? ઉપાસના કઈ રીતે કરવી જોઈએ? એવો પ્રશ્ન છે. 'જુગરાજજી'! શિષ્યે આવો પ્રશ્ન કર્યો, બીજો કોઈ પ્રશ્ન કર્યો નથી. અમારે પરની દયા કેમ પાળવી? ભાઈ! જુઓ! આ ઇષ્ટોપદેશની રીત. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલું ઇષ્ટ ઉપદેશ, હિતકર ઉપદેશ. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંત મુનિ વનવાસી હતા. એ કહે છે કે આ આત્મા. તો શિષ્ય પૂછે છે કે આત્માની સેવા કઈ રીતે કરવી? કે જેમાં પોતાનું હિત ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

જવાબ આપે છે, જુઓ! આપણે અહીં સુધી આવ્યું છે. આપણે થોડું ફરીને લઈએ. **'યહ આત્મા સ્વપરપ્રતિભાસસ્વરૂપ હૈ.'** ત્યાંથી લ્યો. બીજો પેરેગ્રાફ છે ને? છે? ૨૭ પાને. ભાઈ! આ આત્મા સ્વ અને પરને જાણનારો છે. પરનું કંઈ કરનારો આત્મા નથી, એ સિદ્ધ કરે છે. અનંત આત્મા સિવાય જેટલી વસ્તુ છે એ બધાને જાણનારો અને પોતાને જાણનારો છે. એ સિવાય આ આત્મા પરનું કિંચિત્ કરનારો (નથી). જાણનારો કહ્યો ને? તો પરની દયા પાળનારો કે એમ કાંઈ નથી. એવો છે જ નહિ. સમજાય છે કાંઈ? આ આત્મા સ્વપરપ્રતિભાસસ્વરૂપ છે. ભગવાનઆત્મા, પોતામાં પોતાના જ્ઞાનનો પ્રતિભાસ થાય છે અને પરનો પણ પ્રતિભાસ–જ્ઞાન કરનારો છે. એવું એનું સ્વરૂપ જ અનાદિ સનાતન સત્ત્વમાં છે.

**'વહ સ્વયં હી સ્વયં કો જાનતા હૈ,...'** ભગવાનઆત્મા.. **'સ્વયં હી સ્વયં જો જાનતા હૈ,...'** આ ઇષ્ટોપદેશ છે. પરથી જાણે છે એમ ઇષ્ટોપદેશમાં છે જ નહિ. કેમ કે એવું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ નહિ. સમજાય છે કાંઈ? પરનું કાંઈ કરે તો પોતાનું હિત થાય એ વાત તો છે જ નહિ. કેમ કે પહેલેથી જ કહ્યું છે કે સ્વપરને જાણનાર આત્મા છે. ભાઈ! આ બધા દયાની રાડ્યું પાડે છે ને? અરે...! સાંભળ તો ખરો, પ્રભુ! તને આત્માની ખબર નથી. આ પોતાની દયાની વાત, પોતાની દયા શું છે એ વાત ચાલે છે.

આચાર્ય જવાબ આપે છે, સમજ્યા? **'आत्मानमात्मवान् ध्यायेद'**. અહીંયા કહ્યું કે સ્વયં પોતાને જાણે છે. ભગવાનઆત્મા,.. સાંભળવું આદિ તો નિમિત્તમાત્ર છે. સમજાય છે કાંઈ? બીજાની ક્રિયા આદિમાં શુભભાવ થાય એ પણ એક નિમિત્તમાત્ર છે. શુભભાવને પણ જાણનારો આત્મા છે, એમ કહે છે. આહાહા..! જે ક્રિયા શરીરથી થાય છે, એ જડપર્યાયને જાણનારો છે. શુભભાવ થાય છે એનો પણ જાણનારો છે. કેમ કે સ્વપરને જાણનારો છે. આહાહા..!

મુમુક્ષુ :– કરનારો ક્યારે થશે?

ઉત્તર :– એ પોતાના સ્વરૂપનો પુરુષાર્થ કરનારો છે, એ કહે છે. પોતાના સ્વરૂપ તરફની સેવા કરનારો એ આત્મા છે. કહો, 'વસંતલાલજી'! બહુ ઝીણું. જગતને કઠણ (પડે). દિગંબર સંત વનવાસી હતા. જંગલમાં રહેતા હતા. પોતાનું હિત સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું, એ હિતનો ઉપદેશ આમાં ચાલે છે. આહાહા..! શું (કહ્યું)?

એ સ્વયંને જાણે છે અને પરને પણ જાણે છે. જુઓ! પરને જાણો, એ છે એમ જાણો. છે, શુભરાગ છે, દેહની ક્રિયા આમ થાય છે, દેહનું આમ હરવું-ફરવું થાય છે, ખાવું-પીવું જડની ક્રિયા આવી થાય છે. એને જાણનારો છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'સ્વયં હી સ્વયં કો જાનતા હૈ,...'** જુઓ! આ ક્રિયા. **'ઔર પરકો ભી જાનતા હૈ. ઉસમેં ઉસસે ભિન્ન અન્ય કરણોંકી આવશ્યકતા નહીં હૈ.'** ભગવાન 'પૂજ્યપાદસ્વામી' સંત, શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપે છે. મહારાજ! નિજ હિત કઈ રીતે કરવું? તો કહે છે કે નિજ સ્વરૂપમાં જે શુદ્ધતા ભરી છે એમાં એકાગ્રતા થવી એ પોતાથી થાય છે. એમાં બીજા કોઈ પર કારણની જરૂર નથી. એમાં તો ઘણી વાત કરી. કહો, 'જુગરાજજી'! શુભભાવની જરૂર નથી એમ અહીંયા તો કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ હો, પણ સ્વરૂપની એકાગ્રતા કરવામાં એ કારણ નથી, એમ કહે છે. બહુ ઝીણી વાત. ભાઈ! માણસને.. મૂળ સર્વજ્ઞ પરમેશ્વરનો સર્વજ્ઞ સ્વભાવ, આત્માનો સર્વજ્ઞ સ્વભાવ કઈ રીતે પ્રગટ થાય, એ જ સર્વજ્ઞની વાત છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ સ્વભાવ– સ્વ-પરને જાણનારો. એમ થયું ને? આવો છે એ પર્યાયમાં પૂર્ણ સ્વપરપ્રકાશક સર્વજ્ઞ કઈ રીતે થાય એ માર્ગ છે.

કહે છે, **'ઉસમેં ઉસસે...'** એટલે? અર્થાત્ આત્મા પોતે જ્ઞાનાનંદસ્વરૂપ પરથી હટી, ઇન્દ્રિયોનો વિષય, કષાય, વિકલ્પ આદિ, વિકલ્પ એટલે શુભઆદિ વૃત્તિ, એનાથી હટીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિજ સ્વરૂપમાં પોતાને જાણવું અને પરને જાણવું એવો જે પોતાનો સ્વભાવ છે એમાં બીજા કરણ એટલે સાધનની અપેક્ષા નથી. છે પુસ્તક? છે કે નહિ? જુઓ! **‘ઉસમેં ઉસસે...’** ઉસસે એટલે આત્માથી. ઉસમેં એટલે આત્માની અંતર સેવા કરવાના કારણમાં. પોતાનો શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા, અંતર્મુખની ક્રિયા સ્વભાવમાં એકાગ્ર થવામાં, **‘ઉસમેં...’** પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા કરવાના કારણમાં. **‘ઉસસે..’** પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતા માટે **‘ભિન્ન અન્ય કરણોંકી આવશ્યકતા નહીં હૈ.’** છે? પુસ્તક છે કે નહિ? ભાઈ! જોયું? જુઓ! પુસ્તકમાં શું છે? અહીં તો પુસ્તક સાથે રાખીએ છીએ કે કોનો અર્થ થાય છે? આહાહા..! છે ને? ‘ધન્યકુમારજી’! શું છે? ઓહોહો...!

પરમેશ્વર સર્વજ્ઞદેવે જેમ કહ્યું એમ જ ‘પૂજ્યપાદસ્વામી’ દિગંબર સંત હિતકર ઉપદેશનું કથન કરે છે. આહાહા..! ઉપદેશ એવો હોવો જોઈએ કે આત્મા નિજ સ્વભાવનું સાધન પોતાથી કરે છે, પરના કરણની જરૂર નથી. એનું નામ ઇષ્ટ ઉપદેશ, એનું નામ હિતના કર્તવ્યનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **‘ઉસમેં ઉસસે ભિન્ન અન્ય કરણોંકી...’** કરણ એટલે સાધન. અનેરા સાધન, અનેરા કારણ, અનેરા ઉપાય. **‘કરણોંકી આવશ્યકતા નહીં હૈ.’** આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા...! પોતામાં ક્યાં અપૂર્ણતા છે કે પરની સહાય લે? એવો ભગવાન નિર્વાણનાથ! એ નિર્વાણનાથ–મોક્ષના પૂર્ણાનંદ મુક્તિનો નાથ આત્મા છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન શીતળીભૂત શાંત થવામાં પોતાની ક્રિયા પોતાથી કરે છે. પરના કારણ અને સાધન, નિમિત્તની જરૂર નથી એમ કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? ભાઈ! પોતાને પોતાનો સ્વભાવ છે. વસ્તુમાં અસ્તિત્વ છે, સત્તા છે. અનંત જ્ઞાન, આનંદની મોજૂદગી પોતાના સ્વભાવમાં છે. અને એ સ્વભાવનું સાધન કરવું એ પણ પોતામાં જ છે, પોતામાં જ છે. રાગ, શરીરની ક્રિયા આદિની અંતર સ્વભાવના સાધનમાં બિલકુલ આવશ્યકતા નથી. એમ ભગવાન ‘પૂજ્યપાદસ્વામી’ સંત દિગંબર મુનિ જગતને હિતનો ઉપદેશ કરે છે. સમજાય છે કાંઈ?

**‘ઇસલિયે ચિંતાકો છોડકર...’** ઓહોહો..! એક-બે લીટીમાં તો આખા જૈનદર્શનનો સાર ભરી દીધો છે. એ.. ‘હીરાલાલજી’! ‘હીરાલાલજી’ ખુશ થાય છે. આજે તો શુક્રવાર છે ને? કહો, સમજાય છે કાંઈ? એને પણ ક્યાં નોકરી કરવી છે? જ્યારે વખત મળે ત્યારે આવે. શિષ્યે પ્રશ્ન કર્યો, મહારાજ! પ્રભુ! અમારો આત્મા આવો અનંત જ્ઞાન, અનંત આનંદવાન, શરીર પ્રમાણે, નિત્ય, સ્વસંવેદન પોતાથી જણાય છે તો એની સેવા કઈ રીતે કરવી? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર ભગવાન સંત મુનિ દિગંબર ભાવલિંગી સંત છે. એ ભગવાનનો જે માર્ગ છે એ જ કહે છે કે ભાઈ! પ્રભુ! તું તો પરમાનંદની મૂર્તિ છો ને! અને પોતામાં વિકલ્પ જે શુભરાગ, દેહ, વાણી આદિ નિજ સ્વભાવની એકાગ્રતા કરવામાં પરના કારણની અપેક્ષા બિલકુલ આવશ્યકતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ સંવર, નિર્જરા ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવાની ક્રિયાની વાત કરે છે.

ભગવાનઆત્મા ઇન્દ્રિયથી પાર, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન, પોતાના પૂર્ણ સ્વભાવ સંપન્ન પ્રભુ, નિજ સ્વભાવ સન્મુખની ક્રિયા કરવામાં પરના સાધન, કરણની બિલકુલ અપેક્ષા નથી. એવો ભગવાનનો ઉપદેશ છે. સમજાય છે કાંઈ? નિશ્ચયની વાત છે. વ્યવહારમાં નિમિત્ત હોય એનું જ્ઞાન કરાય. એ તો જ્ઞાનમાં આવી ગયું. સ્વપરનું જ્ઞાન કરે છે એમાં એ આવી ગયું. સમજાય છે કાંઈ? બહુ કઠણ. માણસને એવું લાગે છે જાણે કંઈક કંઈક.. પંગુ આત્મા પંગુ.. એ પંગુ કઈ રીતે લખ્યું છે? પોતામાં સ્વભાવ ભરેલો છે. પરને જાણવું અને રાગ કરવો એ આત્મામાં છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા એને કહીએ, આત્મા જ એને કહીએ કે જે આત્મા.. ભગવાનઆત્મા અંતર પૂર્ણાનંદ અને આનંદથી ભરેલો આત્મા છે. એ તરફ અંતરમાં ઝુકાવ કરવો એ પોતાથી થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :—

ઉત્તર :– આ શેની વાત ચાલે છે? છે? લખ્યું છે કે નહિ એમાં? વાંચ્યું છે? વાંચતા આવડે છે? વાંચો લ્યો, વાંચો. બીજી લીટી. **'उसमें...'** ઉસમેં અર્થાત્ આત્માની સ્વપરને જાણવાની ક્રિયામાં, પોતાનું સ્વરૂપ જાણનાર સ્વરૂપ છે, એમાં સ્વપરને જાણવાનો ભગવાનઆત્માનો સ્વભાવ છે. **'उसमें उससे..'** બે શબ્દો પડ્યા છે. આમાં તો કેવા લખતા હશે? ગપ્પા મારતી વખતે ન્યાં અંદર લખતા હતા કે નહિ? બધા ધ્યાન રાખતા હશે કે નહિ? સાચું લખે. ન્યાં પૈસા આડાઅવળા ચાલ્યા જાય. પચાસ હજાર આવ્યા હોય ને પાંચસો જમા કરે? ન્યાં ન કરે. આહાહા..!

ભાઈ! શાંત થા, ધીરો થા. પ્રભુ! તારી પ્રભુતા તારી પાસે પડી છે. તારામાં પૂર્ણ પ્રભુતા ભરી છે. તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છે. તારી પ્રભુતાના ઉપયોગમાં બીજા કારણની પામરતાની કોઈ જરૂર નથી, એમ કહે છે. આહાહા...! વાત એને અંતરમાં અંદર બેસે નહિ. આવો આત્મા? પણ આ ભગવાન કહે છે, સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એની તને પ્રતીતિ છે કે નહિ? કે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેમણે જોયા, એવા પરમેશ્વર તીર્થંકરદેવ સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં દિવ્યધ્વનિમાં આમ ફરમાવતા હતા. એ માર્ગ પરંપરાએ મુનિ ફરમાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! શ્લોક તો પણ શ્લોક છે ને! જુઓ!

મુમુક્ષુ :– વિશેષ ખુલાસો તો આપ દ્વારા થાય છે.

ઉત્તર :– એમાં છે ઇ કહેવાય છે ને! છે, પુસ્તક હાથમાં રાખ્યું છે.

કહે છે, ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભરેલો આત્મા છે. એની વર્તમાન પર્યાય એટલે અવસ્થામાં પુણ્ય-પાપ અને રાગાદિ જે વિકાર છે એ તો દુ:ખની અવસ્થા છે. એ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? શુભાશુભભાવ અને એમાં ઠીક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અઠીક છે એવી જે કલ્પના થાય છે એ તો દુઃખરૂપ વિકાર છે. એ વિકાર એક સમયનો કૃત્રિમતાથી ઉત્પન્ન થયેલો છે. ગુમડું છે. ફોડા કહે છે ને? શું કહે છે? ભગવાનઆત્મા એ ગુમડા રહિત પરિપૂર્ણ ભગવાન છે, એમ કહે છે. આહાહા..! તારી ચીજની તને ખબર નથી. તારી વસ્તુમાં શું ભર્યું છે અને કેટલું માહાત્મ્ય છે એની ખબર નથી.

પહેલા કહ્યું કે ભગવાન! તું તો લોકાલોકને દેખનાર છો. કોઈ રજકણને પોતાનો માનવો એવું તારા સ્વભાવમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એક શુભરાગ આવ્યો એ મારો છે એમ માનવાનો તારો સ્વભાવ જ નથી. તારો સ્વભાવ સ્વ અને પરને જાણવાનો છે. પરિપૂર્ણ ભગવાનઆત્માને અમે આત્મા કહીએ છીએ કે જે આત્મા સ્વ અને પરને જાણે એવા જાણન સ્વભાવથી ભરેલો આત્મા છે. એ આત્મા શરીર પ્રમાણે રહેવા છતાં એની શક્તિ અનંત અને અચિંત્ય છે. એ પોતાના સ્વભાવ સન્મુખ થવામાં એને બીજા કારણની અપેક્ષા નથી. એવો એ આત્મા છે એમ ભગવાન સર્વજ્ઞદેવ ફરમાવે છે. કહો, 'પૂનમચંદજી'! તો આ બધું ક્યાં ગયું?

એ તો કહે છે કે શુભભાવ આવે છે એ જાણવાલાયક છે એવો તારો સ્વભાવ છે. શુભભાવને કરવો અને શુભભાવથી તને સ્વભાવમાં મદદ થાય એવું શુભભાવમાં નથી, એવું તારા સ્વભાવમાં નથી. શું કહ્યું? શુભભાવ જે છે એ જ્ઞેય થવાની લાયકાત રાખે છે. ભગવાનઆત્મા એને જાણવાની લાયકાત રાખે છે. શુભભાવ સાધકમાં મદદ કરે એવી શુભભાવની યોગ્યતા નથી. અને પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વપરને જાણનારો, એની અંતરમાં એકાગ્રતા કરવામાં શુભભાવ બિલકુલ સહાયક નથી. આવો શુભભાવનો સ્વભાવ છે કે એ સહાયક થઈ શકે નહિ. આ સ્વભાવ એવો છે કે એને સહાયકપણે લઈ શકે નહિ. આહાહા...! 'પોપટભાઈ'! આહાહા..! એ જ્ઞેય થઈ શકે અને તું જ્ઞાન થઈ શકે, બસ! આ વાત અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

શિષ્યનો પ્રશ્ન હતો એનો પ્રભુએ ગુરુએ ઉત્તર આપ્યો. મૂળ વાત, મૂળ મૂડીની વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન! તું તો પરિપૂર્ણ ગુણથી ભરેલો છે ને! તારી વર્તમાન પર્યાય જે પરલક્ષી છે, પરલક્ષી, એકાંત પરપક્ષી, એકાંત પરલક્ષી અને એકાંત પરપક્ષી, એકાંત પરને જાણનારી દશા છે. એમાં તો સ્વપરને જાણવાનું આવ્યું નહિ. સમજાય છે કાંઈ? રાગ, પુણ્ય, નિમિત્ત શરીરમાં થાય છે એનો કરનારો તો નથી પણ એનો જાણનારો એ પણ એકપક્ષી દૃષ્ટિ થઈ. એમાં તો સ્વ તો આવ્યો નહિ. સમજાય છે કાંઈ? અજ્ઞાનપણામાં પણ દેહની ક્રિયા, રાગની ક્રિયા જે થાય છે એનો ખરેખર તો પર્યાયમાં જાણનારો છે. એ જ્ઞાનની પર્યાય, રાગને કરવું અને દેહની ક્રિયા કરવી એવો તો પર્યાયમાં પણ ધર્મ નથી. એ પર્યાય એકલા પરને જાણે છે તો એ પર્યાયનો વાસ્તવિક સ્વભાવ નથી. વાસ્તવિક સ્વભાવ, સ્વપરપ્રકાશક થવું એ વાસ્તવિક સ્વભાવ છે. તો સ્વપરપ્રકાશક સ્વભાવ દ્રવ્ય સ્વભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ દેવાથી વસ્તુ ભગવાનઆત્મા, સ્વને પણ જાણે છે અને રાગાદિ, દેહાદિ ક્રિયા આદિ, ભગવાન પરમાત્મા આદિ મળે એ બધાને જાણે છે. સમજાય છે કાંઈ? અહીં તો એમ કહ્યું, સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજે તો તારા સ્વભાવના સાધનમાં એ બિલકુલ મદદગાર નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– સમોસરણમાં જાવું?

ઉત્તર :– જાય કોણ? આવે કોણ? એ તો વિકલ્પ હોય તો હો, બહાર હો, પણ આત્મા તો જાણનાર-દેખનાર છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કદી સાંભળ્યું નથી. શું વસ્તુ છે? ભગવાનઆત્મા દેહદેવળ આ તો માટી–ધૂળ છે. આત્મા છે? અંદર આઠ કર્મ છે એ આત્મા છે? આઠ કર્મ જડ છે, અજીવ છે અને અંદર પુણ્ય-પાપના શુભઅશુભભાવ થાય છે એ આસ્રવતત્ત્વ છે. એ તો આસ્રવતત્ત્વ છે, આ શરીર, કર્મ અજીવતત્ત્વ છે. જીવતત્ત્વ જે છે એ આસ્રવ અને અજીવથી ભિન્ન એ તો જ્ઞાયકતત્ત્વ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' સમજાય છે કાંઈ? આહાહા..! શું કરવું એમાં એને કાંઈ સૂઝ પડતી નથી. કરવું એ તારામાં અસ્તિત્વમાં કરવું છે કે તારા અસ્તિત્વમાં નથી એને તારે કરવું છે? તારામાં તો અનંત જ્ઞાન સ્વપરને જાણનારું જ્ઞાન છે. એમાં કાંઈ કરવું છે કે પરમાં તારે કંઈ કરવું છે? શું કરવું છે તારે? આહાહા..!

કહે છે કે તારામાં તો મોજૂદગી, સ્વને અને પરને જાણવું-દેખવું એવા સ્વભાવની તારામાં મોજૂદગી છે, પ્રભુ! તારામાં એ જાણવાનો સ્વભાવ છે એ જ સ્વપરપ્રકાશકની પર્યાય સ્વભાવસન્મુખ થા તો પ્રગટ થાય. એ સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ થાય એમાં કોઈ રાગ અને નિમિત્તના સાધનની અપેક્ષા નથી એમ ભગવાન કહે છે. ભગવાનની શ્રદ્ધા અને ભગવાન આમ ફરમાવે છે. 'સોભાગચંદજી'! શું છે આ? આ બધું શું કરવું? કુદે છે બધા જો. તમે તો અહીંયા કેટલું કર્યું! માનસ્તંભ બનાવ્યું, આવું મંદિર (બનાવ્યું). અઢી હજાર માણસ સમાઈ શકે એવો તો હોલ. એક કોર સમવસરણ, આ ચાંદીનું સમયસાર. 'રાજકોટ', 'રાજકોટ' ગયા નહિ, ભાઈ! 'રાજકોટ' ગયા હતા? નહિ, હમણાં નથી ગયા. જાવાનું છે. 'રાજકોટ'માં પણ એક મોટું મંદિર છે. બે લાખનું નવું સમવસરણ છે. બે લાખનું! અને ૫૨ ફૂટનો સવા લાખનો માનસ્તંભ છે. ગયા વર્ષે પ્રતિષ્ઠા થઈ હતી. એ બધું થાય, થાય તો એને કારણે થાય છે, એમ કહે છે. આત્મા એને બનાવનાર છે, એમ ભગવાન ના પાડે છે. હા, એને જાણનારો છે. આહાહા..! 'પોપટભાઈ'! શું ત્યારે તમે આ બધું કર્યું? 'જોરાવરનગર'માં ને... આહાહા..! ભારે વાત, ભાઈ!

ભગવાન! તારા તો ચૈતન્યરત્ન છે ને, પ્રભુ! તારામાં તો ચૈતન્યરત્ન ભર્યા છે ને! આહાહા..! જેની શ્રદ્ધા–સમ્યગ્દર્શન, જેનું સમ્યગ્જ્ઞાન, જેનું સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ સમ્યક્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને ભગવાન રત્નત્રય કહે છે. એવા એવા અનંત રત્નત્રયનું ધામ તો તારું સ્વરૂપ છે. કેમ કે એ સમ્યગ્દર્શન આદિ પર્યાય તો આત્મામાંથી પ્રગટ થાય છે. એના ફળરૂપી કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, પૂર્ણવીર્ય–બળ એ પણ આત્મામાંથી પ્રગટ થાય છે. તો આત્મા તો મહારત્ન છે. અનંત રત્નનો ભંડાર આત્મા છે. આહાહા..!

કહે છે કે નિજ ચૈતન્યરત્નની અંતર્મુખ સ્વભાવની એકાગ્રતા સાધન છે એ જ હિતકર છે, એમાં બીજા કોઈ સાધનની આવશ્યકતા છે જ નહિ. આહાહા..! આ માન્યતા મુનિઓની છે કેવળીની છે.. કઠણ પડે. 'જુગરાજજી'! 'ચાંદમલજી'! શું છે? સાથે પુસ્તક છે કે નહિ? આ કાંઈ સોનગઢની વાત નથી. કોઈ કહે છે, એ.. સોનગઢની વાત છે. આ છે કે નહિ? પાના લે ને, ભાઈ! દિવાળીના દિવસે ચોપડા નથી તપાસતો. લાવો તમારામાં કેટલા અને અમારામાં કેટલા છે કાઢો. પાંચ હજારની રકમ મારામાં વધારે નીકળે છે, તમારે કેમ થોડી નીકળી? ભાઈ! મેળવો. ખાતા મેળવો. અહીંયા આ ખાતા મેળવો. આ વેપારમાં ખાતા મેળવો. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં આવ્યું એ સંતો વાત કરી રહ્યા છે.

'પૂજ્યપાદસ્વામી' કહે છે, અરે..! એકવાર સાંભળ! સમજાય છે કાંઈ? અરે..! તારે કામ કરવું છે કે તારે વાતું કરવી છે કે તારે અહિત કરવું છે? હિત કરવું છે, ભગવાન! અમારે તો હિત કરવું છે. અનંતકાળમાં એક સમય પણ કદી હિત કર્યું નથી. કહે છે, ભગવાન! તારે હિત કરવું છે તો અમે કહીએ છીએ એમ થાય છે. અમે કહીએ તેમ થાય છે. શું કહે છે? તારો આત્મા અનંત ગુણસ્વરૂપ છે. એમાં એક કરણ નામનો ગુણ પણ પડ્યો છે. સાધન નામનો ગુણ પડ્યો છે, અંદરમાં આત્મામાં અનાદિઅનંત (છે). એ કરણગુણ દ્વારા, નિજ સ્વભાવ સાધન દ્વારા એકાગ્રતા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ બધો શુભ વ્યવહાર વચ્ચે છે આવે છે એ જાણવાલાયક છે. વ્યવહાર આવે છે, હોય છે, જ્યાં સુધી પૂર્ણ ન થાય, વીતરાગદશા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આવો ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો શુભભાવ આવે છે જરૂર, હો, પણ એ આત્માનું કર્તવ્ય છે કે આત્માના હિતમાં મદદ કરનાર છે એમ નથી. એ જાણવાલાયક છે. સ્વપરપ્રકાશકમાં એનું જ્ઞાન થઈ જાય છે. આહાહા..! ચૈતન્યનો તો માર્ગ તો જુઓ!

મુમુક્ષુ :– આવી વાત સાંભળી જ નથી.

ઉત્તર :– સાંભળી નથી. એની સ્થિતિ, એની મોજૂદગી કેવી છે એ સાંભળ્યું જ નથી. પોતાની કલ્પનાથી માની રાખ્યું છે કે ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે. માને પોતાની કલ્પનાથી અને કહે, ભગવાન આમ કહે છે. કેમ 'પૂનમચંદજી'?

મુમુક્ષુ :–

ઉત્તર :– અનાદિકાળથી અવળો છે ને? ઊંધો. એને અંદર પોતાની માહાત્મ્ય દશા આવતી નથી. આવો હું? લાકડી વિના ચાલે? પંગુ.

મુમુક્ષુ :– વાસ્તવિક સ્થિતિ પકડાણી નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પકડાણી નહિ. શું વસ્તુ છે? આત્મા કેવી ચીજ છે?

કહે છે, ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, ભગવાન તારી વસ્તુ છે ને? પ્રભુ! તો તારી વસ્તુમાં કરણ નામ સાધનશક્તિ-ગુણ પડ્યો છે ને! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી શક્તિઓ અંદરમાં પડી છે. એ શક્તિ તારા સ્વભાવની ખાણમાં જ છે. તારા સ્વભાવની એકાગ્રતા કરવામાં બીજા કોઈ સાધનની અપેક્ષા સ્વભાવને નથી. આહાહા..! વાહ.. રે! વીતરાગ! આ વીતરાગ માર્ગ છે. સમજાણું કાંઈ? અભિપ્રાયમાં આવું અનુભવમાં આવ્યા વિના એનું હિત કદી થાય નહિ. સમજાય છે કાંઈ?

**'ઉસમેં...'** પોતાનો સ્વભાવ શુદ્ધ ભગવાન અતીન્દ્રિય આનંદની લહેરમાં આત્મા પડ્યો છે. અતીન્દ્રિય આનંદની મોજ અંદરમાં છે, આત્મામાં અનંત અતીન્દ્રિય આનંદ છે. એ તરફનું લક્ષ કરનાર સ્વતઃ લક્ષ કરે છે. એ તરફ એકાગ્રતા કરનાર આત્મા સ્વતઃ એકાગ્ર થાય છે. એ તરફની આત્માની સેવા કરનારો આત્મા સ્વતઃ સેવા કરે છે. એમાં નિમિત્ત અને રાગની બિલકુલ આવશ્યકતા નથી. જ્ઞાનમાં બીજી વસ્તુ જાણવાલાયક થાય છે તો જાણે. સમજાય છે કાંઈ? એ.. 'પોપટભાઈ'! આહાહા..! આ ગુપ્ત નથી રાખ્યું. છે આ તો લખ્યું છે ને બહાર પાડ્યું છે, જુઓ! ઢંઢેરો પીટીને તો આવું બહાર પાડ્યું છે. 'પૂજ્યપાદસ્વામી'એ ગુપ્ત રાખી છે વાત? તો લખ્યું શું કરવા? જગતનું હિત આમ થાય એમ પહેલા નિર્ણય કરો. નિર્ણય કરો, નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના તારા હિતના પંથ કદી મળશે નહિ. આહાહા..! એકાંત છે.. એકાંત છે (એમ લોકો પોકાર કરે છે). એય..! 'પૂનમચંદજી'! અરે..! ભગવાન! સાંભળ તો ખરો. બોલવામાં કાંઈ વાર લાગે છે જીભને? જાઓ એકાંત છે, આમાં એકાંત છે. આવો વ્યવહાર પણ હોય, આ હોય તો એનાથી લાભ થાય એ અનેકાંત છે. અહીં તો ભગવાન 'પૂજ્યપાદસ્વામી' ના પાડે છે. અસ્તિ-નાસ્તિ કરે છે. સમજ્યા?

જુઓ! **'संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः आत्मानमात्मवान् ध्यायेद'** પાઠમાં છે ને ઇ? **'आत्मानमात्मवान् ध्यायेदात्मनैात्मनि स्थितम्'** પોતે પોતાથી સાધન કર છે, પરથી સાધન નથી. આહાહા..! અરે..! આ રુચિમાં પણ ન બેસે. રુચિમાં આ વાત ન બેસે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ કઈ રીતે થાય? કેમ કે સ્વભાવ જ એવો છે. સમજાય છે કાંઈ? **'ઉસમેં ઉસસે ભિન્ન અન્ય કરણોંકી આવશ્યકતા નહીં હૈ.'** સમજાય છે કાંઈ? **'करणग्राम' 'करणग्राम चक्षुरादीन्द्रियगणम्' 'करणान्तराभावासू'** ટીકાની બીજી લીટી. પછી આધાર આપ્યો. પહેલું કહ્યું પછી એનો આધાર આપ્યો. એ તો પાઠમાં છે ને. પાઠમાં છે તો કહે જ ને. પાઠમાં છે ઇ કહ્યું. અને પછી આધાર આપ્યો છે. સમજાય છે કાંઈ? **'करणान्तराभावासू'** પછી 'તત્ત્વાનુશાસન'નો આધાર આપ્યો છે ને? 'તત્ત્વાનુશાસન'નું આ ચાલે છે.

'પૂજ્યપાદસ્વામી'એ તો કહ્યું કે ભગવાન! તને માહાત્મ્ય નથી આવતું, આવો વિશ્વાસ નથી આવતો. હું એક શુદ્ધ ચૈતન્ય ભગવાન આબાળગોપાળ શરીરમાં પડેલો પ્રભુ! પૂર્ણાનંદનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નાથ છે. ભગવાન અંતર પરિપૂર્ણ શક્તિનો ભંડાર છે. આવો પરમાત્મા, નિજ પરમાત્મા પરમેશ્વર પોતાની ઈશ્વરતાના સાધનમાં બીજી પામર ચીજની અપેક્ષા રાખતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શુભભાવ અને ભગવાન નિમિત્ત, સ્વભાવના સાધનમાં પરની અપેક્ષા નથી. આવું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ જ આવું છે. એનાથી વિપરીત માને તો એણે આત્મા જ માન્યો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– .. બીક લાગે છે.

ઉત્તર :– બીક શેની લાગે છે? .. લાગે છે. શાતાશિલિયા મૂઢપણે કેળવી છે ને એટલે અત્યારે આમ રાડ નાખે છે, ઇ છે. 'જેચંદભાઈ'! આમ બધા પહોળા પહોળા થઈને ફર્યા છે ને! રાગમાં, હોં! હવે હાય.. હાય.. (થાય છે). ધૂળ થઈ ગયા. એ તો શરીર છે. આત્મા જાણનાર છે કે આ પ્રમાણે થયું. બસ! મેં કર્યું એમ નથી. અરે..! આમ ધ્યાન રાખ્યું હોત તો આમ થાત. એવું એમાં છે જ નહિ. આમ ધ્યાન ન રાખ્યું માટે આમ થયું, બિલકુલ આત્મામાં એમ નથી અને એમાં (-સામા પદાર્થમાં) પણ નથી. એ પણ જ્ઞેય થવાને લાયક એવી વર્તમાન અવસ્થા છે. આત્મા એ જ જ્ઞેયને જાણનારો, પોતાને જાણનારો પોતામાં પરને પણ જાણનારો પોતાથી છે, બીજું કોઈ સાધન એમાં નથી. આહાહા..! પહેલા સાધન ન કર્યું, બરાબર ધ્યાન ન રાખ્યું, આમ કર્યું ને તેમ કર્યું... બધી ધૂળધાણી.. મિથ્યાભ્રમ અજ્ઞાનીનો છે. 'પોપટભાઈ'! આહાહા..!

**'ઇસલિયે ચિંતાકો છોડકર...'** જુઓ! આવું છે માટે ચિંતાને છોડીને. આમ છે માટે ચિંતાને છોડીને. કેવું છે? સ્વયં પોતાને જાણનારો અને પરને જાણનારો છે. પુસ્તક લીધું છે કે નહિ? **'સ્વસંવિતિ–સ્વસંવેદનકે દ્વારા હી ઉસે જાનો,...'** જુઓ! ભગવાન સ્વસંવિતિ– સ્વસંવેદન. પોતાની જ્ઞાનની પર્યાયથી જ્ઞાતાને જાણો. આ તો સીધી સાદી વાત છે. એમાં કંઈ બહુ સંસ્કૃત વ્યાકરણની જરૂર નથી પડતી. ભગવાનઆત્મા પોતાનું જ્ઞાનનું જે કિરણ પ્રગટ છે, જ્ઞાનની પર્યાય પ્રગટ છે એ પ્રગટ દ્વારા અંતર આત્માને જાણો. સમજાય છે કાંઈ? એ રાગ શુભ વ્યવહાર રત્નત્રયની પણ જેને સાધનમાં જરૂર નથી. એમ અહીંયા કહે છે. અહીં તો (એમ કહે), વ્યવહાર રત્નત્રય સાધન ને નિશ્ચય સાધ્ય, 'છઢાળા'માં એવા કથન બહુ આવે. નિશ્ચયનું કારણ છે, વ્યવહાર નિશ્ચયનો હેતુ છે. નથી આવતું 'છઢાળા'માં? એ બધું નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. વ્યવહાર વસ્તુ છે ખરી, નથી એમ નથી. જેમ લોકાલોક નથી? છે. છે તો શું પોતામાં અહીંયા આવી ગયો છે? એમ વ્યવહાર છે ખરો, પોતાના સ્વરૂપના સાધનમાં પોતાનું સાધન કર્યું, જ્યાં સુધી પૂર્ણ સાધન ન થાય ત્યાં સુધી રાગ વચ્ચે આવે છે. હો, પણ એ તો સ્વપરપ્રકાશકમાં જાણવાની વસ્તુ આવી. એ વ્યવહાર ઉત્પન્ન થયો એ જણાય ગયો. સ્વ અને પરને જાણવામાં એ જાણવામાં આવી ગયો. પરના કર્તવ્યથી અહીંયા કર્તવ્ય થયું અને પરથી અહીંયા લાભ થયો, પોતાના હિતમાં મદદ થઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવો વ્યવહાર આવ્યો જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે ને? જુઓ! અહીં તો શબ્દના અર્થ તો થાય છે. વાણિયા કંઈ નક્કી તો કરશે કે નહિ પાઠની સાથે?

**'ઇસલિયે ચિંતાકો છોડકર સ્વસંવિતિ...'** સ્વસંવિતિનો અર્થ સ્વસંવેદન. **'કે દ્વારા...'** જુઓ! સ્વસંવેદન દ્વારા. વિકલ્પ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ, પર દ્વારા નહિ. પોતાના શુદ્ધ સ્વરૂપમાં અંતર્મુખ થઈને, પોતાના જ્ઞાનથી જ્ઞાનનું વેદન કરવું, એ દ્વારા જ **'ઉસે જાનો, જો કિ ખુદ મેં હી સ્થિત હૈ.'** લ્યો! ઓહોહો..! ભગવાન પોતામાં જ સ્થિત છે. જ્ઞાન, આનંદ પોતામાં સત્ત્વરૂપ પડ્યા છે એમાં એકાકાર થાઓ. પોતામાં પડ્યું છે. કાંઈ બહારના સાધન લેવાની જરૂર નથી. આહાહા..! આ ઝઘડા બધાના. એય..! નિમિત્ત.. પેલો કહે, વ્યવહાર, પેલો કહે, ક્રમબદ્ધ. આમાં બધો ખુલાસો છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ!

ક્રમબદ્ધનો નિર્ણય કરનારો પણ સ્વતંત્ર પોતાનો જ્ઞાતા છે, રાગનો કર્તા નહિ, પરનો કર્તા નહિ, શુભરાગ આવ્યો તેનો કર્તા નહિ, તેનો હું જ્ઞાતા-દૃષ્ટા છું, સ્વપરપ્રકાશક છું, ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય આવ્યું. સમજાય છે કાંઈ? અને પોતાના સ્વભાવનું સાધન પોતાથી છે. વ્યવહાર ઊડી ગયો. વ્યવહાર સાધન છે એમ ન રહ્યું. વ્યવહાર નિમિત્ત હતો તો નિમિત્તથી થયું એમ રહ્યું નહિ. બરાબર છે? પાંચ બોલનો ખુલાસો થઈ ગયો. મોટા ઝઘડા પણ છે ને? ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. બધી એક જ વાત છે. ઉપાદાન-નિમિત્ત કહો, નિશ્ચય-વ્યવહાર કહો અને ક્રમબદ્ધમાં અકર્તાપણું કહો. થાય છે તેને કરવું શું? જાણવું. રાગ આવે છે તેને કરવો શું? જાણવો. દેહ આદિની ક્રિયા થાય છે એને શું કરવી? જાણવી. એ જાણનાર રહ્યો. જાણનાર ક્યારે રહે? પોતાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એમ નિશ્ચય થયો તો રાગનો અકર્તા થયો. ક્રમબદ્ધમાં જ્ઞાતા-દૃષ્ટા થયો, રાગથી લાભ થયો એમ રહ્યું નહિ. નિમિત્તથી શુદ્ધ ઉપાદાન પ્રગટ થયું એમ રહ્યું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પેલા વળી કહે, ખેંચીતાણીને અર્થ કરે છે. પણ સાંભળ તો ખરો! શું કાંઈક કહે છે ને? એવા અર્થ કરે. અરે..! તેં તારી જિંદગીમાં સાંભળ્યા નથી. અનંતકાળમાં આ વાત સાંભળી નથી એવી આ વસ્તુ છે. આ વસ્તુ એવી છે. ભગવાન!

રાગાદિ હો, ભલે હો. તો શું છે? એ તો પરચીજ છે. સમજાય છે કાંઈ? સમકિતીને સંસારમાં ૯૬ હજાર સ્ત્રીનો ભોગ છે. તો શું છે? ભોગવે છે પરને? સમ્યગ્દૃષ્ટિ ભોગવનાર છે? રાગ આવ્યો, તેનો દેખનાર છે. રાગ આવ્યો, તેનો જાણનાર છે. રાગનો કર્તા નથી, રાગમાં મીઠાશ માનનાર નથી. પરની ક્રિયા હું કરું છું એમ માનનાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારમાં ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય તો પણ સ્વપરનો જ્ઞાતા-દૃષ્ટા જ છે.

મુમુક્ષુ :– અલૌકિક વાત છે.

ઉત્તર :– વાત જ એવી છે. લૌકિક પ્રમાણે હોય તો ધર્મ કેવો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'जो कि खुद में ही स्थित है.'** વાહ..! **'खुद में ही स्थित है.'** તારું સાધન અને તારું ફળ બધું તારામાં જ સ્થિત છે. અંતરમાં ભગવાનઆત્મા છે. અંતર નજર કરવી હોય તો પણ તારું સ્વભાવ સાધન સ્વતઃ છે. પરથી નજર થાય છે અને પરથી મદદ મળે છે એમ નથી. એવો આત્મા પંગુ નથી. ભગવાન પરમેશ્વર પ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? ઓ..હો...!

સંસારમાં ચક્રવર્તી તીર્થંકર આદિ થાય છે. (એમને) ૯૬ હજાર સ્ત્રી (હોય છે). તો શું છે? છે એમ જાણે છે કે આ ઘણા પદાર્થ સંબંધમાં છે, એનું જ્ઞાન કરે છે. રાગ આવ્યો, એ સમયે પણ જ્ઞાન જ એવું થયું. એ રાગને જાણવાલાયક જ પોતામાં જ્ઞાન ઉત્પન્ન થયું. બસ! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપ પરરૂપા ભાસી.' નિજરૂપ ભગવાનઆત્મા, શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન થયું. રાગ અને દેહની ક્રિયા થઈ, બહારમાં સંયોગ થયો એનું જ્ઞાન થયું. જ્ઞેય બે પ્રકારના–સ્વ અને પર. રાગ વ્યવહાર પણ પરજ્ઞેયમાં જાય છે. વ્યવહાર પરજ્ઞેયમાં જાય છે, નિમિત્ત પરજ્ઞેયમાં જાય છે. સમજાય છે કાંઈ? પોતાનો જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય, સાર તત્ત્વમાં આવા ભગવાનઆત્માની શ્રદ્ધા પોતાથી થાય છે, એવું સાધન કર્યું. (પછી) રાગાદિ થાય તેનો જાણનાર છે. સમજાય છે કાંઈ? અહીં તો વ્યવહારથી હિત થાય એમ નથી કહ્યું, ભાઈ! વ્યવહાર જ્ઞેય છે, જ્ઞાનમાં આવે છે એટલો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

થોડી પણ સત્ય વાત એને રુચે તો થોડામાં મોટો લાભ થાય. પણ વિપરીત અનેક વાતો સાંભળે અને ભણે, એમાં શું આવ્યું? સત્ય થોડું પણ બરાબર રુચિ જાય, એક ભાવ પણ બરાબર બેસી જાય તો બધા ભાવ બેસી જાય. આવે છે ને શ્લોક? એક ભાવને જાણે તો બધા ભાવ જણાય. આવે છે. સમજાણું કાંઈ? આમાં–'જ્ઞાનાર્ણવ'માં પણ આવે છે. ભગવાને કહેલો એક ભાવ યથાર્થ જાણે તો સર્વ ભાવ જણાઈ ગયા. સમજાય છે કાંઈ? 'एक जाणहिं सव्वं जाणहि' એકને જાણે એ સર્વને જાણે. એવો ભગવાનઆત્મા (છે).

સ્ત્રીનું શરીર છે તો આત્મા સ્ત્રીના શરીરવાળો નથી થઈ જતો. પુરુષનું શરીર છે તો આત્મા પુરુષના શરીરવાળો નથી થઈ જતો. નારકીનું શરીર છે તો આત્મા કંઈ નારકીના શરીરવાળો નથી થઈ જતો. એમ રાગ આવે છે તો આત્મા રાગવાળો નથી થઈ જતો. આત્મા રાગાદિ, શરીર આદિની ક્રિયાને જાણનારો અને સ્વને જાણનારો રહે છે. આહાહા..! 'જુગરાજજી'! આહા..! અરે..! ભગવાન! તારી જેવી સ્થિતિ છે તેમ બતાવે છે તો પણ તને રુચતી નથી. નહિ, નહિ, નહિ. આમ નહિ, આ નહિ, હમણા નહિ, આમ નહિ. પણ તારી જેવી સ્થિતિ છે એવી બતાવે છે ને! તારા ઘરમાં મૂડી હોય તેને બતાવે. ઓહો...! આ તો પાંચ કરોડનો ધણી છે, પાંચ કરોડનો ધણી છે. ખુશ થાય કે નહિ? મારે ઘરે તો ચાર કરોડ, ત્રણ કરોડ છે પણ પાંચ કરોડ કહે તો બોલે નહિ, જવાબ ન દે. ભલે એટલું માને, ભલે માને. એય..! 'પોપટભાઈ'! હોય બે કરોડ, બીજાને ખબર ન હોય, ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહારનો મોટો મભો દેખાતો હોય, પાંચ કરોડ એના ઘરે છે. બોલે નહિ, ભાઈ! મારી પાસે પાંચ કરોડ નથી, બે કરોડ છે. એ વધારે કહે તો સારું માને. સ્વતંત્ર ખુશી થાય. આત્મામાં કહે, તારી પર્યાયમાં રાગ? રાગ નહિ. તારી પર્યાયમાં રાગ અને પરને જાણવાનો તારો સ્વભાવ છે. એવી તારી મુડી છે. હા તો પાડ. હા તો પાડ, એટલે સમજાણું? હાં તો કર. આ તો હિન્દીભાષી આવ્યા છે ને! શું કરીએ? જેવું ગુજરાતીમાં આવે એવું કાંઈ (હિન્દીમાં ન આવે). સમજાય છે કાંઈ? અહીંયાની તો ગુજરાતી ભાષા છે ને!

એ પોતામાં જ સ્થિત છે. ભગવાનઆત્મા ચિદાનંદ રત્નની જ્યોત, રાગરહિત, દેહરહિત, વાણીરહિત (છે). પોતાના સ્વભાવથી અંતરમાં એકાગ્ર થાય એ પોતાથી પોતામાં આત્મા છે, પરનો આધાર બિલકુલ નથી. એમ એણે પહેલા નિર્ણય કરવો. આવી શ્રદ્ધા પહેલા કરવી અને પછી સ્વભાવ સન્મુખનો પ્રયત્ન કરવો એ હિતનો માર્ગ છે. આહાહા..! કહો, 'ધન્યકુમારજી'! સમજાય છે કાંઈ? આ તો બધી બીજી વાત નીકળી. મંદિર બંધાવ્યું. કેટલા થયા? મંદિર બનાવ્યું. અરે..! તો શું કરવા બનાવ્યું? હિત ન હોય તો બનાવ્યું શું કરવા? એય..! 'પોપટભાઈ'! ભાઈ! બનાવે કોણ? એ તો બંધાય છે. એ પુદ્‌ગલની પર્યાયનું એ પરાવર્તનમાં એમ થવાનું છે તે થાય છે. પરપદાર્થની પર્યાયને આત્મા જાણનારો છે કે કરનારો છે? આહાહા..! જાણ્યું કે આમ છે. રાગ પણ આવ્યો, ભક્તિનો શુભરાગ આવ્યો, એ જાણનારો છે. ભગવાન સ્વપરપ્રકાશક સત્તા સ્વભાવ સામર્થ્યને ધરનાર છે. એ સિવાય આગળ અતિક્રમ કરીને કંઈ પણ વિશેષ એમાં નાખશે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આત્માની સત્તાના સ્વભાવના સામર્થ્યની એને પ્રતીતિ રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ?

'**કારણ કિ પરમાર્થસે સભી પદાર્થ સ્વરૂપમેં હી રહા કરતે હૈં.**' જુઓ! એ કાલે આવી ગયું છે. '**सर्वभावानां स्वरूपमात्राधारत्वात्**' એ સંસ્કૃતમાં છે. સર્વ સ્વભાવ, સ્વભાવ.. આધાર.. આધાર.. આધાર... પોતાને આધારે છે. શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા પોતાને આધારે છે. સંસ્કૃતમાં છે, જુઓ! નીચે લીટી છે. '**सर्वभावानां स्वरूपमात्राधारत्वात्**' '**आत्मनि स्थितं वस्तुतः**' '**क तिष्ठन्तमित्याह, आत्मनि स्थितं वस्तुतः सर्वभावानां स्वरूपमात्राधारत्वात्।**' આત્મા સ્વરૂપમાત્ર આધાર. સ્વરૂપમાત્રનો અર્થ શું? એ રાગાદિ, વિકલ્પ આદિ, કર્મ, શરીર આદિ એનું સ્વરૂપ છે જ નહિ. પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાનાનંદ, એનો જ એને આધાર છે. પોતાનો આધાર પોતામાં છે, પોતાનો આધાર બીજામાં નથી. અને બીજાના આધારે આત્મા ઉત્પન્ન થાય એવો આત્મા જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પેલા કહે, સમ્યગ્દર્શન ભગવાનથી થાય છે. અહીં કહે, સમ્યગ્દર્શનની પર્યાય પોતાના આધારે થાય છે. સ્વસંવેદન પોતાના આધારે થાય છે. સમ્યગ્જ્ઞાન શાસ્ત્રવાંચનથી થાય છે? ના. પોતાના આત્માના આધારે જ્ઞાન થાય છે. પેલા કહે, શરીરની ક્રિયા, પંચ મહાવ્રતના પરિણામથી ચારિત્ર થાય છે. આ કહે, ના. ચારિત્ર પોતાના સ્વરૂપના આધારે થાય છે. સમજાય છે કાંઈ? આત્મામાં આનંદ આવવો..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદ કોઈ બહાર નિમિત્તમાંથી આવે છે? નહિ. પોતાના અતીન્દ્રિય આનંદનો આધાર આત્મા છે. પોતાના આનંદનો આધાર આત્મા છે. તેના સ્વરૂપનો આધાર બીજો કોઈ નથી. આહાહા...! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– શું કરે તો..

ઉત્તર :– આ જ ઉપાય છે. બીજો ઉપાય કરે (તો મિથ્યાત્વ છે). આકરું પડે તો શું કરે? આકરાને શું કહે છે? કઠિન પડે તો શું કરે? શિરો બનાવવો છે. એમાં પહેલા લોટને ઘીમાં શેકવો. શેકે તો લોટ ઘી પી જાય છે અને પછી સાકરનું કે ગોળનું પાણી નાખવું. એમ કરવા કરતા પહેલા સાકર કે ગોળના પાણીમાં લોટ શેકે અને પછી ઘી નાખે તો? કઠણ પડે છે, શું કરવું? લોટ પાંચ શેર ઘી પી જાય અને પછી સાકરનું પાણી નાખવું. એ કરતાં પહેલા સાકરના કે ગોળના પાણીમાં લોટ શેકવો પછી ઘી નાખવું. એ શિરો નહિ થાય. લુપરી થશે. શિરો ક્યાંથી તારી ઘરે થશે? લુપરી થાય છે ને? લુપરીને શું કહે છે? ગુમડા ઉપર પોટીસ મુકે. પોટીસ પણ નહિ થાય. પોટીસમાં તો આવતુંજાતું ઘી હોય. અમારી કાઠિયાવાડી ભાષામાં એમ કહે છે. ઉપરછલ્લું નાખે, જરીક નાખે. જરીક થોડું. ન નાખે તો ચાલે નહિ અને વધારે નાખે તો ગુમડું સડી જાય. સ્ત્રીઓ કરે ને? આવતુંજાતું, આવતુંજાતું આપણે કહે છે. જાતુંવળતું. જાતુંવળતું એટલે ઘી પડે પણ ખરું અને વધારે ન પડે. થોડુંક રહે. આમાં તારો લોટ અને ઘી પણ જાશે અને તારો શિરો પણ નહિ થાય, લૂપરી થાશે. કઠણ પડે એટલે? જે વિધિ હોય એ રીતે શીરાની વિધિ થાય. બીજી વિધિથી શિરો થાય? પહેલા ગોળનું પાણી નાખે પછી ઘી નાખે એ શિરાની વિધિ છે. એમ અહીંયા કહે અમે ક્રિયાકાંડ કરીએ ને કરતા કરતા પછી ધર્મ થશે. ચાલ.. ચાલ, મૂર્ખ!

અહીં કહે છે, ભગવાનઆત્મા.. અમને મોંઘું પડે છે, દુર્લભ પડે છે. થોડું થોડું કરી લઈએ, પછી થશે, પછી થશે. પછી શિરામાં થોડું ઘી નાખી દઈશું. એમ નહિ થાય. ભગવાન ત્રિલોકનાથ ના પાડે છે. તારામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણનો શિરો કરવો હોય તો સ્વભાવનો આધાર છે, બીજો કોઈ આધાર નથી. સમજાય છે કાંઈ? એવી વસ્તુ છે, ભાઈ! એણે નક્કી કરવું પડશે. હિત કરવું હોય તો નક્કી કરવું પડશે. હિત ન કરવું હોય અને રખડવું હોય તો રખડે, અનંતકાળથી રખડે છે. એમાં શું? એ કોઈ નવી વસ્તુ નથી, એ તો છે જ.

કહે છે કે.. સમજ્યા? **‘ઇસકે લિયે ઉચિત હૈ કિ મનકો એકાગ્ર કર ચક્ષુ આદિક ઇન્દ્રિયોંકી અપને અપને વિષયોં (રૂપ આદિકો) સે વ્યાવૃત્તિ કરે.’** અંદરથી વિકલ્પને હટાવે. સ્વરૂપ તરફનું સાધન કરે, અંતરમાં એકાગ્ર થાય. શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પરમાનંદ સ્વરૂપ તરફ લગાવે, દૃષ્ટિ લગાવે, જ્ઞાન લગાવે, જ્ઞેય બનાવે, આત્માને બનાવ. એ જ હિતનું સાધન છે, બીજું કોઈ સાધન નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૪, શનિવાર**
**તા. ૦૯-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૨ થી ૨૩ પ્રવચન નં. ૨૩**

'ઇષ્ટોપદેશ'ની ૨૨મી ગાથા. આત્માનું હિત કેમ થાય? એનો ઉપાય શું? એ પ્રશ્ન શિષ્યનો હતો. ઉપાય એ કહ્યો કે આ આત્મા વસ્તુ સ્વરૂપ શું છે એને પહેલું જાણવું. સમજાણું? અસંખ્યપ્રદેશી શરીરપ્રમાણ, નિત્ય, લોકાલોકનો જાણનાર, અનંત સૌખ્યવાન, અનંત આનંદ સ્વરૂપ (છે). એનું જ્ઞાન કરીને પછી ઇન્દ્રિયો તરફના વિકલ્પોને બંધ કરી, વિકલ્પ એટલે એ સંબંધીનું પર સન્મુખતાના વલણને અટકાવી સ્વસન્મુખમાં એકાગ્ર થવું એ આત્માના હિતનો ઉપાય છે. કહો, 'પોપટભાઈ'! એનું નામ 'ઇષ્ટોપદેશ' છે.

ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એને પર ઇન્દ્રિયો તરફના વલણવાળો ભાવ શુભ-અશુભ રાગ એ તરફનું લક્ષ છોડી દઈ અને અતીન્દ્રિય આત્મસ્વભાવની સમીપમાં અંતરમાં દૃષ્ટિ કરવી અને એની ભાવના એટલે એકાગ્રતા કરવી, એનું નામ આત્માનું હિત છે. કહો, પરમાર્થ માખણની વાત છે. સમજાણું?

ત્યારે ત્યાં 'એકાગ્ર' શબ્દ આવ્યો એની વ્યાખ્યા. એકાગ્ર શબ્દ આવ્યો ને? **'ઇસકે લિયે ઉચિત હૈ કિ મનકો એકાગ્ર કર ચક્ષુ આદિક ઇન્દ્રિયોંકી અપને અપને વિષયોં (રૂપ આદિકોં) સે વ્યાવૃત્તિ કરે.'** ત્યાં સુધી આવ્યું છે. જરીક સમજવા જેવી વાત છે, 'ઇષ્ટોપદેશ' છે આ. આત્માનું હિત કેમ થાય એનો ઉપદેશ છે. આત્માનું હિત આત્માના સ્વભાવના સાધનથી થાય છે. સમજાણું કાંઈ? પોતે પરમ આનંદમૂર્તિ બધું બધું જગતનું સત્ત્વ જેટલું છે એનો જાણનાર-દેખનાર (છે). એના સમીપમાં અંતરમાં એકાગ્ર થઈને મનને એકાગ્ર કરી પાંચ ઇન્દ્રિયોને પર તરફના વલણ ને વિકલ્પ ને રાગને છોડી અંતર સ્વરૂપ સન્મુખની એકાગ્રતા કરવી એ જ આત્માનો ધર્મ નામ મોક્ષનો માર્ગ છે અને એના ફળરૂપે કેવળજ્ઞાન છે. કહો, સમજાણું આમાં? ઓહો..!

હવે એકાગ્ર એટલે શું એની વ્યાખ્યા બે અર્થમાં કરે છે. **'યહાંપર સંસ્કૃત ટીકાકાર પંડિત આશાધરજીને 'એકાગ્ર' શબ્દકે દો અર્થ પ્રદર્શિત કિયે હૈં.'** પ્રદર્શિત. આત્મામાં મનને એકાગ્ર કરવું. આમ પુણ્ય-પાપમાં ને બહાર વિષયના વિકલ્પમાં એકાગ્ર તો અનાદિનો છે. પોતાનું શુદ્ધ જ્ઞાન અને આનંદ સ્વરૂપ આત્માનું જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એને છોડીને અનાદિથી શુભઅશુભ વિકલ્પ ને શુભાશુભ રાગમાં એકાગ્ર છે એ તો અહિતકર છે. સમજાણું કાંઈ? એ શરીરનું, વાણીનું, પરપદાર્થનું બીજું કાંઈ કરી શકતો નથી. ફક્ત એ પોતાના સ્વભાવને છોડી અને શુભઅશુભ રાગમાં એકાગ્ર થાય તે તે કરે છે અને તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે એણે કર્યું છે. સમજાણું કાંઈ? એ અહિત કર્યું છે. સમજાણું કાંઈ?

આ શરીર, વાણી, મન અને આ બધા રજકણો પરવસ્તુ એનું તો કાંઈ (કરી શકતો નથી). અજ્ઞાની કે જ્ઞાની એમાં એકાગ્ર પરમાં તો કાંઈ થઈ શકતો નથી. કેમકે એની સત્તા જુદી છે. પણ તે પર તરફનું લક્ષ કરી અને શુભઅશુભરાગ ઉત્પન્ન કરી એમાં એકાગ્ર થઈ શકે છે, એ અજ્ઞાનદશામાં. સમજાણું કાંઈ? અનંતકાળથી એ એણે કર્યું છે. નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક જૈન દિગંબર દ્રવ્યલિંગી સાધુ થઈને ગયો તો આ એણે કર્યું હતું. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું સમીપપણું છોડી દઈ અને શુભ ને અશુભરાગ, પુણ્ય ને પાપના શુભઅશુભભાવ, એમાં કરીને એકાગ્ર થતો અને એ મારું હિત છે એમ એણે માનેલું. સમજાણું કાંઈ? બીજું એણે કાંઈ કર્યું નથી. 'મોહનભાઈ'! દુકાનના ધંધા કે આ ફલાણું દોડધામ કે 'અમેરીકા' ગયા ને ફલાણે ગયા ને હરામ કહે છે ગયો હોય તો ક્યાંય.

મુમુક્ષુ :– પોતામાં ને પોતામાં રહ્યો?

ઉત્તર :– પોતામાં પોતાનું શુદ્ધ આનંદ ને જ્ઞાનનું સ્વરૂપ છોડી અને શુભાશુભ વિકલ્પો રાગ કર્યા, એમાં એકાગ્ર થયેલો એ એણે કરેલું હતું. 'જુગરાજજી'! શું ધંધો-બંધો કંઈ નથી કર્યું? થતો જ નથી. સમજાય છે કાંઈ? કહો, આ તો સમજાય છે કે નહિ? 'ઝવાભાઈ'! એ ત્રાંબા-પીતળના વાસણનું, છોકરાનું કાંઈ કરતો નથી અથવા કર્યું નથી એમ કહે છે.

મુમુક્ષુ :– કે દિ' કર્યું હશે?

ઉત્તર :– કોઈ દિ' ત્રણકાળમાં (કર્યું નથી).

મુમુક્ષુ :– રીટાયર થયા પછી ને?

ઉત્તર :– રીટાયર કે દિ' થયા? રીટાયર ક્યાં છે? અંદર શુભાશુભભાવમાં એકાગ્ર છે, રીટાયર ક્યાં છે? સમજાણું કાંઈ? અહીં એકાગ્રની વ્યાખ્યા આવી છે ને એટલે જરી (વાત કરી). એટલે આમ એકાગ્ર તો હતો પણ એ એક અગ્ર નહોતો અનેકમાં એ હતો. અનેક પુણ્ય, પાપ, વિકલ્પ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ એવા શુભાશુભભાવ, એ શુભાશુભમાં એકાગ્ર હતો એ અહિતકર હતું, એ અહિતપણું છે, એ બંધનું કારણ છે, એ ઇષ્ટ–હિતકર ભાવ નથી અને એમાં રોકાવું, એમાં લાભ થાય એ ઉપદેશ પણ હિતકર નથી. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ અને આનંદ સ્વરૂપ છે એમાં અંતર એકાગ્ર થવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. એ એક જ હિતકર છે અને એવો ઉપદેશ સર્વજ્ઞોએ અને સંતોએ એ હિતકર ઉપદેશ આપ્યો છે. તેથી 'પૂજ્યપાદસ્વામી'એ આ ગ્રંથનું નામ 'ઇષ્ટોપદેશ' રાખ્યું છે. હવે એકાગ્રતાના બે અર્થ. **'એક કહિયે વિવક્ષિત કોઈ એક આત્મા, અથવા કોઈ એક દ્રવ્ય, અથવા પર્યાય,...'** શું કહે છે? કહે છે, એકાગ્ર શેમાં થવું? કે, કોઈ એક આ આત્મા, આત્મા–પોતાનો શુદ્ધ આત્મા. અથવા કોઈ એક દ્રવ્ય અથવા પર્યાય. એમ સાધારણ વાત કરી. કોઈપણ એક પદાર્થ અને કાં એની **'પર્યાય, वही है अग्र कहिये प्रधानतासे आलम्बनभूत**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વિષય...**' એને લક્ષમાં લઈ '**જિસકા ઐસે મનકો કહેંગે 'એકાગ્ર',..**' એસે મનકો કહેંગે 'એકાગ્ર'. અંતર આત્મામાં. કોઈ દ્રવ્ય એક લીધું છે ભલે પહેલું પણ એ દ્રવ્ય આત્મા જે જ્ઞાયક સ્વરૂપ છે, આનંદ છે એને એક અગ્ર એટલે મુખ્ય બનાવી અને એમાં એકાગ્ર થવું એનું નામ મનની એકાગ્રતા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સમજાય છે? સૂક્ષ્મ પર્યાયમાં એકાગ્ર થાય તો પણ એ અર્થ તો આત્માનો જ પર્યાય લેવો અંદર. શુદ્ધ નિર્મળ એને અંતરમાં એકાગ્રતાથી લક્ષમાં લેવું કાં દ્રવ્ય વસ્તુ અખંડ જ્ઞાયકભાવ છે એને લક્ષમાં (લેવું), એ તો પર્યાયનું લક્ષ લેવા જાય ત્યાં દ્રવ્યનું લક્ષ થઈ જાય છે. બધા તરફના વિકલ્પોને છોડી, વિકલ્પ એટલે રાગના ભાવને લક્ષમાંથી છોડી, એક ભગવાનઆત્માના અંતરમાં એકાગ્ર થવું, જેમાં જ્ઞાન અને આનંદ પડ્યો છે એમાં એકાગ્ર થવું એ જ હિતનો રસ્તો છે. સમજાણું કાંઈ?

'**પ્રધાનતાસે આલમ્બનભૂત વિષય જિસકા ઐસે મનકો કહેંગે 'એકાગ્ર'. અથવા એક કહિયે પૂર્વાપર પર્યાયોંમેં અવિચ્છિન્ન રૂપસે પ્રવર્તમાન દ્રવ્ય,...**' એટલે આત્મા. ભગવાનઆત્મા પ્રથમ અને પછી બધી પર્યાયોમાં પ્રવર્તમાન વર્તતો એવો આત્મા. પોતાની ભૂત અને ગઈ પર્યાયો અને ભવિષ્યની પર્યાય–અવસ્થાઓ, એમાં વર્તતો વર્તતો એવું આત્મદ્રવ્ય. ભારે ભાષા. જેને હિત કરવું હોય એ કેમ થાય એની વાત ચાલે છે. હિત કહો કે ધર્મ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું હોય તો કેમ કરવું? કે, '**પૂર્વાપર પર્યાયોંમેં અવિચ્છિન્ન રૂપસે...**' પહેલી અને બધી પર્યાયોમાં એક ધારારૂપ પ્રવર્તતું જે દ્રવ્ય. પૂર્વની અવસ્થાઓ અને બધી અવસ્થામાં પ્રવર્તતું દ્રવ્ય. જુઓ! બીજા દ્રવ્યની અહીં વાત લીધી નથી. પોતે આત્મા જે વસ્તુ છે ભગવાન પોતે ગયાકાળમાં અવસ્થાઓમાં વર્ત્યો, વર્તમાન (વર્તે છે), એવું વર્તનારું દ્રવ્ય એટલે '**આત્મા વહી હૈ, અગ્ર-આત્મગ્રાહ્ય જિસકા...**' એ જ જેને આત્મગ્રાહ્ય લક્ષમાં છે એને મનની એકાગ્રતા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પહેલામાં સાધારણ વાત કોઈ પરમાત્મા કે કાં કોઈ દ્રવ્ય ને પર્યાય એમ લીધું છે. બીજામાં આ પોતાનું એકલું લીધું. ઝીણી વાત છે. એણે કોઈ દિ' સ્વનું લક્ષ જ કર્યું નથી. પરલક્ષી વાતો અનંતવાર કરી. શુભ અને અશુભભાવ ઇ અનંતવાર કર્યા. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ રાગ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગનો અશુભરાગ–એ બેમાં એકાગ્ર અનંતવાર થયો ને અનંતવાર કર્યા. એમાં આત્માનું હિત જરીએ છે નહિ. સમજાણું કાંઈ? એમ અહીંયાં 'પૂજ્યપાદસ્વામી' મુનિ દિગંબર સંત (કહે છે). આજ પહેલાં ઘણા વર્ષ પહેલાં હજારો વર્ષ પહેલાં એમણે આ 'ઇષ્ટોપદેશ' બનાવ્યું.

ભાઈ! શિષ્યે પૂછ્યું. પ્રભુ! અમારું હિત કેમ થાય? અમારી ભાવના કેમ થાય? અમારી ભાવના કેમ થાય? અમે બહારની ભાવના તો ભાવિ અનંતવાર. બહારની એટલે શુભઅશુભ ભાવ. એ તો અનંતવાર ભાવ્યું ને અનંતવાર કર્યું. એ તો અહિત છે, અહિત છે. જેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફળમાં ચાર ગતિ રખડવાની છે. અમારું હિત કેમ થાય? એમ 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંત ગુરુ હતાં એમને શિષ્યે પૂછ્યું. એના ઉત્તરમાં આ કહ્યું છે, ભાઈ! આ આત્મા જે છે ગયા કાળમાં અવસ્થામાં પ્રવર્તનારો, ભવિષ્યમાં પણ બધી અવસ્થામાં પ્રવર્તનારું દ્રવ્ય છે, વસ્તુ છે, પદાર્થ છે. એ પદાર્થને લક્ષમાં લઈને એમાં એકાગ્ર થવું એનું નામ મનની એકાગ્રતા કહેવામાં આવે છે. ભારે વાત. કહો, સમજાણું આમાં?

**'અગ્ર-આત્મગ્રાહ્ય જિસકા એસે મનકો એકાગ્ર કહેંગે.'** ઇ આત્માને જ પકડવો. શુદ્ધ અનંત આનંદઘન ભગવાનઆત્મા એને અંતરમાં પકડવો. આ અગ્ર એને મુખ્ય ગ્રાહ્ય આત્મા થયો દૃષ્ટિમાં એને એકાગ્ર કહેવામાં આવે છે. એ એકાગ્રતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર પ્રગટ થાય છે ને એ હિતનું કારણ છે. કહો, 'જ્ઞાનચંદજી'! શું કરવું માણસ પૂછે છે ને? એ પૂછ્યું છે. દિગંબર મુનિ 'પૂજ્યપાદસ્વામી' (કહે છે). સમજ્યા? સંવત ૩૦૦ ની સાલ લગભગ કહે છે.

**'સારાંશ યહ હૈ કિ જહાં કહીં...'** એટલે પેલા બે બોલ લીધા હતાં ને? એટલે જહાં કહી (કહ્યું). **'અથવા આત્મામેં હી શ્રુતજ્ઞાનકે સહારેસે...'** શું કહે છે? પહેલું સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, એમણે કહેલા શાસ્ત્રો, એ શાસ્ત્રમાં કહેલો આત્મા, એનું પહેલું આલંબન લેવું જોઈએ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સિવાય અજ્ઞાનીઓ અન્યમતિઓએ આત્મા કહ્યો એને લક્ષમાં લેવો નહિ. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ જેણે આ આત્મા કેવો એ કહ્યો તે આત્મા ભગવાનની વાણી અને ગુરુ દ્વારા એણે પહેલો જાણવો જોઈએ. સમજાણું કાંઈ? કહે છે ને? કહ્યું ને? જુઓ!

કોઈપણ પ્રકારે એટલે કોઈપણ પાસેથી અથવા આત્માને શ્રુતજ્ઞાનથી, સહારાથી. શ્રુતજ્ઞાનનો સહારો લેવો જોઈએ. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું શાસ્ત્ર, હોં! કે, જેમાં આત્માનું યથાર્થ વર્ણન હોય. એના **'સહારેસે ભાવનાયુક્ત હુએ...'** દેખો! **'ભાવનાયુક્ત અંદરમેં એકાગ્ર હુએ મનકે દ્વારા ઇન્દ્રિયોંકો રોક કર સ્વાત્માકી ભાવના કર...'** લ્યો! સમજાણું? સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું કે, આત્મા તો.. એ પહેલું ૨૧માં કહી ગયા છે એની આ બધી વાત છે. ભગવાન પરમેશ્વરે કહ્યું કે, આત્મા તો સ્વપરને જાણનારો છે, લોકાલોકને જાણનાર છે, અનંત આનંદમય છે, શરીર પ્રમાણે છે, કાયમ–નિત્ય રહેનાર છે, એ પોતે પોતાથી જાણી શકાય એવી એ આત્મા ચીજ છે. સમજાય છે કાંઈ? આ તો અનંતકાળે નહિ કરેલું એ શું કરવું એમ વાત છે. આહાહા..!

કહે છે કે, ભાઈ! એ ભગવાનઆત્મા અનંત અનંત જ્ઞાન જેમાં રહ્યું છે, અનંત અનંત આનંદ જેમાં રહ્યો છે, છતાં રહ્યો છે શરીરપ્રમાણે ક્ષેત્રમાં ટૂંકું, શરીરપ્રમાણે ક્ષેત્ર ટૂંકું પણ ભાવનું અમાપપણું જેના સ્વભાવમાં છે અને તે નિત્ય દ્રવ્ય વસ્તુ છે. પોતે જ પોતાથી જાણી શકાય એવી એ જાત છે. એને શાસ્ત્ર દ્વારા બરાબર (જાણવો જોઈએ). શાસ્ત્ર વિના પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કલ્પનાએ આત્મા જાણવા જશે તો ગડબડ થશે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર અથવા સંતો ધર્માત્મા કે શાસ્ત્ર, એના અવલંબન વિના પોતાની કલ્પનાએ આત્માનું સ્વરૂપ કલ્પશે (તો) ગડબડ થઈ જશે. ઇ કહે છે. ઇ વસ્તુ હાથ નહિ આવે એને. કેવો આત્મા છે, શું ચીજ છે એનો લક્ષમાં પત્તો અજ્ઞાનીના કથનથી કે બીજાથી હાથ આવશે નહિ. સમજાણું કાંઈ? અથવા સર્વજ્ઞ પરમેશ્વરે શાસ્ત્રમાં કહેલો આત્મા, એનું અવલંબન લીધા વિના આત્મા આત્મા કરશે તો આત્મા એને ખ્યાલમાં કોઈ રીતે નહિ આવે. જે રીતે ભગવાને જોયો આત્મા તે રીતે શાસ્ત્રમાં કહ્યો તેના અવલંબે આત્માને જાણવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ?

કોઈ કહે છે કે, આત્મા અને જ્ઞાન જુદું છે, આત્મા ને આનંદ જુદો છે. આ કહે કે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, આત્મા આનંદસ્વરૂપ જ છે, આત્મા નિત્ય રહેતા છતાં શરીરપ્રમાણે જ રહેલો છે. સમજાણું કાંઈ? એવા આત્માને પહેલો શાસ્ત્ર દ્વારા આલંબન દ્વારા નક્કી કરવો. કલ્પનાથી કરવા જશે ને આત્માનું માપ નહિ કરે તો આત્મા હાથ આવશે નહિ. માલ તોળવા, માલ લેવા જાય ત્યાં પહેલો ભાવ પૂછે છે કે નહિ? માલ લેવા જાય ને? આ પકવાન-બકવાન. પાંચ રૂપિયાનો શેર સુતરફેણી. લ્યો! 'સુરત'ની સુતરફેણી યાદ આવી. ભાવ પૂછે, ત્રાજવે તોલે અને તોલા, તોલા તોલા હોય ને? બરાબર મુકે. એમ ખાવા મંડે એમ ન ખવાય, એ કો'કની ચીજ છે. એમ આત્મા શું ચીજ છે એ શાસ્ત્રથી નય, નિક્ષેપ, પ્રમાણથી બરાબર જાણવો જોઈએ. ૧૩મી ગાથામાં 'સમયસાર'માં કહ્યું છે. 'સમયસાર'માં નય, નિક્ષેપ, પ્રમાણથી આત્મા જાણવો એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમેશ્વરે વર્ણવ્યો એ આત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ધર્મસભામાં ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાને જે આત્મા કહ્યો એ વાણીમાં આવ્યો એ વાણી શાસ્ત્ર. એની રચના ગણધરોએ કરી, એ ગણધરો (કરેલા) શાસ્ત્રને જ્ઞાની ધર્માત્મા સમજે છે. એની પાસેથી આ આત્મા કેવો એ શાસ્ત્ર દ્વારા નક્કી કરવો જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... શાસ્ત્ર સાંભળવા.

ઉત્તર :– ઇ શાસ્ત્રને સાંભળવા પણ કેવા? કે, સારા ગુરુ પાસે. એ વાત કહેશે આગળ પાછા. સાંભળવા એમ પણ નહિ. જે કોઈ જેવું એ સ્વરૂપ છે એવું રાગથી પૃથક્ કરેલું એમણે છે અને એ બતાવે તો એ રાગથી પૃથક કરવાનું બતાવે એની પાસેથી સાંભળવું, એમ કહે છે. ઇ કહેશે આગળ, એ પછીના શ્લોકમાં ભાઈ કહેશે. ૨૩ માં કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સાંભળ્યા પહેલા આ નક્કી કરવું ?

ઉત્તર :– હા. નક્કી એટલું ન કરે તો... એમ ને એમ માલ લેવા જતો હશે? કંદોઈની દુકાને માલ મળતો હશે કે અફીણની દુકાને, અફીણીયાની દુકાને માલ મળશે? એટલું નક્કી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરવું પડશે કે નહિ.

મુમુક્ષુ :– અફીણીયાની દુકાને જઈને માવા તો મળે છે.

ઉત્તર :– માવા મળે અફીણના, કાંઈ દૂધના માવા ન મળે.

મુમુક્ષુ :– ... નક્કી કરના પડેગા?

ઉત્તર :– એટલું નક્કી કરવું પડશે કે આ આત્માને–મારે આત્મા જોઈએ છે. તો એ આત્મા કેવો છે અને રાગથી પૃથક બતાવનાર કોણ છે ને કોણે જાણ્યો છે? એટલું નક્કી કર્યા વિના આત્મા એ જાણી શકશે નહિ. હિત કરવા માંગે છે કે નહિ? એટલે શું? કે, નથી કર્યું અનંતકાળમાં એવું કરવા માંગે છે કે નહિ? ત્યારે નથી શું કર્યું? કે, રાગ અને આત્માની પૃથકતા એણે કોઈ દિ' અનંતકાળમાં કરી નથી. તો એવો ઉપદેશ જેનો હોય એની પાસે સાંભળવું એમ એની લાયકાત એટલી તો પહેલી જોશે. આહાહા..! સમજાણું કાંઈ?

૧૨મી ગાથામાં આવ્યું છે ને એ બધું આવ્યું છે. જિનોપદેશ સાંભળવો. નથી આવતું? 'સમયસાર'માં ૧૨મી ગાથામાં ભાવાર્થમાં ઇ બધું ઇ કહ્યું છે. જિનોપદેશ મળે. જિનોપદેશ એટલે વીતરાગી ઉપદેશ મળે. વીતરાગી ઉપદેશ એટલે વિકાર અને સ્વભાવનું ભેદ કરાવનારી વાત હોય એનું નામ જિનોપદેશ છે. જેમાં રાગની ક્રિયા ને સ્વભાવની એકતા મનાવે ને લાભ મનાવે એ વીતરાગી ઉપદેશ છે જ નહિ. સમજાય છે કાંઈ? શુભભાવ પણ હો અને એનાથી આત્માના સ્વભાવને લાભ થાય એ ઉપદેશ જ જૈન પરમેશ્વરનો નથી, જૈન શાસ્ત્રનો એ ઉપદેશ જ નથી. કેમકે એ તો અનાદિથી કરી રહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો કરે છે. હવે એ સાચું એવું કહે છે કે, મારે નથી કર્યું એવું હવે કરવું છે. તો નથી શું કર્યું? કે, શુભાશુભભાવથી પૃથક્ અને ઇ પૃથક કેવો આત્મા છે ઇ એણે કર્યું નથી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– જન્મ-મરણ હોય શેના ઇ? સમજાણું કાંઈ? લ્યો!

**'ભાવનાયુક્ત હુએ મનકે દ્વારા ઇન્દ્રિયોંકો રોક કર...'** પહેલી શાસ્ત્ર દ્વારા એની ભાવનાથી બરાબર જાણે એમ કહે છે. પછી શાસ્ત્રએ એ કહ્યું હતું, શાસ્ત્રએ એ કહ્યું હતું કે, આ આત્મા અનંતજ્ઞાન ને આનંદકંદ છે અને તે રાગથી પૃથક થાય તો તે પ્રાપ્ત થાય એવો છે. એટલે એને રોકીને, એ શાસ્ત્રે એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? ભાઈ! તારું આનંદકંદ સ્વરૂપ છે ને પ્રભુ! આ પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને આમાં એકાકાર થા. એમ શાસ્ત્રે, આત્મા આવો ને એમાં એકાકાર થા ને રાગથી હટ એમ શાસ્ત્રે કહ્યું હતું, એવું એણે જાણ્યું હતું, એવું એ કરે તો આત્માની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'મનકે દ્વારા ઇન્દ્રિયોંકો રોક કર સ્વાત્માકી ભાવના કર...'** દેખો! ભગવાનઆત્મા મારી પરમેશ્વરશક્તિ પૂરી છે. હું પોતે જ પરમેશ્વર છું. એમ અંતરમાં શાસ્ત્રે એને દૃષ્ટિમાં સમજાવ્યું હતું. સમજાણું કાંઈ? એ પોતાના પરમાત્મા પ્રત્યે ભાવના કીધી ને? સ્વાત્મા પ્રત્યે. ભગવાન પ્રત્યે નહિ, ભગવાન પર છે. ભગવાને એમ કહ્યું નહોતું. ભગવાનની વાણીમાં પણ એમ આવ્યું હતું કે, તારા સ્વાત્મા પ્રત્યે એકાગ્ર થા. આહાહા..! સમજાણું કાંઈ? આનું નામ 'પૂજ્યપાદસ્વામી' 'ઇષ્ટોપદેશ' કહે છે. આ 'તત્ત્વાર્થ સૂત્ર'ની ટીકા સર્વાર્થસિદ્ધિની કરી છે ને એમણે? ઇ આ 'ઇષ્ટોપદેશ' કહે છે. આહાહા..!

એણે નથી જોયું કોઇ દિ' આત્મા સન્મુખનું શું સ્વરૂપ? એણે જોયું અનાદિથી રાગ-દ્વેષ ને આ બહારના પદાર્થ. એ વસ્તુ સ્વરૂપમાં કેમ જવાય ને કેમ જોવાય? એ શાસ્ત્ર જે કહ્યું વીતરાગે એણે જાણવો જોઈએ. આત્મા આવો છે ને એ સન્મુખ જવાય છે. પછી સ્વાત્માની ભાવના કર. ભગવાનઆત્મા અનંત આનંદ ને બેહદ પરમેશ્વરપદનું સ્વરૂપ છે એમ એમાં અંતર એકાગ્ર થઈને **'ઉસીમેં એકાગ્રતાકો પ્રાપ્ત કર ચિન્તાકો છોડ કર...'** બીજી વિકલ્પની દશા છોડી દઈને **'સ્વસંવેદનકે હી દ્વારા...'** આવ્યું. સ્વસંવેદન કહ્યું હતું ને ૨૧માં? પોતે પોતાના જ્ઞાનથી વેદન દ્વારા, જ્ઞાનથી. વિકલ્પથી તો છૂટ્યો. હવે જ્ઞાન દ્વારા. પુણ્ય-પાપના વિકલ્પ નહિ. શુભાશુભભાવથી આત્મા જણાય નહિ, એનાથી હિત થાય નહિ. આહાહા..!

**'સ્વસંવેદનકે હી દ્વારા...'** પેલા વિકલ્પને છોડ્યો. હવે અંતરમાં સાધન શું રહ્યું? રાગ તો સાધન નથી, પુણ્ય સાધન નથી, નિમિત્ત સાધન નથી, મન સાધન નથી. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ, એને પોતાના અંતર્મુખ સ્વસંવેદન-જ્ઞાનના વેદન દ્વારા આત્માને જાણવો. **'આત્માકા અનુભવ કરે.'** દેખો! આહાહા..! ભારે વાતું, ભાઈ! માણસને મોંઘી પડે એટલે બીજો રસ્તો લેવા દોડે છે પણ બીજો રસ્તો છે નહિ. આહા..! રસ્તો 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. પરમાર્થના પંથ બે ત્રણ ભગવાનના માર્ગમાં ન હોય. શું કીધું? જુઓ! આ 'પૂજ્યપાદસ્વામી' કહે છે એનો અર્થ છે.

ભગવાનઆત્મા... અરે..! પોતે પૂર્ણ અને પોતે શુદ્ધ ને અધિક ન હોય તો દુનિયામાં અધિક ચીજ કઈ હોય બીજી? સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપના અનંત અનંત ગુણના સામર્થ્યવાળું તત્ત્વ, તેના માહાત્મ્ય કરી તેમાં એકાગ્ર થવું, વિકલ્પો શુભાશુભરાગની ઉપેક્ષા કરવી અને ભગવાનઆત્મા આવો પૂર્ણ છે, એવો અંતર્મુખમાં તેની અપેક્ષા લેવી, એનો અનુભવ કરવો એ હિતનો માર્ગ છે. સમજાણું કાંઈ? આત્માનો અનુભવ એ હિતનો માર્ગ છે એમ સિદ્ધ કર્યું અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલો કહે છે. એકલો જ જા. એકલો જઈ શકે છો અજાણ્યો નથી. તારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માર્ગ છે તારાથી જણાય એવો તું છો. જેટલા ગયા એ પોતાના સ્વસંવેદન દ્વારા અંતરમાં અનુભવ કરીને મુક્તિને પામ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– અજાણ્યા માટે...?

ઉત્તર :– જાણીતો છે. અજાણ્યો કેવો? એનો સ્વભાવ જ એવો છે. કોઈ દિ' ન જાણ્યો. એનો સ્વભાવ સ્વને જાણવાનો સ્વભાવ છે. ઇ તો કીધું નિમિત્ત ફક્ત. એ તો નિમિત્તની વાત કરી. આત્મા બીજી રીતે ન કલ્પાઈ જવાય એટલે વાત કરી. પાછું વળવું છે પછી શ્રુત કહે છે એ તરફનું લક્ષ ક્યાં છે? ઝીણી વાત છે, ભાઈ! એણે અનંતકાળમાં આત્માના હિતના પંથના રાહ જોયા નથી. કેમ થાય એ સાંભળ્યું નથી. એમ ને એમ આંધળી દોડે અનંતકાળમાં મૂંઠીઓ વાળીને દોડ્યો છે. માર્ગથી દૂર પડતો જાય અને માને કે અમે માર્ગને સમીપ થતા જાઈએ છીએ. ઊંધો પડ્યો પણ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? બાપુ! તારામાં શું અપૂર્ણતા છે? તારામાં શું પૂર્ણતાએ ભરેલું નથી કે જેના સમીપમાં તું આવતો નથી અને પુણ્ય-પાપમાં ને નિમિત્તમાં શું તારું પડ્યું છે કે એનું સમીપનું પડખું છોડતો નથી. સમજાણું કાંઈ? લ્યો!

**'આત્માકા અનુભવ કરે.'** છે ને? **'જૈસા કિ કહા ભી હૈ-'गहियं तं सुअणाणा'**. એ સમાધિશતક(નો આધાર છે). સમજાણું? ગહિયં છે ને? તૃતિય અધ્યાયમાં પૃષ્ઠ ૧૭૦માં કહે છે.

**અર્થ :– 'ઉસ (આત્મા) કો શ્રુતજ્ઞાનકે દ્વારા જાનકર...'** જુઓ! એ તો 'સમયસાર'માં ૧૪૩માં એ કહ્યું છે, એ કહ્યું છે એ વાત. શાસ્ત્રજ્ઞાન દ્વારા પહેલું જાણવું કે, આત્મા કેવો છે આ. બીજાની વાત મુકી દે, દુનિયા એને ઘરે રહી. આ હિત કરવું હોય તો આત્મા કેવો એ શાસ્ત્રજ્ઞાન દ્વારા પહેલા જાણે. **'પીછે સંવેદન (સ્વસંવેદન) મેં અનુભવ કરે.'** પછી પોતાનું જ્ઞાન વેદન કરી અને આ જ્ઞાન દ્વારા આત્માને અનુભવે.

**'જો શ્રુતજ્ઞાનકા આલમ્બન નહીં લેતા વહ આત્મસ્વભાવકે વિષયમેં ગડબડા જાતા હૈ.'** સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા કહ્યો એવો શાસ્ત્રમાં કહ્યો એનું આલંબન નહિ લે તો મરી જશે, આડો-અવળો થઈને. અત્યારે ઘણા આત્માને નામે ઊંધા નાખે છે. સમજાય છે? ગડબડી કરે છે. બસ! આત્માને અસ્તિ કહેવું એ કાંઈ નહિ, ભૂલી જાવ. એ ભૂલી જાવ, શ્રદ્ધા-બદ્ધા ભૂલી જાવ શ્રદ્ધા-બદ્ધા નહિ. એમ ન હોય. ભગવાન પરમેશ્વરે કહ્યો આત્મા પહેલો બરાબર જાણવો જોશે. અન્યમતી અજ્ઞાનીઓ કહે છે, અમે ધ્યાનમાં આત્મા જોયો માટે અમે આત્માની વાત કહીએ છીએ. નહિ, ખોટી વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગે એક સમયમાં અનંત આત્માઓ પ્રત્યક્ષ જોયા એણે જે વાણી કહી, અને જે શાસ્ત્ર રચાણા એ દ્વારા એણે આત્માને નક્કી કરવો જોશે. 'પોપટભાઈ'! આ અત્યારે બહુ ચાલ્યું છે એવું આત્માને નામે. અહીંનું આત્માનું ચાલ્યું ને? ઊંડા ઊંડા ઉતરી જાવ. ક્યાં ઊંડા ઉતરે પણ? ક્યાં ઉતરવું? વસ્તુ શું? આત્મા શું? કેવડો છે? કેટલા ક્ષેત્રમાં છે? કેટલા ગુણ છે? ગુણનું

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સામર્થ્ય કેટલું છે? સમજાય છે? એમ જાણ્યા વિના આત્મા આત્મા એમ કર્યે આત્મા ન આવે, કહે છે. ઘણાય કહે છે અત્યારે તો. ફલાણા... ફલાણા... ફલાણા... આવો ઉપદેશ આપે છે, બસ! આમ ઊંડા ઊંડા ઉતરી જાવ. પણ ઊંડા ક્યાં? શું છે તો ઊંડા ઉતરવું? પાણીમાં ઉતરવું ઊંડા કે જીવમાં ઉતરવું ઊંડા?

મુમુક્ષુ :- ભંડકિયામાં.

ઉત્તર :- ભંડકિયામાં અંધારામાં શું મળે ત્યાં? વસ્તુ આત્મા આમ મહાન પદાર્થ મોટો. દરિયામાં જેમ મોતી પડ્યા હોય હેઠે અને લેવા જાય, મોતી લેવા જાય છે, કાંઈ એમ ને એમ આંધળે નથી જાતો અંદર. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમેશ્વરના રૂપે ભગવાન દ્રવ્યે છે, દ્રવ્ય એનું પરમેશ્વરરૂપ છે. પર્યાયમાં કેવળી પરમેશ્વર પ્રગટ થયા છે, આ દ્રવ્યે પરમેશ્વર એનું રૂપ છે. સર્વજ્ઞ થઈ શકવાની તાકાત છે. ત્રણકાળ, ત્રણલોક જાણવાની એનામાં તાકાત છે. એકલો રહીને ત્રણકાળ, ત્રણલોક જાણે એવી એની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માને પરમેશ્વરે સંતોએ કહેલો... સમજાય છે કાંઈ? દિગંબર મુનિઓએ પરંપરા સર્વજ્ઞે કહ્યું એ વાત કહે છે, એના ઘરની જરાય નહિ. દિગંબર સંતો અનંતજ્ઞાની પરમેશ્વરે વાત કહી તે કહે છે. એ વેદન દ્વારા જાણવું. સમજાય છે કાંઈ? ઘણા ઉપદેશ એવા થઈ ગયા છે ને અત્યારે? આત્મા, આત્માની બહુ વાતું કરે. બસ! વિચાર છોડી દ્યો, વિકલ્પ છોડી દ્યો. ક્યાં પછી જાવું? ક્યાં જાવું શેમાં? ઇ કાંઈ ખબર ન મળે. કેવડો આત્મા છે? કેટલા ક્ષેત્રમાં છે? કેટલા ગુણવાળો છે? એક એક ગુણમાં કેટલું સામર્થ્ય છે, ઇ કાંઈ મને ખબર નથી.

મુમુક્ષુ :- એ વિકલ્પો જ કરે.

ઉત્તર :- વિકલ્પ કરવાથી મરી જઈશ, નહિ સમજ તો. વસ્તુ નહિ જાણે તો જાઈશ ક્યાં? સમજાણું કાંઈ?

પહેલું એ વિકલ્પ દ્વારા જાણવું જોશે એમ કહે છે. પરમેશ્વરે કહ્યું તે. નહિતર '**શ્રુતજ્ઞાનકા આલમ્બન નહીં લેતા વહ આત્મસ્વભાવકે વિષયમેં ગડબડા જાતા હૈ.**' સમજાણું? '**ઈસી તરહ યહ ભી ભાવના કરે...**' આવ્યું ને? '**ઈસી તરહ યહ ભી ભાવના કરે કિ જૈસા કિ પૂજ્યપાદસ્વામીકે સમાધિશતકમેં કહા હૈ-પ્રાચ્યાવ્ય વિષયેભ્યોઅહં.**'' ઇ બીજો દાખલો છે.

'**મૈં ઇન્દ્રિયોંકે વિષયોંસે અપનેકો હટાકર...**' દેખો! આ પણ 'પૂજ્યપાદસ્વામી'એ કહ્યું છે. પેલું 'સમાધિશતક', આ 'ઇષ્ટોપદેશ' છે. ભગવાનઆત્મા...! ઇન્દ્રિયો છે, ઇન્દ્રિયો તરફના વિકલ્પો છે એ બધું નક્કી કરવું જોશે એને અને વિકલ્પાતીત ભગવાન પૂર્ણાનંદથી ભરેલો આત્મા છે. ક્યાંથી ખસવું છે ઇ શું છે એને જ્ઞાન કરવું પડશે કે નહિ? અને જ્યાં જવું છે એ શું છે એનું જ્ઞાન કરવું પડશે. '**મૈં ઇન્દ્રિયોંકે વિષયોંસે અપનેકો હટાકર...**' પાંચ ઇન્દ્રિય આ જડ ને ખંડ ખંડ ઇન્દ્રિય અને એનો વિષય આ સાંભળવું આદિ બધું પર વિષય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! **'અપનેકો હટાકર...'** જોયું? પોતાના આત્માને પરથી હટાવી. એટલે શું? કે, ભઈ! કર્મ-બર્મ કાંઈક માર્ગ આપે તો હટી શકું એમ નહિ. તારા પુરુષાર્થથી જ પરથી હટી જા. પરમાં તું રોકાયેલો હતો એ પણ તારા પુરુષાર્થથી જ રોકાયેલો હતો. ઊંધા પુરુષાર્થથી તારો ભાવ પુણ્ય-પાપમાં, વિકલ્પમાં રોકાયેલો એ પણ તારા પુરુષાર્થથી જ ઊંધો હતો. કર્મે-બર્મે તને રોક્યો છે એમ છે નહિ. આહાહા..! 'અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા.' પોતે જ પોતાને ભૂલ્યો હતો. **'અપનેકો હટાકર...'** ભગવાનઆત્મા પર ઇન્દ્રિયોથી હટાવીને.

**'અપનેમેં સ્થિત જ્ઞાનસ્વરૂપ...'** જુઓ! બે વાત લેવી છે ને પાછી? **'અપનેમેં સ્થિત...'** પોતામાં છે જ્ઞાનસ્વરૂપ. ભગવાનઆત્મામાં જ્ઞાનનો દરિયો ભર્યો છે. ભગવાનઆત્મામાં જ્ઞાન સમુદ્ર જ્ઞાન સાગર છે અને **'એવં પરમાનન્દમયી આપકો...'** જુઓ! બન્ને વાત લીધી. લોકાલોકનું જ્ઞાન ને અનંત સુખવાળું કીધું હતું ને? પોતે એ સમાધિશતકમાં પણ એ (કહે છે). આત્મામાં અનંતજ્ઞાન ભર્યું છે અને પરમાનંદ ભરેલો છે, અતીન્દ્રિય આનંદ ભગવાન અતીન્દ્રિય આનંદે ભરેલો છે આત્મા. એવા આનંદમયી આપકો, એમ અભેદ કર્યું ને? પોતામાં રહેલું જ્ઞાનસ્વરૂપ અને પરમાનંદસ્વરૂપ એવા આપને **'અપને હી દ્વારા પ્રાપ્ત હુવા હૂં. આપકો અપને હી દ્વારા...'** જુઓ! વિકલ્પ દ્વારા, વ્યવહાર દ્વારા, નિમિત્ત દ્વારા નહિ. જુઓ! આ 'પૂજ્યપાદસ્વામી' પોતે પોતાની વાત કરે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મામાં પૂર્ણ જ્ઞાન ને આનંદ સ્વરૂપ પૂર્ણ પડ્યું છે. ઇન્દ્રિયોના વિષયોના શુભાશુભ વિકલ્પોથી, વિષયોથી હટી **'અપનેકો હટાકર...'** એને વિકલ્પોથી પાછો વાળી. **'અપનેમેં સ્થિત જ્ઞાનસ્વરૂપ એવં પરમાનન્દમયી આપકો અપને હી દ્વારા પ્રાપ્ત હુવા હૂં.'** પોતે પોતા દ્વારા હું પ્રાપ્ત થયો છું, હું બીજા દ્વારા બીજાને પ્રાપ્ત થયો છું એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગની માખણની વાત છે. મુદ્દાની રકમ મૂડી પુંજી, વ્યાજ-બ્યાજ એકકોર રહ્યું. રકમ લાવ પહેલી, રકમ. દસ લાખ આપ્યા હોય ને, ભઈ, વ્યાજ લીધું ઘણા વર્ષ. લાવો મૂડી લાવો પહેલી. એમ આત્માની પુંજી અનંત જ્ઞાન ને અનંત આનંદમયી, એના તરફ એકાગ્ર થવું એ જ આત્માને મોક્ષનો માર્ગ છે. **'અપનેકો અપને હી દ્વારા પ્રાપ્ત હુવા હૂં, પ્રાપ્ત હુવા હૂં.'** મારું સ્વરૂપ મારા દ્વારા પ્રાપ્ત થયું છે, ગુરુ દ્વારા નહિ, શાસ્ત્ર દ્વારા નહિ, રાગ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ એમ કહે છે. આહાહા..! પાંગળો છે ને! એટલે જાણે કાંઈક... કાંઈક... કાંઈક... બીજું હોય, કો'ક બીજું મળે (તો થાય). પણ તું ક્યાં તારામાં ક્યાં ખામી છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– .... આશરો લેવાનું કીધું હોય તો પછી ..

ઉત્તર :– આશરો નથી કીધું. એ તો ફક્ત જાણવો આવડો છે, એટલે જાણ પહેલો, એમ કહે છે. પછી ન્યાંથી હટી જા. એમ કહે છે, આશરો લીધો ને પછી.... આશરો લેવા નથી કહ્યું. એ આત્મા જેવો છે એવો બીજેથી ન જણાય માટે આ રીતે જાણ એમ કહેવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે વાત કરી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઉભો કરતો નથી, થાય ક્યાંથી? કરતો નથી, થતો નથી. ચોંટે છે કેટલો વિચાર આવે ત્યારે ખબર છે? આંખ આમ ટગટગ થઈ જાય છે. આંખો આમ જાણે કો'ક જાણે કો'ક શું વર્તાય છે આમ. ખબર છે ને 'ફાવાભાઈ'? આંખો આમ ને આમ થંભી જાય, હોં! બબ્બે મીનીટ સુધી આમ જોયું હોય, આમ થંભી ગઈ હોય. અંદર ચાલતું હોય કાંઈક. બંદરનું કે કાંઈનું ને ઢીકણાનું.

એમ કહે છે કે, એમાં એકાગ્ર થવાનું આવડે છે કે નહિ? એકાગ્ર થઈ જાય છે કે નહિ? ઇ કોણ થાય છે? પોતે. એમાં ઇ કરાવે છે કોઈ ત્યાં? દુકાન કહે છે ત્યાં? એમ જેમ પરમાં એકાગ્ર થાય છે એમ સ્વમાં એકાગ્ર પોતે થઈ શકે છે. ભૂલી જાય. આંખો આમ ને આમ રહી ગઈ, હોં! અંદર વિચારે ચડી જાય, લ્યો! આ તો એની નહિ પણ બીજા ઘણાને એમ છે ને. કલાક-કલાક, બબ્બે કલાક એમ ને એમ વિચારમાં ચાલ્યા જાય. શું કરતા હતાં તમે? હું તો વિચારે ચડી ગયો હતો. આંખો તો ઉઘાડી હતી ને? હતી ખરી પણ હું તો બીજે વિચારે ચડી ગયો. એ આનું આમ થાય ને આનું આમ થાય ને આનું આમ થાય.

મુમુક્ષુ :– ભાઈ 'અમેરીકા' જઈ આવે.

ઉત્તર :– રાત્રે 'અમેરીકા' જઈ આવે. એ તો પેલો ઊંઘમાં જઈ આવ્યો હતો સપનામાં. .... આ તો વિકલ્પોમાં એકદમ ક્યાંક એવો આમ થંભી જાય ને. મગજમાં કાંઈક લક્ષમાં લીધું હોય કે, દુકાન, એની આટલી પેદાશ, આટલું મકાન લીધું છે, આટલું અહીં નાખે તો ઠીક નહિતર મકાનમાં નાખે ને તો ઠીક નહિતર બીજે નાખે તો પાછું સરખું રહે કે નહિ? દોઢ ટકો ઉપજે પણ દોઢ ટકા કરતા આ મકાનમાં નાખે તો... એ વિચારે ચડી જાય તો કંઈ હાથ ન આવે હાથ. એ.. 'હિંમતભાઈ'! રૂપિયે દોઢ ટકો ઉપજે છે 'મુંબઈ'માં પણ એ દોઢ ટકો પણ જોખમી. ઇ પૈસા આવે કે નહિ? 'ફાવાભાઈ'! પણ જો મકાનમાં નાખી દઈએ તો જાય તો નહિ. ભલે બાર આના ઉપજે. તે દિ' બાર આના (હતા), લ્યો! કેમ 'ફાવાભાઈ' આવો વિચાર આવે કે નહિ? એમ ચડી જાય વિચાર અંદરથી, હોં! ચડે જાય. એને કહેશું, મકાનમાં નાખી દે. બહુ લાંબા પાછું જોખમ થાય. છોકરાઓને આવડે ન આવડે, સમજ્યા ને? મકાન હશે તો કોક દિ' થાય ને ભાડા તો ઉપજશે. ધૂળમાં પણ નથી, હવે સાંભળને! આ એકાગ્ર થઈને ભૂલી જાય બધું આમ.

અહીં કહે છે કે એકાગ્ર થઈને ભૂલી જા બીજું બધું. એ તને આવડે છે. અહીં આવડે છે તો અહીં નથી આવડતું? ધ્યાન કરતા એને આવડે છે પણ આર્ત અને રૌદ્ર. એ આર્તધ્યાન છે ને? અહીં ગુલાટ ખા. ભગવાનઆત્મા પૂર્ણ પરમેશ્વરને હું મળ્યો નહિ. હું જ પોતે પરમેશ્વર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ મેં મારો મેળાપ કર્યો નહિ. મારામાં નથી એવી ચીજનો મેં મેળાપ કર્યો. પુણ્ય ને પાપ ને શરીર ને વાણી ને મન ને ધૂળ જે પરદ્રવ્ય. એમાંથી તો અનંતકાળથી હેરાન થયો છું.

એમ જાણીને અહીં કહે છે કે હું **'અપનેમેં સ્થિત જ્ઞાનસ્વરૂપ...'** અહીં જ્ઞાન રહેલું છે, બહારથી આવતું નથી. પરમાનન્દમયી આત્મા છું. જુઓ! આ પ્રથમ સમ્યગ્દર્શનની વાત ચાલે છો, હોં! પ્રથમ સમ્યગ્દર્શન થવા કાળમાં આમ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ થવામાં **'અપનેકો અપનેમેં સ્થિત જ્ઞાન આનંદ સ્વરૂપ...'** અહીં તો બે બોલ લીધા, બાકી આખો આત્મા એ વખતે (લક્ષમાં આવે છે). એવા **'આપકો અપને હી દ્વારા...'** વસ્તુ સ્વરૂપ હું મહા પૂર્ણાનંદ મારા સ્વભાવ દ્વારા સાધન કરીને **'પ્રાપ્ત હુવા હૂં.'** 'પૂજ્યપાદસ્વામી' કહે છે, હું તો આ રીતે પ્રાપ્ત થયો છું, બીજી રીતે હું પ્રાપ્ત થયો નથી. આહાહા..!

આ તો પંચમઆરાના મુનિ છે. સમજાણું? એ કાંઈ મોક્ષ નહિ જાય, કેવળ નથી. છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં હું મને પ્રાપ્ત થયો છું એટલી દશા તો મારામાં આવી છે એમ પોતાને સાક્ષી છે. ખબર પડે કે નહિ એમ નથી, જુઓ! મુનિ છે, છદ્મસ્થ છે, 'પૂજ્યપાદસ્વામી' મહા વનવાસી દિગંબર મુનિ જંગલવાસી. આત્મધ્યાનમાં મસ્ત (છે). હું મારા દ્વારા મારામાં રહેલા જ્ઞાન ને આનંદ, એને હું પ્રાપ્ત થયો છું. કહો, સમજાણું કાંઈ? આ માર્ગ છે, બાકી બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..! આમાં પેલા વ્યવહારનું શું થયું? પણ ભઈ! આ વચ્ચે ભક્તિ, પૂજા, જાત્રા, દાન, દયા એ વિકલ્પ આવે, આવે એ હિતકર નથી (એમ) અહીં સિદ્ધ કરવું છે. એ તો જ્ઞાન કરવા માટે વચ્ચે આવે એને જાણનારો આત્મા છે. એનાથી હિત-બિત છે નહિ, એ વાત છે અહીં તો. આહાહા..! રાડ નાખે એવું છે લોકો તો, હોં! ભગવાન પાસે જા, ભાઈ! 'પૂજ્યપાદસ્વામી'ને કહે કે, આવું શું કરવા તમે (કહ્યું)? આવું શાસ્ત્ર શું કરવા બનાવ્યું? 'જુગરાજજી'! ત્યારે કેવા બનાવે? કોઈ બીજા બનાવે? આહાહા..! ભગવાન! તારી સ્વાધીનતા તારી પાસે છે એમ કહે છે તને, ઇ તને ગોઠતું નથી? સમજાણું?

**दोहा - मनको कर एकाग्र, सब इन्द्रियविषय मिटाय।**
**आतमज्ञानी आत्ममें, निजको निजसे ध्याय।।२२।।**

આખા શ્લોકનો એક હિન્દી (દોહો). આ હિન્દી સાર, ૨૨માં શ્લોકનો હિન્દી સાર. **'મનકો કર એકાગ્ર...'** એકાગ્રની વ્યાખ્યા બે પ્રકારે આવી ગઈ ને? કો'ક લક્ષમાં બીજું લઈને કાં આત્માને. **'સબ ઇન્દ્રિયવિષય મિટાય...'** બધી ઇન્દ્રિયનો વિષય. શુભાશુભ શબ્દોને સાંભળવું એ પણ છોડી દે. સમજાણું? મનના વિકલ્પમાં પણ આમ ઉઠ્યા કરે એ આમ હતું ને આ એ પણ એક વિષય અંદર મનનો વિષય ચાલે અંદર. હઠાવી દે. **'આતમજ્ઞાની આત્મમેં,...'** એ આત્માનો જાણનાર, આત્માનો જાણનાર આત્મામેં એમ પહેલું એમ લઈ લીધું. આવો આત્મા છે એવું જાણ્યું, એવો આતમજ્ઞાની આત્માનો જાણનાર આત્મામેં **'નિજકો નિજસે ધ્યાય.'** લ્યો! આ પોતાને પોતાથી ધ્યાન કરે તે તેનું સાધન છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ તો પંચમકાળના મુનિ 'પૂજ્યપાદસ્વામી' છે. જંગલમાં વસતા હતા, દિગંબર સંત. આ એ ઉપદેશ કરે છે. એનું નામ ઇષ્ટોપદેશ છે આ શાસ્ત્રનું. ૫૧ શ્લોક છે સાદા પણ શ્લોક થોડા પણ ભાવ તો પરિપૂર્ણ ભર્યો છે. ઓહોહો..! દિગંબર સંતોએ... ધર્મના ધૂરંધર ધોરી, જેણે આત્મા શું ચીજ (છે એ) એની હથેળીમાં બતાવ્યો જગતને. સમજાય છે કાંઈ? એ આત્માનું અંતર ધ્યાન ને જ્ઞાન એનું નામ મુનિપણું ને એનું નામ ધર્મ છે. અહીં તો કહે લુગડા-ફુગડા પણ નહિ ને પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ પણ હિતકર નહિ એમ કહે છે. આહાહા..! રાડ નાખે ને, રાડ.

અહીં તો કહે છે, **'આતમજ્ઞાની આત્મામેં નિજકો નિજસે ધ્યાય.'** પોતાને પોતા દ્વારા ધ્યાવવો. વિકલ્પ છે રાગ એ પંચમહાવ્રત એ વિકલ્પ છે એ દ્વારા નહિ. આહાહા..! ભારે વાત ઝીણી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' ચોથો આરો કે પાંચમો આરો, માર્ગ તો એક જ હોય. સ્થિરતામાં ઓછો-વત્તો ફેર હોય પણ સમ્યગ્દર્શનમાં ફેર ન હોય એના ન્યાયમાં. **'આતમજ્ઞાની આત્મમેં, નિજકો નિજસે ધ્યાય.'** ભગવાનઆત્માને આનંદમયી, જ્ઞાનમયીને **'નિજકો નિજસે...'** એટલે જ્ઞાન ને આનંદથી તેનું એકાગ્રપણું કરે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! એ ૨૨ ગાથા પૂરી થઈ.

---

**यहाँपर शिष्यका कहना है कि भगवन्! आत्मासे अथवा आत्माकी उपासना करनेसे क्या मतलब सधेगा-क्या फल मिलेगा? क्योंकि विचारवानोंकी प्रवृत्ति तो फलज्ञानपूर्वक हुआ करती है, इस प्रकार पूछे जानेपर आचार्य जवाब देते हैं -**

**अज्ञानोपास्तिरज्ञानं, ज्ञानं ज्ञानिसमाश्रयः।**
**ददाति यत्तु यस्यास्ति, सुप्रसिद्धमिदं वचः।।२३।।**

**अर्थ :- अज्ञान कहिये ज्ञानसे रहित शरीरादिककी सेवा अज्ञानको देती है, और ज्ञानी पुरुषोंकी सेवा ज्ञानको देती है। यह बात प्रसिद्ध है, कि जिसके पास जो कुछ होता है, वह उसी को देता है, दूसरी चीज़ जो उसके पास है नहीं, वह दूसरेको कहाँसे देगा?**

**विशदार्थ :- अज्ञान शब्दके दो अर्थ हैं, एक तो ज्ञान रहित शरीरादिक और दूसरे मिथ्याज्ञान (मोह-भ्रांति-संदेह) वाले मूढ़-भ्रांत तथा संदिग्ध गुरु आदिक। सो इनकी उपासना या सेवा अज्ञान तथा मोह-भ्रमव संदेह लक्षणात्मक मिथ्याज्ञानको देती है। और ज्ञानी कहिये, ज्ञानस्वभाव आत्मा तथा आत्मज्ञानसम्पन्न गुरुओंकी तत्परताके साथ सेवा, स्वार्थावबोधरूप ज्ञानको देती है। जैसा कि श्रीगुणभद्राचार्यने आत्मानुशासनमें कहा है - `ज्ञानमेव फलं ज्ञाने.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



`ज्ञान होनेका फल, प्रशंसनीय एवं अविनाशी ज्ञानका होना ही है, यह निश्चयसे जानो। अहो! यह मोहका ही माहात्म्य है, जो इसमें ज्ञानको छोड़ कुछ और ही फल ढूँढ़ा जाता है। ज्ञानात्मासे ज्ञानकी ही प्राप्ति होना न्याय है। इसलिये हे भद्र! ज्ञानीकी उपासना करके प्रगट हुई है स्वपर विवेकरूपी ज्योति जिसको ऐसा आत्मा, आत्माके द्वारा आत्मामें ही सेवनीय है, अनन्यशरण होकर भावना करनेके योग्य है।' ।।२३।।

दोहा - अज्ञभक्ति अज्ञानको, ज्ञानभक्ति दे ज्ञान।
लोकोत्की जो जो धरे, करे सो ताको दान।।२३।।

---

હવે શિષ્યે પ્રશ્ન કર્યો, **'યહાંપર શિષ્યકા કહના હૈ કિ ભગવન્!...'** ગુરુને પૂછે છે. **'આત્માસે અથવા આત્માકી ઉપાસના કરનેસે ક્યા મતલબ સધેગા-ક્યા ફલ મિલેગા?'** એમ કે, શું ફળ છે? વિચારવાનોની ફળની પ્રાપ્તિ વિના પ્રવૃત્તિ હોતી નથી. વિચારવાનોંની ફળની પ્રાપ્તિ વિના પ્રવૃત્તિ હોતી નથી. એમ કહે છે. બરાબર સંધી કરે છે ને? **'આત્માસે અથવા આત્માકી ઉપાસના કરનેસે ક્યા મતલબ સધેગા-ક્યા ફલ મિલેગા? ક્યોંકિ વિચારવાનોંકી પ્રવૃત્તિ તો ફલજ્ઞાનપૂર્વક હુઆ કરતી હૈ,...'** એના ફળનું જ્ઞાન એને હોય છે. ફળનું જ્ઞાન હોય છે, કે આમાંથી આનંદ ફળ પ્રાપ્ત થશે. એવા ફળ વિના એની પ્રવૃત્તિ હોય નહિ, એમ કહે છે. આહાહા..! દુનિયામાં પણ જેની જરૂરિયાત જાણે ત્યાં પુરુષાર્થ કરે છે કે નહિ? એમ આત્માને ફળની પ્રાપ્તિ વિના વિચારવાનની પ્રવૃત્તિ હોઈ શકે નહિ. આનંદની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ છે અંદરમાં. સમજાણું? **'ફલજ્ઞાનપૂર્વક હુઆ કરતી હૈ, ઇસ પ્રકાર પૂછે જાનેપર આચાર્ય જવાબ દેતે હૈં-'** પેલો શિષ્ય પૂછે છે, હોં! મહારાજ! ધર્માત્મા આત્માની સેવા શું કરવા કરે? કેમકે જેનું ફળ જ્ઞાન ન હોય એની પ્રવૃત્તિ જ્ઞાનીઓ શું કરવા કરે? તો શું કરવા ઇ કરે છે?

**अज्ञानोपास्तिरज्ञानं, ज्ञानं ज्ञानिसमाश्रयः।**
**ददाति यत्तु यस्यास्ति, सुप्रसिद्धमिदं वचः।।२३।।**

વાહ! જુઓ! **અર્થ :– 'અજ્ઞાન કહિયે જ્ઞાનસે રહિત શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,...'** શું કહે છે? આત્મામાં થતા પુણ્ય-પાપના વિકલ્પ એ પણ અજ્ઞાન છે, એમાં જ્ઞાન સ્વરૂપ નથી. શરીરમાં જ્ઞાન સ્વરૂપ નથી, વાણીમાં જ્ઞાન નથી. **'શરીરાદિકકી સેવા...'** આ શરીર જ્ઞાનથી રહિત છે. આ જડમાં જ્ઞાન ક્યાં છે? આ તો માટી છે, વાણીમાં જ્ઞાન ક્યાં છે? આઠ કર્મ જ્ઞાન ક્યાં છે? એ તો જડ છે. એમ પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન નથી, એ તો વિકાર છે, એ પણ અજ્ઞાન છે. ચૈતન્યના મૂર્ત સ્વરૂપ સિવાયનું એટલે અજ્ઞાન એમ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિપરીત જ્ઞાન એમ નહિ. સમજાણું કાંઈ? **'જ્ઞાનસે રહિત શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,...'** શરીર અજ્ઞાન છે, પુણ્ય-પાપ ભાવ પણ જ્ઞાનના ચૈતન્યમૂર્તિના સ્વભાવ વિનાના પુણ્ય-પાપ છે. એની સેવા કરવાથી અજ્ઞાન મળશે, વિકાર મળશે અને ચાર ગતિએ રખડશે. આહાહા..!

ભગવાનઆત્મા આમ જ્ઞાનમૂર્તિ અને આનંદમૂર્તિ (છે). એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપનો ભાવ એમાં જ્ઞાન ને આનંદ નથી. અને શરીર, વાણી, મન એમાં જ્ઞાન ને આનંદ નથી. જે પુણ્ય-પાપનો ભાવ અને આ શરીર આદિની સેવા કરવાથી એને અજ્ઞાન મળશે, વિકાર થશે ને વિકારનું ફળ ચાર ગતિ મળશે. બરાબર છે? આ ફળનો વિચાર ચાલે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શરીરની સેવા કરશે તો નીરોગ રહેશે. ધૂળ પણ નહિ રહે. શરીરની સેવા કરી શકે છે કોણ? હેતુ તો એક એ કહેવો છે કે, ભગવાન આમ જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર આદિ બધું, એ બધું અજ્ઞાન છે, અજ્ઞાન એટલે એમાં ચૈતન્યની જ્યોત છે નહિ. એ ચૈતન્યની જ્યોત જેમાં નથી એની સેવા એટલે એમાં એકાગ્ર થવાથી તો અજ્ઞાન ને વિકાર થશે. આહાહા..! વાહ રે વાહ! 'ઇષ્ટોપદેશ', જુઓ! 'ઇષ્ટોપદેશ'

**'ઔર જ્ઞાની પુરુષોંકી સેવા જ્ઞાનકો દેતી હૈ.'** જ્ઞાનીપુરુષની બે વાત કરશે, હોં! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! એની એકાગ્રતાથી આનંદ ને જ્ઞાન મળશે. અને કાં જ્ઞાની ધર્માત્મા પુરુષોની સેવા એટલે ઇ કહેશે શું? કે તારો જ્ઞાન ને આનંદ તારામાં છે એમ ઇ કહેશે. એટલે એનાથી પ્રાપ્તિ થઈ ને એનાથી ફળ એ મળશે, એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ માટે તો આ વાત ઉપાડી છે, કે આત્મા જ્ઞાની જ્ઞાનાનંદ છે તેની સેવા એટલે એકાગ્રતા કાં જ્ઞાની એને રાગથી ભિન્ન પાડવાની વાત કરશે. એને ભગવાનઆત્મા આવો છે એની સેવા કર એમ જ્ઞાનીની સેવાની વાતમાં સાંભળવાનું એને એ મળશે. ઇ એમ કહેશે કે, અમારા સામું જોવું ને રાગ છોડીને અંદરમાં જા. આહાહા..! સમજાય છે? **'વહ ઉસી કો દેતા હૈ,...'** જેની પાસે જે હોય એ દે. અફીણની દુકાને જાય તો અફીણ હોય ઇ દે. ન્યાં ક્યાં માવો મળે? ગાયનો મળે? માવો કહે છે ને? શું કહે છે? ગાય, ભેંસના દૂધનો માવો. અમારે ત્યાં માવો કહે છે. અફીણના માવા હોય, અફીણ થાય છે ને? એ માવો અને દૂધનો માવો, બન્ને વસ્તુ જુદી છે. કંદોઈની દુકાને અફીણનો માવો મળે? દૂધનો મળે. એમ ભગવાનઆત્મા પાસે જાય તો આનંદ મળે અને પુણ્ય-પાપ પાસે જાય તો વિકાર મળે, દુઃખ મળે. એ વાત વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૫, રવિવાર**
**તા. ૧૦-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૩ પ્રવચન નં. ૨૪**

'ઇષ્ટોપદેશ'. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ એમણે બનાવ્યું. જુઓ! એનો અર્થ. ૨૩મી ગાથા, અર્થ છે ને અર્થ? આ ગાથામાં શું (કહેવું) છે? જેની જે સેવા કરે એ એની પાસે હોય તે આપે. કહો, સમજાય છે? જેની જે સેવા કરે, એ જેની સેવા કરે છે એની પાસે હોય ઇ સેવા કરનારને આપે. ન હોય ઇ ક્યાંથી આપે?

મુમુક્ષુ :– સાચી વાત છે.

ઉત્તર :– કઈ રીતે (વાત) તમારી સાચી? હવે અમારે એમાં હા પાડવું મુશ્કેલ છે.

અહીં તો કહે છે **'અજ્ઞાન કહિયે જ્ઞાનસે રહિત શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,...'** લ્યો! હવે અર્થ શું છે? હવે આ અર્થ સમજવો જોઈએ. એમ તમે કહો એ રીતે નહિ. ઇ બધા ઘેરાય ગયા છે ને, ભાઈ! અહીં કહે છે કે, આ શરીર, આ શરીર છે ને? એ જડ, આ કર્મ જડ, આ પર વસ્તુ જડ અને પુણ્ય-પાપના ભાવ થાય એ પણ અચેતન છે ખરેખર ચૈતન્ય સ્વરૂપ નથી.

ભગવાનઆત્મા આનંદકંદ છે, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્, ચિદ ને આનંદ. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનું રૂપ છે. એ સિવાય પુણ્ય-પાપના ભાવ થાય એ પણ ચૈતન્યના સ્વરૂપથી વિપરીત ભાવ છે. શરીર આદિ તો પર જડ છે. તો કહે છે એ પુણ્ય-પાપના ભાવની સેવા કરવાથી જડપણું મળે. એની પાસે – પુણ્ય-પાપમાં ક્યાં આનંદ ને જ્ઞાન હતા? શું કહેવાય છે? સમજાય છે કાંઈ?

**'અજ્ઞાન કહીયે જ્ઞાનસે રહિત શરીરાદિકકી...'** શરીરાદિકમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ બધું આવી ગયું. ભગવાનઆત્મા... સમજાણું? પહેલા ૨૧માં કહી ગયા છે કે, અનંત લોકાલોકને જાણવાવાળું તત્ત્વ છે અને એમાં અનંત આનંદ છે. એની સેવા કરવાથી તો એને આનંદ ને જ્ઞાનની શુદ્ધિની પ્રાપ્તિ થાય. પણ પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવ... સમજાય છે કાંઈ? સ્પષ્ટ કહીએ તો દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્યના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, પાપના ભાવ એ બેની સેવા એટલે એકાગ્ર થવાથી અચેતનપણું મળે, કર્મબંધન મળે એને ચૈતન્યની પ્રાપ્તિ થાય નહિ એમ કહે છે.

એકકોર ભગવાનઆત્મા છે–અનંત જ્ઞાન ને આનંદનો કંદ આત્મા, આત્મા. પોતાનો આત્મા અંદર આનંદ અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો સાગર આત્મા છે. પરિપૂર્ણ ચૈતન્ય ને આનંદ. એક બાજુ પુણ્ય-પાપના ભાવ શરીર, કર્મ આ બધું. હવે અજ્ઞાન એટલે જેમાં જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને આનંદ નથી એવા ભાવની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય.

મુમુક્ષુ :–

ઉત્તર :– ભાન કે 'દી છે? સુતો છે એનું ભાન નથી એને. શુભ-અશુભ ભાવ ને શરીરમાં હું છું એમ માનીને એની એકાગ્રતા કરવી એને જડની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. 'જુગરાજજી'! બે 'જુગરાજજી' થયા, પેલા પણ 'જુગરાજજી' છે. સમજાય છે કાંઈ? જુઓ! ડૉક્ટર આવ્યા છે, 'પ્રવિણભાઈ'? ઠીક. શું કીધું સમજાણું? ઇ ઘણા બધાની સેવા કરે છે.

કહે છે, એકકોર રામ ને એકકોર ગામ. એકકોર પ્રભુ આત્મા અંતર આત્મામાં તો પૂર્ણ જ્ઞાન ને આનંદનો પિંડ એ આત્મા છે. વસ્તુ છે ને આત્મા! પદાર્થ છે ને? અસ્તિ છે ને? સત્તા છે ને? અરૂપી છે પણ સ્વરૂપી છે. અરૂપી જેમાં રંગ, ગંધ, સ્પર્શ નથી આ જડ પણ વસ્તુ છે ને? અરૂપી સ્વરૂપ છે એનું. એનું સ્વરૂપ છે અનાદિઅનંત એ તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા ગુણોથી સ્વરૂપે ભરેલું એ તત્ત્વ આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્મા સિવાય જેટલા શુભ અને અશુભભાવ થાય કે શરીર કર્મની ઉપર લક્ષ જાય, લક્ષ જાય એટલી અજ્ઞાનની ઉત્પત્તિ થાય, જડની ઉત્પત્તિ થાય, આવરણની ઉત્પત્તિ થાય. 'વજુભાઈ'! ખુલ્લી વાત છે ને? એય..! 'જુગરાજજી'!

ભગવાનઆત્મા વસ્તુ છે ને? આત્મા પદાર્થ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત છે એ આત્મા. ચિદ્ જ્ઞાન અને આનંદનો કંદ છે. બે જાત વર્ણવી પણ બીજા અનંતગુણ છે. તેથી કહ્યું હતું ને એમાં? ગુણવાળો સેવવો. એમ કહ્યું હતું ને એમાં? ગુણવાળો. બે વાત લીધી હતી ને? સમજાણું? પેલામાં આવ્યું હતું ને? **'સ્વસંવેદનસે કહે હુએ ગુણોસે યોગીજનો દ્વારા અચ્છિ તરહ અનુભવમેં આયા હુઆ...'** ૨૧માં બે વાત કરી હતી. સ્વસંવેદનથી અને ભગવાન સર્વજ્ઞોએ કહેલા અનંતા ગુણો છે એમાં. સમજાય છે કાંઈ? આત્મપદાર્થ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... શાશ્વત અણ કરાયેલી નાશ થઈને બીજામાં ન ભળે એવી, એ અનંત ગુણ સંપન્ન છે, શાશ્વત છે, અંતરમાં મહાજ્ઞાન ને પરિપૂર્ણ આનંદની મુખ્યતા છે. એવા આત્માની જો સેવા કરે એટલે એવા આત્મા તરફ એકાગ્ર થાય તો જ્ઞાન ને આનંદની પ્રાપ્તિ થાય. 'જુગરાજજી'! આ તો વાત બે ને બે ચાર જેવી છે ને? એ બાપા પણ સમજે, થોડું થોડું સમજાવવું પડશે એને. કહો! આ તો સાદી વાત ને એવું તત્ત્વ મુક્યું છે. 'ઇષ્ટોપદેશ'. ૨૧ ગાથાથી તો એવી વાત બધી કરી બધી કરે ને કે આ ખોટી વાત, તારી માન્યતા ખોટી, કરતાં કરતાં લાવીને પછી અહીં મુક્યું.

ભગવાન! તું આત્મા છો ને પ્રભુ! અને તે અણકરાયેલી ચીજ છો, કૃત્રિમ નથી, સ્વયંસિદ્ધ પદાર્થ છો અને એમાં અનંત અનંત શાંતિ આદિ ભરેલું તત્ત્વ છે. એ સિવાયના પુણ્ય-પાપના ભાવ શરીર, વાણી, કર્મ, તારા સિવાયની ચીજ એના તરફની એકાગ્રતાથી અચેતન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અજ્ઞાનનો લાભ થશે. અજ્ઞાન એટલે જ્ઞાન જેમાં નથી એની વૃદ્ધિ થશે, એમ. જેમાં જ્ઞાન ને આનંદ નથી એની વૃદ્ધિ થશે. બહુ સીધી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

**'જ્ઞાનસે રહિત શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,...'** અજ્ઞાન એટલે એને જડનું બંધન થાય છે. અજ્ઞાન એટલે એમાં કાંઈ જડમાં જ્ઞાન નથી, પુણ્ય-પાપમાં જ્ઞાન નથી. પુણ્ય-પાપ ભાવ પણ ખરેખર ચૈતન્યથી વિપરીત ભાવ છે. આહાહા..! રાડ નાખે છે પેલા કે, અરે..! પુણ્ય, પુણ્યથી કહીં નહિ? આ પુણ્યની સેવાથી જડ અજ્ઞાન મળશે એમ કહે છે, લ્યો! આહા..! ભાઈ! તારું તત્ત્વ ભગવાન બિરાજમાન છે ચૈતન્યમૂર્તિ, તેં કોઈ દિ' જોયું નથી.

મુમુક્ષુ :– પરંપરાએ મોક્ષ જશે.

ઉત્તર :– ધૂળમાં પણ પરંપરાએ મોક્ષ નથી. ઇ કહે છે, વાત સાચી. એ તો સમ્યગ્દર્શનમાં પોતાના સ્વરૂપનું ભાન છે તો શુભભાવ છોડીને વીતરાગ થશે, એ અપેક્ષાએ કહ્યું છે. પરંપરા શું? ધૂળ. પુણ્યથી પરંપરા (મોક્ષ) થાય છે? બાર અનુપ્રેક્ષામાં રાગથી પરંપરા અનર્થ ઉત્પન્ન થાય એવો પાઠ છે. રાગ અહીં પુણ્ય (કહ્યું) એ જ વાત છે. બાર અનુપ્રેક્ષા જે છે કુંદકુંદાચાર્યની. રાગ પરંપરા અનર્થનું કારણ છે. રાગમાં વીતરાગતા પડી છે? ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત અરાગી સ્વરૂપ, વીતરાગી મૂર્તિ આત્મા (છે). એમાં દોષ ક્યાં (છે)? એ તો પર્યાયમાં દોષ ઉભો કરે છે, વસ્તુમાં ક્યાં છે? એ આત્મા સિવાય શરીરાદિક એટલે આત્મા પોતાના આત્મા સિવાય પર બધું, એની **'સેવા અજ્ઞાનકો દેતી હૈ.'** પુણ્યબંધન થાય, પાપબંધન થાય. અબંધ પરિણામ પરની સેવાથી થાય નહિ. એમ કહેવું છે અહીં લ્યો! કહો, 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– લાખો રૂપિયા મળેને.

ઉત્તર :– ધૂળ. લાખો કોને મળે છે? ધૂળને મળે છે. લાખ લાખમાં રહ્યા, ક્યાં ગરી ગયા છે એની પાસે? એની પાસે મમતા છે, આ લાખ એ મારા એ મમતા છે. એ મમતાની સેવા કરવાથી અજ્ઞાનની સેવા થઈ. આ પૈસાવાળાને બધી જરીક... બધા સમજવા જેવા છે પૈસાવાળાને સખ કેવા છે ઇ. કાલે બીજું આવ્યું હતું. શેઠ–સ્વરૂપને સંભાળે તે શેઠ. કાલે એવું આવ્યું હતું. આ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ ભગવાન છે, અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર આત્મા છે. એને સંભાળે તે શેઠ છે, બાકી બધા ભીખારી ને રાંકા છે. એમ આવ્યું હતું કાલે.

મુમુક્ષુ :– અનુચર આવ્યું હતું.

ઉત્તર :– એ અનુચરનો અર્થ શું થયો? ગુલામ છે, ગુલામ છે. રાગના ભીખારી, પુણ્યના ભીખારી, પૈસાના ભીખારી, વિષયના ભીખારી. 'પોપટભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ! એની સેવાથી આત્માને જ્ઞાન ને શાંતિ ને જાગૃતિ ને આનંદ મળે છે. એનું નામ જ્ઞાન મળ્યું કહેવાય અને પુણ્ય-પાપ ને પુણ્ય-પાપના ફળ બંધન ને એના ફળ સંયોગ, એમાં એકાગ્ર થવાથી જડપણું પ્રાપ્ત થાય. આહાહા..! સમજાણું કાંઈ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મરામની સેવાથી આત્મારામ અજ્ઞાન અને આનંદ પ્રગટે. પુણ્ય-પાપના ભાવ અને સંયોગની સેવાથી જડપણું, અજ્ઞાનપણું પ્રગટે. આહાહા..! આકરી વાત છે જરી, હોં! એ દેવ-ગુરુ ને શાસ્ત્ર પર, એના તરફના લક્ષમાં રહેતા, એકાકાર થતાં પુણ્ય બંધાય. એ પુણ્ય એટલે અજ્ઞાનપણું એટલે ચૈતન્યપણું એમાં નથી. આ પુણ્યની પ્રાપ્તિ થાય એટલે અજ્ઞાનની પ્રાપ્તિ થાય. અજ્ઞાન એટલે મિથ્યાત્વની વાત નથી અહીંયા. એની પ્રાપ્તિ થાય. સંયોગી ભાવ, સંયોગ ભાવ, સંયોગ ફળ એ બધાની પ્રાપ્તિ અજ્ઞાનની પ્રાપ્તિ છે, ચૈતન્યના જ્ઞાનની પ્રાપ્તિ નહિ, એમ. ચૈતન્યના જાગ્રતભાવ ને આનંદભાવ, ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એના સ્વરૂપની અંતર દૃષ્ટિ કરતાં (જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાય).

ઇ કહે છે હવે **'ઔર જ્ઞાની પુરુષોંકી સેવા...'** બે વાત લીધી એમાં હવે. **'જ્ઞાની પુરુષોંકી સેવા જ્ઞાનકો દેતી હૈ.'** છે ને? એના બે અર્થ છે. જ્ઞાની એટલે આત્મા–જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ. એની સેવા કરવાથી જ્ઞાન અને આનંદ પ્રાપ્ત થાય. અને કાં જ્ઞાની એટલે ધર્માત્મા. એ શું કહે છે એનું લક્ષ કરવાથી (જ્ઞાન અને આનંદ પ્રાપ્ત થાય). ઇ કહે છે કે, આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે. ઇ કહે છે કે, રાગ ને પુણ્ય ને પાપ ને દેહથી ભિન્ન ભગવાન છે. જ્ઞાની કહે છે તો એની સેવાથી એટલે ઇ કહે છે એમ માનવાથી અંતરના આત્મામાં જ્ઞાન ને આનંદની પ્રાપ્તિ થાય. એવો અર્થ છે. સેવામાં પગ ક્યાં દાબવા હતા? પગ આત્મામાં છે જ ક્યાં? પુણ્ય-પાપ આત્મામાં નથી વળી, પગ કે 'દી લાવ્યો અહીં? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પુણ્યનો વિકલ્પ છે એ આત્મામાં ક્યાં છે? આત્મા એને કહીએ? એ તો આસ્રવ છે, અચેતન છે, અચેતન છે એ તો. અચેતન એ ગુરુ કહેવાય? અચેતન એ કેવળી કહેવાય? અચેતન એ આત્મા કહેવાય? અચેતન એ ધર્મ કહેવાય? ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? **'જ્ઞાની પુરુષોંકી સેવા...'** એટલે જ્ઞાનીપુરુષના બે પ્રકાર. એક પોતે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એની અંતર દૃષ્ટિમાં એકાગ્ર થવાથી જ્ઞાન ને આનંદની ચૈતન્યની જાગૃતિની શાંતિની પ્રાપ્તિ થાય અને જ્ઞાનીપુરુષને સેવવાથી એટલે જાણવાથી જ્ઞાની એ બતાવશે કે, તારું સ્વરૂપ રાગ રહિત, પુણ્ય રહિત, પાપ રહિત, કર્મ રહિત શરીર રહિત છે. એવો ભગવાનઆત્મા તું છો. એવો જ જ્ઞાનીનો ઉપદેશ છે. આ 'ઇષ્ટોપદેશ' છે ને? જ્ઞાનીનો એ ઉપદેશ છે એને કે, તારો સ્વભાવ ભગવાન ચિદાનંદમૂર્તિ છે. પુણ્ય-પાપના રાગ, શરીર, કર્મથી રહિત છો. જ્ઞાની એમ બતાવશે. એની સેવા એટલે એણે કહ્યું એમ માનશે (તો) એને આત્માના જ્ઞાનની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? એટલે જ્ઞાનીનો ઉપદેશ પણ કેવો હોય એ વાત ભેગી આવી જાય છે. આહાહા..! 'વજુભાઈ'!

આ ગાથાઓ એવી છે કે, બધે પુણ્ય-પાપને ઉડાવીને એકલા આત્મહિતની વાત છે. આ ઇષ્ટોપદેશ છે. પ્રિય ઉપદેશ, આત્માના હિતનો ઉપદેશ. આત્માનું હિત જેમાં પ્રાપ્ત થાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માનું હિત ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ! અખંડ આનંદકંદ આત્મા, એમાં અંતર દૃષ્ટિ દેવાથી હિત પ્રાપ્ત થાય. પુણ્ય-પાપ ને સંયોગમાં દૃષ્ટિ દેવાથી હિત પ્રાપ્ત ન થાય. પૈસાથી પુણ્ય થાય ને પુણ્યથી પછી ધર્મ થાય ને.. એમ થાતું હશે કે નહિ? પરંપરા પૈસાવાળાને મોક્ષ ધર્મ થાતો નહિ હોય? ધૂળમાં પણ નથી. એ તો સંયોગી ચીજ છે, એ તારી ક્યાં છે? એ પૈસા તો માટી, ધૂળ છે. ધર્મ થાતો હશે કે નહિ? પરંપરા થાય કે નહિ? અહીં તો પુણ્યના પરિણામથી પણ પરંપરાએ અહિત છે. વર્તમાન અજ્ઞાન છે ને પરંપરાએ અહિત છે એમ કહે છે અહીં તો. એ ઇષ્ટોપદેશ છે. એણે કોઈ દિ' આત્માની મહત્તા જાણી નથી. પરની પામરતા જાણી નથી ને પોતાની પ્રભુતા ઓળખી નથી.

**'યહ બાત પ્રસિદ્ધ હૈ, કિ જિસકે પાસ જો કુછ હોતા હૈ, વહ ઉસી કો દેતા હૈ,...'** કહો, જેની પાસે જે હોય એ આપે. સમજાણું?

મુમુક્ષુ :– રૂપિયાવાળો રૂપિયા આપે.

ઉત્તર :– હા, રૂપિયાવાળો રૂપિયા આપે. (ગરીબ માણસ) રોટલો આપશે. એની પાસે હોય તે આપે. એમ આત્મા પાસે આનંદ છે તો એની પાસે છે તો આનંદ આપે. રાગ-દ્વેષમાં તો જડતા છે. એની સેવા કરે તો જડતા મળે. કંદોઈની દુકાને જાય તો માવો મળે, અફીણની દુકાને જાવ તો અફીણનો માવો મળે. જેની પાસે હોય ઇ આપે કે બીજું આપે ઇ? આહાહા..! અહીં તો કહે છે જેની પાસે જે (હોય તે આપે). એ વાત પ્રસિદ્ધ છે. લોકોક્તિ એમ કહેવાય છે, હોં! અંદર છે ને? શબ્દ છે કે નહિ અંદર?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા ઇ. લોકોક્તિ. એ લોકોક્તિ છે એમ કહે છે, સમજાય છે? જેની પાસે હોય ઇ આપે. **'વહ ઉસી કો દેતા હૈ, દૂસરી ચીજ જો ઉસકે પાસ હૈ...'**

મુમુક્ષુ :– દોહરામાં છે.

ઉત્તર :– હા, દોહરામાં છે બસ ઇ, દોહરામાં છે. શ્લોક છેલ્લો સાર.

**दोहा - अज्ञभक्ति अज्ञानको, ज्ञानभक्ति दे ज्ञान।**
**लोकोक्ती जो जो धरे, करे सो ताको दान।।२३।।**

સોનું જેની પાસે હોય (એની પાસે) માંગવા જાય તો સોનું એની પાસે મળે. ન્યાં રોટલો માંગવા જાય તો મળે? દુકાને રોટલો માંગવા જાય તો? પૈસા પડ્યા હોય. મા-બાપ રોટલો આપજો, લ્યો! પેલો એક આમ આ રૂપ ધારણ કરે છે ને બહુરૂપી? ભાંડ. પછી એક મોટી દુકાન હતી. તકિયા નાખેલા. સામે ભીંત દેખાય. શું કહેવાય તમારો? ગોળો. હડફો મોટો. હવે ત્યાં પેલો માંગવા આવ્યો. એ.. મા-બાપ! રોટલો આપજો. તને ખબર નથી કે આ તો ભાંડ છે, સમજ તો ખરો. એને નથી ખબર? આ સામે ભીંત દેખાય છે. અહીં તકીયો છે ને આ હડફો છે, બે માણસ બેઠા છે. ભીખારી થઈને આવ્યો, હોં! એ મા-બાપ રોટલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આપજો વધ્યો-ઘટ્યો. અહીં રોટલો કેવો? પણ ઓળખ તો ખરો, આ ભાંડ છે. ઇ ભીખારી છે ભાંડનું રૂપ લઈને આવ્યો છે, એ એને ઓળખવા માટે તો આ પૂછે છે તને. રોટલો અહીં ક્યાં? શું કહેવાય તમારો? ચુલો ધૂમાડો અહીં કાંઈ નથી. અહીં તો ફક્ત બે તકીયા છે, બેઠા છીએ અને સામે ભીંત દેખાય છે. બારણું પણ નથી કે અંદરમાં કોઈ રસોડું હશે. સમજાણું કાંઈ?

એ બીજે દિવસે સાહેબ થઈને આવ્યો પાછો. લાવો, આટલી પેટીઓ તમારે આવી છે ને? રસીદ લાવો, આમ લાવો. પેલા તો હેબતાઈ ગયા. દેખાવ બરાબર આમ (હતો). સાહેબ! અમારે ત્યાં નહિ. તમારે ત્યાં કેમ નહિ? અહીં તમારું નામ છે ને. પછી જોવે આ તો કાલ ભીખારી આવ્યો હતો એ ભાંડ. કાલે જે રોટલો માંગવા ભાંડ ભીખારીનો વેશ કરે ને? અહીં બાંધે, અહીં લુગડું (રાખે), વાળ એવા હોય છે ને આમ ગરીબ જેવું દેખાય. રૂપ બરાબર ભાંડ થઈને આવેલો. પેલા પહેલા તો મુંઝાઈ ગયા. પછી ખબર પડી કે આ કાલ રોટલો માંગવા આવ્યો હતો, એને ખબર છે કે, આ ઘર છે. અહીં ક્યાં રોટલો હતો? ઇ નો ઇ આજે (આવ્યો છે).

એમ આત્મા પાસે માંગે તો અંતર ચૈતન્યમાં તો આનંદ ને જ્ઞાનની ખાણ છે. એમાં માંગે એટલે એમાં એકાગ્ર થાય તો આ અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો ચમત્કાર આત્મા ચૈતન્ય ચમત્કાર પ્રગટ થાય. પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, જડ, પૈસા, બાયડી, છોકરા અને પર એની એકાગ્રતા કરવાથી તો અજ્ઞાન ને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. કહો, સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આમાં તો સમજાય એવું છે. આની કોર જેટલું ધ્યાન રાખે પરની સેવાનું એટલું પાપ બંધાય એમ કહે છે.

**'વહ ઉસી કો દેતા હૈ, દૂસરી ચીજ જો ઉસકે પાસ હૈ નહીં, વહ દૂસરેકો કહાંસે દેગા?'** પુણ્ય-પાપમાં શું છે? પુણ્ય-પાપમાં તો રાગ છે, રાગ. રાગમાં શું છે કે વીતરાગતા આપશે? શુભાશુભભાવમાં વીતરાગતા છે તો વીતરાગતા આપે? આહા..! રાગથી વીતરાગતા થાય, રાગથી વીતરાગતા થાય. અરે..! ભગવાન! રાગમાં વીતરાગતા પડી છે તે થાય? મળે? આહાહા..!

ચૈતન્યજ્યોત, અરાગી સ્વરૂપ, જ્ઞાનાનંદ ભંડાર પ્રભુ! જેમાં દોષનો કણ નથી એવો નિર્દોષ ભગવાન (છે). એની અંતર એકાગ્રતાથી તને ચૈતન્યની જાગૃતિ ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદ પ્રાપ્ત થાય, બીજેથી ક્યાંય પ્રાપ્ત થાય એવું છે નહિ. પુણ્ય-પાપની સેવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એવું નથી એમ કહે છે.

મુમુક્ષુ :– પાપથી ન થાય પણ પુણ્યથી તો થાય ને?

ઉત્તર :– આ પુણ્ય પાપ બન્ને ભેગું કીધું ને. આહાહા..! ભગવાન આત્મરામ એક કોર અને પુણ્ય-પાપ આદિ આખું ગામ એકકોર. આમ આત્મરામની અંતર ચિદાનંદમાં નજર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આપતા તેમાં છે તે મળશે. શાંતિ, આનંદ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અનાકૂળતા, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા (છે), એની સેવાથી એ મળશે. રાગ પુણ્ય-પાપની સેવાથી અજ્ઞાન મળશે. ચૈતન્યની જાગૃતિનો અભાવ થશે, જડતા પ્રાપ્ત થશે. સીધી વાત છે કે નહિ? 'વજુભાઈ'! જે જેમાં નથી તે ક્યાંથી આપશે? આત્મામાં વિકાર નથી તો આત્માની એકાગ્રતાથી વિકાર ક્યાંથી થશે? ક્યાંથી મળશે? અને પુણ્ય-પાપના ભાવમાં નિર્દોષતા નથી તો ત્યાંથી નિર્દોષતા ક્યાંથી મળશે? એમ કહે છે. ભારે ઉપદેશની વ્યાખ્યા. ૨૧ ગાથાથી ઉપાડી છે ને! રણકાર મારતી.

'ઇષ્ટોપદેશ' એને કહીએ કે સ્વરૂપની સેવા ચિદાનંદ પ્રભુ ભગવાન, એની એકાગ્રતાની સેવા, એની સન્મુખતાના ભાવથી જ આત્માને શાંતિ થાય, બાકી ક્યાંય શાંતિ મળે એવું નથી. ભગવાનઆત્માની સન્મુખતાથી તે પ્રાપ્ત (થશે), એની સેવાથી મળશે. એની સન્મુખતા. વિકાર પુણ્ય-પાપની સન્મુખતાથી તો વિકાર પ્રાપ્ત થાશે. અજ્ઞાન પ્રાપ્ત થાશે. અજ્ઞાન એટલે જડતા થશે, ચૈતન્યની જાગૃતિ રોકાય જશે. ભારે આકરી વાત છે, લોકો કહે છે.

**વિશદાર્થ :– 'અજ્ઞાન શબ્દકે દો અર્થ હૈં,...'** અજ્ઞાનના બે અર્થ છે. **'એક તો જ્ઞાન રહિત શરીરાદિક ઔર દૂસરે મિથ્યાજ્ઞાન (મોહ-ભ્રાંતિ-સંદેહ) વાલે મૂઢ-ભ્રાંત તથા સંદિગ્ધ ગુરુ આદિક.'** અજ્ઞાનના ત્રણ દોષ છે ને ઇ. અનધ્યવસાય, વિપરીતતા.. સમજાય છે? અને કંઈક હશે એવી વ્યામોહતા. એવા જે ગુરુ. જે ગુરુને ભાન નથી આત્માનું, સંદિગ્ધ છે. શું હશે? કેમ હશે? ક્યાં માર્ગ છે? સમજાય છે? મૂઢ છે, ભ્રાંત છે, સંદિગ્ધ છે, અચોક્કસ છે. તત્ત્વની કાંઈ ખબર નથી. અંતર વીતરાગ તત્ત્વ (શું છે)? સમજાણું કાંઈ? એની સેવાથી... સાદી ભાષા છે, હોં! ધ્યાન રાખે તો પકડાય હિન્દીવાળાને.

અજ્ઞાનના બે અર્થ છે. એક અજ્ઞાન એટલે શરીર, પુણ્ય-પાપના ભાવ તેને અજ્ઞાન કહીએ. અને એક અજ્ઞાન મિથ્યાજ્ઞાની જીવ કહીએ. જે આત્મામાં આત્માનું ભાન નથી અને આત્મામાં વ્યામોહ ને ભ્રાંતિમાં પડ્યા છે કે શરીર તે હું, શરીરની ક્રિયાથી મને લાભ થાય, દયા-દાનના શુભ પરિણામથી મને ધર્મ થાય એવી ભ્રાંતિમાં અજ્ઞાની જે ગુરુ પડ્યા છે, વિમોહમાં પડ્યા છે, અચોક્કસ–શું છે એની મને બરાબર ખબર પડતી નથી. એવા પડ્યા છે, એવા જીવની સેવા કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. 'વજુભાઈ'!

**'મિથ્યાજ્ઞાન, મૂઢ, ભ્રાંત, સંદિગ્ધ ગુરુ આદિક.'** લ્યો! **'સો ઇનકી ઉપાસના યા સેવા...'** એની સેવા એટલે એ કહે તે માનવું. **'અજ્ઞાન તથા મોહ-ભ્રમવ સંદેહ...'** એના ત્રણ બોલ લીધા ઇ ના ઇ. સમજાય છે? વિપરીતતા, અનધ્યવસાય અને કંઈક હશે અને મૂઢતા. સમજાણું? **'લક્ષણાત્મક મિથ્યાજ્ઞાનકો દેતી હૈ.'** કોણ જાણે આત્મા કેવો હશે? ભાઈ! આત્માને મોક્ષ મળે કે નહિ? આત્માની ખબર પડે કે નહિ? એવું એ માનનારને ભાન નથી. એવું બતાવશે એટલે એની પાસેથી અજ્ઞાન મળશે. સમજાણું કાંઈ? સેવા, મોહ, ભ્રમવ અને સંદેહ એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ. મિથ્યાજ્ઞાનની વ્યાખ્યા (કરી), એ તો અજ્ઞાનના ત્રણ દોષ છે.

અજ્ઞાનના ત્રણ દોષ છે. એ દોષવાળા જે આત્મા છે કે, ભાઈ! આત્માની આત્માને કાંઈ ખબર પડે? અને આત્માની કાંઈ પોતાને ખબર પડે કે હું કેવો છું એવો? અને મારા જન્મ-મરણ મટશે, મટી ગયા છે કે નહિ કાંઈ આત્માને ખબર પડે? એવા મૂઢ જીવની સેવા કરવાથી અજ્ઞાન મળશે. સમજાણું કાંઈ? ભ્રાંતિમાં પડ્યા, વિભ્રમમાં પડ્યા, વિપરીતતામાં પડ્યા, વ્યમોહમાં પડ્યા. એ બધા જીવોને આત્મા ભગવાન સર્વજ્ઞ કહે છે એવા આત્માની ખબર નથી ને એવાઓની સેવા, એની સુશ્રુષા (કરવી), એનું શ્રવણ કરવું, એની પાસે વ્યાખ્યાન સાંભળવા એ સાંભળવામાં એને અજ્ઞાન ને મૂઢતાની પ્રાપ્તિ થશે. સમજાય છે કાંઈ?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એક સમયમાં ભગવાનઆત્મા સર્વજ્ઞ થવાને લાયક છે. એક આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે, એક આત્મા પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવાને યોગ્ય છે, એક આત્મા પૂર્ણ સત્તા સ્વભાવ લોકાલોકને જાણવાની સત્તા રાખનારો છે. સમજાય છે? એવા આત્માની પ્રાપ્તિ એ જ્ઞાની પાસેથી મળશે. અજ્ઞાની ઊંધુ મારશે કાંઈકનું કાંઈક. આત્માને નામે પણ ભ્રમણાએ ચડાવી દેશે. સમજાણું કાંઈ? અજ્ઞાનીની વ્યાખ્યા. ભ્રમવ, સંદેહ લક્ષણાત્મક મિથ્યાજ્ઞાનને દેશે. અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન લેશે. મિથ્યાજ્ઞાન દઢ થશે. સમજાણું કાંઈ? એને પુણ્ય પરિણામમાં ધર્મ છે એમ લગાવી દેશે, દેહની ક્રિયા કરતાં કરતાં પરંપરાએ થાશે એમ લગાવી દેશે, ભ્રમણામાં લગાવી દેશે.

મુમુક્ષુ :– વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય...

ઉત્તર :– એ બધા વ્યવહાર સાધન, વ્યવહારે સાધન કીધું, સાધ્ય-બાધ્ય કે દિ' હતા? પોતે જ પોતાના સ્વભાવનું... એ તો આવી ગયું છે ને? કર્ણાન્તરની જેને જરૂર નથી. ભગવાનઆત્મા સહાજાનંદમૂર્તિ પ્રભુ એના અંતર સ્વભાવનું સાધન અંતરમાં પડ્યું છે. અંતરમાં સહજાનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એનું અંતર સાધન નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ. એ સાધન દ્વારા જ આત્માને ધર્મ થાય છે. બીજા સાધન દ્વારા આત્માને ધર્મ-બરમ થતો નથી. આહાહા..! એ આવી ગયું છે. કર્ણાન્તર–સ્વભાવના સાધન સિવાય બીજા સાધનની જેને આવશ્યકતા નથી. આ 'ઇષ્ટોપદેશ'ની આકરી વાત છે. 'પૂજ્યપાદસ્વામી' હોં! મુનિ દિગંબર હતા. આહાહા..! દિગંબર મુનિ આભના થોભ! ધર્મના ધોરી! જેણે આખા કેવળજ્ઞાનના કંદ ઉભા રાખ્યા છે. આહાહા..! એની એક એક ગાથા, એક એક શાસ્ત્રો! સંતો દિગંબર એટલે મુનિ...! આહાહા..!

મુમુક્ષુ :– હાલતા ચાલતા સિદ્ધ.

ઉત્તર :– સાક્ષાત સિદ્ધ! એવી સંતોની વાત..! આહાહા..! ... ત્રણકાળમાં બીજે એ વાત હોઈ શકે નહિ. દિગંબર મુનિઓના મુખમાં એ વાત હોય, બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! નાગા બાદશાહથી આઘા. એમણે પોતાના આત્માને હથેળીમાં લઈ લીધો આમ નજરે નજરે. અને પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિની ઝંખના (છે). અલ્પકાળમાં કેવળ... અલ્પકાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળ... અલ્પકાળમાં કેવળ... એવા ભણકાર મારતા સ્વર્ગમાં ગયા છે. 'કુંદકુંદાચાર્ય' આ 'પૂજ્યપાદસ્વામી', 'પદ્મનંદી આચાર્ય' વગેરે મહાસંતો! ગજબની વાત! ગજબની વાત!! આહા..!

ધર્મના ધોરી પોકાર કરે છે કે, સાંભળ રે.. સાંભળ એકવાર આહા..! એને કાંઈ પક્ષ નથી રાખવો, વાડો નથી બાંધવો. વીતરાગ જ્ઞાન. બાપુ! વીતરાગી સંતો તો વીતરાગપણું બતાવે. રાગથી લાભ બતાવે એ વીતરાગી સંત નહિ. આહાહા..! વીતરાગને સાધન કરનારા સંતો એ તો વીતરાગપણું બતાવે. પહેલેથી ભગવાન! આ સ્વરૂપમાં તો પૂર્ણાનંદ ને વીતરાગતા પડી છે ને પ્રભુ! નિર્વાણ નાથ તું છો ને! મોક્ષનો તો નાથ તું છો. સંસારનો નાથ ને રાગનો નાથ તું છો નહિ. આહાહા..! એની અંતર આત્મા શુદ્ધ ચિદાનંદ ભગવાનઆત્માની સેવા એકાગ્રતા કર. એમ સંતો જગતને એવો 'ઇષ્ટ ઉપદેશ' આપે છે. બાકી એ સિવાયના ઉપદેશ તે 'અનિષ્ટ ઉપદેશ' છે. પણ જગતને રુચિમાં ઘડ ન બેસે. સમજાય છે કાંઈ?

**'ઔર જ્ઞાની કહિયે, જ્ઞાનસ્વભાવ આત્મા...'** જુઓ! જ્ઞાન સ્વભાવ ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય! આત્મા એટલે ચૈતન્યસૂર્ય. એની સેવા કરવાથી ચૈતન્યસૂર્યની પ્રાપ્તિ થાય, જાગૃત દશા જ્ઞાનની થાય. જ્ઞાન શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધી જ્ઞાનની દશાઓ છે. આહાહા..! **'જ્ઞાની કહિયે જ્ઞાનસ્વભાવ આત્મા'** પહેલી એક વાત છે એની એટલી વ્યાખ્યા ચાલે છે. ભગવાન જ્ઞાનસ્વભાવ આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ સ્વભાવ, શરીર સ્વભાવ, કર્મ સ્વભાવ કંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા..! જરી ઝીણી વાત છે, જુદી વાત છે. તે દિ' આવ્યા હતા ને? બેઠા હતા ને ? આગળ બેઠા હતા, સાંભળતા હતા બરાબર. એક કલાક સામે બેઠા હતાં તે દિ'. શું કહે છે? સમજાય છે કાંઈ?

આ દેહમાં ભગવાનઆત્મા જે છે એ ચૈતન્યમૂર્તિ છે. આત્મા છે એ પદાર્થ છે અને પદાર્થ છે તેનો સ્વભાવ છે, સ્વભાવ છે તે જ્ઞાન ને આનંદ એનો સ્વભાવ છે. આ તો દેહ, માટી, જડ છે. વાણી જડ છે. અંદર શુભ-અશુભ ભાવ ઉઠે છે ને? એ પણ વિકાર છે. એ વિકાર વિનાનું ચૈતન્યતત્ત્વ ભગવાનઆત્મા એ તો જ્ઞાનસૂર્ય છે, આનંદનું ધામ છે. કહે છે, કે એની સેવા, એની એકાગ્રતા. એમાં એકાગ્રતા કરવાથી એમાં છે ઇ મળશે. એમાંથી જ્ઞાન ને આનંદ મળશે. જ્ઞાનીની સેવા એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એ જ્ઞાનમૂર્તિ આત્મા, એની સેવા એટલે એકાગ્રતા, અંતરમાં એકાગ્રતા (કરે તો) એને જ્ઞાનની પ્રાપ્તિ (થાય). એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ, શુકલધ્યાનની પ્રાપ્તિ (થાય). એ જ્ઞાન આત્માની સેવા કરવાથી પ્રાપ્તિ મળશે. કહો, સમજાણું કાંઈ?

**'તથા આત્મજ્ઞાનસંપન્ન ગુરુઓંકી તત્પરતાકે સાથ સેવા,...'** આટલું વિશેષણ આપ્યું છે. ધર્માત્મા આત્મજ્ઞાની જે ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, એનું જેને ભાન છે. શરીર આ જડ, માટીથી ભિન્ન ભગવાન છે. પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે, રાગ-વિકાર, એનાથી ભગવાન ભિન્ન આત્મા છે. આ આત્મા એટલે ભગવાન, હોં! એ આત્માનું જ્યાં ભાન છે એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આત્મજ્ઞાનસંપન્ન ગુરુઓંકી તત્પરતાકે સાથ...'** એકલી સેવા એમ નહિ. તત્પરતા. શું કહે છે? એમ. શું કહે છે? શું કહેવા માંગે છે? એવા અભિપ્રાયને પકડવાની સેવાથી **'સ્વાર્થાવબોધરૂપ જ્ઞાનકો દેતી હૈ.'** જુઓ! સ્વઅર્થ એટલે આત્માના અવબોધરૂપ. આત્માનું જ્ઞાન આપશે, એમ કહે છે ઇ. સ્વઅર્થ એટલે આત્મા, એનો અવબોધ એટલે જ્ઞાન. એ **'રૂપ જ્ઞાનકો દેતી હૈ.'** જ્ઞાની ગુરુ એને એમ બતાવશે, ભાઈ! તું આત્મા છો ને, બાપુ! તારામાં તો અનંતજ્ઞાન ને સચ્ચિદાનંદ સ્વરૂપ પડ્યું છે. એવો આત્મા (છો) એનું તું ધ્યાન-જ્ઞાન કર. એમ બતાવશે ત્યારે એને સ્વાર્થાવબોધનું જ્ઞાન થશે કે, આ આત્મા જ્ઞાનસંપન્ન અને આનંદ છે.

અજ્ઞાની પાસે એની સેવા કરવા જશે તો અજ્ઞાની ઊંધુ મારશે. સમજાણું કાંઈ? પહેલી વાત કરી હતી ને? અજ્ઞાનીની સેવા. અજ્ઞાની એમ કહેશે, કરો શરીરનું કામ, કરો ફલાણાનું કામ, કરો ધૂળનું કામ. કરી શકે નહિ પરનું. પરના કામ કરો, આમ કરો, આમ કરો એમ મારીને ઊંધે મારશે. એ તો કહેશે કે, બહારના મંદિર-બંદિર કરાવીને ધર્મ મનાવશે પેલા અજ્ઞાની એમ કહે છે. એય..! અજ્ઞાની પાસે શું હોય? એની પાસે (શું છે)? આત્મા શું છે? ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ દેહ-દેવળમાં રજકણથી ભિન્ન તત્ત્વ પદાર્થ છે અને એ પદાર્થ અરૂપી છતાં સ્વરૂપી છે. વર્ણ, ગંધ રૂપ ભલે નથી પણ વસ્તુ છે ને! વસ્તુ છે અનાદિઅનંત. એમાં અનંત અનંત શાંતિ ને આનંદ આદિ તત્ત્વ શક્તિ પડેલી છે. શક્તિરૂપે, તત્ત્વરૂપે, સ્વભાવરૂપે, ભાવરૂપે (પડેલા છે). આહાહા..!

એ જો ગુરુની સેવા કરશે, તત્પરતા એટલે આ શું કહેવા માંગે છે એમ. તો એના અભિપ્રાયમાં એને આત્મજ્ઞાન થશે. કારણ કે ગુરુ એને ઇ કહેવા માંગે છે. બાપુ! પુણ્ય પાપના રાગરહિત, શરીરરહિત તારું તત્ત્વ ભગવાનઆત્મા છે એને તું ઓળખ ને એમાં ધ્યાન કર. એનું ધ્યાન કર એટલે એનું ધ્યાન દે. બીજાનું તું ધ્યાન દે છો (એ છોડીને) આનું ધ્યાન દે. માણસ નથી કહેતા કે, ધ્યાન તો દે આમાં. કહે છે કે નહિ? એમ અનાદિથી ધ્યાન તો એણે વિકારમાં, પુણ્ય-પાપમાં, પરમાં દીધા છે. જ્ઞાનની વાત કરીને અભિપ્રાયને બતાવે છે. આપે શું? કોની પાસે છે? એની પાસે છે તો આપે એનું?

મુમુક્ષુ :– પૈસા મળે એ વાત ..

ઉત્તર :– પૈસા-ફૈસા ક્યાં હતાં? ધૂળમાં. જ્ઞાની પાસે પૈસા હશે, આપતા હશે પૈસા? પૈસા હશે એની કોથળીમાં. ધૂળમાં પૈસાને શું છે પણ?

મુમુક્ષુ :– આશીર્વાદ આપે.

ઉત્તર :– આશીર્વાદ આપે, આશિર્વાદ ઇ આપે કે, આત્માની વીતરાગતાને ઓળખ. એ આશીર્વાદ. આત્મા નિર્દોષ ચૈતન્યમૂર્તિ ભગવાન છે એને જાણ, એ આશીર્વાદ. આશીર્વાદ એમ કે, બાયડી તને મળે, છોકરા મળે ને પૈસા મળે એ આશીર્વાદ? તું ઝેર ખાયને નરકમાં પડ એમ આશીર્વાદ આપે? આશી-ર્વાદ છે ને? આશી-ર્વાદ. વાદ એટલે વચન. આશીર છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાપુ! તારું સ્વરૂપ ભગવાન! આત્મા શું છે એની તને ખબર નથી. સ્વ-અર્થ કીધો ને? સ્વાર્થાવબોધરૂપ જ્ઞાન, એમ. બીજું નહિ, બીજાનું જ્ઞાન એમ ન કીધું. એ તો સ્વાર્થાવબોધરૂપ જ્ઞાન. આત્મજ્ઞાનની વાત કરશે ઇ. તારો પદાર્થ પ્રભુ! મોટો છે. મહાન પરમાત્મ સ્વરૂપ છે તારું. અખંડાનંદથી ભરેલો પદાર્થ તું છો. સમજાણું કાંઈ? પીપરનો દાખલો આપ્યો નહોતો તે દિ'? પીપરના દાણામાં ચોસઠપોરી તીખાશ ભરી છે પૂરી અને લીલો રંગ પૂરો પડ્યો છે એક એક દાણે આટલે આટલામાં. એમ આ આત્માને દાણે, દાણે અંદર આનંદ ને જ્ઞાન પરિપૂર્ણ ભર્યા છે. ખબર ન મળે કાંઈ, ખબર ન મળે ક્યાં છે ને શું છે? ગુરુ સ્વાર્થાવબોધરૂપ જ્ઞાન, એમ પાછું જોયું? બીજી વાત પણ નહિ, પુણ્ય-પાપનું જ્ઞાન કે શરીરનું એનું જ્ઞાન પણ ન કીધું. એનું જ્ઞાન થઈ જશે સહેજે. **'સ્વાર્થાવબોધરૂપ જ્ઞાનકો દેતી હૈ.'** કોણ? સેવા. આહાહા..! ભારે ગાથા પણ મુકી છે ને!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ સેવા એટલે આ. એનો કહેલા અભિપ્રાયને માનજે ઇ સેવા. પગ દાબવા નથી ન્યાં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, બરાબર છે. એણે જે કીધું છે... સત્‌પુરુષને ઓળખો ને? ઓળખવાનો ભાવ કોનો? ... ચોખ્ખું કેટલું કરવું છે? સત્‌પુરુષને ઓળખ અને સત્‌પુરુષ પાસે જા ને મોક્ષ ન મળે (તો મારી પાસેથી લેજે). એટલે કે તને ઓળખાણ થશે તો તને મોક્ષ થયા વિના રહેશે જ નહિ, એમ એનો અર્થ છે. સત્‌પુરુષ એટલે રાગ રહિત ચૈતન્યમૂર્તિ ભગવાન તે સત્‌પુરુષ. શરીરવાળો ને પુણ્યવાળો એ આત્મા છે નહિ. એને જે ઓળખશે એનું જ્ઞાન થશે ને જ્ઞાન થશે એટલે મુક્તિ થયા વિના રહેશે નહિ. કોને પૂછવું હતું પછી? ભારે વાતું પણ ઝીણી એવી ને.

**'જ્ઞાની કહિયે, જ્ઞાનસ્વભાવ આત્મા...'** એનાથી પણ **'સ્વાર્થાવબોધરૂપ જ્ઞાનકો દેતી હૈ.'** બન્ને લેવું ને? ભાઈ! એનો અર્થ. બન્નેની સામે લેવું. એય..! એક તો જ્ઞાનસ્વભાવ આત્મા એની સેવાથી **'સ્વાર્થાવબોધરૂપ જ્ઞાનકો દેતી હૈ.'** ઇ આત્માની સેવાથી આત્માનું અંતર જ્ઞાન થશે. આત્મા આવડો એ એને માહાત્મ્ય બેસતું નથી. એક બીડીમાં વેચાય જાય, અડદની દાળમાં વેચાય જાય, સરખી અડદની દાળ સદડી ન થઈ હોય, તો આમ ઢીંચણિયા ઉડે. સરખું નથી કર્યું. ધાનને ધૂળ કરી નાખે છે. એને કહીએ કે, આત્મા આવો મહા સચ્ચિદાનંદ મૂર્તિ (છે). કોઈ દિ' સાંભળ્યો નથી એણે. સમજાણું કાંઈ? શ્રુત, પરિચિત આવ્યું છે ને? સાંભળ્યો નથી. ભગવાન! તું કેવડો ને ક્યાં છો તેં સાંભળ્યો નથી. તારા સ્વરૂપમાં તો પરમ આનંદ ને શાંતિના સાગર પડ્યા છે, ભાઈ! સમજાય છે? એવો આત્મા ભગવાન કહે છે કે, એની સેવાથી પોતાના પદાર્થ બોધરૂપ જ્ઞાનની પ્રાપ્તિ (થશે), પોતાનું જ્ઞાન થાશે. આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ ટૂંકી ભાષામાં (ઘણી ભરી દીધું છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરની સામું નહિ જોવે, સ્વની સામું જોશે. પરની સામું-દુશ્મનની સામું જોવામાં કામ શું છે પણ? આહાહા..! ભગવાનઆત્મા.. અહીં તો જ્ઞાનીની સેવાથી જ્ઞાન મળે એટલે કે મોક્ષમાર્ગ મળે, અજ્ઞાનીની સેવાથી બંધમાર્ગ મળે, સંસાર મળે. આહાહા..! સમજાણું કાંઈ? ભઈ! આ તો નિશાળ બીજી જાતની છે.

મુમુક્ષુ :- લાકડીના એલમ નહિ?

ઉત્તર :- એલમ નથી. કેટલાક માણસ કહે છે આમાં એલમ છે. ન્યાં જાય એ બધા પૈસાવાળા થાયને ફટ ફટ બધા...

મુમુક્ષુ :- એલમ આત્મામાં છે.

ઉત્તર :- આ આત્માના એલમ છે, બાપુ! એ પૂર્ણાનંદનો નાથ એને ક્યાં ઢૂંઢવા બીજે જાય છે? સમજાણું કાંઇ? એ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પૂર્ણ વસ્તુ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એને ક્યાં રાગ ને પુણ્ય ને સંયોગમાં ગોતવા જાય છે? ત્યાં ક્યાં છે ઇ? સમજાય છે કાંઈ? કહો, 'શશીભાઈ'! આમાં તો બે ને બે ચાર જેવી વાત છે કે નહિ? આમાં ક્યાં પક્ષપાતની વાત છે. આહાહા..!

જ્ઞાની કહિયે, જ્ઞાનસ્વભાવ એવો ભગવાન એનાથી એની સેવા એટલે એકાગ્રતાથી સ્વાર્થાવબોધરૂપ જ્ઞાનને એટલે સ્વપદાર્થનું જ્ઞાન એટલે સ્વપદાર્થની શ્રદ્ધા, સ્વપદાર્થનું જ્ઞાન, સ્વપદાર્થની સ્થિરતા એને પ્રાપ્ત થશે. ઓહોહો..! બહુ ટૂંકામાં પણ ઘણું નાખ્યું છે!

**'જૈસા કિ શ્રી ગુણભદ્રાચાર્યને આત્માનુશાસનમેં કહા હૈ-'જ્ઞાનભેવ ફલં જ્ઞાને.''** દેખો! **'જ્ઞાન હોનેકા ફલ, પ્રશંસનીય એવં અવિનાશી જ્ઞાનકા હોના હી હૈ, યહ નિશ્ચયસે જાનો.'** શું કહે છે? ભગવાનઆત્મા એનું જે જ્ઞાન અંતરમાં થવું, એનું ફળ પ્રશંસનીય અને અવિનાશી જ્ઞાન થવું. નાશ ન થાય એવું કેવળજ્ઞાન થાય એ એનું ફળ છે. ચૈતન્ય ભગવાન, એનું જ્ઞાન, એનું દર્શન, ચારિત્રની સ્થિરતા અને એના ફળરૂપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ. એવી આત્મજ્ઞાનની-આત્માની સેવાનું આ ફળ છે. સમજાણું કાંઈ? પણ આત્મા કેવડો? એ.. 'પ્રવીણભાઈ'! આહાહા..! ચારેકોર ગોતી ગોતીને મરી ગયા. પુસ્તકમાં ગોતે, ક્યાંય ગોતવા જાય, ડુંગરમાં ગોતવા જાય. પેલામાં આવે છે ને? નથી આવતું એમાં?

અહીં આમાં આવે છે ને? **'કેઈ ઉદાસ રહૈં પ્રભુ કારન, કેઈ કહૈં ઉઠિ જાંહિ કહીંકૈ'** ભાગો ક્યાંક જાત્રા કરવા. ન્યાં ક્યાં હતો ભગવાન પણ? સાંભળને! **'કેઈ પ્રનામ કરૈં ગઢિ મૂરતિ,'** મૂર્તિ ઘડીને (પ્રણામ કરે). ન્યાં ભગવાન હતો તારો? ભગવાન તો અહીં છે. એ તો શુભભાવ હોય ત્યારે ભક્તિ હોય છે. ન્યાંથી ક્યાં ભગવાન પ્રાપ્ત થાય એવો છે, ભક્તિના ભાવમાંથી? એમ કહે છે. એય..! 'બનારસીદાસ' કહે છે. બંધ અધિકાર (૪૮ મું પદ) છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોં! **'કેઈ પ્રનામ કરૈં ગઢિ મૂરતિ, કેઈ પહાર ચઢૈં ચઢિ છીંકૈ'** પહાડ ઉપર ડોલી. આ ક્ષેત્રુંજયને જાય છે ને ડોળીએ બેસી બેસીને ભગવાનના દર્શન કરવા. ન્યાં ભગવાન બિરાજતા હશે. **'કેઈ કહૈં અસમાનકૈં ઊપરિ,...'** આસમાનમાં છે ભગવાન ક્યાંક. **'કેઈ કહૈં પ્રભુ હેઠિ જમીંકૈ. મેરો ધની નહિ દૂર દિસન્તર, મોહીમૈં હૈ મોહિ સૂઝત નીકૈ.'** આ 'બનારસીદાસ' પહેલા બહુ શ્રૃંગારી હતા. વ્યભિચાર ને શ્રૃંગારના પુસ્તક બહુ બનાવેલા. પછી એમાં સત્સંગ મળ્યો. એકદમ ગુલાંટ ખાઈ ગયા. એકદમ અધ્યાત્મ પુરુષ બની ગયા. પછી આખું 'નાટક સમયસાર' બનાવ્યું. આપણે વાંચ્યું એમાંથી બનાવ્યું.

મુમુક્ષુ :– પછી નદીમાં નાખી દીધા.

ઉત્તર :– હા નાંખી દીધા પુસ્તક નદીમાં. આવ્યું હતું ને હમણાં? **'મેરો ધની નહિ દૂર દિસન્તર'** મારો પરમેશ્વર મારાથી દૂર ને કોઈ દિશાંતરમાં બીજી દિશામાં છે નહિ. **'મોહિમૈં હૈ મોહિ સૂઝત નીકૈ.'** મારામાં મારો ભગવાન છે એ મને બરાબર બરાબર સારી રીતે ભળાય છે. અહીં ભગવાન છે, ભગવાન બીજે ક્યાંય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શીકા પણ લીધું છે, હોં! તે દિ' ઉપાડવાનું શીકું હશે. ડોલી.. ડોલી. ડોળીએ બેસી બેસી ને જાય. નવ્વાણું (વાર) ક્ષેત્રુંજય ચડે ને ઉતરે, ચડે ને ઉતરે. પણ ભગવાન અહીં છે, ન્યાં નથી. એ તો શુભભાવ હોય ત્યારે શુભભાવમાં ભક્તિનું નિમિત્ત છે પણ એ શુભભાવથી પણ અંતરની, હિતની દશા પ્રગટે એમ છે નહિ. આહાહા..! વાત આકરી બહુ, હોં! નવરાવી નાખવા છે બધાને.

**'આપણા પ્રભુ દૂર દેશમાં નથી–આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે.'** કહો, 'શશીભાઈ'! આ 'બનારસીદાસ'. શ્રૃંગારી મહા કવિ જબરા હતા. બહુ શ્રૃંગારી પુસ્તક બનાવ્યા. પછી અધ્યાત્મનું ભાન થયું. ઓહો..! ભગવાન તો મારો મારી પાસે છે. ક્યાં મેં ગોત્યો? મરી ગયા. પછી આ 'નાટક સમયસાર' આદિ શાસ્ત્રો બનાવ્યા. મહા કવિ જબરા થઈ ગયા. સમજાણું?

**'જ્ઞાન હોનેકા ફલ, પ્રશંસનીય...'** છે. આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એનું અંતર જ્ઞાન થાય એ તો પ્રશંસનીય (છે). દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ પ્રશંસનીય છે. અને **'અવિનાશી જ્ઞાનકા હોના...'** પછી આગળ વધીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ (થાય). જ્ઞાન પ્રાપ્ત (થાય), કેવળજ્ઞાન થાય પછી એનો નાશ ન થાય **'યહ નિશ્ચયસે જાનો.'** સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતથી ભરેલો પ્રભુ! એની સેવા એટલે એકાગ્રતા. એનાથી પ્રશંસનીય દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય, અવિનાશી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.

અંદર ઊંડે ઊંડે ગલગલીયા છે. બીજાના પૈસા વધારે વધારે દેખીને એવું લાગે છે અંદર આને પૈસા વધારે ને મારે થોડા. એ માપ કાઢીને આમ અંદર હોળી સળગી છે અંદર. એ... 'પોપટભાઈ'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ઇ ને શરીર બે છે.

ઉત્તર :- શરીર એક, બસ! બીજા નિરોગી ને આ શરીરને રોગ. બધી ઇ ને ઇ હોળી છે. એ.. 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના, એ બધી હોળી છે. છોકરો કુંવારો છે ને કોઈ દસ લાખ ને વીસ લાખવાળી કન્યા આવીને આપે, જુઓ! અંદર ગલગલીયા થઈ જાય. પૈસા તમારે જોતા નથી. સમજાણું કાંઈ? 'જેચંદભાઈ'! જરી સમજવા જેવી વાત છે, હોં! ઊંડેથી આમ અંદરથી હરખાય, હાશ! 'પ્રકાશ' રળે ન રળે વાંધો નહિ પણ નાનો વર્યો એવે ઠેકાણે કે કરોડપતિ માણસ છે ને દસ લાખ લઈને આવશે ને નેવું લાખ પછી એનો બાપ મરશે ત્યારે આવશે. એકવાર તો શરીર ફરી જાય, ઊંઘ-બુંઘ ઊડી જાય.

કહે છે... આહાહા..! ભગવાનઆત્મા, જેને અનંત ચૈતન્યની લક્ષ્મી અંદર પડી છે. પ્રભુ! તને આત્માની ખબર નથી. આત્મા તો મહા પરમેશ્વરના રૂપે પોતે ભગવાન છે આત્મા. એને અંતર એકાગ્રતામાંથી પ્રશંસનીય સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ એટલે ચારિત્ર થાય. આહાહા..! એટલે કે મોક્ષમાર્ગ આત્માની સેવાથી થાય, ભાઈ! એમ કહે છે. આહાહા..! બંધથી છૂટવાના માર્ગ, ભગવાન! તારા ભગવાનના સમીપે જાવાથી થવાના. આહા..! એની પાસે ઇ પડ્યું છે. ચૈતન્યની ખાણમાં, નિધિમાં-પીપરમાં જેમ ચોસઠ પોરી તીખાશનો રસ પૂરો પડ્યો છે, એમ ભગવાનમાં પૂર્ણ આનંદ ને જ્ઞાન અંદર ભર્યું પડ્યું છે. એને ખબર ક્યાં (છે) ને કેમ છે. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા એની અંદરમાં સેવાથી પ્રશંસનીય, જેને સર્વજ્ઞો ને જ્ઞાનીઓ અનુમોદે, એવું સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર એ આત્માના આશ્રયથી થાય છે, જ્ઞાનમૂર્તિ ભગવાનને આશ્રયે થાય છે. એનું ફળ કેવળજ્ઞાન થાય. અવિનાશી આવ્યું ન જાય. સમજાણું કાંઈ? અવિનાશીની સેવાથી અવિનાશી પર્યાય પ્રગટ થાય કે, જે કેવળજ્ઞાન પ્રગટ્યું એ ફરીને પાછું જાય નહિ. આહાહા..! ભારે 'ઇષ્ટોપદેશ', ભાઈ! આહાહા..!

**'અહો! યહ મોહકા હી માહાત્મ્ય હૈ, જો ઇસમેં જ્ઞાનકો છોડ કુછ ઔર હી ફલ ઢૂંઢા જાતા હૈ.'** શું કહે છે? અરે..! તારા મોહના માહાત્મ્ય, આ ભગવાન ચિદાનંદને શોધવું મુકી અને ક્યાંક પુણ્ય ને પાપ મળશે, પૈસા મળશે, ધૂળ મળશે એમાં આ તારી શોધવાની દૃષ્ટિ જાય છે એ મોહના માહાત્મ્ય છે, કહે છે. **'જ્ઞાનકો છોડ...'** ભગવાનઆત્મા ચિદાનંદ પ્રભુ! એની અંતર શ્રદ્ધા, જ્ઞાનને છોડી દઈને **'કુછ ઔર હી ફલ ઢૂંઢા જાતા હૈ.'** કાંઈક ધર્મ કરશું, પુણ્ય કરશું, સ્વર્ગ મળશે, પૈસા મળશે, શરીરે સુખી થશું, નીરોગી રહેશું. અરે..! આ મૂઢ શું થયું તને આ? એમ કહે છે આ. બધું ઇ નું ઇ છે એ તો.

ભગવાનઆત્મા ચિદાનંદની સેવાથી તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય. એને છોડીને જીવ ચૈતન્યમૂર્તિ પ્રભુઆત્માને છોડીને કોઈ પુણ્ય-પાપ ને કોઈ એના ફળને શોધે છે. કાંઈ મળશે કે નહિ આમાં? કાંઈ પુણ્ય મળશે કે નહિ? સ્વર્ગ મળશે કે નહિ? મોહના માહાત્મ્ય તો જુઓ! સ્વરૂપની સેવા નહિ કરીને પરમાંથી કાંઈક લેવું છે એવા ભાવથી આ સેવા કરી રહ્યા છે. આહાહા..!

**'જ્ઞાનકો છોડ કુછ ઔર હી ફલ ઢૂંઢા જાતા હૈ.'** એટલે કે ભગવાન ચૈતન્ય સન્મુખની રુચિ અને પરિણતિ પ્રગટ કરવી જોઈએ એ તો કરતો નથી અને પુણ્ય-પાપની રુચિ અને શરીરાદિની રુચિ, આ બધું ઠીક હોય ને તો મને અનુકૂળ પડે, એવી રુચિમાં ત્યાં પરના ફળ શોધવા જા છો, ભાઈ! ત્યાં આત્મા નહિ મળે. શરીર સારું હોય તો ઠીક, પૈસા-બૈસા ઠીક હોય, છોકરા સરાડે ચડ્યા હોય સરખા ને તો પછી આપણે નિરાંતે ધર્મ ધ્યાન થાય. 'વજુભાઈ'! પાંચ છોકરા સરખી રીતે રળતા હોય તો પછી નિરાંત આપણે રહે, હવે ઉંમર થઈ ગઈ તે. પણ ક્યાંથી છે? પણ ન્યાં ક્યાં પડ્યું છે? એ.. 'શશીભાઈ'! ભગવાનઆત્મા તો અહીં પડ્યો છે. એની અંદર એકાગ્રતાથી તને શાંતિ મળે. આ બધી અનુકૂળતા થાય તો પછી આપણને ધર્મધ્યાન થાય આવું ક્યાં ફળ ગોતવા મંડ્યો? કહે છે. એ.. 'મોહનભાઈ'! આહાહા..! છોકરા કાંઈક કામ કરતા થાય ને સરખી રીતે ચડે ને પછી આપણને નિરાંત, એમ બોલે. પછી આપણને નિરાંત, કાળજે નિરાંત. બહુ સારી વાત છે. મૂઢ છો, કહે છે. ભગવાન ચિદાનંદની મૂર્તિની સેવામાંથી ખસીને આ મોહના માહાત્મ્યે ક્યાં ચડ્યો તું? આ 'પૂજ્યપાદસ્વામી' તો નગ્ન મુનિ છે ને!

**'જ્ઞાનાત્માસે જ્ઞાનકી હી પ્રાપ્તિ હોના ન્યાય હૈ.'** જુઓ! ભગવાન પ્રભુ આત્મા, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને સેવાથી તો જ્ઞાન ને શાંતિની પ્રાપ્તિ થાય. એમાંથી પુણ્ય ફળે ને સ્વર્ગ મળે એવું છે નહિ. આહાહા..! પણ બન્ને મળતું હોય તો વાંધો શું? એમ કોઈ કહે. વિકારના ફળ એ પૈસા ને આદિ ધૂળના છે એ તો. આ ધૂળ ફળ જે પાંચ-પચાસ લાખ (મળે) એ વિકારના ફળ છે, એ આત્માના નથી. આત્માના ધર્મથી આ લક્ષ્મી ન મળે. આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનથી શાંતિ ને વીતરાગતાનો તાત્કાળિક ભાવ મળે. સમજાણું કાંઈ? ચૈતન્યરાજા, એની સેવા કરવાથી તો ચૈતન્યની જાગૃતિની દશા શ્રદ્ધા, જ્ઞાન પ્રગટે.

**'જ્ઞાનાત્માસે જ્ઞાનકી હી પ્રાપ્તિ હોના ન્યાય હૈ.'** જોયું? જ્ઞાન એટલે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ જ્ઞાનપર્યાય, એમ. ન્યાં કાંઈ પુણ્યની પ્રાપ્તિ થાય ને પછી પૈસા મળે ને કર્મ સારું બંધાય ને... એમ છે નહિ. **'ઇસલિયે હે ભદ્ર! જ્ઞાનીકી ઉપાસના કરકે પ્રગટ હુઈ હૈ સ્વપર વિવેકરૂપી જ્યોતિ જિસકો એસા આત્મા,...'** દેખો! હે ભદ્ર! ગુરુ કહે છે. જ્ઞાનીની સેવા કરવાથી **'પ્રગટ હુઈ હૈ સ્વપર વિવેકરૂપી જ્યોતિ...'** એણે કીધું એ તને અહીં પ્રગટ્યું. સ્વ-પરની જુદાઈનું કહ્યું હતું. સ્વ-પરની એકતા તો અનાદિથી માની રહ્યો છો. ઇ કહે તને? પાપથી તને પૈસા મળે પછી તને સામગ્રી મળશે ને પછી તને ઠીક થશે એમ કહે ઇ? **'જ્ઞાનીકી**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ઉપાસના કરકે પ્રગટ હુઈ હૈ સ્વપર વિવેકરૂપી જ્યોતિ...**' શું? જ્ઞાનીને ઇ કહેવું હતું. સ્વપર વિવેક કરવો, ભેદજ્ઞાન કરવું.

'**જિસકો ઐસા આત્મા, આત્માકે દ્વારા આત્મામેં હી સેવનીય હૈ,**' ઓહોહો..! છેલ્લે નાખી દીધું. રાગ ને પુણ્યથી પર ભગવાનઆત્મા, એને જાણીને. '**આત્માકે દ્વારા...**' પછી નિર્મળ-વિકલ્પ રહિત, નિર્વિકલ્પ દ્વારા '**આત્મામેં હી...**' શુદ્ધ સ્વભાવમાં રહીને એની સેવા કરવી. એ '**અનન્યશરણ હોકર ભાવના કરનેકે યોગ્ય હૈ.**' એ અનન્યશરણનો આપનાર ભગવાનઆત્મા છે. 'શ્રીમદ્' લખે ને 'અનન્ય શરણના આપનાર એવા સદ્ગુરુ' અહીંથી વાત લીધી. '**અનન્યશરણ હોકર...**' રાગ, પુણ્ય આદિ શરણ આત્માને છે જ નહિ. (અનન્ય) શરણ આપનાર ભગવાનઆત્મા, એની ઓળખાણ કરીને તેની એકાગ્રતા કરવી ઇ યોગ્ય છે, એ યોગ્ય છે. બાકી કાંઈ યોગ્ય નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૬, સોમવાર**
**તા. ૧૧-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૩ થી ૨૪ પ્રવચન નં. ૨૫**

૨૩મી ગાથામાં છેલ્લો (પેરેગ્રાફ). થઈ ગયો છે ને થોડોક? નહિ? ક્યાંથી?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના એ તો આવી ગયું બધું. ફરીને. જુઓ! શું કહે છે?

આ ગાથા એમ છે કે, અજ્ઞાનીની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય, જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય, એમ આ ગાથા છે. એટલે કહે છે કે, '**હે ભદ્ર! જ્ઞાનીકી ઉપાસના કરકે પ્રગટ હુએ હૈ સ્વપર વિવેકરૂપી જ્યોતિ જિસકો એસા આત્મા,...**' જ્ઞાની એટલે આત્મા. પોતે જે આત્મા છે, એ જ્ઞાની છે એની ઉપાસના કરવાથી '**પ્રગટ હુઈ હૈ સ્વપર વિવેકરૂપી જ્યોતિ...**' જેને હું આનંદ છું, જ્ઞાન છું અને આ રાગાદિ નહિ, એવી સ્વ ને પરની ભેદજ્ઞાનજ્યોતિ જેને એ પ્રગટી છે. એવો આત્મા '**આત્માકે દ્વારા...**' પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગથી ભિન્ન કરીને ચૈતન્યસ્વભાવને રાગ ને વિકલ્પ પુણ્ય આદિના છે, એનાથી સ્વ આત્મા ને પર રાગ (એમ) એને ભિન્ન કરીને. '**આત્માકે દ્વારા...**' પોતાના શુદ્ધ સ્વરૂપની પરિણતિ દ્વારા '**આત્મામેં હી સેવનીય હૈ,...**' આત્મામાં સેવા કરવા લાયક છે. કહો, આત્માની સેવા કરવા લાયક છે એમ કહે છે. કોની ન કરવી એમ અહીં આવ્યું નહિ. આ સેવા. પછી આ પરની સેવા કરવામાં શુભરાગ છે. શું કહે છે?

આ જ્ઞાનીની ઉપાસના એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની ઉપાસના. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. છે ઇ હૈ એટલામાં સમજી લેવું. એને પુણ્ય-પાપનો રાગ-વિકલ્પ જે છે રાગ, પુણ્ય એ રાગ છે. આત્મા શુદ્ધ જ્ઞાન છે. બેનો વિવેક કરી અને અંતર આત્માની સેવા કરવી.

**'સેવનીય હૈ,...' 'આત્મા, આત્માકે દ્વારા આત્મામેં હી સેવનીય હૈ,...'** ખરેખર તો ભગવાન પરમાત્માની પ્રતિમા કે ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની સેવા એ શુભભાવ છે. એય..! એમાં આત્માની સેવા નથી. આરે..! રાડ નાખે. લોકોને એવું થઈ જાયને... આહાહા..! સાક્ષાત પ્રતિમા ભગવાનની કે સાક્ષાત ભગવાન ત્રિલોકનાથ, એની સેવા એટલે એના તરફ લક્ષ કરવું એ તો એક શુભભાવ છે, પુણ્યભાવ છે, એ ધર્મભાવ નહિ. શેઠ! આકરું પડે પણ માણસને.

આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, આનંદની મૂર્તિ આત્મા (છે), એને શુભભાવ જે રાગ એનાથી જુદો પાડી એ આત્માનું જ્ઞાન આનંદમાં સેવન કરવું એ ખરેખર આત્માની સેવા છે. એનું નામ ખરેખર સંવર ને નિર્જરા છે. આહાહા..! 'પોપટભાઈ'! કેમ પુસ્તક ન લીધું? ઠીક. કહો, સમજાણું આમાં?

અહીં તો એમ કહ્યું, કે આત્મા જ્ઞાનાનંદ પરમાત્મસ્વરૂપ છે. એને આ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ છે ને! એની સેવા કરવાથી પણ બંધન ને વિકાર જ થાય છે. પુણ્ય-પાપના ભાવમાં એકાગ્ર થવાથી અજ્ઞાન એટલે જડનું જ બંધન થાય છે, એમાં આત્માની સેવા કાંઈ છે નહિ. આ દાનમાં, દયામાં, ભક્તિમાં, પૂજામાં, જાત્રામાં જે ભાવ થાય એ પુણ્યબંધનનું કારણ છે, એ આત્મસેવા નથી એમ કહે છે.

મુમુક્ષુ :– ...ધર્મ કરીએ છીએ.

ઉત્તર :– ધર્મ ક્યાં છે એમાં? ઇ કહે છે, એમાં પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ?

અહીં તો આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ કેવળજ્ઞાન સર્વજ્ઞ... સમજાણું? લોકાલોકનું આવ્યું હતું ને ભાઈ! ૨૧માં? ઇ વાત પાછી પેલામાં ખ્યાલ ગયો હતો. પુણ્યમાં આવે છે ને? જીવ તો સર્વજ્ઞ સર્વદર્શી છે. સર્વજ્ઞ સર્વદર્શી. ભગવાન સર્વજ્ઞ ને સર્વદર્શી જ આત્મા છે. ૧૬૦. એ ત્યાં લોકાલોકને જાણનાર. ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી આત્મા, અનંત આનંદમયી આત્મા, એને અંતરમાં સ્વ સ્વભાવ સન્મુખમાં એકાગ્રતા શુદ્ધતાની કરવી એનું નામ આત્મસેવા ને આત્મધર્મ છે. સમજાણું કાંઈ?

આચાર્ય તો ચોખ્ખું કહે છે. ત્યારે કોઈ કહે કે, જો આવું કહેશો તો આ ભગવાનની ભક્તિ, પૂજા-બૂજા અટકી જશે. પણ કોણ અટકે? સાંભળને હવે. આચાર્ય આ ચોખ્ખું કહે છે કે નહિ? 'શશીભાઈ'! ભગવાનની પ્રતિમા, મંદિર, જાત્રા એનો ભાવ શુભ છે એમ આચાર્યને ખબર નથી? અને એ સેવા એ પરમાર્થસેવા નથી. પરમાર્થ તો આ ચિદાનંદ આત્માની અંતર એકાગ્રતા ઇ સેવા છે. પેલા લોકો રાડ પાડી જાય છે. આ 'પૂજ્યપાદસ્વામી' શું કહે છે? જુઓ! ૨૩મો શ્લોક. અજ્ઞાનની સેવા થાશે. પુણ્ય-પાપના ભાવમાં અને બહારની સેવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો અજ્ઞાન મળશે. અજ્ઞાન એટલે વિકારની પ્રાપ્તિ થાશે. એ.. 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ચાર ગતિ પછી તો અનાદિથી છે કહે છે. એમાં નવું શું તેં કર્યું? સમજાય છે? જરીક કઠણ વાત છે.

અહીં તો કહે છે કે, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા પણ સમવસરણમાં બિરાજમાન (હોય એ) પરદ્રવ્ય છે. સમજાય છે? અને ભગવાનની પ્રતિમા, મંદિર એ પરદ્રવ્ય છે. એના તરફના વલણનો ભાવ તે વિકાર છે અને વિકાર છે તેમાં ચૈતન્યનો અંશ છે નહિ. આરે..આરે...એ રાડ નાંખે ને માણસને. શેઠ! તમારે બધા પેલી કોરના બહુ રાડ નાખે છે.

અહીં તો કહે છે, **'અજ્ઞભક્તિ અજ્ઞાનકો, જ્ઞાનભક્તિ દે જ્ઞાન.'** શ્લોક છે? શેઠ! **'અજ્ઞભક્તિ અજ્ઞાનકો,...'** જેમાં આત્માનું આ જ્ઞાન, આ જ્ઞાન જેમાં નથી. આ જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા એ જ્ઞાન જ્યાં નથી. આ જ્ઞાન ભગવાનમાં પણ નથી ને આ જ્ઞાન પ્રતિમામાં નથી ને આ જ્ઞાન શુભભાવમાં પણ નથી. આહાહા..! અજ્ઞ છે? અજ્ઞ–જ્ઞ નહિ, જ્ઞાન નહિ. કયું જ્ઞાન નહિ? આ આત્મા જ્ઞાનાનંદભગવાન જ્ઞાનનીમૂર્તિ ચૈતન્ય, એ જ્ઞાન અ–આ જ્ઞાન જ્યાં નથી. એ શુભ અને અશુભભાવમાં પણ આ જ્ઞાન નથી, બહારના નિમિત્તમાં પણ નથી, કોઈ સંયોગમાં (નથી), આ જ્ઞાન ભગવાન પાસે નથી.

મુમુક્ષુ :– ...જ્ઞાનીની સેવા કરવી એમ કીધું છે.

ઉત્તર :– જ્ઞાનીની સેવા કીધી ઇ કહે છે એ સમજીને અંદર જવું એ જ્ઞાનીની સેવા. જ્ઞાનીની સેવા કાંઈ પગ દાબવા નથી.

અહીં તો બહુ ટૂંકું (કહ્યું છે). **'અજ્ઞભક્તિ અજ્ઞાનકો,...'** એનો અર્થ જ એ છે ભગવાનઆત્મા સત્, ચિદશક્તિ, જ્ઞાનમૂર્તિ છે, એવું જ્ઞાન–આ જ્ઞાન જ્યાં નથી એવા જ્ઞાન વિનાના, આ જ્ઞાન વિનાના બધા ભાવો અને પર, એની સેવાથી તો **'અજ્ઞાનકો...'** અજ્ઞાન એટલે પુણ્યબંધન આદિ થાય. એ અજ્ઞાન એટલે મિથ્યાત્વની વાત નથી. એ અજ્ઞ એટલે કે પુણ્યબંધન, પુણ્યભાવ થાય. એટલે પુણ્યભાવ એ અજ્ઞભાવ છે. અજ્ઞ એટલે જ્ઞાન વિનાનો ભાવ છે. એમાં કાંઈ આત્માની સેવા થાય નહિ. સમજાણું કાંઈ? કહો, 'મલૂપચંદભાઈ'! બીજાને બધાને થઈ ગયું છે, હવે તમારે એક રહ્યું છે બાકી. આહાહા..!

એ મંદિરો, મૂર્તિ, પૂજા હોય છે પણ એની મર્યાદા શુભભાવની છે. કોઈ એમ માને કે, ત્યાં ધર્મ થાય છે ને ત્યાં સંવર-નિર્જરા થાય છે એ વાતમાં જરીયે માલ નથી. ભાષા સમજાય છે? થોડી થોડી સમજ લેના. આ આત્મા પરમાનંદની મૂર્તિ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ, એ જ્ઞાન જેમાં છે એની સેવા–એકાકાર (થવું) એ જ્ઞાનભક્તિથી જ્ઞાન (થાય). એ જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા એની ભક્તિ શબ્દે વિકલ્પ નહિ. એ જ્ઞાનસ્વભાવ ભગવાન, એમાં એકાગ્રતા, જ્ઞાનની જ્ઞાનમાં એકાગ્રતા એ જ્ઞાન આપે. જ્ઞાન આપે એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્ર એ બધા જ્ઞાનની પર્યાય કહેવાય છે. ભાઈ! જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું ચારિત્ર. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ! એમાં સ્વરૂપમાં તો પુણ્ય-પાપના વિકલ્પ પણ નથી. એ તો એકલો જ્ઞાનનો પિંડ ચૈતન્યબિંબ છે. એ ચૈતન્ય જ્ઞાનાનંદની સેવા, ભક્તિ એટલે સેવા એટલે એકાગ્રતા, હોં! ભગવાન જ્ઞાનપ્રભુ આત્મા એમાં એકાગ્રતા જ્ઞાન આપે. જ્ઞાન આપે એટલે? કે એને રાગ ન આપે એમાં પુણ્ય ન બંધાય. એને જ્ઞાન આપે એટલે આત્માની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ બધી જ્ઞાનની ભૂમિકાની દશા છે. ભગવાનઆત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપની સ્થિરતા એની સેવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રાગ વિનાની જ્ઞાનની દશાને પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ?

આ 'પૂજ્યપાદસ્વામી'એ પંચમઆરા માટે આ વાત કરી છે. આ કાંઈ ચોથા આરા માટેની વાત નથી. પોતે પંચમઆરાના મુનિ હતા, ભાવલિંગી સંત હતા, જંગલમાં વનવાસી રહેતા હતા. સમજાણું કાંઈ? કે, આ સંતાડી રાખવા માટે વાત કરી હશે? કે કોઈને કહેશો નહિ, આવું કહેશો નહિ. આહાહા..!

ભાઈ! તારું ચૈતન્યબિંબ તો તારી પાસે છે ને, ભાઈ! તું જિનબિંબ પોતે છો. સમજાય છે? ઓહોહો..! જાણે પંચકલ્યાણક થાય ને વરઘોડા (નીકળે) ને જાણે કેટલો ધર્મ થઈ ગયો. એ.. 'રતિભાઈ'! આ 'રતિભાઈ'એ કર્યું નહોતું બધું? લાખ રૂપિયા તો માનસ્તંભમાં નાખ્યા, વળી પચ્ચીસ-ત્રીસ હજાર બીજા ખર્ચ્યા હશે. કેટલા ખર્ચ્યા હતા? ખર્ચ્યા છે એણે?

મુમુક્ષુ :- આપ ના પાડો છે, એક્કે પૈસો ખર્ચાય નહિ, એક્કે પૈસો ... નહિ.

ઉત્તર :- પૈસા કોણ ખર્ચે? એ તો જડ છે. અંદર રાગની મંદતાનો ભાવ થાય એ પણ અહીં તો અજ્ઞભાવ છે, એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- મેળ મેળવતા આવડે તો સારું, નહિતર પાછો....

ઉત્તર :- એ મેળ ન મેળવતા આવડે તો આમાં તો મેળવતા આવડે જ તે. આ તો કામ એવું છે, ન આવડે એવું હોય નહિ. એ.. 'રતિભાઈ'! ઇ શું કહે છે સમજાણું? નહિતર પછી આ બધો શુભભાવ છોડી દે. છોડે ક્યાં? એ કાળે એને શુભભાવ આવવા યોગ્ય (હોય) તે આવશે. છતાં એ અજ્ઞભાવ છે, જ્ઞાનસ્વભાવનો એમાં અભાવ છે. આહાહા..! રાડ્યું પાડે છે બધા. એ... આમ છે. હવે સાંભળને! રાડ શું પાડે છો?

વીતરાગ માર્ગ જ આ છે. પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એ જ્ઞ સ્વરૂપી ભગવાન, સર્વજ્ઞસ્વરૂપી આત્મા, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે, એની અંતરની એકાગ્રતા તે જ્ઞાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી નિર્મળ પર્યાયને આત્મા આપે. એ નિર્મળ પર્યાયને શુભભાવ અને ભગવાન ને મંદિર આપે, જાત્રા આપે એ ત્રણકાળમાં છે નહિ. એય..!

મુમુક્ષુ :- ....

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ના, જરીએ ગાઉ ન લાવે. ઠીક કહે છે આ. એમ કે એવી ભક્તિ, પૂજા, દાન કરવાથી સો ગાઉ દૂર હોય ને તો પચાસ ગાઉ તો લાવે. એમ કહે છે. જરીએ નજીક ન લાવે એમ કહે છે. એ પુણ્યબંધનનું કારણ છે. ભાવ હોય ખરો, આવે ખરો. ઠીક પ્રશ્ન કહે છે ને ઇ? ના, ના. ભાઈ! અહીં તો એક જ વાત છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. ભગવાનઆત્મા જ્ઞાનની જ્યોત ચૈતન્યસ્વરૂપ નિર્દોષ નિર્વિકારી વીતરાગ પિંડ આત્મા છે. બસ! એની સેવા એટલે એકાગ્રતા (કરવી). એમાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ આત્મામાંથી પ્રાપ્ત થાય. એ શુભભાવમાંથી નહિ, શરીરમાંથી નહિ, હાડકામાંથી નહિ, આ મંદિરમાંથી નહિ, શેત્રુંજયમાંથી નહિ ને સમેદશિખરમાંથી નહિ. આ ૨૩મી ગાથામાં એમ કહે છે.

**'અજ્ઞભક્તિ અજ્ઞાનકો,...'** બહુ ટૂંકી વાત કરી નાખી. **'જ્ઞાનભક્તિ દે દાન. લોકોક્તી જો જો ધરે, કરે સો તાકો દાન.'** જેની પાસે હોય ઇ આપે. ભીખારી પાસે પૈસા ન હોય તો ક્યાંથી આપે? 'રતિભાઈ'! આ તમારી જેવા શેઠિયાની વળી સેવા-બેવા કરે ને આનું પુણ્ય હોય તો મળે. પુણ્ય હોય તો મળે નહિતર (ન મળે). પણ એની પાસે હોય ઇ મળે. એમ પુણ્યભાવમાં, શરીરમાં, પરમાં આ આત્માનું જ્ઞાન ન્યાં છે? એમ કહે છે. શુભભાવમાં, શરીરમાં, સંઘયણમાં, મંદિરમાં, મૂર્તિમાં, શેત્રુંજયમાં અને સમેદશિખરમાં કે ત્રિલોકનાથ ભગવાન બિરાજે સમવસરણમાં એમાં, આ જ્ઞાન, આ સ્વભાવ ત્યાં છે? એમ કહે છે.

મુમુક્ષુ :– ધર્મ માટે....

ઉત્તર :– તો વિચાર કરવો પડશે કે નહિ એને? કાંઈક કરવું છે કે નહિ? શું કરવું છે એને? રખડ્યા તો કરે છે અનંતકાળથી. રખડ્યા તો કરે છે. હવે એને કાંઈ સાચું સમજવું છે કે નહિ?

**'અજ્ઞભક્તિ અજ્ઞાનકો,...'** પાઠ જ છે ને? **'अज्ञानोपास्तिरज्ञानं'** અહીં અજ્ઞાનનો અર્થ ઇ છે, હોં! આ ભગવાનઆત્મા જ્ઞાનનો દરિયો છે, જ્ઞાનનું પૂર ચૈતન્ય છે આત્મા. એની અંતર એકાગ્રતાથી ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ધર્મ આવે. એમાં ઇ છે તો ઇ આવે. શુભરાગમાં, શરીરમાં, પરમાં આ જ્ઞાનસ્વભાવ નથી કે જે પરની સેવા કરવાથી આ જ્ઞાન મળે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મળે. 'રતિભાઈ'! શું સમજાણું આમાં?

**'લોકોક્તિ...'** લોકોક્તિ એટલે? લોક કહે કે ભાઈ! જેની પાસે હોય એ (આપે), એની પાસે હોય ઇ આપે. શાકભાજીની દુકાને શાક હોય તો શાક આપે, કંદોઈની દુકાને પેંડા હોય તો પેંડા આપે, કાપડની દુકાને કાપડ હોય તો કાપડ આપે, શેઠની દુકાને બીડી હોય તો બીડી આપે, લ્યો! ન્યાં પેંડા મળે એમ છે? લાવો પેંડા તોળો પાંચ મણ. પેંડા કહે છે ને? એમ કહે છે કે, ભગવાનઆત્માની દુકાનમાં અંદર આનંદ ને જ્ઞાન ભર્યું છે. એની એકાગ્રતા કરે તેને આનંદ ને જ્ઞાન મળે. અને શુભભાવ ને શરીરમાં ને પરમાં એકાગ્ર થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો એને પુણ્ય થાય કદાચ અનુકૂળમાં અને બાયડી, છોકરામાં એકાગ્ર થાય, અશુભભાવમાં, તો પાપ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ તો કહે છે કે, તારે હવે હિત કરવું છે કે નહિ?

મુમુક્ષુ :– હિત માટે તો હું આવ્યો છું.

ઉત્તર :– આ શું કરવા (કહે છે)? હિત માટે તો આ વાત ચાલે છે. આ 'ઇષ્ટોપદેશ' છે. આનું નામ શું? 'ઇષ્ટોપદેશ'. હિતકર ઉપદેશ આ છે. જેને હિત કરવું હોય એને માટે હિતકર આ ઉપદેશ છે. કહો, 'છગનભાઈ'! આહાહા..! માણસને એવું થઈ જાય કે પણ આવું કરશે તો આ જુવાનીયા છોકરા એક તો જાણે સ્વચ્છંદી છે અને વળી આવું કહેશે તો (વધારે સ્વચ્છંદી થઈ જશે). પણ નહિ થાય, સાંભળ! સત્ સાંભળતા અસત્ થશે? ઊંધી ક્યાં માંડી તેં? સમજાણું કાંઈ? સત્ય વાત પ્રરૂપણા થતા સત્યનો જ લાભ થાય, અસત્ય એને હોઈ શકે નહિ. હવે એ પ્રશ્ન પૂરો થયો. સમજાણું?

**'કરે સો તાકો દાન.'** એની પાસે હોય ઇ દે, એમ કહે છે. દાન છે ને? જે એની પાસે હોય ઇ દે. આત્મામાં શું છે? આનંદ ને જ્ઞાન. તો એ આત્માનું ધ્યાન કરતા, એકાગ્રતા (કરતા) એ જ્ઞાન ને આનંદ આપે. રાગમાં શું છે? વિકાર. વિકારનું ધ્યાન કરતાં વિકાર મળે. આહાહા..! એ શુભભાવનું ધ્યાન કરે તો દુઃખ આપે એમ કહે છે. પુણ્ય થાય પછી. પુણ્ય એટલે કે આકુળતા. આકરી વાત છે, ભાઈ! સત્ય એવું છે. સત્ય તો સત્ય જ રહેશે. દુનિયા ફેરવવા માંગશે, ફેરવશે તો નહિ ફરે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. એમાં કાંઈ ફરે એવું નથી. હોય છે, વ્યવહાર હોય છે. જ્યાં નિશ્ચય હોય છે ત્યાં આગળ પૂર્ણ વીતરાગ ન હોય તો ત્યાં આગળ આવો વ્યવહાર ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રતભાવ, શુભભાવ હોય છે, પણ એ શુભભાવમાં બંધનું ફળ છે. આત્માના જ્ઞાન ને આનંદનું ફળ એમાં નથી. કોઈ કહે કે, એમાંથી પરંપરાએ કાંઈક મળશે. એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? ભારે વાત, હોં! 'રતિભાઈ'! ઇ કરતા તો મૂર્તિ નહોતા માનતા પહેલા એમાં ઠીક હતું. ન્યાં નથી, બાપુ! એ તો શુભભાવ હોય છે. વીતરાગ દૃષ્ટિ હોવા છતાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં એવો ભક્તિનો, પૂજાનો, દાનનો, વ્રતનો ભાવ હોય છે પણ ઇ ભાવ જ્ઞાન ને આનંદને આપે, એ ભાવ સંવર-નિર્જરાને આપે, એ તાકાત એનામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! તેમ એ ભાવ ન આવે એમ પણ નથી. વીતરાગ નથી તો એવો ભાવ આવ્યા વિના રહે નહિ. પણ એને એમ માને, કે આ મને ધર્મ ને સંવર-નિર્જરા છે (તો મિથ્યાત્વ છે). સમજાણું કાંઈ?

**'યહાં ફિર ભી શિષ્ય કહતા હૈ કિ અધ્યાત્મલીન જ્ઞાનીકો ક્યા ફલ મિલતા હૈ?'** લ્યો! અધ્યાત્મલીન જ્ઞાની એટલે આત્મા જ્ઞાનાનંદ ભગવાન, એમાં એકાગ્રતાથી આત્મા જ્ઞાનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન, એમાં એકાકાર. અધ્યાત્મલીન છે ને? અધ્યાત્મ એટલે આત્મામાં લીન થવાથી **'ક્યા ફલ મિલતા હૈ? ઇસમેં સ્વાત્મનિષ્ઠ યોગીકી અપેક્ષાસે સ્વાત્મધ્યાનકા ફલ પૂછા ગયા હૈ.'** સ્વાત્મનિષ્ઠ એટલે પોતામાં-આત્મામાં નિષ્ઠ એટલે જામી ગયો છે. એવા યોગીની અપેક્ષા સ્વાત્મધ્યાનનું ફળ પૂછ્યું છે. **'આચાર્ય કહતે હૈં-'**

---

यहाँ फिर भी शिष्य कहता है कि अध्यात्मलीन ज्ञानीको क्या फल मिलता है? इसमें स्वात्मनिष्ठ योगीकी अपेक्षासे स्वात्मध्यानका फल पूछा गया है। आचार्य कहते हैं -

परीषहाद्यविज्ञानादास्रवस्य निरोधिनी।
जायतेऽध्यात्मयोगेन, कर्मणामाशु निर्जरा।।२४।।

अर्थ :- आत्मामें आत्माके चिंतवनरूप ध्यानसे परीषहादिकका अनुभव न होनेसे कर्मोंके आगमनको रोकनेवाली कर्म-निर्जरा शीघ्र होती है।

विशदार्थ :- अध्यात्मयोगसे आत्मामें आत्माका ही ध्यान करनेसे कर्मोंकी निर्जरा (एकदेशसे कर्मोंका क्षय हो जाना, कर्मोंका सम्बंध छूट जाना) हो जाती है। उसमें भी जो सिद्धयोगी हैं, उनके तो अशुभ तथा शुभ दोनों ही प्रकारोंके कर्मोंकी निर्जरा होजाती है। और जो साध्ययोगी हैं, उनके असातावेदनीय आदि अशुभ कर्मोंकी निर्जरा होती है। कोरी निर्जरा होती हो सो बात नहीं है। अपि तु भूख-प्यास आदि दुःखके भेदों (परीषहों) की तथा देवादिकोंके द्वारा किये गये उपसर्गोंकी बाधाको अनुभवमें न लानेसे कर्मोंके आगमन (आस्रव) को रोक देनेवाली निर्जरा भी होती है। जैसा कि कहा भी है :- `यस्य पुण्यं च पापं च.'

`जिसके पुण्य और पापकर्म, विना फल दिये स्वयमेव (अपने आप) गल जाते हैं-खिर जाते हैं, वही योगी है। उसको निर्वाण हो जाता है। उसके फिर नवीन कर्मोंका आगमन नहीं होता। इस श्लोक द्वारा पुण्य-पापरूप दोनों ही प्रकारके कर्मोंकी निर्जरा होना बतलाया है। और भी तत्त्वानुशासनमें कहा है - `तथा ह्यचरमांगस्य.''

चरमशरीरीके ध्यानका फल कह देनेके बाद आचार्य अचरमशरीरीके ध्यानका फल बतलाते हुए कहते हैं-कि जो सदा ही ध्यानका अभ्यास करनेवाला है, परन्तु जो अचरमशरीरी है, (तद्भवमोक्षगामी नहीं है) ऐसे ध्याताको सम्पूर्ण अशुभ कर्मोंकी निर्जरा व संवर होता है। अर्थात् वह प्राचीन एवं नवीन समस्त अशुभ कर्मोंका संवर तथा निर्जरा करता है। इस श्लोक द्वारा पापरूप कर्मोंकी ही निर्जरा व उनका संवर होना बतलाया गया है। और भी पूज्यपादस्वामीने समाधिशतकमें कहा है -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'आत्मदेहान्तरज्ञान'

`आत्मा व शरीरके विवेक (भेद) ज्ञानसे पैदा हुए आनन्दसे परिपूर्ण (युक्त) योगी, तपस्याके द्वारा भयंकर उपसर्गों व घोर परीषहोंको भोगते हुए भी खेद-खिन्न नहीं होते हैं।'

यह सब व्यवहारनयसे कहा जाता है कि बन्धवाले कर्मोंकी निर्जरा होती है, परमार्थसे नहीं। कदाचित् तुम कहो कि ऐसा क्यों? आचार्य कहते हैं कि वत्स! सुनो, क्योंकि एकदेशसे सम्बन्ध छूटजाना, इसीको निर्जरा कहते हैं। वह निर्जरा कर्मकी (चित्सामान्यके साथ अन्वयव्यतिरेक रखनेवाले पुद्गलोंके परिणामरूप द्रव्यकर्मकी) हो सकती है। क्योंकि संयोगपूर्वक विभाग दो द्रव्योंमें ही बन सकता है। अब जरा बारीक दृष्टिसे विचार करो कि उस समय जब कि योगी पुरुष स्वरूपमात्रमें अवस्थान कर रहा है, उस समय द्रव्यकर्मका आत्माके साथ संयोगादि सम्बन्धोंमेंसे कौनसा सम्बन्ध हो सकता है? मतलब यह है कि किसी तरहका सम्बन्ध नहीं बन सकता। जिस समय आत्मा ही ध्यान और ध्येय हो जाता है, उस समय हर तरहसे आत्मा परद्रव्योंसे व्यावृत होकर केवलस्वरूपमें ही स्थित हो जाता है। तब उसका दूसरे द्रव्यसे सम्बन्ध कैसा? क्योंकि सम्बन्ध तो दोमें रहा करता है, एकमें नहीं होता है।

यह भी नहीं कहना कि इस तरहकी अवस्था संसारीजीवमें नहीं पाई जाती। कारण कि संसाररूपी समुद्र-तटके निकटवर्ती अयोगीजनोंका मुक्तात्माओंकी तरह पंच ह्रस्व अक्षर (अ इ उ ऋ लृ) के बोलनेमें जितना काल लगता है, उतने कालतक वैसा (निर्बन्ध-बन्धरहित) रहना सम्भव है।

शीघ्र ही जिनके समस्त कर्मोका नाश होनेवाला है, ऐसे जीवों (चौदहवें गुणस्थानवाले जीवों) में भी उत्कृष्ट शुक्ललेश्याके संस्कारके वशसे उतनी देर (पंच ह्रस्व अक्षर बोलनेमें जितना समय लगता है, उतने समय) तक कर्मपरतन्त्रताका व्यवहार होता है जैसा कि परमागममें कहा गया है - `सीलेसिं संपत्तो.'

`जो शीलोंके ईशत्व (स्वामित्व) को प्राप्त हो गया है, जिसके समस्त आस्त्रव रुक गये हैं, तथा जो कर्मरूपी धूलीसे रहित हो गया है, वह गतयोग-अयोगकेवली होता है'।।२४।।

दोहा - परिषहादि अनुभव विना, आतम-ध्यान प्रताप।
शीघ्र ससंवर निर्जरा, होत कर्मकी आप।।२४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**परीषहाद्यविज्ञानादास्त्रवस्य निरोधिनी।**
**जायतेऽध्यात्मयोगेन, कर्मणामाशु निर्जरा।।२४।।**

**અર્થ :– 'આત્મામેં આત્માકે ચિંતવનરૂપ ધ્યાનસે...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એને જ્ઞાન સ્વભાવના ધ્યાનથી. **'ધ્યાનસે પરીષહાદિકકા અનુભવ ન હોનેસે...'** ધર્મીજીવને જેટલો આત્માના જ્ઞાનમાં સ્થિર થયો એટલો એને પરીષહનો અનુભવ નથી, પ્રતિકૂળતાનો અનુભવ નથી. એની સ્મૃતિ નથી, એ તરફનું એનું લક્ષ નથી. આહાહા..! રોકડીયો ધર્મ છે, પાપ પણ રોકડીયું છે. જે સમયે શુભાશુભ ભાવ કરે તે સમયે જ આકુળતા છે. આહાહા..! સમજાણું?

ભગવાનઆત્મા એના અંતરમાં જ્યાં લક્ષમાં, ધ્યાનમાં ગયો એટલે શરીરમાં ક્ષુધા, તૃષા છે કે નહિ ખબર જ નથી, એનું એને સ્મરણ થતું નથી, સ્મૃતિ થતી નથી. સમજાય છે કાંઈ? સર્પ કરડે છે કે નહિ, વીંછી કરડે છે કે નહિ, સ્વરૂપના અંતર એકાગ્રતામાં એનું એને સ્મરણ જ નથી. એથી એટલું એનું જ્ઞાન જ નથી એને. જ્ઞાન તો અંદર સ્વજ્ઞેયમાં જામ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એ આત્મા શુદ્ધ ચૈતન્યનું અંતર ધ્યાન, જ્ઞાન, એકાગ થતાં એ વખતે ક્ષુધા, તૃષા, વીંછીનો કરડ, નિંદા આદિ ગમે તે (હોય) એની એને સ્મૃતિ જ નથી. કારણ કે, સ્વ જ્ઞાનના જ્ઞેયમાં જ એની લીનતા છે. સમજાણું કાંઈ? જ્યાં લીનતા છે ત્યાં તેનું જ્ઞાન છે. પર તરફનું એને વિજ્ઞાન છે જ નહિ. સમજાણું કાંઈ?

આ વાત એવી છે, કે આત્મા, એનું ધ્યાન કીધું. આત્મા વસ્તુને અસ્તિ સિદ્ધ કરી. સમજાય છે કાંઈ? આ આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદનું અસ્તિત્વ સત્તાવાળું તત્ત્વ (છે). એનું ધ્યાન કરતાં, એને સ્મરણમાં લેતા બીજું વિસ્મરણ થઈ જાય છે. પરિષહ છે કે નહિ, ઉપસર્ગ છે કે નહિ, પ્રતિકૂળતા છે કે નહિ, ક્ષુધા-તૃષા એ તો જડની અવસ્થા એમાં છે, એનો ખ્યાલ એને છે નહિ. અંતર ધ્યાનમાં એને ખ્યાલ હોતો નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહેવા શું માંગે છે? કે, ભાઈ! જ્ઞાનીને પરીષહ સહન કરવા મહાકષ્ટ છે, હોં! કહે છે કે, પણ ભાઈ! જેની આત્મા ઉપર એકાગ્રતા છે એને પરીષહનું સહવું એ છે જ નહિ. પ્રતિકૂળતા છે એવું એને જ્ઞાન જ નથી. જ્ઞાન જ અહીં અટક્યું છે. એકાકારમાં, આત્મામાં. આહા..! જ્ઞાનીને બહુ પરીષહ સહન કરવા પડે, ઉપસર્ગ સહન કરવા પડે, એમ નથી, સાંભળને! સમજાણું કાંઈ? જુઓ! આ મુનિ છે, જુઓ! ધ્યાનમાં. ધ્યાનમાં છે. એને ખબર નથી કાંઈ કે કોણ શરીરને કરડે છે કે શું થાય છે? ધ્યાનમાં મસ્ત છે. કદાચિત્ આમ લક્ષ જાય છે ત્યાં વિકલ્પ છે એ તો એ વખતે. સમજાય છે? વિકલ્પ છે ત્યારે. પણ અંદર નિર્વિકલ્પ ધ્યાનમાં ખબર નથી (કે) શું થાય છે ને ક્યાં થાય છે. આહાહા..! ધ્યાતા, ધ્યાન ને ધ્યેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્યાં એકાકાર અંદર કર્યું, એને પરીષહ ને ઉપસર્ગનું સ્મરણ જ નથી, એને વિજ્ઞાન નથી એમ કહે છે. એટલે કે એનું એને ભાન નથી. ભાન નથી એટલે? એનું એને જ્ઞાન નથી.

આમ ચૈતન્ય ભગવાન શુદ્ધ સ્વરૂપના પિંડમાં પડ્યો છે એવું જે આત્મધ્યાન ને અધ્યાત્મલીનતા (એને) પરીષહની ખબર નથી. લોકો એમ કહે કે, આહાહા..! કેટલા પરિષહ પડે છે! પણ તને ખબર નથી. પરીષહમાં પડ્યો નથી, પડ્યો છે અંદરમાં. આહાહા..! સમજાણું કાંઈ? **'પરીષહાદિકકા..'** પરીષહ આદિ છે ને? શરીરમાં ક્ષુધા, તૃષા, રોગ (થાય પણ) અનુભવ નથી. આત્માના શુદ્ધ તરફના વલણમાં એ શરીરમાં રોગ છે કે નહિ, શિયાળ કરડે છે કે નહિ, આ અગ્નિ મુકી છે કે નહિ, વાઘ-વરુ કરડે છે કે નહિ એની સ્મૃતિ નથી. આહાહા..! બીજું શું કહે છે? કે, એ તરફનો વિકલ્પ તો નથી,.. ભાઈ! પણ એ તરફનું સ્મરણ પણ નથી. અહીં ગયો છે અંદરમાં, એમ કહે છે. આ ભગવાનઆત્માને જ્ઞેય કરી એને જ્ઞેય બનાવી, ધ્યેય બનાવીને અંતર ધ્યાનમાં પડ્યો છે. પૈસો-બૈસો છે ક્યાં? એની સ્મૃતિ નથી. આવું આત્માના ધ્યાનનું ફળ છે.

**'કર્મોંકે આગમનકો રોકનેવાલી કર્મ-નિર્જરા શીઘ્ર હોતી હૈ.'** આમ જ્યાં અંતર સ્વરૂપ શુદ્ધતામાં એકાગ્ર થયો એને કર્મોનું આગમન, આવવાનું ક્યાં હતું? રોકનેવાલી ભાષા તો શું કરે? વ્યવહાર છે આ, એમ કહ્યું. કર્મોનું આવવાનું હતું એને રોક્યું છે. એટલે આવવાનું હતું જ નહિ. એને કર્મનો સંબંધ છે જ નહિ. એ બધું આગળ કહેશે, એમાંથી આ બધું કાઢ્યું છે ને? એમાંથી કાઢ્યું છે ને? એવો પાઠ આ લીધો ખરો ને. **'जायतेऽध्यात्मयोगेन, कर्मणामाशु निर्जरा'** એમાંથી કાઢ્યું છે, ચોથા બોલમાંથી કાઢ્યું છે. ભારે ભાઈ! ગાથા.

કહે છે કે, ધર્મીને પૂર્વના કર્મ સાથે સંબંધ જ નથી., એણે સંબંધ તો અહીં અંદર કર્યો છે. ન્યાં પછી પરદ્રવ્યનો એને સંબંધ હતો ને છૂટ્યો એ કહેવાનું રહેતું જ નથી, કહે છે. એ તો વ્યવહાર કહેવાણો. આહાહા..! સમજાણું કાંઈ? પોતે પરદ્રવ્યનો સંબંધ કર્યો જ નથી, સંબંધ તો અહીં આત્મા તરફ છે. ત્યાં પછી એને સંબંધ હતો એ છૂટ્યો એ વાત તો વ્યવહાર કથન છે, વસ્તુ એમ છે નહિ. સમજાણું આમાં? બહું ઝીણું હોં! 'રતિભાઈ'! આહાહા..!

એના ખ્યાલમાં લે. ભાઈ! અને સંસારના કોઈ વિચારમાં, ધ્યાનમાં રોકાય છે ત્યારે એને ખબર હોય? કાંઈ ખબર ન હોય. સર્પ નીકળ્યો હોય તોપણ ખબર ન હોય. આમ જામી જાય વિચારમાં. મોટો સર્પ નીકળ્યો હતો એક. નહોતા કહેતા? 'રામજીપાનાચંદ', 'રામજીપાનાચંદ' 'ભાવનગર'. 'રામજીપાનાચંદ'ને ત્યાં ગયા હતાં, હોં! આ ભાઈ કાલ આવ્યા હતા ને? 'રતિભાઈ'! ઇ કે ત્યાં હું ગયો હતો. વાત કરી હતી. 'કાંતિભાઈ'! ઇ 'રતિભાઈ'! કાલ આવ્યા હતા ને? ઇ વાત કરતા હતા. સમજાણું? ઇ 'રામજીભાઈ' કહેતા કે, આમ નામું લખતા હતા. આમ ચોપડો હતો, આમ ઓશીકું હશે, આમ ચોપડો. હેઠેથી કાળો નાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નીકળ્યો મોટો. કાળો નાગ મોટો, હોં! આમથી આમ નીકળ્યો. ખબર ન મળે. આમ ચોપડામાં ધ્યાન હતું. નાગ મોટો. ઓશીકા ઉપર આમ ચોપડો ને આમ બરાબર ચોપડાનું નામું હતું ને વચ્ચે પોલાણ. અહીં આવ્યો કે ગયો એની ખબર ન મળે. નામું લખવામાં ધ્યાન (હતું). આમ નીકળ્યો. સર્પ (નીકળ્યો હતો). પણ હમણાં ન્યાંથી ગયો. રસ્તો બીજો ક્યાંય નથી. હેં? અહીંથી ગયો. ઇ 'રામજીભાઈ'! કહેતા. આમ વાંચવામાં એકાગ્ર હતા. ચોપડા મેળવવામાં. અહીંથી ગયો ન્યાં ધ્યાન નહોતું. નીકળ્યો ને આમ ગયો પછી પેલા કહે, નાગ હતો. હેં! ક્યાંથી આવ્યો? એ તમારી પાસેથી જ નીકળ્યો હતો. મને ખબર નથી. સમજાણું કાંઈ? સંસારના આવા ધ્યાનમાં ખબર નથી તો આત્માના ધ્યાનમાં બહારની ખબર હોય નહિ, એમ કહેવું છે. આહાહા..!

વાઘણ કરડે છે, બાપા! બહુ દુઃખ, હોં! બહુ દુઃખ. દુઃખ હશે? એ તો આર્તધ્યાન થયું. આ મને ઠીક પડતું નથી, હોં! દુઃખ સહન કરવું પડે, પરિષહ મારે સહન કરવા પડે. એ તો વિકલ્પ થયો અને આમ અણગમો થયો એ તો આર્તધ્યાન થયું. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા આનંદના ધ્યાનમાં અંદર મસ્ત છે, પરીષહના સ્મરણ જ નથી જેને, ઉપસર્ગના જેને ખ્યાલ નથી અને કર્મનો સંબંધ છૂટ્યો એમ કહેવું એ પણ એક વ્યવહારનું કથન છે. પૂર્વના કર્મનો સંબંધ એણે કર્યો જ નથી. ઉદય આવ્યો એની સાથે સંબંધ કર્યો જ નથી એણે. આમ સંબંધ આત્મા સાથે કર્યો છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આત્માની વાત એવી કે, લોકોને જાણે આ એકલી નિશ્ચયની (કરે છે). પણ નિશ્ચય એટલે આ સાચી. વ્યવહારની એટલે જરીક પુણ્યબંધનની વાત એ વ્યવહારની (વાત). સાંભળને હવે. આહાહા..! પણ એવો નમાલો આત્માને માની લીધો છે ને નમાલો જાણે અંદર (છે). એટલે એનું વીર્ય જાણે આમ પુણ્યમાંથી ખસીને આત્માનું કરવું ને એમાં કાંઈક લાભ છે એ કાંઈ બેસતું નથી એને. સમજાણું કાંઈ? **'કર્મ-નિર્જરા શીઘ્ર હોતી હૈ.'**

**વિશદાર્થ :– 'અધ્યાત્મયોગસે આત્મામેં આત્માકા હી ધ્યાન કરનેસે...'** દેખો! અધ્યાત્મયોગ એટલે આત્મા સ્વરૂપ શુદ્ધ આનંદ, એની અંતર લીનતાના ધ્યાન દ્વારા. **'અધ્યાત્મયોગસે...'** સ્વસ્વરૂપ શુદ્ધ આનંદકંદ ભગવાન પરમાત્મા જ પોતે છે. અપ્પા સો પરમ અપ્પા. એ આત્મા પોતે જ પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે. એવા આત્મામાં **'આત્માકા હી ધ્યાન કરનેસે...'** આત્માનું અંદર એકાગ્રતાનું ધ્યાન કરવાથી **'કર્મોંકી નિર્જરા (એકદેશસે કર્મોંકા ક્ષય હો જાના, કર્મોંકા સમ્બંધ છૂટ જાના) હો જાતી હૈ.'** લ્યો! આહાહા..! આત્મામાં એકાગ્રતા કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે, આત્મામાં એકાગ્રતા કરવાથી જ આત્માનું સમ્યગ્જ્ઞાન થાય છે અને આત્મામાં એકાગ્રતા કરવાથી જ આત્માનું સમ્યક્ચારિત્ર થાય છે. એ કોઈ બીજી રીતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, (સમ્યક્)ચારિત્ર ત્રણકાળમાં થતું નથી.

શાસ્ત્રમાં આવે કે, આવા વેદનાથી સમ્યગ્દર્શન થાય, દેવદર્શનથી થાય એ બધી નિમિત્તની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું. આ બાજુથી થયું ત્યારે તે બાજુ કોણ હતું એનું જ્ઞાન કરાવવા વાત છે. નારકીમાં વેદનાથી થાય ને દેવદર્શનથી થાય. એ તો આવે, આવે. છે ને, એ બધી વ્યવહારની વાત છે. વેદનાથી (થતું) હોય તો બધાને થવું જોઈએ. એમ નથી. હોય ને, પણ વેદના તો અનંતવાર વેદના થઈ બધાને, શું છે એમાં? વેદનાથી થાતું હોય તો બધાને થાવું જોઈએ. એ તો વિચાર કરીને અહીં ઉતર્યો ત્યારે પેલાને નિમિત્ત તરીકેનું જ્ઞાન કરાવે છે. વેદનાથી શું ધૂળ થાય?

આ વાતથી કોલાહલ થઈ જાય છે. પંચકલ્યાણકમાં ગયા હતા ને? 'શોભાલાલજી' ગયા હતા. છાપામાં આવ્યું હતું. દસ હજાર રૂપિયા ખર્ચ્યા એમ એમાં લખ્યું હતું. છાપામાં આવે છે બધું. અહીં તો અમને ચારેકોરની ખબર પડે છે છાપામાંથી. આહાહા..! કેટલી ધર્મની પ્રભાવના થઈ, કહે છે લ્યો! ધર્મની પ્રભાવના અહીં થાતી હશે કે બહાર થાતી હશે? આરે.. આરે..! ભારે વાત પણ. એ તો શુભભાવ હોય એને બહારનું થવાનું હોય તો થાય. બહારનું કરે કોણ? એ વરઘોડા ને હાથીના હોદ્દા ને કરે કોઇ? કરી શકે છે? એ તો પરદ્રવ્યની પર્યાય છે. પરદ્રવ્યની પર્યાય કરે કોણ? શુભભાવ હોય એને પુણ્ય બંધાય. અબંધ ભગવાનઆત્માને બંધાય એ હોંશ કરવા જેવી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? 'કુશીલનો સંગ કરીશ નહિ મન-વચન ને કાયાએ મનથી અનુમોદન દઈશ નહિ,' પુણ્ય-પાપમાં આવે છે ને? 'સમયસાર' કુશીલ એ... આહાહા..!

ભાઈ! તારી વાત (ચાલે છે). તારા આત્માનું તારે કરવું છે કે તારે કાંઈ બીજાનું કરવું છે? બીજાનું તો કરી શકતો નથી. બીજા માટેનું લક્ષ જાય છે ત્યાં તને ભાવ થાય છે શુભ કે અશુભ. બાયડી, છોકરા સામે જોવે તો પાપ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સામે જોવે ને ભક્તિ કરે તો પુણ્ય થાય છે. પરદ્રવ્યને આશ્રયે ક્યાંય સંવર-નિર્જરા થાય એમ ત્રણકાળમાં બનતું નથી. શેઠ! સમજાય છે ને ભાષા તો? માર્ગ તો પ્રભુ! આવો છે. આહાહા..! લ્યો!

**'ઉસમેં ભી જો સિદ્ધયોગી હૈં,...'** સિદ્ધ એટલે પૂર્ણ શુદ્ધતાના ધ્યાનમાં પડ્યા છે. **'ઉનકે તો અશુભ તથા શુભ દોનોં હી પ્રકારોંકે કર્મોંકી નિર્જરા હો જાતી હૈ.'** એકદમ ધ્યાનમાં લીન છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એકદમ અને એકદમ થઈને કેવળીને અજોગ થવાની તૈયારી છે. એવા **'સિદ્ધયોગી હૈં, ઉનકે તો અશુભ તથા શુભ દોનોં હી પ્રકારોંકે કર્મોંકી નિર્જરા હો જાતી હૈ.'** એને તો કાંઈ પુણ્યબંધ થતો નથી, જરીએ પુણ્યબંધ થતો નથી. સમજાય છે?

જેમ પાંડવો. પાંચ પાંડવ હતાં ને? શેત્રુંજય. ત્રણ પાંડવ સિદ્ધયોગી. આમ ધ્યાનમાં મસ્ત થઈ ગયા. કેવળજ્ઞાન ને મુક્તિ (થઈ). એને શુભ-અશુભ બન્નેની નિર્જરા છે. **'ઔર જો સાધ્યયોગી હૈં...'** બીજા બે મુનિને જરીક વિકલ્પ રહી ગયો. 'સહદેવ' ને 'નકુલ'. અરે..! મોટા મુનિને શું થતું હશે? વિકલ્પ રહી ગયો તો સ્થિરતા ન થઈ. પુણ્ય બંધાય ગયું. સર્વાર્થસિદ્ધનું પુણ્ય બંધાય ગયું, પાપની નિર્જરા થઈ પણ પુણ્ય બંધાણું. સિદ્ધયોગીને પુણ્ય-પાપની બન્નેની નિર્જરા થાય છે. બન્નેનો સંબંધ છૂટી જાય છે. એટલે કે ત્યાં સંબંધ થતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ નથી. સમજાણું કાંઈ? આ તો 'પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ'. હિજડા ને પાવૈયા જેવા નપુંસક વીર્યના કામ નહિ ત્યાં, એમ કહે છે. આવે છે ને તમારે?

'હરીનો રે માર્ગ છે શૂરાનો, એ કાયરના નહિ કામ જો ને,
પ્રથમ પહેલા મસ્તક મુકી, ફેર લેવું નામ જો ને.'

અર્પણતા પહેલી–ચિદાનંદ ભગવાન આખો હું શુદ્ધ છું. એવી દૃષ્ટિ કર્યા વિના ને એને શરણે ગયા વિના ધર્મ ને શાંતિનો લાભ ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંયથી થાય એવો નથી. સમજાણું કાંઈ? એકાંત નથી થઈ જતું? આ સમ્યક્ એકાંત છે. શુદ્ધભાવ એકાંત સેવનથી પુણ્ય-પાપની નિર્જરા થઈ જાય છે. એને પૂર્વના ઉદય સાથે કાંઈ સંબંધ છે નહિ. સંબંધ કર્યો છે સ્થિરતામાં. આમ જામી ગયો છે. અને સાધ્યયોગી છે (અર્થાત્) હજી પૂર્ણ સિદ્ધ થવાને પ્રયત્ન કરે છે. સમજાણું? સાધ્ય–પૂર્ણ થવાને હજી પ્રયત્ન કરે છે.

**'ઉનકે અશાતાવેદનીય આદિ અશુભ કર્મોંકી નિર્જરા હોતી હૈ.'** પુણ્ય બંધાય જાય. જુઓને! ત્રણ પાંડવોને બંધાય ગયું. એટલું પુણ્ય બંધાણું, શુભભાવ થઈ ગયોને. બંધાય ગયું. અશાતા ટળી ને શાતા બંધાણી. આહાહા..! એવા મુનિઓ! કહે છે, એ પણ જરી ખસ્યો અંદરમાંથી, આ મુનિઓને જરીક આમ છે, એ ખસ્યો પણ ખસ્યો (તો) પુણ્ય બંધાય ગયું. ન્યાં કાંઈ એને લઈને નિર્જરા-બિર્જરા નથી, એમ કહે છે. નહિતર મુનિઓની વિચારણા હતી. ધર્મરાજા, અર્જુન, ભીમ ધ્યાનમાં ઉભા હતાં આમ. પાંચે ધ્યાનમાં હતા. શેત્રુંજય. ત્રણ મોક્ષ પધાર્યા, બે સર્વાર્થસિદ્ધ દેવમાં ગયા. આ બે સાધ્યયોગી હતા, પેલા ત્રણ સિદ્ધયોગી હતા. અહીં તો બધી ઉત્કૃષ્ટ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? મુનિ જેવાને પણ આમ થયું, એમ કહે છે. જેટલો સ્વરૂપનો આશ્રય છૂટીને વિકલ્પ આવ્યો (તો) બંધ થયો. સમજાણું કાંઈ? ભવ કરવા પડ્યા બે. એક સવાર્થસિદ્ધનો ભવ ને પાછો મનુષ્યનો. બે ભવ થયા. મોક્ષે જતાં વાર લાગી કેટલી. સમજાણું કાંઈ? આમ કરવા ગયા વિચાર મુનિનો (એમાં) બે ભવ થઈ ગયા. શેઠ!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– શુભરાગ છે ને! પરનો સંબંધ થયો ને! એટલો પોતાનો સંબંધ છૂટી ગયો. સમજાણું કાંઈ?

અહીં તો સ્વભાવ જ્ઞાનાનંદના સંબંધથી સંવર, નિર્જરા ને મોક્ષ છે. પરનો સંબંધ જેટલો કરે તેમાં અશુભ નિમિત્ત હોય તો પાપ ને શુભ નિમિત્ત હોય તો પુણ્ય (થાય), સંવર-નિર્જરા નહિ. એ સિદ્ધ કરવું છે. એ 'ઇષ્ટોપદેશ' છે. એનું નામ ઇષ્ટ–પ્રિય ઉપદેશ છે. જે ઉપદેશમાં પરને લઈને સંવર-નિર્જરા થાય (એમ કહે) એ અહિતકર ઉપદેશ છે. એ 'અનિષ્ટ ઉપદેશ' છે. આ 'ઇષ્ટોપદેશ'. શેઠ! આ શેઠિયાને એવું સારું લાગે. બહુ આ પુણ્ય કરે ને દાન કરે ને જાણે તમારે ધર્મ થઈ જાય, ધૂળમાં પણ નહિ થાય એમ કહે છે. જાવ ખર્ચો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પચાસ હજાર, લાખ થયા, જાવ. ધૂળમાં પણ ધર્મ નથી. લાખ શું બધા કરોડો આપી દે નહિ, એની પાસે છે એટલા (આપી દે નહિ). ધર્મ-બર્મ હરામ (થાય છે).

મુમુક્ષુ :– ધર્મનું સાધન તો છે ને?

ઉત્તર :– સાધન પણ બિલકુલ નહિ. ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ એ સાધન અને શુદ્ધ સ્વરૂપ એ સાધ્ય, એ પોતે જ છે. બીજું સાધન-ફાધન ખરેખર નથી. આહાહા..!

મુમુક્ષુ :– .....

ઉત્તર :– આપે નહીં પણ આપે તો પણ ભાવ ઘટાડે તો એટલું પુણ્ય છે, ઇ કાંઈ ધર્મ નથી એમ કહેવું છે અહીં તો. એને પછી હળવે હળવે ધર્મ થઈ જશે એમ પણ નથી. અહીં તો વાત ચોખ્ખી છે. શેઠ! આહાહા..! કરોડ રૂપિયા હોય ને પછી પાંચ લાખ અહીં ખર્ચો ને પંચાણું લાખ રાખો છોકરા માટે. એટલે પૈસા પણ રહ્યા ને ધર્મ પણ થાય, બેય (થાય). ના ના. જરીએ નહિ. પાંચ લાખ શું તારા કરોડો આપી દે ને. કરોડો તો જડ, અજીવ છે. એ ક્યાં તારી ચીજ હતી. મેં આપી એવી માન્યતા કર તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– પૈસા પણ ગયા ને પાછું મિથ્યાત્વ.

ઉત્તર :– પૈસા ક્યાં એના હતા? એ તો અજીવના ધૂળના હતા.

મુમુક્ષુ :– જાહેરાત તો થઈ ગઈ ને એની.

ઉત્તર :– જાહેરાત શેની થઈ? અજ્ઞાનીમાં જાહેરાત થઈ. અજ્ઞાની ભાન વિનામાં. ઓહોહો..! શું જાહેરાત થઈ? આત્મામાં જાહેરાત થઈ? કહો, શેઠ! જાહેરાત થઈ જાય. મોટું બિરુદ આપી દે. સમાજસેવક. શું કહેવાય છે? નામ આપે છે તમારે કાંઈક. કાંઈક બિરૂદ છે. ભૂલી જઈએ છીએ. સમાજભૂષણ. સમાજભૂષણ ને? આત્મભૂષણ નહિ ને! આમ ઇ કહે છે, 'શેઠ'! વાત તો જેમ હોય એમ હોય કે નહિ? કંઈક રાંકને માટે ને રાજા માટે પૈસાવાળા માટે કાંઈ માર્ગફેર હોય? બીજો માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ?

જુઓ! **'ઔર જો સાધ્યયોગી હૈં, ઉનકે અશાતાવેદનીય આદિ અશુભ કર્મોંકી નિર્જરા હોતી હૈ.'** ધ્યાનમાં લીન છે પણ કંઈક હજી પૂર્ણ ધ્યાન નથી એટલે શુભભાવ આવી જાય છે, શુભભાવ આવી જાય છે એને. એને શુભભાવથી પુણ્ય બંધાય. અશાતાવેદનીયનું બંધન ન થાય. પણ શુભભાવમાં શાતાવેદનીય બંધાય જાય. ભગવાનઆત્મા અબંધને બંધન થાય. આહાહા..! એ સર્વાર્થસિદ્ધનો ભવ બંધાય એ પણ હિતકર નથી, હિતકર નથી. એ પરિણામ હિતકર નથી, એ ભવ હિતકર નથી, એ શુભનું ફળ હિતકર નથી. ભગવાનઆત્મા એ શુભભાવથી નીરાળો આત્મા, એનું એકાગ્રપણું જેટલું (થયું) તે એટલું હિતકર છે. સમજાણું કાંઈ?

**'જો કોરી નિર્જરા હોતી હો સો બાત નહીં હૈ.'** શું કહે છે? ધર્મીજીવને આત્માના શુદ્ધસ્વભાવની ભલે પૂર્ણ શુદ્ધતાની સાધ્ય-સિદ્ધિ ન હો... સમજાય છે? સિદ્ધયોગી ન હો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ સ્વરૂપના અંતરમાં દર્શન, જ્ઞાન ને ચારિત્રમાં રમે છે, થોડો રાગ પણ બાકી છે તો એને અશાતાવેદનીયની નિર્જરા થાય. **'કોરી નિર્જરા હોતી હો સો બાત નહીં હૈ.'** ત્યારે શું છે? **'અપિ તુ ભૂખ-પ્યાસ આદિ દુઃખકે ભેદોં (પરીષહોં) કી તથા દેવાદિકોંકે દ્વારા કિયે ગયે ઉપસર્ગોંકી બાધાકો અનુભવમેં ન લાનેસે કર્મોંકે આગમન (આસ્રવ) કો રોક દેનેવાલી નિર્જરા ભી હોતી હૈ.'** લ્યો! જેટલી શુદ્ધતા છે ને? શુદ્ધતા ધ્યાનની એકાગ્રતા છે એની સાથે અશુદ્ધનો વિકલ્પ ભલે હો થોડો, તો એનાથી પુણ્ય બંધાય. આ શુદ્ધતાનું ધ્યાન છે એટલી ભૂખ-તરસની વેદના એને છે નહિ. જેટલી શુદ્ધતામાં પડ્યો છે ને? એકાગ્રતા (થઈ છે) એને ભૂખ-તરસ આદિના પરીષહ નથી. સમજાણું? ભૂખ-તરસનો અનુભવ નથી. શુદ્ધતામાં જેટલો પડ્યો એટલો ભૂખ-તરસનો ખ્યાલ નથી.

**'તથા દેવાદિકોંકે દ્વારા...'** દેવ, મનુષ્ય અને પશુ–ત્રણથી ઉપસર્ગ કર્યો હોયને? આ સર્પ કરડતો હોય, વીંછી કરડતો હોય, દેવ મારતો હોય, કાપતો હોય, લ્યો! ઠીક! અરે..! અગ્નિમાં નાખે. પણ જેટલી ધ્યાનમાં સ્થિરતા છે એટલો એને ખ્યાલ નથી. શુભવિકલ્પ આવી ગયો એનું પુણ્ય બંધાય જાય ને એને અશાતાવેદનીય નથી. **'કર્મોંકો આગમન (આસ્રવ) કો રોક દેનેવાલી નિર્જરા ભી હોતી હૈ. જૈસા કિ કહા ભી હૈ :- 'यस्य पुण्यं च पापं च.'** લ્યો! સમજાણું? તદ્દન સાધ્યમાં ધ્યાનમાં પડ્યા છે એને તો ક્ષુધા આદિની કાંઈ ખબર નથી. પણ જરી વિકલ્પ આવી ગયો છે તો એને ખ્યાલ ભલે હો, પણ વિકલ્પ છે એટલું એને પુણ્ય બંધાય જાય છે. તો એને પૂર્ણ નિર્જરા નથી, સંવર નિર્જરા પૂર્ણ જોઈએ તે એને નથી. અપૂર્ણ છે એથી એને વિકલ્પથી પુણ્ય બંધાય. એને એટલું પણ શુદ્ધતામાં, જેટલી એકાગ્રતા છે એમાં પરિષહ ઉપસર્ગનો ખ્યાલ નથી. પૂર્ણ જે શુદ્ધતામાં પડ્યા છે એને તો ખ્યાલ કાંઈ નથી. શ્લોક છે આ. સમજાણું? તત્ત્વાનુશાસન.

**'જિસકે પુણ્ય ઔર પાપકર્મ, બિના ફલ દિયે સ્વયમેવ (અપને આપ) ગલ જાતે હૈં,...'** લ્યો! તત્ત્વાનુશાસનમાં લખ્યું છે ને? તત્ત્વાનુશાસન. આમાં તત્ત્વાનુશાસન છે. પેલામાં આત્માનુશાસન હતું **'यस्य पुण्यं च पापं च.'**. **'तथा ह्यचरमांगस्य..'** ઇ વળી પછી નાખ્યું, હોં! ઇ પછી છે. પેલું પહેલું આવી ગયું. પહેલું એ નામ નથી લખ્યું પણ **'यस्य पुण्यं च'** એ આત્માનુશાસનનું છે. છે ને? અંદર છે. ૨૪૬ આત્માનુશાસન. અને પેલું **'तथा ह्यचरमांगस्य..'** છે એ તત્ત્વાનુશાસનનું છે. **'પુણ્ય ઔર પાપ બિના ફલ દિયે...'** વિના ફળ દિયેનો અર્થ–શુદ્ધ સ્વરૂપના ધ્યાનમાં જેટલી લીનતા છે તેટલો પર સાથે સંબંધ થતો નથી. એટલે એના ફળ દીધા વિના ખરી જાય છે. **'ખિર જાતે હૈં, વહી યોગી હૈ. ઉસકો નિર્વાણ હો જાતા હૈ.'** એકદમ પૂર્ણ શુદ્ધતાની વાત કરીને પહેલી? એને તો તત્કાળ નિર્વાણ થઈ જાય છે. પૂર્ણ શુદ્ધતામાં જામી ગયો છે. **'ઉસકે ફિર નવીન કર્મોંકા આગમન નહીં હોતા.'** એવા આત્માને નવા કર્મનું આવવું થતું નથી. શુભ-અશુભ એક્કે(નું આવવું થતું નથી).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ઇસ શ્લોક દ્વારા પુણ્ય-પાપરૂપ દોનોં હી પ્રકારકે કર્મોંકી નિર્જરા હોના બતલાયા હૈ...'** સમજાણું? કંઈ આસ્રવ છે નહિ, તદ્દન શુદ્ધતામાં સ્થિર છે. જરી વિકલ્પ આપે છે એની વાત બીજી છે.

**'ચરમશરીરીકે ધ્યાનકા ફલ કહ દેનેકે બાદ...'** આ ચરમશરીરીની વાત કરી. છેલ્લું શરીર છે એને. આત્માના ધ્યાનમાં સ્થિર થઈ ગયો છે. કાંઈ બહારમાં શું થાય છે (એની ખબર નથી). સમજાણું? એ તો ચરમશરીરી છે, એને તે જ કાળમાં કેવળજ્ઞાન થઈને મુક્તિ છે. **'આચાર્ય અચરમશરીરીકે ધ્યાનકા ફલ બતલાતે હુએ કહતે હૈં-'** લ્યો! **'કિ જો સદા હી ધ્યાનકા અભ્યાસ કરનેવાલા હૈ,...'** ધ્યાનનો હજી અભ્યાસ ચાલે છે, એમ. અંતર એકાગ્રતા પકડી, વળી પકડવા જાય છે એમ અભ્યાસ (કરે છે). ચિદાનંદ ભગવાનઆત્મા, એનો વારંવાર અભ્યાસ કરે છે. એકાગ્ર થવાનો (અભ્યાસ કરે છે). તદ્દન જે એકાગ્રતા પૂર્ણ રહેવી જોઈએ ચરમશરીરીને એવી થઈ નથી.

**'પરન્તુ જો અચરમશરીરી હૈ, (તદ્ભવમોક્ષગામી નહીં હૈ) એસે ધ્યાતાકો સમ્પૂર્ણ અશુભ કર્મોંકી નિર્જરા વ સંવર હોતા હૈ.'** લ્યો! અશુભ કર્મની નિર્જરા અને અશુભ કર્મનો સંવર. **'અર્થાત્ વહ પ્રાચીન એવં નવીન સમસ્ત અશુભ કર્મોંકા સંવર તથા નિર્જરા કરતા હૈ.'** લ્યો! જુના ને નવા બન્ને અશુભ કર્મની સંવર-નિર્જરા, હોં! જુનામાં પણ નહિ ને નવું પણ આવે નહિ. જુના કર્મનો સંવર ને નવા કર્મનું નહિ આવવું. જુના કર્મની નિર્જરા ને નવા કર્મ ન બંધાય, એમ. **'ઇસ શ્લોક દ્વારા પાપરૂપ કર્મોંકી હી નિર્જરા વ ઉનકા સંવર હોના બતલાયા ગયા હૈ.'** લ્યો! પાપની નિર્જરા કીધી ને? પુણ્ય બંધાય થોડું. સમજાણું? પુણ્ય જરી બંધાય છે, પાપની નિર્જરા થાય છે. અહીં ધ્યાનમાં જેટલો સ્થિર છે એટલી નિર્જરા છે. જેટલો પેલો શુભરાગ રહી જાય છે... સમજાણું? એને પુણ્યબંધ થઈ જાય છે. એનો દાખલો 'પૂજ્યપાદસ્વામી'એ (આપ્યો છે એ) વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**[પ્રવચન નં.૨૬ ઉપલબ્ધ નથી.]**

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૯, ગુરૂવાર**
**તા. ૧૪-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૪ થી ૨૫ પ્રવચન નં. ૨૭**

**[ આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે. ]**

૨૪ મો કળશ ચાલે છે. શું કહે છે? કાલે ચાલી ગયું છે. છેલ્લો શબ્દ છે. ૩૧ પાનું છે.

**દોહા – પરિષહાદિ અનુભવ વિના, આતમ-ધ્યાન પ્રતાપ,**
**શીઘ્ર સસંવર નિર્જરા, હોત કર્મકી આપ. ૨૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આખા શ્લોકનો સંગ્રહ કરીને ઉપસંહાર કર્યો છે. પહેલા બધું આવી ગયું છે. શું? કે ધર્માત્માને **'આતમ-ધ્યાન પ્રતાપ'** આત્મા આનંદ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એના અંતર આનંદના ધ્યાનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ સમ્યગ્દષ્ટિને થાય છે. આતમ-ધ્યાન. નિજ આત્મામાં અનંતઆનંદ અને અનંતજ્ઞાન, એવા અનંતચતુષ્ટય શક્તિરૂપે અનાદિથી પડેલા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એવા આત્મામાં પ્રથમ આત્માને ધ્યેય કરીને, પોતાના સ્વભાવને ધ્યેય કરીને અનુભવમાં અતીન્દ્રિય આનંદનું આવવું એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે.

કહે છે, **'આતમ-ધ્યાન પ્રતાપ'**. આત્મધ્યાનના પ્રતાપે ધર્માત્માને **'પરિષહાદિ અનુભવ વિના'** બહારના પરિષહ અને ઉપસર્ગનો અનુભવ થતો નથી. અનુભવ છે ને? બહારના પરિષહનો ખ્યાલ પણ નથી. હું અતીન્દ્રિય આનંદમય છું. અતીન્દ્રિય આનંદ સહજાનંદ ધ્યેય (છે). નિર્જરાનો અધિકાર છે ને? કર્મની નિર્જરા કહેવું એ તો વ્યવહારનય છે. એમ અર્થ આવી ગયો છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એક સમયમાં પરમાત્મા શુદ્ધ સ્વરૂપ પોતાનું છે. એમાં અંતરમાં ધ્યેયદૃષ્ટિ લગાવીને, જે પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ, વેદન, સ્વાદ આવવો, એ સ્વાદ આગળ બહારની પ્રતિકૂળતાનો ધર્માત્માને અનુભવ થતો નથી. સમજાય છે કાંઈ? તમે તો ગુજરાતી પણ સમજો છો. સમજાય છે કાંઈ?

**'પરિષહાદિ...'** આદિ શબ્દે ઉપસર્ગ આદિ. ક્ષુધા, તૃષા આદિ શરીરમાં થાય, પોતાનો આત્મા શરીરથી, કર્મથી અને પુણ્ય-પાપના વિકલ્પથી પણ ભિન્ન છે. કેમ કે પુણ્ય-પાપના શુભઅશુભભાવ જે છે એ તો આસ્રવતત્ત્વ છે અને શરીર ને કર્મ છે એ અજીવતત્ત્વ છે. અને આત્મા અતીન્દ્રિય આનંદમય સચ્ચિદાનંદ સ્વરૂપ (છે). એને અંતરમાં એકાગ્ર ધ્યેય બનાવીને ધ્યાન કરવું એનું નામ આત્માનો અનુભવ કહે છે. આ અનુભવ છે એ જ મોક્ષનો માર્ગ છે. એ અનુભવમાં **'પરિષહાદિ અનુભવ વિના'** બહારનો અનુભવ નથી. શરીરમાં બહારમાં પરિષહ પડે એનો ખ્યાલ અંતર આનંદ પાસે, અતીન્દ્રિય સ્વાદ પાસે, બહારની પ્રતિકૂળતા-અનુકૂળતાનું એને સ્મરણ થતું જ નથી. એવો અંતરમાં આનંદ આવે છે તેને અહીંયા નિર્જરા અને સંવર કહે છે. જુઓ!

**'શીઘ્ર સસંવર નિર્જરા,...'** સમજાય છે કાંઈ? પોતાના આત્માનું શુદ્ધ સમ્યગ્દર્શન પહેલા થયું. ચોથે ગુણસ્થાને. સમજાય છે કાંઈ? પહેલા બધું આવી ગયું છે, હોં! એનો ઉપસંહાર છે. **'શીઘ્ર સસંવર નિર્જરા,...'** સંવર અને નિર્જરા, પોતાના શુભઅશુભ વિકલ્પથી થતી નથી. દેહની ક્રિયા તો જડની, શરીરની પર્યાય છે. અજીવતત્ત્વ છે. એનાથી આત્માને સંવર, નિર્જરા, પુણ્ય, પાપ થતા નથી. અને પોતાની પર્યાયમાં શુભ અને અશુભ દયા, દાન, વ્રત ભક્તિના પરિણામ થાય છે એ શુભ પરિણામ છે, એ પણ સંવર અને નિર્જરા નથી. એ તો આસ્રવ તત્ત્વ છે. એનાથી રહિત ભગવાનઆત્મા, એક સમયમાં અખંડાનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ, તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંતર ધ્યાન કરતાં અતીન્દ્રિય આનંદના સ્વાદનું નામ અહીંયા અનુભવ કહેવામાં આવે છે. એ અનુભવ આગળ શીઘ્ર સંવર, નિર્જરા થાય છે. અનુભવ થયે સંવર, નિર્જરા થાય છે. શેઠી!

મુમુક્ષુ :– શીઘ્ર એટલે...

ઉત્તર :– શીઘ્ર નામ શીઘ્ર. પોતાના આત્મામાં ધ્યેય કરીને જેટલો આનંદનો અનુભવ થયો, પોતાનું ધ્યેય બનાવીને, શુભ-અશુભનું ધ્યેય છોડીને, પરનું લક્ષ છોડીને, પોતાના આનંદના અનુભવમાં ધ્યેય બનાવ્યું. પહેલા સમ્યગ્દર્શનમાં તો આમ થઈ ગયું છે. સમ્યગ્દષ્ટિને આનંદનો અનુભવ તો પહેલા ચોથે ગુણસ્થાને થઈ ગયો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન જ્યારથી ઉત્પન્ન થાય છે ત્યારથી આત્માનો અતીન્દ્રિય આનંદનો અનુભવ થયા વિના કદી સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. કહે છે કે, સમ્યગ્દર્શન થયા પછી આનંદના અનુભવમાં આગળ વધીને બહારના પરિષહ આદિનો અનુભવ કર્યા વિના **'શીઘ્ર સસંવર નિર્જરા, હોત કર્મકી આપ.'** આપ શબ્દ કેમ લીધો? પાઠમાં છે. કર્મની નિર્જરા એને કારણે થાય છે. કર્મના રજકણ પોતાએ ખેરવવા પડતા નથી. એ જડતત્ત્વ છે. એને કારણે કર્મ ખરી જાય છે. અશુદ્ધ પર્યાયનો નાશ થવો એ પણ એને કારણે થાય છે.

પોતાના શુદ્ધ સ્વરૂપને ધ્યેય કરીને અંતરમાં ધ્યેય લગાવ્યું તેનું નામ સંવર અને નિર્જરા છે. સમજાય છે કાંઈ? એકદેશ છે ને? સંબંધ છૂટી જવો, એને નિર્જરા કહે છે. એ નિર્જરા કરવી એમ નહિ. કેમ કે નિર્જરાતત્ત્વના ત્રણ અર્થ છે. (૧) રજકણનું ખરી જવું, (૨) અશુદ્ધતાનો નાશ થવો, અને (૩) શુદ્ધતાના આનંદની ઉત્પત્તિ થવી. સમજાય છે કાંઈ? ભગવાન એને નિર્જરા કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ નિર્જરાના ત્રણ પ્રકાર કહે છે. એક તો આત્મા પોતાના આનંદસ્વરૂપમાં લીન થાય છે. અતીન્દ્રિય આનંદ, જેવો સિદ્ધનો આનંદ છે, એવા પોતાના આનંદમાં મશગુલ થઈ જાય છે ત્યારે જે શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેને યથાર્થ નિર્જરા કહે છે. એ સમયે અશુદ્ધતાનો નાશ થાય છે એ અશુદ્ધનિશ્ચયનયથી નિર્જરા કહેવામાં આવે છે. એ સમયે કર્મ એને કારણે, પોતાને કારણે ખરી જાય છે તેને અસદ્ભુત વ્યવહારનયથી નિર્જરા કહેવામાં આવે છે. શેઠી!

એ કહે છે, **'શીઘ્ર સસંવર નિર્જરા, હોત કર્મકી આપ.'** કર્મ પોતાને કારણે ખરી જાય છે, પોતાના આનંદનો અનુભવ કરતા કરતા. હવે ૨૫ (ગાથામાં) લે છે, જુઓ!

---

**उपरलिखित अर्थको बतलानेवाला और भी श्लोक सुनो -**

**कटस्य कर्ताहमिति, संबन्धः स्याद द्वयोर्द्वयोः।**
**ध्यानं ध्येयं यदात्मैब, संबन्ध कीदृशस्तदा।।२५।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


अर्थ :- `मैं चटाईका बनानेवाला हूँ' इस तरह जुदा जुदा दो पदार्थोंमें सम्बन्ध हुआ करता है। जहाँ आत्मा ही ध्यान ध्याता (ध्यान करनेवाला) और ध्येय हो जाता है, वहा सम्बंध कैसा?

विशदार्थ :- लोकप्रसिद्ध तरीका तो यही है, कि किसी तरह भिन्न (जुदा जुदा) दो पदार्थोंमें संबन्ध हुआ करता है। जैसे बाँसकी खपच्चियोंसे जलादिकके संबंधसे बननेवाली चटाईका मैं कर्ता हूँ-बनानेवाला हूँ। यहाँ बनानेवाला `मैं' जुदा हूँ और बननेवाली `चटाई' जुदी है। तभी उनमें `कर्तृकर्म' नामका सम्बंध हुआ करता है। इस प्रकार सम्बंध द्विष्ठ (दो में रहनेवाला) हुआ करता है। इसको बतलाकर, प्रकृतमें वह बात (भिन्नता) बिलकुल भी नहीं है इसको दिखलाते हैं।

`ध्यायते येन, ध्यायति वा यस्तद् ध्यानं, ध्यातिक्रियां प्रति करणं कर्ता च' - जिसके द्वारा ध्यान किया जाय अर्थात् जो ध्यान करनेमें करण हो-साधन हो उसे ध्यान कहते हैं। तथा जो ध्याता है - ध्यानका कर्ता है, उसे भी ध्यान कहते हैं, जैसा कि कहा भी है - `ध्यायते येन तद् ध्यानं.'

`जो ध्यैञ् चिन्तायाम्' धातुका व्याप्य हो अर्थात् जो ध्याया जावे, उसे ध्येय कहते हैं। परंतु जब आत्माका परमात्माके साथ एककिरण होनेके समय, आत्मा ही चिन्मात्र हो जाता है, तब संयोगादिक प्रकारोंमेंसे द्रव्यकर्मोंके साथे आत्माका कौनसे प्रकारका सम्बन्ध होगा? जिससे कि `अध्यात्मयोगसे कर्मोंकी शीघ्र निर्जरा हो जाती है' यह बात परमार्थसे कही जावे। भावार्थ यह है कि आत्मासे कर्मोंका सम्बन्ध छूट जाना निर्जरा कहलाती है। परंतु जब उत्कृष्ट अद्वैत ध्यानावस्थामें किसी भी प्रकार कर्मका सम्बन्ध नहीं, तब छूटना किसका? इसलिये सिद्धयोगी कहो या गतयोगी अथवा अयोगकेवली कहो, उनमें कर्मोंकी निर्जरा होती है, यह कहना व्यवहारनयसे ही है, परमार्थसे नहीं। ।।२५।।

**दोहा - `कटका मैं कर्तार हूँ' यह है द्विष्ठ सम्बन्ध।**
**आप हि ध्याता ध्येय जहँ, कैसे भिन्न सम्बन्ध।।२५।।**

---

**'ઉપરિલિખિત અર્થકો બતલાનેવાલા ઔર ભી શ્લોક સુનો :–'** 'પૂજ્યપાદસ્વામી' મહાસમર્થ તત્ત્વજ્ઞાની થયા. એમણે 'તત્ત્વાર્થસૂત્ર'ની ટીકા 'સર્વાર્થસિદ્ધિ' બનાવી. એમણે આ 'ઇષ્ટોપદેશ' (બનાવ્યું છે). હિત ઉપદેશ–હિતકર ઉપદેશ એને કહે છે કે જેમાં પોતાના આનંદની હિત દશા ઉત્પન્ન થાય અને જેમાં પુણ્ય-પાપનો બંધ ન થાય. એવા ઉપદેશને ઇષ્ટ-ઉપદેશ, હિતકર ઉપદેશ, યથાર્થ ઉપદેશ કહેવામાં આવે છે. બીજા ઉપદેશને યથાર્થ નહિ પણ વિપરીત ઉપદેશ કહેવામાં આવે છે. એ કહે છે, જુઓ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**कटस्य कर्ताहमिति, संबन्धः स्याद द्वयोर्द्वयोः।**
**ध्यानं ध्येयं यदात्मैब, संबन्ध कीद्दशस्तदा।।२५।।**

એનો અર્થ. 'પૂજ્યપાદસ્વામી' દૃષ્ટાંત આપે છે. **'મૈં ચટાઈકા બનાનેવાલા હૂં.'** જરી સૂક્ષ્મ વાત છે. **'મૈં ચટાઈકા બનાનેવાલા હૂં' ઇસ તરહ જુદા જુદા દો પદાર્થોંમેં સમ્બન્ધ હુઆ કરતા હૈ.'** તેને વ્યવહાર કહે છે. હું ચટાઈને બનાવનાર છું. ચટાઈ જુદી વસ્તુ અને બનાવનાર જુદો. એમ આત્મામાં નથી.

**'યહાં આત્મા હી ધ્યાન, ધ્યાતા (ધ્યાન કરનેવાલા) ઔર ધ્યેય હો જાતા હૈ, વહાં સંબંધ કૈસા?'** આત્માનો સંબંધ થાય છે. ત્યાં કર્મનો સંબંધ કેવો? સમજાય છે કાંઈ? **'આત્મા હી ધ્યાન,...'** ચટાઈનો કરનાર બીજો અને ચટાઈ જુદી. અહીંયા ધ્યાન કરનારો બીજો અને ધ્યાતા બીજો, એમ નથી. સમજાય છે કાંઈ? ધ્યાતા પણ આત્મા અને ધ્યેય પણ આત્મા છે. શુભ-અશુભ રાગ વિકલ્પ ઉઠે છે, પુણ્ય-પાપના શુભઅશુભભાવ એ ધર્મીનું ધ્યેય નથી. ધર્મીનું એ ધ્યેય જ નથી. એ તો અનાદિનું અજ્ઞાનીએ મિથ્યાદૃષ્ટિમાં ધ્યેય બાંધ્યું છે. ધર્મીનું ધ્યેય પોતાનો આત્મા છે. તો કહે છે કે આત્મા જ ધ્યાન અને આત્મા જ ધ્યાન કરવાલાયક અને ધ્યેય થઈ જાય છે. સાંભળો!

કાલે અર્થ ચાલ્યો હતો. આજે ૨૫ મી ગાથા છે. ભગવાનઆત્મા શુદ્ધ અખંડ આનંદકંદ અનાકુળ શાંતરસનો પિંડ આત્મા છે. એમાં પોતાની વર્તમાન નિર્મળ વિકારરહિત દશા દ્વારા ધ્યાન કરનારો પણ આત્મા અને ધ્યેય પણ આત્મા અને ધ્યાતા પણ આત્મા. ધ્યાતા, ધ્યાન અને ધ્યેયમાં ભેદ પડતા નથી. ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એવા ભેદ પડવા એ પણ વિકલ્પ છે, એ પણ રાગ છે, પુણ્યબંધનું કારણ છે, એ પણ સંવર, નિર્જરા નહિ. સમજાય છે કાંઈ? આચાર્ય મહારાજ એ કહે છે, જુઓ!

**'જહાં આત્મા હી ધ્યાન,...'** ભગવાનઆત્મા ધ્યાન કરવાલાયક અને ભગવાન... આ નિર્વિકલ્પ ધ્યાનની વાત છે. એ જ ધર્મ અને સંવર, નિર્જરા છે. **'આત્મા હી ધ્યાન, ધ્યાતા (ધ્યાન કરનેવાલા) ઔર ધ્યેય હો જાતા હૈ, વહાં સમ્બન્ધ કૈસા?'** ત્યાં બે સંબંધ કેવા? જેમ ચટાઈ બનાવનારો અને ચટાઈ, એમ બે સંબંધ છે. એમ અહીંયા બે નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં સુધી શુભાશુભ રાગના વિકલ્પ ઉત્પન્ન થાય છે અને એમાં ધ્યેય લગાવીને દૃષ્ટિ પડી છે ત્યાં સુધી તો અનાદિનો મિથ્યાદૃષ્ટિ છે ઇ છે. સમજાય છે કાંઈ? જ્યારે એની દૃષ્ટિ આત્માને ધ્યેય બનાવીને પોતાનો અખંડાનંદ પ્રભુ, એક સમયમાં પૂર્ણ શાંતરસનો પિંડ, અનાકુળ સચ્ચિદાનંદ સ્વરૂપ, એકરૂપ છે એમ અંતર દૃષ્ટિ લગાવીને પોતાના આત્માને ધ્યેય બનાવીને, પોતાના ધ્યાનમાં ધ્યાતા એ આત્મા છે, એમાં બેનો સંબંધ ક્યાં આવ્યો? બીજાનો–રાગનો સંબંધ આવ્યો તો ધ્યાન નથી, એ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? જુઓ! એમાં લખ્યું છે. શબ્દનો શબ્દાર્થ કર્યો. હવે વિશદાર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વિશદાર્થ :– 'લોકપ્રસિદ્ધ તરીકા તો યહી હૈ,...'** તરીકા, તરીકાને શું કહે છે? નિયમ. આપણને હિન્દી બહુ નથી આવડતી. લોકપ્રસિદ્ધ નિયમ તો એમ છે કે **'કિસી તરહ ભિન્ન (જુદા જુદા) દો પદાર્થોંમેં સંબંધ હુઆ કરતા હૈ.'** બે પદાર્થ ભિન્ન હોય એમાં સંબંધ થાય. **'જૈસે બાંસકી ખપચ્ચિયોંસે જલાદિકકે સંબંધસે બનનેવાલી ચટાઈકા મૈં કર્તા હૂં–બનાનેવાલા હૂં.'** વાંસની ... નીકળે છે ને? પાણીમાંથી લાવીને બનાવે છે ને? **'યહાં બનાનેવાલા મૈં જુદા હૈ ઔર બનનેવાલી ચટાઈ જુદી હૈ. તભી ઉનમેં કર્તૃકર્મ નામકા સમ્બન્ધ હુઆ કરતા હૈ. ઇસ પ્રકાર સંબંધ દ્વિષ્ટ (દો મેં રહનેવાલા) હુઆ કરતા હૈ. ઇસકો બતલાકર, પ્રકૃતમેં યહ બાત (ભિન્નતા) બિલકુલ ભી નહીં હૈ ઇસકો દિખલાતે હૈં.'** આત્માના સંવર, નિર્જરામાં, ધ્યાતા, ધ્યાન અને ધ્યેયમાં બિલકુલ સંબંધ નથી. ભિન્નતાનો સંબંધ નથી, અભિન્નતાનો સંબંધ છે. આહાહા..! કહો, શેઠ! આજે તમારું હિન્દી ચાલે છે. જુઓ! શું કહે છે?

બનાવનાર અને બનનારી, એ બે વસ્તુ થઈ. અહીં બે નથી. જ્યારે સંવર, નિર્જરા જેટલા પ્રમાણમાં થાય છે, તેટલા પ્રમાણમાં બે નથી. જેટલું લક્ષ બહારમાં જાય તેટલા શુભ કે અશુભ પરિણામ થાય છે, તો શુભાશુભનો બંધ થાય છે. જેટલો અંતર આત્મામાં **'ध्यायते येन, ध्यायति वा यस्तद ध्यानं,'** જુઓ! **'ध्यायते येन, ध्यायति वा यस्तद ध्यानं,'** જે ધ્યાન કરવાલાયક દશા પોતે ધ્યાન. **'ध्यातिक्रियां प्रति करणं कर्ता च'** ધ્યાન કરવામાં કરણ એક અને કર્તા એક પોતાનો આત્મા જ છે. સંવર, નિર્જરાના સાધનમાં કરણ પણ આત્મા, કર્તા પણ આત્મા, ધ્યાન પણ પોતાની પર્યાય. જુઓ!

**'જિસકે દ્વારા ધ્યાન કિયા જાય અર્થાત્ જો ધ્યાન કરનેમેં કરણ હો–સાધન હો ઉસે ધ્યાન કહતે હૈં.'** જરી સૂક્ષ્મ વાત છે. એને ઇષ્ટ ઉપદેશ કહે છે. જે ઉપદેશમાં ભેદથી અને પુણ્યથી પોતામાં ધર્મ–સંવર થાય છે, એમ માનવું, કહેવું એ ભગવાનના ઉપદેશથી અહિતકર ઉપદેશ છે, તત્ત્વથી વિરૂદ્ધ ઉપદેશ છે. આ અવિરૂદ્ધ ઉપદેશ ઇષ્ટ ઉપદેશ છે.

ભગવાન 'પૂજ્યપાદસ્વામી' 'કુંદકુંદાચાર્ય' પછી (થયા). ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો સંવત ૪૯માં થયા. પછી 'સમંતભદ્રાચાર્ય' મહાસંત આત્મધ્યાની, જ્ઞાની, આત્માના અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા. ક્ષણે ક્ષણે છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું. ક્ષણમાં એક અંતર્મુહૂર્તમાં હજારો વાર (આવે). અતીન્દ્રિય આનંદનો અનુભવ સાતમામાં (કરે છે) અને છઠ્ઠે જરી આવી જાય તો પ્રમત્તનો વિકલ્પ આવે છે. એ કેટલો? પોણી સેકંડની અંદર. પોણી સેકંડથી અંદરના ભાગમાં છઠ્ઠું ગુણસ્થાન હોય છે. પછી તરત સાતમું ગુણસ્થાન આવી જાય છે. એવા મુનિને ભાવલિંગ–સમ્યગ્દર્શન, અનુભવ થયો એ ઉપરાંત છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવ્યું તો એમાં હજારો વાર અંતર્મુહૂર્તમાં આવે છે, જાય છે, એમણે આ પુસ્તક બનાવ્યું છે. સમજાય છે કાંઈ?

એ કહે છે, સાંભળ ભાઈ! હિતની વાત–ઇષ્ટ ઉપદેશ. **'કરણ હો–સાધન હો ઉસે ધ્યાન કહતે હૈં.'** કહો, સમજાય છે કાંઈ? પોતાનો આત્મા... શરીર, વાણી, મન આ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજીવ છે. કર્મ પણ અજીવતત્ત્વ છે. સાત તત્ત્વ છે ને? સાત. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. આ અજીવ શરીર, કર્મ, વાણી એ તો અજીવતત્ત્વ છે. એ અજીવની પર્યાય અજીવ, અજીવના ગુણ અજીવ, અજીવનું દ્રવ્ય અજીવ. એમાં આત્મા જરીયે નથી. અને પોતાની પર્યાયમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધના ભાવ થાય એ પાપ આસ્રવતત્ત્વ છે. એ પાપ આસ્રવતત્ત્વ છે. અને જેટલા દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપ, જાત્રાનો વિકલ્પ ઉઠે છે તેટલું પુણ્યરૂપી આસ્રવતત્ત્વ છે. સાત તત્ત્વ સમજવા પડશે કે નહિ? ભાઈ! એ પુણ્ય અને પાપ તત્ત્વથી જુદું જ્ઞાયકતત્ત્વ આત્મા છે. સાત થાય છે કે નહિ?

આત્મા, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, અજીવ. શરીર, કર્મ, વાણી તો અજીવતત્ત્વ છે. અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવમાં છે, પોતામાં નથી. એની પર્યાયથી પોતામાં લાભ થતો જ નથી. પોતાની પર્યાયમાં જેટલા શુભ અને અશુભભાવ થાય તેટલો પુણ્ય-પાપનો બંધ થાય છે. એનાથી ધર્મ નથી. સંવર, નિર્જરા કઈ રીતે થાય છે, એ વાત ચાલે છે. આસ્રવ, પુણ્ય–પાપના પરિણામથી બંધ થાય છે. તો પુણ્ય-પાપ આસ્રવ છે, બંધ છે, અજીવ છે. અને સંવર, નિર્જરા, મોક્ષ ત્રણ રહ્યા અને આત્મા રહ્યો.

અહીંયા કહે છે કે આત્મા કોને કહે છે? અખંડ આનંદકંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ, તેની અંતર દૃષ્ટિ પહેલા થઈ તો ધ્યાનનું કરણ પણ આત્મા થાય છે. સમજાય છે કાંઈ? સાધન આત્મા. ભાઈ! આહાહા..! લોકો કહે છે કે કષાયની મંદતા ધર્મનું સાધન છે. નહિ. અહીંયા ઇષ્ટોપદેશ (ના કહે છે). છે કે નહિ? ભાઈ! જુઓ! એ.. શેઠ! આ વાત પહેલા આવી ગઈ છે, ૨૪માં આવી ગઈ છે. ૨૫માં એનો ખુલાસો કરે છે. કર્તા, કરણ શું?

આત્માનો ધર્મ સંવર, નિર્જરા છે એમાં કર્તા કોણ? સાધન કોણ? ધ્યાન કરનાર કોણ? ધ્યાન કોણ? સમજાય છે કાંઈ? 'પૂજ્યપાદસ્વામી' મહાસંત, છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા મહામુનિ! સર્વજ્ઞ પરમાત્મા સ્વીકારે એવા. એ ફરમાવે છે કે આને અમે ઇષ્ટોપદેશ કહીએ છીએ. આત્મા પોતાના સ્વરૂપનું સાધન બને છે. રાગ નહિ, વ્યવહાર નહિ, નિમિત્ત નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પુસ્તક છે? ભાઈ! એમાં છે, જુઓ!

**'ધ્યાન કરનેમેં કરણ હો–સાધન હો ઉસે ધ્યાન કહતે હૈં.'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ સંવત ૪૯માં થયા. એ તો 'સીમંધર' ભગવાન પાસે ગયા હતા. સમજાય છે કાંઈ? મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે. સાક્ષાત્ કેવળજ્ઞાની તીર્થંકરદેવ પાસે એ ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. આત્માનું ધ્યાન, જ્ઞાન, અનુભવ તો થયા હતા પણ ત્યાં જઈને બહુ અનુભવ કરીને, સ્પષ્ટ કરીને આવ્યા અને પછી આ શાસ્ત્ર બનાવ્યા. પોન્નુર હિલ. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ વંદેવાસ છે. વંદેવાસથી પાંચ માઈલ પોન્નુર હિલ છે. ત્યાં અમે ગયા હતા. પોન્નુર હિલમાં તેઓ રહેતા હતા, ધ્યાન કરતા હતા. ત્યાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન પાસે ગયા હતા. તેમની પાસે અંતરમાં આનંદની લબ્ધિ હતી. પુણ્યની પ્રકૃતિ આ પ્રકારની હતી. ત્યાં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને 'સમયસાર', 'પ્રવચનસાર' આદિ બનાવ્યા છે. આ 'પૂજ્યપાદસ્વામી' એમના પછી થયા. 'કુંદકુંદાચાર્ય' પછી (પૂજ્યપાદસ્વામી) થયા.

એ કહે છે કે, ઇષ્ટ ઉપદેશ કોને કહેવો? હિતકર પ્રિય, સત્ય ઉપદેશ કોને કહેવો? કે સંવર, નિર્જરામાં પોતાનો આત્મા જ સાધન થાય એનું નામ ઇષ્ટ ઉપદેશ–હિત ઉપદેશ છે. શેઠી! **'ધ્યાન કરનેમેં કરણ હો–સાધન હો ઉસે ધ્યાન કહતે હૈં.'** કહો, સમજાય છે કાંઈ? ઓહો..! ભાઈ! પ્રભુ! આત્મા તો આખો શુદ્ધ આનંદકંદ સ્વરૂપ છે. એકલો અનાકુળ આનંદસ્વરૂપ આત્મા છે. જેવો સિદ્ધનો આનંદ છે એવો જ આત્મા છે. અને પુણ્ય-પાપના જેટલા વિકલ્પ, વ્રત, અવ્રતના વિકલ્પ ઉઠે છે એ બધા બંધનું કારણ, આસ્રવ છે. એનાથી રહિત ભગવાનઆત્મા પોતાનું સાધન બનાવીને, સ્વભાવનું સાધન બનાવીને, એમાં બીજું કરણ નથી. આહાહા..! ચૈતન્યસ્વરૂપ તદ્દન ભિન્ન.

જેમ શ્રીફળમાં ગોળો છૂટો છે. શ્રીફળ કહે છે ને? નારિયેળ. નારિયેળમાં જેવો સફેદ ગોળો હોય ને? ધોળો, સફેદ. એ ભિન્ન છે. છાલા ભિન્ન છે, કાચલી ભિન્ન છે. અને કાચલી ફરતે રાતડ હોય ને? રાતડ. ટોપરાપાક કરે ત્યારે છોલે છે ને? શું કહે છે? છીલકા. એ રાતડ ભિન્ન છે અને અંતરનો સફેદ ગોળો ભિન્ન છે. એમ આ દેહ તો બહારનું છોતરું છે. બહારમાં હોય ને? શું કહેવાય? છાલા.. છાલા. આ છાલા છે. અને આઠ કર્મના રજકણ એ કાચલી છે. પુણ્ય ને પાપ અને શુભ ને અશુભભાવ જે કરે છે એ આસ્રવ–રાતડ છે. આસ્રવતત્ત્વ છે. કાચલી અને છાલા ભિન્ન તત્ત્વ છે. આ શરીર અને કર્મ અજીવતત્ત્વ છે. અને પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના વિકલ્પ ઉઠે એ બધા કાચલી બાજુની રાતડ છે, એ આત્મા નહિ. એનાથી આત્માને બિલકુલ લાભ નથી. સમજાય છે કાંઈ? એનું નામ ભગવાન 'પૂજ્યપાદસ્વામી' હિત ઉપદેશ કહે છે. આહાહા..!

કહે છે, **'જિસકે દ્વારા ધ્યાન કિયા જાય અર્થાત્ જો ધ્યાન કરનેમેં કરણ હો–સાધન હો..'** કોના દ્વારા થાય? ભાઈ! પ્રભુ! તારી ચીજ તો અંદર ગોળો ભિન્ન છે. જેમ શ્રીફળમાં સફેદાઈ અને મીઠાશનો સફેદ ગોળો ભિન્ન છે. એમ ભગવાન તારી ચીજ કર્મથી ભિન્ન છે, પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી પણ ભિન્ન છે. એવી વસ્તુમાં આનંદ અને શુદ્ધતા પડી છે. ધોળી નામ શુદ્ધતા અને આનંદ નામ મીઠાશ. એવો પોતાનો સ્વભાવ ધ્યાન કરવામાં કરણ છે. એ સ્વભાવિક સાધન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનું નામ સંવર, નિર્જરા છે. એ સ્વભાવ સાધન છે.

આત્મામાં કરણ નામનો ગુણ અનાદિથી છે. આત્મામાં અનંતગુણ છે. અનંતજ્ઞાન, દર્શન, આનંદ છે એમ આત્મામાં અનાદિઅનંત ષટ્કારક ગુણ પડ્યા છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપાદાન, અધિકરણ એવા છ ગુણ અનાદિઅનંત આત્મામાં છે. શુદ્ધ છે. એ કરણ નામનો ગુણ–સ્વભાવ અંદર છે. શુદ્ધ છે. રાગ અને વિકલ્પથી હટીને પોતાનો સ્વભાવ શુદ્ધ સ્વભાવનું સાધન કરવાથી જે થાય તેને ધ્યાન કહે છે, ભાઈ! રાગનું લક્ષ કરીને ધ્યાન કરે છે એ ધ્યાન જ નથી. તેનું નામ સંવર, નિર્જરા છે જ નહિ, એમ કહે છે. આહાહા..! ભારે કઠણ જગતને.

અનંતકાળ થયો એણે સમ્યગ્દર્શન શું ચીજ છે એ કદી સાંભળ્યું નથી. સમજાય છે કાંઈ? અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર. પણ આત્મા શું? સમ્યગ્દર્શન શું? અને સમ્યગ્દર્શનનો વિષય શું છે? એ કદી એણે લક્ષમાં લીધું જ નથી. એમ ને એમ અનંતકાળ જિંદગી ગુમાવી. સમજાય છે કાંઈ? આહાહા..! એ કહે છે, ભગવાન! તારા સ્વરૂપમાં તો શાંતિ અને આનંદ ભર્યા છે ને! એ જ તારું સાધન છે. ધ્યાનમાં એ સાધન છે. આહાહા..! શરીરની ક્રિયા તો જડ છે, આ તો જડ પર્યાય છે. હાલે, ચાલે છે એ જડપર્યાય છે, આત્માની નથી, આત્મા કરતો નથી. આ હલનચલન આત્મા ત્રણકાળમાં કરતો નથી. એ જડની પર્યાય છે. અને શુભાશુભભાવ થાય છે તેનો કર્તા માને છે એ મિથ્યાદૃષ્ટિ, મૂઢ, અજ્ઞાની છે. તેને સંવર, નિર્જરા નથી. કહે છે કે, એ સાધન નથી તો સાધન છે શું? સંવર, નિર્જરાનું સાધન શું?

કહે છે, ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી વસ્તુમાં તો અનંત શક્તિઓ છે. જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન (આદિ). આપણે 'આત્મપ્રસિદ્ધિ'માં આવી ગયું છે. વ્યાખ્યાન બધા આવી ગયા છે. ઘણું સ્પષ્ટ આવ્યું છે. ભગવાનઆત્મામાં એક પરમેશ્વરશક્તિ પડી છે. શું કહ્યું? આત્મામાં એક પરમેશ્વરશક્તિ પડી છે–પ્રભુતાશક્તિ છે. જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ. સાતમી શક્તિ છે. ૪૭ શક્તિઓ છે. આત્મામાં અનંત શક્તિ છે એમાંથી ૪૭ શક્તિ ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' વર્ણવી. કેટલું વર્ણન કરી શકે?

કહે છે કે અંદરમાં પ્રભુતા નામનો એક ગુણ અનાદિઅનંત પડ્યો છે અને એની સાથે કરણ નામનો ગુણ અંદર પડ્યો છે. આત્મામાં સાધન નામની શક્તિ છે. એ પોતાના સ્વભાવનું સાધન બનાવીને ધ્યાન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહે છે, જુઓ! **'ધ્યાન કરનેમેં કરણ હો–સાધન હો ઉસે ધ્યાન કહતે હૈં.'** એને ધ્યાન કહેવામાં આવે છે. કહેવામાં આવે છે એને શું કહે છે? કહનેમેં આતા હૈ. સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્ય! આ તો મુનિ જે થયા, આત્મજ્ઞાની, ધ્યાની છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. બધાનું કથન તો એક જ હતું. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. બીજો કોઈ પંથ છે નહિ. મહા સંત આત્મજ્ઞાની, ધ્યાની અમૃતનો અનુભવ (હતો). ક્ષણે ક્ષણે અંદર અતીન્દ્રિય આનંદનું, ચૈતન્યનું પૂર પડ્યું છે. અતીન્દ્રિય આનંદનો આત્મા સાગર ભર્યો છે. જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે આત્માનો અનુભવ થાય છે. પછી મુનિ થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદની અંદર રેલમછેલ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ કહે છે કે, અમારું ધ્યાન, જેને સંવર, નિર્જરા કહે છે, જેને ધર્માત્માનો ધર્મ કહે છે એ કઈ રીતે થાય છે? કે પોતાના સાધનથી થાય છે. સમજાય છે કાંઈ? ભગવાનની સ્તુતિ એક બાજુ રહી ગઈ, ભગવાન સાક્ષાત્ એક બાજુ રહી ગયા, એ પણ સાધન નહિ. આ ભગવાન પ્રત્યે ભક્તિનો શુભરાગ છે એ પણ સાધન નથી, એ તો આસ્રવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! હો, વિકલ્પ હોય છે, પુણ્ય હોય છે, અશુભથી બચવા શુભભાવ આવે છે. એ સંવર, નિર્જરા નથી, ધર્મ નથી. ધર્મ તો પોતાના સાધનને ધ્યાન અને ધર્મ કહે છે. કેટલાક કહે છે ને? ધ્યાનમાં આવવું, ... લેવું. 'જ્ઞાનાર્ણવ'માં આવે છે ને? એ તો વિકલ્પની જાત છે. આમ કરવું, આમ કરવું શું? આમ થાય. આ વસ્તુ ભગવાન.. એનું નામ સંવર, નિર્જરા છે. આમ વિકલ્પ કરે ને ભગવાન આવા છે ને પછી ચિંતવે, કમળ ચિંતવે એ બધો વિકલ્પ છે. એ તો પુણ્યાસ્રવ છે, એ સંવર, નિર્જરા નથી. સમજાણું કાંઈ?

કહે છે, ધ્યાન કરવામાં, પોતામાં એકાગ્ર થવામાં જે કરણ થાય, જે પોતાનું સાધન થાય તેને ધ્યાન કહે છે. **'तथा जो ध्याता है–ध्यानका कर्ता है उसे भी ध्यान कहते हैं,...'** અભેદ કીધુંને. ધ્યાન કરનારો આત્મા, ધ્યાનની પર્યાય પણ આત્મા. નિર્મળ, નિર્વિકારી આનંદનો અનુભવ અને ધ્યાનનું સાધન પણ આત્મા. ઓહોહો..! સમજાણું કાંઈ? એ ક્રિયા ને કરણ-સાધન છે. ધ્યાનની ક્રિયાનું કરણ પણ પોતે, સાધન પણ પોતે, ક્રિયા પણ પોતે અને ધ્યાતા પણ પોતે.

આ સર્વજ્ઞ પરમાત્મા સિવાય વીતરાગ જિનેશ્વર સિવાય અન્યમતમાં વેદાંતી આદિ વાત કરે છે, આત્મા આવો, એ બધી કલ્પનાની વાત છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેમણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ જોયા છે, એમની દિવ્યધ્વનિમાં આમ આવ્યું, એવો જ ઉપદેશ સંતો કરી રહ્યા છે. આ ઉપદેશને સત્ય ઉપદેશ કહે છે. જે ઉપદેશમાં એમ આવે કે શુભભાવ કરતા કરતા કલ્યાણ થઈ જશે, શુભભાવ સંવર, નિર્જરા છે એ ભગવાનનો ઉપદેશ નહિ. સમજાય છે કાંઈ? એ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવનો ઉપદેશ નહિ. વીતરાગદેવનો ઉપદેશ વીતરાગભાવથી ચાલે છે, રાગથી નહિ. રાગથી લાભ થશે, શુભભાવથી લાભ થશે એ ઉપદેશ વીતરાગદેવનો નહિ. વીતરાગદેવના વિરોધીનો એ ઉપદેશ છે.

કહે છે, ભગવાન! સાંભળ તો ખરો. તારે કોઈ ક્રિયા કરવી છે કે નહિ? શું કરવી છે ક્રિયા? જુઓ! **'ध्यातिक्रियां प्रति करणं'** ધ્યાનની ક્રિયા છે ને? એ ધ્યાનની ક્રિયા થાય છે ને અંદરમાં? પુણ્ય-પાપના વિકલ્પ એ તો વિભાવક્રિયા છે. શરીર, વાણીની ક્રિયા એ તો જડક્રિયા છે. પોતામાં અંદર આત્મા ચિદાનંદ આનંદકંદને પકડીને અનુભવ કરીને ધ્યાનની ક્રિયા જે નિર્મળ અનુભૂતિ છે તે ક્રિયામાં કર્તા આત્મા છે અને ધ્યાન પણ આત્મા છે અને કર્તા પણ આત્મા છે, સાધન પણ આત્મા છે. ઓહોહો..! ષટ્કારક છે ને? ષટ્કારક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. કર્તા પણ આત્મા, કરણ પણ આત્મા, પોતાની શુદ્ધતા પ્રગટ થઈને આનંદને દેનારો પણ આત્મા, લેનાર પણ આત્મા-સંપ્રદાન, કર્તા, કર્મ–કર્મ એટલે કાર્ય. પોતાનું શુદ્ધ સ્વરૂપ, પુણ્ય-પાપના વિકલ્પથી પાર પ્રભુ, એવા આત્માનો અંદર અનુભવ કરીને જે શુદ્ધ કાર્ય થાય છે, આનંદનું કાર્ય થાય છે, અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે એ આત્માનું કામ છે. એ આત્માનું કાર્ય છે. પુણ્ય-પાપના પરિણામ એ આત્માનું કાર્ય નહિ. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે, ધ્યાતા ધ્યાનને કરનારો છે તેને પણ ધ્યાન કહે છે. **'જૈસા કિ કહા ભી હૈ–'** 'ध्यायते येन तद् ध्यानं-' છે ને? **'ધાતુકા વ્યાપ્ય હો અર્થાત્ જો ધ્યાયા જાવે, ઉસે ધ્યેય કહતે હૈ. પરંતુ જબ આત્માકા પરમાત્માકે સાથ એકીકરણ હોનેકે સમય, આત્મા હી ચિન્માત્ર હો જાતા હૈ,...'** આહાહા..! પરમાત્મા એટલે? બીજા પરમાત્મા નહિ, હોં! નિજ પરમ સ્વરૂપ. પરમ આત્મા. નિજ પરમ સ્વરૂપ. આત્મા એટલે સ્વરૂપ. પરમ એટલે પોતાનું પરમ નિજ સ્વરૂપ. પુણ્ય-પાપના વિકલ્પ ઉદયભાવ છે, બંધભાવ છે. એ સંવર, નિર્જરા નથી. અને એક સમયની પર્યાય છે તેમાંથી નવી પર્યાય આવતી નથી. પરમ સ્વરૂપ, એક સમયની પર્યાય છે તે પણ પરમ સ્વરૂપ નહિ. પરમ સ્વરૂપ, એક સમયની પર્યાયની પાછળ શુદ્ધ ધ્રુવ અંદર અનંત આનંદનો કંદ છે, તેનું નામ અહીંયા આત્માનું પરમાત્માની સાથે એકીકરણ કહેવામાં આવ્યું છે. આહાહા..!

જે નિર્મળ પર્યાય, પરમ સ્વરૂપ નિજ પરમાત્મા સાથે મળી ગઈ.. સમજાય છે કાંઈ? **'એકિકરણ હોનેકે સમય આત્મા હી ચિન્માત્ર હો જાતા હૈ,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાન સૂર્ય. જ્ઞાનસૂર્ય. ચૈતન્યસૂર્ય આત્મા એકલો ધ્યાનમાં હોય છે. એનું નામ સંવર, નિર્જરા છે. આહાહા..! આ તો 'ઇષ્ટોપદેશ' ચાલે છે, શેઠી! **'જબ આત્માકા પરમાત્મા કે સાથ...'** ભગવાન પોતાની નિર્મળ નિજ પર્યાય, વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી અવિકારી, હોં! તેનાથી પરમાત્મા એટલે પરમ સ્વરૂપ ભગવાનઆત્મા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવીને જે ધ્યાન થાય છે. તેના એકીકરણ સમયે વર્તમાન નિર્મળ આનંદની પર્યાયમાં, પૂર્ણાનંદની સાથે એકીકરણ થાય છે ત્યારે **'આત્મા હી ચિન્માત્ર હો જાતા હૈ,...'** ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનો ભેદ રહેતો નથી. એકલો સૂર્ય, ચૈતન્યસૂર્ય. ભગવાન ચૈતન્યસૂર્ય, એવા અનુભવમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એવા ત્રણનો ભેદ પણ રહેતો નથી. એ દશાને સંવર અને નિર્જરા કહે છે. આહાહા..! કઠણ પડે એને, અનંતકાળથી એણે કર્યું નથી, સાંભળ્યું નથી. યથાર્થ વાત (સાંભળી નથી).

'સમયસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, શ્રુત, પરિચિત, અનુભૂતા. અનંતકાળથી તો શુભરાગ કરવો અને શુભનું ફળ ભોગવવું, બસ! એ વાત એણે કરી છે અને સાંભળી છે. અનંતકાળથી. પણ એ રાગ અને વિકલ્પથી ભિન્ન ભગવાનઆત્મા, નિર્વિકલ્પ ચિદાનંદમૂર્તિ પ્રભુ, વીતરાગી બિંબ, જેમાં આત્મા એકલો આનંદકંદ અને શુદ્ધ પરમાત્મસ્વરૂપ જ છે. એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકાકાર થવું એ વાત એણે એક સેકંડ પણ સાંભળી નથી. ઓહોહો...! 'સમયસાર' શ્રુત, પરિચિત આવે છે ને? **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।'** ભગવાનઆત્મા, શુભઅશુભરાગથી ભિન્ન અને પોતાના શુદ્ધસ્વરૂપથી એકીકરણ, એનું નામ એકીકરણ. ત્યાં કહ્યું છે એ જ વાત અહીંયા કહે છે. ભગવાનઆત્મા **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।'** કામ એટલે રાગ. ઇચ્છા, કોઈપણ ઇચ્છાનું કરવું અને ઇચ્છાનું ભોગવવું એ વાત અનાદિથી અજ્ઞાનીએ સાંભળી છે. ઇચ્છા રાગ છે, શુભભાવ છે. તેનાથી ભિન્ન પોતાનો આત્મા, રાગથી ભિન્ન પોતાનું એકત્વ. **'एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।'** રાગ ને વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન ભગવાનઆત્મા છે એ વાત એણે એક સેકંડ પણ અનંતકાળમાં સાંભળી નથી. સમજાય છે કાંઈ? .. ક્યાંથી થાય? સાંભળી નથી, પરિચય કર્યો નથી. બે-ત્રણ બોલ છે. **'सुदपरिचिदाणुभूदा'** સાંભળી નથી, અભ્યાસમાં લીધી નથી, અનુભવ તો થયો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, જ્યારે આત્મા... પરની સાથે સબંધ જ નથી. **'તબ સંયોગાદિક પ્રકારોંસે દ્રવ્યકર્મોંકે સાથ આત્માકા કૌન-સે પ્રકારકા સંબંધ હોગા?'** આહાહા..! શું કહે છે? જુઓ! .... નિર્જરાની સાથે.. કહે છે, ધ્યાન રાખો! બહુ ગૂઢ વાત છે. આત્મા પોતાનું ધ્યાન, પોતાના સ્વરૂપના ધ્યેયમાં જેટલું ધ્યાન થાય એ સમયે કર્મના ઉદયનું લક્ષ પણ નથી, સંબંધ જ નથી. સંબંધ નથી તો એની નિર્જરા કેમ કહે છે? એમ કહે છે. ભગવાનઆત્મા પોતાના નિજાનંદ ભગવાનસ્વરૂપમાં દૃષ્ટિ કરીને લીન છે ત્યારે તો કર્મના ઉદયનો સંબંધ જ નથી, સંબંધ તો અહીંયા લાગી ગયો છે. આત્માની સાથે એકીકરણ થયું છે તો એ સમયે તો કર્મના નિમિત્તનો સંબંધ જ નથી. જેટલું સ્વભાવમાં એકીકરણ થયું છે તેટલી સંવર, નિર્જરા છે. એ સંવર, નિર્જરામાં કર્મની નિર્જરા કરી .... એ સમયે કર્મના નિમિત્તનો સંબંધ તો છે જ નહિ. સંબંધ નથી તો સંબંધ છૂટ્યો કઈ રીતે કહેવાય? આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. કાલે આપણે આવી ગઈ છે. આ એનો શ્લોક છે. એ જ કહે છે ને? **'ઉપરિલિખિત અર્થકો બતલાનેવાલા ઔર ભી શ્લોક સુનો..'** એને દૃઢ કરે છે.

શું કહે છે ભગવાન? ભગવાન! તું તો પરમાત્મા છો, હોં! પ્રભુ! તું ના નહિ પાડતો કે આમ નહિ, આમ નહિ, આમ નહિ. પ્રભુ! તું તો અંદર પરમાત્મા છો. વિકલ્પ ઉઠે છે એ વિકાર, દોષ છે. એનું લક્ષ છોડી દે. આ શરીર તો માટી–ધૂળ છે. આઠ કર્મ તો અજીવ છે. અને તારો આત્મા, જ્યારે આત્મા સાથે લક્ષ લગાવી દીધું, એનો અર્થ શું થયું? સંવર, નિર્જરા ક્યારે થાય છે? બધી તરફનું લક્ષ, ધ્યેય છોડીને, પુણ્યનો વિકલ્પ, ઉદયનું લક્ષ અને બહાર નોકર્મ, ત્રણેનું લક્ષ છોડીને. નોકર્મ એટલે ભગવાન સાક્ષાત્ હોય તો પણ લક્ષ છોડીને. અને એ તરફના વિકલ્પનું લક્ષ છોડીને. સમજાય છે કાંઈ? એ ભાવકર્મ. દ્રવ્યકર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંદર એ દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મ. નોકર્મ ભગવાન સર્વજ્ઞ સાક્ષાત્ હોય તો પણ સામે સંબંધ કરીને લક્ષ કરવું એ શુભરાગ છે એને છોડીને. અને જે વિકલ્પ આવ્યો એ ભાવકર્મ. એનું લક્ષ છોડીને. વિકલ્પમાં તો કર્મના નિમિત્તનો સંબંધ હતો. એનું પણ લક્ષ છોડીને. નોકર્મ ભગવાન આદિ. દ્રવ્યકર્મ કર્મનો ઉદય. ભાવકર્મ વિકલ્પ. એનું લક્ષ છોડીને અહીંયા લક્ષ આપ્યું તો કહે છે કે એ સમયે કર્મના ઉદયનું તો લક્ષ જ નથી, તો સંબંધ ક્યાંથી આવ્યો? શેઠ! સમજાય છે કે નહિ? એમ નહિ ચાલે, સમજવું પડશે. હા, એમ નહિ ચાલે. આહાહા..! જુઓ! આચાર્યોએ શું કહ્યું? અંતરની દૃષ્ટિની વાત ખબર નથી, હજી તો સાંભળ્યું નથી કે શું ચીજ છે?

કહે છે, અહો..! **'સંયોગાદિક પ્રકારોંમેંસે દ્રવ્યકર્મોંકે સાથ આત્માકા કૌન-સે પ્રકારકા સમ્બન્ધ હોગા?'** ભગવાન! અમે તો તને કહીએ છીએ, પ્રભુ! પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ, એમાં જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિથી લક્ષ લગાવી દીધું, પોતાના આત્માની નિર્મળ વીતરાગી પર્યાયથી પરમ સ્વરૂપમાં એકાકાર એકીકરણ થયું તો સાધન પણ પોતે, ધ્યાતા પણ પોતે અને કર્તા પણ પોતે થયો. એમાં કર્મના ઉદયનો સંબંધ રહ્યો ક્યાં? એ સંવર, નિર્જરાના કાળમાં શું કર્મના ઉદયનો સંબંધ હતો? એનો સંબંધ હતો તો આ બાજુ સંબંધ નથી રહેતો. આહાહા..! ભગવાન! તારું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં પણ પોતાનું ધ્યેય આત્મા છે. ત્યાં પણ કર્મના નિમિત્તનો સંબંધ નથી. આહાહા..! ભગવાનઆત્મા પોતાની સચ્ચિદાનંદ મૂર્તિ આનંદમાં જ્યાં ધ્યાન આવ્યું, તો કહે છે, ત્યાં કર્મનો મિથ્યાત્વનો ઉદય છે, તેનો સંબંધ ક્યાં રહ્યો? ત્યાં મિથ્યાત્વની નિર્જરા થઈ એમ કેમ કહેવાયું? સંબંધ જ નથી તો નિર્જરા ક્યાંથી આવી? આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ! 'પૂજ્યપાદસ્વામી'એ પણ ખેંચ્યું છે અંદરનું.

ભગવાન! તારી ચીજમાં જ્યાં લક્ષ આવ્યું, સમ્યગ્દર્શનમાં પણ પોતાના અનુભવમાં, જ્ઞાનઘનમાં એકીકરણ થયું છે તો ત્યાં કર્મમાં દર્શનમોહનો ઉદયનો સંબંધ હતો અને દર્શનમોહની નિર્જરા થઈ, એમ ક્યાંથી આવ્યું? સંબંધ હતો? સંયોગ હતો તો વિયોગ થયો? સંયોગ છે નહિ ને નિર્જરા થઈ કેમ કહેવું? આહાહા..! બહુ ઝીણું. આ વીતરાગી તત્ત્વ છે, ભાઈ! સમજાય છે કાંઈ? ઓહોહો..!

**'સંયોગાદિક...'** સંયોગ આદિ કોઈપણ સંબંધ. નિમિત્ત-નિમિત્ત સંબંધ લ્યો. ક્યાં રહ્યો? કોઈ કહે કે આત્માની પર્યાયમાં સંવર, નિર્જરા થઈ. ત્યારે કર્મનો સંયોગ હતો. સંયોગ હતો તો સંવર, નિર્જરા કઈ રીતે થઈ? સંવર, નિર્જરાના કાળમાં તો પોતાનું ધ્યેય આત્મા સાધન છે. સંવર, નિર્જરા નિર્મળ વીતરાગી પર્યાય મોક્ષનો માર્ગ ઉત્પન્ન થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ. તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્વિકારી વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાય કોના લક્ષે ઉત્પન્ન થાય છે? કોના ધ્યેયથી (ઉત્પન્ન થાય છે)? એ સમયે ધ્યેય તો દ્રવ્યનું છે. ભગવાન પરમસ્વરૂપનું ધ્યેય છે, ત્યાં એકીકરણ થયું છે. ત્યાં નિમિત્ત ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષ નથી. કર્મનો સંબંધ હતો અને કર્મની નિર્જરા થઈ. સંયોગ હોય તો વિયોગ કહે છે. સંયોગ જ નથી તો એનો વિયોગ ક્યાંથી થયો? આહાહા..! તમે નહોતા. એ અધિકાર ઘણો આવી ગયો. આહાહા..! ભારે ભાઈ.

ભગવાન! કહે છે કે, જેનો સંયોગ હોય તેનો વિયોગ કહેવામાં આવે છે કે આ સંયોગ થયો તો એનો વિયોગ કહેવામાં આવે. પણ ભગવાન! તારી ચીજ જ જ્યાં પરમાનંદની જ્યોત, અખંડાનંદને જ્યાં દૃષ્ટિમાં અંતરમાં ધ્યેય બનાવ્યો, તો એ ધ્યેયમાં નિમિત્ત કર્મના ઉદયનો સંબંધ જ નથી. એ કર્મની નિર્જરા થઈ એમ કેમ કહેવામાં આવે છે? **'અધ્યાત્મયોગસે કર્મકી શીઘ્ર નિર્જરા હો જાતી હૈ. યહ બાત પરમાર્થસે કહી જાવે.'** કઈ રીતે સમજ્યા? **'જિસસે કિ અધ્યાત્મયોગસે કર્મકી શીઘ્ર નિર્જરા હો જાતી હૈ. યહ બાત પરમાર્થસે કહી જાવે.'** જેનાથી કોઈ સંબંધ નથી પણ **'અધ્યાત્મયોગસે કર્મકી શીઘ્ર નિર્જરા હો જાતી હૈ. યહ બાત પરમાર્થસે કહી જાવે.'** કઈ રીતે થાય છે? પરમાર્થે નથી. શું કહ્યું સમજાણું?

આચાર્ય મહારાજ નિર્જરા તત્ત્વને સિદ્ધ કરવા માગે છે. ભાવનિર્જરા. તો ભાવનિર્જરા એને થાય છે કે જેણે પોતાના ધ્યેયમાં આનંદકંદમાં દૃષ્ટિ લગાવી છે. કહે છે, અધ્યાત્મયોગથી આત્મધ્યાનથી, નિજ સ્વભાવના આશ્રયે ધ્યાન થયું એ અધ્યાત્મયોગથી કર્મની નિર્જરા થઈ એ પરમાર્થે કઈ રીતે કહેવામાં આવે છે? આહા..! સમજાય છે કાંઈ? જુઓ! જરી સૂક્ષ્મ વાત છે, હોં! શું સૂક્ષ્મ છે? પણ તમે તો 'જયપુર' રહો છો. આ વાત સૂક્ષ્મ આવી ગઈ છે. સવારે ઘણી ચાલી હતી. ચોવીસમો કળશ ચાલ્યો ને? એનો આધાર આપીને ૨૫માં આચાર્ય મહારાજ લે છે.

ભાઈ! આહાહા..! શું કહે છે? કોઈપણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે એ પર્યાયમાં લક્ષ તો દ્રવ્ય છે, તો જ થાય છે. શુભાશુભ પરિણામ કરણ નહિ, નિમિત્ત કરણ નહિ, કર્મનું મંદપણું નિમિત્ત નહિ, કષાયની મંદતાનું નિમિત્ત નહિ. ત્યારે જ્યારે મોક્ષમાર્ગની પર્યાય ધ્યેયથી અંદર થાય છે તેમાં વર્તમાન કર્મનો સંબંધ તો રહ્યો નહિ. અને અધ્યાત્મયોગથી પરમાર્થથી કર્મની નિર્જરા થઈ એમ કઈ રીતે કહેવામાં આવે છે? વ્યવહારથી કહેવામાં આવે છે. પૂર્વનું કર્મ હતું એ વર્તમાનમાં છૂટી ગયું, સંબંધ ન કર્યો તો છૂટી ગયું તો કર્મની નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે. સંબંધ જ સંયોગ જ ન થયો તો વિયોગ ક્યાંથી થયો? આહાહા..! ઝીણી વાત કરે છે ને? ભાઈ!

ખરેખર તો એ વાત છે, લોકોની ભ્રમણા છે કે નિર્જરા કંઈક અપવાસ કરીએ તો થાય, ફલાણું કરીએ તો થાય, ધૂળ કરીએ તો થાય. બધી જૂઠી મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. 'પૃથ્વીચંદજી'! .... આહાહા..! ભગવાન! અહીં તો ભગવાનઆત્માને ભગવાન જ કહીને બોલાવે છે. એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! સંવરના એક અંશની ઉત્પત્તિ અને ભાવનિર્જરાની એક ભાગ ઉત્પત્તિ, એમાં કર્મ, નોકર્મ, ભાવકર્મનું લક્ષ છે જ નહિ. પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભગવાન નિજ આત્મા, પરમાનંદમૂર્તિ, એને અંતર ધ્યેય બનાવીને એકીકરણ થયું ત્યારે જ સંવર, નિર્જરાની પર્યાય પોતાના ધ્યેયથી, પોતાના સાધનથી, પોતાના સાધ્યથી ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવા વચન, દિગંબર સંતો મુનિ ભાવલિંગી છે, એ વિના આવા વચન નીકળે નહિ. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં તો આવી વાત ક્યાંય નથી. નિર્જરા શું? એ કાંઈ નથી. આ તો અનાદિ સનાતન સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકનાથ વીતરાગદેવ મહાવિદેહક્ષેત્રમાં એક માર્ગ ચાલે છે, એવો એક જ માર્ગ પરંપરાએ ચાલતો હતો. જુઓ! 'પૂજ્યપાદસ્વામી' મહા જંગલવાસી વનવાસી આનંદકંદમાં ઝુલતા હતા. અતીન્દ્રિય આનંદનો અનુભવ (કરતા હતા). સમજાય છે કાંઈ?

કહે છે કે, નિર્જરા અને સંવર. અહીં તો એ સિદ્ધ કરવું છે કે પરનો જ્યાં સંબંધ જ નથી. એનો અર્થ કે પરનું જ્યાં લક્ષ નથી, એનો અર્થ કે પોતાના લક્ષમાં જ્યાં પડ્યો છે ત્યાં પરનો સંબંધ નથી તો સંબંધ છૂટ્યો કઈ રીતે કહેવાય છે? આહાહા..! ભાઈ! એ પરમાર્થે નહિ. પરમાર્થે નિર્જરા અધ્યાત્મયોગથી થઈ એ વાત નથી. પોતાની શુદ્ધિની વૃદ્ધિ થાય છે, બસ! એટલું. પણ કર્મની નિર્જરા થાય છે એમ કહેવું એ વ્યવહારનયનું કથન છે. વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧૦, શુક્રવાર**
**તા. ૧૫-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૫ થી ૨૬ પ્રવચન નં. ૨૮**

આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ થયા. એમણે જગતને હિતકારી ઉપદેશ કોને કહે છે તેનું અહીંયા કથન કર્યું છે. હિતકારી ઉપદેશમાં અહીંયા ૨૫ મી ગાથા આવી છે. જુઓ! ભાવાર્થ. ફરીને લઈએ. બીજો પેરેગ્રાફ છે ને?

**'जो ध्यैञ् चिन्तायाम्' 'धातुका व्याप्य हो अर्थात् जो ध्याया जावे, उसे ध्येय कहते हैं. परंतु जब आत्माका परमात्माके साथ एकीकरण होनेके समय, आत्मा ही चिन्मात्र हो जाता है,...'** ધર્મીજીવને ધર્મ કઈ રીતે થાય છે એ એમાં કહ્યું. ધર્મની શરૂઆત, ધર્મની મધ્યતા અને ધર્મની પૂર્ણતા કઈ રીતે થાય છે? એ ઇષ્ટ ઉપદેશ કહ્યો. પોતાનો આત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ અંતરમેં નિશ્ચયથી પરમાર્થ સ્વરૂપથી એમાં એકીકરણ થવું એનું નામ ધર્મની દશા ઉત્પન્ન થાય છે અને તેને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ!

**'जब आत्माका परमात्माके साथ...'** પોતાનું પરમ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પરમાત્મા, નિજ શુદ્ધ કારણપરમાત્મા, નિજ કારણપરમાત્મા દ્રવ્ય સ્વભાવ અખંડ એક સમયમાં પૂર્ણ જ્ઞાન,

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દર્શન, આનંદનું પરિપૂર્ણ સ્વરૂપ, એની સાથે એકીકરણ થતી વખતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ આત્મામાં સમ્યક્ પર્યાયનું સ્વભાવ સાથે એકીકરણ થવું, એનું નામ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કહે છે. સમજાય છે કાંઈ? આવા ઉપદેશને ઇષ્ટોપદેશ કહે છે. સમ્યગ્દર્શન બીજી રીતે ઉત્પન્ન થાય છે એમ કહેવું એ સર્વજ્ઞની વાણીથી વિરૂદ્ધ અનિષ્ટ ઉપદેશ છે. શેઠી! આ શેઠ કહેવાય, આ શેઠી કહેવાય. ત્રણ છે ને અહીંયા? શેઠ, શેઠી અને શેઠિયા. શેઠિયા દિપચંદજી, સરદારશહેરવાળા, બહુ આત્માર્થી. સમજાય છે કાંઈ?

આ 'પૂજ્યપાદસ્વામી'નું 'ઇષ્ટોપદેશ' છે. મહામુનિ આત્મદ્રવ્યનો અનુભવ કરનારા અને અલ્પકાળમાં મુક્તિ થવાને લાયક. પંચમકાળ હતો તો વર્તમાનમાં સ્વર્ગમાં ગયા છે. પણ પછી અનુભવથી, આત્માની સાથે જ્ઞાન અને અનુભવ લઈને ગયા છે. પછી એકાદ દેહ ધારણ કરીને પરમાત્મા થવાના છે. એ 'પૂજ્યપાદસ્વામી' ઇષ્ટ એટલે પ્રિય ઉપદેશ, હિતકર ઉપદેશ એને કહે છે કે જેને આત્માના પોતાના પરમાત્મસ્વરૂપમાં એકીકરણ થાય તેનાથી સમ્યગ્દર્શન થાય, અને પોતાના આત્મામાં એકીકરણ એકાકાર થાય તો સમ્યગ્જ્ઞાન થાય અને પોતાના સ્વરૂપમાં એકીકરણ જ્ઞાનાનંદમાં થાય તો સમ્યક્ચારિત્ર ઉત્પન્ન થાય. એનું નામ ઇષ્ટ ઉપદેશ કહે છે.

**'આત્માકા પરમાત્માકે સાથ એકીકરણ હોનેકે સમય, આત્મા હી ચિન્માત્ર હો જાતા હૈ,...'** સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા દેહ, વાણી, જડની ક્રિયાથી લક્ષ છોડીને. એ જડની ક્રિયા થતી હોય તો થાઓ, જડની છે. શુભભાવ આદિ થાઓ તો થાઓ, એ પુણ્ય છે. એ આત્મા નથી. આત્મા અખંડ શુદ્ધ પરમાનંદની મૂર્તિ, નિરાકુળ વીતરાગ સ્વભાવનો પિંડ છે, એની સાથે અંતર દૃષ્ટિમાં એકાકાર થવું અને જ્ઞાનથી અંતરમાં એકાકાર થવું, સ્થિરતાથી અંદર એકાકાર થવું, ત્યારે આત્મા ચિન્માત્ર થઈ જાય છે. ત્યારે ચિન્માત્ર સ્વરૂપ થઈ ગયો. જ્ઞાનમય આત્મા. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. છે પુસ્તક? છે? અહીં તો નીચે એ કારણે રાખીએ છીએ. એનો શબ્દાર્થ શું છે એનો ખ્યાલ આવે તેથી. સમજાય છે કાંઈ?

**'તબ સંયોગાદિક પ્રકારોમેંસે દ્રવ્યકર્મોંકે સાથ આત્માકા કૌન-સે પ્રકારકા સમ્બન્ધ હોગા?'** ભગવાન 'પૂજ્યપાદસ્વામી' કહે છે, ભાઈ! ભગવાનઆત્મા નિજ શુદ્ધ આનંદકંદમાં જેટલો એકાકાર થયો એ સમયે ક્યા કર્મના નિમિત્તનો સંબંધ રહ્યો કે જેથી એને એ સંબંધથી છૂટ્યો એમ કહેવામાં આવ્યું? સમજાય છે કાંઈ? પોતાના સ્વરૂપમાં જ જ્યારે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી, એકાકાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી નિજ પરમાત્મ સ્વરૂપમાં એકાકાર થાય તે જ સમયે આત્માને ક્યા કર્મના નિમિત્તનો સંબંધ છે કે જેથી એ છૂટ્યો એમ કહેવામાં આવે છે? આહાહા..! સમજાય છે કાંઈ?

**'સંયાગાદિક પ્રકારોંમેંસે...'** આ ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં એકાકાર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું તો ત્યાં દર્શનમોહનો ઉદય નિમિત્ત અને નૈમિત્તિક એવો સબંધ રહે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી રહેતો. આ બાજુ પોતાના સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ કરી તો દર્શનમોહના ઉદયનું નિમિત્ત પણ ન રહ્યું. સંબંધ રહ્યો નહિ. સમજાય છે કાંઈ? આમ પોતાના સ્વરૂપમાં જ્યારે જ્ઞાનની એકતા થઈ, જ્ઞાતામાં જ્ઞાનની એકતા થઈ ત્યારે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું, તે સમયે શું જ્ઞાનાવરણીયના ઉદયમાં થોડો સંબંધ હતો? સંબંધ હતો કે જેથી સંબંધ છૂટી ગયો? સમજાય છે કાંઈ? સ્વાનુભૂતિઆવરણમાં જે નિમિત્ત હતું, અહીંયા અનુભવ થયો તો એ અનુભૂતિનું નિમિત્ત જ ન રહ્યું, સબંધ જ ન રહ્યો, તો એને સ્વાનુભૂતિઆવરણનો ક્ષયોપશમ થયો, નિર્જરા થઈ એમ કેમ કહેવામાં આવે છે? આહાહા..! 'રાજમલજી'! આ જુદી જાતની વકીલાત છે. વીતરાગી વકીલાત કરે છે. 'પૂજ્યપાદસ્વામી' વીતરાગી વકીલાત કરે છે. ભાઈ! વીતરાગનું સ્વરૂપ જેવું છે એવું તેં કદી જાણ્યું જ નહિ. અનંતકાળ થયો. સમજાય છે કાંઈ? શેઠી!

ભગવાનઆત્મા..! બે વાત કરી. દર્શન અને જ્ઞાન. ચારિત્રની વાત રહી. એમાં એકસાથે ત્રણ વાત છે ને? આત્મા.. બાહ્યની ક્રિયા થાય એની સાથે સંબંધ નથી. અંતરની દૃષ્ટિમાં જ્ઞાયક સ્વ તરફની રુચિનું એકાકાર પરિણમન થયું, તો ત્યાં ક્યાં દર્શનમોહના નિમિત્તનું લક્ષ હતું તે છૂટી ગયું? લક્ષ જ નથી. લક્ષ અહીંયા એકાકાર થયું છે. દર્શનમોહનું નિમિત્ત હતું અને સંબંધ છૂટી ગયો એમ કહેવું એ તો જ્યારે મિથ્યાત્વ હતું તો નિમિત્તનો સંબંધ હતો. નિમિત્ત-નિમિત્ત સંબંધ. મિથ્યાઅભિપ્રાય કરતો હતો. એ પછી આવશે. મિથ્યા અભિનિવેશ, એ પછી ૨૬માં આવશે. સમજાય છે કાંઈ? જે શુભાશુભભાવ છે તે મારા છે એવો મિથ્યાઅભિપ્રાય, મિથ્યાત્વ કરે છે તો ત્યાં દર્શનમોહનું નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ પછી **'मम्' 'सममो निर्ममः'** ત્યાં કહેશે. બહુ ટુંકામાં લીધું છે. એ મમનો અર્થ જ અભિનિવેશ કરે છે. મમનો અર્થ અભિનિવેશ. ખોટો અભિપ્રાય, જૂઠો અભિપ્રાય. બહુ સૂક્ષ્મ વાત થોડામાં ભરી દીધી છે. 'પૂજ્યપાદસ્વામી'એ ગાગરમાં સાગર ભરી દીધો છે. આને જૈનનું ઉપનિષદ કહે છે. વેદાંતનું ઉપનિષદ કહે છે ને? એ તો બધી સમજવા જેવી વાત છે, બધી ગપ મારી છે. આ તો સર્વજ્ઞની યથાર્થ વાત, અંતરની દૃષ્ટિથી કરી છે. સમજાય છે કાંઈ?

કહે છે, જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં ચિન્મયની દૃષ્ટિ થઈ, હું જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા છું, એમ અંતર અનુભવમાં સમ્યગ્દર્શન થયું તો ત્યાં દર્શનમોહનો નિમિત્ત સંબંધ રહ્યો? બસ! એનો અર્થ એ થયો કે જ્યારે પોતાના સ્વભાવમાં એકત્વ નહોતું ત્યારે મિથ્યા અભિપ્રાય કરતો હતો તો મિથ્યા અભિપ્રાયમાં દર્શનમોહનું નિમિત્ત કહેવામાં આવતું હતું. સમજાય છે કાંઈ? અને પોતાનું લક્ષ ફેરવીને નિજ જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ લગાવી દીધી તો મિથ્યાત્વના નિમિત્તનું લક્ષ પણ નથી. નિમિત્ત સંબંધ હતો એ સંબંધ છૂટ્યો એમ કહેવામાં આવતું જ નથી. વ્યવહારથી કહેવામાં આવે છે, પૂર્વનું નિમિત્ત હતું એ કારણે. આહાહા..!

એમ સ્વાનુભૂતિઆવરણ. ભગવાનઆત્મા પોતાનો અનુભવજ્ઞાન કરે, સ્વસંવેદન (કરે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનું નામ સમ્યગ્જ્ઞાન છે. બીજાનું નામ સમ્યગ્જ્ઞાન નથી. શાસ્ત્ર વાંચવા એ કોઈ સમ્યગ્જ્ઞાન નથી. એ.. શેઠ! સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાન તો પોતાના આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થવા સમયે (થાય છે). ભગવાન જ્ઞાનસૂર્ય ચૈતન્યજ્યોતમાં અંતર એકાકાર થઈને સ્વસંવેદન સ્વાનુભૂતિનું જ્ઞાન થયું તો કહે છે કે એ તો પોતાના સ્વભાવમાં એકીકરણથી થયું. બીજો સંબંધ ક્યાં રહ્યો? એકીકરણમાં બીજો સંબંધ ક્યાં રહ્યો? સ્વાનુભૂતિનું જે આવરણ હતું તો પોતાની પર્યાયમાં જ્યારે પોતાના અનુભવનો અભાવ હતો ત્યારે સ્વાનુભૂતિના આવરણનું નિમિત્ત હતું. આહાહા..!

આ તો નિમિત્ત-નૈમિત્તિક ને બધી વાતનો ખુલાસો કરે છે. અને એ નિમિત્ત કરતો હતો. મારે બીજું કહેવું છે. નિમિત્ત બનાવતો હતો. પોતાના સ્વરૂપની અનુભૂતિ નહોતો કરતો, પોતાના સ્વરૂપની દૃષ્ટિ, અનુભવ નહોતો કરતો તો દર્શનમોહને નિમિત્ત બનાવતો હતો. પોતાના સ્વરુપની અનુભૂતિ નહોતો કરતો ત્યારે અજ્ઞાનનો અનુભવ, રાગનો અનુભવ કરતો હતો તો સ્વાનુભૂતિ આવરણને નિમિત્ત બનાવતો હતો. સમજાય છે કાંઈ? આહાહા..! 'પોપટભાઈ'!

જ્યારે સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર નહોતું અને રાગ-દ્વેષની અસ્થિરતા થતી હતી તો ચારિત્રમોહનો ઉદય નિમિત્ત બનાવતો હતો. એ નિમિત્ત અને અહીંયા રાગ-દ્વેષનો અચારિત્ર ભાવ. ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સબંધ હતો. પણ એ રાગ, દ્વેષ અજ્ઞાનથી કરતો હતો કે રાગ મારો, રાગથી મને લાભ છે, એવી અચારિત્રની દૃષ્ટિ અને અચારિત્રભાવ છે એમાં ચારિત્રમોહનું નિમિત્ત કહેવામાં આવ્યું છે. એ અચારિત્ર ઉત્પન્ન થયું તો નિમિત્તનો સંબંધ છે એમ કહેવામાં આવ્યું. જ્યારે સ્વરૂપની સ્થિરતા થઈ, આત્માનું પરમાત્માની સાથે એકીકરણ થવા વખતે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ, મોક્ષમાર્ગ ત્રણ નથી, મોક્ષમાર્ગ એક જ છે, એ એક સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કે આનંદમાં જ્યારે એકીકરણ થયું તો કહે છે, કે સ્વરૂપમાં શાંતિની અનુભવદશા થઈ. ચારિત્ર એટલે શાંતિ. અતીન્દ્રિય આનંદની શાંતિનું નામ ચારિત્ર છે. એવું ચારિત્ર, જ્યારે આત્મા પરમાત્મામાં એકાકાર છે તો ચિન્મય રહ્યો. ચિન્મયનો અર્થ રાગાદિ છે જ નહિ. એવી સ્થિરતા જ્યારે અંતરમાં થઈ તેનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્રના કાળે ચારિત્રમોહના ઉદયનું લક્ષ જ નથી, સંબંધ નથી તો સંબંધ છૂટી ગયો એમ કેમ કહેવામાં આવે છે? સમજાય છે કાંઈ? ઓહોહો..!

કહે છે, **'તબ સંયોગાદિક પ્રકારોંમેં સે...'** સંયોગ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ.. સમજાય છે કાંઈ? **'દ્રવ્યકર્મોંકે સાથ આત્માકા કૌન-સે પ્રકારકા સંબંધ હોગા?'** આહાહા..! **'જિસસે કિ અધ્યાત્મયોગસે કર્મોંકી શીઘ્ર નિર્જરા હો જાતી હૈ'** અધ્યાત્મયોગનો અર્થ અહીંયા આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થવું એ અધ્યાત્મયોગ છે. સમજાય છે કાંઈ? શબ્દે શબ્દનો અર્થ ચાલે છે. ધ્યાન રાખે તો એક એક શબ્દનું વાચ્ય છે. શબ્દ વાચક છે, ભાવ વાચ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભાવ કોને કહે છે? સાકર વાચક છે અને સાકરની ગુણી એ વાચ્ય કહેવાય છે. સાકર શબ્દ વાચક, સાકર વાચ્ય, ગુણી વાચ્ય. એમ શબ્દ વાચક, એમાં ભાવ એ વાચ્ય છે.

મુમુક્ષુ :– મીઠાશ..

ઉત્તર :– નહિ, મીઠાશની વાત નથી. આ તો વસ્તુ. સાકર શબ્દ છે ને? સાકર. એમાં સાકર આવી ગઈ? એ સાકર તો શબ્દ છે, વાચક છે. એ સાકર પદાર્થ વાચ્ય છે. એ બતાવે છે કે આ પદાર્થ. એમ શબ્દ વાચક છે. નિજ અંતરમાં આત્મા અંતર અનંતગુણના પિંડ ઉપર દૃષ્ટિ આપી, જ્ઞાન કર્યું, સ્વરૂપમાં ઠર્યો તો એકીકરણ થયું એમ કહેવામાં આવ્યું છે. એ શબ્દ છે એમાં વાચ્ય તો એ છે. આત્મા ભગવાન પોતાના સ્વરૂપમાં પુણ્ય-પાપના વિકલ્પથી હટીને જ્યારે નિમિત્તનું જ લક્ષ રહ્યું નહિ તો વિકલ્પનું લક્ષ તો ક્યાં રહ્યું? અને વિકલ્પનું લક્ષ ન રહ્યું તો નોકર્મનું લક્ષ અને સંબંધ ક્યાં રહ્યો? આહાહા..! ભારે વાત કરે છે ને! વાસ્તવિક તત્ત્વની સ્થિતિ આવી છે પણ લોકોને વિચારવું નથી, મનન કરવું નથી, ધ્યાન શું ચીજ છે એની ખબર નથી. સમજાય છે કાંઈ? અને ધર્મ થઈ જશે. ધૂળમાં પણ ધર્મ નથી. અનંતકાળથી એમ કર્યું છે. સમજાય છે કાંઈ? માની લીધું છે કે હું ધર્મમાં આગળ વધી ગયો છું, હું ધર્મ કરું છું. ભાઈ! ધર્મની એક સમયની દશા અનંતા જન્મ-મરણનો નાશ કરીને આનંદનો અનુભવ થાય છે. એનું નામ ધર્મ છે. એ.. શેઠ! આહાહા..!

અહીંયા આચાર્ય મહારાજ 'પૂજ્યપાદસ્વામી' 'ઇષ્ટોપદેશ' માં હિતકર ઉપદેશ કરે છે. એથી કોઈ કહે કે કર્મ હતું તો મિથ્યાત્વ છે એ ઉપદેશ ખોટો છે. પોતાનો મિથ્યાત્વભાવ હતો તો દર્શનમોહનું નિમિત્ત હતું એ ઇષ્ટોપદેશનું યથાર્થ જ્ઞાન છે. પોતામાં સ્વાનુભૂતિના ભાવનો અભાવ હતો તો સ્વાનુભૂતિઆવરણને નિમિત્ત કહેવામાં આવે છે. એવો ઇષ્ટોપદેશ છે. પણ એ નિમિત્ત છે તો અહીંયા પોતાના આત્મામાં આવરણ વિકાર ઉત્પન્ન થયો છે એવો ઉપદેશ કહેવો એ મિથ્યાદૃષ્ટિનો અનિષ્ટ ઉપદેશ છે. સમજાય છે કાંઈ? અને પોતામાં જ્યારે અચારિત્રના પરિણામ હતા ત્યારે ચારિત્રમોહનીયનું નિમિત્ત કહેવામાં આવતું હતું. અચારિત્ર પરિણામ નૈમિત્તિક અને ચારિત્રમોહ નિમિત્ત. એ ઇષ્ટોપદેશમાં આવ્યું.

હવે વાત ગુલાંટ ખાય છે. પોતાના સ્વરૂપમાં એકાકાર થાય છે ત્યારે ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય, નિરાકુળ શાંતિની પર્યાય આત્માના એકીકરણથી ઉત્પન્ન થઈ છે. જ્યારે એકીકરણથી ઉત્પન્ન થઈ છે તો ચારિત્રમોહના નિમિત્તનો સંબંધ રહ્યો, હતો ને છૂટી ગયો એમ કેમ કહેવામાં આવે છે? સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! એ.. શેઠ! બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. પેલી મીઠાશમાં ગડબડ થઈ ગઈ હતી. ત્યાં મીઠાશનું કામ નહોતું, ત્યાં સાકર પદાર્થનું કામ હતું.

મુમુક્ષુ :–

ઉત્તર :– ના, ના. આ કહે છે કે મીઠાશ કીધું એટલી તો હા પાડો. કીધું, ના. શેઠ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હા પાડે કે ફલાણા હા પાડે, અહીંયા ખોટી હા છે નહિ. એ કહે છે, એટલા તો ઉભા રાખો. સમજાય છે કાંઈ? આહાહા..!

**'આત્માકા કૌન-સે પ્રકારકા સંબંધ હોગા?'** કહો, સમજાય છે કાંઈ? ઓહોહો..! અહીં તો ભાઈ! નિમિત્ત-નિમિત્ત સંબંધ પણ તું કરતો હતો. સ્વભાવની સાથે એકાકાર તું થાય છે તો નિમિત્તનો સંબંધ ઉડી ગયો. આહાહા..! પણ શું કરે? લોકોને એવા લાકડા ગરી ગયા છે ને કે નિમિત્ત આત્મામાં ઘુસી જાય છે, કામ કરી દે છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. રાગની મંદતા આદિ પોતાના સ્વભાવમાં લાભકર્તા છે એ પણ નિમિત્ત છે. કહે છે કે કર્મના નિમિત્તનું લક્ષ જ ન રહ્યું, કષાયની મંદતાનું લક્ષ જ ન રહ્યું, સ્વભાવનું લક્ષ થયું તો એકીકરણ થયું ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા. શુભભાવ પણ છૂટ્યો એમ કહ્યું તો સંબંધ ક્યાં હતો તે છૂટ્યો કહો છો? આહાહા..! સમજાય છે કાંઈ? 'છોટાભાઈ'! આહાહા..! ભારે વાત પણ કરી છે ને! વસ્તુની સ્થિતિ જ એવી છે. વસ્તુનું સ્વરૂપ છે એમ નહિ સમજવું, એમ નહિ માનવું ને વિરૂદ્ધ માનવું ને કરવું એ તો મિથ્યાદૃષ્ટિનું આચરણ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો ભગવાન 'પૂજ્યપાદસ્વામી' કહે છે. એની ટીકા 'આશાધર' પંડિતે કરી છે. સમજાય છે કાંઈ? 'આશાધર' પંડિતે કરી છે એ કહે છે કે શાસ્ત્રમાં તો એમ લખ્યું છે ને? કે **'द्वयोर्द्वयोः संबन्ध-ः स्यात्, ... ध्यानं ध्येयं तदा कीद्दशः'** પાઠ છે ને? ભાઈ!

**कटस्य कर्ताहमिति, संबन्ध, स्यादद्वयोर्द्वयोः ।**
**ध्यानं ध्येयं यदात्मैब, संबन्ध कीद्दशस्तदा ।।**

એ 'પૂજ્યપાદસ્વામી'ના શબ્દોની ટીકા કરે છે. ટીકાનો અર્થ જે એમાં ભર્યું છે એને ખોલવું એનું નામ ટીકા છે. છે તેનાથી વિપરીત કહેવું કે બીજું કહેવું એ ટીકા છે કે વિપરીત છે? સમજાય છે કાંઈ? કહે છે, **'ध्यानं ध्येयं यदात्मैव'**. ભગવાનઆત્મા પોતાનું જ ધ્યેય, પોતાનું જ ધ્યાન અને પોતાનો જ ધ્યાતા, જ્યારે ત્રણેમાં આત્મા જ રહી ગયો. પહેલા કહ્યું હતું ને? ભાઈ! **'ध्याता ध्येयं ध्यायति'**. એ ધ્યાન પર્યાય પણ આત્મા જ છે. ધ્યેય પણ આત્મા જ છે, ધ્યાતા પણ આત્મા જ છે. ત્રણેમાં એકલો આત્મા રહી ગયો. રાગનું ધ્યેય છૂટી ગયું, રાગનું ધ્યાન છૂટી ગયું, રાગ ધ્યાતા અને અહીંયા ધ્યાન, એમ પણ રહ્યું નહિ. ભગવાનઆત્મા પોતાનો ધ્યાતા પણ આત્મા, પોતાનું ધ્યાન નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય થઈ એ પણ ધ્યાન આત્મા અને ધ્યેય પણ આત્મા. શુદ્ધ ધ્રુવ એ પણ આત્મા. એ ત્રણેમાં રાગ, વિકલ્પ કે કોઈ નિમિત્ત રહ્યું એમ છે નહિ. આહાહા..!

ભાઈ! વીતરાગ માર્ગ પ્રભુ! એવો બીજો ક્યાંય માર્ગ છે નહીં. લોકો સમજીને માની બેઠા છે એવો વીતરાગ માર્ગ નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. આ કોઈ સાધારણ બે, પાંચ, પચાસ હજાર માની લે એવી ચીજ નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે કહ્યું, સાક્ષાત્ પરમાત્મા કહી ગયા, ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, કેવળજ્ઞાની ગણધરો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંત બિરાજે છે. એમના મુખેથી નીકળેલો માર્ગ ત્રણકાળના તીર્થંકરનો એક જ ઉપદેશ છે. સમજાય છે કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. પરમાર્થનો પંથ બે, ત્રણ, ચાર હોતો નથી.

અહીંયા કહે છે કે ભાઈ! જ્યારે પોતાનું સ્વરૂપ... જુઓ! એમાં કોઈપણ ગુણની પર્યાયની વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનની પર્યાય પણ આત્માના સ્વભાવમાં એકીકરણથી થઈ, સમ્યગ્જ્ઞાનની પર્યાય પણ આત્માના એકીકરણથી થઈ, શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ? દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી. આત્માના એકીકરણથી સમ્યગ્દર્શન થાય છે, એમ કહે છે. આરે.. આવી વાત! જ્યારે અંતર આત્માના સ્વભાવ સાથે એકીકરણ થઈને સમ્યગ્દર્શન થયું તો કોનો સંબંધ રહ્યો? કે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા હતી અને પછી એ છોડીને આ થયું, પણ શ્રદ્ધાનું લક્ષ જ નથી, એ તો રાગ છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે, પુણ્ય વિકલ્પ છે. એ પણ લક્ષ હતું ને અહીંયા થયું એમ ક્યાં રહ્યું? આહાહા..!

મુમુક્ષુ :- એ માટે તો કડક પુરુષાર્થ કરવો પડે.

ઉત્તર :- અહીંયા એ પુરુષાર્થ જ નથી. કડક પુરુષાર્થ કરવો પડે તો ઓલો થોડો પુરુષાર્થ છે. (એમ નથી.) એ.. શેઠ! રાગનો પુરુષાર્થ એ વાસ્તવિક પુરુષાર્થ જ નથી, ઊલટો પુરુષાર્થ છે, દોષિત પુરુષાર્થ છે. એ પુરુષાર્થ જ નથી, શાસ્ત્ર ના પાડે છે, બાળપુરુષાર્થ (કહે છે).

આત્માના વીર્યનું કાર્ય ભગવાન કોને કહે છે? પોતાના સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહે છે. ૪૭ શક્તિ, 'સમયસાર'. શાસ્ત્રમાં વીર્યની વ્યાખ્યા જ એ છે. વીર્યગુણ કોને કહે છે? પોતાના સ્વરૂપની રચના કરે એને વીર્ય કહે છે. પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગી દશાની રચના કરે એનું નામ વીર્યગુણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ.. શેઠ! જુઓ! ૪૭ શક્તિ છે ને? **'સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** સંસ્કૃત શબ્દ છે, **'સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ આમ કહે છે, એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે, એમ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ કહે છે કે હે જીવો! આત્માનું વીર્ય પરમાત્મા એને કહે છે કે જે આત્મવીર્ય પોતાના શુદ્ધ અરાગી વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પોતાના શુદ્ધ આનંદની પર્યાયની રચના કરે એનું નામ ભગવાન વીર્ય કહે છે. અહીં તો ચોખ્ખી વાત છે. જરી ગડબડ-ફડબડ એમ નથી. સંસ્કૃત છે? સંસ્કૃત છે? 'સમયસાર' છે?

મુમુક્ષુ :-

ઉત્તર :- ઘણું થઈ ગયું છે, બધું થઈ ગયું છે. શેઠ તરફથી હિન્દી પણ આવી ગયું છે. સમજાય છે કાંઈ? શક્તિને? **'स्वरूपनिर्वितनसामर्थ्यरूपा वीर्यशक्तिः'** 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ૪૭ શક્તિ, આત્માના ગુણની વ્યાખ્યા કરે છે, કે આત્મામાં એક વીર્ય નામનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિઅનંત ગુણ છે. એ ગુણનો ગુણ શું? આત્મામાં વીર્ય એટલે પુરુષાર્થ નામનો એક ગુણ અનાદિઅનંત છે. રાગ-દ્વેષ આદિ એમાં નથી, કર્મ-ફર્મ નથી. ભગવાનઆત્મામાં એક પુરુષાર્થ નામનો ગુણ છે. એ ગુણનો ગુણ શું? એ ગુણનું સ્વરૂપ શું? કે **'स्वरूपनिर्वितनसामर्थ्यरूपा वीर्यशक्तिः'**. પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદ, શુદ્ધ સમ્યગ્દર્શન અનુભવ અને સમ્યક્ચારિત્ર આનંદની સ્થિરતા, એની રચના કરનારને વીર્ય કહે છે. શેઠ!

મુમુક્ષુ :– અંદરની વાત છે.

ઉત્તર :– આત્માની ક્રિયા તો આત્મામાં થાય છે. જડમાં, રાગમાં આત્માની ક્રિયા થાય છે? આહાહા..! કહે છે કે, આ તો તમારા પ્રશ્ન માટે ઉત્તર આપ્યો, હોં! પેલો પ્રયત્ન છે, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ તો વ્યવહાર છે. રાગના પુરુષાર્થને પુરુષાર્થ કહેતા જ નથી.

અહીં ભગવાન પરમેશ્વર કહે છે એ જ 'પૂજ્યપાદસ્વામી' અહીંયા કહે છે. પોતાનું સ્વરૂપમાં એકાકાર થવું, નિર્મળ પર્યાયને રચવું એનું નામ વીર્યગુણ કહેવામાં આવે છે. એ આત્મા સાથે એકીકરણ થયું. જેમાં રાગનો શુભનો પુરુષાર્થ છે એ વાસ્તવિક પુરુષાર્થ કહેવામાં આવતો નથી. આહાહા..! ગજબ વાત કરે છે ને! વ્યવહારનો પુરુષાર્થ એ વાસ્તવિક વીર્યગુણનું કામ જ નથી, ભાઈ! એમ કહે છે. આહાહા..! લોકો આ વ્યવહાર વ્યવહાર કહે છે ને? અહીં વીતરાગ પરમેશ્વર એમ કહે છે, વ્યવહાર હો, પણ વ્યવહારના રાગની મંદતા એના વીર્યનું કાર્ય છે એની ભગવાન ના પાડે છે. સમ્યક્ વીર્યનું કાર્ય નહિ. ઊલટા વીર્યનું કાર્ય એ આત્માના યથાર્થ ગુણનું કાર્ય નથી. દોષ છે, ભાઈ! તને ખબર નથી, ભગવાન! આહાહા..! તેં તારી ચીજ સાંભળી નથી.

અહીં આચાર્ય કહે છે, જ્યારે આત્મા **'અધ્યાત્મયોગસે કર્મોંકી શીઘ્ર નિર્જરા હો જાતી હૈ, યહ બાત પરમાર્થસે કહી જાવે.'** એમ કેમ કહ્યું? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વભાવના સામર્થ્યની રચનામાં પડ્યો ત્યારે તો પરનું નિમિત્ત, કર્મના ઉદયનો સંબંધ રહ્યો નહિ. સં-બંધ, બંધ–સંબંધ–બંધ. સંબંધ, બંધ રહ્યો નહિ તો બંધનો અભાવ થયો એમ કેમ કહેવાય છે? આહાહા..! જુઓ!

**'સંયોગાદિક પ્રકારોંમેં સે દ્રવ્યકર્મોંકે સાથ આત્માકા કૌન-સે પ્રકારકા સમ્બન્ધ હોગા? જિસસે કિ અધ્યાત્મયોગસે...'** અધ્યાત્મયોગ એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય, આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થવું એને અધ્યાત્મયોગ કહે છે. રાગ-દ્વેષમાં જોડાણ એ અધ્યાત્મયોગ નથી, એ તો વિપરીતયોગ છે. આહાહા..! આ શુભભાવમાં પુરુષાર્થનું જોડાણ એ વિપરીતયોગ છે, અધ્યાત્મયોગ નથી, આત્મવ્યાપાર નથી. આહાહા..! છે? જુઓ! એમાં બધું છે, એની ખીલવટ થાય છે. કેટલાક કહે છે, સોનગઢવાળા ઘરનું કહે છે. અરે..! સાંભળને! તને ભાન નથી. ઘરનું તો છે, પણ કલ્પનાનું નથી. એ.. શેઠ! આહાહા..!

**'અધ્યાત્મયોગસે...'** જુઓ! એ અધ્યાત્મયોગનો અર્થ શું કર્યો? આત્માનું પરમાત્મા સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકીકરણ, એનું નામ અધ્યાત્મયોગ, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય. જ્યારે પોતાના સ્વભાવની એકાકારતાથી જે થયું તો એનાથી શીઘ્ર કર્મની નિર્જરા થઈ જાય છે. કોનાથી? અધ્યાત્મયોગથી. અધ્યાત્મયોગથી સ્વભાવનો સંબંધ કર્યો, સ્વભાવનો સંબંધ કર્યો એનાથી કર્મોની શીઘ્ર નિર્જરા થાય છે. કર્મોની નિર્જરા અધ્યાત્મયોગથી થઈ એમ કેમ કહેવામાં આવે છે? આ વાત પરમાર્થથી કઈ રીતે કહેવાય છે? પરમાર્થ છે. એ તો નિમિત્તનું વ્યવહારનું કથન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ યહ હૈ કિ આત્માસે કર્મોંકા સમ્બન્ધ છૂટ જાના નિર્જરા કહલાતી હૈ. પરંતુ...'** સંબંધ છૂટી જવો. **'પરંતુ જબ ઉત્કૃષ્ટ અદ્વૈત ધ્યાનાવસ્થામેં કિસી ભી પ્રકાર કર્મકા સમ્બન્ધ નહીં,...'** જ્યારે ભગવાનઆત્મા, પોતાના ધ્યાનમાં દૃષ્ટિ, જ્ઞાન લગાવીને પોતાના સ્વભાવમાં જ સંબંધ જોડી દીધો, સ્વભાવનો જ સંબંધ જોડ્યો, એને પરમાત્મામાં એકીકરણ કહ્યું. જેને અહીંયા અધ્યાત્મયોગ કહ્યું, જેને અહીંયા મોક્ષના માર્ગની પર્યાયનું આત્મા સાથે જોડાણ થયું તો પર્યાય ઉત્પન્ન થઈ. સમજાય છે કાંઈ? આવા ભગવાન મોક્ષમાર્ગી મહિમાવંતનું જ્યારે આત્માના સ્વભાવનું ધ્યેય ઉત્પન્ન થયું તો એને પરની સાથે કોઈ સંબંધ તો રહ્યો નહિ. અદ્વૈત ધ્યાન અવસ્થા થઈ. અદ્વૈત એટલે એક પોતાનું જ ધ્યેય રહ્યું. સંબંધ તો જ્ઞાયક સ્વભાવ ચિદાનંદ ભગવાનનો એકનો જ રહ્યો, દ્વૈતનું લક્ષ જ રહ્યું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ઘણી વાત કરી છે આમાં, ભાઈ! આ તો વ્યવહાર રત્નત્રય પહેલા થાય પછી નિશ્ચય રત્નત્રય થાય એ બધું ખોટું છે. એવું સ્વરૂપમાં નથી.

એમ કહે છે કે, જ્યારે સ્વરૂપની એકાગ્રતા થઈ ત્યારે રાગનો સંબંધ જ રહ્યો નહિ, તો રાગ પહેલા થયો તો નિશ્ચય થયું, એમ રહ્યું ક્યાં? આહાહા..! માર્ગ એણે સાંભળ્યો નથી. **'આત્માસે કર્મોંકા સમ્બન્ધ છૂટ જાના નિર્જરા કહલાતી હૈ. પરંતુ જબ ઉત્કૃષ્ટ અદ્વૈત ધ્યાનાવસ્થામેં...'** શુભરાગ, કર્મનો ઉદય, દેવ-ગુરુ-શાસ્ત્રના સંબંધનું લક્ષ કાંઈ રહ્યું નહિ. અહીંયા (અંદર) જ રહ્યો, ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ઉત્પન્ન થાય છે. એકીકરણમાં આત્માનું પરમાત્મ પરમસ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ પરમસ્વરૂપ છે, જેને બપોરે શુદ્ધભાવ કહે છે, તેની સાથે જ્યારે એકીકરણ થયું ત્યારે નિર્મળ પર્યાય પ્રગટ થઈ, તો એમાં પરનો સંબંધ તે સમયે રહ્યો જ નહિ. સમજાય છે કાંઈ? બહુ વાત કરે છે.

આવા ઉપદેશથી વિરૂદ્ધ ઉપદેશ કરે એ વીતરાગનો ઉપદેશ નહિ, એમ કહે છે. આ ઇષ્ટોપદેશ આ વસ્તુના સ્વરૂપનો આવો છે. એનાથી ઊલટી વિપરીત કોઈ પ્રરૂપણા કરે એ બધા મિથ્યાદૃષ્ટિના કથન છે. વીતરાગ માર્ગના એ કથન નહિ. સમજાય છે કાંઈ? જેમાં પરદ્રવ્યના સંબંધથી લાભ માને છે, એવો ઉપદેશ કરે છે તો કહે છે કે એ ઉપદેશ ઇષ્ટ ઉપદેશ નહિ, હિતકર નહિ. પરમાત્મા પોતાનો શુદ્ધભાવ, એમાં એકીકરણ થતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય યથાર્થ ઉત્પન્ન થયા, એ સમયે ક્યાં કોઈ કર્મનો સંબંધ લક્ષમાં રહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે એનાથી છૂટ્યો? એનાથી છૂટીને જ, વ્યવહારનું લક્ષ, નિમિત્તનું લક્ષ છોડીને જ આત્મામાં એકાકાર થાય છે. તો લક્ષ પહેલા હતું તો એનાથી અહીંયા થયું એમ નથી. સમજાય છે કાંઈ? શેઠ! આ તમારે ગડબડ બહુ ચાલે છે. વાણીમાં તમારે ત્યાં ચાલે છે. મૂર્તિ કાઢી નાખી તો વાણી. વાણીથી પૂજા કરો, વાણીથી આમ થાય, વાણીથી આમ થાય. સાંભળ્યું? પુસ્તક ઉપર ચાલ્યા, પણ એ તો નિમિત્ત છે. શું વાણીમાં આત્મા છે? શેઠ! અહીં તો આવી વાત છે. આહાહા..! અહીં તો કહે છે, વાણી તો પર જડની પર્યાય છે, પુદ્ગલની પર્યાય છે. ત્યાં લક્ષ રાખીને અહીંયા સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે?

મુમુક્ષુ :- પોતાનું ઉપાદાન જાગે તો..

ઉત્તર :- એ રાત્રે આવ્યું હતું. ઉપાદાન જાગ્યું તો નિમિત્તનું લક્ષ રહ્યું જ નહિ. શેઠ! લક્ષ ક્યાં રહ્યું? ભાઈ! લક્ષ તો અહીંયા ગયું, એ તો સ્વતંત્ર થયું. કહો, 'રાજમલજી'! ભગવાન! માર્ગ તો એવો છે કોઈ, નિરપેક્ષ માર્ગ છે, ભાઈ! આહાહા..! વ્યવહારથી સાપેક્ષ સમજો એ જુદી વાત છે, એ તો છે, જાણે, પણ માર્ગ કોઈ પરના આશ્રયે અંદરમાં પ્રગટ થાય છે એમ ત્રણકાળ ત્રણલોકમાં ક્યારેય નથી. આવું અનંત સર્વજ્ઞોનું ફરમાન દિવ્યધ્વનિમાં આવ્યું છે અને આવું સર્વજ્ઞ દિવ્યધ્વનિમાં સમવસરણમાં ફરમાવે છે. આવો જ ઉપદેશ અહીંયા 'પૂજ્યપાદસ્વામી' કહે છે કે આવો ભગવાનનો માર્ગ છે, ભાઈ!

**'જબ ઉત્કૃષ્ટ અદ્વૈત ધ્યાનાવસ્થામેં કિસી ભી પ્રકારકા કર્મકા સમ્બન્ધ નહીં, તબ છૂટના કિસકા? ઇસલિયે સિદ્ધયોગી...'** જેનો અંતરમાં યોગ સિદ્ધ થઈ ગયો છે. **'ગતયોગી...'** જેનો યોગીપદ સાથે સંબંધ છૂટી ગયો છે. અયોગીકેવળી, જેને પૂર્ણ આત્માની અયોગ દશા પ્રગટ થઈ છે. ઉત્કૃષ્ટ વાત કરે છે. ઉત્કૃષ્ટ વાત કરે એમાં મધ્યમ, જઘન્ય બધા આવી ગયા. આ ત્રણે એક જ શબ્દ છે. પહેલા કહ્યું હતું એ જુદું હતું. સિદ્ધયોગી અને સાધ્યયોગી. પહેલા ૩૦ પાને કહ્યું હતું. પહેલી બે લીટી. ત્રીજી લીટી-સિદ્ધયોગી, ચોથી લીટી-સાધ્યયોગી. ઇ બે બીજી વાત હતી. સિદ્ધયોગી અયોગી અને સાધ્યયોગી-યોગનો અભ્યાસ કરનાર, યોગ પૂર્ણ નથી થયો એ. એ વાત પહેલા આવી ગઈ. આ તો ... વાત કરે છે, ઉત્કૃષ્ટ અદ્વૈતની વાત કરે છે. સમજાય છે કાંઈ?

એ સિદ્ધાંત, ભગવાનઆત્મા પોતામાં એકાકાર છે, ભગવાન એકાકાર થયા તો એ ચાર ઘાતિકર્મ છૂટી ગયા એમ કેમ કહેવામાં આવે છે? સમજાય છે કાંઈ? ભગવાનને છેલ્લે ચાર અઘાતિકર્મની નિર્જરા થઈ. સંબંધ જ નથી ને? તો કોની નિર્જરા થઈ? એ તો વ્યવહાર છે. પૂર્વ હતા, એ વર્તમાનમાં છૂટી ગયા એ અપેક્ષાએ કહ્યું છે. વર્તમાનમાં સંબંધ નથી. ઓહોહો..! **'ઉનમેં કર્મોંકી નિર્જરા હોતી હૈ, યહ કહના વ્યવહારનયસે હી હૈ,...'** પૂર્વનો સંબંધ હતો, લક્ષ હતું, સંબંધ હતો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો, એ વર્તમાન સંબંધ રહ્યો નહિ એ પૂર્વની અપેક્ષાએ નિમિત્ત સંબંધ હતો એ છૂટ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ઓહોહો...! 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' ગજબ વાત છે.

**दोहा - `कटका मैं कर्तार हूँ' यह है द्विष्ठ सम्बन्ध।**
**आप हि ध्याता ध्येय जहँ, कैसे भिन्न सम्बन्ध।।२५।।**

શ્લોકનો અર્થ કર્યો. ભગવાન 'પૂજ્યપાદસ્વામી' એ જે શ્લોક કહ્યો એને હિન્દીમાં કહ્યો. **'કટકા મૈં કર્તાર હૂં'** ચટાઈ.. ચટાઈ. ચટાઈ હોય છે ને? હું ચટાઈનો કર્તા છું. **'યહ હૈ દ્વિષ્ઠ સમ્બન્ધ.'** એ તો બે સંબંધ થઈ ગયો. નિમિત્ત-નિમિત્ત સંબંધ થયો. નિમિત્ત-નિમિત્ત સંબંધ થયો. એ કર્તા છે એમ અહીંયા વાત નથી. પણ એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધ થયો. એ જ્યારે કરે છે અને લક્ષ નિમિત્ત ઉપર છે તો નિમિત્ત અને નિમિત્તનો દ્વૈત સંબંધ થયો.

**'આપ હિ ધ્યાતા ધ્યેય જહાં,...'** ભગવાનઆત્મા પોતાના.. પોતાનાને શું કહે છે? અપને. પોતાના સમજો છો? પોતાના અમારી ગુજરાતી ભાષા છે. ખુદકા, અપના. નિજકા. એકાકાર શ્રદ્ધા, જ્ઞાન, આનંદમાં રહે છે ત્યારે ભિન્ન સાથે સંબંધ કેવો? પરદ્રવ્યનો નિમિત્તનો સંબંધ હતો અને છૂટ્યો એમ કેમ કહેવામાં આવે છે? એમ છે નહિ. એ ૨૫ (શ્લોક) પૂરો થયો.

---

**यहाँपर शिष्यका कहना है कि भगवन्! यदि आत्मद्रव्य और कर्मद्रव्यका अध्यात्मयोगके बलसे बन्ध न होना बतलाया जाता है, तो फिर किस प्रकारसे उन दोनोंमें (आत्मा और कर्मरूप पुद्‍गल द्रव्योंमें) परस्पर एकके प्रदेशोंमें दूसरेके प्रदेशोंका मिलजाना रूप बंध होगा? क्योंकि बन्धाभाव तो बंधपूर्वक ही होगा। और बंधका प्रतिपक्षी, संपूर्ण कर्मोंकी विमुक्तावस्था रूप मोक्ष भी जीवको कैसे बन सकेगा? जो कि अविच्छिन्न अविनाशी सुखका कारण होनेसे योगियोंके द्वारा प्रार्थनीय हुआ करता है? आचार्य कहते हैं -**

**बध्यते मुच्यते जीवः, सममो निर्ममः क्रमात्।**
**तस्मात्सर्वप्रयत्नेन, निर्ममत्वं विचिन्तयेत्।।२६।।**

**अर्थ :- `ममतावाला जीव बंधता है और ममता रहित जीव मुक्त होता है। इसलिये हर तरहसे पूरी कोशिशके साथ निर्ममताका ही ख्याल रक्खे।'**

**विशदार्थ :- अव्ययोंके अनेक अर्थ होते हैं, इसलिये, `मम' इस अव्ययका अर्थ `अभिनिवेश' है, इसलिये `समम' कहिये `मेरा यह है' इस प्रकारके अभिनिवेशवाला जीव भी कर्मोंसे बँधता है। उपलक्षणसे यह भी अर्थ लगा लेना कि `मैं इसका हूँ' ऐसे अभिनिवेशवाला जीव भी बँधता है, जैसा कि अमृतचन्द्राचार्यने समयसारकलशमें कहा है -**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


`न कर्मबहुलं जगन्न.'

अर्थ :- न तो कर्मस्कंधोंसे भरा हुआ यह जगत् बंधका कारण है, और न हलनचलनादिरूप क्रिया ही, न इन्द्रियाँ कारण हैं, और न चेतन अचेतन पदार्थोंका विनाश करना ही बन्धका कारण है। किन्तु जो उपयोगरूपी जमीन रागादिकोंके साथ एकताको प्राप्त होती है, सिर्फ वही अर्थात् जीवोंका रागादिक सहित उपयोग ही बन्धका कारण है। यदि वही जीव निर्ममरागादि रहित-उपयोगवाला हो जाय, तो कर्मोंसे छूट जाता है। कहा भी है कि - `अकिंचनोऽह.'

मैं अकिंचन हूँ, मेरा कुछ भी नहीं, बस ऐसे होकर बैठे रहो और तीन लोकके स्वामी हो जाओ। यह तुम्हें बड़े योगियोंके द्वारा जाने जा सकने लायक परमात्माका रहस्य बतला दिया है।

और भी कहा है - `रागी बध्नाति कर्माणि.' रागी जीव कर्मोंको बाँधता है। रागादिसे रहित हुआ जीव मुक्त हो जाता है। बस यही संक्षेपमें बंध मोक्ष विषयक जिनेन्द्रका उपदेश है। जब कि ऐसा है, तब हरएक प्रयत्नसे व्रतादिकोंमें चित्त लगाकर अथवा मन, वचन, कायकी सावधानतासे निर्ममताका ही ख्याल रखना चाहिये `मतः कायादयो भिन्नास्.'

`शरीरादिक, मुझसे भिन्न हैं, मैं भी परमार्थसे इनसे भिन्न हूँ, न मैं इनका कुछ हूँ, न मेरे ही ये कुछ हैं।' इत्यादिक श्रुतज्ञानकी भावनासे मुमुक्षुको भावना करनी चाहिये। आत्मानुशासनमें गुणभद्रस्वामीने कहा है। `निवृत्तिं भावयेत्.'

जबतक मुक्ति नहीं हुई तबतक परद्रव्योंसे हटनेकी भावना करे। जब उसका अभाव हो जायगा, तब प्रवृत्ति ही न रहेगी। बस वही अविनाशी पद जानो।।२६।।

दोहा - मोही बाँधत कर्मको, निर्मोही छुट जाय।
यातें गाढ़-प्रयत्नसे, निर्ममता उपजाय।।२६।।

---

૨૬. **'યહાં પર શિષ્યકા કહના હૈ, ભગવન્!'** આપે તો બંધને જ ઉડાડી દીધો. તો આ બંધ થાય છે કઈ રીતે? **'ભગવન્! યદિ આત્મદ્રવ્ય ઔર કર્મદ્રવ્યકા અધ્યાત્મયોગકે બલસે...'** જુઓ! અધ્યાત્મયોગના બળે, અંતરના જ્ઞાન, આનંદની એકતાથી. પોતાની મોક્ષમાર્ગની પર્યાયનો અંતરમાં એકાકાર થવાથી ઉત્પન્ન થવાનો કાળ છે તે અધ્યાત્મયોગના બળથી **'બન્ધ ન હોના બતલાયા જાતા હૈ,...'** તમે તો કહો છો કે બંધ જ નથી, સંબંધ જ નથી. આ શું છે? આહાહા..! એ પોતે ગુરુ જ કહે છે. સામાના મુખમાં પ્રશ્ન મુકીને સંધિ કરે છે.

**'આત્મદ્રવ્ય ઔર કર્મદ્રવ્યકા...'** ભગવાન! બે દ્રવ્ય જુદા છે. આત્મદ્રવ્ય ભિન્ન છે, કર્મદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જડ ભિન્ન છે, બન્ને ભિન્ન છે. **'અધ્યાત્મયોગકે બલસે બન્ધ ન હોના...'** આત્માનો આનંદ, સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ, ચારિત્રથી નિમિત્તનો સંબંધ જ ન રહ્યો તો બંધ જ રહ્યો નહિ. **'તો ફિર કિસ પ્રકારસે ઉન દોનોંમેં (આત્મા ઔર કર્મરૂપ પુદ્ગલ દ્રવ્યોંમેં) પરસ્પર એકકે પ્રદેશોંમેં દૂસરેકે પ્રદેશોંકા મિલજાના રૂપ બંધ હોગા?'** સમજ્યા? તો પછી બંધ કઈ રીતે થશે? એમ કહે છે. જુઓ! તો પછી કઈ રીતે બન્નેમાં બંધ થશે? સમજાય છે કાંઈ?

**'ક્યોંકિ બંધાભાવ તો બંધપૂર્વક હી હોગા.'** બંધનો અભાવ તો બંધપૂર્વક થશે. બંધ થાય એ બંધનો અભાવ થાય. તમે તો કહો છો કે નહિ. અધ્યાત્મયોગમાં બંધ જ નથી, સંબંધ જ નથી. સંબંધ જ નથી તો સંબંધનું તૂટવું એવા બંધનો અભાવ પણ ન રહ્યો. સમજાય છે કાંઈ? **'બંધાભાવ તો બંધપૂર્વક હી હોગા.'** બંધનો અભાવ મોક્ષ, બંધપૂર્વક થશે. બંધ હોય તો બંધનો અભાવ થાય. બંધની તો તમે ના કહો છો, અધ્યાત્મયોગમાં બંધ જ નથી, સંબંધ જ નથી.

**'ઔર બંધકા પ્રતિપક્ષી, સંપૂર્ણ કર્મોંકી વિમુક્તાવસ્થારૂપ મોક્ષ ભી જીવકો કૈસે બન સકેગા?'** જ્યારે બંધનો પ્રતિપક્ષ સંપૂર્ણ કર્મોની મુક્તાવસ્થા, એવો મોક્ષ જીવને કઈ રીતે બનશે? આપ તો સંબંધની ના, ના, ના (કહો છો). સંબંધ નથી એટલે બંધ નથી એમ તમે કહો છો. તો મુક્તઅવસ્થા કઈ રીતે થશે? **'જો કિ અવિચ્છિન્ન અવિનાશી સુખકા કારણ હોનેસે યોગિયોંકે દ્વારા પ્રાર્થનીય હુઆ કરતા હૈ?'** જુઓ! ધર્માત્મા.. આહાહા..! ધર્માત્માને તો મોક્ષની જ પ્રાર્થના છે. બંધની નહિ, પુણ્યની નહિ, નિમિત્તની નહિ, એની પ્રાર્થના છે જ નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? છે ને? **'યોગિયોંકે...'** યોગી શબ્દે સ્વરૂપમાં જોડાણ કરનાર. યોગી એટલે આ અન્યમતીના બાવાની વાત અહીંયા નથી. પોતાનો શુદ્ધ આનંદકંદ પરમાત્મા, એમાં યોગી એટલે સંબંધ કર્યો છે, યોગ–જોડાણ કર્યું છે, એને અહીંયા સમ્યગ્દૃષ્ટિથી માંડીને યોગી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મહારાજ! આપ તો અધ્યાત્મયોગથી બંધ જ નથી એમ કહો છો. સંબંધ જ ન રહ્યો. અધ્યાત્મ આત્માનું અંતરમાં એકાકાર થઈને આત્માનો મોક્ષમાર્ગ પ્રગટ કર્યો કે મોક્ષ પ્રગટ કર્યો તો પરનો સંબંધ જ નથી, એમ કહો છો. જો સંબંધ નથી, બંધ નથી તો બંધનો અભાવ કઈ રીતે થશે? અને બંધના અભાવરૂપ મુક્તિ–વિમુક્ત દશા તો મહાન યોગીઓની પ્રાર્થના છે. **'અવિચ્છિન્ન અવિનાશી સુખકા કારણ...'** નાશ ન થાય, ખંડ ન થાય એવા સુખનું કારણ હોવાથી. જુઓ! આ શબ્દ વિશેષણ મુક્યા છે. અવિચ્છિન્ન અવિનાશી સુખ. પરમાનંદ અતીન્દ્રિય આનંદ, એવા સુખનું કારણ હોવાથી. યોગી એટલે સમકિતી જીવને ધર્મી જીવ દ્વારા પ્રાર્થનીય છે. ધર્મી જીવ તો એક અતીન્દ્રિય અવિચ્છિન્ન આનંદની જ અંદરમાં એકાગ્રતાથી ભાવના કરે છે, એને બીજી કોઈ ભાવના હોતી નથી. તો મોક્ષની પ્રાર્થના તો વ્યર્થ જાય છે. તમે સંબંધની જ ના પાડો છો. સંબંધનો અભાવ અને અભાવરૂપ અવિચ્છિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવિનાશી આનંદની ભાવના વ્યર્થ જાય છે. સમજાય છે કાંઈ?

આચાર્ય કહે છે, સાંભળ! જોયું? ધર્મી દ્વારા તો અવિચ્છિન્ન અવિનાશી સુખ-આનંદની જ પ્રાર્થના છે. અતીન્દ્રિય આનંદ. વ્યવહારની નહિ, નિમિત્તની નહિ, સંબંધની નહિ. ધર્મી તો અંતરમાં શુદ્ધમાં એકાકાર થાય છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિનો જ એનો પ્રયત્ન છે. સમજાય છે કાંઈ?

પોતાના શુદ્ધ આત્માના આશ્રયે સંવર, નિર્જરા પ્રગટ થઈ છે. એને આશ્રયે પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરવાની જ અભિલાષા-ભાવના છે. એ તો બંધનો અભાવ થાય તો એમ થાય. બંધ હોય તો બંધનો અભાવ થાય, બંધનો અભાવ થાય તો મુક્ત અવસ્થાની પ્રાર્થના થાય. સાંભળ, સાંભળ! એનો ઉત્તર સાંભળ તો ખરો. એનો સાચો અર્થ તો સાંભળ! અનાદિથી ખોટો અર્થ તો તેં સાંભળ્યો છે.

**बध्यते मुच्यते जीवः, सममो निर्ममः क्रमात्।**
**तस्मात्सर्वप्रयत्नेन, निर्ममत्वं विचिन्येत्।।२६।।**

જુઓ! પૂજ્યપાદસ્વામી. આ તો પંચમઆરાના મુનિએ ઇષ્ટોપદેશ કહ્યો છે. ત્રણકાળમાં ઇષ્ટ ઉપદેશ આવો જ હોય. પંચમકાળમાં આવો હોય તો ત્રણે કાળમાં એવો હોય. ઉપદેશમાં ફેર પડે છે? ચોથા કાળમાં, પાંચમાં કાળમાં સત્યનો હિતનો માર્ગ તો એક જ હોય, બીજો કોઈ છે નહિ. એનો અર્થ. અર્થ છે.

**'મમતાવાલા જીવ બંધતા હૈ,...'** એનો અર્થ. મમતાની વ્યાખ્યા. મમતા નામ અભિનિવેશ કહેશે. મિથ્યા માન્યતા. **'મમતા રહિત જીવ મુક્ત હોતા હૈ. ઇસલિયે હર તરહસે પૂરી કોશિશકે સાથ...'** સર્વ પ્રયત્ન છે ને? સર્વ પ્રયત્નથી પૂરા ઉદ્યમથી **'નિર્મમતાકા હી ખ્યાલ રખે.'** વીતરાગતાનો જ ખ્યાલ રાખે, વીતરાગતાનો ખ્યાલ રાખે. હવે કહે છે, જુઓ!

**વિશદાર્થ :- 'અવ્યયોંકે એક અર્થ હોતે હૈં, ઇસલિયે 'મમ' ઇસ અવ્યયકા અર્થ અભિનિવેશ હૈ.'** અહીંયા એ લેવું. અભિનિવેશ-મિથ્યા અભિપ્રાય. મમનો અર્થ મિથ્યા શ્રદ્ધા. આહાહા..! સમજાય છે કાંઈ? મિથ્યાશ્રદ્ધાથી જ જીવ અનાદિથી બંધાય છે. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવમાં એકાકાર થવાથી જ આત્માને લાભ થાય છે એવો અભિપ્રાય છોડીને નિમિત્તના સંબંધથી, રાગની મંદતાના સંબંધથી, પુણ્યભાવના સંબંધથી પોતાને આત્માનો ધર્મલાભ થશે એનું નામ મિથ્યા અભિપ્રાય કહે છે. એનું નામ મમ કહે છે. મમકાર અભિનિવેશ મિથ્યાત્વનો કહે છે. બે અર્થ કરશે.

**'ઇસલિયે 'સમમ' કહિયે 'મેરા યહ હૈ'...'** જુઓ! મૂળમાં **'સમમ્'** શબ્દ છે ને? આ મારું છે. મારો તો શુદ્ધ આનંદકંદ સ્વભાવ જ્ઞાયક છે. એમ છોડીને પુણ્યનો વિકલ્પ, દયા, દાનનો ભાવ, કર્મનો ઉદય અને બાહ્ય નિમિત્ત, એમાં મમ-આ મારું છે એવો અભિપ્રાય. સમજાય છે કાંઈ? **'મેરા યહ હૈ'** મને એ લાભદાયક છે, નિમિત્ત મને લાભદાયક છે, રાગની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મંદતા મને લાભદાયક છે. **'મેરા યહ હૈ.' 'મૈં ઇસકા હૂં'** એ પછી કહેશે. અરસપરસ છે ને? સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા, એકલો ચૈતન્ય જ્ઞાનસૂર્ય સ્વભાવ, વિકલ્પથી માંડીને એક રાગની મંદતા શુભભાવ મારો છે, હું એનો છું, .... જ્યાં એ રાગ મારો તો હું એનો, એવા અભિપ્રાયને ભગવાન મિથ્યાદૃષ્ટિનો અભિનિવેશ કહે છે. ઓહોહો..! બહુ આકરું કામ. ઇષ્ટોપદેશ બે વાર પહેલા ચાલ્યું છે. આ ત્રીજી વાર ચાલે છે. આ બીજી રીતે ચાલે છે. સમજાય છે કાંઈ?

**'અવ્યયોંકે એક અર્થ હોતે હૈં, ઇસલિયે 'મમ' ઇસ અવ્યયકા અર્થ અભિનિવેશ હૈ.'** 'આશાધર' પંડિત એમાંથી કાઢે છે, આચાર્યનું હૃદય (ખોલે છે). **'ઇસલિયે 'સમમ' કહિયે 'મેરા યહ હૈ' ઇસ પ્રકારકે અભિનિવેશવાલા જીવ ભી કર્મોંસે બંધતા હૈ.'** જુઓ! **'ઇસ પ્રકાર અભિનિવેશવાલા જીવ ભી કર્મોંસે બંધતા હૈ.'** અધ્યાત્મયોગવાળો તો છૂટે છે, એમ નહિ. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, અભિનિવેશવાળો જીવ જ કર્મથી બંધાય છે. જેના અભિપ્રાયમાં મિથ્યાત્વ પડ્યું છે, મિથ્યાત્વનો અર્થ–મમ. ભગવાન પરમાનંદની મૂર્તિ અખંડાનંદ શુદ્ધ, એને છોડીને રાગની મંદતાનો જે વિકલ્પ છે એ હું, એ મારો, એ મારો, મારું કર્મ, મારું કર્મ ઉદયમાં આવ્યું, મને પરપદાર્થનો સંબંધ થયો, એ મારા પદાર્થ છે. એમ પરની સાથે મારાપણાની અભિપ્રાય બુદ્ધિને મિથ્યાત્વ કહે છે. એવા મિથ્યાત્વવાળો જીવ જ કર્મથી બંધાય છે, જુઓ! એ જ કર્મનો બંધ કરે છે. આઠ કર્મનું બંધન દર્શનમોહ સહિત મિથ્યાદૃષ્ટિ કરે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'ઉપલક્ષણસે યહ ભી અર્થ લેના કિ 'મૈં ઇસકા હૂં'...'** એમ. આ મારું છે, આ મને લાભદાયક છે. જે ચીજને આત્મસ્વભાવમાં લાભદાયક માને એનો અર્થ થયો કે એ મારું થયું. અને **'મૈં ઈસકા હૂં'** હું જ્ઞાયક સ્વભાવ છું, એમ નહિ. **'મૈં ઇસકા હૂં'** મારો આખો સ્વભાવ એમાં આવી ગયો. રાગની મંદતાનો કષાયયુક્ત શુભભાવ, એ મારો છે અને હું એમાં આવી ગયો. હું એનો છું.

મુમુક્ષુ :–

ઉત્તર :– .... વકીલાત છે. 'પૂજ્યપાદસ્વામી' વીતરાગમાર્ગની વકીલાત કરે છે. આહાહા..! ભાઈ! વીતરાગ માર્ગ તો આવો છે. પોતાનો ભગવાનઆત્મા જ્ઞાયકસ્વભાવને છોડીને એક રાગની મંદતા મને લાભદાયક છે, એ મિથ્યાઅભિપ્રાયથી પોતાનો માને છે અને હું એનો છું, એમ માને છે. પોતાનો સ્વભાવ રાગથી ભિન્ન જ્ઞાયક છે એમ મિથ્યાદૃષ્ટિને પ્રતીતિમાં આવતો નથી.

**'ઐસે અભિનિવેશવાલા જીવ હી બંધતા હૈ...'** લ્યો! સમજાય છે કાંઈ? આવા અભિનિવેશવાળો જીવ બંધાય છે. જીવ નથી બંધાતો એ તો અધ્યાત્મયોગથી નથી બંધાતો. એમ તો બંધાય છે. પછી 'અમૃતચંદ્રાચાર્ય'ની વાત કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com